ઉપવનના રાસમાળા

(દાનનું માહાત્મ્ય)

- ડૉ. ભાનુબેન શાહ (સત્રા)

કયવન્ના રાસભાળા

(દાનનું માહાત્મ્ય)

સંશોધક અને સંપાદક

શ્રીમતી ડૉ. ભાનુબેન શાહ (સત્રા)

: પ્રકાશક :

જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ

C/o. જયંતિલાલ વીરજી શાહ

૪૦૨, ૪થે માળે, ઑરબીટ હાઈટસ્, એનેક્સ-૧,

તારદેવ રોડ,નાનાચોક, ગ્રાંટરોડ(પ.), મુંબઈ - ૪૦૦ ૦૦૭.

સંપર્ક : ૦૨૨ - ૨૩૮૭૫૦૭૬

KAYVANNA RASMALA

卐

Dr. Bhanuben Jayantilal Shah (Satra)

卐

પ્રકાશક

જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ

C/o. જયંતિલાલ વીરજી શાહ

ગ્રાંટરોડ(પ.), મુંબઈ - ૪૦૦ ૦૦૭.

સંપર્ક : ૯૮૯૨૪૨૨૫૩૫

卐

: પ્રથમ આવૃત્તિ :

જુલાઈ ૨૦૧૫

પ્રત : ૧૦૦ ❖ કિંમત ૩૦૦/-

卐

મુદ્રક

Apsara Copy Center

22, Hamam Street, Raja bahadur Comp., Opp. B.S.E Post Off.,


Mumbai - 400 001.

Tel.: 022 - 22666468 / 22657445

અર્પણમ્... સમર્પણમ્...

મારી
શ્રદ્ધાના કેન્દ્રબિંદુ,
સત્યમાર્ગના રાહબર,
વિદ્યાપ્રેમી અજરામર સંપ્રદાયના શાસનોદ્ધારક
યુગપ્રધાન આચાર્ય ભગવંત
પ.પૂ. અજરામરજી સ્વામી તથા
એમનીપાવન પટ્ટ પરમ્પરાના પ્રભાવક,
અમારી આસ્થાના આધાર સ્તંભ
હર સમયના પ્રેરણાદાતા,
સત્રા પરિવારના સપૂત ગુલાબ-વીર સમુદાયના
લાડીલા સંત પૂજ્ય ગીતાર્થ
ગુરુદેવ નવલચંદ્રજી સ્વામીજીની પુનીત સ્મૃતિમાં
સશ્રદ્ધા - સભક્તિ સમર્પિત
વિનયાવનત
- ભાનુ શાહ

પ્રેરણાદાયી



લીંબડી અજરામર સંપ્રદાયના સાધ્વી રત્ન
પ.પૂ. ઝરણાબાઈ મહાસતીજી

આવકાર - અભિનંદન

ડૉ. ભાનુબેન શાહ (સંઘ્રા) શ્રુત સાગરની યાત્રા કરીને ભાવોદધિથી પાર પામવા માટે અનુમોદનીય, અનુકરણીય ધર્મપુરુષાર્થની સાધના કરી રહ્યા છે. કવિ ઋષભદાસ કૃત **'સમકિત સાર રાસ'** ઉપર ઈ.સ. ૨૦૦૯માં મુંબઈ યુનિવર્સિટીમાંથી **Ph.D.** ની પદવી મેળવી. આ શોધ નિબંધ પછીથી **'સમ્મત્તમ્'** શીર્ષકથી પુસ્તક રૂપે પ્રકાશિત થયો પરંતુ ડોક્ટરેટની ડીગ્રી લઈ આ ગૃહિણી 'નિરાંત' લઈને બેસી ન રહ્યા પણ વિદ્યોપાસના અર્થે જ્ઞાનસાગર સમક્ષ પલાંઠી વાળીને જ્ઞાન નિમગ્ન થઈ સતત કાર્ય ચાલુ જ રાખ્યું.

'ડૉક્ટર ઓફ ફિલોસોફી' (વિદ્યા વારિધિ)ની પદવી પ્રાપ્ત કર્યા પછી તેમણે નીચેનાં પુસ્તકોનું સંશોધન કરી તે પુસ્તકોને પ્રકાશન કર્યા છે.

૧. **સમ્મતમ્** (કવિ ઋષભદાસકૃત સમકિતસારરાસ) - ઈ.સ. ૨૦૧૦
૨. **રાસરસાળ** (કવિ ઋષભદાસ કૃત શ્રેણિક રાસ અને અભયકુમાર રાસ) - ઈ.સ. ૨૦૧૧
૩. **રોહિણેય રાસ** (કવિ ઋષભદાસ કૃત) તમસ્થી સત્ત્વની યાત્રા - ઈ.સ. ૨૦૧૨
૪. **અજાપુત્ર રાસમાળા** (મધ્યકાલીન ગુર્જર ભાષાની સાત કૃતિઓ) વિધિના લેખાની કથા - ઈ.સ. ૨૦૧૩
૫. **કયવન્ના રાસમાળા** (મધ્યકાલીન મારુ ગુર્જર ભાષાની અઢાર કૃતિઓ) - ઈ.સ. ૨૦૧૫

મધ્યકાલીની ગુર્જર સાહિત્યમાં લગભગ ૪૫૦ વર્ષ સુધી રાસ કૃતિઓનું સર્જન થતું રહ્યું તેથી સાહિત્યના ક્ષેત્રે આ યુગે 'રાસયુગ' તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાહિત્યના તાત્ત્વિક, સૈદ્ધાંતિક તીર્થંકરો, મહાસતીઓ , વિવિધ તીર્થો વગેરે વિષયોને લગતા રાસાઓ પ્રગટ થયાં છે. પ્રગટ રાસ સાહિત્ય કરતાં અપ્રગટ રાસ સાહિત્ય વિપુલ પ્રમાણમાં હસ્તપ્રતો રૂપે ગ્રંથભંડારોમાં સંગ્રહિત છે. કોઈ શ્રુતપ્રેમી આ હસ્તપ્રતોનો સ્પર્શ કરી સંશોધનની પ્રવૃત્તિ કરે છે. હા, સંશોધન પ્રવૃત્તિ કર્તવ્ય પરાયણતા અને ધીરજ ઉપર અવલંબે છે.

ડૉ. ભાનુબેન શાહ ઈ.સ. ૨૦૧૫માં **'કયવન્ના રાસમાળા'** નું પ્રકાશન કરી રહ્યાં છે. આ ગ્રંથ એમની સંશોધન પ્રવૃત્તિની લગન સાથે શ્રુતજ્ઞાન પ્રત્યેની અપૂર્વ ભક્તિ દર્શાવે છે.

દીપાવલીના મંગળ દિવસે શારદાપૂજન વિધિમાં ચોપડાપૂજન વખતે શ્રી મહાવીર સ્વામી, શ્રી પાર્શ્વ પ્રભુ, શ્રી અભયકુમાર, શ્રી શાલિભદ્ર, શ્રી ગૌતમસ્વામી, શ્રી બાહુબલી વગેરેને નમસ્કાર કરીને તેની સાથે સાથે કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો એવી પણ નોંધ કરવામાં આવે છે.

ભગવાન મહાવીર સ્વામીના ૧૪૦૦૦ સાધુ વૃંદમાં તેમની ગણના થાય છે, આ ઐતિહાસિક મહાપુરુષ વિશે પ્રગટ-અપ્રગટ હસ્તપ્રતોનું સંશોધન કરીને પ્રસ્તુત રાસમાળાનું પ્રકાશન કર્યું છે. કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર - કોબા; ગીતાર્થગંગા - અમદાવાદ; ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટ - પૂના; એલ.ડી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડોલોજી - અમદાવાદ; મુંબઈ યુનિવર્સિટી જેવા વિવિધ ગ્રંથાલયો ઉપરાંત વિદ્વાન વ્યક્તિઓનો સંપર્ક અને પત્ર દ્વારા રાસમાળાની માહિતી એકત્રિત કરીને આ ભગીરથ કાર્ય કર્યું છે.

ભરહેસરની સજ્ઝાયમાં ત્રેસઠ મહાપુરુષોનો ઉલ્લેખ થયો છે. તેમાં કયવન્ના શેઠ(મુનિ)

નું નામ પણ અગત્યનું સ્થાન ધરાવે છે. દાન ધર્મનું માહાત્મ્ય દર્શાવતી આ કથા વર્તમાન અને ભાવિ પેઢી માટે અનન્ય પ્રેરક કૃતિઓ તરીકે સ્થાન ધરાવે છે.

પ્રસ્તુત રાસમાળાની પંદર અપ્રકાશિત અને ત્રણ પ્રકાશિત હસ્તપ્રત રચનાસાલ સાથે નીચે આપેલી છે.

૧. શ્રી પદ્મસાગર સૂરિ કૃત કયવન્ના ચતુષ્પદી (સં. ૧૫૬૩)
૨. રતનસૂરિજી કૃત કયવન્ના રાસ (સં. ૧૫૭૯ આશરે)
૩. કવિશ્રી દેપાલજી કૃત કયવન્ના વિવાહલઉ (૧૫મીસદી)
૪. શ્રી ગુણવિનયજીસૂરિ કૃત કયવન્ના સંધિ (સં. ૧૬૫૪)
૫. શ્રી કલ્યાણરત્ન સૂરિ કૃત કયવન્ના શેઠની ચોપાઈ (સં. ૧૬૭૦)
૬. ગુણસાગરસૂરિ કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૬૭૬)
૭. કવિશ્રી લાલવિજયજી કૃત કયવન્ના સજ્ઝાય (સં. ૧૬૮૦)
૮. શ્રી વિજ(ન)યશેખર સૂરિ કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૬૮૧)
૯. કવિ ઋષભદાસજી કૃત કયવન્ના શેઠનો રાસ (સં. ૧૭૨૧)
૧૦. શ્રી જયરંગ મુનિ કૃત કયવન્ના શાહનો રાસ (સં. ૧૭૨૧)
૧૧. કવિ શ્રી દીપ્તિવિજયજી કૃત કયવન્ના રાસ (સં. ૧૭૩૫)
૧૨. શ્રી મલયચંદ્રજી કૃત કયવન્ના ચોપાઈ (સં.૧૮૬૯)
૧૩. શ્રી ફતેહચંદ કૃત કયવન્ના ચોઢાળીયું (સં. ૧૮૮૧)
૧૪. શ્રી ગંગારામજી કૃત કયવન્નાકુમાર ચોપાઈ (સં. ૧૯૨૧)
૧૫. શ્રી વિજયધર્મધુરંધરસૂરિ કૃત કયવન્ના સજ્ઝાય (સં. ૨૦૦૫)
૧૬. અજ્ઞાત કૃત કયવન્ના સજ્ઝાય
૧૭. અજ્ઞાત કૃત દાનકુલક બાલાવબોધ (ગદ્ય)
૧૮. કયવન્ના શેઠની કથા (ગદ્ય)

અઢાર કૃતિઓમાંથી ત્રણ કૃતિઓ અપ્રકાશિત છે.

જૈન સાહિત્યની સમૃદ્ધિમાં '**કયવન્ના રાસમાળા**' નવલું નજરાણું છે. આવી ચરિત્રાત્મક કૃતિઓ જ્ઞાન અને ચારિત્રનો સમન્વય સાધીને આત્મકલ્યાણમાં શુભ નિમિત્તરૂપ બને છે.

ડૉ. ભાનુબેન શાહના નૂતન પ્રકાશનને શુભ ભાવનાથી આવકારું છું અને એમને હાર્દિક અભિનંદન આપું છું. એમની શ્રુત સાગરની પ્રવૃત્તિના પ્રેરક તરીકે સંસારી બહેન હાલ મહાસતી ઝરણાબાઈ છે, જેઓ શ્રી અજરામર સંપ્રદાયના વિદ્વાન અને આગમવિશારદ પૂ. પ્રકાશ-ચંદ્ર મુનિના શિષ્યા છે. તેમની પ્રેરણાથી ડૉ. ભાનુબેન શ્રુતના ઉપાસક બન્યા છે. તેમની આ જ્ઞાનયાત્રા ઉત્તરોત્તર વૃદ્ધિ પામી શ્રુતજ્ઞાનને સમૃદ્ધ કરવાની સાથે આત્માનું કલ્યાણ કરે એવી શુભેચ્છા સાથે વિરમું છું.

વૈશાખ સુદ - ૩, અખાત્રીજ
તા. ૨૧.૦૪.૨૦૧૫

- ડૉ. કવિનભાઈ શાહ
બીલીમોરા

સંશોધન તપ

જૈન સાહિત્ય સંશોધન ક્ષેત્રે ડૉ. ભાનુબેનનો આ પાંચમો ગ્રંથ છે. માન-સન્માન કે અન્ય કોઈ પ્રકારની અપેક્ષા વિના એક ગૃહિણી શ્રાવિકા આવી જ્ઞાન સાધના અને આવી શ્રુત સેવા સતત કરતા રહે એ એમના માટે પુણ્યોદય અને શુભ કર્મનું નિર્માણ હશે, પણ જૈન શાસનની એ ઉત્તમ સેવા છે . ઉપરાંત અન્ય ગૃહિણી શ્રાવિકા માટે પ્રેરકબળ છે.

જૈન કથા સાહિત્ય સાગર જેટલું વિશાળ અને ગહન છે. આ સાહિત્યના ચયન અને મંથનમાંથી જ્ઞાનના મોતી સાંપડે છે. ભાનુબેને અહીં જે વિષય પસંદ કર્યો છે એ છે **'કયવન્ના રાસમાળા'**. જૈન સાહિત્યમાં જેમ 'શ્રીપાળ-મયણા રાસ' આદિ પ્રચલિત છે એટલી જ પ્રચલિત આ કયવન્ના કથા છે. આ બે કથા વચ્ચે ઘટનાનું સામ્ય પણ છે. એટલે એ વિશેષ ખ્યાતિ પ્રાપ્ત છે. આ કથાનો નાયક કૃતપુણ્ય છે, એટલે જે પૂર્વજન્મના પુણ્ય લઈને જન્મ્યો છે.

આ કથાના પ્રયોજન વિશે આ સંશોધિકા કહે છે - ''કૃતપુણ્ય કથાનકના રચયિતા મધ્યકાલીન કવિઓનો કથા પ્રયોજનનો હેતુ એક સમાન છે. જિનેશ્વર પ્રરૂપિત દાન, શીલ, તપ અને ભાવ આ ચાર પ્રકારના ધર્મમાંથી દાનધર્મનું માહાત્મ્ય દર્શાવવા કવિઓએ પોતાના કાવ્યમાં કથાવસ્તુ તરીકે કૃતપુણ્યનું ચરિત્ર ગૂંથ્યું છે.''

આ શબ્દોથી વિશેષ એ સ્પષ્ટ થાય છે કે આ કથાનાયકે પોતાની કથા માટે ઘણાં કવિઓને આકર્ષ્યા છે. સંશોધક ભાનુબેને આ બધી જ રચનાઓ પાસે જઈ એનો તુલનાત્મક અભ્યાસ કરી ભગીરથ મહાભારત કાર્ય કર્યું છે.

આ બધી કથાઓની મૂળ હસ્તપ્રત વાંચવી, ઉકેલવી અને એના સ્વરૂપનો એટલે કે પદ્ય-ગદ્ય-રાસ-સજ્ઝાય આદિનો અભ્યાસ કરવો, એના તારણો કાઢવા, આટલો બધો શ્રમ અને પરિશીલન બહેન ભાનુબેને કર્યો એ એક મહાન તપ છે.

છ પ્રકરણ, પરિશિષ્ટ અને સંદર્ભ ગ્રંથ સૂચિથી છવાયેલો આ ગ્રંથ વાચકને કથા આનંદ, ભિન્ન ભિન્ન કથા રસનો વિહાર તો કરાવે જ પણ ઉપરાંત જૈનધર્મના તત્ત્વજ્ઞાનનો પરિચય કરાવી વાચકને ઉર્ધ્વલોકમાં લઈ જઈ મોક્ષ પ્રાપ્તિનો પંથ દર્શાવે છે.

શ્રુતપૂજા એ જિનપૂજા છે.

ભાનુબેને આ જિનપૂજા કરી છે. આ ગ્રંથ વાંચતા લેખિકાની તપોમય આંતર સૃષ્ટિના આપણને દર્શન થાય છે. વાસ્તવિક જીવનમાં તપ હોય તો જ આવી શ્રુતપૂજાના મનોરથ અને ભાવ જાગે.

કૌટુંબિક જીવનની વ્યસ્તતા અને ફરજો વચ્ચે આવા સંશોધન તપની અનુકૂળતા કરી આપવા માટે ભાનુબેનનો પરિવાર યશનો અધિકારી છે. આપણે સર્વે આ મનોરથને વંદન કરીએ અને હજી વધુ આવા ગ્રંથોની ભાનુબેન પાસે આશા રાખીએ.

ધન્યવાદ !

તા. ૨૪.૦૫.૨૦૧૫

ડૉ. ધનવંત શાહ
drdtshah@hotmail.com

કયવન્ના રાસમાળા પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ

વિદ્યાયાત્રામાં અવિરત નવા સોપાન સિદ્ધ કરનારા ડૉ. ભાનુબેન સત્રાને હાર્દિક અભિનંદન. તેમની સંશોધન યાત્રાનો પ્રારંભ મારી પાસે પી.એચ.ડી. નિમિત્તે કવિ ઋષભદાસના **'સમકિતસાર રાસ'**ના અધ્યયનથી થયું. તે પછી ખંભાતવાસી શ્રાવક કવિ ઋષભદાસના વિવિધ રાસોના સંપાદનની એક શૃંખલા આરંભાઈ.

કવિ ઋષભદાસના વિવિધ રાસોના સંપાદન કરતાં ધ્યાનમાં આવ્યું કે, કવિએ જે વિવિધ વિષયો લીધા છે, તે વિષય પર બીજા પણ અનેક કવિઓએ રાસ સર્જન યા સજ્ઝાય આદિનું આલેખન કર્યું છે. ભાનુબેને આ સર્વ કૃતિઓ પરિશ્રમપૂર્વક મેળવી એક માળામાં ગૂંથી પ્રસ્તુત કર્યા. આ કૃતિઓનું તુલનાત્મક અધ્યયન પણ ખૂબ ચીવટપૂર્વક કર્યું.

આવા સંપાદનોની પરંપરામાં દીવાળીના દિવસોમાં ચોપડાપૂજન સાથે જેનું નામ સંકળાયું છે, એવા સૌભાગ્યભંડાર કયવન્નાની કથાનું સંપાદન આ પુસ્તકમાં પ્રસ્તુત છે. કુલ ૧૮ જેટલા પ્રાચીન - અર્વાચીન કયવન્ના અંગેની રચનાઓ તેમજ તેના તુલનાત્મક અધ્યયનથી આ ગ્રંથ શોભે છે.

કયવન્નાની કથાના બે મુખ્ય કથાઘટકો છે. બાળપણમાં કામકલામાં અશિક્ષિત યુવાનને ગણિકાગૃહે કામકળાનું શિક્ષણ આપવા વડીલો દ્વારા મોકલવો અને પૂર્વની શ્રીમંત વ્યક્તિ ભાગ્યયોગે નિર્ધન થાય તે પુનઃ દેવી સહાયથી યા અન્ય રીતે ધનવાન - ઐશ્વર્યવાન બને. કવિઓએ કયવન્નાના જીવનના આ બન્ને ઘટકોની સુંદર રીતે રજૂઆત કરી છે.

ગૃહસ્થ જીવનમાં ચાર પુરુષાર્થો વર્ણવવામાં આવ્યા છે. કયવન્નો પ્રારંભિક જીવનમાં કેવળ ધર્મપુરુષાર્થને પ્રધાન ગણતો, જેથી તેની પત્ની દુઃખી થઈ. મધ્યના જીવનમાં કેવળ કામ-પુરુષાર્થને જ પ્રધાન ગણતો, આથી સમગ્ર કુટુંબનું ઐશ્વર્ય નષ્ટ થયું. અંતે, ભાગ્યયોગે પૂર્વના સુકૃત્યોના પરિણામે અપાર ધન પ્રાપ્ત કર્યું. વળી, પુણ્યયોગે કલ્યાણમિત્રની સંપ્રાપ્તિ થઈ. અભયકુમાર જેવા કલ્યાણમિત્રને પ્રાપ્ત કરી ગૃહસ્થજીવનની ચતુર્વિધ પુરુષાર્થની સમગ્ર ગોઠવણ કરી, અંતે પરમલક્ષ્ય સમા મોક્ષપુરુષાર્થ માટે દીક્ષાને ધારણ કરી સદ્ગતિને પ્રાપ્ત કરી. આ કથા દર્શાવે છે કે, ગૃહસ્થજીવનમાં સર્વે પુરુષાર્થોની કાળજી લેવી પરંતુ બીજા પુરુષાર્થો પણ ધર્મપુરુષાર્થથી સિદ્ધ થાય છે, માટે ધર્મપુરુષાર્થ કદી ન છોડવો અને મોક્ષ પુરુષાર્થની સિદ્ધિ માટે પણ મનુષ્ય જન્મમાં લક્ષ્ય કેન્દ્રિત કરવું.

ભાનુબેન પાસેથી આવા વધુ અને વધુ સંપાદનો પ્રાપ્ત થતાં રહે એવી શુભેચ્છા સાથે જ વિવિધ કથાઓના માધ્યમથી આપણે સૌ આપણા શુદ્ધ સ્વરૂપ પ્રતિ પ્રયાણ કરીએ એ જ મંગલકામના.

- ડૉ. અભય દોશી

(અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર,
ગુજરાતી વિભાગ, મુંબઈ વિદ્યાપીઠ)

રાસ સાહિત્યના મોતીની ખેતી

- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

મરજીવાનું કામ તો તમે જાણો જ છો. ઊંડા સાગરમાં ડૂબકી મારીને એ મૂલ્યવાન મોતી બહાર લઈ આવે છે. મારી દૃષ્ટિએ સંશોધનના ક્ષેત્રે પણ આવા કેટલાક મરજીવા હોય છે કે જે સેંકડો વર્ષોથી અપ્રકાશિત એવ ગુજરાતી મધ્યકાલીન સાહિત્યની જ્ઞાનભંડારોમાં રહેલી હસ્તપ્રતો લઈને અથાગ પરિશ્રમથી એનું સાપાદન કરીને એ સાહિત્ય સમૃદ્ધિ પ્રકાશમાં લાવે છે.

મરજીવો મોતી લઈને આવે, એવી રીતે **'કયવન્ના રાસમાળા'** ગ્રંથમાં શ્રીમતી ડૉ. ભાનુબેન શાહ (સત્રા) તેજસ્વી મોતીઓ સમી કૃતિ લઈને આવ્યાં છે. એનું વિશેષ કારણ તો છે કે ભાનુબહેનનું બાળપણ એક એવા સમાજમાં વીત્યું કે જ્યાં છોકરીઓ માંડ એસ.એસ.સી. સુધી અભ્યાસ કરતી હતી. આવે સમયે એમનામાં ભણવાની લગની જોઈને એમના પિતા ભારમલભાઈ અને માતા ડાહીબહેને પોતાની આ પુત્રીને અભ્યાસની સઘળી સુવિધા કરી આપી. અભ્યાસ પછી ઘરગૃહસ્થીનો પ્રારંભ થયો અને બંને પુત્રોનાં લગ્ન થઈ જતાં, સમયની અનુકૂળતા સાંપડતાં ફરી ફરી એમનો વિદ્યાપ્રેમ સોળે કળાએ પ્રગટી ઉઠ્યો. પરિણામે કવિ ઋષભદાસના **'સમકિત સાર રાસ'** પર ડૉ. અભયદોશીના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.ની પદવી મેળવી. પદવી એ વિદ્યા-સાધનાનું પૂર્ણવિરામ નહીં, પણ વિદ્યાસાધનાના પ્રારંભ પૂર્વે ઊંચકાતો પડદો છે અને એ રીતે પીએચ.ડી.ની પદવી મેળવ્યા પછી ભાનુબહેને શ્રાવક કવિ ઋષભદાસની બધી અપ્રકાશિત રચનાઓ પ્રગટ કરવાનું મન થયું.

ખંભાતના શ્રાવક કવિ ઋષભદાસે કુલ બત્રીસ જેટલા રાસાઓ રચ્યા છે અને રાસા-સાહિત્યમાં એમનું મૂલ્યવાન પ્રદાન છે. આથી કવિ ઋષભદાસ રચિત **'શ્રેણિક રાસ'** અને **'અભયકુમાર રાસ'**, **'રોહિણેય રાસ'** તથા એ પછી **'અજાપુત્ર રાસ'** અને હવે **'કયવન્ના રાસ'** પર ડૉ. ભાનુબહેન શાહે સંશોધન કાર્ય કર્યું છે. સંતો પાસેથી એમને હસ્તપ્રતોની લિપિ ઉકેલવાની તાલીમ મળી હતી. પરિણામે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જુદા જુદા સમયની લિપિમાં આવતાં પરિવર્તનોને પણ એ આસાનીથી પારખી શક્યાં.

આમેય મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રાસસાહિત્યની અસંખ્ય કૃતિઓ મળે છે અને દુર્ભાગ્ય એ છે કે એમાંથી માત્ર જૂજ કૃતિઓનું જ સંશોધન અને સંપાદન થયું છે. મધ્યકાળમાં જેમ જૈન સાધુ કવિઓને હાથે ફાગુનું કાવ્યસ્વરૂપ વ્યાપકપણે ખેડાયું અને સતત વિકસતું રહ્યું, એ જ રીતે આ રાસાનું સ્વરૂપ જૈન આચાર્ય શાલિભદ્રસૂરિ દ્વારા વિ.સં. ૧૨૪૧માં **'ભરતેશ્વર બાહુબલિ રાસ'**થી શરૂ થયું અને આ સ્વરૂપ એવું તો ખીલતું ગયું કે અમદાવાદમાં જન્મેલા અને **'શુભવીર'**ને નામે ઓળખાતાં પં. વીરવિજયજીના સં. ૧૮૯૬માં રચાયેલા **'ધમ્મિલ-કુમાર રાસ'** સુધી સાદ્યંત વહેતું રહ્યું. 'ભરતેશ્વર બાહુબલિ રાસ'થી આરંભાયેલા આ સ્વરૂપમાં વિક્રમના છેક ઓગણીસમા સૈકા સુધી રચાયેલી કૃતિઓ મળે છે. આથી જ પ્રાચીન ગુજરાતી સાહિત્યના નરસિંહ પૂર્વેના સમયના સાહિત્યને પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીએ **'રાસયુગ'**ને નામે ઓળખાવ્યો હતો.

'**રાસ**'ની રૂઢ વ્યાખ્યાઓમાં ન જતાં એમ કહી શકાય કે દીર્ઘ કથાત્મક પદ્યકૃતિ રાસ રૂપે ઓળખાતી હતી અને એનું વિષયફલક પણ ઘણું વિસ્તૃત હતું. એમાં રૂપકથા હોય અને ચરિત્રકથા પણ હોય, ઈતિહાસકથાનું વિષયવસ્તુ હોય અને લૌકિકકથાનું પણ હોય. વળી આ રાસાઓમાં અનેકવિધ વિષયોની મબલખ સામગ્રી રહેલી હતી. રાસાઓ કોઈ બોધ કે ઉપદેશ આપતા હતા પરંતુ એને દીર્ઘ વાર્તા રૂપે વણી લેતા કે જેથી એમાં બનતી પ્રત્યેક ઘટનામાંથી કોઈ ને કોઈ ઉપદેશ કે રાસ સાહજિક રીતે જ પ્રાપ્ત થતો હતો.

રાસામાં આવતી આ કથાઓ એ માત્ર કથા-વાર્તા જ નથી પરંતુ એ મધ્યકાલીન યુગમાં પરધર્મી આક્રમણખોરો અને વિરોધી વાતાવરણ વચ્ચે નૈતિકમૂલ્યો, સામાજિક રીતરિવાજો અને જનજીવનને ઉર્ધ્વ માર્ગે લઈ જવાની જડીબુટ્ટી હતી. એણે પ્રજાજીવનની ધાર્મિક આસ્થાને જાળવવાનું અને એનું સંવર્ધન કરવાનું ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું. બીજી બાજુ એમાં જે કોઈ વિષયનું નિરૂપણ થતું હોય, એનો સમયસંદર્ભ પણ ઉપસી આવતો. કલ્પના ન કરી શકાય એટલી ગંજાવર ઐતિહાસિક સામગ્રી આ રાસાઓમાં સચવાયેલી છે.

નિઃસંકોચપણે કહીશ કે ડૉ. ભાનુબહેન શાહે દાનધર્મનો મહિમા વર્ણવતી '**કયવન્ના રાસમાળા**'નું સંશોધન-સંપાદન કરીને મધ્યકાલીન સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આનું કારણ એ કે એમણે એક જ વિષય પરની અઢાર જેટલી કૃતિઓ પર સંશોધનકાર્ય કર્યું છે. આમાં પંદર તો અપ્રકાશિત હસ્તપ્રતો છે અને કવિશ્રી જયરંગમુનિ, કવિશ્રી વિજયધર્મધુરંધરસૂરિ અને કવિશ્રી દેપાળની જ ત્રણ પ્રકાશિત કૃતિઓ હતી, તેઓ મુદ્રિત કૃતિઓને યથાવત્ પ્રકાશિત કરવાને બદલે એની અન્ય હસ્તપ્રતો સાથે મેળવીને સંશોધન કરીને પ્રગટ કરી છે.

મૂળે '**આવશ્યક વૃત્તિ**' જેવા આગમગ્રંથમાં મળતી આ કથાની અઢાર કૃતિઓનાં એમાં એના સર્જકોએ સમયે સમયે પોતીકા ઉમેરણ સાથે રચના કરી છે. આથી બદલાયેલી લોકરુચિ, પલટાયેલું સમાજ જીવન, આલેખાયેલી પ્રકૃતિ અને કવિની મૌલિકદૃષ્ટિ - એ બધાનું પ્રત્યેક કૃતિમાં મૌલિક દૃષ્ટિએ ઉમેરણ થયું છે અને એનું ભાનુબહેને યથોચિત મૂલ્યાંકન કર્યું છે. દાનધર્મનો મહિમા વર્ણવતી કૃતપુણ્ય (કયવન્ના) શેઠની કથા, એમના જીવનમાં જાગતા રાગ અને વિરાગ વિશે સુંદર છણાવટ કરી છે. ગ્રંથના પરિશિષ્ટમાં પણ ઘણી ઉપયોગી સામગ્રી એકત્ર કરીને મૂકી છે.

વળી, આ પ્રત્યેક હસ્તપ્રતની કથાનો અનુવાદ એમણે અહીં આપ્યો છે એની સાથોસાથ પ્રત્યેક હસ્તપ્રતમાં સર્જકે આપેલો ઉપદેશ, સામાજિક માન્યતાઓ, એની શૈલી અને એના અલંકારો - એ સઘળાંની નોંધ કરી છે. કયવન્ના વિષયક સંસ્કૃત - પ્રાકૃત ભાષામાં નિબદ્ધ રચનાઓ. આ વિષયની મધ્યકાલીન ગુજરાતીની પ્રાપ્ય હસ્તપ્રતોની યાદી, દરેક કવિએ કથાના આલેખનમાં કરેલું પરિવર્તન અને તેમનું સાહિત્યિક મૂલ્યાંકન પણ આપ્યું છે.

આવી રીતે માત્ર વિદ્યાઉપાસના અને સંશોધનપ્રીતિને કારણે આવો સુંદર ગ્રંથ આપનાર ડૉ. ભાનુબહેન શાહને ખૂબ-ખૂબ ધન્યવાદ. એમના દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં છુપાયેલા વધુ ને વધુ રાસ રત્નો પ્રકાશિત થતાં રહે, એવી શુભેચ્છા !

લેખિકા પરિચય

: જન્મભૂમિ :
ભચાઉ (કચ્છ વાગડ)



: જન્મદિન :
૨૫-૪-૧૯૫૮

શ્રીમતી ભાનુબેન જયંતિલાલ શાહ (સત્રા)

સાસુ-સસરા	: શ્રીમતી નાનબાઈ વીરજી વાલજી સત્રા (ભચાઉ-કચ્છ-વાગડ)
માતા-પિતા	: શ્રીમતી ડાહીબેન ભારમલ મોમાયા ગાલા (ભચાઉ-કચ્છ-વાગડ)
પતિદેવ	: શ્રી જંયતિલાલ વીરજી વાલજી સત્રા
પુત્રવધૂ - પુત્ર	: ભારતી હેમેષ સત્રા, હર્ષા અનીષ સત્રા
બહેન મહાસતીજી	: સાધ્વી રત્ન પૂ. શ્રી ઝરણાકુમારીજી મહાસતીજી
પૌત્ર-પૌત્રી	: દેવાંશ, દશાંગી, આરના
અભ્યાસ પ્રારંભ	: ઈ.સ. ૨૦૦૦ - ૨૦૦૫ B.A., M.A. (જૈન વિશ્વભારતી સંસ્થાન યુનિવર્સિટી, લાડનૂં, રાજસ્થાન)
ધાર્મિક અભ્યાસ	: સોળ(૧૬) શ્રેણીનો અભ્યાસ, વિવિધ થોકડાઓ.
જ્ઞાનદાતા	: પૂ. અલ્કેશમુનિ મ.સા તથા પૂ. આદર્શચંદ્રજી મ.સા.
Ph.D. ક્યારે થયા	: ૨૫-૭-૨૦૦૯ (મુંબઈ યુનિવર્સિટી)
પ્રથમ ગ્રંથ	: **સમ્મત્તમ્** (કવિ ઋષભદાસ કૃત સમકિતસાર રાસ)
સમ્મત્તમ્ ગ્રંથનું વિમોચન	: ૦૨-૦૫-૨૦૧૦, રવિવાર, ભાઈદાસ હોલ, મુંબઈ.
દ્વિતીય ગ્રંથ	: **રાસ રસાળ** (કવિ ઋષભદાસ કૃત શ્રેણિક અને અભયકુમાર રાસ)
રાસ રસાળ ગ્રંથનું વિમોચન	: ૧૫-૦૮-૨૦૧૧, સોમવાર, અજરામર જન્મ જયંતી અને સ્વાતંત્ર્ય દિન. વલસાડ-ગુજરાત.
તૃતીય ગ્રંથ	: **કવિ ઋષભદાસ કૃત રોહિણેય રાસ** (તમસ્થી સત્ત્વની યાત્રા)
રોહિણેય રાસ ગ્રંથનું વિમોચન	: ૨૨-૦૬-૨૦૧૨, શુક્રવાર, અષાઢ સુદ બીજ, ગ્રંબો (કચ્છ વાગડ, જી-રાપર)
ચતુર્થ ગ્રંથ	: **અજાપુત્ર રાસમાળા** (વિધિના લેખની કથા)
અજાપુત્ર રાસ સંગ્રહનું વિમોચન	: ૦૩-૦૩-૨૦૧૩, રવિવાર, (વલસાડ)
પંચમ ગ્રંથ	: **કયવન્ના રાસમાળા** (દાનનું માહાત્મ્ય)
હવે પછી	: જૂની હસ્તપ્રતોના અક્ષરો ઉકેલવાનું કાર્ય ચાલુ છે. ૧. કવિ ઋષભદાસ કૃત સુમિત્ર રાજર્ષિ રાસ

स्वकथ्यम्

'धर्मस्य आदि पदं दानम्' અર્થાત્ ધર્મનો પ્રારંભ દાનથી થાય છે. દાન, શીલ, તપ અને ભાવ આ પ્રકારના ધર્મમાંથી દાન એ ધર્મનું આદિ બિંદુ, પ્રથમ સોપાન અને મોક્ષનો દ્વારપાળ છે.

પ્રત્યેક તીર્થંકરો 'પરમ'નો યાત્રારંભ કરવા પૂર્વે એક વર્ષ પર્યંત નિત્ય ત્રણ પહોર સુધી કુલ ત્રણ અબજ, અઠ્ઠ્યાસી કરોડ, એંસી લાખ સોનામહોરોનું દાન આપી દાનની મહાગંગા વહાવે છે.

હસ્તિનાપુરના પ્રાંગણમાં શ્રેયાંસકુમારના કરકમળો વડે ૪૦૦ ઉપવાસના તપસ્વી શ્રી ઋષભદેવ સ્વામીનું ઈક્ષુરસ વડે પારણું થયું. ત્યારથી આ અવસર્પિણી કાળમાં સુપાત્ર દાનના શ્રી ગણેશ મંડાયા.

ધન્ના સાર્થવાહે સંતોને ઘીના ઘડા વહોરાવી, મોક્ષતરુના બીજરૂપ બોધિબીજની પ્રાપ્તિ કરી. સુબાહુકુમારે સુદત્ત અણગારને પ્રાસુક, નિર્દોષ આહાર વહોરાવી મોક્ષરૂપી મહાનનિધિ મેળવી. નયસારે જંગલમાં માર્ગ ભૂલેલા, શ્રમિત મહાત્માને નિર્દોષ આહાર વહોરાવી નગરનો માર્ગ બતાવ્યો. પરોપકારી મહાત્માએ અનુકંપાથી પ્રેરાઈ તેને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવી મોક્ષમાર્ગે ચડાવ્યો.

શ્રાવકના ત્રણ મનોરથમાં પ્રથમ મનોરથ એ છે કે, 'હે પ્રભુ! એ દિવસ મારા માટે કલ્યાણકારી અને ધન્ય થશે, જે દિવસે હું મારા પરિગ્રહનો સુપાત્રની સેવામાં ત્યાગ કરી પ્રસન્નતા અનુભવીશ, મમતાના ભારથી મુક્ત બનીશ. શ્રાવકના બારમા વ્રતમાં નિયત કર્યું છે કે, 'ગૃહસ્થ ભોજનની વેળાએ કોઈ સુપાત્ર, અતિથિ, મહાત્મા અથવા અનુકંપા પાત્ર વ્યક્તિને પોતાનામાંથી સંવિભાગ કરવાની ભાવના કરે.'

પ્રસ્તુત કૃતિનું ગુરુત્વ મધ્યબિંદુ દાનધર્મ છે. આ કથા દાનમાં પણ ભાવધર્મને સર્વોપરિતા આપે છે. માનવીની ગરિમા કે ગર્તા તેના ભાવોની ઉદાત્તતા કે અધમતા પર નિર્ભર છે. દાન, શીલ, તપ એ ભાવ વિના નિષ્પ્રાણ છે.

દાનમાં વસ્તુ નહીં પરંતુ અંતઃકરણની મુખ્યતા છે. ચંદનબાળાએ મુઠ્ઠીભર અળદના બાકુળા દાનમાં આપ્યા પરંતુ તેની ઉત્તમ ભાવના, શ્રદ્ધા, ભક્તિ, નિઃસ્વાર્થતા, નિઃસ્પૃશ્યતા મુખ્ય હોવાથી તે દાન 'અહોદાનં' કહેવાયું જ્યારે નાગશ્રી બ્રાહ્મણીનું તપસ્વી મહાત્માને હર્ષપૂર્વક, ઉકરડો સમજીને, આબરૂ સાચવવા અપાયેલું કડવી તુંબડીનું સુગંધી શાક નિંદાપાત્ર અને સંસારવૃદ્ધિનું કારણ બન્યું. નંદમણિયારનું આસક્તિ અને પ્રતિષ્ઠાયુક્ત દાન તિર્યંચગતિનું કારણ બન્યું.

દાનધર્મની યશોગાથા વર્ણવતી, દાનધર્મની વિધિનું દિશાચિંધણું કરતી એક વિરલ વિભૂતિની અદ્‌ભુત, આશ્ચર્યજનક અને ચમત્કારી કથા આ રાસમાળામાં પ્રસ્તુત છે.

દિવાળીના સપરમા દિવસોમાં ચોપડાપૂજન કરતાં જૈનો આ ચાર મહાનુભવોને અચૂક યાદ કરે છે. નવા ચોપડાના પ્રારંભે મંગલાચરણરૂપે કંકુથી ગૌતમસ્વામીની લબ્ધિ, અભયકુમારની બુદ્ધિ, શાલિભદ્રની ઋદ્ધિ અને કયવન્નાનું સૌભાગ્ય અચૂક લખાય છે. ભગવાન મહાવીર સ્વામીના સમયમાં થયેલા ચાર ઉત્તમ પુરુષોમાંથી પ્રસ્તુત ગ્રંથમાં પુણ્યશ્લોકી કયવન્ના - કૃતપુણ્ય શેઠની પ્રસિદ્ધ છતાં ઓછી પરિચિત અને શાલિભદ્રના પૂર્વભવ સાથે કંઈક અંશે સામ્યતા ધરાવતી કથા પ્રસ્તુત છે.

પૂર્વે આહીર બાળકના ભવમાં તપોનિષ્ઠ મુનિરાજને ખીરનું દાન વહોરાવ્યું. દાન આપતી વખતે વિચારસરણીની ત્રુટકતા અને ઠાગાઠૈયામાં અટવાયો, જેના કારણે બીજા ભવમાં શ્રીમંત શ્રેષ્ઠીને ત્યાં જન્મ તો થયો અને મધ્યાનના સૂર્યોદય સમાન પ્રખર સુખનો સૂર્યોદય પણ થયો, છતાં

જીવનમાં કસોકસની સ્થિતિમાં બે વાર ભેરવાયો. લક્ષ્મીની રેલમછેલ હોવાથી શેઠે પોતાના વૈરાગી પુત્રને સંસાર રસિક બનાવવા ગણિકાવાસમાં ચાતર્યો. બાર-બાર વર્ષ સુધી ગણિકાવાસમાં રહેતાં ધનનો ખુવાર થયો. લક્ષ્મીએ વિદાય લેતાં નિર્ધન નાયકને જાકારો મળ્યો અને સુખનો સૂર્યાસ્ત થયો.

'ઘરતીનો છેડો ઘર' એ ન્યાયે નાયક બાર વર્ષે ઘરે પાછો આવ્યો. મહાનાયિકાએ વિશાળ મન રાખી તેને સાચવી લીધો. આર્થિક ભીંસ વધી. સુખ સાહેબીમાં ઉછરેલા નાયકનું આગવું વ્યક્તિત્વ વ્યાપારના ક્ષેત્રમાં વિકાસ પામ્યું ન હતું. કિસ્મતે કરવટ બદલી અને નાયક પરદેશની ખેપે નીકળ્યો. ત્યાં અચાનક તેનું અપહરણ થયું. વારસદારની પેરવીમાં તેનું પ્રારબ્ધ કોઈ કોટિધ્વજ શેઠને ત્યાં ખેંચી ગયું. શેઠને ત્યાં રજવાડી સુખો ભોગવતાં બાર વર્ષ વ્યતીત થયાં. વારસદાર મળતાં સ્વાર્થી શેઠાણીએ એકાએક વણઝારાની વસ્તીમાં સ્થળાંતર કરાવ્યું. પુનઃ સુખનો સૂર્યાસ્ત થયો.

આ દુઃખ લાંબું ન ટક્યું. પરદેશથી કૂટી કોડી કમાઈને ન લાવનાર નાયકને એકાએક, અણધારી રીતે ૯૯ કરોડ સોનૈયાનો મહાલાભ થયો ! એટલું જ નહીં રાજવી કુટુંબનો જમાઈ બન્યો ! ! બુદ્ધિનિધાન અભયકુમાર જેવા કલ્યાણ મિત્રનો ભેટો થયો. છડેચોક તેના સૌભાગ્યની પ્રશંસા થવા લાગી.

પુણ્યશાળી કયવન્ના શેઠને ત્યાં વાંભવાંભ સુખોની છોળો ઉછળતી હતી. આવા અઢળક સુખોને ઠેલી શેઠ શિવરમણીને ભેટવા ઉત્સુક બન્યા. ખરેખર ! સુપાત્ર દાનના ઉત્કૃષ્ટ ફળે તો હદ જ વટાવી નાંખી ! ભગવાનના ૧૪૦૦૦ સંતોની હરોળમાં કયવન્ના મુનિએ સ્થાન મેળવ્યું.

શાસ્ત્રકારો કહે છે, 'જીવનમાં એકવાર પણ જો ઉત્કૃષ્ટ સુપાત્ર દાન આપવાનો અવસર સાંપડે અને તે સમયે દાન આપતાં દાતાના હૃદયમાં હર્ષ અને આનંદની છોળો ઉછળતી હોય તો જીવ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી શકે છે, પરંતુ દાન સદોષ હોય, ભાવોની મંદતા હોય, પાત્ર અશુદ્ધ હોય તો હજારો વાર દાન આપવા છતાં વિશેષ ફળ મળતું નથી.'

સુભાષિત સંગ્રહમાં કહ્યું છે કે, 'કરેલાં શુભ કાર્યને કોઈની સમક્ષ પ્રગટ ન કરવું. સત્કાર્યના ગાણા ગાવાથી પુણ્ય ખલાસ થઈ જાય છે, તેનું ફળ મળતું નથી. જો પ્રગટ જ કરવું હોય તો પોતાના દુષ્કૃત્યોને પ્રગટ કરો.'

આહીર બાળકે દાન આપી, સંગમ ભરવાડની જેમ જ ગુપ્ત રાખ્યું અને મનોમન દાનની અનુમોદના કરી. જેના કારણે તેને અણધાર્યો લૌકિક અને લોકોત્તર લાભ થયો.

આમ, આત્માના ભવ્યતાના વિકાસમાં દાન એ પરમ મંગલ છે. દાનધર્મનો મહિમા વર્ણવતી '**કયવન્ના ચરિત્ર**'ને વિદ્વાન કવિઓએ રાસ, ચોપાઈ, પ્રબંધ, સંધિ, સજ્ઝાય, ચોઢાળીયારૂપે ઢાળી રોચક શૈલીથી આલેખી છે.

પ્રસ્તુત '**કયવન્ના રાસમાળા**'માં મારુ ગુર્જર ભાષામાં ગુંથાયેલી આ કથા ૧૮-૧૮ જેટલા ગુર્જર કવિઓના હાથે ઉતરી છે. તેમાંથી ૧૫ અપ્રકાશિત ગુર્જર કવિઓની કાવ્ય પ્રસાદીનું પ્રથમવાર પ્રકાશન થઈ રહ્યું છે. ત્રણ પ્રકાશિત કૃતિઓની પુનઃ વાચના પણ કરવામાં આવી છે.

આ ગ્રંથના જન્મ સુધીમાં એકાવતારી યુગપુરુષ પ.પૂ. શ્રી અજરામરજી સ્વામીના અનરાધાર આશીર્વાદ અને મારા હિતચિંતક પ.પૂ. ઝરણાકુમારીજી તથા પ.પૂ. સંસ્કૃતિકુમારીજી સ્વામીના શુભાશિષથી ગ્રંથ અવતરણ સુધીનું કાર્ય હેમખેમ રીતે પૂર્ણ થયું.

આ શોધયાત્રામાં પ. પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિજી, તથા પ. પૂ. આ. શ્રી વિજયહેમચંદ્ર

સૂરિજી, પ.પૂ. વૈરાગ્યરતિવિજયજી મ.સા.નું પ્રત્યક્ષ કે પરોક્ષપણે માર્ગદર્શન મળ્યું.

પૂ. આ. શ્રી સોમચંદ્ર સૂરિજી મ.સા.ના સુશિષ્ય વિદ્યાવ્યાસંગી પ. પૂ. સુયશચંદ્ર વિજયજી મ.સા. જેમણે કવિશ્રી દીપ્તિવિજયજી, કવિશ્રી પદ્મવિજયજી અને કવિશ્રી ઋષભદાસજીની કયવન્ના સંબંધી હસ્તપ્રતો ખૂબ મહેનત કરી મેળવી મોકલી આપી હતી.

પ. પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિજીના સમુદાયના સાધ્વીરત્ન પૂ. શ્રી વિરાગરસાશ્રીજી તથા પૂ. શ્રી ધૈર્યરસાશ્રીજીએ અનેક રાસોને તપાસી આપ્યા તેમજ અવસરે અવસરે પથદર્શક બની વિશેષ સહયોગી બન્યા છે.

વિદ્વાન સાહિત્યકાર ડૉ. કવિનભાઈ શાહે વિવિધ કાવ્ય પ્રકારોની માહિતી મોકલી આપી હતી તથા જ્ઞાનની પરબ સમાન ડૉ. અભયભાઈ દોશીએ ઉપયોગી સૂચનો કરી શોધયાત્રાના કાર્યમાં સુંદર સહયોગ આપ્યો છે.

આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર (કોબા)ના દિલાવરભાઈ, મનોજભાઈ તથા શ્રી આશાપુરણ જ્ઞાનભંડારના સુશ્રાવક શ્રીયુત બાબુભાઈ સરેમલજી શાહે (બેડા-અમદાવાદ) અને જીતુભાઈ (અમદાવાદ)એ સંપાદનોપયોગી ઉપલબ્ધ ગ્રંથો અને હસ્તપ્રતની કોપીઓ તરત જ મોકલી શોધયાત્રાનો વેગ વધાર્યો છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈ, શ્રી ગોડીજી જ્ઞાન ભંડાર - મુંબઈ, શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર - પાટણ, શ્રી શેઠ લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદરિ - અમદાવાદ, શ્રી વીરવિજયજીની પોળ - અમદાવાદ, શ્રી વિજયગચ્છ ભંડાર - રાધનપુર, શ્રી આણંદજી કલ્યાણજી પેઢી - લીંબડી, શ્રી લાવણ્યવિજય જૈન જ્ઞાનભંડાર - રાધનપુર, થાહરુશાહ કાગજકા હસ્તલિખિત જ્ઞાન ભંડાર - જૈસલમેર, શ્રી આણાસૂરગચ્છ જ્ઞાનભંડાર - સુરત, શ્રી ચંદ્રસાગરસૂરિ જ્ઞાનમંદિર - ઉજ્જૈન, શ્રી નિત્યવિનય જીવનમણીવિજયજી જ્ઞાનભંડાર - ચાણસ્મા અને માંગરોળના ગ્રંથભંડારના સાધર્મિક ભાઈઓએ ઉદારતાપૂર્વક રાસકૃતિઓ આપી અભ્યાસની સુવિધા કરી આપી છે.

પ્રસ્તુત ગ્રંથને અક્ષરદેહ આપી સુંદર રીતે સજાવનાર શ્રીમતી પ્રીતિ રાજેશ ગાલા, ખિલેન દામજી સત્રા અને વિપુલ ધનજી દેઢિયા છે, જેમણે મુદ્રણ કાર્ય અલ્પ સમયમાં પૂર્ણ કર્યું છે.

રતનશીભાઈ બોરીચા, દમુબેન દામજીભાઈ નીશર, હંસાબેન મહેન્દ્રભાઈ, જીજ્ઞાબેન, મેઘજીભાઈ નીશર અને નવીનભાઈ નીશરનો સમયે સમયે સહયોગ પ્રાપ્ત થયો છે.

ઉપર્યુક્ત સર્વના સહિયારા સાથથી આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે. હું તે સર્વની સદા ઋણી રહીશ.

આ ગ્રંથની જ્ઞાન યાત્રામાં વિહાર કરતાં જે ત્રુટિઓ દેખાય તે મારી મંદ મતિનો જ દોષ સમજી વિદ્વાનોને તેનું પરિમાર્જન કરવા વિનમ્ર વિનંતી છે.

ગ્રંથની ઉપાદેયતામાં આશીર્વાદના ઉપહાર મોકલાવનાર સર્વ મહાનુભાવોને માટે હું ધન્યતાની લાગણી અનુભવું છું.

આ ગ્રંથનું અધ્યયન ભવ્યજીવોમાં સત્ત્વ પેદા કરાવી શિવસુખ પ્રાપ્ત કરાવે તેવી શુભેચ્છા.

તા. ૦૬-૦૩-૨૦૧૫
શુક્રવાર (હોળી - ફાગણ સુદ ૧૫)

લી. ભાનુબેન શાહ (સત્રા)
(નાનાયોક - મુંબઈ)

— : અનુક્રમણિકા :-

	વિષય	પૃષ્ટ
	ભૂમિકા	૧ - ૧૦
૧.	શ્રી કૃતપુણ્ય શેઠની કથા	૧૧-૪૬
૨.	મારુ ગુર્જર ભાષાની કૃતપુણ્ય વિષયક કૃતિઓ	
	૧. શ્રી પદ્મસાગર સૂરિ કૃત કયવન્ના ચતુષ્પદી	૪૭-૭૧
	૨. રતનસૂરિજી કૃત કયવન્ના રાસ	૭૨-૭૯
	૩. કવિશ્રી દેપાલજી કૃત કયવન્ના વિવાહલઉ	૮૦-૮૧
	૪. કવિ ઋષભદાસજી કૃત કયવન્ના શેઠનો રાસ	૮૨-૧૦૩
	૫. શ્રી ગુણવિનયજીસૂરિ કૃત કયવન્ના સંધિ	૧૦૪-૧૧૬
	૬. શ્રી કલ્યાણરત્ન સૂરિ કૃત કયવન્ના શેઠની ચોપાઈ	૧૧૭-૧૨૨
	૭. ગુણસાગરસૂરિ કૃત કયવન્ના ચોપાઈ	૧૨૩-૧૪૨
	૮. કવિશ્રી લાલવિજયજી કૃત કયવન્ના સજ્ઝાય	૧૪૩-૧૪૬
	૯. શ્રી વિજ(ન)યશેખર સૂરિ કૃત કયવન્ના ચોપાઈ	૧૪૭-૧૭૫
	૧૦. શ્રી જયરંગ મુનિ કૃત કયવન્ના શાહનો રાસ	૧૭૬-૨૨૨
	૧૧. કવિ શ્રી દીપ્તિવિજયજી કૃત કયવન્ના રાસ	૨૨૩-૨૫૪
	૧૨. શ્રી મલયચંદ્રજી કૃત કયવન્ના ચોપાઈ	૨૫૫-૨૬૨
	૧૩. શ્રી ફતેહચંદ કૃત કવયન્ના ચોઢાળીયું	૨૬૩-૨૭૦
	૧૪. શ્રી ગંગારામજી કૃત કયવન્નાકુમાર ચોપાઈ	૨૭૧-૩૦૯
	૧૫. શ્રી વિજયધર્મધુરંધરસૂરિ કૃત કયવન્ના સજ્ઝાય	૩૧૦
	૧૬. અજ્ઞાત કૃત કયવન્ના સજ્ઝાય	૩૧૧-૩૧૫
	૧૭. અજ્ઞાત કૃત દાનકુલક બાલાવબોધ (ગદ્ય)	૩૧૬-૩૨૦
	૧૮. કયવન્ના શેઠની કથા (ગદ્ય)	૩૨૧-૩૩૦
૩.	પ્રત પરિચય અને પાઠ સંપાદન પદ્ધતિ	૩૩૧-૩૫૭
૪.	કવિ પરિચય, સાહિત્યિક મૂલ્યાંકન અને કથા અંશોમાં પરિવર્તન	૩૫૮-૪૭૦

	વિષય	પૃષ્ટ
૫.	કૃતપુણ્ય કથાનક : તુલનાત્મક અધ્યયન	૪૭૧-૫૨૧
૬.	પરિશિષ્ટ વિભાગ	
	૧. વિવિધ કાવ્ય સ્વરૂપો	૫૨૨-૫૩૭
	૨. કવિ ઋષભદાસ કૃત 'કયવન્ના શેઠના રાસ'નું ભાષાંતર	૫૩૮-૫૬૧
	૩. મુખ્ય અવાંતર કથાઓ	૫૬૨-૫૯૦
	૪. સપ્તપદી લગ્નવિધિ	૫૯૧-૫૯૨
	૫. પુરુષની ૭૨ અને સ્ત્રીની ૬૪ કળા	૫૯૨-૫૯૩
	૬. શ્રાવકના ૨૧ ગુણો	૫૯૩-૫૯૪
	૭. ગોપ સંસ્કૃતિનો ઈતિહાસ	૫૯૪-૫૯૫
	૮. નવ રસ	૫૯૫-૫૯૬
	૯. ૧૩ કાઠીયા	૫૯૬
	૧૦. દેશીઓની યાદી	૫૯૭-૬૦૧
	૧૧. સાહિત્ય સૂચિ	૬૦૨

।। નમો નાણસ્સ ।।

ભૂમિકા

મધ્યકાળ એટલે સુંદરતમ બોધકથાઓનો અદ્વિતીય કાળ! વિદ્વાન સર્જકોએ અઢળક બોધ કથાઓનો વિશિષ્ટ ખજાનો માનવજાતને નજરાણામાં ભેટ ધર્યો છે. ભાગ્યેજ એવી કોઈ કથા હશે કે, જેમાં જૈન જગતના મહાપુરુષોના ચરિત્ર અને બોધકથાઓની રસલહાણ ન હોય. જૈન સાહિત્યના મહારથીઓએ ધર્મ અને અધ્યાત્મ જેવા ભારેખમ વિષયને બોધકથાઓ દ્વારા સરળ, રસપ્રદ બનવવામાં મૂલવી ન શકાય એવડું મોટું યોગદાન પ્રદાન કર્યું છે.

આપણા આગમ ગ્રંથોમાં કથાનો મહાસાગર હિલોળાં લઈ રહ્યો છે. આ આગમ સાહિત્યના આધારે સમય જતાં જૈન મનીષીઓએ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા અને વૃત્તિઓની રચના કરી. જુદા જુદા વૃત્તિકારોએ કથાઓને વિસ્તૃતરૂપે આલેખી. એક જ વિષય ઉપર અનેક કથાઓ ઉતરી.

ઉપદેશપ્રાસાદ, ઉપદેશમાલા, ઉપદેશપદ, શીલોપદેશમાલા, શીલાતરંગિણી, પુષ્પમાલા પ્રકરણ, યોગશાસ્ત્ર, ભરતેશ્વરબાહુબલી વૃત્તિ જેવાં આગમેત્તર ગ્રંથોમાં ઢગલાબંધ રસિક કથાઓ કંડારેલી છે.

કથા કે વાર્તા કહેવી કે સાંભળવી અબાલ-વૃદ્ધ સહુને હંમેશાં પ્રિય લાગે છે. પછી, તે કથા આપવીતિ હોય કે પરવીતિ હોય. આ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે. કથાને આકર્ષકરૂપથી કર્ણપ્રિય ઉચ્ચારણ અને સહજ ભાવાભિવ્યક્તિ સાથે પ્રસ્તુત કરનાર સમાજનો પ્રિય બને છે.

આપણી ભવ્ય સંસ્કૃતિના વારસાની, સમૃદ્ધ પરંપરાનું, સનાતન વિચારધારાનું, ઈતિહાસની ઉજ્વળતાનું વિસ્મરણ ન થાય અને લોકોનું ખમીર ઓસરી ન જાય તે માટે જૈનાચાર્યોએ પોતાની લેખણી દ્વારા મહાન વિભૂતિઓની પરમ તત્ત્વની અમરકથાઓને લોકમાનસ સુધી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે.

પરવર્તી સાહિત્યકારોએ પણ જનમાનસની રુચિનો લાભ લઈ પોતાના પ્રસ્તુતીકરણને પ્રભાવશાળી અને સતર્ક બનાવવા કથાઅંશોમાં ઘટાડો કે વધારો કરી કથાને સુંદર ઓપ આપ્યો છે.

ઉત્તમ વ્યક્તિઓના જીવન ચરિત્રો માનવીને ઉદાત્ત-ઉત્તમ પરિણામ હાંસલ કરાવે છે તેથી સુજ્ઞ મનીષીઓએ કથાવસ્તુમાં દેવાંશી માનવીઓ જેવા કે - શ્રેસઠ શલાકા પુરુષો, ગીતાર્થ મુનિવરો, સતી સ્ત્રીઓ, રાજવીઓ અને શ્રેષ્ઠીઓને જ પસંદ કર્યા છે.

દીર્ઘદૃષ્ટા પૂવાચાર્યોએ કથાની સાથે જૈન ધર્મના આચાર-વિચારો, તત્ત્વજ્ઞાન, કર્મવાદ, સદાચાર, પુનર્જન્મ જેવાં સિદ્ધાંતોને કથાપ્રવાહમાં ગૂંથ્યાં છે. લોકોને ધર્મના માર્ગે વાળવા અને પાશ્ચાત સંસ્કૃતિના વાયરાથી બચાવી ભારતીય સંસ્કૃતિનું પોષણ કરવું, એ સાહિત્યના મહારથીઓની આગવી સૂઝ હતી.

દાનધર્મનો મહિમા વર્ણવતી આદર્શોન્મુખી આવી જ એક ઐતિહાસિક કથા **'કયવન્ના**

રાસમાળા'માં પ્રસ્તુત છે. વાસ્તવમાં આ કથા [૧]**''આવશ્યક નિર્યુક્તિ'** જેવા આગમ ગ્રંથમાં પ્રાકૃત ભાષામાં છે. આ મૂળ કથાનું ઓઠું લઈને કેટલાક વિદ્વાનોએ પોતાની રુચિ અનુસાર કાલ્પનિક તત્ત્વો તેમજ નવાં નવાં રૂપાંતરો ઉમેરી, કેટલાક સુધારા-વધારા કરી કથાને રસિક બનાવવાની જહેમત ઉઠાવી છે.

આ કથાનું એક આગવું સ્થાન અને પોતિકું મૂલ્ય છે. સુપાત્ર દાન અને તેની વિધિની ઊંચી ભૂમિકા આ કથા પ્રસ્તુત કરે છે, જે પાઠકોના હૃદયમાં નવી ચેતનાનો સ્પર્શ જગાવે છે.

દિવાળીના દિવસોમાં ચોપડાઓના પ્રથમ પૃષ્ઠે **'કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો'** આવું કંકુથી લખાય છે. તેમ જ પ્રતિક્રમણ કરતાં નિત્ય ભરહેસરની સજ્ઝાયમાં **'કયવન્નો અ સુકોષલ'** એવુ પંક્તિગાન થાય છે. અજબગજબના સૌભાગ્યના સ્વામી શ્રી કયવન્ના શેઠનું જીવન કવન પ્રસ્તુત રાસમાળામાં પ્રગટ થયું છે.

'શ્રી તત્ત્વાર્થસૂત્ર' (૭/૩૧)માં વાચક ઉમાસ્વાતિજી કહે છે, **''વિધિ-દ્રવ્ય-દાતૃ-પાત્ર વિશેષાત્ તદ્વિશેષઃ।''** વિધિ, દેયવસ્તુ, દાતા અને પાત્રની વિશેષતાથી થોડું પણ દાન વિશિષ્ટ ફળ અપાવે છે.

કથાનાયકે પૂર્વે આહીરના ભવમાં માસક્ષમણના તપસ્વી મુનિરાજને અત્યંત ઉલ્લસિત ભાવે ખીર વહોરાવી હતી. ખીર વહોરાવતાં પૂર્વે મહાત્માને પોતાને ત્યાં ભિક્ષા માટે આવવાની વિનંતી કરી. ખીર વહોરાવ્યા પછી વિધિપૂર્વક તેમને વળાવવા પાંચ-છ પગલાં સાથે ગયો. શાલિભદ્રના પૂર્વભવની જેમ અહીં પણ નિર્ધન બાળકને ખીરની સામગ્રી પાડોશણો દ્વારા મળી. પાડોશણોએ પરોપકાર નિમિત્તે સામગ્રી આપી. લેનાર મહાત્મા પંચમહાવ્રતધારી, તપસ્વી મુનિરાજ હતા. તેમણે અદીન ભાવે, નિઃસ્પૃહતા પૂર્વક, સંયમના નિર્વાહ હેતુ આહાર ગ્રહણ કર્યો. આમ વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની વિશુદ્ધતા હતી તેથી દાન **'મહાદાન'** બન્યું.

બાળકે થાળીમાં ખીર ઠારી, ખીરમાં લીટી કરી. અડધી વહોરાવવાની ભાવનાથી ખીર મુનિરાજના પાત્રમાં ધરી. પ્રવાહીનો ઢળવાનો સ્વભાવ હોવાથી અડધી ખીર પાત્રમાં ઢળી પડી. ત્યાં બાળસહજ સ્વભાવથી પોતાનો વિચાર આવ્યો અને વળતી જ પળે સહેજ થંભી પુનઃ ભાવમાં વૃદ્ધિ આવી અને ફરી પાછી થોડી ખીર વહોરાવી. પુનઃ ક્ષણ વાર થોભ્યો અને બીજી જ ક્ષણે વર્ધમાન ભાવે સંપૂર્ણ ખીર વહોરાવી દીધી.

આ જગતમાં દેવ-ગુરુ એ ઊંચા તત્ત્વો છે. તેમની ઊંચી કોટિની ભક્તિથી ઊંચું પુણ્ય બંધાય છે. તેમને આહાર,વસ્ત્ર, પાત્ર, ઔષધ, સ્થાન, પથારી (સંથારો) જેવી સામગ્રી આપી ભક્તિ કરનાર આ સંસાર સાગરને ઝડપથી તરી જાય છે.

દાન આપ્યા પછી તેની ગુપ્તતા અને સુકૃત્યની મનોમન અનુમોદના કરતાં બાળક બીજા ભવમાં ઉચ્ચ કુળમાં, શ્રીમંત ઘરે સુખસાહેબી સાથે જન્મ્યો. ખરેખર ! સુપાત્ર દાનના કારણે તેની તાસીર

---

૧. આવશ્યક નિર્યુક્તિ ગા-૮૪૭ એમાં કયવન્ના વિષે માહિતી છે. દાનના પ્રભાવે ચારિત્ર સામાયિકની પ્રાપ્તિ કરેલ છે. (લે॰ આચાર્ય મલયગિરિજી, પ્ર॰ ચંદ્રશેખરવિજયજી)

જ બદલાઈ ગઈ. દ્રવ્યદાન કદાચ ખૂટી શકે પણ ભાવદાન એ તો પાતાળ કૂવા સમાન હોવાથી કદી ખૂટતું નથી.

જૈન ધર્મના દાન અંગેના મહત્ત્વના પાસાને આ કથામાં ઉજાગર કરવામાં આવ્યો છે. જે ચંચળતા વિના અવિચ્છિન્ન ભાવે દાન આપે છે તે અન્ય ભવે સુખ પ્રાપ્ત કરે છે પરંતુ જે ઝુટક ભાવે દાન આપે છે તે કયવન્ના શેઠની જેમ ઝુટક સુખના ભાગીદાર બને છે.

દાનનું મૂલ્યાંકન વસ્તુ પર નહી પરંતુ ભાવ પર નિર્ભર છે. ભગવાન મહાવીરે બે સુંદર શબ્દોનો પ્રયોગ કર્યો છે. 'મુધાદાયી' અને 'મુધાજીવી' સામાન્ય રીતે 'મુધા' શબ્દનો અર્થ 'વ્યર્થ' એવો થાય છે પરંતુ લક્ષણા દ્વારા લક્ષ્યાર્થ 'સ્વાર્થરહિત' થશે. વ્યંજના દ્વારા વ્યંગાર્થ એવો થશે કે - દાન આપનાર દાતાના મનમાં અહંભાવ ન હોય અને લેવાવાળાના મનમાં દૈન્યભાવ પણ ન હોય. આવું દાન શ્રેષ્ઠ, વિશુદ્ધ અને મોક્ષનું કારણ બને છે, ભવ પરંપરાનો અંત કરે છે.

પ્રસ્તુત કથાની મહાનાયિકા ધન્યા (જયશ્રી) છે જ્યારે ખલનાયિકા તરીકે અક્કા અને વૃદ્ધા છે. નાયક સામે કાવાદાવા કરતી ખલનાયિકાઓ કપટી સ્ત્રીઓ છે. તેમની કુટિલતાનું વર્ણન વાચક વર્ગમાં તેમના પ્રત્યે અધમતાની લાગણી પ્રગટાવે છે. સાથે સાથે નિર્વેદ ભાવ પણ પ્રગટાવી શકે છે.

કેટલીક ઘટનાઓ વિશે કવિઓનું આગવું વ્યાપક ચિંતન અને નવીન અર્થઘટન રજૂ થયું છે. ચરિત્રનાયકના પૂર્વભવ સાથે દાન આપવાના ભાવ ઈત્યાદિ વિગતો આશ્ચર્યજનક અને વીર્યોલ્લાસ પ્રેરક છે.

પ્રસ્તુત ગ્રંથમાં એક જ વિષયક **પંદર અપ્રકાશિત અને ત્રણ પ્રકાશિત કૃતિ**ઓનું પ્રકાશન થઈ રહ્યું છે. આ મારૂગુર્જર ભાષાની રચનાઓ છે.

અહીં મુદ્રિત કૃતિઓની નવેસરથી વાચના તૈયાર કરી છે. કવિશ્રી જયરંગમુનિ કૃત 'કયવન્ના શાહનો રાસ'; જે પૂર્વે ભીમશી માણેક દ્વારા જૈન કથા રત્નકોષ, ભા.૫માં પ્રકાશિત થઈ ચૂકી છે. તે કૃતિની બીજી હસ્તપ્રતોના આધારે સંદિગ્ધ શબ્દ-અર્થના સ્થાનોમાં સુધારો કરી નૂતન પાઠ સંપાદિત કરવામાં આવ્યો છે.

કવિશ્રી વિજયધર્મધુરંધરસૂરિની 'કયવન્ના સજ્ઝાય' અને કવિશ્રી દેપાલની 'કયવન્ના વિવાહલુ'ની વાચના પણ નવી જ તૈયાર કરી છે.

એક જ કથાવસ્તુને પ્રાજ્ઞ પુરુષોએ પોતાની કાવ્ય પ્રતિભાથી કંડારી છે તેથી એકની એક વસ્તુનો અનેક દૃષ્ટિકોણથી અભ્યાસ થઈ શકે. કવિઓની રજૂઆત શૈલી, પ્રતિભા સંપન્નતા, ભિન્ન ભિન્ન દૃષ્ટિએ સાહિત્ય મૂલ્યાંકન, ભાષા શૈલી, કથાઘટકોમાં પરિવર્તનના અભ્યાસની ઝાંખી કરી છે.

પ્રારંભમાં રાસની કથા સર્વગ્રાહી થઈ શકે એ હેતુથી સવિસ્તાર કયવન્ના કથા લખી છે, જેમાં ચરિત્રનાયકના જીવનના પ્રત્યેક રસપ્રદ પ્રસંગો નવા નવા રસકેન્દ્રોને ખોલે છે. કથા પૂર્ણ થયા બાદ સર્વ કૃતિઓ સંવંત ક્રમાનુસાર મૂકી છે.

ત્યારપછી પ્રકાશિત થઈ રહેલી કૃતિઓની યાદી, કૃતિના કર્તાનો ઉપલબ્ધ પરિચય અને

કાવ્ય રસાસ્વાદ છે. પ્રત્યેક કૃતિમાં કથાવસ્તુમાં થયેલા ફેરફારો, પ્રાચીન સમયના રીત-રિવાજો ટાંકેલા છે. ત્યારપછી હસ્તપ્રતના આધારે સંપાદન પદ્ધતિ આપી છે. અંતે પરિશિષ્ટ વિભાગ છે.

સુપાત્ર દાનનો મહિમા વર્ણવતી આ કથા ભગવાન મહાવીરના મુખેથી (પૂછાયેલા પ્રશ્નના ઉત્તર રૂપે) ઉજાગર થઈ છે.

'કયવન્ના' વિષયક વિવિધ ભાષામાં ઉપલબ્ધ સાહિત્યની નોંધ નીચે પ્રમાણે છે.

'કયવન્ના' વિષયક સંસ્કૃત-પ્રાકૃત ભાષા નિબદ્ધ રચનાઓ

૧. સૌ પ્રથમ શ્રી રાજશેખરસૂરિ અથવા શ્રી જયસિંહસૂરિ કૃત **'ધર્મોપદેશ માલા વિવરણ ગ્રંથ'**, વિ.સં.૧૦મી સદીમાં, પ્રાકૃત ભાષામાં, ગદ્ય અને પદ્યમાં, પૃ.૧૧૮ ઉપર દાનનું સ્વરૂપ પ્રગટ કરતી સ્વતંત્ર કથા રૂપે જોવા મળે છે. અહીં શિષ્યના પ્રશ્નના ઉત્તર રૂપે આ કથા કહેવાયેલી છે. આ ગ્રંથનું પ્રકાશન સિંઘી જૈન સીરીઝ - ૨૮થી થયું છે.

૨. ઉપકેશગચ્છના [૧]શ્રી દેવગુપ્તસૂરિ-નવમા (અપરનામ - શ્રી જિનચંદ્રગણિ / શ્રી કુલચંદ્ર-ગણિ) કૃત **'નવપદ પ્રકરણ'**માં સં.૧૦૭૩, સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં, ગદ્ય-પદ્યમાં આ કથા સ્વતંત્રપણે વિસ્તાર પામી છે. સુપાત્રને ઉલ્લાસપૂર્વક દાન આપનાર અનુપમ સુખના ભાગી બને છે. તે સંદર્ભમાં આ ગ્રંથમાં કૃતપુણ્ય (પૃ.૪૨૧-૪૨૮) અને શાલિભદ્ર (પૃ.૪૨૮-૪૩૫)ની કથા છે. આ ગ્રંથ હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથ માળા - ૨૪૪ દ્વારા પ્રકાશિત થઈ છે.

૩. ચાંદ્રકુલીન [૨]શ્રી જિનેશ્વરસૂરિ કૃત **'કથાકોશ પ્રકરણ'** સં.વિ.પ. ૧૧૦૮માં, સુપાત્રદાનનું ફળ દર્શાવવા, પ્રાકૃત ભાષામાં, પૃ.-૬૪ ઉપર આ કથા આલેખાયેલી છે.

૪. બૃહદ્‌ગચ્છના શ્રી સોમપ્રભાચાર્ય દ્વારા **'કુમારપાળ પ્રતિબોધ ગ્રંથ'**માં પ્રાકૃત, ગદ્ય-પદ્યમાં, પૃ.૨૩૦-૨૩૭, દાનમાં અંતરાય દર્શાવતી આ કથા વિ.સં.૧૧૮૨માં રચાયેલી છે. આ ગ્રંથનું પ્રકાશન આત્માનંદ જૈન સભા, ભાવનગરથી, વિ.સં.૨૦૫૧માં થયું છે.

૫. તપાગચ્છના શ્રી અભયદેવસૂરિના શિષ્ય શ્રી વર્ધમાનસૂરિ કૃત **'ધર્મરત્નકરંડક ગ્રંથ'**માં વિ.સં.૧૨મી સદી, અધિકાર-૧૦, શ્લોક ૨૪૦, પૃ.૨૫૯-૨૬૫, સંસ્કૃત, ગદ્યમાં, સુપાત્રદાનનો મહિમા દર્શાવતી કથા સ્વતંત્ર સ્થાન ધરાવે છે. આ ગ્રંથ શારદાબેન ચીમનભાઈ રીસર્ચ સેન્ટરથી પ્રકાશિત થયો છે.

---

૧. સ્વોપજ્ઞ લઘુવૃત્તિવાળું નવપદ પ્રકરણ, નવતત્ત્વ પ્રકરણ અને પંચપ્રમાણ ગ્રંથની રચના કરી છે. (જૈ.પ.ઈ., ભા-૧, પૃ.-૨૨.)

૨. શ્રી. સમવાયાંગ ટીકા, શ્રાવક ધર્મ પ્રકરણ, પ્રમાણ લક્ષાણ, ષટ્-સ્થાનક પ્રકરણ, પંચલિંગી જેવા સાહિત્યનું સર્જન કર્યું છે.

૬. તપાગચ્છના [૧]શ્રી દેવેન્દ્રસૂરિ કૃત **'દાનકુલક સંગ્રહ ગ્રંથ'**માં દાનનું સ્વરૂપ દર્શાવતી આ કથા પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં, ગદ્ય-પદ્ય, પૃ.૩૧-૩૭ પર અવતરિત થઈ છે. આ ગ્રંથનું પ્રકાશન હર્ષપુષ્પામૃત-૩૦૬થી થયું છે.

૭. ખરતરગચ્છના [૨]શ્રી પૂર્ણભદ્રગણિ કૃત **'ચરિત્ર સંગ્રહ'**માં વિ.સં.૧૩૦૫માં, સંસ્કૃત ભાષામાં, 'કયવન્ના કથા' ઉપલબ્ધ છે. પૃ.૧૩૯-૨૨૧ (૧૬૬ નંબરનું પૃષ્ઠ નથી) પૃ. ૧-૨૧માં અતિમુક્તક, પૃ.૨૨-૧૩૮ પર ધન્ય-શાલિભદ્રની કથા છે. આ કથા તાડપત્ર પર લખાયેલી છે, જે જેસલમેરના જ્ઞાનભંડારમાં છે. હાલે શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડારમાં સુરક્ષિત છે.

૮. તપગચ્છના શ્રી શુભશીલગણિ કૃત **'ભરતેશ્વર-બાહુબલી વૃત્તિ'**, વિ.પ.૧૫૦૯, આહાર દાનનું ફળ દર્શાવતી આ કથા સંસ્કૃત (ગદ્ય)માં આલેખાયેલી છે. તેનો અનુવાદ શાહ મોતીચંદ ઓઘવજીએ ગુજરાતીમાં કર્યો છે. આ ગ્રંથનું પ્રકાશન અનુક્રમે દે.લા.જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા-૭૭ અને મગનલાલ હઠી સિંગ - અમદાવાદથી, સં.૧૯૬૫માં થયું છે.

૯. શ્રી વિજયલક્ષ્મીસૂરિ કૃત **'ઉપદેશપ્રસાદ ગ્રંથ'**, સં.૧૭૮૭, સંસ્કૃત, ગદ્યમાં, ૧૬૭મા વ્યાખ્યાનમાં દાનની પ્રશંસા કરતી આ કથા મોજુદ છે. આ ગ્રંથ આ.વિ.સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા - અમદાવાદથી સં.૧૯૮૮માં પ્રકાશિત થયો છે.

૧૦. બૃહદ્તપગચ્છના વિજયરાજેન્દ્રસૂરિના શિષ્ય વિજયયતીન્દ્રસૂરિજીએ સં.૧૯૮૫માં પંચતંત્રની શૈલીમાં વચ્ચે વચ્ચે શ્લોક ઉદ્ધૃત કરી સંસ્કૃત ગદ્યમાં આ કથા લખી છે, જેનું પ્રકાશન રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય, ખુડાલા (મારવાડ)થી સં.૧૯૮૮માં થયું છે. આ કથા **'શ્રી જૈન કથા સંગ્રહ', ભા.૫**, પૃ.૧-૩૮માં છે. તેનો ગુજરાતી અનુવાદ **'કયવન્ના શેઠનું ચરિત્ર યાને માયાનો અદ્ભુત ચમત્કાર'**ના નામે થયો છે. જે ઈ.સ.૧૯૮૨, જૈન સરસ્વતી વાંચન માળા - ભાવનગરથી પ્રકાશિત થયો છે.

૧૨. **સુક્તમુક્તાવલી**, લે. સોમપ્રભાચાર્ય અને કેશરવિમલજી, સંસ્કૃત, દ્વિતીય વર્ગના ૩૭માં, પૃ. ૧૨૫માં, અર્થ વિષે હિતોપદેશમાં, માલિની વૃત્ત છંદમાં છે. આનો અનુવાદ વિજયજિનેન્દ્રસૂરિજીએ કર્યો છે. આ ગ્રંથ હર્ષપુષ્પામૃત - લાખાબાવળથી, ઈ.સ.૧૯૯૮માં પ્રકાશિત થયો છે.

---

૧. શ્રી જગચંદ્રસૂરિ મ.સા. તપગચ્છમાં થયેલા, જેમને જાવજીવ આયંબિલ તપ કરવાથી 'તપા' બિરૂદ મળેલ છે. તેમના શિષ્ય દેવેન્દ્રસૂરિ મ.સા. સુધર્માસ્વામીની ૪૫મી પાટે થયાં. તેમણે શ્રાદ્ધદિન કૃત્ય સૂત્રવૃત્તિ, કર્મવિપાક, કર્મસ્તવ, બંધસ્વામીત્વ, ષડ્શીતિ, શતક, સિદ્ધપંચાશિકા, ધર્મરત્નવૃત્તિ, સુદર્શન ચરિત્ર, ચૈત્યવંદનાદિભાષ્ય (ચૈત્યવંદનાદિભાષ્યમાં સંઘાચાર ભાષ્ય ઉપર ધર્મઘોષસૂરિએ વિવરણ કરેલ તેનું પ્રુફ રીડીંગ સાધ્વી શ્રી વિરાગરસાશ્રીજી અને સાધ્વી શ્રી ધૈર્યરસાશ્રીજી કરી રહ્યા છે), સિદ્ધદંડિકા, ઋષભવર્ધમાન પ્રમુખ સ્તવન, સારવૃત્તિ દશા જેવા ગ્રંથો રચ્યાં છે.

૨. શ્રી પૂર્ણભદ્રગણિનું સાહિત્ય : ઉપાસકદશા કથા (સં.૧૨૭૫), અતિમુક્તક ચરિત્ર (સં.૧૨૮૨), ધન્ય-શાલિભદ્ર ચરિત્ર (સં.૧૨૮૫).

'કયવન્ના' વિષયક ગુજરાતી અને હિંદી ભાષામાં ઉપલબ્ધ સાહિત્ય

૧. **પ્રાચીન રાસસંગ્રહ, ભા.૨,** પૃ.૬૩-૧૨૨, ગુ. અને મારવાડી મિશ્રિત ભાષા, સં. જીવણલાલ છગનલાલ સંઘવી, પ્ર. સ્થાનકવાસી જૈન કાર્યાલય - અમદાવાદ. વિ.સં.૨૦૨૯.

૨. **મધ્યકાલીન ગુજરાતી કથા કોશ, ભા.૧,** લે. કનુભાઈ શેઠ અને વસંત દવે, સં. હરિવલ્લભ ભાયાણી, પૃ.૧૪/૧૫, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગર, ઈ.સ.૧૯૯૧.

૩. **જિનરત્નકોષ, ભા.૫,** લે. જયરંગમુનિ, સં. ભીમશી માણેક, જૂની ગુજરાતી, પદ્ય, પૃ.૧-૩૪, પ્ર. નિર્ણયસાગર પ્રેસ - મુંબઈ, સં.૧૯૪૧ (આપણા અભ્યાસની કૃતિ નં. ૧૦ છે.)

૪. **જૈન કથાઓ, ભા.૬,** ગ્ર. ઉદયવીરગણિ, ગુજ., ગદ્ય, પૃ.૭૫-૮૪, પ્ર. અકલંક પુષ્પમાળા - ૪૨.

૫. **જૈન કથાઓ, ભા.૨૦,** લે. મુનિ અકલંકજી, ગુજ., ગદ્ય, પૃ.૧૨-૨૬, પ્ર. એજ-૯૦.

૬. **સુઘોષા અંક, ભા.૫૪૧૪,** ગુજરાતી ગદ્ય, લે. કપૂરચંદ રણછોડદાસ વારૈયા, પૃ.૩૯૦-૪૫૬, ખંડ-૮. ઈ.સ. ૧૯૭૦.

૭. **સૌભાગ્યનો સૂર્ય - કયવન્ના શેઠ,** લે. વિ.પૂર્ણચંદ્રસૂરિ, પૃ. ૧-૧૧૫, ગુજરાતી - ગદ્ય, પ્ર. પંચસ્થાન પુણ્યસ્મૃતિ - સુરત, વિ.સં. ૨૦૫૮.

૮. **દો હજાર વર્ષ પુરાની કહાનિયા,** ટી. ડૉ. જગદીશચંદ્ર જૈન, હિન્દી, ગદ્ય, પૃ.૯૪-૯૬, પ્ર. ભારતીય જ્ઞાનપીઠ, ન્યૂ દિલ્હી, વિ.સં. ૨૦મી અનુમાન.

૯. **જૈન કથાયેં, ભા.૪૬,** કર્મફળ-પુણ્યનો પ્રભાવ, હિન્દી, ગદ્ય, પૃ.૬૧-૧૫૬, પ્ર. શ્રી તારક જૈન ગ્રંથાલય - ઉદયપુર.

૧૦. **કથા સાગરમેં ડૂબકી,** સં. જયાનંદવિજયજી, હિન્દી, પૃ. ૧૬૭-૧૮૭, પ્ર. ગુરુરામચંદ્ર પ્રકાશન સમિતિ - ભીનમાલ, વિ.સં.૨૦૬૫.

ઉપરોક્ત સામગ્રી ચરિત્રનાયકના જીવનચરિત્રના દસ્તાવેજીકરણમાં ખૂબ ઉપયોગી થઈ છે.

મારુ ગુર્જર ભાષામાં સંપાદન માટે આવેલી હસ્તપ્રતોની યાદી

ક્રમ	કર્તા	વિષય	સાલ	મુદ્રિત / અમુદ્રિત	ગ્રંથભંડારનું નામ	આદિ પદ
૧.	**પદ્મસાગરસૂરિજી (મડાહડાગચ્છ)**	કયવન્ના ચરિત્ર (ડા.ક્ર.-૪૬૭, ગ્ર.ક્ર.-૯)	સં. ૧૫૬૩ પ્રતિલેખન નથી	અમુદ્રિત	ચંદ્રસાગરસૂરિ જ્ઞાનમંદિર, ઉજ્જૈન	।। ૬૦।। સરસ વચન આપય સદા।
		કયવન્ના ચતુષ્પદી (ડા.ક્ર.-૧૧૬, ગ્રં.ક્ર.-૩૨૦૪)	સં. ૧૫૬૩ પ્રતિલેખના નથી.	અમુદ્રિત	શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાનભંડાર - લીંબડી	।। ૬૦।। શ્રી સારદાઈ નમઃ। વચન આપઇ સદા।
		કયવન્ના શેઠ રાસ-ટૂટક (અપૂર્ણ) (ડા.ક્ર.- ૨૮, ગ્રં.ક્ર.-૧૩૦૬)	અપૂર્ણ લેખન સાલ નથી	અમુદ્રિત	શ્રી લાવણ્યવિજયજી જૈન જ્ઞાન ભંડાર, રાધનપુર	।। ૬૦।। સરસ વચન આપઉ સદા।
૨.	**સાધુરતનસૂરિજી (પૂનમગચ્છના)**	શ્રી કયવન્ના રાસ (ડા.ક્ર.-૭૫૮)	રચનાસાલ પ્રાપ્ત નથી.	અમુદ્રિત	શ્રી ચાણસ્મા જૈન જ્ઞાન-ભંડાર, જી. પાટણ	।। ૬૦।। ઐં નમઃ।। ચઉપઈ।। વંદિય વીર જિણેસર દેવ...
		શ્રી કયવન્ના રાસ (ડા.ક્ર.-૩૮૭, ગ્ર.ક્ર.-૪૦૭)	રચનાસાલ પ્રાપ્ત નથી.	અમુદ્રિત	શ્રી મહાવીર જૈન જ્ઞાન-વિદ્યાલય પુસ્તકાલય, મુંબઈ	।। ૬૦।। ચઉપઇ।। વંદીય વીર જિણેસર દેવ...
		કયવન્ના ચોપાઈ (ડા.ક્ર.-૪૦૭, ગ્ર.ક્ર.-૩૮૬)	રચનાસાલ પ્રાપ્ત નથી.	અમુદ્રિત	આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ	।। ૬૦।। શ્રી જિનાય નમઃ।। ઢાલ ચઉપઈ।। વંદિય વીર જિણેસર દેવ...
૩.	**દેપાલજી (શ્રાવક કવિ)**	કયવન્ના વિવાહલઉ	૧૫મી શતાબ્દી	મુદ્રિત	પ્રાચીન ગુર્જર કાવ્ય સંચય (પૃ.૧૦૧ થી ૧૦૨)	ભણઇ કયવન્નઉ અભયકુમારુ
૪.	**ઋષભદાસજી (શ્રાવક કવિ)**	કયવન્ના રાસ (હ.પ્ર.નં.-૧૮૧૬૮)	સં. ૧૬૨૧ પ્રતિલે. સં. ૧૭૫૭	અમુદ્રિત	લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ	।। ૬૦।। દૂહા।। પઢમ જિણેસર પાએ નમું।
		શ્રી કયવન્ના શેઠનો રાસ (હ.પ્ર.નં.-૩૩૪)	સં. ૧૬૨૧ પ્રતિલે. સં. નથી	અમુદ્રિત	શ્રી ગોડીજી જૈન જ્ઞાનભંડાર પાયધુની, મુંબઈ	।। ૬૦।। ઐં। નમઃ સિદ્ધં।। દૂહા।। પઢમ જિણેસ્વર પાએ નમું। મરુદેવ્યા...
૫.	**ગુણવિનયજી (ખરતરગચ્છ)**	કયવન્નાસંધિ (ડા.ક્ર.-૮, ગ્ર.ક્ર.-૩૫૪)	સં. ૧૬૫૪ પ્રતિ. સં. ૧૮૧૪	અમુદ્રિત	થાહરુ કાગજકા હ.લિ. ગ્રંથભંડાર, જેસલમેસ દુર્ગ	।। ૬૦।। પણામિય પાસ જિણેસર...

ક્રમ	કર્તા	વિષય	સાલ	મુદ્રિત / અમુદ્રિત	ગ્રંથભંડારનું નામ	આદિ પદ
૬.	**કલ્યાણરત્નસૂરિજી (તપગચ્છ)**	કચવન્ના શેઠની ચોપાઈ (ડા.ક્ર.-૧૧૬, ગ્ર.ક્ર.-૪)	સં. ૧૬૭૦	અમુદ્રિત	શ્રી વિજ્ઞાન કસ્તુર જ્ઞાન-મંદિર, સુરત	।। ૬૦।। સરસ્વત્યૈ નમઃ। સુખ કરણી રે સરસતિ સામણિ મનિ ધરી।
૭.	**ગુણસાગરસૂરિ (વિજયગચ્છ)**	કચવન્ના ચોપાઈ (હ.પ્ર.નં. ૫૮૦૩૫)	સં. ૧૬૭૬ પ્રતિલે. સં. ૧૭૨૪	અમુદ્રિત	આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ	।। ૬૦।। મારુ રાગે દુહા। દાન ન દેખ્યઇ દત્તિ ઇહૈ।
		કચવન્ના રાસ (અપૂર્ણ) (હ.પ્ર.નં.-૩૩૩)	સં. ૧૬૭૬ પ્રતિલે. સં. નથી	અમુદ્રિત	શ્રી ગોડીજી જૈન જ્ઞાનભંડાર પાયધુની, મુંબઈ	।। ૬૦।। નંદ સુસેનામથી વેસ્યાઇ વીસ આણિ
૮.	**લાલવિજયજી (તપગચ્છ)**	કચવન્નાઋષિ સજ્ઝાય (પ્ર.ક્ર.-૨૯૧૧)	સં. ૧૬૮૦	અમુદ્રિત	લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.	।। ૬૦।। આદિ જિનવર ધ્યાઉં..
		શ્રી કચવન્ના સજ્ઝાય (પ્ર.ક્ર. ૨૪૫૫૯)	પ્રતિ લેખણ સં. ૧૮૦૮	અમુદ્રિત	લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.	।। ૬૦।। શ્રી ગુરુભ્યો નમઃ। આદિ જિનવર ધ્યાઉં...
		કચવન્નાઋષિની સજ્ઝાય (પ્ર.ક્ર.-૨૭૦૮૩)	પ્રતિ લેખન સં. ૧૭૮૮	અમુદ્રિત	લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.	।। ૬૦।। આદિ જિનવર ધ્યાઉં..
૯.	**વિજયશેખરજી (અંચલગચ્છ)**	શ્રી કચવન્ના ચોપાઈ (હ.પ્ર.ક્ર.-૧૦૯૫૭)	સં. ૧૬૮૧ પ્રતિલેખન નથી.	અમુદ્રિત	આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ	।। ૬૦।। ઐં નમઃ।। દૂહા।। શ્રી આદિસર...
		શ્રી કચવન્ના ચોપાઈ (ડા.ક્ર.-૮)	સં. ૧૬૮૧ પ્રતિ લેખન નથી.	અમુદ્રિત	શ્રી ચન્દ્રસાગરસૂરિ જ્ઞાન મંદિર, ખાર કુઆ, ઉજ્જૈન	।। ૬૦।। શ્રી આદિસર સુખકારણ
૧૦.	**જયરંગમુનિ (ખરતરગચ્છ)**	શ્રી કચવન્ના રાસ (ડા.ક્ર.-૧૫, ગ્ર.ક્ર.૧૯૪)	સં. ૧૭૨૧ પ્રતિલે. સા. ૧૭૮૨	મુદ્રિત	પુણ્યવિજયજી જ્ઞાનભંડાર, લીંચ	।। ૬૦।। શ્રી ગુરુભ્યો નમઃ। દૂહા। સ્વસ્તિ શ્રી...
		કચવન્ના ચોપાઈ (ગ્રં.ક્ર.-૫૧૪)	સં. ૧૭૨૧ પ્રતિલે. સં. ૧૮૧૮	મુદ્રિત	શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ	શ્રી ગણેશાય નમઃ।। દૂહા।। સ્વસ્તિ શ્રી...
		કચવન્ના ચોપાઈ (ડા.ક્ર.-૨૮, પ્રતિ ક્રં.-૧૩૦૭)	સં. ૧૭૨૧ પ્રતિલે. સં. ૧૮૪૨	મુદ્રિત	શ્રી લાવણ્યવિજયજી જૈન જ્ઞાનભંડાર, રાધનપુર	।। ૬૦।। શ્રી અંબિકાય નમઃ। સ્વસ્તિ શ્રી...
		શ્રી કચવન્ના શાહનો રાસ (ક્ર.-૨૫૫)	સં. ૧૭૨૧	મુદ્રિત	શ્રી લાલબાગ જૈન ચેરીટીઝ મુંબઈ	સ્વસ્તિ શ્રી સુખસંપદા...

ક્રમ	કર્તા	વિષય	સાલ	મુદ્રિત / અમુદ્રિત	ગ્રંથભંડારનું નામ	આદિ પદ
		કચવન્ના શેઠ ચોપાઈ ડા.ક્ર. અંકિત નથી.	સં. ૧૭૨૧ પ્રતિલે. સં. ૧૭૭૩	મુદ્રિત	શ્રી આણાસૂર ગચ્છ જ્ઞાન- ભંડાર, સુરત	શ્રી ગણેશાય નમઃ।। દુહા।। સ્વસ્તિ શ્રી સુખસંપદા।
૧૧.	દીપ્તિવિજયજી (ઉપકેશગચ્છના)	કચવન્ના રાસ (અપૂર્ણ) પ્ર.ક્ર.-૬૬૦)	સં. ૧૭૩૫ પ્રતિ. સં. ૧૮૭૭	અમુદ્રિત	શ્રી નેમિવિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર ભંડાર, સૂરત	।। ૬૦।। ભમર ચરીયાइं ।। ૮૩ ।। દૂહા।।
		કચવન્ના શેઠનો રાસ (હ.પ્ર.નં. ૨૭૦૩૭)	સં. ૧૭૩૫ પ્રતિ. સં. ૧૮૨૩	અમુદ્રિત	શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન- મંદિર, કોબા, અમદાવાદ.	।। ૬૦।। શ્રી ગુરુભ્યો નમઃ।। દૂહા।। બ્રહ્મસુતા બ્રહ્મવાદિની।
		કચવન્ના રાસ (ડા.ક્ર. વંચાતો નથી)	સં. ૧૭૩૫ પ્રતિલેખન નથી	અમુદ્રિત	શ્રી વિજ્ઞાન કસ્તૂર જ્ઞાન ભંડાર, સુરત	।। ૬૦।। દૂહા ।। બ્રહ્મસુતા બ્રહ્મચ્વાદિની...
૧૨.	મલયચંદ્રમુનિ (પૂનમગચ્છના)	કચવન્ના શેઠ સજ્ઝાય (હ.પ્ર. ૫૨૧૭૯)	રચનાસાલ નથી પ્રતિલે. સા. ૧૮૬૯	અમુદ્રિત	આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ	।। ૬૦।। ૐ નમઃ સિદ્ધં।। વંદી વીર...
૧૩.	ફતેહચંદજી	કચવન્ના ચોઢાળિયું (ગ્ર.ક્ર.-૧૫૮૧૫)	સં. ૧૮૮૧ પ્રતિલે. નથી	અમુદ્રિત	આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ.	।। ૬૦।। શ્રી પાર્શ્વનાથા પ્રણમી કરી...
		કચવન્ના ચોઢાળિયું (ગ્ર.ક્ર.-૬૮૨૧૭)	સં. ૧૮૮૧ પ્રતિલે. નથી	અમુદ્રિત	આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ.	એ ૬૦।। પાર્શ્વનાથ...
૧૪.	ગંગારામજી (ખરતરગચ્છ)	કચવન્ના ચોપાઇ (હ.પ્ર.નં.-૩૨૫૦)	સં. ૧૯૨૧ પ્રતિલે. સં. ૧૯૩૨	અમુદ્રિત	આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ.	।। ૬૦।। શ્રી વરધમાંન સાંમીજી પુર્ણ વંછત સુખકર્ણ...
		કચવન્ના ચોપાઇ (હ.પ્ર.નં.-૧૯૧૨૩)	સં. ૧૯૨૧ પ્રતિલે. નથી	અમુદ્રિત	આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ.	શ્રી ગુરુભ્યો નમઃ। દૌહા।। પુરણવંછત સુખક્રણ
		કચવન્ના ચોપાઇ (હ.પ્ર.નં.-૪૨૫૧)	સં. ૧૯૨૧ પ્રતિલે. નથી	અમુદ્રિત	આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ.	।। ૬૦।। પુરણ વંછત સુખ કરણ
૧૫.	વિ.ધર્મધુરંધરસૂરિ	કચવન્ના સજ્ઝાય	સં. ૨૦૦૫	મુદ્રિત	સ્વધ્યાય રત્નાવલી (ખં.-૧, પૃ.-૫૧)	સૌભાગ્ય હોજો કૃતપુણ્યતણું,
૧૬.	અજ્ઞાત	કચવન્ના સજ્ઝાય (હ.પ્ર.નં.-૨૮૨૯૮)	રચના સાલ નથી	અમુદ્રિત	આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ.	રાજગ્રહી નયરી નવ જોયણ...

ક્રમ	કર્તા	વિષય	સાલ	મુદ્રિત / અમુદ્રિત	ગ્રંથભંડારનું નામ	આદિ પદ
૧૭.	**અજ્ઞાત**	કયવન્નાકથા - દાન કુલક બાલાવબોધ (ગ્રં.ક્ર.-૧૬૭૮)	રચના સાલ નથી	અમુદ્રિત	આ.શ્રી. ચંદ્રસાગર સૂરિ જ્ઞાનમંદિર, ઉજ્જૈન	।। ૬૦।। ऐं नमः।। गाथा।। जम्मंतर
૧૮.	**અજ્ઞાત**	કયવન્ના શેઠની કથા (ડા.ક્ર.-૧૧૫, ગ્ર.ક્ર.-૩૧૪૩)	રચના સાલ નથી	અમુદ્રિત	શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાનભંડાર, લીંબડી	।। ૬૦।। श्री इष्टदेवाऐ नमः।। काव्य
***૧૯.**	**સંભવતઃ બ્રહ્મમુનિ**	કયવન્ના ચોપાઈ (અપૂર્ણ) (હ.પ્ર.-૧૯૪૬૦)	રચના સાલ નથી	અમુદ્રિત	આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, અમદાવાદ	सासण नायक समरीये व्रधमाण जीणचंद।।

* આ હ.પ્ર. નં. ૧૯ અપૂર્ણ છે. તેની બીજી પ્રતિછાયા મળી ન હોવાથી તેને અભ્યાસના ઉપયોગમાં લીધી નથી.

પ્રકારણ : ૧
'શ્રી કયવન્ના શેઠ'ની કથા

પ્રાચીનકાળે અનુપમ અને અણમોલ ભારતવર્ષની વસુંધરાના ખોળે શિરમોર સમાન **મગધદેશ**ની રાજધાની **રાજગૃહી** નગરી તેની જાહોજલાલીથી વિખ્યાત હતી. સમગ્ર પ્રાંતોમાં આ ભાગ્યવંત ભોમકાની સમૃદ્ધિ અપૂર્વ અને અજોડ હતી. જે ભૂમિની પરથારે પરમકૃપાળુ પરમાત્માએ ચૌદ ચૌદ ચાતુર્માસ કર્યા હતા. જોનારને અમરાપુરીનો અણસાર મળતો.

તે સમયે ન્યાય અને પ્રજાપાલનમાં રામચંદ્ર સમાન નિપુણ અને દક્ષ મહારાજા **શ્રેણિક**નું રાજ્ય તપતું હતું. દેવોના રાજા ઈન્દ્રને ચર્મચક્ષુવાળા માનવીઓ નજરે નીરખી શકતા નહીં પરંતુ મગધપતિ બિંબિસારને નીરખતાં ઈન્દ્રની પ્રતિભા પરખાઈ જતી. ઈન્દ્રરાજાની પટ્ટરાણી શચિદેવીના રૂપ ગુણ લઈને **રાણી ચેલ્લણા**એ અવતાર ધર્યો હતો.

પાંચસો મંત્રીઓમાં અગ્રપદે બુદ્ધિનિધાન એવા **અભયકુમાર** નામના મહામંત્રી હતા. મગધની રાજસભા એ દેવસભા જેવી લાગતી હતી. ન્યાયપ્રિય, પ્રજાવત્સલ, કર્તવ્યનિષ્ઠ અને ધર્મપ્રિય રાજાની છત્રછાયામાં રાજગૃહી નગરીની ભાતીગળ પ્રજા ભયમુક્ત અને સુખી હતી. દેશ દેશાવરના લોકો વટેમાર્ગુઓ, પ્રવાસીઓ નગરીની ભવ્યતા નિહાળવા આવતા ત્યારે તેના સૌંદર્યની અને મહારાજા શ્રેણિકની કીર્તિની મુક્ત કંઠે પ્રશંસા કર્યા વિના રહી ન શકતા.

રાજગૃહી નગરી અનેક પર્વત શૃંગોની વચ્ચે વસેલી હતી અને અપૂર્વ વનશ્રી ધરાવતી હતી. ખળખળ વહેતી નદી, ગિરિદુર્ગ અને ઉદ્યાનોથી નગરીની શોભા ધ્યાનાકર્ષક બની હતી. આ ઉદ્યાનોમાં રમણીય વૃક્ષો, લતાઓ અને પુષ્પો નવપલ્લવિત થયાં હતાં. મધુકરો પુષ્પોની સુગંધથી ખેંચાઈને આવતા. પુષ્પોની મહેકથી રાજગૃહી નગરીનું વાતાવરણ સુગંધમય બન્યું હતું. ચારે તરફ લીલી હરિયાળી અને પંખીઓનો કલરવ રાજગૃહી નગરીને સૌંદર્ય બક્ષતું હતું.

મહારાજા શ્રેણિકની રાજસભા શાસ્ત્રજ્ઞો, કલાકારો, વિદ્વાનો, બુદ્ધિશાળી મંત્રીઓ તેમજ ચારણો-ભાટોથી શોભાયમાન હતી. કોઈપણ વિકટ કે અણઉકેલાતા પ્રશ્નોની ચર્ચા રાજસભામાં થતી. કોઈપણ નિર્દોષ વ્યક્તિ દંડાય નહીં તેની પૂરેપૂરી કાળજી લેવામાં આવતી.

આવા સદ્‌ગુણી રાજવીની ભોમકામાં અનેક શ્રેષ્ઠીઓ રહેતાં હતાં, તેમાં કોટ્યાધિપતિ [૧]**ધનેશ્વર** શ્રેષ્ઠી રાજગૃહી નગરીને ગૌરવ અપાવનારા હતા. તેમની ધર્મિષ્ઠતા અને ધનિકતા સમગ્ર મગધ પ્રાંતમાં વિખ્યાત હતી. કામદેવની પત્ની રતિ જેવું **સુભદ્રા** શેઠાણીનું સૌંદર્ય હતું.

---

૧. ભરતેશ્વર બાહુબલીની વૃત્તિમાં-ધનેશ્વર શેઠ સુભદ્રા શેઠાણી, ધન્યા નામની પુત્રવધૂ અને અનંગસેના નામની ગણિકાનો ઉલ્લેખ થયો છે.

યતીન્દ્ર વિજયજી કૃત 'શ્રી કયવન્ના ચરિત્રમ્'(સં.) માં ધનદત્ત શેઠ, વસુમતી શેઠાણી, જયશ્રી નામની પુત્રવધૂ, દેવદત્તા નામની ગણિકાનો નામોલ્લેખ છે.

ધનેશ્વર શેઠ ખૂબ મોટા વેપારી હતા. શેઠને ત્યાં લક્ષ્મીની મહેર હતી પરંતુ શેર માટીની ખોટ હતી. પુરુષમાં સ્વભાવથી જ દર્દની વ્યથાને પી જવાનું બળ હોય છે પરંતુ સ્ત્રી માતૃત્વના અમૃતને પીવા ઉત્સુક હોય છે. ''अपुत्रस्य गृहं शून्यं - પુત્ર વિના ઘર શૂન્ય છે.'' સંતાનનો પ્રશ્ન આવતાં જ સુભદ્રા શેઠાણીના પ્રસન્ન ચહેરા પર વેદનાની ટસરો ફૂટી નીકળતી, પ્રસન્નતા વિષાદમાં પલટાઈ જતી. 'ખોળાના ખૂંદનારની ખોટ'નો ખાલીપો શેઠાણીની આંખ સામે સદા તરવરતો. મોટી મોટી માનતાઓ અને મુરાદો નિષ્ફળ નીવડી.

સુભદ્રા શેઠાણી પોતાના ઓરડામાં બેઠા હતા. તેઓ વિચારોમાં ખોવાયેલા હતા. ત્યાં શેઠે ઓરડામાં પ્રવેશ કર્યો.

''પ્રિયે ! શું વિચારમાં પડી ગઈ ? ચિત્ત તો પ્રસન્ન છે ને... ?''

''સ્વામી ! આપ સ્ત્રીના હૃદયને શી રીતે માપી શકો ? માતૃત્વ ધારણ કરવું એ જ પરિણિત સ્ત્રીની મંગલ કામના હોય છે. વસંત ઋતુથી ધરતી નવપલ્લવિત બને છે, તેમ માતૃત્વના આનંદથી સ્ત્રીનો પ્રેમ, સ્નેહ અને વાત્સલ્ય નીખરી ઉઠે છે. આથી જ સ્ત્રીને 'વાત્સલ્યમૂર્તિ'થી ઉપમિત કરાય છે. મારા પૂર્વભવના કોઈ અશુભ કર્મોના ઉદયથી હું માતૃત્વથી વંચિત રહી છું. વળી, પ્રત્યેક દોષ નિવારણનો કોઈ ને કોઈ ઉપાય અવશ્ય હોય છે.''

''સુભદ્રા ! તારી લાગણી અને ભાવનાને હું જાણું છું. તું નાહક દુઃખી ન થા. અહીંના વૈદ્યને ગઈ કાલે જ બતાવ્યું હતું. તેમણે જણાવ્યું કે બીજ અને ભૂમિમાં કોઈ પ્રકારનો શારીરિક દોષ નથી. પ્રિયે ! પૂર્વકૃત કર્મનો દોષ દૂર થાય ત્યાં સુધી ધૈર્ય રાખવું જ રહ્યું.''

''સ્વામી ! આ વિશાળ ભવન મને ભૂતબંગલા જેવો લાગે છે. સુખ, સમૃદ્ધિની છોળો ઉડે છે પરંતુ પુત્રના કલરવ વિના સર્વ ભેંકાર સમાન લાગે છે.''

''પ્રિયે, તું શાંત થા.'' ધનેશ્વર શેઠે પ્રિયાને પોતાના અંકમાં છુપાવી દીધી. સુભદ્રાની આંખોમાંથી અશ્રુઓ સરી રહ્યાં હતાં. શેઠે પ્રિયાના મસ્તક ઉપર વહાલથી હાથ ફેરવતાં સાંત્વના આપી.

થોડી વાર પછી બન્ને દંપતી નિદ્રાધીન થયા. રાત્રિકાળ પૂર્ણ થયો અને પ્રાતઃકાળ થયો. પક્ષીઓના મધુર કલરવથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. તેઓ મુક્ત વિહારી બનીને ગગનમાં વિહરી રહ્યાં હતાં. પૂર્વ દિશામાં અંશુમાલિનો ઉદય થયો. આ અવનીના હિત ખાતર તેનું આગમન થતું હોવાથી પક્ષીગણ ઉષઃકાળને અભિનંદી રહ્યા હતાં.

પ્રાતઃ કાર્યની વિધી આટોપી શેઠ-શેઠાણી શિરામણ કરવા ભોજનકક્ષમાં બેઠા હતા ત્યાં સેવકે આવી કહ્યું.

''શેઠજી ! નગર બહાર ઉદ્યાનમાં મહાતપસ્વી, જ્ઞાની મુનિરાજ **મંગલઘોષમુનિ** પધાર્યા છે.''

થોડી જ વારમાં શેઠ-શેઠાણી મુનિરાજના દર્શનાર્થે આવ્યા. મંગલઘોષમુનિએ સુમધુર સ્વરે ધર્મોપદેશ આપ્યો. બન્ને દંપતીએ મુનિરાજનું પ્રવચન ભાવપૂર્વક સાંભળ્યું.

સમય સરતો ગયો. એકાએક સુભદ્રા શેઠાણીના વદન ઉપર નવું તેજ ઝળહળી ઉઠ્યું.

સગર્ભાવસ્થાના પ્રાથમિક લક્ષણો(વમન) વરતાવા શરૂ થયા. રાજવૈદ્યે નાડી પરીક્ષણ કર્યું. ''શેઠાણીને બીજો માસ ચાલે છે.'' માતૃત્વનો આશા છોડ અણધાર્યો ફલિત થતો જોઈ સુભદ્રાનું હૈયું આનંદથી ઉછળી રહ્યું. અકથ્ય અને અગમ્ય ભાવો અંતરમાં અવતરીત થતાં હતાં. પૂર્વભવમાં પુણ્યનો સંચય કરીને આવેલા કોઈ પુણ્યાત્મા શેઠાણીની કૂખે અવતર્યો. એના પ્રભાવે શેઠ-શેઠાણીને વિવિધ પુણ્ય કાર્યો કરવાના મનોરથો પેદા થયાં. શેઠ-શેઠાણીએ દાન પુણ્ય કરવામાં અને હર્ષોત્સવમાં કંઈ કચાશ ન રાખી.

સમયને કોણ રોકી શક્યું છે ? નવ માસ અને દસ દિવસે રાત્રિના પ્રથમ પ્રહરે સુભદ્રા શેઠાણીએ સુખરૂપે પુત્રરત્નને જન્મ આપ્યો. ધનેશ્વર શેઠના ભવનમાં આનંદની લહેરી વ્યાપી ગઈ. ભવ્યાતિભવ્ય જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. દાસ-દાસીઓને અમૂલ્ય ભેટો આપવામાં આવી.

રૂપરૂપના અંબાર સમા નવજાત શિશુને પોતાના પડખામાં જોઈ સભદ્રાનું હૃદય માતૃત્વની તૃપ્તિથી છલકી ઉઠ્યું. રાજ જ્યોતિષીએ આપેલા શુભ દિવસે બાળકનું નામકરણ કરવામાં આવ્યું.

ગર્ભકાળ દરમ્યાન માતાને પુણ્ય કાર્ય કરવાના મનોરથો જાગ્યાં હોવાથી તે બાળકનું નામ **'કૃતપુણ્ય'** (કયવન્ના) રાખવામાં આવ્યું. જે પુણ્ય કરીને આવ્યો હોય તે કૃતપુણ્ય !

યોગાનુયોગ બાળકને મળેલું નામ ખરેખર સાર્થક હતું. પૂર્વભવમાં વિશિષ્ટ પુણ્યબંધ થવાથી જ આ બાળક ધનેશ્વર શ્રેષ્ઠીને ત્યાં જન્મ્યો હતો. પાંચ પાંચ ધાવમાતાઓ કૃતપુણ્યનું પાલનપોષણ કરતી હતી. લાડકોડમાં ઉછરેલો કૃતપુણ્ય ચાંદીના ચમચે દૂધ પીતો, સોનાના સોગઠે અને રત્નના રમકડાથી રમીને મોટો થયો.

તે સ્વભાવે શાંત, વિનયી અને માયાળુ હોવાથી પ્રાણપ્યારો બન્યો. તેના ભવ્ય લલાટ પરથી ભાગ્યરેખાનો પ્રકાશ કંઈક અપૂર્વ ભાસતો હતો.

પાંચ વર્ષની વયે તો ઘરનું આંગણું ત્યજી તેણે વિદ્યાભ્યાસ માટે પારંગત જ્ઞાની અધ્યાપકનું શરણું સ્વીકાર્યું. તેજસ્વી જ્ઞાન પ્રતિભા ધરાવતા કૃતપુણ્યે અભ્યાસમાં ચિત્ત પરોવી માતા શારદાની પુણ્ય પ્રસાદી મેળવી થોડા જ વરસોમાં વિદ્યા પ્રાપ્ત કરી. તેણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

કૃતપુણ્ય જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એની સમજણ અને તેની વૃત્તિ-પ્રવૃત્તિમાં સંસાર તરફનો ઝોક ઘટતો ગયો. તે માતા-પિતા સાથે મુનિ ભગવંતોના દર્શનાર્થે જતો. તેમના ઉપદેશો સાંભળી કૃતપુણ્યે એટલી તારવણી કાઢી કે,''આ સંસારનું સ્વરૂપ આધિ, વ્યાધિ અને ઉપાધિથી સંતપ્ત છે. જ્યાં સંપત્તિની રેલમછેલ છે, ત્યાં તે સંપત્તિ સાચવનારનો પ્રશ્ન છે. જ્યાં સમૃદ્ધિ નથી ત્યાં તેને પ્રાપ્ત કરવાની આંધળી દોટ મૂકાય છે. કોઈ જગ્યાએ સુખ તો કોઈ જગ્યાએ દુ:ખનો વિપાક નજરે ચડે છે. જન્મ, જરા અને મૃત્યુથી પ્રાણી ઘેરાયેલો છે. તે સર્વનો એક માત્ર ઉપાય છે, આ સંસારના રંગ-રાગોથી અલિપ્ત રહેવું અને જીવનમાં ધર્મને પ્રાથમિકતા આપવી જોઈએ.'

વિદ્યાવ્યાસંગી કૃતપુણ્યે ધીમે ધીમે જીવનમાં ધર્મને પ્રમુખતા આપી. સાહિત્યની ચર્ચામાં અને ધાર્મિક અભ્યાસમાં તે આનંદ માનવા લાગ્યો. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે :

''काव्यशास्त्रविनोदेन् कालो गच्छति धीमताम्।''

સુજ્ઞજનો કાવ્યશાસ્ત્રના વિનોદમાં જ પોતાનો સમય વ્યતીત કરે છે. આપણા કથાનાયક યૌવનવયને પામ્યા પરંતુ શૃંગારાદિ રસોને જાણતા જ ન હતા. માતા-પિતા પુત્રની વૈરાગી અવસ્થા જોઈ ભય પામ્યા. યૌવનનો મદમાતો રંગ રસવિહિન થતો જોઈ શેઠાણીને ચિંતા કોરી ખાવા લાગી. 'રખેને! કૃતપુણ્ય સંયમ માર્ગે ચાલી નીકળે તો... ? તો તો છતે પુત્રે 'અપુત્રિયા' બનવાનો જ વારો આવે! માતા સુભદ્રા ગંભીર બની ગયા. શેઠાણી તેનો ઉપાય શોધવા લાગ્યા. અચાનક મનમાં પુત્ર વિવાહનો ઉપાય જન્મ્યો.

તે જ દિવસે મોકો જોઈ સુભદ્રાએ પતિને કહ્યું, ''સ્વામી! આપણા કૃતપુણ્યએ યૌવનના ઉંબરે પગ મૂક્યો છે. સુંદર, ગુણવાન અને ખાનદાન કુળની કન્યા સાથે તેના વિવાહ કરી આપણે આપણું કર્તવ્ય પૂર્ણ કરીએ.''

''પ્રિયે! તેં તો મારા જ મનની વાત કહી. હું આજે જ નગરમાં શ્રેષ્ઠ કન્યાઓની તપાસ કરાવું છું.''

''સ્વામી! હવે ઢીલ કરવા જેવી નથી. આ કૃતપુણ્ય આખો દિવસ ઘરમાં ગૂમસૂમ બેસી રહે છે. મિત્રો કે આડોસ પાડોસના સમાન વયના ભાઈબંધો સાથે વાતચીત કે રમત પણ તેણે છોડી દીધી છે. તે સદા ધર્મમાં જ પરોવાયેલો રહે છે. સંસારના આકર્ષણો તેને અપ્રિય લાગે છે. મુનિભગવંતો સાથે વાર્તાલાપ, તત્ત્વજ્ઞાન, જ્ઞાનાર્જન અને પ્રભુભક્તિમાં જ તેની વધુ અભિરુચી છે. તે સદા સત્સંગમાં રચ્યોપચ્યો રહે છે તેથી તેને લગ્નના સંબંધે બાંધવો એ જ એક શ્રેષ્ઠ ઉપાય છે, જેથી એની વૈરાગ્યવૃત્તિને ધક્કો લાગશે.'' ધનેશ્વર શેઠને પત્નીની વાત યોગ્ય લાગી.

ધનેશ્વર શેઠનું નામ રાજગૃહીમાં અત્યંત લોકપ્રિય હતું અને કૃતપુણ્ય પણ સૌંદર્યવાન, સંસ્કારી અને ગુણવાન હતો. રાજગૃહી નગરીના શ્રેષ્ઠીવર્યો પણ પોતાની કન્યાનું સગપણ કૃતપુણ્ય સાથે થાય તેવું મનોમન ઈચ્છતા હતા, 'પરંતુ પ્રસ્તાવ મૂકશું તો ધનેશ્વર શેઠ સ્વીકારશે ખરા?' એ વિચારે શ્રેષ્ઠીવર્યો સહેજ ખચકાટ અનુભવતા હતા.

એક સપ્તાહ પસાર થઈ ગયો. એક દિવસ ધનેશ્વર શેઠની પેઢીએ તે જ નગરના શ્રેષ્ઠીવર્ય **શ્રીદત્ત** શેઠ આવ્યા. થોડી ઔપચારિક વાતો કર્યા બાદ આગંતુક શેઠે કહ્યું.

''શેઠજી, મારી પુત્રી [૧]**ધન્યા**એ યૌવનના ઉંબરે પગ મૂક્યો છે. ધન્યા સંસ્કારી, ગુણી અને ધર્મ પ્રત્યે આસ્થાવાન છે. જો આપ સહમત થાવ તો આપના પુત્ર કયવન્નાકુમાર સાથે સંબંધ કરીએ.''

''હું તમને બે દિવસ પછી જણાવું તો... ? કારણ કે મારે આ વાત મારી પત્નીને કરવી પડશે.''

થોડી વાતચીત કરી શ્રીદત્ત શેઠે વિદાય લીધી. ધનેશ્વર શેઠે ઘરે જઈ સુભદ્રાને શ્રીદત્ત

---

૧. શ્રી યતીન્દ્રવિજયજી કૃત '**શ્રી કયવન્ના ચરિત્રમ્ (સંસ્કૃત)**' તેમાં કૃતપુણ્યના સસરાનું નામ નથી. કૃતપુણ્યની પત્નીનું નામ **જયશ્રી** છે. (પૃ. ૧૬૨)

શેઠની કન્યા ધન્યાની વાત કરી. સુભદ્રા શેઠાણીએ ધન્યાને ઉપાશ્રયમાં જોઈ હતી. સંસ્કારી કન્યા પોતાના પુત્ર માટે સુયોગ્ય છે એવું જાણી શેઠ-શેઠાણીએ ધન્યા નામની ખાનદાન કન્યાનું માંગું સ્વીકૃત કર્યું.

બન્ને પક્ષે લગ્નની જોરદાર તૈયારીઓ થવા લાગી. માતા-પિતાનું મન રાખવા કૃતપુણ્યને ધન્યા સાથે લગ્નસંબંધમાં જોડાવા મજબૂર બનવું પડ્યું.

લગ્નના દિવસે શુભ મુહૂર્તે કૃતપુણ્યને પીઠી ચોળવામાં આવી. તેણે કસુંબી રંગનાં વસ્ત્રો પહેર્યા હોવાથી પ્રાતઃકાળના ઉગતા રવિની જેમ તે શોભી રહ્યો હતો. બીજી બાજુ કન્યા પક્ષમાં ધન્યાને પીઠી ચોળાઈ. તેનું રૂપ સોળે કળાએ ખીલી ઉઠ્યું.

ધન્યાએ 'દુલ્હન' જેવો શણગાર સજ્યો. ધન્યાએ મોતીની સેરો કપાળેથી લઈ અંબોડામાં બાંધી, અંબોડામાં ફૂલ ગજરા ગૂંથ્યા. જડિત્ર બિંદી કપાળે લગાડી. નાકમાં નથડી પહેરી, કાનમાં અકોટા પહેર્યા, ગળામાં હમેલને હાર અને ચોકી પહેર્યા. રત્નજડિત પોંચી પહેરી, આંગળીએ અનુપમ મુદ્રિકા ધારણ કરી, હાથે ચુડીઓ પહેરી, કંકણ ધારણ કર્યા, કેડે ફરતું ઘૂઘરિયાળું કટિબંધ ધારણ કર્યું, પગે ઘૂઘરીવાળા ઝાંઝર પહેર્યા, અણવટ અને વીંછીયા પહેર્યા. સફેદ રંગનું પાનેતર પહેર્યું. બાજોઠ ઉપર બેસી અરીસામાં પોતાના અંગનું પ્રતિબિંબ નિહાળી રહી. ધન્યા આજે બેહદ ખુશ હતી. કૃતપુણ્ય જેવા જીવનસાથીને વરવાના તે રંગીન સ્વપ્ન જોઈ રહી હતી.

વરપક્ષમાં કૃતપુણ્યને મંગળ સ્નાન કરાવવામાં આવ્યું. નવયૌવના દાસીઓ કયવન્નાની સેવામાં હાજર થઈ ગઈ. તેમના હાથમાં જુદી જુદી સામગ્રીઓના થાળ હતા. એકમાં વસ્ત્રો હતાં. બીજામાં મૂલ્યવાન અલંકારો હતા. ત્રીજામાં વિવિધ પ્રકારના સત્વાર્કો હતા. એક દાસીએ કૃતપુણ્યના કેશ સુગંધી બનાવ્યા. ત્યારપછી કૃતપુણ્યએ સુંદર વસ્ત્રો પરિધાન કર્યા. કંઠમાં સાચા મોતીની માળા શોભી રહી હતી. એ સિવાય ગળામાં નવસરો મોટો હાર પહેર્યો. મસ્તકે પુષ્પની માળા સહિત જાતિવંત અશ્વની ડોક જેવો વક્ર ઘમ્મિલ બાંધ્યો. કાનમાં રત્નજડિત કુંડળો ધારણ કર્યા. તે આજે દેવકુમાર જેવો શોભી રહ્યો હતો.

સુભદ્રા શેઠાણીનું માતૃહૃદય આજે આનંદ અનુભવી રહ્યું હતું. કૃતપુણ્યએ માતા-પિતાને વંદન કર્યા. શેઠ-શેઠાણીએ પુત્રને આશીર્વાદ આપ્યા. ધનેશ્વર શેઠની હવેલીની બહાર સગાસંબંધીઓ, સ્નેહીઓ વરઘોડામાં સામેલ થવા આવી પહોંચ્યા. સૌથી આગળ વાદ્યમંડળી ગોઠવાઈ. ત્યાર પછી જાનૈયાઓ ચાલ્યા. કૃતપુણ્ય જાતિવંત અશ્વ પર આરૂઢ થયો. તેના મસ્તકે મોર પિંછાનું છત્ર ધારણ કરવામાં આવ્યું હતું. તેની પાછળ સન્નારીઓ લગ્નગીતો ગાતી ચાલી. નગરીના લોકો આ શોભાયાત્રા જોવા ઉમટ્યા. નગરજનો કૃતપુણ્યને જોઈ શુભ આશીર્વાદ આપતા હતા. સર્વત્ર આનંદ, ઉત્સાહ અને ઉમંગ વર્તાઈ રહ્યો હતો.

કૃતપુણ્યની શોભાયાત્રા લગ્નમંડપના દ્વાર પાસે આવીને ઊભી રહી. જાનૈયાઓનું વિધિવત સ્વાગત થયું. સૌભાગ્યવતી સ્ત્રીઓએ માંગલિક સામગ્રી વડે કૃતપુણ્યને પૂજાપો આપ્યો.

અગ્નિવાળા શરાવ-સંપૂટને પગ વડે ભાંગીને કૃતપુણ્ય માયરામાં ગયો. મંડપમાં મંગલ ગીતો ગવાતાં હતાં. અત્યંત ભવ્યતાથી કૃતપુણ્યએ ધન્યા સાથે પાણિગ્રહણ કર્યું. બન્નેએ એકબીજાને વરમાળા પહેરાવી. ચોરીમાં ચાર ફેરા ફર્યા. વરવધૂએ કંસાર ખવડાવ્યો. શ્રીદત્તશેઠે પહેરામણી કરી. પુત્રીને સારી શીખામણ આપી શેઠ-શેઠાણીએ વિદાય આપી. માતા પિતાને છોડીને જતાં ધન્યાને દુઃખની લાગણી થવી સ્વાભાવિક હતી પરંતુ સ્વામીના પ્રેમ, લાગણી અને સ્નેહના વિચારોથી તે પોતાનું દુઃખ વિસરી ગઈ. પિયુ મિલનની સુખદ ક્ષણોની સ્મૃતિમાં તે રાચી રહી. લગ્નનો પ્રસંગ ઠાઠમાઠથી ઉજવાઈ ગયો. વર-વધૂ ઘરે આવ્યા. સુભદ્રા શેઠાણીએ વર-વધૂની જોડીને પોંખી વિવાહની વિધિ સંપન્ન કરી.

ધનેશ્વર શેઠ અને સુભદ્રા શેઠાણીના દિલમાં હાશકારો થયો. કૃતપુણ્યના દિલ પર 'અસ્થિમજ્જા' જેવો જણાતો ધર્મરંગ હવે હળદરિયો સાબિત થયા વિના નહી રહે!' એવી શેઠાણીને પાકી ખાતરી હતી. પરંતુ કૃતપુણ્ય માટે સેવાયેલો વિશ્વાસ ખોટો ઠર્યો. કૃતપુણ્યની આંખો ધન્યાને 'વધૂ' તરીકે નિરખવા તૈયાર જ ન હતી. રમણીને તે પોતાની વૈરાગ્ય વૃત્તિમાં વિઘ્નરૂપ સમજતો હતો. તે વ્યાપારની ખટપટમાં ન ઉતરતાં, ઊંચી ભાવનામાં વર્તતો હતો.

ધન્યાનો સુડોળ દેહ, નમણાં નયનો, કાળો ભમ્મર ચોટલો, પગની પાની સુધી પહોંચતા કેશ, દાડમની કળીઓ જેવી દંતપંક્તિ, અણીયાળું નાક, કોમળ અંગોપાંગ, મૃદુતાભરી વાણી, પ્રેમાળ વર્તન તેના સંસ્કારીપણાની ચાડી ખાતું હતું. ધન્યાએ કૃતપુણ્યને પોતાના સ્નેહાધીન બનાવવામાં કંઈ કચાશ રાખી ન હતી પરંતુ તેની ચેષ્ટા ક્ષારભૂમિમાં વરસતા મેઘની જેમ નિષ્ફળ થઈ. ધન્યાની કલ્પનાનો મહેલ ખંડેર બની ગયો! પરંતુ સમજુ અને ઠરેલ ધન્યાએ પોતાના મનને ધર્મ માર્ગે ઢાળી દીધું.

ધનેશ્વર શેઠ, સુભદ્રા શેઠાણી તથા ધન્યા ઈચ્છતા હતા કે કૃતપુણ્યનું વિરાગી મન સંસારના રાગ, આનંદ, ઉપભોગ તરફ વળે. એક દિવસ શેઠ-શેઠાણીએ સંકોચ દૂર કરી ધન્યાને દુઃખ ન થાય તે કારણે કૃતપુણ્યને બોલાવી કહ્યું:

''બેટા! વધૂ તરીકે ધન્યાનાં પગલાં આ ઘરમાં કરાવવા પાછળ અમારો એ જ ઈરાદો રહ્યો છે કે, તમારી લગ્ન-વેલડી પર ફળ પેદા થાય. અમારું મન રાખવા તેં લગ્ન કર્યા એનો અમને આનંદ છે. હવે અમારી એક જ ઈચ્છા છે કે તારે ત્યાં પારણું બંધાય.''

માતા-પિતાના પ્રશ્નનો ઉત્તર આપતાં કૃતપુણ્યે પોતાની ભાવના રજૂ કરી. ''જન્મની સાચી સાર્થકતા સંયમ છે. એ અમૃતફળ છે. મારું મન સંયમની ફળની પ્રાપ્તિ માટે ઝંખી રહ્યું છે. આપ જે ફળની અભિલાષા રાખો છો તે વિષ ફળ છે. આપ વિષફળની માંગણી કરો છો તે સાંભળીને મને અનહદ આશ્ચર્ય અને અપાર આઘાતજનક લાગે છે.''

કૃતપુણ્યના અંતરની વાત હોઠે આવી ગઈ. શેઠ-શેઠાણી સ્તબ્ધ બની ગયા. તેઓ દિશાશૂન્ય બની ગયા. પરિસ્થિતિનો સુલેહ કઈ રીતે કરવો? મથામણના અંતે શેઠાણી એક નિર્ણય પર આવ્યા કે, કૃતપુણ્યને કાળજે લાગેલો ત્યાગનો રંગ ભૂંસી ભોગના રંગની ભાત પૂરવાની કળા એક માત્ર ગણિકા **રંગસુંદરી**ના મહેલમાં જ છે. આપણે ત્યાં ધનની કોઈ ખામી નથી તેથી ગણિકાની પુત્રી

અનંગસુંદરીનો સંગ જો કૃતપુણ્યને કરાવવામાં આવે તો તેનો ત્યાગ રંગ હળદરિયા રંગની જેમ ઉડી ગયા વિના નહીં રહે. કહ્યું છે કે; 'જેવી સોબત તેવી અસર'.

ધનેશ્વર શેઠે કહ્યું, ''દેવી! તમારી વાત વ્યવહારપ્રિય લોકો માટે પરમ ઉપયોગી છે પરંતુ આપણા પુત્રને આ વાતોની કોઈ પરવાહ નથી. આપણા પુત્રને ઉત્તમ ભાવના છે. તેણે ઉત્તમ માર્ગ પસંદ કર્યો છે. જેમ કોઈ મકાન તૈયાર કરવામાં વર્ષો લાગે, તેમ ઉચ્ચ ભાવનારૂપી ઈમારત બનાવવામાં વર્ષોનો સમય લાગે છે પરંતુ તેને પતિત થવામાં માત્ર થોડીક ક્ષણો પૂરતી છે. આપણો પુત્ર ભાગ્યશાળી છે માટે સન્માર્ગે ચડયો છે, ત્યારે વિના કારણ શા માટે તેના માર્ગમાં બાધારૂપ બનો છો? દેવી! અધમાધમ વૃત્તિનો ત્યાગ કરી પુત્રની શુભ પ્રવૃત્તિની અનુમોદના કરો. તેના રાહના કંટક ન બનો.''

ધનેશ્વર શેઠે શેઠાણીને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ શેઠાણીએ પોતાની હઠ છોડી નહીં. અંતે એવો નિર્ણય કર્યો કે, 'ધન્યાથી જ કાર્ય પૂર્ણ થતું હોય તો ગણિકાનો આશરો શા માટે લેવો?' સુભદ્રા શેઠાણીએ મોકો જોઈ એક દિવસ ધન્યાને બોલાવી કહ્યું. ''વહુ બેટા! પુત્રને પરણાવી અમે લહાવો તો લઈ લીધો પણ પૌત્ર-પૌત્રીને રમાડવાના અમારા કોડ ક્યારે પૂર્ણ થશે? સ્ત્રીને મન માતૃત્વ સિદ્ધિ જ સૌથી મોટી સિદ્ધિ ગણાય.''

ધન્યા કુલીન કન્યા હતી. ધન્યા કૃતપુણ્યના રંગે રંગાઈ ચૂકી હતી. તેણે કહ્યું, ''પૂજ્ય માતાજી! હું પણ આવા 'લહાવા' માણવા જ આ ઘરમાં આવી હતી. શરૂઆતમાં ખેદના તરંગો મારા નાનકડા હૃદયમાં સમાતા ન હતા, પરંતુ જેમ પારસમણિના સંગથી લોટું બદલાઈ જાય, તેમ આપના વૈરાગી પુત્રના સંગે હું પણ રંગાઈ ગઈ છું. માનવભવની સૌથી મોટી સિદ્ધિ ત્યાગ છે. આપની અનુજ્ઞા અને આશિષ મળી જાય તો આ સિદ્ધિ સદેહે ઉતરી આવે.''

ધન્યાનો જવાબ સાંભળી સુભદ્રા શેઠાણી છક્ક થઈ ગયાં. 'કૃતપુણ્યને **અનંગસુંદરી**(રંગસુંદરીની પુત્રી)નો રંગ લગાડવામાં હવે ઢીલ કરવી બિલકુલ પાલવે તેમ નથી. પુત્ર! જો દીક્ષા લેશે તો અમારું શું થશે?' એવું વિચારી સુભદ્રા શેઠાણી સીધા ધનેશ્વરશેઠ પાસે આવ્યા. શેઠાણીને શોકાતુર અને અધીરા જોઈને ધનેશ્વર શેઠ ચમકી ગયા. પ્રિયાની મુખમુદ્રા પર આજે ખેદનાં રજકણો છવાયેલાં હતાં. શેઠાણીનું વદનકમળ કરમાઈ ગયું હતું. શેઠે કહ્યું, ''દેવી! તમારા દિલની વાત સત્વરે કહો.'' શેઠાણીનું હૈયું ભરાઈ આવ્યું. આંખોમાંથી ઉનાં ઉનાં આંસું ટપકી પડ્યાં.

શેઠે કહ્યું, ''દેવી! શું કોઈ અમંગળ થયું છે? શું કોઈ ઉપદ્રવ થયો છે? જલદી કહો તમારા હૃદયમાં કઈ વાત ઉધમ મચાવી રહી છે?'' છેવટે ધીરજ લાવીને ગળગળા અવાજે તેમણે પુત્રવધૂ સાથે થયેલા વાર્તાલાપનો સાર કહી સંભળાવ્યો. સ્ત્રીની હઠ આગળ શેઠ લાચાર બન્યા. તેમણે લોકલજ્જા, કુળની મર્યાદા અને પ્રતિષ્ઠાને પગની એડી નીચે ચગદીને પુત્રને વિલાસી માર્ગે જોડવા તેની જ ઉંમરનાં ચાર-પાંચ વિલાસી મિત્રોને શોધી કાઢયા. આ મિત્રો સાતે વ્યસનોના અઠંગ ખેલાડી હતા.

શેઠે મિત્રોને ભલામણ કરી કે, ''કૃતપુણ્યને વિલાસ માર્ગે જોડો. ધનની ચિંતા કરશો નહિ.'' મિત્રો કૃતપુણ્યને પ્રથમ વસંતોત્સવમાં લઈ ગયા. ત્યાં કેટલીક રમણીઓ કામદેવને ઉત્તેજન કરે

તેવી ક્રીડાઓ કરી રહી હતી પરંતુ કૃતપુણ્યને તેમાં રસ ન પડયો. ત્યાંથી મિત્રો સાથે સંગીત શાળામાં ગયો. સંગીતનો સુરીલો નાદ, વીણાનો મધુર ઝંકાર, ગણિકાનું નૃત્ય, તબલાના તાલની જમાવટથી કૃતપુણ્યમાં વિલાસની જ્યોત કંઈક અંશે પ્રગટી. તેની સંગીત પ્રત્યેની રસીકતાને વિલાસી મિત્રોએ પારખી લીધી. કૃતપુણ્યની નબળાઈનો લાભ લઈને વિલાસ-વાટિકાનો રસજ્ઞ બનાવવા મિત્રો તેને ગણિકાના આવાસે લાવ્યા.

અનંગસુંદરી એટલે ધરતી પર રૂપ-સૌંદર્યનું એક છલકાતું સરોવર ! જેમ સરોવરના કાંઠે બેસેલું પક્ષી સરોવરમાં ચાંચ બોડ્યા વિના ન જાય, તેમ અનંગસુંદરી પાસે આવેલો ભડવીર પણ તેને માણ્યા વિના જાય, તે બિલકુલ સંભવિત ન હતું. કુદરતે એના શરીર ઉપર રૂપ, દેહલાલિત્ય અને યૌવનને ખુલ્લા હાથે વેર્યું હતું.

યુવાનોએ અનંગસુંદરીની માતા અક્કાની સમક્ષ પોતાનું આવવાનું પ્રયોજન કહ્યું. અક્કાએ અનંગસુંદરીને બોલાવી કહ્યું, ''આ ધનેશ્વર શેઠનો પુત્ર કૃતપુણ્ય છે. શેઠની ફરિયાદ છે કે તેમની પૂત્રવધૂ ધન્યા કૃતપુણ્યને સંસારનો એકડો શીખવી શકી નથી. આજથી આ કામ તારે કરવાનું છે. કૃતપુણ્યને નખશીખ રંગરાગે રંગવાની જવાબદારી તારી છે. તે બદલ શેઠ અઢળક ધન આપવા તૈયાર છે. બોલ, આ કામ તારાથી થશે ?''

અનંગસુંદરીને પોતાના રૂપનું અને આવડતનું અભિમાન હતું. તેણે ગર્વિષ્ઠ બની કહ્યું, ''કૃતપુણ્ય શું નોખી માટીનો ઘડાયો છે ? અગ્નિ પાસે મીણને ઓગળવું જ પડે. વિરાગીને રાગી બનાવવો મારા માટે જરાય મુશ્કેલ નથી. કૃતપુણ્ય પર સંસારનો રંગ ચડાવીને જ જંપીશ.''

મિત્રો કૃતપુણ્યને વેશ્યાના પાશમાં સપડાવી બહાનું કાઢી રફુચક્કર થઈ ગયા. તેમણે શેઠને સારા સમાચાર આપી ધન મેળવ્યું.

મિત્રો દ્વારા અનંગસુંદરીની વાત સાંભળી શેઠ-શેઠાણીને હૃદયે ધરપત થઈ. તેમને થયું કે, 'આ રંગશાળામાં આવી કૃતપુણ્ય સંસારના સરવાળા-ગુણાકાર કરવામાં જરૂર પાવરધો બની જશે.'

કૃતપુણ્યએ રંગમહેલની ભીંતો પર વિવિધ પ્રકારના જાતીયોચિત ચિત્રોનું ચિત્રામણ જોયું. જે પુરુષો અહીં આવતા તે પોતાની રુચિ અનુસાર ચિત્રોનું નિરીક્ષણ કરવામાં તન્મય બની જતા. તે પુરુષની રુચિ આદિને યોગ્ય વર્તાવ બતાવી ગણિકા સત્કાર આદિ દ્વારા ખુશ કરતી અને તેના વર્તનથી ખુશ થઈ પુરુષો પુષ્કળ ધન આપી સંતોષ પ્રગટ કરતા હતા.

કૃતપુણ્યને પોતાની જાત ઉપર અતૂટ વિશ્વાસ હતો કે,'પોતે લોખંડી માનવ છે, મીણનું પૂતળું નહીં. અનંગસુંદરી મને અંશમાત્ર ન ડગાવી શકે.' પરંતુ જે નિર્માણ થવાનું હોય તે અવશ્ય થઈને જ રહે છે.

અનંગસુંદરી ચોસઠ કળામાં પ્રવીણ હતી તેનું રૂપ અપૂર્વ હતું. યૌવનના ઉદ્યાનમાં પ્રવેશી ચૂકેલી શુભ સ્ફટિક સમાન દીપ્તિમાન કાયા, સમુન્નત ભાલ, કેતકીના ફૂલ જેવાં સુંદર પ્રફુલ્લ નયનો, મહુડાની કળી જેવો કપોલપ્રદેશ, દાડમની કળી જેવી સુડોલ દંતપંક્તિ, જયાકુસુમ જેવા લાલચટક

અધર, પ્રશસ્ત વક્ષપ્રદેશ અને કૃષ્ણપક્ષ સમી શ્યામ ઝૂલતી અલકલટો, સપ્રમાણ, ઘાટીલાં, મરોડદાર અને સુવાળાં મખમલ જેવાં અંગોપાંગ જોઈ ગમેતે પુરુષનું મન વિશ્વામિત્રની ભૂમિકાને દોહરાવવામાં લેશમાત્ર સંકોચ ન કરે. અનંગસુંદરીના કૌમાર્ય તેજ પર કૃતપુણ્યની દષ્ટિ પડી. શું એ લાવણ્ય ! શું એ ઠસ્સો ! બીજી જ ક્ષણે કૃતપુણ્યે દષ્ટિ પાછી ખેંચી લીધી.

અનંગસુંદરીએ કૃતપુણ્યને પોતાની તરફ ખેંચવા દાવપેચ શરૂ કર્યા. તેણે વીણાવાદન શરૂ કર્યું. તેના કંઠમાંથી નીકળતા સુમધુર સ્વરો જાણે સાક્ષાત સરસ્વતી દેવી વીણાવાદન ન કરી રહી હોય ! કૃતપુણ્યના કર્ણપટ પર વીણાના સૂરો અથડાયા. તે આનંદવિભોર બન્યો. તેની અંદરનો અગાધ પ્રેમસાગર ખળભળ્યો. બાજ નજરવાળી અનંગસુંદરીએ ઝીણવટથી અવલોકન કર્યું. તેણે ચંદ્રની ચાંદની રાત્રિએ કૃતપુણ્યને વશ કરવા સંગીતના સાદે નૃત્યકળા પ્રારંભ કરી. જાણે વિશ્વામિત્રની તપશ્ચર્યા ભંગ કરવા ઉર્વશી ન આવી હોય ! કૃતપુણ્યના હાથમાં શરાબનો પ્યાલો આપ્યો. ઘટમાં ઘોડા થનગની રહ્યા હતા. યૌવન પાંખ વીંઝી રહ્યું હતું.

ખીસકોલીની જેમ કામણગારી વેશ્યાની નજર કૃતપુણ્યના રૂપવંતા દેહ પર ચઢ ઉતર કરતી હતી. કૃતપુણ્ય પણ તેના તરફ ક્યારેક ત્રાંસી આંખ કરી જોઈ લેતો. રંભા જેવી સ્વરૂપવાન અને કલાનિપુણ અનંગસુંદરીના કામબાણોથી બચીને કૃતપુણ્ય વધુ વખત ન રહી શક્યો. શરાબ, સંગીત અને મનમોહક નૃત્યથી વિરાગી મનનો કૃતપુણ્ય અચાનક બદલાઈ ગયો. ઘનનો વરસાદ વરસતો ગયો, તેમ તેમ કૃતપુણ્યને રીઝવવા મુગ્ધ અનંગસુંદરીના પ્રયત્નો વધતા ગયા.

નિખાલસ અને ધર્મ પ્રત્યે અપૂર્વ આસ્થા રાખનારા કૃતપુણ્યના સ્વભાવે અણધાર્યો પલટો ખાધો. કૃતપુણ્ય કામદેવનો દાસ બન્યો. તેને હવે સંસારના સુખો ગમવા લાગ્યા. સર્વવિરતીનો પંથ ભૂલાવા માંડ્યો. સંગીત, નૃત્ય અને ભોગવિલાસ પ્રત્યેની પ્રીતિ પ્રતિદિન વધવા માંડી. કાવ્યવિનોદને બદલે વેશ્યા વિનોદમાં રુચિ વધતી ગઈ. વૈરાગ્યની વાસનાને બદલે શૃંગારિક સંગીતમાં તે મગ્ન બન્યો. તે આખોને આખો આમૂલચૂલ પલટાઈ ગયો. રતિ સમાન રમણીને છોડીને વેશ્યાની વિલાસ ભૂમિમાં આનંદ માનવા લાગ્યો.કળીને જોઈને ભમરો આકર્ષાય તેમ અનંગસુંદરીના ઉલ્લસિત સૌંદર્યથી કૃતપુણ્ય તેના તરફ ખેંચાયો. મેઘના આગમનથી સૂકી ધરતી લીલીછમ બને, તેમ અનંગસેનાના આગમનથી કૃતપુણ્યના જીવનમાં હરિયાળી છવાઈ ગઈ. અહો ! કેવો મોહનો પ્રભાવ ?

અહો ! સંગતની કેવી અસર ? ક્યાં ગોપીચંદની માતા મૈનાવતી અને ક્યાં કૃતપુણ્યની માતા સુભદ્રા ? ક્યાં દેવભદ્ર અને યશોભદ્રની માતા અને ક્યાં અરણિકની માતા !! સંસારી ભોગવિલાસમાં ખૂંચેલા પોતાના પુત્ર ગોપીચંદને મૈનાવતીએ એક ઉપદેશક શિક્ષા આપતાં કહ્યું, ''હે પુત્ર ! તું એક દિવસ કાળના મુખમાં કોળિયો બની જઈશ. તારા ભોગવિલાસને જોતાં દુઃખથી મારી આંખો ભીની થાય છે. આ ભોગવિલાસ તને મનુષ્યપણાની મહત્તાથી પતિત કરાવશે. વત્સ ! આ ભોગો જ તને દુર્ગતિમાં ખેંચીને લઈ જશે.'' આવા હિત વચનોથી ગોપીચંદના હૃદયમાં વૈરાગ્યનો દીપ પ્રગટ્યો. સુભદ્રાએ પુત્રને સન્માર્ગેથી ઘસીટી ઉન્માર્ગે દોર્યો. અહો ! માતાની સુજ્ઞ અને અજ્ઞ દશાથી સંતાનને કેવો લાભ-અલાભ

મળે છે!!!

એક દિવસ રૂપવતી અનંગસુંદરી કૃતપુણ્યની લગોલગ પહોંચી ગઈ. મસ્તી મજાક! નેણનાં નિમંત્રણ! અનંગસુંદરીએ તેને મોહપાશમાં જકડીને માદક અદાથી કહ્યું, ''કૃતપુણ્ય! તમે મારા હૃદયની વાત સમજો. મને મદનબાણ વાગી રહ્યાં છે. મારા ઉદ્યાનમાં વાસંતી કળીઓ ખીલી છે. હું તમારી દાસી છું. તમે જ મારા સ્વામી છો. હું તમને મારા મસ્તકના મુગટ બનાવવા કાકલૂદીભરી અરજ કરું છું. જો હા પાડશો તો જ તમને મુક્ત કરીશ.'' અનંગસુંદરીએ દેહને માદક વળાંક આપ્યો...ને કૃતપુણ્યના આલિંગનમાં ભીંસાવા તે તરફ ધસી ગઈ! અનંગસુંદરીના સ્નેહબાણોથી કૃતપુણ્ય વીંધાયો. ક્ષણવારમાં સ્વદારા અને પરદારાનું જ્ઞાન ભૂલાઈ ગયું. વાવાઝોડા સામે તણખલું ક્યાં સુધી ઝઝૂમી શકે? સુસવાટા મારતા પવન સામે દીપકની જ્યોત ક્યાં સુધી ટકી શકે? ખરેખર ! સૌંદર્ય પ્રલોભનના લપસણા માર્ગે સ્થૂલિભદ્ર જેવા ભડવીર જ સ્થિર રહી શકે.

અનંગસુંદરી નૃત્યકળામાં કુશળ હતી, તથાપિ તેનો આચાર વિશુદ્ધ હતો. અનંગસુંદરી પણ કૃતપુણ્ય તરફ આકર્ષાઈ હતી. તે કૃતપુણ્ય સિવાય અન્યને ચાહતી ન હતી. સામાન્ય ગણિકા જેવો તેનો આચાર ન હતો. ભોગવિલાસ કરતાં જ્યારે તેને દ્રવ્યની જરૂર પડતી ત્યારે અક્કા બહુજ કાળજીથી જોઈએ તેટલું ધન મોકલી આપતી હતી. આખરે કૃતપુણ્યે અનંગસુંદરી સાથે અગ્નિદેવતાની સાક્ષીએ ગાંધર્વ વિવાહ કર્યા. તેઓ પતિ-પત્ની બન્યા.

અનંગસુંદરીના લગ્ન પ્રસંગે મહેલમાં મોટા ઉત્સવ જેવું વાતાવરણ જામી ગયું. બીજી બાજુ કૃતપુણ્યના ત્યાગભંગના સમાચાર સાંભળી માતા-પિતાની આનંદની અવધિ ન રહી. ચિર-પ્રતિક્ષીત પળનું આગમન નજીક જણાતું હતું, પુત્રના નવા જન્મની ખુશાલીમાં શેઠે સોનામહોરોની વર્ષાથી રંગસુંદરી(અક્કા)ને ઢાંકી દીધી. અનંગસુંદરીને એક તરફ અઢળક સુવર્ણમુદ્રા મળી અને બીજી તરફ કૃતપુણ્યનો યૌવન ખજાનો મળ્યો. કૃતપુણ્ય અનંગસુંદરીના અબોટ યૌવનરસને પી રહ્યો હતો. અનંગસુંદરી પણ જીવનસંગિની બની પતિને ઝંખતી હતી.

પાણીના રેલાની જેમ સમય ઝટપટ સરકતો ગયો. હવે ધનેશ્વર શેઠે પુત્રને ઘરે બોલાવવા પત્ર દ્વારા સંદેશો પાઠવ્યો. 'બેટા કૃતપુણ્ય! ઘર મૂકતાં બાર બાર વર્ષ થઈ ગયા છે હજી સુધી તું ઘર તરફ નજર કરતો નથી એ તારા જેવા સુપુત્રને યોગ્ય નથી. તારા માતા પિતા વૃદ્ધ થયા છે. તારી ચાતક પક્ષીની જેમ રાહ જુએ છે. તારી વિવાહિત પત્ની ધન્યા તારા વિરહમાં આંસુ સારે છે. તારા વિરહમાં તેણે બાર બાર વરસ તે બારયુગ જેવા વીતાવ્યા છે. વત્સ! તું ઘરે આવી ધન્યાને ધન્ય બનાવ. તું તો અમને સદંતર ભૂલી ગયો છે પરંતુ અમે તને એકક્ષણ પણ વિસરી શક્યા નથી. પત્રના અક્ષર રૂપે પણ તારા દર્શન દુર્લભ બન્યા છે. બેટા! અમારા શરીરનો કોઈ ભરોસો નથી. તું વખત સર પાછો આવી ઘર અને દુકાનનો કારભાર સંભાળ, વધુ શું કહેવું? તું સ્વયં સુજ્ઞ છે.'

માતા પિતાના વાત્સલ્યનું ઝરણું પત્રના અક્ષરોમાં ખળખળ નાદે વહી રહ્યું હતું. કપટી અક્કા રંગસુંદરીએ પ્રથમ તો આ પત્ર દબાવી દેવાનો વિચાર કર્યો પરંતુ કંઈક વિચારીને તેણે

અનંગસુંદરીને પત્ર અંગેની વાત કરી. અનંગસુંદરીએ ગર્વપૂર્વક કહ્યું, ''આવા સંદેશો તો ઠીક, સાક્ષાત માબાપ આવે તો પણ મારા મોહપાશમાંથી કૃતપુણ્યને પળવાર પણ છોડાવી શકે એમ નથી.'' અનંગસુંદરીએ પત્ર કૃતપુણ્યના હાથમાં મૂક્યો. પત્ર વાંચી તેણે કહ્યું,''પ્રિયે ! પ્રેમાળ માતાને ફક્ત બાર રાત્રિ બાર વરસ જેવડી લાગી છે તેથી મને સંદેશો મોકલ્યો છે.'' ત્યારપછી કંઈક વિચારીને સંદેશવાહકને કહ્યું, ''માતા-પિતાને મારા પ્રણામ કહેજો. મારી કોઈ ચિંતા ન કરશો. અત્યારે અહીંનું સુખ છોડી ઘરે પાછા આવવાની મારી કોઈ મરજી નથી. પિતાજીને કહેજો કે ધન મોકલાવે.'' સંદેશવાહક ઉદાસ ચહેરે ચાલ્યો ગયો. કૃતપુણ્યે પત્ર વાંચી ફાડીને ફેંકી દીધો. અનંગસુંદરી મનોમન મલકી રહી. કૃતપુણ્યના હૃદયરૂપી સિંહાસન પર અનંગસુંદરીએ પૂરેપૂરું આધિપત્ય જમાવ્યું હતું. તેના ચિત્તમાં એક માત્ર યુવતી અનંગસુંદરી જ દોડાદોડ કરતી હતી. અનંગસુંદરીના જોબનમાં તેને જન્નતનાં દર્શન થતાં હતાં. પુત્રને સુધારવાની ચાલાકી વાપરતાં ધનેશ્વર શેઠે પુત્ર જ ગુમાવ્યો ! ! !

ધનેશ્વર શેઠને સંપૂર્ણ વિશ્વાસ હતો કે પત્ર મળતાં જ કૃતપુણ્યનું હૈયું ઝાલ્યું નહીં રહે, તે પળવાર પણ વેશ્યાવાસમાં નહીં રોકાય. અમને મળવા તેના પગ ઝડપથી ઉપડશે. પરંતુ વગદાર વિશ્વાસ નિરાશામાં પલટાયો. શેઠ ઉપરાઉપરી સંદેશો પાઠવતા ગયા પરંતુ કૃતપુણ્યે એક પણ સંદેશો વાંચ્યો જ નહિં. તે ઘોર ઉપેક્ષા કરવા લાગ્યો. શેઠની ધારણાને જબરો ધક્કો લાગ્યો. જાણે વિદ્યુત કરંટ ! ભયાનક આંચકો ! પરંતુ પુત્રને મળવાની અદમ્ય ઈચ્છાથી શેઠ બધી જાતના પરિતાપ સહન કરવા તૈયાર હતા. શેઠે કૃતપુણ્યના જીગરી મિત્ર અનંતને સમજાવવા મોકલ્યો પરંતુ પરિણામ શૂન્ય જ આવ્યું. મોહનું અંજન શેઠને વાસ્તવિકતા સમજવા દેતું ન હતું કે પુત્ર કર્તવ્ય ભ્રષ્ટ બન્યો છે.

રંગસુંદરી દ્વારા મોકલાવેલી વિશ્વાસુ દાસી કામિની જ્યારે જ્યારે શેઠની હવેલીમાં આવતી ત્યારે ત્યારે શેઠ ઈચ્છા ન હોવા છતાં પુત્રના સુખ ખાતર તેને ખોબો ભરી સુવર્ણમુદ્રા આપતા. જો કે હવે સંજોગવશાત્ ધનેશ્વર શેઠનો વ્યાપાર લગભગ સંકેલાઈ ગયો હતો. જાહોજલાલીભર્યા વ્યાપારનું ખંડન થયું હતું. ભવનની રોનકતા અને વૈભવ અદશ્ય થયાં હતાં. ગાંધારીએ પતિપરાયણતાનો અતિરેક કરીને આંખે પટ્ટી બાંધીને અંધત્વનું અનુકરણ ન કર્યું હોત તો કેટલાંક અનિષ્ટો ટાળી શક્યાં હોત, તેમ પુત્રની મોહની ઘેલછાએ શક્તિ ઉપરાંત અપાતું ધન જો શેઠે બંધ કરી દીધું હોત તો કદાચ ધનની ભૂખી રંગસુંદરી કૃતપુણ્યને ઠોકર મારી મહેલની બહાર ધકેલી દેત અને એકલો અટૂલો રખડતો કૃતપુણ્ય મા-બાપને શરણે જરૂર આવત. આનું પરિણામ એ આવ્યું કે, પુત્રની ચિંતાએ શેઠ-શેઠાણીનું લોહી શોષી લીધું.

'પોતાના આ કૃત્યથી પિતાના આબરૂને કેવું કલંક લાગ્યું હશે ? માતા-પિતાના હૈયામાં કેવી વેદના થતી હશે ? યૌવનકાળમાં ઝૂલતી આશાભરી પત્ની ધન્યાનો આત્મા સ્વામી વિના કેવો કકળતો હશે' વગેરેમાંથી એક પણ વિચાર રંગીલા કૃતપુણ્યના અંતરમનને સ્પર્શતો ન હતો.

ખરેખર કોઈ નવયૌવના રૂપવતી નારી જ્યારે પુરુષની પાંપણમાં પરોવાય છે ત્યારે પુરુષને પોતાની પ્રતિષ્ઠાનો, સંસ્કારનો અને વિવેકનો કોઈ ખ્યાલ રહેતો નથી. પુરુષ તે સમયે પોતાનો વંશ

ગૌરવ, આયુમર્યાદા, કીર્તિ અને સદાચાર સઘળું વીસરી જાય છે!!!

ધન્યાના સાસુ-સસરા શરીર અને મનથી ભાંગી પડયા. તેમની સ્થિતિ દિન પ્રતિદિન કથળતી ચાલી. પુત્રનું મુખ જોવા માતા-પિતા તલસતાં હતાં. મૃત્યુની અંતિમ ઘડીએ પુત્ર આવશે એ આશામાં તેઓ જીવતા હતા. ધન્યાની આંખોમાંથી આંસુ સુકાતાં ન હતાં. કૃતપુણ્યનો મિત્ર અનંતકુમાર પોતાના મિત્રને મળવા ગણિકાવાસમાં ગયો, પરંતુ કૂટનીતિજ્ઞ વેશ્યાએ કૃતપુણ્ય પરગામ ગયો છે એવું કહી ભેટો ન થવા દીધો તેથી મિત્ર પણ નિરાશ વદને પાછો ફર્યો. ધનેશ્વરશેઠની આંખમાં આંસુ આવી ગયાં. વસવસો કરતાં તેમના મુખમાંથી શબ્દો સરી પડયાં, ''અનંત! મારું પુણ્ય ઓછું પડયું. સંસ્કાર આપવામાં હું નિષ્ફળ ગયો. પુત્ર મોહમાં અતિ અંધ બનીને મેં મારા હાથે જ પાયમાલી નોતરી. તેના સંતોષ ખાતર સમગ્ર કુટુંબે પોતાના સર્વસ્વનો ભોગ ધરી દીધો.''

''કાકા! ભૂતકાળને ભૂલી જાવ. મૃત્યુને બગાડો નહીં. આત્મસુખના વિચારોમાં મગ્ન બનો. માનવીના ઋણાનુબંધ જેવા હોય તેવા ભોગવવા જ પડે છે. મોહ, સ્નેહ અને લાગણીના વિચારોને તિલાંજલી આપી આવતા ભવની ઉન્નતિ માટે શુભ ભાવના ભાવવી જોઈએ.'' **અનંતે** ગદ્‌ગદિત સ્વરે કહ્યું.

''અનંત તારા ઉત્તમ વિચારો સાંભળી હૃદયમાં ટાઢક વળે છે પરંતુ મારી આ પૂત્રવધૂનું દુઃખ જોવાતું નથી. તેણે આજ દિવસ સુધી સંસાર સુખ માણ્યું નથી. તેના દેહ પર કદી ઉત્તમ વસ્ત્રો, અલંકારો જોયાં નથી. પુત્ર પ્રેમની ઘેલછામાં મેં ધન પણ વેડફી નાંખ્યું. અનંત! આવતી કાલે ધન્યાનું શું થશે? તે તો દુઃખના દરીયામાં ડૂબી ગઈ છે. અમે હવે કેટલા દહાડા? એની ઉની ચિંતા કાળજાને કોરી ખાય છે. એનું જીવન ઓશિયાળું બની જશે.'' ધનેશ્વર શેઠની આંખોમાં આંસુની ધાર વહેવા લાગી. અનંત પણ રડી પડયો.

સંસ્કારમૂર્તિ ધન્યાએ રડતાં રડતાં કહ્યું, ''પિતાજી! આપ મારી ચિંતા ન કરો, મને તો પરમકૃપાળુ પરમેશ્વરનો આશરો છે. આપ આપનું મૃત્યુ સુધારો.''

અનંતે દિલાસો આપતાં કહ્યું, ''કાકા! ધન્યા બહેન આજથી મારા ધર્મના ભગિની છે. તેમની ચિંતા ન કરશો.'' ધનેશ્વર શેઠ અને સુભદ્રા શેઠાણીના હૈયે ઘરપત થઈ.

સાદગીપૂર્ણ જીવન જીવતી, દુર્બળ ધન્યાએ સાસુ-સસરાની સેવામાં મન પરોવ્યું. તે ધર્મમાં વધુ દઢ બની. જીવનની સંધ્યાએ કૃતપુણ્યને બદલે 'પુણ્ય'(શુભ ભાવો) જ વડીલોની નજર સમક્ષ તરવરતું રહે તેવું તે સતી સ્ત્રી ઈચ્છતી હતી. તેણે પરલોક પ્રયાણની વેળાએ વડીલોની સેવા કરી, તેમને ધર્મરંગી બનાવવાની હિતશિક્ષા દોહરાવ્યે રાખી. શેઠની પાછળ શેઠાણી પણ નવકારમંત્રનું સ્મરણ કરતા અલ્પકાળમાં કાળધર્મ પામ્યા. તેમના સ્વર્ગવાસના સમાચાર કૃતપુણ્યને પહોંચાડવામાં આવ્યા. કૃતપુણ્ય લોકલાજે કે શરમે પણ માતા-પિતાના મૃત્યુ પછીનું કર્તવ્ય બજાવવા એકવાર મોઢું બતાવવા પૂરતોય ઘરે ન આવ્યો.

ધન્યા ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. તેના વસ્ત્રો ભીંજાઈ ગયાં અને આંખો સુજી ગઈ. દેહ

દહનની ક્રિયા પૂર્ણ થઈ. લોકો લાચાર ધન્યાને આશ્વાસન આપી વિખરાયા.

ધન્યા શોકમગ્ન ચહેરે બેસી રહી. સાસુ-શ્વસુરની વિદાય પછી ધન્યા માટે કસોટી અને કટોકટીનો કાળ આરંભાયો. ઘરનો છાયો કહો કે ટેકો તે તો ચાલ્યો ગયો. ધન્યા નિરાધાર બની ગઈ. તેણે સઘળાં ચિત્કારોને હૃદયમાં દાબી દુ:ખોના ઉહકારનો સહેજે અવાજ ન થાય એ રીતે મોં સીવીને જીવવાનું પસંદ કર્યું.

ધન્યાના માતા-પિતા પોતાની પુત્રીને સમજાવી ઘરે લઈ જવા આવ્યા ત્યારે ધન્યાએ મક્કમપણે કહ્યું, ''દીકરી તો સાસરીમાં જ શોભે. સ્ત્રીનું સર્વસ્વ તેના સૌભાગ્યમાં સમાયેલું છે. મારા સ્વામી ભલે પાછા ન ફરે પણ હું એમને ન છોડી શકું. જે કંઈ બને છે તે કર્માધીન છે. માતાજી ! હું શ્વસુર ગૃહે આવી ત્યારે તમે જ મને આશીર્વચનો સંભળાવ્યા હતા કે દુષ્ટ, દુરાચારી કે અધમ પતિને પણ દેવ માની પૂજવામાં જ સ્ત્રીની શોભા છે. મને મારા પતિમાં કોઈ દોષ દેખાતો નથી. પતિની છાયાથી જ પત્નીત્વ શોભે છે. પતિની ઉજ્જવળ છાયાએ સતીત્વ ઝળકે છે. મને અહીં કોઈ પ્રકારનું દુ:ખ કે વેદના નથી.''

માતાએ કહ્યું, ''પુત્રી ! મેં તને શિખામણના બે બોલ કહ્યા તે બરાબર છે, પણ સંજોગો પલટાયા છે. જે વ્યક્તિ માતા-પિતાની મરણપથારીએ ન આવ્યા તેની પાછળ કઈ રીતે જન્મારો કાઢીશ ? દીકરી મને એ વાતનું દુ:ખ છે કે તું હવે એકલી પડી ગઈ છે તેથી તને તેડવા આવી છું.''

ધન્યાએ સ્પષ્ટપણે કહ્યું, ''માતાજી ! સ્ત્રીની શોભા શ્વસુરગૃહે જ હોય. આપની ભાવના ઉદાત્ત છે. સ્વામીની ભૂલને જોવાનો કે તિરસ્કાર કરવાનો અધિકાર પત્નીને ન હોય. માતાજી ! સંકટો મને નાશીપાશ ન કરી શકે. અત્યારે ભલે મારી પાસે ધન નથી પણ ધન ઉપાર્જન કરવાની આવડત છે. હું ગૌરવથી જીવન વ્યતીત કરવા માગું છું. પિતાજીના હૃદયમાં વાત્સલ્ય અને પ્રેમ હોય, તેમ જ તમે મારું હિત વિચારો એ સ્વાભાવિક છે. આપ મને આશીર્વાદ આપો કે હું મારા કાર્યમાંથી વિચલિત ન બનું.'' ધન્યાના માતા-પિતાને પોતાની સમજુ પુત્રી પ્રત્યે અત્યંત માન ઉપજ્યું.

ભાવિનો વિચાર કરીને ધન્યાએ હવે કરકસરપૂર્વક જીવન જીવવાનું શરૂ કર્યું. તેણે સૌ પ્રથમ કરકસર તો વેશ્યાવાસે વિદાય થતી લક્ષ્મીના વિષયમાં કરી.

કૃતપુણ્ય રૂપ અને રંગના નશામાં ચકચૂર હતો. આવી ચકચૂરતા ધન વિના ક્યાંથી સંભવે ? અનંગસુંદરીની માતા (અક્કા) અને વિશ્વાસુ દાસી કામિની એક ખંડમાં ગુપ્તચર્ચા કરી રહ્યાં હતાં.

કામિનીએ ચોખવટ કરતાં કહ્યું, ''માતાજી ! કૃતપુણ્ય શેઠના માતા-પિતા મૃત્યુ પામ્યા છે. હવે ધન મળવું પણ બંધ થઈ ગયું છે. આ શેઠને હવે ક્યાં સુધી અહીં રાખવા છે ?''

અક્કાએ નિસાસો નાખીને કહ્યું, ''કામિની મેં અનંગસેના સાથે આ વિષયમાં વાત કરી છે, પરંતુ એ તો કૃતપુણ્યમાં એટલી ગળાડુબ છે કે મારી વાત સાંભળવા જ તૈયાર નથી.''

''માતાજી ! અહીં તો જેની પાસે ધન હોય તે જ રહી શકે. આપ જ કૃતપુણ્ય શેઠને કાઢી મૂકો

તો...! નીરસ શેરડી તો કૂચો ગણાય. કૂચાનું સ્થાન તો કચરાપેટી જ હોય, રંગભવનમાં નહીં.'' કામિનીએ લાભની લાહ્યમાં લોભરૂપી ઘીની આહુતિ ઝીંકી.

''ના... ના.. એવું ન કરી શકાય. જો અનંગસુંદરી જાણશે તો ભૂકંપ સર્જાઈ જશે.''

''માતાજી! આપ જ કૃતપુણ્ય શેઠને અહીં બોલાવી આપણી રીતભાત સમજાવી દો એટલે સ્વયં ચાલ્યા જશે.'' અક્કાને આ વાત ગમી ગઈ. અક્કાનો લોભાગ્નિ ભડ ભડ ભડકી રહ્યો હતો. સંપત્તિની સ્પૃહાનો કેફ વધતો જતો હતો પોતાના નિર્ણયને જલ્દીથી જલ્દી અમલમાં મૂકવાની તક ગોતતી રહી.

બીજે દિવસે અક્કાની વિશ્વાસુ દાસી તક જોઈને કૃતપુણ્યને લેવા આવી. ''શેઠજી! તમને માતાજી યાદ કરી રહ્યાં છે.''

''મને....! એકાએક? શું કંઈ કામ છે?''

''એ તો મને ખબર નથી પણ આપને લઈ આવવાનું મને સૂચન કર્યું એટલે આવી છું.'' કૃતપુણ્ય આસન પરથી ઊભો થયો. તે અક્કાના ઓરડામાં પ્રવેશ્યો. અક્કાએ કૃતપુણ્યને મીઠો આવકાર આપી બેસવા માટે આસન આપ્યું.

''માતાજી! ક્ષેમકુશળ તો છો ને? મને શા માટે યાદ કર્યો? મારું શું કામ પડ્યું?''

''વાતની શરૂઆત શી રીતે કરું..! પણ કહ્યા વિના ચાલે તેમ નથી.''

''કૃતપુણ્ય! મારી પુત્રી અનંગસુંદરી રૂપ અને કલામાં પ્રવીણ છે. તારી સાથે વિવાહ થયા પછી તેની કલા જાણે બંધાઈ ગઈ હોય તેવું પ્રતીત થાય છે. હું તેને અમારા વ્યવસાયમાં જોડવા માંગું છું. તું ઘણા સમયથી અહીં રહે છે પરંતુ એક કૂટી કોડી તેં આપી નથી. અમારા વ્યવસાયમાં પૈસા સાથે જ પ્રેમ હોય છે, માણસ સાથે નહીં. જળ વિનાના સરોવરને મુસાફરો ત્યજી દે છે અને પાંદડા વિનાના વૃક્ષને પક્ષીઓ છોડી દે છે, તેમ અમે નિર્ધનનો તિરસ્કાર કરીએ છીએ. અનંગસુંદરી તારી સાથે પ્રેમનો ડોળ કરે છે. તું ભોળો છે તેથી કંઈ જ સમજતો નથી''

કૃતપુણ્યના કાને આજ વિચિત્ર વાતો સાંભળવા મળી. ભોળા કૃતપુણ્યને કશું સમજાયું નહીં. તેણે કહ્યું, ''તો મારે શું કરવું જોઈએ?''

''તારે અહીંથી ચુપચુપ ચાલ્યા જવું જોઈએ. આ વાત અનંગસુંદરીને ન કરવી. હું તેને સમજાવી દઈશ. તું આજ રાત્રે જ ચાલ્યો જજે.'' કૃતપુણ્ય ચૂપચાપ ખંડની બહાર ચાલ્યો ગયો.

બીજીબાજુ 'કૃતપુણ્યના ઘરેથી હવે ઝાઝું ધન મળવાની આશા રાખવી વ્યર્થ છે' એવું જાણી અક્કાએ ધીરે ધીરે અનંગસુંદરીને કાનભંભેરણી કરવા માંડી. પ્રમાણિક અનંગસુંદરી તૈયાર ન થઈ ત્યારે અક્કાના મુખમાંથી અપશબ્દો ધાણીની જેમ ફૂટવા લાગ્યા. તેણે મહેલમાં રહેલા તમામ દાસ-દાસીઓને કડક આજ્ઞા કરી કે, ''કોઈએ પણ કૃતપુણ્યનો હુકમ માનવો નહીં. તેને વાત વાતમાં હડધૂત કરી માનભંગ કરવો. તેને હેરાન-પરેશાન કરવાની તમામ યુક્તિઓ અજમાવો જેથી તે સ્વયં ઘર છોડી ચાલ્યો જાય.''

વર્ષોથી જેની સાથે ઘરોબો હતો તે નોકરો ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા, કેટલાક અપશબ્દો બોલવા લાગ્યા. કેટલાક અઘટિત ટીકા-ટિપ્પણ કરવા લાગ્યા. કેટલાક ઉદ્ધત બની આકરા વેણ બોલવા લાગ્યા.

કૃતપુણ્યને નોકર ચાકરોનો પલટાઈ ચૂકેલો દુર્વ્યવહાર અને અવિવેક પ્રથમ તો અકારણ ભાસતો હતો પરંતુ જ્યારે સત્ય સમજાયું ત્યારે જાણે કોઈએ ગાલ પર જોરદાર તમાચો માર્યો હોય એવી અંતર્વેદના તે અનુભવી રહ્યો. તેને થયું કે કોઈએ ઊંટના પગ સાથે બાંધીને, ઊંટને માર મારીને ઘગઘગતાં રણમાં છોડી દીધું ન હોય ! તે દાસીઓ દ્વારા આમ તેમ ફંગોળાઈ રહ્યો હતો.વેશ્યાભવનની વ્યક્તિઓમાં આભગાભ જેવું પરિવર્તન આવ્યું હતું તેનાથી તે અજાણ ન હતો. કૃતપુણ્યના ભીતરમાં અંતરદ્વારની બારીઓ ઉઘડી ગઈ. તેને પોતાની પહાડ જેવડી મોટી ભૂલ સમજાઈ. તેના મનમાં પ્રચંડ ઝંઝાવત જાગ્યો.

'જ્યાં સુવર્ણ-ધન જ સગાઈ ગણાતી હોય અને જ્યાં સુવર્ણ દ્વારા જ સગપણ જોખાતું હોય ત્યાં શી રીતે રહેવાય ? સિંહ કદી કોઈનું અપમાન સહન ન કરે. શું હું સિંહથી પણ નપાવટ ! ધિક્કાર છે મને હું અપમાનિત સ્થાનમાં જીવું છું ! જેના ખાતર મેં મારા મા-બાપ, પત્નીનો ત્યાગ કર્યો. તેણે જ મને ઠુકરાવ્યો !' અકથ્ય અને અસહ્ય આઘાતથી તે ભીંસાઈ રહ્યો હતો. 'રાંડ્યા પછીનું ડહાપણ' ગમે તેટલું દાખવે તેનો શો અર્થ ? ઘોડા નાસી છૂટ્યા બાદ તબેલાને તાળું મારવાથી શું વળે ?

કૃતપુણ્યના મુખ પર અંકાયેલી વિષાદની રેખાઓ જોઈ અનંગસુંદરી ગભરાઈ ગઈ. તે કૃતપુણ્યને અનહદ પ્રેમ કરતી હતી. તેણે વારંવાર વિષાદનું કારણ પૂછ્યું ત્યારે કૃતપુણ્યએ મન કઠણ કરી અનંગસુંદરીને કહ્યું, ''મારી સમસ્યાનો એક જ ઉપાય છે, મારી વિદાય ! હું બાર બાર વર્ષ સુધી ચક્ષુ બંધ કરી બહારની દુનિયાને ભૂલી ગયો હતો, તે ભૂલનો ભોગ બન્યો છું.''

''નાથ ! બાર બાર વર્ષની પ્રીત એક ક્ષણમાં તોડીને જતા રહેશો, તો હું કઈ રીતે જીવી શકીશ ?'' અનંગસુંદરી કરુણ સ્વરે રુદન કરવા લાગી. તે સાંભળી અક્કા દોડી આવી. માતાના પગ પકડી લેતાં અનંગસુંદરીએ કહ્યું. ''માતાજી ! ધનેશ્વર શેઠને ઘરેથી બાર બાર વર્ષ પર્યંત ઘણું ધન આવ્યું છે. તેમણે પોતાનું ધન આપણને આપી આપણું ઘર ભર્યું છે. માતાજી ! કૃતપુણ્યને રોકો. તે મારા સ્વામી છે. હું સર્વસ્વ ભાવે તેમની બની ચૂકી છું. મનથી...પ્રાણથી અને આત્માથી ! તેમના વિના હું નહીં જીવી શકું.'' હૃદયમાં વલોવાતા વેદનાના તુમુલ તોફાનની રેખાઓ અનંગસુંદરીના મુખ પર ઉપસી આવી. તેનું ફૂલ જેવું હૈયું ન જીરવી શકાય એવી વેદનાથી વ્યાકુળ બન્યું. આંખોમાં અશ્રુના પૂર ઉમટ્યાં. અક્કાએ તે તરફ દુર્લક્ષ્ય સેવ્યું. અક્કાને ડર લાગ્યો કે રખેને કૃતપુણ્ય અહીં જ રહી જાય ! તેને કાઢવાનો આ મોકો જ યોગ્ય છે.

રોષે ભરાયેલી અક્કાએ કાળઝાળ વેણમાં પ્રહાર કરતાં કહ્યું, ''કૃતપુણ્ય ! તું કેવો નિર્લજ્જ છે. જો તું નહીં સમજે તો મારે ધક્કા મારી તને બહાર કાઢવો પડશે.'' અક્કાની અવળવાણી અને

કટુવચનોથી કૃતપુણ્યનું મન વીંધાયું. તે આ જખમને જીરવી ન શક્યો.

કૃતપુણ્યના ચહેરાનું નૂર ઉડી ગયું. તેના હૃદયના શત શત ખંડ થઈ ગયા. તેની આબરુ અને રૂબાબનાં ઘજાગરા ઉડી ગયા. એ જ ઘડીએ કૃતપુણ્યએ અનંગસુંદરીના મહેલને તિલાંજલી આપી. તે કિં કર્તવ્યમૂઢ બની વિચારવા લાગ્યો કે 'ક્યાં જવું ?' અનિચ્છાએ એના પગ એને ઘન્યાના ઘર તરફ ખેંચી ગયા. ઘનેશ્વર શેઠ લાખ પ્રયત્ન કરવા છતાં પુત્રને પાછો ઘરે ન લાવી શક્યા તે કામ વેશ્યાવાસમાંથી હકાલપટ્ટી થતાં કાચી ઘડીમાં પૂર્ણ થયું. કૃતપુણ્યના જીવનમાં સુખની બાદબાકી થઈ.

ગણિકાના મહેલમાં પ્રવેશતી વખતની મનઃસ્થિતિ અને આ પળની મનઃસ્થિતિ વચ્ચે આભગાભ જેટલો વિરાટ અને વિપરીત ફરક હતો. કૃતપુણ્યની નજર સામે ભૂતકાળ ઉપસી આવ્યો. 'સર્વવિરતિના માર્ગે જવાની મારી તમન્ના હતી. મારા મનને મેરુ જેવું અવિચલ માનતો હતો પણ તે તો તકલાદી નીવડયું. મારી ધાર્મિકતા ખોખલી અને દંભી નીવડી. રે ! માતા-પિતા, ઘન્યા અને ધર્મને ભૂલી હું અનંગસુંદરી પાછળ કામાંધ બની મારા કર્તવ્યને ચૂકી ગયો. ખરેખર ! મને ધિક્કાર છે. રે ! આ નિયતિએ મારી સાથે કેવાં કેવાં ખેલ રચ્યાં છે.

ગણિકાએ ગણિકાવાસમાંથી અપમાનિત કરી કાઢયો તે એક રીતે સારું જ કર્યું, અન્યથા પાગલ પતંગિયાની જેમ ભોગના ભડકામાં હું હોમાઈ ગયા વિના ન રહ્યો હોત. માતા-પિતાના સંદેશાઓને મેં ગણકાર્યા નહીં, હવે પત્નીને હું શું મોટું બતાવીશ ? મેં પિતાના કુળને કલંક લગાવ્યું છે. મેં માતાનું ધાવણ લજવ્યું છે. મેં પત્ની સાથે અન્યાય કર્યો છે. મારાથી ઘણો મોટો વિશ્વાસઘાત થયો છે. અહો હું કેવો કૃતઘ્ની !' વિચારોના વમળોમાં ઘેરાયેલો કૃતપુણ્ય વ્યથિત હૃદયે રાજમાર્ગ પર ધીમે ધીમે ડગ માંડી રહ્યો હતો. ભૂતકાળની સ્મૃતિઓ કૃતપુણ્યને દઝાડી રહી હતી. બાર બાર વર્ષ પછી રંગમહેલમાંથી બહાર આવ્યો હોવાથી દુનિયા નવી નવી લાગતી હતી. તે રાજમાર્ગ પર ચાલતો ઘર તરફ વળ્યો.

નગરજનો કૃતપુણ્યના હાલહવાલ જોઈ આશ્ચર્યાઘાત અનુભવી રહ્યા. નજીકના પરિચિતો દયા ભાવથી પ્રેરાઈ કૃતપુણ્યને તેના ઘર સુધી મૂકી ગયા. વિશાળ મકાન સ્મશાન જેવું ભયંકર દેખાતું હતું.

આજે ઘન્યાની ડાબી આંખ ફરકતી હતી, જે શુભ સૂચક હતી. ઘરના દ્વાર બંધ હતા તેથી કૃતપુણ્યે બારીમાંથી અંદર જોવાનો પ્રયત્ન કર્યો. એક સ્ત્રી કંઈક ગુંથી (રેંટિયો કાંતિ)રહી હતી. કૃતપુણ્ય તે સ્ત્રીને ઓળખી ગયો. આ તો તેની પરણેત્તર કુલીન, ઘરરખું અને સતી સ્ત્રી જેવી નિર્મળ ઘન્યા હતી ! કૃતપુણ્ય ચુપચાપ ઘન્યાને જોઈ રહ્યો. તેલ વિનાની વિખરાયેલી એની કેશલટો, રાહુગ્રસ્ત ચંદ્રમા જેવી ઝાંખી ઝાંખી મુખકાંતિ, સુકાયેલા બિંબફળની છાલ જેવા નિષ્પ્રાણ હોઠ, મરણાસન્ન હરિણી જેવી નિઃસ્પંદ આંખો, તન પર અત્યંત સાદા વસ્ત્રો, ન કોઈ શણગાર ! અત્યંત સુખ સાહેબીમાં ઉછરેલું આ સુકુમાર પુષ્પ... આજે આ દુઃખોમાં ? પતિના વાંકે દુઃખી આ પવિત્ર સ્ત્રીની કફોડી દશા

જોઈને કૃતપુણ્યનું હૈયું ચીરાઈ ગયું. તેણે દ્વાર પર ટકોરા કર્યા. અંદરથી ધન્યાએ પ્રશ્ન કર્યો:''કોણ ?'' કૃતપુણ્યએ કહ્યું: ''એ તો હું છું.''

ધન્યાને અવાજ પરિચિત લાગ્યો. તે એક ક્ષણમાં કૃતપુણ્યના અવાજને પારખી ગઈ. તેને સુખદ આશ્ચર્ય થયું. 'આ તે સ્વપ્ન છે કે સત્ય ?' કૃતપુણ્યે ફરી કહ્યું, ''ધન્યા, દરવાજો ખોલ.''

ધન્યા હરખઘેલી બની દોડીને ઝાંપો ખોલવા ગઈ. 'અણધાર્યા આંબા ફળ્યા હોય' એવા આશ્ચર્ય અને આનંદ સાથે ધન્યાએ કૃતપુણ્યને પોતાની સમક્ષ ઊભેલો જોયો. બાર બાર વર્ષ બાદ પતિ ઘરે પાછા ફર્યા. પતિનું દીર્ઘકાળે મિલન થતાં ધન્યા ખુશખુશાલ હતી. તેની આંખોમાંથી બોર બોર જેવડા આંસુ ટપકી પડ્યાં.

ઘરમાં નિરવ શાંતિ પથરાયેલી હતી. કૃતપુણ્યે નક્કી કરી લીધું કે માતા-પિતા ચોક્કસ કાળધર્મ પામ્યા લાગે છે. કૃતપુણ્યની આંખમાં અશ્રુ ઉભરાયાં.

ધન્યાએ પોતાના પતિના ચરણ પકડી લીધા. તેની આંખો અષાઢી વાદળી બની અનરાધાર વરસવા માંડી.જાણે પોતાના અશ્રુઓ વડે પતિના ચરણ ન પખાળતી હોય !. કૃતપુણ્યએ ધન્યાને બેઠી કરી. બન્ને યુગલના હોઠ પર ઢગલાબંધ શબ્દો ઘસમસતા આવીને જાણે બહાર કૂદી પડવા ઝાંવા નાખી રહ્યાં હતાં પરંતુ થોડી ક્ષણો સુધી બન્ને એક અક્ષર પણ બોલી ન શક્યા. અંતે ધન્યાએ મૌન તોડ્યું. ''સ્વામીનાથ ! આજ મારાં આંગણે અમૃતના મેઘ વરસ્યા જેવી પ્રસન્નતા છે. આપના આગમનથી મારા એકલવાયા જીવનને શાંતિ મળશે. આપની ક્ષેમકુશળતાના રોજ જાપ જપતી હતી. મારી આશા આજે ફલિત થઈ છે. હું આજ દિવસ સુધી નિરાધાર કહેવાતી હતી પરંતુ આજે સનાથ બની છું.''

પત્નીના જનેતા જેવા ફોસલામણાથી કૃતપુણ્યનું હૃદય ભરાઈ આવ્યું. તેણે ગળગળા સ્વરે કહ્યું, ''ગૃહદેવી ! હું ક્ષમા માંગવાને લાયક પણ નથી. મેં ભૂલોની હારમાળા સર્જી છે. હું માતૃદ્રોહી અને ભાર્યાદ્રોહી છું. મેં નરાધમે નૈતિક મૂલ્યોને નેવે મૂકી માતા-પિતાને વિરહાગ્નિથી ભસ્મ કરી પરલોકે પહોંચાડ્યા છે. શેરડીના ક્ષેત્રમાં વાંસ ઉપજે તો ક્ષેત્ર નાશ પામે છે, તેમ મારા જેવા દુષ્ટ પુત્ર વડે કુળનો નાશ થયો છે. હે પતિવ્રતે ! તું કુલીન અને સતી છે. તું ધર્મપરાયણ અને ધૈર્યવતી છે. તેં સંકટમાં શીલને સાચવી ઉભયકુળને નિર્મળ રાખ્યું છે. તારી આ પવિત્રતા અને પુણ્યના પ્રતાપે જ હું સહી સલામત ઘરે આવ્યો છું, તારા નિર્મળ પ્રેમે જ મને આકર્ષી લીધો છે. મારા અપરાધો ક્ષમા કરજે.'' આટલું બોલતાં તેનું ગળું રૂંધાઈ ગયું તેના કંઠમાંથી માંડ માંડ શબ્દો નીકળતાં હતા.

ધન્યા કૃતપુણ્યની પીઠ પંપાળતી રહી. કૃતપુણ્ય ખેદભર્યા વચનો ઉચ્ચારી નાના બાળકની જેમ મુક્ત કંઠે રૂદન કરી અંતરમાં સંઘરાયેલાં દુ:ખોને બહાર ઠાલવી હળવો ફૂલ જેવો બની ગયો. યૌવનના રંગીન સ્વપ્નને રગદોળી નાખનાર કૃતપુણ્યને ક્ષમામૂર્તિ ધન્યાએ માફ કરી દીધો. યૌવનરસ માણવાનો પ્રથમ અધિકાર પોતાનો હતો, છતાં પિયુએ ભરયુવાનીમાં દગો દીધો તે વિરહના વડવાનલને વિશાળ દિલની ધન્યા સદંતર ભૂલી ગઈ. તેણે પતિને વધાવી લીધો.

ધન્યાના પ્રેમામૃત ભર્યા વચનો સાંભળી કૃતપુણ્યનો સંતાપ દૂર થયો. તેણે ધન્યાને પોતાના

બાહુમાં સમાવી લીધી. ધન્યા શરમાઈ ગઈ. તેણે પોતાનું મુખકમળ નીચે નમાવી લીધું. તેણે પતિને હાથ જોડી ખેદ ન કરવા કહ્યું. ત્યારબાદ ધન્યા પતિની સરભરામાં વ્યસ્ત બની. સ્નાનાદિથી નિવૃત્ત થયા બાદ તેણે આસન આપી કૃતપુણ્યને જમવા બેસાડયો. તે સાડલાથી પવન ઢોળવા લાગી. અન્નપૂર્ણા સમાન ધન્યાના હાથની રસોઈ ખાતાં ખાતાં કૃતપુણ્ય આંગળા ચાટવા લાગ્યો. તેણે આજે પેટ ભરીબે ખાધું.

ત્યાર પછી ધન્યાએ બાર બાર વર્ષના હિસાબ-કિતાબ ટૂંકમાં દર્શાવ્યા. કૃતપુણ્યે પોતાનો હિસાબ બતાવતાં કહ્યું, ''મારા જીવનમાં બાર વર્ષના હિસાબનું સરવૈયું માત્ર રાગાંધતા જ ગણી શકાય. પિતાજીએ શૂન્યમાંથી સર્જન કર્યું, મેં કુલાંગારે સર્જનનું વિસર્જન કર્યું. મારા કારણે ઘરબાર, વ્યાપાર આદિમાં અધ:પતન થયું છે.'' કૃતપુણ્ય ખિન્ન મને પોતાને કોસતો રહ્યો.

ધન્યાએ દિલાસો આપતાં કહ્યું, ''સ્વામીનાથ ! જે થઈ ગયું તે થઈ ગયું. તેનું સ્મરણ કરીને મનોવેદના સિવાય તમે કંઈ જ મેળવવાના નથી. નિરાશાને છોડી ભવિષ્યનો વિચાર કરો. લક્ષ્મી પ્રારબ્ધને આધીન છે. પુરુષાર્થ કરશો તો લક્ષ્મી ખેંચાઈને પાછી આવશે. સિદ્ધિ સાહસને વરે છે, અને સાહસ ઉત્સાહથી વૃદ્ધિગત થાય છે. હતાશા છોડી સાહસ કરશો તો સિદ્ધિને આપના ચરણોની દાસી બનવું જ પડશે.''

ધન્યાના પ્રેરક વચનો સાંભળી કૃતપુણ્યનું કૌવત પાછું બેઠું થયું. ઉદાસીનતા ઉડી ગઈ. સંકટ સમયે ઉપયોગમાં આવે તે માટે શાણી ધન્યાએ ગુપ્ત રીતે હજાર સુવર્ણમુદ્રાઓ સાચવીને રાખી હતી, તે સોનામહોરો લઈ આવી. કૃતપુણ્યે આ ધન જોઈ પરદેશ જઈ વ્યાપાર કરવાનો નિશ્ચય કર્યો.

કૃતપુણ્ય પોતાની પત્ની સાથે વાર્તા વિનોદ કરતો હતો ત્યારે અનંગસુંદરી (દેવદત્તા) ઘરે આવી. અક્કા સાથે કલહ થતાં તે ઘર છોડી અહીં આવી હતી. તે પોતાના અલંકારો સાથે લાવી હતી. [૧]તેણે અલંકારો વેંચી તેમાંથી અર્ધું ધન ગૃહ વ્યવહાર અને અર્ધું ધન વ્યાપાર માટે વાપર્યું. બંને સ્ત્રીઓ સગી બહેનોની જેમ રહેવા લાગી.

રાજગૃહી નગરીમાં સાર્થવાહો (વણઝારા)નું વેપારાર્થે અવાગમન ચાલુ રહેતું હતું. કોઈ સાર્થવાહનો સથવારો ગોતીને કૃતપુણ્યને પરદેશ વ્યાપારાર્થે વળાવવાનો ધન્યાએ નિર્ણય કર્યો. લોકો દ્વારા ધન્યાને સમાચાર મળ્યા કે આઠ દિવસ પછી **ધનપતિ** સાર્થવાહ પરદેશ પ્રયાણ કરવાના છે. ધન્યાના આનંદનો કોઈ પાર ન રહ્યો. તેણે કૃતપુણ્યને કહ્યું, ''સ્વામીનાથ ! આપને નગરમાં કોઈ કામ નથી આપતું, લોકો નિંદા કરે છે. તેમાંથી બચવાનો એક ઉપાય છે. જો આપ ધનપતિ સાર્થવાહ સાથે પરદેશ જશો તો લક્ષ્મી અને ગુમાવેલી કીર્તિ પ્રાપ્ત થશે. સાર્થવાહ ઉદાર અને મોટા મનના છે. સાર્થમાં

---

૧. ભરહેસરની વૃત્તિ અનુસાર ધન્યા પાસે ઘરમાં કાંઈ જ ધન ન હતું. તે ચરખો કાંતી ઘરનું ગુજરાન ચલાવતી હતી. વિકટ પરિસ્થિતિમાં કામ લાગે તે માટે ચતુર ધન્યાએ હજાર સુવર્ણ મુદ્રાઓ સાચવીને રાખી હતી.

યતીન્દ્રવિજયજી કૃત 'શ્રી કયવન્ના ચરિત્રમ્'માં દેવદત્તા ગણિકાનો કૃતપુણ્યના બાબતે અક્કા સાથે ઝઘડો થતાં વેશ્યાવાસ છોડી પોતાના અલંકાર કૃતપુણ્યના ઘરે લાવી. તે વેચી જે ધનરાશિ એકઠી થઈ તેમાંથી વ્યાપાર માટે ધન વાપરવાનો નિશ્ચય થયો.

આવનારની તમામ જવાબદારી સંભાળવામાં તે ઊણાં ઉતરે તેવા નથી. તે વેપાર વણજમાં સુવિધા કરી આપે તેવા છે.'' કૃતપુણ્યે સાર્થવાહ સાથે વેપાર ખેડવા દેશાંતર જવાનું નક્કી કર્યું.

તે પૂર્વે કૃતપુણ્યએ પત્નીઓને સૂચના આપતાં કહ્યું, ''હે ગૃહદેવીઓ ! તમે તમારા આચાર-વિચારમાં અચલ રહેજો. ધર્માચરણમાં તમારા સમયનો સદુપયોગ કરજો. તમારા જેવી બુદ્ધિશાળી અને ચતુર સ્ત્રીઓને વધુ શું કહેવું ?'' બન્ને સ્ત્રીઓએ આંખોમાં ઘસી આવેલાં આંસુઓને રોકી કાર્ય સિદ્ધ કરી શીઘ્ર પધારવાનું કહ્યું.

પરદેશમાં પતિદેવની ક્ષેમકુશળતા જળવાય તે હેતુ ધન્યાએ ધનપતિ સાર્થવાહને યોગ્ય ભલામણ પણ કરી. પતિની તરફેણ કરતાં કહ્યું, ''કાકાજી ! મારા પતિદેવ વ્યવસાયથી અને બહારની દુનિયાના જ્ઞાનથી તદ્ન અજાણ છે. તમે એમને સાથ સહકાર આપજો. ધન કમાવવામાં સહાય કરજો.'' ધન્યા પતિને સાર્થવાહના પડાવમાં મૂકી, ભારે હૃદયે ઘર તરફ વળી.

વહાણ પ્રભાતે હંકારવાનું હોવાથી રાત્રે બે ઘડી વિશ્રામ લેવાના ઈરાદાથી કૃતપુણ્યએ નગરની બહાર એક દેવાલયમાં પ્રવેશ કર્યો. એ દેવાલયમાં ધન્યાએ આપેલા એક જીર્ણ ખાટલા પર કૃતપુણ્ય આડો પડયો. થાકના કારણે તેને મીઠી નિદ્રા આવી ગઈ.

કૃતપુણ્યનો સૌભાગ્યનો સૂર્ય ઝળહળતો હતો તેથી બાર વર્ષનો સમયગાળો સુખ ચેનમાં પસાર થયો. વળી સૌભાગ્યને આડે વાદળું છવાયું. ધન કમાવવા પરદેશ જવું પડયું. જેમ વાદળાનું આવરણ સૂર્યને લાંબો સમય ઢાંકી ન શકે, તેમ કૃતપુણ્યને અલ્પ સમય માટે જ અંધકાર વેઠવાનો હતો. એ જ રાતે અણધાર્યું પુણ્ય પ્રગટ થયું.

સાર્થવાહના પડાવ સાથે દેવાલયમાં શય્યા પર સૂતેલા કૃતપુણ્યને મધ્ય રાત્રિના સમયે આગંતુક અનેરા માન-સન્માન સાથે પોતાના મહેલમાં લઈ ગયા. તે સમયે લોકો નિદ્રાદેવીના ઉત્સંગમાં આરામ લેતા હતા. પક્ષીઓ વૃક્ષો ઉપર પોતાના માળામાં ચૂપચાપ સૂતા હતા. આવી સૂમસામ રાત્રિએ કૃતપુણ્યનું પુણ્ય જાગૃત થયું. કોઈપણ જાતનો વિરોધ કર્યા વિના કૃતપુણ્યએ કુતુહલવશ પોતાનું અપહરણ થવા દીધું. તે વિસ્મયકારી ઘટનાને જોઈએ.

રાજગૃહી નગરીમાં ધનદેવ શેઠની હવેલીમાં અકસ્માત મૃત્યુનો આઘાતજનક કિસ્સો બન્યો. આશ્ચર્યજનક વાત એ હતી કે આ મૃત્યુને છાવરવાનો (ઢાંકપિછોડો) પ્રયત્ન કરવામાં આવ્યો.

ધનદેવ શેઠ રાજગૃહી નગરીના પ્રતિષ્ઠિત વ્યાપારી હતા. તેમની [૧]**રૂપવતી** નામની સુંદર પત્ની હતી. તેમનો **જિનદત્ત** નામનો પુત્ર હતો. તે સૌંદર્યવાન, પ્રતિષ્ઠિત અને ધર્મનિષ્ઠ હતો. ખાનદાન કુળની ચાર સ્વરૂપવાન કન્યાઓ સાથે તેના પાણિગ્રહણ થયા. ધનદેવ શેઠની હવેલીમાં પરિવારજનો સ્વર્ગ સમા સુખ વિલસી રહ્યાં હતાં. આ પૂર્વની પુણ્યાઈનું આ ફળ હતું.

પુણ્યનો સૂર્ય ઝગારા મારતો હતો ત્યાં અચાનક દુ:ખના ઓળા ઉતર્યા. ઉપાર્જન કરેલા કર્મો ક્યારે ત્રાટકશે, ક્યારે જીવન આંધીમાં ફંગોળાઈ જશે, તેનો અણસાર પામર માનવી ક્યાંથી પામી

૧.શેઠનું નામ ધનદ શેઠ અને શેઠાણીનું નામ ધનદેવી હતું. (કયવન્નશેઠ યાને માયાનો ચમત્કાર)

શકે ?

ધનદેવ શેઠના સૌભાગ્યનો સૂર્ય પ્રતાપી રહ્યો હતો ત્યાં અચાનક દુર્ભાગ્યના શ્રીગણેશ મંડાયાં. વિધિની વક્રતા જુઓ, શેઠનો એકનો એક જુવાનજોધ દીકરો જિનદત્ત [૧]અલ્પ માંદગી ભોગવી મૃત્યુ પામ્યો. જિનદત્તને કોઈ સંતાન ન હતું. અકાળે પુત્રની જીવન જ્યોત બુઝાઈ જતાં શેઠના પરિવાર ઉપર કાજળ-કાળા ઓછાયા ઉતરી આવ્યાં. પત્નીઓને માથે આભ ફાટી પડ્યું. શેઠ-શેઠાણીને વારસદારની ચિંતા કોરી ખાતી હતી કારણકે તે સમયની રાજનીતિ અનુસાર તેમની સઘળી સંપત્તિ રાજા ખાલસા કરે તેમ હતા. શેઠાણીએ પુત્રવધૂઓની દિલની લાગણીનો અંશ માત્ર વિચાર કર્યા વિના જ સંપત્તિના બચાવ માટે નિર્ણય લીધો કે, ''જુઓ, જિનદત્ત ચાલ્યો ગયો છે. હવે તે રડવા કૂટવાથી પાછો આવવાનો નથી. જિનદત્તનો પુત્ર ન હોવાથી આ નગરનો રાજા અપુત્રિયાનું ધન જપ્ત કરશે એવી ભીતિથી દોલત લુંટાઈ ન જાય તે માટે કોઈએ પણ આંખમાં આંસુ ન લાવવાં. અત્યારે આ શબને જમીનમાં દાટી દઈ અપમૃત્યુની ઘટનાને દાબી દઈએ.'' રૂપવતી શેઠાણીનો પુત્રવધૂઓ પર જબરો કાબૂ હોવાથી તેઓ કોઈ કંઈ ન બોલી શકી.

જો કે ધનદેવ, રૂપવતી અને પુત્રવધૂઓ માટે આંખના ઘસમસતા આંસુ ખાળવા તે કપરું કાર્ય હતું, છતાં અર્થની લાલસાએ તેઓએ આંખના આંસુ અને વેદનાને દબાવી દીધાં. જિનદત્તના અણધાર્યા મૃત્યુનો શોક પાળવાનો અભિગમ મુલતવી રાખવામાં આવ્યો.

હવે ધનદેવ શેઠ-શેઠાણી લક્ષ્મીની સુરક્ષા માટે બીજા કોઈ નવયુવાનને દીકરા તરીકે શોધવાના વલણમાં હતા. તેમણે આ જટીલ કાર્ય પોતાના અંગત વિશ્વાસુ અને કાર્યદક્ષ [૨]મુનીમને સોંપ્યું. ''મુનીમજી ! આ કાર્ય ખૂબ ગંભીરપણે કરવાનું રહેશે. જ્યાં સાર્થવાહ ધનપતિનો પડાવ છે ત્યાં જઈ કોઈ નવયુવાનનું અપહરણ કરી અહીં લઈ આવો, જેને રાજવી સમક્ષ પુત્ર તરીકે ખતવી શકાય. આ કાર્ય આજે રાત્રે જ પૂરું થવું જોઈએ. કેમકે કાલે આ સાર્થ પરદેશનો પ્રવાસ ખેડવાનો છે. આ કાર્યમાં તમે કરી શકશો. તમારી સાથે શેઠાણી અને પુત્રવધૂઓ બંધ રથમાં આવશે.''

કર્તવ્યનિષ્ઠ મુનીમે પવનવેગી અશ્વરથ તૈયાર કર્યો. મધ્યરાત્રિના સમયે [૩]શેઠાણી અને તેમની ચાર પુત્રવધૂઓ બંધ રથમાં બેસી વણઝારાનાં પડાવ પાસે આવ્યા. મુનીમે રથ વણઝારાના પડાવથી થોડો દૂર ઉભો રાખ્યો.

સુમસામ ભયંકર રાત્રિના સમયે હાથમાં દીપક લઈ શેઠાણી અને પુત્રવધૂઓ ધનપતિ

---

૨. સર્પડંસથી મૃત્યુ પામ્યો - કયવન્ના શેઠ યાને માયાનો ચમત્કાર.

૩. શેઠાણીએ સ્વયં નવયુવાન શોધવાનું કાર્ય કર્યું. (ભરતેશ્વર બાહુબલિની વૃત્તિ)

૩. રૂપવતી શેઠાણીની પ્રેરણાથી ચારે પુત્રવધૂઓ દેવાલયમાં સાસુ સાથે રાત્રિના સમયે આવી. શેઠાણીએ ખાટલા ઉપર સૂતેલા તેજસ્વી અને રૂપાળા પુરુષને દીવાના પ્રકાશમાં જોયો. સાસુએ કુલીન પુરુષ જાણી પુત્રવધૂઓને ઈશારો કર્યો. ચારે પુત્રવધૂઓ નાજુક હોવા છતાં સાસુના રૂબાબથી મૌન સેવી, પગનો અવાજ કર્યા વિના જ ખાટલા સહિત પુરુષને ઉપાડી હવેલીમાં લાવી. (કયવન્ના શેઠ, લે. વિમલકુમાર ધામી)

સાર્થવાહના પડાવ સ્થાને આવ્યા. પુત્રવધૂઓએ પગની સપાટો કાઢી રથમાં મૂકી દીધી. દીપકના પ્રકાશમાં શોધતી શોધતી શેઠાણી દેવાલયમાં પ્રવેશી. ત્યાં ફાટેલી તૂટેલી ગોદડી પાથરેલા ખાટલામાં સૂતેલા ભવ્ય અને કુલીન દેખાતા કૃતપુણ્ય પર શેઠાણીની નજર પડી. કૃતપુણ્યનો ચહેરો ચમકી રહ્યો હતો. શેઠાણીને તેને મહેલમાં લઈ જવાની સનક ઉપડી. શેઠાણીએ નવયુવકને મૂર્છિની ચૂર્ણ સુંઘાડ્યું. શેઠાણીએ વહુઓને ઈશારો કર્યો. ચારે વહુઓએ કૃતપુણ્યને ખાટલા સહિત ઉપાડી બંધ રથમાં નાખ્યો. મુનીમે પવનવેગી અશ્વરથ શેઠની હવેલી તરફ દોડાવી મૂક્યો.

શેઠની હવેલીમાં ચારે પુત્રવધૂઓ રાત્રિના સમયે કૃતપુણ્યને લઈને આવી. શેઠે પહેલેથી ઘરની વાત ક્યાંય બહાર ન જાય તે હેતુથી દાસ-દાસીઓને રજા આપી દીધી હતી. ચારે પુત્રવધૂઓએ કૃતપુણ્યને ઉંચકી આયનાખંડમાં સુવડાવ્યો. કૃતપુણ્યની વસ્તુઓ (ભાંગેલો ખાટલો, ધન રાખવાની કોથળી (વાંસળી) ફાટેલી ગોદડી તથા સાથે રહેલો સામાન) સાચવીને એક ખંડમાં મૂકવામાં આવી.

મુનીમજીએ વહેલી સવારે પેઢી પર વાત વહેતી મૂકી કે, ''જિનદત્ત શેઠ જરૂરી કામ આવી પડતાં પરદેશ ચાલ્યા ગયા છે. ત્યાં લાંબો સમય રોકાવાના છે.'' વાત વાયરે ઉડી. વાતે વંડીઓ ઠેકી દિવાલો પર કૂદકા માર્યા. વાત ઘેર ઘેર અને ઠેર ઠેર પહોંચી ગઈ.

ચારે પુત્રવધૂઓને શેઠાણીએ કડક આદેશ આપ્યો કે, ''રાત્રે જે વ્યક્તિને અહીં લાવવામાં આવ્યો છે તે તમારો પતિ જિનદત્ત છે તેવું માની લેવું. તેની સાથે પતિ જેવો ગાઢ સ્નેહભર્યો વ્યવહાર કરવો. વંશ પરંપરાની રક્ષા માટે નિયોગ દ્વારા પ્રજોત્પત્તિ કરી ધર્મની રક્ષા કરો. હું જે કાંઈ કરું છું તે આપદ્‌ધર્મ ગણાય તેથી કોઈએ તેનો વિરોધ ન કરવો. હું પણ તેની પ્રત્યે પુત્ર જેવો સ્નેહ બતાવીશ જેથી તે પોતાની વીતક જ ભૂલી જશે.'' શેઠાણીની પિશાચિની જેવી માંજરી આંખો અને કઠોર મુખમુદ્રા જોતાં તે રમણીઓને ભય ઉપજતો હતો એટલે તેનાં વેણ નમ્રપણે સાંભળી અનુસરતી હતી.

એકાંત મળતાં જ ચારે સ્ત્રીઓ પરસ્પર વાતો કરવા લાગી. એકે કહ્યું, ''બહેન ! આ તો ગજબ થયો. શું પરાયા પુરુષને પતિ બનાવવો ? મને આ વાત ધર્માનુકૂલ નથી જણાતી.''

બીજી સ્ત્રીએ કહ્યું, ''અરે ! આ કઈ રીતે બની શકે ? એક જીવનમાં બે-બે પતિ ? કુલીન સ્ત્રી કદી એક ભવમાં બે પતિ ન કરે ? શું આપણે નીચ કુળમાં ઉત્પન્ન થયા છીએ કે ગમે તે પુરુષ સાથે સંસાર માંડીએ ?''

ત્રીજી સ્ત્રીએ કહ્યું, ''બહેન ! આ બધું તો ઠીક છે પરંતુ સાસુની ઈચ્છા વિરુદ્ધ વર્તન કરવામાં મોટી મુશ્કેલી ઊભી થાય તેમ છે. તેમની સામે મુખ ખોલવાની કોઈની હિંમત છે ખરી ? તો પછી આટલી મોટી વાત કરવાની હિમ્મત ક્યાંથી આવશે ?''

ચોથી સ્ત્રીએ કહ્યું, ''બહેન ! તમારી વાત તદ્‌ન સત્ય છે. આપણે સાસુ સામે એક હરફ પણ ઉચ્ચારી શકીએ એમ નથી.''

ચારે સ્ત્રીઓ આ પ્રમાણે વાર્તાલાપ કરતી હતી ત્યાં શેઠાણી પહોંચી આવ્યા. ઓરડામાં સન્નાટો છવાયો. ચારે સ્ત્રીઓ મૌન બની ગઈ. શેઠાણીએ ધારી લીધું કે ચારે વહુઓ એકઠી થઈ કંઈક

વિચાર કરે છે. શેઠાણી તાડૂકી, ''ખબરદાર ! જો કોઈએ એકાંતમાં મને પૂછ્યા વિના નિર્ણય કર્યો છે તો. જે કહેવું હોય તે મારી સમક્ષ કહો. મારી ઈચ્છા વિના એક પગલું ભરવું તમારા માટે અનુચિત છે, તેથી સંસારના વ્યવહારની ગતાગમ તમને ન હોય. જો અપવાદ ધર્મનો ખ્યાલ રાખી પિતૃવંશની રક્ષા નહીં કરીએ તો આપણને અનાજનો દાણો પણ ખાવા નહીં મળે, તેથી મારો બતાવલો ઉપાય યોગ્ય છે. તમે પણ તે પુરુષ પાસે જઈ તેને પતિ જેવો પ્રેમ આપો. તમારા ભરપૂર સ્નેહ અને આદરથી તે પોતાનો ભૂતકાળ ભૂલી જશે. મારી આજ્ઞાનો સ્વીકાર કરવામાં જ તમારી ભલાઈ છે.'' ચારે સ્ત્રીઓ શયનખંડમાં ચાલી ગઈ.

કૃતપુણ્ય પ્રભાતે જ્યારે તંદ્રામાંથી જાગૃત થયો ત્યારે સંકલ્પ-વિકલ્પમાં ખોવાઈ ગયો. ચારે બાજુ જોવા લાગ્યો. ન તૂટેલો ખાટલો હતો, ન પડાવ હતો. તે એક ભવ્ય મહેલમાં હતો. ચાર સ્ત્રીઓ ખાટલાની આસપાસ ગોઠવાયેલી હતી. તે ટગર ટગર કૃતપુણ્યને જોઈ રહી હતી.

એટલામાં મહેલમાંથી એક પ્રૌઢા દોડતી દોડતી બહાર આવી. તે '**વીરદત્ત**... વીરદત્ત' બોલતી કૃતપુણ્યને વળગી પડી. તેણે ઉપજાવી કાઢેલી પ્રપંચી કથા કહેતાં કહ્યું, ''વીરદત્ત ! જન્મ પછી તારું તરત જ અપહરણ થઈ ગયું હતું. આજ વર્ષો પછી 'દેવ સંકેતિત' તારો ભેટો થયો છે. બેટા ! એક બાજુ તારા ભાઈ જિનદત્તનું મૃત્યુ થયું તો બીજી બાજુ તારો ભેટો થયો. નસીબ પણ કેવી સંતાકૂકડી રમે છે ! બેટા ! તારા આવવાથી હું માનીશ કે, જિનદત્તનું મૃત્યુ થયું જ નથી.''

કૃતપુણ્ય કંઈક વિચારે ત્યાં તો ધનદેવ શેઠ આવી પહોંચ્યા. ''બેટા વીરદત્ત ! તું ક્યાંથી ?'' એવું બોલી કૃતપુણ્યને ભેટી પડ્યા. ''બેટા ! આટલા વર્ષો ક્યાં હતો ? તારો નાનો ભાઈ જિનદત્ત મૃત્યુ પામ્યો હોવા છતાં, તારા રૂપે જિનદત્ત અમને પાછો મળી ગયો છે.''

કૃતપુણ્ય ચકળવકળ નયને મહેલની સમૃદ્ધિ નિહાળી રહ્યો. 'શેઠનો જિનદત્ત નામનો પુત્ર મૃત્યુ પામ્યો છે. શેઠ પોતાની ઋદ્ધિ-સિદ્ધિ બચાવવા મને પુત્ર બનાવવા ઈચ્છે છે.' એવું ચતુર કૃતપુણ્યને ચોખ્ખું ચણાક સમજાઈ ગયું પરંતુ પોતે ક્યાં અને કયા સ્થળે છે તે જાણી શકતો ન હતો.

કૃતપુણ્યને પોતાના ભાગ્ય પર હસવું આવ્યું. 'પરદેશ પ્રવાસમાં કષ્ટ વેઠવાની પળો આવી ત્યાં જ ધનિક શેઠના પુત્ર બનવાનું સૌભાગ્ય આકાશમાંથી ઉતરી આવ્યું. શેઠ ભલે બનાવટ કરે, મારે આ તકને વધાવી લેવી જોઈએ.' અવસર પારખુ કૃતપુણ્યે સમયસૂચકતા વાપરી કહ્યું, ''પિતાજી ! આપના પ્રશ્નનો હું સંતોષકારક ઉત્તર આપી શકું એમ નથી કારણકે અત્યારે મને કંઈ યાદ નથી. હું રાત્રિના સમયે સાર્થવાહના પડાવમાં સૂતો હતો. ત્યાર પછી શું થયું ? હું અહીં કેમ પહોંચ્યો ? મને શા માટે અહીં લઈ આવવામાં આવ્યો ? તે હું જાણતો નથી.''

''બેટા ! અતિ દુઃખ કે અતિ સુખના કારણે સ્મરણશક્તિ પર પડદો આવવાથી યાદ ન આવે તે સહજ છે. તારું વર્ષો પૂર્વે જન્મતાની સાથે અપહરણ થયું હતું. કુળદેવીનો સંકેત થવાથી તને અહીં લાવવામાં આવ્યો છે. તું આ મહેલની તમામ રિદ્ધિ-સિદ્ધનો માલિક છે. કુળદેવીના સંકેતાનુસાર આ

ચારે પુત્રવધૂઓનો પણ તેમાં સમાવેશ થાય છે. **ચિત્રાંગદા, લવંગીકા, દીપિકા** અને **માધવી** સાથે તારે સ્વામી બની ભોગવટો કરવાનો છે. આ ઘરના આંગણાને બાળ કિલ્લોલથી ગુંજતું કરવાનું છે.''

કૃતપુણ્યએ પરિસ્થિતિનો સ્વીકાર કર્યો. માતા-પિતા તરીકે સહર્ષ સ્વીકારી નમન કરી કૃતપુણ્યનું પુણ્ય વીરદત્ત તરીકે રાજગૃહીમાં ફેલાતું ચાલ્યું. તેના સૌભાગ્યમાં અનંગસુંદરીની જેમ ધનદત્ત શેઠની ચાર પુત્રવધૂઓ સાથે રંગરાગ ભોગવવાનું નિર્માણ થયેલું હતું. કૃતપુણ્યના સૌભાગ્યનો પુણ્યોદય પુનઃ જાગૃત થયો. વિધિએ તેની સાથે અનેરી રમત આદરી હતી.

રાત સરી જતાં પ્રભાતના પડઘમ વાગ્યા. કુકડા બોલ્યા. ઉદયાચળના પહાડ ઉપરથી સૂર્યનારાયણની છડી પોકરાણી. પ્રભાત ઉઘડી ગયું. કૃતપુણ્યનો ઉઠવાનો સમય થતાં ચારે સુંદર અને કોમલાંગી સ્ત્રીઓ ગૃહિણીની જેમ તેની સરભરામાં ખડે પગે હાજર થઈ. તેમણે પ્રીતનાં પાથરણા પાથર્યા. ચિત્રાંગદા મુખ પ્રક્ષાલનનાં સાધનો લાવી. લવંગીકાએ અંગલૂછણા વડે કૃતપુણ્યનું મુખ લૂછ્યું. દીપિકાએ શય્યા પાસે ઉભી રહી મયૂર પીંછના સોનાની દાંડીવાળા વીંઝણા વડે વાયુ વીંઝ્યો. માધવીએ અલ્પાહાર કરાવવા ચાંદીનો થાળ મૂક્યો. થાળમાં કેસર, બદામ, પીસ્તાવાળું ઉષ્ણ દૂધ, મેવા-મીઠાઈ અને અનેક ખાદ્ય સામગ્રીઓ શિરામણમાં પીરસી અને જમ્યા પછી મુખવાસ આપ્યો.

ઘરની વાત બહાર ન જાય તે હેતુથી શેઠાણીએ નોકર-ચાકરોને રજા આપી દીધી હતી તેથી દરેક કાર્ય અપ્સરા જેવી સ્ત્રીઓ સ્વયં કરતી હતી. સ્નાનાગારમાં સુવર્ણયુક્ત બાજોઠ ઉપર બેસાડી સમઉષ્ણ અને સુગંધી જળ વડે સ્નાન કરાવતી. સુગંદી તેલ વડે દેહમર્દન કરતી. સ્નાન બાદ અંગ લૂછવા વસ્ત્ર આપતી. કિંમતી વસ્ત્રો પહેરાવતી. ત્યાર પછી લલાટે કેસરનું તિલક કરતી.

કૃતપુણ્ય સ્ત્રીઓ સાથે સુવર્ણના હિંડોળે હીંચતો હતો. તે અનુપમ સૌંદર્ય ધરાવતી સ્ત્રીઓ સાથે, વૈભવ વિલાસભર્યા વાતાવરણ વચ્ચે અપાર સાહ્યબી ભોગવી રહ્યો હતો. અપાર સુખના કારણે કૃતપુણ્યએ પૂર્વ પ્રીતના સંભારણા ખંખેર્યા.

ચારે સ્ત્રીઓ સાચોસાચ કૃતપુણ્યની પત્ની બની ગઈ હતી. લગ્નગ્રંથીથી જોડાયેલા પતિની જેમ ખુલ્લા દિલથી સ્ત્રીઓ સાથે કૃતપુણ્ય વર્તવા લાગ્યો. ચારે સ્ત્રીઓ પણ પત્નીધર્મ બજાવી સેવામાં તત્પર રહેતી હતી. અરસપરસ પ્રેમની સરવાણી ફૂટી નીકળી. સંગીત શ્રવણ કરવામાં અને ચોપાટ રમવામાં તેમનો દિવસ વ્યતીત થઈ જતો.

કૃતપુણ્યને મહેલની બહાર જવા દેવામાં ન આવતો. તે ક્યારેક જિજ્ઞાસાવશ પૂછતો ત્યારે સ્ત્રીઓ પ્રથમથી જ શીખવાડેલું બોલતી, ''આપના કોમળ અંગ પર તડકો ન પડે, બહારના કલુષિત વાતાવરણની અસર ન થાય, કોઈની કુદષ્ટિ ન પડે, સુખમાં વિક્ષેપ ન થાય તેવી શુદ્ધ ભાવનાથી અમે તમને બહાર નથી જવા દેતા.'' આવું કહી કૃતપુણ્યની વાતને તેઓ ટાળી દેતી.

દસકા જેટલો સમય વીતી ગયો. ચારે પુત્રવધૂઓ માતા બની ચૂકી. દેવકુમાર જેવા પૌત્રોને જોઈ ધનદેવ શેઠ ખુશખુશાલ બની ઉઠતા. કૃતપુણ્ય ચારે પુત્રોને અનહદ પ્રેમ કરતો હતો. બાળકોના કિલ્લોલથી હવેલી ગુંજી ઉઠી.

સમય પાંખો લગાવીને ઉડતો રહ્યો. બાર વર્ષના વહાણા વાઈ ગયા. ધનદેવ શેઠે લોકમુખે સાંભળ્યું કે ધનપતિ સાર્થવાહ બે દિવસમાં રાજગૃહી નગરીમાં પડાવ નાખવાનો છે. વીરદત્તને ખસેડવાની સુવર્ણ તક સાધી લેવાની પૂર્વ ભૂમિકા સર્જવા ચારે પુત્રવધૂઓને શેઠ-શેઠાણીએ એકાંતમાં બોલાવી વિચાર વિમર્શ કરતાં કહ્યું,

''જુઓ, વીરદત્તને જે સ્વાર્થ સાધવા આપણે અહીં લઈ આવ્યા હતા, એ સ્વાર્થ તમને ચારેને માતૃત્વ મળી જતાં સિદ્ધ થઈ ચૂક્યો છે. રાજા આપણું ધન પચાવી પાડે એવો ભય પણ હવે રહ્યો નથી તેથી હવે વીરદત્તને આપણા ધનનો ભાગીદાર બને તે પૂર્વે કાલે રાતના ઉપાડી પાછો સાર્થ ભેગો કરવાનો છે. આ વાત પેટમાં (ગુપ્ત) જ રાખજો.'' છેતરપીંડીનું આ નવું નાટક જોઈ ચારે સ્ત્રીઓ સ્તબ્ધ બની ગઈ. લાચાર સ્ત્રીઓ સાડીના છેડેથી આંસુ લૂછવા લાગી.

કૃતપુણ્યે પ્રેમાળ ભાષા અને આનંદી સ્વભાવના કારણે ચારે સ્ત્રીઓના હૃદયમાં મજબૂત સ્થાન મેળવ્યું હતું. તિજોરીનું તાળું તોડવું સહેલું છે પણ કોઈના પ્રેમ-વિશ્વાસને તોડવો સહેલો નથી. સ્વાર્થાંધતાનું નાટક ભજવાતું જોઈ ચારે પુત્રવધૂઓ ઉકળી ઉઠી પરંતુ અસંમતિ કે સત્યાગ્રહનો અવાજ ઉઠાવવો નિરર્થક હતો. ચંડિકા સ્વરૂપ શેઠાણીની ધાકધમકી આગળ પુત્રવધૂઓ મૌન બની ગઈ. તેમના ચહેરા પર વિષાદ છવાયો. જમાનાના ખાધેલા શેઠથી તે અજાણ ન હતું પરંતુ શેઠ-શેઠાણી વીરદત્તને વળાવી આવવાના નિર્ણયમાં અડગ હતા.

શેઠ-શેઠાણીની વિદાય પછી પુત્રવધૂઓ એકાંતમાં એકઠી થઈ. તેમના અંતરમાં ક્રોધાનલ ભભૂકી ઉઠ્યો પરંતુ લાચાર હોવાથી કંઈ કરી શકે તેમ ન હતી. અંતે ચારે પુત્રવધૂઓએ ટાઢીબોળ બની નિર્ણય કર્યો કે, 'ભાતા નિમિત્તે બનાવેલા મોદકમાં અમૂલ્ય રત્નો ગુપ્ત રીતે છૂપાવી કૃતપુણ્યને આપી તેમના ઉપર ઉપકાર કરવો.'

બીજે દિવસે ચાર મોટા મોદક ગુપ્ત રીતે તૈયાર કરી એક થેલી (વાંસળી)માં ભર્યા. કૃતપુણ્યના ભોજનમાં સંધ્યા સમયે ઘેન ભેળવવામાં આવ્યું, તેથી ભોજન કર્યા પછી તે ઘસઘસાટ ઊંઘી ગયો. પુત્રવધૂઓએ છુપાઈને તેના ખેસના છેડે રત્નગર્ભિત મોદકની થેલી બાંધી દીધી.

રાત્રિનો અંધકાર જામતો ગયો. મુનીમે રથ તૈયાર કર્યો. શેઠાણી અને ચારે વહુઓ રથમાં બેઠી. કશો ફોડ પાડયા વિના ઘસઘસાટ ઘોરતા વીરદત્તને ઉપાડી ગોદડી પાથરી ખાટલામાં સુવડાવ્યો. મુનીમે ખાટલો ઉપાડી રથમાં મૂક્યો. રથને સાર્થના ડેરાની દિશામાં હાંકી મૂકયો. સાર્થવાહનો પડાવ આવ્યો ત્યાં રથ ઉભો રહી ગયો. જ્યાંથી બાર વર્ષ પૂર્વે વીરદત્તને અપહરણ કરી લાવવામાં આવ્યો હતો, ત્યાં જ તેના તૂટેલી ફૂટેલી ગોદડીવાળા ખાટલા પર સુવડાવવામાં આવ્યો. મુનીમ, શેઠાણી અને પુત્રવધૂઓ કાર્ય પૂર્ણ કરી પાછા વળ્યા.

સુખનું સામ્રાજ્ય સ્વપ્નની જેમ વિખેરાઈ ગયું. આ બાર વર્ષના ગાળામાં કૃતપુણ્યએ કદી પોતાની ધન્યાને યાદ પણ કરી ન હતી. શેઠે સવાર પડતાંની સાથે વીરદત્તની અણધારી વિદાયના સમાચાર નગરમાં ફેલાવ્યા. વીરદત્તની હકાલપટ્ટીને શેઠે 'ભાગેડુ વૃત્તિ' તરીકે ખતવી પોતાની રચેલી

વ્યૂહરચનામાં સફળ બન્યા. વીરદત્તના પ્રશ્ન પર પડદો નાખી દેવા શેઠે નગરજનો અને કુટુંબીજનોની સમક્ષ કુળદેવીની માયાજાળ બિછાવતાં કહ્યું,

''કુળદેવીએ મને જણાવ્યું તે ખૂબ જ આશ્ચર્યકારી છે. દેવીએ કહ્યું કે, જન્મતાની સાથે અપહૃત થયેલું તમારું બાળક તો ક્યારનું સ્વર્ગવાસી થયું છે. તમારા હિત માટે મેં બીજા જ કોઈને 'વીરદત્ત' ખતવી આટલા દિવસ અહીં રાખ્યો હતો. બાર વર્ષ દરમિયાન 'વીરદત્ત' દ્વારા જે કાર્ય કરાવવાનું હતું તે કરાવી લીધા બાદ મેં જ તેને ભાગી જવા માટે વિવશ કર્યો છે. તેની ચિંતા કરશો નહીં. પુનઃ આનંદથી જીવન જીવો.''

કુળદેવીની વાત જાહેર કરતાં સ્વજનો અને લોકો શાંત થઈ ગયા. શેઠ મૂછ પર તાવ દેતા મનોમન ખુશ થવા લાગ્યા. નાટક આબાદ ભજવાઈ ગયું અને વારસદારની પ્રાપ્તિ પણ થઈ ગઈ! ખરેખર! સાગરનો તાગ મેળવી શકાય, આકાશની અમાપતાને પણ અંદાજી શકાય પરંતુ કપટી મનુષ્યોના અસલ સ્વરૂપને ઓળખવું અતિ દુઃષ્કર છે!

બીજી બાજુ ધન્યાને અચાનક મહેલના ભોંયરામાંથી સુવર્ણનિધિ મળ્યો. હજાર સોનામહોરો કૃતપુણ્યને અપાઈ ગઈ હતી. અણીના અવસરે સુવર્ણનિધિ પ્રાપ્ત થતાં ધન્યાની ચિંતા દૂર થઈ ગઈ. તેનું જીવન પલટાઈ ગયું. ધન્યાએ પ્રતાપી પુત્રને જન્મ આપ્યો. ગર્ભસ્થ કાળમાં ધન્યાએ પુણ્ય કાર્યો કરવાના મનોરથ જાગ્યા તેથી તે બાળકનું નામ '[૧]**પુણ્યનિધિ**' રાખ્યું. ધન્યા પુત્રને ઉછેરવામાં ખોવાઈ ગઈ. પુણ્યનિધિના હસતા મુખને જોઈ ધન્યાને કૃતપુણ્યના વિયોગમાં આશ્વાસન મળવા લાગ્યું.

દિવસો, મહિના અને વર્ષો પસાર થઈ ગયા. બાર બાર વર્ષનો સમય વીતવા છતાં, કૃતપુણ્ય તરફથી કોઈ પત્ર-સંદેશો ન મળ્યો. એક દિવસ ધન્યાને આશાપ્રદ સમાચાર સાંભળવા મળ્યા. 'ધનપતિ સાર્થવાહ રાજગૃહી નગરીમાં બાર વર્ષે પાછો આવી રહ્યો છે.' આ સમાચાર સાંભળી ધન્યાનું મન નાચી ઉઠ્યું. 'સાર્થવાહ સાથે પતિદેવ પણ કમાણી કરી પાછા ફરશે,' એ વિચારે ધન્યા રોમાંચિત બની ઉઠી. ધન્યા આખી રાત પડખા ઘસતી રહી. એણે ઊંઘનું મટકુંયે ન માર્યું.

ધન્યા વહેલી પ્રભાતનો ઝાંખોપાંખો ઉજાસ થતાં જ સાર્થવાહના પડાવે પહોંચી ગઈ. આશાભરી આંખે આમતેમ જોવા લાગી. ત્યાં જ ખાટલા પર સૂતેલા કૃતપુણ્યના દર્શન થતાં તેનું મન મયૂર નાચી ઉઠ્યું. ધન્યા વિસ્મયભરી નજરે કૃતપુણ્યને જોઈ રહી.

સૂર્યદેવનું આગમન થતાં કૃતપુણ્યની આંખો ઉઘડી. પ્રભાતના સમયે કૃતપુણ્ય વિસ્મય અનુભવી રહ્યો હતો. આંખ ખુલતાં જ જુદું જ દશ્ય નજરે પડ્યું હતું. ધન્યાને જોઈ તેને વધુ આશ્ચર્ય લાગ્યું. તેને ક્ષણવારમાં સમજાઈ ગયું કે, 'ધનદેવ શેઠ અને શેઠાણીએ મને ભ્રમમાંથી બેવકુફ બનાવવાનો બાલિશ પ્રયાસ કર્યો. ઋદ્ધિ-સિદ્ધિ પચાવી ન પાડે તે શંકાથી જ શેઠે મને છૂટો કર્યો છે.'

---

૧. કૃતપુણ્યના પુત્રનું નામ ધન્યાએ 'સુદર્શન' રાખ્યું. (કયવન્ના શેઠ, લે. વિમલકુમાર ઘામી, પૃ. ૨૨૧)
ભરતેશ્વર બાહુબલિની વૃત્તિમાં કૃતપુણ્યના પુત્રનું નામ આપ્યું નથી. યતિન્દ્રવિજયજી કૃત 'શ્રી કયવન્ના ચરિત્રમ્'માં કૃતપુણ્યના પુત્રનું નામ' પુણ્યનિધિ' છે.

થોડી જ પળોમાં સ્વસ્થ થઈ તેણે ધન્યાને ક્ષેમકુશળતા પૂછી. ધન્યાએ આસપાસ નજર કરી. કંઈ ન દેખાયું તેણે મનમાં વિચાર કર્યો 'સ્વામીનાથ પરદેશ જઈ કમાયા વિના પાછા આવ્યા લાગે છે. કંઈ વાંધો નહીં. મારે મન તો સ્વામીનાથ હેમખેમ પાછા આવ્યા તે જ મોટી કમાણી છે. અત્યારે તે અંગે કોઈ વાતચીત નથી કરવી.' [1]ધન્યા કૃતપુણ્યને પોતાના મહેલ ભણી તેડી લાવી. બન્ને સ્ત્રીઓએ પતિનો સત્કાર કર્યો.

હવેલીમાં પ્રવેશતાં જ રૂપ રૂપના અંબાર સમા બાળક પર નજર પડી. ધન્યાએ પિતા અને પુત્રને પરિચય કરાવ્યો. બાળક 'પિતાજી...' કહી દોડીને બાથે વળગ્યો. કૃતપુણ્યે પુત્રને હૈયા સરસો ચાંપ્યો. પિતા-પુત્રના મિલનથી અનેરી પ્રસન્નતા છવાઈ ગઈ.

પુણ્યનિધિ બહાર રમવા ગયો. પતિ-પત્ની પોતાના ભૂતકાળને વાગોળી રહ્યાં હતાં. ત્યાં પુણ્યનિધિ ઘરે પાછો આવ્યો. તે શાળામાં જવા નીકળ્યો. તેણે ખાવા માટે સુખડી માંગી. કૃતપુણ્યએ ખેસના છેડે બાંધેલી ગાંઠ છોડી તેમાંથી લાડુ કાઢી પુત્રને આપ્યો. લાડુ લઈ પુણ્યનિધિ શાળામાં ગયો. શાળામાં છુટ્ટી પડતાં તેણે મિત્રોને લાડુ ખાવા બોલાવ્યા. તેણે જેવા મોદકના બે ટુકડા કર્યા, ત્યાં જ તેમાંથી ઝગારા મારતું રત્ન બહાર નીકળ્યું.

ચમકતી વસ્તુને જોઈ કંદોઈના પુત્રએ તેને તરાપ મારી ઉપાડી લીધું અને રત્ન લઈ દોડયો. પોતાની વસ્તુ મેળવવા પુણ્યનિધિ તેની પાછળ દોડયો. થોડો દૂર જઈ તે બાળક પોતાની દુકાનમાં ચાલ્યો ગયો. પુણ્યનિધિ રડતો રડતો તેની પાછળ ગયો. કંદોઈએ પુત્રના હાથમાં એક બહુમૂલ્ય રત્ન જોયો. કંદોઈએ તે રત્ન રડતા પુણ્યનિધિના હાથમાં મૂક્યો.

પુણ્યનિધિ અવારનવાર કંદોઈની દુકાને મીઠાઈ લેવા જતો હતો. કંદોઈએ લાલચમાં આવી રત્ન પડાવી લેવા પુણ્યનિધિને ફોસલાવતાં કહ્યું, ''લાડુમાંથી જે ચળકતો પથ્થર નીકળ્યો, એ મને બતાવ. તેના બદલામાં હું તને મીઠાઈ આપીશ.'' પુણ્યનિધિએ એ પથ્થર કંદોઈને આપ્યો. કંદોઈના હાથમાંથી અચાનક છટકી એ પથ્થર પાણીના એક પાત્રમાં પડયો. પથ્થર પડતાં જ પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું. કંદોઈ બોલી ઉઠયો, ''ઓહ! આ તો જલકાંતમણિ!'' અમૂલ્ય જલકાંતમણિ હાથમાં આવ્યા બાદ કંદોઈએ વહાલથી પુણ્યનિધિને કહ્યું, ''આ પથ્થર મને આપી દે. તેના બદલામાં હું તને રોજ ભાવતી મીઠાઈ આપતો રહીશ.'' પુણ્યચનિધિ ખુશ-ખુશાલ થઈ ગયો. બાળકે મીઠાઈના લોભમાં પથ્થર સમજી કિંમતી રત્ન કંદોઈને આપી દીધું. પુણ્યનિધિએ આ વાત મા-બાપને ન કરી. કંદોઈએ પુણ્યનિધિને ફોસલાવી રત્ન ઝૂંટવી લીધું.

રત્ન ઝૂંટવી લેવા છતાં તે કંદોઈના ભાગ્યમાં વધુ સમય ન રહી શક્યું. કૃતપુણ્યના સૌભાગ્યને ભૂંસવામાં કંદોઈને સફળતા ન મળી.

મગધની રાજધાની રાજગૃહી હતી. મહારાજા શ્રેણિક રાજ્ય કરતા હતા. તેમના પુત્રનું નામ

---

૧. દેવાલયના પૂજારીએ કૃતપુણ્યને ઓળખી લીધો. તેણે કૃતપુણ્યને તેના ઘરે પહોંચાડયો. (યતીન્દ્રવિજયજી કૃત કયવન્ના ચરિત્રમ્)

અભયકુમાર હતું. જેમની બુદ્ધિની તોલે કોઈ ન આવે. મગધનરેશ શ્રેણિકની પાસે ગજરત્ન ગજાધિરાજ **સેચનક** હતો. જે મગધના ઈતિહાસનો અવિભાજ્ય અંગ બન્યો હતો. તેણે મહાયુદ્ધો જીત્યાં હતાં. તેમજ આ ગજરત્નને કારણે અનેક સંઘર્ષો પણ ખેલાયા હતા. મગધનરેશ શ્રેણિકને તે પ્રાણ પ્યારો હતો. સેચનકની જરાક અસ્વસ્થતા મહારાજા સહિત સમગ્ર મગધને અસ્વસ્થ કરી મૂકતી.

એક દિવસ સેચનક ગંગા નદીના કિનારે જળક્રીડા કરવા સંચર્યો. ગંગાના જળમાં સેચનક ઉતર્યો, ત્યાં જ હાથીના પગ બળવાન જળતંતુ વડે લોખંડની જેમ સજ્જડ પકડાઈ ગયા. જળતંતુએ સેચનકના પગ એ રીતે જકડી લીધા કે, ન સેચનક આગળ વધી શકે કે ન પાછળ હટી શકે. તોતિંગ વૃક્ષોને ક્ષણવારમાં ધારાશાયી કરનાર સેચનકનું સામર્થ્ય નબળું પડયું. તે ઢીલોઢબ બની ગયો. હાથીના પગ પરની ભીંસ અસહ્ય બનતાં સેચનક જોરજોરથી બરાડા પાડવા માંડ્યો. તેની ચીસો વાતાવરણમાં ગુંજવા લાગી. તેના કારણે વાતાવરણ ભયભીત બન્યું. મહાવતોના પ્રયત્નો નિષ્ફળ નીવડયાં. માનવ મહેરામણ છલકાઈ ઉઠ્યો. વેદનાથી બરાડતા હાથીને જોઈ રાજા અને પ્રજાની આંખો આંસુથી ભીની બની ગઈ.

મહામંત્રી અભયકુમાર આવ્યા. તેમણે જોતાવેંત જ પરિસ્થિતિને પારખી લીધી. તેમણે રાજવી શ્રેણિક સાથે મસલત શરૂ કરી. સેચનકને છોડાવવા તેમણે રાજગૃહી નગરીમાં પડહ વગડાવ્યો. ''સેચનકને છોડાવવા જે કોઈ જલકાંતમણિ હાજર કરશે તેને મગધ સમ્રાટ અડધું રાજ્ય અને રાજકન્યા ઈનામ તરીકે આપશે.''

રાજકોશમાં જે વસ્તુ પ્રાપ્ત થવી અશક્ય પ્રાયઃ હતી, તે સામાન્ય જનતામાં ક્યાંથી મળી શકે ? પટહ વાગતો વાગતો કૃતપુણ્યના મહેલ આગળ આવ્યો. પોતાના ખેસના છેડે જ જલકાંતમણિ હતું પણ કૃતપુણ્ય તેનાથી અજ્ઞાત હતો.

રાજપડહ આગળ વધતો કંદોઈની દુકાન પાસે આવ્યો. કંદોઈને થયું કે, 'મારું ભાગ્ય જોર કરે છે. કાલે જ અણધાર્યો જલકાંત પ્રાપ્ત થયો અને આજે રાજ્યાર્ધ સહિત રાજકન્યા મને વરશે. હું મગધ સમ્રાટનો જમાઈ બનીશ.' કંદોઈએ બીડું ઝડપી લીધું. પડહ વાગતો બંધ થયો.

રાજસેવકો કંદોઈને લઈને ગંગા તટ પર આવ્યા. મંત્રી અભયકુમાર અને મહારાજાને આશ્ચર્ય થયું. 'શેઠ-શાહુકારોના ખજાનામાં પણ જે ન હોય, એવો જલકાંતમણિ કંદોઈની હાટડીમાં મળી આવ્યો ?' રાજા અને મંત્રીને અત્યારે સેચનકની આપત્તિ દૂર કરવામાં જ રસ હતો. કંદોઈ પાસેથી જલકાંતમણિ લઈ મહાવતને આપ્યો. મણિના પ્રભાવે ચમત્કાર સર્જાયો. જલકાંતમણિનો સ્પર્શ થતાં જ જળજીવ પણ દૂર ધકેલાયો. સેચનકનો પગ બંધનમુક્ત થયો. આ દશ્ય જોઈ રાજા સહિત નગરજનો હર્ષથી ઝૂમી ઉઠ્યાં.

શ્રેણિક અને અભયકુમારના મનમાં મૂંઝવણ પેદા થઈ કે, 'કંદોઈના ભાગ્યમાં જલકાંતમણિ ક્યાંથી ? મરૂભૂમિમાં કલ્પવૃક્ષ ક્યાંથી ? અવશ્ય આ રત્નનો માલિક કોઈ બીજો હોવો જોઈએ.' અભયકુમારે વેધક પ્રશ્ન પૂછ્યો, ''હે કંદોઈ ! તારા ભાગ્યમાં આ મણિ ક્યાંથી ? જો તારી પાસે મણિ

હોય, તો તારી હાટડી કંદોઈની કેમ ? સાચું બોલ નહીં તો ચૌદમા રત્નનો ઉપયોગ કરવો પડશે.''

કંદોઈ હેબતાઈ ગયો. તે ભયથી ધ્રૂજવા લાગ્યો. 'પોતાને મણિનો માલિક લેખાવે, તો એ ઓળખાણ સાથે કંદોઈની ગરીબ હાટડી કઈ રીતે બંધ બેસે ? અને જો તે હાટડીનો મેળ જમાવવા જાય તો ભાગ્યના લેખમાંથી મણિની માલિકી ભૂંસાઈ જાય તેમ હતી. નગરજનો, શેઠ-શાહુકારો ઊભા હતા. બધાની નજર કંદોઈ પર હતી. કંદોઈને થયું જો ખોટું બોલીશ તો સજા થશે. માટે સત્ય પર ઢાંકપિછોડો કર્યા વિના સાચેસાચી વાત કહી દેવામાં જ હિતાવહ છે. તેણે અભય કુમારના પગ પકડી લીધા. કરગરી પડ્યો.

''રાજવી ! મને છોડી દો. મારા પર કૃપા કરો. મારા લલાટે કંદોઈની હાટડી જ છે. આ જલકાંતમણિ મારું પોતાનું નથી. મેં પુણ્યનિધિ પાસેથી તેને ભોળવીને લીધું છે. પુણ્યનિધિના હાથમાં મોદક હતો. આ મોદકમાંથી આ મણિ નીકળ્યું છે. પુણ્યનિધિ તેને પથ્થર જ સમજતો હતો તેથી મેં તેને મીઠાઈ મફતમાં આપવાની લાલચ બતાવી પડાવી લીધું. હું હાથમાં લઈ રત્ન જોતો હતો ત્યાં અચાનક મારા હાથમાંથી છટકીને જળપાત્રમાં પડ્યો. જળમાં ભંગાણ થતાં મેં જાણ્યું કે આ જલકાંતમણિ છે.''

બીજી બાજુ ભોજન કરતી વેળાએ ધન્યાએ એક લાડુ ભાંગ્યો. તેમાંથી જલકાંતમણિ નીકળ્યો. ધન્યાએ ત્રીજો અને ચોથો લાડુ લીધો. તેના બે ટુકડા કર્યા. તેમાંથી પણ જલકાંતમણિ નીકળ્યા. ધન્યા પતિના વખાણ કરતાં થાકતી ન હતી પરંતુ કૃતપુણ્ય મૌન જ રહ્યો. કિંમતી રત્નો મળતાં ઘરની તાસીર જ બદલાઈ ગઈ.

કંદોઈના કથનમાં સચ્ચાઈ હતી. સેચનક ઉપર આવેલી આપત્તિને હટાવવામાં કંદોઈનો મુખ્ય ફાળો હોવાથી રાજાએ કંદોઈને ૧૦૦૦ સોનામહોર આપી. તેમજ તેની જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરાવી આપ્યા. ત્યાર પછી જલકાંતમણિના અસલી માલિકની શોધ આગળ ચલાવવામાં આવી.

શોધનું પગેરું કંદોઈ દ્વારા પુણ્યનિધિ અને પુણ્યનિધિ દ્વારા કૃતપુણ્ય સુધી પહોંચ્યું. રાજસેવકો કૃતપુણ્યને રાજ્યસભામાં લઈ જવા તેડવા આવ્યા.

કૃતપુણ્યએ રેશમી પટોળું પહેર્યું, કેડે સોનાનો કંદોરો બાંધ્યો. રેશમી સાળું અને ગળામાં સુવર્ણનો દોરો પહેર્યો, તેણે ભૈરવ જાતિની એકતાઈ પહેરી, પંચવર્ણી પછેડી ઓઢી, પગમાં કિંમતી મોજડી પહેરી, દશે આંગળીઓમાં વેઢ તેમજ મુદ્રિકાઓ પહેરી, મસ્તકે પાઘડી પહેરી તેમાં ફૂલ બાંધ્યું. તેની સુડોળ કાયા બેહદ કમનિય લાગતી હતી. તે ઘોડે બેઠો. ઘોડા છૂટ્યાં. ધૂળની ખેપટું ઉડી. પાણીના રેલાની જેમ છુટેલા ઘોડા મહારાજા સમક્ષ આવ્યા.

રત્નના ખરા માલિક કૃતપુણ્ય શેઠ છે એવી ખાતરી થતાં વચનપાલક મહારાજા શ્રેણિકે અડધું રાજ્ય અને **રાજકન્યા મનોરમા**નું ભેટણું આપતાં કહ્યું, ''કૃતપુણ્ય શેઠ ! આજથી તમે મારા જમાઈ છો. રાજકન્યા મનોરમા સાથે રાજ્યાર્ધને ગ્રહણ કરવાની કૃપા કરો. ગજરત્નને ઉગારવામાં આપનો જલકાંતમણિ જ કારણ બન્યો છે તેથી આટલું પ્રીતિદાન તો આપે સ્વીકારવું જ પડશે. આપ જ સાચા હક્કદાર છો.''

રાજવી શ્રેણિકે મનોરમાના કૃતપુણ્ય સાથે લગ્ન જાહેર કરી શુભમુહૂર્તે વિવાહ કરાવ્યા. આ પ્રસંગે મૃગલોચની, સૌભાગ્યવતી સ્ત્રીઓએ મંગળ ગીતો ગાયાં. લીલા વાંસનો માંડવો બંધાયો. અગ્નિદેવની સાક્ષીએ, ગોર મહારાજના મંત્રોચ્ચાર દ્વારા, મહાજનની હાજરીમાં લગ્નના ચાર ફેરા સંપન્ન થયા. મહારાણીએ વર-વધૂને કંસાર પીરસ્યો. નવ વિવાહિત દંપતીએ એકબીજાને કંસાર ખવડાવ્યો. રાજાએ બાર ક્રોડ સોનામહોરો પુત્રીને કરિયાવરમાં આપી.

મહારાજાએ કૃતપુણ્યના હાથમાં જલકાંતમણિ મૂક્યું. કૃતપુણ્યને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. 'ચાર રત્નો મૂકવાનું કાર્ય પોતાના સહવાસમાં આવેલી ચાર સ્ત્રીઓનું જ કૃતજ્ઞયુક્ત કૃત્ય છે. અણધારા રાજ્ય અને રમાની પ્રાપ્તિ કરાવનાર આ મણિ જ છે. આ મણિ મારા ખેસના છેડે બાંધેલ મોદકમાંથી નીકળ્યો હોવાથી આ મોદક જરૂર રત્નગર્ભિત હોવાં જોઈએ. ખરેખર! મારા ભાગ્યમાં અણધારી ઋદ્ધિની પ્રાપ્તિનો યોગ જ લખાયો છે!

બાર વર્ષ પૂર્વે અચાનક અનંગસુંદરીનો સંગ થયો. વેપારાર્થે નીકળ્યો ત્યાં કલ્પનાતીત રીતે ધનદેવ શેઠના મહેલમાં પહોંચ્યો. ત્યાં બાર વર્ષ સુધી માનવંતો મહેમાન બની રહ્યો. ત્યાંથી તરછોડાયા બાદ એકાએક અર્ધરાજ્ય અને રાજકન્યા મળી!'

લોકો કૃતપુણ્યના અદ્‌ભુત સૌભાગ્યના સરવાળા ગુણાકાર માંડતાં થાકતાં ન હતાં. મનોરમા સાથે વિવાહ કરી કૃતપુણ્ય રાજવી શ્રેણિકના જમાઈ બન્યા. રાજગૃહીના રાજતિલક તરીકે **'શેઠ કયવન્ના'**ની ગણના થવા માંડી. તે લોકપ્રિય બની ગયા.

રાજાએ વચનપાલન કરવા કંદોઈના તેની જ જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરાવી, એકાદ ગામડાનું સ્વામીત્વ સોંપ્યું. કંદોઈ ખુશ થઈ ગયો.

ધન્યાએ વરકન્યાના જોડલાને ઘુર, મૂસળ, રવૈયો, ત્રાક અને જળ વડે પોંખીને વધાવ્યા. કરિયાવરમાં આવેલી સુવર્ણમુદ્રાઓ અને જલકાંતમણિ તિજોરીમાં મૂક્યા. શેઠની હવેલીમાં હાથી, ઘોડા, રથ અને અનેક બળદોના જોડલાં હતાં. પૂર્વે જે ૧૦૮ વાણિજ પુત્રો હતાં તેમને બોલાવીને પુનઃ હવેલીમાં રાખ્યા. લક્ષ્મીદેવીની મહેર થતાં કૃતપુણ્ય શેઠના દેદાર ફરી ગયા. નોકર-ચાકર, પદ-પ્રતિષ્ઠા, નામના-કામનામાં જબરદસ્ત પલટો આવી ગયો.

ધન્યાના આનંદનો કોઈ પાર ન હતો. પરંતુ તેને એક મૂંઝવણ સતાવતી હતી કે, 'પરદેશ જઈને એક કોડીની કમાણી ન કરી શકનાર સ્વામીના ખેસના છેડે મોદકમાં છૂપાવીને મહાકિંમતી જલકાંતમણિ કોણે મૂક્યાં હશે?' ધન્યાના મનમાં ગડમથલ ચાલી રહી હતી.

એક દિવસ એકાંત મળતાં જ બાળ ભાવે પુણ્યનિધિએ પૂછ્યું, ''પિતાજી! રત્નગર્ભિત મોદક આપને કોણે આપ્યા?'' ધન્યા બાજુમાં જ બેઠી હતી. ધન્યાનો પણ એ જ સવાલ હતો. પુણ્યનિધિની હાજરીમાં રહસ્ય ખુલ્લું કરવું ઉચિત ન હોવાથી ગોળગોળ વાતો કરી તેને ફોસલાવી રમવા મોકલ્યો. ધન્યા સમક્ષ રહસ્યોદ્‌ઘાટન કરતાં શેઠે કહ્યું,

''ધન્યા! હું તને અંધારામાં રાખવા નથી માંગતો. મારા બાર વર્ષનો વેશ્યાવાસ કલ્પનાતીત

વાત બની, એ જ રીતે એ પછીના બાર વર્ષ પણ અણધારી રીતે સુખના સ્વર્ગલોકની સહેલગાહમાં જ વીતી ગયા. જેમ રેતીનો ટૂવો સ્થાન બદલે તેમ મેં પુણ્યરૂપી પવન પ્રમાણે સ્થાન બદલ્યું.'' ધનદેવ શેઠના મહેલે વિતાવેલા બાર વર્ષની ચિત્રવિચિત્ર કહાણી કૃતપુણ્યે ધન્યાને કહી સંભળાવી. વનમાં દાવાનળ જાગે અને ત્યાં જ અણધારી મુશળધાર વર્ષા વરસે એટલે દાવાનળ શાંત થઈ જાય, તેમ ધન્યા પતિની ગતિવિધિઓ જાણી તદ્ન શાંત થઈ ગઈ.

મૈત્રીભાવ ઈચ્છતી પ્રેમાળ ધન્યાએ કહ્યું, ''સ્વામીનાથ ! ધનદેવ શેઠની પુત્રવધૂઓનો સંપર્ક સાધી તેમનો આભાર જરૂર માનવો જોઈએ.''

કૃતપુણ્ય શેઠે કહ્યું, ''મને પણ તેવી જ ઈચ્છા થાય છે. પુણ્યનિધિ જેવા ચાર પુત્રો છે. તેમના મુખદર્શનની તીવ્ર તલપ જાગી છે. પરંતુ એમના રહેઠાણ અંગેની કોઈ માહિતી નથી. દરિયા જેટલી વિરાટ રાજગૃહી નગરીમાં તેમનો સંપર્ક કઈ રીતે થઈ શકે ? મેં બાર વર્ષમાં સાતમા માળની હવેલીની બહાર પગ મૂક્યો નથી. મહેલમાં ગયો ત્યારે રાત હતી. પડાવમાં આવ્યો ત્યારે પણ રાત હતી. ધનદેવશેઠનો પત્તો કઈ રીતે મેળવવો એ જ મોટો પ્રશ્ન છે.''

કૃતપુણ્ય શેઠે આજે ધન્યા સમક્ષ અંતરના દ્વાર ખોલી નાખ્યા. તેના મન પરનો મેરુ જેવડો મોટો ભાર હટી ગયો. હવે સુખદ સ્થિતિનો અનુભવ થયો, પરંતુ પુત્રોને મળવાની મનમાં તીવ્ર તલપ જાગી હતી.

કૃતપુણ્ય શેઠને પોતાના મનોરથની પૂર્તિ માટે અભયકુમારની યાદ આવી ગઈ. આમ પણ સાળા-બનેવી વચ્ચે ચંદ્ર અને કુમુદિની જેવી ઘનિષ્ઠ મિત્રતા હતી. એક દિવસ શેઠ કૃતપુણ્ય અભયકુમારને મળવા ગયા. તેમણે અભયકુમારને પોતાની જીવનવૈચિત્ર્યની આત્મકથા એક પણ અક્ષર છુપાવ્યા વિના કહી સંભળાવી. કૃતપુણ્યએ ચારે સ્ત્રીઓ સાથે ભોગવેલાં સુખો વર્ણવ્યાં. ચારે સ્ત્રીઓને પોતાના સહવાસથી એક એક પુત્રની પ્રાપ્તિ થયાનું પણ જણાવ્યું. અભયકુમારના મુખ પર ઘડીકમાં આશ્ચર્યની, ઘડીકમાં આઘાતની, ઘડીકમાં અહોભાવની પલટાતી લાગણી ઉપસતી હતી. સૌભાગ્ય અને દુર્ભાગ્યની સંતાકુકડીના આવા બદલાતા ખેલ એમણે જોયા કે સાંભળ્યા ન હતા. તેમને અચંભો થયો. આવું બની શકે ખરું ?

કૃતપુણ્ય શેઠે લોકલાજ છોડી મુદ્દાની વાત કરતાં કહ્યું, ''બુદ્ધિનિધાન ! ચાર સંતાનોને મળવા મન અધીરું બન્યું છે. તેમની સાથે મેળાપ થાય તેવું પ્રભાત ક્યારે ઉગશે ?'' આટલું બોલતાં બોલતાં કૃતપુણ્ય શેઠ ભાવનાઓની સૃષ્ટિમાં ડૂબી ગયા. તેમના મુખ પર વિષાદની છાયા હતી.

આંતરિક મનોવલણને પારખી જનારા અભયકુમારે કહ્યું, ''તમારા ચારે પુત્રો તમને ઓળખે કે નહીં ?'' કૃતપુણ્યએ કહ્યું, ''અવશ્ય ઓળખે. તેઓ રોજ હાથ વડે મૂછ પકડતા અને ખોળામાં બેસી બાપા-બાપા કહી બોલાવતા.'' અભયકુમારે કહ્યું, ''તમારી ભાવનાઓ વહેલામાં વહેલી તકે સફળ થશે. તે માટે મને એક માસની અવધિ આપો. તમારા પ્રેમ પાત્રોનું મિલન અવશ્ય થશે.'' મંત્રી અભયકુમાર અને કૃતપુણ્ય શેઠ છૂટા પડ્યા. મહામંત્રી રહસ્ય ઉકેલવાની તજવીજમાં ગોઠવાયા.

મહામંત્રીએ રાજગૃહી નગરીમાં અવનવી જાતનો ઢંઢેરો વગડાવ્યો. ''રાજમહેલની નજીકમાં યક્ષની મૂર્તિ છે. આ યક્ષનાં દર્શને સૌ કોઈને પોતાનાં સંતાનો સાથે ફરજિયાત આવવાનું છે. જે વ્યક્તિ યક્ષનાં દર્શન વિના રહેશે તે રાજ્યનો અને યક્ષનો ગુનેગાર ગણાશે; તેના પર રાજ્ય અને યક્ષનો કોપ ઉતરી પડશે.'' આ વાત વાયુવેગે નગરમાં પ્રસરી ગઈ.

માનવ મહેરામણ કુતૂહલથી પ્રેરિત થઈ યક્ષમૂર્તિના દર્શનાર્થે ઝળુંબી ઉઠ્યું. યક્ષમૂર્તિમાં યક્ષને લગતા ચિહ્નો નહોતા પરંતુ મૂર્તિ ભવ્ય અને આકર્ષક હતી. આબેહૂબ કૃતપુણ્ય જ જોઈ લ્યો! સંપૂર્ણ દિવસ યક્ષમંદિરમાં અવરજવર ચાલુ જ રહેતી. લોકો દર્શન માટે પડાપડી કરી રહ્યા હતા. લોકોની ભીડથી રાજમહેલની આસપાસનો પ્રદેશ ગુંજતો રહેવા લાગ્યો. વેશ પરિવર્તન કરી કૃતપુણ્ય શેઠ અને અભયકુમાર મંત્રી દર્શન કરવા આવનાર પ્રત્યેક વ્યક્તિ પર ચાંપતી નજર રાખી રહ્યા હતા. રાજા અને યક્ષના પુણ્યપ્રકોપે ધનદેવ શેઠના પરિવારને વિચાર કરતો કરી મૂક્યો.

એક દિવસ સામાન્ય નગરજનોની જેમ રાજજ્ઞાને માન આપી યક્ષમૂર્તિનાં દર્શનાર્થે ધનદેવ શેઠનો પરિવાર આવ્યો. રૂપવતી, ચાર પુત્રવધૂઓ, ચાર બાળકો યક્ષમૂર્તિ સમક્ષ આવ્યા. સજીવન જેવી મૂર્તિરૂપે સ્થિત વીરદત્તના દર્શનથી સૌને આશ્ચર્ય થયું. ચારે પુત્રવધૂઓ સ્નેહવશ ધારી ધારીને નિહાળવા લાગી. ચારે સંતાનો 'પિતાજી, પિતાજી' કરી યક્ષના ખોળે બેસવાની ચેષ્ટા કરવા માંડ્યા. ચારે પુત્રવધૂઓ પણ પ્રતિમાને જોઈ ખમચાઈ ગઈ, પરંતુ સાસુની આજ્ઞાથી તેમણે એક હરફ પણ ન ઉચાર્યો. ચારે સ્ત્રીઓ એકબીજાની સામે જોઈ ઇશારો કરવા લાગી કે, 'આપણો ભરથાર અહીં ક્યાંથી?' તે સમયે કૃતપુણ્યએ છુપાઈને આ દશ્ય જોયું. પુત્રો વારંવાર યક્ષની મૂર્તિ તરફ દોડતા હતા. તેઓ યક્ષની મૂર્તિને ભેટવા ગાંડા-ઘેલા બન્યા.

રૂપવતીને થયું કે યક્ષના દર્શનની પાછળ કઈંક રહસ્ય છે તેથી જલ્દીથી દર્શન કરી નીકળી જવાનું સૂચન વહુઓને કર્યું. રૂપવતી શેઠાણીએ બાળકોને ઘૂરકીને મુખ પર હાથ મૂકી મૂંગા રહેવાનું સૂચન કર્યું. બાળકો ડરથી ચૂપ થઈ ગયા. કૃતપુણ્ય શેઠ અને અભયકુમાર મંત્રીએ બાળકોના નિર્દોષ શબ્દો સાંભળ્યા હતા.

કૃતપુણ્ય શેઠે આંખના ઈશારે મહામંત્રીને કહ્યું કે, 'આ જ મારું કુટુંબ છે.' અજબ ગજબની લાગણીઓમાં તણાતા ચારે સંતાનો અને ચારે પુત્રવધૂઓ પર નજર પડતાં જ છૂપાવેશે ફરતા ગુપ્તચરોએ મહામંત્રીના આદેશથી ધનદેવ શેઠના પરિવારને સન્માનભેર રાજમહેલમાં મહારાજા શ્રેણિક સમક્ષ પધારવાની વિનંતી કરી.

અભયકુમારની બુદ્ધિની બાજીથી જ કૃતપુણ્ય શેઠની આબેહૂબ આકાર યક્ષમૂર્તિ ઉપસાવવામાં આવી હતી, જેથી મૂર્તિને જોઈ ચારે બાળકોના મુખમાંથી 'પિતાજી' સંબોધન નીકળે અને સરળતાથી કૃતપુણ્ય શેઠના મનોરથો ફલિત થાય. અભયકુમારના વિનિયોગની પરિશોધ સફળ થઈ ગઈ. ધનદેવ શેઠનો પરિવાર રાજ્યસભામાં ઉપસ્થિત થયો. ત્યાં કૃતપુણ્ય શેઠનાં દર્શન થતાં સૌ

આશ્ચર્ય અનુભવવા લાગ્યા.

ચારે બાળકોએ 'પિતાજી' કહી દોટ મૂકી. બાળકો પિતાને જોઈ ગાંડાઘેલા બન્યા. કાલીઘેલી ભાષામાં પૂછવા લાગ્યા, ''પિતાજી ! આટલા દિવસ ક્યાં ગયા હતા ? અમને તમારા વિના બિલકુલ ગમતું ન હતું. પિતાજી ! તમે કેમ કાંઈ બોલતા નથી ? તમે એક ક્ષણ પણ અમને અળગા કરતા ન હતા અને હવે અમને છોડીને ચાલ્યા ગયા ? પિતાજી ! તમે અમારા વિના ભોજન પણ કરતા ન હતા. શું હવે એકલા ભોજન કરવું ગમે છે ? પિતાજી ! ઘરે ચાલો'' આવું કહી ચારે બાળકો મૂર્તિ ઉપાડવાની ચેષ્ટા કરવા લાગ્યા. મૂર્તિ ન ઉપડી ત્યારે કોઈએ પગ પકડયા, કોઈએ હાથ પકડયા, કોઈ બાથે વળગ્યો, તો કોઈ ખોળામાં ચડી બેઠો. કૃતપુણ્ય શેઠની આંખમાં સ્નેહની છાલકું ઉડી રહી હતી. રંગમોલના રમનારાને જોઈ પુત્રવધૂઓની આંખમાં પાણી બંધાણા. નલિનીના નીરમાં કાંકરી પડે ને વર્તુળો પડે તેમ પુત્રવધૂઓના ગાલ પર હાસ્યના હળવા ગલ પડયા. ઉગતા અરૂણની લાલી જેવી પુત્રવધૂઓના મોં ઉપર રાતડય ફૂટી ગઈ. ધનદેવ અને રૂપવતી પોતાના રચેલા કાવતરાથી ભયભીત બન્યા. નગરજનો આ લીલા નિહાળી રહ્યાં હતાં. અભયકુમાર મંત્રી સચ્ચાઈ પારખી ગયા.

શાંતિના પારેવા સમાન કૃતપુણ્ય શેઠ તરત જ ઊભા થઈ શેઠ-શેઠાણીને ચરણે ઝૂકી પડ્યા. તેમણે કહ્યું, ''આપ મારા માતા-પિતા સમાન છો. ભયને દૂર કરો. આપની પુત્રવધૂઓએ ભાતામાં આપેલા મોદકનો જ આ મહિમા છે. મોદકમાંથી નીકળેલા રત્નોને કારણે જ હું રાજવીનો જમાઈ બન્યો છું.'' કૃતપુણ્ય શેઠની મોટપની ભાવનાથી શેઠ-શેઠાણીને ઘરપત થઈ.

અભયકુમારે ધનદેવ શેઠને કહ્યું, ''ચારે પુત્રવધૂઓ કૃતપુણ્ય શેઠને દિલથી ચાહે છે, એ તેમના ચહેરા પરથી વંચાઈ રહ્યું છે. વળી, ખોવાયેલો પિતૃખોળો મળતાં બાળકો આનંદથી નાચી ઉઠયા છે. હવે તમારો શો નિર્ણય છે ?''

શેઠે કહ્યું, ''મહામંત્રી ! ચારે પુત્રવધૂઓ નિર્ણય લેવામાં સ્વતંત્ર છે. કોઈના ઉપર હું દબાણ નહીં કરું. એમના નિર્ણયમાં મારી સહર્ષ સંમતિ છે.''

ચારે પુત્રવધૂઓ કૃતપુણ્ય શેઠના ચરણની રજ તરીકે દાસી જેવા દેદારમાં શેઠની આસપાસ ગોઠવાઈ ગઈ. વૃક્ષને વેલ વીંટળાય તેમ સૌ કૃતપુણ્યને ઘેરી વળ્યા. પ્રીતની સરવાણીઓ સામસામી ફૂટી. કૃતપુણ્ય શેઠના મનોરથ પૂર્ણ થયા. ચારે સુંદરીઓ સંતાન સહિત મળી તેમજ કરોડોની સંપત્તિ પણ પ્રાપ્ત થઈ. કૃતપુણ્ય શેઠનું ભાગ્યોદય સોળે કળાએ ખીલ્યું.

ધન્યા, અનંગસુંદરી, મનોરમા, ચિત્રાંગદા, લવંગીકા, દીપિકા અને માધવી આ સાત સાત સુંદરીઓ, વિવેકી પુત્રો, અપાર સંપત્તિથી કૃતપુણ્ય શેઠ શોભી રહ્યાં હતાં. તેમને જોઈ મગધની ધરા ધન્યતાનો અનુભવ કરી રહી હતી.

એકવાર ભગવાન શ્રી મહાવીર પ્રભુ રાજગૃહી નગરીમાં પધાર્યા. દેવતાઓએ સમવસરણની રચના કરી. વનપાલકોએ તીર્થંકર પરમાત્માના શુભાગમનની વધામણી આપી. કયવન્નાશેઠ પોતાની સાતે પત્નીઓ તથા પરિવાર સાથે ઠાઠમાઠથી પ્રભુની દેશના સાંભળવા આવ્યા.

તેમણે પ્રભુને ત્રણવાર વંદના કરી ઉચિત સ્થાન ગ્રહણ કર્યું. પ્રભુએ મેઘ સમાન ગંભીર ધર્મદેશના આપી. જાણે કાનમાં અમૃત રેડાયું! ધર્મદેશના દરમ્યાન શેઠ કયવન્નાના દિમાગમાં એક પ્રશ્ન ઘૂમરાઈ રહ્યો હતો. ભગવાન દાનધર્મના પ્રભાવ રૂપે વર્ણિત ધન્ના-શાલિભદ્રના શુભ દૃષ્ટાંતો ઉપરાંત દાનની અનુમોદનાની પસ્તાવાના વિપાક રૂપે કહેવાયેલી મમ્મણ શેઠની પૂર્વભવ કથાની શ્રેણીમાં ખંડિત ત્રુટિત દાનધારાની શુભાશુભતા શેઠ કયવન્નાના પૂર્વભવ કથન દ્વારા ઉમેરાવાની હતી, એથી જ જાણે કૃતપુણ્ય શેઠને પ્રભુ સમક્ષ દિલની વર્ષોની દુવિધા વ્યક્ત કરવા પૂર્વક સવિનય જિજ્ઞાસા વ્યક્ત કરવાનું મન થયું.

''ભગવન્! હું એવા કયા કર્મમાં ભેરવાયો કે, જેના વિપાકરૂપે હું ખંડિત સૌભાગ્યનો સ્વામી બન્યો ? પ્રભુ! દુન્યવી સુખોના ભોગવટામાં વચ્ચે વચ્ચે ભંગાણ કેમ સજાર્યું હતું ? મને પેટછૂટી વાત કરી મારી આ સમસ્યાનું સમાધાન કરો.''

પ્રભુ તરફ પર્ષદાની પ્રતીક્ષા મીટ લંબાઈ. શુશ્રૂષાયુક્ત મનવાળા કૃતપુણ્ય શેઠ પૂર્વ ભવ સાંભળવા આતુર બન્યા. પ્રભુએ **પૂર્વભવની કથા** કહી.

''શેઠ! આ સુપાત્રદાનનું ફળ છે. જમીનમાં ઘરબાયેલું બીજ પાણીના સિંચનથી ફૂલ અને ફળરૂપે પ્રાપ્ત થાય છે, તેમ સુપાત્રદાન રૂપ બીજની વાવણી પછી એની સ્નેહપૂર્વક સાર સંભાળ લેવામાં આવે, વારંવાર આનંદપૂર્વક અનુમોદના કરવામાં આવે, તો એ દાન ધર્મ બનીને આધ્યાત્મિક સમૃદ્ધિનું ચરમ અને પરમ ફળ આપવામાં સમર્થ નીવડી શકે છે.

ધન્ના અને શાલિભદ્રએ દાન બીજની સાર સંભાળરૂપે અનુમોદનાનું અમૃત જળ સિંચ્યુ જ્યારે મમ્મણ શેઠે જળ સિંચનમાં કૃપણતા સેવી તેથી ઋદ્ધિ મળી તો ખરી પરંતુ એનો ભોગવટો ન કરવા છતાં તૃષ્ણાના પાપે એ ઋદ્ધિ મમ્મણને નરકમાં ઘસડી ગઈ.

રાજગૃહી નગરીથી અમુક ગાઉના અંતરે આવેલ **શ્રીપુર** નાનકડો નેસ હતો. અહીં નદી કિનારે આહીરો ગામનું તોરણ બાંધીને રહેતા હતા. તેઓ પશુપાલન ઉપર જીવન ગુજારો કરતા હતા. શ્રીપુર ગામના એક આહીરને ત્યાં (કૃતપુણ્ય શેઠનો આત્મા) પુત્રનો જન્મ થયો.

બાળકનો પ્રેમાળ ચહેરો અને હેતાળ વાણી જોઈ ભલભલાને તેના પ્રત્યે હેત પ્રગટતું. આહીરનો વ્યવસાય પશુપાલનનો હતો. ભાગ્યયોગે બાળ વયમાં જ પિતા ગુજરી ગયા. **ધન્યા** સંસારમાં એકલી પડી ગઈ. એના માથે કારમું વૈધવ્ય રેડાયું. ઘરમાં ગરીબીની કાળી બિલાડી દોડમદોડ કરી રહી હતી. રોટલા હોય તો શાકનાં વખ! શાક હોય તો રોટલાનો ડખ! છતાં રતન જેવા બાળકને ઉની આંચ પણ ન આવે તે માટે માતા ધન્યા શ્રીમંતોના ઘરકામ કરી ગુજરાન ચલાવતી હતી. ફૂલ ભ્રમરને આમંત્રણ ન આપે પણ ભ્રમર ફૂલ પાસે પહોંચી જાય છે, તેમ માને જોતાં જ બાળક માતાની ગોદમાં સમાઈ જવા દોટ મૂકતો.

થોડો મોટો થતાં બાળક પણ પશુઓને સીમમાં ચરાવવા લઈ જતો. દિવસભર પશુઓને ચરાવતો અને સમી સાંજે ઘરે પાછો ફરતો. આખા દિવસની બનેલી ઘટનાઓ માતાને કહેતો. ધન્યા

પોતાના કહ્યાગરા અને સમજુ પુત્રને જોઈ ખુશ થતી. આ બાળક નોંધારી ધન્યાનો આધાર હતો, તેની વૃદ્ધાવસ્થાની લાકડી હતી.

શ્રીપુર નગરમાં તહેવારનો દિવસ આવ્યો. લોકોના ઘરોમાં ખીરનું ભોજન તૈયાર થયું. બપોરના ટાણે બધા મિત્રો સીમમાં ભેગા થયા. તેમણે ખીર ખાજાનાં ભોજનની વાતો કરી. પછવાડે બેઠેલા બાળકે તે વાતો સાંભળી. તેના મોંમાં પાણી આવ્યું. 'આખું ગામ આજે ખીરની ખુશાલી માણે છે હું પણ ઘરે જઈ માતાની પાસે ખીર માંગીશ.' બાળક જમવા ટાણે ઘરે આવ્યો. માતાએ ટાઢો રોટલો થાળીમાં પીરસ્યો અને છાસમાં એક મોટો લોટો પાણી ભેળવી કહ્યું, ''લે બેટા ! છાસ અને રોટલો ખાઈ લે.'' બાળકે છણકો કરતાં કહ્યું, ''મારા મિત્રોના ઘરે ખીર ખાજાનું ભોજન બન્યું છે. મારે આજે પણ વાસી રોટલો અને છાશ જ ખાવાનાં ? મા ! મારે ખીર ખાવી છે. આજે તો હું ખીર ખાઈને જ જંપવાનો !'' બાળકે હઠ પકડી. તેને ખીર ખાવાની તરસ જાગી.

બાળકની ખીર ખાવાની અદમ્ય ઈચ્છા જોઈને સ્નેહાળ ધન્યાનું હૈયું ભરાઈ ગયું. તે જાણતી હતી કે બાળકની માંગણી તે પૂરી કરી શકે એમ નથી. તેણે બાળકને સમજાવતાં કહ્યું, ''બેટા ! ગરમ ભોજન પણ તું કેટલાય દિવસથી જમ્યો નથી ત્યાં હું ખીરનું ભોજન તને ક્યાંથી આપું ? બેટા ! તને કોઈક દિવસ જરૂર ખીર ખવડાવીશ પણ આજે તું ખીરની જીદ છોડી દે.'' બાળકને ખીર ખાવાની વળગણ હતી. તેને માતાનાં શબ્દોમાં રસ ન હતો.

કાળજાની કોર જેવા બાળકની નાનકડી ઈચ્છા પૂર્ણ કરવાની સમર્થતા ધન્યામાં ન હતી. એક ક્ષણ તો એને થયું કે ઈશ્વરે મને જન્મ અને જીવન આપીને મારી મજાક ઉડાવી છે ! આ હૃદય એક પછી એક આઘાત સહેતું આવ્યું છે. બાળકની ઈચ્છા સંતોષી ન શકવાથી વાત્સલ્યથી માતાનું હૈયું ચીરાતું હતું પરંતુ તે લાચાર હતી. બાળક હઠે ચડયો. સંતપ્ત ધન્યાએ કંટાળીને બાળકના બરડે લાકડીનો પ્રહાર કર્યો. બાળક જોર જોરથી રોવા માંડ્યો. ધન્યાનું હૃદય દીકરાના આંસુને ન ખમી શક્યું. તે પણ સાથે રડવા લાગી. પોતાના ભાગ્યને કોશવા લાગી. 'હું કેવી અભાગણી માતા કે, મારા પુત્રને ખોબા ભર ખીર પણ ખવડાવી શકતી નથી !' આટલું બોલી માતા ચોધાર આંસુએ રડવા લાગી. નાનકડી ઝૂંપડીના તરણે તરણા રડી ઉઠયાં !

આડોશ-પડોશની સ્ત્રીઓ રડવાનો અવાજ સાંભળી ભેગી થઈ ગઈ. ધન્યાને રડવાનું કારણ પૂછ્યું. ધન્યાએ ખુલાસો કરતાં કહ્યું, ''બાળકને ખીર ખાવી છે તેથી તે રડે છે. બાળક રડે છે તેથી હું રડું છું. હું ખીર ક્યાંથી લઈ આવું ?''

અચાનક ચારે પાડોસણોના માંહ્યલીપાથી જ અનુકંપાનો બુલંદ અવાજ ઉઠયો. પરોપકારી આર્યનારીઓએ હૃદયની વિશાળતા દાખવી સહાનુભૂતિનો હાથ લંબાવ્યો. એક સ્ત્રીએ વાટકો ભરી ખાંડ આપી. બીજીએ તાંબડી ભરી દૂધ આપ્યું. ત્રીજીએ ચોખા આપ્યા. ધન્યાએ થોડી જ વારમાં ખીર તૈયાર કરી દીધી. બાળક નાચી ઉઠ્યો. ધન્યા બાળકને જોઈ હરખઘેલી બની. તેણે થાળીમાં ખીર

પીરસી. ત્યારબાદ પડોશમાં ઘરકામ માટે જતી રહી. બાળક ખીર ખાવા બેઠો. જોગાનુજોગ તે જ સમયે બાળકને 'ધર્મલાભ'નો ધ્વનિ સાંભળવા મળ્યો. બાળકનો મન મયૂર નાચી ઉઠ્યો. તેણે ઊભા થઈ મુનિને વિનંતી કરી. ''પધારો, પધારો. ખીરનો લાભ આપવાની કૃપા કરો.''

ભરવાડ બાળકની ઝૂંપડીમાં પધારેલા મુનિ માસક્ષમણના તપસ્વી હતા. આવું અદ્‌ભુત સત્પાત્ર જોઈને બાળકને થયું કે, 'કેવું મારું ભાગ્ય કે, આજે જ મને ખીર જેવું વિત્ત મળ્યું અને તેવા ટાણે જ નિર્મળ મુનિરાજ જેવું પાત્ર મળ્યું!' બાળકે ઊભા થઈ ખીર વહોરાવવા માંડી. મુનિ ના ના કહેતા રહ્યા પરંતુ તે અટક્યો નહિ પણ પછી પોતાનો જરાક વિચાર આવતાં તે અટકી ગયો. પાછો ભાવોલ્લાસ વધતાં તેની દાનધારા ચાલુ થઈ. થોડી થોડીવાર પછી પણ પાછી એ દાનધારા અટકીને પુનઃ ચાલુ થઈ.

મુનિરાજ ધર્મલાભના આશીર્વાદ આપી ચાલ્યા ગયા. એટલામાં માતા ઘરે આવી. પુત્રને થાળી ચાટતો જોઈ માતાએ વિચાર્યું, 'અહો! મારો પુત્ર કેટલો ભૂખ્યો છે.' કેટલાક દિવસ પછી ગોવાળનો છોકરો આયુષ્ય પૂર્ણ કરી ઊંચું કુળ પામ્યો. તે ધનાવાહ શેઠના ઘરે પુત્રરૂપે જન્મ્યો.

હે કૃતપુણ્ય શેઠ! ચલિત ચિત્તના ભોગ બનવાથી દાનધારા જ નહિ, એ દાનોપાર્જિત સૌભાગ્ય પણ ખંડિત બન્યું. પૂર્વના ભવમાં બે વાર અટકી અટકીને મુનિને દાન આપ્યું તેથી તમને પુણ્ય પણ એ જ જાતનું બંધાયું કે, જેના ઉદયકાળમાં તમારું સૌભાગ્ય પણ ખંડિત ત્રુટિત બન્યું. બાકી જે શુભ ભાવે તમે દાન કર્યું તેના ફળ રૂપે આ સુખસામગ્રી તો તરણાતુલ્ય છે. દાનફળના ભરપૂર ભોગવટા રૂપે તો તમને સંયમ-સામ્રાજ્યનું સ્વામીત્વ મળવાનું છે. તમને ખીર માટે સામગ્રી આપનાર ચાર પાડોશણો અનુમોદના કરી તમારી પત્નીઓ બની છે.''

કૃતપુણ્ય શેઠ પોતાનો ભૂતકાળ અને ભવિષ્યકાળ જાણી અત્યંત ખુશ થયા. તેમના આનંદની કોઈ અવધિ ન રહી. ભગવાન મહાવીરની પરમ ચેતનાનો પારસ સ્પર્શ્યો.
પ્રભુના સાગર સમા ગંભીર અને ચંદ્રસમા શીતળ વચનોમાં ઊંડા ઉતરતાં ઉહાપોહ થવા માંડ્યો. આપોઆપ અંતરમાં અજવાળું થયું. સમવસરણની એ ધરતી પર જ કયવન્નાશેઠને જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું. પોતાના પૂર્વજન્મ પરનો પડદો ઊંચકાયો.

કૃતપુણ્ય શેઠ પોતાને ભરવાડના બાળરૂપે અનુભવી રહ્યા હતા. તેઓ આત્મનિરીક્ષણ કરવા લાગ્યા. 'પોતાની નાનકડી ભૂલે કેવી ભૂતાવળ સરજી દીધી! પ્રભુએ મને ટકોર કરી તે સત્ય છે. આવી રિદ્ધિ-સિદ્ધિ તો તરણાતોલે છે. તરણાથી પશુ તૃપ્ત થાય માનવ નહીં. મારે ભૌતિક નહીં પણ આધ્યાત્મિક સમૃદ્ધિ જોઈએ છે.' કૃતપુણ્ય શેઠની ધર્મશીલતા આળસ મરડી ઊભી થઈ. જીવન પરિવર્તન થઈ ગયું. તેને ધર્મનિષ્ઠ બનવાના કોડ જાગ્યા.

હળુકર્મી અને સત્વશીલ કૃતપુણ્ય શેઠને અંતર્મુખી થવાની ઝંખના જાગી. તેને ઋતંભરા બુદ્ધિ પ્રગટી. તુચ્છ અને લૌકિક કામનાઓનો ત્યાગ કરી પ્રવજ્યા લેવાની ભાવના થઈ. સ્વધર્મનું ભાન થતાં કર્મ સાથે કેસરિયા કરવા સિંહગર્જના કરી. ''ભગવાન્! હું પણ પ્રવજ્યા લઈને આત્મ ઉત્થાન કરવા ઈચ્છું છું. સંસાર સુખની સાર હીનતા જોઈને કયો બુદ્ધિમાન મનુષ્ય વ્યર્થ બાબતોમાં પોતાનો

સમય નષ્ટ કરે ? મને અમૃત સમાન સંયમનું દાન આપો.'' કૃતપુણ્ય શેઠને વૈરાગ્ય જાગૃત થયો. રાજગૃહીની જનતા કૃતપુણ્ય શેઠના આ સંયમ સૌભાગ્યની અનુમોદના કરવા લાગી. કૃતપુણ્ય શેઠ સાથે તેમની પત્નીઓ પણ વ્રત ગ્રહણ કરવા તૈયાર થઈ.

પુત્રોને ઘરનો કારભાર સોંપી કૃતપુણ્ય શેઠ અને તેમની પત્નીઓએ અંતરયામી પ્રભુ પાસે દીક્ષિત થયા. કયવન્ના મુનિ સાધુ સમુદાયમાં ભળી કલ્યાણના માર્ગે વળ્યા. સંયમનું સમ્યક્‌રૂપણે પાલન કરી તપ દ્વારા જીવન ઉજાગર કર્યું. પાણી ઉકળવાથી વરાળ નીકળે છે, તેમ તપ અને જ્ઞાન વડે અશુભ કર્મો નીકળે છે. અનંત કર્મોની નિર્જરા કરી કયવન્ના મુનિ સ્વર્ગવાસી બન્યા. તેઓ ભવિષ્યમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, સંયમ અંગીકાર કરી જન્મ-જીવન અને મરણના ચેંટમાંથી મુક્તિ મેળવશે. એમની પુનિત સંયમ સાધનાને કોટિ પ્રણામ.

પ્રકરણ : ૨
મારુ ગુર્જર ભાષાની કૃતપુણ્ય વિષયક કૃતિઓ
૧. શ્રી પદ્મસાગર સૂરિ કૃત કયવન્ના ચતુષ્પદી (સં. ૧૫૬૩)

દુહા : ૧

સરસ વચન આપઇ સદા, સરસતિ કવીયણ માય;
પ્રણમવિ કઈવન્ના ચરી, પભણિસુ સગુરુ પસાય ...૦૧
મમંડાહડ ગચ્છિ ગુણ નિલઉ, **શ્રી મતિસુંદર સૂરિ**;
પદ્મસાગર સૂરિ સીસુ તસુ, પભણઈ આણંદ પૂરિ ...૦૨
જિનવરિ ધર્મ પ્રકાસીઉં, ચઉવિહ સગુણ નિધાણ;
નર સુર અસુર વસીકરણ, વલી વિશેષિઇ દાન ...૦૩

વસ્તુ : ૧

જેણિ દાનિ જેણિ દાનિ હોઈ જગિ માન, અવગુણિ સવિ ગુણ હવઇ;
[૧]નરવર તૂસંતિ દાનિઇ, અરીયણ જણ પય નમઈ;
સયલ લોક સવિ કાજ માનઇ, જે ધેઇ તેહજ દેવતા;
જિનવર ત્રિભુવન સાર, જસુ આગલિ નિજ કર ધરવિ;
તિણિ ગિરુઉ દાતાર ...૦૪
સુગુરુ ગિરુઉ, સુગુરુ ગિરુઉ વલીય સંસારિ;
ગુરુ વિણ વાટ ન જાણિઈ, હીયા મઝિ અજ્ઞાન વારઈ;
જસુ વિણ કાજ ન કોઈ સરઇ, સુગુરુ એક જગ તરણ તારણ;
તાસુ સુગુરુ સુપસાઉ લઇ શ્રી કઇવન્ન ચરિત્ર;
દાન તણઇ અધિકારિ સુણિ, ભવીયણ હરખિ ચિત્ત ...૦૫

ચોપાઈ

પૂરવ દિસિઇં પ્રગટ અહિઠાંણ, **મગધ** દેશ જગિ લહઇ વખાંણ;
વિસ્તરઈ જે નવ બારહી, નયરી નાંમઇ **રાજગૃહી** ...૦૬
તિણિ નયરી રાજા દિપંતિ, નિરમલ સમકિત ચિત્તિ;
ધરંતા નામઇં **શ્રેણિક** નિપુણ નરિંદ, જાણે પૂનિમ કેરું ચંદ ...૦૭
વસઇ **ધનાવાહ** નાંમઇ સેઠિ, સવિહું ઉપરિ નિરમલ દ્રેઠિ;
તસુ ઘરિ ઘરણી **ભદ્રા** જાંણિ, અમીય ઝરઇ મુખિ જેહની વાંણી ...૦૮

---

૧. રાજા અને ઈન્દ્ર;

તેહની કુખિઇં અતિ સુકમાલ, **કઇવન્નઉ** અવતરિઉ રસાલ;
મનોરથ સરિસુ વાધઇ તેઉ, માય તાય [૧]આણંદિયા બેઉ ...૦૯
અનુક્રમિ જવ હૂઆ નવ માસ, જનમ્યો પુત્ર ફલી મનિ આસ;
સેઠિ અછઇ સહિ જઇં સુવિવેક, જનમ મહોછવ કરયા અનેક ...૧૦
જિમ જિમ વાધઇ બાલક દેહ, તિમ તિમ વાધઇ અધિક સનેહ;
લક્ષણ અછઇ સહી કૃતપુન્ન, નાંમ દિવરાવિઉં તિણિ **કઇવન્ન** ...૧૧
નવયોવન ભરિ પુહુતઉ જામ, તાત કરઇ મનિ ચિંતા તામ;
સુત પરિણાવિઉ હિવ જોઇઇ, જિમ નિશ્ચિંત મનિ હોઇઇ ...૧૨
તિણિ નયરી વ્યવહારી **ધન્ય**, ઉજલ ચિત્તિ કરઇ નિતુ પુણ્ય;
તેહનઇ પુત્રી ગુણ ભંડાર, રુપઇં રંભા તણઉ અવતાર ...૧૩
તે જવ યોવન સિરિ સંપન્ન, તાત ચિત્તિ તવ ચિંતા પુહુત;
'એ કન્યા હૂઇ વર જોગિ, કિસઇ સરિખુ મિલઇ સંયોગ ?' ...૧૪
સુગુણ પુરુષનઇ સુગુણા નારિ, મિલિયા સંયોગ વિરલઉ સંસારિ;
[૨]અસરિસવે [૩]મેલ્યા [૪]ભવલાં ભૂઆ, દૈવ વિડંબ્યાને [૫]જંતૂઆ ...૧૫
વરના ગુણ બોલ્યા છઇ જેઉ, સેઠિ વિમાસઇં ચિતઇ તેઉ;
'પહિલઉ કુલ ગુણ નઇ આચાર, જોઇઇ તેહનઇ બહુ પરિવાર ...૧૬
વિદ્યા ગુણ વિણ સવિ અપ્રમાણ, મૂરખ જનમ વૃથા જગિ જાણિ;
ચઉથઉ ગુણ તે લક્ષ્મીવંત, જેહ પખઇ ન સરઇ એકંતિ ...૧૭
જીણઇ સવિ થાઇ વિવહાર, લહીઇ ભોગ જોગ વ્યાપાર;
દૂરિ ટલઇ સયલ અન્યાય, વયરી વૃંદ નમઇ નિત પાય ...૧૮
આલ મીટઇ તે થાઈ ચિંતા, જે વિસમા વયણે બોલતાં;
લખિમી હુઇ સત્તમિ પાયાલિ, તુહિ પણિ તે તપત ન લાડિ ...૧૯
કીજઇ નામ સયલ સંસારિ, કામણ મોહણ એ હુઇ મઝારિ;
સવિ અવગુણ ગુણ થાઇ જેણિ, લિખિમીનું ગુણ જોઇઇ તિણિ ...૨૦
ગુણ પાંચમઉ ડીલઈ સરુપ, જસુ દીઠઈ સવિ માનઈં ભૂપ;
આગત સ્વાગત સહૂકો કરઈ, આવઉ આવ્યા બયસણ ઘરઈ. ... ૨૧
છઠઉં ગુણ ડીલઇં નીરોગ, જસુ દરિસિંણ કો હસઇ ન લોક;
[૬]વિયનઉ સતમ ગુણ મનિ લેહ, કન્યા તાત જોઈ ગુંણ એહ ...૨૨
તિહિં આઘું કન્યાનું કર્મ, જોઇઇ જિણિ લહીઇ સવિ શર્મ;'
સેઠિ વિમાસઇ આપણઇ મન્નિઇ, 'એ સવિ ગુણ કઇવન્ના કન્હાઇ' ...૨૩

---

૧. આનંદિત થયા; ૨. અસમાન સાથે; ૩. યોગ, મેળ; ૪.ભવમાં ભટકે છે; ૫. પ્રાણી; ૬. વિનયગુણ

તતખિણિ તસુ મેલઉ વીવાહ, સવિ સજ્જણ મનિઇ તિહિ ઉછાહ;
પરણાવિઉ મોટઇ મંડાણિ, મન ચિંત્યઉં હુઇ પુણ્ય પ્રમાણિ ...૨૪
નયરલોક સવિ એમ ભણંતિ, જોઇ જોઈ રુપ સીસ ધૂણંતિ;
ઘણીવાર વિધિ વિધિ ચૂકંતિ, અસરીખાં આંણી મેલંતિ ...૨૫
આણઇ વારઇ ઉંઘઇ જેઉ, ગુણે સરીખાં મેલ્યા બેઉ;
આઘઉ કલંક ઉતારિઉ તીણિ, એ વર કન્યા મેલાં જીણિ ...૨૬
કઇવન્નઉ સેવઈ સવિ સાધ, તીણઇ ધર્મ તણી મતિ લીધ;
નવયોવન પણિ વિષય વિરંગ, નારિ તણઉ નવિ વંછઇ સંગ ...૨૭
તિણિ અવસરિ મનિ ચિંતઇ તાત, 'યૌવન સરિસ નહી એ વાત;
ઇણિ યુગતિ કિમ થાઇ નામ, અવસરિ સારૂં કીજઇ કામ ...૨૮
અવસરિ નેહ મેહ મનિ રાગ, અવસરિ કીજઇ વલીય વયરાગ;
અવસર વિણ સવિ અસુહામણઉ', સેઠિ વિમાસઇ મનિ ઇમ ઘણઉ ...૨૯
વય [૧]સમાણઉ જે છઇ મિત્ર, તેહ નઇ સંગિ મિલઇ જઇ પુત્ર;
તઉ સંસાર તણી પરિ લહઇ, તે સવિ તેડીનઇ ઇમ કહઇ ...૩૦
''મિત્ર તુમ્હાર [૨]ઉડાહઉ કરુ, રમઉ ભમઉ ઈચ્છા પૂરવઉ;''
જેહૂઉ વાસ તિસુ અભ્યાસ, તિણિ તવ સીખ્યા વિષય વિલાસ ...૩૧
અણજોઇતાં [૩]ઈતરપણાં, થોડે દિન તિણિ સીખ્યા ઘણાં;
પાપ તણી વાતઇં સંકતું, હીંડઇ [૪]મયગલ જિમ માલતું ...૩૨
સહજઇ જીવ પાપનું ઢાલ, અણસીખ્યઉ આવઇ તતકાલ;
સીખી મિત્ર તણી તિણિ રીતિ, મંડઇ પરરમણીસું પ્રીતિ ...૩૩
કુણ કરીવઇ કહઉ કુસંગ, કર્મ્મ તણાં સવિ જાણઉ રંગ!
પિતા તણી સીખીઇ નવિ રહઇ, ધર્મ્મ વાત મનિ નવિ સદહઇ ...૩૪
આપણ હાથિ [૫]વિસાહિઉં વ્યસન, કેહનઇ દઉ ઉલંભા વચન;
સીખ વચન જે [૬]અમીયહ જિસ્યાં, માનઇ તે કારેલી હુઇ તિસ્યાં ...૩૫
વિસન [૭]વિગાહ્યા આપણ [૮]દોસ, નવિ જાણઇ આણઇ મનિ રોસ;
તુહિ પણિ માવીત્રી ચિત્તિ, હિત આણઇ એ જગની રીતિ ...૩૬

દુહા : ૨

સુત પરનારી નયણડાં, એ વિષ ગરભિત બાણ;
એહ સામ્હઉં નવિ જોઇઇ, તઉ તુહિ જિસુ જાણ ...૩૭

---

૧. સમાન; ૨. મશ્કરી; ૩. બીજા શાસ્ત્રો; ૪. હાથી; ૫. ટેવ પાડેલ (વસાવેલું); ૬. અમૃત; ૭. વળગાવ્યાં; ૮. અવગુણ.

જાંણ અજાણ કિસઉં કરઇ, ચિત ચાલઇ સુણિ તાત;
વિષમ યુગતિ વિષયા તણી, માણસ હાથિ ન વાત ...૩૮
ખિણ એક સુખ નઈ કારણિ, મેરુ સમાણા દૂખ;
માનવ મનિ ચિંતઈ નહીં, ખિણિ ખિણિ નવલી ભૂખ ...૩૯

ચોપાઈ

એક દિવસ તે પેખઇ વેસ, ચંચલ લોચનિ ચંચલ વેસ;
ચમકઇ લીધઉં તસુ ચિત્ત ચોર, જાણે [1]પન્નગિ ગિલીઉ મોર ...૪૦
તસુ વિણ જીવ હોઇ આકુલઉ, ચિત્ત ચાલઉ નઇં મનિ [2]કલમલઉ;
શાકિનિ મંત્ર સુંણ્યઉ [3]જબ કાંનિ, લાગઉં તસુ મન વેસ્યા ધ્યાંનિ ...૪૧

દુહા : ૩

મંદિરમાંહિ ન આલગઇ, અવર ન રુચ્યઇ કોઇ;
તસુ મનિ લાગું વેસ્યા સ્યું, દેખઇ તઉ સુખ હોઇ ...૪૨

વસ્તુ : ૨

રાગ પૂરિત, રાગ પૂરિત હુઇ નર અંધ;
આપ પરહ મનિ નવિ ગણઇ, વિષઇ સંગ ઇક ચિતઇ હોઇ;
નાણઇ ભય ઇહ લોકનું, કિસ્યઉ તેઉ પરલોકિ બીહઇ;
બઇઠી લાગઇ ચટપટી, ભમતા ભુઇ નવિ છેહ;
કઇ વછિ લાગી જિણિ ઘટિ, પરવસિ જિહાં મનિ નેહ. ...૪૩

ચોપાઈ

તસુ મંદિર પુહતું કઇવન્ન, માંનઇ નિજ મન તન ધન ! ધન !
નારી નયણેહ જોઉ પ્રાણ, તતખિણિ થાઇ જાણ અજાણ ...૪૪
પરહ વાત કરતાં સું જાઇ, પણિ કિણિ વિરલઇ સીલ રહાઇ;
વાંકા વીર પધારણે એહ, રાતઉ નડઉ નાંન્હઉ નવિ નેહ ...૪૫
વિષય તણી વિષમી ઘટિ વ્યાધિ, તેણિ કો ન સકઇ નરભવ સાધિ;
જે સંબંધ લિખ્યુ જેહસું, અણ ચીંતવ્યઉં મિલઇ તેહસું ...૪૬
કયવન્નાનુ કિસુ વિશેષ, **નંદિષેણ** જઉ મેલ્હઉ વેસ;
બંધવ નારિ જિ **રાજિમતી**, **રહનેમિ** રાગ ધરઇ તે જતી ...૪૭
બહિનિ રાગ **ભરથેશ્વર** ધરિઉં, રાગિ [4]**ઇલાતી** વંસિઇ ચડિઉ;
આર્દ્રકુમાર પણિ રાગિ ગ્રહિઉ, કાચે તાંતણિ બાંધિઉ રહિઉ ...૪૮

---

૧. સર્પ; ૨. કલુષિત; ૩. જ્યારે; ૪. ઈલાતી પુત્ર

પરનારી વ્યસનઇ **લલિતાંગ**, સંચારા માંહિ વસઇ સુચંગ;
ઘણ વૂઠઇ વલિ લઇ તસુ ઘોઇ, તુહિ વ્યસન ન મેલ્હઇ કોઈ ...૪૯
સીહ ગુફા મુનિ હોઇ સીચાલ, વેસ્યા વાસિ વસિઉ તતકાલ;
બંધવ હણઇ **મયણરથ** રાઉ, નારિ કાજિ ધિગ્ વિષય ઉપાય ...૫૦
મૃગાવતી પુત્રી સંબંધ, સહી જાત્યંધ અધિક રાગંધ;
ન છૂટઇ વિષય આગલિ જગનાહ, **આદીસરિ** યુગલિઇ વીવાહ ...૫૧
સુનંદા પર યુગલિઇ વલિ ગ્રહી, વાત કિસી ન વિરાગઇ રહી;
ત્રિણિ જ્ઞાન ધરતાં **અરિહંત**, વિષ સમ વિષય રમઇ જાણંત ...૫૨
ચઉદ પૂરવધર મૂકઇ દીખ, કહુ કુણ નઇ કુણ આપઇ સીખ ?
જઇ નવિ હુંતઉ નારી પાસ, તુ કુણ કુણ ન લહત મુગતિઇ વાસ ...૫૩
વિષય પરિવસિ થાઇ કાજ, તે કહિતા મુઝ આવઇ લાજ;
તીણઇ વિષય વાહિઉ તે રહિ, વેસ્યા અવગુણ ગુણ કરિ ગ્રહિ ...૫૪
વલતું નાવઇ ઘર [૧]દૂકડઉ, વસિં કરિઉ જાણે અહિ [૨]મોરડઉ !
દીહ રાતિ નવિ અંતર ગિણિ, બાર વરસ તિહિ ઇમ નિર્વહઇ ...૫૫
સાઢી સોલ કોડિ સોવન્ન, વેસે વિસન લાગિ જિણઇ દિન્ન;
તાતઇ તેડાવિઉ બહુલી વાર, ઉત્તમ નઇં એ અછઇ વિચાર ...૫૬

દુહા : ૪

ચતુર મનુષ્ય જગિ ભોલવ્યાં, કરમ તણઇ સુવિસેષિ;
તે નવિ ઢીલાં મૂકીઇ, [૩]આદર દીઇ ગુણ દેખિ ...૫૭
પણિ કઇવન્નઉ ઇક્ક મન, તેડ્યઉ નાવઇ જાંમ;
માય તાય બહુ દુખિ ભરયાં, નિજ મનિ ચિંતઇ તાંમ ...૫૮
'પહિલું [૪]જાંહ ન રાખીઇ, પરઘરિ વેલિ ચડંતિ;
પછઇ પાછી તાણતાં, ગુણ તંતૂઆ ત્રૂટંતિ' ...૫૯

ચોપાઇ

દિન દિન [૫]ખીણ પૂત્ર વિયોગિ, માય તાય પુહતાં પરલોકિ;
સુત નવિ જાણઇ તે વિરતંત, કમલણિ હંસ જેમ એકંત ...૬૦
એક દિવસિ અક્કા ઇમ ભણઇ, ''દ્રવ્ય જોઇઇ પ્રભુ અમ્હ તણઇ;''
તઉ મંદિરિ ચેટી મોકલી, લહી [૬]અહિનાણ પ્રીયાનઇ મિલી ...૬૧

---

૧. નજીક; ૨. મોર; ૩. પા॰ આદરીઈ; ૪. જ્યાં; ૫. પા॰ ખીજી; ૬. એંધાણ, નિશાની.

એક કસૂંભા રંગિત વાસ, પહિરિઉ પ્રીયતણી મનિ આસ;
અમર તણિ જગિ ભલી, આસ્યા બંધ(ધા)ણિ હીડઈ વલી ...૬૨
ચેટી પભણઇ સુંદરિ ''સુણઉ, પ્રીય કુસલી છઇ તુમ્હ તણઉ;
તીણઇ મનમાંહિ રંગ વિમાસિ, હું મોકલી છૂં તુમ્હ પાસિ'' ...૬૩
તતખિણ આસણ બઇસણ દીઇ, વિનયવતી સવિ સુધિ પૂછઇ;
''તુમ્હ દીઠઇ મુઝ મનિ [૧]ઉમાહ, કુસલિ અછઇ સુંદરિ તુઝ નાહ ...૬૪
ભલઇ દીઠી દોઇ નયણે અમ્હે, સિધિ પધારચ્યા છઉ સખિ તુમ્હે;''
તે બોલઇ ''તુમ્હ સુધિ પૂછિવા, અનિ [૨]અનિર્ગલ ઘન આણિવા ...૬૫
હું મોકલી અછઉં સખિ સહી, વાત એહ મુઝ મનની કહી;''
તવ તે પભણઇ ''સુણિ સખિ !'' વયણ, કહતાં નીર ભરીઇ નયણ ...૬૬
''સાસૂ સસરઇ કીધું કાલ, એકલડી હું અબલા બાલ;
પ્રીય વિણ મંદિર જાણે [૩]કૂપ, નાહ તણઉ તુમ્હ લહઉ સ્વરૂપ ...૬૭
ચિત્ત વાત કિહિ કેહનઇ કહઉ ? ઇક જ મનમાંહિ જાણી રહિઉ;
વિત પુહુતું કીધઉં તિણિ ઠાય, અણહૂતું કિહાંથી દેવરાઇ ...૬૮
હવિ લેઈ જાઉ એહ આભરણ, પ્રીય તણી કરિ મન સાચવણ;
સીલ તણઇ આભરણ સુચંગિ, હું સોભિસુ સખિ ગાઢી અંગિ'' ...૬૯
ચેટી ચિંતઇ 'એતુ ઇસી, કઇવન્નાની પરિ તઉ તિસી;'
''એક દિવસ કુણિ ઇમ રહાઇ, ઇમ કિમ સચલ જન્મ પૂરાઇ'' ...૭૦

દુહા : ૫

વાત સુણી ચેટી ચતુરિ, મનિ [૪]ગહબરી અપાર;
મુખિ ઉલંભા ઇમ દીઇ, ''ધિગ્ ! ધિગ્ ! કરતાર ...૭૧
ફિટિ ! ફિટિ ! પાપી સ્યું કીયું, એ હુઉ કરી સંયોગ;
તાહરઉં સ્યઉં જાતું હતુઉં, કીધઉ વલી વિયોગ ? ...૭૨
કુલવંતી ગુણિ આગલી, સ્યું સાધ્યુંઇ કરેઇ;
પણિ તુઝ સહ જમઇ જાંણીઉ, રતનહ દૂખણ દેઇ ...૭૩
એહ તણે ઉત્તમ ગુણે, જઇ ભેદ્યઉ મુઝ વિત;
કુણિ નાહિ કિમ પરિહરી, એ સંદેહ બહુત ...૭૪
અથવા પાપી મન તણી સહીય અછઇ [૫]કુચાલિ;
રતન મૂકિ કાંકરિ રમઇ, ઇચ્છા વડી નિહાલિ ...૭૫

---

૧. ઉત્સાહ; ૨. પુષ્કળ, અપાર; ૩. કૂવો; ૪. વિહ્વલ થવું; ૫. ખરાબ વર્તણૂંક.

એહ જિ [૧]વિધિ [૨]વિરુઉં કરયું, કોઇ ન લહઇ મન ભાવ ;
એક હથી તાલી નવિ હુઈ, મ ઘરુ સખિ સંતાપ'' ...૭૬

ચોપાઈ

લેઈ આભરણ તિહિથી ચલી, જનમ સુત્ત તીરથ જઇ એ મલી ;
ઉત્તમ સ્યું એક ઘડી એ ભલી, ઇસ્યા વયણ પભણઇ વલિ વલી ...૭૭
દાસી તેહને ગુણિ ગહિલડી, પર દૂખઇ પાય લડથડી ;
પુહતી વેસિ તણઇ આવાસિ, વાત કહિ ઉભી તસુ પાસિ ...૭૮
નારિ અછઇ મંદિરિ સહૂ તણઇ, ઉહતી ચાલિ ઉહિજ કન્હઇ ;
ઘર વાત કઇવન્નઉ સુણિ, અક્કા આવી તવ ઇમ ભણઇ ...૭૯
''સું આણિઉં છઇ જોઉં હેવ ?'' દીઠા ગ્રહણાં તીણઇ સમઇ ;
અક્કા ચીતિ વિમાસઇ ઈમ, 'કઇવન્ના ઘરિ એ ધનની સીમ ...૮૦
દ્રવ્ય હીણ નર કરિવઉ કિસું, અમ્હ મંદિરિ તે ચિંતઇ ઇસું ;
દ્રવ્ય સરીસઉ છઇ અમ્હ નેહ, દ્રવ્ય હીણ નર દીજઇ છેહ' ...૮૧
તીણઇ બોલાવિ નિજ પુત્રિ, તેહ તેહસું નહી કુટિલ ચરિત્ર ;
કહઇ ''કઇવન્નઉ કાઢઉ [૩]પરહઉ, કોઈ ધનવંત અવર સંગ્રહઉ'' ...૮૨
વાત એતુ સાંભલિ ઘરિ ઢલી, ''માત ! વાત એ મ કહિસિ વલી ;
એ સોવન્ન તણાં અંબાર, તુમ્હ તણઇ મનિં લોભ ન પાર ...૮૩
દ્રવ્ય લહી જઇ બહુલી વાર, ઉત્તમ સંગ ન વારો વાર ;''
રંક હાથિ નઇ ચડઇ રતન, તીણઇ તેહસુ કિમ થાઇ જતન ...૮૪
તિણિ વેલા અક્કા પાપિણી, પ્રગટિ જાણિ [૪]કિરિ સાપિણી ;
કરવત જિમ તસુ મન [૫]વિહરીઇ, અક્કાસું નવિ કાંઈ ન કાહઈ ...૮૫
મનિ આણઉ અતિ ઘણો સંતાપ, [૬]પરવસિ [૭]સમવડિ અવર ન પાપ ;
તેહ તણઉ જિણિ કીધઉ પાપ, તીણઇ દુખ આપિઉ આપ ...૮૬
સંયોગઇ સુખ લહઇ રસાલ, પણિ વિયોગિ વિષમઉ ગાલ ;
ન રહઇ મૂઢ મોહ મંડતઉ, દુખ ઘરઇ [૮]છાતરિ છાંડતઉ ...૮૭
નીચઇ નીચઇ ઉતારિવી, મંદિર માંડયા તવ [૯]પૂંજવાજિ ;
નિરધન રજ જિમ નાખી, તીણીઇં નિજ ઘરિ પરદોષી ...૮૮
પહુતુ કીધઉ [૧૦]સીહદૂઆરિ, દીધ કિમાડ્યાં આધી બારિ ;
આ તઉ કાંઇ અધિકઉં માન, તવ [૧૧]બહુડી કઇવન્ના સાંન ...૮૯

---

૧. ભાગ્ય, વિધાતા ; ૨. ભૂંડું, ખરાબ ; ૩. દૂર, પરે ; ૪. ખરેખર ; ૫. વહેરાવું, કપાવું ; ૬. પરવશ ; ૭. સમાન ; ૮. છેતરીને ૯. સાફ કરવા, લૂછવા ; ૧૦. મુખ્યદ્વાર ; ૧૧. ઘણી.

વડાં સીખ નવિ માનિ જેઉ, પછઇ સહી પછતાવઇ તેઉ;
ખીરમાંહિ કીધી લીહટી, તે તિણિ વેલાં જઇ ઉમટી ...૯૦

દુહા : ૬

દહદશિ જોવઈ નયણડે, કઇવન્નઉ ચલચિત્ર;
સેરી સેરી હીંડતઉ, નિજ મંદિરઇ પુહતઉ ...૯૧
મંદિર સવિ પડચાં [૧]ખડહડિ, કૂણ કરઇ સંભાલઈ;
વિણ સંભાલઇ વિણસતાં, કાંઈ ન લાગઇ વાર ...૯૨
ઘર દેખિ વિમાસઇ, 'સું કીજઇ તિણિ પુત્ર ?
પૂરવ મારગ મેલ્હિ કરિ, જઇ હીંડઇ કુચરિત્ર !' ...૯૩
[૨]ગલહથઇ નીચઇ મુહઇ, દીઠી આપણ નારિ;
'ફટ ! હીં(ભૂં)ડા ફાટઇ નહી, કાંઈ આવિઉ સંસારિ !' ...૯૪
અંગ ફરુકઇ કવણ ગુણિ, નારી ચિંતઇ જામ;
પ્રીયતમ પુહુતુ બારણઇ, તીણઇ દિઠઉ તામ ...૯૫
'એવડઉ કર્મ્મ કિહાં અછઇ, જે લીહીઇ પ્રીય પાઉ ?
એહવા અમ્હ વડાં તણઉ, હોસઇં પુણ્ય પસાઉ' ...૯૬
પ્રીય [૩]આભોખા કારણિઇં, કરવઇ ઘલવિ નીર;
સુંદરિ સામ્હા પગ ભરઇ, રોમંચીઇ સરીર ...૯૭
[૪]કરવઉ કરિ દેખી કરી, ચિંતઇ ચતુર વિચાર;
'સીચઉ લીજઇ માહરઉ, જિણિ એ મૂકી નારિ' ...૯૮

ચોપાઇ

દોઇ જણ હીયડાં આસું ભરચા, બિહું તણાં લોચન તવ ઠરચા;
રહી ન સકઇ મનડાં ગહબરચાં, ઘણે દીહાડે હેજઇં મિલ્યાં ...૯૯
પ્રેમવતી ઘઇ પ્રીય બહુ માંન, પાડોસી મિલીયા બહુ જાંણ;
જાણે હીણીઉં દેખઇ મનિ કંત, ઘરનઉ ન કહઇ તે વરતંત ...૧૦૦
માય તાય પરિભવિ સાંભલી, લોક મુખિઇં તવ ઝૂરઇ વલી;
''પ્રીય ! મ ઝૂરઉ'' પભણઇ નારિ, ''લહણઉં લાભઇ સવિ સંસારિ'' ...૧૦૧

વસ્તુ : ૩

નારિ ઉત્તમ, નારિ ઉત્તમ, નારિ ગુણવંતી, કુવચન મુખિ ભાખઇ નહી;
નેહ છેહ નવિ કિમઇ દોષઇ, સુઘરણિ ઘરિ જેઇ હોઇ;

---

૧. જીર્ણ; ૨. બોચી પકડવી, પરાજીત કરવું; ૩. સત્કાર રૂપે પાણીનું સિંચન કરવું; ૪. નાળચાવાળો લોટો

જિમ તિમ ઘરિસૂત્ર રાખઇ, ધન વિણાસઇ જઇ આગમણિ;
જિણિ દિણિ નાહસુ ચિંત કુલવંતી, લખણ ઇસ્યાં તવ બહુ નેહ ઘરંતિ ...૧૦૨

ચોપાઈ

રહિઉ મંદિરિ માસ બિ માસ, હૂઇ સંતાન તણી તિહાં આસ;
પણિ ધન વિણ મનિ ચિંતા ઘણી, [૧]નિરવાહવી નારિ હાથણી ...૧૦૩
બોલઇ નારિ આગલિ એમ, ''ઘર નિરવાહ કરીસ્યઇ કેમ ?
નાહઉં વિતઉં ના લાગઇ હાથિ, કેડઇ કેમ ફિરઉં પર સાથિ ...૧૦૪
નર વિસ ખાઇ જીવ છાંડઇ, પર આગલિ કર કિમ માંડીઇ ?
પરમાગીઇ મેલ્હી મણ કાંણિ, તે દિન દેખઇ દૈવ ! મ આણિ'' ...૧૦૫

દુહા : ૭

કર ઉપરિ કરતલ કરવિ, કરતલિ કરમ કરીજ્જ;
જિણ દિણકર તલિ કર કીચું, તિણિ દિન અપ્પ મગણિજ્જ ...૧૦૬

ચોપાઈ

નારી બોલઇ ''સાંભલિ દેવ ! વાત સયલ સોહિલી છઇ હેવ;
જઇ તુમ્હ કુસલી તઉ ધન ઘણઉ, ધન જાણે મલકાયા તણઉ'' ...૧૦૭
જેહવા વાજઇ પ્રીય વાયરા, તેહવા લીજઇ તવ [૨]ઉલવા;
સહૂ માંહિ દિન લાંબાં ભલા, જાઇ આવઇ કાંઈ ચિંતા કુલા ...૧૦૮

દુહા : ૮

એક દીહી લખ્ય જિ લહઇ, ઇક લહઇ [૩]લખ્ય સવાઉ;
ઇક કોડી પણિ નવિ લહઇ, જઉ વાઇ વાય [૪]કુવાય ...૧૦૯
ધન યૌવન ઠકુરાઇઆં, સદા સુરંગા ન હોઇ;
જિમ [૫]રુખહ તિમ માણસહ, છાંહ ફિરંતી જોઇ ...૧૧૦

ઢાળ : ૧

જોઉ **હરિચંદ** રાય સુધીરુ, વહઇ [૬]ડૂંબ તણિ ઘરિ નારુ;
વલિ **રામ** ભમ્યા વનવાસિ, એ **સીતા** રહી નવિ પાસિ ...૧૧૧

---

૧. નિર્વાહ કરવો; ૨. બૂઝવી નાખવું; ૩. સવા લાખ; ૪. ખરાબ વાયરો; ૫. વૃક્ષની; ૬. નીચ, ચંડાળ

નલિ મેલ્હી જૂઉ **દવદંતી**, એકલડી વનિ વિલવંતી;
મદિ છાંડી **કૌરવે** હીર, તાણ્યા **દ્રૌપદી**નાં તિહિં ચીર ...૧૧૨
પાસિ રહ્યા પ્રીય જોયઇ, એ સમરથ સમુ ન કોઈ;
પંચ પાંડવ માણ મેલ્હાવ્યા, પરમંદિર કામ કરાવ્યા ...૧૧૩
એ પાધરી સ્વામી વાત, મોટા કરમ તણા અવદાત;
રડતાં નવિ લાભઇ રાજ, સાહસિં સવિ સીઝઇ કાજ ...૧૧૪

ચોપાઈ

સાહસિ વિસમાં [૧]સોહિલાવતાં, સિર જું હુઇ સાહસ તોલતાં;
દોહિલા વિણ સોહિલઉં નવિ હુઇ, પ્રીય ઉપાય કરી જઇ કોઈ ...૧૧૫

ઢાળ (પૂર્વની)

[૨]બાલિદ વહિ વિણજારા તણી, ચાલઇ છઇ પરદેસહ ભણી;
તિહિ સાથઇ જઉ પ્રીય ચાલીઇ, કરમ સારુ તઉ ધન આણીઇ ...૧૧૬
મ્હારી જીભઇં કહું કિમ જાઉ, પણિ ધન આણિવા એહ ઉપાઉ;''
સગા [૩]સણીજાં નારિ ભલાવિ, [૪]વારુ દિવસઇ સુકન બોલાવિ ...૧૧૭
કરઇ ઘરણી પ્રીય ચાલણ સંચ, ચ્યારિ મોદિક એક ત્રૂટઇ મંચ;
બાલિદિ પાસઇ વાસઉ રહઇ, નારિ [૫]વોલાવીનઇ ઇમ કહઇ ...૧૧૮

દુહા : ૯

''પ્રીય ! મન વાતડીયા ભરયું, હિવ તે કહિણ ન જાઇ;
સંભરિ સઇં તે ખિણિહિં ખિણિ, દૂરિ બીછડીયાઈ ...૧૧૯

ચોપાઈ

બીછડતાં પ્રીય વિષમી વાર, પણિ વણિક ઘરિઇ એહ જ વિવહાર;''
લૂહઇ આંસૂ નીર ઝરંત, ''વલિ કિણિ દિણિ મેલાવઉ કંત ! ...૧૨૦
ધનની વાત મનિ મ આણજ્યો, કુસલ ખેમિ વેગા આવિજ્યો;
ભોગવસ્યાં વિહિચી આપણાં, સુખ દુખ લિખિયા પરભવ તણાં'' ...૧૨૧
મન વિણ ઘરિ પુહતી તે થઇ, તે તઉ રાતિ છ માસી હુઇ;
નવિ વીસરઇ વીસરંત નાહ, નયણે [૬]વૂહાં આંસૂ નીર પ્રવાહ ...૧૨૨

---

૧. સહેલું; ૨. વહાણ; ૩. સ્વજન;૪. ઉત્તમ; ૫. વળાવી; ૬. વહે.

કઇવન્નઉ સૂતઉ તિણિ ઠાંમિ, આરતિ ઇતિ ઘણી મન નહી ઠાંમિ;
થાનક ચાલઉ નારિ વિયોગ, [૧]જોઉ જોઉ કરમ તણો સંયોગ ...૧૨૩

ઢાળ : ૨

એકલઉ ત્રૂટઇ ખાટલઇ એ, સૂતું ચિંતઇ એ [૨]જામતુ;
તવ ગરવ કિસ્યિઉ [૩]આથિનું એ, ...૧૨૪
એ રહિ મંદિરિ થાનકિ, જાંમ બલ ઘરમનઉ એ
તવ ગરવ કિસ્યઉ આથિનું એ, ...૧૨૫
[૪]સપત ભૂમિક કિહાં [૫]ગુખડા એ; [૬]પાટૂ [૭]અપવર પલ્યંતઉ
તવ ગરવ કિસ્યઉ આથિનું એ ...૧૨૬
'કવણ આગલિ મન દુખ કહઇ એ, સાલઇ એ' સુંદરી ચિંતિકિ;
તવ ગરવ કિસ્યઉ આથિનું એ, ...૧૨૭
ગયણિહિ નક્ષત્ર ઝબકતા એ, પેખવિ ગહબરઇ ચિંતિકિ;
તવ ગરવ કિસ્યઉ આથિનું એ ...૧૨૮
ઇણિ પરિ બહુ દુખ ઝૂરતાં એ, ખિણિ ઇક આવીય નીંદ્રકિ;
તવ ગરવ કિસ્યઉ આથિનું એ ...૧૨૯

ચોપાઇ

હિવિં નિસુણઉ કચવન્ના તેઉ, કર્મ્મઇ ચાલા કીધા જેઉ;
તીણઇ દિવસ તિણિ નયરીમાંહિ, કાલ કરિઉ ઇક ધનવંત સાહિ ...૧૩૦
તસુ મંદિર છઇ [૮]પરિઘલ વિત્ત, ચ્યારિ નારિ પણિ નહી ઇક પુત્ત;
પુત્ર પાખઇ ઘર સૂનઉં કહઇ, એહ પરીક્ષ્યા તવ તિહિં લહઇ ...૧૩૧

દુહા : ૧૦

તિય ઘર ભાર સમું વહણ, જિહિ ઘરિ પુત્ત ન હુંતિ;
તે થંભ [૯]વિહૂણા ગેહ જિમ, ઘબકડિ જેમ ઢલંતિ ...૧૩૨

ચોપાઇ

તેહની માઇ છઇ ડોકરી, તે પાએ ઠેલઇ છોકરી;
વહૂઅર લાગી જવ રોઇવા, ડોકરી બઈઠી સમઝાવિવા ...૧૩૩

---

૧. હ. (ક) નો પા૰ - દેવ મિલાવઇ હોઇ સંયોગ; ૨. રાત્રિએ; ૩. અર્થ; ૪. સાત ભૂમિવાળો; ૫. ગોખલા; ૬. પાટ; ૭. નાનો ઓરડો; ૮. પુષ્કળ; ૯. વિનાનું

‘‘ઉભી રહઉ મ રોવઉ માઇ ! ઇણિ પરિ એ ધન સઘલું જાઇ;
એહનઇ [૧]ભૂતલિ છાનું કરી, ધન રાખિ સુપરિ નવલી કરી’’ ...૧૩૪
વહૂઅર ઘઇ તવ વયણઇ હાથ, કેમઇ વહઇ ઇણિ કાજિ હાથિ;
જોઉ ડોકરિ હીઅડા નેહ, આપ સવારથ સવિ જુગ એહ ...૧૩૫
તીણઇ પીંડ જિ પાપઇ ભરિઉ, જાણે [૨]પ્રાહુણ પુહતુ કરિઉ;
રાખી વિલવંતી તે બાલ, ડોકરિ મંડિઉ નવઉ ડમાલ ...૧૩૬
ચ્યારિ વહૂઅર આગલિ કરી, પૂઠઇ ચાલી સીહણિ [૩]પાખરી;
તેહ આગલિ ન સકઇ [૪]ઉસસી, [૫]કડછઉ બંધવિ ડોકરી ઘસી ...૧૩૭
તાસુ ચરિત મનમાંહિ હસી, જુઉ પ્રીતી વડાંની કિસી;
ચાલી ચઉ પદમણિ ચઉ [૬]સાલ, મોટી મોટી ભરતી ફાલ ...૧૩૮
કર્મ્મઇ તાંણી લીધી તિહાં, કઇવન્નઉ પોઢિઉ છઇ જિહાં;
એ મતિ ડોકરિ નઇ કુણિ દીધ ? સાર ફેર સવિ કર્મ્મઇ કીધ ...૧૩૯
‘‘વેગા ધાઉ કોઈ દેખસઇ, [૭]કાચઇ ચિત્ત ન કાંઈ હુસ્યઈ;
ઉપાડીઉ રે વેગિઇ કરી, ચોરી કબ આવઇ [૮]પાધરી’’ ...૧૪૦
ચિહુ થઇ ઉપાડ્યઉ ખાટ, ડોકરિ સેસઇ આગલિ વાટ;
નીદ્રઇ નવિ જાણઉં કઇવન્ન, મંદિરિ પુહતું કીધઉ પુન્ન ...૧૪૧
લેઇ પુઢાડિઉ ઉંચા સેજિ, નારિ બિસારી પાસઇ હેજિ;
દીપક જ્યોતિ ઝલામલ કીયા, ઉપરિ તાડ્યા વલિ ચંદ્રૂઆ ...૧૪૨
કીધાં નવ નવ ઝાકઝમાલ, પાય તલાંસઇ નવ નવ [૯]વરસાલ;
સુપ્રભાતઇં જાગિઉં તે જામ, દેખઇ નવ નવ કુતિગ તામ ...૧૪૩
‘કિહાં થાનક કિહાં ખાટ ? એતઉ કાંઇ નવલુ ઘાટ !
વલિ જંજાલ સરીખું નહીં, સાચા સરીખું દીસઇ સહી ...૧૪૪
લાભ અચિંત્યઉ હૂઉ એહ, તુ હિઈ ટાલિઉં મન સંદેહ;’
ડોકરિ કહઇ અણબોલ્યઈ [૧૦]લીહ, ‘‘મનની ચિંતા મેલ્હઉ સાહ ! ...૧૪૫
કાંઇ [૧૧]કાણિ મ કરિસ્યઉ [૧૨]અંગિ, ઇછા પૂરઉ મનનઇ રંગિ;’’
ડોકરિ હસઇ ચિંતિ ભાવતું, માંટી પણઇ તે કીધઉં વિતું ...૧૪૬
પાડોસી મન રાખણ કામ, કરઇ વધામણ ડોકરિ તામ;
પૂછઇ લોક ‘‘વધામણ કિસ્યું ? કાંઇ રે મૂઢ ન જાંણઉ કિસ્યું ?’’ ...૧૪૭
અક્કા કહિં ‘‘જે પરદેસિ પહૂત, ઘણે દિવસિં તે આવિઉ પૂત્ર;’’
લોક ગહિલ તસુ પુન્યઇ કીધઇ, કિણિ ઉચાર ન વલતું કીધ ...૧૪૮

---

૧. જમીનમાં ખાડો કરી; ૨. મહેમાન; ૩. સજ્જ થઈ; ૪. ખીલે, વિકસે; ૫. કાછડો; ૬. ઉત્તમ; ૭. નબળા મને; ૮. સીધી; ૯. વરસાદ; ૧૦. લાભ લે; ૧૧. સંકોચ; ૧૨. પ્રકારે.

રામનું [૧]સુચણઉં ભરત નઈ ફલિઉં, કઇવન્નાનું કુટંબ મિલિઉં;
મુનિવર ખીર પાત્ર જે [૨]દિન્ન, ખીર સવાદ ચાખઇ કઇવન્ના ...૧૪૯
કોઈ ન જાણઇ નારિ ચરિત્ર, કેવલિ વિણ તિમ કર્મ્મ ચરિત્ર;
વરસ દિવસ સમ રસ જોગવઇ, દેવલોકિ જિમ સુખ ભોગવઇ ...૧૫૦

ઢાળ : ૩ (છાહુલી... એ દેશી)

નારી પ્રેમઇ ભીંજઇ એ, પ્રીય તણો ગુણે રીઝઇ એ;
કીજઇ એ જી જી આય સનેહ નઇ એ, પાય તણા તિહિ ઠમકલા;
છયલ પણઇ વલિ છમકલા, ચમકલા ચતુર પણઇ તે ચાલવઇ એ ...૧૫૧
કરિ કંકણ રણકાવઇ એ, સિરિ વેણી લટકાવઇ એ;
ગાવઇ એ કોઇલિ સરિ રણકંતી એ, દંત (પં)ક્તિ હસી ભેલવઇ;
અમીય વાંણિ મુખિ કેલવઇ, [૩]હેલવઇ ઘુંઘટડઇ મુખિ નિરખતી એ ...૧૫૨
લોયણ લહકઇ જોવતી, ભારઇ હરિણ હરાવતી એ;
ભાવતી વાત કરઇ સવિ મન તણી એ, રમિઝમિ રમિઝમિ નેઉરી;
ઘમકાવઇ વલિ ઘૂઘરી, અવતરી રંભા જાણે મહીયલઇ એ ...૧૫૩
મહકઇ ઉરિ [૪]કસતૂરડી, કરિ નવરંગિત ચૂડલી;
બીડલાં પાન તણી પ્રીય મુખિ ઠવઇ એ, દિનનઇ રાતિ ન જાણઇ એ;
સુર જિમ સવિ સુખ માણીઇ એ, નાણઇ એ પૂરવ નારી નિજ મનઇ એ ...૧૫૪

વસ્તુ : ૪

સહિજિ સુંદરિ, સહિજિ સુંદરિ, [૫]રુપિ ભંડાર;
નવ યોવનિ નવલિ ચૂડીય, વેસ નવલ સારંતિ દિણિ દિણિ;
જ્યોતી કરઇ આભરણિ ચડઇ, વાનિ નિતુ નવલિ ખિણિ ખિણિ;
ચતુરાઇ ચાલંતિ વલિ, ચમકંતી ગુણવંતિ;
વિષયા રસિ જલિ ઝીલતાં, ભવ સુખ લહરિ લીયંતિ ...૧૫૫

ચોપાઈ

ચિહું નારિ અકેકઉ પુત્ર, જાયઉ ચંચલ વિમલ ચરિત્ર;
તવ ડોકરડી ચિંતઇ ઇસ્યું, 'હિવ ઇણિ પુરષઇ કીજઇ કિસ્યું ? ...૧૫૬
કાજ સરઇ તવ કિસિઉ સનેહ ? હીયઈ ન ભીંજઇ નીઠર દેહ;'
વહૂઅર તવ તેડઇ એકંતિ, તિણિ તેડઇ તે મનિ ધ્રૂજંતિ ...૧૫૭

---

૧. સ્વપ્ન; ૨. આપ્યું; ૩. હળવાશથી; ૪. કસ્તૂરી; ૫. હ. (ક) નો પા૰ - પ્રેમ.

ઉન્હી [૧]તાતા [૨]નિરુઆ જિસી, તીણઇ વાણિ પ્રકાસી તિસી;
‘‘એહ છંડિવા કરઉ હિવ [૩]સંચ, ચ્યારિ મોદિક નઇ ઉહી મંચ’’ ...૧૫૮
નારી [૪]વજાહત તવ હૂઇ, લહુડપણા લગિ કાંઇ નવિ મુઇ;
ચિંતઇ ‘ભરિ જ્યોવનિ જઇ ચડી, ડોકરિ હાથિં કિહાંથી ચડી ? ...૧૫૯
એ સંબંધ કિહાં વલિ લીધ, [૫]પુંહક ગયઉ નઇ હાથિઇં દીધ;
લાખિ લહઇ અણલહ્યઉ સંયોગ, સાલઇ લહિ સંયોગ વિયોગ’ ...૧૬૦
નારિ આંખિ કરઇ જલજલી, દષ્ટિ થકી જાઇ વેગલી;
થોડઇ જલિ તડફઈ માછલી, [૬]તાલોમા માછઇ થાઇ વલી ...૧૬૧
નિસિ ભરિ નીંદ્ર માંહિ [૭]ઉજકઈ, પ્રગટી વાત કહી નવિ સકઇ;
છાનાં તિહિ કાલજુ કુરુ પાઇ, ચિંતા દિવસ રાતિ નવિ જાઇ ...૧૬૨
‘‘કિણિ પરિ વીસરસઇ અહિઠાંણ, રમલિ તણાં એ સીલ સમાંણ;’’
કહઇ એમ લાડૂ બાંધતી, ઉન્હા નીસાસા મેલ્હંતિ ...૧૬૩
લાડૂમાંહિ એકેકાં રતન, મેલ્હિયાં જાણે માંહિ મન્ન;
અધરાતિઇ ઉઠી ડોકરિ, [૮]ફેકારી જાણે સંચરિ ...૧૬૪
હાકી નારી ‘‘ઉભી થાઉ,’’ તવ તે લાગઇ તેહને પાઉ;
કરઇ વિસાસ ઘણું વિલવંતિ, માઇ કહી મુખિ અંગુલિ લ્વંતિ ...૧૬૫
‘‘કેતા દિવસ કરઉ એ પસાઉ, બોલઇ તે તુમ્હિ [૯]વીઘઉ થાઉ;
એ ઉપાડઉ વેગી થાઉ, નહીતરિ લહસિઉ નવલ સવાઉ’’ ...૧૬૬
બાર વરસનું [૧૦]સાલઇ નેહ, માંડી દિવરાવિઉ તિણિ છેહ;
ખીર થાલિ લીહટી તવ મિલી, પણિ બીજી વાર વલીઉ મલી ...૧૬૭
ડોકરિ તિણિ થાનકિ વલિ મેલ્હિ, મંદિર આવી કરતી ગેલિ;
ન વહઇ પગ ચિહું નારી તણાં, કહઇ ‘‘વિશેષ જોઅઉ દિન તણાં ...૧૬૮
એક દિનિ તે જિણિ ઉપાડ્યઉ એહ, ઇક વલિ દિવસિ કહીસઇ એહ;
પુરષ ભમર બહુલા ભમંત, કેઇ દિન સા લેસ્યઇ તોઇ ચિત’’ ...૧૬૯
વલિ કહઇ ‘‘કિસી ચિંત એહની, ઇસી અપ્રાપતિ સખી આપણી;
પુણ્યવંત નર જિહિ પચ ઠવઇ, સૂકાં રુખ તિહાં પાલવઇ ...૧૭૦
નર મનિ એક નારિ ઉતરઇ, તઉ વલિ અવર ભલેરી કરઇ;
દૈવ ! મ દેજે નારી જન્મ, પરવસિં કિં પિ ન થાઇ કમ્મ’’ ...૧૭૧
* હાકઇ હીયડાં તે ઇમ વલી, નિજ કરિ પ્રીય નઇ મેલ્હી વલી;
તોઇ નહી સીઝ્યા નરઇ ચીતિ, મીલીવા ન ગણઇ ભાષ રે ભીતિ ...૧૭૨

૧.તીખા; ૨. પાણી; ૩. તૈયારી; ૪. વજથી હણાયેલા; ૫. પોંક (પૃથુક); ૬. તળાવમાં; ૭. ઝબકીને જાગી જવું; ૮. શિયાળણી; ૯.વિઘ્ન; ૧૦. ખટકવું; * આ કડી હ.પ્ર. (ક) અને (ખ)માં નથી.

દુહા : ૧૧

ઉગતઉ દિન પંચ હુઇ, ઘણું તઉ દિન સત્ત
જઈ દીહા દસ ૧વઉલીઆ, તઉ કોઈ ન પૂછઇ વાત ...૧૭૩

ચોપાઈ

તીહાં કોઇ ૨વેધ વિલાસુ ચિંતિ, રહિં રહિં અધિક સાલ દિન રાતિ;
નિસુણઉ હિવ કઇવન્ના ચરિત, આઘા દાન તણા અવદાત ...૧૭૪

વસ્તુ : ૫

તીણઇ દિવસઇ, તિણઇ દિવસઇ વલીય તે સાથ;
બાર વરસ તિહિ આવીઉ, તીણઇ ઠાણિ કઇવન્ન આણીય;
તીણઇ જે ત્રૂટઇ ખાટલઇ, સુખિ નીદ્ર નવિ કિંપિ જાણીય;
જાગ્યઉ જવ તનુ મોડી કરિ, જુઅઈ ઉઘાડી આંખિ;
કંકણ રણકા નવિ સુણઇ, સુણિ તિ બોલંતિ પંખિ ...૧૭૫

ચોપાઈ

જોઇ ૩દહદસિ સામ્હઉ તેઉ, 'સ્યું ૪સુહણઉં મઇ દીઠઉં તેહઉ; ?
અથવા કીણઇ અદેખઇ કિસ્યું, આણ્યું ઇહ લેખઇવી ઇસ્યું' ...૧૭૬
રહિ રે ખીજિ મ ચીંત ૫અણાહ, પરવેલી વીનીતા લીહ;
મિલ્યું હલ્યું મેલ્હી ચાલતાં, ન વહઇ મનઉ રહઉ વાલતાં ...૧૭૭
જેહ માંહિ ૬વીતગ ૭વીતુ હોઇ, નેહ વાત ન એ જાણઇ સોઇ;
સાચા નેહિ કહી જઇ તોઇ, જલ કાઢ્યા માછાં જિમ હોઇ ...૧૭૮

ગાથા : * तावंचिय होई सुहु जीवन करेई पीयाणा ।
को वे पीय संगो जेण कउ, दुखाण सम पीउ अप्प ।।१।।

શ્લોક : * सुखं जीवंती निस्नेहा, पृथिव्यां वालुका यथा ।
सस्नेहा ते च पीडंते, यथा ते तिल सर्षयाया ।।२।।

---

૧. પસારઇ થયા; ૨. ચતુર; ૩. દશેદિશા; ૪. સ્વપ્ન; ૫. લાવ (?); ૬. વીતક; ૭. વિતેલું

* આ કડીઓ હ.પ્ર. (ક)માં જ છે.

* (ગાથા : ૧) પ્રિયતમ જીવિત હોય ત્યાં સુધી જ સુખ છે. કોણે આવો પ્રિયનો સંગ કર્યો હશે ? કે પતિની સાથે પોતાને પણ દુ:ખ થાય.

* (શ્લોક : ૨) નિ:સ્નેહી લોકો પૃથ્વીની રેતીની જેમ સુખે જીવે છે, સસ્નેહી તેલ અને સરસવની જેમ પીડા પામે છે. (અથવા તેલ કાઢવા માટે સરસવને પીલવામાં આવે છે.)

દુહા : ૧૨

* હીયડા મઈ તું વારિઉ, સાજન કો મ કરેસિ;
પછઈ વિરહાનલ પડિસિ, બેહુ દુખિં દાઝસિ ? ...૧૭૯
* હીયડા કુટિ પસાઉ કરી, કેતા દુખ ખમેસિ;
પ્રીય માણસ વિછોહીયા, જીવી કાહુ કરેસિ ? ...૧૮૦
* કરવત રે [૧]કરતાર, જઉ સિરિ દીજઈ તીહ;
રઈતું તું જાણત સાર, પ્રીતિં મ વિછોહયા તણા. ...૧૮૧
સસનેહા કઉ વીછડ્યઉ, મૂઉ ન દિઠઉ કોઈ;
[૨]સાલરિ કેરી રુખ જિમ, ઝૂરિ ઝૂરિ પંજર હોઇ ...૧૮૨

ચોપાઈ

નેહ અછઈ કરતાં સોહિલા, નિરવાહંતા પછઇ દોહિલા;
નહઇ છંડઇ પરવસિ પ્રાણ, કુપરિ નેહ તિણિ ન કરઇ જાણ ...૧૮૩
મન ન વહઇ લેતાં મેલ્હતાં, વલિ ચલ ચિત મંદિર આવતાં;
તવ ઘરણી આવ્યઉ સુણિ સાથ, સહી મિલઇ કયવન્ના નાથ ...૧૮૪
વેણી દંડ મિલઇ કરિ નાગ, [૩]તોડે ઉભી જોઅઇ મારગ;
દીઇ કોઇ મુઝ વધામણી, નાહ કુસલ રિદ્ધિ આણી ઘણી ...૧૮૫
લોક વયણ સામ્હઉં જોવતી, પુહતી તિણિ થાનકિ ગુણવતી;
તિસ્યઇ સુંરુપઇં પેખઇ સવિ, ‘ચિંતઇ પૂછઇસું સવિ [૪]પ્રસ્તાવિ ...૧૮૬
પ્રીય વિછોહિ જે હુઇ મન દૂખ, પ્રીય મેલાપક વલિ જે સુખ;
તીહ દુખ સુખ કિ કેવલિ લહઇ, કઇતીહ મન કવિતા ઇમ કહઇ’ ...૧૮૭
તેડી મંદિરિ આવી જિસ્યઇ, રમલિ રમંતઉ બાલક તિસઇ;
ઘર આંગણિ આવ્યઉ [૫]માલ્હતું, ગરભવાસિ જે તઇઇ હતું ...૧૮૮
બઇસિ વછ ખોલઇઇ માત, બોલઇ તવ ‘‘એ તાહરઉ તાત;’’
પુત્ર અંગ જવ લાગઉ અંગિ, અમીય ઠરયાં તવ સઘલાં અંગિ ...૧૮૯
‘‘સ્વામી ! પુત્ર તણઇ આધારિ, એતા દિવસ ગમ્યા ઇણિ નારિ;
છોરુ બંધણિ નારી રહઇ, છોરુ વિણ નારી દુખ સહઇ ...૧૯૦

---

૧. ઈશ્વર; ૨. સાલેડી (હાથીને પ્રિય) વૃક્ષ; ૩. બારણાના ટોડલા નજીક; ૪. પ્રસંગ; ૫. આનંદથી, મસ્તીથી ઝૂમતું;
* ૧-૨. હ.પ્ર. નં. (ક)માં જ છે;

દુહા : ૧૩

રમલિ રમંતુ રંગ ભરિ, જીહાં ન દિઠઉ બાલ;
તે માણસ માનઉ [૧]ઢાઢસી, કિમ કિમ રમઇ તિ કાલ ...૧૯૧
સાચા આલંબણ વિના, પ્રીય ! કિમ જાઇ દીહ ?
પ્રીય વિણ સુત વિણ ઘરહ મઝિ, જાણિ વિયાણી સીહણી'' ...૧૯૨

ચોપાઇ

તે સુત સાંમનિ હસઇ, ના ઉપરી એ મંદિરિ વસઇ;
માગઇ બાલક તવ સૂખડી, તેહનઇ તેહજિ ઇક ભૂખડી ...૧૯૩
ચિહું લાડૂમાંહિ લાડૂ એક, દીધઉ લીધઉ પુત્ર વિવેક;
લેઇ લાડૂ નેસાલઇ ગયઉં, લાડૂ ખાતાં આણંદ થયઉ ...૧૯૪
રતન એક માંહિ પ્રગટીઉ, તીણઇ તે લેઇ ઘૂંટઉ કીઉ;
[૨]જોઉ રતન કુણ હાંથઇ ચડી, આપણ મહિમા પ્રગટી કરી ...૧૯૫

ઢાળ : ૪ (વીવાહલી... એ દેશી)

નેસાલ તીરઇ એ સામહઇ બારિ, અછઇ ઇક કંદોઇ હાટડી એ;
બાલકિ પાટીય ઘૂંટતઇ એ [૩]આલિ, રતન કુંડા માંહિ નાંખીઉં એ ...૧૯૬
તેણિ કરિ નીર હૂઉ બહૂ આઘું, રતન કંદોઇય પરખીયું એ;
આપીય સૂખડી ભોલવિ બાલ, આલિ માટિ તિણિ ઇમ લીયું એ ...૧૯૭
ઇક દિન **શ્રેણિક** તણઉ ગજરાજ, સરવરિ તંતૂઅડે ગ્રહિઉ એ;
નયરીય પડહલઉ વાજઇ એમ, 'જે નર મયગલ વાલસ્યઇ એ ...૧૯૮
[૪]ગ્રાસ [૫]સરીસીય તેહનઇ રાય, નિજ કન્યા પરણાવસ્યઉં એ;'
કઇવન્નાનું બોલાવઇ કર્મ્મ, હોઇ કંદોઇય વિત ગરઉ એ ...૧૯૯
પડહલઉ છિબીઅ નઇ સરોવર માંહિ, રતન મેલ્હઇ જલ [૬]ઉસરઇ એ;
તંતૂ એ મેહલીઉ મયગલ રાય, રાય આગલિ તિણિ આણીઉ એ ...૨૦૦
''માંગઇ આપું એ કરીય પસાઉ, આપણ વયણિહિં બોલીઉં એ;''
જાતિ કંદોઇય રાય હિણ જાણિ, ''[૭]અસરિખ [૮]નાતરઉં કિમ કરું એ ?' ...૨૦૧

ચોપાઇ

તવ ઇમ ચિંતઈ શ્રેણિક રાય, 'આરતિ કવણ કિસું ન મનાય;
પણિ ચુગતિ કન્યા વિવરાઇ, વાયસ ગલિ હંસી ન બંધાઇ ...૨૦૨

---

૧. માંગણ; ૨. જુઓ; ૩. આપતા; ૪. ગરાસ; ૫. સાથે; ૬. પાછા હટવું; ૭. અસમાન; ૮. લગ્ન સંબંધ.

દ્રાખ વીંટઇ [૧]બાઉલ જઇ તંતિ, કિમ અસરીખઈ [૨]અણખ ન હુંતિ;'
તવ બોલાવઇ અભયકુમાર, ''કહુ કિમ કીજઇ કરઉ વિચાર ...૨૦૩
જોઈયઉ સામણ પણિ હૂઉં, એહનઇ દેતાં ન વહઇ હીયું;''
કંદોઇ પૂછઉ તવ તાડિ, ''રતન નહી એ તાહરઇ [૩]પાડિ ...૨૦૪
તુમ ઘરિ કિહાંથી આવ્યઉં રયણ ? કહિ નહીતરિ ચૂકસિ પ્રાણ;''
કહી વાત કઇવન્ના પુત્ર, હુઇઉંહ જોગ માનિઉં તવ ચિત્ત ...૨૦૫
તેડાવ્યઉ કઇવન્ના બહુ માન, ગુણ ગિરુઆનું વાધઇ વાન;
નવિ કન્યા કૂઇ નાખીઇ, આયઉ ગયુ તઉ લાજોઈ એ ...૨૦૬
પૂછઇ રાય ''રતન તુઝ ઘરિઇ, કેતાં છઇ જે બાલક રમઇ ?''
રમિવા દીજઇ સંભલિ ભેઉ, મોદિક રયણ દેખાડ્યાં તેઉ ...૨૦૭
રાયઇં પરણાવી દીકરી, રાય સરિસ આડંબર કરી;
ચારિ નારિ ચિંતઇ મનહ મઝારિ, વીસરઇ નવિ નીદ્ર મઝારિ ...૨૦૮
ઘણઉ જાણઇ નવિ કહીઇ, ઇસું કૂડાં નેહ તે કિસ્યઉં કરઈ ?
ને(ગે)હ બોલાવઇ નર નઇ માંડિ, કહઇ કઇવન્નઉ લજ્જા છાંડિ ...૨૦૯
''સાલા સાંભલિ અભયકુમાર ! કૂડઉં મ માનિસિ એક લગાર;
ચ્યારિ પુત્ર ચંચલ સ્ત્રી ચ્યારિ, અમ્હ તણી એહ નયર મઝારિ ...૨૧૦
બાર વરસ જાં દૈવઇ દીધ, કિસઇ રોસિ વલિ દૂરિઉં કીધ;''
કહી વાત સવિ ડોકરિ તણી, ભણઇ મંત્રિ સંભલિ સિર ધુણી ...૨૧૧
''તુમ્હ સરીખા ચૂકઇ ઇમ, સાખિ ભરી જઇ કેહની કેમ ?
જે જે ચંચલ સ્ત્રી દેખસું, તેહસ્યું જઇ મન આપસ્યું ? ...૨૧૨
તઉ સુખઇં નીદ્ર લહેસ્યઉ કેમ ? વાત મિલઇ છઇ સાચી એમ;
રાજાદિક જઉ ભય નવિ હુંતિ, તઉ વિરલા કેઇ [૪]રહણિ રહંતિ ...૨૧૩
ઇક તિ વાત કરી જોઇઇ, અવર વિચાર ન આવઇ હીઇ''
અતૃપતિ જોયઉ જીવા તણી, કિસી વાત કઇવન્નઇ ભણી ...૨૧૪
''સુણિ કઇવન્ના ! વસતઇ નગરિ, ઇમ કિમ હોઇ વિમાસી સુપરિ;''
કઇવન્નઉ કહઇ ''[૫]અણવોલ્યા રહઉ, આધી સુધિ નયર નવિ લહઉ'' ...૨૧૫
''તુમ્હરી આંખઇ કાજ્જલ ઘાલિ, કરઇ ધૂરત નિતુ આપણઈ ચાલિ;''
બિહું પરિ વાત ન સાચી કરું, મંત્રિ તણા હીયડા ઉતરઉં ...૨૧૬
બુધિ તુમ્હાંરી હિવ જાણસ્યાં, સાચ કૂડ પરિ [૬]પત જાણસ્યાં;
અમૃત માંહિ મત વિસ ભેલવઉ, મંહિતા કાંઇ મતિ કેલવઉ'' ...૨૧૭

---

૧. બાવળનું વૃક્ષ; ૨. રોષ; ૩. અધિકાર ક્ષેત્ર; ૪. રીત; ૫. રસ્તો વટાવ્યા વિના; ૬. નિયમ.

બોલઇ મંત્રિ હુઉ આકુલઉ, ‘‘જોયઉ પટંતરિ અમ્હ મતિ આગલઉ;
બહુ ભૂખઇ બિહું કરિ ન જમાય, શનિ શનિ સયલ કાજ કરાય’’ ...૨૧૮

ઢાળ : ૫ (ગીતા છંદ. વીવાહલાની... એ દેશી)

મંત્રીસરિ અભય કુમાર, વાત ઇસી મનિ ચિંતવઇ એ;
[૧]સિલાવટ તેડવિ વેગિ, સીખવઇ મન તણી વાતડી એ ...૨૧૯
સીખવઇ ચઉ મુખ વેગિ મંડઉ, ચતુર ચિત ચોરઇ તિસ્યઉ;
તિણિ ઠવઉ નિરુપમ કરીય, મૂરતિ જાખ કઇવન્ના જિસ્યઉ ...૨૨૦
તિહિ કીધ જિણિ દિણિ મંત્રિ, તિણિ ખિણિ નયરિ પડહુ વજાવઇ એ;
નિજ પુત્ર સરિસી જાત્ર કારણિ, નારિ સવિ તેડાવઇ એ ...૨૨૧
પહિરીય સયલ શ્રૃંગાર, [૨]ભામણિ [૩]ભંભરિ ભોલડી એ;
[૪]હસિમસિ [૫]રણકંતઈ સાદિ, [૬]ગેલિ [૭]ગહેલીય [૮]ગોરડી એ ...૨૨૨
ગોરડીય ગાવઈ [૯]ધવલ મંગલ, મિલઇ ઉલટ આપણઇ;
આવંતિ ટોલઇ મલીય [૧૦]ઝબકત જખિ ભુવણહ બારણઇ ...૨૨૩
તે ચ્યારિ નારિ ચંચલી, કુંયર ચતુર લાઇય [૧૧]અંચલી;
જવ જાખ પેખઇ નાહ રુપઇં, [૧૨]ગહબરઇ તવ હીયડલાં ...૨૨૪
મોરડઉ નાચવિ જેમ ઢેલઇ એ, આંસૂ જલહલઇ એ;
પ્રીયતમ પેખઇ નારીય તેમ , નયણ કરઇ તવ ઝલહલાં એ ...૨૨૫
ઝલહલાં નયણ કરંતિ નારી, ચિત્ત રુધઉં નાહૂંલઇ;
[૧૩]પેખવિ નારી આવે મલ્હપત,હસત ગાવત રંગલઇ ...૨૨૬
સામ્હઉ જોવઇ જાણિ તેહજિ, સખિ મનહર નાહુલઉ;
જે ગયઉ લાડિ ચડાવિ છલિ કરિ, ચિત્તિ લાઇય ચમકતઉ ...૨૨૭
રમઝમ રમઝમ કરતલા બાલ, જખ નિહાંલીય ઇમ ભણઇ એ;
‘‘કરિ ઘરિ [૧૪]ખંચવિ તાત ! તાત ! આવઉ ઘરિ આપણઇ ...૨૨૮
આપણઇ મંદિરિ તાત, આવઉ ઇસ્યાં કાંઇ બઇસી રહ્યા ?
[૧૫]વિહસંતિ ઉજલ નયણિ નિરખવિ તાત ! તુમ્હિ બહુ દિન લહ્યા’’ ...૨૨૯
ઉછંગિ બઇસિ રંગિ ખોલેઇ, લાડઇ બાલ બોલઇ તિ [૧૬]ડૂમણાં;
‘‘નવિ હસઉ બોલઉ અમ્હ, [૧૭]સરિસાં કાંઇ આપણ દૂખણાં ?’’ ...૨૩૦

---

૧. શિલ્પી, સલાટ; ૨. ભામિની; ૩. ભોળી, મુગ્ધ; ૪. ઉત્સાહથી આગળ પડવું, ઘસવું; ૫. રણકતા સાદે; ૬. આનંદ કરતી; ૭. ગાંડી, ઘેલી; ૮. સુંદર સ્ત્રી; ૯. ઘોળ, એક પ્રકારનું મંગલ ગીત; ૧૦. ઓચિંતા; ૧૧. પૂજા, અર્ચના; ૧૨. વ્યાકુળ થવું; ૧૩. જોઈ; ૧૪. ખેંચી તાણીને; ૧૫. ઉઘાડો; ૧૬. લાગણીના આવેશમાં છાતીમાં ભરાતો ડચૂરો; ૧૭. સાથે.

નાવડઇ આવી તીણિ કારણિ, લોક કોતિગ પેખિવા;
મન દુઃખ સાલ્યઉ જખ પેખવિ સઘણ લાગાં ઝૂરિવા ...૨૩૧
તીહ ચુગતિ પેખવિ મંત્રિ કઇવન્ન હસઇ હાસઇ મુકલઇ;
જગ ગહિલુ કીધઉ ઇણઇ નેહઇ, કાજ વિણ મન ભાવ લઇ ...૨૩૨
[1]ગિરુઆ એ [2]ગંજણ નેહ, ન્યાઇ કહઇ જબ ચિત્ત ચલઇ એ;
પરદુખ ગહિલડઉ મંત્રિ, ગહબરચઉ તીહ મન મોહલઇ એ ...૨૩૩
મોહલિ મેલી સચલ નારી, મંત્રી કઇવન્ના તણી;
ઉલ્હસઇ જાણિ નિધાન પામી, અવર છાયા મુહ તણી ...૨૩૪
જિહાં અગનિ જલતી નાહ હીયડે, હીમ જિમ તાઢિક વલી;
ધન્ન ! મંત્રી [3]વિરહિ [4]વિછોહ ભંજણા, ધન્ન ! મતિ તુઝ નિરમલી ...૨૩૫

ઢાળ : ૬ (જંબૂય જણણી ઈમ કહઇ એ... એ દેશી)

મિલ્યું એ કુટંબ તિણિ ખિણિ એ, મન મધુકર તવ રણઝણઈ એ;
હીયડલા હેજઇ ઉમટઇ એ, વલિ નવ નવ પ્રેમરસ ઉમટઇ એ ...૨૩૬
[5]ઉસસઇ રોમ અંકૂરડા એ, જાણે [6]વૂઠડા મોહન મેહડા એ;
નયણડે અમીયહ તિહિ [7]સંચરયા એ, તવ પૂરવ દુખ સવિ વીસરયા એ ...૨૩૭
સુખ સાયર તે દીહડઉ એ, મન માનીયું મિલઇ એ [8]મેલાવડઉ એ;
દહ દસિ વસ તીણઇ કરી એ, સદા આસ ફલજ્યો સવિ તેહની એ ...૨૩૮
મંત્રિ જીવઉ કોડિ દીવાલીઆ એ, જિણિ વિરહિ વિછોહીયાં મેલીઆ એ;
ઇમ આસીસ દેતી ઘણી એ, વલિ દાસિ અમ્હ મંત્રિ તુમ્હ ગુણ તણી એ ...૨૩૯
ગોરડી ગજ ગતિ માલ્હતી એ, રસિ ગાવતી નાચતી [9]દ્રમકતી એ;
પુહતીય મંદિરિ આપણઇ એ, શ્રીય **પદ્મસાગર** સૂરિ ઇમ ભણઇ એ ...૨૪૦

ચોપાઇ

પુહતીય પ્રીયરિસી ઘરિ નારિ, હસઇ આણંદઇ મનહ મઝારિ;
સુયણઇ સંગ ન જિહિ ચીંતવઇ, તૂઠઉ દેવ તીહાં મેલવઇ ...૨૪૧
કરિ રે વધામણૂં હીયડાં આજ, અલવઇ સવિ સીધાં તુઝ કાજ;
સચલસું સંપી સુખિ નિરવહઇ, પ્રીય મન ભાવિ ચતુર તે લહઇ ...૨૪૨

---

૧. મહાન; ૨. હરાવનાર, મર્દન કરનાર; ૩. વિયોગ; ૪. ભાંગી; ૫. ઉમંગથી ઉછળે, આવેશ અનુભવે; ૬. વરસે; ૭. સંચિત કરવું; ૮. મેળાપ; ૯. ધમ ધમ અવાજ કરતી.

દુહા : ૧૪

કહઉ હિવ અધિક સંભારતઉ, કુણ કુણનાં મનમાંહિ;
મન જાણઇ કેઇ કેવલી, એમ કહઇ માહોમાંહિ ...૨૪૩

ચોપાઈ

ખાઇ પીઇ વિલસઇ [૧]વિદ્રવઇ, નવ નવ ભોગ યોગ [૨]કેલવઇ;
રસિ સવિ વાલઇ પૂરવ ખાધિ, આધિ વ્યાધિ નવિ અંગિ આબાધિ ...૨૪૪
કેતા દિવસ હૂયા ઇણિ પરઇ, તવ સવિ ઇમ ચિંતા કરઇ;
'કેઇ [૩]સુજાણ સુગુરુ પામીઇ, મન સંદેહ સયલ પૂછીઇ ...૨૪૫
કેહી કરમ તણઇ પ્રમાંણિ, એ સવિ જીવ મિલા એક ઠાંણિ ?
વિચિ વલિ પામ્યાં કિસઇ વિયોગિ ? કિણિ કરમઇ વલિ મિલ્યા સંયોગિ ?' ...૨૪૬

ઢાળ : ૭ (ઇંદોલા... એ દેશી)

ઇમ ચીંતવતા વીર, પુહતા સાહસ ધીર;
નયરિ વધામણી એ, સુણીય સુહામણી એ ...૨૪૭
કીધલા નવ નવ વેસિ, જગ ગુરુ વંદણા રસિ;
મિલીય [૪]વિહેલડી એ, ભંભર ભોલડી એ ...૨૪૮
ગાવતિ રણકત નાદ, ઘઇ માહોમાંહિ સાદ;
આવઉ રે ઉતાવલી એ, પૂરઉ મન [૫]રલી એ ...૨૪૯
રાજલોક [૬]સરસઉ રાય એ, વીર વંદણિ તવ જાઇ;
હીયડલઇ હરખીઇ એ, દાનઇ પરખીઇ એ ...૨૫૦
સાથઇ ગજ ઘંટા ઘાટ, તે જીયડા [૭]હીંસઇ [૮]થાટ;
[૯]રયવર [૧૦]ઘડહડઇ એ, પાયક દડવડઇ એ ...૨૫૧
તવ કંઇવન્ન સુણેવિ, [૧૧]ઉમાહીઉ તવ [૧૨]ખેવિ;
નારી પરિવરયઉ એ, વીર વંદણિ ચાલ્યઉ એ ...૨૫૨
સમવસરણિ આવંતિ, હરખિ હીયા [૧૩]વિહસંતિ;
જગ ગુરુ ભેટીઆ એ, નયણે અમી ઠરચા એ ...૨૫૩
સંભલિ સરસ [૧૪]વખાણ, શ્રી કઇવન્ન સુજાણ;
અવસર પામીઆ એ, સ્વામી પૂછીઆ એ ...૨૫૪

---

૧. વિશેષ દ્રવ્ય; ૨. કરે; ૩. વિશેખ જ્ઞાની; ૪. જલ્દી; ૫. હોંશ, આનંદ; ૬. જેવા, સમાન; ૭. હર્ષ પામે; ૮. ઠઠ, સમુદાય; ૯. ઘોડા; ૧૦. ઘડઘડે; ૧૧. ઉત્સાહભર; ૧૨. ક્ષણે; ૧૩. ખીલી ઉઠવું; ૧૪. દેશના;

''કહઉ સ્વામી ! ગુણવંત, ગિરુઆ ગુરુ જયવંત;
ગત ભવ વાતડી એ, કિસી અમ્હે કરી એ ...૨૫૫
તપ તપ્યા કેહા [૧]આધ, સુખમાંહિ જે દુખ લાધ ?
અંતરાય ઇસ્યા કરચા એ, જે જીવ ઉપગરચા એ ...૨૫૬
કંઇ કીધા સુંપ્યા દ્રોહ ? કંઇ મનસું મિલીયા મોહિ ?
કવણ [૨]વિછોહિયા એ, કંઇ [૩]આલ વચન દીઆ એ ?'' ...૨૫૭
વલતું શ્રી અરિહંત, સંસય સયલ હરંત;
સવિ કહઇ વાતડી એ, જિસીય ન વાતડી એ ...૨૫૮

ચોપાઇ

''સુણિ ગોવાલ પૂરવ ભવિ હતઉ, લોક તણા વાછરુ ચારતઉ;
[૪]બાલ ઘવલ બાલાપણિ રંગિ, રમતું ભમતું ગિરિવરિ શ્રૃંગિ ...૨૫૯
વાંસલડી [૫]વાતુ નાચતુ, આણંદઇ ખેલત માલ્હતુ;
[૬]રાસડલા રંગિ ગાવતુ, અવર ચિંતા મનિ નવિ આણતુ ...૨૬૦

દુહા : ૧૫

બાલપણઇ જે દાહડા, જીહાં મનિ રાગ ન રોસ;
યૌવન ભરિયાં માણસા, પગિ પગિ લાગઇ દોસ ...૨૬૧

ચોપાઇ

દીહ રુડા બાલાપણ તણાં, જીહ મનિ રાગ રોસ નવિ ઘણાં;
ઇક દિન પરઘરિ પરવ વિશેષિ, ખીર [૭]જાતક જીમંતા દેખિ ...૨૬૨
જાણઇ હું પણિ ઇણિ પરિ જિમઉં, કાંઇ પરવ દિન આવઇ ગમઉં;
દષ્ટિ [૮]સદ્રાલ જીવ સવેવિ, પછઇ કેઇ પાંમઉ ન પામઉ કેવિ ...૨૬૩
સરખાં પાંચ ઇંદી સહૂ પાસિ, જાણઈ ઇસ્યું મનમાંહિ વિમાસિ;
તિણિ પ્રાણીનિ દિઇ નહીં, ગતિ મતિ જીવ તણી કુણિ લહી ...૨૬૪
અધિક [૯]ફેર વલિ દીઠા તણઉ, નવિ [૧૦]ઉરતઉ અદીઠઇ ઘણઉ;
લાલ છીઉ આવિઉ નિજ ગેહિ, લાગુ માડી વસ્ત્ર [૧૧]છેહ ...૨૬૫
આપણ મન નવિ આપણા હાથિ, મૂરખ હઠ મંડઇ પર સાથિ;
તિહિ બાલક મનિ ચાલઉ હૂયઉ, જીવ પરિણામિ ખિણિ [૧૨]જૂજૂઉ ...૨૬૬

---

૧. અર્ધા; ૨. વિખૂટા પડયા; ૩. મિથ્યા વચન; ૪. નાની ઝૂંપડી; ૫. વગાડતું; ૬. નૃત્ય; ૭. પુત્ર; ૮. શ્રદ્ધાળું; ૯. ભેદ; ૧૦. ઓરતા; ૧૧. છેડો; ૧૨. જુદું જુદું.

[૧]આડઉ માંડ્યઉ [૨]લેઇઉરહાડિ, આઇ ઉનઇ ખીર જિમાડિ;
રોઇ રીસઇ લોટઇ ભૂમિ, બોલઇ મુખિ વલિ બાલક ઇમ ...૨૬૭
‘‘ખીર ખંડ ઘૃત લોક જિમંતિ, દીઠાં તિણિ મુઝ આવી ખંતિ;
મ્હારી દાઢ ઘુલઇ છઇ માઇ ! વેગિ જિમાડિ લાગું છઉં પાઇ’’ ...૨૬૮
રાખ્યઉ અધિકઇ આડઇ ચડઇ, માઇ નયણ આંસૂ તવ ખિરઇ;
ઘરિ [૩]અણાથિ સરિસી નવિ વ્યાધિ, પગિ પગિ હીણઇ મનિ [૪]આબાધિ ...૨૬૯
કોઈ કાં વાત ન જાણઇ કરી વિત્ત, વિણ વાત ન હુઇ મનિ ઘરી;
‘‘આડી મમ કરિ રિહિ રે પૂત્ર ! તઉ તઉ નવિ જાણઇ ઘરસૂત્ર ...૨૭૦
સહૂ નઇ આપઇ સવારથ ભીડ, કુણ જાણઇ પર કાયા પીડ’’;
ઇમ કરતાં પાડોસણિ મિલી, આડી વાત પૂછઇ તે વલી ...૨૭૧
કહઇ માઇ ‘‘બાઇ ! સાંભલઉ, એ બાલક ઇતિ [૫]ઉછાંછલઉ;
આજ ઇણઇ દીઠા લોક જિમંત, ખીર ખાંડ ઘૃત તે નર ધનવંત ...૨૭૨
પરિઘરિ વાત ઘણી દેખસ્યું, તિણિ વાતઇં આપણ નઇ કિસ્યું ?
સામઉ આપણા અંગિઇં શોષ, પણિ બાલકસિ સિઉ કીજઇ રોસ ?’’ ...૨૭૩
‘‘અવસરિ ડોહલા કિમ પૂરવાઇ, વાત સવે યુગતિં જિં કરીઇં;
એ અન્યાન નવિ જાણઇ [૬]ભેઉ, સમઝઇ તુ સમઝાવિઉં એઉ ...૨૭૪
ઘરમાંહિ [૭]કૂકસ નઉ સંદેહ, ખીર ખાંડ ઘૃત માગઇ એહ;’’
તવ પાડોસિણિ મનિ ગહિબરી, કહઇ વાત એ સવિ પાધરી ...૨૭૫
દૂધ આણિઉં કિણિ આણી ખાંડ, કિણિ ઘૃત ચાઉલ કીણિ અખંડ;
રાંધી ખીર [૮]આડઉ ભંજીઉ, તવ બાલક મનિ અતિ રંજીઉ ...૨૭૬
બઇઠઉ બાલક જિમવા ભણી, અંગણિ આવિઉ મુનિ ગુણ ઘણી;
મિલઇ સંયોગ પુણ્ય પરભાવિ, પાત્ર તણઉ ઘરિ બઇઠા આવિ ...૨૭૭
તેડાવ્યઉ પણિ અવસરિ ઇમ, નાવઇ વાટ જોઅંતા તેમ;
ચિત્ત વિત્ત નઇ પાત્ર સુઠામ, મિલઇ તઉ કોડિનાં થાઈ કામ ...૨૭૮
દેખી મુનિ બાલક હરખીઉ, ખીર થાલ સામ્હઉ નિરખીઉ;
‘ઋષિ આવિ મનિ આશા કરી, સિઉં વિહારાવું ?’ ચિંતા કરી ...૨૭૯
કાઢઇ [૯]લીહ કરઇ [૧૦]લાંભૂઆ, નવ નાડીઆ સવે જંતુઆ;
મુનિ આવ્યઉ આઘેરઉ જિસ્યઇ, બીજી લીહ કરઇ તે તસ્યઇ ...૨૮૦
વલી ચિંતઇ ‘નવિ ગલિ [૧૧]તાલૂઇ, ઇતલી ખીર કિસિઉં ? કુછઇ દીઇ;
દેવઇ વાત કિસિઉ [૧૨]ડમડોલ, ઋષિની ભૂખ ગડૂં બિહું બોલ’ ...૨૮૧

---

૧. હઠ; ૨. રાડ પાડી; ૩. ગરીબી; ૪. દુઃખી; ૫. ચંચળ; ૬. ભેદ; ૭. ફોતરાં, કુશકા; ૮. હઠ ભાંગી; ૯. લીટી; ૧૦. વહોરાવું; ૧૧. તાળવે; ૧૨.ચંચળ;

ઉંચઉ ખીર થાલ કરિ લેવિ, મુનિવર સામ્હી પાઉ ભરેવિ;
કરઉ પાત્ર આઘઉ મુનિ રાઉ, મ ઘરઉ આબાધા મુઝ ભાઉ ...૨૮૨
મંડઇ [૧]પડઘઉ તવ ઋષિ રાજ, લાજ જાણિ તસુ સારઇ કાજ;
[૨]પરવવશિ ખીર થાલ પામીઉ, પાત્રનઇ [૩]પાત્રતિ તિણિ નામીઉ ...૨૮૩
છતી શકતિ મનિ આણઇ ક્ષમા, સ્ત્રી પરિચારિ અચલ આતમા;
દ્રમક દાન યૌવન વ્રત ભાર, ઇહ લાભ નવિ લાભઇ પાર ...૨૮૪
કરિ આદરિ વિહરાવી ખીર, ધન ! ધન ! બાલક સાહસ ધીર;
ઘટ [૪]વંચવિ પોતઇ કરઇ પુણ્ય, ઇમ અવસર જાણઇ તે ધન્ય ! ...૨૮૫
ઋષિ રાજઇ કીધઉં પારણઉ, [૫]પરિથલ લહિસ્યઇં સુખ બારણઉ;
પાડોસણિ સાંભલિ વાતડી, કહઇ ''જોઉ બાલક વાતડી ! ...૨૮૬
પાત્ર કિહાં ઇમ [૬]અલવઇ મિલઇં, પુણ્ય પસાઇં ચિંત્યઉ ફલઇ;
આવી ખીર ઘણઇ એ કામિ,'' કરઇ અનમોદન તે તિણિ ઠાંમિ ...૨૮૭
બાલક ખીર જિમાડઉ વલી, તે જીરવી તિણિ ન સકી વલી;
કાલ કરી પુણ્યઇ પરવરયઉ, સેઠિ તણઇ મંદિરિ અવતરયઉ ...૨૮૮
તે પણિ નારી તિહાંથી [૭]ચવી, અનુમોદના પુણ્ય તુમ્હ હવી;
સવિહું પુણ્ય કરયા એકઠાં, તિણિ વલિ સયલ મિલ્યાં એકઠાં ...૨૮૯
ગત ભવ નેહ નયણ [૮]ઉલખઇ, રહી ન સકઇ તે તેહજ પેખઈ;
સહિજ નેહ નર નારી રાગ, જાગઇ વલિ પૂરવ ભવ લાગિ ...૨૯૦
વિચિ જે કરી [૯]વિમાસણ લીહ, તિહાં તેહવા દેખાડ્યા [૧૦]દીહ;
સાવ ઘોલ વલિ કીધઉ પછઇ, તે સહુકો વલિ મિલિઉં અછઇ'' ...૨૯૧
વીર વચન કાન સાંભલ્યાં, કાન તણાં તાલાં ઉઘડ્યાં;
પાપ તિમિર ગયા ઉતરિ વલી, અલવઇ આંખડલી ઉઘડી ...૨૯૨
સુગુરિ કહ્યા સાચા સંકેત, ચતુર પણઇ તિહાં જાગ્યા ચેત;
સયલ શરીરિ રોમ ઉસરયાં, ધર્મ રંગિ તિહાં મનડાં વસ્યાં ...૨૯૩
[૧૧]હીસઇં હીયડાં જગ ગુરુ નેહિ, ધર્મ મોહ નવિ માઇં દેહિ;
પરિ સંભાલિ સિવગતિ તણી, મન [૧૨]ઉમાંહ્યા ચારિત્ર ભણી ...૨૯૪
મેલ્હઇ રાજરિધિ ભંડાર, [૧૩]તૃણ સમ સવિ મનિ ગિણઈ સંસાર;
સપરિવાર તે સાધુ મારગિઇ, વીર તણા પાય નિતુઉ લગઇ ...૨૯૫
લહીય સ્વાદ વલિ મેલ્હઇ વસઇં, તીણઇ વાતિ ચતુરાં મનિ હસઇ;
ઇક સીઆલ જિમ નિજ મુખિ લાલ, મેલ્હિ સકઇ નવિ કામ કરાલ ...૨૯૬

૧. પાત્ર; ૨. પર્વના કારણે; ૩. પાત્રતા; ૪. છેતરી; ૫. પુષ્કળ; ૬. સહજભાવે; ૭. પા॰ પવી; ૮. પા॰ લખવઈ; ૯. વિચારણા; ૧૦. દિવસો; ૧૧. હર્ષ પામ્યા; ૧૨. ઉત્સાહિત થયા; ૧૩. પા॰ ત્રિણિ;

દુહા : ૧૬

ઉત્તમ રીઝઈ મનિ સરિસ, મધ્યમ દેખિ વિકાર;
જે કે કારણિ પણિ નવિ વલઇ, કરઇ તે મહીયલિ ભાર ...૨૯૭

ચોપાઈ

ઇક ગિરુઆ જગિ રાગ ન છેહ, કરતા સિઉં પણિ ન કરીઇ મોહ;
મુગતિ રમણિ સરિસઉ [૧]સંબંધિ, ન જાઇ પર રમણીની ગંધિ ...૨૯૮
કીરતિ કાજઇ નિજ કરિ ચડી, મેલ્હઇ વછ દુલહ રુઅડી;
અસરિસ સુઅણઇ મનિઉં જગઇ, ભણિ એ વાત કરી પરિ લખઇ ...૨૯૯
એવડ પાપ કરમ ન કોણિ જાણઇ, તુમ ન આવઇ ઠાણિ;
પસુયણ નઉ નવિ સાચઉ કીધ, એહવઉ મારગ કઇવનિ લીધ ...૩૦૦
તપ તપિ દેવલોકિ અવતરિઈ, તિહિં મન રંગિ લીલા કરઇ;
અનુક્રમિ શિવપુરિ લહસ્યઇ રાજ,'' ઇણિ પરિ પભણઇ શ્રી જિનરાજ ...૩૦૧
ખીર દાન પામી વિવસાહ, ઇમ અચિંત્યા હુસ્યઈ લાહ;
ન્યાઇ તું તુઝ ગિરુઆ દાન, જગ ઠાકુર અરિહંત મુખિ માન ...૩૦૨
તુમ્હથી હૂઇ જેહ એવડ કામ, ચઉવિહ ધમ્મિં પહિલઉં નામ;
પણિ ડમડોલા મ કર દંતિ, કઇવન્નાની પરિ જોયંતી ...૩૦૩
દિઉ મન આણંદિ ઉલટિ અંગિ, લેતાં દેતાં દોઇ પૂજઇ રંગિ;
જિમ આસાઢ [૨]ધુહાંઉ મેહ, સવિ ભુંઇ સીંચઈ [૩]રોલવિ મેલ્હઈ ત્રેહ ...૩૦૪
ન જોઅઈ સર ઉસર વરસંત, દેતાં એ રસ કીજઇ ચીત;
પાત્ર મિલઇ ઇમ કરતાં કોઇ, તીણિ મિલિ સવિ ચિંત્યઉ હોઇ ...૩૦૫
પંચદાન જિણવર ભાખંતિ, તે સવિ ભવિયણ અવસરે દંતિ;
ત્રિકરણ શુદ્ધિ પાત્ર જોઅંતા, દાંન વિણ કિમ મિલઇ ટાલંતા ...૩૦૬
પાત્ર પરીક્ષા મ કરુ વ્યસન, અન્નદાન ઘઉ પરિઘલ મન્ન;
દયા દાન સરિસઉં રસ ધરી, એહ વાત થાપઉ આદરી ...૩૦૭
દાન ઉપરિ કઇવન્ન ચઉપઇ, [૪]**સંવત પનર ત્રિસ(ઠ)ઇં** એ હુઈ;
ભાદ્રવા વદિ આઠમિ રવિવારઈ, આણંદઈ મનિ આણિ ...૩૦૮
શ્રી પદ્મસાગર સૂરિ ઇમ પભણંતિ, ભણઇ સુગુણઈ તિહાં કાજ સરંતિ;
તે સવિ પામઇ વંછિત સિદ્ધિ, [૫]ઘટ નીરોગ ઘરિ અવિચલ રિદ્ધિ ...૩૦૯

ઈતિ શ્રી દાન પ્રસ્તાવે કઇવન્ના ચઉપઇ સંપૂર્ણ.

---

૧. પા॰ સલવધિ; ૨.ધૂઆપૂંઆ (ગાજતો); ૩. ખૂબ વરસે; ૪. હ. પ્ર. - ક નો પા॰ - સંવત પનરત્રીસઈ થઈ; ૫. આત્મા.

૨. રતનસૂરિજી કૃત કયવન્ના રાસ (સં. ૧૫૭૯ આશરે)

ચોપાઈ : ૧

વંદીય વીર જિણેસર દેવ, સરસતિ સામણિ પ્રણમી હેવ;
કર જોડીનેં કહું વિલાસ, કેવન્નાનો રાસ રસાલ ...૦૧
દાન વડું સુણીઇ સંસારિ, દાનિ દુરગતિ દુરિ વિચારિ;
દાને સુખ સંપતિ સંયોગ, દાને મનવંછિત ફલ ભોગ ...૦૨
દાને પુત્ર કલત્ર પવિત્ર, મોટા મિત્ર નહી કો સત્રુ;
દાને સાલિભદ્ર સુખ જોય, દાન [૧]જમલ કહુ કહીઇ કોય ...૦૩
[૨]નવતેરી નયરી વચેષ્ટ, સુખ ભોગવે **ગોવાલ** વસેષ્ટ;
ગંગાદે ઘરણી તસ નાંમ **ગંગદત્ત** કુંયર નાંમ અભિરાંમ ...૦૪
પરલોકિં ગોવાલ પહુત્ત, નિરાધાર ગંગાદે પુત્ર;
શ્રીપુર વ્યવહારિનિ આવાસ, આવી [૩]વતું કરિ જિમ દાસ ...૦૫
ઘરનાં કાંમ કરિ સુત સોય, પર્વ પજુસણ પારણુ હોય;
[૪]છતું અછતું ન જાણિ બાલ, માગણ ચોર અને ભૂપાલ ...૦૬
વલી વિમાસી બોલઇ વીર, ''માં માંડીનઈ આપો ખીર;''
જમતાં દીઠા જે સવિ કહિ, રદ્ધિ લાગી નવિ રોતો રહિ ...૦૭
તેણિ સંતાપિં રોવઇ માય, પાડોસણિ પુછિ કારણ એય;
''બાઇ ! કહું તુમ્હ કારણ કિસું, એક હાણિને બીજું હસું'' ...૦૮
''વસતાં વારુ ગાંમ વીખ્યાત, ધન ગયું અમ્હ [૫]ઇસ્વર સાથ;
ધન વિના સુના ઘર થયા, પછિ અમ્હે આવી ઈહાં રહ્યાં ...૦૯
ધન વિના કો ન દીઇ માંન, ધન વિના [૬]વેલાઉલ [૭]રાંન;
ધન વિણ રીતિ વ(વિ)વેક જે વલી, ચતુરાઇ તે સઘલી ટલી ...૧૦
સું બહિનર કહું તુમ્હ ઘણું, પ્રગટઉ પાપ જે પોતા તણું;
ઘર તણું નવિ જાણિ સુત્ર, ખીર ખાંડ ઘી માંગે પુત્ર'' ...૧૧
ચતુર નારિ તવ બોલી ચ્યારિ, ''[૮]બાહિ ઘરી બેડો(ઠો) કરિ બાલ;
દુધ ખાંડ ઘૃત તંદુલ સાર, લે ગંગાદે મલઈ સવાર'' ...૧૨
* દુધ ખાંડ ઘૃત તંદુલ લેહ, પાક [૯]પચી જીમાડયઉ તેહ;
ચ્યારિ વસ્તુ ચિહું સુંદર દીધ, [૧૦]વરતિ માહઈ કાંઇ નવિ લીધ. ...૧૩

---

૧. સમાન; ૨. હ.પ્ર. (ખ)નો પા૰ નવેતરી; ૩. ઘરકામ; ૪. છત-અછત; ૫. પતિ; ૬. ? ? ?; ૭. જંગલ; ૮. હાથ પકડી; ૯. રાંધી; ૧૦. વળતાં.

* (કડી-૧૩) હ.પ્ર. (ખ)માં નથી.

* થાલિ પરીસિ [૧]પંચામૃત માઇ, દષ્ટિ દોષ [૨]ભણી પરહીં જાઇ;
મનમાંહિ ઈસઉ વિમાસી તેહ, અદત્ત તણાં ફલ પામ્યાં એહ. ...૧૪
પુન્ય જોગિં આવ્યો અણગાર, માસખમણ તણો તપાચાર;
ભલે ભાવે ઘરી ઘર ધીર, ત્રિહું ભાગે કરી દીધી ખીર ...૧૫
મગધ દેસ રાજગૃહ ગાંમ, રાજ કરે રાય **શ્રેણીક** નાંમ;
પટરાણી **ચેલણાદે** સાર, પુત્ર મંત્રિ તે **અભયકુમાર** ...૧૬
તેણિ પુરિ સેઠ **ધનાવો** વસિ, **સુમિત્રા** સું મન ઉલહસિ;
તાસ ઉદરિ અવતરયો **ગંગદત્ત**, એકલ [૩]મનનેં ઉત્તમ ચિત્ત ...૧૭
કેવન્નો દીધું તસ નાંમ, ભણ્યો ગુણ્યો જાણૈ અભિરામ;
જોવન આવે જાણે અમર, પાંણી ગ્રહણ કરાવ્યો કુમર ...૧૮
[૪]સુકલીણી [૫]સુહાસણિ તાસ, પરણ્યા પછી ન પુહતી આસ;
[૬]લલી ગાંમિ મુંકે મન ચંગ, **મદનમંજરી** મંદિર રંગ ...૧૯
કેલિ કતોહલ કરિ કેવન્ન, બાર કોડિ વિલસી સોવન્ન;
બાર વરસ તિહાં વઉલ્યાં જામ, પરવારી ઘરિ લખમી તાંમ ...૨૦
માય તાય તવ પુહતાં તે પારિ, વાણોત્તર [૭]વરજ્યા વ્યાપાર;
[૮]બાર વરસ તે [૯]વઉલ્યાં જસૈં, દુખૈ દીહાડા લીઇ તે તસૈં ...૨૧
એક દિવસિ દાસી પરિવરી, ''દ્રવ્ય આલો સુહાસણિ સુંદરી;''
સુંડલડી આભરણે ભરી, ઉપરિ [૧૦]પૂંણીકરિલો કરી ...૨૨
દાસી લેઇ આવી દરબારિ, દેખી ડોકરિ કરિ વિચાર;
'અબ આવ્યું ધન તણો જુ અંત,' બેટીનેં કહિ ''કાઢો કંત ...૨૩
નિરધનને આદર મત કરો, કુલાચાર આપણો આદરો;
જિહાં જિહાં [૧૧]ગુલ તિહાં ચાંખીઇ, રસ લેઇ કુચા નાંખીઇ'' ...૨૪
મદનમંજરી વાધ્યો પ્રેમ, ''બાર કોડિ જેહનાં વિલસ્યાં હેમ;''
''બેટી ! નિરધન નર તે સાપ, રાખી કાંઇ ફગા[૩](વ)ઇ આપ ...૨૫
ફોકટ સીહનિ કરડી [૧૨]કુંછ, હાથ થકી નવિ મુંકૈ મુંછ;
એ આચાર અછિં આપણો, દ્રવ્ય હીણો પાલેં [૧૩]પરહોણો ...૨૬
છાસી વિલોઇનેં નાંખીયઇ, માંખણ તાવીનેં રાખીયઇ;
રુપિ ન રાચેં વેશ્યા કોઇ, જિહાં દ્રવ્ય તિહાં આદર હોઇ ...૨૭

---

૧. ખીર; ૨. માટે; ૩. હ.પ્ર. (ખ) નો પા. મલ; ૪. સારાકુળની; ૫. સૌભાગ્યવતી; ૬. વેશ્યાવાડે; ૭. છોડયાં; ૮. પા૰ વીશ વરસ; ૯. પસાર થયાં; ૧૦. લગ્નનો ચૂડો (સૌભાગ્ય કંકણ); ૧૧. ગોળ, મીઠાશ; ૧૨. દાઢી; ૧૩. મહેમાન.
* (કડી-૧૪) હ.પ્ર. (ખ)માં નથી.

સૂકિ કમલ નવિ ભમિ [૧]ભૂયંગ, સુકે [૨]સર સારસ ન સંગ;
[૩]દાધિ વનિ મૃગલા નવિ ચરંતિ, ભૂપતિ [૪]ભાવઠિ [૫]પાલો હીડંતિ ...૨૮
[૬]બાખડનેં કો બાંધે બાર ? બેટિ ! કાઢિ મેલ ઇસિ વાર;
સાર સંગ્રહીને રાખીયઇ, [૭]છેરિ [૮]છુંબરીનેં નાંખીયઇ ...૨૯
આપ કાજૈ સહુ આદર કરૈ, નિરધન નર આપણું મન હરૈ;
ધર્મ આપણો એ દાખીઇ, જિહાં વિત્ત દીસેં તાં રાખીઇ'' ...૩૦
કરડી નજરિ કરી ડોકરી, ''છાનિ રહિ રે તું છોકરી;''
તે બાલા નવ માનેં બોલ, નીઠરપણુ પછેં કરે [૯]નીટોલ ...૩૧
''ધોઇસ પાટી ઢોલહ તણી, હેઠલી ભોઇ આવો તે ભણી;''
અસાં વચન બોલે બે મની, કર્મ ચંડાલ કરેં કાંમિની ...૩૨
લેઇ સારવણી [૧૦]બોહારિ દાસિ, રજ લાગિ [૧૧]વિકલ વિમાસિ;
''રજ લાગિવા બીહે રે મુઢ ! તો કાં અહિયઈઆવ્યો છઈ કૂડ ?'' ...૩૩
'એ વચન કાઢેવા તણાં, જઇ જોઉં હવિ ઘર આપણાં;'
મૂકૈં નીસાસા નીસાસ, ઘર આવ્યો ન [૧૨]લહિં આવાસ ...૩૪
[૧૩]કાતંતી એક દીઠી નારિ, વલી વલી મુંહું ઘાલૈ બારિ;
આઘો જઇનેં પાછૌ વલૈં, [૧૪]વિલખો દીઠો તવ તે નીકલૈ ...૩૫
એક વાત કહૈ તવ ઘણી, ''વલી વલી પૂછૈ સ્યાં ભણી ?
સેઠ ઘનાવો કરતાં રાજ, તે કાંઇ નવિ દીસૈં આજ ?'' ...૩૬
કાંમિની કહિ ''કુટંબ આપણું, ઠામૈં પુહુતૌ તે ઘણું;''
[૧૫]કરવો લેઇ કરીઅ છેક, વનિતા વલી કરી વિવેક ...૩૭
દિવસ પાંચ દસ ઘરીઉ સોક, સાજન મિલીયા થોકૈથોક;
છઠે માસિ રહ્યાં આધાંન, કાંમની કહિ ''કિમ મલસું ધાંન ?'' ...૩૮
સારથ મિત્ર ઘનાવા સુંણી, બોલાવ્યો ભત્રીજા ભણી;
બિમણાં ત્રિગુણાં કૈ ચૌગુણા, બારે વરસે બારે ગણા ...૩૯
''એક આવાસ જે છૈ આપણું, બીજો માહરા પીહર તણું;
ગ્રહેણૈ મૂંકી લીજૈ દાંમ, વ્યાજૈ કાઢી કીજૈ કાંમ'' ...૪૦
સુહાસણિ સજાઇ કરી, કોથલ આપ્યો ભાતૈ ભરી;
મોદક વીસ ત્રીસ તવ કીધ, સર્વ સજાઇ સાથૈ લીધ ...૪૧
પાડોસણિ ભલામણ દીધ, દ્રવ્ય વાસણી સાથૈં લીધ;
ખાટલડી સાથૈં લેઇ જાહિ, પ્રીઉ પુંહુટાડૌ બાલદમાંહિ ...૪૨

---

૧. નાગ; ૨. સરોવર; ૩. બળેલા; ૪. મુસીબત; ૫. પગપાળા; ૬. દૂધ ન આપનારા ઢોર; ૭. ખરાબ; ૮. કચરો; ૯. નક્કી; ૧૦. ઝાડુ કાઢવું; ૧૧. વ્યાકુળ; ૧૨. મળ્યું; ૧૩. ૩ કાંતતી એવી સ્ત્રી; ૧૪. ઉદાસ; ૧૫. નાળચાવાળો લોટો.

નગર પાદરૈં પોઢાડી ગઇ, ઘરૈ દુખ તે ઝૂરૈ સહી;
બાર વરસ પ્રીઉડો કરિ ચડ્યૌ, કિમ આવસૈ દેસેં [1]રડવડ્યૌ ...૪૩
એણે નયરેં એક વિવહારીઉ, વાહણિ જાતાં વાટિ મૂઉં;
પારેવો આઇ સુધિ કહૈ, કાગલ આપી રોવઇ રહૈ ...૪૪
વાંચી ડોકરિ કરૈ વિચાર, 'રોવા ન દીયૈ વહુયર ચ્યાર;
રોચાં તઉ ઋધિ રાઉ લેઇ જાય,' ડોકરિ [2]પરઠિ નવો ઉપાય ...૪૫
કંકણ ભાંજણિ ન દીએ સહી, પગલું જોતી બાલદિ ગઇ;
જઇ ઉભી રહી વડ હેઠિ, જિહાં છઇ સૂતૌ સોભાગી સેઠિ ...૪૬
[3]પાયક વેસે પ્રમદા ચ્યારિ, કેડૈ કટારી ને કરવાલ કરિ;
ચ્યાર વહૂઅર લેઇ નીસરી, ડોકરિ કુંયર દુખ વીસરી ...૪૭
''આ કુણ સૂતો નર કેસરી ?'' ઉપાડી લેઇ નીસરી;
ડાવું જિમણું ડોકરિ જોય, રાજલોક રખે દેખેં કોય ...૪૮
ઉતાવલી આવી ઘરિ પાસિ, ઉચો લેઇ ચડી આવાસિ;
પુત્ર પોઢતૌ તેણી સેજ, પોહોડાઢ્યો વહૂ આણી હેજ ...૪૯
''થાપણિ રાખૌ એ ખાટલી, મોદક લેઇ મેહલૌ માટલી;
[4]ભારવટેં વલગાડો વાસણી, પુત્ર અમ્હારુ એ તુમ ઘણી !'' ...૫૦
ચમક્યો ચંદન ઉગૌ ભાંણ, [5]વહિસ્યાં કમલ સુગંધી જાંણ;
''[6]વિહાંણું વાયૌ જાગી જોય, આ કૌણ દેવલોક સું હોઇ ?' ...૫૧
ચ્યારિ નારિ ચોહો પાખલિ રહી, એ અપછરા દીસે સહી;
ડોકરિ દેખી કરયૌ જુહાર, ''પુત્ર ! આયું હોજૌ અપાર'' ...૫૨
એકે આપ્યું દાંતણ નીર, બીજી ચંદન લૂંહણ ચીર;
ત્રીજી મેવા મોદિક નૈ પકવાન, [7]ચઉથી લવિંગ ને ફોફલપાંન ...૫૩
હસતાં રમતાં ગયાં વર્ષ બાર, ચ્યાર પુત્ર જન્મ્યાં ચિહું નાર;
બાલદ આવી વરસૈ બાર, ડોકરિ [8]સુધિ હુઇ તેણી વાર ...૫૪
'ચ્યાર પુત્ર હુઆ ધનના ધણી, હવિ [9]અખત્ર કીજેં સ્યા ભણી ?'
સાસુ કહૈ ''કહું તે કરો, એ નર અહીંથી કાઢો પરો'' ...૫૫
એ ડોકરિ ઘૂરતિ ચંડાલિ, ''કાંઇ કહીસે તો દેસેં ગાલિ;
એ પ્રીઉડો અધ વચિ કાઢીયઇ, કહિતાં તન કરવત વાઢીયઇ ...૫૬
બાઇ મણના મોદિક હતાં, ત્રણ મણના કરો ભાવતાં;''
મોદિક કરતાં કરિ વિચાર, 'આપણિ કાંઇ કીજેં ઉપગાર' ...૫૭

---

૧. ભટકતો, અથડાતો; ૨. ઠરાવે; ૩. પગપાળા સૈનિક; ૪. ખીંટી; ૫. વિકસ્યાં; ૬. સવાર; ૭. હ.(ખ)નો પાઠ - લવિંગ, એલચી; ૮. ખબર; ૯. અખતરો.

માણિક મૂક્યા મોદિક માંહિ, ડોકરિ નહી દેખે તે માંહિ;
''આપીનેં [૧]ઉંસીકલ કીધ, ચ્યારિ પુત્ર જેણિ આપણને દીધ'' ...૫૮
''ખાટલડી કાઢી સજ કરો, જીરણ વસ્ત્ર ઉપરિ પાથરો;
સર્વ [૨]સજાઇ સાથે વાંસણી,'' [૩]જિમ સોહિલો થાઈએ ઘણી ...૫૯
[૪]સત્રાંકડી સહુ સામાં થઈ, ઉપાડીનેં બાલદિ લે ગઇ;
ઉજાગરુ તે સુતો સેઠિ, ઉતાવલી લેઇ મુકો વડલી હેઠિ ...૬૦
બાલદિ આવી અબલા સુંણી, સુહાસણિ સુધિ પુછિંતે ઘણી;
સારથવાહ કહૈં ''સું પુછૈ સતી ? વરસ બાર કુણોં દીઠો નથી'' ...૬૧
પુત્ર સહીત હીંડૈ પુછતી, માણસ (ન) દેખી મુર્છા થતી;
રોઇ રોઇ ઘડી અધ ઘડી, આલોટીનેં અવની પડી ...૬૨
સહીયર સાત પાંચ તિહાં મલી, બાહિં ઘરીને બઈઠી કરી;
ઢલી ઢલી વલી પડેં સરીર, નયણેં વહેં નદી જિમ નીર ...૬૩
એહવાત ન આપ્યું [૫]ઉધારિ, રંડાપણનો કરયો વિચાર;
'કરયા કરમ જે પરભવ તણા, આજ સંભારું તે આપણાં ...૬૪
આઘી જૈનેં પાછી વલિ, જિમ જલ વિણ માછલી ટલવલિ;
હાથિ ચઢયો ઉડાડ્યો હંસ, મેં મૂરખ મોકલીઉ કંથ ...૬૫
કિ નાખી જલ માંહિ જાલિ, કિ મેં કહિનેં દીધી [૬]ગાલિ;
સીલ ન પાલું સુધિ ચિત્ત, કિ મેં વાહી લીધાં વિત્ત ...૬૬
ભુખ્યા તરસ્યાં [૭]ગોરુ જેહ, સાર સંભાલ ન કીધી તેહ;
ભલા લાભ મૈં લીધો ઘણો, કે મેં કુડો કાઢયો કરો ...૬૭
પાપી સું કીધો પરવાર, ધર્માધર્મ ન લહૂં વિચાર;
પિસુનપણું કીધું પરતણું, તો દુખ પામ્યાં આપણ ઘણું ...૬૮
માંગ્યાં આપ્યા હલ હથિયાર, જેણે થાઇ જીવ સંહાર;
મંત્ર જંત્ર કામણ મેં કીધ, પુછી બુધિ તે [૮]પાડુવી દીધ ...૬૯
કિ મેં ભોજન કીધાં રયણિ, પાપ ન આલોયા મન વયણ;
દેવ ન માન્યા ગુરુ મા બાપ, તો મેં આજ પામ્યા સંતાપ ...૭૦
કે મેં તોડી તરવર ડાલિ, કે મેં ફોડી સરોવર પાલિ;
કે મેં દીધાં કુડાં આલ, કે મેં માત વિછોહાં બાલ ...૭૧
કે મેં કરુણા ન કરયો ધર્મ, કે મેં બોલ્યા [૯]મોસા મર્મ;
કે મેં સાધુ સાધવી સંતાપ્યા સાર, અસૂઝતાં મેં આપ્યા આહાર ...૭૨

૧. ઉપકાર; ૨. તૈયારી; ૩. પા૰ લેખ્યઉ કરી જગાવ્યઉ ઘણી ; ૪.સંપેવડી (સંપથી); ૫. ઉધાર આપવું; ૬. અપશબ્દ; ૭. ગાય-ભેંશ; ૮. અવળી સલાહ; ૯. અસત્ય.

કે મેં કીધી પરની [૧]તાતિ, દાંન ન દીધું જીમણેં હાથિં;
નામ ન લીધું શ્રી જગનાથ, તો પરમેસ્વર મેલ્હી હાથ ...૭૩
કે મેં પોપટ પંજરિ ઘરયાં, કે મઇ થાપણિ મોસા કરયા;
કે મેં કુડો કાઢયો કરહો, ગુણ પરિહરિ અવગુણ આદરયો ...૭૪
[૨]આલાકુંલા જે ફલપાંન, દવ લગાડીને ઝૂડ્યાં રાંન;
કે મેં મેલ્હાં વ્રત આચરી, પ્રીઉ વિજોગ પામી તેણૈ કરી ...૭૫
ઇંદ્રી પાંચ ન રાખ્યાં ઠાંમ, કિ કેહના ભાંજ્યા વીસરાંમ;
કરયાં કર્મ્મ કહું કેટલ્યાં, તે જગદીસ્વર જાણૈં તેટલ્યાં' ...૭૬
[૩]પોંહેક ન ખાધો દાધો હાથ, રોતાં સહૂ વિહાણી રાતિ;
[૪]પ્રહવ ઉગી તે બાલદિ ગઇ, વડલા આગલિ ઉભી રહી ...૭૭
ખાટલડી એક દીઠી જેહ, 'કોથલડી મેં આપી તેહ;
નવિ જાણું સુતો છે કોઇ,' મુખ ઉઘાડું તવ પ્રીઉડો હોઇ ...૭૮
દેખી કૌતિક હીયડેં હસી, [૫]અઉંઠા કોડિ રોમ ઉલહસી;
નિરખી નારી દીસેં સખી, કેવન્નો ચીંતવઇ તે દેખી ...૭૯
જોતાં ગાંમ [૬]ગુઆંદરુ વસૈ, ગરદભ ભૂંકૈ કુતરા ભસઇ;
''બાર વરસના સુતા હતા, કોણેં ન કહ્યાં જાતાં આવતાં ?'' ...૮૦
''સું અબલા સું પુછી વાત ? ઘણું રલ્યો છે જો ચડસિ હાથ;''
કામની કહિ ''સું કારણ કહું, મઇ [૭]સંઘાતઇ અનેરો લહું'' ...૭૧
બેટો કહિ ''લાગી ભૂખડી, કાકા ! કાંઇ આલો સૂંખડી;''
મોદિક લેઇ નીસાલૈ જાઇ, ભાઇપણા ભણી વીહિચી ખાઇ ...૮૨
રતન હતું તે મોદિકમાંહિ, ખસી પડિયું તે કુંડી જ્યાંહિ;
કુંડીમાં જલ બિહું ખંડૈ થયો, કંદોઇયૈ તે તિહાંથી ગ્રહ્યો ...૮૩
એણૈં અવસરિ, રાજાનૌ ગજરાજ, પહુતૌ પાંણી પીવા કાજ;
નદીયૈં તંતુ જીવૈ ગ્રહ્યૌ, નાગ પાસ જિમ બાંધી રહ્યૌ ...૮૪
હાથ ચોરાસી લાંબો જાંણિ, ગજનૈ તાણી જાઇ પ્રાણિ;
રાય પડાવ્યો પડહ સાદ, ''જે કો કાઢૈ એ ગજરાજ ...૮૫
અરધ રાજ સું બેટી દીઉં, પાછો બોલ પછૈ નવિ લીઉં;''
કંદોઇયેં પડહો છબ્યો, ''રાય બોલ બોલ્યો તે કરો'' ...૮૬
અભય કહેં ''છાંડ્યો ગજરાજ, પછૈ જાણસૈં જુગતુ કાજ;''
રયણ પ્રમાણૈ પાણી દોય ખંડ, મુકીને ગયો ગજ પ્રચંડ ...૮૭

---

૧. નીંદા; ૨. લીલાકૂણા; ૩. લીલા ઘઉંને શેકે તે; ૪. સવારે; ૫. સાડાત્રણ ક્રોડ; ૬. ગામનો છેડો, પાદર, ગોંદરું; ૭. સાર્થ; ૮. નીચી.

[૫]ઉછી જાતિ કંદોઇ તણી, ઘસી આવ્યો રાય શ્રેણિક ભણી;
કંદોઇ કહૈ ''પાલો બોલ,'' આગલિ ઉભો રહ્યો નિટોલ ...૮૮
આગલ જૈનૈં ઉભો રહું, નરવર બોલ કહું તે [૧]નિરવહું;
રાય ભણૈ ''મંત્રીસ્વર ! સુણો, કરો વીવાહ કંદોઇ તણો ...૮૮
જાન લેઇ નઇં આવો તુમ્હો, [૨]માનમુહુત્ત પછે દેસ્યું અમ્હો;
કરજ કાઢી કીધાં પકવાન, ઘર વેચીનૈ કાઢી જાંન ...૯૦
પ્રથમ સગાં હુંતા પચાસ, મોટે સગપિણેં મલ્યાં સહુ તાસ;
ઉતારા તે અલગા કરચા, [૩]સંઘેસરા તે [૪]સોટેં ભરચા ...૯૧
પહિલાં જમણ કુંવર જિમઈ, અૈકેક પછી પધારો તુમ્હઈ
એક એકને જણ ચ્યાર, સાચવવા મેહલ્યો સુવીચાર ...૯૨
[૫]અંધોલી [૬]ઉરડીયૈ લઈ જાય, જકડ બંધાવઈ તેહને રાય;
સોટે સમઝાવ્યાં તે સવે, [૭]અધસસંતા મુકાવ્યા હવૈ ...૯૩
તેડઉ વર નૈ થાયૈ અસૂર, બાંધ્યો બંધસો કંધિ ભરપૂર;
''સુડૌ સોટૈ સંઘેસરૈં, તિહાં લગિ મારો જિહાં મરૈ ...૯૪
કહિરે રતન તાહારૈં હતું ? આજ લગિ કીધું અણછતું ?
રતન તણાં થાંનકિ છૈં દોય, વ્યવહારીયા કિ રાઉલ હોય'' ...૯૫
કૂટંતાં કહિ સાચી વાત, ''કન્યા અમ્હ પોહોતી છૈ સાત;
કીધું તે પૈં દીધું ઘણું, એ રતન કેવન્ના તણું ...૯૬
આડી રે ચોરી ઉમટૈં, રાંકાં હાથૈં રચણ કિમ ઘટૈં;''
[૮]ભૂંડા [૯]ભરડાની પરિ થયૌં, લહિણું લેતાં દેણું થયઉં ...૯૭
કંદોઇનૈં કરચું [૧૦]પસાય, નાઠી જાન તે દહોદસેં જાઇ;
તેહ દિવસનૈં તેહજ વાર, કૈવન્નો પરણ્યો સુવીચાર ...૯૮
શ્રેણીક રાય દે કન્યાદાન, બાર કોડિ સાથૈં નિધાંન;
જુગતૈં જુગતી જોડી જોડ, પહિરાંમણી કીધી નવ કોડિ ...૯૯
ભોજન ભગતિ જે હરખ અપાર, કહિતાં વાધઇ બહુ વિસ્તાર;
સરખૈં સરખાં [૧૧]સમંધી મિલ્યા, પહિરાંમણી પહિરીનેં ચાલ્યા ...૧૦૦
એક દિવસ ઉંચૈ માલીયઇં, [૧૨]પરબાલી કેરૈં જાલીયઇં;
સિંઘાસણૈં બૈંઠા સુવિચાર, કૈવન્નો નૈં અભયકુમાર ...૧૦૧
''બુધિસાગર તૂં અભયકુમાર ! વયણ એક કહું તે અવધારિ;
ચ્યાર પુત્રને ચ્યારે જે નારિ, ડોકરિ માતા એ નયરિ મઝારિ ...૧૦૨

---

૧. નિભાવવું; ૨. માનપાન; ૩. નેતર; ૪. સોટી; ૫. અંધારે; ૬. ઓરડીમાં; ૭. અર્ધશ્વાસવાળા, અધમૂઆ; ૮. હલકાં; ૯. બ્રાહ્મણ; ૧૦. ખુશ; ૧૧. સંબંધી, વેવાઈ; ૧૨. પ્રવાળા (રત્નની જાળી).

સૌધી કાઢી આણૈ ઠામિ, તું બુધિસાગર તાહરું નામ;''
અભયકુમાર તવ બોલ્યો હસી, ''થોડી વાત કહીએ તુમ કિસી ? ...૧૦૩
તાહરા હસ્ચૈ તૌ મલસ્ચે તુઝ, માસ એક મુહુલતિ દે મુઝ;''
અભયકુમાર કરયો પ્રપંચ, સૂત્રધાર તેડ્યા સૌ પંચ ...૧૦૪
''કૈવન્નાની મૂરતિ કરૌ, પ્રાસાદમાંહે લેઇ પરવરો;''
જક્ષ કહી પ્રાસાદૈં લે ઠવૌ, અવર ઉપાય કરી વલી નવૌ ...૧૦૫
''કૈવન્નો પોહોતૌં પરલોક, યક્ષ થઇ સંતાપૈ લોક;''
નયરમાંહિ કરૈ ડાંકરો, ''કેયવન્ના યક્ષની પૂજા કરો'' ...૧૦૬
મોદિક પાંચ લાપસી પંચ ઘાર, લેઇ આવ્યૌ તિહાં લોક અપાર;
અલીય વિઘન આવે ટાલેં પરો, કૈવન્ના યક્ષ રક્ષા કરો ...૧૦૭
એકૈં એકૈં ઉપરિ પડૈં, બાલક બાંહૈં ઘરી ઘડવડૈં;
થોકેં થોકેં થઇ થાનકેં ચડેં, 'રખે ! યક્ષ કેવન્ના નડેં' ...૧૦૮
વહૂયર ચ્યાર વિમાસેં વાત, ''જુહારવા જઇએ કહો માત !
બાલક રક્ષા કારણ કાજ, જો આવો તો જઇચૈ આજ'' ...૧૦૯
ડોકરિ બોલી કહેં વિચાર, ''અહીં જાવાનો નહીં અધિકાર;''
કહું ન માનૈં તવ નીસરચાં, રથ બૈઠાં વીતગ વીસરચાં ...૧૧૦
ઘૂંઘટ કરૈ રખે દેખે કોઇ, કૈવન્નો કહૈં ''કુટંબ એ હોઇ;''
માંહિ ગયાં તવ દીઠૌ દેવ, ''બાપ'' કહી બોલાવ્યો હેવ ...૧૧૧
બાપ કહીને વિલગૈ બાંહિ, ''રીસાવી આવ્યા તે કાંહિ ?
ભાભા ! હમ લાગી ભૂખડી, કાકા ! કાંઇ આપૌ સૂંખડી'' ...૧૧૨
સાલો બહિનેવી માલીચૈ, ઉંચા બૈઠીને નિહાલીચૈ;
કોતિક દેખી હીઅડૈ હસૈ, ડોકરિ થરહર ધ્રૂજેં તસૈ ...૧૧૩
છોકરડા લેઇ રથ ભરચા, [૧]સંખેપૈં વાંદી નીસરચાં;
પૂઠિ થકી લાગો [૨]પાહરુ, [૩]આથિ સહિત તેણે આંણી ઘરી ...૧૧૪
ચ્યારિ નારિ એકેં આગૈ હતી, છઠી પરણૌ લીલાવતી;
એ છચૈ નારિ સુરંગૈ, રમઇ હાસ વિલાસઈ દિન નીગમૈં ...૧૧૫
બૈટાનૈં સિરિ સુંપ્યો ભાર, આપ લીધો સંયમ સાર;
દાંન તણા ફલ જોજ્યૌ આજ, મુગતિ તણું જેણે લીધું રાજ ...૧૧૬
સાધુ રતનસૂરી એમ ભણૈ, કૈવન્ના નઉ ચરિત્ર જે સુણૈં;
ભણૈ ભણાવૈ ગુણૈ ગુણાવે, ચઉદ રયણ નવ નિધિ આંગણે ...૧૧૭

ઈતિ શ્રી કેવન્નાનો રાસ સંપૂર્ણ

---

૧. સંક્ષેપથી વંદન કરી; ૨. ગુપ્તચર; ૩. ધન.

૩. કવિશ્રી દેપાલજી કૃત કયવન્ના વિવાહલઉ (૧૬મી સદી)

ભણઈ **કયવન્નઉ** ''**અભયકુમારુ** ! એક અપૂરવ વાતડી એ;
ચ્યારિ નારિ એહ નયર મઝારિ, ચ્યારિ એ બેટા અમ્હ તણાએ. ... ૧

એક તાં એહુ જુ વડઉ [૧]વિનાણું, [૨]જએહુ જણાવઉ તેઉ હસઈ એ;
હઉં નવિ જાણઉ તેહ તણ નારો, ન અહિનાણુ ન ઘવલહરો. ... ૨

સુપન સારીખિય સાચિય વાત, નિશિદિન ઘડીય ન વીસરઈ એ;
અવરહ માણસ કેહિય માત્ર, હુઉં ભૂલઉ હુઉં ભોલવિઉ એ.'' ... ૩

રાઉલિ કહઈ ''ન ભાગએ રાવ, કહઉ તઉ કોઈ માનઈ નહી એ;''
''બુદ્ધિ [૩]મયરહર તું [૪]બિરદ બોલાવ, જાણિસિઈ બુદ્ધિ તુમ્હ તણી એ. ... ૪

જાણિ કારણ તણઉ વિચારુ,'' **શ્રેણિક** [૫]સંભમ ઈમ ભણઈ એ;
તઉ કયવન્ના અભયકુમાર, સયલ કુટંબ જઉ મેલવઉ એ. ... ૫

જિસઉ કયવન્નઉ તિસઉ [૬]જાખુ, અનુપમ મૂરતી [૭]લેપમી એ;
હરખિહિં વેચિઉ સોવન્ન લાખ, અભયકુમાર કરાવિઉ એ. ... ૬

કંચણ રયણ તણઉ સિણગાર, નવલ પટોલાં પહિરણઈ એ;
રુપ અપૂરવ અતિહિ અપારુ, જાણઈ જગ સહુ મોહીઉ એ. ... ૭

ચઉ બારઉ ચહુટઈ પ્રાસાદ, **રાજગૃહે** રુલિયામણઉ એ;
નયરહ માંહિ પડાવિઉ સાદ, પડહુ વજાવઉ ઘરિહિ ઘરે. ... ૮

''આવઉ વેગિહિં સહુ સકુટુંબ, પંચ મોદક જણ જણ પ્રતિ એ;
રા(ર)ખે કરિસઉ કોઈ વિલંબુ ! જાખુકુ [૮]જુહારઉ વિધન હ(થ)શે.'' ... ૯

---

૧. અચરજ; ૨. જેવું; ૩. સાગર; ૪. બિરુદ; ૫. નંદન; ૬. ચક્ષ; ૭. લેપકરેલ; ૮. પા॰ કુહારઉ - પ્રણામ કરવા;

જાણિઉ જાખહ તણઉ પ્રમાણુ, ઘરિ ઘરિ મોદક નીપજઈ એ;
એવડું બુધિ તણઉ પરમાણુ, અભયકુમારિ કરાવિઉ એ. ... ૧૦

[૧]ઉકિ ભણઈ ''પરમેસર જાખ ! લાડૂય દેસુહૂં અતિ ઘણા એ;
જે અમ્હર ગહ આગલિ રાખ, તઉ તઉ સામીઉ અમ્હ તણઉ એ.'' ... ૧૧

એક નાચઈ એકિ ગાઈ ગીતુ, હરિખિહિ **કવિ દેપાલ** જિમ;
ઈણ પરિ જાખુ જુહારઉ વદીતુ, મંગલ કારઉ મગધ દેસે. ... ૧૨

ચ્યારિ એ બેટા ચ્યારિ એ નારિ, નવમી [૨]સરિસીય ડોકરી એ;
જઉ પુહુતા પ્રસાદ મઝારિ, જાખુ દેખિ અચરજ હુઓ એ. ... ૧૩

પુત્ર ભણઈ ''ઘરિ ચાલઉ તાત !'' નારિ ન બોલઈ [૩]પુણુ હસઈ એ;
ઈસીય એહ અપૂરબ વાત, નવ જણ મેલાવઉ હુયઉ એ. ... ૧૪

[૪]બલિ કીજઉ તસો અભયકુમાર, જેણ [૫]વિફ(ખુ)ટાં [૬]મેલવિયાં એ;
[૭]ગરુયપણઈ ઘણ-ગુણહ ભંડારુ, [૮]સયલ શ્રી સંઘ આણંદ કરો. ... ૧૫

---

૧. કથન, ઉક્તિ. ૨. સાથે; ૩. પણ; ૪. બુદ્ધિ બળથી; ૫. વિખુટા; ૬. મેળાપ કરાવ્યો; ૭. ગૌરવપણું; ૮. સકળ

૪. કવિ ઋષભદાસજી કૃત કયવન્ના શેઠનો રાસ. (સં. ૧૬૨૧)

દુહા : ૧

[૧]પઢમં જિણેસર પાએ નમું, **મરુદેવ્યા** સુત જેહ;
મુખ પુન્યમનો ચાંદલો, કનકવરણ જસ દેહ ...૧
નાભિરાય કુલિ ઉપનો, જનમ હુઉ જેણી વાર;
મેરુ શિખરઈં નવરાવીઉ, સુર મનિ હરખ અપાર ...૨
ઋષભ નામ તસ થાપીઉં, પરણાવ્યો બઈ નારિ;
એકસો પુત્ર હુઆ રુડા, પુત્રી બઈ ઘરબારિ ...૩
વિપુલ વંશ વાધ્યો સહી, પોહતી મનની આસ;
જિનવર નામ જપી કરું, **કઈવન્ના**નો રાસ ...૪

ઢાળ : ૧ (રાગ : ગોડી. ત્રિપદીનો... એ દેશી)

કઈવન્નાનો ગાયસ્યું રાસ, પૂરવ ભવનો કરું પ્રકાશ;
સૂણતાં અતિ ઉલ્લાસ, હો ભવીકા. સૂણતાં અતિ ઉલ્લાસ ...૫
રાજગૃહિ નગરી છઈ જ્યાંહિ, વસઈ નેસડો પાસઈ ત્યાંહિ;
રહઈ **આહિર** તેહમાંહિ, હો ભવિકા, રહઈ આહિર તેહમાંહિ ...૬
ગોવાલ આહીર તેહનું નામ, ઘરિ નારી **ગંગા** અભિરામ;
મંદિ(ર) રચિં [૨]બોહોલા દામ, હો ભવીકા મંદિર રચિં બોહોલા દામ ...૭
ગાય ભિંસ ઘરી છાલાં ઘોડાં, વૃષભ તણાં દીસઈ બહુ જોડાં;
ઝાઝાં દાસ દોકડાં, હો ભવીકા ઝાઝાં દાસ દોકડાં ...૮
કરઈ એકઠાં ઘૃત વલી તેહ, **શ્રીપતિ** વાંણિગનિ પણિ દેહ;
તેહનો દ્રવ્ય પણિ લેહ, હો ભવીકા તેહનો દ્રવ્ય પણિ લેહ ...૯
એક દિન **ગંગા** દાસી સાથિં, લીધા ગાડુઆ ઘૃતના હાથિં;
નગરિ આવ્યા પરભાતિં, હો ભવીકા નગરી આવ્યા પરભાતિં ... ૧૦

ઢાળ : ૨ (રાગઃ કેદારો, ગોડી. વિણજારાની ... એ દેશી)

૨(રા)જગૃહી નગરીમાંહિ આવઈ, શ્રીપતિની હાટઈ જાવઈ;
નવિ દીઠો શ્રીપતિનઈં જ્યારઈં, પૂછ્યું પાડોસીનિ ત્યારઈં ... ૧૧

---

૧. પ્રથમ; ૨. પુષ્કળ.

''ગયો પૂજવા દેહરઈં દેવ, એહની ખોટી થયાની ટેવ;
નહી આવઈ શ્રીપતી આજ, નવિ થાઈ તુમ્હારું કોઈ કાજ'' ... ૧૨
'પાપો(ડો) પંડિત લુંડી જેહ, હાટ પાડોસી કહું તેહ;
મીંઢો મલ્લનઈં માંગણહાર, માંહોમાંહિં હોઈ ખાર' ... ૧૩
ગંગા આપ વિચારી જાવઈ, જિનવરનિં દેહરઈં આવઈ;
સાહ શ્રીપતિ નવિ ઉલખાઈ, વસ્ત્ર હાર કંકણ મુદ્રકાઈ ... ૧૪
સિર તિલક બનાવ્યું સાર, જાણે મહીપતિનો અવતાર!
નીત્ય પહેરી વસ્ત્ર અસાર, મઈલો ઘૃત તણો વ્યાપાર ... ૧૫
તન ગંધાઈં શિર મેલિઈ, એ વિણજ તજઈ નર ઠેલઈ;
શ્રીપતિ મુકઈં ઘીઆનો વેસ, તિણઈં કીધો સખરો વેસ ... ૧૬
આહીરાણીં નઈં મનિ ભાવઈં, સાહા શ્રીપતિનિ બોલાવઈં;
''ઘણા દિવસનો વલી ઘૃત જેહ, આવી તોલી લીઉ નર તેહ'' ... ૧૭
સુણૈં શ્રાવક બીજા જ્યારઈં, શ્રીપતિનેં નીદંઈ ત્યારઈં;
''કસ્યો ઘૃત તણો વ્યાપાર? માખણ તાવતાં જીવ [૧]સંઘાર'' ... ૧૮
શ્રીપતી લાજ્યો મનમાંહિ, ગોવાલણી નઈ [૨]નંદી ત્યાંહિ;
મુઝ [૩]હેલઈં શ્રાવક સઘલાઈ, ''સ્યું આવી ઈહાં કિણ બાઈ?'' ... ૧૯
કહઈ ગોવાલિણી ''[૪]સરયાં અમ કાજ, આવ્યાં તો દીઠો મહારાજ!;
દેખી પૂજ્યા જિનવર રાય, અમ હીયડઈ હરખ ન માય ... ૨૦
એ દેવ પૂજ્યો કસ્યું [૫]આલઈ?'' શ્રીપતિ કહઈ ''[૬]જસ બહુ ચાલઈ;
સઘલાં વાધઈ ઘર સૂત્ર, પ્રભુ પૂજ્યો આપઈં પુત્ર!'' ... ૨૧
કહઈ ગોવાલિણી ''હોઈ પૂત, કરું જિનપૂજા અદ્‌ભૂત!;
કરું ઝાઝા ઘૃતનો દિવો, જિનનામ જપું જસ દીવો'' ... ૨૨
ઈમ કહી ઘૃત આપી જાઈ, [૭]પુનિ પૂત્ર ભલેરો થાઈ
દીધો **ગંગીઉ** તેહનું નાંમ, દિન કેતલૈં વાધ્યો તાંમ ... ૨૩
તાત પરલોકૈં તવ જાઈ, ઘરઈ લક્ષ્મી દહો દિસિં થાઈ;
પુણ્ય પૂર્વ ખુંટું જ્યારઈં, કાંઈ રાખ્યું રહિ નહિં ત્યારઈં ... ૨૪

દુહા : ૨

કમલા યૌવન લબાડ કાલ, અતીસાર ગજકર્ણ;
ઋષભ કહઈ જન જાણજ્યો, રાખ્યું ન રહિં મર્ણ ... ૨૫

---

૧. સંહાર; ૨. ખીજાવવું, ગુસ્સો કરવો; ૩. હડધૂત કરવું; ૪. થયા; ૫. આપશે; ૬. યશ, પ્રતિષ્ઠા; ૭. પુન્યથી.

જરા મરણ કુભોજનાં, દરિદ્ર રોગ [૧]જાઅંત;
પૂત્રી વિઘન પંડિત કહઈ, અણવાંછ્યાં આવંત ... ૨૬

ઢાળ : ૩ (લંકામાં આવ્યા શ્રીરામ રે... એ દેશી)

અણવંછી આપદા જેહ રે, ગંગા ઘરિ આવી તેહ રે;
લેઈ પુત્રનિં ચાલી ત્યાહચાં રે, આવી રાજગૃહીમાંહિ રે ... ૨૭
સા શ્રીપતિનઈં ઘરિ જાઈ રે, રોઈ ભાખઈ કરમ કથાય રે;
''પરલોકિં ગયો ભરતાર રે, ગઈ લખ્યમી તેણિ વારિ રે ... ૨૮
પડી વેલા તુમ્હકઈં આવી રે, ગંગાયાનિ સાથિં લાવી રે;
દીઉં સાથ્ય તો ઈહાં રહી રે, વણિઉલખી કેહનિં કહીઈ રે ... ૨૯
ઉલખીતાં જેહ સગાંય રે, તે [૨]ચુહટાલાં દેઈ જાય રે;
ભૂંડા દરિદ્ર તણો મહીમાય રે, સગાં ફીટી અણસગાં થાય રે ... ૩૦
[૩]સૂર પરિખ્યા જવ સંગ્રામ રે, ગજ પારિખું ગઢનું કામ રે;
દાન પારિખું દીસઈ હાથિં રે, સજન પારિખું તિમ [૪]અણાથિ રે'' ... ૩૧
અસ્યાં વચન કહઈ ગંગાય રે, તવ બોલ્યો શ્રીપતિ સાહ રે;
''રહો બાઈ તુમ્હ ઈહાંય રે, નહીં જિમીઈ તુમ્હ ભુખ્યાંય રે'' ... ૩૨
રહી ગંગા તેણઈ ઠામ્ય રે, લાગી પેટ ભરાઈ કામ્ય રે;
ગંગીઉ ચારઈ વન્ય ગામ રે, એમ દૂખ ભરિ [૫]દાડા જાય રે ... ૩૩
એક દિન વનમાં ગોવાલ રે, આવ્યા ખીર જિમીઈં તતકાલ રે;
કરઈ બઈઠા વનમ્હાં વાત રે, ગંગીયાનિ ઈચ્છા થાય રે ... ૩૪
આવ્યો ઘઈરિં [૬]સિરાવવા જ્યારિ રે, આપી રોટલી માઈં ત્યારિ રે;
નવી લીઈં ગંગીઉ ઘીર રે, માગઈ ઘૃત ખાંડિનિં ખીર રે ... ૩૫
તવ માતાનિં દૂખ જાગઈ રે, 'ઘરિ દુઝતી મહીષી ગાય રે;
નવી ભાવતાં દૂધનિં દહીંઅ રે,જુઉ કર્મ તણી કથાય રે, ... ૩૬
ઘરિ દૂઝતી મહીષી ગાય રે, ન મિલઈ થોડુંઈ [૭]અઈહાંય રે!'
માગિં બાપડો બાલક રોઈ રે, હુઈ ગલગલી સૂતનિં જોઈ રે ... ૩૭
મીઠે વચને બોલી માય રે, ''મ કરો સૂત! ખીર ઈછાય રે;
[૮]ઉન્હું પામીઈ કબીઈક ક્યારિં રે, તો ખીરની સીદ સંભારઈ રે?'' ... ૩૮
ન રહઈ વારયો ચઢ્યો આડો રે, મારિ લાકડી ત્યારિં ત્રાડઈ રે;
ઘણું ગંગીયાનિં દૂખ થાઈ રે, ''મૂઉં તાત ન મુઈ માય રે ... ૩૯

---

૧. જમાઈ; ૨. મેંણા મારે; ૩. શૂરવીર; ૪. ભીડ પડે; ૫. દિવસો; ૬. જમવા; ૭. અહીંયા; ૮. ગરમ.

દૂખ દેખવા રહી હું આંહિ રે, ભૂંડા દૈવ! દૂખી કર કાંઈ રે?''
રુઈ ગંગીઉ ગંગા માય જ્યારિ રે, સૂણઈ પાડોસણિ તે ત્યારિ રે ... ૪૦
ખીજી બોલી અબલા ત્યારિં રે, ''ગંગા! ગંગીયાનિ કાં મારઈ રે?
ખીર નહી કાંઈ હેમ સમાન રે, વાત ન સૂણાવી અમ કાંન્ય રે?'' ... ૪૧
એમ કહી દીઇ ચાવલ થાલ રે, એક આપઈં ઘૃત તતકાલ રે;
એક આપઈ ત્રાંબડી દૂધ રે, એક ખાંડ બૂરું દિઈ સુધ રે ... ૪૨
મલ્યો સંજયોગ નીપાઈ ખીર રે, બઈઠો ગંગીઉ જિમવા વીર રે;
પ્રીસી માતા આઘી ગઈ જ્યારઈ રે, ગંગીઉ મનિ ચિંતઈ ત્યારઈ રે ... ૪૩
'કોઈ સાધ આવઈ તો દીજઈ રે, પછઈં ભોજન ભાવિં કીજઈ રે;'
એવી ઈચ્છા મનમાં હોય રે, જીવ ઉત્તમ ટાલી ન હોય રે ... ૪૪
પુણ્યવંતનિં સંચ મિલેઈ રે, ભાગ્યવંત છઇ ગંગીઉ જેહ રે;
અભિગ્રહઈધારી મૂની આવઈ રે, પ્રતિલાભવા ઊભો થાવઈ રે ... ૪૫
કરિ ચોથો ભાગ તે આલઈ રે, પછઈં અરધ ઉપરિ મન વાલઈ રે;
ત્રિણ ભાગ દેઉ જાણઈ બાલ રે, પછઈ આપ્યું આખું થાલ રે ... ૪૬
આવી માતા જુઈ જ્યારઈ રે, થાલી ખીર ન દેખાઈ ત્યારઈ રે;
'ભલો ભુખ્યો એહ કુમાર રે, ખીર ખાતાં ન લાગી વાર રે ... ૪૭
ઈમ ભૂખ્યો રહઈતો હસ્યઈ દિહાડી રે,' પછઈ તોલડી ઊંધી પાડી રે;
જમી ખીરનિં ઊઠ્યો જ્યારઈ રે, બઈઠી પ્રેમની નજર ત્યારઈ રે ... ૪૮
હુઉ કલમલો પૂહતો કાલ રે, રાતિં મરણ લહઈ તે બાલ રે;
રુઈ ગંગિઆ કેરી માય રે, ''દીધો ચાંદા ઉપરિ ઘાય રે ... ૪૯
ગયો કંતડો લખ્યમી લેઈ રે, ગંગિયા તું કાં ગયો છેહ દેઈ રે?
હવિ કુણ હોસઈ આધાર રે? ગયો ગંગજી દેવ કુમાર રે! ... ૫૦
કિસ્યાં પૂરવ કેરાં પાપ રે? કીધા સાધ તણઈ સંતાપ રે;
મારયાં માનવ હસ્તી ગાય રે, તો આ ભવ ગંગજી જાય રે'' ... ૫૧

દુહા : ૩

ગયો પરલોકિં ગંગિઉ, ઉત્તમ કુલિં ઉપન્ન;
દાન ગુણે કરી પાંમીઉ, રમણી રાજ્ય સોવન ... ૫૨
રાજગૃહી નગરી ભલી, સ્વામી **શ્રેણિકરાય**;
તીહાં વસઈ વ્યવહારીઉ, વડો **ધનાવો** સાહ ... ૫૩

ઢાળ : ૪ (રાગ : ગોડી. એણિ પરિ રાજ કરંતા રે... એ દેશી)

સેઠ **ધનાવો** ત્યાંહિ રે, નારિ **સુભદ્રા** એ;
સૂત **કઈવન્નો** તેહનો એ ... ૫૪
જનમ હુઓ જેણિ વાર રે, ઉછવ તવ ઘણા,
તોરણ હાથા બારણઈં એ ... ૫૫
નાટિકા હોઈ તાંમ રે, દાન દીઈ ઘણું,
સજન પોખ કીધો સહી એ ... ૫૬
કયવન્નો સૂત નામ રે, રુપ ઘણું તસિં,
દીઠઈં પ્રેમ હોઈ ઘણો એ ... ૫૭
ભૂષણ અંગિ અનેક રે, ભરિઉં આભરણિયું,
મુખ પુન્યમનો ચાંદલો એ ... ૫૮
લક્ષણ અંગિ બત્રિસ રે, કલાકુશલ સહી,
સોભાગી સુત ઉપનો એ ... ૫૯
કુલ યુગમાંહિ નર જોય રે, વીર નઈ શાશનિં,
ચ્યાર પૂરષ ઉત્તમ હુવા એ ... ૬૦
સાલિભદ્ર અભયકુમાર રે, **ગઉતમ ઋષિ** વડો,
કઈવન્નો કુઅર હુવો એ ... ૬૧
દિન દિન વાઘઈ પૂત રે, ભણતો નેસાલઈં,
પઢી ગુણી પંડિત હુવો એ ... ૬૨

ઢાળ : ૫ (રાગ : આશાવરી સિંધુઓ. કાન વજાવે વાંસલી... એ દેશી)

પઢી ગુણી પંડિત હુવો, કન્યા પરણાવ્યો;
સોહાસણિ નામ જ સહી, તસ મંદિર લ્યાવ્યો;
વઈરાગી કુંઅર સહી, નવી નીહાલી નારી;
કામભોગ વિલાસઈ નહી, સૂખ સારાં સંસારી ... ૬૩
એક દિન સોહાસણિ વલી, જિનમંદિર જાઈ;
દેખી સ્યોભા તેહની, ગુણ નારિ ગાઈં;
''સસરો ધનાવો જિસ્યો, સુભદ્રા સાસુ;
કંત કઈવન્ના સારીખો, મહાભોગ વિલાસો'' ... ૬૪
સુણી સોહાસણિ વીનવઈ ''તુમ્હ ન લહો બાઈ;
સસરો સાસૂ સુંદરુ, નર (ન) લહી ચતુરાઈ;

સંસાર ગતિ સમઝઈ નહીં, તેહને શું કીજઈ ?
સુંદર ઝાડ તેહ [૧]સિંબલો, તિહાંથી સ્યું લીજઈ ?'' ... ૬૫
સુણી વાત જવ સાસુઈં, કહઈ નરનઈં નારિ;
''કઈવન્નો સમજાઈ નહીં, ગતિ જે સંસારિ'';
બાપઈં બુધિ હીડઈ ઘરી, [૨]મંત્રીનિ તેડઈં,
ત્રિણ રત્ન લેઈ કરી, બાંધ્યા તસ છેહડઈ ... ૬૬
''**મદનમંજરી** ઘઈરિ જઈ, દેજ્યો ત્રિણિ રત્ન;
કઈવન્નાનિ તિહાં ઘરો, કરસઈ તે જત્ન;
બોહત્તરિ કલા તિહાં સીખસઈ, હોસઈં પ્રવીણ;
સકલ કામ તસ સાધસઈ, સૂત એ [૩]સૂકલિણ'' ... ૬૭
મંત્રિ ગુણિકા ઘરી ગયા, કઈવન્નો સાથિં;
કુમર તણઈ ત્યાહાં ભોલવ્યો, મદનમંજરી હાથિં;
કોશ્યા ઘરિ બઈઠા સહૂ, ફલ મેવા ખાઈં;
[૪]કુંચીનું મસિ તિહાં કરી, એક મંત્રી જાઈં ... ૬૮
બીજો મંત્રી ઉઠીઉ, કહઈ ''સંકા ટાલું,''
ત્રીજો કહઈ ''જઈ હાટનાં,દુવાર સંભાલું;''
ચોથો કહઈ ''સહુ કિહાં ગયા ? જોઈ આવું આંહિ;''
ઈમ કહી સઘલા ગયા, વછ મુક્યો ત્યાંહિ ... ૬૯

ઢાળ : ૬ (રાગ : કેદારો. સુણો મોરી સજની ! રજની ન જાવઈ રે... એ દેશી)

કઈવન્નો સૂખ ત્યાંહાં વિલસંતો રે, સોવન સોગઠે ત્યાંહાં રમંતો રે;
મનગમતાં અન્ન ત્યાંહિ જિમંતો રે, સોવન સેજ્યા ઉપરિ સોવંતો રે ... ૭૦
મનગમતાં અન્ન ત્યાંહિ જિમંતો રે, સોવન માલીઈ પૂરયો વાસો રે;
દીઈ [૫]પડવડી દીસી દાસો રે, પોહોચાડઈ મન કેરી આસો રે ... ૭૧
પહિરઈ [૬]વાગા [૭]સખરા સારો રે, કંઠિ રયણનો ઘાલઈં હારો રે;
જાણું ઈંદ્ર તણો અવતારો રે, જેહના સૂખ તણો નહીં પારો રે ... ૭૨
મદનમંજરી વેણિ વજાવઈ રે, ભૈરવ પંચમ રાગ બજાવઈ રે;
પરભાતીં વેલા ઊભી થાવઈ રે, રાગ દેસાખ કરી ગણિકા ગાવઈરે ... ૭૩
ટોડી ગુજરી નટ ભૂપાલો રે, સારિંગ સુણતાં રીઝઈ બાલો રે;
વસંત શામેરી સૂકમાલો રે, કરઈ કેદારો સંજ્યા કાલો રે ... ૭૪

---

૧. શાલ્મલિ વૃક્ષ; ૨. મિત્ર; ૩. કુળવાન; ૪. ચાવી; ૫. ? ? ? ?; ૬. વસ્ત્ર; ૭. સુંદર.

સિંધૂ સોરઠી કેદારો ગોડી રે, સૂણતાં નર તે બઈ કર જોડી રે;
મારુ માલવ ગોડ મલ્હારો રે, રામગિરી ગોડી તિહાં સારો રે ... ૭૫
સબાપ ધોરણી હોઈ તિહાં કાફી રે, રસીયા મુકઈ ખચડી બાફી રે;
અસાવરી હોઇં શ્રીરાગો રે, સુણતાં ડોલઇં વાસિગ નાગો રે ... ૭૬
અસાવરી સિંધુ કલ્યાણો રે, [૧]કાહાલઈરો સુણતાં હોઈ જાણો રે;
પરદો પરજીઉ રાગ હુસેની રે, સમઝઈ બુધિ હોઇ સબલી જેહની રે ... ૭૭
જઈતસરી નઈ રાગ મેવાડો રે, કસ્યું કામદઈ સુરિ ઘાડો રે;
રાગ [૨]વઈરાડી દેવગંધારી રે, સમઝઈ તે નર બુધિ જ સારિ રે ... ૭૮
વૃંદાવની સારિંગ હોઈ જ્યારઈ રે, મૂરિખ મૂઢ ઘૂણવઈ ત્યારઈ રે;
અનલા ગોડી મેઘ મલ્હારો રે, અધૂરસ પરજીઉ અતિહિં અપારો રે ... ૭૯
[૩]અનેક રાગ બીજા વલી જેહો રે, મદનમંજરી કરતી તેહો રે;
મદનમંજરીનું મુખ દેખી રે, ગયો ચંદ મૃતલોક [૪]ઉવેખી રે ... ૮૦
મસ્તગ વેણી લાંબી કાલી રે, ગયા પાતાલિં નાગ નીહાલી રે;
કાને ઝાલિં ઝબુકઈ દોયો રે, રવિમંડલ સરીખાં તે હોયો રે ... ૮૧
કમલનયન મૃગનયણી નારી રે, ખંજન લોચની વેશ્યા વીચારી રે;
નાશિકા જેહની અતિ અણીયાલી રે, અધર અનોપમ જિમ પરવાલી રે ... ૮૨
નીરમલ દંતી મધૂરી બોલઈ રે, નાગકુમારી રંભા તોલઈ રે;
કંઠિં કનકતણો તસ હારો રે, બાજુબંધ બઈરખાંજી અપારો રે ... ૮૩
પયોધર દોઈ રે, કામી પુરુષ રહ્યા તે જોઈ રે;
બત્રીસી બંધિ કંચનસીઉ રે, જોઈ રહ્યો કઈવન્નો રસીઉ રે ... ૮૪

---

૧. રાગનું નામ; ૨. રાગ વેરાડી; ૪. પાછા હટી જવું.

૩. **રાગ :** છ પ્રકારનાં રાગ છે. (શ્રીપાળ રાજાના રાસ ખંડ-૩માં આ વિગત છે.)

૧. શ્રી રાગ : મ્હારવા અથવા માલવી, ત્રિવેણી, કિંદારા, ગૌરી, મધુમાધવી, બહારી.
૨. વસંત રાગ : દેશી, દેવગિરિ, બૈરાટી, બદ્રિકા, લલિતા, હિંડોલી.
૩. પંચમ રાગ : બિભાસ, ભૂપાલી, કરનારી, બડહંસ, માલશ્રી અથવા વાદ્યેશ્વરી, પટમંજરી.
૪. ભૈરવ રાગ : ભૈરવી, ગુર્જરી, રેવા, ગુનકલી, બંગાળી, ભલી અથવા હેલી.
૫. મેઘ રાગ : મલ્હાર, સોરઠી, આશાવરી અથવા સામેરી, માલકોશ, ગંધાર, રસશૃંગાર અથવા હરશૃંગાર.
૬. નટનારાયણ રાગ : કામોદી, કલ્યાણી, આહિરી, નાયકી, સારંગ, હમીરનાટ.

આ રીતે ૬ રાગ + તેની ૬ x ૬ = ૩૬ રાગિણી + ૪૮ પુત્રો = ૯૦ ભેદ છે.

સ્વર : સ્વર સાત પ્રકારનાં હોય છે. (૧) ષડ્જ (૨) ઋષભ (૩) ગંધાર (૪) મધ્યમ (૫) પંચમ (૬) ધૈવત (૭) નિષાદ. (સા. રી. ગ. મ. પ. ધ. નિ.) નાસિકા, કંઠ, ઉરસ્થાન, તાલુ, જિવ્હા અને દંત આ છ સ્થાનોથી ઉત્પન્ન થવાના કારણે પ્રથમ સ્વર 'ષડ્જ' સમજવો.

તાલ : તાલ સાત પ્રકારની હોય છે. (૧) ધ્રુઓ (૨) માઠો (૩) પડુમનો (૪) રૂપડો (૫) જતિ (૬) પડતાલો (૭) એકતાલ વગેરે.

કમલ નાલ જસી બઈ બાંહિ રે, કનક ચૂડ્ય બનાવી ત્યાંહિ રે;
ચીત્રાલંકી જાણો રંભો રે, જંઘા જેની કદલી સ્થંભો રે ... ૮૫
પિહિરયો નારિ કુંજર ચીરિ રે, મોર હંસ લખ્યા તિહાં કીરો રે;
ગજગતી ગમની ત્યાંહિ છાજઈ રે, પગે કનકના નેવર વાજઈ રે ... ૮૬
રાતાં તલવા નિં નખ રાતાં રે, મોહી રહ્યાં મૃગ વાટઈ જાતાં રે;
સરિખઈ સરિખો મિલ્યો સંજ્યોગો રે, કઈવન્નાસ્યું વિલસઈ ભોગો રે ... ૮૭
કઈવન્નો અતિ સૂખીઉ થાયરે, દીધું હાથનું કિહાં નવિ જાય રે!
અણદીધઈ કરઈ ઈચ્છા મોટી રે, પણિ નવિ પામઈ એક લંગોટી રે ... ૮૮
દત્ત હીણનઈ સુભ સૂખ કિહાંથી રે? દાનઈ મહિલા મણિમય હાથી રે;
દાંનઈ કઈવન્નો હુઉ સૂરો રે, પામ્યો ભોગ સંપૂર્ણ પૂરો રે ... ૮૯
દાંન પંચ ભાખ્યાં જગિ સારો રે, અભય [૧]સુપાત્ર દાંન અપારો રે;
દોય દાનથી મુગતિ જાઈ રે, નહિતરિ સુર મનુની ગતિ થાઈ રે ... ૯૦
ઉચિત અનુકંપા કીરતિ દાનો રે, દેતાં પામઈ ભોગ નિધાંનો રે;
પરંપરઈ મુગતિ લહંતો રે, જે નર હરખી દાન દેવંતો રે ... ૯૧
ન દીઈ દાનનિં ડોહલો ઘાલઈ રે, દરીદ્રપણું તસ પૂઠિં ચાલઈ રે;
થાઈ [૨]રેવણી રોગ અંગિ રે, કોઈ ન બિસઈ તેહનઈ સંગિ રે ... ૯૨
અપજસ લોકમાંહી ચાલ્યો જાઈ રે, તે જીવ આગલિં દોહિલૌ થાઈ રે;
દીઈ દાનનિં દેવરાઈ જેહો રે, કઈવન્ના પરિં સૂખીઆ થાઈ તેહો રે ... ૯૩

દુહા : ૪

કઈવન્નો સૂખ ભોગવઈ, પંચ વિષઈ રસ સાર;
વેશ્યા મંદિરઈ વહી ગયાં, અનુકરમઈ વરસ બાર ... ૯૪

ઢાળ : ૭ (રાગ : ગોડી. એણી પરિ રાજ્ય કરંતાં રે... એ દેશી)

વચઈ ગયાં વરસ બાર રે, બાર કોડી ધન,
વિલસિ કોશ્યા મંદિરિં એ ... ૯૫
માતા પિતા પરલોક્ય રે, પહોતાં તે સહી,
ઘરિ રહી નારી એકલી એ ... ૯૬
ઘર પડીઆ ધન જાય રે, નર છંડી ગયા,
નારિ માંડઈ [૩]રિહટીઉ એ ... ૯૭

---

૧. પા૰ સુપત્રહ; ૨. એક જાતનો દુર્ગંધ મારતો રોગ; ૩. રેંટિયો, સુદર્શન ચક્ર.

સહુ દિન સરીખા જેહ રે, નવિ રવિ ચંદનિ,
પાંડવ સિરખા વનિં ભમિં એ ... ૯૮
[૧]અથીર રિધિ એ જાણ્ય રે, ચતુર નવ ચૂકતા,
પુણ્ય કરઈ અવસર લહી એ ... ૯૯
ખુટું પુણ્ય જયા વારઇં રે, ગયો ધનાવો એ,
ઘરિં રહી વહુઅર ઝૂરતી એ ... ૧૦૦
દાસ મસારા પારા કાપ્ય રે, વેશાઇં મોકલી,
આવી મંદિર આગલી એ ... ૧૦૧
દીઠા પડ્યા આવ(વા)સ રે, [૨]નફર નહી કોઇ,
દીઠી નારિ કાંતતી એ ... ૧૦૨
નારી ઉલખી દાસ રે, તેડી ત્યાહાં સહી,
''કવણ કાંય આવી ઈહાં એ ?'' ... ૧૦૩
કહઈ ''ધન લેવા કાજિ રે, હું પણિ મોકલી
પણિ રિધિ દીસઈ નહી કસી એ'' ... ૧૦૪
ઉતમ કુલની નારય રે, આપ વિચારતી,
'રખે દૂખ પામઈ કંતડો એ' ... ૧૦૫
ભૂષણ આપણાં જેહ રે, ભરતી ટોપલીઉં,
ઉપરી પુણી મુકતી એ ... ૧૦૬
આપઈ દાસીની હાથિં રે, તે પણિ સંચરી,
આવી દેત અક્કા તણઈ એ ... ૧૦૭
દીઠી પૂણી જાંમ રે, ગણિકા ચિંતવઈ,
'કઈવન્નો નિરધન હુઓ એ' ... ૧૦૮
મદનમંજરી નામ રે, તેડી ત્યાંહિ સહી,
અક્કા કહઈ ''એહનિં તજો એ'' ... ૧૦૯
''ન તજું'' કહી ગણિકાય રે, ''દેવકુમર તણું
ઘણું ધન ખાધું એહનું એ'' ... ૧૧૦
અક્કા કહઈ ''સુંણિ નારિ રે ! ગલપણ ચાખીઇ,
રસ લેઇ કુચો તજો એ ... ૧૧૧
[૩]નિરધન બીજો સાપ રે, રાખ્યઇં ગુણ નહીં,
જાતાં કરડઈ દોય જણા એ ... ૧૧૨

---

૧. અસ્થિર; ૨. નોકર; ૩. પા॰ નિરધર

હંસ તજઈ ૧સર ૨સુકું રે, બાખડ ઢોરનિં,
કહો કુણ બાંધઈ બારણ એ ?'' ... ૧૧૩
મદનમંજરી તામ રે, કહઈ ''સુંણિ ડોકરી !
સર સુકું સારસ તજઈ એ ... ૧૧૪
પણિ નવિ મુકઈ પાલિ રે, જો સર સૂકીઉં,
ઉત્તમ ન તજઈ આદરચું એ,'' ... ૧૧૫
કોપી ડોકરી તાંમ રે, ''ન લહઈ મરમ છોકરી,''
પોતઈ ઉઠી નીસરી એ ... ૧૧૬
આવી સાતમી ભોમિ રે, નર ઉઠાડીઉ,
ઘોઈ સપાટી ઢોલીઓ એ ... ૧૧૭
આવ્યો છઠી ભોમિ રે, છોડીઈ ચંદ્રૂઆ,
રજ ઉડાડઈ અતિ ઘણી એ ... ૧૧૮
આવ્યો પાંચમી ભોમ્ય રે, ઝાટકઈ પાથરણાં,
ચોથિ ભોમિ આવીઉ એ ... ૧૧૯
પુંજઈ ભીત્યો તાંમ રે, ત્યાહાંથી ઉતરચો,
ત્રીજી ભોમિં આણીઉ એ ... ૧૨૦
૩ધૂઈ પીટણી તાંમ રે, ત્યાંહથી સંચરચો,
બીજી ભોમિં આવીઉ એ ... ૧૨૧
વસ્ત્ર પખાલઈ તાંમ રે, ઉડઈ ૪તરવડા,
તવ કઈવન્નો ઉતરચો એ ... ૧૨૨
ભુષણ ઝાઝાં પાસિ રે, વસ્ત્રઈ દીપંતો,
દેખી ભાખઈ ડોકરી એ ... ૧૨૩
''તુમ ન્હરાવું સ્વામ્ય રે, બઈસો ઈહાં સરાં'',
ભૂષણ ચીવર તવ લઈ એ ... ૧૨૪
ન્હવરાવ્યો નર સાર રે, દાસી સીખવી,
રજ ઉડાડઈ અતિ ઘણી એ ... ૧૨૫
કઈવન્નો ખીજેઈ રે, ''ભૂંડી ! સ્યું કરઈ ?
નર ઊભો દેખઈ નહી એ ?'' ... ૧૨૬
દાસી કહઈ ''ભૂંડા ! ઈરે રજ ભાગો બીહઈ,
તો સ્યું ઊભો ઈહાં કન્હઈ ૫ભોએ'' ... ૧૨૭

---

૧. પા॰ સુર; ૨. પા॰ સુક; ૩. ધોકાથી ધોવું, પીટવું; ૪. પાણીનાં છાંટા; ૫. જમીન પર.

કહઈવનો સમઝે ‘અરે એ વિધ્ય કાઢયાની,
સ્યું વિલિગું હવઈ [૧]હીડકઈ એ ?’ ... ૧૨૮
મુકી મનિ નીસાસ રે, તિહાંથી નીકલઈ,
આવઈ મંદીર આપણઈ એ ... ૧૨૯
ન લહઈ આપ આવાસ રે, લાજઈ મનિ ઘણું,
રીષભ કહઈ પાછો વલઈ એ ... ૧૩૦

દુહા : ૫

આધો જઈ પાછો વલઈ, મુહ ઘાલઈ ઘરબારિ;
[૨]વિલખો દેખી ઉલખ્યો, ઉઠી કાંતતી નારિ ... ૧૩૧

ઢાળ : ૮ (રાગ : આશાવરી. ગુરુ ગીતારથ મારિગ જોતાં... એ દેશી)

નારિં નર તેડ્યો ઘરમાંહિ, ‘‘સ્યું નિરખો નરરાજ ?’’
‘‘સેઠ ધનાવો હો કરતાં લીલા, તે નવિ દીસઈ આજ ?;’’
હો કંતા કીજઈ તુમ ઘરિ સારો ... આંચલી ... ૧૩૨
‘‘માત તાત પરલોક્ય પહુતાં, તે તુમ્હે મ સંભારો;’’
જલ લેઈ અંઘોલ કરંતો, રુદન કરઈ તિહાં નારયો હો કંતા ... ૧૩૩
ભગતિ કરઈ ભરતારહ કેરી, વસ્ત્ર પહિરવા આલઈ;
કઈવન્નો બઈઠો સ્ત્રી પાસઈં, હાથિં [૩]પાલકો ઝાલઈ હો કંતા ... ૧૩૪
નારી કહઈ ‘‘બઈનાં ત્રિણિ થાસ્યઈ, કરો કાંઇ [૪]પેટ ભરાઈ;
કઈવન્નો કહઈ ‘‘મૂજ નવિ સૂઝઈ, ન લહું ત્રાજવું સાહી’’ હો કંતા ... ૧૩૫
નારિ કહઈ ‘‘પરદેસઈ પધારો, સારથપતી ચાલેઈ;
તે તુમ્હ તાત તણો છઈ મંત્રી, તુમ્હારી સાર કરેસઈ’’ હો કંતા ... ૧૩૬
દોય આવાસ અડણઈ મુકી, ધનની વાંસણી કરતી;
સાલિ દાલિ આટો નઈં લાડુ, તેણઈ કોથલી ભરતી હો કંતા ... ૧૩૭
બાલઈદઈ માહિં મૂકેવા જાઈં, સારથપતિ સુંપેઈ;
‘‘તુમ [૫]ભતરીજો કાંઇ નવિ જાણઈ, સૂપરિ જાજ્યો લેઈ હો કંતા ... ૧૩૮
કાંઈક લાભ થાઈ તિમ કરજ્યો, મુઝ હાથિં સુપેજ્યો;
જનમ સુખી એ કાંઈ નવિ સમઝઈ, પ્રેમ નજરિં [૬]જ્યોજ્યો’’ હો કંતા ... ૧૩૯

---

૧. તિરસકાર; ૨. ઉદાસ; ૩. હાથે પાલવ ઝાલી; ૪. આજીવિકા ચલાવવા; ૫. ભત્રીજો; ૬. જોજો.

સારથપતિ કહઈ ''સાંભલિ બાઈ! એ મુઝ પુત્ર સમાંન;
બિમણા ચોમા(ગ)ણા કરી હું આપીસ્યું, એ નિશ્ચઈ કરી માંન''હો કંતા ..૧૪૦
એણઈ વચનિં હરખી સોહાસિણિ, નર નઈ તિહાં મુકેઈ;
ખાટલીઈ પોઢાડ્યો સ્વામી, રોતી સોય વલેઈ હો કંતા ... ૧૪૧
'બારે વરસે પીઉડો લહ્યો, કરમઈં ન રહ્યો બારયો;
વલી વિયોગ પડ્યો નર નારી, કરયાં પાપ સંસારયો' હો કંતા ... ૧૪૨
ઘરી ઈમ દૂખ ઘરતી મંદિર રહઈતિ, નવિ ભાવઈ તસ અન્ન;
કામિં કાંતણુ હાથિ નવિ લાગઈ, પીઉ પાસઈ તસ મન્ન હો કંતા ... ૧૪૩
ઈણિઇ અવસરિ રાજગૃહિમાંહિ કુબેરદત્ત લહઈ મરણ;
છાનો રાખ્યો ભેદ રાજા માટઈ, રખે! કરઈ ધન હરણ હો કંતા ... ૧૪૪
નારિ ચ્યારિ સાસૂ પણિ સાથિં, આવઈ બાલઈદિ માંહિં;
ચંદ્ર બ્યિંબ સરીખો કઈવન્નો, લેઈ ઉપાડ્યો ત્યાંહિં હો કંતા ... ૧૪૫
મંદિરમાંહિ મૂકતાં જાગ્યો, દીઠી નારી ચ્યાર;
પગ ચાંપઈ [૧]પડપડીઉ દેતી, [૨]ઝાસ્યા સોલ સિંણગાર હો કંતા ... ૧૪૬
કઈવન્નો ચિંતવઈ મનમાંહિ, 'એ તો દેવલોક દિસઈ'
ચ્યારિ અપછરા રુપ અનોપમ, દેખી હીંઈઅડું હીંસઈ હો કંતા ... ૧૪૭
પરભાતિ એક દાતણ દેતી, વદન લુહઈ એક નારચ;
મેવા થાલક મુકઈ એક મહિલા, એક બીડા તેણિ ઠારચ હો કંતા ... ૧૪૮
હસતાં રમતાં રંગ કરતાં, વરસ ગિયા તિહાં બાર;
પૂણ્ય જ્યોગ્ય કઈવન્ના નઈં કુલિ, પુત્ર હુઆ વલી ચ્યાર હો કંતા ... ૧૪૯
એક પરઘન બઈઠાં વિલસઈ, એક પોતાનાં ખોય;
એક નર [૩]રલતાં ન મિલઈ કોડી, એક સહજિં રિધિ હોય હો કંતા ... ૧૫૦
કુબેરદત્ત વિણ ન પામઈ નિશ્ચઈં, દીધૂં ક્યાંહિ નવિ જાઈ
ઉદ્યમ વિણ પામ્યો કઈવન્નો, પર લક્ષમી ખાઈ હો કંતા ... ૧૫૧
[૪]જલવટ [૫]થલવટનાં ધન વિલસૈં, પુત્ર કરી ઘ(ધિ)રિ રાખ્યો;
કુબેરદત્ત તણી માઈ ત્યાંહિ, [૬]કલ્પીસમધ્વજ ભાખ્યો હો કંતા ... ૧૫૨
કઈવન્નો તિહાં સુખ ભોગવતો, જવ ઉતરવા જાઈં;
હાથ ગ્રહી બઈસારઈં નારી, વલી ઠારંતી માઈં હો કંતા ... ૧૫૩
''રુપવંતો કુમાર અનોપમ, દ્રીષ્ટિ દૂષ્ટની લાગઈં;
કુણ કારિણિ ઉતરઈં હેઠા, તુમ કઈં કુણ કાંઈ માંગઈ?'' હો કંતા ... ૧૫૪

---

૧. ? ? ? ?; ૨. સજ્યા; ૩. કમતાં; ૪. જળ માર્ગે; ૫. સ્થળ માર્ગે; ૬. પોતાનાં પુત્રની જેમ

ઈમ કહી ઉપરિ ભોમિં રાખઈ, ઊંચો ચડવા ન દીઈં;
રખે! નગરનો પંથ નિહાલઈં એહ, તેણઈ ડોકરી બીહઈં હો કંતા ... ૧૫૫
બારેં વરસે હુઆ અનુકરમિં, સુખ ભરિ કાલ ગમાવઈં;
ચાર પુત્ર બઈસઈ જઈ ખોલઈં, અલગા તે નવિ થાવઈં હો કંતા ... ૧૫૬
બારે વરસે બાલિદી આવી, સાસૂ કહઈ ''સુણો વહુયો!
હવઈ એહનિ [૧]તંડામાંહિ મૂકો, પુત્રથી ઘર રહઈસઈ'' હો કંતા ... ૧૫૭
વહુઓ ચ્યાર કહઈ ''સુણિં સાસુ! પ્રથમ કહ્યું અણચુગતું;
તો સ્યું દેવકુમરનિં કાઢો? એણિ વાતઈં ન હોઈં [૨]નિરતું,'' હો કંતા ... ૧૫૮
ખીજી ડોકરી [૩]વારી વહુરો, ''સ્યું જાણો તુમ્હ ચ્યારઈ?
પરનો [૪]પદ સ્યો મંદિરમાંહિ? કામ થયું વલી જ્યારઈ હો કંતા ... ૧૫૯
તોહિં બાર વરસ ઘરિ રહિઉ, લીલા સબલ કરેઈ;
હવઈ એહનિં ઉતારો ઈહાંથી, એહનું પાછું દેઈ.'' હો કંતા ... ૧૬૦
વહુરો કહઈ ''એ ન મુઈ ડોકરી, જે એ નર નઈં કાઢઈ;
ચ્યાર પૂત્ર દીધા જેણઈ જગમાંહિ, તેહનઈં કિસ્યું ભમાડઈ? હો કંતા ... ૧૬૧
એ સાથઈ આપણ નહી ચાલઈ, કીજઈ કાંઈ ઉપગાર'';
લાડુમાંહિ લેઈ છાનાં ઘાલ્યાં, રતન અમૂલિક ચ્યાર હો કંતા ... ૧૬૨
કઈડઈ વાંસલી બાંધી પાછી, લાડુ તેતલા કીધો
આટો ખીચડી તેહ જ કોથલી, નરનિ પાછો દીધો હો કંતા ... ૧૬૩
[૫]ઉસર્પણી નિદ્રા નરનઈં નારી, મૂકી કીધા નરના વેસ;
લેઈ હથીઆરનઈં ઉઠી પાંચઈ, બીહઈ નહી લવલેસ હો કંતા ... ૧૬૪
રાતિ બિ પોહુર હુઈ નર જ્યારઈં, પુરુષ ઉપાડયો ત્યારઈં;
ટાંડામાંહિ વડ હેઠિલિ મુક્યો, વલી ડોકરી વહુ ચ્યારઈં હો કંતા ... ૧૬૫
બાલદ આવી લહઈ સોહાસણી, નરની સૂધિ પૂછે હો;
સારથપતિ કહઈ ''કુંણઈ નવિ દીઠો, બાર વરસમ્હાં એહો'' હો કંતા ... ૧૬૬
કુમાર સાથિં હિંડઈ પૂછંતી, ન લહઈ ખબરિ જ્યારઈં;
[૬]હાથ ઘસંતી ભોમી ઢલંતી, 'ગયું ઈહઈ વાતન મહારઈં હો કંતા ... ૧૬૭
હાથ ચડ્યો પીઉ મઈ જ ચલાવ્યો, કિયાંહાં મલિવો ભરતારો?'
જલ વિણ મીન પરિં તડફડતી, 'પૂરવ પાપ તણો નહીં પારો હો કંતા ... ૧૬૮
વનમાંહિ પંખી મારયા વાહી, અસતી ચોરી નહીં સીલ;
કુડાં કલંક કોધિં ઋષિ બાલ્યા, તો કિમ પામું લીલ? હો કંતા ... ૧૬૯

---

૧. સાર્થમાં; ૨. નિશ્ચિત, સ્પષ્ટ; ૩. રોકી; ૪. પગ; ૫. અવસ્વાપિની નિદ્રા; ૬. પસ્તાવો કરતી;

કઈં વનમાંહિ નર વાઘિ ખાધો, કંઈ કહિં ગયો રીસાવી ?
ધન હીણો ચ્યંતઈ મનમાંહિ, સ્યું કીજઈં ઘરિ આવી ? હો કંતા ... ૧૭૦
અતિ સૂકમાલ સૂંહાલો સ્વામી, ન લહઈં [૧]વિણજ કલાઈ;
ફોકટ મિં પરદેસ ભમાડયો, હેવઈં મુઝ કયમ ભવ જાઈ ?' હો કંતા ... ૧૭૧
રોતાં રાતિ વિહાણી ત્યારઈ, બાલિદી ગઈ પુરમાંહિ;
તેહ જ ખાટલી તેહ જ ગાંઠડી, દીઠો નર વલી ત્યાંહિ હો કંતા ... ૧૭૨

ઢાળ : ૯ (વાસુપૂજ્યજી જિન પૂજ્ય પ્રકાશો... એ દેશી)

અચરિજ પેખી અબલા ચિંતવઈ, 'કોણ સુતો મૂખ ઢાંકી ?
કંત સરિખો સૂખીઉ દીસઈ,' ચિંતઈ ચિત્રાલંકી ... ૧૭૩
'સકલ લોક પોહોતો નગરમાંહિ, એ કોણ નર રહ્યો સોઈ ?'
પુત્ર નઈં પાસઈં મોકલીઉ, આવે નરનિં જોઈ ... ૧૭૪
પુત્રઈં મુખ ઉઘાડી જોયું, દીઠો સ્ત્રીઈં કંતો;
અતિપુષ્ટો નર સૂખીઉ પેખ્યો, હરખી નારય અત્યંતો ... ૧૭૫
કઈવન્નો ઉઠયો તવ [૨]ભડકી, દેખઈ નહી ઘરબારિ;
પાદરિં સ્વાન ભસંતા દેખી, 'કુણઈ મૂક્યો ઈણ ઠારિ ? ... ૧૭૬
[૩]અંદ્રજાલ કિં સોહોણું દીસઈ ? કંઈ સાચું કંઈ જુઠો ?'
ચિંતવતાં અબલા તિહાં આવી, ''સ્વામી ! વેગિં ઉઠો ... ૧૭૭
નર ! તુમ્હો ઈહાં જ રહ્યાતા સુઈ, કોણિ ન કહી તુમ સુધ્યો ?''
નર કહઈ ''સાથ મિલ્યો મુઝ બીજો, હું પામ્યો બહુ રિધ્યો'' ... ૧૭૮
તવ સોહાસણિ ચિંતવઈ મનમાંહિ, 'દિસઈ નહીં કાંઈ માલ;
કઈ સાચું કંઈ જુઠું હોસઈ, દીસઈ નહી કાંઈ ગાલ ... ૧૭૯
પણિ હવડાં નવિ પુછું પાછું, પ્રીઉડો મુઝ દુહવાઈસઈ;
જો મુઝ પુણ્યઈં આવ્યો પાછો, તો કાંઈ રુડું થાસઈ' ... ૧૮૦
વચન વિવેકી કરી સંતોષ્યા, તેડી આવી ઘઈરિં;
તેલ ચોપડી નર નવરાવ્યો, ભગિતિ કઈં બહું પઈરિં ... ૧૮૧

ઢાળ : ૧૦ (રાગ : મલ્હાર. ચાલ્ય ચતુર ચંદ્રાનની... એ દેશી)

ભગતિ કરઈ ભરતારની, મુક્યું થાલ વિલાસ રે;
કઈવન્નો કર તિહાં ધોઈં, મુકઈં વસ્ત્ર રસાલ રે ... ૧૮૨
ભગતી કરઈ ભરતારની .... એ આંચલી

---

૧. વ્યાપાર; ૨. ઓચિંતો; ૩. જાદુ.

પ્રીસતી પોલી પાતલી, માંહિઈ ઘૃત તણી ધાર રે;
વીજણઈં વાય વીંજાવતી, ચિંતઈ એહ કિરતાર રે ભ૰ ... ૧૮૩
કમોદિના ચોખા પ્રીસતી, ખાંડયા દૂબલા ચોખા રે;
માતી નારીના ઝાડક્યા, રાંધ્યા સોય ભલેરા રે ભ૰ ... ૧૮૪
દાલ આખી ઉની પ્રીસતી, માંહિ શાક અઢાર રે;
ખાટાં ખારાં લીંબુઆં, પ્રીસઈં ગોરસ સાર રે ભ૰ ... ૧૮૫
કઈવન્નો જમી ઉઠીઉ, આપ્યાં ફોફલપાંન રે;
સેજ ઢાલીઅ સુઆરીઉ, દીઈં નારિ બહુમાન રે ભ૰ ... ૧૮૬
વાત ન પૂછઈ વિણજની, કરઈ અવર કથાય રે;
ચિત્ત ચાલઈ ભરતારનઈં, જાણું રામ સીતાય રે ભ૰ ... ૧૮૭
કરીઅ ન્યાય નૃપ [૧]પરખીઈં, [૨]હેમ પથરિ લગાઈ રે;
ઘર તણી નારિ તવ પરખીઈં, ન હોઈં મંદિર કાંઈ રે ભ૰ ... ૧૮૮
અસીઅ સોહાસણિ સુંદરી, અછતઈં મન ઠામિ રે;
ગુણ લહી વિબુધ તે માગતા, સ્વામિનિં શીર નાંમિ રે ભ૰ ... ૧૮૯
તાત શ્રેણિક જિસ્યો હુજયો, મરુદેવી જસી માય રે;
રીષભ સરીખો સૂત હુજ્યો, બલિભદ્ર જિસ્યો ભાય રે; ભ૰ ... ૧૯૦
કયવન્નાના સારિખી દેજ્યો, નારિ સુનારિ રે;
જિન જપી માંગઈ એટલું, તુઠો દેવ જિનરાય રે! ભ૰ ... ૧૯૧

દુહા : ૬

તુઠો દેવ જિનેસરુ, કઈવન્નાનઈં ત્યાંહિ;
સોહોસણિ સુલખણી, ભગિતી ઘરમાંહિ ... ૧૯૨

ઢાળ : ૧૧ (સાંસો કીધો સાંમલીઆ(એ)... એ દેશી)

ભગતિ કરંતી પુછઈ એક દિન, ''કંત! કાંઈ તુમ લાવ્યા?''
કહઈં કયવન્નો, ''સબલ રલ્યો છું, જો જડસઈં તો ફાવ્યા'' ... ૧૯૩
નારિ વિચારઈ 'કાંઈક પુઠલિ, હોસ્યઈં માલના પોઠી;
કઈ હુંડી હોસ્યઈં ધન કેરી, ન કહઈ વાત જ ખોટી' ... ૧૯૪
કુમાર કહઈ ''કાંઈ દીઉ સુખડી?'' આપ્યો લાડુ ખાઈ;
નેસાલિં ભણવા નઈં ચાલ્યો, [૩]મંત્રી તેડણ જાઈ ... ૧૯૫

---

૧. કસોટી કરવી; ૨. સુવર્ણ; ૩. મિત્ર;

ભાંજી લાડુ દેઈ મંત્રીનઈં, રત્ન પડયો જલમાંહિં;
બઈ ખંડ [૧]અંબુ થાતું દેખી, લેત કંદોઈ ત્યાંહિ ... ૧૯૬
કુમર કહઈ ''મુઝ કોડો હોસ્યઈં,'' બોલ્યો તવ કંદોઈ;
''લઈ તુઝ નઈં બીજો હું આપું, **ઘુંટો** સુંદર જોઈ ... ૧૯૭
એક લાડુ એક કોડો દિધો, રત્ન ઘરયું ઘરમાંહિ;
આપ પીયારું જે કોઈ ઉલખઈં, તે થોડા જગિ પ્રાહિં ... ૧૯૮
પૌષધ પૂણ્ય પૂજા કરઈ જિનની, ધર્મ આપણો સાધઈં;
પરધનથી જે ટલઈ વેગલા, પ્રાહિં તે નવિ લાધઈ ... ૧૯૯
કપટ કરી ગ્રહઈ રત્ન કંદોઈ, મુક્યો કુમરનિં વાહી;
અંતિ જય નોહઈ [૨]કો(ખો)ટારઈં, સુણો કથા ચિત્ત લાઈ ... ૨૦૦
એણિઈ અવસરિ શ્રેણિકનો હાથી, જલ પીતાં બંધાયો;
[૩]જળતાંતુઉ કર ચોરાસી, ગજ પાએ વીંટાયો ... ૨૦૧

દુહા : ૭

તવ વજડાવ્યો ડાંગરો, ''જે છોડાવઈ ગજ આજ;
પૂત્રી પરણાવું તેહનઈં, આપું અરધું રાજ'' ... ૨૦૨

ઢાળ : ૧૨ (રાગ : કેદારો. ચંદ્રાયણાની... એ દેશી)

રાજકન્યા કાજિં કંદોઈ, [૪]છબઈં ડાંગરો પરગટ હોઈ;
શ્રેણિક મનિ નવી માંનિ જ્યારઈં, અભયકુમાર સૂત બોલાવ્યો ત્યારઈં ... ૨૦૩
''છોડણ ઘો એહનિં ગજરાજે, યુગતિ હોસઈ તિમ કરસું કાજે;
રત્ન પ્રભાવઈં જલ ઘઈ [૫]માર્ગો, ગજ છુટો ગયો તાંતુઉ ભાગો ... ૨૦૪
કહઈ કંદોઈ ''નૃપ કરયું કાજે, ઘો મુઝ પુત્રી આપો રાજે'';
રાય કહઈ ''સુત અભયકુમારો! કંદોઈનો વિવાહ કરો સારો'' ... ૨૦૫
અભયકુમારિં તેડ્યો કંદોઈ, કહ્યું ''આવો દિન સખરો જોઈ'';
કાઢી કરજ કીધાં પકવાનો, ઘર વેચીનિં કાઢી જાનો ... ૨૦૬
સગાં હુતાં પહિલાં પચાસો, સગાં સાતસઈ હુઆં તાસો;
ખુંપ ભરયો વાજિત્ર વજાવઈં, કંદોઈ મહાજન નૃપ ઘરિ આવઈ ... ૨૦૭
પિહરામણિ કરવાની ત્યાંહિ, કંદોઈ એકેકો તેડયોમાંહિ;
સંદેસરાનિ સોટઈં કુટઈ, [૬]રગરગતા નાસંતા છુટઈ ... ૨૦૮

---

૧. પાણી; ૨. અસત્યનો; ૩. પા॰ જીવ; ૪. અડક્યો; ૫. પા॰ માગો; ૬. બૂમો પાડતાં.

વર બંધાવ્યો આંણી દોરો, ''તાહારાઈ રત્ન કીહાંથી રે ચોરો ?
નૃપ મંત્રી ત્રીજો વ્યાપારી, હોઈં વસ્તુ એહવી તિહાં સારી'' ... ૨૦૯
કહઈ કંદોઈ ''નહીં એ [૧]મેરુ, એહ રત્ન કઈવન્ના કેરું'';
અણજુગતું બોલ્યો જ અસારો, તો કંદોઈ થયો [૨]ખોઆરો ... ૨૧૦
નાનો મોટાની વાતમાંહિ આવઈ, મરઈ નહીં તો માંદો થાવઈ;
હીણ જાતિ કંદોઈ કેરી, માંગી પુત્રી રાજા કેરી ... ૨૧૧
''પડયો [૩]વરાંસો મુઝનિં અપારો, કવઈં મુઝ છોડો અભયકુમારો'';
લેઈ રતન મુકયો કંદોઈ, તુષ્ટમાન નૃપ મંત્રી દોઈ ... ૨૧૨
કર મુકયો કંદોઈ કેરો, એણિ નાતિં નહી વાંટો વેરો;
સંતોષ્યો કંદોઈ ઘરિ જાઈ, કઈવન્નાનિં તેડઈ રાઈ ... ૨૧૩
ગયા નરિ વાણિગ ઘરિ જ્યારઈ, સોહાસણિ બીહની બહુ ત્યારઈ;
'લહઈણદાર દીસઈ કો આવઈ, સહી હવડાં મુઝ નર કનઈ માંગઈ' ... ૨૧૪
અસ્યો વિચાર કરઈ સ્ત્રી જ્યારઈ, નૃપના સેવક બોલ્યા ત્યારઈ;
''કઈવન્નાનિ તેડઈ રાય, કરસઈ કાંઈક સબલ પસાય'' ... ૨૧૫
એણૈં વયણિ હરખ્યાં નરનારી, શરી(૨) તણી સોભા જ વધારી;
પહિરઈ પટોલું કટી કંદોરો, સારુ પાગ ગલિં સોવન દોરો. ... ૨૧૬
ભઈખની પહઈરી એકતાઈ, કસબ કણો તેણઈ જ્યોતિ લગાઈ;
ચંપવરણ ઊંઢી [૪]પીછોડી, કઈવન્નો હીંડઈ તન મન મોડી. ... ૨૧૭
પિહઈરિં [૫]વાંહણી તિહાં બહુ મૂલો, વેઢ મુદ્રિકાનિં સિર ફુલો;
દેવ સરિખું રુપિં થાય, શુભ સુકને આવ્યો જીહાં રાય. ... ૨૧૮
કરી જુહાર ઊભો રહ્યો જ્યારઈં, સીંઘાસણ બઈસણ દઈ ત્યારઈં;
પ્રેમ કરી બોલાવ્યો નાથિં, રત્ન મૂક્યું કઈવન્નાનિં હાથિં. ... ૨૧૯
''રત્ન પરિક્ષા કીજઈ કુમારો !'' કયવન્નો કહઈં ''રત્ન સુસારો;''
રાય કહઈં ''એ તાહરું રત્નો, [૬]રડવડતું મૂકયું નહીં [૭]જત્નો ? ... ૨૨૦
કોડા કાજિ કુમારનિં દીધું, વાહી અધમ કંદોઈઈં લીધું;
ગજ છૂટયો એ રત્ન મહીમાંહિ, પ્રગટ થયો તવ રત્ન જ્યાંહિ. ... ૨૨૧
કરી ચોર ઝુટીનિં લીધું, તુમનિ તમારું પાછું દીધું;
ભલી વસ્તુ કરથી મમ મૂકો, વાણિગ હુંતા કાં તમો ચૂકો ?'' ... ૨૨૨
કઈવન્નો કહઈ ''સૂણિ ભૂપાલો ! લાડકવાયો છઈં ઘરિ બાલો;
ઘુંટા કાજિ તેણિ માંગિ લીધું, સ્યું જાણું પછઈં કાંઈઈં કીધું ?'' ... ૨૨૩

---

૧. મારું; ૨. ખુવાર, દુઃખી; ૩.છેતરામણ; ૪. પછેડી, ખેસ; ૫. મોજડી; ૬. રખડતું; ૭. જતન, રખોપું.

શ્રેણિક કહઈ ''મોટો વીવહારી, રયણની વાત વલતી ન સંભારી ?''
સૂત(તા)ની તેડઈ શ્રેણિક રાય, ''કઈવન્નાનિં ધો કન્યાય.'' ... ૨૨૪

ઢાળ : ૧૩ (રાગ : દેશાખ. શ્રી શેત્રુંજો તીર્થ સારર... એ દેશી.)

કઈવન્નાનિં નૃપ પરણાવઈ, મૃગનયણી નારી મલી ગાવઈ;
નીલઈ વાંશિ ચોરી બંધાવઈ, અગિનિદેવ તિહાં સાક્ષી થાવઈ. ... ૨૨૫
વેગિં વરત્યા મંગલ ચ્યારો, વર કન્યા ખાતાં કં સારો;
શ્રેણિક દેતો કન્યાદાનો, બાર કોડય આપ્યું જ નીધાંનો. ... ૨૨૬
સરખઈ સરખી મલી જોડયો, પહિરામણી કીધી નવ કોડયો;
કઈવન્નો કન્યા લેઈ આવઈ, સોહાસણિ બેહુ નઈં વધાવઈ. ... ૨૨૭
કનક કોડય મુકી ઘરમાંહિ, સોહાસિણી શિણગારી ત્યાંહિ;
રત્ન અમુલિક મુકયું હાથિં, ''કુમાર કનિં ક્યાંથી દીધું નાથિં ? ... ૨૨૮
નારી કહઈ ''એહવા છઈ ત્રિણ, ચાર કે રત્ન અછઈં એકવરણ;
કઈવન્ના ઘરિ વાધી રિધ્યો, ઘરમાંહિ હુઈ ગૌતમની લબધ્યો. ... ૨૨૯
મોટાં મંદિર ગજ રથ ઘોડલાં, અનેક દીસઈ ઘરિ વૃષભનાં જોડલાં;
એકસો આઠ **વાણોતર** જેહો, પૂર્વના રાખયા ઘરિં તેહો. ... ૨૩૦
એક દિવસિ કયવન્નો [૧]સારો, [૨]પાઈં બઈઠો અભયકુમારો;
કહિત ''બહિનેવી ! તો બુધિ તાહરી, ચ્યારિ પુત્ર નઈ મેલાવો નારી. ... ૨૩૧
પિહિરી મુદ્રિકા તિં નિરધારો, ધર્મ પમાડયો આર્દ્રકુમારો;
ચંદ્રપ્રધોતન સાવ્યો ઝાલ્યો, સોધી શ્રેણિકનિં આલ્યો. ... ૨૩૨
તઈં ઝાલ્યો આંબાનો ચોરો, સેચનક કીધો તિં સમદોરો;
પૂરયો ડોહલો આંણ્યો વરસાતો, રોહણીઆનિં તું પણિ સાહાતો. ... ૨૩૩
રત્નતણો તસકર તિં સાહયો, તું કોઈનો નવિ જાઈં વાહયો;
સદાલી બુધિ તાહરી તો સારી, જો તું મેલવઈ સૂત નઈં નારી.'' ... ૨૩૪
કહઈ મંત્રી ''મેલવિસું તુઝો, માસ એક [૩]મુહલિતિ દીઉ મુઝો;''
વાત ચલાવી નર અતિ વેગિ, 'કઈવન્નો પુહતો પરલોગિ. ... ૨૩૫

ઢાળ : ૧૪ (રાગ : કેદારો. ચંદ્રાયણાની... એ દેશી)

થયો જખ્ય માનવનીઈં મારઈ', એમ કહી મુરતિ કરાવઈ ત્યારઈ;
કરી પ્રાસાદ માંડી તે માંહિ, ફેરવ્યો [૪]ડાંગરો નગરીમાંહિ ૨૩૬

---

૧. સાળ; ૨. પાસે; ૩. સમય, વખત; ૪. પડહ.

‘‘મોદિક પંચ લાપસી પંચ ઘારો, ઘરી આગલિં પુજે કરો સારો;
નહી આવઈ તસ રુસઈ રાયો, કઈવન્નો જખ્ય તેહનઈં ખાયો.’’ ... ૨૩૭
આવઈ લોક સહુ પાએ પડતો, જખ્ય મહિમા હુઉ દિન ચડતો;
મિલઈ નારિ નવિ લેઈ પારો, જુઈ કયવન્નો અભયકુમારો. ... ૨૩૮
નગરલોક પુજી સહુ જાઈ, નારિ ચ્યારિ દ્રીષ્ટિં નવી થાઈ;
કહઈ કઈવન્નો અભયકુમારો, ‘‘તિં નવી મેલવ્યો મુઝ પરિવારો. ... ૨૩૯
અવધિમાંહિ રહ્યા દિન દોઈ, કિમ કાઢેસ્યો તેહનિં જોઈ ?’’
અભયકુમારઈં સાદ પડાવ્યો, ‘‘તે દંડાસ્યઈ જે નવિ આવ્યો.’’ ... ૨૪૦
બીહીતી વહુરો બોલી ચ્યારો, ‘‘સાસુ ! જખ્યનિં કીજઈ જૂહારો;’’
કહિ ‘‘ઉપાય એ ખસતો મેહેલો, ન હુઈ જખ્ય એ કયવંનો પેલો.’’ ... ૨૪૧
વારઈ ડોકરી ‘‘કાંઈક ફંદો, ઘરિ બઈઠી તુમ કરો આણંદો;’’
કહઈ વહુરો, ‘‘જખ્ય સુત નઈં ખાઈ, પરમઈ ડંડઈ શ્રેણીક રાઈ.’’ ... ૨૪૨
બીહતી ડોકરી રથ જોતરીઉ, ફિરતો વહઈલિં પડદો કરીઉ;
લાડુ લાપસી સખરા કીધાં, ચંદન કેસર ઘસીનિં લીધાં. ... ૨૪૩
ઘુંઘટ કરઈ રખે દેખઈ કોયો, નવી જણઈ રથઈં બઈઠાં જાયો;
દેહરામાંહિં તે ઘવઘવ જાવઈં, બેટા ‘‘બાપ’’ કહી બોલાવઈં. ... ૨૪૪
એક પાએ એક [૧]વલગો બાંહિં, ‘‘રીસાવી આવ્યા તે કાંહિ ?’’
એક જઈ મસ્તગ ઉપરિ ચઢતો, એક સુખડી માંગઈ રડતો. ... ૨૪૫
પડયો ઘ્રાસકો ડોસી પેટો, ‘આજ અજાડી પડીયાં નેટો;
નોહઈ દેવ એ પેલો હોઈ, દીવો કરું ઘરિ જઈ હોઈ.’ ... ૨૪૬
[૨]સમશા કરતી નારી ચ્યાર, ‘અહીં કીહાંથી આપણો ભરતારો ?’
હસતી માંહોમાંહિ જ્યારઈં, કઈવન્નિ દેખાડી ચ્યારઈં. ... ૨૪૭
‘‘ઉઠો મંત્રી અભયકુમારો ! દેખાડું મુઝ બેટા ચ્યારો;’’
મંત્રી કહઈ ‘‘માનું જ્યારિં, સુઘઈ ઘ્યાંન મિલઈ વલી જયારઈં.’’ ... ૨૪૮
એમ કહી ઉતરી આવ્યો જયારઈં, હુઈ [૩]ખલભલો ડોસી ત્યારઈં;
વહુરો ચ્યાર તિહાં [૪]ઉસંકઈ, કરી ઘુંઘટા મુખ ત્યાંહ ઢાંકઈ. ... ૨૪૯
[૫]સંખેપઈ પૂજા તાહિં કરતી, તેડી પુત્રનિં ડોસી ફરતી;
તાંણ્યા છોકરા નવઈ જાવઈ, અભયકુમાર બોલ્યો વલી ત્યારઈ. ... ૨૫૦
‘‘વિલગો છોકરા જખ્યાનિં સ્યાહનિ ?’’ તેડયો કઈવન્નો ‘‘વિલગો એહનિ;’’
કઈવન્નો દીઠો જેણિ વારો, જઈ વલગા તવ પુત્ર સુચ્યારો. ... ૨૫૧

---

૧. વળગ્યો; ૨. શંકા; ૩. ગભરાટ; ૪. શરમ, સંકોચ; ૫. સંક્ષેપમાં

તાણઈ ઝાલીઈ વલગઈ હાથિં, ‘‘ગયા ક્યાં તુમ [૧]વઢી માં સાથિ ?
રાંધી અન્ન નઈં જોતી વાટો, ગયા રીસાવી તે સ્યામાટો ? ... ૨૫૨
ભુંડું કરયું અતિ તુમ ભાઈજી ! ઈમ ન જાઈઈ [૨]ઘરિથી ખીજી;’’
ઈમ કહી વલગા સઘલા છેહડઈ, ‘‘ચાલો તુમ અમ માતા તેડઈ. ... ૨૫૩
રાતિં બપોર લગઈ ઘરિ હુંતા, પછઈ ન દીઠા કિહાં જઈ સૂતા ?
તે દાડાના દીઠા આજો, ઘરિં પધારો મ કરો લાજો.’’ ... ૨૫૪
જુઈ વિનોદ તિહાં અભયકુમારો, લાજી ફિરી રહિ વહુરો ચ્યારો;
સાસૂ કહઈ ‘‘હવઈ [૩]વિણઠી વેલા, થાઉં સગી જઈ કરું [૪]સંભેલાં.’’ ... ૨૫૫
ડોસી કહઈ ‘‘કીહાં ગયો તો પૂતો ? તુઝ આવઈ મુઝ રહ્યું [૫]ઘરસૂતો;’’
કયવન્નો કહઈ ‘‘કરણી સંભારો, જાણઈ લોક તે [૬]મહીમા તાહારો.’’ ... ૨૫૬
અભયકુમાર કહઈ ‘‘રાંડ ! ખોટારી નારી, ચરિત્ર મુકો હવી સારી;
અરથિં ગઈ નરનિં ઉપાડી, અરથ સરિ એ મુકયો કાઢી ? ... ૨૫૭
પૂરું ચરિત્ર તુઝ કિમ પ્રકાસૂં, હોસઈ કઈવન્નાનું હાસું;
હજી કપટ કરી હોઈ માયો, જ્યમ સંસઈ પડઈ શ્રેણિક રાયો. ... ૨૫૮
અમનિ સંસય નહીં રે બીચ્યારી, એહની માતા સુભદ્રા સારી;
સેઠ ધનાવો એહનો તાતો, તે તાહરો વર કેહી પરિં થાતો ?’’ ... ૨૫૯

ઢાળ : ૧૫ (એક આલોઅણનો દાણી રે... એ દેશી)

ખોટીડો કરી કીધ અપારો રે, તેડયો કઈવન્નો તેણિ વારો;
દ્રવ્ય સહિત સુંપઈ સ્ત્રી ચ્યારો રે, સુખ વિલસઈ જયમ સુર સારો. ... ૨૬૦
ચ્યાર પુત્ર સાથિં તે આવઈ રે, કઈવન્નો તસ પરણાવઈ;
એક લાખ ડોકરીનઈં અપાવઈ રે, તે મંદિર આપણઈ જાવઈ. ... ૨૬૧
ચ્યાર નારિ હુંતી એક આગઈ રે, મદનમંજરી સ્યું પ્રેમ જાગઈ;
લીલાવતી શ્રેણીક નૃપની બેટી રે, સાતે નારિ ગુણની પેટી. ... ૨૬૨
સાત મંદિર કીધાં ત્યાંહિ રે, રહઈ કઈવન્નો તે માંહિ;
સાતે નારિ સુંદર જાંણી રે, કીધી સોહાસણિ પટરાંણી. ... ૨૬૩
સુખ વિલસઈ જયમ ભૂપાલો રે, તે જાતો ન જાણઈ કાલો;
હુઉ સુપાત્ર દાન પસાઈ રે, કઈવન્નો સુખીઉ થાય ... ૨૬૪
દાંન દેતાં દિલ નવી ચાલ્યું રે, ત્રિણિ લિટી કરીનઈં આલ્યું;
ત્રિણ વાર તે દોહિલો થઈ રે, કાઢયો ગણિકાઈં મંદિર જાઈ. ... ૨૬૫

---

૧. ઝઘડી; ૨. ઘરથી; ૩. વણસી; ૪. સંભાળ; ૫. ઘરનો વ્યવહાર; ૬. પ્રસિદ્ધિ

નારી પરદેસઈ ચલાવઈ રે, કાઢયો ડોકરીઇં ઘરિ આવઈ;
ત્રીજીવાર દોહિલો(અ) થાઈ રે, બીજા સુખ ભરિં દાઢા જાઈ. ... ૨૬૬
ધર્મ અર્થનિં સાધઈ કામ રે, વાધી કયવન્નાની માંમ;
એક દિન બઈ [૧]ઉછા થાવઈ રે, વીર જિનનઇં વંદન જાઈ. ... ૨૬૭
દીઇં દેસના વીર વિખ્યાત રે, ''મ કરો પ્રાંણીની ઘાત;
મૃષા અદત્તા તણો બહુ પાપો રે, મુકો પંચ વિષય નર આપો. ... ૨૬૮
પાપ પરિગ્રહ નઈ છંડી જઈ રે, મંશાદિક આહાર મ કીજઈ;
પાપ [૨]પગરણ નવિ મેલી જઈ રે, વ્રત ગ્રહી અનુકંપા કીજઈ. ... ૨૬૯
દાન શીલ તપ ભાવો રે, નર નારી તરેવા નાવો રે;
ક્રોધ માન માયાનિં લોભો રે, રાગ દ્વેષનિ માહ્યો મ થોભો રે. ... ૨૭૦
સંયમ સમભાવ ધરેઈ રે, નર મુગતિપુરી નઇં લેઈ રે;''
દીઇં વીર ઈસ્યો ઉપદેસો રે, ''મુકો વયર વિષ કીલેસો રે. ... ૨૭૧
વિષય વાહ્યો જીવ અધૂરો રે, તે કિમઈ ન થાઇં પૂરો રે;
જિમ જંતુ ભખત ન [૩]ધ્રાઈ રે, નીરઈ સાગર કિમઈ ન ભરાઈ રે. ... ૨૭૨
અગ્નિ ઇંધણ તૃપ્તિ ન થાઈ રે, જીવ સુખ વિલસી નવિ ધ્રાઈ રે;
વિષય કચરામાંહિ [૪]ખુતા રે, નવિ નીકલઈ તેહવિ સુતા રે. ... ૨૭૩
હુઆ ધતુરા જિસ્યા જીવો રે, આદિ અંતિ કડુઆ સદીવો;
તે કેહી પરિ પાંમઈ પારો રે, ફિરઈ ચિહુઇ ગતિ લહઈ અવતારો. ... ૨૭૪
સુંણી બુઝઈ સુપુરુષ જેહો રે, અંબ સરિખા કહીઇ તેહો;
કસા સબલ ખટાશ અપારો રે, અંતિ મીઠો [૫]સહઈકારો. ... ૨૭૫
સહિકાર સરીખા થાયો રે, તે મુગતિપુરીમાંહિં જાયો;''
સુંણી દેસના થાઈ એક મનો રે, નર બુઝયો તિહાં કઈવન્નો. ... ૨૭૬
ઘરિ આવ્યો તેણી વારો રે, સુંપ્યો જેષ્ઠ પુત્રનિં ભારો રે;
દીઇ દાંનનિં ભૈર વજાવઈ રે, બઈસી સીબિકાઇં જિન [૬]કનિં આવઈ રે. ... ૨૭૭
લીધો ચારિત્ર જિનનિં હાથિં રે, નારિ સાતઈ સુંદર સાથિં;
લેઈ સંયમનિં તપ તપતો રે, ભલી દેવ તણી ગતિ વરતો. ... ૨૭૮
કઈવન્નો સુર ચવઈ જ્યારિં રે, જાઈ મહાવિદેહમાંહિ ત્યારિં રે;
લીઈ સંયમ સીધગતિ થાઈ રે, કવિ **ઋષભ** નીતિં ગુણ ગાંઈ રે. ... ૨૭૯

---

૧. ઉત્સવ (પર્વ); ૨. પગલાં; ૩. તૃપ્ત; ૪. ખૂંપેલાં; ૫. અંબો; ૬. પાસે.

ઢાળ : ૧૬ (રાગ : ધન્યાશ્રી.
કહિણી કરણી તુઝ વિણ દૂજો કોઈ ન દીઠો યોગી રે... એ દેશી)

ગુણ ગાયા કેઈવન્ના કેરા, ઋષભદેવ પસાઈં જી;
[૧]**વૃત્તિ ભરહેસર બાહુબલ** કેરી, એ ઈ તિહાં અધીકારો જી. ગુ૰ ... ૨૮૦
[૨]**આવશ્યક સૂત્ર વૃત્તિમાંહિ**, લહીઈં કથાબંધ વિસ્તારોજી; ગુ૰ ... ૨૮૧
તપગચ્છ નાયક સુભ સુખદાયક, **વિજ્યાનંદ** સુરિંદો જી;
સંયમધારી અતિ આચારી, મુખ પુન્યમનો ચંદોજી. ગુ૰ ... ૨૮૨
સહિ ગુરુ ચરણ નમિનઈં ગાયો, કઈવન્નાનો રાસો જી;
ગ્રંબાવટી નયરીમાંહિ જોડયો, પોહોતી મનની આસો જી. ગુ૰ ... ૨૮૩
[૩]**હર** [૪]**લોચન** [૫]**દિગ અનોપમ**, [૬]**ચંદ** [૭]સંવસર જાણો જી;
માસ શુચીનઈ ત્રીજ ઉજલી, વાર **ગુરુ** રાસ રચાણો જી. ગુ૰ ... ૨૮૪
પુષ્પ નક્ષત્રિં એ પિણિ પ્રગટયો, કવિયણ જયજયકારો જી;
પ્રાગવંસ સંઘવી જે **સાંગણ**, અંગિ ધરઈં વ્રત બારો જી ગુ૰ ... ૨૮૫
શ્રી સાંગણ સુત શ્રાવક સખરો, **ઋષભદાસ** તસ નાંમજી;
રાસ રચ્યો **કઈવન્ના** કેરો, ફલ્યો મનોરથ તાંમજી ગુ૰ ... ૨૮૬

ઈતિ શ્રી કઈવન્નાનો રાસ સંપૂર્ણ.

---

૧. ભરતેશ્વર - બાહુબલિ વૃત્તિ (ભાષાંતર), પૃ. ૧૩૪-૧૪૩; ૨. આવશ્યક સૂત્રની વૃત્તિની કથાઓ ભરતેશ્વર - બાહુબલિ વૃત્તિમાં છે; ૩થી૬. શંકર-૧, આંખ-૨; દિશા-૬, ચંદ્ર-૧ (૧૬૨૧); ૭. સાલ.

૫. શ્રી ગુણવિનયજીસૂરિ કૃત કયવન્ના સંધિ (સં. ૧૬૫૪)

ઢાળ : ૧

પ્રણમિય **પાસ** જિણેસર પાયા, મનિ ધરિ શ્રુતધર શ્રી ગુરુરાયા;
પ્રભણિસુ **કયવન્ના** પરબંધ, જિમ થાઅઇ સુભનઉ અનુબંધ ...૦૧
ચ્યારિ પ્રકારિ કહ્યઉ જિનધર્મ, દાન સીલ તપ ભાવના મર્મ;
ચ્યારિ કુગતિ વિચ્છેદન હેતુ, ભવસમુદ્ર તરિવાનઇ સેતુ ...૦૨
તિહાં પ્રધાન શ્રી દાન વખાણ્યઉ, સહૂઅ જીવ સુખ કારણ જાણ્યઉ;
ઉચિત કિર્તિ અનુકંપાદાન, અભય સુપ(પા)ત્ર પંચવિધ દાન ...૦૩
અભય સુપાત્ર તિહાં શિવ કારણ, જાણઉ સર્વ ધર્મ સાધારણ;
તેહનઉ ફલ કયવન્નઇ જેમ, પામ્યઉ નિસુણઉ ભવિયા તેમ ...૦૪
જંબૂદ્વીપિ ભરત ઇણ નામિ, ક્ષેત્ર અછઇ રહિવ સુખ ઠામિ;
ધરણિ રમણિ સિરિ તિલક સમાન, **મગધ દેસ** તિહાં સુગુણ નિધાન ...૦૫
પુર **રાજગ્રહી** નામિ પ્રસિદ્ધ, તિહાં સોહઇ ધન રચણિ સમૃદ્ધ;
નિવસઇ લોક સુખઇ તિહાં સર્વ, અલકાપુરીય તણઉ વહઇ ગર્વ ...૦૬
રાજ કરઇ તિહાં **સેણિયરાય**, ક્ષાયિક સમકિત ધર નિરપાય;
વર્ધમાન પય પંકય સેવી, નંદાદિક છઇ તેહનઇ દેવી ...૦૭
નંદાસુત **શ્રી અભયકુમાર**, ચ્યારિ બુદ્ધિનઉ જે આધાર;
મંત્રિ શિરોમણિ તેહનઇ થાપ્પિય, રાજ ભાર સવિ તસુસિરિ આપ્પિય ...૦૮
તિણિ દેસઇ ઇક ગામઇ કોઇ, [૧]વછવાલી [૨]નિરવહિવા [૩]આઇ;
તેહનઉ સુત વછરુઆ પાલઇ, વનિ જાઇ પ્રતિદિન સંભાલઇ ...૦૯

દુહા : ૧

અન્ન દિવસિ વનિ મુનિ પ્રવરા, તવ સોસિય નિય અંગ;
સમ દમ ગુણિ કરિ સોહતઉ, તિણિ દીઠઉ મન રંગિ ...૦૧
દેખી મનમાંહિ ચીંતવઇ, બાલઇ ભાવઇ તામ;
'ધન્ય ! ધન્ય ! એ સાધુજન, સાધઇ આતમ કામ ...૦૨
માહરી આજ દસા ફલી, પ્રગટ્યઉ પુણ્ય વિલાસ;
જઇ નયણે દીઠઉ સુગુરુ, [૪]પૂગી સગલી આસ ...૦૩

---

૧. ભરવાડણ; ૨. નિર્વાહ કરવા; ૩. આવી; ૪. પૂરી થઈ.

તિણિ એહનઇ પ્રણમી કરી, સફલ કરું નિય જન્મ;
મુઝથી બીજઉ નવિ હવઇ, દાન સીલ તપ ધમ્મ' ...૦૪

ઢાળ : ૨ (ચોપાઈ...એ દેશી)

અન્ન દિનઇ મુનિ વંદી તેહિ, વત્છરુઆ લે આવઇ ગેહિ;
તિણિ ખિણિ ઘરિ ઘરિ ઉત્છવ રલી, ખાજઇ પીજઇ દીજઇ વલી ...૦૧
ભોજન કરતાં દેખી ખીર, મનિ અભિલાષ ધરઇ તે ઘીર;
આવી માગઇ મા નઇ પાસિ, ''ખીર પરુસઉ મા મુઝ ખાસિ'' ...૦૨
દીન વચનિ તવ માતા ભણઇ, ''[૧]કૂકસ ભાત નહી આપણઇ;
એહની ઇચ્છા કિમ પૂરાઇ ? વિણ પુણ્યઇ કિમ લીલ કરાઇ ?'' ...૦૩
વાર વાર જબ માંગઇ બાલ, અશ્રુપાત આંખઇ [૨]અસરાલ;
માત કરઇ પૂરવ સંપત્તિ, સમરી સમરી તિણિ પણિ [૩]ઝત્તિ ...૦૪
પાડોસણિ તે દેખી કરી, અનુકંપા નિજ મનમાંહિ ધરિ;
કોઇ ખીર કોઇ ઘૃત [૪]સાલિ, કોઇ તસુ આપઇ તતકાલ ...૦૫

ઢાળ : ૩

માતા [૫]અઇં હરખઇ કરી, રાંધી તવ ખીર થાલ ભરી;
સુતનઇં દીયઇ જીમઇ વીર, પુણ્યઇં સાધુ સગુરુ મિલઇ ...૦૧
ઘરિ અંતરિ કારિજ કરવા ભણી, પહુતી તસુ માત;
તિણિ અવસરિ મુનિ આવીયઉ, મલ મલિનસુ [૬]ગાત; ...પુણ્યઇં. ...૦૨
કૂલ વિના સુર તરુ ફલ્યઉ, અહો એ મુનિરાજ;
ઇણ વેલાઇં મુઝ ઘરઇ, જઇ આવ્યઉ આજ; ...પુણ્યઇં. ...૦૩
થાલ ધરઇ લેઇ કરી, દેવાનઇ થઈ રાગિ;
ઉઠ્યઉ તબ ઇમ ચીતવઇ, 'ધું ત્રીજઉ ભાગ'; ...પુણ્યઇં. ...૦૪
હુઇ રેખા થાલઇ કરી, દીધઉ તે ભાગ;
એતલઇ એહનઇ, સ્યું હુવઇ 'ધું બીજઉ ભાગ'; ...પુણ્યઇં. ...૦૫
વલિ મનિ એહવઉ ચિંતવઇ, [૭]''અમ્લાદિક [૮]પાતિ;
એહ ખીર વિણસઇ સહી, તઉ ઘાલું પાતિ'; ...પુણ્યઇં. ...૦૬
ઇમ ચીંતવિ વિહરાવીયઉ, સગલઉ તે થાલ;
વિહરી સાધુ વનઇં ગયઉ, બયઠઉ તિહાં બાલ; ...પુણ્યઇં. ...૦૭

---

૧. ફોતરાં, કુશકા; ૨. અત્યંત, પુષ્કળ; ૩. જલ્દી; ૪. ચોખા; ૫. અતિ; ૬. શરીર, અંગ; ૭. ખટાશ; ૮. પડવાથી.

ચિત્ત વિત્ત વલિ પાત્રનઉ, મિલીયઉ સંયોગ;
લાગિ ત્રિવેણી યોગ એ, આપઇ સુખ ભોગ; ...પુણ્યઇં. ...૦૮
સુર આઉખઉ બાંધીયઉ, તિણિ દાન પ્રભાવિ;
[૧]સાંખ અનઇ દૂધઇ ભરયઉ, જઉ મિલીયઉ ભાવ; ...પુણ્યઇં. ...૦૯
મા આવી તબ ચીંતવઇ, 'જીમ્યઉ ઇણિ એહ';
વલીય પરીસું એહનઇ, મનિ ધરિય સનેહ; ...પુણ્યઇં. ...૧૦
નિબલ સરીરઇ તે સહૂ, જિમિ સબલ આહાર;
રયણિ અજીરણ રોગથી, મરી થયઉ સુર સાર; ...પુણ્યઇં. ...૧૧

ઢાળ : ૪

તિહાંથી ચવિ તે દેવ, રાજગૃહ પુરઇ પુણ્ય પ્રભાવઇ, અવતરયઉ એ;
સેઠિ તિહાં **ધનપાલ**, [૨]ધનદ તેણી પરઇ ઋધિ સમૃદ્ધિ ગુણે ભરયઉ એ ...૦૧
ભદ્રા તેહનઇ નારિ, રુપાદિક ગુણઇ સોહઇ મોહઇ યુવતી એ;
તાસુ કુક્ષિ [૩]સરિ રાજહંસ તણી પરઇ, ભાગ્યિ હુઇ સવિ સંપતી એ ...૦૨
ગર્ભ થકાં સવિ લોક, તેહનઇ ઇમ કહઇ, ''એ **કૃતપુણ્ય** ઇહાં થયઉ એ;''
અવસરિ જાયઉ પુત્ર, જનમ મહોત્છવ પિતા કરઇ હરખિત હૂઅઉ એ ...૦૩
સવિ લોકાંની સાંખિ, નામ ઠવણ કરઇ, એ **કૃતપુણ્ય** કહીજીયઇ એ;
વધિવા લાગઉ બાલ, બીજ ચંદ્ર જિમ, માત પિતા તિણ રીજીયઇ એ ...૦૪
કર મુનિ કલા કલાપ, બુધિ ગુણઇ કરી, સીખઇ સવિસેષઇ કરી એ;
રાત્રિ દિવસ અભ્યાસ, શાસ્ત્ર તણઉ કરઇ, રાતઉ વિદ્યા સુંદરી એ ...૦૫

ઢાળ : ૫

યૌવનવય હિવ આવીયઇ, પુત્રનઇ અધિક ઉત્છાહિ પરિણાવિસ્યા એ;
સુભ દિવસિ ધવલ મંગલ [૪]સઘવ રમણિ જનપાંહિ, હિવ હરખિ ગવરાવિસ્યા એ
...૦૧
માત પિતા ઇમ આણંદ પૂરિયા, કરઇં મનોરથ નવ નવા એ;
અન્ય દિનિ સુભ લગનિ શ્રેષ્ટિવર બાલિકા, પાણીગ્રહણ સજન રંજિવા એ ...૦૨
[૫]કારવઇ બહુ વિધ નિજ વિત યાચકા, આપિય તિણિ સુજસ જગિ હૂઅઉ એ;
પરણીય તિણિ હિવ મૂકીય રમણીય, વિદ્યા રમણિ રસિઉ મહ્યઉ એ ...૦૩

---

૧. શંખ; ૨. કુબેર; ૩. પ્રસરે, સરકે; ૪. સૌભાગ્યવતી; ૫. વહેંચવું.

વિષય વિમુખ સુત દેખીય, માત તબ શ્રેષ્ઠિનઇ દીન વદનિ કહઇ એ;
''ગોઠિલ પુરુષસ્યું એહનઇ, મેલવઉ જેમ ઇણ આથિનઉ ફલ લિયઇ એ'' ...૦૪

ઢાળ : ૬

સેઠિ કહઇ ''એ [૧]ભામઉ તુઝનઇ લાગઉ પ્રાણિ !
એહ કુસીખ સુપુત્રનઇ કિમ દીજીયઇ આપણિ ? ...૦૧
વર વયરી પંડિત જન પુણિ મૂરિખ હિતવારિ;
તે જાંણઇ ઉપગાર કરું પુણિ થઇ અપગારિ ...૦૨
[૨]અસન પરિગ્રહ મૈથુન ભય એ ચ્યારિ ઉપાય;
પૂરવભવ અભ્યાસઇ અણસીખવીયા થાય ...૦૩
ભીતિ [૩]ભાટકા પાખઇ અંધ ન જાણઇ જીવ;
પાછઇ તું પછતાવિસિ ભોલી [૪]જાવજ્જીવ'' ...૦૪
સેઠિ કહી કહી થાકઉ પુણિ નવિ માનઇ નારિ;
બુધિ [૫]પાનહી કહીયઇ સ્ત્રીની શાસ્ત્ર મઝારિ ...૦૫
ભદ્રા નિશ્ચય જાણી સેઠિ બુલાવીયા તામ;
ગોઠિલ પુરુષાનઇ તે સુંપઇ જંપઇ આમ ...૦૬
''એહનઇ આપજ્યું ભોગ સંયોગ સીખાવઉ તુમ્હ;
પછઇ દક્ષ કરીનઇ આણઉ પાસઇ અમ્હ'' ...૦૭
કબહું વનિઆ રસિ રમાવઇ લેઇ તેઉ;
કબહું સરવરિ વાવિ તલાવઇ કૂઅઇ સેઉ ...૦૮
કબહું નાટકિ [૬]ગાટક કીજઇ દીજઇ દાન;
કબહું પાન્ન ચાવત ગાવત વિધ વિધ તાંન ...૦૯
કબહું વસંતઇ ખેલત મેલત ચંગ મૃદંગ;
કબહું ધમાલ જમાવત પાવત તારી તરંગ ...૧૦
કબહું હીચ હીડોલત ડોલત મન કઇ રંગિ;
કબહું વીણા વજાવત લાવત ચંદન અંગિ ...૧૧
કબહું જૂઅઇ જૂઅઇ ઠામિ ભમાડઇ મિત્ર;
કબહું કામ કુતૂહલ કઇ વલિ વિલસઇ વિત્ર ...૧૨
કબહું ગોઠિ કરાવત ધાવત જેતસુ સંગ;
કબહું ફઉરે ઘઉરે કુદાવત ચંચલ ચંગ ...૧૩

---

૧. ભ્રમ; ૨. આહાર; ૩. ખુશામતીયો; ૪. આખો જન્મારો, જીવે ત્યાં સુધી; ૫.પગની પાની; ૬. નૃત્ય કરનાર.

અન્ય દિવસિ તે ખેલ કરંતાં આવ્યા તત્થ;
વસંતસેના વેસા ગૃહ વેસાવાડઇ જત્થ ...૧૪
તે નિરખી હરખી [૧]વરષી મુખિ અમૃત ધાર;
નિંબૂ નામઇ પામઇ પાણી દાઢ અપાર ...૧૫
તિહાં પહુંચાવી આવિય મિત્ર ગયા નિજ ધામ;
હિવ વેસા મનિ રંજિવા મંજિવા લાગી તામ ...૧૬
કોક કલા દેખાડીય પાડીય શાસ્ત્રનઉ રાગ;
કામ સરોવર ગાહઇ કુંજર જેમ અથાગ ...૧૭
કવણ કવણ વેશ્યાનઇ સંગિ [૨]વિગૂતા નાંહિ ?
મૂલદેવ નિજ ઘરતઇં કાઢિ દીયઉ [૩]ગ્રહિ બાંહિ ...૧૮
પાન [૪]ક્રમુકફલ વાન વધારક [૫]ચૂનઇ હુઓ રંગ;
અભિનવ અધરિ ઘરચઇ દરસઇ જસુ જાગઇ અનંગ ...૧૯
તાત ! તાત ! પોકારઇ જન કવિ યોગઇ વેસ;
બાપ ! બાપ ! ન કરઇ મત ઉતરઇ એહનઉ લેસ ...૨૦
વિસહરનઇ [૬]વેસાહર અંતર બહુલઉ જાણિ;
વિસહર વિસ ઉતારઇ ગારુડિ મંત્ર વખાણિ ...૨૧
જે વેસાહરિ [૭]ડંકિયા તાહ ન મંત્ર ન તંત્ર;
ડાહા તે પુણિ ભોલી થાઅઇ વેસ રમંત ...૨૨
રુપવંત [૮]અરુ નીરસ નેહ વિહૂણ વિસેષ;
કંઠઇ લાગઇ આગઇ તેહ દિખાવઇ દેખ ...૨૩
[૯]ચણકની રોટી જેમન પ્રેમ કરી જઇ વેસિ;
મોહના વાહ્યા ભોગવિ પાવઇ જીવ કિલેસ ...૨૪
પ્રતિદિન તેહનઇ મૂકઇ માત પિતા ધન રાસિ;
તે જિમ દોગંદુક સુર ભોગવઇ ભોગ વિલાસ ...૨૫
ઇમ નિશ્ચિંત પણઇ રહતાં તસુ વેસા [૧૦]ગેહિ;
માતા પિતા પરલોકિ પહુત ન જાણઇ તેહિ ...૨૬
પછઇ મુહ માગ્યઉ રમણી તસુ મૂકઇ સાર;
ઇમ કરતાં વઉલ્યા તિહાં બારહ વરસ ઉદાર ...૨૭
ધન સમૃધ ઘર હુંવઉ તેહનઉ શોભા ઠામ;
ધન પાખઇ ભય કારણ તે જિમ [૧૧]ઉવસ ગામ ...૨૮

---

૧. વરસી; ૨. દુઃખી; ૩. પકડી, ઝાલી; ૪. સોપારી; ૫. ચૂનો; ૬. વેશ્યા; ૭. ડંખ માર્યો; ૮. સાપ; ૯. ચણા; ૧૦. ઘરે; ૧૧. ઉજ્જડ.

હિવ નિજ ગ્રહણા સહૂઅઇ પેઇ હૂંતી લેઉ;
મૂકઇ દાસીસે તી કહઇ ''પતિનઇ એ દેઉ'' ...૨૯
અક્કાએ હિવ જાણ્યઉ આવ્યઉ ધનનઉ છેહ;
એહનઇ ઘર નઉ સાર ગ્રહ્યઉ હિવ કેવલ દેહ ...૩૦
ઘાલી સૂક સહસ વલી તે મૂક્યા ઘેરિ;
નારિ ચીંતવઇ 'વાત થઇ સ્યું બીજઇ ફેરિ ?' ...૩૧
વસંતસેનાનઇ જણાવઇ એ સગલઉ મર્મ;
''એહનઇ ઘર થઇ કાઢી, જઇ તઉ અમ્હ કુલ ધર્મ ...૩૨
વત્છ ! એહ તું છાંડિ, મ માંડિસું બીજી વાત;
[૧]નિષ્પીડિત [૨]અલતઇની પોથીની આ ભાત ...૩૩
ચૂસી સેલડી [૩]પરહી નાખી જઇ જ્યું અસાર;
તિમ જુગતઉ તુઝનઇ છઇ હિવ એનઉ પરિહાર ...૩૪
આપણ આદર દીજઇ લીજઇ જે ધનવંત !
નિરધન પરિહરીયઇ ઇણમાંહિ અછઇ નહી ભ્રાંતિ'' ...૩૫
બુધિ ઘણી આપી નવિ માનઇ પુત્રિ [૪]કીસાઇ
આપણ હીયડઇ ન ઉપજઇ દીધી કેતી થાઇ ...૩૬
માત પ્રતઇ કહઇ વેસા ''અંબ અંબની રીતિ;
ક્યારે ફોગે થાઇ તિણઇ મુઝ એસ્યું પ્રીતિ ? ...૩૭
એહ સમઉ ધન દેસ્યઇ કુણ તુમ્હ માત વિચારિ;
કીધઉ જે ઉપગાર ન મેલી જઇ સંસારિ ...૩૮
હું ગુણવંત તણા ગુણ દેખી રાચું માઇ !
ધનની તૃષ્ણા મનમાંહિ હિવણા મુઝને ન કાંઇ'' ...૩૯
એહનઉ નિશ્ચય જાણી માત દંભનઉ ગેહ;
સેજ સહિત નિસિ સાહરિ બાહિરિ મૂક્યઉ તેહ ...૪૦
જાગ્યા સૂનઉ દેઉલ દેખી મનિ ચિંતેઇ;
'ઇંદ્રજાલ અથવા દિસે વિભ્રમ મુઝનઇ એઇ ...૪૧
કિંવા સુહણાઇ દેખું,' થાતુ નઉ [૫]ખોભકિ એહ;
ચેડી નેડી રહી કહઇ, ''નિસુણઉ સામિય ! તેહ ...૪૨
વસંતસેનાની માયઇ તુમ્હનઇ મૂંક્યા આજ;
ઇણ ઠામઇ તુઝ કલપના નઉ હિવ કેહઉ કાજ ? ...૪૩

---

૧. કીબ પીસેલ; ૨. અળતો, જેની ભાત કે છાપ રાખવી; ૩. દૂર, અળગી; ૪. કોઈનું; ૫. ક્ષુબ્ધ કરે.

વસંતસેનાનઇ માંડઇ ભાંડઇ જાનિય ગેહિ;
જિમ લે જાઉં પલંગ ઉપાડી નિજ ઘરિ એહ'' ...૪૪

ઢાળ : ૭

હિવ કચવન્નઉ ચિંતવઇ, 'ધિગ્! વેસા વાસ;
[૧]જાં ઘન થઉ તાં હૂં ઘણી, હિવ કીધઉ દાસ ...૦૧
પ્રીતિ કિસી વેસા તણી ?...આંચલી
એહનઉ રંગ પતંગ જસ્યું, [૨]વહિલઉઇ જાઇ;'
ઇમ ઘરિ [૩]આમણ દૂમણઉ, જાતાં પછતાઇ ...પ્રીતિ૰ ...૦૨
પ્રિય આવંતઉ દેખિનઇ, ઉઠિ તિણ વારિ;
આસણ આપઇ પ્રિય ભણી, સુકુલીણી નારિ ...પ્રીતિ૰ ...૦૩
માત પિતા નઉ મૂલથી, પૂછઇ વિરતંત;
વાત કહી નયનાં થકી, અશ્રુપાત કરંત ...પ્રીતિ૰ ...૦૪
તે નિસુણી અતિ દુખ ધરઇ, કચવન્નઉ ચિત્તિ;
એક વિછોહ વડાં તણઉ, બીજઉ ગયઉ વિત્ત ...પ્રીતિ૰ ...૦૫
કચવન્નઉ [૪]ધીરિમ ધરી કહઇ, શોક નિવાર;
''દ્રવ્ય હુવઇ તઉ હું હિવઇ, માંડું [૫]વિવહાર'' ...પ્રીતિ૰ ...૦૬
હૂવા સહસ વેસ્યા તણા, આભરણ જિ કેઇ;
તે દેખી [૬]ખીનઇ કહઇ, ''લેજ્યો ચાલતાં એઇ'' ...પ્રીતિ૰ ...૦૭
મિત્ર કહણિ દિન કેતલા, રહિયઉ ઘરિ તેહ;
પુત્રની આસ વધૂ ધરી, પ્રિય રાખી ગેહિ ...પ્રીતિ૰ ...૦૮
[૭]સાથ સંઘાતઇ તે ચલ્યઉ, સૂનઇ દેઉલિ જાઇ;
સાથ સમીપઇ સૂઇ રહ્યઉ, સુખ સેજ બિછાઇ ...પ્રીતિ૰ ...૦૯

દુહા : ૨

અચરિજ કારણ જે થયઉ, તિણ અવસરિ વિરતંત;
કચવન્નાનઇ પુણ્ય વસિ, તેનિ સુણઉ ઘરિ ખંત ...૦૧

ચોપાઈ : ૧

તિણ નયરઇ ઘન કરિ વિલસંત, **સુધન** નામ વર [૮]ઇભ્ય મહંત;
તેહનઇ **મહિમા** નામઇ નારિ, કૂટ કપટ નઉ જે આધાર ...૦૧

૧. જ્યારે; ૨. ઝડપથી; ૩. નિરાશ; ૪. ધૈર્ય, ધીરજ; ૫. વ્યાપાર; ૬. ખિન્ન; ૭. સાર્થવાહ; ૮. ધનવાન, ધનાઢ્ય

તેહનઇ પુત્ર થયઉ **ધનદત્ત**, યૌવન ભરિ વિલસઇ નિય વિત્ત;
સાંકલ કલાનઉ કુલ ગૃહ તેહ, પિતા વિવાહ કરાવઇ નેહિ ...૦૨
માગી ચ્યારિ ઇભ્ય બાલિકા, સુંદર રુપઇ સુકુમાલિકા;
પાણિગ્રહાવ્યઉ સુત જેતલઇ, જનક [૧]પરાસુ થયઉ તેતલઇ ...૦૩
દેશાંતર કરિવાનઇ કાજિ, મિત્રે પ્રેરયઉ પામી લાજ;
શુભ દિનિ લેઇ ચઉવિહ ભંડ, ધનદત્ત જલનિધિ તીર પ્રચંડ ...૦૪
પૂરી પ્રવહણ ચાલ્યઉ તામ, પહુપત ઉપર દીપાનઇ ગામ;
[૨]વિઢવી ધન પાછઉ તે વલ્યઉ, જલધિ મઝિ પ્રવહણ [૩]આફલ્યઉ ...૦૫
ગિરિ સિરસે તી ભાંગઉ તિસઇ, ધનદત્ત પરભવિ જાઇ વસઇ;
એક પુરુષ તિણમઇ ઉગરયઉ, મહિમાનઇ જાઇ [૪]વાગરયઉ ...૦૬
''પ્રવહણ ભાંગઉ લાગઉ હાથિ, અમનઇ ધનદત્ત ધનનઇ સાથિ;''
''તુઝનઇ બહુ ધન દેસ્યાં ઇહાં, એ ગુહ્ય મ પ્રકાસે કિહાં'' ...૦૭
હિવ મહિમા મનમઇ ચીંતવઇ, 'અવર વધૂ પતિ આણ્યઇ હવઇ;
સુત સંતતિ ધન રાખણ કાજ, નિસિભરિ ઉઠી લેઇ સાજ ...૦૮
સૂનઇ દેઉલિ પહુતી નારિ, સુખિ સૂતઉ કયવન્નઉ બારિ;
ઉપાડી નિજ પુરુષાં પાંહિ, [૫]ઝતિ લે આવઇ નિય ઘરમાંહિ ...૦૯

ઢાળ : ૮

[૬]પ્રહ સમિ જાગીયઉ જેતલઇ એ, [૭]દિસિ વિદિસિ જોવએ;
જામ મહિમા મતિ આગલી એ, પ્રભણઇ આવીય તામ ...૦૧
''તું ભલઇ પધારીયઉ એ, જોવતાં તાહરી વાટ''...આંચલી
કંઠિ લાગી કહઇ કામિની એ, કારિ નઉ પ્રેમ પ્રકાસ;
''તું બાલપણઇ હરયઉ એ, કરમનઉ કિસઉ વેસાસ ? ...તું. ...૦૨
તાહરઇ કાનિ જુવરાવીયઉ એ, સગલઉ દેસ પરદેસ;
તઉ પુણિ નવિ પામીયઉ એ, તાહરી સુધિનઉ લેસ'' ...તું. ...૦૩
આજ તુઝ આગમ બોલઇ એ, રયણ રસાલ;
''બાપજી ! મુઝ ભોજન દીયઉ, જિમ ભણું ચટસાલ ...તું. ...૦૪
કાલ વિલંબ રખે કરઇ, અધ્યાસૂ રીસ !''
માતાયઇ મોદક દીયઉ લીયઉ નામીય સીસ ...તું. ...૦૫
તિણમાંહે મણિ નીકલ્યઉ, ''હુસ્યઇ ઘૂટઉ મુઝ;''
બીજે છાત્રે તવ કહ્યઉ, ''મણિ એહ છઇ તુઝ'' ...તું. ...૦૬

૧. મૃત્યુ; ૨. કમાઈને; ૩. અફળાયું, ટકરાયું;૪. કહ્યું; ૫. ઝડપથી, જલ્દીથી; ૬. સૂર્યોદય; ૭. દિશા-વિદિશા.

તિણિ કંદોઈનઇ દીયાં, લીયાં દિન પ્રતિ જેમ;
[૧]પૂપલિકા ખાઇવા ભણી, તિણઇ કીધઉ તેમ ...તું॰ ...૦૭
નીર ભરિ કુંડ માંહે મણિ, ઘાલી કરઇ પરીખ;
જલ ફાટી થલ વિચિ થયઉ, સુપ્રભાવ નિરીખ ...તું॰ ...૦૮
નીરકંત મણિ જાણિનઇ, ભલઇ રાખીયઉ તેણિ;
છાત્રા મુહ માંગ્યઉ દિયઇ, નવિ જાણિયઉ કેણિ ...તું॰ ...૦૯
બીજા તે મોદક ઘરઇ, [૨]મોરયા નીકલ્યા જામ;
સુંદર રયણ પતિ પૂછીયઉ, ભણઇ ઉત્તર તામ ...તું॰ ...૧૦
''જે અછઇ કારણ એહનઉ, નિસુણઉ પ્રિય તેહ;
દાણ ભયઇ ઇણમાંહિ મઇ, મણિ ઘાલિયા એહ'' ...તું॰ ...૧૧
પ્રિયંગુલતા દાસી કહઇ, ''નિસુણઉ પ્રિય વાણિ!
પાછલિ જે અમ્હ ઘરિ થયઉ, જિમ ભાજએ કાણિ ...તું॰ ...૧૨
માતાઅઇ માયા કરી જબ એ કીયઉ કામ;
વસંતસેના દુખિકત થઇ, પછતાવઇ તામ ...તું॰ ...૧૩
ઠામિ ઠામિ જુવરાવીયા, નવિ પામીયઉ કંત;
ભાગ્ય વિના કિમ કરિ ચડઇ, ગયઉ સુર મણિ કંત ...તું॰ ...૧૪
તિણ દિનથી મુઝ સામિણી, કરઇ વેણીય બંધ;
શ્વેત વસ્ત્ર પિહરઇ ન કો કરઇ કુસુમ સંબંધ ...તું॰ ...૧૫
પ્રોષિત પતિકા વ્રતધરી, રહી એતલઉ કાલ;
તુચ્છ અસણ કરતી સદા, ગુણ સમરતી બાલ'' ...તું॰ ...૧૬
એહ વાત નિસુણી પ્રિયઇ, ધરયઉ પ્રેમ વિસાલ;
રમણીની પરિ આદરી, ફલી પુણ્યરી માલ ...તું॰ ...૧૭

ઢાળ : ૯

અન્ય દિવસિ તટિની વિચઇ, જલ પીવાનઇ કામિ રે;
ઝાલ્યઉ શ્રેણિકનઉ કરી, જલચરિ જલતંતુ નામિ રે ...૦૧
રાજ્ય સાર સેચનક છઇ, સકલ કરીનઉ સામિ રે...આંકણી
તે સુણિ નૃપ આકુલ થયઉ, તબ બોલઉ અભયકુમાર રે;
''નીર કંત જલિ ઘાલીયઇ, તઉ જલ થાયઇ બે ધાર રે ...રાજ॰ ...૦૨
રતન કોસથી આણતાં, લાગઇ વાર અપાર રે;
[૩]તિતનઇ તે વીંટી લીયઇ, પછઇ સ્યું ઉપચાર રે?'' ...રાજ॰ ...૦૩

૧. જલેબી; ૨. ફાડા કર્યા, ભાંગ્યા; ૩. તેટલામાં.

પુર માહઇ પડહઉ દીયઉ, ''જે આણી ઘઇ જલકંત રે;
તેહનઇ [૧]દુહિતા સ્યું દીયઇ, રાજ્ય અર્ધ [૨]ભૂકંત રે'' ...રાજ૰ ...૦૪
તેહ સુણી હરખ્યઉ હિવઇ, કંદોઇ મણિ લાવઇ રે;
રાજાએ જલિ મણિ ઘરી, [૩]સિંધુર નઇ છોડાવઇ રે ...રાજ૰ ...૦૫
[૪]ભૂધવિ હિવ પૂછ્યઉ તિહાં, ''ઇણ મણિનઉ કુણ નાથ રે ?''
કંદોઇ આવી ભણઇ, ''માહરી છઇ ભૂનાથ રે'' ...રાજ૰ ...૦૬
ચિંતાતુર વલિ નૃપ થયઉ, 'સ્યું કરિવઉ જગદીસ રે ?
સુતા નીચનઇ કિમ દીયઉ ?' તબ મંત્રી નામી સીસ રે ...રાજ૰ ...૦૭
પ્રભણઇ ''સ્વામિ ! ન એ મણી, એહવા નઇ ઘરિ રાજઇ રે;
કિમ [૫]માતંગ તણઇ ઘરઇ, [૬]મઇંગલ ઘંટા વાજઇ રે'' ...રાજ૰ ...૦૮
તિણ એહનઇ ઇમ પૂછિવઉ, ''કિહાંથી એ મણિ આણી રે ?
સાચઇ બોલ્યઇ છૂટિવઉ, નહીતરિ [૭]નિગ્રહ જાણિ રે'' ...રાજ૰ ...૦૯
ભયવે વિર સાચઉ કહઇ ''કયવન્ના સુત દિઘ રે;''
તેહ ઉચિત દે મૂકીયઉ, [૮]બપુ ! બપુ ! મંત્રિની બુધિ રે ...રાજ૰ ...૧૦
અભય નૃપતિ બોલીયા, રયણ રયણા પરિ થાઇ રે;
રાજાએ પરિણાવીયઉ, કયવન્નઉ હરખિ બુલાઇ રે ...રાજ૰ ...૧૧
રાજ્ય અર્ધ પિણિ આપીયઉ, ભોગવઇ ભોગ વિશેષિ રે;
પૂરવભવિ જેહવઉ કરયઉ, તે પામિવઉ અસેષ રે ...રાજ૰ ...૧૨

ઢાળ : ૧૦

અભયકુમર સ્યું પ્રીતિ કરંતા, સુખઇ ગમઇ રે દિવસ વસંતા;
અન્ય દિનઇ પ્રભણઇ કયવન્નઉ, ''દીન ભોગ લીલા સંપુન્નઉ ...૦૧
ચ્યારિ નારિ ઇણિ નગરિ મઝારિ, અછઇ મુઝ બહુ સુત પરિવારિ;
તેહનઉ ઘર નવિ જાણું કત્થ, મેલઉ તઉ હોઉ સુચકત્થ ...૦૨
મહિમા કુટિલ નારિ ઇહાં ભણિયઇ, તેહની બુધિનઉ અંત ન મુણીયઇ;
જિણિ વિધિ હું તિણિ નિજ ઘરિ આણ્યઉ, પુણિ પાડોસણિ કિણહી ન જાણ્યઉ''
...૦૩
ચમક્યઉ ચિત્ત અભય ઇમ બોલઇ, ''એહનઇ કપટ પણઇ કુણ તોલઇ ?
વસીયઇ એકઇ ઠામઇ તોઇ, કિમ એ મુઝનઇ સુધિ ન હોઇ ? ...૦૪

---

૧. દીકરી, રાજકન્યા; ૨. રાજા; ૩. હાથી; ૪. રાજા; ૫. ચંડાલ; ૬. મદ ઝરતો હાથી; ૭. દમન, બંધન; ૮. ઉત્સાહપૂર્ણ અવાજ

હિવ નિશ્ચિંત રહઉ મઇ જાણઉ, વહિલી વધૂ તુમ્હાં ઘરિ આણું;''
દેઉલ એક કરાવ્યઉ તામ, બિહુ બારે કરિ અતિ અભિરામ ...૦૫
કયવન્નાનઇ રુપ સમાન, યક્ષની પ્રતિમા કરી પ્રધાન;
પુરમાંહે ઉદઘોષણ કરી, ''આવિ[૧]વઉ જે હુવઇસ[૨]વછાનારી ...૦૬
[૩]પઇસેવઉ ઇણ પૂરવ બારઇ, નીકલિવઉ પશ્ચિમઇ દારઇ;
નહીતરિ તેહનઇ[૪]વરુઅઉ થાસ્યઇ, જે નવિ ઇણ દેઉલમઇ જાસ્યઇ'' ...૦૭
એહ વાત સુણિ સગલી રામા, લેઇ પુત્ર આઇ અભિરામા;
તે પુણ ચ્યારિ વહૂ[૫]સુતસે તી, સાસુ આગલિ કરીય પહૂતી ...૦૮
યક્ષ દેખિ કયવન્ના રંગિ, ''બાપુ! બાપુ!'' કરિ ચડ્ય ઉછંગિ;
વિકસિત વદન થયા તે બાલ, નીકલીયા સગલા તતકાલ ...૦૯
એક બારિ બઇઠા તે નિરખઇ, ઉઠ્યા દેખી તેહનઇ હરખઇ;
જિતલઇ તેહનઇ જોવઇ જાઇ, લાજ્યાં[૬]અવનત મુખ તે થાઇ ...૧૦
નીઠુર વચનિ કરી તે ઘેરી, [૭]તરજી જિમ મુખ પાછઓ ફેરી;
કયવન્ના નૃપ અભયકુમાર, દેખીનઇ બીહી તિણ વાર ...૧૧
આવિ તિયાં નઇ ચરણઇ લાગી, ''એ અપરાધ ખમઉ વડ ભાગી;''
ઇમ કયવન્નઉ શ્રી વિલસંતઉ, સાત રમણિસ્યું સુખ ભોગવતઉ ...૧૨
દાન ભોગ કરિ જિનિ જસ લિધ, કયવન્નઉ થયઉ થયઉ ગુણહિ પ્રસિદ્ધ;
રાજ્યસિરી અનુભવતાં જેમ, વીર પધારયા નિસુણઉ તેમ ...૧૩

ઢાળ : ૧૧

ઇણિ અવસરિ તિહાં વિહરતા હો, સમવસરયા **વર્ધમાન**;
ચવદ સહસ મુનિ પરિવરયા હો, કેવલજ્ઞાન પ્રધાંન ...૦૧
મન ભાવઇ હો ભવિયા વંદઉ...આંચલી
વીર જિણિંદ સર્વ લોક તિહાં, વંદિવા હો પહુતા ઘરિય ઉછાંહ;
શ્રી જિનવચન ઘનઇ કરી હો, શમિવા ભવ દાહ મનના ...૦૨
પુરુષ એક વધામણી હો, આવી આપઇ તત્થ;
કયવન્નઉ હરખિત થયઉ હો, સુંપઇ તપઇ અત્થ ...મન॰ ...૦૩
સર્વ ઋધિ લેઇ કરી હો, આવઇ શ્રી જિન પાસિ;
જિણવર પય પંક્ય નમી હો, બઇઠઉ ધરમની આસિ ...મન॰ ...૦૪
બારહ પરષદ તબ મિલીહી, શ્રી જિન ધઇ ઉપદેસ;
કેઇ સમકિત આદરઇ હો, કેઇ વ્રત સવિસેસ ...મન॰ ...૦૫

૧. વહુઅર; ૨. પુત્રવાળી; ૩. પ્રવેશવું; ૪. વિરુપ, કદરૂપું; ૫. સાથે; ૬. નીચું, નમેલું, પડેલું; ૭. તર્જના કરવી.

કચવન્નઉ હરખિત થયઉ હો, નામી જિણ પય સીસ;
પ્રભણઇ ''મઇ પૂરવ ભવઇ હો, સ્યું કીધઉ જગદીસ ? ...મન૰ ...૦૬
ભોગ ઋદ્ધિ પામી ઘણી હો, પુણિ અંતરાય ફુરંત;''
તિહાં શ્રી વીર કહ્યઉ સવે હો, પૂરવ ભવ વિરતંત ...મન૰ ...૦૭
તે સંભલિ વઇરાગી થયઉ હો, થયઉ કચવન્નઉ રાય;
જાતીસમરણ ઉપનઉ હો, પ્રભણઇ ''શ્રી જગતાય ! ...મન૰ ...૦૮
મુઝ વિવેક મણિ આપીયઉ હો, કીધઉ મુઝ ઉદ્ધાર;
તુમ્હ વિણુ કુણ ભવ તારિવા હો, પ્રવહણ સમ આધાર ? ...મન૰ ...૦૯
માહરી ભાગ્યદસા ફલી હો, પ્રગટ્યા માહરા પુણ્ય;
જઇ શ્રી જિનવર પય લહ્યા હો, પામ્યઉ નરભવ ધન્ય ...મન૰ ...૧૦
રાજ પ્રમુખનઇ પૂછિનઇ હો, લેઇસુ તુમ્હ પઇ દીખ;
કહિસ્યઉ મુઝનઇ જિણિ પરઇ હો, પાલિસુ તિણ પરિ સીખ'' ...મન૰ ...૧૧
''મા પ્રતિબંધ કરઉ ઇહાં હો, વલિ નરભવ સંયોગ;
પામેવઉ છઇ દોહિલઉ હો, તિમ નિજ તનુ નીરોગ'' ...મન૰ ...૧૨
હિવ ઘરિ આવી પૂછીયઉ હો, શ્રેણિક અભયકુમાર;
''ધન્ય ! ધન્ય ! તુમ્હ'' ઇમ ભણઇ હો, લેઇ અનુમતિ સાર ...મન૰ ...૧૩
જિણમંદિરિ પૂજા કરી હો, દેઇ દાન ઉદાર;
સાહમ્મીવત્છલ કીયઉ હો, ઘોસિ(ત) નગરિ અમારિ ...મન૰ ...૧૪
હિવ સિવિકાયઇં આરુહી હો, વાજતઇ વર [૧]તૂરિ;
રાજા શ્રેણિક સ્યું વલી હો, અંતેઉર ભરપૂરિ ...મન૰ ...૧૫
આગઇ [૨]નટુ એ નાચતે હો, પગિ પગિ દેતઉ દાન;
ચડતઇ ભાવઇ આવીયઉ હો, જિહાં શ્રી જિન વર્ધમાન ...મન૰ ...૧૬
હિવ [૩]સિવકાથી ઉતરી હો, દેઇ પ્રદક્ષિણા તીન;
પ્રણમિ અંજલિ જોડિનઇ હો, જંપઇ જિન ગુણ ભીન ...મન૰ ...૧૭
મઇ સંસાર અસાર એ હો, જાણ્યઉ જુગતઉ દેવ;
હિવ ભવ તરિવા તાહરી હો, વ્રતધરિ કરિસ્યું સેવ ...મન૰ ...૧૮
હિવ તોસઇ હથિ દીખીયઉ હો, જગગુરુ શ્રી વર્ધમાન;
ગણધર પતિનઇ સીખિવા હો, આપ્યઉ ધરિ બહુમાન ...મન૰ ...૧૯
રમણી [૪]પુણિ [૫]દીખી ધરઇ હો, વંદન [૬]અજ્જા પાસિ;
સીખેવા શ્રી વીરજી હો, અતિસય રાસિ નિવાસિ ...મન૰ ...૨૦

---

૧. એક વાદ્ય, તુસઈ; ૨. નટવો; ૩. શિબિકા; ૪. પણ; ૫. દીક્ષા; ૬. આર્યાજી.

દુવિધ સીખ લેઇ કરી હો, સંયમ તપ જપ સાર;
સીહ તણી પરિ પાલિનઇ હો, પહુતઉ સરગ મઝારિ ...મન૰ ...૨૧
એહ ભવ તરિ પામિસ્યઇ હો, શિવ નારીનઉ સંગ;
એહવા રિષિ ગુણ ગાવતાં હો, દિનિ દિનિ રંગ અભંગ ...મન૰ ...૨૨

ઢાળ : ૧૨

યુગ પ્રધાન **જિનચંદ્રસૂરિ** રાજઇ, ગુરુ અતિસય કરિ અધિક વિરાજઇ;
વેદ બાણ રસ સસધર વરસઇ, નેમિ જનમ કલ્યાણિક દિવસઇ ...૦૧
શ્રી પ્રમોદમાણિક ગુરુ પાદઇ, સોહઇ શશધર જિમ મુનિ થાટઇ;
ઉવઝાય **શ્રી જયસોમ** ચતીસ, તેહનઉ સિષ્ય ધરીસુ જગીસ ...૦૨
વાચક **શ્રી ગુણવિનય** વિસેષિ, **ઠાણાવશ્યક** વિવરણ દેખિ;
એહ સંધિ પ્રભણઇ સુખ કાજઇ, **મહિમપુરઇ** મહિમા કરિ રાજઇ ...૦૩
જિહાં શ્રી અજિત શાંતિ ગુણ ભરિયા, જાણે ચંદ સૂર અવતરિયા;
ભવ્ય જીવના તમ ભરહરિવા, જન આનંદ રયણિ દિનિ કરિવા ...૦૪
એહ પ્રબંધ ભણઇ જે ભાવઇ, **શ્રી જિનકુશલસૂરિ** અનુભાવઇ;
દુરિય વિઘન સવિ દૂરિ પુલાવઇ, ઋધિ વૃધિ મંગલ ઘરિ થાવઇ ...૦૫

।।ઇતિ શ્રી કયવન્ના સંધિ સમાપ્તઃ।।

---

૧. પલાયન થશે.

૬. શ્રી કલ્યાણરત્ન સૂરિ કૃત કયવન્ના શેઠની ચોપાઈ (સં. ૧૬૭૦)

ઢાળ : ૧

સુખકરણી રે **સરસતિ** સામણિ મનિ ધરી;
કહઇ કવીયણ રે **કયવન્ના** પભણું ચરી;
મહી મંડલિ રે **મગધદેસ રાજિગ્રહી**;
ધન ધનવંત રે **ધન્નુ** વાસિ વસઇ સહી;
સહીય ઠામિ વસંતિ ધન્નુ ભામિનિ **ભદ્રા** જાણીઇ;
પુત્ર પ્રસવ્યઉ **કયવન્ના** નામઇ રુપવંત વખાણીઇ;
દિન દિન વાધઇ કલા સાધઇ સોભાગઇં કરિ સોભતું;
ભણી ગુણી ગુણવંત હૂઓ યૌવન વય મનમોહતું ...૦૧
પિતાઇં રે પરણાવ્યઉ ઉલટ ધરી;
કુલવંતી રે કન્યા કયવન્નઇ વરી;
ધન યૌવન રે મદ ભરિ માતુ હાથીઉ;
તે કિમ રહઇ રે ઘર ઘરણીનું નાથીઉ ?
નાથીઉ તે ઘરહ ઘરણી તરુણી તાણ્યઉ નવિ રહઇ;
નયર માહઇં મનહ રંગઇ મિત્રસુ મન ગહગહઇ;
એક દિન્ન બઇઠુ હાટ ચુહટઇ ચિત્ત છયલાસું રમઇ;
વર વેસ વનિતા મારગિ માલહઇ, કુંયર દેખઇ તિણિ સમઇ ...૦૨
દેખી કામિની રે મન મોહિઉં લાગી રહિઉ;
ઠારુ વેશ્યા રે નયણ પાસ ઘાલી ગ્રહિ;
ઉઠયઉ આકૂણી રે ચાલુ લાગુ ચિત્તમઇં;
પુંઠિ ચાલ્યઉ રે મંદિરિ પુહતુ તે કન્હઇં;
તે કન્હઇ મંદિર ગયું સુંદર રુપ રતિ સોહ એ;
ધન ધણીય જાણી પ્રેમ આણી, મધુર વાણી મોહ એ;
રુપ અમરી દેવ કુમરી ગંગ ગવરી દીપતી;
કયવન્ન આયુ સુખ સવાયુ પ્રેમ પાયુ ભાવતી ...૦૩
ચોયા ચંદન રે અગર અબીર ઉછાલીઇ;
મોટાં મંદિર રે ઉપરિ રહીઇ માલીઇ;
સુખ વિલાસઇ રે વારુ વેશ્યાસું રુલી;

ધન પૂરઇ રે પિતા તેહનું તે વલી,
વલી ધન્ન પૂરઇ પિતા ઝૂરઇ અધૂરઈ પુણ્યઇં ઇસુ;
પુત્ર પામ્યઉ મનિ ન માંન્યુ મોહ ધારિઉ હુઇ જિસુ;
અંત્ય કાલઇં પિતા તેડઇ નીઠર તે આવઇ નહી;
માતા પિતા પરલોક પુહતાં, વિષઇ વિડંબઇ જોઉ સહી ...૦૪

ઢાળ : ૨

માતા પિતા માંનઇ નહીં, જે જગિ માંહઇ વિખ્યાત;
ઇહલોકનું ભય નવિ ગણઇ, પરલોક કેહી વાત રે ? ...૦૫
નારિ ન રાચીઇ, વિષય વિષમું વિકારો રે;
નારિ ન રાચીઇ...આંકણી ...૦૬
મહિલા રુપઇં માંડીઉ, મહીઅલિ મોટું રે પાસ;
બલવંત બાંધ્યા રહઇ, પણિ તે નરગિ નિવાસો રે ...નારિ૰ ...૦૭
કયવન્ના નઇ તિહાંથી, ધન સાઢી બારઇ રે કોડિ;
બાર વરસ વહઇં કરી, ઉભી રહી કર જોડિ રે ...નારિ૰ ...૦૮
હવઇ જોયો જે પરિ હુઇ, ધનનઇ આવ્યઇ રે છેહિ;
કો કૂડી આવી ઘરિ થકી, તવ મનિ ચિંતા તેહો રે ...નારિ૰ ...૦૯
સારવણઇ સાનઇ કરી રે, અનુક્રમિ કાઢિઉ તેહ;
ઝાબકિ તેહ દેખાડિ, ઠાર તણુ જિમ ત્રેહો રે ...નારિ૰ ...૧૦
ચતુર પણઇ મનિ ચિંતવઇ, 'ધિગ ! ધિગ ! વેશ્યા રે કુનારિ;
ગાઠઇ અરથ દીઠઉ નહી, તવ કાઢિઉ ઘર બારિ રે' ...નારિ૰ ...૧૧
ઇમ ચીતવતું આવીઉ, પુહતું નિજ ઘરિ તેહ;
ઘર દીસઇ ઉભા ખરું, નારી દુબલ દેહો રે ...નારિ૰ ...૧૨

ઢાળ : ૩

સુકલીણી એ મહાસતી, દીઠઉ આવ્યઉ નિજ પતી;
હરખતી ઉભી થઇ આદર દીઇ એ ...૧૩
''આજ સનાથ હૂયાં અમ્હે, નિજ ઘરિ નાથ આવ્યા તુમ્હે !
પણિ અમ્હે એ દિન દોહિલા કાઢીયા એ'' ...૧૪
ઇમ કહી મુક્યાં બિસણાં, પ્રીતઇં સુખ હુઇ અતિ ઘણાં;
તેહ તણાં મનની વાત સવે કરઇં એ ...૧૫

સુખ વિલસઇ સંપતિ સારું, પુત્ર રતન હુઉદારુ સુખકારૂં;
માત પિતા મન મોહતું એ ...૧૬
કયવનુ મનિ ચિંતવઇ 'ધન્ન, નહી કહુ કિમ હવઇ [૧]મદનવઈ ?
ભાવ મનોરથ નવિ ફલઇ એ' ...૧૭
ઘરણિ પ્રતિ કહઇ વાતડી, ''[૨]ગરથ વિના જાઇ જે ઘડી;
તે વળી વરસ પ્રમાણઇ જેવડી એ'' ...૧૮
ઇમ કહી પરદેસઇં ભણી, નારિ પૂછી ચાલ્યઉ ઘણી;
તેહતણી ઘરણી સા પ્રેમઇ સહી એ ...૧૯
ચ્યારિ લાડૂ ભાતઇ કીયા, નેહ ધરી સાથઇં દીયા;
તે લીયા સાથઇ [૩]સંબલ એતલું એ ...૨૦
એક સુખઇ રહઇ, ઇમ જાણી મંચક ગ્રહઇ;
તે કહઇ ''વલ્લભ ! વિહલા આવયો એ'' ...૨૧
તિણિ દિનિ સારથવાહ તિહાં, વસ્તુ લેઇ આવિઉ જિહાં;
તે તિહાં મેલીનઇં માનિનિ ગઇ એ ...૨૨
તિણિ સમઇ જોયો જે, પુણ્ય પ્રભાવઇં તે કહઇ;
ગહગહઇ નિસિ નિદ્રા ભરિ તે રહઇ ...૨૩

ઢાળ : ૪

તિણિ નયરી તેણિં દિનિ, વિવહારી એક;
મરણ પામ્યઉ ધનનુ ધણી, સોવન કોડિ અનેક;
જોયા જગિ કંઇક ઇસુ...આંકણી ...૨૪
ધન કારણિ ઘસમસ કરી, ઉઠી અક્કા તેહ;
રખે ! રાઉલિ ધન લીઇ, નહી સુતા કાંઇ ...જોયા૰ ...૨૫
અસ્ત્રી ચ્યારિ સોહામણી, રુપઇં રંભા સાત;
''રે ! રોતી(ન) રહુ માનિનિ, માનું માહરી વાત ...જોયા૰ ...૨૬
ખાડ ખણી ખેપું ભરી ઉપાડી એહ;''
નારિ બીહઇ બોલઇ નહીં, પરિ કીધી તેહ ...જોયા૰ ...૨૭
''ધન રખવાલિવા કારણિ, આણુ નર કોઇ સાર;
તિહસું ભોગ ભલા કરું, તુમ્હો નવલીય નારિ'' ...જોયા૰ ...૨૮
અક્કા ઉઠી એમ કહી, પૂ(પા)છઇ ચ્યારિ નારિ;
નયર માંહઇ નર નિરખતી, કયવન્નકુમાર ...જોયા૰ ...૨૯

૧. મદનપતિ; ૨. ધન; ૩. ભાતું.

દેખી દહદિસી નિરખતી, રખે દેખઇ કોઇ !
ઉપાડી આણ્યઉ અરહુ, નિજ મંદિર સોઇ ...જોયા॰ ...૩૦
પ્રહ વિહસી જવ જાગીઉ, કહઇ કામિનિ તેહ;
''એહ ઘન યૌવન તુમ્હ તણું, ભોગ ભોગવું એહ'' ...જોયા॰ ...૩૧

ઢાળ : ૫

કયવન્ન ચારુ ભોગવઇં, ભોગ ભલી પરિ સાર;
દિનકર દીસઇ દીપતુ, તિમ તરુણી પરે તે તેજ અપાર કિં;
પુણ્યઇં રે સહૂ પામઇ , નિત નિત નવા રે વલી ભોગ સંયોગ કિં ...૩૨
પુણ્યઇં રે સહૂ પામઇ...આંકણી
રુપઇં રંભા જિસી ભામા, ભામિનિ ભદ્રક એહ;
ભરતારનઇં ભગતિ કરી, ભલ ભલ ભલી રે પરિ પ્રીસઇ તેહ ...કિં...પુ॰ ...૩૩
ચ્યારિ નારિ સોહામણી, પુત્ર પ્રસવ્યા તેહ;
સોભાગિ સુંદર સોભતા મન માનઇ રે માવીત્ર જેહ ...કિં...પુ॰ ...૩૪
અક્કા કરઇ અલખામણી રે, અબલા આગલિ વાત;
જિણિ વેસિ અરહુ આણીઉ, તિણિ વેસઇ રે મુકું તિણિ રાતિ ...કિં...પુ॰ ...૩૫
સાથઇં સંબલ તેહનું લાડૂ તિ મોટા ચ્યારિ, નેહ ઘરિ નારી કીયા;
માંહઇ ઘાલીયાં રે વલી રચણ થઇ ઉદાર ...કિં...પુ॰ ...૩૬
બારે વરસે તે વલી, આવ્યઉ સારથવાહ;
ઉપાડી આણ્યઉ તિહાં, વલી મુકીઉં રે તે સાથઇ માંહિ ...કિં...પુ॰ ...૩૭
સારથપતિ આવ્યઉ સુણી, સાહમી તિ આવી નારિ;
કયવન્નઉ ઘરિ આવીઉ, નિજ ઘરણી રે વેષઇ પૂરવચાર ...કિં...પુ॰ ...૩૮

ઢાળ : ૬

કયવન્નુ આવ્યો ઘરે, નિજ નારી રે મનિ ઘરતી નેહ;
પુત્ર ઉપરિ રે વલી અધિક સનેહ, નેહ ઘરી લાડૂ દીઇ રે ...૩૯
લેઇ લાડૂ નેસાલિયાં માંહઇ આવી રે લાડૂ છઇ જેહ;
વિહચીનઇ વલી દીધું તેહ, રચણ રુડું ઘુટકીયુ રે ...૪૦
પાણી ગયા પાટી માંજિવા, આવ્યઉ રે કંદોઇ હાટ;
મણિ લીધું રે સુખડલીમાંહિ, કંદોઇ તેણઇ ભોલવ્યઉ રે ...૪૧

રાય તણું તિહાં હાથીઉ, તંતુ વાઇં રે જીવઇં ગ્રહિઉ જેહ;
‘મુકાવઇ રે કન્યા વરઇ તેહ’, કંદોઇ પડહુ છિબઇ રે ...૪૨
રચણ માહઇં મૂકી કરી, પાણી કીધું રે બિહું ભાગે એહ;
તંતુ વાઇં રે ગજ મુક્યઉ તેહ, રાઉ આગલિ ઉભો કીઉ રે ...૪૩
કંદોઇ રાઇં પૂછીઉ, ‘‘કહઇ રે રતન તુમેવ ?
નહીતરિ રે કીજઇ તાહરુ છેદ,’’ બીહનઇ ભેદ સહૂ કહિ રે ...૪૪
રાય કયવન્નુ તેડીઉ, પરિણાવી રે કન્યા તિણિ રાય;
હીયડલઇ રે વલી હરખ ન માય, કોડિ ગમે સોવન દીઇ રે ...૪૫
ઇક દિન અભયકુમારસું, વાત કહી રે સવિ હુઇ જેહ;
ઇણિ નયરી રે નારી છઇ તેહ, બુધિ કરી પરગટ કરુ રે ...૪૬

ઢાળ : ૭

બુધિ વિમાસઇ અભયકુમાર નવી, દેઉલ કરાવિઉ મૂરતિ માહઇ ઠવી;
ઠવીય મૂરતિ યક્ષ જાણે કયવન્નુ હુઇ જિસુ;
ઇસીય સૂલઇં ચતુર ભલિઇં દેખી નર નારી તિસુ;
નયર આખઇ પડહ ભાખઇ દાખઇ દેઉલ આવયો;
નર નારિ નિજ પરિવાર લેઇ, એહ આઠ જણા દારયો ...૪૭
નર નારિ આવઇ પરિવાર પરિવરી, ઇકઠાં વીનઇ ઇક જાઇં પરી;
પરીય જાઇં એક આવઇં સુંદરિ ચ્યારઇ સોભતી;
પુત્ર તણા પરિવાર લેઇ, દેઉલ આવઇ દીપતી;
દેઉલ આવી માહઇં છાવી, મૂરતિ દેખીનઇ નમી;
નિજ નર દેખી નયન વિકસ્યાં, જાંણે મેહ વૂઠઉ અમી ...૪૮
મનમાહઇં જાણઇ સ્વામી અમ તણું, જાણી ઘુંઘટ કાઢઇં અતિ ઘણું;
અતિ ઘણું ઘુંઘટ જાણિ કાઢઇ ચ્યારિ પુત્ર નેહઇં કરી;
ઘસમસીય ધાયા કરી માયા, આલિંગઇ ઉલટ ધરી;
પુત્ર પભણઇ ‘‘પિતા ! આવું, જાવા નહી દીયાં અમ્હે;’’
સાંભલીય ડોસી નયણ રોસી કાંભૂલુ બાલક તુમ્હે ...૪૯
અક્કા આવીઅ રહા તોણીયા, જક્ષ મૂરતિ એ જોવા આંણીયા;
આંણીયા જોવા જક્ષ પુંઠઇ અભયકુમાર સુણઇ સહૂ;
પ્રગટ થઇ કયવન્નુ કહીઉ ચતુર ચ્યારઇં એ વહૂ;

સહૂ સજન મિલીયાં રંગરલીયા, દુખ ટલીયાં તે સહૂ;
પુણ્ય પ્રભાવઇં સહૂય સંપતિ, આવઇ ઘરિ બેઠાં બહૂ ...૫૦

ઢાળ : ૮

પૂરવ ભવિ રે દાન દીધું ઇસું, ખીર ખાંડ ઘૃત ઉદાર;
માસખમણ નઇ રે મુનિવર પારણઇ, વિહરાવ્યઉ તિણિ સાર ...૫૧
દાન પ્રભાવઇં રે સહૂ સંપતિ મિલઇ, આપદ અલગી રે જાય;
મનવંછિત ફલ પાંમીઇં તે સહી, તેહનઇં સવિ સુખ થાઇ;
દાન પ્રભાવઇં રે....આંકણી ...૫૨
વિચિ વિહિચીનઇ રે કીધું ભાગલા, આપદ તિણિ પરિણામિ;
આપદ લહીનઇ રે વલી, લહી સંપદા સારયાં સઘલાં રે કામ ...દા૰ ...૫૩
દિક્ષા લેઇનઇ દેવલોકઇં ગયું, હરખ ઘરીનઇ એ ગુણ ગાઇયા;
નયર નારી રે માંહિ, દાન પ્રભાવઇં સહુ સંપતિ મિલિયા ...દા૰ ...૫૪
સંવત **સોલઇ સિત્તિરિ આસૂઇ**, દિન **દસમી રવિવાર**;
તપગચ્છ મંડણ સોહઇ સુંદરુ, **શ્રી હંસરત્નસૂરિ** ...દા૰ ...૫૫
શ્રી કલ્યાણરત્નસૂરિ ઇમ કહઇં, કયવન્નુ રિષિરાય;
ભણતાં ગુણતાં ચરીય સોહામણું, મનવંછિત સુખ દાય ...દા૰ ...૫૬

।।શ્રી ઈતિ કયવન્ના ઋષિ સજ્ઝાય સંપૂર્ણ।।

૭. ગુણસાગરસૂરિ કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૬૭૬)

દુહા : ૧ (રાગ : મારુ)

દાન ન દેખ્યઇ દલિદ્રહિ હૈ, દાનિં વિના નહિ ભોગ;
દાનિં અપકીરતિ નહી, નહિ પરાભવ લોગ ...૦૧
દાનિં વ્યાધિ વધઇ નહી, દીનપણું નવિ હોઇ;
દાનિં ભય વ્યાપઇ નહીં, નિર્ધન દાન મ જોઇ ...૦૨
લક્ષ્મી તણો નિદાન અતિ, અનરથ મેટણ દાંન;
પાત્ર દાન દેતાં થકાં, વાધઇ વસુધા [૧]વાન ...૦૩
એક જનમે દીધો થકો, જનમાંતરી પણિ સોઇ;
આડો આવઇ દાંન એ, એમ જાણો સહુ કોઈ ...૦૪
કઇવનઇ કુંઆરજી, દાન કરી [૨]વર ભોગ;
કિમ પામ્યા તે સાંભલો, પુણ તણા સંજોગ ...૦૫

ઢાળ : ૧ (હિરણી જવ ચરઈ લલનાં...એ દેશી)

કુવિસન જેહનઇ હોઇ, સો ટાલો ન ટલઇ હો;
કયવના જિમ જોઇ હો, સો બાલો ન બલઇ હો ...૦૬
મુગધ દેસમાંહિ માનિલો, દેસાંનો સિણગાર;
રાજગૃહી નગરી ભલી હો, **શ્રેણિક** રાય ઉદાર ...સોટાં॰ ... ૦૭
ક્ષાયક સમકિતનો ધણી, મહારાજા તસ નામ;
શાસન મુગતિ કારણો હો, સકલ કલા ગુણધામ ...સોટાં॰ ... ૦૮
સુનંદા સુખ કારણા, પટરાણી સુવિચાર;
નંદન તીકો જાઇયો હો, નામઇ **અભયકુમાર** ...સોટાં॰ ... ૦૯
બુધી ચ્યાર નિધાન જી, જાણઇ ધાર ઉપાય;
વિદ્યા ચઉદઇનો ધણી હો, જેણે શિરૈ કહીવાય ...સોટાં॰ ... ૧૦
મુકુટમણી મંત્રીસરઇ, રાજ ચલાવઇ આપ;
શ્રેણિક સુખમઇ ઝુલહી હો, પુત્રતણા પરતાપ ...સોટાં॰ ... ૧૧
ધનઇં કરી [૩]ધન દોપમા, **ધનેસર** અતિ ધાન;
સારથવાહ વસઇ તિહાં હો, [૪]પોઢો પુરુષ પ્રધાન ...સોટાં॰ ... ૧૨

---

૧. રંગ (કીર્તિ); ૨. શ્રેષ્ઠ; ૩. કુબેરની ઉપમાવાળા; ૪. મહાન, મોટો.

[૧]સાલ ગુણા કરિ [૨]શીલની, [૩]વડ વખતા [૪]વડનાર;
સોભદ્રા [૫]ભલ [૬]ભામિની હો, દાન દયા ગુણ સાર ...સોટાં॰ ...૧૩
ગુણ રત્ને [૭]**રોહણગિરિ**, પુત્ર પનોતો પેખિ;
કયવનો છૈ નામથી હો, છોરુમાંહિ વિસેષિ ...સોટાં॰ ... ૧૪
સેઠ **તેજસી**ની તનયા, **ધન્યા** નામિ કુમારિ;
બ્યાહા અતિ ઉછાહસું હો, રતિ તણઇ અવતારિ ...સોટાં॰ ... ૧૫
સાધુ તણો સંજોગથી, સાધુ તણા પરે સોઇ;
વિષયા વિમુખ સદા રહઇ હો, ધર્મ પરાયણ હોઇ ...સોટાં॰ ... ૧૬
માત-પિતા ચિંતવૈ 'રે ! સુત તો લેસ્યઇ દીખ;
સી ગતિ થહાસ્યૈ માંહરી ? હો, દીજઇ કોઈ સીખ' ...સોટાં॰ ... ૧૭
સીખ જે દે સીખ જે દેને હો, હારયા માય જ બાપ;
સુત ન કોઈ [૮]સરદહે હો, માવીત્ર અતિ સંતાપ ...સોટાં॰ ...૧૮
ટોલિ લલિત ગોષ્ટીમઇં તદા, મેલ્હો નંદન જામકો;
કરુણાવંત કાંમની હો, ઇછા ઉપજી તામ ...સોટાં॰ ... ૧૯
[૯]નટ વિટ પુરુષાં પરગટા, વ્યસન સીખાયા સાત;
સુસંગત નર સૂધરઇ હો, કુસંગતિ વહિ જાત ...સોટાં॰ ... ૨૦
પાણી ઉંચો ના વહી, નીચો હી ભલે જાય;
આગિ પડઇ જબ બાહરી હો, કવણ સકઇ ઉલ્હાય ...સોટાં॰ ... ૨૧
કસ્તુરી રે કપુરની, વાસ વિસેષઇ ભલુરિ;
લસણ હીંગની વાસના હો, જવ લગ નહી [૧૦]હત્થધરી ...સોટાં॰ ... ૨૨
કૈયવનૌ રે કુસંગથી હો, [૧૧]પુંચો ઘણું રે કુપાત્ર;
ખરાબ સંગતી આવા તણી હો, [૧૨]લખણાં તો પલટાત ...સોટાં॰ ... ૨૩
ઉભા ઉભા ફૈલા લાગો ડોરડો, માથઇ જઇ બઇસંતિ;
જે હૈ લગ [૧૩]જુંતીયા હો, પાયાં તલઇ [૧૪]પઇ [૧૫]કાંતિ ...સોટાં॰ ... ૨૪
ગંગાજલ ગુણવંત જી, ખારે સાયાર સંગિ;
કાલો કાજલ નયણ સોહે હો, લાગો સોભે સુચંગ ...સોટાં॰ ... ૨૫
કયવનો વિસની હુઉ, મિત્રાંસિ રઇ સાથ;
મંદિર તો ગણિકા તણઇ હો, આવ્યો જાણે નાથ ! ...સોટાં॰ ... ૨૬

---

૧. ઉત્તમ; ૨. ગૃહિણી; ૩. આગળ જતાં; ૪. મોટી નારી; ૫. ભદ્ર; ૬. સ્ત્રી; ૭. રત્નનો પર્વત; ૮. શ્રદ્ધા કરે, માને; ૯. નટ અને લંપટ; ૧૦. ? ? ? ?; ૧૧. પહોંચ્યો; ૧૨. લક્ષણ; ૧૩. પગરખાં; ૧૪. પગ; ૧૫. શોભે.

નંદા સુસેના નામથી, વેસ્યાઇ વસિ આંણિ;
રાખ્યો રંગ ન છુટહી હો, જાણિ બાંધ્યો તાણિ ! ...સોટાં. ... ૨૭
*કેતકી કાંઠિ વીધીયો, જિમ ભમરો તિમ તેમ;
માય-બાપનઇં વીસરયાં હો, અબ કહો કીજિ રંજ્યો કેમ ? ...સોટાં. ... ૨૮
હાથિ [૧]કુમાયાં કામ એ, કિસું હોઇ પછિતાય;
અંગારા [૨]ખંખેતીયાં હો, [૩]ઉલ્હાયા નવિ જાય ...સોટાં. ... ૨૯
વાસ ન આગિ એ દોઇ જી, જબ લગિ ન સકઇ જાગિ;
તબ લગિ તો દાબ્યા રહે હો, જાગ્યાં નાવિ માગિ ...સોટાં. ... ૩૦
મોહ લગઇ માય બાપજી, જેરે મંગાવિ તેહ;
કંચન કુર કપૂરસું હો, પહુંચા બેઇ ઘરી નેહ ...સોટાં. ... ૩૧
ઇણી પરિ ઘર ઉલેચતાં, વરસ જ હુવાં બાર;
કામરાગ વસિ આંધલો હો, ન લહઇ ઘરની સાર ...સોટાં. ... ૩૨
માય-બાપ બોલાવીયો, વાર વાર સોવાર;
પણિ ફિરિ રે ઘરિ ના વહી હો, [૪]અઇ ! અઇ ! વિષય વિકાર ...સોટાં. ... ૩૩
વિકલ કરઇ સ્યાંણા ભણી, ધીરા નઇ રે અણધીર;
[૫]વિડંબ [૬]વિબુધી ઘણા હો, અઇ ! અઇ ! મદન સુવીર ...સોટાં. ... ૩૪
ધન સઘલું હી ખુટીયું, ઘરમઇ હુઇ રે અનાથિ;
સર સોક્યાં સરવર તણાં હો, જલ નવિ આવિ હાથિ ...સોટાં. ... ૩૫
અનેરઇ રે દીહાડલિ, ધન લેવાનઇ કામિ;
અક્કા ચેડી મોકલી હો, કયવન્નાનિ ધામિ ...સોટાં. ... ૩૬
તીવ્ર જ્વર સંજોગથી, માત-પિતા પરલોગ;
પહોતાં સુર પદવી લહી હો, કોઇ સુભ સંજોગ ...સોટાં. ... ૩૭
સડ્યાં પડ્યાં નઇ રે ગિરયાં, સૂનાં દેખી ગેહ;
ચેડી ચિત્તિ ચિંતવઇ હો, 'આયો એ ઘર છેહ ?' ...સોટાં. ... ૩૮
કયવન્નાની વહુ કન્હિ, ચેડી આવી ચાલિ;
''કંત તુમ્હારઇ મોકલી હો, કલ્યાણી ! ધન આલી'' ...સોટાં. ... ૩૯
ઇમ સુણી ભાખઇ ભલી, વહુયર [૭]વારુ વાણી;
'''સમાધ્યો છઇ સાહજી હો ?'' પૂછઇ છઇ હિત આંણી ...સોટાં. ... ૪૦
''સુખ્યો સમાધ્યો સાહજી ! વાતિ વડાં નવિ હોઇ;
લ્યાવો ધન ઉતાવલ્યો જી, ઢીલ ન કરવી કોઇ'' ...સોટાં. ... ૪૧

૧. કમાયા; ૨. ખેરવી નાખવા; ૩. બુઝાવવા; ૪. ધિગ્ ધિગ્; ૫. ઉપહાર; ૬. વિદ્વાન; ૭. સુંદર; ૮. કુશળ.
*(ક.૨૩) આ કડી હ.પ્ર. (ખ)માં છે.

‘‘પતિ આજ્ઞા માથિ વહું, હું છું પતિની દાસિ;
પતિ સુખ સુણતાં જઇ અજ(ડ)યો હો, મુઝ મસ્તક આકાસિ ...સોટાં॰ ... ૪૨
ઝૂરી ઝૂરી પંજર હુવા, સાસૂ સસરા દોય;
સ્વર્ગિ પોહોતાં જાઇ કિહો, સૂભ ઘરાંનો (ન) હોય ...સોટાં॰ ... ૪૩
કાંય કરું બાપડી, એકલડી રે અનાથ!
કિંહા થકી હું મોકલું હો? ઘન ગયો ઘણીયાં સાથ ...સોટાં॰ ... ૪૪
વરસ બાર હુયાં સહી, મોકલતાં ઘર વીત;
કૂઠાહી ખાલી પડઇ હો, બેઠાં બેઠાં ખાત ...સોટાં॰ ... ૪૫
મુઝ પાસિ રહીયું નહી, એ ઘરનું તો કાંઇ;
[1]માવીત્રાંનો આપાય હો, એકાભુષણ પ્રાંહિ ...સોટાં॰ ... ૪૬
આભૂષણ એ લેયનઇં, વેગે જા તું દાસિ;
સઘલી વાત સુણાવજે હો, એ માહરી અરજ દાસિ’’ ...સોટાં॰ ... ૪૭
આભૂષણ આગઇ ધરયો, ભાખ્યો સયલ વિચાર;
કયવન્નો એ સાંભલી હો, આરતિવંત અપાર ...સોટાં॰ ... ૪૮
તે વેશ્યાનઇં આપીયો, આભુષણ રે અનુપ;
અક્કા આગિં ભાખીયો હો, ઘરનો સયલ સરુપ ...સોટાં॰ ... ૪૯
અક્કા આવિ નઇ કહૈ, ‘‘સુણિ પુત્રી! એ વાત;
એહનઇ ઘરથી કાઢીઓ હો, [2]નષ્ટાંનઇં સિર લાત’’ ...સોટાં॰ ... ૫૦
વેશ્યા જિવ્હા એકસી, અંતર નહીએ લગાર;
એકદિન હોઇ ન [3]ચીંકણી હો, [4]લૂખો છઇ વિવહાર ...સોટાં॰ ... ૫૧
અક્કાના આદેસથી, દાસ્યાદિક પરિવાર;
ધૂલિ ઉડાવિ સનમુખી હો, સમઝઇ ક્યું ન ગમાર? ...સોટાં॰ ... ૫૨
અનંગસેના માયસું કરઇ વીનતી એક;
‘‘એ ગુણવંતો કંત છઇ હો, કાં ન કરો સુવિવેક? ...સોટાં॰ ... ૫૩
[5]ન્હાનપણાનો એહસ્યું, પરિચો છઇ પણિ માય;
એહનો ઘન ખાધો ઘણો હો, કિમ [6]છેહો દેવાય?’’ ...સોટાં॰ ...૫૪
અક્કા કહિં ‘‘સુંણિ સુંદરી! આ પાંચ આચાર;
નિર્ધનનઇં નવિ માનીયૈ હો, ધનવંતસું પ્યાર’’ ...સોટાં॰ ... ૫૫
એહ મતો શ્રવણે સુણી, મોઢો હુઉ ઉદાસ;
‘કુણ કુમતિની જોરથી હો, ઇહાં ઘર કીધો વાસ? ...સોટાં॰ ... ૫૬

૧. હ. પ્ર. (ખ)નો પા॰ માવિત્રા મુઆં પીઉ હો...; ૨. નઠારા; ૩. ચોપડેલું; ૪. રૂક્ષ; ૫. હ. પ્ર. (ક)નો પા॰ ઘણાં દિનાનો એહસ્યું...; ૬. દગો.

મનની જૂઠી માનીની, વચનઇ પણિ એ એમ;
કાયાઇ જૂઠી ખરી હો, ફિટ ! વેશ્યાનો પ્રેમ ...સોટાં॰ ... ૫૭
કોટીનઇ ધન દેખિવઇ, માનઇ સ્માન સમાન;
નિસ્નેહણિ ને નિર્ગુણી હો, એહથી નરગ નિદાન ...સોટાં॰ ... ૫૮
માંસ મિશ્ર મિશ્રિત જ સુરા, નટ વિટસુ ચિત્ત તાસ;
વદન સદન નરકા તણો હો, કયું ન લહઇ જન ત્રાસ ?' ...સોટાં॰ ... ૫૯
ઇમ ચીંતવતો નીકલ્યો, આવ્યો નિજ ઘરિ ચાલી;
પડીયાં મંદિર દેખીયાં હો, [૧]દૈવ પ્રતિ દઇ ગાલી ...સોટાં॰ ... ૬૦
'ધિગ્ ! ધિગ્ ! એ મુઝ જીવીયું, ધિગ્ ! ધિગ્ ! મુઝ અવતાર;
માવીત્રા નઇં દુખ દીઉં હો, તે જાણિ કરતાર ...સોટાં॰ ... ૬૧
દ્રવ્ય વિણાસ્યો વ્યસને મઇં રે, ભોગ કર્યા બની નિર્લજ્જ;
ઘણું કિસું કહી ભાખીયાં હો, સરયો ના કોઇ કાજ્જ' ...સોટાં॰ ... ૬૨
ઇમ ચિંતવતો સ્વામીજી, ચાલી આયો ઘરમાંહિ;
સનમુખ આવી સુંદરી હો, ઉઠી નઇં ઉછાંહિ ...સોટાં॰ ... ૬૩
જલ ભાજન કરમઇ ગ્રહી, ઇઇ આચમન અપાર;
ઉંચઇ આસણ બઇસાર્યો હો, કયવન્નો સુકુમાર ...સોટાં॰ ... ૬૪
ઢાલ ભલી બાવીસમી, કુવિસનથી દુખ થાય;
શ્રી ગુણસાગર સૂરિજી હો, સુવ્યસન છઇ સુખદાય ...સોટાં॰ ... ૬૫

દુહા : ૨ (રાગ : ધન્યાશ્રી)

આજ હુઉ [૨]સુવિહાણજી, આજ હુઉ કલ્યાણ;
ભલિ પધારયા મંદિરિ મુઝ, ભામિનીના ભાણ ! ...૬૬
બલિહારી તુમ્હ નામની, બલિહારી તુમ્હ માય !
બલિહારી તુમ્હ તાતજી ! જેહ સમરયાં સુખ થાય ...૬૭
કંત કહ્યો કવિયણ જણે, કામિનીનો કરતાર;
પુન્ય પરી પતિ પામીઇ, ભાંમિનીયા ભરતાર ...૬૮
નાહ્યો નિર્મલી નીરસું, પહેરી ધોતી સાર;
પુજ્યા ઘરના દેવતા, જિન નામિ જયકાર ...૬૯
ભોજન કીધો ભાવસું, આરોગ્યાં મુખિ પાંન;
સનમુખ બેઠી સુંદરી, પૂછઇ ''સ્વામિ સુજાણ ! ...૭૦

---

૧. ભાગ્ય; ૨. સુંદર પ્રભાત ઉગ્યું; ૩.

જે જે વીતક વીતીયાં, તે તે ભાખિ નારિ;''
સ્વામી તદા સહુ સાંભલી, ઝૂરઇ મનહ મઝારિ ...૭૧
''[૧]સંપજસઇ સુખ સંપદા, થાસઇ અતિ અધિકાર;
દુખ દીધો માવીત્રનઇં, ફિરિ ન લહું [૨]કુઠાર ...૭૨
સુત સંપજીયાં કવણ ગુણ, જેહિ ન વધી [૩]કુલકાંણિ ?
માવીત્રા સુખ ન ઉપજ્યો, કુસુત્ત નહી [૪]અરિણ જાણિ ...૭૩
ઇન્દુ ખેત્રનઇ વંશજી, કંદલી વિષતરુ જેમ;
ફલ લાગાં વિણસઇ સહી, કુપુત્રાં કુલ તેમ'' ...૭૪
એ [૫]અવઠંભણ નારિ ઘૈ, આછો અવસરિ પામિ;
''ગઇ તિ કંતા જાણજ્યો, અબ સંભાલો સ્વામિ ! ...૭૫
હોણહાર તે હોવહી, અવર ન હોવિ કોઇ;
મૂયાં ગયાં તે સોચતાં, ફિરિ ન લહીઇ સોય ...૭૬

ઢાળ : ૨ (કિસનસિંઘના પવાડાની...એ દેશી)

તીન અવસ્થા ભોગવિ, દિનમાંહિ દિનકાર;
ઉગઇ તપઇ જ આથમઇ, તો માણસ કુણ વિચાર ? હો વાલમજી ...૭૭
સા પુરુષા ફિરિ [૬]બાહુડેજી, સોવ કાયા સું હોઇ હો વાલમજી;
એક પખવાડઇ વાધતો, તિમ માણસ જાણિ હો. ...વા. ... ૭૮
ચંદ્રકલા જિમ ચઢત જાત, બીજૈ ઘટતો જાય;
ઘટત વધિતઉ [૭]સયરા, માણસ કુણ કૈવાય !'' હો. ...વા. ... ૭૯
પ્રીયા વચન વિશેષથી, સુસંતોષ હુઓ સાહ;
[૮]અરતિ [૯]હલુરી અલગાં કરી, આંણા અતિ ઉત્છાંહ હો. ...વા. ... ૮૦
કિંચીત ઘૈ નરા મ દીયો, તામ કરઇ બાથા પાર;
કિ સબદ રે કિ [૧૦]સબજ કરે, એ જગનો વિવહાર હો. ...વા. ... ૮૧
ધન્યાસુ સુખ માનતો, ધન્યાનઇં આધીન;
ઉપજો સુત અતિ સુંદરું, વધિવા લાગો વાન હો. ...વા. ... ૮૨
લોક કહઇ ''અબ ચેતીયો, પહિલો ન ચેત્યો કાંઇ ?
નિન્નાણું થાસઉ હવઇ, એકઇ સો થાય હો. ...વા. ... ૮૩
પુત્ર નહી એ શત્રુ છૈ, માવીતરાનો [૧૧]ચોડ;
કરે હુઉ અબ પાધરો, બાંધ્યો સિરૈ જસ [૧૨]મોડ'' હો. ...વા. ... ૮૪

૧. સાંપડે, નીપજે; ૨. ફરસી, કુહાડો; ૩. કુળની મર્યાદા; ૪. પીડા; ૫. ટેકો, આધાર; ૬. પાછા ફરવું; ૭. સાગર; ૮. દુઃખ; ૯. હળવું; ૧૦. ? ? ? ?; ૧૧. નાશ કર્યો; ૧૨. મુકુટ.

કાને [૧]કોતહી સારિખા, લોકાં [૨]કાંએ બોલ;
સાંભલવઇ આકુલ બહુ, સહ્યાં ન જાઇ કુબોલ હો॰ ...વા॰ ... ૮૫
પ્રીયા કહૈ ''પ્રાણેશજી ! ખેદ કરો સ્યામાટે ?
લોક બોક બકવઇ કરી, કુણ કરૈ [૩]ઉચાટહ'' હો॰ ...વા॰ ... ૮૬
સ્વામિ કહૈ ''સુણિ કામિની ! હું જાઉં પરદેસ;
ધન ઉપજઇ આણસ્યું, જઉં હું [૪]આદેશ'' હો॰ ...વા॰ ... ૮૭
''સોનઇયા એક સહસ છૈ, માહરૈ પાસૈ સેસ;
વડ વ્યાપાર [૫]સમાચરો, તુમ્હ વસ્યો પરદેસે હો॰ ...વા॰ ... ૮૮
મોટા ઘરની [૬]ખુરચણી, નાન્હાની ઘરવાત;
પગ લગ પાણી હાથીયા હો, [૭]સુસલાદિક વહી જાત'' હો॰ ...વા॰ ... ૮૯
પ્રીય કહૈ ''પ્રીયા ! સુનો, એ ધન તો કુણ માત;
જોઉં જાઇ [૮]કોડ્યાંઅડું, તઉ વંછીત પુરાંત હો॰ ...વા॰ ... ૯૦
દેસ્યાથી [૯]દીસાંતરઇ, જાસું અલગ અપાર;
કેઇ કોડ્યાં ધન આણસ્યું, કઇ તુઝનૈ રે જુહાર'' હો॰ ...વા॰ ... ૯૧
''રાખ્યો કો રહસ્યઇ નહી, કાય કીયો વિષાસ;
ખેમ હોજ્યો તુમ્હ પંથેમઇં, દેવઇ પુરજો આસ'' હો॰ ...વા॰ ... ૯૨
ઇહિ અવસરિ તઉ એક હોજી, સારથવાહ [૧૦]સુજાણ;
દુરે દેસથી આવીયો, આગઇ કરૈહી પ્રીયાણ હો॰ ...વા॰ ... ૯૩
સોનઇયા તો સહયસતો, થોડા મેલો જાંણિ;
[૧૧]ક્રેયાણો કર એકઠો હો, સાથ જમહી આંણિ હો॰ ...વા॰ ... ૯૪
દેવલમાંહે વાસાવીયો, [૧૨]ખાટી [૧૩]વછાઇ જાતી;
મોદક દીત્તી સાંભીલી, પઉઢાવી પતી સતી હો॰ ...વા॰ ... ૯૫
સા આવી ઘર આપણૈ, સા હીયાંસુ ભાખંતા;
મ્હારો કર્મ જ એહવો, પતિ સુખ કેમ ચાખત ?' હો॰ ...વા॰ ... ૯૬
ઇણિ અવસર તિણિ નગરમઇ, **ધનદત્ત સેઠ** ધનવંત;
રુપવંતી રમણી **વીણા**, છૈ કર્મય તઉ કંત હો॰ ...વા॰ ... ૯૭
સુખ ભોગવતાં ઉપનો, નંદન તો **જિણદત્ત**;
પઢિઉ ગુણિઉ મતિ આગલો, યોવન વય સંપત્ત હો॰ ...વા॰ ... ૯૮

---

૧. ????; ૨. કાંઇ પણ; ૩. અધીરાઇ; ૪. રજા; ૫. કરો; ૬. ખર્ચ; ૭. ????; ૮. ????; ૯. દેશાંતર; ૧૦. સમજદાર; ૧૧. કરિયાણું; ૧૨. માંચી, ખાટલી; ૧૩. પાથરવું.

પુત્રી તો સેઠી તણી, પરણાવી તસ ચાર;
ધનદત્ત સેઠ સુભ ગતિ વરી, સુત વીલસૈ સુખ સાર હો॰ ...વા॰ ... ૯૯
સુખ વિલસંતા સેઠનો, આણી પોહોતો [૧]આવ;
કાલ કીયો **જિનદત્ત**જી, ઉપજઉ છઉ પુન્ય પ્રભાવઇં હો॰ ...વા॰ ... ૧૦૦
રુપવતી [૨]થિવરાં તદા, વહુયાંનિ બોલાવિ;
''મતો કરઇ ઘર ભીતરઇ, [૩]વિજ્ઞન મત ચૂકિ દાવિ હો॰ ...વા॰ ... ૧૦૧
રોવો મત રાગઇ કરી, નહી કોલાહલ કામ;
જાણિ ગઉ તો રાયજી, લેસ્યઇ સઘલા દામ હો॰ ...વા॰ ... ૧૦૨
ભૂમિ ખોદિ [૪]ગાડવો સહી, છાંનો એ તુમ્હ સેઠ;
કોઈ ન જાણિ તિમ કરો, ધન રાખેવો નેઠ હો॰ ...વા॰ ... ૧૦૩
ધન માતા છઇં ધન પિતા, ધન ભ્રાતા ધન પુત્ર !
ધન ભરતાર કરતા(ર) કહ્યો, ધન વિણ [૫]કોડિક સૂત હો॰ ...વા॰ ... ૧૦૪
માણસ મૂઆંનો દુખ તો, માસ છ માસા જોગ;
ધન રે ગયાંનો દુખ તો, કિમહિ નવિ બુઝાય હો॰ ...વા॰ ... ૧૦૫
ધન રાખેવા કારણે, કીજઇ કોઇ ઉપાય;
પુરુષ અનેરો આણીઇ, જિનદત્ત નામ ધરાય હો॰ ...વા॰ ... ૧૦૬
જબ સુત હોસિ થાહરઇ, કાઢી દેસ્યાં તાસ;
સુતથી સંતતિ વાધસઇ, કરજ્યો લીલ વિલાસ હો॰ ...વા॰ ... ૧૦૭
કુલ રાખેવા કારણે, ચ્યારિસિં કરી વિપરીતિ;
વિચિત્ર વીર્ય કામિની, આપ સજી ઘરી પ્રીતિ'' હો॰ ...વા॰ ... ૧૦૮
સાસુ વચન સોહામણાં, આયાં વહુનિ ચિત્તિ;
ખાડો ખોહી ગાડીઓ, સાહ તદા જિનદત્ત હો॰ ...વા॰ ... ૧૦૯
સ્નાન કરી પાવન થઇ, મેલી સઘલો સોક;
સાસૂ સાથે તે ચલી, કોઇ ન જાણિ લોક હો॰ ...વા॰ ... ૧૧૦
દેવલમાંહિ પોઢીયો, દીઠો સાહ ઉદાર;
કયવન્નો કર [૬]આંગલો, કરવા નીજિ ભરતાર હો॰ ...વા॰ ... ૧૧૧
મોહી રહી તે માનની, લહી સાસુ આદેસ;
સૂતો હી ઉપાડીઓ, ચ્યારાં હી સુવિશેસ હો॰ ...વા॰ ... ૧૧૨
સોભે હી શૃંગાર વર, કરી તે ચ્યાર હી નારિ;
ઉભી શય્યા પાસ તી, પ્રેમ તણી પ્રકારિ હો॰ ...વા॰ ... ૧૧૩

---

૧. આયુષ્ય; ૨. સ્થવીરા (અનુભવી); ૩. સ્થવિર; ૪. દાટો; ૫. તુચ્છ કિંમત (કોડી); ૬. આંગળી ચીંધીને

થવિરાં રહી છઇ પાખતી, એતલિ જાગ્યો સોઇ;
નિજ નિજ વસ્તરી દેખહી, અજબ તમાસો હોઇ હો॰ ...વા॰ ... ૧૧૪
'એ ચ્યારે વારાંગના, સ્વર્ગ ભુવન પણિ એહ;
હું તો [૧]નર કોનર અછું ? મુઝ મનિ એહ સંદેહ' હો॰ ...વા॰ ... ૧૧૫
ચ્યારે વહુયર દેખતાં, લજ્યા સઘલી ટાલિ;
ગલઇ મ(લ)ઇ ઘાલિ બાંહડી, આંખ્યાં આંસુ ટાલિ હો॰ ...વા॰ ... ૧૧૬
''હાં વછ ! હાં વછ ! માહિરા, એતાં વીસરતાંઇ ?;
કિહાં ગયો થો મુઝનઇ તજી ?'' કપટ ન જાણ્યો જાય હો॰ ...વા॰ ... ૧૧૭
''તું નંદન છઇ માહરો, હું છું તાહરી માય !
જાત માત કો પાપીયો, ગયો થો લેઇ છિ તાય હો॰ ...વા॰ ... ૧૧૮
એ તુઝ ભાઇની વહુ, એ સહુ સંપતિ સાજ;
ભોગવિ ભાગ્ય વિશેષથી, એ ઘર કેરો રાજ હો॰ ...વા॰ ... ૧૧૯
સા નઇ આવિ [૨]અંભોધિ મઇં, એ આવી તુમ્હ પાસિ;
તિમ કરિ જિમ ચ્યારની, પૂગઇ સઘલી આસ હો॰ ...વા॰ ... ૧૨૦
આજ પછઇ તો તાહરો, એ ઘર એ પરિવાર;
મત તું જાયઇ [૩]ઉરઠઇ, જાણી અવર પ્રકાર'' હો॰ ...વા॰ ... ૧૨૧
કચવન્નો ચિત્ત ચિંતવઇ, 'કંઇ સુપનો છઇં એહ ?
કંઇ માયા છે દેવની ? એ મોટો છઇં સંદેહ હો॰ ...વા॰ ... ૧૨૨
જે ભાવિ તેહી હોજ્યો, સ્વર્ગ તણા એ સુખ યોગ;
પુન્યપરા પતિ પામીયો, ભોગવવા ઘો ભોગ હો॰ ...વા॰ ... ૧૨૩
મુઝનઇ માસ છ વીસરયો, સુભ કર્મથી આજ;
દર્શન લાધું તાહરું, સરીયાં સઘલાં કાજ હો॰ ...વા॰ ... ૧૨૪
જૂઠાં માહિ જૂઠ જી, સાચા માંહિ સાચ;
[૪]કેલાવીયાં પુરુ પડઇ, એ રે વડાની વાચ હો॰ ...વા॰ ... ૧૨૫
એ મુઝનઇ હું એહનઇ, બહુ લાધાં [૫]છાંદો એ;
પુરી પડસઇ કેહની, કરતા(ર) કરઇ સો હોઇ' હો॰ ...વા॰ ... ૧૨૬
સા કહઇ ''માજી ! સુણો, મ્હારિ તું ગુરુદેવ;
અબ હું પાવન થાઇસું, થાહરા પદ યુગલ સેવ'' હો॰ ...વા॰ ... ૧૨૭
વિવિધ પરિ સુખ વિલસતાં, ચ્યારાંહા નઇ ચ્યાર;
પુત્ર [૬]પનહોતા ઉપજ્યા, જેહવા રાજકુમાર હો॰ ...વા॰ ... ૧૨૮

---

૧. મનુષ્ય; ૨. સમુદ્ર; ૩. રોષાયમાન થઈ; ૪. ઘડે; ૫. સ્વછંદ વર્તન; ૬. પનોતા.

ચંદ્રકલા જિમ વાધીયા, વદન અતિ અભિરામ;
જે જેથી ચીત ચીંતવ્યા, તે તે સરીયાં કામ હો. ...વા. ... ૧૨૯
ચ્યારહી નારિ સુલક્ષણી, પ્રીતમ સું અતિ પ્રેમ;
પોષઇ [૧]હોડાહોડ સ્યું, ભાનુ તણી પ્રિયા જેમ હો. ...વા. ... ૧૩૦
શબ્દ રુપ રસ ગંધના, રસ [૨]અરુ ફરસ પ્રમોદ;
વિવિધ પ્રકાર વિશેષથી, [૩]ચારુ કરતી વિનોદ હો. ...વા. ... ૧૩૧
વરસ બાર [૪]વોલી ગયાં, જાણે ઘડી સમાન!
રુપવતી થવિરા હવઇ, કિણી વિધિ મેલિઈતી ન હો. ...વા. ... ૧૩૨
આતુરતા અતિ વૈદ્યની, જવ લગિ ચઢતો રોગ;
રોગ સમ્યાથી વૈદ્યનઇ, બતલાવઇ નહી લોગ હો. ...વા. ... ૧૩૩
સ્વારથ લગિ નાન્હાં ભણી, મોટા કરી માનંત;
મોટાનઇ કારજ સરયાં, નાન્હો કરી જાંણત હો. ...વા. ... ૧૩૪
વહુયાંનિ તેડી કહઇ, ''કાજ તુમ્હારો એહ;
સારયો શ્રી જગદીશ્વરઇં, એહનઇ દીજઇ છેહ હો. ...વા. ... ૧૩૫
જૂઠી સાખિ જ જે ભરઇ, દીર્ઘ રોષી નામ;
વિસ્વાસી મારઇ જે કેઇ, કીયું ન જાણૈ કામ હો. ...વા. ... ૧૩૬
કર્મતણા ચંડાલ એ, ચારિ કહ્યા કરતાર;
જાતિ જાયો પાંચમો, લેયો સહુ વિચાર હો. ...વા. ... ૧૩૭
ધનના રખવાલા હુઆં, એક નહીં પણ ચ્યાર;
એહનઇ કાઢો વેગસું, કોઈ મ લાવો વાર હો. ...વા. ... ૧૩૮
જેહ થાનકથી આણીઉ, તિહાં જઇ મૂકો આજ;''
વહુ કહિ ''કિમ મુંકીઇ, જેહથી સરીયાં કાજ?'' હો. ...વા. ... ૧૩૯
તડકભડક સાસુ કહઇ, ''એહ છઇ થારો કંત?''
''તુમ્હે કરાયો તો હુઓ, આઇ! એ એ કંત'' હો. ...વા. ... ૧૪૦
''મુરિખ છો વહુઆં તુમ્હે, કોઈ ન સમઝો વાત;
એ પરદેસી પાહુણો, તે જાસઇ ઘર વાત હો. ...વા. ... ૧૪૧
એ ઘર વાતનઇ કારણઇ, કીધો એહ અધર્મ;
અધર્મહી [૫]સુધો પડ્યો, અછઇં વિચારો મર્મ'' હો. ...વા. ... ૧૪૨
કારિજ અધિક અભાવનું, પણિ પરવસનો જોર;
ઉંચઇ મુહડઇ બોલિ કઇ, કીયો ન જાયઇ સોર હો. ...વા. ... ૧૪૩

---

૧. ચડસાચડસી; ૨. અને, બીજા; ૩. ચારે; ૪. વહી, પસાર; ૫. સાચો.

[૧]ઉવાહીં ખાટ સમારિ કઇ, મોદક મોટા સાજિ;
રત્ન ચ્યાર [૨]પ્રખેપીયાં, [૩]સંબલ કરેઇ કાજિ હો॰ ...વા॰ ... ૧૪૪
સુખમઇ સુવત સાહજી, ચ્યારાં લીઉં ઉપાડિ;
ઉણહી દેવલઇ મુકિનઇ, નાસી ગઇ [૪]કુહાડિ હો॰ ...વા॰ ... ૧૪૫
આતાંસુ આજ જ તપઇ, આતાં વના ન તપંત;
થવિરાંહી કાઢી દીઉ રે, કામિનીયાં રોકંત હો॰ ...વા॰ ... ૧૪૬
વરસ બારમઇ આવીઉ રે, ફિરિઉ સારથવાહ;
ખબરિ લહીઉ સુંદરી, આણી અતિ ઉછાંહ હો॰ ...વા॰ ... ૧૪૭
સાહમી આવી સા સતી, સુતનઇ લેઇ [૫]લારિ;
[૬]ઉણહી દેવલિ સોવતો, દીઠો નીજ ભરતાર હો॰ ...વા॰ ... ૧૪૮
જાગ્યાંથી સા પુત્રસું, આગે હી [૭]અવલોઇ;
કયવન્નો ચિત્ત ભીંતરિ, અચરિજવંતો હોઇ હો॰ ...વા॰ ... ૧૪૯
[૮]ઉ ઘરઉ સુતઉ સ્ત્રીયા, ઉ કમલા કેલિ;
કરતાં વિવિધ પ્રકારસું, વસીયા [૯]થા મન મેલિ હો॰ ...વા॰ ... ૧૫૦
સુપનાં કો ખ્યાલ એ, હોઇ ગયો દેખાય;
કુણ આગઇ પોકારી એ, દૈવ ! અવલો ન્યાય' હો॰ ...વા॰ ... ૧૫૧
કરતાં એહવી કલપનાં, ઘન્યા ભાખઇ ''દેવ !
ઘરિ પધારો આપણિ, હું કરસું તુમ્હ સેવ હો॰ ...વા॰ ... ૧૫૨
એ નાંન્હડીયો થાહરો, કરો ઘણું [૧૦]સંભાષ;
ખોલે લ્યો અતિ ખંતસું, પુરાવો અભિલાષ'' હો॰ ...વા॰ ... ૧૫૩
નંદનનઇં કી પરઇ, લીધો હીએ લગાય;
[૧૧]મુહડો માથો ચુંબીયો, ગોદમઇ બિસાય હો॰ ...વા॰ ... ૧૫૪
નંદનનઇ આગઇ ધરી, ઘરિ પધારયો સાહ;
ભગતિ ભલી પરિ સાચવી, ઉપાયો ઉછાહ હો॰ ...વા॰ ... ૧૫૫
ઢાળ ભલી ત્રેવીસમી, ઘન્યા ઘન્ય અપાર
શ્રી ગુણસાગર સ્વામિસું, કદીહી ન [૧૨]ચોરિતાર હો॰ ...વા॰ ... ૧૫૬

દુહા : ૩ (રાગ : કાફી)

ઘન્યા [૧૩]ભઅખિ પ્રેમસું, ''સ્વામી ! કરો પ્રકાશ;
[૧૪]ઉપરાંજ્યણ કીધી કસી, દુરિ દેસ કિ વાસ ? ...૧૫૭

---

૧. સાચો; ૨. મૂક્યું; ૩. ભાતું; ૪. અતિશય દુઃખ નાખી; ૫. સાથે; ૬. તે જ; ૭. જોઈ; ૮. એ; ૯. હતા; ૧૦. વાતચીત; ૧૧. મુખ; ૧૨. દગો ન દેશો; ૧૩. બોલી; ૧૪. ઉપાર્જન કરવું.

કાંઇ લેઇ આવીયા ? નખિ ન કાંઇ દેખાઇ;''
એહ સુંણી લાજ્યા ઘણું, નજરિ ન ઉંચી થાય ...૧૫૮
એતલઇ નંદન આવીઓ, માંગિ આણિ વિવેક;
''મોદિક ઘો મુઝ સાહજી !'' મોદિક દીધો એક ...૧૫૯
મોદક લેઇ પાધરો, નીસાલઇ આવંત;
રત્ન દેખિ મોદક વિષઇ, ગાઢો સુખ પાવંત ...૧૬૦
સાહજી તો દીસિ ઘણો, ચતુરાઇનો ગેહ;
પાટી ઘુંટણ કારણિ, ઘુંટો આણ્યો એહ ...૧૬૧
રત્નસુ લેઇ આવીઓ, કંદોઇ ઘરિ જામ;
પાટી માંજત હાથથી, રત્નસુ છટક્યો તામ ...૧૬૨
પડીઓ પાણી પાત્રમઇ, જલ ફાટો તતકાલ;
રત્ન સુજલ કંતજી, દીસઇ ઝાકઝમાલ ...૧૬૩
કંદોઇ તે દેખીયો, લોભાણો મનમાંહિ;
આપી નઇ મુખ ભક્ષિકા, રત્ન લીઓ [૧]ઉછાંહિ ...૧૬૪
[૨]ઘુંટો આછો આપીઓ, મોદક આપ્યા દોએ;
મોદક ખાઇ આપિનઇ સુત રલિયાયત હોઇ ...૧૬૫

ઢાળ : ૩ (રાજ જો મિલે અથવા નત્થ ગઈ મેરી નત્થ ગઈ જાંણે રે બલાય...એ દેશી)

સુત રલીયાયત હુઉ તામ, ગેહ વસ્યો રે જાણ્યો જામ;
સાહજી મિલ્યોઅ સુખ તો સઘલો ટલિઓ ...૧૬૬
મૂંગામાહિ ઘી ટલ્યો, આજ ભલી સાહજી મિલ્યો ...૧૬૭
આજ લગિ તો થારિ અનાથ, સાહજી આયાં હુયા સનાથ ...સા॰ ...૧૬૮
કંદોઇએ લીયો રત્ન, ગુપતિપણિ રાખ્યો કરિ ગ્રહન ...સા॰ ...૧૬૯
પાછઇ મોદક રહીયા જેહ, સાહઇ તીનઇ ફોડ્યા તેહ ...સા॰ ...૧૭૦
માંહિથી નીકલીયો જોઇ, રત્ન અમૂલક દીઠાં સોઇ ...સા॰ ...૧૭૧
કયવન્નો તવ કરઇ વિચાર, 'એ તો વહુયાંના ઉપગાર ...સા॰ ...૧૭૨
ભાગ્ય હમારો ફલીયો આજ, એ અણચિંત્યાં સરીયાં કાજ ...સા॰ ...૧૭૩
પ્રસન હુયા જિનવરનાં પાય, [૩]ઉદો દીયો સુભ કરમ આય ...સા॰ ...૧૭૪
શ્રેષ્ઠ એ કરમ જ કહિવાય, કાંઇ કરઇ ગ્રહના સમુદાય ...સા॰ ...૧૭૫
લગ્ન દીઉં મોટિ ઋષિરાય, રાઘવજી તો પણિ વન જાય ! ...સા॰ ...૧૭૬

---

૧. ઉમંગ, ઉત્સાહ; ૨. પાટી પર લખવાનો પત્થર (ચોક); ૩. ઉદિત થયા.

અન્ય ભવાંતરિ કીધો, કર્મ શુભાશુભના મોટા મર્મ ...સા॰ ...૧૭૭
અન્યથા કીધાં નવિ જાય, દુખ આયાં તુ કાંઇ સકુલાય ?' ...સા॰ ...૧૭૮
એવું જ્ઞાન વિચારત પ્રાણિ, સુખદુખ કો નાણઇ મનમાંહિ ...સા॰ ...૧૭૯
મોદક રત્ન સુદ્રવ્ય પ્રધાન, કયવન્નો સાહ સુલતાન ...સા॰ ...૧૮૦
દિન દિન લક્ષ્મી વાધઇ [૧]ભૂરિ, આપદ અરતિ ગઇ સબ દૂરિ ...સા॰ ...૧૮૧
પુન્ય થકી [૨]પ્રભુતાઇ જાસ, કોટિ ગુણો છઇ પુણ્ય પ્રકાશ ...સા॰ ...૧૮૨
એક દિવસિ મોટો ગજરાજ, **સીચાણાકી** અધિક અવાજ ...સા॰ ...૧૮૩
ગંગામાંહિ કરત સનાન, જલ પીવઇ તંતુનઇં અનુમાન ...સા॰ ...૧૮૪
તંતુ જીવ રહ્યો લપટાય, હાથી બાહિર ન સકઇ આય ...સા॰ ...૧૮૫
બલિયાથી બલિયો કહિવાય, એ જગમાંહિ તે તો ન્યાય ...સા॰ ...૧૮૬
કીધા તો અધિકા ઉપચાર, લાગા નહી રે કોઇ લગાર ...સા॰ ...૧૮૭
રાજા શ્રેણિક અભયકુમાર, આયા ગજની કરવા સાર ...સા॰ ...૧૮૮
રાજા કીધા અતિહિં ઉપાય, ગજ બાહિર આવી ન સકાય ...સા॰ ...૧૮૯
તવ રાજા દુખ ધરઇ અપાર, ગજ તો રાજતણો સણગાર ...સા॰ ...૧૯૦
અભયકુમારઇ ઉપાય બુધિ, બુધિ અછઇ તેહની રે વિશુધિ ...સા॰ ...૧૯૧
''તંતુ જીવે સાહ્યો નાગ, અવર ઉપાય તણો નહી લાગ ...સા॰ ...૧૯૨
મણિ નામિ જો મણિ જલકંત, જલમઇં ગજ પાસિ રે ધરંત ...સા॰ ...૧૯૩
તો જલ ફાટી જાઇ જોઇ, તંતુ અલગો થાઇ સોઇ ...સા॰ ...૧૯૪
તંતુ જલમઇં જાઇ જામ, હાથી બાહિર આવિ તામ'' ...સા॰ ...૧૯૫
ભૂપતિ ભાખઇ [૩]વારુ વાણિ, ''મણિ ભંડાર થકી રે આણિ ...સા॰ ...૧૯૬
કિઉં ન સમારો વેગો કાજ ? એ ગજ વિણ તો સૂનો રાજ'' ...સા॰ ...૧૯૭
સોધ્યો જ્યો જ્યો નૃપ ભંડાર, એ મણિ નહીં ભંડાર મઝારિ ...સા॰ ...૧૯૮
પડહો વાજઇ નગરીમાંહિ, ''જિઉં મણિ પ્રગટ થાએ [૪]પ્રાંહિ ...સા॰ ...૧૯૯
જે મણિ આણી સારઇ કાજ, લહે પુત્રીસું આધો રાજ'' ...સા॰ ...૨૦૦
નગરી માહઇ એહ કહાવ, કંદોઇ ચિત્તિ લાગો [૫]ચાહ ...સા॰ ...૨૦૧
પડહો છબઇ કંદોઇ તેહ, નૃપ પાસિ આણ્યો ઘરી નેહ ...સા॰ ...૨૦૨
રાજાઇ રે દિલાસા દીધ, તેણિ ઇઉ મણિ પ્રગટી કીધ ...સા॰ ...૨૦૩
રાજા પરજા અભયકુમાર, ગંગા તટિ આયા તેણિ વાર ...સા॰ ...૨૦૪
મણિ ગજ પાસિ મૂકી સોઇ, જલ ફાટીનઇં અલગો હોઇ ...સા॰ ...૨૦૫
તંતુ જીવ [૬]પુલાણો દૂરિ, ગજ ચાલી આયો રાય હજૂરિ ...સા॰ ...૨૦૬

---

૧. ઘણી ; ૨. માલિકી, ગૌરવ ; ૪. યોગ્ય, ઉત્તમ ; ૫. પ્રાયઃ, બહુધા ; ૬. ઈચ્છા, પા॰ ચાવ ; ૭. નાસી જાય ;

વાંટઇ હરખ વધાઇ રાય, વાજાં વાજ્યાં અતિ સુખદાય ...સા॰ ...૨૦૭
ઘરિ ઘરિ બારિ હુયા કલ્યાણ, કંદોઇ પામ્યો સનમાંન ...સા॰ ...૨૦૮
ગજ ઉપરિ ચઢીયો રાજન, તામ [૧]ગુડૈ [૨]ગુહિરાં [૩]નીસાંણ ...સા॰ ...૨૦૯
યાચિક જનનઇ દીજઇ દાન, સો કંદોઇનો વાધ્યો વાંન ...સા॰ ...૨૧૦
મણિ લેઇ આવ્યો નિજ ગેહ, રાય કહઇ કુયરસું એહ ...સા॰ ...૨૧૧
''[૪]રાયસુતા રાયાંસુત યોગ, એ તો જાણઇ સગલા લોગ ...સા॰ ...૨૧૨
કંદોઇનઇ જો દેવાય, તો એહ વાતિ હાસ્યો થાય ...સા॰ ...૨૧૩
મનોરમા કુમરીનું નામ, મનોરમા છઇ નામિ પ્રમાણ ...સા॰ ...૨૧૪
કાગ ગલઇ કંચનની માલ, સી સોભા પાવિ સુવિસાલ ? ...સા॰ ...૨૧૫
અણમિલતઇ મેલવું જેહ, જાવજીવ પછતાવો તેહ'' ...સા॰ ...૨૧૬
અભયકુમાર કહઇ ''સુણિ તાત ! કરસ્યાં એહ વિમાસી વાત ...સા॰ ...૨૧૭
એહનઇ ઘરિ ન હોવઇ એ રયણ, જોતાં એહ વડાંનાં વયણ ...સા॰ ...૨૧૮
''કઇ તુમ્હ ઘરિ કિસાહાં તેહ, વસ્તુ અપુરવ લહઇ એહ ? ...સા॰ ...૨૧૯
ચંદ વિષઇ રે સુધારસ વાસ, સૂર્ય વિષઇ રે જિમ તેજ પ્રકાસ ...સા॰ ...૨૨૦
અંબુધિમાંહિ રત્નાંનો ઠામ, મેરુ મરુત રાણા વિશ્રામ ...સા॰ ...૨૨૧
ગ્રહના થાનક આકાશ, ગજ હય ગૌનઉ સ્વર્ગ નિવાસ ...સા॰ ...૨૨૨
ચક્રીનિ ઘરિ ચક્ર નિવેસ, થાનક અનેરે એમ લહેસ ...સા॰ ...૨૨૩
સિંહ ગુફા મોતી અભિરાંમ, [૫]કોલ બિલા [૬]અસ્થિકઇ ચાંમ ...સા॰ ...૨૨૪
જેહનું છઇ એ રત્ન અનૂપ, પ્રગટ કરીએ સયલ સરુપ ...સા॰ ...૨૨૫
તે સાથિ પાલેવી વાચઇ, જાઇ મિલસઇ સાચઇ સાચ'' ...સા॰ ...૨૨૬
હરખ્યો રાજા મનહ મઝારિ, કિસું કરઇ અબ અભયકુમાર ? ...સા॰ ...૨૨૭
બોલાવ્યો કંદોઇ જામ, સપરિવારો આવ્યો તામ ...સા॰ ...૨૨૮
વસ્ત્ર આભરણ ભલાં પહિરાય, રાજા આગઇ ઉભો આય ...સા॰ ...૨૨૯
પૂછઇ મંત્રીસર સુસનેહ, ''કિહાંથી રત્ન લહ્યાં તંઇ એહ ?'' ...સા॰ ...૨૩૦
''ચાલું આવ્યું એ મુઝ ગેહ,'' મંત્રીસર માણસ સંદેહ ...સા॰ ...૨૩૧
પહેલાં જણ મેલ્યા સમઝાય, ઠામ ઠામથી આયા ધાય ...સા॰ ...૨૩૨
છડીયાં મારિ મચાવી સોર, નાઠા લોગ ગયા જવ દૂર ...સા॰ ...૨૩૩
કહિતાં જાએ ''એ [૭]બગસીસ, રાજાજીની [૮]વિસ્વાવિસ'' ...સા॰ ...૨૩૪
નાન્હો માંડૈ મોટી આસ, તે નર નિશ્ચિ પાવઇ ત્રાસ ...સા॰ ...૨૩૫
[૯]કાઠો કુટાણો રે ગમાર, મૂર્છા ખાઇ પડ્યો તેણિ વાર ...સા॰ ...૨૩૬

---

૧. ઘજા; ૨. ગંભીર; ૩. નગારાં; ૪. રાજકુંવરી; ૫. ઉંદર માટે દર; ૬. હાડકાં; ૭. બક્ષીસ; ૮. નિશ્ચિતપણે; ૯. કઠોર.

બેઠો હુઓ લહી વિશ્રામ, પુનરપિ માંડ્યો એહ જ કામ ...સા॰ ...૨૩૭
[1]ઘિઘાણો લાગો પ્રભુ પાય, મારંતાં તો ભૂત નશાય ...સા॰ ...૨૩૮
''સાચી વાત કહઇ જો મોહિ, રાજા પાસિ છોડાઉં તો હિ ...સા॰ ...૨૩૯
મારંતા મરી જાઇશ મૂઢ ! મોટાસું હઠ ન ચલઇ મૂઢ ! ...સા॰ ...૨૪૦
મૂયા પાછિ તો અંધારૂ, માયામઇ કો નાવિ લારૂ'' ...સા॰ ...૨૪૧
ત્રાસ બલિ ભાખ્યો સર્વ મર્મ, નૃપ મંત્રીનઇ ઉપજ્યો શર્મ ...સા॰ ...૨૪૨
વાદલ ફાટાં સૂર પ્રકાશ, એહ સુણ્યાં ઉપજ્યો રે ઉલ્હાસ ...સા॰ ...૨૪૩
કયવન્નાનઇ તેડી રાય, મનોરમા દીધી પરણાય ...સા॰ ...૨૪૪
આધો રાજ દીધો વિંચીય, સો દિન થી એ [2]દઉલતિ થાય ...સા॰ ...૨૪૫
ચિંતામણી રે સમુદ્રી જાય, બ્રાહ્મણ પાસિં તઉ ન રહાય ...સા॰ ...૨૪૬
રાયાયા દાનો વડ નામ, કઇ સાહ્યાં દો છઇ અભિરામ ...સા॰ ...૨૪૭
એહો મોટા છઇ જગમાંહિ, તે માટિ નૃપ હરખ્યો પ્રાંહિ ...સા॰ ...૨૪૮
ચ્યારે રત્નહૂયા એકત્ર, કયવન્ના ઘરિ પુન્ય પવિત્ર ...સા॰ ...૨૪૯
કંદોઇની પુત્રી જામ, કંદોઇ પરણાવ્યો તામ ...સા॰ ...૨૫૦
કહ્યા ભણી દીધો એક ગ્રામ, મોટાંના તો બોલ સકામ ...સા॰ ...૨૫૧
કયવન્નો નૃપ કુમરી સોએ, ગજ આરુઢ કરી એ દોએ ...સા॰ ...૨૫૨
વાજાં વાજઇ વિચિત્ર પ્રકારિ, ધવલ મંગલ ગાવઇ નરનારિ ...સા॰ ...૨૫૩
વાટ વિચાલિ સુણતાં બોલ, બોલ ભલા રે છઇ નિમોલ ...સા॰ ...૨૫૪
ધનિ મંત્રી મેલ્યો સંજોગ, વહુયર વરનો સરિખાસરિખો યોગ ...સા॰ ...૨૫૫
નંગ રે જડાણો કંચન જેમ, કયવન્નો નૃપ કુમરી તેમ ...સા॰ ...૨૫૬
ઇમ સુણતાં ઘરિ આયો સાહ, [3]સયણાં જણાં મનિ અતિ ઉછાહ ...સા॰ ...૨૫૭
કામ અનઇ રતિ દેવી દોએ, ઇંદ્ર અનઇ ઇંદ્રણી જોએ ...સા॰ ...૨૫૮
કયવન્નો નૃપ કુમરી પ્રેમ, આણિ મિલી એ જોડી જેમ ...સા॰ ...૨૫૯
ચ્યાર વીસમી છઇ ઢાલ, પુન્ય વિષઇ ભાખી સુવિસાલ ...સા॰ ...૨૬૦
શ્રી ગુણસાગરનો ઉપદેસ, સુણિવા સરિખો છઇ સુવિશેસ ...સા॰ ...૨૬૧

દુહા : ૪ (રાગ : ધન્યાશ્રી)

એક એક દિવસિ રસ રંગમઇ, કયવન્નો મંત્રીસ ;
બઇઠા વાત વિનોદમઇ, કરત [4]અ(ક)લોલ અધીશ ...૨૬૨

---

૧. ધિંગાણુ મચ્યું; ૨. દૌલત, સંપત્તિ; ૩. સકલ, સર્વ; ૪. આનંદ.

આદિ થકી સંબંધજી, માંડઇ કહ્યો ૧ધુરિ છેહ;
‘‘બુધિ તોમ્હારી તઉ ખરી, આણી મેલો તેહ ...૨૬૩
રાજગ્રહિ નગરી વિષઇ, ગલી ન જાણું ગેહ;
પુત્ર ચ્યાર વહુ ચ્યારહી, માહરી છઇ સુસનેહ ...૨૬૪
દેવલમઇ સુતા થકાં, લેઇ ગઇ મુઝ પ્રાહિં;
દેવલમઇં ફિરિ મુકીયો, ઓહી અવસ્થા માંહિ ...૨૬૫
મંત્રીસર ભાખિ ભલો, ‘‘કરત ઘણેરી હાસિ;
ચતુરાઇ તો દીસિ ઘણી, અતિ સાહજી પાસિ! ...૨૬૬
વરસ બાર વસીયા જિહાં, નવિ જાણો તે ધામ?
પસુ ભલા તો તુમ્હ થકી, ભુલઇ નહી નિજ ઠાંમિ!’’ ...૨૬૭
‘‘લેઇ ગઇ ભરિ નીદમઇ, આપણ પઇ ઉઠાય;
રાખ્યો સપ્તમ ભૂમિકા, ખબરિ કિહાંથી થાય?’’ ...૨૬૮
‘‘ઉલખસઇ તુમ્હ તાતનઇ, જેહ છઇ થાહરા નંદ?
કઇ રે નહી એ વાતનો, ઉત્તર આપિઅ મંદ?’’ ...૨૬૯
‘‘દેખ્યાં પાખલિ લાગસઇ, તાત નામ કહી તેહ;
ખોલઇ બિસી ૨ખાંચસિ, મૂછહ મારી એહ ...૨૭૦
પતીનઇ રે પિછાણસઇ, કઇ છઇ ભોલો ભાવ;
કિઉં ન પિછાણસિ નારિનઇ, એસ્યો કહ્યો કહાય’’ ...૨૭૧
મંત્રી કહિ ‘‘ચિંતા નહીં, પ્રગટ કરું પરિવાર;
તઉ રે સુનંદા જાઇયો, નામિ અભયકુમાર’’ ...૨૭૨

ઢાળ : ૪ (સુધારસ મુરલી વાજઇ...એ દેશી)

અભયકુમાર અનોપમ આછો, મંડાવઇ પ્રાસાદ;
૧હા(દ્વા)ર જ દોએ રખાયાં તેહનો, આણીનઇ અહલાદ
મતિ કરિ મોટી એ મંત્રીસર, ધનિ! ધનિ! અભયકુમાર...આંચલી ...૨૭૩
એક જ દ્વારિ પ્રવેસ કરેવો, બીજે છઇ રે નીસાર;
સુર મુરતિ કયવન્ના સરિખી, થાપી મૂલ ગભાર ...મતિ૰ ...૨૭૪
કો દેખ્યો કયવન્નો જાઇ, કોઇ એ આકાર;
નગરીમાંહિ પડહ વજાયો, ભાખ્યો એ સુવિચાર ...મતિ૰ ...૨૭૫

---

૧. પ્રથમ, આરંભથી; ૨. ખંતથી; ૩. હ.પ્ર. (ક)નો પા૰ હાર.

''સઘલી નારી નંદન નઇ રે, મોદક પંચ જ પંચ;
લેઇનઇ પ્રાસાદિ પહોચો, પુજા કો કરિ સંચ ...મતિ૰ ...૨૭૬
પહિલિ દ્વારિ પ્રવેસ કરી નઇ સુતનઇ પાય લગાય;
મોદક ચોહટી બીજઇ દ્વારિ, જે તો નીકલી જાય ...મતિ૰ ...૨૭૭
તેહનો નંદન સુખમઇ વધાવઇ, કલા કરી જિમ ચંદ;
ઋધિ વૃધિ સુખ સંપતિ સેતી, કરસઇ અતિ આણંદ ...મતિ૰ ...૨૭૮
એ આવંતી ચઉદસિં કઇ દિન, આવેવો અનિવાર;
નહીં આવઇ તસ નંદન મરસઇ, નહીં સંદેહ લગાર'' ...મતિ૰ ...૨૭૯
ચઉદસિ કિ દિન સચીવ સાહજી, દેવલ પાસિ આય;
બિઠા રંગ વિનોદમઇં જી, અજબ તમાસો થાય ...મતિ૰ ...૨૮૦
નગર તણી જે નારિ અનોપમ, નંદન લીયાં તારિ;
ટોલઇ ટોલઇ સામટી જી, ગાવઇ ગીત અપાર ...મતિ૰ ...૨૮૧
મોદક મૂકી યક્ષ આગલિંજી, નંદ લગાવિ પાય;
બીજઇ દુયારિ નીકલીજી, જિમ આવી તિમ જાય ...મતિ૰ ...૨૮૨
ખબરિ લહી એ વાતની જી, વહુયર ચ્યારઇ તેહ;
સાસૂજીનઇ વીનવઇ જી, વાણિ વદઇ સસનેહ ...મતિ૰ ...૨૮૩
''ચાલો જઇ એ દેહરઇજી, કીજઇ સુરની સેવ;
નંદ નિરોગી [૧]ઉદ્ધરઇ જી, જઉ [૨]તૂસઇઉ દેવ'' ...મતિ૰ ...૨૮૪
થવિરાંનિ ઉપજઇ ઘણીજી, ''થાઇ નીતો કોડિ;
યક્ષ મનાવો ભાવસું જી, ઘર બિઠાં કર જોડિ ...મતિ૰ ...૨૮૫
વહુયર ! તુમ્હે એ વાતમઇ જી, સમઝો નહી [૩]ચંચ;
કેહનો ઘર ઘાલણ ભણીજી, માંડ્યો એ [૪]પરપંચ'' ...મતિ૰ ...૨૮૬
''પહેલી દીધી નાતરઇજી, તઉ હુયા એ પુત્ર;
અને એય તનનઇ કરવિ, કાઇ ઘરિ કરો કસુત ...મતિ૰ ...૨૮૭
છાતી ઉપરિ ઘન ધરી જી, લેઇ ન ગયો કોઇ;
રાખ્યો તો રહઇસઇ નહી જી, જાણહાર જબ હોઇ ...મતિ૰ ...૨૮૮
પાંચા સરિસા હોઇએ જી, આપ મતઇ દુખ થાય;
પાંચા મઇ પરમેસરુ જી, એ આઇ હમ દાય ...મતિ૰ ...૨૮૯
આઇ તુમ્હે અલગાં રહો જી, ઉપજ્યો રસ એમ ઢોલિ;
કાઢ્યઉ કરીય કદાગ્રહો જી, એ સુખ લીધો મોલિ ...મતિ૰ ...૨૯૦

---

૧. ઉદ્ધાર કરશે; ૨. તુષ્ઠ થાય, સંતોષ પામે; ૩. થોડું, લગાર; ૪. માથાકૂટ.

આજ લગી લોપી નહી જી, હમે તુમ્હારી લાજ;
અબ હમ હિઇ [૧]ધીઠી કરી જી, કાં રે વિણાસો કાજ ?'' ...મતિ૰ ...૨૯૧
રુપવતી રુપ ઉલખી જી, આગઇ હુઇ આપ;
ભાવિનઇ બલિ મસ હણો જી, વહુયર કેરો તાપ ...મતિ૰ ...૨૯૨
અતિ તાણ્યો તો દોરડો જી, ત્રુટી જાઇ તાંમ;
અતિ મથિયાં વિસ ઉપજ્યોજી, નીલકંઠ હર નામ ...મતિ૰ ...૨૯૩
ચંદન તો સીતલપ્યણે જી, સુજસ રહ્યો જગિ જાગિ;
અતિ મથીયા તેહમઇ જી, ઉપજતી કહી આગિ ...મતિ૰ ...૨૯૪
નંદન લીયાં ગોદમેં જી, મોદિક સાસૂ સીસ;
વહુયર સાસુ ચલીયાં જી, પૂજણ યક્ષ જગીસ ...મતિ૰ ...૨૯૫
વાટિ સઉ પાહુયાં ભલાં જી, અંગ પ્રફૂલિત હોઇ;
હેજ હીય ન સમાયજી, આજ મિલઇ નિજ કોઇ ...મતિ૰ ...૨૯૬
દેહરઇ આવી જેતલઇ જી, મંત્રીસું કહિ સાહ;
''સુત્તસું એ સ્ત્રી માહરી જી, આવિ ઘરત ઉછાંહ'' ...મતિ૰ ...૨૯૭
નંદન પાય લાગી પડ્યાજી, મૂક્યા મોદક થાલ;
''કુશલ કરે પરમેસરા જી, એ છઇ થારા બાલ !'' ...મતિ૰ ...૨૯૮
બાલક દઉડી આવીયા જી, ''તાત તાત'' દાખંત;
''એતા દિન તું કિહાં હુતો જી ?'' વચન ભલાં ભાખંત ...મતિ૰ ...૨૯૯
આવી બઇઠો ગોદમઇં જી, આણંતા અલ્લોલ;
પુત્ર પિતા મિલવા ભણી જી, કરત ઘણા કલ્લોલ ...મતિ૰ ...૩૦૦
કોઇ પૂઠાં લાગીયો જી, કો માથિ કો પેટિ;
સાહે પહિલા જિમ ભાખ્યું થું, તિમ એ હુઉ નેટિ ...મતિ૰ ...૩૦૧
''ખમા ! ખમા !'' કહિ થિવરાંઇ જી, [૨]ખાંચી લીધા નંદ;
''રામ રક્ષા તુમ્હને હોજ્યો જી, આજ થકી આનંદ'' ...મતિ૰ ...૩૦૨
અભયકુમાર ભણિ ભલો જી, ''કૃપા કરી કરતારિ;
આણી મેલ્યાં એકઠાં જી, એ નંદન એ નારિ'' ...મતિ૰ ...૩૦૩
વહુ સુત સાથિ થવરાં જી, આવાં નિજ આવાસ;
મંત્રીસર જણ મોકલઇ જી, જાણિ લીયો ઘર તાસ ...મતિ૰ ...૩૦૪
અભયકુમાર કયવન્નાનઇ જી, સોંપિ સઘલી આથિ;
કિંચિત ઘન દેઇ [૩]થિવરાંનઇ જી, જૂઇ કરી નરનાથિ ...મતિ૰ ...૩૦૫

---

૧. પાકી, નિર્લજ્જ; ૨. ખેંચી; ૩. વૃદ્ધ સાસુ

અનંગસેનાસે તી સાતઇ જી, સુંદરી છઇ સુવિસાલ;
કચવન્ના ઘરિ રમણી રાજજી, રુપિં ઝાકઝમાલ ...મતિ૰ ...૩૦૬
એક એકથી રમણી રુડી જી, ભૂંડી તો નહી કોઇ;
પુરવ પૂરા પુન્ય પ્રસાદિ જી, સહુ સરિખું હોઇ ...મતિ૰ ...૩૦૭
એક દિવસિ જગગુરુ જી, જગનાયક આવ્યા શ્રી મહાવીર;
ગિરિ વૈભાર સમોસરયા જી, ધરમ ધુરંધર ધીર ...મતિ૰ ...૩૦૮
શ્રેણિક રાય અભયકુમાર જી, કચવન્નાદિક દેખિ;
ચરણકમલ જિનવરના વદંત જી, આવઇ સહુ સવિશેષિ ...મતિ૰ ...૩૦૯
દઇ ઉપદેસ વિશેષથી જી, ભવજલ તારણહાર;
ધરમ પરોહણ પરગટો જી, ધર્મ થકી સુખ સાર ...મતિ૰ ...૩૧૦
કચવન્નો કર જોડીનઇ જી, પુછઇ પ્રભુનઇ આપ;
''આપદ સંપદ અંતરઇ જી, કુણ કરમનો પાપ ?'' ...મતિ૰ ...૩૧૧
વીર કહઇ ''એ આપ ઉપાયું જી, ભોગવણું સંસારિ;
પૂરવભવ સાંભલિ સુવિવેકી જી, વરી કહું સુવિચાર ...મતિ૰ ...૩૧૨
શ્રીપુર નગરિ તું નિવસંતો જી, **ગોપાલક**નો નંદ;
ચારંતો વાછરુયાં વિશેષઇ જી, સંપતિ ઘરિ અતિ મંદ ...મતિ૰ ...૩૧૩
અન્ય દિવસિ તો ઘરિ ઘરિ દેખી જી, ખીર સહુકો ખાય;
ઘરિ આવી સો બાલિક માગઇ જી, ખીર ખાંડ સો માય ...મતિ૰ ...૩૧૪
હીયું ભરંતી માતા બોલઇ જી, ''ગાંઠિ તો નહીં દામ!
દામ વિના તો ખીર ન હોવઇ જી, એ અતિ કાઠું કામ'' ...મતિ૰ ...૩૧૫
સુત રોવિ માતા પણ રોવી જી, પેખી પડોસણિ આવિ;
ચાવલ દુધ અનઇ ઘૃત સાકર જી, આણિ ભામિની ભાવિ ...મતિ૰ ...૩૧૬
રાંધી ખીર પરુસઇ ભાણઇ જી, સુત આરોગણ હેતિ;
આપ ગઇ પરકામ કરેવા જી, મિલીઉ સુભ સંકેતિ ...મતિ૰ ...૩૧૭
માસખમણનઇ પારણઇ જી, સાધુ પધારયા હોઇ;
બહુ તપ તપવિ દુર્બલ દેહો જી, દેખી ચિંતઇ સોઇ ...મતિ૰ ...૩૧૮
*''જન્મ સફલ તો આજ હમારો જી, દિવસ સફલ અરુંયામ;'
એ વેલાં ઘન! દરસન દીધો જી, સાધુ તણો અભિરામ ...મતિ૰ ...૩૧૯
ગ્વાલા તણો મન હુઓ કૃપાલુ જી, [૧]સાધાંનિ પ્રતિલાભિ;
હોસું આજ કૃતારથ અધિકો જી, જઇ સિર અડસ્યઇં આભિ ...મતિ૰ ...૩૨૦

---

* (ક.૪૭) હ.પ્ર. (ક)માં નથી.

બેઠો હુઇ સનમુખિ આવિ જી, ઋષિનઇ કરી પ્રણામ;
''તારો તારો'' મુખિ ઉચ્ચરતો જી, ''સારો માહરાં કામ ...મતિ૰ ...૩૨૧
પાત્ર નામ છઇ તારણ જગનો જી, સો ઋષિ માંડ્યો પાત્ર;
હર્ષ ઘણો ઉપજ્યો સુખ જી, હેતઇ હુઉ પ્રફુલિત ગાત્ર ...મતિ૰ ...૩૨૨
ખીર તણા તો ભગતી જી, ન કરિ લીધો ગોવાલિ;
એક ભાગ તો પહિલી દીયો જી, જોવઇ જો સંભાલિ ...મતિ૰ ...૩૨૩
ઋષિ દોઇ એ નહી પહોંચસઇ જી, તવ દ્યઇ દૂજો ભાગ;
વલી વિમાસી ત્રીજો દીધો જી, ખંડિત કીધો ત્યાગ ...મતિ૰ ...૩૨૪
વનમઇ જાઇ દોઇ સાધાં જી, કીધો તે આહાર;
માતા આવી પુનરપિ જી, સુતનઇ પીરસી ખીર અપાર ...મતિ૰ ...૩૨૫
કાલ કરી કયવન્નો નામિ જી, ઉપજીયો તું એહ;
તીન ચાર કરિ ખીર જ દીધી જી, ઋૂટઇ મનઇ તેહ ...મતિ૰ ...૩૨૬
તીન વાર એ અંતરાય જી, એ તુમ્હ સુખમઇ જાણિ;
ખંડિત કરણી એહ અખંડિત જી, કરણી ચિતમઇ આણિ'' ...મતિ૰ ...૩૨૭
ઇમ સુણી વયરાગીઉં જી, [૧]જેઠો નંદન થાપિ;
ઘરનઇ [૨]લારૈ ખેતસીતમઇ જી, એ ઘન બહુલો આપિ ...મતિ૰ ...૩૨૮
વર્ધમાન જિન હાથિ લીધો જી, કયવન્નઇ વ્રત ભાર;
સ્વર્ગ પંચમઇ હોઇ ચવીનઇ જી, પામીસઇ ભવપાર ...મતિ૰ ...૩૨૯
ઢાલ ભણી પણવીસમી જી, દાન દીયાથી જોઇ;
શ્રી ગુણસાગર સૂરિ જી રે, સુઘરઇ છઇ ભવ દોઇ ...મતિ૰ ...૩૩૦

ઈતિ શ્રી કયવન્ના અધિકાર સંપૂર્ણ

---

૧. જ્યેષ્ઠ, મોટો પુત્ર; ૨. પાછળ.

૮. કવિશ્રી લાલવિજયજી કૃત કયવન્ના સજ્ઝાય (સં. ૧૬૮૦)

આદિ જિનવર ધ્યાઉં, ગાઉં દાન પ્રભાવ;
કયવન્નાની પરિ વાંછતી રિધિ આવઈ;
શ્રીપુર પાસિં એક ગોવાલીઉ વસિ [૧]નેસિ;
ગંગાધર ઘરણી **ગંગદત્ત** પુત્ર વિશેસિ
ત્રૂટક : વિસેસ પિતા જવ મરણ પામિઉ, માય બેટઈ દુખ સહીઆં;
આવ્યાં કામ કરાં થઈ શ્રીપુરિ, સેઠ તણઈ ઘરિ રહીઆં;
એકદા ખીર ખાંડ ઘૃત સાદર, બેટઉ મા કહિ માગઇ;
''ઉહનૂં જમ્યાં થયા છ મહીના'' રોઈ પુત્ર માઈ આગઇ ...૦૧
પાડોસિણિ ચ્યોહે ચ્યારિ વસ્તુ તસ દીધી;
ખીર રાંધી પ્રીસી માય ગઈ કામ [૨]પ્રસીધી;
[૩]જુ દાંન ન દીધૂં [૪]તુ દોહિલિ આથ પામી;
'જઉ આવઈ મુનિવર તઉ આપું સિરનામી'
ત્રૂટક : સિરનામી ઇમ ચિંતઇ ગંગદત્ત માસખમણીઉ આવિઉ;
બઇ લીહ કાઢી ત્રિણિ ભાગ કરિ સઘલી ખીર વહુરાવિઉ;
વલી માઈ પ્રીસું જમું ગંગદત્ત વિસૂચિકાંઇ વિપનું;
રાજગૃહી ધનાવહ સુભદ્રા ઘરિ સુત પણિઇ ઉપનું ...૦૨
સુભ દિવસિં જનમિઉ ઉત્છવ મહોત્છવ કીધ;
સહૂ સજન સંતોષી નામ **કયવનું** દીધ;
યૌવન ભરિ આવિઉ, બાપિં તે પરણાવિઉ;
વેશ્યા ઘરિ મેહલિઉ, **મદનમંજરી** ભાવિઉ
ભાવિઉ બાર વરસ તિહાં રહીઉ બાર કોડિ ધન વિલસી;
માય બાપ છે મરણ જ પાંમ્યા, પણિ ન લહું તીણઇ ફરસી;
ધન લેવા એક દાસિ મોકલી ઘરણી બઇઠી કાંતિ;
એક [૫]કુંડલ કરલું પુંણી નઉ [૬]છાબમાંહિં લેઈ [૭]ઘાતિ ...૦૩
વેશ્યાઇં જાણ્યૂં ધનનું આવિઉ છેહ;
બેટીનઇં કહિ તવ ''અહાંથી કાઢઉ એહ;''
રજ પુંજી કાઢઉ અપમાન્યું ઘરિ જાય;
નારિં ઉલખીઉ તેડિઉ ઘરિ ઉત્છાય

---

૧. નેસડામાં; ૨. પ્રસ્થાન; ૩. જો; ૪. તો; ૫. કાનનું આભૂષણ; ૬. સૂંડલો; ૭. દેવું, નાખવું.

ઉત્છાહિં કહિ ‘‘કિહાં માવિત્રહ ?’’ ‘‘વડઇ ગામંત્રઇ ચાલ્યાં;’’
ઘન કેડઇં ગચું ઘર જીરણ થચું પ્રથમ લીહ દુખ સાલ્યા;
ઇમ કરતાં છ મહીના ગાલ્યા કાત્યામાંહિ સુખ વિલસુ;
ગર્ભ રહિઉ તવ કહિ ઘણીઆણી, ‘‘ઘન પાખઇ સ્યું કરસિઉ ?’’ ...૦૪
બાલદિ તવ ચાલઇ, વ્યાજૂઉં કાંઇ ઘન લેઇ;
નારી મોકલાવી ચાલ્યુ સીખ જ દેઇ;
એહવઇ તીણી નયરી વાંઝીઉ વણિગ કો મૂઉ;
ખણી ખાડિં ઘાલિઉ, મા કહિ ‘‘વહૂ! મમ રોઉ’’
મ રુઉ ચ્યારઇ વહુ(ચ)રુ તેડી, બાલદિમાંહિં જઈ નિરખઇં;
કહિ ‘‘ખાટલી ઉપાડુ અહીંથી, ઘરમાંહિં મેહલું હરખિઇં’’
ચિહું પાસે ચ્યારઇ મનહરણી, કહિ ‘‘સુખ વિલસું આંહી;’’
[૧]લીહ ગઇ સુખનું ખંડ આવ્યું, ગામ ઠાંમ કહિ નાંહી ...૦૫
સુખ વિલસઇ અહિનિસિ બાર વરસ તવ જાવઇ;
સુત ચ્યારઇ હૂઆ બાલદિ આવી સુધિ પાવઇ;
એહનાં જે કોઇ તે [૨]ખય કરસિ [૩]હેજ;
નહી દેખઇ ત્યારઇ રાય દેખાડસઇ તેજ
‘‘તેજવંત બેટા છઇ ચ્યારઇ લખિમીના ધણી થાપું;
કાઢીસિ નર એહનઇં બહુ એ એહનૂં હુઇ તે આપું;’’
સજાઇ કીધી મોદક બાંધ્યા છાંનાં રતન તે ભેલઇ;
ઉંઘું ઉપડાવું સાસૂઇ બાલદિમાંહિ જઇ મેહલઇ ...૦૬
ઘરની ઘરણી કહિ ‘‘બેટા ! બાલદિ આવી;’’
પાડોસી પૂછી ‘‘સુધિ કિસી નવિ પાવી ?’’
[૪]ટાંડઇ જઇ સુતસિઉં પૂછઇ ‘‘કિહી નવિ દીઠઉ;’’
ઝૂરઇનઇં રોઇ મનમાં દુઃખ પઇઠઉ
દુખિં રોઇ જોઇ તરુણી ખાટલડી તે દીઠી;
પુરુષ જગાડુ તવ ઉલખીઉ તે વેલા થઇ મીઠી;
‘‘બાર વરસ સ્યૂં સૂતા હૂતા ? સાર્થ [૫]ઉપરાજી વલીઉ;’’
‘‘સૂતા નૂ હુતા દેહ ભલૂં છઇ સાર્થ અનેરુ મિલીઉ;’’ ...૦૭
ઘરણિ કહિ ‘‘સ્યૂં લાવ્યા ઉપરાજણ નવિ દેખૂં ?’’
ઘણી કહિ ‘‘પાછલિ છઇ આવિં કરસ્યૂં લેખૂં;

---

૧. રેખા, મર્યાદા; ૨. ક્ષય; ૩. હેત, પ્રિત; ૪. વણઝારાની પોઠ; ૫. ઉપાર્જન કરી.

સંદેહ હજી છઇ ન મિલિઇ જિહાં લગિ સાચું''
''હવિં ઘયરિ પધારુ તુમ્હ દીઠઇ અમ્હે રાચું''
રાચૂં ''તાત! સૂખડી આપું ખેડીઆમાંહિ છઇ ખાઉ;''
''વછ! વહિલું વલી જિમવા આવે પણિ નેસાલિં જાઉ;''
લાડૂ ખાતાં રતન નીસરિઉ ઘૂંટઉ થાસિ કહીઉ;
પાટી માંજતાં જલમાં પડીઉ, તે જલ દોહ દિસિ થઇઉં ...૦૮
કંદોઇ દેખઇ દગ ઝાલી મણિ એહ;
ભોલાવી લીધૂં લાડૂ દેઇ તેહ;
તવ રાયનો હસ્તી તંતૂ જીવિં સાહિઉ;
તે હાથ ચુરાસી લાંબુ જલચર જીઉ
જાઇ નઇ કુંતારિ જણાવિઉ, નગરી પડહુ વજાવઉ;
''બેટી પરણાવું ઘન આપું, જઈ કો કરી મેહલાવઉ;''
પડહુ છબિઉ કંદોઈઇં જાણી કહું ''કન્યા કિમ દેસિઉ;''
અભયકુમાર કહિ ''મમ બોલું કાજ સરિઇં વિધિ કરસિઉં'' ૦૯
કંદોઇ ઇં જલમાંહિ રતન મેલ્હી છોડાવિઉ;
જય જય તવ હુઉ કંદોઇ કહિ ''પરણાવિઉ''
જણ તેડી બાંધિઉ, ''કિહાં ચોરયું? કિણિં દીધૂં?''
મારંતાં કહિ ''મઇં કચવંના સુત કહિ લીધૂં''
લીધૂં રતન ''નાતિમાં પરણો, સાત વાર પરણાવું;''
કુશલિં ખેમિં જાવા દિઉ ઘરિ જાજા ગાઢઉ ફાવિઉ;
કચવનું તેડી પરણાવિઉ સર્વ મનોરથ ફલીઆ;
લીહ ગઈ સુખનું ખંડ આવિઉ અભય સ્યૂં વાતિં મિલીઆ ...૧૦
''તુઝ બુધિ તુ સાચી જઉ મુઝ કટંબ મેલાવિ;
આ નગરમાંહિં છઇ ચ્યાર સ્ત્રી ચ્યારઇ સુત ફાવઇ;
ડોસી એક સાસૂ બાર વરસ તીણઇ રાખ્યું;
પછિં બાહરિ કાઢિઉ ગાંમ ઠાંમ નવિ ભાખ્યું''
ભાખું ''તુ મેલાવું વહિલૂં, કાં ન કહિઉ મુઝ પહિલૂં?''
ચીતારા પાહિં રુપ કચવનાનૂં કરી દેઉલિ મેહલિઉ;
ઢંઢેરો ફેરાવિઉ નગરી કુટંબ સહિત સહૂ આવઉ;
પાંચ પાંચ મોદક સહૂ લાવઉ, યક્ષ ભેટી ઘરિ જાવઉ ...૧૧

---

૧. થેલો, કોથળી; ૨. જલ; ૩. મહાવત; ૪. હાથી; ૫. તો; ૬. કુટુંબ; ૭. પાસે.

સહૂ આવઇ જાવઇ દોઇ ઉપરિ રહ્યા જોવઇ ;
ડોકરડી ચીંતવઇ 'કિમ કરવું વહુ હોવઇ ?'
સાંઝઇ નીસરીઆ રથિ બઇસારયા બેટા;
વહૂ ચ્યારઇ સાસૂ સાથે જઇ જક્ષનિં ભેટા
ભેટ્યા ''અભય ! કટંબ એ માહારું, મંત્રી મિં ઉલખીઆં;''
બેટા ''બાપ ! બાપ !'' કહી વલગાં, વહૂનાં મન ઉહલસીઆં;
ડોસી કહઇ ''મ કરો આસાતના,'' પાછા તાણી લીધા;
રથિ બઇસારી પાછાં વલીઆં પૂહિં ગયા પ્રસીધા ...૧૨
જોઉં પાછલિ [૧]જરડી કરડી દષ્ટિં ગાજી;
તુઝ પુત્ર વહુની [૨]ઠાંઠલિ કરિ કરી ભાજી;
''તૂં કિહાં ગયુંતું ? વહલું નાવું વલતું;''
''આઇ ! જુહાર કરું છું'' લેવા આવિઉ ફરતઉ
ફરતું આવિઉ ઘરે સધાવું, બેટા વહુ સહુ હરખ્યાં;
સાર વસ્તુ ઘરમાંહિથી લીધી ડોસી થયાં ઘર સરીખાં;
એક લાખ ખાવાનઇં મૂકું, જીવઇ તિહાં ઘર આપ્યાં;
સાતઇ સ્ત્રીસું સિઉ સુખ ભોગવતાં દુખ તણાં દલ કાપ્યાં ...૧૩
એહવઇ ગુરુ આવ્યા, સાતિઇ સ્ત્રી જૂઉ સાથિં;
દીક્ષા લીધી તિહાં સાચા શ્રી ગુરુ હાથિં;
પાલઇ એક મનાં કર્મ સવે તિહાં ટાલી;
કેવલ પાંમીનઇ મુગતિ વરી લટકાલી
લટકાલી મુગતિ તેણઇ પામી તે તુ દાન પ્રભાવિં;
ઉત્તમના ગુણ લેઇવેઇ કરુ સજ્ઝાય સુભ ભાવિં;
શુભવિજય પંડિત પય સેવી **લાલવિજય** કહિ પ્રાણી;
ભાવ સહિત દિઉ દાંન ભલી પરિ, હિયડઇ ઉલટ આણી ...૧૪
***શ્રી વિજયાનંદ સૂરી**સર રાજિં, **ઉસમાંપુર**માંહિ કીધૂં;
સંવત સોલ અસીઇ મનોરથ, **વિજય પક્ષિ**નઉં સીધૂં

।।ઈતિ કયવન્ના ઋષિ સજ્ઝાય સમાપ્ત।।

---

૧. ત્રાંસી નજરથી જોવું; ૨. ઠાઠડી

*(ક.૧૪) આ કડી હ.પ્ર. (ક)માં નથી.

૯. શ્રી વિજ(ન)યશેખર સૂરિ કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૬૮૧)

દુહા : ૧

શ્રી **આદિસર** સુખ કારણ, **શાંતિનાથ** ગુણ ગેહ;
નેમે પારસ વર્ધમાન જિન, પ્રણમું પંચસુ નેહ ...૦૧
શ્રી **સારદ** સુ પસાઉ લઇં, મુઝ વચન વિલાસ;
સાધુ કથા કહિવા ભણી, તિણિ વલિ અંગ ઉલ્લાસ ...૦૨
ચ્યારે ધર્મ ધુરંધરુ, ચ્યારે મંગલ માલ;
ચ્યાર ચિહું ગતિનઇં, હરઇં ચ્યાર ધર્મ સુવિલાસ ...૦૩
ચ્યારેમાહિં ચતુર અતિ, દાન ધરમ સંસારિ;
રજમાંહિ તજ(ગ) કાઢતાં, દાન વડઇં અધિકારિ ...૦૪
પાહણ તણા પ્રાસાદ જે, કાલઇં ઢલિ કલિમાંહિ;
પણિ *વિક્રમ બલિ *ભોજ નૃપ, હજી લગઇં જસ ઉછાંહિ ...૦૫
દાનઇં સુજસ સોભાગનિતિ, પસરઇં કિરતી પૂર;
સંકટ વિકટ ટલૈ ઘણાં, પ્રગટઇં પુણ્ય અંકૂર ...૦૬
સાલિભદ્ર દાનઇં ઘનઉં, પામ્યા ભોગ અભંગ;
તસ ચઉપઇ વલી મૈં રચી, સુણતાં ઉપજઇ રંગ ...૦૭
કયવનું દાનઇં તિસઉં, કાઢી દેતાં લીહ;
તિણિ સુખ પામ્યાં હારીયાં, વલી લહ્યા [૧]સુદીહ ...૦૮
તાસું ચરિત કહું હું ચુંપ(ઈ)સું, ચતુર સુણૌ ચિત દેઇ;
જોર કિસ્યું [૨]અગલંચ સ્યું, વેધક લહિ સબ [૩]ભેય ...૦૯
એ સુણતાં જે ઉંઘસ્યઇ, એ માણસ અગલંચ;
કઇં મુઝ વચનઇં રસ તિસ્યઉ, સાંભલઉ મલિઉ જુ સંચ ...૧૦
અઢલક ચિત્તઇં દાન ઘઇં, તે લહિ કોડિ કલ્યાણ;
કયવન્ના પરિ [૪]કોતુકી, નામઇં સફળ [૫]વિહાણ ...૧૧

ઢાળ : ૧ (રાગ : ભૂપાલ. ચઉપઇની... એ દેશી)

જંબૂદીપિ ઇણિ દક્ષિણ **ભરતિ**, આર્યાવર્ત્તઇં દેશ નિરતિ;
શ્રી **વિજયપુર પાટણ** સાર, વન વાડી ઉદ્યાન સફાર ...૧૨

---

૧. સારા દિવસો; ૨. ગળા વિના; ૩. ભેદ; ૪. નવાઈ, અજાયબી; ૫. પ્રભાત, દિવસ.

* વિક્રમ રાજા અને ભોજ રાજાની કથા : જુઓ પરિશિષ્ટ કથા વિભાગ.

વાવિ સરોવર કૂપ રસાલ ગઢમઢ મંદિર ગુખ ઝાકઝમાલ;
ચઉરાસી ચહુટાની ઉલિ, બઇઠા વ્યાપારી સુંદર પોલિ ...૧૩
વિવહારીયા વસઇં ધનવંત, ચતુર સુવેધક નઇં પુણ્યવંત;
ઘરિ ઘરિ ગોરી ગાઇં ગીત, ભોગવિ બહુ પરિ ભોગ સુરીત ...૧૪
નહીં કો રણીયા નહીં સોગીયા, નહીં દુખિયાં નહીં રોગીયા;
નહીં ચાડ તણા જિહાં ચાલ, નહીં ઇતિ નહીં દેસિ દુકાલ ...૧૫
રણ અભંગ જિહાં છઇં સૂર, જિણિ [૫]ભડવાઇં વઇરી દૂરિ;
પંડિત([૬]ત) તર્ક તણા કરી વાદ, સાત વ્યસનનઉ નહી ઉનમાદ ...૧૬
પુત્રવતી સોહાગિણિ નારિ, પતિ ભગતી ગુણવંત વિચારિ;
દોલતિ હાથ સદા દાતારિ, મૃગનયણી સુંદર આચારિ ...૧૭
આપ આપણા ધર્મ નવિ તજૈ, [૭]ષટ દરિસણ વલી જિહાં કણિ ભજઇં;
ધર્મલાભ કરેં નર નારિ, જીવદયા પાલૈ હિતકારિ ...૧૮
તિહાં કણિ **વિજયસેન** નરપાલ, [૮]ભીમ [૯]સોમ ગુણઇં ભોગી ભૂપાલ;
અરિ કીધા વસિ જિમ [૧૦]વાલહિ, નવિ ઝૂઝિ વાહી [૧૧]બાકરી ...૧૯
કેતા તાપસ થયા વનમાંહિ, મુંકી ગામ ગ્રાસ ઉત્છાંહિ;
ઇણિ પરિ જસ ઉપાયો ઘણું, વાત કિસીઇં નહી [૧૨]અણામણું ...૨૦
એકલિ રથિ સાધી તિણિ ઘરા, બુધિ બલિં કરી [૧૩]સીંગણિ સરા;
સેનાપતિ પરિવાર [૧૪]પડૂર પ્રતપઇં, ઇમ સોઇ તાજઇં ભૂરિ ...૨૧
ચ્યારિ સમુદ્ર રસના જિણિ કરી, બઇઠઉ તખતિ આણ વિસ્તરી;
માનઇં આણ સીમાલા રાય, એહ સમ કોઇ ન આવઇ દાય ...૨૨
ધાનઇં ભરચા ઘણા કોઠાર, ગજ રથ વૃષભ તરલ [૧૫]તોખાર;
ભઇંસ ગાઇ દૂઝઇં વલો તિસી, [૧૬]કામદુધા જઇ સ્વરગઇં વસી ...૨૩
અંત:પુર નારી પદમિણી, ગયગમણી [૧૭]હરિણાંખી ઘણી;
ભરચા [૧૮]કોસ ખજાનઇં પૂરિ, અરથીનઇં ઘઇ દાન તે કરિ ...૨૪
નીતઇં પાલઇં રાજ [૧૯]સપ્તાંગ, અરિ [૨૦]જીપઇં ષડ વર્ગ સુચંગ;
દીનાનાથ ભુવનનઉ ઇસ, વલી સી કહીઇં અધિક જગીસ ? ...૨૫
કેતાં વખાંણ કરી જઇ ઘણાં, દેસ નગર નૃપ સોહામણાં;
ઢલતી લેજ્યો પહિલી ઢાળ, **વિજયશેખર** મુનિ વચન રસાલ ...૨૬

---

૧. પરાક્રમની ખ્યાતિ; ૨. (ત) શબ્દ વધારાનો છે; ૩. છ પ્રકારના દર્શન (સાંખ્ય, યોગ, જૈન, બૌદ્ધ, મીમાંસક, ચાર્વાક); ૪. પરાક્રમી; ૫. સૌમ્ય; ૬. વ્હાલથી; ૭. હોડ, ચડસે ચડવું; ૮. ઉદાસ; ૯. ધનુષ બાણ; ૧૦. પ્રચુર; ૧૧. તોખારિસ્તાનના પાણીદાર ઘોડા; ૧૨. કામધેનુ; ૧૩. હરણ જેવી આંખોવાળી; ૧૪. ખજાનો; ૧૫. ? ? ? ? ?; ૧૬. જીતે

ઢાળ : ૨ (સાંસઉ કીધઉ સાંમલીઇં...એ દેશી)

તિણિ પુરિ **ધનદત્ત** સેઠ અછઇં વલી, **પદમશ્રી** તસ નારિ;
વિલસૈ લખમી પુણ્ય સંપૂરઉ, બિહિઠઇં આપણૌ દ્વારિ ...૨૭
પદમશ્રી કૂખઇં ઉપનો, **વસુદત્ત** સુત ઇણિ નામઇં;
જિણનં લગઇં ધનદત્ત સેઠનું, મરણ થયું વિણ કામઇં ...૨૮
પરભવિ સેઠ ગયઇં હવઇ, તસ ઘરિ લખમી પુહુતી ઠામઇં;
[૧]ભુવન [૨]પ્રકાશ કિરણ [૩]સંપદા, [૪]તરણિ અસ્તાચલ ગામઇં ...૨૯
પદમશ્રી [૫]કુરપાણી [૬]પંકજ પરિ, જિમ ગુણવંત કુદેસઇ;
કૃપણતણું ધન વ્યસનીનઇં વિદ્યા, લોક ભુંડઇં ભુવને રાઇં ...૩૦

*** कस्य कस्यान्न स्खलितं पूर्णाः सर्वे मनोरथाः ।**
कस्यकस्येह सुखं नित्यं यौवन तन खंडित ।।

સરોવર કાંઇ જલ નવિ પીયઇ, તરુવર ફલ નવિ ખાયઇ;
સતપુરુષ લખમી મેલી, જાતાં સાથઇં (ન)જાયઇં ...૩૧
નિર્વાહ થાતું દોહિલઓ દેખી, વલગાડૈ સુત હાથઇં;
ગાંમ ઠામ મૂકઇં દુખ મૂંકિઇં દુખ જાણી, કર્મ છાંહડી સાથઇં ...૩૨
કાકી ભાભી વહુજી બાઇ, નામઇં સૂકાતી જીહ;
આપણઇં ઠામઇં ગયા તે પરિજન, સાધુ જિસ્યા નિરીહ ...૩૩
[૭]વાણઓતર ધન ચાંપી બિઇઠા, જે કરતા સહુ જી જી;
પરિઘરિ કામઇં મનઉ ઝંખ્યું, છાંડું વાત ન બીજી ...૩૪
શ્રીપુર નગરઇ આવી એક દિનિં, **સધનશેઠ** ઘર જાણી;
વિનયવતીનઇં [૮]વિતૂં કરેવા, રાખી [૯]સામનિ માણી ...૩૫
વસુદત્ત વાછરુઆં તસ ચારઇં, પાડોસીનાં તેમ;
ઇમ દિન વાહઇં વસુદત્ત કેતા, દુખ નાસિઉં વીત્તું તસ તેમ ...૩૬
એક દિન વાછરુયાં ચારેવા, ગયઉ દૂરિ ગોપાલ;
દીઠઓ મુનિવર લાગઉ મીઠઉ, સુભ ભાવઇં મુનિ દયાલ ...૩૭
તિણિ દિનિ નગરમાંહિ મહોછવ, ખીર જિમઇ સહુ કોય;
મેહલી વાછરુંઆ ઘરિ આવિઓ, ભોજન દીઠઉં સોય ...૩૮

---

૧. લોક; ૨. રોશની; ૩. સંપત્તિ; ૪. સૂર્ય; ૫. કાદવમાં; ૬. કમળ; ૭. વાણિજ પુત્ર, ગુમાસ્તા; ૮. વૈતરું, વેઠ; ૯. માલિકણ.

* (કડી ૩૦)ક્યારે કોનાં મનોરથ પૂર્ણ થયાં છે ? અર્થાત્ મનોરથ અધૂરાં રહે છે. સુખ, યૌવન કે શરીર બધું જ (સમય આવે) ખંડિત થાય છે.

માગઇ ‘‘માતાજી ! આપઉ ભોજન, ખીર ખાંડ ઘૃત [૧]જુત્ર;’’
જણણી તેહનઉં જનક સંભારી, રુદન કરે મા પુત્ર ...૩૯
‘‘ખાવા પીવા નઇં દિહાડઇં, કાં મૂઉ તુઝ બાપ ?
ધન પણિ ગાંઠિ નહીં, કોઇ સુજન તઉસી કીજઇ ટાપ ?’’ ...૪૦
‘વિધ વિલાસ દેખિઉં સિઉં, કીજઇં ઘણી વિના સવિ ધંધ ?
મૂઢ ! મનોરથ કરિવા ખોટા, જઉ નહી પુણ્યનો બંધ ...૪૧
મોટઇ કુલિ મોટઇ ઘરિ આવી, કાંઇ સિરજી કિરતાર !
પર અનુકંપાની અવસ્થા, દીધી તુઝ ધિક્કાર ! ...૪૨
એપણિ નવિ જાણઇ વલી મનિસિઉં, દુહિલી થાઇ છિ માત
કિહાંથી સંપતિ ટોલી મેલી, દેવા સમરથ ભાત ...૪૩
લોક ઉખાણા તુહિ ખોટા, પીડ ન જાણઇ પંચ;
બાલક ચોર અનઇં [૨]ધિજરાજ, સાધુ ન જાણઇં સંચ’ ...૪૪
એમ વિચારતી મનિ દુખ ધરતી, રોતી [૩]હૂબકિ [૪]જામ;
પાડોસણિ શ્રીમંતિની આવી, કરુણા સ્વર સુણી તામ ...૪૫
દયા લગઇં પૂછઇં સોહાગિણિ, ‘‘કહિની બહિની ! એહ;
તુઝ દુખ દેખી હીઉં [૫]ગહિબરઇં, ભાખઉ આણી નેહ’’ ...૪૬
સુસતી થઇ ગદગદ સ્વરિ બોલી, ‘‘સેઠાણી ! સુણઉ વાત;
હીયડું કઠિન દુખેં નવિ ફાટઇં, વજઇં ઘડીઉં વિધાતા !’’ ...૪૭

યતઃ *** है ! है ! जा वज्ज घडीयं, अहवा जं तेण वज्जसारेण ।**
वल्लह वियोग काले, जंतु नहु खंड खंडेण ।। **... ૪૮**

પાણી તણઇ વિયોગિ, કાદવિ જિમ ફાટઇ હીયું;
ઇમ જઉ માણસ લોગિ, સાચો નેહ તઉ જાણીયઇં’’ ...૪૯
આપણૂં વીતક કહીઇં દેખાડિઉં, ચિત ચમકી સા બાલા;
થિર કરી પદમસિરી દુખ ધરતી, અમૃત વયણિ રસાલા ...૫૦
‘‘ઇણી વાતઇં સ્યૂં રોઇ બાઇ ? સ્યઇં ન કહિઉં અમ આવી ?
તઉ હવિ એ વિધિ થોડી દેસ્યું, પુત્ર મનોરથ ભાવી’’ ...૫૧
માતા કહઇ બેટાનેં રંગિ ‘‘રાંધિસિ [૬]વિહાણિ ખીર;
વહિલઉ આવે મોરા વાલ્હા,’’ આંખિ આંસૂ નીર ...૫૨

---

૧. યુક્ત, વાળું; ૨. બ્રાહ્મણ; ૩. હીબકાં ભરીને રડવું; ૪. ઘણું; ૫. વ્યાકુળ થયું, ગભરાયું; ૬. સવારે.

* (કડી-૪૮) હે હૈડા ! તું વજથી ઘડાયું છે કે વજના ભૂકાથી ઘડાયું છે ? કે જેથી પ્રિયનાં વિયોગ સમયે પણ (ખંડોખંડ) ટુકડા થતું નથી ?

પાડોસણિ હવિ દીયઇં ચોખા, એક દૂધ ઘૃત ખંડ;
લેઇ નઇં વલિ ખીર નીપાઇં, કેલવિ બુધિ પ્રચંડ ...૫૩
બીજઇ દિનિ મધ્યાન્હી સમઉ લહી, વસુદત્ત મન રંગઇ;
થાલ ભરી બિઠઉ જિમવા નઇં, માત ગઇ કિણિ કામઈ ...૫૪
એ એ કૌતિક કાલ વિસેષઇં, નયણે દીઠઉં સોય;
મહા મુનીસર [૧]આલસૂયાં ઘરિ, ગંગા સંગમ જોય ...૫૫
માસ પારણઇં આવિઉ મંદિરિ, એતાં જાગિઉં ભાગ;
નહીંતરિ સામગ્રી કિમ પામૂં, દેખી [૨]ઉપનઓ રાગ ...૫૬
*** केषां चितं न वित्तं भवति भुवि नृणां दान योग्यं न पात्रं।**
पात्रे प्राप्ते परेषां गुणवति भवतो नो चित्ते चित्त वित्ते।।
स्याचित्तं ना परेद्धे द्वितयमपि भवेत् कस्य चिन्नैव चित्तं।
वित्तं कस्यापिनो भे उभयमपि न तत् दुर्ल्लभं यत् समग्रं।।१।।
*** ज्ञान दानेन सर्वज्ञो अभयोडभय दानतः।**
अन्नदान प्रदानेन सुखी भवति सर्वदा।।२।।
*** अहो वृष्टिरनभ्रा भू दहो फलम पुष्पजं।**
अहो परिपक्वं पचेलिमं पुण्यं यदस्मिन् साधु संगमः।।३।। ...૫૭
મનિ શ્રદ્ધાઇં થયું રોમાંચિત, દેવા ઉઠિઉ દાન;
ચિત ચિંતઇ 'દેઉ આધૂં એહનઇ, આધૂં મુઝનિ દાન' ...૫૮
વલી વિમાસઇં 'થોડું દીસઇં, તૃપતિ ન એતલિં હોસ્યઇ;
ટાદૂં લૂખઉ પડસ્યઇ ઇણમાં, રસ એહનઉ તવ ખોસ્યઇં ...૫૯
અથવા ભમસ્યઇ કિહાં ઘરિ ઘરિ ? આપૂં પૂરણ અન્ન;'
ઇમ આલોચી દીધૂં સઘલૂં, ત્રિહું ભાગઇ કરી મન્ન ...૬૦
મુનિ વિહરીનઇં ગયું વનાંતરિ, હવિં વસુદત્ત અધિકાર;
આવી માઇં [૩]પ્રીસિઉં ભોજન, ઉઠી જિમી તિ દ્વારિ ...૬૧
વછ ચારિવા ગયું ફરીનઇં, તેહવિ થયું તિહાં [૪]મેહ;
તિણિ બીહકઇ ગયા [૫]વછ, દિસોદિસિ આપ આપણઇં ગેહ ...૬૨

---

૧. આળસુ માણસ; ૨. ઉત્પન્ન થયો; ૩. પીરસ્યું; ૪. વરસાદ; ૫. પશુ.

* (કડી-૫૭) (૧)કોઈ માણસોને દાનનો ભાવ (ચિત) હોય છે પણ દાન યોગ્ય સુપાત્ર નથી હોતું. હવે ગુણવાન એવું સુપાત્ર પ્રાપ્ત થાય તો ચિત્ત નથી હોતું. એમ ચિત્ત અને વિત્તનો સંબંધ દુર્લભ છે. હવે એ બે વસ્તુ મળી જાય પણ ત્રણ વસ્તુ - ચિત્ત, વિત્ત, પાત્રનો સંબંધ અતિ દુર્લભ છે.

(૨) જ્ઞાનદાનથી સર્વજ્ઞ થવાય છે. અભયદાનથી અભય મળે છે. અન્નદાન કરવાથી હંમેશા સુખી થવાય છે.

(૩) અહો ! વાદળ વિના વૃષ્ટિ થઈ. પુષ્પ વિના જ ફળ ઉત્પન્ન થયું. ઉત્કૃષ્ટ (પ્રચુર) પુણ્ય થયું જેથી સાધુનો સંગ થયો.

અસ્તાચલ ગયું દિનકર તેહવિ, પસરિઉ મેઘાઘાર;
[૧]દાડુર મોર કોકિલા બોલઇં, વિચિ વીજલિ કા ઝંકાર ...૬૩
ઉંચ-નીચ ભુઇં કિમ હીડાયઇં ? પંથ લહિઉ નવિ જાઇ
અંધારે રયણિઇ ગોપુરના, દ્વાર ઉઘાડ્યાં ન જાઇ ...૬૪
[૨]દૂકડઉ આવી રહિઉ ગોવાલઉ, સીત વાઇ કષ્ટાણો;
થયું પ્રભાતનઇં આવિઉં, મંદિર રોગ તણઉ થયું એ ટાણો ...૬૫
સરસ આહાર અજીરણ દોષઇં, થઇ [૩]વિસૂચિકા તાસ;
સૂલ ઉપનો સાસ વધિઉ અતિ, હવિ જૂયઉં કિહાં કરઇ વાસ ? ...૬૬
પ્રકૃતિ સોય(મ) ભદ્રિક પરિણામઇં, મધ્યમ ગુણનઇં યોગઇં;
બાંધિઉં આઉખૂં મનુષ્યતણું, સુભ પુણ્ય તણઇં આભોગઇં ...૬૭
પુણ્ય સમુદ્ર લહરેં ઉછાલી, નાખિઉં દેખઉ સુઠામિ;
વિજયશેખર કહિ ઢાલ એ બીજી, મોટી થઇ [૪]અભિરામિ ...૬૮

દુહા : ૨

રાજગૃહી નગરી ભલી, ઇંદ્રપુરી અવતાર;
રાજ કરી તિહાં રાજીઉં, **શ્રેણિક** સમકિત ધાર ...૬૯
અંતપુરિ જાણે અપછરા, રાણી રુપિ રતન્ન;
ચિલ્લણાં દેવી આદિ દે, રંજેં રાયનું મન્ન ...૭૦
ચ્યારે બુધિ તણો ઘણી, **અભયકુમાર** મંત્રીસ;
રાજસિરી જિણિ દીપતી, શ્રાવક વિસ્વાવીસ ...૭૧

ઢાળ : ૩ (રાગ : કેદારો. ધન ધન ધનુ અણગારજી...એ દેશી.)

તિણ પુરઇ ધનદ સમોવડઇ, **ધન સેઠ** નાંમિ ઉદાર રે;
ઘરણિ છઇ તાસુ **કલાવતી**, ચતુર સતીય દાતાર રે ...૭૨
પુન્ય વિના સુખ કિમ હુઇ ? વાત છઇ પુન્યની મોટી રે;
પુન્યઇ મનોરથ સવિ ફલઇ, પુન્ય વિણ વાત સવિ ખોટી રે ...પુ૰ ...૭૩
કરઇ તે મિથ્યાત સુત કારણઇ, ગોત્ર જ ગોરિ મનાવિ રે;
જાણ જોસી નઇં પૂછઇ જઇ, તેલ સિંદૂર ચડાવિ રે ...પુ૰ ...૭૪
પૂજા કરઇ ફલેં કરી, કેસર અંગિ લગાવિ રે;
ચંદ્રઓ માનઇં ચામુંડાનિ, ધૂપ ઉખેવી ગુણ ભાવિ રે ...પુ૰ ...૭૫

---

૧. દેડકાં; ૨. નજીક; ૩. કોલેરા; ૪. આનંદ

[૧]જાખ ને [૨]સેષ મનાવીયા, [૩]રુદ્રી માની બહુ વાર રે;
પણિ કાંઇ વાત સીધી નહીં, પુણ્ય કરઇ હિવિ સાર રે ...પુ॰ ...૭૬
વસુદત્ત પુણ્ય લેઇ આવીયું, ધન સેઠ ઘરિ અવતાર રે;
[૪]ડોહલા [૫]સોહલા ઉપના, નિતિ નિતિ પૂરઇં ભરતાર રે ...પુ॰ ...૭૭
પૂરણમાસ થયા જસ્યઇ, ઉત્તમ દિન તિથિ યોગિ રે;
દેખઉ અપુત્રીયા ઘરિ જણિઉ, સુંદર સુત બહુ ભોગિ રે ...પુ॰ ...૭૮
મિલીય સોહાસણિ અતિ ઘણી, ધવલ મંગલ ગાયઇ ગીત રે;
તોરણ બાંધ્યાં વલી બારણઇ, વાજિંત્ર વાજિ સુરીત રે ...પુ॰ ...૭૯
કરીયા મહોછવ દશ દિનઇ, બારમિં દિનિ દીધૂં નામ રે;
કઇવન્નુ પુત્ર કોડામણઉ, રુપઇં કરી અવતરિઉ કામ રે ...પુ॰ ...૮૦
દિન દિન વાધઇ એ દીપતો, બીજ તણઉ જિમ ચંદ રે;
સકલ સુલક્ષણ ગુણઇં ભરિયો, મોહનવેલીનું કંદ રે ...પુ॰ ...૮૧
આઠ વરસનું થયું જિસ્યઉ, પંડિત પાસિ ભણાવિઉ રે;
સકલકલા તિણઇ અભ્યાસી, સુકૃત સાર જણાવિઉ રે ...પુ॰ ...૮૨
યોવનભરિ જવ આવીયો, [૬]વેધક વચન લહિ (વિ)રાગ રે;
બોલઇ સોહામણૂં સહજિસિઉં, બાંધી સારંગી વલી પાગ રે ...પુ॰ ...૮૩
ધનસેઠ અવસર જોઇ નઇ, **વૈશ્રમણ** સેઠ સુવિખ્યાત રે;
કાંતિમતી તસ્ય કન્યકા, કરિઉ વીવાહ મનિ ભાત રે ...પુ॰ ...૮૪
માતની તાત [૭]પુગી [૮]રુલી, [૯]સુજનિ મનિ આનંદ તેમ રે;
ઢાલ ત્રીજી **કૃતપુણ્યની**, **વિજયશેખર** કહિ એમ રે ...પુ॰ ...૮૫

દુહા : ૩

એક દિન મિત્રનઇં ટોલીયઇ, ભમતઉ નગર મઝારિ;
વેશ્યા નિરખી નયણાલે, લાગી અતિ મનુહારિ ...૮૬

ઢાળ પૂર્વની

અહો ! ત્રિભુવન જય ભણી, કામ પતાકા એહ;
સકલ શૃંગાર સોહાવતી, રમણી રુપેં સુરેહ ...૮૭
બિઠી ખટોલડીયઇ તિસી, મણિ દર્પણ લેઇ રંગિ;
નિજ તનુ સોભા નિરખતી, કરતી મુખ [૧૦]ભ્રૂ ભંગિ ...૮૮

---

૧. યક્ષ; ૨. શેષનાગ; ૩. પાર્વતી; ૪. દોહદ; ૫. સુખદાયક; ૬. પ્રેમાસક્ત; ૭. પહોંચી; ૮. આનંદ; ૯. સ્વજન; ૧૦. ભ્રૃકુટિ.

કચવન્નુ મનિ ચિંતવઇ, **માધવસેના** દેખિ;
'ભલઇ આવિઉ ઇહાં કણિ, લેખ વિદિ ન સોઇ લેખિ' ...૮૯

ચતઃ *** અહો ! લાવણ્યમેતસ્યા અહો ! રુપ જગજ્જયિ।**
અહો ! સૌભાગ્ય સંપત્તિ વિશ્વ વિસ્મયકારિણી।। ...૯૦

મગન થયું સા દેખી નઇં, 'અહો ! નારિ રતન્ન;
આપ વિધાતા નિરમઇ, કરી અધિક જતન્ન ...૯૧

જિહાં ગુણ તિહાં નહીં રુપ છબિ, પુંહચિ પદમણિ ખોડિ;
અહો ! લાવણ્ય કલા ભરી, એહની જેવી કોઇ ન જોડિ ...૯૨

વિસાલા અહો ! મનમોહન અવતરી બાલ;
અહો ! જગ આણંદ કરિવા એહ, વિધિ સિરમાણ કરિઉ ભલઇં દેહ ...૯૩

અહો ! વેણી સરલી કાલઉ નાગી, અહો ! મણિ રાખડી મણીયા લાગ;
[૧]નિલવટિ તેજ તપઇં સનૂર, મૂખ પૂનમ સસિ જાણે પૂર ...૯૪

અણીયાલી આંજિ આંખડી, કમલતણી સાચી પાંખડી;
નાસિકા સુક ચંચ [૨]વેસર જાણિ, અધર [૩]વિડૂમ દંત મોતિન ખાણિ ...૯૫

કાનિ ઝબૂકી ઝાલિ સુરંગિ, કૂંલી બાંહ [૪]કલાચિકા ભંગિ;
પાન પયોધર [૫]કેસરલંકી ગતિ, જિસ્યઉ ગજપતિ નિસંક ...૯૬

ચરણકમલ કરકમલ [૬]ઉદાર, કોકિલ કંઠ જિસ્યું શ્રીસ્વર;
રુપ વખાણીઉ ત્રીજી ઢાલ, **વિજયશેખર** પૂરી થઇ તતકાલ ...૯૭

દુહા : ૪

નયણેં નયણ બિહૂં મિલ્યાં, સો ઉપનઉ કામનઉ રાગ;
ચતુરા ચુંબક લોહ જિમ, ચિત્ત જાઇ તત લાગિ ...૯૮

[૭]લડસડતી ઉઠી જિસ્યઇ, વિનય લગઇ દિઇ માણ;
પલ્યંગઇ બિસારીયઉ, મૂકઇં નયણાં બાણ ...૯૯

ઢાળ પૂર્વની

કચવન્નઇં અણાવીયાં, ઘરિથી ફૂલ તંબોલ;
ઉચિત ભગતિ કરઇ તિસ્યઇ, કુંકુમ ચંદન રોલ ...૧૦૦

---

૧. કપાળે; ૨. નાકનીવાળી; ૩. પીળા રંગનું રત્ન હોય તેવાં હોઠ; ૪. ? ? ? ? ?; ૫. સિંહ જેવી પાતળી કમર વાળી; ૬. વિશાળ; ૭. લહેરમાં.

* (કડી-૯૦) અહો ! આનું લાવણ્ય ! અહિ ! જગતને જીતનારુ તેનું રૂપ ! અહો ! વિશ્વને આશ્ચર્ય પમાડનારી તેની સૌભાગ્ય રૂપી સંપત્તિ !

લાજ સિથિલ કરી લઘુપણઇ, રહિત તિહાં લપટાઇ;
વન [૧]વરાહ કાદવ કલિઉં, વિરહ સહિઉં નવિ જાઇ ...૧૦૧

ઢાળ : ૪ (ચતુર સનેહી મોહનાં !...એ દેશી)

ચતુર રહિઉં હિવિ તિહાં કણિ, ભોગવિ ભોગ સુરંગા રે;
ષટ રિતુ આવઇ વસી તિહાં, નાચ ગીત તરંગા રે ...૧૦૨
કચવન્નુ સુખ માનતઉ, નિત નિત પ્રેમ આનંદા રે;
[૨]વિગતિ લહિ નવિ દિવસકી, એ કિસ્યું [૩]રોહિણિ ચંદા રે ...ક૰ ...૧૦૩
કબહીં કથા કહિ હસિ હસી, કબહી ગીત સુગાઇ રે;
કબહીં બહુ તાલસુ ઉરગટઇ, કબહીં વીણા વાઇ રે ...ક૰ ...૧૦૪
કબહીં હીયાલી પૂછીઇ, કબહીં રાગ આલાપઇ રે;
કબહીં બોલન ચતુરાઇ, કબહીં ઉત્તર આપઇ રે ...ક૰ ...૧૦૫
કબહીં જલિં [૪]ખંડોખલી, કબહીં રમઇ ઉદ્યાનઇં રે;
કબહીં હીંડોલઇ હીંચઇ, કબહીં કતૂહલ ગ્યાનિ રે ...ક૰ ...૧૦૬
કબહીં મેડી મંદિરઇ, કબહીં સોગઠઇ ખેલઇ રે;
કબહીં રુસણું રસ ભરઇં, ઇમ વેલા જાઇ કેલિં રે ...ક૰ ...૧૦૭
દિવસ દિવસ પ્રતિ વિલસીયઇ, એક સત આઠ દીનારો રે;
માય તાય દીયઇ મોકલી, આપણા સુત સુખકારો રે ...ક૰ ...૧૦૮
ભાડા મૂલ તણી પરઇં, આવિઉં સોઇ ખરચી જઇ રે;
ભોગી નઇં ઉપયોગી જિકાં, વસ્તુ તિ કાં લીજિઇ રે ...ક૰ ...૧૦૯
વરસ બાર [૫]વઉલ્યાં તિહાં, ઇણિ પરિ કોસા આવાસઇં રે;
ઘર સુખ છોડી નઇં રહિઉ, **માધવસેના** પાસઇં રે ...ક૰ ...૧૧૦
સ્વર્ગલોકિ જણણી પિતા, પુહતા તેહનું ન સુધિ રે;
પ્રાણ પ્રિયા પ્રીતમ કાજઇં, મોકલઇં દ્રવ્ય સુબુધઇં રે ...ક૰ ...૧૧૧
દિન કેતઇં વીતું ધન્ન, કાંતિમતી લેઇ છાબ રે;
ભૂષણ ભરી પૂણ થાપઇ, જાણઇ દીઇ દાસી જબાપ રે ...ક૰ ...૧૧૨
માધવસેના ચીંતવઇ, દેખી નારિનો ભેદ રે;
‘‘પતિવ્રતા ધરમ એ વહિ, મનિસું કરતી ખેદ રે ...ક૰ ...૧૧૩
કાંતિઇં સૂત્ર સોહાસિણી, નિજ આજીવિકા દાખઇ રે;
એહુ ભલી પતિ રાગિણી, વાત [૬]દુરસ ઇણિઇ આખી રે ...ક૰ ...૧૧૪

---

૧. ડુક્કર; ૨. વીગત, સમજણ; ૩. નક્ષત્ર; ૪. ક્રીડા માટેની નાની વાવ, હોજ, કુંજ; ૫. પસાર થયાં; ૬. ખરી.

તઉ નવિ જુગતું એ લેવા, ઇણિ સ્યું ભંડાર ભરાઇ કોઇ રે ?
નિજ ઘનઇં પૂંજીનઇં વાલિઉં,'' કહિ અક્કા સુવિલાસઇ રે ...ક૰ ...૧૧૫
''સુણી બેટી ! અલતા સમઉ, રસ ગ્રહિ વિરસઉ દીસઇ રે;
કાઢી જઇ ઘરિથી હવિ, સ્યું દેખી મન હીંસઇ રે ?'' ...ક૰ ...૧૧૬
બેટી કહિ સુણિનઇ માતા, ''એહ પ્રાસાદિ દ્રવ્ય મેલિઉં રે;
કિમ કાઢી છેહ દાખીયઇ ? એહસિઉં પ્રાણ મઇ ભેલિઉં રે'' ...ક૰ ...૧૧૭
''સુણિ સુતા ! સિઉં નવિ જાણઇ, વેસિ તણઉ આચાર રે ?
આદર કીજઇ દ્રવ્યનઇં, સંપત્તિ એ સણગાર રે ...ક૰ ...૧૧૮
પંખી ન આવઇ તરુ સૂકિં, સારસ [૧]સરઇ નવિ જાઇ રે;
ભમરઉ નીરસ ફૂલડે, મૃગ વન [૨]દાઘઇં [૩]પુલાઇ રે ...ક૰ ...૧૧૯
ભૂપનઇં ભટ તજિ [૪]ભાવઠઇ, ખૂટઇ ઘીર વછ ગાઇ રે;
પ્રીતિ તિહાં લીજઇ દીજઇ, સ્વારથ નઇ સહુ થાઇ રે ...ક૰ ...૧૨૦
સાર ગ્રહી નઇ કૂચઉ છંડઇ, જિમ [૫]રાયણિ [૬]નીકોલ રે;''
માત વચન સુણી સા થઇ, વલતી બોલી બોલ રે ...ક૰ ...૧૨૧
''આપ કાજિ કરું આદર, એ કરિ નેહ વ્યાઘાત રે ?
નિપટ નીઠુર ચિત્તઇં માડી ! આડી સિઉં કહૂં વાત રે'' ...ક૰ ...૧૨૨
મનિઅ સુહાતઉ માતનઇં, પાયું મદિરાપાણી રે;
ઉઠિને કચરઉ [૭]બુહારીયઇ, તિણિ [૮]મિસિ કાઢિઉ તાણી રે ...ક૰ ...૧૨૩
હા ! હા ! [૯]ઉછાકી પ્રીતડી, [૧૦]કારિમઉ રંગ પતંગ રે;
વાદલની જિસી છાંહડી, મૂરિખ મહિલા સંગ રે ...ક૰ ...૧૨૪
ખિણ રાચઇં વિરચઇ ખિણઇં, તહસ્યું કેહી નેહો રે ?
વિજયશેખર ઢાલ એ ચઉથી, માનિ સીખ સુસનેહા રે ...ક૰ ...૧૨૫

દુહા : ૫

યા ઠગિની સબ જગ ઠગ્યો, ઠગીઆ સયલ સંસાર;
જિન ઠગયા ઠગિની ઠગી, તિન ઠગ કે બલિહાર ...૧૨૬
થોડા બોલઇં બોલ, કુલવંતી પાલિ ઘણું;
કપટ તણા કલ્લોલ, [૧૧]જણ જણસ્યું વેશ્યા કરઇ ...૧૨૭
[૧૨]લછી [૧૩]જુવ્વણ જૂયવઉ, વર કાંમિણિ વ્યાપાર;
વિલસી છંડઇ ચતુર નર, ખૂંચી મરઇ ગમાર ...૧૨૮

---

૧. સરોવર; ૨. દાઝે, બળે; ૩. પળે, જાય; ૪. મુશ્કેલી; ૫. રાયણનું ઝાડ; ૬. ફોલે, નિષ્ફળ; ૭. વાળવું; ૮. બહાના હેઠળ; ૯. ઉછાળી; ૧૦. બનાવટી; ૧૧. પ્રત્યેક માનવ; ૧૨. લક્ષ્મી; ૧૩. યૌવન.

ઢાળ : ૫ (રાગ : દેસાખ મિશ્ર. કાંમણની દેશી... એ દેશી)

કાંમણડૂં જગિ માંહિ મોટું, નારિ ઉતારિ નર માંન મોરા લાલ રે;
વિપરીતઉ અવસરિ ઘાય ઘાલિ, એહનું વિરુઉ સહિજ નિદાંન મો. ...કા. ...૧૨૯
કાંમણડડૂં કરઇ માણસિં દૂરેં, ગેવા તંતણિ વીંટિ મોરા લાલ રે;
માંકડ અસ્થિનઇં બાઉલ સૂલઇ, ઘાલિઇ ભૂ તલિ [૧]ઇંટિ મોરા લા...કા. ...૧૩૦
સજિ સિણગાર સોહાવઇ નારી, દેખાડઇ અંગ ઉપાંગ મોરા લાલ રે;
નયણ બાંણિ હરઇ પ્રાંણીનૂં મન, ખિણિમઇં [૨]ભમુહનિ [૩]ભંગિ મો...કા. ...૧૩૧
ખિણમઇં બાંહ લોડાવે નારી, મુહ મટકિ મોહિ ચિત્તિ મોરા લાલ રે;
[૪]અલવઇં સહિજઇ ચાલિ લટેકિઇ, બોલઇ મધુરું નીતિ મો...કા. ...૧૩૨

ચત : *** अधीत्य शास्त्राणि विमृस्यचार्थान् न तानि वस्तु पुरुषाः समर्थाः ।**
यानि स्त्रियः प्रत्यभिधांनकाले वदंति लीला रचिताक्षराणि ।। ...૧૩૩

જિમ હથીઆર ચડાવઇ [૫]સરાણઇ, ઉપઇ ઝાકઝમાલ મોરા લાલ રે;
તિમ વિલાસવતીયઇં ભખીતઉ, નવિ [૬]વીયઇ જાતઉ મોલ મોરા લા. ...કા. ...૧૩૪
અગનિ ઉપરિ ઘરિઉ પાપડ પાંહિ, ફૂલિ રંગેં તેહ મોરા લાલ રે;
તિમ નર નારિ મિલિઉ નવિ માંનઇ, પીડા થાતી દેહ મો. ...કા. ...૧૩૫
તિહાં લગિ પ્રેમ તણો [૭]પય ઉજલ, મધુરાઇ મનિ પ્રેમ મોરા લાલ રે;
જિહાં લગિ નારિનું [૮]આછણ ન પડિઉં, તિણિ ખણિ ફાટે [૯]ફંદિ મો...કા. ...૧૩૬
વસિ કીધું વનિતાઇં જિહારઇં, હિતકારી પરિવાર મોરા લાલ રે;
ખિણ માંહિ તસ પ્રીતિ વિછોડે, હિત અહિત ન વિચારે મો. ...કા. ...૧૩૭
નેહસમુદ્ર [૧૦]નીપાજિએ, જાંણિ વિરોધ તરુની [૧૧]નીક મોરા લાલ રે;
માયા સાપિણિનૂં બિલ નારી, ખોટૂં રતન [૧૨]અકીક મો. ...કા. ...૧૩૮
કામિ કલેસ કરયા ઘણેરા, **અરહન્નક** પડિઉ પાસિ મોરા લાલ રે;
આર્દ્રકુમાર અષાઢ મુનિસર, નંદિષેણ નડિઉ [૧૩]હાસિ મો. ...કા. ...૧૩૯
લંકેસર **પદ્મોત્તર હરિહર**, ભૂલો **પ્રજાપતિ** દેખિ મોરા લાલ રે;
દવદંતી નિરખી **નલ** ચૂકઉ, **મણિરથ** સંબંધ પેખિ મો. ...કા. ...૧૪૦
શ્રી મહાવીરના શિષ્ય ચલ્યા ચિત્તિ, **ચિલ્લણા** જોઇ તેણિ મોરા લાલ રે;
ચંડપ્રદ્યોતન રીઝિઉ **મૃગાવતિ**, ગઢ પાડિઉ ઉજેણિ મો. ...કા. ...૧૪૧

---

૧. બાકી; ૨. ભમાડે; ૩. રીત; ૪. લીલાપૂર્વક; ૫. ધાર કાઠવાનું યંત્ર; ૬. ઉઘડતી; ૭. પાણી, દૂધ; ૮. ઓછાયો; ૯. જાળ, બંધન; ૧૦. ઉત્પન્ન કર્યો; ૧૧. પાણી જવાનો માર્ગ; ૧૨. ચળકતો લીસો પત્થર; ૧૩. હાસ્ય;

* (કડી-૧૩૩) પુરુષો શાસ્ત્ર ભણે અને તેનાં અર્થોને વિચારે છતાં તેઓ તે જાણવા સમર્થ થતાં નથી, કે જે અર્થોને સ્ત્રીઓ ઝઘડા વખતે લીલામાત્રમાં તે અક્ષરોની રચના કરીને બોલે છે !

ઘમ્મિલઇં ઘન સઘલું ખોયું, વેશ્યા રસિ વિન્નાણ મોરા લાલ રે;
કુલ કલંક દઇ કાંમિણિ કૂડી, પરમણી તજઉ જાંણી મો. ...કા. ...૧૪૨
મોહ નીંદ ઘારિઉ [૧]નવિવીવઇ, નેહની [૨]માંજઇ પાટી મોરા લાલ રે;
[૩]છેહ લગે કિમ મંદિર ચાલે, ભીંતિ ઢલઇ સહી માટી મો. ...કા. ...૧૪૩
લડસડતો નીકલીયું નેટિઇ, ઉઘડી તિહાંરે [૪]મીટિ મોરા લાલ રે;
'હે ! હે ! મુઝને છેહ દિખાડિઉ, કિહાં [૫]નીલક વસ્ત્ર કિહાં [૬]છીંટિ મો. ...કા. ...૧૪૪
પગ [૭]આઘાન વહિ પ્રેમઇં કરી, તેડસ્યઇ મુઝ ફિરી દેખિ' મોરા લાલ રે;
[૮]ચિટપટિ લાગે ચતુરનઇં [૯]ચિત્તિય, ઘટી જાયઇ અલેખિ મો. ...કા. ...૧૪૫
વિજયશેખર ઢાળ પાંચમી જાંણો, કવિ [૧૦]કલ્લોલની વાત મોરા લાલ રે;
કયવન્નો ઘર [૧૧]સાહમઉ ચાલિઉ, સોક હરખ [૧૨]સંઘાત મો. ...કા. ...૧૪૬

દુહા : ૬

[૧૩]ઉરહું પરહું જોવતો, પૂછઇ જનનઇ ભેદ;
દેખી મંદિર ઢલી પડ્યાં, કરતો મનિસ્યૂં ખેદ ...૧૪૭
ઓલખી નહી તે કાંમિની, દુરબલ ડીલે વાંનિ;
કાંતઇ બેઠી અણમણી, વસ્ત્ર નહીં પરઘાંન ...૧૪૮
આઘું જઇ પાછો વલઇ, મુખ ઘાલે વલિ દ્વારિ;
કે પ્રીઉ પ્રીઉ સારિખુ, ઉઠી સંભ્રમ નારિ ...૧૪૯
''પાઉધારો પીઉ ! મંદિરઇ, હિવ હું હુઇ સનાથિ;
બઇસું સેજિ સુખાસણઇ, સહી આવી મુઝ આથિ'' ...૧૫૦

ઢાળ : ૬ (રાગ : મલ્હાર. જી હો આંગણિ વાવૂં એલચી...એ દેશના)

લાલા ટોડઇં નાગરવેલિ, જી હો ઘરિ આવ્યા પ્રીઉ પ્રાહુણા;
લાલા આજ હુઇ રંગ રેલિ, [૧૪]પનુહતઇં [૧૫]સોમ નજરિં કરી આજ;
જીહો ભય [૧૬]ભાવઠિ ગઇ દૂરિથી લાલા સીધાં સકલાં કાજ પનુ....આંકણી ...૧૫૧
જીહો દ્રાખ તણા રચું માંડવા, લાલા લાગઇ ન સૂરિજ તાપ;
જીહો [૧૭]વાય ન સીતલ લહિરડી, લાલા પંથિ ન દેખિઇ [૧૮]અઘાપ ...૫. ...૧૫૨
જીહો કરતા મનોરથ નવ નવા, લાલા તે ચડીય પરમાંણ;
જીહો સહિજઇ સોભાગી આવીઉ, લાલા [૧૯]નાહલઉ ચતુર સુજાંણ ...૫. ...૧૫૩

---

૧. ઉઘડતી નથી; ૨. સાફ કરવી; ૩. છેડો, અંત; ૪. માંડેલી નજર; ૫. વસ્ત્ર વિશેષ; ૬. જાડું કપડું; ૭. મોજડી; ૮. ઝડપ, ઉતાવળ; ૯. ચિત્તમાં; ૧૦. આનંદ; ૧૧. સામે; ૧૨. સાથે; ૧૩. આમતેમ; ૧૪. પવિત્ર; ૧૫. સૌમ્ય; ૧૬. ઉપાધિ; ૧૭. વાય; ૧૮. થાપ, ફરેબ; ૧૯. નાથ.

જીહો લાખ સંદેસા કહાવીયઇ, લાલા મિલવું કેઇ જાત;
જીહો જાં લગિ ન મિલે નયણલે, લાલા [૧]ભામણેં ભૂખ ન જાત ...પ૰ ...૧૫૪
જીહો આજ સફલ દિન માહરો, લાલા ઘન ! વેલા ઘન ! ગેહ;
જીહો [૨]લટકિ આવિઉ લખપતી, લાલા ઠૂઠો કાલે મેહ ...પ૰ ...૧૫૫
જીહો આવો [૩]સહીઅ [૪]સમાંણીયા, લાલા ગાવઉ [૫]સોહલા ગીત;
જીહો કુંકમ થાપા બારણે, લાલા તલીઆ તોરણ પ્રીતિ ...પ૰ ...૧૫૬
જીહો જઉ હૂંતા પ્રીઉ ઢૂંકડા, લાલા આવિ મિલ્યા સુસનેહિ;
જીહો પરદેસીસું પ્રીતડી, લાલા વલતૂં ન જુએ ગેહ ...પ૰ ...૧૫૭
જીહો વીછડીયાં આવી મિલ્યે, લાલા જઉ હુઇ ઘટમાં પ્રાંણ;
જીહો આસ [૬]વિલૂધો જીવડો, લાલા આસ ફલઉ [૭]નિરવાંણ ...પ૰ ...૧૫૮
જીહો વિહચી વધામણી કંતની, લાલા આપે ભોજનનું દાન;
જીહો મુજરે આવી વાતડી, લાલા દેતી સુજ્જનને માંન ...પ૰ ...૧૫૯
જીહો લૂણ ઉતારો બહિનડી, લાલા મોતીડે વધાવિ;
જીહો ચંદનની આંગી રચો, લાલા ઇમ કરી મુઝ મનિ ભાવિ ...પ૰ ...૧૬૦
જીહો નવ નવ ભગતિ કરે વલી, લાલા સ્નાન મંજ્જન સુખ સેજિ;
જીહો ભોજન [૮]કૂર કપૂરસિઉં, લાલા સાચવે વચન સુહેજિ ...પ૰ ...૧૬૧
''જીહો માત-પિતા વિણ ભૂમિકા, લાલા અપ્રિય લાગે આવાસ;
જીહો જસ મન માંનિઉ જેહ સિઉં, લાલા તેહ વિણ સૂનૂં તાસ''...પ૰ ...૧૬૨
જીહો કાંતિમતી કહિ કાંમિની, ''લાલા થોડૂં કીજેં દુખ;
જીહો [૯]જગવટ ચાલઇ ઇણિ પરઇં, લાલા પુન્ય થકી હુઇ સુખ''...પ૰ ...૧૬૩
જીહો ઇણિ પરિ દઇ આસાસના, લાલા પદમણિ પ્રેમ વિલાસ;
જીહો સોક સંતાપ નિવારતી, લાલા કરતી નેહ પ્રકાસ ...પ૰ ...૧૬૪
જીહો ગણિકા નેહ વિસારિ નઇં, લાલા ભોગવિ નિરુપમ ભોગ;
જીહો દિશા વલી ફિરી ઘરતણી, લાલા મલીઉ ઉત્તમ યોગ ...પ૰ ...૧૬૫
જીહો કાંતિમતી થઇ [૧૦]ગુરુવિણી, લાલા પ્રીતમ પ્રેમ સંયોગિ;
જીહો [૧૧]સીંપોડી મોતી ઘરઇ, લાલા સ્વાતિ નક્ષત્ર ઘન જોગિ ...પ૰ ...૧૬૬
જીહો દ્રવ્ય ઉપારજિઉ, જોઇયઇ, લાલા પ્રવહણિ ચડવા ભાવ;
જીહો **વિજયશેખર** કહિ તે કહૂં, લાલા છઠી ઢાલ પ્રસ્તાવ ...પ૰ ...૧૬૭

---

૧. ઓવારણા; ૨. અણધાર્યું, દૈવ યોગે; ૩. સખીઓ; ૪. સરખે સરખી વયની; ૫. ઉત્સવ; ૬. વિલુબ્ધ, આસક્ત; ૭. નક્કી, ખરેખર; ૮. સુગંધી ભાત; ૯. જગાચાર; ૧૦. ગર્ભવતી; ૧૧. છીપમાં રહેતી મોતી બનાવનાર માછલી.

દુહા : ૭

હવેં કયવન્નો મન કરે, પરદેસેં દ્રવ્ય [૧]હેતિ;
નારિ ઉપાયું (દે)ખાડયઇ, નરનેં લાજ સંકેત ...૧૬૮
નિરધન [૨]નિધન કહિઉં સમૂં, આદર કોઇ ન દેય;
લખિમીયઇ ગુણ સવિ વસઇં, તે જાતઇ ગુણ [૩]હેય ...૧૬૯
[૪]સાથ મિલિઉ હિવિ તેહવિ, પતિ વહસ્યે જલ પંથિ;
નારિ કલા કરઇં તેહવિ, જાણિઉં એ નિગ્રંથ ...૧૭૦
ઇક આવાસ પીહર તણો, બીજો આપણો જાણિ;
[૫]ગ્રહણ મૂંકી ઘન ગ્રહિઉં, આપિઉ પતિ નઇં [૬]પાણિ ...૧૭૧
ગઢ બાહિર જઇ ઉતરિઉ, કયવન્નો જિહાં સાથ;
દેઉલમાંહિ નારીઇ, સેજિ મુંકી [૭]સંબલ તસ પાથ ...૧૭૨
સાથી જે પાસે હુંતા, દીધી ભલામણિ તાસ;
રોતી આવિ નિજ ઘરેં, હીયઇ ન માઇ સાસ ...૧૭૩
‘‘બારે વરસે કરિ ચડિઉ, વલી કિમ હસ્યું સોય ?
હૈ ! હૈ ! દૈવ [૮]અટારડો સુખ પૂરણ નિવિ હોઇ ...૧૭૪
ઇક [૯]અણાથિ ઘરે તિસી, પ્રીઉ ચાલે વિદેસિ;
ખિણ ખિણ ખટકે સાલ જિમ, એ દુખ કિમ સહેસિ ? ...૧૭૫
સોરઠી : કરવતડી કરતાર ! જઉ સિરેં મેહલત તાહરે;
તો તૂં જાણત સાર, વેદન વિછોહા તણી ...૧૭૬
જઇં દ્રઢિ હોઇ નેહ, તો પ્રીઉ [૧૦]સરિસા જઇયઇ;
કે હીયડા હિમ એહ, પ્રીઉ વોલાવી રોઇયઇ ...૧૭૭
લોયણિ રચે રે હીયા, તું પણિ મનિ રચેસિ;
લોયણ રોઇ છૂટસ્યે, [૧૧]તુંડજઝંતુ મરેસિ ...૧૭૮
પાણી તણઇ વિયોગિ, કાદવ જિમ ફાટે હીઉ;
ઇમ જે માણસ હોય, તે વિરલા જગિ જાંણીઉ ...૧૮૯
[૧૨]વિંઝ [૧૩]ગયંદહ વલ્લહઉ, [૧૪]મરુમંડલિ [૧૫]કરહાંહ;
હંસહ સરવર વલ્લહું, પ્રીઉ માંણસ નયણાંહ ...૧૮૦
[૧૬]ગામેતરુ મ દીઠ, ઘરવાસ દીઠા ભલા;
કાપડિ જેમ મજીઠ, ચલ કુલાઇ ચાલીઆ ...૧૮૧

---

૧. માટે; ૨. શબ; ૩. છોડવા યોગ્ય; ૪. વણઝારા; ૫. ગીરવી; ૬. હાથમાં; ૭. ભાતું; ૮. વાંકું, અટકચાળું; ૯. દારિદ્રય; ૧૦. સાથે; ૧૧. તું (મન) બળી મરશે; ૧૨. વિંધ્યાચલ પર્વત; ૧૩. હાથી; ૧૪. રણ પ્રદેશ; ૧૫. ઊંટ, કરભ; ૧૬. પરગામ.

અમ્મીવરિ ભમરલ્લડુ, કઠ જુ કુલ્લિઉ ખાઇ;
બલિ કિઉ માણસ [૧]કારિમું, [૨]વેડલ ગાડી જાઇ ...૧૮૨
*** લીણું જસુ જહિં ચીતુ, સો તિણિ દિઠ્ઠું રંજીયઇં।**
ઘણું અંધારું તોઇ, મોર લવઈ તિણિ ગજ્જીયઇં।। ...૧૮૩

ઢાળ : ૭ (રાગ : કેદારો. વિમલ વદન જસ યુગ પ્રધાન કે
અથવા કબહી મિલઇ મુઝ જઉ કિરતાર હમારા એપણિ...એ દેશી)

ઇણિ સમઇ રાજગૃહ પુરમાંહિ, **સૂર** નામિ વિવહારી રે;
નવ પરણીત ચ્યારે રમણી તજિનઇ, ચાલ્યો નેહ વિસારી રે ...૧૮૪
પુણ્ય થકી કેહનૂં સ્યું નવિ હોવે રે, કયવન્નાનેં રાતેં રે;
રાત ટલી [૩]વેલાઉલ થાઇ, પુણ્ય અછઇ જસ થાતઇ રે..પુ..એ આંકણી ...૧૮૫
જઇ પરદેસિથી આવ્યો વિહિલઉ, મણિ માંણિક દ્રવ્ય થોકઇ રે;
ભાવી પદારથ ટાલિઉ ન જાઇં, સૂર ગયો પરલોકેં રે ...પુ. ...૧૮૬
લેખબદ્ધ માઇં વાત વિચારી, રાખી વહૂ સમઝાવી રે;
ચ્યારે રે સુંદરી ચંપક વાનઇ, પુણ્ય લેઇ કોઈ નાવી રે ...પુ. ...૧૮૭
''પુત્ર ગયઉ ફિરી નાવે કોઇ, રાજકુલઇ [૪]રધિ [૫](જ)ચાવિ રે;
સુત ધન કારણિ પુરુષ આંણીજીઇ, મોરે મનિ ઇમ ભાવિ રે'' ...પુ. ...૧૮૮
બોલી વહુઅર સુણિ નઇં ''માતા ! નહીં [૬]કુલ કાંમિનિ [૭]જુગતું રે;''
વલતૂં કહે સાસૂ ''ફિરી [૮]તાથેં, સ્યું નિસુણો [૯]ગ્રંથિ જુગતું રે ?'' ...પુ. ...૧૮૯

ચતઃ *** નષ્ટે મૃતે પ્રવ્રજિ,ક્લીબેચ પતિતે પતૌ।**
પંચસ્તાપ સુનારીણાં પતિરન્યો વિધીયતે।। ...પુ. ...૧૯૦
*** કુંતીઈ વાર્મિઇં સાધિઉ યુધિષ્ટિર વાયુથી થતો ભીમ રે।**
ઇંદ્રઇં અર્જુન જાણીં નીપાયો લોકતણી શ્રુતિ સીમ રે।। ...પુ. ...૧૯૧
એક વીસારિઉ ભોગ ભોગિવિવો, ગુરુ જનનીની આંણ રે;
જૂના બિલાડાનઇં દૂધ [૧૦]ભલાવિઉં, બિહું પરિ ઉછવ જાંણ રે ...પુ. ...૧૯૨

---

૧. બનાવટી; ૨. વેલગાડી; ૩. પ્રભાત; ૪. રિદ્ધિ; ૫. જશે; ૬. કુલાચાર; ૭. યોગ્ય; ૮. સાચે; ૯. ઘન; ૧૦. સોંપ્યું.

* (કડી-૧૮૩)જેનું લેણું બાકી હોય તેને જોઈને જ ચિત્ત ઠરે છે. ઘણું અંધારૂ હોય તો પણ (મેઘ)ની ગર્જના સાંભળી મોર ટહુકા કરે છે.

* (કડી-૧૯૦) સ્ત્રીઓને પાંચ પ્રકારના સંતાપ થાય ત્યારે સુનારી અન્ય પતિ કરે. (૧) પતિ નાશી ગયો હોય. (૨) પતિ મૃત્યુ પામ્યો હોય. (૩) પતિએ દીક્ષા લીધી હોય. (૪) પતિ નપુંસક હોય (૫) પતિ પરસ્ત્રીલંપટ હોય.

* (કડી-૧૯૧) કુંતીએ સાથળથી યુધિષ્ઠિરને અને વાયુથી ભીમને ઉત્પન્ન કર્યો. ઇંદ્રની સાથે અર્જુનને ઉત્પન્ન કર્યો. આ રીતે લોકવાયકા છે. (ઇતરદર્શનની માન્યતા)

સમયોચિત માન્યું કથન [૧]સુવેધું, સાથે વહૂ લેઇ સાસૂ રે;
તિણિ રાતેં જૂઇ પુરુષ [૨]પનોતો, પહુતી [૩]દેઉલિઆસૂં સીઘ્ર રે ...પુ. ...૧૯૩
સૂતો ખાટે નીંદ મઝારેં, આણિઉ નિજ ઘરિ [૪]તાંથઇં રે;
નિશા સેષ થઇ રોઇ વિચિ વિચિ, ચ્યારે વહૂઅર સાથે રે ...પુ. ...૧૯૪
''એતા કાલ લગિં કિહાં થોભ્યા ? બહૂ કાલેં કિમ આવ્યા રે ?
અમ વિરહેં સ્યું સુખ દુખ હોઉં ? આવંતે અમ ભાવ્યા રે'' ...પુ. ...૧૯૫
કયવન્નો જાંણે 'સ્યું સાચું ? એ [૫]શ્રુત કિ [૬]અનુભૂત રે;
સિઉં માધવસેના ઘરિ સૂતો ? નવિ લહે કોઈ [૭]આકૂત રે ...પુ. ...૧૯૬
સૂનઇ હૂંકારે હોવિ સું હોવો, જોઉં સ્યું છિ કાજ રે ?'
ઉઠિઉ આલસ મોડી તાંથઇ, ખાતો જંભાઇ સાજ રે ...પુ. ...૧૯૭
બોલાવે ડોકરિ સદભાવિં, ''સુણિ સુત ! રહિ ઇણ ઠાંમિ રે;
પૂરવ જનમિઉ પાયું પુન્યઇ, તે ભોગવો અભિરામ રે ...પુ. ...૧૯૮
ચ્યારે નાયકા રંભા સરિસી, ઇહસ્યું ભોગવિ ભોગો રે;
મન દુખ છાંડી દીજે હવિ મોહન, વલી નહીં એહ સંયોગો રે'' ...પુ. ...૧૯૯
કયવન્નો કહિ ''માત ! એ રુડૂં, જે કહો તે સવિ કીજે રે;''
પામી નિધિ કુણ છંડઇ મૂરિખ ? રહો થિર થઇ ફલ લીજઇ રે ...પુ. ...૨૦૦
દેવતણી પરિ લીલવિલાસઇં, કામ ભોગ મનિ પ્રીણઇ રે;
પરદેસિ ભમતાં નવિ સોહલું, એ સુખ લહિઉ ખીણઇં રે ...પુ. ...૨૦૧
ઉંચી મેડીઇ નવિ ચઢાઇ, હેઠું ન ઉતરિઉં જાઇ રે;
બાર વરસ ઇમ વઉલ્યાં સુખ ભરિ, ચ્યાર પુત્ર તસ થાઇ રે ...પુ. ...૨૦૨
આનંદી ચ્યારેં તે રમણી, કયવન્નુ નિશ્ચિંત રે;
વિજયશેખર કહિ રાગ કેદારઇં, સાતમી ઢાળ એકંતિ રે ...પુ. ...૨૦૩

દુહા : ૮

એક દિનિ ડોકરી વહુ પ્રતઇં, કહિ એકંતઇ વાણિ;
''ધન રખવાલા ચ્યાર પુત્ર, થયા એહ [૮]વિન્નાણ ...૨૦૪
એહ અકારિજ ઇણ કરિઉ, સ્યું કરિ રહિઉ ઘરમાંહિ ?
એ [૯]નીંલજ [૧૦]ઝોટઉં [૧૧]નિઠુર, કાઢી જઇ [૧૨]ઉત્છાંહિ ...૨૦૫
મઇં સુત ખાડઇ ઘાલીયું, [૧૩]કરકોલઇ ઘર એહ;
સિઉં ખવારૂં [૧૪]ડૂંબ નઇ, વિસ દેઇ મારસિ રેહ'' ...૨૦૬

---

૧. ચતુર; ૨. પુણ્યવંત; ૩. નાનાદેવળમાં; ૪. ત્યાંથી; ૫. સાંભળવું; ૬. અનુભવવું; ૭. એંધાણ; ૮. સમજદાર; ૯. નિર્લજ્જ; ૧૦. તુચ્છ; ૧૧. નિષ્ઠુર; ૧૨. ઉત્સાહથી; ૧૩. ઉંદર (ઘો); ૧૪. અત્યંજ, ચાંડાલ.

વચન સુણી વહૂઅર કહિ, ‘‘માતાજી ! એતઓ કાલ;
રાખીનઇં કિમ કાઢીયઇ ? [૧]સહિજઇં એ [૨]સુકમાલ ...૨૦૭
દસ દિન [૩]આસંગો થયઉ, કિમ કહીયઇ તસ જાઇ;
ઇમ માંણસ પ્રેમ નવિ રહિ, એ રહિતા સુખ થાઇ’’ ...૨૦૮
સાસૂ કહિ વહૂનઇં ફિરી, ‘‘જો તુમ એતઓ મોહ;
તઉ સંબલ દિઉ સાથ તઉ, હિવિ સ્યું માંડ્યઉં [૪]રોહ ?’’ ...૨૦૯
ચતુર તિ કે ચ્યારે જિણી, કરઇં વિમાસણિ ચિત્તિ;
‘એ ડોકરિ ચંડાલણી, રાંડિ ગાલિ દિઇ [૫]ઝત્તિ ...૨૧૦
જોર કિસ્યું એ આગલઇ ? વાઘણિ પાસઇં [૬]ગાઇં;
લોક [૭]ઉખાણો એ મિલ્યો, સાપ છછુંદરિ દાઇ’ ...૨૧૧
હરખી કરયા [૮]હીયાલીયઇં, મોદિક તામ અપાર;
રતન [૯]સંચારયાં અતિ ઘણાં, ભરિઓ કોથલ ભંડાર ...૨૧૨
અતિ ઘણી રાતઇં જગાડીયો, જે જાગઇં પ્રહકાલિ;
સોઇ સેજિ [૧૦]હાદિરિ કરી, બુધિ ઉપાઇ તાલિ ...૨૧૩
પાટીઉ તેલિ સિઉં ખાટની, તિણિ સૂયઉ ઇણિ સેજિ;
આધી રાતિં કાઢિવા, ડોકરિ કરતી હેજિ ...૨૧૪
કયવન્નો હવિ રંગ ભરી, સૂતઓ થઇ નિશ્ચંત;
[૧૧]સનકારઇં ચ્યારે મિલી, ઉપાડીઉ (ખાટ) તુરંત ...૨૧૫
ભાગ્ય યોગિ તિણિ દેઉલઇં, ટાણઇ આવિઉ સાથ;
તિહાં મૂકી નારી વલી, દુઃખઇ ઘસતી હાથ ...૨૧૬

ઢાળ : ૮ (માંગલીયાની અથવા બાંગડીયાની...એ દેશી)

વાહણ આવિયાં પરદેસનાં રે, ખુસી થઇ ઘણિ તાંમ રે;
નાહનડીઆ ! બાપ આવિઉ હુસઇ તાહરઉ રે;
બાર વરસિં અભિરાંમ રે નાહનડીયા ...૨૧૭
જઇ પૂછિ સંદેસ સુભ મતીયાં, કાંઇ જાગેં તેરી રતીયાં;
ચાલી ચાલિ નાર સમુદ્રનઇં તીરિ રે...ના૰...આંકણી ...૨૧૮
સાંઝ સમય થયો તેહવઇ રે, [૧૨]ઝાલ ફલી જોવા જાઇ રે..ના૰
આવિઓ પાડોસી તિણિ સમઇં રે, દીઠઇ હરખ ન માઇ રે ...ના૰...૨૧૯

---

૧. સ્વાભાવિક રીતે; ૨. કોમળ, દયાળું; ૩. અનુરાગ; ૪. રોષ, ગુસ્સો; ૫. ઝટ; ૬. ગાય; ૭. કોયડું; ૮. હિંમતથી; ૯. મૂક્યાં; ૧૦. પાથરી; ૧૧. સાન, ઈશારો, સંકેત; ૧૨. વનરાજી.

પૂછઇ સ્વાગત તેહનઇં રે, ‘‘કાંઇ થયા દિન કેઇ રે ? ના૰
કિહાં વસ્યા કિણ દેસડઇં રે ? આવ્યા અમ પતિ લેઇ રે ? ...ના૰ ...૨૨૦
સુહિલા હુંતા કિસ્યું માર્‌ગઇં રે ? કરિઓ કિસ્યો વિવસાય રે ? ના૰
લેઇ લાભ સિઉ આવીઆ રે ? નયણે દીઠા ભાય રે’’ ...ના૰ ...૨૨૧
વચન સુણીઓ ઝંપીયો રે, નવિ બોલિં નર્‌ સોય રે..ના૰
માત કહિં બેટા પ્રતઇં રે, ‘‘ખેમકુશલ નહીં જોઇ રે’’ ...ના૰ ...૨૨૨
કર્‌મ ફૂટઉ સહી માહરો રે, નહીં સાસૂ સંબંધ રે..ના૰
નહીં સસરો જેઠ દેવરુ રે, ઘણીઅ વિના સવિ ધંધ રે ...ના૰ ...૨૨૩
હૈ ! હૈ ! દૈવ ન પાધરો રે, રુઠઉ કાંઇ અકાલિ રે..ના૰
નાહલીઆ વિણ સું કરૂં રે ? બાલું યોવન બાલિ રે ! ...ના૰ ...૨૨૪
આવિઉ રાખી નવિ સકિઉ રે, મુઝ સુરિજન ઇહાંઇ રે..ના૰
કહિ વિધિ મઇં સ્યૂં[૧] વિણાસિઉં રે, [૨]દુહિલી મ દીધી કાંઇ રે ...ના૰ ...૨૨૫
ભલી વાત ભલા કહિ રે, ન કર્‌ઇ[૩] વિરુઓ જાંણિ રે..ના૰
ચાલઉ જઇયઇ[૪] ખોલડઇ રે, [૫]સુધિ લહિસું [૬]સુવિહાણિ રે ...ના૰ ...૨૨૬
હીયડઇં ઝૂરઇ ઇણિ પરઇં રે, આંખઇ આંસૂ ધાર રે..ના૰
વેલ્યા દિન મઇં દોહિલા રે, હવિ હૂઇ નિરધાર રે ...ના૰ ...૨૨૭
રયણી અતિ [૭]દુભર [૮]ભઇ રે, ઘડી ગણઇ છ માસ રે..ના૰
જાણઇં કદાચિત પતિ હુવઇ રે, હીયડઇં છઇં બહુ આસ રે ...ના૰ ...૨૨૮
પ્રહ સમઇં પુત્ર સાથઇં ગઇ રે, જાવા સમુદ્રનઇં તીર રે..ના૰
જનભૂમિ જોતી પૂછતી રે, આંખઇ આંસૂ નીર રે ...ના૰ ...૨૨૯
જોતાં દીઠઉ દેઉલઇં રે, કોથલડઉ વલી પાસિ રે..ના૰
‘જાણું સકઇં પ્રીઉ પોઢીઉ રે, તિહિજ ખાટ ઉલ્હાસિ રે !’ ...ના૰ ...૨૩૦
ઇમ ચીંતવતાં તતખિણ રે, ઝબકિં ઉઘાડિઓ મુખ રે..ના૰
રોમિ રોમિ તન ઉલ્લસી રે, પામી હીયડઇં સુખ રે ...ના૰ ...૨૩૧
‘એહ શરીર સોહામણૂં રે, એહ હીયડાનો હાર રે..ના૰
એ મોહન ભાલિ ચંદલો રે, એ પતિ એ શૃંગાર રે ...ના૰ ...૨૩૨
ભાંગી ભાવઠિ કર્મની રે, પુણ્ય [૯]દિસા વલી આજ રે’..ના૰
આઠમી ઢાલઇં પતિ મિલ્યો રે, **વિજયશેખર** સુખ સાજિ રે ...ના૰ ...૨૩૩

---

૧. નાશ કર્યો; ૨. દુઃખી અવસ્થા; ૩. વિરુપ, ખરાબ; ૪. જઈને; ૫. સમાચાર; ૬. વિધિપૂર્વક; ૭. મુશ્કેલીથી; ૮. પસાર થયો; ૯. દશા, હાલત.

દુહા : ૯

[૧]કલિબલિ [૨]નિસુણી જાગીઓ, જાણઇં દેખ્યું [૩]સુપન્ન;
[૪]ગોચર ગાંમ તણૂં લહી, ચમકિઓ ચિત્ત કયવન્ન ...૨૩૪
'ડોકરિ કાઢિઉ ઘર થકી,' પેટી પડી [૫]ચીવટ્ટિ;
'દૈવઇં સુખ ન પૂરાં દીયાં, ત્રોડઇ સિરિની લટ્ટિ ...૨૩૫
કિહાં તે મંદિર માલીઆં, કિહાં સુંહાલી સેજ ?
કિહાં તે મીઠા બોલડા, કિહાં ચ્યારે સ્ત્રી હેજ ?' ...૨૩૬

ઢાળ : ૯ (રાગ : મલ્હાર. શ્રાવણ આવિઉ હે સખી, મધુરા વરસઇં મેહ...એ દેશી)

તેહવિ તેહવિ ભામિની બોલી હસી કરી રે, ''ભલઇં મિલ્યા મુઝ દેવ !
સુધિ ન સુધિ ન જાણઇ કોઈ સાથમાં રે, મઇં જગાડયા હેવ ! ...૨૩૭
[૬]આજૂઉ આજૂઉ નાહ મિલ્યા કાંઇ પુણ્યથી રે, વાલ્હેસર ચિરકાલ;
[૭]વીછડીઆં વીછડીઆં ઇમ ન મિલઇં સખી કેહનઇં રે, આવી કરઇં સંભાલ આજૂ. ...૨૩૮
સંદેશો સંદેશો કાગલ કોઈ ન પાઠવિઓ રે, વલતી ન કીધી સાર;
ઇમકિમ ઇમકિમ નિસનેહી થઇ રહ્યો રે, રાખી જઇ કુલકાર. ..આ. ...૨૩૯
[૮]એતુઝ એતુઝ [૯]અંગજ સકલ કલા [૧૦]નિલઉ રે, [૧૧]જાતઉ મેહ જિઉ વાટ;
ઝૂરતી ઝૂરતી નિસ દિનિ પ્રેમ સંભારિનઇં રે, તે ટલ્યાં દુખ ઉચાટ''. ..આ. ..૨૪૦
પુત્રનઇં પુત્રનઇં કહિ ''મિલિ બાપનઇં હેજસિઉં રે, હરખ ધરિ નહિ વિચિત્રિ;
એકાંઇ એકાંઇ તોરે ભાયગિ મુઝ મિલ્યા રે, જસ કરતી અણુરતિ''..આ. ...૨૪૧
તતખણિ તતખણિ અંગજ હીયડઇં ભીડીઓ રે, આલિંગનિ સુખ થાઇ;
રોમાંચ રોમાંચ હરખઇં આંસૂ આવીયાં રે, દીઠઉ આવઇ દાય ..આ. ...૨૪૨
મંદિરઇં મંદિરઇં આવિઉ કયવન્નો ભલો રે, લેઇ કોથલ તેમ;
પૂછતી પૂછતી ''સ્યૂં [૧૨]ઉપારજિઓ તિહાં કણઇ રે ?''કંત કહિ ફિરી પ્રેમ.આ. ...૨૪૩
''કમાયું કમાયું ચટસ્યઇ હાથિ તો છઇ ઘણું રે, તિહાં લગિ એહવો સંચ;''
પ્રમદા પ્રમદા બોલિ ''સવિ સંપતિ મિલી રે'' વાસ્યા આવાસ પ્રપંચિ ..આ. ...૨૪૪
પરિમલ પરિમલ મૃગ મદ ચંદન [૧૩]મહમહઇ રે, લીલા તનની એમ;
ચીંતવે ચીંતવે રમણી રંગ દેખી કરી રે, એ વિલાસઇ ખેમ. ..આ. ...૨૪૫

---

૧. કલશોર; ૨. સાંભળી; ૩. સ્વપ્ન; ૪. પાદર; ૫. ચિંતા; ૬. આજે; ૭. જુદા પડેલા; ૮. એ તમારો; ૯. પુત્ર; ૧૦. સ્થાન; ૧૧. દીકરો; ૧૨. કમાવ્યું; ૧૩. મઘમઘે.

એહપણ એહપણ ઢાલ કહી નવમી ભલી રે, રાગ મલ્હારે સાચ;
વિજયશેખર કહિ પુન્યથી સવિ હુઇં રે, માંનો મોરી વાચ. ..આ૰ ...૨૪૬

દુહા : ૧૦

કયવન્નો રહિ નિજ ઘરેં, ન લહે મોદક ભેદ;
ચીતી રે લીલા તિસી, નવિ જાઇ મનિ ખેદ ...૨૪૭
માંગઇ બાલક સૂખડી, માયઇ મોદક દીધ;
જમતાંમાંહિ નીકલિઓ, મણિરતન સુપ્રસિધ ...૨૪૮
પાટી ઘૂંટા કારણે, લેઇ ગયો નેસાલિ;
દેખિ બાલક બોલીયા, ''એ ભાઈ ! અમનેં આલિ ...૨૪૯
એહથી આવે સૂખડી, લાડૂ પેંડા ચંગિ;''
તે નિસુણી સોય હરખીયો, ગયો ચહુટે રંગિ ...૨૫૦
રતન કંદોઇ કરિ દીધો, [1]પ્રાહિસો [2]વાતૂલ;
દેઇ સૂખડી વાલીયો, બાલક સહિજ અમૂલ ...૨૫૧
કાંતિમતીઇં નિજ ઘરઇં, ભાંજિઉ મોદક ઇક;
ઝલકિઉં રતન સોહામણું, મનિ હરખી સુવિવેક ...૨૫૨
'સહી મારગમાંહિ આવતાં, ભય નવિ લાગે કોઈ;
દાંણ ન માગે દાંણીઉ, રતન ગોપવ્યાં જોય !' ...૨૫૩
મોદિક ભાંજ્યા સાંમટા, નીકલીયાં રતન;
પૂછઇ કંતનઇ કાંમિની, ''બુદ્ધિ તુમ્હારી ધન્ન ! ...૨૫૪
ન કહિઉ મરમ કિસ્યો ઇહાં, એ એ ગૂઢ પ્રપંચ;''
કયવન્નો મનમેં હસે, જાણે સો કિઉ સંચ ! ...૨૫૫
તિણિ [3]ધનિ [4]મુહલ કરાવીયાં, માંડ્યા વલી વ્યાપાર;
સહૂ જાણે દિસી વલી, માંડ્યા [5]સત્રૂકાર ...૨૫૬
આવ્યા ધનિ સગા ઘણા, વ્યાપારી વાણઉત્ર;
જસ પરિમલ પસરિઉ પૂરઇં, મિલીયા પૂરવ મિત્ર ...૨૫૭
બંદીજન કલિરવ કરઇ, ઉભા સેઠ દૂયારિ;
ભાવઠિ વાત ન કો કરઇ, પુહતઉ પુણ્યનઇ પારઇ ...૨૫૮

---

૧. પ્રાચ : કરી; ૨. વાતવાતમાં; ૩. ધનથી; ૪. મહેલ; ૫. અન્નદાન શાળા.

ઢાળ : ૧૦ (રાગ : ગોડી. મહિતાનઇ જુવરાજ દેઈનઈ...એ દેશી.)

એક દિન શ્રેણિક રાજ રાજેસર, તેહનો **સેચનક હાથી**;
પાણી પીવા પઇઠો સરોવર, તિહાં જલનો મિલ્યો સાથી ...૨૫૯
સમરથ નહી કોઈ તાસ મૂંકાવણ લેઈ જાઇ સનિ સનિ આઘો;
મૂકઇ [૧]આરડિ લોક મિલ્યા તવ, હાથીનઇ કરિઓ [૨]ઘાંઘો ...૨૬૦
સુણી વૃત્તાંત [૩]કરીનો રાયઇં, આવ્યા સહૂઉ જાઇ;
રાય ઉપાય રચઉ થઇ વિહિલા, અભય કનઇં કહિ ''ભાઈ ! ...૨૬૧
અભયકુમાર વિચારી દેવાડઇ, પડહી નગર મઝારઇં;
મૂકાયઇં કરિ તંતુ બંધાણો, નૃપ કરિ તસ મનુહારિ ...૨૬૨
રાજકન્યા વલી તેહનઇ છાજઇં, અરધ રાજ ઘણી સોય;''
[૪]ગલીયઇં ગલીયઇં વચન કહાડઇં, કહિઉં નિષ્ફલ નવિ હોય ...૨૬૩
કંદોઇયઇ સુણી વાત ભલેરી, ઢંઢેરો છબિઓ તાંમ;
મણિ જલકાંત પ્રભાવઇં હાથી, છોડાવ્યો અભિરામ ...૨૬૪
રાય પાસિં લેઇ [૫]ગુદરાવ્યો, માંગઇ પોલ પ્રસ્તાવિ;
[૬]પ્રારથીયાં કિમ [૭]પહિડઇં પ્રાંહિ, ઉત્તમ એહ સભાવિ ...૨૬૫
અભયકુમારનઇં રાય કહિ તવ, ''સ્યૂં કરવૂં નીચ જાતિ ?
કંદોઇનઇં કિમ બેટી દેવાયઇં ? રાખી જઇવ વલિ ખ્યાતિ'' ...૨૬૬
પૂછઇ કંદોઇનઇં મહિતઓ સુપરઇ, ''કહિનઇં કિહાંથી રતન્ન ?
રાજભંડારઇં સેઠ તણઇ ઘરિ, મણિ હોવઇ [૮]પ્રમુહવન્ન ...૨૬૭
સાચ કહીસ તઉ છાંડિસ સંપ્રતિ, નહીંતરિ દંડ તે દેવઉ;''
માનિ રે માનિ મહીપતિ બોલઇં, ''લાગઉ સ્યૂં ચોરી હેવઉ'' ...૨૬૮
ગહિબરિઉ ચિત્તઇ ધ્રૂજિ વિછૂટી, સાહી આગલિ કીધ;
દીધા [૯]ચપેટા [૧૦]સૂડિઉ કાંબઇ, સેવક ઇંહાં થઇં લીધ ...૨૬૯
ચોર ચિંતઇ એતઓ માર પડ્યા સહી, ચોરી કાઢી આડી;
સુસતઉ રહિ વીવાહી મેલી રાઈ, મૂંત્ર પાસિં નાક ફાડી ...૨૭૦
બોલિઉ કંદોઇ ઢીલઉ મૂકઉ, કન્યા પરણી સાત;
કચવન્નાને બેટી દીધૂં, સૂખડીની કહી વાત ...૨૭૧
વચન સુણી હરખ્યો નૃપ બોલઇં, ''સિઉં બાંધિઉં ગરીબ ?''
એહવાં રતન કિહાંથી ગ્રહનઇં ? જારિ સી કરઇ રીવ ? ...૨૭૨

---

૧. બૂમો પાડવી; ૨. ગાંડા જેવું આચરણ; ૩. હાથીનો; ૪. ગલીગલીમાં; ૫. મોકલાવ્યું; ૬. ઈચ્છેલું; ૭.પાછા મોકલતાં નથી (નિરાશ કરતાં નથી); ૮. મુખ્ય; ૯. તમાચા; ૧૦. સોટા.

કચવન્નાનઇં તેડું મેહલિઉં, દેખી [૧]નફર થયાં ઘાંઘાં;
એતઉ દાણી હીંડીયા કરણી, છપિ છપિ બોલઇ [૨]વાંઘાં ...૨૭૩
તઉ હવિ ધીર થઇનઇં જાવૂં, દેસૂં ભલો જબાપ;
કચવન્નો આવિઓ સોભાગી, રાય ઉઠિઓ દેખી આપ ...૨૭૪
પૂછી વાતનઇં દીધી કન્યા, સોંપિઉં આધું રાજ;
વિજયશેખર કહિં ઢાલ એ દશમી, સીધાં વંછિત કાજ ...૨૭૫

દુહા : ૧૧

રંગ મુહુલિ રંગ ગોઠડી કચવન્નો વડવીર;
અભયકુમાર પૂછઇ તિસ્યઇં, પૂરવ વાત ગંભીર ...૨૭૬

ઢાળ : ૧૧ (રાગ : મલ્હાર. સીલ અખંડિત સેવિજ્યો...એ દેશી)

''કહુનઇં કિહાં વસિયલા એતલા દિન્ન ? કહો કુણ દેસ દીઠઓ રે સંપન્ન ?
વાત કિસી તિહાં અભિનવી, કિહાં રે ઉપારજ્યાં એતાં રતન્ન ?
જિણિ ગઇ ભાવઠિ તુમ ભણી ? કેહની ચાકરી કીધી એક મન્નિ;
મુલક તિ મેલી આવ્યા રે આસન કિ ?'' ...૨૭૭
બુધિથી સ્યું નવિ સંપજઇ, બુધિથી નવિ લહિસું કોઈ વાત ?
બુધિ છઇં જગમાંહિં તેણિ વિખ્યાત, અભયકુમાર મંત્રીસરો;
બુધિ કરી જાણએ રંકનઇં રાત(ય), સકલ પદારથ સાધીયા;
એહના ગ્રંથિ છઇં મોટા અવદાત કિ...બુ...આંકણી ...૨૭૮
કચવન્નો બોલ્યો તવ ''ચતુર સુજાંણ, જિણિ વચનઇં સુણી પામઇં [૩]હરાણ;
રે ! રઢિયાલી રઢિ કિસી, જઇં પૂછઇ માહરી વાત વિનાણ ?
તું મુઝ મીતનઇં જીવિત પ્રાણ, ઇહાં કાંઇ કૂડ પરમેસર આણ ?
સુણિ સુણિ વાતનું મૂલ અહિઠાણ કિ ...બુ. ...૨૭૯
રાજપુર છાંડી હું ન ગયૌ વિદેસ, પાટણ કોઈ ન દીઠૌ નિવેસ;
વરસ બારે રહિઓ ઇહાં કણૈ, રંગમુહલિ માગધસેન [૪]વેસિ;
ભોગવ્યાં સુખ તિહાં અતિ ઘણાં, ધન ખૂટઇં કાઢીઓ અક્કાઇં રોસિ;
બેટીનઇં કહઇં એહ પાસ સ્યું લેસિં કિ ? ...બુ. ...૨૮૦
તિહાંથી ગયઓ હું નિજ ઘરઇં, ઉઠી [૫]અભીખો દીધૌ લખ્યૌ નારિ;
અતિથિ પરિ ભગતિ કરી મનુહારિ, માસ ષટ સાત રહ્યો ઘરબારિ;

---

૧. ચાકર; ૨. વર્ગ, જાત; ૩. હરનાર; ૪. વેશ્યાને ત્યાં; ૫. ચિઠ્ઠી

ધન વિણ સ્યું કરવું હવઇ ? જિમ તિમ જાઇવું દુખનઇં પારિ;
વાત નિરધારીપણિ વિચાર કિ ...બુ. ...૨૮૧
ધન વિના જીવિઉં તે જાણજ્યો ધૂલિ, ચિત કરચું જાઇવા વેલા રે [૧]કૂલિ;
સાથ આવી મિલિઉં તિસઇં, સાંઝ સમઇં સાધિઓ લગન ગોધૂલિ;
નગર ગોચર આવી ઉતરચું, દેઉલિ પાથરી સેજિ અમૂલિ;
ઉંઘ આવી ચિતિ ચિંતાનઇં સૂલિ કિ ...બુ. ...૨૮૨
નીંદ્ર ભરિ સેજિ ઉપાડિનઇં, મહુલિ મનોહરઇં આણીઓ ચંગિ;
પ્રેમ વચનઇં જગાડીઓ ભંગિ, મઇં જાણ્યઓ કિસું [૨]સુહણઓ ?
ડોકરી એકઇં કહ્યું તિણિ [૩]બંગિ, પુત્ર નહીં ઘર માહરઇં;
ભોગવે સુખ સિરજ્યાં રહી અંગિ, રમણી ચ્યારિ વલી ચતુરંગિ;
દેવ તૂઠઓ મુઝનૈ પરસંગિ કિં ...બુ. ...૨૮૩
વરસ બારે રહિઓ તિહાં વલી, મગન થયો હું તિણિ સુખૈ મદ;
જિમ કરણી ભૂલિઓ રે [૪]ગયંદ, કેતકિ કમલ ભમરો રમઇં;
ચિતિ ન વિમાણ એ તે કિસ્યઓ ફંદ ? નવનવા ભોગનઇં નિત્ય આણંદ;
નવ નવા બોલ નઇં નારિનું વૃંદ, તેહવિ સું કહીઇ ઘણું;
જાણીઇ અવતરિયો સુખન કંદ, નંદન ચ્યાર થયા તિસ્યઇં
લોયણે જેમ આનંદન ચંદ, હું તૌ જાણું કિસ્યું અપછરા ઇંદ કિ ...બુ. ...૨૮૪
[૫]બૂદ્ધિ બલાઇ તે ડોકરી, કાઢીઓ છલ કરી તેણિ તુરંત;
બાર વરસનો આવીઓ અંત, [૬]ઉસીસઇં, લાડૂઆ મુંકીયા;
નારીઇં પ્રીતિ ઘરી સુભ કંત, રતન [૭]ખેપ્પંતિ તે તો હૂયાં અનંત;
નિસિભરિ દેઉલિ મુંકીઓ, ઇહ સમઇ પૂરવ નારિ નિરખંત;
મંદિરિ આવી થયો રે [૮]નિચંત,'' ઢાલ ઇગ્યારમી જાણજ્યો;
વિજયશેખર કહિં રતન વિરતંત કિ ? ? ? ? ? ? ? ? ? ...બુ. ...૨૮૫

દુહા : ૧૨

કયવન્નો કહઇ ''નવિ લહું, તેહનો ઘર પરવેસ;
કહો સું કીજઇં મંત્રવી, અંગણિ થયું વિદેસ ?'' ...૨૮૬
અભયકુમાર હસી કહિ, ''અહો ! અહો ! બુધિ વિનાંણ;
ડોકરીઇં તુમ છેતરયા, કહીયઇં વણિક સુજાંણ !'' ...૨૮૭

---

૧. જૂથ, ટોળું; ૨. સ્વપ્ન; ૩. બાંગ પોકારે; ૪. હાથી; ૫. બુદ્ધિબળથી; ૬. ઉમંગથી; ૭. ક્ષેપણ કરતાં; ૮. બેફિકર.

ઢાળ : ૧૨ (રાગ : આસાઉરી. સહિજૈ બેઠૌ રે દરજણ..સ.
અને વાલિ રે ભરયૌવન માતી...એ દેશી)

મંત્રીસરિ [૧]નીપાઇઓ રે, દેવલ તાજો તામ;
ચિત્રલ રુપઇં ચીતરયો રે, કયવન્નો અભિરામ રે ...૨૮૮
ઢંઢેરો દિવડાવઇં, રાજા રે વલી વચન કહીડઇં;
''આવેવૂં રે પ્રહસમિં દેહરૈ આવેવૂં...આંકણી ...૨૮૯
જે આવે પ્રાસાદમઇં રે, પૂજઇં યક્ષનઇં હાથિ;
રોગ જાઇં તે નારિનઉં રે, બાલક લેઇ સાથિ રે'' ...ઢં. ...૨૯૦
એહ સબદ સુણી કરી રે, આવૈ નારી વૃંદ;
તુરત વાલઇં પૂજ્યા પછી રે, બઇઠા જોવઇ નંદ રે ...ઢં. ...૨૯૧
પાંચ લાડૂ વલી આણિવા રે, સેસ ભણી લેવા ચ્યાર;
એક રહિયઇં યક્ષ આગલઇં રે, પૂજી રહિ દઇ બાર રે ...ઢં. ...૨૯૨
ડોકરિનઇં ચિંતા પડી રે, સુંણીય વચન પરપંચ;
પગ ન વહઇં જાવા તિહાં રે, પિણ રાજાનો રંચ રે ...ઢં. ...૨૯૩
વહૂ ચ્યારે લેઇ નીસરી રે, રથિ બઇસારી રંગિ;
''ઘુંઘટ કરિઓ ન ઓલખઇ રે,'' સાસૂ કહઇ તેણઇ બંગિ રે ...ઢં. ...૨૯૪
નવ જણ આવ્યાં દેખિનઇં રે, સાલાનઇં કહિ બોલ;
''એહસું સંબંધ માહરઇ રે, [૨]નટ મન જાઇ [૩]નિટોલ રે'' ...ઢં. ...૨૯૫
અભયકુમાર કહૈ હસી રે, ''ભગિનીપતિ ! સી [૪]ટાંપ ?
માહરી કસવટિ [૫]પુહુચસ્યઇં રે, જાણિસ આપોઆપ રે'' ...ઢં. ...૨૯૬
[૬]તેહવિ ચ્યારઇ સુંદરી રે, પ્રણમઇ પૂજઇ રંગિ;
દેખી બાલક હરખીયા રે, જઇ બઇઠા ઉત્છંગિ રે ...ઢં. ...૨૯૭
''બાપુ ! બાપુ !'' કહૈ મુખઇં રે, ગાલૈ વલગઇં એક;
એક [૭]ડાઢી તાણઇં તિસ્યઇં રે, એક ચઢૈ [૮]ખાંધઇ છેક રે ...ઢં. ...૨૯૮
ચ્યારિ નારી ખુસી થઇ રે, ભાગ્ય ફલ્યું સ્યૂં આજ !
[૯]અલજઉ જેહનઉ જોઇવા રે, સોઇ મિલિઓ સાજન આજ રે ! ...ઢં. ...૨૯૯
ડોકરડી કહિ ધ્રુજતી રે, ''[૧૦]માં ! માં ! [૧૧]છબુ એ યક્ષ;
થાઇં અસાતનિ દોહિલું રે, એ તો મારઇં પ્રત્યક્ષ રે'' ...ઢં. ...૩૦૦
[૧૨]ઝટકયા હાથ ઝાલી કરી રે, બિસારયા રથ આણિ;
[૧૩]ઘાંઘી થઇ સવિ નીકલી રે, કેડિ થયા સોઇ જાણિ રે ...ઢં. ...૩૦૧

---

૧. બનાવ્યું; ૨. નૃત્ય કરનારો; ૩. ચોક્કસપણે; ૪. આંટો; ૫. કસોટી પહોંચશે; ૬. તે સમયે ; ૭. દાઢી; ૮. ખભા પર; ૯. તલસ્યા; ૧૦. નહીં નહીં; ૧૧. અડકવું; ૧૨. ત્વરિત ગતિથી, ખેંચીને; ૧૩. ગભરાઈ.

[૧]કેડા [૨]કેડઇં આવીયા રે, બઇઠા કરી જુહાર;
ગહિબરી ડોકરડી તિસ્યઇં રે, દઇ આસન સતકાર રે ...ઢં. ...૩૦૨
''કિહાં વસ્યાં જઇ કિહાં કણઇ રે ? જોતાં તુમ્હારી વાટ;
મૂકી ચિંતા ઘર તણી રે, ગયા નાઠો ઉચાટ રે'' ...ઢં. ...૩૦૩
અભય કહિં ''સવિ માનીયું રે, ત્રિસલઉ ચઢાવ્યો દેખિ;
હલૂઓ પાડ્યો એહનઇં રે, દંડ દેસ્યું તુઝ પેખિ રે ...ઢં. ...૩૦૪
ચ્યાર વહૂ દઇં આપણી રે, નંદન ચતુર તે ચ્યાર;
દ્રવ્ય દેઇસિ જઉ સંચીઓ રે, તઉ રાખિસ તુઝ કાર રે'' ...ઢં. ...૩૦૫
સીંકઇ બિલાડીની પરઇં રે, [૩]ગરિ ગરિ જૂઇં આંખિ;
[૪]વિલખૈ વદન થઇ તિસ્યઇ રે, જિમ સૂડી વિણ પાંખિ રે ...ઢં. ...૩૦૬
મંત્રી વચને સવિ સુંપીઉ રે, ધન નારી સુત ચ્યાર;
પુહચાડ્યઉ ઘરિ રંગસ્યું રે, કયવન્નો પરિવાર રે ...ઢં. ...૩૦૭
ડોકરડી સુખણી કરી રે, મંત્રીસરઇં સુવિચાર;
દીધઉ આવાસ રહિવા ભણી રે, સોનઇયા લક્ષ ચ્યાર રે ...ઢં. ...૩૦૮
ચ્યાર નારિ મિલી ઇણિ પરઇં રે, વલી કયવન્નાસુ વાત;
વિજયશેખર કહઇ તે કહું રે, બારમી ઢાળ વિખ્યાત રે ...ઢં. ...૩૦૯

ઢાળ : ૧૩ (ઘરે આવઓ રે મનમોહન ઢોલા,
ઢોલઇ ઢીલી ઘરિ કરયાં મોહનઇં મેહલી મ જાય રે...એ દેશી)

જિણ દિનિ ઘરિથી કાઢીઓ વાલ્હા, તિણ દિનથી સા વેસી વાલ્હા;
ન રુચઇં કેહસિઉં બોલવૂં, વાલ્હા દિન જાઇ કલેસિ વાલ્હા ...૩૧૦
ઘરિ આવઓ રે મનમોહન વાલ્હા, વાલ્હા વિણ મંદિર કિસિઉં વા.
વાલ્હા સરસ જિમઇ નવિ અન્ન, વાલ્હા હાર શૃંગાર તજ્યા તિસ્યઇં;
વાલ્હા કયવન્નું ઘન ! ઘન ! વાલા...આંકણી... ઘ. ...૩૧૧
વેણિ ગુંથાવિ ન રંગસિઉં વાલ્હા, તજીયાં ફૂલનઇં પાન..વી.
રાતાં વસ્ત્ર ન સરિ ઘરઇં, વાલ્હા પ્રીતમ વિણ પરધાન વા...ઘ. ...૩૧૨
[૫]માઇંરી આવ્યા સ્યું કરું વાલ્હા, ઇમ નવિ તજીયઇ ગેહ..વા.
દૂરજન વચન દૂરઇ કરી વાલ્હા, પાલીઇં પૂરવ નેહ વા...ઘ. ...૩૧૩
ઇક દિનિ ઘરિ રહે જિકે વાલ્હા, તે મિલૈ આણી પ્રીતિ..વા.
બાર વરસનો નેહલો વાલ્હા, છેહ દિખાડ્યો કુરીતિ વા...ઘ. ...૩૧૪

---

૧. રાજસેવક; ૨. પાછળ; ૩. ગળી; ૪. ખિન્ન થવું, કરમાઇ જવું; ૫. પિયર.

ઇમ દુખ ઘરતી નિસિ દિનઇં વાલ્હા, આંખઇ આંસૂ ધાર..વા॰
સમઝાતી સમઝઇ નહી વાલ્હા વિણ પ્રીતમ દીદાર વા॰..ઘ॰ ...૩૧૫
એહવી સુણી યક્ષ વારતા વાલ્હા, આવી પૂજવા હેતિ..વા॰
બોલાવી મંત્રીસરઇં વાલ્હા, દુરબલ સ્યું તનિ તેતિ વા॰..ઘ॰ ...૩૧૬
સોભા કિસી કરું સામિજી વાલ્હા, કયવન્નો ભરથાર..વા॰
ઇહ ભવિ પરભવિ આદરિઓ વાલ્હા, જિસિઉ હીયડાનો હાર વા॰..ઘ॰ ...૩૧૭
નિશ્ચય જાણી મેલવિઓ વાલ્હા, પગિ પડી દેખી નાહ..વા॰
તૃપતિ ન પામઇં લોયણે વાલ્હા, વધિઓ અતિ ઉછાહ વા॰..ઘ॰ ...૩૧૮
દેસ નગર ભમતાં થકાં વાલ્હા, સેવક ન લહી સુધિ..વા॰
આજ રયણિ સુહણિંઇ મિલ્યા વાલ્હા, જાણું મનાવ્યા બુધિ વા॰..ઘ॰ ...૩૧૯
ઘરથી નીકલતાં વલી વાલ્હા, સુકન મિલ્યા સુભ સાચ..વા॰
કુરકી દાંહિણ આંખડી વાલ્હા, તે થયું સઘલું સાચ વા॰..ઘ॰ ...૩૨૦
વિણ જલધરિ પુણ્યૈ કરી વાલ્હા, અમૃતની હુઇ વૃષ્ટિ..વા॰
આજ મનોરથ સવિ ફલ્યા વાલ્હા, દીઠી તારી દૃષ્ટિ'' વા॰..ઘ॰ ...૩૨૧
કયવન્નૈ સોઇ આદરી વાલ્હા, વિરહ ગયૌ તતકાલ..વા॰
વિજયશેખર કહિ રંગસ્યું વાલ્હા, તાજી તેરમી ઢાલ વા॰..ઘ॰ ...૩૨૨

દુહા : ૧૩

કાંતિમતી પહિલી પ્રિયા, બીજી રાજકુંમારી;
ચ્યાર સેઠ તણી વહૂ, માગધસેના નારિ ...૩૨૩
સાતેસું સુખ ભોગવિ, પૂરવ પુણ્ય સંભારિ;
ત્રિણ્ય વર્ગ સાધઇ વલી, જસ ગાઇં નર-નારિ ...૩૨૪
દાન તણું ફલ એહવું, કયવન્ના પરિ જોઇ;
મન ચીંતવ્યાં અફલ્યાં ફલઇ, પુણ્ય કરઇં પુણ હોઇ ...૩૨૫
ઇણ સમઇ જગનઇં હિતકરૂ, જગજીવન જિનચંદ;
મહાવીર સમોસરયા, સેવઇં જસ સુર ઇંદ ...૩૨૬

ઢાળ : ૧૪ (મોહનાંની...એ દેશી)

રાય સિધારથ કુલઇં તિલઉ રે વીરજી, [૧]જૃંભીગ્રામ ઉદ્યાનિ રે;
ઘાતકી કર્મ ક્ષય કરી રે વીરજી, પામ્યો કેવલન્યાન રે વીરજી ...૩૨૭

---

૧. જૃંભક ગામનાં ઉદ્યાનમાં

પ્રભુ પુહુતા નગરિ આસન્ન, ગુણશિલું ચૈત્ય રતન્ન રે;
અતિશય કરી સંપન્ન રે, શ્રી વર્ધમાન સુઘન્ન મોરા વીરજી !...આંચલી ...૩૨૮
સોવનકમલ રચઇં સુરા રે વીરજી, ચરણ ઠવઇ તિહાં સ્વામિ રે વીરજી૰
વૃક્ષ અશોક શીલી છાંહડી રે વીરજી, વરસઇં કુસુમ અભિરામ રે વી૰..પ્ર૰...૩૨૯
વાજઇં ગયણે દુંદુભી રે વીરજી, ચામર છત્ર ઢલંતિ રે;
ભામંડલ ઝલકઇં ભલું રે વીરજી, ભેરી સુણઇં સહૂ (હર)ખાંતિ રે વી૰..પ્ર૰...૩૩૦
તીર્થકર આવ્યા તણી રે વીરજી, દીધી વધામણી રંગિ રે;
રાય શ્રેણિક મંત્રીસરુ રે વીરજી, કયવન્નુ સુખ સંગિ રે વી૰..પ્ર૰...૩૩૧
વાંદ્યા બહુ આડંબરઇ રે વીરજી, દેઇ પ્રદક્ષિણા ત્રણ્ય રે;
સ્તુતિ બોલી બઇઠા સહૂ રે વીરજી, લાધું પુણ્ય અગણ્ય રે વી૰..પ્ર૰...૩૩૨
દીયઇં સુધારસ દેસના રે વીરજી, સમઝઇ પુરુષ દરબાર રે;
નિવારઇ ભવ સંદેહડા રે વીરજી, ઉતારઇં ભવ પાર રે વી૰..પ્ર૰...૩૩૩
ધર્મકથા કહિતાં વચઇ રે વીરજી, પ્રશ્ન કરૈ મંત્રીસર રે;
''કહઓ ભગવાનજી ! વાતડી રે વીરજી, કયવન્નાની જગીસ રે વી૰..પ્ર૰...૩૩૪
પૂરવ જનમિ કરિઉ કિસઉ રે વીરજી, જિણિ લહ્યા ખીણા ભોગ રે ?
અનુપમ રિધિ હારી વલી રે વીરજી, પામિઓ વિરહ વિયોગ રે'' વી૰..પ્ર૰...૩૩૫
પૂરવ ભવ કહ્યો પ્રેમસું રે વીરજી, ''ત્રિહું ભાગે દીધી ખીર રે;
તિણિ સુખ ખંડના વચઇં રે'' વીરજી, નિસુણી ચેતિઓ વર વીર રે વી૰..પ્ર૰..૩૩૬
મોહ નિદ્રા પડ્યો જાગવિઉ રે વીરજી, પામ્યો પરમ સંવેગ રે;
નિ:ફલ કિમ જાઇ દેસના રે વીરજી ? નાઠઓ દૂરિ ઉદેગ રે વી૰..પ્ર૰...૩૩૭
ચઉદમી ઢાલ સોહામણી રે વીરજી, કયવન્ના પ્રતિબોધ રે;
વિજયશેખર કહઇં ઇણિ પરઇ રે વીરજી, કરસ્યઇં કરમનો સોધ રે વી૰..પ્ર૰..૩૩૮

દુહા : ૧૪

કયવન્નો મન ચીંતવઇ, 'એ સંસાર અસાર;
જીવ ન તૃપતો ઇણિ સુખૈ, ધિગ !ધિગ ! વિષય વિકાર ...૩૩૯
કામભોગ લગઇં દુખ સહિ, પ્રાણી પડિઓ મોહ;
જિણિથી અવિચલ સુખ લહઇં, ધર્મ ન સાધિ તોહિ ...૩૪૦
વિષય કલણિ વિરુઇ કહી, ઉંડીનઇં અગાધિ;
ભોલા ભ્રમિ ભૂલા ભમઇં, જીવડા ! ધર્મ તું સાધિ' ...૩૪૧

કેલિ કરી બાલા પણઇ, તદા ધર્મ ન વાસ;
યોવન આવિઉયો રમઇં, મૃગનયણી દેગ પાસ ...૩૪૨
યોવન જાત ન જાણીયું, ખિણ ખિણ તૂટઇં આય;
પરભવિ ધર્મ [૧]સખાઇયું, તે સેવું સુખદાય' ...૩૪૩
પ્રભુનઇં પૂછઇ ઉઠિનઇં, ''લેઉં દિક્ષા હિતકાર;
[૨]તઇં તારયા [૩]ભવિયણ ઘણા, લાગી કાંઇ ન વાર ...૩૪૪
દુરગતિ જાતઉ વારીઓ, લીલા રાગનઇં ભંગિ;
રંગ લાગઉ સહી ધર્મનો, પુણ્ય તણો પરસંગિ'' ...૩૪૫
જિન કહિ ''જો મન વાલીઓ, [૪]મા [૫]પડિબધ [૬]કરહ;
ઉપસમ તરુરસ સેવિયઇ, સાધુ પંથ તું લેહ'' ...૩૪૬
વીર વાંદીનઇં ઘરિ ગયો, [૭]પ્રીછવીઓ પરિવાર;
હિતશિક્ષા દીધી ભલી, જેઠપુત્ર સિરિ ભાર ...૩૪૭
લીધું ચારિત્ર ઉત્છવઇં, કયવન્નૈ જિન પાસ;
સ્વામી વિચરઇ જનપદઇ, જયવંતા સુવિલાસ ...૩૪૮

ઢાળ : ૧૫ (તુલસડી નારિ ધૂતારડી, જેહનું કૃષ્ણ ભરતાર રે...એ દેશી)

કયવન્નો સાધુ સોહામણો, વહિ જિનવર આણ રે;
જીવદયા પ્રતિપાલતો, ઉગ્યો હીયડલઇં ભાણ રે ...ક૰ ...૩૪૯
રિધિ સમૃદ્ધિ તૃણપરિ ગિણી, તજિઓ વિષય વિકાર રે;
પંચ સુમતિ ત્રિગુપતઇ કરી, ષટ જીવ આધાર રે ...ક૰ ...૩૫૦
સુધ મન દરપણ સારિખું, સાધઇં દસ વિધ ધર્મ રે;
અંગ ઇગ્યાર ભણ્યા વલી, વારિઓ કુમતિનો મર્મ રે ...ક૰ ...૩૫૧
બાવીસ પરીસહા જીતીયા, લઇં સુધ આહાર રે;
દૈ ઉપદેસ સોહામણા, મુનિ પુણ્ય ભંડાર રે ...ક૰ ...૩૫૨
અતિ ઉત્કૃષ્ટ ક્રિયા કરઇં, ગુણસમુદ્ર ગંભીર રે;
સકલ ફરસ સહિ જિમ ધરા, સાધુ મેરગિરિ ધીર રે ...ક૰ ...૩૫૩
સંયમ નૈ તપ સાધના કરતો, જિનજીનઇં પાસિ રે;
આઉખું તુછ જાણી કરી, મનઇં સૂધઉ વિમાસિ રે ...ક૰ ...૩૫૪
વીર વચનઇં સંલેખણા, લીધી વિપુલગિરિ જાઇ રે;
ઉચરિઉં અણસણ અતિ ભલું, ખામી જીવ સુખદાઇ રે ...ક૰ ...૩૫૫

---

૧. મિત્ર સમાન; ૨. તમે; ૩. ભવ્ય જીવ; ૪. નહીં; ૫. પ્રમાદ; ૬. કરો; ૭. જાણ કરી

ઉપસમ શ્રેણિ ચડિઓ જિસ્યઇ, કરિઓ કાલ તતકાલ રે;
સૌધર્મે કલ્પેં અવતરચો, લહી રિધિ સુવિલાસ રે ...ક૰ ...૩૫૬
મુગતિ સુખ પામસ્યઇં અનુક્રમઇં, કયવન્નુ ક્રમ ચૂરિ રે;
વિજયશેખર ઢાલ પનરમી, કહી આનંદ પૂરિ રે ...ક૰ ...૩૫૭

ઢાળ : ૧૬ (રાગ: ધન્યાસી.પાસ જિણંદ જુહારી એ
અથવા ચતુર ચમકિ ચીતડઇ ચાલતી ભૂઈ સોહે રે...એ દેશી)

દાન તણાં ફલ એહવાં જાંણજ્યો, ચતુર સુવેધક પ્રાણી રે;
દેજ્યો ફલ લહિસ્યું ભલાં, કયવન્ના પરિ જાણી રે ...દાંન૰ ...૩૫૮
શ્રી અંચલગચ્છ રાજીઉં, **શ્રી કલ્યાણસાગર સૂરી**સો રે;
ચંદ તણી પરિ ચઢતી કલા, ચિરનંદો સુજગીસો રે ...દાંન૰ ...૩૫૯
વાચનાચરિજ તસ પખૌં, **સત્યશેખર** સુખદાઇ રે;
તસ શિષ્ય પ્રથમ પંડિત પદઇં, **વિનયશેખર** ગણિ ભાઈ રે ...દાંન૰ ...૩૬૦
લઘુ સોદર વાચક પદઇં, **વિવેકશેખર** ગણિ રાયા રે;
દુખ જાઇ તસ સાનિધઇં, પ્રણમું નિતિ નિતિ પાય રે ...દાંન૰ ...૩૬૧
સંવત સોલ એકાસીયઇં, જેઠ માસિ રવિવારેં રે;
શ્રી વિરાટપુરઇં રચીયો, જોડિ દાંન અધિકારઇ રે ...દાંન૰ ...૩૬૨
મૂલ આદર ખંભાયતઇં, કૌતુકી જાણી કીધો રે;
સાહ સોભાગી નાગજી, **ઓસવંશ** સુપ્રસીધો રે...દાંન ...૩૬૩
પ્રસિદ્ધ કથા જાંણી કરી, છાંડઉ રખે સુજાણો રે !
લહિસિઉ રસ વલી વાંચતાં, ક્ષય કીધી વિનાંણો રે...દાંન ...૩૬૪
સોલમી ઢાલ ધન્યાસીયઇં, **વિજયશેખર મુનિ** બોલઇં રે;
દાની પણિ માંની ભલા, દાંન નઇં કોઈ ન તોલઇં રે...દાંન ...૩૬૫

।। ઇતિ દાંન વિષયે કયવન્ના રિષિ ચઉપઇ સંપૂર્ણ।।

૧૦. શ્રી જયરંગ મુનિ કૃત કયવન્ના શાહનો રાસ (સં. ૧૭૨૧)

દુહા : ૧

સ્વસ્તિ શ્રી સુખ સંપદા, દાયક **અરિહંત દેવ**;
સેવ કરૂં સૂધે મનેં, નામ જપું નિત્યમેવ ...૦૧
સમરું **સરસતિ** સામિની, પ્રણમું સદગુરુ પાય;
કયવન્ના [૧]ચૌપાઈ કહું, દાન ધરમ દીપાય ...૦૨
પ્રથમ વહી ધુર માંડીયેં, **ગૌતમ સ્વામી**ની લબ્ધિ;
સુરગુરુ સમ **શ્રી અભયકુમર**, મંત્રીસરની બુદ્ધિ ...૦૩
અખૂટ અખુટ ભંડાર સબ, **શાલિભદ્રની** ઋદ્ધિ;
કયવન્ના સૌભાગ્ય તિમ, નામ લીયે ઋદ્ધિ સિદ્ધિ ...૦૪
વારે **શ્રી મહાવીર** ને, **શ્રી શ્રેણિક**ને રાજ;
ભોગી ભમર નર એ થયો, સારયાં આતમ કાજ ...૦૫

ઢાળ : ૧ (કર જોડી આગલિ રહી, દેઈ પરિજન પાસે રે... એ દેશી)

નગરી **રાજગૃહી** ભલી, સુર નગરી સમ શોહે રે;
રાજા રાજ્ય પ્રજા સુખી, સુર નરના મન મોહે રે ...ન૰ ...૦૬
ધનદત્ત શેઠ વસે તિહાં, રિધેં સમૃધેં સનૂરો રે;
કોટિધ્વજ વ્યવહારિયો, રાજા માનેં પૂરો રે ...ન૰ ...૦૭
ચંદ્રવદની મૃગલોચની, સતી **વસુમતી** તસ નારી રે;
દેવ ધરમ ગુરુ રાગિણી, નમણી ખમણી સારી રે ...ન૰ ...૦૮
ગાલિ રાલિ મુખથી ન નીસરે, ઉંચે સાદ ન બોલે રે;
કુલવંતી સૌભાગિણી, તેહને કોઈ ન તોલે રે ...ન૰ ...૦૯
સુખ લીલા ભર વિલસતાં, ઉપન્યો ગર્ભ ઉદ્યોતી રે;
સૂર્યબિંબ જ્યું પૂરવેં, છીપ સોહે જેમ મોતી રે ...ન૰ ...૧૦
[૨]નીશિભર સૂતી નિંદમેં, **ચંદ્ર** સ્વપ્ન તેણેં દીઠું રે;
જઇ જણાવ્યું નાથને, ફલ ભાંખ્યું પીયુ મીઠું રે ...ન૰ ...૧૧
ત્રીજે માસેં [૩]દોહલો, ઉપજે ગર્ભ પ્રભાવેં રે;
ચોરી ચુગલી નવિ સુણે, તપ જપ શીયલ સુહાવે રે ...ન૰ ...૧૨

---

૧. પા૰ ચૌપૈ (મુદ્રિત હ. પ્ર.) ૨. રાત્રિની અંદર; ૩. દોહદ-તીવ્રેચ્છા.

દેવ ગુરુ વાંદે સાસતા, ધર્મે અમારિ પલાવે રે;
જિન પૂજા યાત્રા વલી, દાન માનેં સુખ પાવે રે ...ન૰ ...૧૩
[૧]અઘરણી આડંબરેં, કીધી શેઠેં તાજી રે;
તાજે જાજે ભોજનેં, સઘલાં કીધાં રાજી રે ...ન૰ ...૧૪
હવે પૂરે માસેં હુવે, ગ્રહ આયા ઉંચ [૨]રાશેં રે;
શુભ લગન વેલા ઘડી, પુષ્પ નક્ષત્ર ચંદ્ર પાસેં રે ...ન૰ ...૧૫
તિણ વેલા તિણ વસુમતી, બેટો [૩]સખરો [૪]જાયો રે;
તેજેં કરી તનુ દીપતો, સૂરજ જેમ સવાયો રે ...ન૰ ...૧૬
રંગ રલી વધામણાં, મંગલ ગાવે ગોરી રે;
નાનાવિધ નાટક કરે, બાંધ્યાં તોરણ કોરી રે ...ન૰ ...૧૭
કુલદીપક સુત જનમીયો, વાગ્યાં તાલ કંસાલો રે;
પહેલી ઢાલ પૂરી થઈ, [૫]**જયતસી** રંગ રસાલો રે ...ન૰ ...૧૮

દુહા : ૨

[૬]દેશોટણ દેવાંગના, કરી સઘલાં વિધિ કામ;
માવિત્રેં દીધું ભલું, **કયવન્નો** તસ નામ ...૧૯
દિન દિન [૭]વાધે ચંદ્ર જ્યું, ચઢતે ચઢતે [૮]વાન;
પાંચ [૯]ધાયેં પાલીજતો, લાડ કોડ બહુમાન ...૨૦
આઠ વરસનો તે થયો, ભણે નિશાલ પોસાલ;
સકલ કલા શીખી ભલી, વિદ્યાનો બહુ ખ્યાલ ...૨૧
સોભાગી શિર સેહરો, રુપેં દેવ કુમાર;
ભણી ગણી પંડિત થયો, જોબનમેં સુવિચાર ...૨૨

ઢાળ : ૨ (થાહરા મહેલા ઉપર મેહ, ઝરુખે વીજલી હો લાલ...એ દેશી)

વસુમતી સતી એક દિવસ કે, ગજગતિ મલપતી હો લાલ કે ગજગતિ મલપતી;
આઇ પ્રીતમ પાસ, બોલે જેમ સરસતી હો લાલ...બોલે૰
''સ્વામી ! સુણો અરદાસ, પૂરો આશ માહરી હો લાલ...પૂ૰
પરણાવો **કૃતપુણ્ય**, બેટી જુવો [૧૦]સાહરી હો લાલ...બેટી૰ ...૨૩
વહૂવર વિણ ઘરવાસ, શૂનો રણ જાણીયેં હો લાલ...શૂનો૰
વહૂયર પડે મુજ પાય, તો વિકસે વાણીયેં હો લાલ...તો વિ૰

---

૧. ગર્ભિણી; ૨. ઉચ્ચ રાશીમાં; ૩. તેજસ્વી; ૪. જન્મ્યો; ૫. જેતસી; ૬. સ્ત્રીને બાળક જન્મ્યા પછી દસમે દિવસે કરાવાતી શુદ્ધિ; ૭. વધે; ૮.શરીર; ૯. ધાવ માતા; ૧૦. સારી.

વહૂ પરણે જો પુત્ર, દેખું હું પોતરો હો લાલ...દેખું.
રહે આપણું ઘર નામ, વલી વંશ [૧]ગોતરો હો લાલ''...વલી. ...૨૪
ધનદત્તેં માની વાત, જોશી તેડી કરી હો લાલ...જોશી.
સાગરદત્ત [૨]વડ શાહ, માગી તસ દીકરી હો લાલ...માગી.
કુંવરી **જયસિરિ** નામ, રુપે દેવકુંવરી હો લાલ...રુપે.
પરણાવી ઘરી પ્રેમ, [૩]આરિમ કારિમ કરી હો લાલ...આરિમ. ...૨૫
કુલવંતી ગુણવંતી, શીલેં સીતા સતી હો લાલ...શીલે.
ચૌસઠ કલાની જાણ, વાણી અમીરસ વરસતી હો લાલ...વાણી.
નારીને ભરતાર, જોડી સરખી જડી હો લાલ...જોડી.
હર ગૌરી રાધા કૃષ્ણ, કામ રતી પરગડી હો લાલ...કામ. ...૨૬
હર્ષિત હુઆ માવિત્ર, સુજશ જગ વિસ્તરયો હો લાલ...સુજ.
દીધો મહેલ આવાસ, ચિત્રામેં ચિતરયો હો લાલ...ચિત્રા.
જાણેં દેવ વિમાન, દીસે એ દૂસરો હો લાલ...દીસે.
ફલમલ ફલકે જોર, ધૂનો નવિ ધૂંસરો હો લાલ...ધૂનો. ...૨૭
[૪]વિચ હિંડોલા ખાટ, સોને રતનેં જડી હો લાલ...સોને.
ફલકે હીરા લાલ, મોતી લડ પરવડી હો લાલ...મોતી.
રંગ રલી દિન રાત, હિંચે [૫]વિંદ વિંદણી હો લાલ...હિંચે.
ચૂવા ચંદન ચંપેલ, સુવાસ મહકે ઘણી હો લાલ...સુવા. ...૨૮
સજ્જન પુરિજન લોક, સહુ સંતોષીયા હો લાલ...સહુ.
તાજાં કરી પકવાન, ભલી પરેં પોષીયા હો લાલ...ભલી.
કીયો [૬]સખરો વિવાહ, શોભા જસ મહમહે હો લાલ...શોભા.
બીજી **જયતસી** ઢાલ, કહી મન ગહગહે હો લાલ...કહી. ...૨૯

દુહા : 3

વલી [૭]ઓઝા પંડિત કને, શીખે શાસ્ત્ર ઉદાર;
રહે વિષયશું વેગલો, કયવન્નો સુકુમાર ...૩૦
વિદ્યાશું [૮]રાતો રહે, મનમેં નહીં વિકાર;
દેખી જયસિરિ દિન ઘણે, સાસૂને કહે સાર ...૩૧

---

૧. ગોત્ર; ૨. મોટા (ધનાઢ્ય) શેઠ; ૩. ઘણો કરિયાવર; ૪. વચ્ચે; ૫. પતિ-પત્ની; ૬. સઘળા; ૭. ઓઝા-બ્રાહ્મણ પંડિત; ૮. રક્ત-મસ્ત.

ઢાળ : ૩ (રાગ : સારંગ. થારી અંગીરી કસ ચંગી, સુગુણા સાવટુ મારુજી...એ દેશી)

''માહરો નાહ નગીનો જાણે, સુગંધો કેવડો, સાસુજી.
સોભાગી વડભાગી, નહીં કો એવડો...સાસુ. ...૩૨
એ પીતલીયો દેવ, રંગીલો સાહિબો...સાસુ.
મુજસું વાત ન ચિત્ત, નહીં કોઇ બા(સા)હિબો...સાસુ. ...૩૩
બોલે ન મીઠા બોલ, ન ખોલે હિયડલો...સાસુ.
પીઉડો ન કરે સાર, દુ:ખી રહે જીવડો...સાસુ. ...૩૪
મુજસું ન કરે રાગ, વૈરાગી સારીખો...સાસુ.
ભોગ સજાઇ છોડી, જોગીસર [૧]આરીખો...સાસુ. ...૩૫
કરે વિદ્યા અભ્યાસ, એ પોથી પિંડીયો...સાસુ.
ન રહે ઘરમાં જાણી, વટાઉ હિંડીયો...સાસુ. ...૩૬
હું તો સુગંધી જાઇ, ભમર નહીં ભોગીયો...સાસુ.
મુજને ન માને [૨]નાહ, રહે વિયોગીયો...સાસુ. ...૩૭
જલે સુરંગી દેહ, સુ યૌવન જાગીયો...સાસુ.
હું કુલવંતી નારી, નાહ નીરાગીયો...સાસુ. ...૩૮
હૂઇ ચિંતા જોર, કે કાલી કોયલી...સાસુ.
સખી સહેલી સાથ, હસે હું દોહલી...સાસુ. ...૩૯
નયણેં નાવે નિંદ, કે સૂતાં [૩]સેજડી...સાસુ.
જાંખર થઇ [૪]જૂરી જૂરી, હું રત [૫]ખેજડી...સાસુ. ...૪૦
રાચે ન રુપ સરુપ, [૬]ખલગુલ સારિખો...સાસુ.
સમજે ન સંસાર વાત, જોયો મેં પારિખો...સાસુ. ...૪૧
એ નહીં છયલ છબીલ, [૭]બચલમાં પૂતડો...સાસુ.
ન રુચે સરસ સવાદ, જાણે ભૂઇ ભૂતડો...સાસુ. ...૪૨
જાતાં ન કહે જાઉં, આવો નહીં આવતોં...સાસુ.
નહીં નયણાનું [૮]હેજ, ન ખાતાં પીવતોં...સાસુ. ...૪૩
આપણી જાંઘ ઉઘાડ, કરું નહીં લાજતી...સાસુ.
થાં આગેં કહી વાત, બીજા શું લાજતી''...સાસુ. ...૪૪
વહૂઅરના બહુ બોલ, શેઠાણી સાંભલી...સાસુ.
શેઠ ભણી કહે વાત, કે દુ:ખભર આકુલી...સાસુ. ...૪૫

---

૧. વૈરાગી; ૨. નાથ; ૩. શૈયામાં; ૪. ઝૂરી ઝૂરીને; ૫. ખેજડાના વૃક્ષ જેવી સુકાઈ ગઈ; ૬. ઘુવડ; ૭. બજારમાં ઊભું રાખેલ પૂતળું (સ્ટેચ્યુ); ૮. હેત.

''કરો કોઈ દાય ઉપાય, જ્યું દુઃખ દૂરેં હુવે...સાસુ.
આજ લગેં ભોલો એ, વહુને દુહવે''...સાસુ. ...૪૬
બોલે શેઠ વિમાસ, ''વ્યસન કોણ શીખવે ?...સાસુ.
એ અણશીખી વાત, સહૂનેં સંભવે...સાસુ. ...૪૭
કુણ શિખવે ગતિ હંસ, ભમર ભોગી ભલો ?...સાસુ.
મોર પીંછ ચિત્રામ, ચોર ચોરી કલા ?''...સાસુ. ...૪૮
સુણીને શેઠની વાણી, રીશાણી સુંદરી...સાસુ.
જયતસી ત્રીજી ઢાલ, કહી એ [૧]છંદરી...સાસુ. ...૪૯

દુહા : ૪

વચણ ઘણાં શેઠેં કહ્યાં, પણ સમજે નહીં નાર;
હઠ ઝાલે નારી જિકો, નવિ મૂકે નિરધાર ...૫૦
નટ વિટ લંપટ લાલચી, જૂઆરીને લડાક;
વ્યસની તેડ્યા ધનદત્તેં, જેહ ચઢાવે ચાક ...૫૧
મોહવશેં ધનદત્ત ભણેં, કયવન્નો સુકુમાલ;
''માલ ઘણો લઇ શીખવો, [૨]વ્યસન કલા તતકાલ'' ...૫૨

ઢાળ : ૪ (રાગ : કેદારો. નદી ચમુનાકે તીર ઉડે દોય પંખીયાં...એ દેશી)

કુમર પાસેં રહે આય કે, દિનને રાતડી;
વ્યસનેં પાડે પાસ, કરે રંગ વાતડી ...૫૩
કરે માંહોમાહે ગોઠ, મલી સહુ ગોઠીયા;
ખાવે પીવે દિન રાત, છૂટા જિમ પોઠીયા ...૫૪
દુહા કવિત્ત કલ્લોલ, ગાહા [૩]ગુઢા વલી;
હાસ્ય તમાસા ખ્યાલ, ખુશી ખેલે રલી ...૫૫
આવી ચોપડ માંડી, સારિ પાસા રમે;
ઉડે હોડાહોડ, કોડા કોડી ધન ગમે ...૫૬
હારે જીતે એક, ખેલે વલી જૂવટાં;
કરે મદિરાપાન, પડે જિમ [૪]ઉવટા ...૫૭
એક આલાપે રાગ, કાફી નટ કાન્હડા;
તન નન રીરી રીરી, કરે તાન [૫]માનડાં ...૫૮

---

૧. છંદની; ૨. પા૰ વ્યસન કરવા (હ.પ્ર. **ક** નો પાઠ); ૩.પા૰ ગૂઢા (હ.પ્ર. **ક** નો પાઠ); ૪. ઉંધો, બેભાન; ૫. મનગમતાં

ચટપટ તાલ કંસાલ, ધપ મપ માડલાં;
ઢમ ઢમ ઢમકે ઢોલ, ગાજે જિમ વાદલાં ...૫૯
તતથેઇ નાચે પાત્ર, હાથ લટકાવતી;
[૧]છ્યલનેં પાડે પાસ, આંખ મટકાવતી ...૬૦
પીવે ભાંગ તમાકુ, તણાં વલી છોતરાં;
નરકતણા વ્યાપાર, જાણે [૨]દાહોત્તરા ...૬૧
ગટ ગટ પીવે દૂધ, દહીંનાં માટકાં;
ભરે કસુંબા [૩]ઘૂંટ, ભરી ભરી વાટકા ...૬૨
અમલમેં જાણેં કોઈ, ઘૂમે ભૂતડા;
લુલી લુલી પડે મુખ લાલ, ખરા તે વિગૂતડા ...૬૩
હવે રહે તિયાં રે સાથ, માતો મદમાં નરો;
કયવન્નો હુઉ જેમ, યોગીનો વાનરો ...૬૪
વિણસે મીઠો દૂધ, બિહું કાંજી તણેં;
કસ્તૂરી કર્પૂર, લસણ પરિમલ હણે ...૬૫
ગંગા જલ લૂણ સંગેં, સહી ખારો હુવે;
કુરંગ સંગી [૪]ચંદ્ર, કલંકી જન ચવે ...૬૬
નટ વિટ સાથેં કુમાર, આવે વેશ્યા ઘરેં;
દેવદત્તા તિહાં દેખી, આગત સ્વાગત કરે ...૬૭
ભક્તિ યુક્તિ હાવભાવ, મુખેં જી જી કરે;
વેશ્યા ધૂતારી નારી, દીઠાં તન મન હરે ...૬૮
ચડે મૃગ જ્યું પાસ, બોલે વિકસી હસી;
મ કરો ઈશા[૫](ણા)રો સંગ, ચતુર કહે **જયતસી** ...૬૯

દુહા : ૫

ચંદ્રવદની મૃગલોચણી, રુપેં ગોરી રંગ;
કયવન્નો ભોગી ભમર, દેખી ઘરે અચંભ ...૭૦

ઢાળ : ૫ (રાગ : સોરઠ મલાર મિશ્ર.)
ચાલણરી [૬]વીંટીયા નહીં હો લાલ, ધનવારીલાલ ચાલણ ન દેસ્યૂં...એ દેશી)

કર જોડી વેશ્યા કહે હો લાલ, ''હું [૭]થારે બલિહાર હો;
કયવન્ના શાહ, ભલેં રે પધાર્યા આજ;

---

૧. છેલછબીલો; ૨. બળતરા કરે; ૩. ઘુંટડા; ૪. હ.પ્ર. (ક,ખ)માં આ પાઠ નથી; ૫. હ.પ્ર. (ક) નો પાઠ; ૬.પા. વરીયાં; ૭. પા. જૌ (હ. પ્ર - ક).

હું દાસી છું તાહરી હો લાલ, થેં મુજ પ્રાણ [૧]આધાર હો...કય. ...૭૧
એ મંદિર માલિયાં હો લાલ, એહ હિંડોલા ખાટ હો...કય.
તન મન [૨]ધન એ થાહરાં હો લાલ, હસો વસો ગહ ગાટ હો''...કય. ...૭૨
હાવ ભાવ વચનેં કરી હો લાલ, ચોરી લીધો તસુ ચિત હો...કય.
કયવન્નો વેશ્યા ઘરેં હો લાલ, મોહી રહ્યો ઘરી પ્રીત હો...કય. ...૭૩
દાસી નિજ ઘર મૂકીનેં હો લાલ, અણાવે ઘન કોડી હો...કય.
મનવંછિત લીલા કરે હો લાલ, એ બિહું સરખી જોડી હો...કય. ...૭૪
ઘર કુટુંબ સહુ વીસરયાં હો લાલ, પરણી મૂકી વિસાર હો...કય.
માવિત્ર મૂક્યાં આપણાં હો લાલ, ધિગ્! ધિગ્! કામ વિકાર હો...કય. ...૭૫
ખાણાં પીણાં ખેલણાં હો લાલ, રંગ રાતાં ઘન જોડિ હો...કય.
માવિત્ર તસુ ઘન મોકલે હો લાલ, વરસાં વરસ એક કોડિ હો...કય. ...૭૬
બાર વરસ વોલ્યા તિકેં હો લાલ, માવિત્રેં કરી નેહ હો...કય.
દાસી મેલી સુત તેડવા હો લાલ, ''આવો આપણે ગેહ હો...કય. ...૭૭
માવિત્ર હૂઆં ડોસલાં હો લાલ, કરો ઘર ઘરણીની સાર હો''...કય.
કયવન્નો માને નહીં હો લાલ, દાસી પાછી ગઇ હાર હો...કય. ...૭૮
વેશ્યા શું રાતો રહે હો લાલ, જિમ ભમરો વનરાજિ હો...કય.
છોડ્યાં માવિત્ર આપણાં હો લાલ, છોડ્યાં સહુ લાજ કાજ હો...કય. ...૭૯
બૂડા તે નર બાપડા હો લાલ, જે કરે વેશ્યા શું રંગ હો...કય.
પાંચમી ઢાળ વેશ્યા તજો હો લાલ, જિમ પામે **જયરંગ હો**...કય. ...૮૦

દુહા : ૬

દાસી ઉદાસીન મન, વાત કહે ઘર આય;
કુમર વેશ્યાયેં ભોલવ્યો, આવણ વાત ન કાંય ...૮૧
વાત સુણી માતા હવે, કરે વિવિધ વિલાપ;
આપ કમાયા કમ્મડા, કરે ઘણો પશ્ચાત્તાપ ...૮૨

ઢાળ : ૬ (રાગ : દેશાખ, ગોડી. ઘર આવો રે મનમોહન ઘોટા!...એ દેશી)

''તું જીવન તું આતમા હો બેટા, તું મુજ પ્રાણ આધાર બેટા;
[૩]સાસ તણી પરેં સાંભરે હો બેટા, તું વસે હિયડા બાર બેટા ...૮૩
ઘરેં આવો રે મનમોહન બેટા...એ આંકણી.

---

૧. હ. પ્ર. ક-ખ-ગ નો પા. સવાર; ૨. હ. પ્ર. કનો પા. કા એ તાહરાં; ૩. શ્વાસ.

[૧]તિલ ભર જીવ રહે નહીં બેટા, કિમ જાવે [૨]જમવાર બેટા;
[૩]એકરસો આવી આંગણે બેટા, કર માવડીની સાર બેટા ...ઘરેં. ...૮૪
તું મુજ આંધા લાકડી બેટા, કાલેજાની કોર બેટા;
આંત્ર લૂહણ તું માહરે બેટા, કિમ હોયે કઠિણ કઠોર બેટા ...ઘરેં. ...૮૫
કુણ કહેશે મુજ માયડી બેટા, કુણને કહીશું પૂત બેટા;
એકેં જાયા બાહિરો બેટા, નવિ રહે ઘરનું સૂત બેટા ...ઘરેં. ...૮૬
તું પુત્ત ભોજનનેં સમે બેટા, હીયડે બેસે આય બેટા;
જો માતા કરી લેખવે બેટા, તો ઘર આય વસાય બેટા ...ઘરેં. ...૮૭
સાલે સાલ તણી પરેં બેટા, એ ઘર આહીઠાણ બેટા;
પ્રાણ હોશે હવે [૪]પ્રાહુણ બેટા, તું મન જાણ મ જાણ બેટા ...ઘરેં. ...૮૮
હું ડોસી તુજ તાતડો બેટા, નયણ ગમાયાં રોય બેટા;
ઘર શૂનું કરી ગયો બેટા, રહ્યો પરદેશી હોય બેટા ...ઘરેં. ...૮૯
બાલપણે હું જાણતી બેટા, કરશે બૂઢાપણ સેવ બેટા;
છોરુ કછોરુ હુવે બેટા, ન ગણે તું મા ગુરુ દેવ બેટા ...ઘરેં. ...૯૦
જો બાલપણ સાંભરે બેટા, શીયાલાની રાત બેટા;
તો છોડે નહીં માતનેં બેટા, ચઢ્યું કલંક વિખ્યાત બેટા ...ઘરેં. ...૯૧
પાલી લાલી મહોટો કિયો બેટા, ધોયાં મલને મૂત્ત બેટા;
સગાઈ ઠગાઈમાં ગણી બેટા, તું મહારે ઘરનું સૂત્ત બેટા ...ઘરેં. ...૯૨
વહૂ રતન એ તાહરી બેટા, સુગુણ સતી સુકલીણ બેટા;
કોઇલ જ્યું કાલી હુઇ બેટા, વિરહિણી જૂરી જૂરી ક્ષીણ બેટા ...ઘરેં. ...૯૩
નીચનો સંગ કરાવીયો બેટા, તો ફલ લાગાં એહ બેટા;
‘‘પાણી પીનેં ઘર પૂછવું’’ બેટા, હૂઉ ઉખાણો તેહ બેટા ...ઘરેં. ...૯૪
જો વિહડે પેટ જ આપણું બેટા, તો [૫]કલિઉ ઘણ હોય બેટા;
એ ઉખાણો ઇણં કણે બેટા, તે સાચો હુઉં જોય બેટા ...ઘરેં. ...૯૫
હું પાપિણી સરજી અછું બેટા, દુઃખ દેખણને કાજ બેટા;
દુઃખીયાનેં ઉતાવલું બેટા, મરણ ન દે મહારાજ બેટા ...ઘરેં. ...૯૬
આપ કમાઇ એ સહી બેટા, ઇહાં નહીં કિણરો દોષ બેટા;
પાપી જીવ રહે નહીં બેટા, સાસ હુવે તાં શોષ બેટા ...ઘરેં. ...૯૭
દેવ ગુરુ શીખ માને નહીં બેટા, માને નહીં માવિત્ર બેટા;
ઢાલ છઠ્ઠી કહે **જયતસી** બેટા, એ વ્યસનીની રીત બેટા’’ ...ઘરેં. ...૯૮

---

૧. ક્ષણમાત્ર; ૨. જન્મારો; ૩. સંભવિત પા. એકવાર; ૪. પરોણો; ૫. ઘણી પીડા.

દુહા : ૭

ઝૂરી ઝૂરી પિંજર હુઆં, બૂઢાં પણ માવિત્ર;
પણ પાછો આવ્યો નહીં, કચવન્નો ઘરી પ્રીત ...૯૯
માત પિતા બેહુ થયાં, કાલ ઘરમ વ્યવહાર;
કચવન્ના નારી ઘરેં, પાલે કુલ આચાર ...૧૦૦
નારી ઘન મૂકે તિહાં, તિમહિ જ પતિને સાર;
ઘન વીત્યું તબ આભરણ, મૂકે સતી શણગાર ...૧૦૧
ઘરેણાં ગાંઠાં દેખીનેં, અક્કા કરે વિચાર;
ઘર ખાલી હુઉ એહનું, નહીં કમાવણહાર ...૧૦૨
કરે ઘર બેઠી કાંતણું, લહી આપણો પ્રસ્તાવ;
[૧]વિરહિણી નારીનો સહી, એહિજ મૂલ સ્વભાવ ...૧૦૩
અનુક્રમેં અક્કાયેં સુણી, મરણ વાત માવિત્ર;
હવે સ્વારથ અણ પૂગતે, જો જો કરે કુરીત ...૧૦૪

ઢાળ : ૭ (અલબેલાની...એ દેશી)

હવે તે અક્કા ડોકરી રે લાલ, બેટીનેં કહે તેડિ, ''સું વિચારી રે ?
કચવન્નો નિર્ધન હુઉ રે લાલ, છાંડ તું એહની કેડિ...સુ. ...૧૦૫
માને વાત તું માહરી રે લાલ, મ કરે એહનો સંગ...સુ.
રહેજે રીશ ભરી રુશણે રે લાલ, કરજે રંગ વિરંગ.. સુ...મા. ...૧૦૬
માલ વિના એ મુઆ જિસ્યો રે લાલ, દીઠો ન આવે દાય...સુ.
[૨]અખટુ એ અસુહામણો રે લાલ, કાઢીશ કૂટી ધકાય.. સુ...મા. ...૧૦૭
વ્યસનીને વેષ રચી વલી રે લાલ, મરે ન છોડે મંચ...સુ.
સ્વારથ વિણ કિણ કામનો રે લાલ, ઠાલો [૩]ઠીંકર સંચ.. સુ...મા. ...૧૦૮
કિણ કિણનેં [૪]ચીતારસ્યા રે લાલ, લખ આવે લખ જાય...સુ.
નાઇ મૂંડે નવ નવા રે લાલ, વેશ્યા ઠગિ ઠગિ ખાય'' .. સુ...મા. ...૧૦૯
કહે બેટી ''સુણો માતજી રે લાલ, એ સુકુલીણ સુજાત !...સુ.
નેહ ન છૂટે એહનો રે લાલ, પડી પટોલે ભાત.. સુ...મા. ...૧૧૦
મન માન્યો એ માહરો રે લાલ, બીજો નાવે દાય...સુ.
જિમ નયણાં વિચ પૂતલી રે લાલ, તિમ તન મનને સુહાય.. સુ...મા. ...૧૧૧
લાગો રંગ મજીઠનો રે લાલ, [૫]છોહ લાગે જિમ ભીંત...સુ.
વલગી રહે વેલી રુંખશું રે લાલ, જિમ કાગલ શું ચીત.. સુ...મા. ...૧૧૨

૧. હ.પ્ર. (ક) નો પા૰ વિરખિણી; ૨. નકટો; ૩. માટીના વાસણનો ભાંગેલો ટુકડો; ૪. યાદ કરશો; ૫. ચુનો.

કરતાર ભરતાર એ સહી રે લાલ, ન રહે તિ વિણ જીવ...સુ૰
છોડું નહીં હું જીવતી રે લાલ, સાચો રંગ સદીવ.. સુ૰...મા૰ ...૧૧૩
એક દિન જો અલગો રહે રે લાલ, તો નયણેં નાવે નીંદ...સુ૰
કુડ કહું તો આખડી રે લાલ, હૂં વીંદણી એ વીંદ''.. સુ૰...મા૰ ...૧૧૪
''રહે રહે છાની છોકરી રે લાલ,'' ડોકરી બોલે એહ...સુ૰
''નાચણ(હા)રો કિશો રાચણો રે લાલ, જ્યાં લાગો તાં નેહ''.. સુ૰...મા૰ ...૧૧૫
રીશ ત્રિસૂલો ચાઢીયો રે લાલ, કરી આંખ્યાં રાતી ચોલ...સુ૰
ગાલો રાંડ બોલે ઘણી રે લાલ, જાણે ફૂટો ઢોલ.. સુ૰...મા૰ ...૧૧૬
ડોસી પોસી પાપિણી રે લાલ, ન ચલે બેટી જોર...સુ૰
બુડ બુડ બુડ બુડ બોલતી રે લાલ, [૧]સુખણી [૨]માંડ્યો સોર.. સુ૰...મા૰ ...૧૧૭
કચવન્ના ઉપરેં હવે રે લાલ, કરે [૩]ઠોબારણ ઠોર...સુ૰
બેટી રોવે દેખીનેં રે લાલ, જ્યું પગ દેખી મોર.. સુ૰...મા૰ ...૧૧૮
કાલી કૂતી જેહવી રે લાલ, [૪]ખૂતી લોભ [૫]લબક્ક...સુ૰
અક્કા [૬]ઓબલકા આણતી રે લાલ, કરે તડક્ક ભડક્ક.. સુ૰...મા૰ ...૧૧૯
પાપિણી સાપિણી જ્યું ઉછલે રે લાલ, લાગું જાણે ભૂત...સુ૰
કહે ''પડ્યો રહે ઘરમેં રે લાલ, રોગી [૭]સોગીરો સુત્ત.. સુ૰...મા૰ ...૧૨૦
ઘર શૂરો મઠ પંડિયો રે લાલ, વાત કરે અદભુત...સુ૰
વલી અણબોલે હવે રે લાલ, ખાધો પીધો ઘન સૂત.. સુ૰...મા૰ ...૧૨૧

યત: *વસ્ત્રહીનોડહ્યલંકારો, ઘૃતહીનં ચ ભોજનં ।
કંઠહીનંચ ગાંધર્વં, ભાવહીના ચ મિત્રતા ।।૧ ।।

ઢાલ પૂર્વની

લૂખો શૂકો ભાવે નહીં રે લાલ, તાજાં ધાન્ય ઘૃત ગોલ...સુ૰
અમલ આછાં રૂડાં લૂગડાં રે લાલ, જોઇજેં તેલ તંબોલ.. સુ૰...મા૰ ...૧૨૨
સરશે વરશે તો વિના રે લાલ, જા આપણેં ઘર બાર...સુ૰
માવિત્ર મૂઆં તાહરાં રે લાલ, કર ઘર કુલ આચાર''.. સુ૰...મા૰ ...૧૨૩

---

૧. કર્કશા, શંખણી; ૨. હ.(ક)નો પા૰ ગાલો; ૩. ઠૂંબા મારવા; ૪. ખૂંપી; ૫. લબકારા; ૬. જેમ તેમ બોલવું, ઓલંભા; ૭.રોગી અને શોક્યનો પુત્ર.

* (આ શ્લોક મુદ્રિત હ.પ્ર.માં નથી) વસ્ત્ર વિના અલંકાર, ઘી વિના ભોજન, માધુર્ય વિના આલાપ અને ભાવ વિનાની મિત્રતા નિરર્થક છે.

દુહા

[૧]સવન તિહાં ન જાઇયેં, જિહાં કપટકા હેત;
જ્યાંલો કલી [૨]કણેરકી, તન રાતા મન શ્વેત ...૧૨૪
હંસા તો તબ લગ ચુગે, જબ લગ દેખે લાગ;
લાગ વિહૂણા જે ચુગે, હંસ નહીં તે કાગ ...૧૨૫
બગ ઉડાયા બાપડા, ક્ષણ સરોવર ક્ષણ તીર;
હંસ ભમરા સવ કિમ સહે, [૩]અમસહ જાહ શરીર ...૧૨૬
[૪]લીહ નહીં લજ્જા નહીં, નહીં રંગ નહીં રાગ;
તે માણસ તિમ છંડિયેં, જિમ અંધારે નાગ ...૧૨૭
કડુઆં ફલાં કુમાણસા, જીભ અવગુણ જાંહી;
આડી દીજેં ભૂંય ઘણી, દૂર વસી જેં જાઇ'' ...૧૨૮

ઢાળ : પૂર્વની

ઇમ સુણી ઉઠી નીસરયો રે લાલ, અમરષ આણી શરીર...સુ૰
તેજી ન સહે [૫]તાજણો રે લાલ, હંસ સહે નહીં [૬]છીર.. સુ૰...મા૰ ...૧૨૯
આંખ ઉઘાડી ચિંતવે રે લાલ, 'ધિગ્! ધિગ્! વેશ્યા નેહ...સુ૰
[૭]ગિરિવાહલા વાદલ છાંહજ્યું રે લાલ, અંતે દીખાવે છેહ'.. સુ૰...મા૰ ...૧૩૦

દુહા

વેશ્યા નેહ જૂઆર ઘન, [૮]કાતી [૯]ડંબર [૧૦]છાંહ;
પાછલ પહોર [૧૧]અપુત ઘર, જાતાં ન લાગે વાર ...૧૩૧

ઢાળ : પૂર્વની

ધનદત્તનું ઘર પૂછતો રે લાલ, આવે મારગ માંહ...સુ૰
નગરશેઠ મલ્યો તિસેં રે લાલ, કુમર પૂછે વલી રાહ.. સુ૰...મા૰ ...૧૩૨
શેઠ કહે ''જાણે નહીં રે લાલ, તું પરદેશી લોક...સુ૰
જૂનું હૂઉં ઘર તેહનું રે લાલ, નામ ગયું વલી ફોક.. સુ૰...મા૰ ...૧૩૩
શેઠ શેઠાણી બે મૂઆં રે લાલ, નિવડ્યો પુત્ત કપુત્ત...સુ૰
ધન ખાધું સઘલું તિણે રે લાલ, વેશ્યા સેંતી [૧૨]વિગૂત્ત''.. સુ૰...મા૰ ...૧૩૪

---

૧. સ્વપ્નમાં પણ; ૨. કરેણની કડી; ૩. અદેખાઈ; ૪. મર્યાદા; ૫. ચાબુક; ૬. ખાબોચિયું; ૭. પર્વત પર વહન થવું.; ૮. કાતી (?); ૯. આકાશમાં વાદળાની; ૧૦. છાયા; ૧૧. અપુત્રિયાનું ઘર; ૧૨. લપટાયેલ.

નિજ શ્રવણેં અવગુણ સુણ્યા રે લાલ, ‘ધિગ્ ! ધિગ્ ! મુજ અવતાર’...સુ૰
નયણેં બે આંસુ ઝરે રે લાલ, જાણે મોતીહાર.. સુ૰...મા૰ ...૧૩૫
‘તીરથ ભૂત પિતા કહ્યો રે લાલ, વલી વિશેષેં માત...સુ૰
ન કરી સેવા ચાકરી રે લાલ, ભલી ન કીધી વાત’.. સુ૰...મા૰ ...૧૩૬
ઇમ ચિંતવતો આવીયો રે લાલ, નિજ ઘર બાર કુમાર...સુ૰
શિર ધૂણી સોચે ઘણું રે લાલ, જોતો પોલિ પ્રકાર.. સુ૰...મા૰ ...૧૩૭
પડ્યા પછી પણ પધારો રે લાલ, ચાલે ચતુર સુજાણ...સુ૰
વ્યસન સાતે તજો સાતમી રે લાલ, ઢાલેં **જયતસી** વાણ.. સુ૰...મા૰ ...૧૩૮

દુહા : ૮

ઘણી વિહૂણાં ઘવલ ઘર, ઢહ હૂઆ ઢમ ઢેર;
હૂઓ આમણ દૂમણો, દેખિ દેખિ ચઉ ફેર ...૧૩૯
જિણ ઘરમેં વલી દીસતા, ઝાઝાં દાસી દાસ;
ગહ મહ શોભા વઇગઇ, દેખી હુઓ ઉદાસ ...૧૪૦
ચત : ‘‘જિણકે ખંધે કૂદતે, કરતે લાડ હજાર;
લાડણહારે રહ ગએ, ગયે લડાવણહાર’’ ...૧૪૧
હવે એકાંતે બારણેં, ઉભો રહી અડોલ;
કુંઅર કાનેં સાંભલે, નિજ નારીના બોલ ...૧૪૨
કહે કામિની સૂડા ભણી, ‘‘ઉઠ ! ઉઠ ! પ્રભાત;
રંગ રંગીલા સૂઅડા, સુણ સુણ મોરી વાત ...૧૪૩

ઢાળ : ૮ (રાગ : ગોડી, સોરઠી. સુવટીયાની...એ દેશી)

‘‘સુણ ! સુણ ! સૂવટીયા, સૂવટીયા ભાઈ;
તું છે ચતુર સુજાણ હો રે હાં, રુપ રુડું રલીયામણું..સુ૰...સૂ૰
મીઠી તોરી વાણિ હો રે હાં, બોલે જીભડી પડવડા..સુ૰...સૂ૰ ...૧૪૪
નીલી થારી પાંખ હો રે હાં, ચાંચ રાતી તીખી તાહરી..સુ૰...સૂ૰
રુડી થારી આંખ હો રે હાં, રાતી માતી રંગ વાટલી..સુ૰...સૂ૰ ...૧૪૫
સોને મઢાવું તાહરી ચાંચ હો રે હાં, દૂધેં પરવાલું તાહરી પાંખ..સુ૰...સૂ૰
તુને બિઠાવું હાથ હો રે હાં, વિનતડી સુણ માહરી..સુ૰...સૂ૰ ...૧૪૬
માનીશ તુઝ ઉપગાર હો રે હાં, જાયે જિહાં પિયુ માહરો..સુ૰...સૂ૰
ઉડે પાંખ પસારી હો રે હાં, મ કરે ઢીલ તું મારગેં..સુ૰...સૂ૰ ...૧૪૭

કહેજે મુજ સંદેશ હો રે હાં, અબલા તુજ ઘર એકલી..સુ૰...સૂ૰
છે વિરહિણીને વેશ હો રે હાં, ઝુરી ઝુરી જંખર ભંખરી..સુ૰...સૂ૰ ...૧૪૮
તજીયાં તેલ તંબોલ હો રે હાં, ખાનાં પીનાં ખેલણાં..સુ૰...સૂ૰
છાંડ્યા અંગ રંગરોલ હો રે હાં, પીઠી અંજણ મંજણા..સુ૰...સૂ૰ ...૧૪૯
તોડ્યા હીર ચીર હાર હો રે હાં, લાગે શણગાર અંગાર સારિખા..સુ૰...સૂ૰
વિરહા કરવત ધાર હો રે હાં, રસ કસ ખારા વિષ હુઆ..સુ૰...સૂ૰ ...૧૫૦
સૂવે નહીં સુખ સેજ હો રે હાં, નયણેં નાવે નીંદડી..સુ૰...સૂ૰
ધરતી પીયુશું હેજ હો રે હાં, દુઃખ ધરતી ધરતી સૂવે..સુ૰...સૂ૰ ...૧૫૧
વલી કહેજે તુજ નારી હો રે હાં, તુમને કહ્યા છે બોલડા..સુ૰...સૂ૰
તેં લોપી કુલકાર હો રે હાં, લેહેણાથી દેણે પડી..સુ૰...સૂ૰ ...૧૫૨
તેં પાંચારી સાખ હો રે હાં, હું પરણી હુતી જોઇનેં..સુ૰...સૂ૰
તજી ન અવગુણ દાખ હો રે હાં, કલંક ચઢાવ્યાં મેહણાં..સુ૰...સૂ૰ ...૧૫૩
મેં તુજને ભરતાર હો રે હાં, કલ્પતરુ જ્યું આદરયો..સુ૰...સૂ૰
આક એરંડ અનુસાર હો રે હાં, ઉંચો નીચ પરેં નીવડ્યો..સુ૰...સૂ૰ ...૧૫૪
ગાંઠે બાંધ્યો તાણ હો રે હાં, રતન અમૂલખ જાણીને..સુ૰...સૂ૰
પણ હુઓ પથર જાણ હો રે હાં, પાચ હૂઓ કાચ સારિખો..સુ૰...સૂ૰ ...૧૫૫
હંસ હૂઓ જાણે કાગ હો રે હાં, સોનો શીસો નિવડ્યો..સુ૰...સૂ૰
વેશ્યાશું કરિ રાગ હો રે હાં, નામ ગમાયો બાપરો..સુ૰...સૂ૰ ...૧૫૬
કાં સરજી કિરતાર હો રે હાં, કંત વિહૂણી કામિની..સુ૰...સૂ૰
દુઃખીણી કોઇ કોઇ નારી હો રે હાં, પણ સઘલી છે મો પછેં..સુ૰...સૂ૰ ...૧૫૭
કિણનેં દીજેં દોષ હો રે હાં, ઘટિ કમાઇ આપણી..સુ૰...સૂ૰
કેહો કરું અપશોષ હો રે હાં, લહિણું લાભે આપણું..સુ૰...સૂ૰ ...૧૫૮

દુહા

વ(વા)લમ તણો વિછોહ, કિરતાર ! તું કદિ ભાંજશે ;
કહેનેં કદી સંયોગ, કરશે ? તે નિરણય કહો ...૧૫૯
કોકિલ મેઘ જ્યું મોર ધ્વનિ, દક્ષિણ પવન જ હુંતિ ;
ચંદ કિરણ તંબોલ રસ, વિરહી એ ન સહંતિ ...૧૬૦
દુસ્સહ વેદન વિરહકી, સાચ કહે કવિ માલ ;
જિણકી જોડી વિછડે, તિણકા કવણ હવાલ ...૧૬૧

એક આંખ્યાં દીઠાં દહે, વાલા દહે પરદેશ;
સજ્જન દુર્જન બિહું દહે, હિયડા કાહુ કરેશ ...૧૬૨
ઉપર આંબા મોરિયા, તલે નિઝરણા ઝરંત;
સાજન પાખેં દીહડા, તાઢા તોહી તપંત ...૧૬૩
છાતી માંહે શાલ, ક્ષણ ક્ષણમેં ખટકે ઘણાં;
કરસ્યાં કવણ હવાલ, મલિયાં વિણ મટશે નહીં ...૧૬૪
જો જસ લીનો હોય, તો સાહેબ વશ રંજીયેં;
ઘણું અંધારું તોય, મોર લવે ઘન ગજ્જીયેં ...૧૬૫
તે [૧]દાલદરી ભૂખ, [૨]ભૂછલિએ ભાંજે નહીં;
દેખીજેં તો દુ:ખ, જો ગાજાણતલ મિલે રહી ...૧૬૬
જો ભેટું કિરતાર, કરું વિનંતી આપણી;
અઇહો સરજણહાર, [૩]ઔજમ ચુંહી જાયસી ...૧૬૭
વયણાં તણા વિકાર, [૪]ભાખંતાં ભેદ્યા નહીં;
સાવજડા સંસાર, પાતલીયા નહીં પાલઉત ...૧૬૮
મુખકે કહે કહાવનેં, કાગદ લખી ન જાત;
આપને મન શું જાનીયો, મેરે મનકી બાત ...૧૬૯

ઢાળ : પૂર્વની

સૂ૰ કહેજો મુજ આશીષ હો રે હાં, કોડી વરસ પ્રભુ જીવજો..સુ૰...સૂ૰
મત કરજો મન રીશ હો રે હાં, ભલું જાણો કરજો જિકૂં..સુ૰...સૂ૰ ...૧૭૦
હું થાહારી બલિહાર હો રે હાં, કહી સંદેશનેં લાવજો..સુ૰...સૂ૰
વાટ જોવા ઉભી બાર હો રે હાં, કુશલેં વેગા આવજો..સુ૰...સૂ૰ ...૧૭૧
સતીય શિરોમણિ જાણ હો રે હાં, સીતા સતી જિમ નિર્મલી''..સુ૰...સૂ૰
જયતસી કરે સુવખાણ હો રે હાં, શીલ લીલા ઢાલ આઠમી..સુ૰...સૂ૰ ...૧૭૨

દોહા સોરઠી

દીધી આપણી બાંહ, ચોરી ચડી કર મેલતાં;
પણ જિમ તનરી બાંહ, તિમ નવિ રાખી તો કન્હે ...૧૭૩
કુરકે ડાબું અંગ, તિણ અવસર નારી તણું;
ચિંતે 'આજ સુરંગ, સહી મલશે મુજ વાલહો !' ...૧૭૪

---

૧. દરિદ્રિની; ૨. કુસકાં; ૩. ઉદ્યમ; ૪. ભેખ તયાં ભાંખ્યા નહીં.

ઢાળ : ૯ (રાગ : મારુ, સોરઠ મિશ્ર.)

(નલ રાજાને દેશિ હોજી પુંગલ હુંતિ પલાણીયા...એ દેશી)

બેઠી કાંતણ ઠાણ હો જી, નારી મન નિશ્ચલ કરી લાલ...ના.
સુણિ સુણિ વિરહિણી વાણિ હો જી, કુમર વજાહત અતિ હુઓ લાલ...કુ. ...૧૭૫
કુમર ગયો ઘરમાંહે હો જી, શૌચ ઘરંતો શંકતો લાલ...શૌ.
ચંદ્ર ગ્રહ્યો જ્યું રાહુ હો જી, મુખ [૧]વિલખે છબી શોભતી લાલ...મુખ. ...૧૭૬
શંકાણી સુકુલીણી હો જી, સતીય શિરોમણિ ચિંતવે લાલ...સ.
'એ પર પુરુષ પ્રવીણ હો જી, કિમ આવ્યો વહી આંગણે ?' લાલ...કિમ. ...૧૭૭
''જા તું તાહરે ઠામ હો જી, પૂઠી અપૂઠી કરી કહે'' લાલ...પૂ.
''નહીં પર પુરુષાંરો કામ હો જી, એ ઘર છે સતીયા તણાં લાલ...એ. ...૧૭૮
સરણાઇ સુંહડા હો જી, કેશર કેશ ભુયંગમણિ લાલ...કે.
ચડશે હાથ મૂઆ હો જી, સતીય પયોધર કૃપણ ધન લાલ...સ. ...૧૭૯
બીજા નર સહુ વીર હો જી, બોલું ન બોલ બીજા સેંતી લાલ...બો.
સગી નણદીરો વીર હો જી, કૂડ કહું તો આખડી'' લાલ...કૂ. ...૧૮૦
''હું પ્રિયા છું તેહ હો જી,'' કયવન્નો બોલે હસી લાલ...ક.
''ધન ! તું રાખી રેહ હો જી, ચંદ નામો તેં ચાઢીયો'' લાલ...ચંદ. ...૧૮૧
દીઠો ઘાટ સુઘાટ હો જી, સાસુરો જાયો સહી લાલ...સા.
હુઓ રંગ [૨]ગહગાટ હો જી, કામિની તન મન વિકસીયાં લાલ...કા. ...૧૮૨
જિમ અતિ વૂઠે મેહ હો જી, નવ નવ રંગ ઘરતી ઘરે લાલ...ન.
જયશ્રી તિમ પીયુ નેહ હો જી, નવમી ઢાલ **જયરંગ** ભણે લાલ...ન. ...૧૮૩

ઢાળ : ૧૦

(વધાવો હે સુહવ ગાવશું અથવા અયોધ્યા હે રામ પધારીયા અથવા રાગ : મલ્હાર. સીયાલાના...એ દેશી)

આજ વધાવો માહરે, આજ જાગ્યું હે સખિ માહરું ભાગ્ય કે ;
પીયુડો હે ઘરેં આવીયો...એ આંકણી
દુ:ખ દોહગ દૂરેં ટલ્યો, આજ પાયો હે સખિ સુખ સૌભાગ્ય કે...પી. ...૧૮૪
સુરતરુ ફલીયો આંગણે, આજ દૂધેં હે સખિ વૂઠા મેહ કે...પી.
મુહ માંગ્યા પાસા ઢલ્યા, આજ ઉલ્લસી હે સખિ દેહ સનેહ કે...પી. ...૧૮૫
તપ જપ વ્રતની આખડી, આજ હૂઆ હે સખિ પૂરા સૂંસ કે...પી.
તૂઠા ગુરુનેં દેવતા, આજ પૂગી હે સખિ મનની હૂંશ કે...પી. ...૧૮૬

૧. ઉદાસ ; ૨. આનંદની અભિવ્યક્તિ.

ધન્ય વેલા ધન્ય એ ઘડી, આજ ધન્ય ધન્ય હે સખિ દિવસ ઉમાહ કે...પી૰
બાર વરસનેં છેહડે, મુજ મલિયો હે સખિ વિછડ્યો નાહ કે...પી૰ ...૧૮૭
મોતીયડેં વધાવીયો, ગોરી ગાવે હે સખિ મલી મલી ગીત કે...પી૰
વર માંડણે ઘર માંડીયું, રંગ ચીતરયા હે સખિ ભીત સચિત કે...પી૰ ...૧૮૮
વિચ વિચ દીયે ઓલંભડા, સહુ કાઢી હે સખિ મનની ૧ભાસ કે...પી૰
નાહ મલ્યો આજ માહરો, રંગરલીયાં હે સખિ લીલ વિલાસ કે...પી૰ ...૧૮૯
રંગમાં મીઠો રુષણો, જાણે દૂધમાંહે સખિ સાકર દ્રાખ કે !...પી૰
અલીયાં ગલીયાં પૂઠલાં હસી બોલ્યા હે સખિ મધુરી ભાષ કે...પી૰ ...૧૯૦
સાજન સહુ આવી મલ્યા, હુઓ હર્ષિત હે સખિ કુટુંબ અપાર કે...પી૰
બાંધ્યા તોરણ બારણેં, શોભા વધી હે સખિ નગર મઝાર કે...પી૰ ...૧૯૧
મનવંછિત સુખ ભોગવે, દીયે દાનનેં હે સખિ આદરમાન કે...પી૰
ગહ મહ ઘર વસતી હૂઇ, ઘર શોહે હે સખિ પુરુષ પ્રધાન કે...પી૰ ...૧૯૨
જયશ્રી શીલ શોભા ભલી, ગુણ ગાવે હે સખિ સહુ નર નાર કે...પી૰
દશમી ઢાલ કહી **જયતસી**, શીલ સરિખું હે સખિ કો ન સંસાર કે...પી૰ ...૧૯૩

દુહા : ૧૧

જયશ્રી સમ નારી ન કો, કયવન્નો ભરતાર;
જોડી બિહું સરખી જુડી, તૂઠો શ્રી કિરતાર ...૧૯૪
હવે વેશ્યાની દીકરી, લડી અક્કા ઘર છોડિ;
આવી વર ઘર પૂછતી, હૂઇ જયશ્રીની જોડિ ...૧૯૫
બિહું નારી સરખી જુડી, વધતો પ્રેમ સનેહ;
કયવન્નો સોભાગીયો, લોક કહે ધન્ય એહ ...૧૯૬
આંખ બિહું સમ નારિ બે, માને ચતુર સુજાંણ;
પણ હાલ હુકુમ જયશ્રી તણો, હાથેં ઘર મંડાણ ...૧૯૭
હવે જયશ્રીના ભાગ્યથી, સુત ઉપન્યો ગર્ભવાસ;
કયવન્નાનેં પણ હુઓ, આવ્યાં પૂરો માસ ...૧૯૮

ઢાળ : ૧૧ (રાગ : સોરઠ. રહો રહો રહો વાલહા !...એ દેશી)

નાહ નગીનો એક દિનેં, દેખી અતિ દિલગીર લાલ રે;
જયશ્રી નારી મલપતી, આવી પ્રીતમ તીર લાલ રે ...૧૯૯

---

૧. ઠપકો.

પૂછે પદમણી પ્રિય ભણી, ''હસતા દેખી સદીવ લાલ રે;
આજ ન બોલો કયું હસી ? થેં પ્રીતમ મુજ જીવ લાલ રે ...પૂછે૰ ...૨૦૦
ચિંતા કાંઈ નવી વસી, કાં તો મુજસું રીશ લાલ રે;
આજ નિહેજો વાલહો રૂઠો [૧]વિશ્વાવીશ લાલ રે ...પૂછે૰ ...૨૦૧
ખાસી દાસી હું તાહરી, ષુન પડ્યાં ધો શીખ લાલ રે;
વિણ બોલ્યાં જીવું નહીં, ન ભરૂં પાછી [૨]વીખ લાલ રે'' ...પૂછે૰ ...૨૦૨
પ્રીતમ કહે ''સુણ પદમણી ! તોશું કેહી રીશ લાલ રે;
તું ઘરમંડણ માહરે, હિયડે રહે નિશ દીસ લાલ રે ...પૂછે૰ ...૨૦૩
તો શું મન મોહી રહ્યું, ભ્રમર જ્યું ફૂલ સુગંધ લાલ રે;
ચિંતા ઘનની મુજ મનેં, દોહિલો છે ઘર બંધ લાલ રે ...પૂછે૰ ...૨૦૪
કુલ ઘર મોહટું આપણું, વડ વડાં કીધાં કામ લાલ રે;
પાંચાં મેં પરગટ ભલાં, બાપ દાદાનાં નામ લાલ રે ...પૂછે૰ ...૨૦૫
આવ્યો ગયો પહી પ્રાહુણો, રાયલ દેવલ કાજ લાલ રે;
ખરચ વરચ કીધા વિના, ન રહે ઘરની લાજ લાલ રે ...પૂછે૰ ...૨૦૬
દાનેં યાચક જય ભણે, સેવ કરે સહુ કોય'' લાલ રે;
ઢલકતી ઢાલ અગ્યારમી, સુણતાં **જયરંગ** હોય લાલ રે ...પૂછે૰ ...૨૦૭

દુહા : ૧૨

એકણ દીધે બાહરો, નામ ન લેવે લોય;
દીધારી દેવલ ચઢે, ઇમ બોલે સહુ કોય ...૨૦૮

ઢાળ : ૧૨ (રાગ : ગોડી, કેદરો મિશ્ર. જંબુદ્વીપના ભરતમાં...એ દેશી)

''દામ નહીં ગાંઠ માહરે, દામ કરે સહુ કામો રે;
દામેં તૂસે દેવતા, દામ વધારે મામો રે ...૨૦૯
દામ ભલો સંસારમાં, દીધાં દોલત હોય રે;
ગ્રહ ગોચર પીડા ટલે, દામ વશેં સહુ કોય રે ...દા૰ ...૨૧૦
રુપૈયે માને રાજવી, રુપૈયે હુવે ઘૃત ગોલો રે;
રુપૈયે ધરમ કરમ હુવે, રુપૈયે સદા રંગ રોલો રે ...દા૰ ...૨૧૧
દોકડા વાલા જગતમાં, દોકડે [૩]માદલ વાજે રે;
દોકડે સ્નાત્ર પૂજા હુવે, દોકડે જિન ગુણ ગાજે રે ...દા૰ ...૨૧૨

---

૧. સો એ સો ટકા; ૨. કદમ, ડગલું; ૩. મૃદંગ

દોકડે માને ભારજા, લાડી હાથ બે જોડે રે;
દોકડા પાખેં લોભણી, રુઠી કડાકા મોડે રે ...દા. ...૨૧૩
પૈસા આઇ માઇ કહ્યા, પૈસા કામણગારા રે;
પૈસા વણજ કરે વલી, પૈસે જિમણ સારાં રે ...દા. ...૨૧૪
ઋણ ન કરું શિર માહરે, ઋણથી રહે મુખ કાલો રે;
ઋણથી નાવે નીદ્રડી, ઋણથી સહીયેં ગાલો રે ...દા. ...૨૧૫
નારી મંડણ નાહલો, ઘરતી મંડણ મેહો રે;
પુરુષાં મંડણ ઘન સહી, ઇણમાં નહિ સંદેહો રે ...દા. ...૨૧૬
ખૂટ્યું ઘન ખાતાં સહી, ઘરમેં સબલી ખોટો રે;
વણજ વ્યાપાર ન કો ચલે, દુઃભર પેટને કોટો રે ...દા. ...૨૧૭
હું જાઇશ પરદેશડે, ઘન ખાટીશ એક ચિત્તો રે;
ઘરમાં થેં બિહું બેનડી, રહેજો રુડી રીતો રે'' ...દા. ...૨૧૮
જયશ્રી સુણી પ્રિય બોલડા, ઘરેણાં ગાઠાં ઉતારી રે;
પિયુ આગલ મૂકી કહે, ''એ કાયા માયા તાહરી રે ...દા. ...૨૧૯
ખાઓ પીઓ ખરચો વલી, માંડો વણજ વ્યાપારો રે;''
નાહ કહે ''ધન્ય ! તું સતી, તું મુજ પ્રાણ આધારો રે ...દા. ...૨૨૦
ઘરણું ગાંઠું વેચતાં, લાજ ઘટે હુવે ખુવારી રે;
હું ચાલીશ તિણે તુજ વસુ, ઘરની માંડ છે સારી રે'' ...દા. ...૨૨૧
નારી મનાવી નાહલે, ચાલણરો કિયો સંચો રે;
માથે ભાગ્યને ચાહડી, ન ટલે કર્મ પ્રપંચો રે ...દા. ...૨૨૨
તિણ અવસર પરદેશમેં, **ધનપતિ** સારથવાહો રે;
ફેરે ઇમ ઉદ્‌ઘોષણા, નગરીમાંહે ઉછાંહો રે ...દા. ...૨૨૩
''ધન ખાટણ જો મન હુવે, તો આવો મુજ સાથો રે;
વાણિજ ભલા પરદેશમાં, ચડશે બહુ ઘન હાથો રે'' ...દા. ...૨૨૪
કચવન્નો સુણી વાતડી, મનમાં હરખિત હૂઓ રે;
સમજી ઘરણી પણ હવે, ચાલણરો દીયો દૂઓ રે ...દા. ...૨૨૫
શુભ શુકનેં આયાં સાથમાં, જયશ્રી આવી સાથો રે;
દેવલમાં સેજ પાથરી, શાહ બેઠો તિણ માથો રે ...દા. ...૨૨૬
ઘરથી બાહિર આવીયો, એહીજ પંથ ન આઘો રે;
બારમી ઢાલેં **જયતસી**, લખમી ખાટણ લાગો રે ...દા. ...૨૨૭

દુહા : ૧૩

હવે કુલવંતી કંતનેં, ઉભી કહે કર જોડ;
''થેં સોધાવો સિદ્ધ કરો, પૂરા થારા કોડ ...૨૨૮

ઢાળ : ૧૩ (રાગ : મારુ.)

(ભોજરાજાના ગીતની, હાથીયાં રે હલકે આવે મ્હારે પ્રાહુણો રે...એ દેશી)

વહેલી વલાં(લ)ણ કરજો વાલહા જી, મત રહેજો પરદેશ;
આવતાં જાતાંશું ઘર મૂકજો જી, કુશલ ખેમ સંદેશ ...વ૰ ...૨૨૯
ચોર ચુગલ બહુ ધૂરત માણસાં જી, મત કરજો વિશ્વાસ;
ખાણે પીણે ખરચ મ ૧સાંકજો જી, જિમ સો તિમ પંચાસ ...વ૰ ...૨૩૦
દેવ ગુરુ સ્મરણ કરી શાસતો જી, જિન ધર્મ મનમાં ધાર;
વિચ વિચ મુને પણ ચિતારજો જી, મત મૂકો વીસાર ...વ૰ ...૨૩૧
કુશલેં ખેમેં વહેલા આવજો જી, ધન ખાટી સુવિચાર;
થેં મુજ જીવન થેં મુજ આતમા જી, થેં મુજ પ્રાણ આધાર! ...વ૰ ...૨૩૨
ધન્ય વેલાને ધન્ય વલી તે ઘડી જી, ધન્ય! દિન ધન્ય! તે માસ;
નયણેં દરિસણ થાંરો દેખશું જી, તે દિન ફલશે મુજ આશ ...વ૰ ...૨૩૩
વલી અવધારો મુજ વિનતી જી, હું પતિ ભક્તિ નારી;
જિમણ જૂઠણ વેલા થાંહરી જી, હું જીમિશ નિરધાર ...વ૰ ...૨૩૪
હેજેં દેશો હાથેં આવીને રે, તે વારે ખાશું પાન;
ચૂઆ ચંદન પરિમલ થાં મેલ્યાં જી, મેવા વિગય પકવાન ...વ૰ ...૨૩૫
દેવ ગુરુ વાંદીશ પ્રહસમે સાસતી જી, દેહરે ઘૃત દીવેલ;
તપ જપ આંબિલ નીવી એકસણાં જી, ધર્મે હુવે પ્રિય મેલ ...વ૰ ...૨૩૬
ગૌરી સમરે હર રતિ કામનેં જી, રુક્મિણી સમરે કાન;
ચકવી ચકવો રામ સીતા મનેં જી, તિમ મુજ મન સ્વામી ધ્યાન ...વ૰ ...૨૩૭
મેઘ તણી પરેં ઉભી થાંહરી જી, હું જોવું છું વાટ;
ઓલું આવે મુને થાંહરી જી, ઘરેં આવજો ઘન ૨ખાટ'' ...વ૰ ...૨૩૮
હલી મલી શીખ કરી નારીયેં જી, મૂકતી વલી નીશાસ;
ફરી ફરી જોવે મુખ ફેરીનેં જી, રહ્યું મનડું પીયુ પાસ ...વ૰ ...૨૩૯
પાછા વલતાં પગ બે લડથડે જી, મોહની કરમ જંજાલ;
જિમ તિમ આવે ઘર આપણે જી, સુખેં ગમાવે કાલ ...વ૰ ...૨૪૦

---

૧. સંકોચ; ૨. કમાઈ.

*ચાલ સખી ઉંણ ઝૂંપડેં, સાજન વલીયા જેણ;
મત કોઇ મીઠો બોલડો, લાગો હુવે તિણેણ ...વ૰ ...૨૪૧
*રે મંદિર રે માલિયાં, હવે તું ડગ ન ભરેશ;
જિણ કારણ અમેં આવતાં, સો ચાલ્યા પરદેશ ...વ૰ ...૨૪૨
*જુગ વિછુરત સારી મરત, યહે કાઠકી પ્રીતિ;
પૈ સજ્જન વિછુરે ના મરે, સંબ ન એહ વિપરીત ...વ૰ ...૨૪૩
મીઠી ઢાલ રમી મન તેરમી જી, **જયતસી** જય જયકાર;
ફલશે ભાગ્ય ભલેં સૌભાગ્યશું જી, તે સુણજો અધિકાર ...વ૰ ...૨૪૪

દુહા : ૧૪

હવે દેવલમેં ચિંતતો, ઘર ઘરણીરો હેજ;
નિશિભર સૂતો નિંદમાં, કયવન્નો સુખ સેજ ...૨૪૫
ઋધિવંત અપુત્રિઉ, કોઇ સાહૂકાર;
પરભવેં પોહોતો પ્રવહણે, આવ્યા સમાચાર ...૨૪૬
તિણરી માતા પાલીયો, પંથીનેં ધન આપ;
વહૂ ચારે મેલી કહે, ''મત રોજો ચુપ ચાપ ...૨૪૭
જો સાંભલશે રાજવી, તો લેશે ધન રોક;
નામ ઠામ જાશે સહુ, તિણે મત કરજો શોક ...૨૪૮
ઘર આણી કો રાખશ્યાં, નવલો નર અદભૂત;
પુત્ર જે હોશે તાહરેં, રહેશે ઘરનું સૂત'' ...૨૪૯
કહે વહૂરો સાસૂ ભણી, ''કીજેં કેમ અકાજ ?''
કહે ડોશી ''એ કારણેં, કરતાં કાંઇ ન લાજ'' ...૨૫૦

ઢાળ : ૧૪ (ચંદ્રાઉલાની અથવા નેમજીરી ખંડોલ નારી...એ દેશી)

વહૂ ચારે સાથેં કરી રે, ડોસી ઝાલી ડાંગો;
નગરી સારી સોજતી રે, આવી સાથમાં રંગો;
આવી સાથમાં રંગ સુરંગી, દેખે નર સહુ હુઇ હુઇ [૧]ખંગી;
કેઇ [૨]ભંગી કેઇ [૩]જંગી, નજર ન આવે કોઇ સુચંગી ...૨૫૧
જી કુમરજી જીરે જી, પૂરવ પુણ્ય પસાય સુખ સંપત્તિ મલે રે;
રંગ રલી ઉછરંગ, આજ સહુ ફલે રે, આવી૰ એ આંકણી....

૧. ખાંત; ૨. ઢંગધડા વિનાનું; ૩. મોટું.

*(કડી ૧૨,૧૩,૧૪) હ. પ્ર. (ક)માં છે, જે ભીમશી માણેકની મુદ્રિત કૃતિમાં નથી.

દેવલમાંહે તે ગઇ રે, સૂતો દીઠો સેજો;
રુપ રુડું રડીયામણું રે, કયવન્નો ઘરી હેજો;
કયવન્નો ઘરી હેજ ઉઠાયો, પણ નવિ જાગ્યો નિંદેં ઠાયો;
તિમહિજ આણ્યો મંચ બિઠાયો, ઘરમાં મેલી રંગ મચાયો ...જી૰ ...૨૫૨
ચારે નારી ચઉપખેં રે, નારી બેઠી મંચો;
કયવન્નો હવે જાગીયો રે, દેખે તેહ પ્રપંચો;
દેખે તેહ પ્રપંચ વિલાસો, એ કુણ ખ્યાલ વિનોદ તમાસો;
મહોટાં મંદિર મહેલ[૧]મેવાસો, ચિહું દિશિ જોવે આસો પાસો ...જી૰ ...૨૫૩
રંગ રંગીલાં[૨]માલીયાં રે, [૩]ચિત્રામાંરી છોલો;
જાણે વિધાતાયેં રચ્યાં રે, મોતી [૪]જામર જોલો;
મોતી જામર વેલ તેજાલી, વિચ વિચ પ્રોઇ લાલ પ્રવાલી;
જબ જબ જાબખ જૂબ રસાલી, ભલા ભલા ગોંખ ભલી ચિત્રશાલી ...જી૰ ...૨૫૪
સખરા બાંધ્યા ચંદ્રવા રે, મખમલરા પંચરંગો;
નવ નવ ભાતેં જાતરા રે, પાથરણાં અતિ ચંગો;
પાથરણા અતિ ચંગા ઝલકે, જરબાફ જાજમ કસબી ઝલકે;
લાંબી ફૂલની માલા લલકે, ધૂપ ધાણાની સલીયાં ચલકે ...જી૰ ...૨૫૫
ચંદ્રવદની મૃગલોચની રે, ભર યૌવનમેં જેહો;
નાસાદિપ શીખા જીસી રે, સોવન વરણી દેહો;
સોવનવરણી દેહ રે સારી, ચિંહું દિશિ નિરખે ચારે નારી;
રૂપે રૂડી દેવકુમારી, માનવણી જીમ આગેં હારી ...જી૰ ...૨૫૬
પાયે નેઉર રણઝણે રે, કાને કુંડલ સારો;
નકવેસર શીર રાખડી રે, હિયડે નવસર હારો;
હિયડે નવસર હાર રે સોહે, મોહનગારી મનડું મોહે;
રંગ રંગીલો ચિત્તડુ ચોહે, મુખ દીઠા એ દુઃખ વિછોહે ...જી૰ ...૨૫૭
મગન હુવો દેખી દેખીનેં રે, મનમાં કરે વિચારો;
‘એ સુહણો કે હું સહી રે, આવ્યો સ્વર્ગ મજારો ?
આવ્યો સ્વર્ગ મઝાર રે દેખે, મોતી માણક રયણ અલેખે;
સોનું રૂપું કેહે લેખે, એ નહિં ગેહ, વિમાન વિશેષે’ ...જી૰ ...૨૫૮
સંકા મનમાં ઉપની રે, ‘હું આવ્યો કિણ ઠામો ?
સુજ ન કાંઈ સુદ્ધ પડે રે, કયવન્નો મુજ નામો;’

---

૧. આવાસ; ૨. મહેલ; ૩. અનેક પ્રકારના ચિત્રામણ; ૪. ઝામર, ઝૂલો.

કચવન્નો મુજ નામ રે શોચે, શીર ધુણીને દિલ સંકોચે;
વલી વલી મન શું આપ આલોચે, 'હવે કિહાં જાસું ખુણે ખોચે ?' ...જી૰ ...૨૫૯
તેહવે આવી ડોસલી રે, બોલે મીઠા બોલ;
''એ ઘર એ વહુ તાહરી રે, કરો ઇણશું રંગ રોલ;
કરો ઇણશું રંગરોલ રે બેટા, ભાગ્યશું હોઇ તાહરી ભેટા;
પહેરો ઓઢો ખાઓ બેટા, તું ઘર સાહેબ સહુ તુજ ચેટા ...જી૰ ...૨૬૦
મેં સમરી કુલ દેવતા રે, માગ્યો પુત્ર પ્રધાનો;
તુઠી આણી તું દીયો રે, વાલો જીવ સમાનો;
વાલો જીવ સમાન રે, જાયા એ છે તાહરી જાયા માયા;
જીવ છે એક ને જુઇ કાયા, તુને દીઠે મેં સુખ પાયા'' ...જી૰ ...૨૬૧
સુણી સુણી વાત સોહામણી રે, હરખ્યો હિયે કુમારો;
કીણ [૧]ખાટી કો ભોગવે રે, જુવો કર્મ વિચારો !
જુવો કરમ વિચાર રે, [૨]ચંગા ઉંદર ખણી ખણી મરે સુરંગા;
ભોગવે પેસી ભોગ ભુયંગા રે, બૈલ કરે વહી ચરે તુરંગા ...જી૰ ...૨૬૨
કચવન્નો સુખ ભોગવે રે, દિન દિન અતિ ગહઘાટો;
વાત વીસરી ગઇ [૩]વાંસલી રે, હિંચે હિડોલા ખાટો;
હિંચે હિંડોલા ખાટ રૂડી રે, ભાગ્યની વાત ન કાંઇ [૪]કુડી;
ચારે નારી રહે [૫]સજુડી રે, બાંહે ખલકે સોવન ચુડી ...જી૰ ...૨૬૩
પતિભક્તિ (કરે) ચારે જણી રે, ચારે મોહન વેલો;
ચારે બેઠી નાહશું રે, રમે સારી પાસા ખેલો;
રમે સારી પાસા ખેલ રે, ભેલા માંહોમાંહિ હોય [૬]સમેલા;
ચુવા ચંદન તેલ કુલેલા રે, શોલ શિણગાર બનાવે વેલા ...જી૰ ...૨૬૪
ચારે બેટા ચિહુંનેં હુવા રે, બાર વરસ ઘર વાસો;
હવે સ્વારથ સર્યો ડોકરી રે, જુવો કરે તમાસો;
જુવો કરે તમાસો રે ગાઢો, કહે વહુરોને ''એ નર કાઢો;
બેટે થયે કલંક મ ચઢાવો રે, જ્યું મુજ હોવે હિયડો ટાઢો'' ...જી૰ ...૨૬૫

દુહા

નિજ સ્વારથને કારણે, કૂદે [૭]વાડ [૮]કુરંગ;
રસકસ લઇ ત્યાગે તુરત, એ નિર્ગુણ કે અંગ ...૨૬૬

---

૧. ખાટલો; ૨. કુશળ; ૩. પૂર્વની; ૪. ખોટી; ૫. સજોડે; ૬. મેળ સહિત; ૭. મર્યાદા; ૮. હરણ.

ઢાળ : પૂર્વની

વહુઆંશું લહે સાસ તી રે, [૧]ભાંડ જ્યું લાજ ન સાંખો;
વિલગે જાણે નાહરી રે, રાતડી કરી કરી આંખો;
રાતડી કરી કરી આંખો રે મોટી, મનમાં ખોટી સોટી જોટી;
પાવે ન કિણને પાણી લોટી, ન દીયેં કિણને રોટી દોટી ...જી॰ ...૨૬૭
ખાવે ન પીવે લોભણી રે, ખરચ ન વિરચ લગારો;
મત આવે એહ પ્રાહુણો રે, જડી રાખે ઘરબારો;
જડી રાખે ઘરબારો રે, ખડકી માંહેથી બોલે તડકી ભડકી;
રહે ઘર બાહિર સહુકો અડકી રે, જોગી જતિ સહુ જાવે ભડકી ...જી॰ ...૨૬૮
ચૌદમી ઢાળે **જયતસી** રે, વહુઆં છે સસનેહો;
મનમાંહે એમ ચિંતવે રે, [૨]વિષવેલી [૩]વિરતી એહો;
વિષવેલી વિરતી એહ સાસુ રે, એ નર નિર્મળ જ્યું [૪]જલ આંસુ;
જીવ છે માહરો એ નહીં ફાસુ રે, મન રંગ રાતો ફુલ જ્યું [૫]જાસુ ...જી॰ ...૨૬૯

દુહા : ૧૫

સુણી સાસુના બોલડા, ઉપન્યું દુ:ખ અપાર;
ચારે વહુ મલી સામટી, કરે આલોચ વિચાર ...૨૭૦
''સાસુ હુઇ શ્વાનણી, વિરતી કરે બિગાડ;
આપે કિમ છાંડી શકા, બાર વરસના લાડ ?'' ...૨૭૧

ઢાળ : ૧૫ (હમીરીયાની અથવા માલીના ગીતરી...એ દેશી)

વહુઅર હલીમલી વીનવે, ''પ્રીતમ કેમ છંડાય સાસુજી !
બાર વરસની પ્રીતડી, જીવ રહ્યો રંગ લાય ...સા॰...વહુ॰ ...૨૭૨
પહેલો પોતે તેં કીયો, સવલ અન્યાય અકાજ...સા॰
ઘર ઘરણે ઘર રાખીયું, કીધી ન કુલની લાજ ...સા॰...વહુ॰ ...૨૭૩
જાઇ પરાયેં ઘર વસ્યો, ગરજ સરી ક્રોડ લાખ...સા॰
કામ સર્યું દુ:ખ વીસર્યું, હવે ક્યું દેખાડો કાખ ...સા॰...વહુ॰ ...૨૭૪
લાજ રહી લખમી રહી, બેટા હુઆ વલી ચાર...સા॰
કીરતાર તુઠો એ દીયો, ભાગ્ય વડે ભરતાર ...સા॰...વહુ॰ ...૨૭૫
હવે તો એહને છોડતાં, ન બને કાંઇ વાત...સા॰
નેહ ન છૂટે જીવતાં, ભીની સાતે ઘાત ...સા॰...વહુ॰ ...૨૭૬

૧. ભવૈયા; ૨. વિષયુક્ત વેલી; ૩. વૃત્તિ; ૪. જલબિંદુ; ૫. જાસવેણનું ફુલ.

ઇણ વિણ એ ઘર કારીમું, સૂનું જાણ મસાણ...સા૰
ઇણ વિણ મ્હેં પણ કારમી, ગુણ વિણ લાલ કબાણ ...સા૰...વહુ૰ ...૨૭૭
ખાણા પીણાં પહેરણાં, કાજલ તિલક તંબોલ...સા૰
ઇણ વિણ સહુ અલખામણાં, લાગે વિસરે તોલ ...સા૰...વહુ૰ ...૨૭૮
એહ ઘણી માહરે ઇણ ભવેં, સો બોલેં એક બોલ...સા૰
થેં સાચો કરી જાણજો, કહાં છાં વાજતે ઢોલ'' ...સા૰...વહુ૰ ...૨૭૯
જોર વહે તે ડોકરી, તડકી ભડકી બોલે તુટી, ''વહુજી;
રહો રહો આપણી લાજમાં, કાઢીશ ઠીંગો કૂટી ...સા૰...વહુ૰ ...૨૮૦
ઘર માહરું ધન માહરું, આથ ન હુંતિ ઇણ સાથ...વ૰
એ કૂણ ? હું કૂણ ? શ્યો હવે, દારી ભરડે સાથ ? ...સા૰...વહુ૰ ...૨૮૧
જાર ફીટી હુઓ ઘરઘણી, વિલસે લીલ વિલાસ...વ૰
પણ [1]છલબલ કાઢો બાહરો, આશ કરું ખાસ પાસ'' ...સા૰...વહુ૰ ...૨૮૨
કાઢે ડોલા જ્યું ડાકિણી, શંખિણી માંડ્યો શોર...વ૰
તોડ ફોડ માંડી ઘણી, વહુઆં ઉપર [2]ઠોર...વ૰ ...સા૰...વહુ૰...૨૮૩
પાલી ન રહે પાપિણી, લાજ શરમ નહી હાક...સા૰
ગાલી રાંડરા બોલડા, બોલે કડૂઆ [3]આક ...સા૰...વહુ૰ ...૨૮૪
બાર વરસને છેહડે, લાગી પનોતી અંગ...સા૰
જંગ કરે ખાઇ ભંગ જ્યું, રંગમેં પાડ્યો ભંગ ...સા૰...વહુ૰ ...૨૮૫
ડોશીશું ચાલે ન કયું, નહીં વહુઆંરો જોર...સા૰
સબલા [4]ઝીપે જગ સહી, નબલા કરે [5]નિહોર ...સા૰...વહુ૰ ...૨૮૬
ચારે નારિ વિચારીનેં, રતન લેઇ ઝલકંત...સા૰
જલ જાચે જુદું ફાટીનેં, ગુણ [6]તીચારો [7]તંત ...સા૰...વહુ૰ ...૨૮૭
ચારે લાડુ મોટા કીયા, ઘાલ્યાં રતન [8]વિચાલ...સા૰
મૂકીઓ શીશે કોથલી, એહીજ મંચક હાલ ...સા૰...વહુ૰ ...૨૮૮
સાસુ કહે ''ફાસું હવે, રાખું નહીં ઘરમાંહ''...સા૰
બારે વરસેં તે વલી, એહિજ સારથવાહ ...સા૰...વહુ૰ ...૨૮૯
આવી પડ્યો તિન થાનકે, સાથ સબલ ગજગાહ...સા૰
નિશિ ભર સૂતો નિંદમેં, દેખી કચવન્નો શાહ ...સા૰...વહુ૰ ...૨૯૦
વહુ ઉઠાડી જગાડીનેં, ઉપાડ્યો તે મંચ...સા૰
તિણ દેવલમેં આણીનેં, મૂક્યો તિણહીજ સંચ ...સા૰...વહુ૰ ...૨૯૧

---

૧. છેલ છબીલો; ૨. જોર; ૩. શબ્દ; ૪. જીતે; ૫. ન્યાય કરાવવા જાય; ૬. તેનો; ૭. ખરો; ૮. વચ્ચે.

સસનેહી ચારે જણી, રોતી ભરી ભરી આંખ...સા૰
સાસુશું આવી ઘરેં, રહી નિસાસા નાખ ...સા૰...વહુ૰ ...૨૯૨

ચત :- [૧]સયણાં એહિજ પારિખું, ફરી પાછું જોવંત;
મુખ હસતાં નયણેં મલે, તન ટાઢક ઉપજંત ...૨૯૩
નયણેં જે સાજન મલે, ક્ષણ નહીં ભૂલે છેલ;
પ્રીત રીત પાલે નહિં, માણસ રૂપે [૨]બેલ ...૨૯૪
પીયુ પાસેં સૂતા થકાં, હેજ નહીં લવલેશ;
જૈસો કંતો ઘર રહ્યો, તૈસો ગયો પરદેશ ...૨૯૫

ઢાળ : પૂર્વની

પંદરમેં ઢાળેં **જયતસી**, તેહીજ [૩]મૂલગો વેશ...સા૰
જૈસા કંતા ઘર રહ્યા, તૈસા ગયા વિદેશ ...સા૰...વહુ૰ ...૨૯૬

દુહા : ૧૬

હવે કુલવંતી સુંદરી, લઇ શ્રીફલ ને ફૂલ;
વરધન બેટો સાથ લઇ, ગઇ જોશી રે મૂલ ...૨૯૭

ઢાળ : ૧૬ (સાત સોપારી હાથ, જોસી (પંડયો) પૂછણ ઘણ ગઈજી...એ દેશી)

પૂછે બે કર જોડ, શ્રીફલ આગેં મૂકીનેંજી;
''જોશી ! આલસ છોડ, જુઓ પ્રશ્ન એક માહરૂંજી ...૨૯૮
પતડો હાથેંજી ઝાલી, લગન માંડ્યો મેષ વૃષ સહીજી;
તંત પાડ્યો તતકાલ, આદિત્ય સોમ મંગલ મુખેંજી ...૨૯૯
થેં છો ગુણહ ગંભીર, જાણો વાત ત્રિભુવન તણીજી;
મહારી નણંદનો વીર, કહોનેં વીરા કે'દી આવશેજી ...૩૦૦
માનીશ તુજ ઉપકાર, દેઈશ સખર વધામણીજી;
જાણો જ્યોતિષ સાર, કહો ફલ પિયર માહરાંજી ...૩૦૧
વરસ પૂરા હુવા બાર, પીયુ ચાલ્યો પરદેશડેજી;
નાવી ચીઠી સમાચાર, સાર સુધી કાંહી નહિંજી ...૩૦૨
ચાલ્યો ઘનનેં કાજ, માહરો વજર્યો નહિં રહ્યોજી;
દેશ વિદેશોમાં જ, ઘરે ઘરણી કિમ હોશેજી ? ...૩૦૩

---

૧. સ્વજન; ૨. બળદ; ૩. મૂળ.

વાયે લુ ઉનાળે, વરસાદે મેહ ઝરહરેજી ;
શીત પડે શિયાળે, કિમ સહેશે નાહ માહરોજી ? ...૩૦૪
સૂતી પડું જંજાલ, જાણું પિયુ ઘર આવીયોજી ;
હસી મલીયો [૧]હેજાલ, ઝબકી જાગી દેખું નહીંજી ...૩૦૫
દેવે ન દીધી પાંખ, નહિં તો ઉડી મલું નાહનેંજી ;
જોઉં ભરી ભરી આંખ, છોડું ન પાસો જીવતીજી ...૩૦૬
સહિ ન દેતી શીખ, પહેલી ઇમ જો જાણતીજી ;
ભરણ ન દેતી વીખ, છેડહો ઝાલી રાખતીજી ...૩૦૭
કીમ જાયે જમવાર, વરસ સમી વોલે ઘડીજી ;
નાહ વિહુણી નાર, રસ વિણ જાણે શેલડીજી ...૩૦૮
અંગુઠાની આગ, કદી આવે માથા લગેંજી ;
પીયુ વિણ નહીં સૌભાગ્ય, યૌવનીયું કિમ જાયશેજી ? ...૩૦૯
ન રહે કોં પરદેશ, બારાં વર્ષા ઉપરાંજી ;
મૂકે ઘર સંદેશ, કે આવે પોતે વહીંજી ...૩૧૦
ઘર આવ્યા સહુ કોઈ, આડોશી પાડોશીયાજી ;
માહરો પરણ્યો સોઈ, નાવ્યો હજી વાટ જોવતાંજી'' ...૩૧૧
જોષી ચતુર સુજાણ, લગ્ન વિચારી બોલીયોજી ;
''બહેની ! સુણ મુજ વાણ, મ કરીશ ચિંતા પિયુ તણીજી ...૩૧૨
જાણું જ્યોતિષ સાર, ફલશે વંછિત તાહરોજી ;
આજ સહી નિરધાર, મલશે તુજને નાહલોજી'' ...૩૧૩
સાંભલી મીઠી વાણ, ડાબું અંગ પણ ફરકીયુંજી ;
આજ સહિ સુવિહાણ, વિછડ્યો મલશે વાહલોજી ...૩૧૪
''સોને મઢાવું જીભ, અમીય ભરૂં મુખ તાહરૂજી ;
દેશું સદા આષ, ચિરંજીવો જોશી પંડિયાજી !'' ...૩૧૫
ઉલ્લસી આવી ઘર બાર, હીયડું હરખ ઉમાહિયુંજી ;
સાંભલીયું તેણી વાર, ઓહિજ નાથ ફરી આવીયુંજી ...૩૧૬
હલી મલી બિન્હિ નારી, ચાલી તન મન ઉલ્લસીજી ;
શુકન હુઆ શ્રીકાર, સાથમાં આવી મલપતીજી ...૩૧૭
તંબુ ડેરા સુવિશાલ, દેખીને મન ઉલ્લસીજી ;
સોલમી ઢાલ રસાલ, મલશે પાયુ ભણે **જયતસી**જી ...૩૧૮

---

૧. પ્રીત.

દુહા : ૧૭

કચવન્નો જાગ્યો હવે, 'હૈ ! હૈ ! કોણ હવાલ;
કીહાં ઘર ઘરણી ચારે અરે, કિહાં મણી મોતી માલ ! ...૩૧૯
કીહાં કૂર કપૂરશું પ્રેમ રસ, કિહાં હિંડોલા ખાટ;
સહી ધુતારી ડોકરી, એ સહુ રચીયા ઘાટ ...૩૨૦
છેતરીઓ છેહ દાખીયો,' શોચેં પડ્યો સંદેહ;
[૧]''સૂત નારી પાડા ગણે, હવે કિમ જાવું ગેહ ?' ...૩૨૧
નારી દેવલ મેં ગઈ, દીઠી તેહીજ શેજ;
બેઠો પ્રીતમ ઉપરેં, દીઠો મન ધરી હેજ ...૩૨૨
બોલે માતા હેજશું, ''બેટા ! એ તુજ બાપ;
ખોલે બેઠો આવીનેં, ટલીયા દુઃખ સંતાપ'' ...૩૨૩

ઢાળ : ૧૭ (રાગ : મલ્હાર. કાજલ નીકો રોજ(જા) લાલ... એ દેશી)

બોલે પદમણી બે જણી રે, ''આજ સફલ અવતાર;
રંગભર જાગ્યો રે સનેહ, આંકણી
કીરતારે આણી મેલ્યો રે, ભાગ્ય સંયોગ ભરતાર ...રંગ૰ ...૩૨૪
સુરતરૂ ફલીયો આંગણે રે, દૂધેં વૂઠા મેહ; રંગ૰
મુંહ માગ્યા પાશા ઢલ્યા રે, ઉલ્લસીયા રોમ રોમ દેહ ...રંગ૰ ...૩૨૫
વીછડી મલીયાં સુખ ઘણું રે, નયણેં જાગ્યું હેજ; રંગ૰
અચરિજ મનમાં ઉપજ્યું રે, એ તો એહિજ સેજ ...રંગ૰ ...૩૨૬
[૨]ગહેનો [૩]ગાઢો લાડો [૪]લીલનો રે, અંગ સુરંગ સુતેજ; રંગ૰
નાણાં ઠાણાં હુંડી હુશે રે, ચિંતા ન તિણરી લેજ ...રંગ૰ ...૩૨૭
મેલ નહીં હાથે પગે રે, ડીલ ન લાગી [૫]ખેહ; રંગ૰
મારગ ખેહ દીસે નહીં રે, ચલકે ઝલકે દેહ ...રંગ૰ ...૩૨૮
ધવલા ખંધ બગ પાંખ જ્યું રે, ચોકખાં હીર ને ચીર; રંગ૰
જાણે રહ્યો રંગમહેલમેં રે, ખાધી ખાંડ ને ખીર ...રંગ૰ ...૩૨૯
તાજાં પાન આરોગીયા રે, રાતા દાંત ને હોઠ; રંગ૰
સુંઘે ભીનો સાહેબો રે, જાણે ન ગયો ગામ ગોઠ'' ...રંગ૰ ...૩૩૦
પૂછે પદમણી વાહલા રે, ''કાંઈ ઉડી આવ્યા આકાશ ? રંગ૰
કે બેસી આવ્યા વિમાન મેં રે ? બેસી રહ્યા આવાસ'' ...રંગ૰ ...૩૩૧

---

૧. સ્ત્રી અને પુત્ર પડાવના સ્થાન પર ફરતાં હતાં; ૨. ગાંડો; ૩. ઘણો મોટો; ૪. સુંદર; ૫. રજ.

પાછો ઉત્તર દે નહીં રે, છ દાંત ને મૂહ પોલ; રંગ૰
હું હું હું કહે ગુંગ જ્યું રે, મુખેં ન બોલે બોલ ...રંગ૰ ...૩૩૨
હું હું વાણી પણ તીહાં રે, મીઠી લાગે દ્રાખ; રંગ૰
ગુંગો બેટો બાપનેં રે, 'બાપ' કહે તે લાખ ...રંગ૰ ...૩૩૩
પૂરવ પુણ્ય તણે ઉદે રે, તૂટ્યા કરમ અંતરાય; રંગ૰
સત્તરમી ઢાળ **જયતસી** રે, રાગ મલાર કહાય ...રંગ૰ ...૩૩૪

દુહા : ૧૮

''ચાલો ઘર'' ઘરણી કહે, ઝાલ્યા સંબલ સેજ;
ઘણી ઘણીઆણી સુત મલી, આવ્યાં ઘર ઘણેં હેજ ...૩૩૫
શાહ બેઠો ઘર આવીનેં, હવે તસુ સુત સુકુમાર;
વરસ હુઓ અગીયારનો, ભણે ગુણે નિશાલ ...૩૩૬

ઢાળ : ૧૮ (હઠીલા વેરીની અથવા ત્રિભુવન તિલક સોહામણો રે...એ દેશી)

જયશ્રી લીધી કોથલી રે, લીધાં લાડુ ચાર રે સોહાગણ;
દેખી સુત કહે માતનેં રે લાલ,ઘે શીરામણ સાર રે ...સો૰ ...૩૩૭
નારી મનમેં ગહ ગહી રે, સખરા મોદક તંત રે સોહાગણ;
રસ મૂકે દીઠાં જીભડી રે લાલ, ડબકે દાઢ ને દંત રે ...સો૰ ...૩૩૮
એક મોદક દીયો સુત ભણી રે, માતા ઘરી ઉલ્લાસ રે સોહાગણ;
લાડુ લઇને ચાલીયો રે લાલ, ભણવા પાઠક પાસ રે ...સો૰ ...૩૩૯
લાડુ ખાતાં નિસર્યું રે, દીઠું રતન અનુપ રે સોહાગણ;
'એ મુજ પાટી ઘુંટણું રે લાલ, થાશે લાગી ચૂંપ રે ...સો૰ ...૩૪૦
છુટી પડીયું હાથથી રે, કંદોઇ કુંડમાંહી રે સોહાગણ;
જલ ફાટ્યું જલકંતથી રે લાલ, લીધું કંદોઇ ઉચ્છાંહી રે ...સો૰ ...૩૪૧
''ઘે મુજ પાટી ઘુંટણું રે,'' બોલે ભોલો બાલ રે સોહાગણ;
રટ લીધી મૂકે નહિ રે લાલ, રોઇ રોઇ બોલે ગાલ રે ...સો૰ ...૩૪૨
લાડુ પેંડા ઘારી વડી રે, મીઠી મીઠાઇ દીધ રે સોહાગણ;
મીઠે વચનેં બોલાવીને રે લાલ, રતન અમુલખ લીધ રે ...સો૰ ...૩૪૩
હવે માંડી ગાદી [૧]આખલો રે, ઉપરે માંડી થાલ રે સોહાગણ;
નારી જીમાડે નાહને રે લાલ, નવા [૨]નિપાઇ શાલ દાલ રે ...સો૰ ...૩૪૪

---

૧. આળણી; ૨. તૈયાર કરી.

પહેલાં પીરસ્યા ભાંજી ભાંજીને રે, લાડુ તેહીજ ખંત રે સોહાગણ;
નીસર્યું તીણ માંહિથી રે લાલ, લાલ રતન ઝલકંત રે ...સો. ...૩૪૫
કહે નારી ''ધન્ય ! પિયુ તુમે રે, ધન્ય લાવ્યા ભલેં શૂલ રે સોહાગણ;
ચોર ન દેખે કૂત્તા ભસે રે લાલ, અલ્પ ભાર બહુ મૂલ્ય રે'' ..સો. ...૩૪૬
''હું હું'' કયવન્નો કહે રે, સૂજે કમાઈ આપ રે સોહાગણ;
બીજો અક્ષર ન ઉચરે રે લાલ, હું હું પછી ચુપચાપ રે ...સો. ...૩૪૭
નારી રતન દેખાડીયાં રે, રૂડાં મૂલ્ય અમૂલ્ય રે સોહાગણ;
હરખે કયવન્નો કહે રે લાલ, બોલે મીઠાં બોલ રે ...સો. ...૩૪૮
ભાગ્ય જાગે જિહાં તિહાં ભલા રે, આપદ સંપદ જોય રે સોહાગણ;
પરમેશ્વર પુણ્યેં પાધરો રે લાલ, વાલ ન વાંકો હોય રે ...સો. ...૩૪૯
ખાયે પીયે વિલસે હસે રે, દાન દીયે ધન ક્રોડી રે સોહાગણ;
પતિ ભક્તિ પણ બે જુડી રે લાલ, સખરી સરખી જોડી રે ...સો. ...૩૫૦
દુઃખ દોહગ દૂરે ટલ્યાં રે, સખરો જગ સૌભાગ્ય રે સોહાગણ;
ઢાલ અઢારમી એ કહી રે લાલ, **જયરંગ** જાગ્યું ભાગ્ય રે ...સો. ...૩૫૧

દુહા : ૧૯

નામ સવાયું નીસર્યું, પ્રસરી સબલ પ્રસિદ્ધિ;
પૂરવ પુણ્ય પસાઉલે જડી વલી, ઋદ્ધિ ને સિદ્ધિ ...૩૫૨
મતિ [૧]સંબાહી આપણી, માંડ્યા વણજ વ્યાપાર;
ઘર વાધી લક્ષ્મી ઘણી, દિન દિન [૨]દૈ દૈ કાર ...૩૫૩

ઢાળ : ૧૯ (રાગ : પરજીયો. ચતુર ચિતારો રૂપ ચીતરઈ...એ દેશી)

તિણ અવસર તિણ નગરમેં રે, વાજે ઢંઢેરાનો ઢોલ રે;
ફિરતો ચોરાશી ચાવે ચોહટે રે, બોલે એહવા બોલ રે ...૩૫૪
''આજ રે [૩]નિવાજે રાજા તેહને રે, આણે જે હાથી છોડાય રે;
લહે અર્ધું રાજ રાજકુંવરી રે, જાણે જે કોઈ ઉપાય રે'' ...આજ. ...૩૫૫
સેંચાણક ગજ શ્રેણિક તણો રે, પાણી પીવા નદી માંહી રે;
પેઠો આઘો જલમાં ક્રીડતો રે, સૂંઢ ઉલાળે ઉમાંહી રે ...આજ. ...૩૫૬
પગ ઝાલીનેં તાણ્યો માછલે રે, સબલો તંતુ જીવ રે;
જોર હોવે જલમાં તેહનું રે, હાથી પાડે રીવ રે ...આજ. ...૩૫૭

---

૧. સંભાળે; ૨. જયજયકાર; ૩. કૃપા, બક્ષિસ.

ચતુર વિવેકી જોગ જોગીયા રે, વિદ્યાવંત કલાવંત રે;
આણે મહોરા જડી ઔષધી રે, સિદ્ધ સાધક મંત્ર તંત્ર રે ...આજ૰ ...૩૫૮
ખલક મલ્યા લોક હલકીને રે, એક શૂરા એક વીર રે;
પણ નવી ચાલે જોરો કેહનો રે, સહુ ઉભા રહ્યા તીર રે ...આજ૰ ...૩૫૯
લાખ ઉપાય કરી લોભીયા રે, કેલવે હકુમત કોડિ રે;
કોઈ(ડી) મનાવે દેવી દેવતા રે, પણ ફિકા પડ્યા મુખ મોડિ રે ...આજ૰ ...૩૬૦
રાજમંડણ ગજરાજ છે રે, શ્રેણિક કરે દુઃખ સોર રે;
કોઈ [૧]સનૂરો પૂરો પુણ્યનો રે, હાથી છોડાવે જોર રે ...આજ૰ ...૩૬૧
ઐરાવણનો સાથી હાથીયો રે, ઉત્તમ જાતિ સુવિનીત રે;
રાજ્ય નિઃફળ ઇણ બાહિરો રે, શ્રેણિક હુઓ સચિંત રે ...આજ૰ ...૩૬૨
દાય ઉપાય બુદ્ધિ કેલવે રે, મલી મંત્રીને ભૂપાલ રે;
ઇણી પરેં ભાંખી ઓગણીશમી રે, **જયરંગ** ઢાલ રસાલ રે ...આજ૰ ...૩૬૩

દુહા : ૨૦

કંદોઈ પડહો સુણી, મનમાં કરે વિચાર;
ધુઆ ફુંકા કુણ કરે, લાલચ લોભ અપાર ...૩૬૪

ઢાળ : ૨૦ (રાગ : ખંભાયતી. સોહલાની...એ દેશી)

કંદોઈ પડહો છિબ્યો રે, રતન અમુલક પાસો રે;
રાજઋદ્ધિ સુખ ભોગવું રે, મનમાં મહોટી આશો રે ...૩૬૫
તો રે કોડલે પરણું રાયકુંવરી રે... એ આંકણી
ભલી ભાગ્ય દશા, એ જાગી માહરી રે
રાજા મન હરખિત હુઓ રે, કૌતુક લોક નિહાળે રે;
ગોદડીમાં ગોરખ સહી રે, **અર્જુન** જે ગાય વાલે રે ...તોરે૰ ...૩૬૬
રતન જતનશું સંગ્રહી રે, ચાલ્યો ઘણો ગહગાટ રે;
પેઠો નદીમાં પાધરો રે, ફાટ્યું જલ દશ વાટ રે ...તોરે૰ ...૩૬૭
તંતુ મત્સ્ય અલગો રહ્યો રે, જલ વિણ જોર ન કોઈ રે;
છૂટ્યો સિંચાનક હાથીયો રે, જલમાંહે [૨]પ્રસર્યો સોઈ રે ...તોરે૰ ...૩૬૮
હરખ્યો નગરીનો રાજીયો રે, હરખ્યા નગરી લોક રે;
દરબારે આણ્યો હાથીયો રે, પુણ્યે ટલે રોગ શોક રે ...તોરે૰ ...૩૬૯

---

૧. ભાગ્યશાળી; ૨. પ્રવેશ કર્યો.

કંદોઈને કહે રાજવી રે, ''કિહાંથી રતન અમૂલ રે ?
કહે સાચું નહીં તું ભણી રે, મારીશ કુડે બોલ રે'' ...તોરે૰ ...૩૭૦
લહેણાથી દેણે પડ્યું રે, મનમાં રહી સહુ આશ રે;
હૈ ! હૈ ! દૈવ તેં શું કીયું રે, ભાંગ્યો માંડ્યો ઘર વાસ રે ...તોરે૰ ...૩૭૧
કૂડ કપટ જાયગા નહીં રે, કુડે વિણસે ગોઠ રે;
હોઠ ઘ્રુજે કુડું બોલતાં રે, કૂડે પડે ભાઠ ભોઠ રે ...તોરે૰ ...૩૭૨
સાચ વડું સંસારમાં રે, સાચે બીક ન શંકો રે;
કુરે સાચ વાચ જતી સતી રે, ધન્ય ! સાચ કામ નિકલંકો રે ...તોરે૰ ...૩૭૩
મંત્ર ચંત્ર કુરે સાચથી રે, સાચ સમ મિત્ર ન કોય રે;
રણ વન રાઉલ દેવલેં રે, વાળ ન વાંકો હોય રે ...તોરે૰ ...૩૭૪
ઇમ જાણી સાચું બોલીયો રે, કહે કંદોઈ એમ રે;
''કયવન્ના સુત પાસથી રે, રતન લીયું મેં પ્રેમ રે'' ...તોરે૰ ...૩૭૫
સાચ વચન મુખ બોલતાં રે, જગ સઘળું વશ હોઈ રે;
ઇમ સુણી રાજા શ્રેણિકે રે, છોડ્યો તેહ કંદોઈ રે ...તોરે૰ ...૩૭૬
ધન્ય ! ધન્ય ! જે સાચું ચવે રે, તિણરે કોઈ ન તોલે રે;
[૧]વીશ વિશ્વા ઢાળ વીશમી રે, મીઠી **જયતસી** બોલે રે ...તોરે૰ ...૩૭૭

દુહા : ૨૧

છૂટ્યો [૨]સાચ પસાયથી, હવે કંદોઈ તેહ;
કુશલે ખેમે આવીયો, રંગરલી નિજ ગેહ ...૩૭૮
શ્રી શ્રેણિક રાજા હવે, મનમાં કરે વિચાર;
મેં બોલી વાચા તિકા, [૩]વિઘટે નહીં સંસાર ...૩૭૯
સાધુ સતી ને [૪]સૂરિમા, જ્ઞાની [૫]અરુ ગજદંત;
ઉલટી પૂંઠે નહીં ફરે, જો જગ જાય અનંત ...૩૮૦
પહિલા બોલે બોલડા, પછી ન પાલે જેહ;
ઉખાણો તે નર લહે, સિંધુ સાટુ જેહ ...૩૮૧
વાચા અવિચલ પાલવા, મંત્રી અભયકુમાર;
ઘર મૂકી તેડાવીયો, કયવન્નો દરબાર ...૩૮૨
પુણ્યાઈ પ્રગટી થઈ, આવ્યો શાહ કૃતપુણ્ય;
રાજાને પાયે પડ્યો, સહુ બોલે ''ધન્ય ! ધન્ય !'' ...૩૮૩

---

૧. નિશ્ચય; ૨. સત્ય; ૩. ખોટી પડે; ૪. સૂરિ મંત્ર; ૫. સાપ.

પૂછી ગાછી વારતા, જાણ્યો એ વડ શાહ;
[૧]પરિયાગત લક્ષ્મી ઘણી, ભાંગ્યો તોહિ [૨]વરાહ ...૩૮૪
જાગ્યું ભાગ્ય વલી તેહનું, તુઠ્યો શ્રેણિક રાય;
પરણાવે નિજ પુત્રીકો, ભલું લગન જોવરાય ...૩૮૫

ઢાળ : ૨૧ (સોહલાની અને દુલ્હો કૃષ્ણ દુલેહી રાધિકા...એ દેશી)

રંગ ભરી રંગ ભરી પરણે હો રાયની કુંવરીજી, ધન્ય કયવન્નો શાહ;
વરને વરને કન્યા હો [૩]હથલેવો મલ્યોજી, બેઠા ચોરી માંહ ...રંગ૰ ...૩૮૬
ધવલ ધવલ ગાવે હો નારી ગોરડીજી, વાજે મંગલ તુર;
[૪]જાનીવડ જાનીવડ માની સઘલા મલ્યાજી, પ્રગટ્યો આનંદપુર ...રંગ૰ ...૩૮૭
વીંદને વીંદને વીંદણી છેહડા બાંધીયાજી, જાણે કીધો બંધ એહ!
હું તાહરી હું તાહરી ને વલી તું માહરોજી, જીવ એક જૂદી દેહ ...રંગ૰ ...૩૮૮
રંગરસ રંગરસ ચોથુ મંગલ વરતીયું, કન્યા ફરી વર કેડી;
વરનેં વરનેં પુંઠે [૫]પરઠે કામિનીજી, [૬]વસતી હુવે ભાવે [૭]વેડી ...રંગ૰ ...૩૮૯
દાયજો દાયજો દીધો ઘોડા હાથીયાજી, વલી દીયા ગામ હજાર;
પંચરંગ પંચરંગ વાઘા હો મુકુટ સોહામણાજી, કુંડલે હાર શિંગાર ...રંગ૰ ...૩૯૦
ભોજન ભોજન ભક્તિ હો જીમણ નવ નવાંજી, કુર-કપુર ભરપુર;
આરિમ [૮]આરિમ કારીમ કીધાં રંગશુંજી, લાડે કોડેં [૯]પડુર ...રંગ૰ ...૩૯૧
વંછિત વંછિત ફલિયા હો ટલિયા દુ:ખ સહુજી, હલીયાં મલીયાં હેજ;
વલિયાં વલિયાં વખત રંગ રલિયાં કરેજી, રંગમહેલ સુખ સેજ ...રંગ૰ ...૩૯૨
ત્રણ ઋતુ ત્રણ ઋતુના હો સુખ ભોગવેજી, તિહું ભુવને સૌભાગ્ય;
ત્રણેહી ત્રણેહી નારી હો સારી અપ્સરાજી, પતિભક્તિ પ્રેમ રાગ ...રંગ૰ ...૩૯૩
ત્રણેહી ત્રણેહી શોહે તિમ મન મોહતીજી, પાન સોપારી કાથ;
રંગરસ રંગરસ શોહે ત્રણ્યે એહવીજી, ખીર ખાંડ ઘીની સાથ ...રંગ૰ ...૩૯૪
દોગુંદક દોગુંદક સુર જિમ ભોગવેજી, મનવંછિત કામ ભોગ;
પુરુષ પુરુષ રતન જગે [૧૦]પરગડોજી, કૃતપુણ્ય પુણ્ય સંયોગ ...રંગ૰ ...૩૯૫
મધુરી મધુરી કહિ એ એકવીશમીજી, **જયતસી** ઢાલ સુરંગ;
પદવી પદવી ઉંચી હો પામી પુણ્યથીજી, કૃતપુણ્ય નામ તિણે [૧૧]ચંગ ...રંગ૰ ...૩૯૬

---

૧. પરંપરાગત; ૨. ભ્રમ; ૩. પાણિગ્રહણ; ૪. જાનૈયા; ૫. અનુસરે; ૬. લોક સંખ્યા; ૭. ઘેલાં (?); ૮. કરિયાવર; ૯. પ્રચુર; ૧૦. પ્રસિદ્ધ, પ્રકટ; ૧૧. સુંદર, સરસ.

દુહા : ૨૨

કયવન્નો સુખ ભોગવે, સોભાગી શિરદાર;
માને શ્રેણિક રાજવી, માને અભય કુમાર ...૩૯૭

ઢાળ : ૨૨ (રાગ : સોરઠ. નિંદરડી વેરણ હોઈ રહી...એ દેશી)

એક દિન મનમાં ચિંતવે, મંત્રી પાસે હો કયવન્નો શાહ કે;
દેખો પાપિણી ડોસલી, મને કાઢ્યો હો રાખી ઘર માંહ કે ...૩૯૮
અભયકુમાર બુદ્ધિ [૧]આગલો, બુદ્ધિયેં જીત્યા હો દાનવનેં દેવ કે;
માણસ કેહે પાત્રમાં, બુદ્ધિ તુઠી હો સહી સરસ્વતી દેવ કે ...અભ૰ ...૩૯૯
બુદ્ધિબળે રાજ્ય ભોગવે, સહુ શંકે હો રાણા ને રાય કે;
બુદ્ધિયેં સુરગુરુ સારીખો, બુદ્ધે અમૃત હો રસદુઝણી ગાય કે ...અભ૰ ...૪૦૦
શાહ જાણી મંત્રી ભણી, કહી વીતક હો સઘલી તે વાત કે;
મંત્રીસર બુદ્ધિ કેલવી, કીયો દેવલ હો ધવલ રંગ ભાંત કે ...અભ૰ ...૪૦૧
[૨]ચિત્રા મેં અતિ ચીતર્યો, નામ ચઉમુખ હો કીધો મન કોડ કે;
મૂર્તિ માંડી યક્ષની, રૂપેં રૂડી હો કયવન્ના જોડ કે ...અભ૰ ...૪૦૨
નગર ઢંઢેરો ફેરીયો, 'એ જાગતો હો યક્ષ દેવ પ્રત્યક્ષ કે;
પૂજે અર્ચો એહનેં, રોગ ટાલે હો લઈ ભોગ સમક્ષ કે' ...અભ૰ ...૪૦૩
કયવન્નો મંત્રીસરૂ, બેહુ ઉભા હો મંડપ મનરંગ કે;
નગરીની નારી ચલી, ટોળે ટોળેં હો લેઈ સુતને સંગ કે ...અભ૰ ...૪૦૪
છોરૂ આપે સૌ નારીનેં, છોરૂ તેડી હો આવે દરબાર કે;
તુમે સહુ જાત્રા કીયાં, રૂસે નાયાં હો નારી સુત ભાર કે ...અભ૰ ...૪૦૫
સઘળી આવી મલપતી, ગાવે વાવે હો કરે [૩]જેઠી [૪]જાત્ર કે;
''તુઠજે બાપજી ! મત રુસે,'' મૂકે નૈવેદ્ય હો આગલ તે માત્ર કે ...અભ૰ ...૪૦૬
હવે ડોકરડી [૫]ડાંગડી, ઝાલી હાથે હો ડગમગતી હાલ કે;
ચારે વહુ સાથે મલી, ચાલે આગે હો ચાર ન્હાનાં બાલ કે ...અભ૰ ...૪૦૭
હલવે હલવે હાલતી, આવી પેઠી હો સહુ દેવલ માંહિ કે;
મુરતી મોહન વેલડી બેઠી દીઠી હો મન ઘરી ઉમાંહિ કે ...અભ૰ ...૪૦૮
પ્રત્યક્ષ કયવન્નો તિશો, રૂપ રૂડું હો નખ શીખ આકાર કે;
પંચરંગ વાઘો પહેરણે, કાને કુંડલ હો શોહે હિયડે હાર કે ...અભ૰ ...૪૦૯
જોઈ જોઈ વહુ ચારે હસી, મન ઉલસ્યો હો વિકસ્યો વલી [૬]ગાત કે;
નયનેં નયન મલી રહ્યાં, જોતી કરતા હો કરે સકલી જાત કે ...અભ૰ ...૪૧૦

૧. અગ્રજ, મોટો; ૨. ચિતારા; ૩. મોટી; ૪. દેવપૂજા ઉત્સવ; ૫. લાકડી; ૬. ગાત્ર, અંગ.

તે સુરત મૂર્તિ દેખીને, ડોસી પોસી હો જગદીશની નાલ કે;
પાપે શંકે પાપિણી, રખે લાગે હો ઈહાં કોઈ જંજાલ કે ! ...અભ૰ ...૪૧૧
હિયડું હટક્યું નવિ રહે, મુખે નાખે હો નિશાસા નાર કે;
નયણે નીર ઝરે ઘણું, જાણે ત્રુટ્યો હો મોતીનો હાર કે ...અભ૰ ...૪૧૨
હિયડું હેજેં પૂરીયું, ભલે દીઠો હો ભરતાર સરૂપ કે;
ઢાલ બાવીસમી **જયતસી**, મન મોહ્યું હો દેખી રૂપ અનુપ કે ...અભ૰ ...૪૧૩

દુહા : ૨૩

રમતા હસતા ખેલતા, ચારે ન્હાનાં બાલ;
મુરતિ પાસે આવીયા, હરખ્યા નયણ નિહાલ ...૪૧૪

ઢાળ : ૨૩ (બાહુબલીની અથવા બાલું દક્ષિણની ચાકરિ રે, બાલું દખણીરો ઘાટ અને ભમરલિં ઝાલોરાં લેજો રાજ ...એ દેશી)

બોલે બાલક બોલડા રે, [૧]મુણ મુણ મીઠી વાણી;
''ક્યું બેઠા ઇહાં આવીને રે, રૂઠા મનરા દાણી ...૪૧૫
ઉઠો બાબાજી ! ઘરે આજ્યો આજ, થાંને માઉરીજીરી આણ;
થાંને દાદાજીરી આણ, થેં તો મ કરો ખાંચા તાણ;
થેં તો નાસી આયા ઇણ ઠાણ, થાંને તેડી જાસ્યાં પ્રાણ'' ...ઉઠો૰ ...૪૧૬
કોઈ તાણે આંગુલી રે, કોઈ તાણે હાથ;
કોઈ પગ મૂકે નહિ રે, કોઈ ઝાલે હાથ ...ઉઠો૰ ...૪૧૭
એક કહે ''બાપો માહરો રે,'' બીજાને દ્યે ગાલ;
એકે બેશે ખોલે આવીને રે, એક ચુંબી દ્યે ગાલ ...ઉઠો૰ ...૪૧૮
એક કહે ''ભેલા બેસીને રે, જીમસું બાપાની સાથ;''
બીજો કહે ''જીમણ ન ધ્યું રે,'' દેઈ મુખ આડો હાથ ...ઉઠો૰ ...૪૧૯
એક કહે ''ખાશું લાડવા રે,'' એક કહે ''ખીર ખાંડ;''
એક કહે ''શીરા લાપસી રે, મહોટી થાલી માંડ'' ...ઉઠો૰ ...૪૨૦
એક કહે ''ભેળાં બેસસ્યાં રે, આપેં સઘલાં [૨]ખાજ;''
બાપો સૌને સારીખો રે, એક પંથ દોઈ કાજ ...ઉઠો૰ ...૪૨૧
ન્હાનડીયાને બોલડે રે, લીધી સઘલી સાર;
કયવન્નો પ્રગટ હુવો રે, મંત્રી અભયકુમાર ...ઉઠો૰ ...૪૨૨

---

૧. ગણ ગણ; ૨. ખાવા.

દેખી ધ્રુજી તે ડોકરી રે, વાય ઝકોલ્યું જ્યું ઝાડ;
ડોસી પોસી ૧બાપડી રે, જાણે પડી ચોર ઘાડ ! ...ઉઠો. ...૪૨૩
ધુતારી તે ડોસલી રે, ઘરથી કાઢી કૂટ;
હરખી ચારે પદમણી રે, પાપ કટ્યું દુઃખ છૂટ ...ઉઠો. ...૪૨૪
હેજેં મલી નિજ નાહને રે, ટલીયાં દુઃખ દોહગ;
બેટા ચારે કુટડા રે, પ્રગટ્યું જસ સૌભાગ્ય ...ઉઠો. ...૪૨૫
કયવન્નો સુખ ભોગવે રે, રમણી સાત અનુપ;
ઇંદ્ર ચંદ્ર પણ દેખતાં રે, આણે મનમાં ચુપ ...ઉઠો. ...૪૨૬
દાનેં તુઠે દેવતા રે, દાનેં દોલત હોય;
દાન વડું સંસારમાં રે, જશ ગાવે સહુ કોય ...ઉઠો. ...૪૨૭
કયવન્ને સુખ ભોગવ્યા રે, દાન તણે સુપસાય;
નામ રહ્યું ત્રિહું ભુવનમાં રે, માન્યો શ્રેણિક રાય ...ઉઠો. ...૪૨૮
સખરી સાતે પદમણી રે, ભોગી ભમર સુખ લીન;
જયરંગ ઢાલ સોહામણી રે, વીશ ઉપર થઈ તીન ...ઉઠો. ...૪૨૯

દુહા : ૨૪

લીનો ભીનો લીલમાં, રહે સુખી દિનરાત;
હવે સાંભલજો ચોંપશું, ધરમ કરમની વાત ...૪૩૦

ઢાળ : ૨૪ (રાગ : કેદારો ગોડી.
કાચી કલી અનારકી રે હાં, ભમર રહ્યો લલચાય, મેરે ઢોલણાં)

તિણ કાલે ને તિણ સમેં રે હાં, જંગમ તીરથ જેહ, શ્રી મહાવીરજી;
તીર્થનાથ ત્રિભુવન ધણી રે હાં, ભાંજે સયલ સંદેહ ...શ્રી. ...૪૩૧
પાપ ટલે પ્રભુ પેખતાં રે હાં, નામ તણે બલિહાર...શ્રી.
ચિંતામણી સુરતરૂ સમો રે હાં, વંછિત ફલ દાતાર ...શ્રી. ...૪૩૨
સાત હાથ પ્રભુ શોભતા રે હાં, ધન્ય જે લોચન દીઠ...શ્રી.
ચરણ કમલની રજેં કરી રે હાં, કરતાં પવિત્ર ભૂપીઠ ...શ્રી. ...૪૩૩
છત્રીસ સહસ સવી સાધવી રે હાં, ચઉદ સહસ અણગાર...શ્રી.
ગૌતમ સ્વામી પ્રમુખ સહુ રે હાં, ગણધર સાથે અગીયાર ...શ્રી. ...૪૩૪

---

૧. રાંકડી, ગરીબડી.

સતી યતીશ્વર મહાવ્રતી રે હાં, સખરો પ્રભુ પરિવાર...શ્રી૰
બે કર જોડી સુભાવથી રે હાં, વંદના કરું વારંવાર ...શ્રી૰ ...૪૩૫
ક્રોડા ક્રોડી કેઈ દેવતા રે હાં, પરિવરિયા પરિવાર...શ્રી૰
પગ તલે નવ સોવન તણાં રે હાં, કમલ રચે સુર સાર ...શ્રી૰ ...૪૩૬
અતિ ઉંચો રલીયામણો રે હાં, સહસ જોયણનો દંડ...શ્રી૰
[1]ગયણાંગણ ધ્વજ લહલહે રે હાં, ટાલે કુમતિ પાખંડ ...શ્રી૰ ...૪૩૭
ગ્રામાગર પુર વિચરતા રે હાં, કરતા ઉગ્ર વિહાર...શ્રી૰
નગરી રાજગૃહિ પરિસરેં રે હાં, **ગુણશીલ** વન છે સાર ...શ્રી૰ ...૪૩૮
નંદનવન સમ શોભતું રે હાં, વેલી વૃક્ષ માંડવા સાર...શ્રી૰
કોયલડી ટહુકા કરે રે હાં, ભ્રમર કરે ગુંજાર ...શ્રી૰ ...૪૩૯
સ્વામી આવી સમોસરચા રે હાં, નિરવદ્ય સખરે ઠામ...શ્રી૰
મલીયા ચઉવિહ દેવતા રે હાં, વિરચે [2]ત્રિગડો તામ ...શ્રી૰ ...૪૪૦
સમવસરણ શોહામણું રે હાં, તરુ અશોક વિકસંત...શ્રી૰
ચઉમુખ ચિહું સિંહાસને રે હાં, બેઠા શ્રી ભગવંત ...શ્રી૰ ...૪૪૧
ભામંડલ પૂંઠે ભલું રે હાં, દીપે તેજ [3]દિણંદ...શ્રી૰
તીન છત્ર શીર શોભતાં રે હાં, ચામર ઢાળે ઈન્દ્ર ...શ્રી૰ ...૪૪૨
વૈર વિરોધ સૌ ઉપશમે રે હાં, રીઝે સુણી સુવિચાર...શ્રી૰
બેસે બારે પરષદા રે હાં, સફલ કરે અવતાર ...શ્રી૰ ...૪૪૩
ચોત્રીસ અતિશય શોભતા રે હાં, વચનાતિશય પાંત્રીસ...શ્રી૰
ધર્મ પ્રકાશે જગ ઘણી રે હાં, જગનાયક જગદીશ ...શ્રી૰ ...૪૪૪
ધન્ય ધન્ય તે જગ જીવડા રે હાં, વાણી સુણી કરે સેવ...શ્રી૰
ઢાલ ચોવીસમી **જયતસી** રે હાં, નમું ચોવીશમો દેવ ...શ્રી૰ ...૪૪૫

દુહા : ૨૫

હરણ વાનરની પરેં, ભરતા લાંબી ફાળ;
શ્રેણિકને વધામણી, આપી દીયે વનપાળ ...૪૪૬
શ્રેણિક મનમાં હરખીયો, જિમ ઘન આગળ મોર;
મનવંછિત વધામણી, દીધી તિયાંને જોર ...૪૪૭
રાજા શ્રેણિક હરખીયો, હરખ્યો અભયકુમાર;
શાહ કયવન્નો હરખીયો, હરખ્યા લોક અપાર ...૪૪૮

---

૧. આકાશ; ૨. ત્રિગડો ગઢ, સમવસરણ; ૩. સૂર્ય.

ઢાળ : ૨૫ (રાગ : ખમાયચી. મહારાજ ચઢે ગજરાજ રથ તુરીયાં...એ દેશી)

શ્રી શ્રેણિક મહારાજ, મનોરથ ફળીયા;
ભલે આજ હુઆ મો રંગ રલીયા...એ આંકણી
જિનવર વંદન સજે સજાઈ, [1]ઉવટણાં અંગે મલીયાં;
અંજન મંજન સ્નાન સુગંધી, ગંગાજલ ખલહલીયાં ...શ્રી॰ ...૪૪૯
પહેર્યા હીર ચીર પટંબર, હિયડે હાર રલતલીયાં;
ચુઆ ચંદન અંગ વિલેપન, કેશર કપુર મૃગ મદ તલિયાં ...શ્રી॰ ...૪૫૦
પંચ રંગ ફુલ જ્યું ચંગા વાઘા, કુંડલ કાને મણી જડીયાં;
સહસ્ત્ર દલ ભાલ તિલક અનોપમ, શિરમુકુટ સોવન ઘડીયાં ...શ્રી॰ ...૪૫૧
બિહું બાંહે બહેરખા બાંધ્યા, હાથે દોઈ હથ સાંકલીયાં;
નંગ જડિત કનક મુદરડી, ઝલકે દશ કર અંગુલીયાં ...શ્રી॰ ...૪૫૨
પટહસ્તિ ચડી ચલ્યો મગધેશ્વર, વડ વડા જોદ્ધા સાથે જુડીયાં;
હય ગય રહ પાયક પરવરિયા, જાણે ઇંદ્રાદલ ઉપડીયાં ! ...શ્રી॰ ...૪૫૩
મેઘાડંબર શિરછત્ર બિરાજે, ઝબઝબ તેજેં ઝલમલીયાં;
નિર્મલ ચંદ્ર કિરણ જ્યું ધવલા, બિહું પાસે ચામર ઢલીયાં ...શ્રી॰ ...૪૫૪
ફરહરે આગે નેજા તાજા, [2]જુલમતિ ઘોડા હલ છલીયાં;
યાચક જય જય વાણી બોલે, દાનેં માનેં દારિદ્ર દલીયાં ...શ્રી॰ ...૪૫૫
ભેરી નફેરી નાદી નગારાં, નવલ નિશાનેં ઘાઉ વલીયાં;
વાજે વાજાં ગાજ અવાજાં, જ્યું વરસાલેં વાદળિયાં ...શ્રી॰ ...૪૫૬
મોતીડે વધાવે ગલીયેં રલીયે, ગોરી રચી રચી ગુંહલીયાં;
કોકીલ કંઠી મીઠી વાણી, શોહગ ગાવે સાહેલીયાં ...શ્રી॰ ...૪૫૭
આગે વાંસે વહે દલ વાદલ, જ્યું વરસાલેં વાહલીયાં;
ધ્રુજે ધરણી ગિરિવર વડ ગઢ, શેષ નાગ તો સલસલીયાં ...શ્રી॰ ...૪૫૮
દિશી દિશી દેશ ભંગાણાં પડીયાં, સીમાડા સૌ ખલભલીયાં;
કેઈ નાઠા કેઈ ત્રાઠા, કેઈ નમીયા આવી કલિયાં ...શ્રી॰ ...૪૫૯
સાથેં અંતેઉર લીધાં સઘલાં, શ્રી અભયકુમાર બુદ્ધિ બલીયાં;
સાથેં શાહ વલી કયવન્નો, સહુકો પ્રભુવંદન ચલીયાં ...શ્રી॰ ...૪૬૦
કેઈ હયગયા ગયગયા કેઈ, કેઈ પાલા કેઈ ચડીયાં;
કેઈ પાલખીયેં, કેઈ રથ બેઠા, જન સહુ વંદન પરવરીયાં ...શ્રી॰ ...૪૬૧
સમોસરણ દેખત સહુ વિકસ્યા, ધન્ય ! દિન આજ વખત વલિયા;
હરખ હિલોલા ચિત્ત કલ્લોલા, ચંદ ચાહે સિંધુ ઉછલીયાં ...શ્રી॰ ...૪૬૨

---

૧. ઉપટણું, લેપ કરવો, ચોળવું; ૨. ઝૂલવાળાં

પ્રાતિહારજ આઠે પેખત, કુમતિ ગરવ ગુમાન ગલિયાં;
ભવ્ય જીવાંરા પાતક ગલિયાં, જ્યું પાણી મેં કાગલિયાં ...શ્રી॰ ...૪૬૩
હાથીથી ઉતરીયો રાજા, આગેં પાલો હુઈ પલીયાં;
જિનવર દરિસણ ચાહ ઘરંતા, ઢાલ નહિં હુઆ હલફલીયાં ...શ્રી॰ ...૪૬૪
એક રંગ હુઆ પાંચે ઈન્દ્રિય, વલી મુનિશું હિલી મિલીયાં;
ચલિયા રલી એ ભગવંત ભેટણ, જીવતણાં વંછિત ફલીયાં ...શ્રી॰ ...૪૬૫
શ્રી વીર જિનેશ્વર નયણે દીઠા, દુઃખ દોહગ દૂરેં ટલિયાં;
જયતસી ઢાલ કહી પચીસમી, સુણતા હરખ સુમંગલિયાં ...શ્રી॰ ...૪૬૬

દુહા : ૨૬

પંચાભિગમ સાચવી, શ્રી શ્રેણિક મહારાય;
દેઈ તીન પ્રદક્ષિણા, વાંદે જીનવર પાય ...૪૬૭
પ્રભુ આગલ કર જોડીનેં, બેઠો શ્રેણિક જામ;
નગર લોય પણ વાંદીને, સહુ બેઠાં તિણ ઠામ ...૪૬૮
જિનવર રૂપ સોહામણું, તનમન હુઆ લયલીન;
મગન હુઆ જગ તીન, તીમ જ્યું પાણીમેં મીન ...૪૬૯

ઢાળ : ૨૬ (કરડો જિહાં કોટવાલ...એ દેશી)

ભાવ ભક્તિ મન આણી બેઠી, આગેં બારે પરષદાજી;
યોજન ગામિની વાણી મીઠી, દેવે જીનવર દેશનાજી ...૪૭૦
સમકિત ધરમનું મૂળ, સમકિત પાલો આતમ હિત ભણીજી;
અવર સહુ આક તુલ્ય, સુરતરુ સરીખું સમકિત ભાખીયુંજી ...૪૭૧
દેવ નમો અરિહંત, ગુરૂ ગિરૂવા શ્રી સાધુસુ વાંદીયેજી;
કેવલી ભાષિત તત્ત્વ, શ્રી જિનધર્મ શુદ્ધ મન આણીયેંજી ...૪૭૨
શ્રાવકનાં વ્રત બાર, આઠે પ્રવચન માતા સાધુનીજી;
પાલો નિરતિચાર, મનમાં આણી શુદ્ધ ભાવનાજી ...૪૭૩
લાધો નરભવ સાર, દશ દષ્ટાંતે લહેતાં દોહીલોજી;
આર્યદેશ અવતાર, જિનધર્મ લાધ્યો એલેં મ હારજોજી ...૪૭૪
એ સંસાર અસાર, તન ધન યૌવન સઘલાં કારિમાંજી;
કારિમો એ પરિવાર, સ્વારથ રાચે સૌ કોઈ આપણોજી ...૪૭૫

માત પિતા સુત નાર, એ પણ સઘલાં શત્રુપણું ભજેજી;
જ્ઞાતાસૂત્ર વિચાર, વલી **રાયપસેણી** ઉપાંગમેંજી ...૪૭૬
ચંચલ નરભવ આયુ, જિમ તરુવરનું પાકું પાંદડુંજી;
ઉત્તરાધ્યયનની સાખ, ડાભ અણી જિમ પાણી-બિંદુઓજી ...૪૭૭
વિરૂઆ વિષય સંવાદ, પાંચે ઇન્દ્રિય સબલ જગમાં નડેજી;
પામે જગ વિખવાદ, એક એક ઇન્દ્રિય પરવશ પ્રાણીઓજી ...૪૭૮
દેખી રૂપ પતંગ, નાદેં મૃગલો રસ વશ માછલોજી;
પામે રંગ વિરંગ, ભમરો વાસેં ફરસેં હાથીયોજી ...૪૭૯
શુભ મતિશું પ્રતિકૂલ, ફલ કિંપાક સમા ફલ જેહનાંજી;
ભવતરુના એ મૂળ, ચાર કષાયો નિવારો જિમ તરોજી ...૪૮૦
મ કરો મમતા સંગ, સમતા રસમાં ઝીલો મલ તજોજી;
રમતાં દયા રસ રંગ, મનગમતાં સુખ પામો શાશ્વતાજી ...૪૮૧
દાન શીયલ તપ ભાવ, ચારે ગતિ છેદણ ચારે આદરોજી;
કૂડ કપટ રોષ ભાવ છોડો, જોડો મન વૈરાગશુંજી ...૪૮૨
ન કરો પરાઈ તાત, પારકી નિંદા, નારક ગતિ દીયેજી;
ધર્મ ધ્યાન દિનરાત, પાલો નિર્મલ વ્રત નિયમ આખડીજી ...૪૮૩
એકલો આવ્યો જીવ, પરભવેં પણ એ જાયે એકલોજી;
તન ધન સયણ સદીવ, સાથ ન ચાલે કો કરણી વિનાજી ...૪૮૪
એ સંસાર સ્વરૂપ જાણી, પ્રાણી ધરમ કરો ખરોજી;
જયતસી ઢાલ અનૂપ, સમજો બૂઝો એ છવીસમીજી ...૪૮૫

દુહા : ૨૭

જિનવર વાણી સાંભલી, પ્રતિ બુઝ્યા બહુ લોક;
કોઈ શ્રાવક વ્રત આદરે, કોઈ મહાવ્રત જોગ ...૪૮૬
વલી વિશેષ જિનદેશના, મીઠી લાગે જોર;
કયવન્નો મન હરખીયો, જિમ ઘન ગાજે મોર ...૪૮૭
આજ મનોરથ સવિ ફલ્યા, આજ જનમ મુજ ધન્ય;
આજ હુઓ સુકૃતારથો, ઈમ ઉલ્લસ્યો કૃતપુણ્ય ...૪૮૮
વાંદીને પૂછે વલી, ''મયા કરો મહારાજ !
મેં શું દીધુ આચર્યું, કહો પૂરવ ભવ આજ'' ...૪૮૯

લોકાલોક પ્રકાશ કર, કેવલજ્ઞાન અનંત;
કયવન્ના આગળ કહે, પૂરવ ભવ વિરતંત ...૪૯૦

ઢાળ : ૨૭ (રાગ : સિંધુડો. એક લહરિ લ્યે ગોરિલા રે...એ દેશી)

''શાલીગ્રામ નામે ગામ છે, ભરિયું ઘણ કણ સુત;
વસે તિહાં એક ગોવાલિણી, ડોસી એક તસ પુત ...૪૯૧
દાન ધરમ ફલ રૂઅડા, જશ બોલે સહુ કોય;
ભગવંત ભાખે સ્વયંમુખે, દાન સમું નહિ કોય ...દા. ...૪૯૨
ઘન પાખેં તે ડોકરી, કરે પરઘર કામ;
આથ પાખેં આદર નહીં, પૂછે ન કો નામ ઠામ ...દા. ...૪૯૩
બેટો બાલક નહાનડો, કરી ન શકે કામ નેટ;
ચારે પરાયાં વાછડાં, નિત્ય ભરે એમ પેટ ...દા. ...૪૯૪
પરવ મહોત્સવ એક દિને, રાંધે ઘરઘર ખીર;
દીઠાં બાલક જીમતાં, હુઓ મનમેં દિલગીર ...દા. ...૪૯૫
ખીર જીમણ [૧]મનસા થઈ, માંગે માતાનેં તીર;
હઠ લઈ બેઠો કહે, ''મા ! જીમણ દ્યે ખીર'' ...દા. ...૪૯૬
સમજાયો સમજે નહીં, જાણે નહીં ઘર સાર;
હૂઇ આમણ દુમણી, નયણ ઝરે જલ ધાર ...દા. ...૪૯૭
માયડી કહે ''પુત ! માહેરા, ઘર નહીં કુશક ભાત;
લે કરી લુખું સુકું જીમી, છોડી દે ખીર વાત'' ...દા. ...૪૯૮
કીડી મંકોડી [૨]ત્રિયા, હઠ છોડે નહીં બાલ;
રોવે આડો માંડીને, છેડો માતાનો ઝાલ ...દા. ...૪૯૯
આવી પર ઉપગારિણી, પાડોશણ મલી ચાર;
''બાલ રોવાડે ક્યું ? રોઈનેં,'' પૂછ્યા કહ્યો સુવિચાર ...દા. ...૫૦૦
દૂધ દીધું એકણ ત્રિયા, બીજી શાલિ અખંડ;
ઘી [૩]સુરહો ત્રીજીયેં દીયો, ચોથી બૂરા ખાંડ ...દા. ...૫૦૧
ખીર રાંધી મીઠી તીણેં, મલી રૂડી સાન્નિધિ;
કારણ સહુ મલિયાં પછી, તરત હુવે કામ સિદ્ધિ ...દા. ...૫૦૨
બેસાડી બાલક ભણી, માંડી થાલી સ્નેહ;
અમીય નજર ભરી માયડી, ખીર પીરસે તેહ ...દા. ...૫૦૩

---

૧. ઈચ્છા; ૨. સ્ત્રી; ૩. કુનડી.

અતિ ઉન્હી જાણી કરી, દેઈ ઠારે ફૂંક;
પણ ચતુરાઈ બાલની, ન પડે ખીરમાં થૂક ...૬।. ...૫૦૪
જનની કારણ ઉપને, ઘરથી બાહીર જાય;
અચરજ એક હુવો તિસેં, તે સુણજો ચિત્ત લાય ...૬।. ...૫૦૫
ભવિતવ્યતા વશેં નીપજે, શુભાશુભ કારજ સિદ્ધિ;
ઢાલ કહી સત્તાવીસમી, **જયતસી** નિશ્ચલ બુદ્ધિ ...૬।. ...૫૦૬

દુહા : ૨૮

ઉંચ નીચ કુલ વિહરતો, ક્ષીણ દેહ ગુણ ગેહ;
અતિથિ એક આવ્યો તીસેં, જંગમ તીરથ જેહ ...૫૦૭
પાઠાંતરે : ઉંચ નીચ કુલ વિહરતા, સુરવર મહિમા પાત્ર;
આવી ઉભા તેહને ઘરે, જંગમ તીરથ યાત્ર ...૫૦૮

ઢાળ : ૨૮ (રાગ : સોરઠ મિશ્ર.
(રાણા રાજસી હો, મેવાડા મહિપતિ હો ! ચિત્રોડા ગઢપતિ હો,
રાજા ! દેજો ગઢપતિયાને સાખ...એ દેશી)

માસખમણને પારણે રે, લેતો શુદ્ધ આહાર;
આણ્યો વખતેં તાણીને રે, ભલો હરખ્યો બાલ તિવાર હો ...૫૦૯
રૂડા સાધુજી હો મોટા મહંતજી હો, આજ ભલે આંગણે રે
પાઉધાર્યા હો પૂજ્ય...એ આંકણી
બે કર જોડી ઉઠીને રે, વાંદે ઋષિના પાય;
તન વિકસ્યું મન ઉલ્લસ્યું રે, વળી હિયડે હરખ ન માય હો ...૩।. ...૫૧૦
આદરમાન દીયે ઘણું રે, 'ધન્ય ! ધન્ય ! તું અણગાર;
મુખકમલ તુજ નીરખતાં રે, મ્હારો સફલ હુઓ અવતાર હો ...૩।. ...૫૧૧
મુહ માગ્યા પાસા ઢળ્યા રે, દૂધેં વુઠ્યા મેહ;
ઘર બેઠાં સદ્‌ગુરુ મલ્યો રે, આજ પ્રગટ ઋદ્ધિ સિદ્ધિ ગેહ હો ...૩।. ...૫૧૨
આજ મનોરથ સવી ફળ્યા રે, સુર તરૂ ફલીયો ગેહ;
પાપ કટ્યું પુણ્ય પ્રગટીયું રે, ચડ્યો હાથ ચિંતામણી એહ હો ...૩।. ...૫૧૩
સોવન પુરિષો ચાલતો રે, નિર્મલ નહિ દોષ માત્ર;
ઘરે બેઠાં ભેટા હુઈ રે, એ તો જંગમ તીરથ પાત્ર હો ...૩।. ...૫૧૪

ગંગાજલમાં ઝીલતાં રે, હુઆ નિર્મલ ગાત્ર;
મનમોહન મહિમા નીલો રે, ભલે ભેટ્યો સાધુ સુપાત્ર હો ...૩૰ ...૫૧૫
દોહિલી સામગ્રી તે જડી રે, આજ જાગ્યું મુજ ભાગ્ય;'
થાલ માંહે કરી લીહટી રે, કીધા ખીર તણા ત્રણ ભાગ હો ...૩૰ ...૫૧૬
બાલક બોલ્યો ભાવશું રે, ''સ્વામી ! વોહોરો ખીર ખાંડ;''
મુનિવર પડઘો માંડીયો ર, જાણે ઘરમ રતનનો કરંડ હો ...૩૰ ...૫૧૭
વોહોરાવે હવે પહેલડો રે, ખીર ભાગ ઘરી રાગ;
અલ્પ જાણીને વલી તીણે રે, દીયો બીજો પણ ખીર ભાગ હો ...૩૰ ...૫૧૮
ઉત્તમ પાત્ર દીઠો ભલો રે, જાગ્યું તેહનું ભાગ્ય;
વોહોરાવે ભાવે ચડ્યો રે, વલી ખીર તણો ત્રીજો ભાગ હો ...૩૰ ...૫૧૯
પાત્ર દાન ફલ તેહને રે, મહોટું હોવણ હાર;
અંતરાય હોશે ના કહ્યાં રે, તીણ સાધેં ન કહ્યો નાકાર હો ...૩૰ ...૫૨૦
પાઠાંતરે : પાત્ર દાન ફલ રૂઅડું રે, મત હોજો અંતરાય;
ઈણી પરેં ના ન કહી જતી રે, પણ લાલચ ન કાંય હો ...૩૰ ...૫૨૧
ભાગ્ય યોગેં આવી મલ્યો રે, ઉત્તમ પાત્ર તત્કાલ;
દાન દીધું તીણે તીણ પરેં રે, પુઠેં થાલ રહ્યો સુવિશાલ હો ...૩૰ ...૫૨૨
ચિત્ત વિત્ત પાત્ર ત્રણે મલ્યાં રે, વાવ્યું સુક્ષેત્રે બીજ;
પુણ્ય કલ્પવૃક્ષ ઉગીયો રે, હવે નીપજશે ફલ બીજ હો ...૩૰ ...૫૨૩
ભાવ ઘણે તે સાધુને રે, બાર લગેં પહોંચાઈ;
કરી વંદન પાછો વલ્યો રે, વલી બેઠો પાછો આઈ હો ...૩૰ ...૫૨૪
જનની ફરી આવી ઘરેં રે, થાલી તે ખાલી દેખ;
તૃપ્તિ કરણ બાલક ભણી રે, વલી ખીર પીરસે અશેષ હો ...૩૰ ...૫૨૫
માતાને વાત નહિ કહી રે, દીધું છાનું દાન;
ફલ તો તેહીજ ભોગવે રે, જે દેઈ ન કરે ગુમાન હો ...૩૰ ...૫૨૬
દેખી બાલક જીમતો રે, માતા ચિંતે ઘરી નેહ;
'એટલી ભુખ ખમે સદા રે, મુજ ધિગ્ જમવારો એહ હો !' ...૩૰ ...૫૨૭
નજર લાગી માતા તણી રે, હુવો મૂર્છિત તત્કાલ;
કાલ કીયો શુભ ધ્યાનમાં રે, હવે પામ્યો ભોગ રસાલ હો ...૩૰ ...૫૨૮
દાન છાનું ન રહે કદી રે, મહકે ફૂલની વાસ;
કહે વુઠો વટાઉડા રે, હુવે પ્રગટ્યો ચંદ્ર પ્રકાશ હો ...૩૰ ...૫૨૯

દાન સુપાત્ર દીયો સુણી રે, માતા પાડોશણ નાર;
અનુમોદન કરી તે હુઈ રે, એ તુજ નારી ચાર હો ...૩૰ ...૫૩૦
ઉત્તમ કુલ તું અવતર્યો રે, ઉત્તમ દાન પ્રભાવ;
પુણ્ય કીધું તેં પૂરવેં રે, તિણેં હુઓ કૃતપુણ્ય નાવ હો ...૩૰ ...૫૩૧
ત્રણ્ય ભાગ કરી ખીરના રે, દાન દીધું તીણ મેલ;
ત્રણ વેલા ઋદ્ધિ તેં લહી રે, પડી અંતરાય તીન વેલ હો ...૩૰ ...૫૩૨
ભાવ ભલો આણી કરી રે, દીજે અઢલક દાન;
વડ બીજ જ્યું ફલ વિસ્તરે રે, વલી લહીયેં ભોગ પ્રધાન હો ...૩૰ ...૫૩૩
અનંત અનંત ફલ પામીયે રે, સુપાત્ર ફલે સુવિશેષ;''
જયતસી ઢાલ અઠાવીસમી રે, ઈનમેં મીન ન મેખ હો ...૩૰ ...૫૩૪

દુહા : ૨૯

પર ઉપકારી પરમ ગુરૂ, સંશય ભંજનહાર;
કયવન્ના આગેં કહ્યો, પુરવ ભવ સુવિચાર ...૫૩૫
સુણી પૂર્વ ભવ આપણો , દાન તણાં ફલ દેખ;
કયવન્નો ઉત્સુક થયો, ધર્મ કરણ સુવિશેષ ...૫૩૬

ઢાળ : ૨૯ (રાગ : મારૂણી.
રામ લંકાગઢ લીધો, લઈને વિભીષણ દીનો...એ દેશી)

વીર તણી વાણી સુણી રે, મીઠી અમીય સમાન રે;
રંગભીનો સાતે ૧ઘાતડી રે, સમજ્યો ચતુર સુજાણ;
પ્રતિબુઝ્યો પ્રતિબુઝ્યો હો, કયવન્નો શાહ પ્રતિબુઝ્યો...એ આંકણી ...૫૩૭
બે કર જોડી વિનવે રે, ''એ સંસાર અસાર રે;
તારો તારો પ્રભુજી ! મુજ ભણી રે, લઈશ સંયમ ભાર રે'' ...પ્ર૰ ...૫૩૮
વીર કહે ''દેવાણુપ્રિયા ! રે, મા પ્રતિબંધ કરેહ રે;
જીવીતમાં જાયે ઘડી રે, પાછી નાવે તેહ રે ...પ્ર૰ ...૫૩૯
અશુભ ફલ આશ્રવ તણા રે, નરક તણા દાતાર રે;
સખરાં ફલ સંવર તણાં રે, પામીજે ભવપાર રે'' ...પ્ર૰ ...૫૪૦
વીર જીનેસર વાંદીને રે, પહોંત્યો નિજ ઘરવાસ રે;
પુત્ર કલત્ર મિત્ર મેલીને રે, બોલે એમ ઉલ્લાસ રે ...પ્ર૰ ...૫૪૧

---

૧. સ્ત્રી.

‘‘શુદ્ધ ધર્મને મેં સરદહ્યો રે, જાણ્યો અથીર સંસાર રે;
અધર્મે દુ:ખ ઉપજે રે, ધર્મે હુએ ઉદ્ધાર રે ...પ્ર૰ ...૫૪૨
રાગ દ્વેષ રૂડા નહીં રે, કડુઆ કરમ વિપાક રે;
વિષયસુખ વિષ સારીખાં રે, વિરુઆ જેહવા આક રે ...પ્ર૰ ...૫૪૩
કો કેહનો નહીં જગતમાં રે, [૧]કારીમું સગપણ એહ રે;
વેલા ન લાગે [૨]વિહડતાં રે, તડકે પડ્યો જેમ ત્રેહ રે ...પ્ર૰ ...૫૪૪
વીર જીનેસર આગળ રે, હવે હું લેઈશ દીખ રે;’’
ઈમ કહી બેટો થાપીયો રે, નિજ પાટેં દઈ શીખ રે ...પ્ર૰ ...૫૪૫
સાતે ખેત્રેં વાવીયું રે, સખરે ચિત્તશું બીજ રે;
વૂહો જિમ મેહ ઘરમનો રે, વિણ ગાજે વિણ વીજ રે ...પ્ર૰ ...૫૪૬
દીન હીનને નિસ્તર્યા રે, માંડ્યો દે દે કાર રે;
અશન પાને કરી પોષીયા રે, પહિરાયા પરિવાર રે ...પ્ર૰ ...૫૪૭
સુકુલિની સાતે મળી રે, કહે પ્રીતમને વાત રે;
‘‘તુમ વિણ ઘર શોભે નહીં રે, જિમ ચંદ વિહુણી રાત રે ...પ્ર૰ ...૫૪૮
તુમ તનની અમે છાંહડી રે, કેહનાં ઘર સુત આથ રે;
દીક્ષા લેશું તુમશું સહી રે, સતી ન તજે પીયુ સાથ રે’’ ...પ્ર૰ ...૫૪૯
દીક્ષા મહોત્સવ માંડીયો રે, આડંબર અતિ જોર રે;
વાજાં વાજે અતિ ઘણાં રે, જાણે ગાજે ઘનઘોર રે ...પ્ર૰ ...૫૫૦
રંગરલી સુવધામણાં રે, ધવલ મંગલ ગીત ગાન રે;
ચારિત્ર રમણી પરણવા રે, જાણે ચઢે વર જાન રે! ...પ્ર૰ ...૫૫૧
સ્નાન કરી પહેર્યા ભલા રે, આભરણ ને અલંકાર રે;
સહસ પુરુષની વાહિની રે, શિબિકા બેસી શ્રીકાર રે ...પ્ર૰ ...૫૫૨
સાત નારી આપ આઠમો રે, રાજગૃહિ નગરી મોઝાર રે;
દીક્ષા લેવા નીસર્યો રે, સાથેં બહુ પરિવાર રે ...પ્ર૰ ...૫૫૩
નરનારી રાજા પ્રજા રે, મુખ બોલે ‘‘ધન્ય! ધન્ય! રે;’’
ઈમ આશીષ સુણતો થકો રે, નિર્મલતર તન મન્ન રે ...પ્ર૰ ...૫૫૪
તુરત આવ્યા વહી પાધરા રે, સમવસરણ મઝાર રે;
પાલખીથી ઉતર્યા રે, નારી ને ભરતાર રે ...પ્ર૰ ...૫૫૫
વીર જિનેસર દરિસણે રે, પાયો હરખ અપાર રે;
પંચાભિગમ સાચવી રે, વિનયવંત સુવિચાર રે ...પ્ર૰ ...૫૫૬

---

૧. કૃત્રિમ; ૨. વિખૂટાં પડતાં.

સચિત અચિત દ્રવ્ય છોડીયાં રે, એકંત કરી મન રંગ રે;
કર જોડી શીર ચાઢીયા રે, કીધો ઉત્તરાસંગ રે ...પ્ર૰ ...૫૫૭
વીર જિનેસર વાંદીયા રે, નારીશું સુવિનીત રે;
લોચ કરી પ્રભુ સ્વહથેં રે, લીધી દીખ પવિત્ર રે ...પ્ર૰ ...૫૫૮
પૂરી સરસ કહે **જયતસી** રે, એ કહી ઓગણત્રીસમી ઢાલ રે;
કયવન્નો વ્રત આદરે રે, વાંદુ ચરણ ત્રિકાલ રે ...પ્ર૰ ...૫૫૯

દુહા : ૩૦

જિનવર મુનિવર વાંદીને, રાજા પ્રજા બહુ લોક;
સહુ આવ્યા ઘર આપણે, સુખે વસે શુભ યોગ ...૫૬૦
કયવન્નો મહોટો યતિ, પાલે સખરી દીખ;
[૧]ગ્રહણા ને [૨]આસેવની, શીખે હિત ધરી શીખ ...૫૬૧
ચારિત્ર લેઈ [૩]ચોંપશું, પાલે નિરતિચાર;
પાંચે ઈન્દ્રિય વશ કરે, ધન્ય ! તેહનો અવતાર ...૫૬૨

ઢાળ : ૩૦ (રાગ : ધન્યાશ્રી.
મો મનડો હેડાઉ હોં મિશ્રી ઠાકુર ! મહિધરઉ અથવા
ભોલીડા હંસા રે ! વિષયે ન રાચીયેં...એ દેશી)

ચારિત્ર પાલે હો સૂધું સિંહ જ્યું, ધન્ય કયવન્નો સાધ;
સ્થવીરની પાસે હો સૂત્ર ભણે ભલાં, શીખે અર્થ અગાધ ...ચા૰ ...૫૬૩
જયણા કરતો હો ચાલે મારગે, ઉભો રહે જોઈ જીવ;
જયણાસેં તી હો બેસે પુંજીને, સૂતાં જયણા સદીવ ...ચા૰ ...૫૬૪
જયણાસેં તી હો મુખ સાચું ચવે, ન વદે મૃષાવાદ;
જયણા કરીને હો જીમે સુજતું, લૂખું અન્ન નિઃસ્વાદ ...ચા૰ ...૫૬૫
કરે રખવાલી હો નવે વાડની, સખરૂ પાલે શીલ;
જિમ રખવાલે હો વનવાડી ફલે, માલી પાસે લીલ ...ચા૰ ...૫૬૬
મમતા નિવારે હો સમતા આદરે, ન કરે સંનિધિ સંચ;
તપ જપ કિરીયા હો ખપ આકરી કરે, પાલે મહાવ્રત પંચ ...ચા૰ ...૫૬૭
દૂષણ ટાલે હો લાગ્યું જાણીને, મિચ્છા દુક્કડં દેય;
ખામણાં ખામે હો પડિક્કમણું કરે, અતિચાર આલોય ...ચા૰ ...૫૬૮

---

૧. ગ્રહણ; ૨. પાલન; ૩. ચાનક, ઉત્સાહ.

મિત્ર શત્રુ સરીખાં હો માને સાધુજી, તૃણ મણી કંચન કાચ;
રજ રાજ્ય સરીખાં હો લોભ રતિ નહીં, નિઃકલંક [૧]કાચને પાચ ...ચા૰ ...૫૬૯
ભણી ગુણી હુઓ હો તે શ્રુત કેવલી, ચૌદે પૂરવ ધાર;
તરણ તારણ હો જ્ઞાની ગુરૂ ભલો, નહીં પ્રમાદ લગાર ...ચા૰ ...૫૭૦
સદ્‌ગુરૂ સંશય હો ભાંજે મન તણા, તુરત ઉતારે પાર;
બલિહારી જાઉં હો એહવા સાધુની, નામ લીયાં નિસ્તાર ...ચા૰ ...૫૭૧
સંવેગી સોભાગી હો વૈરાગી વડો, ધન્ય ! ધન્ય ! એ અણગાર;
મહાવીર સ્વામી હો સ્વહથેં દીખીયો, ગીણતી ચૌદ હજાર ...ચા૰ ...૫૭૨
સાધુ ગુણ ગાતાં હો હીયું ઉલ્લસે, ત્રીસમી ઢાળ રસાળ;
બે કર જોડી હો **જયરંગ** ઇમ કહે, કરું વંદણા ત્રણ કાળ ...ચા૰ ...૫૭૩

દુહા : ૩૧

કયવન્ને સંયમ ગ્રહ્યો, કરતો ઉગ્ર વિહાર;
માસેં કરે મન રંગશું, નિર્દૂષણ આહાર ...૫૭૪

ઢાળ : ૩૧ (રાગ : ધન્યાશ્રી. સુણિ બહિની ! પ્રીઉડો પરદેશી...એ દેશી)

ધન્ય ! ધન્ય ! સાધુ નમું કર જોડી, જેણે માયા મમતા છોડીજી;
તપ જપ ખપ કરી કાયા શોષી, હોશે સિદ્ધ પડોશીજી ...ધ૰ ...૫૭૫
મહોટો મુનિવર શ્રી કયવન્નો, ધન્ય ! ધન્ય ! સોવન વરણોજી;
ઘણાં વરસ લગેં સંયમ પાળી, દુષણ સઘલાં ટાલીજી ...ધ૰ ...૫૭૬
અતિચાર આલોઈ નિંદી, વીર જીનેસર વંદીજી;
અલ્પ આઉખું જાણી નાણી, લિયું અનશન ભાવ આણીજી ...ધ૰ ...૫૭૭
ચૌરાશી લખ જીવ ખમાવી, ચિહું શરણે ચિત્ત લાવીજી;
સુરગતિ સાહામા જોડ્યા હાથો, કુણ લીયે નરકશું બાથોજી ...ધ૰ ...૫૭૮
પંડિત મરણે કાળ જ કીધો, ચાલ્યો પરમહંસ સીધોજી;
ભાંગ્યા બહુ ભવભવના ફેરા, દીધાં સર્વારથેં ડેરાજી ...ધ૰ ...૫૭૯
તેત્રીસ સાગર આયુ ભોગવશે, સ્વાર્થસિદ્ધથી ચવશેજી;
મહાવિદેહ નરભવ લેશે, આઠ કરમ તિહાં દહશેજી ...ધ૰ ...૫૮૦
કેવલ પામી પાર ઉતારશે, અવિચલ શિવસુખ વરશેજી;
ધન્ય ! કયવન્નો કરી એ કરણી, સુણતાં હુવે પુણ્ય ભરણીજી ...ધ૰ ...૫૮૧

---

૧. કાચ અને ઉત્તમ મણિને સરખાં ગણે

જોગી ભોગી હુઆ નર ઝાઝા, પણ એ સૌ શીર રાજાજી;
ઉત્તમ સાધુ તણા ગુણ ગાયા, અનંત લાભ સુખ પાયાજી ...ઘ૰ ...૫૮૨
દાન તણું ફલ પ્રત્યક્ષ દેખી, ધો દાન સવિશેષોજી;
ઉપર શુદ્ધ ભાવના ભાવો, જ્યું મનવંછિત પાવોજી ...ઘ૰ ...૫૮૩
કવીયણ વચનેં રચના કીધી, સરસ ચોપઈ એ સીધીજી;
મિચ્છામિ દુક્કડં કવિ કહે છે, મેં દીધો શુભ શોચેંજી ...ઘ૰ ...૫૮૪
સવંત સત્તરસેં એકવીશેં, બીકાનેર સુજગીશેંજી;
આદીશ્વર મૂલનાયક સોહે, નરનારી મન મોહેજી ...ઘ૰ ...૫૮૫
એ સંબંધ રચ્યો હિત કાજે, **શ્રી જિણચંદ સૂરિ** રાજેંજી;
ભણતા ગુણતાં બહુ સુખદાયી, સુણજો ચિત્ત લગાઈજી ...ઘ૰ ...૫૮૬
શ્રી જીણચંદ્ર(ભદ્ર) સૂરિ સુખદાયી, સુરતરુ સાખ સવાઈજી;
વાચક **શ્રી નયરંગ** વિખ્યાતા, વડવડા જસ અવદાતાજી ...ઘ૰ ...૫૮૭
વિમલવિનય તસુ શિષ્ય બિરાજે, વાચક અધિક દિવાજેજી;
શ્રી ધરમ મંદિર વૈરાગી, તાસ શિષ્ય વડભાગીજી ...ઘ૰ ...૫૮૮
મહોપાધ્યાય પદવી શોહે, સંઘ તણા મન મોહેજી;
સુગુરૂ **પુણ્યકલસ** શુભ નામેં, જાણીતા ઠામ ઠામેંજી ...ઘ૰ ...૫૮૯
તાસ શિષ્ય **જયતસી** ઈમ બોલે, નહીં કોઈ દાનને તોલેજી;
દાન તણાં ફળ દીસે ચાવાં, દિન દિન અધિક દિવાજાંજી ...ઘ૰ ...૫૯૦
સરસ ઢાલ ન કાંઈ પડતી, ત્રીશ ઉપર એક ચઢતીજી;
પુરણ સુણતાં હિયડું વિકસે, ધર્મકરણ મન ઉલ્લસેજી ...ઘ૰ ...૫૯૧

ઈતિશ્રી કચવન્ના શાહ શેઠનો રાસ સમાપ્ત

૧૧. કવિ શ્રી દીપ્તિવિજયજી કૃત કયવન્ના રાસ (સં.૧૭૩૫)

દુહા : ૧

બ્રહ્મસુતા બ્રહ્મવાદિની, કવિયણ કેરી માય;
હંસવાહિની હરખઈં કરી, પ્રણિમું હું તઉ પાય. ... ૧
પ્રથમ પૂરવ દિસિં તાહરો, કાસ્મીરેં અહિઠાણ;
બીજો મરુધર દેસમાં, અંબારીઈં મંડાણ. ... ૨
સરસતિ નઈં સહુકો નમેં, માનઈં રાણા રાય;
કવિયણ નવ-રસ કેલવે, ને સરસતિ સુપસાય. ... ૩
સેવકનઈં સાનિધ કરે, માતા ગુણની ખાણિ;
કયવન્ના ગુણ ગાયતાં, દેયે અવિચલ વાંણિ. ... ૪
દાન વડું સંસારમાં, દાનેં સુભ ગતિ હોય;
સુખ સંપતિ સંયોગ વલી, લહીઉં દત્તથી સોય. ... ૫
દાનઈં જગ યશ વિસ્તરેં, અનઈ વલિ અવિચલ રાજ;
સકલ ઋધિ ઘર સંપજેં, એક પંથ બહુકાજ. ... ૬
કયવન્નેં પહિલઈ ભવિં, પડિલાભ્યો અણગાર;
તાસ ચારિત્ર વખાણતાં, હિયડે હરખ અપાર. ... ૭
લબધિ **ગોયમ** સમરીઈં, **ધન્ના સાલિભદ્ર** ઋધિ;
સોભાગી **કયવન્ન** હુઓ, **અભયકુમાર**ની બુધિ. ... ૮
ચ્યાર નરનાં સહુકો કરઈ, જગમાં સબલ વખાણ;
દિનમુખિં નિત જપતાં હુઈ જય લછિ કલ્યાણ. ... ૯

ગાથા : * **जम्मंतरदाणाउ उल्लसिया पुव्व कुसलझाणाउ**
कयवन्नो कयपुणो भोगाणं भायणं जाऊ ... ૧૦

ચોપાઈ : ૧

જંબુદ્વીપ તણું મંડાણ, એઉ **ભરત** વસહિં સુક્ષેત્ર;
તિહાં **રાજગૃહી** નામિ સુભ દેસ, પાપ તણો જિહાં નહીં લવલેસ. ... ૧૧
શ્રીપુર નામિં ગામ વિસાલ, વસિં વણિક નામિં **ગોવાલ**;
તસ ઘરણી **ગંગાદે** નારિ, **ગંગદત્ત** નામેં સુત સાર. ... ૧૨

---

* જન્માંતરમાં ઉલ્લાસપૂર્વક, ભાવથી દાન આપવાથી કયવન્નો કે જેને (પૂર્વભવમાં) પુણ્ય કર્મ કર્યું છે તેથી તે કૃતપુણ્ય ભોગનો ભાગી થયો. (કડી-૧૦)

પરલોકેં ગોવાલો ગયો, આઠ વરસનો ગંગદત્ત થયો;
શ્રીપતિ નામિં વડ વાણીઉ, દાતા [1]ભુગતા જગ જાણીઉ. ... ૧૩
બાલક તેડીનઇં સા નારિ, આવી શ્રીપતિ નઇં દરબારી;
ખંડણ પેસણ ઘરનાં કાજ, ક(ર)તી નાણેં મનમાં લાજ. ... ૧૪
બાલક [2]સરિસો [3]રામતિ રમેં, વાછરુઆં ચારે વન ભમજ;
સયલ પરવતણો સિણગાર, પજુસણ આવ્યાં શ્રીકાર. ... ૧૫
ઘરમીજન તિહાં ઘન [4]વાવરઇ, પારણા નાખો લાયા ઘરેં;
ખીર ખાંડ અનઇ ઘૃત પૂર, ભરીયાં દીઠાં દધિનઇં કૂર. ... ૧૬
જિમતાં દીઠાં માણસ તિણેં, ખીર ખાંડ માંગઇ મા કનઇં;
ગંગાદે કહિં, ''સુંણ તું પુત્ર ! જુઓ વિમાસો ઘરનું સૂત્ર;'' ... ૧૭
[5]આડયો માંડયો તેણી વાર, રુદન કરઇ ગંગાદે રિ;
પાડોસણિ આવી ઉચરઇ, ''કાં બાઇ તું રુદન કરઇ ?'' ... ૧૮
ગદ્ ગદ્ સાદિ બોલી તાંમ, ''સેઠાણી ! સુણયો અભિરામ;
ઘણી થકાં સંપત્તિ હુઇ ઘણી, તે પરલોકિં પોહોતો ઘણી. ... ૧૯
કરમ વિશેષિંક મારાં થયાં, પછેં અમ્હેં ઇહાં આવી રહ્યાં;
ઘન વિના નહિ આદરમાંન, ઘન વિના મંદિર હુઇ રાન. ... ૨૦

કાવ્યં : *** यस्यास्ति वितं सनरः, कुलीणः सपंडितः सश्रुतवान गुणजः।**
स एव वक्तास च दर्शनीय सर्वे गुणा कांचनमाश्रयंति ।।१।। ... ૨૧

ફાટાં તૂટાં ચીર વાવરુ, એણિ પરિં પેટ ભરાઇ કરું;
ઘરનું સૂત્ર ન જાણેં બાલ, યાચક તસ્કરનઇં મહીપાલ ... ૨૨
રાજા બાલક વિપ્ર ચૌર, [6]જમરો જગમાં પાડિં સોર;
અગ્નિ પારધી કવિયણ કહિં, સાતઇ પરવેદન નવિ લહઇં.'' ... ૨૩
ચ્યાર નારિ તવ કરેં વિચાર, 'એહનઇ કાંઇ કી જે ઉપગાર;
એ જગમાંહિ એતલુંઇ સાર, સકતિ સારુ કીજઇં મનોહાર. ... ૨૪
એકણિ [7]ઘીસયુ ભર ભર દીઉ, [8]પયનો બીડો બીજી લીઉ;
[9]મીઠાઇ દીઇં અતિ ભલી, ચોથી [10]સાલિ અખંડિત વલી. ... ૨૫
સેઠાણી નઇં લાગી પાય કથન કહિં બાલકની માય;
''બાઇ ! આસ પૂરી સુત તણી, કીસી વાત કહીઇં તુમ તણી.'' ... ૨૬

---

૧. ભોક્તા; ૨. સાથે; ૩. ક્રીડા; ૪. ખર્ચ કરે; ૫. હઠ; ૬. યમરાજ; ૭. ઘીની ડાંડલી; ૮. દૂધનો ઘડો; ૯. ખાંડ; ૧૦. ચોખા
*(ક. ૨૧, હ.પ્ર. (ગ)માં છે) જેની પાસે ધન છે તે જ મનુષ્ય છે, તે કુલીન છે, તે પંડિત છે, તે શ્રુતવાળો છે, ગુણી છે, તે જ વક્તા છે, તે જ દર્શનીય છે. સર્વ ગુણો સોનામાં (ધનમાં) જ રહેલાં છે.

સાવ દૂધ [૧]પાયસની થાલ, ભરી જિમવા બઈસારયો બાલ;
સેઠ તણેં ઘરિ કરવા કામ, જઈ બઈઠી ગંગાદે તામ. ... ૨૭
અતિ ઉન્હી જાણી વડ વીર, ઠારઈ ફૂંક દેઈનઈ ખીર;
તિણેં અવસરિં મધુકરની પરિં, ફિરતો આવ્યો મુનિ મંદિરઈં. ... ૨૮
માસખમણ તણો તપ પારણઇ, ગંગદત્ત દીઠો અણગાર;
'ધરમલાભ' તસ ઘરિ જઈ દીએ, તે દેખી ગંગદત્ત હરખીઓ. ... ૨૯
ત્રિણ્ય ભાગ પાયસના કરી, પડિલાભઈં તે ઉલટ ધરી;
દેઈ દાન હૈયડેં ગહગહી, ફિરિ જિમવા બઈઠો તે સહી. ... ૩૦

દુહા : ૨

ગંગદત્ત ચિત ચિંતવે, 'આજ ભલેં [૨]સુવિહાણ;
સુભ [૩]દિસા જાગી હવિં, માહરેં જય કલ્યાણ.' ... ૩૧
જણણી આવીનઈં જૂઈ, ખાલી દીઠું થાલ;
ખીર પરિસઈ ઘણી વલી, ઉપરિ સાલિનઈં દાલિ. ... ૩૨
છોકરડઈં તે નવિ કહ્યું, જે મઈં પડિલાભ્યો અણગાર;
દેઈ દાન જે ફૂલસ્યે, તે સહી સુધ ગમાર. ... ૩૩
સબલ ભોજનનઈં નિબલ, તન હવું અજીરણ તાસ;
દાન દીધું અનુમોદતો, પામેં ભોગવિલાસ. ... ૩૪
કાલ કરી કિહાં અવતરયો, કુણ ગામે કુણ દેસ ?
સાવધાન થઈ સાંભલો, એ એ દાન વિસેસ. ... ૩૫

ઢાળ : ૧ (બે કર જોડી તાંમ ભદ્રા વિનવૈ, ભોજન આજ ઈહાં કરો... એ દેશી)

નયરી રાજગૃહી જાણ રે, રાજા **શ્રેણીક**, પટરાણી **ચિલણા** સતીએ. ... ૩૬
ચ્યાર બુધિનો જાણ રે, શ્રેણીક નંદન, નામે **અભયકુમાર**જી એ. ... ૩૭
સાહ **ધનાવો** ધનવંત રે, તેણી નયરી વસેં, **સુમિત્રા** તસ ભારયા એ. ... ૩૮
તાસ ઉદરિ **ગંગદત્ત** રે, અવતરીઉ જવ, સુપન દીઠું સોહામણૂં એ ... ૩૯
જાણૂં જાઉં યાત્રા રે, સાહમીવત્સલ કરૂં, દેવપૂજા કરું ભાવસ્યૂં એ. ... ૪૦
ડોહલા પૂરણ કરે સેઠ રે, અનુક્રમિં જનમિઉ, સુભ લગનઈં સુભ મુહુરતઈં એ. ... ૪૧
નામ દીધું **કયવન્ના** રે, રુપેં મનોહરુ, વાહલો લાગઈં સહૂયનઈં એ. ...૪૨

---

૧. ખીર; ૨. સુંદર પ્રભાત; ૩. દશા, સ્થિતિ.

સોભાગી ગુણવંત રે, સહજિં સુંહાલો, સોલ વરસનો જવ થયો એ. ... ૪૩
વિવહારીયાની બેટી રે, નામે **ધનવતી**, પરણાવ્યો આદર ઘણઈં એ. ... ૪૪
[૧]નિરાગપણાનેં ભાવેં રે, ભોગ સોહામણા, પાપ જાણી નવિ ભોગવે એ. ... ૪૫
માવિત્ર મનમાંહિં ચિંતઈ રે, રખે દીખ્યા લીઈં, જિમતિમ કરિ ઘરિ રાખીઈં એ.. ૪૬
રાજગૃહીનઈં પાસિં રે, ગણિકાવાડો એ, ગણિકા તિહાં રહે અતિ ઘણી એ.... ૪૭
મદનમંજરી નામ રે, જન મન મોહતી, વેશ્યા રાજા માનીતી એ. ... ૪૮
તસ મંદિર કયવન્નો રે, મૂકયો સિખવા, સર્વ કલા સુવિલાસની એ. ... ૪૯

દુહા : 3

કયવન્નો એક દિન્નિ, જયઈ વનિ પંથ જેહવૈ;
મદ ઘરતો અતિ મન્નિ, નયણ પાવૈં વનિતા ચડી. ... ૫૦
સુંદર [૨]સુભગાકાર, મદનમંજરી તસ નામૈ;
અપછરસ્યો અવતાર, ચિત્તમઈ ચહુટી કુમરને. ... ૫૧
[૩]ચતુરા [૪]ચકમક તાણિ, કુમર આયો લીયો [૫]કેલિસ્યૂં;
ગોરી ગુણમણિ ઘણી, રીઝવ્યો કુમરને રંગસૂં રે. ... ૫૨
વાર વધૂ આદર ઘણઈં, તેડયો મંદિરમાંહિ;
ઊંચો મોહન મોહલમાં, બઈસારયો ઉછાંહિ. ... ૫૩
પહિલો ગણિકા પ્રેમસ્યું, નયણે કરેં વિલાસ;
વલતું વયણે ઈમ ભણેં, 'સફલ ફલી મન આસ.' ... ૫૪

ઢાળ : ૨ (ગોરી માહરી આવેં હો રસીઆ રંગ ભરે... એ દેશી.)

''પ્રીઉજી ! પધારો હો કિ પ્રેમ ઘરી ઘણો, મંદિરમાંહે રે નાહ સનેહી
તુમ દીઠઈ રે મન તન ઉલસેં, સુગુણ સનેહી રે સાહ સલૂણા. પ્રી૰ ... ૫૫
પુરુષ ભમર હો ભમતા અતિ ઘણા, આવિં અમ દરબાર; સ૰
પણિ તુઝ સરિખો જગમાં કો નહીં, સોભાગી સિરદાર. સ૰ પ્રી૰ ... ૫૬
નિત નિત નવ નવ રંગ રસ ખેલીઈ, લીજેં નર ભવ [૬]લાહ; સ૰
તુમસ્યું અવિહડ પ્રીતિ કરવા ભણી, માહરે મનેં અધિકો [૭]ઉમાહ. સ૰ પ્રી૰ ... ૫૭
ઉનાલેં રે પિઉ અંબરસ ઘણો, નવા ગોહની [૮]પોલી; સ૰
કરિલાનાં સાહિબ [૯]સાલણાં, જિમસ્યું ઘૃતઈં ઝબોલી. સ૰ પ્રી૰ ... ૫૮

---

૧. વૈરાગ્યપણાને; ૨. રમણીયાકાર; ૩. ચતુર સ્ત્રી; ૪. લોહચુંબક; ૫. રતિક્રીડા; ૬. લાભ; ૭. ઉત્સાહ; ૮. રોટલી; ૯. અથાણું, કચુંબર, શાક.

વરસાલો રે સારો વલી વાલમા, દહ દિસિં હરીયા(લી) રે અંકૂર; સ૰
ગગન તે ગાજી હો વરસઈ મેહુલીઉ, ભોજન કૂર કપૂર. સ૰ પ્રી૰ ... ૫૯
ભર રે સીયાલો આવ્યો સાહિબા, રમસ્યું રંગની રેલિ; સ૰
સોગઠે(ઠે) રમસ્યું જિમસ્યું સુખડાં, અંગિં તેલ કૂલેલ.'' સ૰ પ્રી૰ ... ૬૦
નટ વિટ પુરુષા હો તે સાથિ મિલ્યા, સીખવ્યાં વ્યસન જ સાત; સ૰
રાગને રંગમેં તે ઝિલતો રહિં, મુકી વલી ધરમની વાત. સ૰ પ્રી૰ ... ૬૧

કાવ્ય : *** द्युतं च मांसं च सुराच वेश्याच पापर्द्धि चोरि परदारसेवा।**
एतानि सप्त व्यसनानि लोके, घोरातिघोरे नरकं नयंति ।। ... ૬૨

ગણિકા ઘરિ હો રંગિ રહતાં થકો, વોલ્યો વરસ જ બાર; સ૰
બાર કોડી હો ધન સોવન તણી, વિલસેં ચિત્તડે ઉદાર. સ૰ પ્રી૰ ... ૬૩
ઉત્તમ નરની હો સંગતિ સંપજે, રુડો ધરમ સંભાલ; સ૰
નીચની સંગતિ નિશ્ચઈ ઉપજે, ભુંડો પાપ સભાવ. સ૰ પ્રી૰ ... ૬૪

ગાથા : *** अंबस्सय निंबस्सय, दुन्नंपि समागयाइ मूलाइं।**
संसग्गीय विणट्ठो, अंबो लिंबतणं पत्तो।। **।।૬૫।।**

उक्तंच : *** कुसंगा संग दोषेण, साधवोयांति विक्रिया।**
एक रात्रि प्रसंगेन, काष्ट घंटा विडंबना।। **।।૬૬।।**

દુહા : ૪

બાર વરસ વોલ્યાં જિસેં, માય તાય પરલોક;
પોહતાં તે નવિ જાણીયાં, તે સવિ અક્કા દોષ. ... ૬૭
માતા પિતાની વારતા, રખે જાણેં કયવન્ના;
[૧]લટૂપટૂ ભાવ ઘરી ઘણો, લાવ્યો [૨]એહનું ધન. ... ૬૮
દાસી એક તિહાં મોકલી, ધન લેવાં નઈં કામિ;
''આલો સોહાસણ સુંદરી ! તુમ પીઉ માગઈ દામ.'' ... ૬૯
વલતું તે ધનવતી વદઈ, ''હે સુંદરી ! ગુણ ખાણિ;
ઘરથી ધન સવિ મોકલ્યું, તે તું સહી કરી જાણિ. ... ૭૦

---

૧. ચંચળ; ૨. એહનું ધન લાવ્યો.

* (કડી - ૬૨) જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી, પરદારાસેવા (પરસ્ત્રીગમન) લોકમાં આ સાત વ્યસન કહેવાય છે. જે ઘોરાતિઘોર નરકમાં લઈ જાય છે.

* (કડી - ૬૫) આંબો અને લીમડો બંનેના મૂળ સાથે વાવ્યા. તેમાં લીમડાના સંસર્ગથી આંબો વિનાશ પામ્યો. એટલેકે લીમડાની કડવાશ તેમાં આવી.

* (કડી - ૬૬) ખરાબની સંગતિના દોષથી સારા પણ વિક્રિયાવાળાં (ફેરફારવાળાં) થાય છે. એક રાત્રિ સાથે રહેવાથી કાષ્ટ (દિશા) પણ વિટંબનાને પામી અર્થાત્ ઉજવલ દિશા, કાળી બની.

ઘણી નઈ ઘન બહુ મોકલ્યું, જે હૂતું ઘરમાંહિ;
પેટ ભરાઈ કારણઈ, રતનસી ગ્રહયો બાંહિ. ...૭૧
પાએ પડું વીનતી કરું, એક વયણ મુઝ માનિ;
''મુઝ પીઉ નઈ ઈહાં મોકલો, એ તુમ્હ માગું માન.'' ...૭૨
એહવાં દીન દયામણાં, વયણ સુણીનઈ દાસિ;
બોલ દેઈનઈ ઈમ કહે, ''મોકલસ્યું ઉલ્લાસિ.''. ...૭૩
ગ્રહણા વલી જે સાર, વેચી મૂકે સોનીયાં;
ઈક દિન પૂણી વારિ, ભરિ ચતિ કરવો મોકલૈ. ...૭૪
સુંડલી આભરણે ભરી, ઉપરી પૂંણી એક;
બાઈ ઘણી નઈ આપીયો, તે જાણસ્યે સુવિવેક. ...૭૫
દેખી અક્કા ચિંતવે, 'એહનઈ ઘરિ નહીં ઋધિ;
જો એ ઈહાંથી કાઢીઈ, તો હુઈ નવ-નિધિ.' ...૭૬
બેટી નઈ અક્કા કહિં, ''નિરધન હુઉં કયવન્ન;
એ ઈહાંથી કાઢયો, રખે ! કરો ચતન્ન.'' ...૭૭

ઢાળ : ૩ (તઈં મન મોહ્યું રે નેમિજી... એ દેશી)

બે કર જોડી રે વિનવું, બોલઈ મંજરી નારિ;
''એ નરનઈ કાઢેવા તણે, વયણે મામ મારિ. ...૭૮
એણિ મન મોહ્યું રે માહરું, દીધા ઘોડાજી હાથીઆ, દીધા અરથ ભંડાર;
દીધાં ધાન જી મોકલાં, મુગતા ફલના રે હાર. એ. ...૭૯
દીધી વેલ સોના તણી, કુંડલ કાંને જડાવ;
ચરણે ઝાંઝર ઝિમકતા, ચૂડલો મોટોજી દાવ. એ. ...૮૦
સોવન વીંટી હીરે જડી, સોના રુપાનાં થાલ;
એણિં ઘરિ ભરિઉં રે, આપણું દીધા બહુલાજી માલ.'' એ. ...૮૧
અક્કા કહિં, ''સુંણ છોકરડી ! નિરધન હુઓ કુમાર;
દલિદ્રી નઈ નવિ રાખીઈ, એ વેશ્યાનો વિવહાર. એ. ...૮૨
નિરધન નર સર્પ સારિખો, રાખ્યો અભડાવઈ જી ગેહ;
તિણિ કારણિં સુણિ સુંદરી, ઘરવો નહીં સુસનેહ.'' એ. ...૮૩
''બાલાપનની રે પ્રીતડી તે કિમ મેહલાણી જાય ?
જીવથી વહાલો જી માહરે, એ વિણ ઘડી ન જાય. એ. ...૮૪

ચતઃ સોરઠી પ્રીત જ પહિલી હોય, જે બાંધી બાલાપણિ લગિં;
વેલ વિલગ્ગી જોય, સલ ન ભાજેં સૂરિયા. ...૮૫
જિહાં લગિં જીવું હો માતાજી ! તિહાં લગિં રાખું જી એહ;
એણિ ભવિં એહી જ સાહિબો, એ ઉપરિ મુઝ નેહ. એ૰ ...૮૬
ગ્યાની દાની દયાલૂઓ, એ નર ગુણની છે ખાણિ;
ગુણ અવગુણ જાણઈ નહીં, તે સહી જાણે અજાણ. એ૰ ...૮૭

ગાથા : *** जो जस्स जाणई गुणो, सो तस्स आयरं कुणई ?**
फलिओ दख्यारामो, काउ लिंवोलीयं चुणई ।। **।।૮૮।।**
મૂરખ જણ દીસે ઘણા, વિચક્ષણ વિરલા જી હોય;
ભમરા ગોબર કીડલા, સબલો અંતર જોય.'' એ૰ ...૮૯

ઉક્તંચ : *** उप्पहई गयणमग्गे गुंजई किसत्तणं पावेइ ।**
तहवि य गुव्वयकीडो न पावइ भमर चरीयाई **।।૯૦।।**
અકા અણબોલિ રહિ, રિસ ધરિ મનમાંહિ
'સકલ વિકાલ કરિ કાઢસ્યું, એહને સાહિબાહિ ' એ૰ ...૯૧

તથાહિ: *** पाशा वेश्या अग्नि जल ठगंठकुर सोनार ।**
एता न होविं आपणां दूरिजण अहि मांजारि ।। **।।૯૨।।**
એમ છલબલ જોતાં થિકાં, વલી વોલ્યાં ષટ માસ;
કુમરી રમવા નઈ ગઈ, તવ અક્કા ચઢી આવાસ. એ૰ ...૯૩
કયવન્નો પોઢયો જિહાં, અક્કા ગઈ તિહાં છેઠ;
બોલી મીઠે બોલડે, કહિ ''ઊઠો તુમ સેઠ !''. એ૰ ...૯૪
''ચંદરુઆ ફિરિ બાંધસ્યું, નવો વિછાઉં ખાટિ;
તિહાં લગિં બીજી ભૂમિકા, ઉતરજયો તે માટિ'' એ૰ ...૯૫
કયવન્નો ઉઠયો પછી, અક્કા કહિં ''સુણ દાસિ !
એ જિમતિમ જાઈ પરો, તો તુઝનેં દેઉં સાબાસિ'' એ૰ ...૯૬

---

* (કડી-૮૭) જે જેનાં ગુણ ને જાણે તેનો આદર કરે. દ્રાક્ષનો બગીચો પાસે હોવા છતાં કાગડાને લીંબોડીનું ચણ સારું લાગે છે.

* (કડી-૮૯) ભમરો ગોબર (છાંણ)નાં કીડાને ઉપાડીને આકાશમાં લઈ જાય, ગુંજન કરે, ચટકો ભરે તો પણ તે કીડો ભ્રમર રૂપે બનતો નથી. અર્થાત્ ઈયળને પકડીને ભમરો તેને દરમાં પૂરે પછી માટીથી તે દર પૂરી દે, તેની ઉપર ગુંજરાવ કરે, ચટકો ભરે પછી એકવીસ (૨૧) દિવસે તેમાંથી તે ઈયળ ભમરા સ્વરૂપે બહાર આવે. ઈયળમાંથી ભમરો બને પણ કીડામાંથી નહીં.

* (કડી-૯૧) પાશા, વેશ્યા, અગ્નિ, જલ, ઠગ, ઠાકુર, સોનાર આટલાં આપણાં ક્યારેય થતાં નથી. ખરેખર ! દુર્જનો અહિ (સર્પ) અને બિલાડા જેવા હોય છે.

દુહા : ૫

ચંદ્રહાસ મદ પાઈ, પરવશ પદમણિ તિણિ કરી;
કચવન્નાનેં કહે ''જાય જા મૂરખ ઈહાંથી પરો.'' ...૯૭
વાસીદા મિસિ દ્વાર ભીડી, બાહિર કાઢીયો પડખી;
ઘડીઅ વિચારી ચતુર, પછઈ તિ ચાલ્યો ઘર ભણી. ...૯૮

ઢાળ : પૂર્વની

રજ નાખિં તસ ઉપરિ, દાસી તેણી વાર;
મનમાંહિં આમણ દૂમણો, એહવો કરઈ વિચાર. એ॰ ...૯૯
'ઈહાં રહિવું જુગતું નહીં, ગણિકાનો સ્યો નેહ ?
સેરી સેરી પુછતો, આવ્યો નિજ ઘરિ તેહ. એ॰ ...૧૦૦
બગ ઉડાયા બાપડા, ક્ષિણ [૧]પાલેં ક્ષિણ [૨]તીર;
હંસ પરાભવ કિમ સહેં, [૩]અમરસ જેહ શરીર. એ॰ ...૧૦૧
હંસાનઈ સરોવર ઘણાં, ફૂલ ઘણાં ભમરા;
સજ્જનનેં સજ્જન ઘણાં, દેસવિદેસ ગયાં એ॰ ...૧૦૨

દુહા : ૬

ઘરમાં ઉગ્યા [૪]કચરડા, જાજર હુઈ ઘર ભીંતિ;
કોઈક મિલેં તો પૂછીંઈ, એ શી ઘરની રિતિ ? ...૧૦૩
મોડેસ્યું માહિં ગયો, તવ દીઠી એક નારિ;
કાંતઈ બઈઠી બારણેં, પૂછે સકલ વિચાર. ...૧૦૪

ઢાળ : ૪ (ઘરિ આવો જી આંબો મોહોરીયો... એ દેશી.)

હાં જી તેણીઈ નિજ ધણી ઉલખ્યો, રુપ તણે અનુમાનો રે;
ઘૂંઘટ કરી ઊભી થઈ, દીઈ બહુ આદરમાનો રે. ...૧૦૫
''ભલે રે પધાર્યા પ્રીઉ પ્રેમસ્યું, જોતાં અતિ ઘણી વાટો રે;
મનોરથ મનના સવિ ફલ્યા, ઉઘડયાં હઈયાનાં હાટો રે. ભલે॰ ...૧૦૬
આજ આંગણિ સુરતરુ ફલ્યો, વિણ સિંચી નાગરવેલ્યો રે;
વિણ વાદલ ઘન વરસીઉ, આજ હૂઈ રંગ રેલ્યો રે. ભલે॰ ...૧૦૭
સાસૂ સસરો જી પધારીયાં, સરગિં કરવા રાજો રે;
તિ વાર પછી મઈં ઘર તણી, જિમ તિમ રાખી લાજો રે.'' ભલે॰ ...૧૦૮

૧. પાળે; ૨. કિનારે; ૩. અસહિષ્ણુતા; ૪. કેરડો.

ધૂજી નઈં ધરણી ઢલ્યો, સાંભળી દૂખની વાતો રે;
''સેવા ન કીધી માબાપની, હું હૂઉં સૂધો કુજાત્યો રે.'' ભલે૰ ... ૧૦૯

ઉક્તંચ : *** કુલમુદ્ધુરંતિ એગે, વડબીયકણંકુરેણ સારિચ્છા।**
અન્નેવા લયસરિસા, જાયા મૂલં વિણાસંતિ।। **।।૧૧૦।।**

મિલવા આવ્યા વાહલેસરુ, માહાજન કેરા થોકો રે;
ચ્યાર દિવસ લગેં તિણે ઘરચ્યો, માતપિતાનો સોકો રે. ભલે૰ ... ૧૧૧
સોક સકલ વારી કરી, પહિરી સવિ શિણગારો રે;
વાસર ઘરમાં નીગમઈ, નવિ જાઈ બાજારો રે. ભલે૰ ... ૧૧૨
અનુક્રમેં તસ નારી તણેં, ગરભેં હૂઆ ષટ માસો રે;
કંત પ્રતઈ કહિં કામિની, ''પૂગી માહરા મનની આસો રે.'' ભલે૰ ... ૧૧૩

શ્લોક : *** વિણજ પખિ કિમ જીવીइं, વિણજઈ ગરથ અપારો રે;**
ઘરમાં બઈસી રહિતા થકાં, કિમ ચાલેં ઘર ભારો રે ?'' **।।૧૧૪।।**

સાહ કહિં ''સુણ સુંદરી ! હું ચાલું પરદેસો રે;
કાંઈક ધન મુઝ દીજઈ, તેહનું ક્રિયાણું લીજઈ રે.'' ભલે૰ ... ૧૧૫
ધનવતી કહે, ''સુણો વાલહા ! જૂઉં ઘરનો સૂભો રે;
ભૂષણ છૈ એક માહરઈ, જેહનું અમૂલિક મૂલો રે. ભલે૰ ... ૧૧૬
એક બાપેં મુઝનઈં દીઉં, બીજો આ આવાસો રે;''
ગ્રહણેં મુકી નઈ લીઓ, રોક રુપઈયા ખાસો રે. ભલે૰ ... ૧૧૭
લાડૂ ભરી દેઉં કોથલી, કરી વાટ સરીખો વેસો રે;
કેડિ બાંધીને વાસણી, પિઉ ચાલ્યો પરદેસો રે. ભલે૰ ... ૧૧૮
સાથે લેઈનઈ ખાટલી, નારીનઈં ભરતારો રે;
વિણજારાનાં સાથમાં, આવી રહ્યાં તેણી વારો રે. ભલે૰ ... ૧૧૯
વિણજારાને તેડી નારીઈ, બહુય ભલામણ દેઈ રે;
નેહિ નિજ વલ્લભ ભણી, આવી પિઉ સીખ લેઈ રે. ભલે૰ ... ૧૨૦
''સિધ કરો તુમે વાલિમા વહિલા ઘરે આવેજ્યો રે;
જતન કરજો દેહનાં મુઝનેં રખે વિસારો રે. ભલે૰ ... ૧૨૧

---

૧. જતી નથી; ૨. શોભા।

* (કડી-૧૧૦) એક પુત્ર વડબીજમાં અંકુરાથી ઘટાદાર વડલાની જેમ કુળને વધારે છે. બીજો વાંઝીયા વૃક્ષની જેમ મૂળથી તેનો નાશ કરે છે.

* (કડી-૧૧૪) વ્યાપાર વિના કેમ જીવાય ? વ્યાપારથી અપાર ધન મળે છે. ઘરમાં બેસી રહેવાથી ઘરનો કારભાર કેમ ચાલે ?

દુહા : ૭

સીધાઓજી સિધ કરો, વહેલેરા વલયો;
[૧]ડુંગર જીવી જીવજયો, [૨]ઉંબર જયું ફલજો. ... ૧૨૨
''[૩]થે સિધાઓ સિધ કરો, પૂરો મનની આસ;
મત વીસારો મન થકી, હું છું [૪]થાહરી દાસ. ... ૧૨૩
થે સિધાઓ સિધ કરો, પૂરો થાં કાં કોડિ;
મન સુખહી ઘણ પાવસ્યેં, જબ તુમ મિલસ્યેં જોડિ. ... ૧૨૪
થે મત જાણો વીસરચાં, દૂર વસંતઈ વાસ;
વાતડીયાં અંતર [૫]ભએ, જીવ તુમ્હારેં પાસ. ... ૧૨૫

ઉક્તંચ : * **मम जासि विसरीयं, तुह मुहकमलं विदेसगमणंमि।**
सूनों भमइ करंको, जत्थ तुमं जीवीयं तत्थ।।'' **।।૧૨૬।।**

સજન તવ લગિં વેગલા, જવ લગિં નયણે દીઠ;
જવ સજન અંતર હૂઆ, તવ હીયડામાંહિં પઈઠ. ... ૧૨૭

ઢાળ : પૂર્વની

વડ હેઠલિ લઈ ઢોલડી, તિહાં જઈ સૂઈ કુમારો રે;
ઈહાં વલી અચરિજ ઉપનો, તે સુંણયો અધિકારો રે. ભલે૰ ... ૧૨૮

દુહા : ૮

તિણ સમઈં **જિણદત્ત** વાણીઉ, **ઉંચમુંચ** કર્યા કાલ;
રચણીમાંહિં જણણીઈં, ખણી ઘાલ્યો તતકાલ. ... ૧૨૯
જનની એક તેહનઈ અછેં, વલી વહૂઅર છે ચ્યાર;
કિં જાણું વિધાધરી, કિં રંભા તણો અવતાર. ... ૧૩૦
રુપવંતી નામઈં અછઈ, જનની અકલ [૬]અબીહ;
ઘરાચાર બહુ સાચવઈ, નિપુણપણામાંહિ [૭]લીહ. ... ૧૩૧
કનકાવતી ગુણસુંદરી, રુપસુંદરી અભિરાંમ;
ભાગ્યવંતી ચોથી સહી, એ નારીનાં નામ. ... ૧૩૨
ડોસી વહૂઅર નઈં કહી, ''દેવ હૂઓભરતાર;
ચૂડા તુમે મત ભાંજ્યો, મ ત્રોડજયો ગલિં હાર.'' ... ૧૩૩

---

૧. ચિરંજીવ, લાંબુ આયુષ્ય; ૨. એક વૃક્ષ; ૩. તમે; ૪. તમારી; ૫. થયા; ૬. નિર્ભય; ૭. રેખા, પંક્તિ.

* (કડી-૧૨૬) વિદેશમાં જવાથી તમારૂં મુખકમળ હું ભૂલી નહીં શકું. શૂન્યપણે હાડપિંજરની જેમ હું ભમીશ. જ્યાં તમે જીવતાં હશો ત્યાં મારું જીવિત હશે.

બહિરો [1]ટૂંટો પાંગલો, જો હુઈ ઘરિ પુત્ર;
રાજઋધિ નવિ લેઈ સકિં, રાખેં ઘરનું સુત્ર.'' ... ૧૩૪

યતઃ *** चोसठि सहस दीवा बलें, बार सूर्य तपंति।**
रे सही तोहि अंधारडुं जस घर पुत्र न हुंति।। ।।૧૩૫।।
*** वेश्यानेह जुआर धण, कांतीअंबर ठार।**
पश्चिम निद्र अपुत्र घर जात न लागत वार।। ।।૧૩૬।।
*** गेहंपि तं मसाणं जत्थ न दीसंति धूली धवलाईं।**
उठंति पडंति रडवडंति य दुन्नि तिन्नि डिंभाई।। ।।૧૩૭।।

દુહા : ૯

સાસૂ કહિં ''સુણો સુંદરી ! લીઉં પુરુષનો વેસ;
સીસ સારંગી પાઘડી, ઉપરિ ભલો સિરપેચ. ... ૧૩૮
ઢાલ જ મેહલો ઢલકતી, કટિ બાંધી તરવાર;''
પાંચે રચણીનઈં સમેં, તિહાં આવી બજાર. ... ૧૩૯
વડ હેઠલિ આવી જૂઈં, સૂતો દીઠો સાહ;
ખાટ ઉપાડી નિસરહ, હૈયડે ઘરી ઉછાંહ. ... ૧૪૦
બાઈ કહઈ ''એ પુણ્ય નિ રુપ ગુણવંત;
ઉપાડો ખાટલડી, કરમી એ તુમ્હ કંત !'' ... ૧૪૧
લે ચાલી ધન લોભનઈ, કારણિ કામિણિ તેહ;
નેહ ન ગિણીય નાહનઉ, ગરજઈં આણ્યઉ ગેહ. ... ૧૪૨
પ્રેમ ઘરી પધરાવીઉ, મોહલાંમાંહિ સાહ;
''કરયો એહની ચાકરી મુઝ નંદન તુમ નાહ ! ... ૧૪૩
થાપિણ રાખો વાસણી કોથલડી વલી એહ;
જિહાં લગેં અંગજ ઉપજેં, તિહાં લગિં ઘરયો નેહ.'' ... ૧૪૪
સાસૂ કહઈં ''સુગુણી સહૂ, વહૂયર વિવિધ પ્રકાર;
કરઉ કંત એ તુમ તણઉ, સજઉ સોલ સિણગાર.'' ... ૧૪૫

---

૧. ઠૂંઠો
* (કડી-૧૩૫) ચોસઠ હજાર દીવા બળતાં હોય, કે બાર સૂર્ય તપતાં હોય પણ જેનાં ઘરે પુત્ર નથી, તેનાં ઘરે અંધારૂં છે.
* (કડી-૧૩૬; આ કડી હ.પ્ર. (ખ)માં છે.) વેશ્યાનો સ્નેહ, જુગારીનું ધન, કારતક મહીનાનો ઠાર (માવઠું), પાછલા પહોરની નિદ્રા અને અપુત્રીયાનું ઘર વિણસતાં વાર લાગતી નથી.
* (કડી-૧૩૭) તેનું ઘર સ્મશાન તુલ્ય છે કે જ્યાં ધૂળમાં આળોટીને આવેલાં બાળકો દેખાતાં નથી, જે ધૂળમાંથી ઊઠે છે, પડે છે અને રડે છે (આનંદ કિલ્લોલ કરતાં એવા બે-ત્રણબાળકો જ્યાં નથી તે ઘર શૂન્ય છે.)

વહૂઅર માની વાત, સાસુનું કહ્યું કીધ;
ભૂખ્યાનઈ પંચામૃત મિલ્યા, જાણૈ દેવઈં દીધ. ... ૧૪૬
યૌવનવય જુગતો જડ્યો, સુરતરુ સરિખો કંત;
મનનેં રલીયાવત થઈ, પૂરવ પુણ્ય પ્રગટ્યો માનંત ... ૧૪૭

ઢાળ : ૫ (ભર રે સીઆલો રે વહી ગયો... એ દેશી)

હો જી સુવા કેરઈ ઉરડઈ, મહકઈ પરિમલ વાસ પ્રાણી;
જિહાં ઢાલ્યો છે ઢોલીઉ, ઉપરિ તલાઈ ખાસ. પ્રા॰દા॰ ... ૧૪૮
હો જી દાંન તણાં ફલ સાંભલો, દીધું કિમઈં ન જાય પ્રાણી;
કયવન્નઈં [૧]કમલા લહી, તે તો દાન તણેં સુપસાય. પ્રા॰દા॰ ... ૧૪૯

ગાથા : *** धणसत्थवाह जम्मे जंधय दाणं कयं सुसाहुणं।**
तं कारणं उसभ जिणो तेलुकपिया महोजाउ।। ।।૧૫૦।।
*** दाउं सद्धा सुद्धे सुद्धे कुम्मास ए महामुणीणो।**
सिरिमूलदेवकुमरो, रज्ज्सिरि पाविउ गरुउ।। ।।૧૫૧।।
*** अईदाण मुहर कवियण, वियरियं सम संखकव्व वित्थरियं।**
विक्रमनरिंद चरियं अज्जवि लोए परि फ्फुरई।। ।।૧૫૨।।

હેજ ઘરી પોઢાડીઉ, તિણી સેજિં સુકમાલ પ્રાણી;
મુખ દેખી મોહી રહી, ચ્યારેં રુપ રસાલ. પ્રા॰દા॰ ... ૧૫૩
સૂર ઉગમતેં જાગીઉ, દેખેં નારી ચ્યારિ પ્રાણી;
'કિં કિન્નરી વિદ્યાધરી, કિં પાતાલકુમરિ ?' પ્રા॰દા॰ ... ૧૫૪
ચિહું દિસિં ભીંતિ ઝગમગેં, અરીસાની [૨]ઉલિ પ્રાણી;
મોતી કેરાં ઝૂમખાં, ચંદ્ર એ રંગ રોલ. પ્રા॰દા॰ ... ૧૫૫
દેખી અચિરિજ ઉપનો, કિં સુંહણું કિં સાચ પ્રાણી;
તે માહિલી એક કામિની, બોલઈ મધુરી વાચ. પ્રા॰દા॰ ... ૧૫૬
કરજોડી કામિણિ કહિં, ''સેઠ ! સુણો અરદાસ પ્રાણી;
એ મંદિર એ મલીયાં, ઈહાં રહો મનનિં ઉલ્લાસિ.'' પ્રા॰દા॰ ... ૧૫૭

---

૧. લક્ષ્મી; ૨. હાર, પંક્તિ

* (કડી-૧૫૦) ધન સાર્થવાહનાં ભવમાં સાધુને ઘૃત (ઘી) નું દાન આપેલ તે કારણથી ઋષભદેવ પ્રભુ ત્રિલોકનાં નાથ થયાં.

* (કડી-૧૫૧) શુદ્ધ શ્રદ્ધાથી, નિર્દોષ અડદનું મહામુનિને દાન આપવાથી શ્રી મુલદેવ કુમારે મહાન રાજ્ય ઋદ્ધિ મેળવી.

* (કડી-૧૫૨) વિદ્વાન પંડિત અને કાવ્યનો વિસ્તાર કરનાર સંખ્યાતા પંડિતોને વિક્રમરાજાએ અતિદાન આપેલ જે આજે પણ જગતમાં પ્રસિદ્ધ છે.

રુપા કેરાં સાંકલાં, તેણિં જડીયા હીંડોલ પ્રાણી;
મોતી કેરાં જાલીયાં, સોનેરી રંગ ડોલ. પ્રા.દા. ...૧૫૮
રતન ઘણા હીરા ઘણા, દામ તણો નહીં પાર પ્રાણી;
પીતાંબર બહુ [૧]પાંભરી, ધાન તણા કોઠાર. પ્રા.દા. ...૧૫૯
અખોડ બદામનેં ચારબી, મેવા ભરીયા માટિ પ્રાણી;
પિંડા લાડૂ લાપસી, ઘેવર જાડિં ઘાટિ પ્રા.દા. ...૧૬૦
વારાંગનાના ઘર થકી, ઈહાં સુખ અપરંપાર પ્રાણી;
જેહવું થાનક સેવીઈં, તેહવી ફલ હોઈ સાર. પ્રા.દા. ...૧૬૧

ગાથા : *** सेवी जो सीह गुहा, पावी ज्जइ मुत्तिआण गयदंते ।**
जंबूअ घरे अलप्भइ खुरखंड चम्म खंडवा ।। **(૧૬૨)**

ઢાળ : ૬ (રાગ : ગોડી. રામચંદ કે બાગિ ચંપો (આંબો) મોહરી રહ્યો રી... એ દેશી)

આલસ મોડી જામ, ઉઠ્યો ઉલસી રી;
તિહાં દેખે આવાસ, નારી રંભ જિસી રી. આ. ...૧૬૩
ચંદરુઆ પચરંગ, સોવન ખાટ બની રી;
મણિમઈં જડિત જડાવ, વિચિ વિચિ મોતી ચૂની રી. આ. ...૧૬૪
[૨]કસ્તૂરી ઘનસાર, પરિમલ મહકી રહ્યો રી;
ચંબેલી રાય વેલિ, ચંપક મહમહ્યો રી. આ. ...૧૬૫
અજબ બન્યા ચિત્રામ, નવ નવ ભાંતિ લિખિ રી;
કસ્તૂરી મહકાય મનમાં હુઉ સુખી રી આ. ...૧૬૬
ચિત્તમાંહિં ચિંતઈ એમ, 'કિં હું અમર હુઓ રી ?'
કિં એ ઈંદ્રજંજાલ ? કિં એ સુપનભયો રી ? આ. ...૧૬૭
એમ કરતાં કાંઈ વાર, સમઝિ ન કાંઈ પડઈ રી;
જિમ તિમ વારુ એ ઠામ, પામ્યઉ પુન્ય વડે રી આ. ...૧૬૮
તિણઈં અવસરી તસુ એક નારિ, આણંદ અંગિં ધરી રી;
પલ્લવ નિજ મુખ દેહ, અતિ હસઈ રંગ ભરી રી. આ. ...૧૬૯
રિમઝિમ નેઉરી [૩]કનકાવતી, બોલઈ અમૃત ઝરી રી;
''ઈહાં રહો રસ ભરિ નાહ, અમ્હનઈં રંગાવરી રી.'' આ. ...૧૭૦

---

૧. વસ્ત્ર વિશેષ; ૨. આ કડી હ.પ્ર. નં. - (ખ)માં છે; ૩. પા. કનકમંજરી

* (કડી-૧૬૨) સિંહની ગુફામાં રહેવું સારું કેમકે તે હાથીને મારી નાંખે ત્યારે હાથીદાંત તથા મોતી (આપણને) મળે પણ શિયાળનાં ઘરે રહેવાથી લોખંડ કે ચામડાનાં ટુકડા મળે.

[1]જાણેં મનની વાત, ચતુરા તે ચ્યારે જણી રી;''
ઇંગિત લહેં આકાર, ચતુર તે સોચ ગુણી રી. આ૰ ... ૧૭૧
''નહીં એ અમરવિમાન, નહીં એ સુપનભયો રી;
નહીં એ ઇંદ્રજંજાલ, એ મંદરિ સાહ તણો રી'' આ૰ ... ૧૭૨
કહી કયવન્નો સાહ, ''કહો એ કવણ પૂરી રી ?
કહો એ કવણ વિચાર ? મુઝ કહો વાત ખરી રી'' આ૰ ... ૧૭૩
તવ બોલી એક નારિ, ''સેઠજી ! ચતુર સુણો રી;
એહ વાત ન કહણી જાય, છૈ અવદાત ઘણોરી.'' આ૰ ... ૧૭૪
મૌન ધરી મનમાંહિ, ચતુર તે સમઝિ રહ્યો રી;
પંડિત સોઈ સુજાણ, અવસર જેણિં લહ્યો રી. આ૰ ... ૧૭૫
પહિલી દાતણ નીર, લ્યાવઇં ઝારી ભરી રી;
બીજી લ્યાવઇં રુમાલ, સુંદર સોવન જરી રી. આ૰ ... ૧૭૬
ત્રીજી મેવા થાલ, કટી દૂધ પ્રેમ આપિં ધરઈ રી;
ચોથી [2]અડાગર સુગંધ પાન, ઊભી ચમર કરઇં રી. આ૰ ... ૧૭૭
ફૂલ ફૂલેલ રંગ રાગ, તિણ સ્યું ભીનો રહેં રી;
વાત વિનોદ વિલાસ, દૂહા [3]હરીયાલી કહિં રી. આ૰ ... ૧૭૮
કામિની કહિં ''સુણો સ્વામિ ! અમ્હ ઘરિં ઋધિ ઘણી રી;
સોવન રુપ અનેક, મોતી માણિક મણી રી.'' આ૰ ... ૧૭૯
વડ સોભાગી સાહ, રહિં તિહાં રંગિરલી રી;
દીપ્તિવિજય કહિં એમ, પુણ્યેં લછિ મિલી રી. આ૰ ... ૧૮૦

ઢાળ : પૂર્વની

ચિંતા ન કો વ્યાપારની, નિત નિત નવલા ભોગ; પ્રા૰
પુન્ય હુઇં તો પામીઇં, સરિખા સરિખો સંયોગ. પ્રા૰દા૰ ... ૧૮૧

ગાથા : *** हंसा रज्जंति सरे, भमरा रज्जंति केतकी कुसुमे।**
चंदन वने भूयंगा, सरसा सरिसेहिं रज्जंति।। **।।૧૮૨।।**

પાવન જલ ઝારી ભરી, બીજી આલઇં રુમાલ; પ્રા૰
દૂધઇં ભરીયાં [4]વાટલાં, ચોથી પાન રસાલ. પ્રા૰દા૰ ... ૧૮૩

---

૧. આ કડી હ.પ્ર. (ખ)માં છે; ૨. નાગરવેલના પાન; ૩. કાવ્યનો પ્રકાર; ૪. કટોરા.

* (કડી-૧૮૨) હંસો માનસરોવરમાં આનંદ પામે, ભમરા કેતકી પુષ્પમાં, સર્પો ચંદનવનમાં આનંદ પામે. ખરેખર! સરખેસરખાંનો યોગ મળે તો આનંદ થાય.

જે જોઈઈ તે મોકલેં, ડોસી ચતુર સુજાણ;
નારી ચરિત ન કો લહિં, વેચી ન કરેં દાણ. પ્રા.દા. ... ૧૮૪

શ્લોક : * **रवि चरियं गहचरियं, ताराचरियं च राहूचरियं च।**
जाणंति बुधिमंता, महिला चरियं न याणंति।। **।।૧૮૫।।**
* **मच्छपयं जल मग्गे, आगासे पंखियाण पयपंति।**
महिलाणहियमग्गो तिन्निविलोगे न दीसंति।। **।।૧૮૬।।**

સુખ ભર તિહાં રહતાં થકાં, હરખેં હુયાં વરસ બાર;
ભાગ્યજોગેં સુંદર હુયા, ચ્યારનઈ ચ્યાર કુમાર. પ્રા.દા. ... ૧૮૭
ભામિની સ્યુંભીનો રહિં, પહિરી સવિ સિણગાર; પ્રા.
ર(રા)તિ દિવસ રહેં મોહલમાં, સહુકો કરઈ જીકાર. પ્રા.દા. ... ૧૮૮
પરની લિખમી ભોગવેં, કયવન્નો સુખદાય; પ્રા.
દીપ્તિવિજય કહિં સાંભલો, તે સવિ પુન્ય પસાય. પ્રા.દા. ... ૧૮૯

દુહા : ૧૦

તે બાલદ આવી સુણી, ડોસી મન ઉછાંહ;
વહૂયર નઈ કહિં ''મુંકવો, એ નર બાલદમાંહિં. ... ૧૯૦
કામ હવું હવિં આપણું, હવિં એહનું સ્યું કાજ ?
એ નર નઈ મુકી કરી, રાખો ઘરની લાજ.'' ... ૧૯૧

ઢાળ : ૭ (રાગ : કેદારો ગોડી.
જોસીડો જાણેં જોતિષ સાર અને કપૂર હૂઈ અતી ઉજલું... એ દેશી)

સાસુ કેરાં વયણડાં રે, સાંભલી હુઈ દિલગીર;
તે ચ્યારઈ કામિની રે, નયણે નાંખે નીર;
''સાસુજી ! એ વર કેમ મૂકાય ? તુમે આપ્યો અમ માય !'' સાસુ. ... ૧૯૨
'એ કાંઈ સરજી પાપિણી રે ? ધુર થકી ચંડાલ;
ફિરિ જબાપ જો કીજીઈ રે, તો એ દેસ્યેં ગાલિ.' સાસુ. ... ૧૯૩
તવ હીયડું કાઠું કરી રે, આંસુ લૂહી નિજ ચીર;
તે ચ્યારઈ કામિની રે, આવી ડોસીનેં તીર સાસુ. ... ૧૯૪

---

૧. કઠોર.
* (કડી-૧૮૫) સૂર્ય, ગ્રહ, તારા, રાહુ વગેરેનાં ચરિત્ર (ચર = ફરવું) જણાય છે. બુદ્ધિમાન પુરૂષો આ બધું જાણે, પણ સ્ત્રીનાં ચરિત્રો જાણતાં નથી. અર્થાત્ સ્ત્રીના ચરિત્રને કોઈ જાણી શકતું નથી.
* (કડી-૧૮૬) જલમાર્ગમાં માછલીનાં પગલાં દેખાય, આકાશમાં પંખીઓની પગપંક્તિ દેખાય પણ સ્ત્રીઓનાં હૃદયરૂપી માર્ગ ત્રણ લોકમાં પણ દેખાતો નથી અર્થાત્ તેનાં હૃદયમાં કોના પ્રત્યે રાગ છે ? તે જણાતું નથી.

''એ વર તુમે અમનઈં દીઉં રે, અનઈ વલી દીધી વાચ;
સાસૂજી સહી જાણયો રે, એ નહીં ઉત્તમ વાચ.'' સાસુ૰ ... ૧૯૫
ઉત્તમ નર એ જાણીયો રે, એ ગુણહ તણો ભંડાર;
ગુણીના ગુણ જાણઈ નહીં રે, તે કવિ કહેં ગમાર. સાસુ૰ ... ૧૯૬

તથાહિ : *** कमलाण य जं चगु णा अलीयणजाणंति जस्स परिमलया।**
सहवासेणवसंता, सालूरा नैव जाणंति।। **।।૧૯૭।।**

ઢાળ : પૂર્વની

ડોસી વલતું ઈમ ભણે રે, ''સુણો વહૂયર તુમે ચ્યાર;
એ નરને [૧]પરહો મેહલતાં રે, આપણનેં જયકાર.'' સાસુ૰ ... ૧૯૮
એક કહિં ''નર રાખીઈં રે, છો લવ કરતી એહ;''
રુપસુંદરી વલતું ભણે રે, ''સાંભલ બાઈ [૨]ગુણગેહ. સાસુ૰ ... ૧૯૯
નહીં મુકઈ તો મારસ્યે રે, કાંઈક કરી નઈ ઉપાય;
ભદ્ર પામેં નર જીવતો રે, મિલસ્યે સહી સુખદાય. સાસુ૰ ... ૨૦૦
વિધાતાઈં કાંઈ સરજીયાં રે, કાંઈ દીધું નારી દેહ;
દેહ કરયો તો કાં કરયો રે, એસ્યું અવિહડ નેહ. સાસુ૰ ... ૨૦૧
પૂરવભવનો આપણો રે, એ નરસ્યું સુસનેહ;
અનુમાનેં બાઈ જાણયો રે, જાણે ગ્યાની તેહ. સાસુ૰ ... ૨૦૨

યતઃ *** छुट्टंति पास बध्धा, संखलबध्धा पुणोवि छुट्टंति।**
जे नेहनिविडबध्धा, भवकोडीसए न छुट्टंति।। **।।૨૦૩।।**
*** रे विहिणा मा सज्जसि, अह सज्जसि मा माणुसं जम्मं।**
अहजम्मं मा पिम्मं अह पेम्मं मा वियोगं च।। **।।૨૦૪।।**

બાઈ મણ મોદિક હતા રે, એ નર નઈં [૩]શ્રીકાર;
બે મણના કરો મોકલી રે, પણ મુંકવો નિરધાર. સાસુ૰ ... ૨૦૫
કામિણી આમણદૂમણી રે, હૂઈ તે તેણી વાર;
વિરહ વ્યથા તવ ઉલટી રે, તે જાણેં કિરતાર. સાસુ૰ ... ૨૦૬

---

૧. દૂર; ૨. ગુણવાન, ગુણોનું ઘર; ૩. ઉત્તમ.

* (કડી-૧૯૭) કમળની સુગંધથી તેનાં ગુણોને ભમરાઓ જાણે છે પરંતુ તે કમળ જેમાં ઉગેલું છે તેથી તેની સાથે સતત રહેવા છતાં સરોવર તેનાં ગુણોને જાણતું નથી અર્થાત્ ભમરા તેનાં ગુણોને જાણે છે. સરોવર નથી જાણતું.

* (કડી-૨૦૩) પાશાથી બંધાયેલ છૂટે છે. શ્રૃંખલા (સાંકળ) થી બંધાયેલ પણ છૂટે છે પરંતુ જે ગાઢ સ્નેહથી બંધાયેલ હોય તે કરોડો ભવ સુધી છૂટતો નથી.

* (કડી-૨૦૪) રે વિધિ ! તું સર્જન ન કરીશ, જો સર્જન કરે તો મનુષ્ય ન બનાવીશ, જો મનુષ્ય બનાવે તો તેમાં પ્રેમ ન મૂકીશ અને પ્રેમ મૂકે તો પછી વિયોગ ન કરાવીશ.

ચતઃ *** पिसुणो अईदित्तग्गी, नेहि सहस्साणंझित्ति जो जरई।**
सउणोअईमंदग्गी, इक्कं नेहं न जो जरई।। **।।૨૦૭।।**

દુહા : ૧૧

બેઠી લાડૂ વાલવા, પદમણી કરઈ વિચાર;
'આપણ કાંઈ કીજીઈ, એ નરનેં ઉપગાર. ... ૨૦૮
સોવન ટંકા દીજીઈ, તો ડોસી કરઈ કિલેસ;
છાનાં એહનઈં દીજીઈ, રુડા રયણ વિસેષ.' ... ૨૦૯
ચ્યાર રતન ચિહૂં લાડૂએ, ઘાલેં મન ઉછરંગિ;
એહની કરતાં સેવના, આલસ નાણેં અંગિ. ... ૨૧૦
[૧]પૂરવલી પરિં રજનીઈં, મૂકયો વડલી હેઠિ;
મુખિં નીસાસા મેહલતી, ફિરતી દીઈ વલી [૨]દ્રેઠિ. ... ૨૧૧
પ્રીત કરંતાં સુખ હુઈ, વિછડતાં દુખ હોઈ;
તે મન જાણઈ તેહનું, ઉર (અવર) ન જાણેં કોય. ... ૨૧૨
ચતઃ ''પાણી પાંપિણ હેઠ, આયાનું અચરિજ કિસ્યું ?
જાણત સાચો નેહ, જો લોહી આવત લોયણે ... ૨૧૩
જો ચીરીચે ચાંમ, લોહી તિહાં જ નીકલઈ;
જો ખોદીયઈ દશ વામ, પાણી કઠિન જ [૩]પેમ વિન ... ૨૧૪
વજસરીખા રે હીયા, દુખહ તણા [૪]કરંડ;
વિછડતાં સજન થકી, કિમ ન હુઉ સત ખંડ. ... ૨૧૫
સોરઠી : દ્રાખહ પાહિં દ્રેઠ, મીઠી [૫]મેલાઉલ તણી;
પાણી પાંપિણ હેઠ નિરષતાં નીઠેં નહીં. ... ૨૧૬
જાતાં ભણી મ જોઈ, જોઈસ તોઈ જાયસ્યેં;
નયણાં ભરી મ રોય, કરિ કરિય કાઠું હીઉં. ... ૨૧૭

દુહા : ૧૨

તે દિવસે ધનસુંદરી, બેટો તેડી જાય સાથ;
નાયક નઈં કહિં ''કિહાં વડો, મુઝ પિઉડો પ્રાણનાથ ?'' ... ૨૧૮

---

૧. પહેલાંની; ૨. દૃષ્ટિ; ૩. પ્રેમ; ૪. કરંડીયા; ૫. મીઠી નજર

* (કડી-૨૦૭) ચાડી ખાનારનો અગ્નિ અતિતીવ્ર હોય છે, સ્નેહીનો હાજર જવાબવાળો અગ્નિ હોય છે, સ્વજનનો અતિ મંદ અગ્નિ હોય છે પણ સ્નેહ એકલો એવો અગ્નિ છે કે જે બળતો નથી.

કહિ નાયક, ‘‘સુણ સુંદરી ! બારાં વરસામાંહિં;
નયણે અમે દીઠો નહીં, હે બહિની ! તુઝ નાહ.’’ ... ૨૧૯
સુણી વયણ ઘરણી ઢલી, નારી હુઈ અચેત;
સિંચી તાઢેં પાણીઇં, તતખિણ વાલ્યું ચેત. ... ૨૨૦
તિહાંથી નિજ મંદિર જઈ, રયણી કરેં વિલાપ;
‘હૈ ! હૈ ! હું દોભાગિણી, પૂરવ લાગાં પાપ.’ ... ૨૨૧

ઢાળ : ૮ (સાવનની, પાલવ ઝાલીનેં અસ્યું કહિં... એ દેશી)

દૂધની દાધી સા ઘનસુંદરી રે, દીઇં નિજ કરમનઇં દોસ;
‘કિં મઇ અણગલ પાણી વાપરયાં રે, કિં કિયા થાપિણમોસ. ... ૨૨૨
કરમ ન છુટ્ટી હો કોઇ કૃત આપણાં રે, જીવઇં કિધાં જેહ;
ઇહભવ પરભવના વિરુયા ઘણા રે, ભોગવિયા વિણ તેહ. ક૰ ... ૨૨૩
અથવા રયણી ભોજન મઇં કીયા રે, આપ્યાં હલ હથીયાર;
કિં મઇં નિંઘા કીધી પારકી રે, પાપીસ્યું વ્યાપાર. ક૰ ... ૨૨૪
કિં મઇં ચાડી ખાધી ચુંપસ્યું રે, કિં મઇં ફોડી લીખ;
કિં મઇં પરજનને બહુ પીડવા રે, ભુંડી દીધી સીખ. ક૰ ... ૨૨૫
દેવ ગુરુ માન્યા નવિ સૂધઇ મનેં રે, કૂડાં દીધાં આલ;
કિં મઇં પંખી માલા પડાવીયા રે, માત વિછોહયાં બાલ. ક૰ ... ૨૨૬
કિં મઇં રાન લગાડી ઝૂડીયાં રે, કિં મઇં મારયાં મોર;
કિં મઇં હરિણનાં ટોલાં વીછડયાં રે, કિં મઇં મારયાં ઢોર. ક૰ ... ૨૨૭
બારાં વરસાંમાંહિં બાઇ પીઉજી તણો રે, નાવ્યો કો સંદેસ;
કિહાં જાઉં હવિં કહો કુણનઇં કહું રે ? પ્રીતમ રહ્યો પરદેસ. ક૰ ... ૨૨૮
આવ્યા નાવ્યાનું બાઇ પાધરું રે, કુસલી હોજ્યો એહ;
ગણીકાના ઘરથી પિઉ આવીને રે, સબલ વધારયો નેહ.’ ક૰ ... ૨૨૯

દુહા : ૧૩

ઇમ કરતાં રજની ગઇ, પરગટીઉં પરભાત;
આવી નંદન તેડી નઇં, જિહાં ઉતરીઉ સાથ. ... ૨૩૦
મઇ દીધી એ કોથલી, પલંગડી વલી તેહ;
વડ હેઠલિ જાઇ જુઇ, ‘પિણ કુણ સુતો એહ ?’ ... ૨૩૧

પછેડી પાછી કરી, નયણે નિરખ્યો જામ;
હરખ વદન હરિણાંખીઈ, ઉલખીઉ પિઉ તામ. ... ૨૩૨
આલસ મોડી ઉઠીઉ, તિહાં દેખઈ આકાસ;
મનમાંહિં જાણી રહ્યો, 'કિહાં કામિની આવાસ ? ... ૨૩૩
સ્ત્રી આગલિ નવિ કીજીઈ, નિશ્ચેં મનની વાત;
નીતી શાસ્ત્રમાંહિં કહ્યું, તે જગમાંહિં વિખ્યાત. ... ૨૩૪

ઉક્તંચ : *** स्त्रीणां गुह्यं न वक्तव्यं, प्राणैः कंठगतैः अपि।**
नीयतो पक्षिराजेन पुंडरीको तथा फणी।। **।।૨૩૫।।**
*** अकह कहानी प्रेम की, किण पैं कही न जाय**
गुंगेकुं सुपनो भयो, समझि समझि पिछताय।। **।।૨૩૬।।**

કરમેં લિખ્યું તે પામીઈ, તે સુખ સહી દેવરાજ;
તે ટાલ્યું હી નવિ ટલેં, જો આવે સુરરાજ.' ... ૨૩૭

કાવ્ય : *** प्राप्तव्यम् अर्थ लभते मनुष्य, किं कारणम् दैवं अलंधनीयं।**
तस्मान्न सोचे न च विस्मयो मे, यत् अस्मदीयं नहितत् परेषां।। **।।૨૩૮।।**

કામિની કહીં ''દીઠી નહિં, સોધ્યો સઘલો સાથ;''
કયવન્નો કહિં ''સુંદરી ! મઈં લહ્યો અવર સંઘાત.'' ... ૨૩૯
''પિઉ ! તુમ્હે પરદેસેં જઈ, સ્યું ધન આણ્યું સ્વામિ ?''
કયવન્નો વલતું ભણેં, ''સુણ સુંદરી અભિરામ ! ... ૨૪૦
ભલી કમાણિ કિધી અછૈ, તે જો ચઢસ્યેં હાથ;
ઘણા ઘમંડ ઘરિ આપણેં, જો તુઠે જગન્નાથ.'' ... ૨૪૧
સજન સહુ આવી મલ્યા, મિલીઉ સવિ પરિવાર;
કુસલે ઘણી ઘરે આવીયા, નારીનેં સુખકાર. ... ૨૪૨

ચોપાઈ : ૨

કોથલમાંહિંથી એક લાડુઓ, મોટો જેવડો ઘી ઘાડુઓ;
બાલક લેઈ નીસાલે જાય, ભાઈપણા ભણીં વીચી ખાય. ... ૨૪૩

---

* (કડી-૨૩૫) પ્રાણ કંઠ સુધી આવી ગયો હોય (મૃત્યુ નજીક હોય) તો પણ સ્ત્રીને ગુપ્તવાત કહેવી નહીં. જેવી રીતે પક્ષિરાજ વડે હાથી અને સર્પ ઘવાયાં. (પ્રાય: પંચતંત્રની વાર્તા છે.)

* (કડી-૨૩૬) પ્રેમની કહાની અકથ્ય છે. કોઈને પણ કહી શકાય તેવી નથી. જેમ બોબડાને સુંદર સ્વપ્ન આવે પછી તેને સમજી સમજીને પસ્તાય તેમ.

* (કડી-૨૩૮) નસીબમાં લખ્યું હોય તેટલું મળે છે, દૈવની ગતિ અલંઘનીય છે. તેથી શોક કે આનંદ કરવો નહીં. જે આપણું છે તે બીજાનું થવાનું નથી. (ભાગ્યમાં હોય તે રહેવાનું છે.)

રતન હતું જે મોદિકમાંહિં, લપસી પડિઉં કુંડીમાંહિ;
કુંડી જલ બેહુ ખંડે થયું, સૂખડીઈં તિહાંથી સંગ્રહયું. ... ૨૪૪
નીસાલીયા તે સઘલા મલી, નીત સૂખડી ખાઈં મનિ રુલી;
કંદોઈનઈં હાટિં જાઈ, પાટી માંજઈ ભેલા થઈ. ... ૨૪૫
બાલકને ભોલાવી કરી, કાંઈક સૂખડી આપી ખરી;
કંદોઈ મનમાંહિં ચલ્યો, રતન અમૂલિક લેઈ વલ્યો. ... ૨૪૬
કયવન્નો મન ચિંતઈ એમ, 'પેટ ભરાઈ કરસ્યું કેમ ?'
મોટા લાડૂ [૧]વધારચા જામ, રતન અમૂલિક દીઠું તામ. ... ૨૪૭
રતન વટાવી ચહુટામાંહિ, સુખ વિલસેં કયવન્ના સાહ;
'ધન ! વેલા ધન ! દિન તે સાર, જે દિન દેખું નારી ચ્યાર.' ... ૨૪૮
કયવન્નો રહિં નિજ મંદિરેં, તે નારીનું ચિંતન કરે;
વંધ્યાચલને જિમ ગજરાજ, દેવગિરિ નઈં જિમ દેવરાજ. ... ૨૪૯

ચતઃ *** लविंग लसरके जे चर्या, ते किम चरें करीर।**
समरि समरि गुण वेलडी झंखर हुउं सरीर।। ।।૨૫૦।।

સોરઠી : *** मनमांहिरुंघणेह, लायुं पिण लागई नहीं।**
ए कडूए कारेलेह, नाहुं नारिंग वीसरें।। ।।૨૫૧।।
*** हेलविउ हीरेण वारु वयरागरतणो।**
फुटरे फिटक तणे, मणि ए मन मानईं नहीं।। ।।૨૫૨।।

એક દિવસ સેચનક ગજરાજ, પોહતો પાણી પીવા કાજિ;
ઊંડા જલમાંહિ ગયો જેતલેં, જલ જીવેં સાહ્યો તેતલેં. ... ૨૫૩
ચોરાસી કર લાંબો હોઈ, ગજ ચરણેં વીટાણો સોઈ;
[૨]તિહાંકિણિ મિલિયા [૩]મહા ભડરાય, પિણ ગજ કિણથી નવિ મુકાય. ... ૨૫૪
વજડાવ્યો ઢંઢેરો ઢોલ, રાય કહે એ માહરો બોલ;
''દેઉં બેટી અરધું રાજ, જે છોડાવે [૪]વારણ આજ. ... ૨૫૫
કંદોઈઈં તે નીસુણી વાત, રચણ પસાયેં ખેલું [૫]ઘાત;
કામ કરો એકહિં અભયરાજ, પછેં વિચારી કરસ્યું કાજ. ... ૨૫૬

---

૧. ભાંગ્યા, ટુકડા કર્યા; ૨. તે સ્થાને; ૩. મોટા બળવાનો; ૪. હાથી; ૫. કાર્યસિદ્ધિનો ઉપાય.

* (કડી-૨૫૦) લવિંગના લસરકા જેણે ખાધાં હોય તે કરીરનાં વૃક્ષને કેમ ચરે ? તેમ તમારી ગુણરૂપી વેલડીને યાદ કરી કરીને શરીર ઝાંખુ થઈ ગયું. સૂકાઈ ગયું.

* (કડી-૨૫૧) મનમાં આગ લાગી છે તે ઓલવવા છતાં ઓલવાતી નથી. કડવા કારેલાં ખાતાં નારંગીનાં સ્વાદને ભૂલાતો નથી.

* (કડી-૨૫૨) હીરા અને વજની ખાણ તણો નાથ ક્યાં અને ખોટાં સ્ફટિક (કાચમણિ) ક્યાં ? એમાં કઈ રીતે મન માને ? (આ કડી હ.પ્ર. (ખ) માં નથી.)

જવ જલમાંહિં હીરો ઝલહલ્યો, તિણ વેલા જલચર સલસલ્યો;
છૂટીનઈં તે નાસી જાય, કુસલે નીસરીઉં ગજરાજ. ... ૨૫૭
મગધદેશ તણું મંડાણ, એ દ્વિપ મોટો ગ્યાની જાણે;
આગલિ કંદોઈ નિરખીઉ, તે દેખી શ્રેણિક હરખીઉ. ... ૨૫૮
રાય કહે ''તુમ્હે અભયકુમાર! કંદોઈ પરણાવો સાર;
સબલ જાન લેઈ આવો તુમ્હે, સુભ લગનેં પરણાવું અમ્હે.'' ... ૨૫૯
તિણઈ કીધાં બહુલાં પકવાન, બહુ ધન ખરચી કાઢી જાન;
રાયનું સગપણ પણ જાણી કરી, કંદોઈ આવ્યા પરવરી. ... ૨૬૦
કંદોઈ [૧]કારુની જાતિ, ફોકટ ફૂલિં દિન નઈં રાતિં;
ઉતારયા ગંગાનેં તીર, જેહનું ઉજલ નિરમલ નીર. ... ૨૬૧
''પહિલાં હરખ જિમણ દેઉં અમે, હરખેં જિમવા આવો તુમેં;''
એકેકા કંદોઈ પ્રતિં, ચ્યાર ચ્યાર મેહલ્યા અણહિતઈં. ... ૨૬૨
કરી સ્નાન જિમવા નઈં જાય, અપૂઠિં બાહિં બંધાવિ રાય;
મારંતાં બૂંબારવ કરઈ, હેઠા પડિં સુઈ સાથિ રહઈ. ... ૨૬૩
એ વરને આઘો તેડીઈં, [૨]**સંધેસ રે સોટે** સૂડીઈં;
''કહિ રે ઘર કેહનું [૩]ફાડિઉ, એહ રયણ કિહાંથી કાઢીઉં? ... ૨૬૪
અમૂલિક રતનતણાં બે ઠાંમ, કિં રાજા કિં વિવહારી ધામ;
છાનું કિમ રાખ્યું તઈં ગૂઢ? તિણિ કારણ મારેવો મૂઢ.'' ... ૨૬૫
મારંતાં કહે ''સુણો કુમાર! કન્યા પોહતી પંચ હજાર;
સા કયવન્નો ગુણની ખાણિ, એહ રયણ તું તેહનું જાણિ. ... ૨૬૬
ભુંડા ભાંડ તણી ગતિ જોઈં, લહિણું લેતાં દેણું હોઈ;
[૪]પુંહક ન ખાધે દાધો હાથ, એ ઉપરિ રુઠો નરનાથ. ... ૨૬૭
[૫]એ ઉખાણો સાચો લહિં, રાંક હાથ રયણ કિમ રહેં?
સા કયવન્નો સોભાગિણી જાણી, પરણાવ્યો મોટે મંડાણિ. ... ૨૬૮
ટાલ્યો ન ટલેં વિધિનો લેખ, જિમ ભામિ(વિ)ની વણિક ક્રમરેખ;
મનોરમા કન્યા મનોહાર, કયવન્નો પરણ્યો સુવિચાર. ... ૨૬૯

કાવ્યં: *** उदयति यदि भानु पश्चिमायाम् दिसायाम्,**
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः
विकसति यदि पद्मं पर्वत अग्रेशिलायाम्,
तदपि न चलतीयं भाविनी कर्मरेखा ।। **।।૨૭૦।।**

---

૧. હલકી; ૨. નાગોડાનાં વૃક્ષની પાતળી સોટી; ૩. ચોરી કરવી; ૪. પોંક; ૪-૫. આ કડી હ.પ્ર. (ખ)માં નથી.

* (કડી-૨૭૦) કદાચ સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, મેરૂ ચલાયમાન થાય, અગ્નિ શીતળ થાય, પર્વતના અગ્રભાગે કમળ ઉગે, તો પણ ભવિષ્યમાં કર્મમાં જે લખ્યું હોય તે રેખા ફરતી નથી અર્થાત્ જે થવાનું હોય તે થાય જ છે.

નયર લોક તવ હરખ્યો સહુ, રાઈં દીધું ધન તસ બહુ;
વલી તેડી દીઈં અરધું રાજ, [૧]મયા કરઈં શ્રેણિક મહારાજ. ... ૨૭૧
કન્યા લેઈ નિજ ઘરિ આવીયા, મોતી થાલ ભરી વધાવીયા;
કયવન્નો નઈં અભયકુમાર, માંહોમાહિં પ્રીતિ અપાર. ... ૨૭૨
કંદોઈની તનયા એક, કંદોઈ નઈં પરણાવ્યો છેક;
ગામ એક વલી તેહનેં દીધ, પુરમાંહિ બહુલો જસ લીધ. ... ૨૭૩
એક દિવસ બેઠા માલીઈં, સોવન રયણ તણે જાલીઈં;
હરખઈં બેઠા વાતો કરેં, તતખિણ તે નારી સાંભરઈ. ... ૨૭૪

યથા : *** सो कोवि नत्थी सयणो, जस्स कहिज्जइ हीइं दुखाई।**
आवंतिजंतिकंठे, पुणोवि हियए विग्गंति।। **।।૨૭૫।।**

''સજ્જન જિમ મુઝ મનની વાત, હરઈં વિલગ્ગી દિન નઈં રાતિ;
સગુણ મિલેં તો કહીઈં સહી, નિગુણાં આગલિ કહિઈં નહીં. ... ૨૭૬

સોરઠી : [૨]ગલ્લાં પેટહમાંહિ, વાધી વન્ન થયાં;
સગુણ ન સાંપડિયાં, નિગુણાં ન કહિયા.'' ... ૨૭૭
''એ વડી છાંની સી છે વાત ? તેહ તણો તુમે કહો અવદાત;
નામ સંભારો ભગવંત તણું, થાસ્યે કામ એ સહી તુમ તણું.'' ... ૨૭૮
સેઠ કહિં ''રાજન ! અવધારિ, એ રાજગ્રહી નયર મઝારી;
એક સાસૂનઈં વહૂઅર ચ્યાર, બેટા ચ્યાર વલી મનોહર.'' ... ૨૭૯
બાર વરસ લગિં તિણેં મંદિરે, રહ્યો તિહાં હું નિત રંગભરિ રે;
હું નવિ જાણું તેહનો ઠામ, પાડો પોલિ વલી તસ નામ ... ૨૮૦
તે દુખ જાણેં શ્રી જગદીસ, સાંભલિ હો તું મગધાધીસ;
તેહનઈં મિલવાનો ભૂપાલ, માહરા મનને મોટો ખ્યાલ'' ... ૨૮૧

ગાથા : *** विरहानलो सहिज्जाई, आसाबंधेण वल्लह जणस्स।**
एक्कगामनिवासो माईमरणं विसेसयइ।। **।।૨૮૨।।**

''બહિનેવી ! તુમે ચતુર સુજાણ, તેહનો કિમ નવિ જાણો ઠાણિ ?
બાર વરસ તિહાં રહ્યા ઉલ્લાસિ, તો તુમને સબલી સ્યાબાસિ.'' ... ૨૮૩
વલતું કયવન્નો કહિં બોલ, ''રહ્યો તિહાં હું નિત રંગ રોલ;
ગોખિં બારી તાલાં જડી, [૩]નિહરો નવિ મુકયો અધ ઘડી. ... ૨૮૪

---

૧. દયા; ૨. ? ? ? ?; ૩. એકલો, બહાર.

* (કડી-૨૭૫) એવો કોઈ સ્વજન નથી કે જેને હૈયાનાં દુઃખની વાત કહી શકાય. કંઠ સુધી તે દુઃખ આવ-જા કરે છે પણ પાછું હૈયામાં જતું રહે છે.

* (કડી-૨૮૨) પ્રિયજનનાં મેળાપની આશાથી વિરહરૂપી અગ્નિ સહન કર્યા. એક ગામમાં નિવાસ કર્યો. પરંતુ માતાનું મરણ વધારે સાલે છે.

જો એ તુમે સહી પ્રગટ કરો, તો માહરો ઉપગારી ખરો;
આગે તુમે કીધા ઉપગાર, તુમે છો બુધિ તણા ભંડાર. ... ૨૮૫
જોગ્ય જાણી એ વાત જ કહી, વીનતી એ આવધારો સહી;
વાત કહઈ મન મોકલેં, જે દુખ ભાંજઈ તસ આગલિ.'' ... ૨૮૬
અભય કહિં ''સાંભલિ તું સાહ ! પ્રગટ કરું એક મહિનામાહિં;''
વલી કહિં મરકલડેં હસી, ''દાંત નેં જીભ ભલામણ કિસી ?'' ... ૨૮૭

દુહા : ૧૪

સબલ કારીગર તેડીયા, સૂત્રધાર શત પંચ;
કહિં ''તુમે દેઉલ દીપતો, માંડો મોટે સંચ.'' ... ૨૮૮
રુડો ઠામ જોઈ કરી, તિણિ માંડયો પ્રાસાદ;
સજલ સરોવરનેં તટિ, ઊંચો ગગનસ્યું માંડે વાદ. ... ૨૮૯
ગોખ જાલી મત [૨]વારણા, ચિંહુ દિશિ [૩]પોઢી પોલિ;
મંગલ તોરણ બાંધિયા, આરીસાની ઉલિ. ... ૨૯૦
મૂરતિ ચંદનની કરી, કયવન્ના આકાર;
ચિતારે તિહાં ચિતરયા, પહિરાવ્યા સિણગાર. ... ૨૯૧
[૪]પંચરંગ બાંધી પાઘડી, સોનેરી શિરબંધ;
[૫]કરણાભરણ સોવનમઈં, બાંધ્યા બાજુબંધ. ... ૨૯૨
એકતાઈ અંગિ બની, વિચિ વિચિ કસબી ફૂલ;
હાર પહિરયો હીરે જડયો, જેહનું અમૂલિક મૂલ. ... ૨૯૩
[૬]કૃષ્ણાગર [૭]ઉખેવીઈં, કસ્તુરી મહકાય;
ચિહુંદિશિ દીવા ઝલહલે, ફૂલ [૮]પગરસુ રચાય. ... ૨૯૪
સોવનમઈં સિંહાસને, બઈસારી સુસનનેહ;
ઊંચા બઈઠા જાલીઈં, સેઠ અભય ગુણગેહ. ... ૨૯૫
''કયવન્નો મરી નઈં થયો, જખ્ય તણો અવતાર;
[૯]લપનસિરિ નઈં લાડૂઆ, માંગઈ કુસુમનો હાર.'' ... ૨૯૬
રાજગૃહી પુર પરિસરઈં, એહવો પડાવ્યો સાદ;
''નરનારી સહુ આવયો, જખ્ય તણેં પ્રસાદ. ... ૨૯૭
જે નહીં આવે તેહનઈં, દેસ્યે નૃપ ઉલંભ;
[૯]જરખ દુ:ખ દેસ્યેં તેહનેં, દંડ મુંડ ને ડંભ.'' ... ૨૯૮

---

૧. દરવાજા; ૨. પહોળી; ૩. આ કડી હ.પ્ર. (ક)માં નથી; ૪. કાનનું ભૂષણ; ૫. ઘૂપનો પ્રકાર; ૬. ધૂપ કરે; ૭. સુગંધ; ૮. લાપસી; ૯. યક્ષ

સાદ સુણીનેં જુહારવા આવે જનના વૃંદ;
બહુ પરિવારેં પરવરયા, મન ઘરતા આણંદ. ... ૨૯૯

ઢાળ : ૯ (રાગ : ગોડી. બે કર જોડી તાંમ... એ દેશી)

ઢંઢેરાનો ઢોલ રે, ફિરતો આવીઓ, નારીના ઘર [૧]દૂકડો એ. ... ૩૦૦
ઊંચી ચઢી ચોબારિં રે, છાંની ગોખડે, તિહાં નારિઇં શ્રવણે સુણ્યો એ. ... ૩૦૧
વહૂયર કહિં તેણી વાર રે, ''સાસુજી ! સુણો કહો તો જઈઇ જાતરા એ.'' ... ૩૦૨
''ઈહાં જાવાની વાત રે, કરવી નવિ ઘટેં,'' વહૂઓને સાસૂ કહિં એ. ... ૩૦૩
''નહીં જાઈઇં તો માય રે, અવગુણ ઉપજેં, તુમ્હ મતિ તુમ્હ પાસે રહો એ.''
... ૩૦૪
કહયું ન માને તેહ રે, [૨]માઝો સજ્જ કરી, છોકરડા લેઇ સંચરયા એ. ... ૩૦૫
તે આવ્યાં તેણે ઠાંમ રે, રથથી ઉતર્યા, ઘુંઘટ કરી [૩]ઘરમાં ગયા એ. ... ૩૦૬
''એ માહરો પરિવાર રે,'' કયવન્નો કહિં, હરખિત થઈ પરધાનનઇં એ.... ૩૦૭
ભોલા બાલક તેહ રે, જખ્ય તણેં ખોલે બેસી માંગે સૂખડી એ. ... ૩૦૮
''બાપાજી ! તુમે કાંઇ રે, રીસાવી આવ્યા ? આલો અમને સુખડી એ.'' ... ૩૦૯
દેખી મૂરતિ તેહ રે, નારી ચિંતવે, એક એક સાહમું જુઇ એ. ... ૩૧૦
એક કહિ ''નર તેહ રે, મરી વ્યંતર થયો,'' મુખએ નીસાસો મેલતી એ. ... ૩૧૧
એ દુખડાની વાત રે, જાણે કેવલી, કોઇ આગલિ નવિ ભાખીઇ એ. ... ૩૧૨

સોરઠી : જેતાં [૪]તરકસ તીર, મુલ તાણી મુંગલ તણઇ;
તેતાં દુખ સરીર, સહીઇં પણિ કહીઇં નહી'' ... ૩૧૩

ઢાળ : પૂર્વની

તવ બીજી કહી નારિ રે, ''બાઇ સ્યું કીજઇં ?આપણ કાંઇ ચાલે નહીં એ.''.. ૩૧૪
તવ ત્રીજી કહિ નારી રે, ''નર દીસે ઘણા, એહવો કોઇ દીસે નહીં એ'' ... ૩૧૫

ચત : *** दीसंति जत्थतत्थवि: जूहाजूहेहिंसंठिया हरिणा।**
अहमं विजाणगंधा तो पिण कत्थूरीया विरला।। **।।३१६।।**

ડોસી કહિં ''સુણો વાત રે, કાંઇક કારણે, એ રચના માંડી ઘણી એ.'' ... ૩૧૭
ચોથી કહિં ''સુણો બાઇ રે ! અંગ ફરુકડેં, જિમતિમ રુડું થાયસ્યેં એ'' ... ૩૧૮

---

૧. નજીક; ૨. વહેલ; ૩. યક્ષ મંદિરમાં; ૪. બાણ.

* (કડી-૩૧૬) જ્યાં ત્યાં હરણનાં ટોળેટોળાં ભટકતાં દેખાય છે. સુગંધ લેવા માટે નાભિમાં કસ્તૂરી હોવા છતાં તેની સુગંધને તે જાણતો નથી. પોતાની સુગંધ પોતાની પાસે છે તેવું જાણે તે વિરલા હોય.

કચવન્ના આકાર રે, કુંચર સોહામણા, રાજકુમાર જાઈ જૂઈ એ. ... ૩૧૯
નિરધારી વલી તેહ રે, મનસ્યું ચિંતવેં, એ સહી એહના બાલૂયડા એ' ... ૩૨૦
નિવેદ કરી નઈ ધૂપ રે, જખ્ય આગલિ ધરઈ, દીવો કરી ઘરિ આવીઆં એ...૩૨૧
ન્યાયી નૃપનો નંદ રે, ચાકર મોકલે, રથ સાથિં ઘર નિરખવા એ. ... ૩૨૨
સિણગારી ગજરાજ રે, બેસી બેહુ જણા, ઘરિ આવે ડોસી તણે એ. ... ૩૨૩
આવ્યા દેખી તેહ રે, નારી ફલફલેં, ડોસીનેં ખલભલ હુઈ એ. ... ૩૨૪
જઈનઈં કીઉં જુહાર રે, ''માતા ! સાંભલો, એ તુમ બેટો ઘરધણી એ. ... ૩૨૫
મોતીડે ભરી થાલ રે, વેગિં વધાવીઉ, મોહલામાહિં પધરાવીઉ એ. ... ૩૨૬
બિહું પખિં સુખનાં લીલ રે, તતખિણ ઉપનાં તે સુખ જાણઈ કેવલી એ. ... ૩૨૭
તેહનાં ઇંદ્રીય પાંચ રે, છઠું મન વલી, વિકસ્યાં હીયાને હેજસ્યું એ. ... ૩૨૮

ગાથા : * **चितं धणेसु रज्जई इंदीय रज्जंति अन्नहासव्वे ।**
दिठंतो निउ पिउणो इंदिय चित्तंच विहसेइ ।। **।।૩૨૯।।**

જીમાડીઉ તે સાથ રે, અતિ આદર ઘણેં, શ્રેણિક રલીયાત થયો એ. ... ૩૩૦

દુહા : ૧૫

પહિલી નારી ધનસુંદરી, વલી એ પ્રમદા ચ્યાર;
છઠી વલી મનોરમા, સાતમી ગણિકા સાર. ... ૩૩૧
નર બીજો નવિ આદરયો, ગણિકાએ ધરી નેહ;
મનથી કીધો નાહલો, કચવન્નો ગુણગેહ. ... ૩૩૨
સુખ વિલસે સંસારનાં, શ્રેણિક દીઈ બહુ માંન;
[૧]અલીક કિમ હુઈ સાધનેં, જે દીધું પરભવે દાંન ? ... ૩૩૩
ત્રિણિં [૨]થોકે કરી સાધનેં, દીધી ખીર રસાલ;
તિણેં એ અંતર આંતરેં, પામ્યો ભોગ દયાલ. ... ૩૩૪
તે સાતેઈ કામિની, ઘરઈં ઘણીસ્યું ઘણો મોહ;
ઘરાચાર બહુ સાચવે, છાંડી મદ મછર દ્રોહ. ... ૩૩૫
ગણિકા પણિ ઘરમિણિ થઈ, તે કામિણિ નઈં સંગિ;
લોક સહુકો ઈમ વદે, જેહવો સંગિ તેહવો રંગિ. ... ૩૩૬

તથાહિ : [૩]ફૂલહું સંગતિ તિલ રહી, તા તિલસ્યેં નિકલ્યો તેલ;
ઉદય રાજ ઉહિ તેલ કો, નામ ધરયો ફૂલેલ. ... ૩૩૭

---

૧. નિષ્ફળ; ૨. ભાગ; ૩. તલનાં છોડમાં તલ રહે છે, તલમાંથી તેલ નીકળે છે તેનું નામ ફૂલેલ છે.

* (કડી-૩૨૯) ધન વડે ચિત્ત ખુશ થાય છે. અન્ય સર્વ વસ્તુથી ઈન્દ્રિય ખુશ થાય છે પણ પોતાના પતિને જોઈને ઇંદ્રિય અને ચિત્ત બન્ને ખુશ થાય છે.

કહાણી હરિયાલી કહિં, અને વલી ધરમ કથાય;
નયનાં જેહવી પ્રીતડી, ઉત્તમનેં કહિવાય. ... ૩૩૮

ગાથા : *** सहजग्गिराण सह सोविराण सहहरिस रोवयंत्ताणं।**
नयणाण व धन्नाणं आजम्ममकित्तमं पिम्मं।। **।।૩૩૯।।**

ઢાળ : ૧૦ (રાગ : સારંગ મલ્હાર. મેહુલીઉં નઈં વરસેં હો સહીયાં મોરી... એ દેશી)

નાહલીઉં નઈ મિલીઉ હો બહિની મોરી આપણોજી, પૂરવ પૂન્ય પસાય;
ધરમ જ કીજઈં હો બહિની મન રંગસ્યું જી, જિમ જીવ સુખીઉં થાય. ના॰ ... ૩૪૦
દાન જ દીજેં હો બહિની મન મોકલેંજી, પાહિરીઈં સીલ સન્નાહ;
તપ વલી કીજઈં હો બહિની મોરી આકરોજી, લીજેં માનવ ભવ લાહ. ના॰ ... ૩૪૧
ભાવના ભાવો હો બહિની મોરી મનિ ભાવસ્યું જી, ગણીઈં શ્રી નવકાર;
સમકિત સુધુ હોબહિની મોરી આરાધીઈં જી, જૈન ધરમનું સાર. ના॰ ... ૩૪૨
અતિ ઘણાં પાપ હો બહિની મોરી કીધાં જેણે જીવડેં જી, તે થાય નારી અવતાર;
એહવી વાણી હો બહિની મોરી, જિનજી કહિં ધરમથી જયજયકાર ના॰ ... ૩૪૩
સીલવ્રત લ્યું હો બહિની મોરી [૧]**સીલવતીજી**, નૃપ **સૂરપાલની** નારિ;
એહની વાત હો બહિની મોરી સાંભલજી, **શાંતિ ચરિત** મઝારી. ના॰ ... ૩૪૪
આપણી જાતિ હો બહિની મોરી અજુઆલતીજી, વલી હુઈ **ચંદનબાલ**;
એહવી નારી હો બહિની મોરી ઘણી હુઈ જી, જેહનાં ચરિત્ર રસાલ. ના॰ ... ૩૪૫
સુભ [૨]વરસાલો હો બહિની મોરી અતિ ઘણો જી, ગાજી વરસેં ઘનઘોર;
ઝબ ઝબ ઝબિકિ હો બહિની મોરી ગગને વીજલડીજી, નાટક માંડે મોર.
ના॰ ... ૩૪૬
ચિહું દિસિં [૩]ખલહલ જલ હોબહિની મોરી વહેજી, ઉપજેં બહુલા જીવ;
તિણી રતિ વિશેષિં હો બહિની મોરી જયણા કિજિઈં જી, જિમ સુખ પામેં જીવ.
ના॰ ... ૩૪૭
કૃપણપણું હો બહિની મોરી નવિ કીજીઈં જી, ઘર સારું દીજેં દાંન;
મંદિર આવ્યો હો, બહિની મોરી પહી પાહુણોજી, તેહનેં દીજેં આદરમાન.
ના॰ ... ૩૪૮
ઘરણી નઈં ઘરનો હો બહિની મોરી આરંભ ઘણોજી, તિણેં વાધેં બહુલાં કર્મ;
એહવું જાણી હો બહિની મોરી આદરોજી, દાન દયાનો ધરમ ના॰ ... ૩૪૯

---

૧. શીલવતીની કથા - જુઓ પરિશિષ્ટ વિભાગ; ૨. વર્ષાઋતુ; ૩. ખળખળ.

* (કડી-૩૩૯) બંને આંખોનો આ જન્મ સુધીનો કેવો અકથનીય પ્રેમ છે ? કે બે આંખો સાથે જાગે છે અને સાથે જ સૂઈ જાય છે ! સાથે હસે છે અને સાથે રડે છે. તે નયનોને ધન્ય છે.

દુહા : ૧૬

સંપદ સવિ આવી મલી, જવ તૂઠો મહારાજ;
લાહો લિઉં લખમી તણો, એ ધણીનઈં રાજ. ... ૩૫૦
ધરમ વાત કરતાં થિકાં, દિન દિન અધિકો રંગ;
પુન્ય હોઈં તો પામીઈં, સરિખા સરિખો સંગ. ... ૩૫૧
એણિ અવસરિ **વૈભારગિરિ**, સમોસરયા **વર્ધમાન**;
કયવન્નો ગયો વાંદવા, દેઈ વધામણી દાંન. ... ૩૫૨

ઢાળ : ૧૧ (રાગ : ગોડી. મન ભમરા રે... એ દેશી)

પર ઉપગારને કારણે, ભવિપ્રાણી રે જિનવર દીઈં ઉપદેસ લાલ;
ભવિ પ્રાણી રે ધરમનાં કરણી સાંભલો, ભ૰ જિમ ભાંજે દુખ ક્લેસ. ભ૰ ... ૩૫૩
પાછલી રાતિં ઉઠી નઈં, ભ૰ લીઉં પરમેસર નામ લાલ;
દેવગુરુને ચરણે નમી, ભ૰ પછેં કીજે ઘરનાં કાંમ ભ૰ ... ૩૫૪
અતિ ગરઢાં માબાપનાં, ભ૰ દેઈ ભોજન સુવિસાલ લાલ;
ભૂખ્યાં તરસ્યાં ગોરુઆં, ભ૰ કરવી સાર સંભાલ ભ૰ ... ૩૫૫
થોડામાંહિ થોડેલું, ભ૰ દેઈ જિમઈં ધાન લાલ;
દાનેં જગ યશ વીસ્તરે, જગમાંહિ ઉત્તમ દાન ભ૰ ... ૩૫૬
સાંભલીને અંગીકાર કરો, શ્રાવક ગુણ એકવીસ લાલ;
કોઈક પ્રાણી દાની હોઈં, દેવું દોહિલું જગદીસ ભ૰ ... ૩૫૭

ગાથા *** लज्जालुओदयालु, मझत्थो सोमदिठिगुणरागी ।**
सकह सपरकजुत्तो, सुदीहदंसी विसेसंतु ।।३५८।।
*** धम्मरयणस्स जुगो, अखुद्दोरुववं पगइसोमो।**
लोगप्पिउ अक्रूरो, भीरु असट्ठो सुदक्खिणणो ।।३५९।।
*** वुट्ठाणुगो विणीओ, कयणुउ परहियत्थकारीय।**
तह चेव लब्धलक्खीओ एकवीसगुणो हवइ सट्ठो ।।३६०।।

સુરા નર દીસે ઘણાં, ભ૰ ભડ માનિં પણિં બહુ હોય લાલ;
કેઈ ચતુરાઈ કેલવેં, ભ૰ દાની વિરલા જગિ જોય ભ૰ ... ૩૬૧

---

* (કડી-૩૫૮ થી ૩૬૦) લજ્જાલુ, દયાલુ, મધ્યસ્થ, સૌમ્ય દષ્ટિવાળો, ગુણરાગી, પરગજુ, સુપક્ષથીયુક્ત, દીર્ઘદષ્ટા, વિશેષજ્ઞ. ધર્મરત્નથી યુક્ત, અક્ષુદ્રરૂપવાન, પ્રકૃતિથી સૌમ્ય, લોકપ્રિય, અક્રૂર, ભીરૂ, અસઢ, સુદાક્ષિણ્યતા વાળો. વૃદ્ધને અનુસરનાર, વિનીત, કૃતજ્ઞ, પરહિતાર્થકારી, તથા લબ્ધલક્ષવાળો - આ રીતે એકવીશ ગુણથી યુક્ત શ્રાવક હોય. (વિશેષ સમજણ માટે જુઓ પરિશિષ્ટ વિભાગ)

*** जो सहई समरमझे १ गुणाललीलाय पहिरणसयाइं ।**
णूणं दाणावसरे तस्स वि हियचमक्केइ ।।३६२।।

ઢાળ પારણેં ઉતરવારણેં ભ૰ દાનનું બહુ ફલ હોય લાલ;
ગ્લાનાદિક નઈં દીજીઈં ભ૰ દાન વિશેષઉં જોય ભ૰ ... ૩૬૨

*** पहसंत गिलाणेसु आगमगाहीसु तहय कयलोए ।**
उत्तरपारणंगम्मीय दिन्नंपि बहुफल होई ।।३६४।।
*** अभयं सुपत्तदाणं अनुकंपा उचिया कित्तिदाणाइं ।**
दुन्नवि मुक्खो भणीउ तिन्निवि भोगाइ दंति ।।३६५।।
*** करुणाइ दिन्नदाणो जम्मंत्तर गिहियपुव्वकिरियाणो ।**
तित्थयर-चक्किरिद्धिं संपत्तो संतिनाहोवि ।।३६६।।
*** दाउणं रिवरदाणं तवेण सोसियंग साहूणो धणियं ।**
जणजणियइचमक्कारो संजाओ सालिभद्दोवि ।।३६७।।
*** जिणहर मंडिय वसुहो दाउंइअणुकंप भत्तिदाणाइं ।**
तित्थप्पभावगरेहं संपत्तो, संपइराया ।।३६८।।

ઢાળ : પૂર્વની

ઉચિત કીરતિ દોઈ ભલાં ભ૰, એહથી લહઈં ભોગ લાલ;
વાહલાં સજન આપણા ભ૰, તેહનો ન હોઈં વિયોગ. લા૰ ... ૩૬૯
દેઈ દાંન અનુમોદીઈં ભ૰, પામીઈં ફલ શ્રીકાર લાલ;
મુમ્મણની પરિં ઉચ્ચતા ભ૰, દેયિ ન કીજઈં લગાર લા૰ ... ૩૭૦
ચૂલ્હો હાંડી પૂંજીઈં ભ૰, ગાલીઈં અણગલ વારિ લાલ;
ચંદ્રૂઆ દસ બાંધીઈં ભ૰, રાતઈં કરઉ ચઉવિહાર લા૰ ... ૩૭૧

---

* (કડી-૩૬૨) જેમ સમરાંગણની મધ્યે લીલામાત્રમાં હજારો પ્રહારને સહન કરે છે. દાનનાં અવસરે દાન કરવું જોઈએ પણ ખરેખર ! તે વખતે હૈયું ધ્રૂજે છે.

* (કડી-૩૬૪) પેહ (પંથ = રસ્તો) વિહાર કરીને આવેલાંને, ગ્લાનને, આગમનો અભ્યાસ કરનારને, લોચ કરાવનારને અને તપનાં ઉત્તરપારણા વખતે આપેલું દાન ઘણાં ફળવાળું થાય છે.

* (કડી-૩૬૫) અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કિર્તીદાન આ પાંચમાંથી બે દાન મોક્ષ આપનાર છે. છેલ્લાં ત્રણ દાન ભોગ આપનાર છે.

* (કડી-૩૬૬) જન્માંતરમાં ગ્રહણ કરાયેલ પારેવાને (અભયદાન આપવાથી) શાંતિનાથ પ્રભુએ તીર્થંકર અને ચક્રવર્તીની ઋદ્ધિ મેળવી.

* (કડી-૩૬૭) તપથી જેની કાયા શોષાઈ ગઈ છે તેવાં મુનિને ખીરનું દાન આપવાથી મનુષ્યમાં ચમત્કાર ઉત્પન્ન કર્યો. જે દાનનાં પ્રભાવે તે શાલિભદ્ર થયા.

* (કડી-૩૬૭) જિનમંદિરથી પૃથ્વીને જેને મંડિત કરી, અનુકંપા અને ભક્તિદાનથી જેઓ તીર્થપ્રભાવક નામે પ્રસિદ્ધ થયાં તે સંપ્રતિરાજા તરીકે ઓળખાય છે.

ષટકાયની જયણા કરો ભ૰, ટાલો અભક્ષ બાવીસ લાલ;
પાપ જાણી નઈં વરજીઈં ભ૰, અનંતકાય બત્રીસ લા૰ ... ૩૭૨
શ્રાવકનાં વ્રત આદરો ભ૰, વરજો કરમાદાન લાલ;
કૂડ કપટ નવિ કીજીઉં ભ૰, જિમ હુઈ નવેઈ નિધાન લા૰ ... ૩૭૩
ક્રોધ માન માયા તજો ભ૰, ચોથો તજીઈં લોભ લાલ;
સંસાર રુપ માંડવ તણા ભ૰, એ ચ્યારેઈ થોભ લા૰ ... ૩૭૪

ગાથા *** कोहं पिइं पणासेई माणो विणय नासणो।**
माया मित्ताणि नासई लोभो सव्व विणासणो ।।૩૭૫।।

દુહા : ૧૭

સંજમ થિર કરવા ભણી, વલી જિન કહિં ઉપદેસ;
અંતર ગતિ આતમ તણી, વાત કહિંસુ વિસેસ ... ૩૭૬

ઢાળ : ૧૨ (પાવડાની... એ દેશી)

ક્ષેત્ર મનુષ્યમાહિં **વપુનગરી**, **મોહ** નામ ભૂપાલ;
સ્વેચ્છાચારી **માયા** નારી, બેટો **કામ** રસાલ ... ૩૭૭
ક્રોધ નામઈં મોટો તસ યોધો, **લોભ** નામઈ પરધાન;
રાગ દ્વેષ બઈં રથ વલી મોટા, મિથ્યા વડો રાજન ... ૩૭૮
પ્રાણી ધરમ કરો તુમે સાર, જાણી એ સંસાર અસાર....આંચલી
માનો માન ઉન્નત ગજ હાથિ, ઈંદ્રિય રુપ તુષાર;
પંચવિષય રસ સેવક ચટીઆ, મોહ નૃપ સેના અપાર, પ્રા૰ ... ૩૭૯
આઠ કરમ રુપકરસણી જાણો, તેહનાં ભેદ વિસાલ;
પ્રાણ રુપ વણિક તિહાં સારા, **મન** નામેં કોટવાલ પ્રા૰ ... ૩૮૦
ત્રિભુવનના જન વસિ આણી નઈં, જવ જગ જીતી બેઈઠો;
ગુરુ ઉપદેશ દાનઈં ગઢ ભેદી, **ધરમરાજ** જઈ પઈઠો પ્રા૰ ... ૩૮૧
ધર્મરાજને વહાલી જાણો, **આર્યવતા** પટરાણી;
સયલ ગુણે કરી ભૂષિત સોહિં, આગમમાંહિં વખાણી પ્રા૰ ... ૩૮૨
ધરમનો નંદન **મહાસુખ** નામેં, સુખ ભાઈ ભગિની અનેક;
જનક ધરમનો **જ્ઞાન** જ જાણો, **સંવર** મિત્ર **વિવેક** પ્રા૰ ... ૩૮૩

---

* ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. માન વિનયનો નાશ કરે છે. માયા મિત્રતાનો અને લોભ સર્વનો નાશ કરે છે. (કડી-૩૭૪)

દયા ધરમની જણણી સારી, ગ્રંથમાહિં સુવખાણી;
સર્વ જીવનેં તે હીતકારી, **જ્ઞાન** નૃપતિ પટરાણી પ્રા॰ ... ૩૮૪
સંતોષ નામેં મોટો મંત્રી, **સમકિત** મંડલ રાજા;
પંચમહાવ્રત સામંત સારા, સારઈ આતમ કાજા પ્રા॰ ... ૩૮૫
અણુવ્રતાદિક તેહના પાલા, **મારદવ** નામા હાથિ;
ઉપસમ જોધો સબલો જાણો, ધરમ રાજનો સાથિ પ્રા॰ ... ૩૮૬
ચારિત રુપ પંચ રથ સારા, સેનાની શ્રુત નામ;
વાણી રુપ દદામાં વાજેં, સેન સિણગારી તામ પ્રા॰ ... ૩૮૭
માહોમાંહિં ઝૂઝ કરંતા, હારયો મોહ રાજન;
દાન સીલ તપ ભાવિં પરવરયો, વાધ્યો સુકૃત માન પ્રા॰ ... ૩૮૮
મોહ રાજાની ચઉદ રાજમેં, વરતી આણ ભલેરી;
ધરમ રાજનેં પોતઈ જાણો, સિધસિલા અધિકેરી પ્રા॰ ... ૩૮૯
મોહ રાજાને ધરમે જીત્યો, આણ મનાવી બેસારી;
ધરમ રાજનેં જીતવા આવ્યાં, એક છોકરો બે નારી પ્રા॰ ... ૩૯૦
નિદ્રા વિકથા એ બેહું નારી, છોકરો **ઢણકોલ** નાંમ;
ધરમકથા જવ સુંણવા આવે, આવી પઈસઈ તાંમ પ્રા॰ ... ૩૯૧
કરમતણેં વસિં કોઈક પ્રાણી, મોહ નૃપેં વસિં કીધ;
વલી તસ ધરમ મારગમાંહિં આંણી, વલી તસ સમકિત દીધ પ્રા॰ ... ૩૯૨
સીતરી કોડા કોડી સાગર કેરું, મોહરાજાનું આય;
ધરમરાજ અજરામર જાણો, શાસ્ત્રમાંહિં કહિવાય પ્રા॰ ... ૩૯૩
વીતરાગની વાણી જાણો, અમૃતપેં બહુ મીઠી;
દીપ્તિવિજય કહિં શ્રવણે સુણતાં, લિખમી આવે તુઠી પ્રા॰ ... ૩૯૪

દુહા : ૧૮

પડિબુધા પ્રાણી ઘણા, સુણી પ્રભુનાં સુવચન;
પાય પ્રણમીનઈ ઉઠીયા, સહુકો કહિં ''ધન ! ધન્ન !'' ... ૩૯૫
કયવન્નો ઉભો થઈ, પૂછેં જોડી હાથિ;
''પૂરવભવિં હું સ્યું હતો ? તે આસ દીઉ જગન્નાથ !'' ... ૩૯૬
વીતરાગેં સઘલી કહી, પૂરવ ભવની વાત;
તે સુણી ધરમેવાસીઉ, ભેદી સાતેં ધાત ... ૩૯૭

સાત ખેત્રે ધન વાવરી, લેઈ લિખમી લાહ;
જિનવર પાસિં આવીઉ, હિયડે ધરી ઉછાંહિ ... ૩૯૮

ઢાળ : ૧૩ (રાગ : ધન્યાશ્રી. ભમરુલીની.... એ દેશી)

કયવન્ના સંયમ લીઈં સા ભમરુલી, સુંપી પુત્રનેં રાજ તો;
છઠ અઠમાદિક તપ કરે સા ભ૰ સાધેં આતમ કાજ તો ... ૩૯૯
આય પૂરી સૂરવર હૂવો સા ભ૰ પંચમ સરગ મઝારિ તો;
તિહાંથી નરભવ પામસ્યે સા ભ૰ મહાવિદેહ ક્ષેત્ર સુસાર તો ... ૪૦૦
તિહાં કિણ સંયમ આદરી સા ભ૰ પામસ્યેં ભવનો પાર તો;
ગુણવંતના ગુણ મેં કહ્યાં સા ભ૰ મનિ જાણી ઉપગાર તો ... ૪૦૧
વૃત્તિ કુલકની જાણીઉં સા ભ૰તિહાંથી લીઉ અધિકાર તો;
સાંભલતા સુખ ઉપજેં સા ભ૰ શ્રી સંઘને જયકાર તો ... ૪૦૨
તે સવિ નારી સોહાગિણી સા ભ૰ ભોગવી સુખ ઘર વાસ તો;
પુન્ય કરણી કરતાં થિકાં સા ભ૰ પામીઈં સદગતિ વાસ તા ... ૪૦૩
જસ સોભાગ વધઈં ઘણો સા ભ૰ એહનો કહેતાં રાસ તો;
મનહ મનોરથ સવિ ફલેં સા ભ૰ પામીઉં લીલ વિલાસ તો ... ૪૦૪
વડ તરુયર પરિ વિસ્તરે સા ભ૰ પુત્ર કલત્ર પરિવાર તો;
એહ તણેં નામેં વધે સા ભ૰ ઋધિ તણો વિસ્તાર તો ... ૪૦૫
દીધાં રીદે ઉલટ ભાવ ચઢેં સા ભ૰ નામેં મંગલ માલ તો;
સંવત સત્તરેં જાણીઈ સા ભ૰ **પણત્રીસો** [૧]હુહુ [૨]સુગાલ તો ... ૪૦૬
આસો સુદિ [૩]**પુનિમ** દિનેં સા ભ૰ **અનુરાધા બુધવાર** તો;
દાન તણા ગુણ મેં કહ્યા સા ભ૰, **સિરોડી** ગામ મઝારી તો ... ૪૦૭
જસ સોભાગ વધે ઘણોં સા ભ૰ રાસ રચ્યો ઉલ્લાસ તો;
અરબુદ ગિરિવર જિહાં લગેં સા ભ૰ તિહાં લગેં પ્રતપો રાસ તો ... ૪૦૮
ગણનાયક તે ગુણે ભરચા સા ભ૰ સૂરિ **શ્રી વિજયરાજ** તો;
તેહનેં રાજ્યેં મનોહરુ સા ભ૰ રાસ કહ્યો સુભ કાજ તો ... ૪૦૯
ગોયમ ગણધર સારિખા સા ભ૰ **શ્રી વિજયદાનસૂરીરાય** તો;
તાસ સીસ બહુ ગુણ ભરચા સા ભ૰ **શ્રી રાજવિમલ** ઉવઝાય તો ... ૪૧૦
તેહના સીસ વખાણઈં સા ભ૰ સયલ વિદ્યાભંડાર તો;
શ્રી **મુનિવિજય** વાચકવરુ સા ભ૰ સમતા રસ શૃંગાર તો ... ૪૧૧

---

૧. હૂઓ; ૨. સુકાળ; ૩. જૈ.ગૂ.ક. ભા. ૩ અનુસાર પુષ્પિકામાં **પાંચમ** એવો પાઠ છે.

તેહના શિષ્ય વલી જાણીઇં સા ભ॰નવનિધી હુઇ જસ નામ તો;
ઉસ વંસ કુલ ઉપના સા ભ॰ વચરાગી ગુણવંત તો ... ૪૧૨
શ્રી દેવવિજય વાચક વડા સા ભ॰ નામ તેહવું પરિણામ તો;
સમતારસનો સાગર સા ભ॰ વાણી અમી વરસંત તો ... ૪૧૩
તસ ચરણાં બુઝ મધુકરુ સા ભ॰ ગુણ ગિરુઆ બુધરાય તો;
શ્રી માનવિજય પંડિત વરુ સા ભ॰નિજ ગુરુને સુખદાય તો ... ૪૧૪
શિશુ પરમાણુક તેહનો સા ભ॰ **દીપ્તિવિજય** ગુણગાય તો;
ભણેં ગણે જે સાંભલે સા ભ॰ તેહ ઘરિ નવેં નિધિ થાય તો ... ૪૧૫

*** इत्थं महामुनेःदानं, देयं भो भाविका मुदा।**
कृतपुण्य कवत् द्दष्टवा, निरंतर सुरवप्रदं।। **।। ४१६ ।।**

यतः *** धर्मतः, सकलमंगलावली, धर्मतः सकल सौरव्य संपदः ।**
धर्मतः स्फुरतिनिर्मलंयशो, धरम एव तदहो विधीयंता **।। ४१७ ।।**
*** आरोग्यं सौभाग्यं, धनाढ्यता नायकत्वमानंदः।**
कृतपुणयस्य स्यादिह सदा जयोवांछितावाप्तिः।। **।। ४१८ ।।**
*** पुसां शिरोमणीयंते, धर्मार्जन परानराः।**
आश्रीयंते च संपदिभ र्लताभिरिव पादपाः।। **।। ४१९ ।।**
*** दीपो हंति तमस्तोमं रसो रोगभर यथा।**
सुधा बिंदुर्विषावेगं धर्मः पापहरस्तथा।। **।। ४२० ।।**

ईति श्री सोभाग्योपरि नवरसमिश्रित कयवन्ना रास संपूर्ण।

---

* (કડી-૪૧૬) આ પ્રમાણે હે ભવિકો ! હર્ષથી મહામુનિને દાન દેવા યોગ્ય છે. કયવન્ના શેઠની જેમ દાન હંમેશાં સુખને આપનાર છે.

* (કડી-૪૧૭) ધર્મથી સર્વ મંગલની શ્રેણી મળે છે. ધર્મથી સર્વ સુખ સંપદા મળે છે. ધર્મથી નિર્મળ યશ વધે છે. તેથી અહો ! ધર્મ જ કરો.

* (કડી-૪૧૮) આરોગ્ય, સૌભાગ્ય, ધનાઢયતા, નાયકપણું, આનંદ, જય, મનોવાંછિતની પ્રાપ્તિ કયવન્નાની જેમ (ધર્મથી) થાય છે.

* (કડી-૪૧૯) (ધર્મથી) મનુષ્યોમાં ઉત્તમ થાય છે, ધર્મ ઉપાર્જન કરવામાં તત્પરને સર્વ સંપત્તિઓ મળે છે. વૃક્ષને જેમ વેલડી વીંટાય, તેમ સર્વ સંપત્તિઓ મળે છે.

* (કડી-૪૨૦) અંધકારનાં સમૂહને દીવો દૂર કરે છે. રસ (દવા) રોગનાં સમૂહને દૂર કરે છે. ઝેરનાં આવેગને અમૃતબિંદુ દૂર કરે છે. તેમ ધર્મ એ પાપને દૂર કરે છે.

૧૨. શ્રી મલયચંદ્રજી કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૮૬૯)

ચોપાઈ

વંદી વીર જિણેસર દેવ, સરસતી સામણિ સમુરૂં હેવ;
કર જોડી કહૂં સુવીસાલ , કેવનાની ચોપાઈ રસાલ ... ૧
દાંન વડું સુણીએ સંસાર, દાંને દૂરિત ટલે સહી સાર;
દાંને સુખ સંપતી સંજોગ, દાંને જાઈં વિરહ વિજોગ ... ૨
નગર કનેં એક નાનું નેસ, રાજ કરે **ગોવાલો** સેઠ;
ઘરણી **ગંગાદે** છે જાસ, **ગંગદત્ત** તિણ જનમ્યૂં તાસ ... ૩
પરલોકે ગોવાલો પહુત, નિરાધાર નારી ગંગદત્ત;
શ્રીપૂરિ વ્યવહારિયા આવાસ, આવિ [૧]વિતું કરે તિમ દાસ. ... ૪
વાછરડા ચારે સુત સોય, પરવ [૨]પજુસેણ પારણા હોઈ;
ખીર ખાંડ ઘૃત ભરીયાં દેખી થાલ, આડો માંડી માંગે બાલ ... ૫
ઘેસ(ર) છાસનું જ્યાં મુ(હુ)ઈ સંદેહ, ખીર ખાંડ ઘૃત કીહાંથી લેહ ?
છતી અછતી નવી જાણે બાલ, માંગણ ધુરત ચોરે ભુપાલ ... ૬
અતી સંતાપે રોએ તેહ, પાડોસણી કહે ‘‘સું કારણી એહ ?
ચિહું માંનની એ માન્યૂં એહ, ‘‘ખીર ખાંડ ઘૃત એ સહુ તું લેહ’’ ... ૭
ચાર [૩]વાનો ચિહૂં સુંદર દીધ, તતખીણ માંહિ કારીજ સીધ;
ખીર ખાંડ ઘૃત પ્રીસેં માય, [૪]દ્રષ્ટ દૂષણ ભણી પાછી થાય ... ૮
મનમાંહિ ઈસું વીમાસે તેહ, ‘દત્ત તણા ફલ અમને એહ;’
પૂન્ય જોગેં મુનીવર આવીઉ, માસખમણ રીષી [૫]વીહવારીઉ ... ૯
ત્રિહું ભાગે તસ દીધી ખીર, ભલે ભાવેં ઘરી મન ધીર;
માય આવી માંગે પરમાંન, આપણપેં મનમાંહિ ધ્યાંન ... ૧૦
કિણહી કારણ તે ગંગદત્ત, મરણ પાંમ્યો ઘરી સુભ મત;
મગધ દેસ રાજગ્રહી ઠાંણ, રાજ કરેં રાઈ **શ્રેણિક** જાંણ ... ૧૧
ચિલણાદેં પટરાણી દક્ષ્ય, **અભયકુમાર** મંત્રી માંહિ મુખ્ય;
તિણિ પર સેઠ **ધનાવો** વસૈં, **સુભદ્રા**સું પ્રીતિ ઉલસૈ ... ૧૨
તસ ઉદરે આવ્યૂં **ગંગદત્ત**, પ્રસવ્યૂં પૂત્ર આસ સંજુત;
દીધૂં **કેવનું** તસ નામ, ભણ્યો ગણ્યો રુપે કરી અભીરાંમ ... ૧૩
જોવન આવ્યૂં જાણે અમર, પાણીગ્રહણ કરાવ્યૂં કુમર;
સુકુલણી **સોહાસણિ** તાસ, પરણ્યા પૂંઠે ન પોહોતી આસ ... ૧૪

---

૧. ઘરકામ; ૨. પર્યુષણ પર્વ, ૩. વસ્તુઓ; ૪. નજર લાગવી; ૫. દૃષ્ટિદોષ; ૬. વહોરવા આવ્યા.

લલના ગોઠી મેલી મન રંગ, **મદનમંજરી** સું વિલસે અંગ;
કેલી કૂતુઅલ કરેં કેવન, બાર કોડિ વિલસેં સોવન ... ૧૫
બાર વરસ તસ લહ્યા જંમ, પરવારી ઘર [૧]લછી તાંમ;
માત તાત પરલોકિં પાર, [૨]અરહટીઈં નિરવહેં સા નર. ... ૧૬
આવ્યૂં વરસ તેરમું જીસેં, દુખે દીહાડા [૩]વોલેં તિસેં;
સુંડલડી આભૂ(ર)ણે ભરી, ઉપર પૂણી કિરલું કરી ... ૧૭
અર્થ લેવા ગઈ આવાસ, એહવું લેઈનેં આવી દાસ;
અકાઈ જાણૂં ઘનનું અંત, બેટીને કહેં ''મેલો કંત ... ૧૮
[૪]નિગરથ નર મમ આદર કરો, અરથ આપણું હીયડેં ધરો;''
બાંધ્યૂં મદનમંજરી છે મોહે, ''બાર કોડિ લીધા અતી લોહ ... ૧૯
જાજા જીભેં ઈમ કીમ કહું, વિરહ ડાલિ દાઝીને રહું;''
''વૃક્ષ વિફલ નવી રહે વિહંગ, નીરસ કુસુમ ન ફિરેં [૫]ભૃઅંગ ... ૨૦
સુકે [૬]સર સારસ ન ફિરંત, દાધે વન મૃગલાં ન ચરંત;
ભુપતી [૭]ભાવઠ થાય કપૂતૈ, બાખડ નેં વાછરુ કિમ મલેં ... ૨૧
જીવિત દીસેં તાં રાખીએ, સાર સંગ્રહી [૮]છોતાં રાખીએ ?
આથ થકી સહૂ આદર કરેં, કિમ આપણાનેં નિર્ધન મન હરેં ?'' ... ૨૨
તે બાલા નવી માંનેં બોલ, નિષ્ઠુરપણું તે કરે [૯]નિટોલ;
''ધોઈ સપાટી ઢોલીયા તણી, હેઠલી ભોઈં આવો તેહ ભણી'' ... ૨૩
ઈસ્યાં બોલ બોલે બેમની, કર્મ ચંડાલ તે દુષ્ટ [૧૦]ડુંબીની;
માંહિ સારવણી દીએ દાસ, રજલ લાગી રે વિકલ વિમાસ ... ૨૪
''રજ લાગેંવા જો બીહો [૧૧]બુડ, તું આંહી આવ્યો કાં છઈ કુડ ?''
'એ કુવચન કાઢવા તણાં, જઈ (જો)ઈ એહવે ઘર આપણાં' ... ૨૫
મુકી નીસાસઉ સાસ, આવ્યો ઘરનઉ ખેડાવાસ;
કાંતતી એક દેખે નારિ, વલી વલી મુખ ઘાલેં બારિ ... ૨૬
આઘૂ જઈનેં પાછૂં વલેં, [૧૨]વલતું દેખી વનીતા કલેં;
એક વાર ઘર ઘ(ર)ણી હોઈં, પૂછેં ''વલી પાછો સું જોઈ ? ... ૨૭
સેઠ ઘનાવો કરતાં રાજ, તેહ માયલો કો નવી દીસેં આજ;''
કાંમની કહેં ''એ સહુ તુમ તણો, થાંનીક થયું કુટંબ આપણું ... ૨૮
કરવા લીહીઘ અભિષેક,'' વિનય વનીતા કરે વિવેક;
બેઠો જુએ ઘરની [૧૩]ક્ષોભ, ગઈ આગેની ઘરની શોભ ... ૨૯

---

૧. લક્ષ્મી, ઘન; ૨. રહેંટ; ૩. પસાર કરે; ૪. નિર્ધન; ૫. ભમરો; ૬. સરોવર; ૭. મુશ્કેલી; ૮. છોતરાં, નકામી વસ્તુ; ૯. નક્કી, અવશ્ય; ૧૦. ચાંડાલણી; ૧૧. મૂઢ; ૧૨. પાછા વળતાં; ૧૩. અચંબો પામી.

અંઘોલી દેવ પૂજા કરી, [૧]લીહ આવી બહુ દુખ ભરી;
ભોજન કરીનેં પૂછે વાત, ''કુંણ ગામાંતર ગયા માઈ-તાત ?'' ... ૩૦
''વડ ગાંમાંતર ગયા તે ઘણી, ભલેં સાર કીધી ઘર તણી;''
તેણ કરેં તે કાંતી કરી, રહીઉ કાંત કે પેટ સરિ ભરી ... ૩૧
છએ મસવાડો રહ્યું આધાંન, કાંમની કહે ''કીમ મીલસું ધાંન ?
વિવિસાય તુમેં આદર કરો, [૨]પોઠ સાથે તમેં [૩]દેસાઉરિ ફિરો ... ૩૨
''[૪]નીમી વિણ કિમ હોએ તેહ ?'' સુંદરિ કહેં ''સાંભલો ભેહ;
એક આવાસ મેલો આપણો, બીજો માહરા પીહર તણો ... ૩૩
[૫]ગ્રહણો મેલી કાઢો દ્રામ, વ્યાજે કાઢી કીજૈ કાંમ;''
સોહાસણી સજાઈ કરી, કોથલ આપ્યૂં ભાતેં ભરી ... ૩૪
મોદીક વીસ શ્રીસ [૬]પૂણિ કીધ, દાંમ વાંસ(ડી) એક સાથ લીધ;
ખાટલડી એક લીધી તિહાં, પોઢીઉ પ્રીઉ [૭]પોઠ હૂઓ જિહાં ... ૩૫
નગર પાદર પોઢાડી કરી, ઘરિ આવે ઘૂરે દુખ ભરી;
પ્રીઉ પોઢાડયો બાલદા સાથ, 'ધિગ ! ધિગ ! દૈવ કાં દી(કી)ધી અનાથ' ... ૩૬
ઈણિ અવસરિ એક અચરિજ હુઓ, વિવહારી વાંઝીઉ મૂઓ
[૮]જરા જીરણ એક ડોકરી નારિ, રોવા ન દીએ વહૂયર ચ્યારિ ... ૩૭
''ગહિલાં છો તુમેં કેહ ના રોઓ ? ધન સઘલું રાઉ લ(ઈ) જાતું જોઓ;
સર્વ લેસે રોવા નવિ લહો, એક દુખ કે આગલ કહો ? ... ૩૮
નહીં જાણેં બાઈ બાલતાં, મુયા ઉપરી જાયા ગાડાં ઘાલતાં;
ખણી ખાડો ઘાલો તિહાં, નામ ન જાંણે વલી કોઈ જિહાં'' ... ૩૯
વહુયર આગલ કહી નીકલી ડોકરી, બેટા કેરો દુખ વીસરી;
કંકણ ભાજેવા ન દીએ બાઈ, ફિરંતા ફિરંતા બાલદ ગઈ ... ૪૦
[૯]ધુડિમાંહિ ઈક [૧૦]લેટેં કેવ, ગુણી ઉપરિ ઈક સુતા હેવ;
ખાટલડીઈં એક સુતો જોઈ, જાંણ્યો કોઈ [૧૧]સકરમી સોઈ ... ૪૧
તીહાં આવી વાહી [૧૨]ચાપડી, ''આઓ ઉપાડો રે બાપડી;''
ચારે ચીહૂ પાઈએ વલગ, આપણ પંથઈ જાઈ અલગ ... ૪૨
નીદ્ર ભરીઓ ઘર આણીઓ, ''કરો સીણગાર'' આસીસહ દીઓ;
''કેહો અવસર એહ જ ભયો, તમ બેટો અમ ભરતારહ ગયો !'' ... ૪૩
''કહ્યું કરોને માનો હેવ, થાત માત પણિ રાખો મેવ;
[૧૩]વ્યહણ થયું જાગ્યા [૧૪]સંચલ જોઈ, 'આ સું સ્વર્ગભવ નેહ હોઈ ?' ... ૪૪

૧. હદ; ૨. સાર્થવાહ; ૩. વિદેશ; ૪. નાણું; ૫. ઘરેણું; ૬. પણ; ૭. વણઝારા, પોઠિયા; ૮. વૃદ્ધ; ૯. ધૂળમાં; ૧૦. લેંટવું; ૧૧. ભાગ્યશાળી; ૧૨. ચૂપચાપ; ૧૩. પ્રભાત; ૧૪. સંચાર.

ચ્યારે નારી ચિહૂં પાસે રહી, અપછર સરસી દીસે સહી;
જાગ્યો જોએ ઝાકલમાલ, 'સોહોણો લહું છું કે ઈંદ્રજાલ ?' ... ૪૫
ડોકરી દેખી કીધા જુહાર, પુત્ર ભણી ''આવરદા અપાર;
ચ્યાર કલત્ર ભોગવ ધન દીધ, માનવ ભવ તણો લાહો લીધ'' ... ૪૬
કેવનું ચિંતવે 'અતી ભલું, દેસાઓર જાતાં દોહિલું;'
લીહ ગઈને આવ્યૂં ખંડ, સર્વ સુખ ભોગવે અખંડ ... ૪૭
ઊંચી ભોઈંથી ઉતરવા નવિ લહેં, આગાસીઈં ચડતા નવી સહે;
કામકાજ [૧]આફણીઈ કરેં, કેવનું તિહાં મંગલ વરેં ... ૪૮
ચ્યારિ પૂત્ર જનમ્યા ચિહૂ નારિં, બાર વરસ રહ્યા તસ ઠારિ;
પોઠ આવી તે વરસે બાર, ડોકરીનેં હુઈ સુધ અપાર ... ૪૯
સાસુએ વહુયરનેં કહ્યું, ''હવે કાઢીએ સું કરેં એ રહ્યો ?
લાછી તણાં ઘણી હુયા પૂત્ર, તેહ ભણી કાંઈ કરો [૨]અખત્ર ? ... ૫૦
અમ અંગજ કેરી આથ જ એહ, [૩]લઠર પાંહિ ખવરાવ્યું તેહ;''
''પૂત્ર પેટનો પોષ્યો ખાડ, વિષ દેઈ ભાંજસે હાડ ... ૫૧
એ ડોકરી દુષ્ટ ચંડાલ, કાંઈ કહિસી તો દેસેં ગાલ;
તે કેહાં છે સાંભલ વાણું, એ દેસેં ઘરમાંહિં ઘાંણું'' ... ૫૨
મણ એકના મોદક હતા, ચિહૂં મણના કરો ભાવતા;
મોદક બાંધતાં કરચૂં વિચાર, 'એહનેં કીજૈ કાંઈ ઉપગાર' ... ૫૩
લાડૂ માંહિ ઘાલ્યાં રત્ન, ડોકરી આવે તવ કરે જતન;
''એ બાપડો અધવિચ કાઢીએ, આપણું હીયડું કરવત વાઢીએ'' ... ૫૪
ખાટલડી તેહાં સજ્જ કરી, મેલા સહૂ વસ્ત્ર આવરી;
લેખૂં કરી જગાવે રાતે, જિમ જાગે વલી પ્રભાતે ... ૫૫
ઘોસેં પાટી ઢોલીયા આંતણી, ખાટ લીઈ પોઢો તેહ ભણી;
ચિપટી વાહી તેડી ચ્યારિ, ''ઉપાડી મેલો પોઠ મઝારિ'' ... ૫૬
સોહાસણિ સોમઈયા કહે, ''બાપ તુમારો બાલદ રહે;
ઈગ્યાર વરસનું બેટો લેય, પાડોસી આવી પૂછે તેય ... ૫૭
કુસલે આવ્યો બાલદ તાંમ, ઘણાં દીવસ લાગી તિણ ઠાંમ;
''કહો તમે સું લાયાં લાહ ? વાત કહો અમ મનિ ઉછાંહ ... ૫૮
[૪]ખીલી ખટકું કીહાં નવી હુઓ, કર્મ માંન લાભ જુજુઓ;
સું લાવ્યા બેટાના બાપ !'' કહે એમ ન દીઠો હુઓ સંતાપ ... ૫૯

---

૧. આપમેળે; ૨. અનિષ્ટ; ૩. લઠ્ઠ માણસ; ૪. અંશ માત્ર અનિષ્ટ.

તિણિ વાતેં હુઓ ઉચાટ, સુતને કહેં ‘‘સું જોઓ વાટ ?
વિરુઈ વાત ભલુ નવી કરેં,’’ રોઈ આંખને આંસુ ખિરે ... ૬૦
ઝુરમ ઝૂર આવો હો [૧]રજચ્યાર, ઉગતેં ગઈ બાલદ મઝારિ;
પૂત્ર સહીત હીંડે પૂછતી, માણસ દેખી અને મુર્છતી ... ૬૧
જોતાં ખાટલડી દીઠી તેહ, ‘કોથલડો મેં આપ્યો એહ;
નવી જાણું સુંતું છે કોઈ,’ મુખ ઉઘાડે તો પ્રીય હોઈ’ ... ૬૨
દેખીનેં હીયડું અતી હસી, [૨]ઊંઠ કોડિ રોમરાય ઉલસી;
સરીર સોભા જાણ્યો મુખી, કેવનું પછેં અતી સુખી ... ૬૩
પ્રભાતે ઉઠીઓ જીસેં, દીઠું ગોંધરું ગામનું તીસેં;
કાઢીઓ રે પેટિ [૩]ત્રિવટી પડી, લીહ આવી ખંડ ગયું પડી ... ૬૪
સુંદરી કહે ‘‘તુમે કુંણ [૪]સંઘાત ? બાલદમાંહિ કોઈ ન જાણે વાત ?
હું સુઆરી ગઈ મન રુલી, મેં આવીઓ (જ)ગાડ્યા વલી ... ૬૫
બાર વરસ સુતા રહ્યા ? જાતા ન લેતા કેણે નવી કહ્યા;’’
કંત કહે ‘‘કાંમિની કાંઈ નવી રલ્યાં, અમને સાથ અનેરા મિલ્યાં ... ૬૬
થયા રાજી આવ્યા સાથ ઘણું અછે જો ચડસે હાથ;’’
બેટો કહે ‘‘લાગી ભુખડી, અમ તાત ! આપો સુખડી’’ ... ૬૭
મોદીક એક આપીને [૫]વાહિં, બીજા મેલ્યા મંદિરમાંહિ;
માંહિ માંહિ લાડુ આવે જેહ, કર્મ વીસેષેં ઠાલું તેહ ...૬૮
દાંણી ઘણ સંતાપે ઘણાં, [૬]વ્યાતુ દાંમ માંગે આપણાં;
કોઈ કોઈ આપે ને વાહીએ, વીમાસી જોએ તો દેવા સહીએ ... ૬૯
છએ મસવાડે તે વાહી એ, નવી છૂટીએ તે વેચાહીએ;
એકવાર નીસારીઓ રતન, ઘુંઘટ ભણી તિણ કીધા જતન ... ૭૦
[૭]ખેપવા ખડીઈ પાંણી જાઈ, કંદોઈને ઘરિ તે થિર થાઈ
પડ્યો રતન તે પાણીમાંહિ, બિહું ખંડે થયું પાણી જાંહિ ... ૭૧
જલથંભણ મણિ જાંણિ લેય, ધુતારીને લીધું તેય;
ઈણ અવસરે રાયનું ગજરાજ, પાણી પીવા પોહોતો કાજ;
તટની તંતુ જીવેં ગ્રહ્યો, નિબડ નાગ પાસેં બાંધીઓ ... ૭૨
હાથ ચોરાસી લાંબુ જાંણી, તંતુ જીવ લેઈ જાઈ પ્રાણિ;
રાઈ પડાવૈ પડહો પ્રસાદ, ’’ધું કન્યા નહીં [૮]વીવાદ ... ૭૩

---

૧. રાત્રિના ચાર પ્રહર; ૨. સાડાત્રણ કરોડ; ૩. પેટ પર પડતી ત્રણ વળી; ૪. સાથ; ૫. લઈ લેવું, ખેંચી લેવું; ૬. વળતું; ૭. નાખવાં; ૮. ચર્ચા.

મેલાવે તે [૧]મયગલ રાજ, તેહના સાધું સઘલા કાજ;''
કંદોઈ એ બીડુ છબીઓ, રાય કહે ''ગજ મરવા દીઓ'' ... ૭૪
અભય કહે ''છૂટેં ગજરાજ, પછે કરસું [૨]જુગતું કાજ;''
મણીને પ્રભાવે પાંણી દોઈ ખંડ, [૩]સલસલીઆતે જીવ પ્રચંડ ... ૭૫
મયગલ મેલાણું ઈણિ મેલ, પાંણી માંહિ કરેં જલ કેલ;
કંદોઈ કહે ''હવે પૂરો આસ,'' અભય કહે ''બોલાવો દાસ ... ૭૬
બાંધો રે બહુ બલીઓ બંધિ, સડસડ સુડો કાંબે કંધ;''
મારતાઇ મુર્ખ બલબલેં, વીવાહ તાહરું ઈણી પરે મિલે ... ૭૭
આવ્યૂં ચોરીએ ઉમટેં, ''તાહરે હાથે રતન કીહાંથી ઘટેં ?
રતનતણાં દોઈ થાનિક જોઈ, વિવહારી એકે રાજા હોઈ'' ... ૭૮
''છાંડો બંધ જીમ કેહવા લહૂં,'' કંદોઈ કહેં વાત તે સહૂ;
ઢીલે બંધે બોલે તેહ, ''કેવનાં સુત આપૂં એહ'' ... ૭૯
કન્યા કુંણ તું ન્યાતિ જોઈ, [૪]યુગતિ યુગતિ તેમની હોઈ;
કંદોઈ કહે ''કન્યા સાત ઘરિ, જાવા દ્યો પોહતી રાત'' ... ૮૦
કેવનાંને તેડું ગયું, ઘર સઘલું ચિંતાતુર થયું;
દાણી ઘણી એ કીધી રાવ, તિણ થાઈ સિં અતી સતાવ ... ૮૧
ઘણી જુ આવીસુ ચાડીઈ, સાંઢ સીઈસું ઉપાડીઈ;
રતન જુગત પ્રભુ પૂછૈ તેહ, ''તો પરણાવો બેટી એહ'' ... ૮૨
[૫]લાહ ગઈને આવ્યૂં ખંડ, સુખ ભોગવે તે પ્રભાવ પ્રચંડ;
અભયકુમાર સાલા પ્રતે કહે, ''તાહરી બુધિ કુણ કારણ રહે ... ૮૩
કુપ કંઠ તે પહીરી મંદ, આદન હું તો આણ્યૂં અંદ;
ઉદયન કુડ કરી આણીઓ, બુધિ ચંડપ્રદ્યોતની તાણીઓ ... ૮૪
તો જાણીઈ તારી બુધિ, જો માહરી મન વંછીત સીધિ;
ચ્યારિ નારીનેં ચારો પૂત્ર, ડોકરી એક માંહિ છે વીચીત્ર ... ૮૫
જો મિલસેં તો માણસ મેલ, નહીતરિ તાહરી વિદ્યા [૬]વિકલ;''
''ઈહાં હસે તો મીલસે સહી, તેહ [૭]મણાહ જી વાત જ કહી'' ... ૮૬
મુરતિ કેંવનાની જીહાં, લાંબે નાકે [૮]દુદાડી તિહાં;
ચીતારે કીધી અભીનવી, જખ્ય ભણી પ્રસાદેં ઠવી ... ૮૭
અભયકુમારે માંડયો પ્રપંચ, ''જણ જણ પ્રતી આણો મોદક પંચ;
સહુ જુહારો ઈણી સર જખ્ય,'' ડાંગરું ફેરાવ્યો તે ચારે દખ્ય ... ૮૮

---

૧. હાથી; ૨. યોગ્ય; ૩. સળવળ્યા; ૪. બંધ બેસતું; ૫. લાભ; ૬. અપૂર્ણ; ૭. માણસો; ૮. મોટી ફાંદવાળી.

પ્રસાદ ઉપર ચડીયા તેહ, અભયકુમાર કેવનાં બેહ;
આવંતા જખ્ય જુહારીવા જોઈ, પાલેં બેઠાં ઈણી પરિ અવલોકઈ ... ૮૯
એક મોદિક જખ્ય આગલ રહે, બીજા સહુ સેસ ભણી લહે;
ભેલા કરવા ન દીએ દેવ, આવા જાવાની લહી એ ટેવ ... ૯૦
તે જોઈ તે વદે વઉયા(ય)ર, વદ કીઈત સુણું વિચાર;
જાવીત નવી હીડેં તેહ, વહુયર કહે ''કર દુખે એહ ... ૯૧
ગયા પાખેં હવે નવી છુટીએ, જૈને જખ્યરાજ હવે ભેટીએ;
અરચક્રનેં આરામી એક, રહેં તિહાં બીજાંઈ અનેક'' ... ૯૨
ઈસું સુણી તે જણ નીસરયાં, રથ બેઠાં વીતક વિસરયાં
''ઘુંઘટ કરો રખે દેખેં કોઈ,'' કેવનું કહિ ''કુણ બેટા હોઈ ?'' ... ૯૩
અભય કહે ''નવી લાભે એમ, તો મુઝ કસવટી પોહોચે કેમ ?''
માંહિ આવ્યા તવ દીઠું દેહ, 'દાદા !' કરી તવ વલગા તેહ ... ૯૪
વહુયર વિરચિત લાધું દેવ, [૧]ભાગે લાગેં તો પામ્યૂં હેવ;
[૨]ધ્રૂજ વિછૂટી ડોકરી ઘણું, ''માં માં છલ્યાં'' [૩]આસાતન ભણી ... ૯૫
[૪]ધાંધી થઈનેં કહે ''નીસરયો, છોકરડે જૈને રથ ભરો''
[૫]જરડી ઝટકી જાએ તાંમ, તે ધુરત નાર પૂહેં થ્યા તાંમ ... ૯૬
''હવણાં કર કર કીજેં'' કહી, ડોકરી ઘર દેખાડેં નહી;
વહુયર ભોલી જાંણે કિસું, જઈ જોઈ સે હોસે જેં જિસ્યું ... ૯૭
ઘર આવીને કીધા જુહાર, કીધું જોહાર આગણાં બાર;
''આવ્યો વહી ગયો છે જેહ, આ ડોકરડી કેરું કહું કેહ ?'' ... ૯૮
ભલી તાહરી [૬]તાંતલ કરી, મેં તો જોયું ઘર ઘર ફીરી;
કેવનું કહે તેહ ભણી માત, [૭]હલુયા કરવા કીધી વાત ... ૯૯
લખમી સઘલી જાણી લેય, તે માટે જ રડી ખીજે તેય;
સીકેં પડીઉ જીમ બીલાડ, ઘર ઘર કહે રે કર્મ ચંડાલ ... ૧૦૦
ઘાંહિ ચુકો ભડ તીસું થાઈ, ફલ ચુકો વાનરડો જાંઈ;
વિદ્યા ચુકો [૮]ખેચર જિસું, ગામ ભુલો ભંડારી તીસું ... ૧૦૧
જુથભૃષ્ટ જીમ મૃગલી હુઈ, તિમ તેહણી પરે [૯]વીલખી થઈ;
માથું કુટે ઊભી જઈ, અભયકુમાર કહે ''એ મુઈ ... ૧૦૨
એહને તું કાંઈ આપેસ ? ગલી અંગુઠું એહનેં ચાંપેસ;''
અભય વચને એક મેલ્યૂં લખ્ય, એક આવાસ મેલ્યૂં પ્રત્યક્ષ ... ૧૦૩

---

૧. ભાગ્યમાં; ૨. ધ્રૂજારી; ૩. અનાદર; ૪. ઘાંઘલ કરીને; ૫. હળવાશ; ૬. કપટ; ૭. વિદ્યાધર; ૮. ઉદાસ, ખિન્ન.

ઘરિ આણી ચારેં કલત્ર, આથ સહીત તે ચ્યારે પૂત્ર ;
છઠી કુમરી લીલાવતી, [૧]વારોત જે આગેં હતી ... ૧૦૪
સાતે સુંદરીસું રંગ રમેં, વિલસેં વીર જેસું મન ગમે ;
સુતને સોંપી ઘરનું ભાર, સાતેંસું લીધો સંજમ ભાર ... ૧૦૫
મુગતી રમણી તે પામેં દક્ષ, દાંન પ્રભાવેં ઈસું પ્રત્યક્ષ
પૂનમ ગચ્છે **સાધુ રતનસુરી** સીસ, **મેલ (મયલ)ચંદ્ર** કહે મતી પૂરીસ ... ૧૦૬

ઈતિ શ્રી કયવન્ના શેઠની ચોપાઈ સંપૂર્ણ

---

૧. વેશ્યા।

૧૩. શ્રી ફતેહચંદ કૃત કવયન્ના ચોઢાળીયું (સંવત. ૧૮૮૧)

દુહા : ૧

પાર્શ્વનાથ પ્રણમી કરી, પુન્ય તણો અધિકાર;
કવયન્ને [૧]સોહ(હા)ગ લહ્યો, પુન્યેં જય જયકાર ।।૧।।
સાલગ્રાંમ મધ્યે વૃધા, સુત સંગે ત્યાં વાસ;
એકદા સૂત પય ઘરે ઘરે, દેખી થયો ઉદાસ ।।૨।।
માંગે બાળક માય પેં, પુરણ ખીર આહાર;
વાંણી સૂંણિ રુદન કીયો, [૨]ઉપગહ દે ચતુ નાર ।।૩।।
કરી [૩]ત્યાર [૪]પય સુત પ્રતે, પૂરસઅ મા વહિ જાય;
માસખમણનેં પારણેં, પડિલાભ્યો મુનીરાય ।।૪।।
માત દષ્ટિનાં દોષથી, થઈ [૫]વિસૂચી(કા) [૬]તાંમ;
કાળ કરી સ્વર્ગે ગયો, પામ્યો સુખ અભિરાંમ ।।૫।।

ઢાળ : ૧

જગમેં પુન્ય પ્રધાન, પુણ્યથી જિહાં જિહાં હોય સુખી;
રાજગૃહી નૃપ **શ્રેણિક** સોહે, મંત્રી **અભયકુમર;**
રાંણી **ચેલણા** નૃપ પટરાંણી, અપછરનેં અણુંહાર જ૰ ।।૧।।
[૭]મહાજન પ્રમુખ **ધનાવો**, શ્રેષ્ઠિ તેહનેં **ભદ્રા** નારી;
સ્વર્ગ થકી ચવી ભદ્રા ઉરમેં, ગર્ભ વધે સુખકારી જ૰ ।।૨।।
સુભ વેલાં સુત જનમ્યાં ઉછવ, નાંમ **કયવન્નો** દેવેં;
સવર્ધ પાઠક હુવાં વેગી, વિદ્યા ગુરુનેં સેવેં જ૰ ।।૩।।
સિત્તર દોય કલા સબ સિખી, જોવન વયમેં આવેં;
સાગર કન્યા **જયશ્રી** નામેં, પરણી નેંણ ફિરલ્યાંવી જ૰ ।।૪।।
વિષય વિમુખ રહે કુમર ન સમઝેં, વહુ સાસુનેં ભાખેં;
‘‘અણઘડ ભાઠો ગલેં લગાયો, વિના ગુનેં ઈમ રાખે’’ જ૰ ।।૫।।
સેઠાણી તવ કહ્યો સેઠને, ‘‘વિષયમાંહી [૮]પરચાવો;’’
સેઠેં [૯]ગ્રંથ દેઈ ઉલંઠાને, ‘‘ખોટા વિસન સિખાવો’’ જ૰ ।।૬।।
લલિતાપુરસ વેસ્યા ઘરિ રાખિ, આપનેં [૧૦]કુવરકું આયા;
કયવન્નેં વેસ્યાસું [૧૧]લુબધે, બારે વરસ ગમાયા જ૰ ।।૭।।

---

૧. સૌભાગ્ય; ૨. વસ્તુ, પદાર્થ; ૩. તૈયાર; ૪. ખીર; ૫. કોલેરા; ૬. હ.પ્ર. (ખ)નો પા૰ થાંમ; ૭. હ.પ્ર. (ખ)નો પા૰ સત્રર કલા સબ સીખી જોવન તેહાં ભદ્રા નારી; ૮. પરિચય કરાવે; ૯. ધન, પૈસા; ૧૦. હ.પ્ર. (ખ)નો પા૰ થરકુ; ૧૧. લલચાયો.

માત પિતા અપ દોસ કાઢતાં, પરભવ ભણિ સિધાયા;
[1]લારે જયશ્રી કોડ સોનઈયા, વરસોવરસ [2]પોચાયા ૪૦ ।।૮।।
ઘન ખુટાં તવ આભરણ વેચી, હાથે કરી પુગાયા;
અક્કા ઘરનો તલો જ દેખી, બેટીનેં સમઝાયા ૪૦ ।।૯।।
‘‘ઘરસું કાઢી કરો એ આગે, રાખ્યાં ન રહેં [3]માંમ;’’
તવ બેટી કહે અમ્મા પ્રતેં, ‘‘ઈણ ભવ એહી જ સ્વાંમ ૪૦ ।।૧૦।।
ફિર ગઈ મન સાસ [4]વપ ખુરની, કયવન્નો સંગ ટારી;
અક્કા ઉલંટપણિં કર ઘરથી, આપદ કાઢી બારી ૪૦ ।।૧૧।।
ઘર પૂછંતો નિજ ઘરી આયો, પ્રમદા પ્રેમ સવાયો;
માસ એક ઘર સુખ દેખીનેં, પરદેસે સિધાયો ૪૦ ।।૧૨।।
સથવાડામેં સહસ આદમી, ઠાંમ ઠાંમ ડેરા દીના;
કેવન્નો દેવલ પલ્યંગેં, ભલા બિંછાવણા કિનાં ૪૦ ।।૧૩।।
[5]અરક આથમ્યા સુતો નિંદમેં, [6]વપુખા નિજ ઘરી આવેં;
એહવેં એક નિસા એ અચંભો, કયવનેં પુન્યેં થાવેં ૪૦ ।।૧૪।।
એક સેઠની જિહાજ ભાગાંની, સુત મૃત [7]રહસ સુણયા;
કુલનો નાસ હોવંતો દેખી, અક્કા રુંદન ટલાયા ૪૦ ।।૧૫।।
કરડી છાતી કરીનેં અક્કા, લેઈ વહૂનેં સાંગે;
‘‘કાંમ પડ્યાં અકાર્ય કરણો, કહ્યો વડેરાં આગે’’ ૪૦ ।।૧૬।।
[8]સથવડિં તરુણ જોવતી, દેવલ કયવન્નો દેખી;
ચ્યાર વહુને ખાંધે ધરાવી, પલ્યંગ સમેત [9]વિશેષી ૪૦ ।।૧૭।।
કહિ અક્કા ‘‘સુંણ [10]દેવતદાઈ!! કરસ્યાં સેવા થારી;
ચ્યાર વહુસૂ રમો કુંવરજી, એ છેં દાસી થારી.’’ ૪૦ ।।૧૮।।
કયવન્નો ચ્યારાંસૂં સુખમેં, નારયા [11]ધૈનડ જાયા;
દિન દિન પ્રીત વધંતી સાચી, સુખમેં કાળ ગમાયા ૪૦ ।।૧૯।।
સથવાડો ચાલ્યાં જયશ્રી નારી, પલ્યંગ લેવણનેં આઈ;
દેવલમાંહે પલ્યંગ ન દેખ્યાં, પાછી ઘર તે જાઈ ૪૦ ।।૨૦।।
સુભ વેલ્યાં સુત જન્મો જયશ્રી, સુતસું દિવસ ગમાવે;
આસાયેં કરિ રહે રંગમેં, આસા જન્મ ગમાવે ૪૦ ।।૨૧।।

---

૧. પાછળ; ૨. હ.પ્ર. (ખ)નો પા॰ પુછાર; ૩. ગૌરવ; ૪. હ.પ્ર. (ખ)નો પા॰ બપર; ૫. સૂર્ય; ૬. હ.પ્ર. (ખ)નો પા॰ બપુખા; ૭. રહસ્ય; ૮. સાર્થવાહ, વણઝારાની વસ્તીમાં; ૯. વિશેષ; ૧૦ દેવાંગનાઓ; ૧૧. પુત્ર.

દુહા : ૨

એકાદશ વરસાંમાંહે, કચવન્નો સુત હોય;
ભણે સદા પાઠક કનેં, વિદ્યસૂં આગમ જોય ||૧||
બારેં વરસ વિતાં થકાં, [૧]સગિઠોડ મુકાંમ;
સથવાડો આયો સુણી, હરખાતી જયશ્રી તાંમ ||૨||
'ઈણ સાથાં સંગે પીઉ,બારે વરસ કમાય;
આયા છેં નિશ્ચે સહી, મિલસ્યું [૨]પ્રતિ જાય' ||૩||
ઈમ વિચાર કરતી થકી, નિસા ગમાવે [૩]દૂર;
સૂણો વાત અક્કા તણી, ઈણ પર કરેં [૪]વિચૂર ||૪||

ઢાળ : ૨ (લહરાની .... એ દેશી)

ચ્યાર વહુસું કજીયો કરે, ''કાઢો ઘરથી બાર'' હો સ્વારથ જગ પ્યારો;
સુણ સાસુરા બોલડા, ઉપનો દૂખ અપાર હો. સ્વા. ||૧||
ચ્યાર વહુ મિલ સામંઠી, કરે આલોચ વિચાર હો. સ્વા.
'સાસુ હુઈ **સ્વાનણી**, [૫]વિરચી કરેં [૬]વિગાડ' હો. સ્વા. ||૨||
વહુચર હિલમિલનેં કહે, ''પ્રીતમ કેમ છોડાય ? હો. સ્વા.
બારે વરસની પ્રીતડી, જીવ રહ્યો રંગ લાય હો. સ્વા. ||૩||
પહિલી પોતે થેં કીયો, સબલ અન્યાય અકાજ હો. સ્વા.
ઘર ઘરણી કરી રાખીયો, કીધી ન કુલરી લાજ હો. સ્વા. ||૪||
જાયે પરાયેં ઘર વસ્યો, ગરજ સરી કોડ લાખ હો. સ્વા.
કાંમ સરયો દૂખ વિસરયા, હિંવે કાં દિખાવો કાખ ? હો. સ્વા. ||૫||
લાજ રહી લખમી રહી, બેટા હુઆ ચ્યાર હો. સ્વા.
કરતાર તુઠો એ દીયો, ભાગ વડે ભરતાર હો. સ્વા. ||૬||
હિવે તો ઈણમેં છોડતાં, ન વણેં કાંઈ વાત હો. સ્વા.
નેહૂ ન છૂટે જીવતાં, ભીની સાતે ઘાત હો. સ્વા. ||૭||
ખાંણા પીણા પહરણા, કાજલ તિલક તંબોલ હો. સ્વા.
ઈણ વિણ સહુ અલખાંમણા, ઈણ વિણ નહીં કો મોલ'' હો. સ્વા. ||૮||
જોર વહે તે ડોકરી, તડક ભડક બોલે તૂટ હો. સ્વા.
''રહો રે આપણી લાજમે, કાઢસું [૭]ઘિગાનેં કૂટ હો. સ્વા. ||૯||

---

૧. સાર્થ; ૨. સામે, હ.પ્ર. (ખ)નો પા. પ્રીતે; ૩.મુશ્કેલીથી; ૪. વિચાર; ૫. ગુસ્સે થયેલી; ૬. બગાડ; ૭. ધીંગાણું.

[૧]જાર ફીટી હુવો ઘરઘણી, વિલસેં લીલ વિલાસ'' હો૰ સ્વા૰
ગ્રોડ ફોડ માંડી ઘણી, વહુવાં ઉપર ગ્રાસ હો૰ સ્વા૰ ।।૧૦।।
ગ્યારે નાર વિચારનેં, રત્ન લેઈ જલકંત હો૰ સ્વા૰
જલ જાવેં જૂઓ ફાટિનેં, મોદકમેં ઘાલ્યા ખંત હો૰ સ્વા૰ ।।૧૧।।
ગ્યાર લાડુ મોટા કીયા, ઘાલ્યા રત્ન વિચાલ હો૰ સ્વા૰
મુંકી [૨]સીરાંણેં કોથલી, [૩]સાગે દેવલમાંહે ઘાલ હો૰ સ્વા૰ ।।૧૨।।
સસનેહી ગ્યારે જણી, રોતી ભર ભર આંખ હો૰ સ્વા૰
સાસુસૂં આઈ ઘરેં, રહી નિસાસા નાંખ હો૰ સ્વા૰ ।।૧૩।।
હવે કુલવંતી મુલગી, લેઈ ફલનેં ફૂલ હો૰ સ્વા૰
[૪]વરઘન બેટો સાથ લેં, ગઈ જોસી રે મૂલ હો૰ સ્વા૰ ।।૧૪।।
''વરસ બારે હુવાં પાઠકાં, પીઉ ચાલ્યો પરદેશ હો૰ સ્વા૰
નાઈ ચીઠી સુધિ કાં પડી, [૫]તિસણું ચિંતા વિશેશ'' હો૰ સ્વા૰ ।।૧૫।।
જોતિષ સાચો જાણંતાં, ફલસી વંછિત કાજ હો૰ સ્વા૰
''મિલસ્યેં આજ તુઝ બહનડી, સુણ પાંમી અવિચલ રાજ''
હો૰ સ્વા૰।।૧૬।।
ઘર આવી હો દોનું મિલી, કંતનેં સનમુખ જાય હો૰ સ્વા૰
તંબુ આવી દેખી ઘણા, હિયડે હરખ ન માય હો૰ સ્વા૰ ।।૧૭।।

દુહા : ૩

કયવન્નો જાગ્યો હિવેં, 'એ એ કોણ હવાલ ?
કિહાં ઘર ઘરણી ગ્યાર તે કિહાં મણ મોતી માલ ? ।।૧।।
કિહાં કપૂર કિહાં પ્રેમ રસ ? કયાં હિડોલા ખાટ ?
સહી ધુતારી ડોકરી, એ સહુ રચીયાં ઘાટ ।।૨।।
છેતર છેહ દિખાવીયો, સોચ પડયો સંદેહ;
વિના [૬]ગ્રથ ગાંઠે હુવાં, હિવે જાઉ કિમ ગેહ ?' ।।૩।।
હિવે નારી દેવલ ગઈ, દીઠી તેહી જ સેજ;
બેઠો પ્રીતમ ઉપરે, દીઠો મન ધરી હેજ ।।૪।।
બોલે માતા હેજસું, ''બેટા ! એ તુઝ બાપ;
ખોલેં બેસો [૭]ખાંતસું, ટલિયા દૂખ સંતાપ'' ।।૫।।

---

૧. પરપુરુષ; ૨. માથા પાસે; ૩. સાગની ખીંટી; ૪. મોટો થયેલો; ૫. તેથી ; ૬. સંપત્તિ; ૭. હેતથી.

ઢાળ : ૩ (ભરથરીની .... એ દેશી)

બોલે પદમણી [૧]વેજણી, ''આજ સફલ અવતાર;
કરતા(૨) એ આંણ મેલીયો, ભાગ્ય વડે ભરતાર'' ||૧||
પ્રીતમને પ્રમદા કહે... આંચલી.
અચરજ મનમેં ઉપનો, એ તો ઉઠાવઈ જ સેજ;
ગહનો ગાંડો લીલનો, અંગે સુરંગ સતેજ પ્રી॰ ||૨||
મેલ નહી હાથે પગેં, [૨]ડીલ ન લાગેં [૩]ખેહ;
માર્ગ ખેદ દીસે નહી, ચલકેં ઝલકેં દેહ પ્રી॰ ||૩||
ધવલા [૪]વત્થ પગ પંખજ્યું, ચોખા ચીરનેં હીર;
જાણેં રહ્યો રંગમહલમેં, ખાધા ખાંડનેં ખીર પ્રી॰ ||૪||
પૂછે પદમણિ બાલિકા, ''કાંઈ ઉડી આયા આકાસ ?
બેઠા આયા વિમાનમેં, કાં બેઠા રહ્યા આવાસ ?'' પ્રી॰ ||૫||
પાછો ઉત્તર દે નહી રે, ન કહેં આપણો તોલ;
ગુંગા જ્યું હૂં હું કરે, [૫]મુઢે ન બોલેં બોલ પ્રી॰ ||૬||
''ચાલો ઘર'' ઘરણી કહે રે, ઝાલ્યો [૬]સંબલ [૭]સેજે;
ઘણી ઘણીયાંણી સુત્ત મિલી, આયા ઘર ઘણે હેજે પ્રી॰ ||૭||
સાહ બેઠો ઘર આયનેં રે, હિવે તસ સુત સુખમાલ;
વરસાં હુવો છેં ઈગ્યારમેં, ભણે ગુણે [૮]નેસાલ પ્રી॰ ||૮||
કોથલી માંહેસું કાઢિનેં રે, લાડુ દે એક તિવાર;
સુતનેં દીયાં પાઠક કન્હે, ચાલ્યો હુય હુસીયાર પ્રી॰ ||૯||
લાડુ ખાતાં નિકલ્યો રે, દીઠો રત્ન અનુપ;
એ મુઝ પાટી ઘુંટણે, દેખે કર કર ચુપ પ્રી॰ ||૧૦||
છુટી પડીયો હાથથી રે, કંદોઈ કુંડમાંહ;
જલ ફાટો જલકંતથી, લીયો કંદોઈ ઉછાંહ. પ્રી॰ ||૧૧||
''ધો મુઝ પાટી ઘુંટણો રે,'' મીઠો લાડુ દીધ;
મીઠે વચને ભોલવી, રત્ન અમોલક લીધ. પ્રી॰ ||૧૨||
હિવે માંડી ગાદી આંખલો રે, ઉપર માંડી થાલ;
નાત જિમાડેં નાહનેં, ફોડયાં રત્ન નિહાલ. પ્રી॰ ||૧૩||
કહે નારી ''ધન પ્રીઉ ! તુમ્હે રે, ધન લાયા ભલ સુલ;
ચોર ન દેખે કુતો ભુસે, અલ્પ ભાર બહુ મૂલ !'' પ્રી॰ ||૧૪||

---

૧. સ્ત્રી, નારી; ૨. શરીર ; ૩. ધૂળ, રજ; ૪. હ.પ્ર. (ખ)નો પા॰ વસ્ત્ર; ૫. મુખેથી; ૬. ભાતું; ૭. શય્યા; ૮. પા॰ લેસાલ

''હૂં હૂં'' કયવન્નો કહે રે, સુઝે કમાઈ આપ;
બીજો અખર નહીં ઉચરે, ''હૂં હૂં'' પછેં ચુપચાપ. પ્રી॰ ।। ૧૫।।
તીન રત્ન ભેલા કીયાં રે, હુવો જગ પ્રસીધ;
પૂર્વ પૂન્ય પસાઉલે, જડી વલેં રિધ સિધ. પ્રી॰ ।। ૧૬।।
મત સંવાહી આપણી રે, માંડયો વિઝન વ્યાપાર;
ઘર વધી લક્ષ્મી ઘણી, દિન દિન જૈ જૈ કાર. પ્રી॰ ।। ૧૭।।

દુહા : ૪

તિણ અવસર તિણ નગરમેં, ફિરે પડાનો ઢોલ;
''ગજનેં કાદેં જલ થકી, દે અર્ધ રાજસ તોલ. ।।૧।।
સિંચાણક શ્રેણિક તણો, પીતાં નદીમાંહ;
તંતુ મછ [૧]ખાંચ્યો પગેં, ગજ આયાં ઉછાંહ. ।।૨।।
કંદોઈ પડહ છબ્યો મનમેં કરે વિચાર;
ધુંવા ફૂંકા કુંણ કરે, લાલચ લોભ અપાર. ।।૩।।
રત્ન લેઈ નિજ હાથમેં, ચાલ્યો ઘણોં [૨]ગહગટ;
પેઠો નદીમેં પાધરો, ફાટો જલ [૩]દહવટ. ।।૪।।
છુટો સિંચાણક હાથીઓ, બાંધ્યો રાજદુવાર;
રાજા પૂછે ''કિંહા થકી ? રત્ન સાચ વિચાર. ।।૫।।
કૂડ કહ્યાં જમનેં ઘરેં, કરેં પુગતો આજ;''
''કયવન્નેં સુત [૪]ખેરીયો, ભોલવીયો મેં રાજ.'' ।।૬।।
સાચ થકી છોડયો નૃપતિ, વાચા પાલણ કાજ;
પરણાવી નિજ પુત્રિકા, કયવન્નેં મહારાજ. ।।૭।।

ઢાળ : ૪ (ઈડર આંબા આંબલી રે ઈડર દાડમ દ્રાખ... એ દેશી)

કયવન્નો સુખ ભોગવે રે, સોભાગી સિરદાર;
માંને શ્રેણિક રાજવી રે, માંને અભયકુમાર;
સુગુણ નર, પૂન્ય વડો સંસાર... આંચલી ।।૧।।
કયવન્નો એકદા ચિતવે રે, મંત્રી પાસેં સાહ;
''દેખો [૫]પાપણ ડોકરી રે, કાઢયો રાખી ઘરમાંહ.'' સુ॰ ।।૨।।પુ॰

---

૧. પકટયો; ૨. આનંદથી; ૩. મૂળથી નાશ થવું; ૪. પડાવ્યો; ૫. પાપી.

વિતક વાત કહિ સર્વે રે, મંત્રી [૧]બુધક રાત;
એક દેવલ જક્ષ રાજનો રે, સેવ્યા [૨]ચિંત મિટાત. સુ. ।।૩।।પુ.
કયવન્ના સમ સોહતી રે, મુર્તિ બેઠાડી માંહ;
નગર ઢંઢેરો ફેરીયો રે, હુવી પુરમેં ઉછાંહ. સુ. ।।૪।।પુ.
છોરૂવાલી સબ નારીયાં રે, આવે પુજણ કાજ;
અક્કા પિણ લેઇ ડાંગડી રે, વહુ લેઈ પોતા સાજ. સુ. ।।૫।।પુ.
હલવે હલવે હાલતી રે, દેખી પ્રતિમા જેહ;
સ્વરુપ કયવન્ના સારિખો રે, નારયં જાગ્યો નેહ. સુ. ।।૬।।પુ.
તે મુર્તિને દેખીઓ રે, ડોસી કરી અસરાલ;
પાપે સંકે પાપણી રે, લાગેં કોઈ જંજાલ. સુ. ।।૭।।પુ.
હિયડો હટકયૌ નવિ રહે રે, નાખેં નીસાસા નાર;
હિયડો હેજે પુરીયો રે, ભલાં દીઠો ભરતાર. સુ. ।।૮।।પુ.
તેહવેં બાલક ખેલતાં રે, ચ્યારે નાન્હા બાલ;
મુર્તિ પાસે આવીયા રે, હરખ્યા નેણ નિહાલ. સુ. ।।૯।।પુ.
બોલેં બાલક બોલડા રે, મણ મણ મિઠા બોલ;
‘‘કૂં બેઠા ઈહાં આયનેં રે ? જયૂં કોઈ બેઠો [૩]નિટોલ.’’ સુ. ।।૧૦।।પુ.
એક કહે ‘‘[૪]બાબો મહારો રે,’’ બીજાનેં દેં ગાલ;
એક બેસે [૫]ખોલિં આયનેં રે, એક [૬]ખાંચેં લેઈ બાલ. સુ. ।।૧૧।।પુ.
એક કહૈ ‘‘ભેલા બેસનેં રે, જીમસ્યાં બાબા રે સાથ;’’
એક કહૈ ‘‘જીમણ ન દેઉ રે,’’ દેવે મુખ આડો હાથ. સુ. ।।૧૨।।પુ.
નાંનડીયાં રે બોલડે રે, લાધા સગલા સાર;
કયવન્નો પ્રગટો હુવો રે, મંત્રી અભયકુમાર. સુ. ।।૧૩।।પુ.
દેખી ધ્રૂજી તે ડોકરી રે, બાહુ ઝકોલ્યો ઝાડ;
ડોસી [૭]પો(ફો)સી પાપણી રે, જાણેં પડી ચોર ઘાડ. સુ. ।।૧૪।।પુ.
ધૂતારી તે ડોકરી રે, કાઢી ઘરથી કૂટ;
હરખી ચ્યારે પદમણી રે, પાપ કાઢયો દુખ છૂટ. સુ. ।।૧૫।।પુ.
હેજેં મિલી નિજ નાહનેં રે, ટલીયા દૂખ [૮]દોભાગ;
બેટા ચ્યારું હી કૂટરા રે, પ્રગટયો જસ સોભાગ. સુ. ।।૧૬।।પુ.
કયવન્નો સુખ ભોગવે રે, રમણી સાત અનુંપ;
ઈંદ્ર ચંદ્ર પિણ દેખતાં રે, આંણેં મનમેં [૯]ચુંપ. સુ. ।।૧૭।।પુ.

---

૧. બુદ્ધિવાન ; ૨. ચિંતા; ૩. નઠોર, નિર્લજ્જ; ૪.પિતાજી; ૫. ખોળામાં; ૬. ખેંચે; ૭. ડરપોક; ૮. દુર્ભાગ્ય; ૯. આશ્ચર્ય.

દાનેં તૂસે દેવતા રે, દાંનેં દોલત હોય;
દાંન વડો સંસારમેં રે, જસ ગાવેં સહુ લોય. સુ॰ ।।૧૮।।પુ॰
તિણ ઢાળે નેં તિણ સમે રે, જંગમે તીર્થ જેહ;
તીર્થ નાથ ત્રિભુવન ઘણી રે, ભાંજેં સયલ સંદેહ. સુ॰ ।।૧૯।।પુ॰
સાત હાથ પ્રભુ સોભતાં રે, ઘન તે લોચન દીઠ;
ચરણ કમલની રજ કરી રે, કરતા પવિત્ર ભૂપીઠ. સુ॰ ।।૨૦।।પુ॰
અનુક્રમેં વિચરત વીરજી રે, સમોસરયા નિરવદ ઠાંમ;
મિલીયા ચોવીહ દેવતા રે, વંદણ નૃપ જાવે તાંમ. સુ॰ ।।૨૧।।પુ॰
કયવન્નો મંત્રી સંગે રે, દેસનાં સુણી નીજ કાંન;
પૂછેં શ્રેણિક રાજવી રે, પૂર્વ ભવ વિ(ર)તાંત. સુ॰ ।।૨૨।।પુ॰
પ્રભુ કહેં ‘‘પાયસ દોય રેખથી રે, દાંન દીયો તિણ મેલ;
દોય વેલાં ઋધ તે લહી રે, પડિ અંતરાય બિહુ વેલ. સુ॰ ।।૨૩।।પુ॰
હળુ કરમી ચિત ધારનૈ રે, છોડી સકલ પરિવાર;
સાત નારી આપ આઠમો રે, લીધો સંયમ ભાર. સુ॰ ।।૨૪।।પુ॰
ચરણ કરણ વૃત અનુંગ્રહી રે, પોહતા **સર્વાર્થસીધ**;
મહાવિદેહમેં પાંમસી રે, સીવરમણી નવ નિધ. સુ॰ ।।૨૫।।પુ॰
દાંનતણા ફલ દાખીયા રે, કયવન્ને સોભાગ;
હીણ અધિક મિથ્યાદુકડં રે, **ફતેચંદજી** કહેં જિનમાગ. સુ॰ ।।૨૬।।પુ॰
આચાર્ય ઇંદ્રભાંણજી રે, તાસ પ્રસાદ ગણાય;
સવંત અઢારે ઈકયાસી રે, પોહ વદ ઈગ્યારસ સુહાય. સુ॰ ।।૨૭।।પુ॰

।। ઈતિ શ્રી કયવન્નેરો ચોઢાડો સંપૂર્ણમ્।।

૧૪. શ્રી ગંગારામજી કૃત કયવન્નાકુમાર ચોપાઈ (સં. ૧૯૨૧)

દુહા : ૧

પુરણ વંછત સુખકર્ણ, દાયક **અરીહંત દેવ**;
સેવ કરૂં સુધેં મનેં, નામ જપૂં નીત મેવ ...૦૧
સમરુ સૂરસ્વતી સ્વામીની, પ્રણમું સત ગુરુ પાય;
કેવનાં કુમાર કી, કથા કહૂં ચીત લાય ...૦૨
પ્રથમ વહી ધુર મંડીયે, **ગોતમજી**કિ લબધ(ધિ);
સુરગુર સમ જગ જાંનીયે, **અભય** કુંવરકી બૂધિ ...૦૩
અખૂટ અટૂટ ભંડાર સમ, **સાલિભદ્ર** કી રીધ;
કેવનાં સોભાગ તીમ, નાંમ લીયેં તે સીધ ...૦૪
વારૈ **શ્રી મહાવીર** કેં, **શ્રી શ્રેણિક રાજ**;
ભોગી ભમરો નર થયો, સારયા આતમ કાજ ...૦૫

ઢાળ : ૧ (ધર્મ દલાલી ચીત કરો...એ દેશી)

નગરી **રાજગરી** ભલી, સુર નગરી સમ સોહે રે;
રાજા પ્રજા બહુ સુખી, ભવજણનાં મન મોહે રે ...ન૰ ...૦૧
ધનદત્ત શેઠ વસેં જીહાં, રીધ સમરીધ સનુરો રે;
કોડીધજ વીવહારીયા, રાજા માને પુરો રે ...ન૰ ...૦૨
ચંદવદન મીરગાલોચની, **વસુમતી** તસ નારી રે;
દેવ ધર્મ ગુરુ રાગિણી, નમણી ખમણી સારી રે ...ન૰ ...૦૩
ગાલ રાલ મુખ નાવે કે, ઉંચે [૧]સબદ ન [૨]બોલે રે;
કુલવંતી સૌભાગની, કોઈ ન તેહનેં તોલે રે ...ન૰ ...૦૪
સુખ લીલા ભર વીલસતાં, ઉપજો ગર(ભ) ઉદ્યોત રે;
સૂરબીંબ જિમ પૂરવે, સીપ સોહૈ જિમ મોતી રે ...ન૰ ...૦૫
નીસભર સુતી નીંદમેં, **ચંદ** સૂપન તીણ દિઠો રે;
જાય જણાયો નાથનેં, ફલ ભાખો તીણ મિઠો રે ...ન૰ ...૦૬
તીજે માસ ડોહલો, ઉપજે ગરભ પ્રભાવે રે;
ચોર [૩]ચૂગલ કીનાં સુનૂં, તપ જપ સીલ સુહાવે રે ...ન૰ ...૦૭

---

૧. પા૰ સ્વાદ; ૨. પા૰ વોલ.; ૩. ચાડી, ચુગલી.

દેવ ગુરુ વંદે સાસતાં, ઘરમે [૧]અમારગ જાવે રે;
ભજન કરેં ભગવાનકો, દાંન માને સુખ પાવે રે ...ન૰ ...૦૮
નવ નવ ભોજન કીધી બહુત વીધ તાજા રે;
તાજે કાજે ભોજનેં, સગલા કીયા રાજી રે ...ન૰ ...૦૯
હીવે નવ માસ પૂરા હુઆ, ગ્રહ આયો ઉંચે રાસ રે;
સુભ લગનેં વેલા ઘડી, પુષ્પ નક્ષત્ર ચંદ પાસ રે ...ન૰ ...૧૦
તીણ વેલા તીણ વસુમતી, બેટો સખરો જાયો રે;
તેજ કરે તન દિપતો, સુરજ જેમ સવાયો રે ...ન૰ ...૧૧
રંગરલીયા વધામણાં, ગીત મંગલ ગાવે ગોરી રે;
નાનાં વીધ નાટક કરે, બાંધા તોરણ રણવારી રે ...ન૰ ...૧૨
કુલદીપક સુત જનમીયો, વાજા તાલ કંસાલ રે;
પહલી ઢાલ પૂરી થઈ, **જૈતસી** રંગ રસાલ રે ...ન૰ ...૧૩

દુહા : ૨

[૨]દસૂટન દેવઅંગના, કરવે સગલો કામ;
માત પીતા દીયો ભલૌ, **કેવનોં** સુત નામ. ... ૦૧
દિન દિન વધતે ચંદ્રમાં, જીમ ચઢતે ચઢતે વાંન;
પાંચ ધાય પાલે જતો, લાડ કોડ બહૂ માંન ... ૦૨
આઠ વરસનો જવ થયો, ભણન લિખીવ નેસાલ;
સકલ કલા સીખી ભલે, વિધાનો બહૂખ્યાલ. ... ૦૩
સોભાગી સિર સેહરો, રુપે દેવકુમાર;
ભણી ગુણી પંડિત થયો, જોવન વય સુવીચાર. ... ૦૪

ઢાળ : ૨ (પૂજ્ય પધારો નગરીમાંહીરી...એ દેશી)

વસુમતી સતિ દિન એકેક, ગજગતી મલપતી એ;
આઈ પ્રીતમ પાસ, બોલે જિમ સુરસતી એ;
''સ્વામી ! સુણ અરદાસ, પૂરો આસ માહરી એ;
[૩]પ્રણવો કૃતપુણ્ય બેટી, જોવો સાહરી એ. ... ૦૧
વહુઅર વિન ઘરબારક, સુંનો જાણીયો એ;
વહુ પડૈ મુઝ પાય, વિકસેં પ્રાણિયો એ;

---

૧. અનિષ્ઠ; ૨. સુવાવડી સ્ત્રીની દશમે દિવસે થતી શુદ્ધિ; ૩. પરણાવો.

વહુ પ્રણૈ જો પુત, દેખુ પોતી પોતરા એ;
રહૈ આપના થીર નાંમ, ચલે વંસ ગોતરા એ. ...૦૨
ધનદત્ત માની વાત, જોશી તેડી કરી એ;
સાગરદત્ત વડ સાહ, માંગી તસ દીકરી એ;
કુંમરી **જૈશ્રી** નામ, રુપ દેવકુંવરી એ;
પ્રણાઈ ધરી પ્રેમ, [૧]આરમ કારમ કરી એ. ...૦૩
કુલવંતી ગુણવંતી, સીલે સીતા સતી એ;
ચોસઠ કલાની જાણ, વાણી અમી રસવતી એ;
નારીને ભરતાર, જોડી સરખી જડી એ;
રાધાને ગોપાલ, કામ રતી પરગડી એ. ...૦૪
હરખત હુવા માવીત, જગત જસ વીસતરો એ;
દીધો મહલ આવાસ, ચિતરામેં ચીતરો એ;
જાણે કોઈ દેવવીમાંનક, દીસૈ દુસરો એ;
ચંદેં પામી [૨]લિહાજમા વસ ગયો ઝુસરો એ ...૦૫
ઝીલકેં અધકી જોત જાલીયાં ઝગમગી એ;
જો દેખેં નરનાર રહૈ લાગી ટગિ ટગિ એ;
વીચ હીંડોલા ખાટ સોવન રતનાં જડી એ;
ઝીલકેં હીરા લાલ મોતી લડીયાં વડી એ ...૦૬
બીચ મહલોં કે બાગ ફૂલવારી વના એ;
ચોવા ચંદન તેલ ફુલેલ લાગેં ઘણા એ;
ચંપા ગુલાલ સોહંત મહક ચહુદીસ ભમઇ એ;
ભમરા કરત ગુંજાર(વ) ફુલો પ્રદૈઠ ગઇ એ ...૦૭
સજન પુ(ર)જન લોક સહુ સંતોષીયા એ;
દીયા પાનતંબોલ [૩]વાગા પહરાવીયા એ;
કીયા [૪]ચંગા વીવાહ જગત સોભા મહમહી એ;
જૈતસી કહી દુજી ઢાલ મન ગહગહઇ એ ...૦૮

દુહા : ૩

પંડિત પાસેં સીખીયો, સાસ્ત્ર સહસ્ત્ર સુવીચાર;
રહેં વીષેંસેં વેગલો, કેવનોં સુકુમાર ...૦૧

---

૧. ઘણો કરિયાવર; ૨. ? ? ? ?; ૩. લગ્નના વસ્ત્રો; ૪. ધામધૂમથી.

વિદ્યાસેં રાતો રહે, મનમેં નહીં વિકાર;
દેખી જૈશ્રી દિન ઘણાં, કહૈ સાસુનેં સાર ...૦૨

ઢાળ : ૩ (ઘોડી તો આઈ થારા દેસમેં મારૂજી !...એ દેશી)

''મેરો નાહ નગીનો જાણે સુગંધો કેવડો; સાસુજી.
સોભાગી વડભાગ નહીં એવડો ...સા. ...૦૧
પ્રીયડો કરે ન સાર રહે જીવ દુખીયા સા.;
મોહ ઉદાસી દેત આપ તો સુખીયા ...સા. ...૦૨
મોસું કરેં ન રાગ વૈરાગી સારીસો સા.;
ભોગ સજાઈ છોડ જોગીસર પારીખો ...સા. ...૦૩
કરૈ વીદ્યા અભ્યાસ પોથી જીમ પંડીયો સા.;
ન રહૈ ઘર કૈવાર વટાઉ હંડીયો ...સા. ...૦૪
મેં તો સુગંધી જાઈ ભમર નહીં ભોગીયો સા.;
મેં કુલવંતી નાર નાથ નીરાગીયો ...સા. ...૦૫
મેં તો ચિંત્યા આગનેં જોર જાણે કાલી કોયલી સા.;
સખીય સહેલી સાથ રહું નીત દોહેલી ...સા. ...૦૬
મેરે નેંણા નાવેં નીંદક સુતા સેજડી સા.;
મેં તો ઝુર રહી દિન રાતક વનમેં ખેજડી ...સા. ...૦૭
રાચૈ ના રુચે રૂપ સરુપ ન ખલગુલ સારીખો;
હંસ બગલાનો હેત જાણે પારિખો ...સા. ...૦૮
છેલ છબીલી દેહ ન ચાખે બયલમાં પૂતડો;
ન રુચેં સરસ સંવાદ ન જાણેં ભૂતડો ...સા. ...૦૯
અપની જાંઘ ઉઘાડ કે આપહી લાજીતીયેં;
થારેં આગેં કહી વાત અવર નહીં કીજિયૈ'' ...સા. ...૧૦
વહુયરનાં એ બહુ વૈણ સેઠાણી સાંભલી;
કહૈ સેઠસું વાતક દુખ ભર આકૂલી ...સા. ...૧૧
''કરો કોઈ દાવ ઉપાય પુરુષનોં એ હુવૈ સેઠજી;
આજ લગેં એ ભોલો વહુને દુહવૈ'' ...સા. ...૧૨
બોલે સેઠ ''વિચાર વચન કૂંણ ભોલવૈ સેઠાણી ?
એ અણસીખી વાત સહુ મન સંચવૈ ...સા. ...૧૩

---

૧. ઘુવડ; ૨. બજારમાં

કોન સીખાવૈ હંસ ભમર ભોગી ભલા;
મોર પાંખ ચીતરામ ચોર ચોરી કલા ?'' ...સા॰ ...૧૪
સુંણી સેઠની વાત રીસાણી સુંદરી;
જૈતસી ત્રીજી ઢાલ કહી મનસાં કરી ...સા॰ ...૧૫

દુહા : ૪

વૈણ ઘણાં સેઠેં કહા, પિણ સમઝૈ નહીં નાર;
કામની હઠ જો લૈતી કો, નવી મુકે નિરધાર ...૦૧
નટ વીટ લંપટ લાલચી, જુયારી લડાક;
વીસની તેડે વાનીયાં, જેહ ચઢાવે ચાક ...૦૨
મોહ વસેં ધનદત્ત ભણેં, ''કેવનો સુકુમાલ;
માલ ઘણાં દે સીખવો, વીસનકલા તતકાલ'' ...૦૩

ઢાળ : ૪ (મરહટી સુખમાલ દેવકી નંદન...એ દેશી)

સાત વીસન કે ઘણી બોલાયે સેઠ ધનભાઇ,
''મેરા પુત્ર કોતીક બનાવો વીસનકલા માઇં, દખ દેઉં તુનેં રે ભાઈ
દ્વાદસ કોડ સોંનઇયા લેવો કરો મોજ આઇં'' ...૦૧
ઇતની વાત સુનીનેં વીસની, સેઠ દ્વાર આઈ;
ભંગી જંગી ઔર પૌસતી, જુયારી કાયઇ ...દખ ...દ્વા॰ ...૦૨
નાના વીધ પકવાન મીઠાઇ, [૧]ઓર [૨]વાલુસાઇ;
કરમી શ્રી [૩]કાસરવત પીવેં, મૂછેં વલ ખાઇ ...દખ ...દ્વા॰ ...૦૩
કરૈં કથા [૪]દિસટંત કવિત કર દોહે ચતરાઇ;
મદિરા પી કેં મસત ભએ તવ, ચોપડ વીછાવાઇ ...દખ ...દ્વા॰ ...૦૪
લાવૈ હોડાહોડ ઘુમતો, પ્યાલે કે માંહિ;
હારેં જિતેં ખેલ કરત હો, માંસ લેત ખાઇ ...દખ ...દ્વા॰ ...૦૫
એકેક ગાવેં રાગ સીંધુ, સોરઠી ગુજર ગાઇ;
તીન ગાંમ સ્વર સાત દસમું મુરછીનાં, એકવીસેં તાઇ ...દખ ...દ્વા॰ ...૦૬
તાલ તમાલ ટોલકી વાજૈ, વીણાં ઉમંગ વાઇ;
થેઇ થેઇ સબદ ઉચારત વેસ્યા [૫]છેલારી [૬]ઝાઇ ...દખ ...દ્વા॰ ...૦૭

---

૧. અને; ૨. પકવાનનું નામ; ૩. મદિરા; ૪. દષ્ટાંત; ૫. મદોમન્મત્ત; ૬. થાઈ

દુધ દહી ઓર મેવા ખાવેં, વિષીયા ચીત લાઇ;
નરક ખજાને તંબૂ તાંણે, દુખ બહુ તે પાઇ ...દખ ...ઢા॰ ...૦૮
નઇ ભાત કી વાત સુનીને, ચિતમેં ચમકાઇ;
કેવનાંને ઘીયાંન લગાયો, મરકટ કીનાંઇ ...દખ ...ઢા॰ ...૦૯
તનમન મટકત કહત વેસયા, ''જોવન [૧]વૈ પાઇ;
એ જોવનનેં એસી જવાની, વાર વાર નાંહી આઇ'' ...દખ ...ઢા॰ ...૧૦
જી જી કરતે જીભ્યાસું કો ? મતલવ કે તાંઇ;
પોથી પુસ્તક છોડે વસનેં, વેસ્યાસેં [૨]લવ લાઇ ...દખ ...ઢા॰ ...૧૧
લીયા જાલમેં ગેર વેસવા, લાજ ઓર સરમ ગમાઇ;
જ્યોં ચંદાકી પ્રીત ચકોરી, ફીર ટુટત નાંહી ...દખ ...ઢા॰ ...૧૨
કહે વેસયા ''સુંનો કુંવરજી ! જો હમરે ઘર આઇ;''
ઢાલ ચતુરથી માંહી કુંવર નૈ, અપનેં ઘર લાઇ ...દખ ...ઢા॰ ...૧૩

દુહા : ૫

ચંદવદન મૃગલોચની, રુપેં ગોરી રંભ;
કેવનોં ભોગી ભમર, દેખત ઘરૈ અચંભ ...૦૧

ઢાળ : ૫ (અવકૈ વેસર પાવતો વીપ્રનો તજી માનું...એ દેશી)

કર જોડી વેસ્યા બોલૈ, ''તુંમ ભલીઇ પધારા ઢોલી હો;
કેવનોં ભોગી મેં તો તેરી દાસી, તુંમ ભોગો લીલ વિલાસી ...હો॰ ...ક॰ ...૦૧
ઇણ મંદિરમેં રહનાં, સુખ ભોગ વીલાસી સહુનાં હો કે॰
તન મન ઘણ સવ તેરા, વીલસો સુખ પ્રીઉ મેરા'' ...હો॰ ...ક॰ ...૦૨
હાવ ભાવ કરે ભારી, ચીત ચોર લીયો તીન નારી હો કે॰
કેવનોં મોહત કીનોં, ઘરિ પ્રીત વધાઇ દીનોં ...હો॰ ...ક॰ ...૦૩
નીજ ઘરમેં દાસી મુકી, એક ક્રોડ દીયો ધન ચુકી હો કે॰
મનવંછત લીલ કરાઇ, યાં તો સરખી જોડી મીલાઇ ...હો॰ ...ક॰ ...૦૪
દીન રાત રહૈ રંગ રાતા, ફીર કાલ ન જાનેં જાતા હો કે॰
ઘર કુટંબ વિસર ગયા સારા, પરણી છોડી નિરધારા ...હો॰ ...ક॰ ...૦૫
રોવત છોડે પીતા માંઇ, એ તો કામ તણી અઘકાઇ હો કે॰
માત પીતા સુધ નહી લીની, એકવાર કોડ ધન દીની ...હો॰ ...ક॰ ...૦૬

---

૧. વય; ૨. પ્રીત;

વરસ વીત ગયે બારા, ફીર ઘર કી સુધ ન સારા હો કે૰
દાસી બોલી ધરિ નેહી, ''સુત ! આવો એક વાર ગેહી ...હો૰ ...ક૰ ...૦૭
પરણી મૃગાંક્ષી રોવે, નીત ભોંમ ચઢી ગઢ જોવૈ હો કે૰
સુન દાસીની વાંણી, મન કર લીયો વજૂસ માંની'' ...હો૰ ...ક૰ ...૦૮
દાસી તો નીજ ઘર આવૈ, સગલો વીરતાંત સુનાવૈ હો કે૰
માવીત સુણિને વાતા, મનમાંહી લહી અસાતા ...હો૰ ...ક૰ ...૦૯
છોડી નીજ કુલ લાજ, ઇન [૧]અધક અધક સવ કાજ હો કે૰
વેસ્યા ઘર જો નર પડીયા, ધન ખોયાને રડવડીયા ...હો૰ ...ક૰ ...૧૦
ડુબ્યાં કાલી નીરધારો, સેવીજી ન કો વેસ્યા નારો હો કે૰
એહ પાંચમી ઢાલ વખાંણી, વીપતામેં પડીયા અગ્યાની ...હો૰ ...ક૰ ...૧૧

દુહા : ૬

દાસી મનમેં ચીંતવૈ, વાત કહી ઘર આય;
''કુમર વેસ્યાયેં ભોલવ્યો, આવણ વાત ન કાંય.'' ...૦૧
વાત સુંણી કામિનિ હીવે, કરતી બહુત વીલાપ;
આપ કમાયા કામ છૈ, કરે ઘણાં પછતાપ ...૦૨

ઢાળ : ૬ (લહરવાની...એ દેશી)

''તું જીવન તું આતમા રે, તું મુઝ પ્રાંણ આધાર રે બેટા આવજ્યો;
સુત તણિ પરેં વસી રહો, સાંભલો હીય મઝાર રે ...બે૰ ...૦૧
તીલભર જીભ રહૈ નહી, કિમ જાસી [૨]જમવાર રે;
એકવાર ઘર આય કેં, કર માતા કી સાર રે ...બે૰ ...૦૨
તું મુઝ આંધા લાકડી, તું કાલજાકી કોરે રે;
આંત લુહણા તું માહરે, કી હોવૈ કઠણ કઠોર રે ...બે૰ ...૦૩
કૂણ કહસી મુઝ માયડી, કીણને કહિસું સુત રે ?
એક ન જાયા વીણ સહી, કીમ રહસી ઘર સુત રે ...બે૰ ...૦૪
જોઉં બેટા ભોજન સમેં, હીય વસતો આય રે;
જો માતા કે લેકર લેખવો, તો ઘર આણ વસાય રે ...બે૰ ...૦૫
સીલેં સાલ તણી પ્રે, સાલે અહીઠાંણ રે;
પ્રાણ હૂવૈ વેગલા પ્રાહૂણાં ! તું જાણ મત જાણ રે ...બે૰ ...૦૬

---

૧. ધિક્કાર; ૨. જન્મારો

મેં તો બુઢી ડોકરી, નૈણ ગમાયો રોગ રે;
ઘર સુનો કર તું ગયો, રહ્યો પ્રદેસી હોય રે ...બે૰ ...૦૭
બાલપણે જાણતી, સીયાલાકી રાત રે;
તો છોડે નહીં માતનેં, ચઢો કલંક વિખ્યાત રે ...બે૰ ...૦૮
વહૂ રતન તાહરી, સુગુણ સતી ગુણલીણ રે;
કોયલ જુ કાલી હૂઈ, વીરહ વિજોગણ ખિણ રે ...બે૰ ...૦૯
લાલ પાલ મોટો કીયો, ધોયામેં મલને મુત રે;
આપ સોવતી [૧]આલમેં, [૨]અવ વેસ્યામેં વીગુતે તે ...બે૰ ...૧૦
નીચ સંગ કરાવીયો, તે ફલ લાધાં એહ રે;
પાણી પી ઘર પૂછતાં, થયો ઉખાણો તેહ રે ...બે૰ ...૧૧
મેં પાપમેં જી(વ)તી રહી, દૂખ દેખણ રે કાજ રે;
દુખીયા ને ઉતાવલા, મરણ ન દે માહારાજ રે ...બે૰ ...૧૨
દેવ ધરમ છોડીયા, છોડ દીયા માવીતર રે;''
છઠી ઢાળમેં કુંવરજી, ધરિ વેસાસેં પ્રીત રે ...બે૰ ...૧૩

દુહા : ૭

ઝૂર ઝૂર પીંજર હુયા, બુઢાપન માવીત્ર;
પિણ પાછો આયો નહીં, કેવનો ઘરિ પ્રીત ... ૧
માત પીતા દોનુ હુયા, કાલધર્મ વીવહાર;
કેવનાં નારી ઘર પાલે, કૂલ આચાર ... ૨
નારી ધન મેલે જીહાં, તીમ રે પતિને સાર;
ધન મુક્યૌ તવ આભરન, મુકે સતી સીંગાર ... ૩
ગહના ગાઠાં દેખીને, અક્કા રે વિચાર;
'ઘર ખાલી એહનો થયો, નહીં કમાવનહાર ... ૪
કરે કાંતણો તુમનો, દેખીનેં પ્રસતાવ;
વિરહન વિજોવણ નારિનો, એહી મૂલ સુભાવ' ... ૫
અનુકરમેં અક્કા સુંણી, મરણ વાત માવીત્ર;
અવ સ્વારથ અણપૂગતે, દેખૌ કરે [૩]કૂરીત ... ૬
[૪]**સોરઠા** ગીરતેં પરીય જાય જાય સમુદ્રમેં;
પ્રેમ રીયે મૂહ રાખાય, વેસા હિત નહી દિજીય ... ૭

---

૧. ભીનામાં પોતે ઊંઘતી; ૨. હવે; ૩. ખરાબ રીત; ૪. આ કડી હ.પ્ર. (ક)માં જ છે.

ઢાળ : ૭ (અલબેલાની અથવા રાણપુરો રલીયામણો રે લાલ...એ દેશી)

હીવે તે આકા ડોકરી રે લાલ, દીકરીનેં કહે તેડી;
''સું વીચારી રે ? કચવનોં નીરધન થયો રે લાલ. ...૦૧
માંન વાતડી તું માહરી રે, મુક તું એહની કેડ સુ. ...આંચલી
મત કર એહનો સંચ સુ. રહેજે રંગભર રુસણાં રે લા.
કરજે રંગમેં ભંગ સુ.... ...સુ. ...માં. ...૦૨
માલ વીનાં ન મીલાય જો રે લા. દીઠા નાવૈ દાય સુ.
ધન ખુટે અસુહામણો હો લા. કાઢ તું કૂડ [૧]ઉપાય ...સુ. ...માં. ...૦૩
વાસર વેષર વેચણા રે લા. મરત ન છોડ મંચ સુ.
સ્વારથ વીણ કીણ કામનો રે લા. ટાલૌ દીકરી સંચ ...સુ. ...માં. ...૦૪
કીન કીનનેં ચીતારસી રે લા. લખ આવૈ લખ જાય સુ.
નાઇ મુંડૈ નવા નવા રે લા. વેસ્યા ઠગ ઠગ ખાય'' ...સુ. ...માં. ...૦૫
કહે બેટી ''સુણ માતજી રે લા. એ સુખલેણિ જાત સુ.
નેહ ન ચુકે જેહને રે લા. પડૈ પટોલે ભાત ...સુ. ...માં. ...૦૬
મનમાંનો એ માહરો રે લા. બીજો ન આવે દાય સુ.
જિમ નૈણારી પુતલી તે લા. તીમ તન મનમેં સુહાય ...સુ. ...માં. ...૦૭
લાગો રંગ મજીઠનો રે લા. ચુનામેં જીમ ભીત સુ.
વીલગી વેલ જુ રુખસું રે લા. જીમ કાજલ મેં ભીત ...સુ. ...માં. ...૦૮
કર્તા ભર્તા એ સહી રે લા. ના રહે ઈણ વીન જીવ સુ.
છોડુ નહી જીવતો રે લા. રાચો રંગ સદીવ ...સુ. ...માં. ...૦૯
એક દિવસ અલગો રહે રે લા. નૈણ ન આવૈ નીંદ સુ.
જુઠ કહૌ તો તેમ લા. મેં વીંદણી એ વીંદ'' ...સુ. ...માં. ...૧૦
''રહૌ રહૌ છાનિ છોકરી રે'' લા. ડોકરી બોલે એમ સુ.
નાચનહારી નારી નહી સહ રહૈ રે લા. કીયો હમારો પ્રેમ ...સુ. ...માં. ...૧૧
રિસ શ્રીસુલ ચઢાવિને રે લા. આંખ રાતી કરી બોલે સુ.
ગાલ રાલ બોલે ઘણી રે લા. [૨]વીદકે જો [૩]બૈલ ઢોર ...સુ. ...માં. ...૧૨

ગાથા ***જુયા આલસ સોગ ભય। કુકથા કતુહલ ક્રોધ કીરપન અલપતાં વુધ।।**
ભરમ નીંદ ए મદ મોए જુવટ લુટ। તે ગુજરાત કે કાઠીયા તેર।। ... ૧

---

૧. પા. બીચાર; ૨. પતિ; ૩. બળદ

*(ગાથા:૧) જુગાર, આળસ, શોક, ભય, વિકથા, કુતૂહલ, ક્રોધ, બુદ્ધિ, કૃપણતા, અસત્ય, શંકા, નીંદ્રા, મદ-મોહ, ચોરી આ ગુજરાતના તેર કાઠીયા છે.

ડોસી પોસી પાપણી રે લા॰ જાણે કૂટો ઢોલ સુ॰
બડ બડ સબદેં બોલતી રે લા॰ સંખણી માંડયો સોર ...સુ॰ ...માં॰ ...૧૩
કેવનાં ઉપર હીવ રે લા॰ કરે બોલ નીઠોર સુ॰
બેટી રોવૈ દેખન રે લા॰ જું પગ દેખી મોર ...સુ॰ ...માં॰ ...૧૪
રુઠી કુત્તી જેહવી રે લા॰ [૧]પૂતીલો [૨]ભલવંક સુ॰
અક્કા [૩]ઉબલકાં કરે રે લા॰ કરી તી તડક ભડક ...સુ॰ ...માં॰ ...૧૫
પાપણ સાંપણ ઉછલે રે લા॰ [૪]લાગો જાણે ભુત
કહૈ ''પડો રહેત ઘર રે લા॰ રોગી સોગીનો પૂત ...સુ॰ ...માં॰ ...૧૬
ઘર સુનો મઠિ પડિયો રે લા॰ વાત કરે અદભુત સુ॰
કામકાજ જાણૈ નહી રે લા॰ ખાય પીતા ધન સુત ...સુ॰ ...માં॰ ...૧૭
લ્હૂખૌ સુખૌ ભાવે નહી રે લા॰ તાજા ધાન ઘૃત ઘોલ સુ॰
અમર [૫]છોસરા પિવણા રે લા॰ ચોઈજ તેલ તંબોલ ...સુ॰ ...માં॰ ...૧૮
સરસ તો ભાવ વીનાં જી રે લા॰ જા આપણૈ ઘરબાર રે સુ॰
માવીત(ર) મુવા તાહરા રે લા॰ કરે ઘરમાંહી આચાર'' ...સુ॰ ...માં॰ ...૧૯
એમ સુણીને ઉઠીયો રે લા॰ [૬]અમરષ આણી શરીર રે સુ॰
તેજી ના સહે તાજણો રે લા॰ હંસ ન સહે આહાર ...સુ॰ ...માં॰ ...૨૦
આંખ ઉઘાડી ચિંતવૈ રે લા॰ 'ધીગ્ ! વેસાનો નેહ સુ॰
ગિરિ બાદલસું જું છાહ રે લા॰ અંત દિખાવે છેહ' ...સુ॰ ...માં॰ ...૨૧
ધનદત્તરો ઘર પુછીયો રે લા॰ આવે માર્ગ માંહ સુ॰
નગરસેઠ સાહમો મીલ્યૌ રે લા॰ કુંવર પુછૈ રાહ ...સુ॰ ...માં॰ ...૨૨
સેઠ ઉસૈ જાણે નહી રે લા॰ જાણે પરદેસી લોક સુ
જુનો ઘર હુયો તેહનો રે લા॰ નામ ગમાયો ફોક ...સુ॰ ...માં॰ ...૨૩
સેઠ સેઠાંની બેઉ મુયારે લા॰ નીવડો પુત કપુત સુ॰
ધન ખોયો સઘલો સહી રે લા॰ વેસ્યા સંગી વિગુત ...સુ॰ ...માં॰ ...૨૪
નિજ અવગુણ કાને સુના રે લા॰ ધિગ્ ! મેરા અવતાર સુ॰
નૈણ બિહું આંસું ઝરે રે લા॰ જાણે મોતી હાર ...સુ॰ ...માં॰ ...૨૫
'તીરથ માત-પિતા કહા રે લા॰ વલી વિશેષે માત સુ॰
ન કરી સેવા ચાકરી રે લા॰ ભલીય ન કીધી વાત' ...સુ॰ ...માં॰ ...૨૬
ઈમ ચિંતવતો આવીયો રે લા॰ નીજ ઘર બાર કુમાર સુ॰
સિસ ધુણી સોચે ઘણો રે લા॰ જોતો પોલ પગાર ...સુ॰ ...માં॰ ...૨૭

---

૧. કૂતરી; ૨. પૂંછવાળી; ૩. ? ? ? ?; ૪. પા॰ ગાલા; ૫. છાસ; ૬. આળસ મરડી.

પડે પાછો પણ પાધરો રે લા॰ ચાલે ચતુર સુજાણ સુ॰
સાત વીસન એ સાતમી રે લા॰ ઢાલ કહી મન માન ...સુ॰ ...માં॰ ...૨૮

દુહા : ૮

ઘણી વિહૂણાં ઘવલહર, ઠ(પ) પડા ઢમઢેર;
હૂયો જ આમન દુમનો, દેખ દેખ ચોફેર ...૦૧
જિન ઘરમેં વલી દિસતાં, ઝાઝાં દાસી દાસ;
ગહમેં સોભા વહ ગઈ, દેખી ભયો ઉદાસ ...૦૨
જિન કે ખાંધે કૂદતે, કરતે લાડ હજાર;
લાડણહારે રહ ગયે, ગયે લડાવણહાર ...૦૩
હિવ તે ઉભો બારણે, આણી રહો અડોલ;
[૧]કુંવર કાને સાંભલે, નીજ નારીનો બોલ ...૦૪
કહે કામિની [૨]સુડા ભણી, ''ઉઠ ! ઉઠ ! પ્રભાત;
રંગ રંગીલા સુહટા ! સુન સુન મોરી વાત ...૦૫
તું અતી રુપે રુયડો, સાચો ચતુ(ર) સુજાંણ;
એક વચન મેરા કરો, મો પ્રીતમ ઘર આણ ...૦૬
વીરહે [૩]વિથા મુજમેં ઘણી, રહો ઘડી ન જાય;
તીણ કારણ રે સુવટા ! લાગુ તો રે પાય ...૦૭

ઢાળ : ૮ ([૪]લૂબધો રે લલનાં વીષયતણાં અને [૫]ભૂલી હૈ નણદલ કોડાલો...એ દેશી)

સુંણ સુંણ સુવટા ! તું તો ચતુ(ર) સુજાંણ મોરા લાલ;
રુપ તેરો રલીયામણો, મીઠી તેરી વાંણ મોરા લા॰
સુંણ સુંણ રે સુવટા ! ...એ આંચલી ...૦૧
નીલી તોરી પાંખડી મોરા લાલ, ચુંચ ઔર રાતી પરી;
રૂડી થારી આંખડી, રાતી માતી રંગ વાટલી ...મો॰ ...સું॰ ...૦૨
સોવન મઢિઓ તેરી ચાંચડી, દૂધ પખાલું પાય;
તન વછાઉ છાંહડી, નિત પ્રતિ દેખું આય ...મો॰ ...સું॰ ...૦૩
માનો કર ઉપગારીયો, વીનતડી અવધાર મો॰
ઉડ તું પંખ પસારીને, મત કર ઢીલ લગાર ...મો॰ ...સું॰ ...૦૪
કેહજો મુજ સંદેસડો, ન્યારો એકોએક મો॰
અછૈ વિજોગણ, અતી ઘણી ઝુર મરે જીમ રંક ...મો॰ ...સું॰ ...૦૫

---

૧. પા॰ કુમ્ર; ૨. પોપટ; ૩. વ્યથા, ચિંતા; ૪-૫. હ. પ્ર. (ક) અને (ખ)ની દેશી.

તજીયાં તેલ તંબોલ, ખાવણ પીવણ ખેલણા મો૰
તજીયાં ઉંઢણ પહેરણા, પીઠી અંજણ મંજણા ...મો૰ ...સું૰ ...૦૬
હીર ચીર સવ છોડીયા, ત્યાગા સવ સીણગાર મો૰
વીરહે કરવત ધાર જું, ચીર દિયો નીરધાર ...મો૰ ...સું૰ ...૦૭
સોવંતા સુખ સેજડી, નૈન નાવે નીંદ મો૰
ધરૈ ધ્યાન પીચુ તણો, જિમ ભમરી અરવિંદ ...મો૰ ...સું૰ ...૦૮
વલી કહજૈ તું જાયનેં, તૌનેં કહા જે બોલ મો૰
તેં લોપી કુલ લાજડી, કલંક ચઢાયો રોલ ...મો૰ ...સું૰ ...૦૯
તેં પંચોકી સાખમેં, મેં પ્રણીયો જોય મો૰
ખિજીઔ ગુનો દાખીય, કો કર છોડી મોય ...મો૰ ...સું૰ ...૧૦
આક એરંડ તું નીસરયો, ઓછી પ્રીત અજાણ મો૰
મેં પતી કીયાથા સહિ, [૧]કલપવિરખ સુજાણ ...મો૰ ...સું૰ ...૧૧
ગાંઠેં બાંધો તાંણ કેં, રતન અમોલક જાણ મો૰
પણ [૨]કુંપાતર નીવડો, કાંચ સરીખો [૩]પાણ ...મો૰ ...સું૰ ...૧૨
હંસ હુયો જિમ કાગલો, સોનો સીસો હોય મો૰
વેસ્યાસું કર નેહલો, નામ ગમાયો જોય ...મો૰ ...સું૰ ...૧૩
કાં સરજી કરતાર નેં, કંત વિહુણી નાર મો૰
દુખણી કિધી મોભણી, ધીગ ! [૪]ઉનકાજ માર ...મો૰ ...સું૰ ...૧૪
[૫]ઘટિ કમાઇ આપની, કે ન દીય દોસ મો૰
લહણૈ લાભ આપણૌ, કહા કરીયે અપસોસ ...મો૰ ...સું૰ ...૧૫
કોડ વરસ પિયા જીવજો, એ મેરી આસીસ મો૰
ભલો જાણ કરજો તુમેં, મત કરીયો મન રીસ ...મો૰ ...સું૰ ...૧૬
કહો અંદેસો લાવજો, મેં તેરી બલહારી મો૰
કુસલ ખેમ ઘર આવજો, વાટ જોઉં ખડી બારી ...મો૰ ...સું૰ ...૧૭
સીતા જીમ મેં નીરમલી, સતી જીમ ચિત જાણ'' મો૰
આઠમી ઢાળ પુરી હુઇ, આગેં સુણો વખાણ ...મો૰ ...સું૰ ...૧૮

દુહા સોરઠી : ૯

દિધી અપની બાંહ, ચોરી ચડી કર મેલતાં;
જિમ તરવરની છાંહ, પણ ન રાખતો કનેં ...૦૧

---

૧. કલ્પવૃક્ષ; ૨. દુઃષ્ટ; ૩. પથ્થર; ૪. અકાર્ય; ૫. ઘટી ગઈ

કૂરકો ડાંવૌ અંગ, તિણ અવસર નારી તણો;
ચિત્તમેં અસી સુરંગ, સહી મિલસે મુઝ વાલહો ...૦૨

ઢાળ : ૯ (ટૂંક ઘર અપનેં કો આવ વીષ કી છાંડ ગલી...એ દેશી)

ચરખા લે બૈઠી રે, ગરીબી સ્વાંગ ધરી;
વિપતીકી મારી રે, વિજોગણ દુઃખ ભરી ...ચ૰ ...૦૧
બોલૈ ઇમ વાંણી રે, લંબે સાંસ ભરૈ;
વીતક કથા ઘરકી રે, કહો કૂંણ સાર કરૈ ...ચ૰ ...૦૨
વેસ્યાં ઘર જાઇ રે, બેદરદી બૈઠ રહા;
સુખ દૂખ કૂંણ પૂછતે, જિસકૈ નાહ દયા ...ચ૰ ...૦૩
સુંન સુંનકેં વાણી રે, વીજોગણ નારીકી;
વજ સમ લાગી રે, દુકૂલન કારીકી ...ચ૰ ...૦૪
ઘર ભીતર આયો રે, મનમેં સંક ધરી;
મુખ તો કુમલાણૌ રે, ચંદ્ર જું રાહ ગ્રહી ...ચ૰ ...૦૫
સતી દેખ સંકાણી રે, મનમેં સોચ ધરૈ;
'એ કુંણ નર આયો રે ? પીછાંનો નાહ પરૈ' ...ચ૰ ...૦૬
એ ઘર સતી પોકારે, ''ઇહાં તું ક્યું આયો ?
મેરા કંત નહીં ઘર રે, વેસ્યા ભરમાયો ...ચ૰ ...૦૭
અપને ઘર જાવો રે, તુમારા કામ નહીં;
હમ સતી સીરોમણિ રે, અવર કો કામ નહીં ...ચ૰ ...૦૮
દુજો નર ભાઈ રે, નણદીરા વીરા વીનાં;
મેં રહું ઉદાસી રે, ચકોરી જિમ ચંદ વિના ...ચ૰ ...૦૯
[૧]કદ નજરૈ દેખૂં રે, પાપી કદ આવૈ;
મેં રુપ ગમાયા રે, અંગનેં સંતાવૈ'' ...ચ૰ ...૧૦
કેવનાં બોલૈ રે, ''આસા તેરી સફલ ભઇ;
મેં ઘરકા માલક રે, વિપત સહુ દૂર ગઇ ...ચ૰ ...૧૧
જિન તુરંત પીછાણાં રે, ઘરકા સ્યાંમ ધણી;
તન મન સબ હરખી રે, સોભા અધિક બની ...ચ૰ ...૧૨
જિમ ઘન વરસાતે રે, નાચૈ મોર સહી;
વાદલ કેઢલી કરે, ચંદ્ર પ્રકાસ સહી ...ચ૰ ...૧૩

---

૧. ક્યારે

પ્રિયા આદ(ર) દેતી રે, નવેલી રંગ ભરી;
સિંગાર સજાઇ રે, કામિની નેહ ભરી ...ચ૰ ...૧૪
નવ રસકી નવમી રે, કવીસરે ઢાલ કહી;
મિલનેકી તિયારી રે, આદર રંગ સહી ...ચ૰ ...૧૫

દુહા સોરઠી : ૧૦

મુખ ઘુંઘટ પટમાંહિ, પ્રીતમ દેખ પિછાણૈ;
ચંદ છીપૈ ન માંહિ, જ્યું વાદલ દલ ચાલવૈ ...૦૧

ઢાળ : ૧૦ (જોબનીયાં રંગી લીયા સહેલી માહારા પીઉનેં...એ દેશી)

આજ વધાવો હે સહેલી, હમ ઘર આવજો;
જાગો હમારો ભાગ, પીયા પધારીયો જો;
સુરતરુ ફલીયા હે સ૰ હમ ઘર આંગણે, અમીય તણૌ ઘર લાગ પીયા૰ ...૦૧
બીછડા મિલીયા હે સ૰ બારા વરસ તણાં દુખ ટલીયા સબ દૂર પી૰
મ્હારા વ્રતનેં પરસાદેં હે સ૰, દુખ દુહગ ટલેં હીવ વીપતા ગઇ ચુર ...પી૰ ...૦૨
તપ જપ કરતી હે સ૰ પાલતી આખડી પુરો પડીયો નેંમ પી૰
દેવ ધરમનેં હે સ૰ નીત મનાવતી, જીસતેં થાઇ ખેમ ...પી૰ ...૦૩
ધન એ વેલા હે સ૰ ધન છૈ આ ઘડી, જન્મ ભયો પ્રમાંણ પી૰
બારા વરસ કાં હે સ૰ વિછડીયા મિલ્યા, અવ ઘણૌ ગીણતા આણ ...પી૰ ...૦૪
મોતી એમ વધાવો હે સ૰ મોરા કંતનેં, ગોરી ગાયેં ગીત પી૰
ઘરમેં માંડો હે સ૰ નવ નવ માંડણી, ચીતરામણ કરાવો ભીત ...પી૰ ...૦૫
વીચ વીચ દેવે હે સ૰ આપ ઓલંભડા, સબ કાઢી મન વાત પી૰
રંગમેં મીઠો હે સ૰ લાગૈ રુસણૌ, મન લાગૈ જસી દ્રાખ ...પી૰ ...૦૬
અલીયાં ગલીયા હે સ૰ સબ પિછલા કીયા, હસ બોલૈ ઘર પ્રેમ પી૰
સાજન મિલીયા હે સ૰ આનંદ વરતીયા, દલગીરીનોં નેમ ...પી૰ ...૦૭
રંગ રલીયા હે સ૰ સબ પરિવારમેં, હુવા હરખ અપાર પી૰
તોરણ બાંધો હે સ૰ ઘરકે બારણે, સોભા વિવિધ પ્રકાર ...પી૰ ...૦૮
વરતેં મંગલ હે સ૰ સુખ અતી પાંમીયો, શ્રી પુન્ય પ્રમાંણ પી૰
ધરમ અરાધો હે સ૰ આ જિણરાજનો, દીધો સુપાત્ર દાંન ...પી૰ ...૦૯
જો દુખ પાયા હે સ૰ અબ સુખ થયા, પુર્ણ થયા સોભાગ પી૰
દસમી ઢાલેં હે સ૰ પીયા ઘર આવીયો, સીલ તણૌ સુખ પાય ...પી૰ ...૧૦

દુહા : ૧૧

જૈશ્રી સમ નારી નહી, કેવનોં ભરતાર;
જોડી બિહૂં સરખી મિલી, તુઠો શ્રી કરતાર ...૦૧
હીવૈ સુખ જગનાં વીલસતાં, સુત ઉપજો ગર્ભવાસ;
કેવનાં ઘર જનમિયો, આયો પૂન્ય પ્રકાસ ...૦૨
અબ વેસ્યાની ડીકરી, લડ આઇ ઘર છોડ;
આઇ વર ઘર પૂછતી, હોઇ જૈશ્રી જોડ ...૦૩
બીહૂં સરખી જોડી જુડી, વધતો નીત પ્રતિ પ્રેમ;
કેવનોં સોભાગીયો, લોક કહૈ ઘન એમ ...૦૪
આંખ બિહું સરખી ગીનેં, માનેં ચતુર સુજાંણ;
હાલ હુકમ જશ્રી તણૌ, હાથેં ઘર મંડાણ ...૦૫

ઢાળ : ૧૧ (ભુંડી રે ભુખ અભાગણી...એ દેશી)

નાહ નગીનો એક દિનેં, દેખી અતી દિલગીર લાલ રે;
જૈશ્રી નારી મલપતી, આઈ પ્રીતમ તીર લાલ રે ...૦૧
પુછે પદમણી પ્રિય ભણી, ''હસતા દેખી સદિવ લા.
આજ ન બોલો કિમ હસી ? થેં પ્રીતમ મુજ જીવ ...લા. ...પુ. ...૦૨
ચિંત્યા કાંઈ દિલમેં વસી, કંતે મુઝસો રિસ લા.
આજ નીહેજો વાલહો, રુઠો વિસવાવીસ ...લા. ...પુ. ...૦૩
ખાસી દાસી હું તાહરી, ખતા કર દો સિખ લા.
બિન બોલે જીવું નહી, ન ભરુ પાછી ભીખ'' ...લા. ...પુ. ...૦૪
પ્રીતમ કહે ''સુણ પદમણી ! તોસુ રિસ ન જીવતુ લા.
ઘર મંડન માહ રે, હીયે માહ સદિવ ...લા. ...પુ. ...૦૫
તોસુ મન મોહી રહો, ભ્રમર ફૂલ સુગંધ લા.
ચીંત્યા ઘનરી મો મને, દોહલો એ ઘર બંધ ...લા. ...પુ. ...૦૬
કૂલ મોટો પણ આપણું, વડા બનાયા કામ લા.
પંચામેં પ્રગટ થયો, બાપ દાદારો નામ ...લા. ...પુ. ...૦૭
આયે ગયે પાહુણો, રાવલ દેવલ કાજ લા.
ખરચ બરચ કિયા વીનાં, ન રહે ઘરકી લાજ ...લા. ...પુ. ...૦૮
દાને જાચક જસ ભણૈ, સેવા કરે સહુ કોય'' લા.
ઢલકત ઢાલ અગ્યારમી, સુણતાં **જયરંગ** હોય ...લા. ...પુ. ...૦૯

દુહા : ૧૨

એકણ દિધા બાહરો, નામ ન લે સવ કોઈ;
દીધા દેવલ ચઢે, ઈમ ભાખે સવ કોય ...૦૧

ઢાળ : ૧૨ (દાન કહૈ જગિ હું વડો...એ દેશી)

''દામ નહીં ગાંઠ માંહ રે, દામ કરે સહુ કામો રે;
દામેં તુઠે દેવતા, દામ વધાવે મામ રે ...૦૧
દામ ભલા સંસારમેં, દિધા દોલત હોઈ રે;
ગ્રહ ગોચર પીડા ટલે, આદર દે સબ લાઈ રે ...દા॰ ...૦૨
રુપઈયા માનેં રાજવિ, રુપીયાસેં ઘૃત ઘોલ રે;
ધરમ કરમ ધનસેં હૂવે, રુપીયૈ સદા રંગ રોલ રે ...દા॰ ...૦૩
રુપૈયા પ્યારા જગતમેં, રુપીયે માદલ વાજે રે;
અસનાંન પુજા રુપીયે હૂવે, રુપીયા જિન ગુણ ગાજે રે ...દા॰ ...૦૪
રુપૈયે માને ભારજા, લાડી હાથ બે જોડે રે;
વીણ દાંમ નીલો ભણી, રુઠી કડકા મોડે રે ...દા॰ ...૦૫
રુપચૈ સામાત કહાવતા, પૈસા કામણગારો રે;
પૈસે વીણજ હોવૈ સબહી, પૈસે જિમણ સારો રે ...દા॰ ...૦૬
ઋણ કરું ના સિર માહરે, ઋણથી રહે મુખ કાલો રે;
ઋણથી નાવૈ નીંદડી, ઋણથી સહીયેં ગાલો રે ...દા॰ ...૦૭
નારી મંડણ નાથજી, ધરતી મંડણ મેહો રે;
પુરષા મંડણ ધન સહી, ઈનમેં નહીં સંદેહો રે ...દા॰ ...૦૮
ખુટો ધન ખાતાં સભી, ઘરમેં સબલ ખુટો રે;
વિણજ વ્યૌપાર ન કો ચલૈ, દુભર પેટ ન ખૂટો રે ...દા॰ ...૦૯
મેં જાઉં પરદેસમેં, ધન ખાટીશ એક ચિત્તો રે;
ઘરમેં દો થે બહનહીડી, રહજો રુડી રીતો રે'' ...દા॰ ...૧૦
જૈશ્રી સુન પિયાના બોલડા, ગહનાં સરવ ઉતારી રે;
પીયા આગે મુકી કહૈ, ''કાયા મારી થારી રે ...દા॰ ...૧૧
ખાવો પીવો ખરચો વલી, માંડો વિણજ વ્યૌપારો રે;''
નાથ કહૈ ''ધન ! તું સતી, તું મુઝ પ્રાણ આધારો રે ...દા॰ ...૧૨
ગહણા ગાંઠાં વેચતાં, લાજ ઘટે હોવૈ હાંસી રે;
મેં ચાલું સંઘા પરી, ઘર કિમાડ વયાસિ રે'' ...દા॰ ...૧૩

નાર મનાવે નાહલો, ચાલણ રોકિયો સંચો રે;
માથે ભાગ તન છાંડી, ન ટલે કરમ પ્રપંચો રે ...દા. ...૧૪
તીન અવસર પરદેશ મેં, **ધનપતિ** સારથવાહો રે;
કરે ઈમ ઉદઘોષણા, નગરમાંહ અછે હો રે ...દા. ...૧૫
''ધન ખાટણ મન જે હુવે, તે આવજો મુજ સાથૌ રે;
વીણજ ઘણૌ પ્રદેસ મેં, ચઢવી બહૂ ધન હાથૌ રે'' ...દા. ...૧૬
કેવનાં સુણી વાતડી મનમેં હરખત થાયો રે;
સમઝાઈ ઘરણી ભણી, ચાલણ રો હુયો વાયૌ રે ...દા. ...૧૭
સુભ સુકન આયો સાથમેં, જૈશ્રી આઈ સાથ રે;
દેવલમેં સીજા ઘરી, સાહ બૈઠો તીણ માથે રે ...દા. ...૧૮
ઘરથી બાહિર આઈયૌ, એહ જ પંથમેં આગો રે;
બારમી ઢાલ **જૈતસી**, લખમી ખાટણ રાગો રે ...દા. ...૧૯

દુહા : ૧૩

હવે કુલવંતી કંતને, ઊભી કહે કર જોડ રે;
''થેં સીધાયો સિધ કરો, પૂરીજો મન કોડ. ... ૦૧

ઢાળ : ૧૩ (મેરા સાહિબ હો શ્રી સીતલનાથ...એ દેશી)

જલદિ આઇયો વાલહા, મત રહજૈ હો બહુ તાં પ્રદેસક;
આવત જાતા સું ઘણા, મુકજો હો નિજ કુસલ સંદેસક ...જ. ...૦૧
ચોર ચુગલ ઠગ માંણસા, મત કિજો હો પીયા વીસવાસક;
ખરચ ખાણમેં મત સંકજો, જિમ સોહૈ રે તીમહી પંચાસેક ...જ. ...૦૨
કુસલેં વેગા આવજો, ઘન ખાટી હો મન કરી વીચારક;
થેં મુઝ જીવન આતમાં, મનમોહન હો સાચા ભરતારક ...જ. ...૦૩
દેવ ગુરુ ધરમ સાસતા, નીત કીજો હો ચીત નીસચૈ ધારક;
કદિ ન મુઝ વીસારજો, મત ભુલો હો રાખો મન સારક ...જ. ...૦૪
કાગલ લીખી જો મોકલો, દેખો હો કાગજનો લેખક;
કીસ વીધ પ્રેમ પ્રકાસીયો, તવ જાણૂં હો જીવન ફલ દેખક ...જ. ...૦૫
વલી અવધારો વિનતી, પતી ભગતી હો મેં તો છું નારક;
[૧]જીમનરી વેલાં થયાં, મેં જીમું હો [૨]દોપહરાં ધારક ...જ. ...૦૬

---

૧. જમવાની વેળા; ૨. બપોરે.

જેહ દેસી આય હાથમેં, તદ પાછૈં હો ખાસું મેં પાનક;
ચોવા ચંદન ચરચનેં, મેવાનેં હો નાનાં પકવાનક ...૪. ...૦૭
મેહ તણી પ્રે તાહરી, મેં દેખૂં હો પીયાજી કી વાટક;
ઘર સુંનો થારે વીનાં, કબ આવૈ હો વાલમ [૧]ઘન ખાટક ...૪. ...૦૮
હિવ મિલીનેં સીખ દે નારીયાં, મુકતી રે મુખ લાવી નીસાસક;
જોવૈ મુખડા ફેરિનેં, જીવ રહીયા હો પીયા પાસક ...૪. ...૦૯
પાછેં વલતાં જીવનેં, મોહ કરમનો દીસૈ જંજાલક;
[૨]જિમતીમ આવૈ ફિર ઘરે, સુખ માંહી ગમાવે હોવે કાલક ...૪. ...૧૦

દુહા : ૧૪

હીવે દેવલ મેં ચીંતતા, ઘર ઘરણીનો હેજ;
નીસભર સૂતો નીંદભર, કેવનો સુખ સેજ ... ૦૧
રિધીવંત અપૂત્રીયો, કોઈક સાહુકાર;
પરભવ પહૂતો પ્રવહણૈ, આયો તિહાં સમાચાર ... ૦૨
તિનરી માતા પાલિયો, પંથીને ઘન આપ;
ચ્યાર વહુને ઈમ કહૈ, ''મત રોવો ચુપચાપ ... ૦૩
જો સાંભલસિ રાજવી, તો લૈસિ ઘન રોક;
નામ ઠામ જાવે સભી, તિણ મત કરિયો સોક ... ૦૪
ઘર આવી વસા વસા, નવલો નર અદ્‌ભુત;
પૂત્ર હોસી ઘર તાહરે, રહસી ઘરનો સુત'' ... ૦૫
કહે વહુ સાસુ ભણી, ''કીજે કેમ અકાજ ?''
કહે ડોસી ''ઈણ કારણે, કરતાં કોઈય ન લાજ'' ... ૦૬

ઢાળ : ૧૪ (એ વર આવો રે...એ દેશી)

વહુ ચારોં ચલી ડોસી, કરમેં લિધી ડાંગો રે, સાર્થ ઉતરીયા તીહાં આઇ;
દેખત નવ નવા સાંગો રે, જોવો વર આ છેં રે, જેથી વધીય સુત ઘરનોં આઠો રે.
...૦૧
કેઇ નર [૩]ભંગી કેઇ નર [૪]જંગી, [૫]અમલ નસા મેં પડીયા રે;
[૬]ઉઘૈ મુધેં ને [૭]ઠરડાવૈ, પોસ તપીયા અડીયા રે ...જો. ...૦૨

---

૧. હ.પ્ર. (ખ)નો પા. ઘર; ૨. હ.પ્ર. (ક)નો પા. - **જૈતસી** કહૈ મન હરખશું, હીવ થઇ હે ઇહાં તેરમી ઢાલક..જ. ૧૦; ૩. સાર્થમાં કોઈ ભંગી જાતનાં; ૪. ભીલ; ૫. વ્યસની; ૬. જ્ઞાનભાન વિનાનાં; ૭. હાથ પગનાં ઠેકાણા ન હોય.

કેઇ વાંકાનેં ટેડો માટી, મુછડીયા વલ ઘાલૈ રે;
ઢલકતી રાત નીંદરા આવૈ, સુતા સુતા ચાલ જોવો રે ...જો॰ ...૦૩
રંગ રંગીલાનેં રંગ ભીના, હંસ સરખી જોડી રે;
કોઇય ન આયો નજરા નીચૈ, ચાલી સબનેં છોડી રે ...જો॰ ...૦૪
દેવલમાંહી તે ગઇ ચાલી, સુતો દીઠો સેજો રે;
રુપ અનુપમ અવલ વીરાજૈ, કેંવનો ઘરી હેજો રે ...જો॰ ...૦૫
પણ નહીં જાણે નીદેં છાયો, તીમહી આંણો મંદિરો રે;
ઉણ પાપણ એ છલ કિનોં, ઘરમેં મેલો મંચો રે ...જો॰ ...૦૬
ચારેં નારી ચો મુખ બૈઠી, કેવનોં હિવૈ જાગો રે;
એ દેખી પ્રપંચ વીચારો, અચરજ મનમેં લાગો રે ...જો॰ ...૦૭
એ કુંણ ખ્યાલ વિનોદ તમાસો, મોટો મંદિર વાસો રે !
નજર ઉઠાઇ દેખણ લાગો, નારી આસૈ પાસો રે ...જો॰ ...૦૮
રંગરંગીલા મહલ વિસાલા, ચિતરા મારી જાલો રે;
જાણીનેં રચીયા વીધાતા, મોતી ઝામર ઝાલો રે ...જો॰ ...૦૯
વીચ વીચ પ્રોઇ લાલ પ્રવાલી, ઝમકૈ ઝામર ઝાલી રે;
ભલા ભલેરા ગોખ જડાઉ, વીચ વીરાજૈ જાલી રે ...જો॰ ...૧૦
[1]વીચ વીચ મોતી ઝુંબક લટકા, ઝમકેં ઝામર ઝાલી રે;
ફૂલ પત્ર લાગા નવરંગા, સોહૈ મંદ્રમાલી રે ...જો॰ ...૧૧
ઔર સખરો બાંધી ચંદ્રોવા, મખમલનાં પંચ રંગો રે;
નવી નવી ભાત જાત હૈ નારી, ફૂલ વિખરા ચંગા રે ...જો॰ ...૧૨
ચંદવદન મૃગનૈની સુંદરી, ભર જોવનમેં દેહો રે;
દિપસીખા જીમ નાસા અધકી, ઘડા કુંડી જિમ મેહો રે ...જો॰ ...૧૩
સોવન વાંન ચઢાવૈ ચીત્ર, ચહુદિસ ચારૈ નારી રે;
હીય હાર મોતી માલા, નાગનનેં અનૂહારી રે ...જો॰ ...૧૪
પાયેં નેવર રણઝણ વાજૈ, કાંને કુંડલ સારો રે;
નકવેસર રાખડીયાનીકી, ચુડા મણી ઝંકારો રે ...જો॰ ...૧૫
મોહનગારી મનડા મોહ્યા, ચોરટીયાં ચિત ચોરો રે;
મુખ દીખૈ દુર ભંગા મેં, કેવનાં મન હેરો રે ...જો॰ ...૧૬
મગન ભયો દેખી મનમાંહી, લાગો કરણ વિચારો રે;
‘[2]એ સોહનીયા મંદિર સુંદર, આયો સુરંગ મઝારો રે ...જો॰ ...૧૭

---

૧. હ.પ્ર. (ખ)માં આ કડી નથી. ૨. હ.પ્ર. (ખ)નો પા॰ - એ સોહની કૈ મે ઘણાં સાહણાં.

ભય કયાસ મનમાંહી ઉપજી, મેં આયો કીણ ઠામો રે ?
સુધ નહી મુઝ આગલ પાછલી, કેવનોં મુઝ નાંમો રે' ...જો. ...૧૮
સીરધુની મનમેં સંકોચૈ, મનમેં એક આલોચ રે;
ભર્મ પડો ચીતમાંહિ વિચારૈ, 'પાતરીયો કિંમ ખોવો રે' ...જો. ...૧૯
તે હીવ રાંડ ડોકરી, બોલી મીઠા બોલો રે;
''યો ઘર એ વહુ તેરી બેટા, ઇનસેં કર રંગરોલો રે ...જો. ...૨૦
ઇનસે કર રંગરોલો રે બેટા, ભોગ ભોગવો થારો રે;
પહરો ઉંઢો ખાવો પિવો, ભોગો સબ ઘર મ્હારો રે ...જો. ...૨૧
મેં સમરીથી નીજ કુલદેવી, માંગો પુત્ર પ્રધાંનો રે;
તુઠી દેવી તું આપો, બાલો જીવ સમાંનો રે ...જો. ...૨૨
યો ધન માલ ખજાનો તેરો, તેરી કાયા માયા રે;
જીવ એક તો કાય જુઇ, તૌ દિઠા સુખ પાયા રે'' ...જો. ...૨૩
સુની વાત બુઢીયા કી મીઠી, હરખૌ હીયે કુમારો રે;
કીણ ખાંટી ભોગૈ નર કોઇ, મનમેં કરો વીચારો રે ...જો. ...૨૪
જાઇ કરૈ વિચાર સુરંગા, ઉદર ખીણૈ સુરંગા રે;
ભોગ ભુજંગ અલેખા, ચરતાં ફિરતુ રંગા રે ...જો. ...૨૫
ઇન મહલાંમે વસો કેવના, ભાખું વાત ન કુડી રે;
ચાર નાર તેરા મુખ દેખેં, વાહૈં સોવન ચુડી રે ...જો. ...૨૬
ચારોં વહુ કરૈ પતિ ભગતી, ચારોં રાખૈં મેલો રે;
ચ્યારે પ્રેમ મીલાયો પીયાસેં, ચોપડ પાસા ખેલો રે ...જો. ...૨૭
ચોવા ચંદન તેલ કુલેલા, સબ સિંગારો બનાવે રે;
અનુંક્રમ બેટા ચારુ જનમ્યા, બેટૈ વધાઇ થાવે રે ...જો. ...૨૮
અબ સ્વાર્થ પુગો બુઢીયા કો, દેખો કરૈ તમાસો રે;
કહૈ વહુયાનેં ''એ નર કાઢો, પુગી મેરી આસો રે'' ...જો. ...૨૯
વહુયાંસે તી કરૈ લડાઇ, ભાંજે જો લાજ નીસંકો રે;
કુતી રુઠી ભોં ભોં ભૌંકૈ, રાતડલી કરી આંખો રે ...જો. ...૩૦
રાતડીયાં કર આંખો મોટી, ન ગિનેં ખરી ન ખોટી રે;
આય ગયાનેં જલ નહી પીયાવૈ, ખાન ન દેવૈ રોટી રે ...જો. ...૩૧
આપ ખાયનેં ઉર ખરચૈ પાપણ, માંહીથી બોલૈ ભડકી રે;
પડો પાહુણૌ ખાલી જાવૈ, ખોલૈ કદી ના ખીડકી રે ...જો. ...૩૨

માંહીથી બોલૈ તડકી ભડકી, ઘર બાહર રહી અડકી રે;
જોગી જતી જાય સવ ખાલી, સહુ જાવૈ તસ [૧]ઝડકી રે ...જો. ...૩૩
ચતુર દસમી ઢાલ લહી મન રંગ, શ્રોતા કે મન ભાઈ રે;
અબ ડોસીકા કપટ સુનો તુંમ, વહુસેં કરૈ લડાઇ રે ...જો. ...૩૪

દુહા : ૧૫

સાસુના સુણ બોલડા, ઉપનો દુખ અપાર;
ચારું વહુ મીલ એકઠી, કરે આલોચૈ વીચાર ...૦૧
''સાસુ હુઇ હૈ સ્વાનણી, [૨]વીરચી કરૈ [૩]બીગાડ;
અરી અલી કિંમ છોડીચૈ, બારા વરસ કા પીચાર'' ...૦૨

ઢાળ : ૧૫ (હમરીયાંની અથવા માલીની ગીતરી...એ દેશી)

વહુચર હીલ મીલ વીનવે, ''પ્રીતમ કેમ છંડાય ? સાસુજી.
બારા વરસની પ્રીતડી, જીવ રહો રંગ લાય. સાસુજી વહુ. ...૦૧
પહલી પોતેં તેં કીયો, સબલ અન્યાય અકાજ સા.
ઘર ઘરણી કરિ રાખીયા, ત(તુ)જ સબ કુલકી લાજ સા. ...વ. ...૦૨
જાય પ્રયાસું ઘર વસ્યો, ગરભ(જ) સરી અબ લાખ ?
કામ સરો દુખ વીસરો, અવકું દોષો કાય સા. ...વ. ...૦૩
લાજ રહી લખમી રહી, બેટા હુવા ચાર સા.
કરતાર તુઠો એ દીયો, ભાગ વડો ભરતાર સા. ...વ. ...૦૪
ઇણ વીણ એ ઘર કારમો, સુનો જાણે મસાણ સા.
ઇણ વીણ સબ અલખામણો, [૪]ગુણ વીણ લાલ [૫]કબાણ સા. ...વ. ...૦૫
ખાવણ પીવણ પહરણાં, કાજલ તીલક તંબોલ સા.
ઇણ વીણ તો સાજૈ નહીં, લાગે વીષ સમ તોલ સા. ...વ. ...૦૬
ઇણ ભવ ઘણી એ માહરો, સો બોલો એક બોલ સા.
થે સાચો કર જાણજ્યો, કહૈ વાજંતે ઢોલ'' સા. ...વ. ...૦૭
જોર વહૈ તે ડોકરી, તડકે ભડકે ઉઠ ''વહુચરજી ! રહો રહો;
અપની લાજમેં, હું કાદું તસ ધિંગાને કુટ સા. ...વ. ...૦૮
ઘર મેરો ધન માહરો, આથેં નહી દેઉં હાથ વ.
પણ છલબલ કાઢો [૬]પ્રેં, જો જાણૌ તુંમ વાત વ. ...વ. ...૦૯

---

૧. ભડકીને; ૨. નારાજ થયેલી; ૩. બગાડ; ૪. દોરી વિનાનું; ૫. ધનુષ્ય નકામું; ૬. પરે, દૂર.

[૧]જાર ફીટી હોય ઘરઘણી, વીલસેં લીલ વિલાસ વ૰
એ કુંણ હમ કુંણ ? ઇમ કહૈ [૨]પ્રદેશી રહે કે પાસ ?'' વ૰ ...વ૰ ...૧૦
કાઢેં ડોલા જું ડાકની, સંખની માંડો સોર વ૰
તોડ ફોડ માંડી ઘણી, વહુયાં ઉપર ઠોર વ૰ ...વ૰ ...૧૧
[૩]બુદ્ધીસું ચાલૈ નહીં, નહીં વહૂયારો જોર વ૰
સબલા જીતે જગતમેં, નીબલા કરૈ [૪]નીહોર વ૰ ...વ૰ ...૧૨
ચારે નારી ચારૈ [૫]રતન, અમોલક ઝલકંતા વ૰
જલ ફાટક અગની તણો, ભરૈ ભંડાર અનંત વ૰ ...વ૰ ...૧૩
ચાર લાડુ મોટા કીયા, ગરુયાં રતન વિસાલ વ૰
મૂકૈ સિરાનેં કોથલી, ઉહી મંચ નિહાલ વ૰ ...વ૰ ...૧૪
બારા વરસ તે વહી ગયા, ઉહી જ સારથવાય વ૰
આય ઉતરો ઇન થાનકે, સાથ સંવેગ જગાય વ૰ ...વ૰ ...૧૫
નીસભર સુતો નિંદમેં, દેખી કેવનોં સાહ વ૰
સાસુ ફાસુ કહૈ હિવે, ''રાખું નહીં ઘરમાહ વ૰ ...વ૰ ...૧૬
ઉઠાઇ જગાયને, ઉપાડો તે મંચ ;
તીણ દેવલમેં આયનેં, મેલો તિણહી સંચ'' સા૰ ...વ૰ ...૧૭
સસનેહી ચારું જણી, રોતી ભર ભર આંખ વ૰
ઢાળ પંદરમી એ થઇ, રહી નિસાસાં નાખ વ૰ ...વ૰ ...૧૮

દુહા : ૧૬

હિવ કુલવંતી [૬]મુલકી, લેઇનેં ફલ ફુલ ;
વરધન બેટા સાથ લે, ગઇ જોસીનેં મુલ ...૦૧

ઢાળ : ૧૬ (કી ન દેખિ મેરી બંસી ચોરનહારી...એ દેશી)

હાથ જોડ જોસીનેં પુછૈ, શ્રીફલ આગૈ મુકી ;
જોસી આલસ છોડ પિયારે, દેખો પ્રશ્ન અચૂંકી ...૦૧
''સુણ જોસી ! ચીત્ત દેખો ગ્યાંન વીચારી ;
[૭]કબ આવૈ મોરા, પ્રીતમ પ્રાણ આધારી ...સુ૰ ...૦૨
અપની પોથી (ખોલ) હાથ લૈ, [૮]બતલાવ વિચારી ;
લગન સારની ગ્રહ વિચારો, સાત વાર હિતકારી ...સુ૰ ...૦૩

---

૧. પરપુરુષ ; ૨. પા૰ હે પ્રદેશીર કે પાસ ; ૩. પા૰ ચુટીસું ; ૪. ન્યાયમાંગે ; ૫. પા૰ તરન ; ૬. મૂળ સ્ત્રી ; ૭. ક્યારે ; ૮. પા૰ પતરાવત.

તુમ તો વાતાં જાણો સગલી, ભુત [૧]ભવષિત ભારી;
મેરી નણદલરો વીરો વીછડો, કબ આવૈ કહો સારી ...સુ. ...૦૪
માનુંગી ઉપગાર તુમ્હારો, દેસું ખરચ વધાઇ;
જો તેરી [૨]જોતસ સાચી હોવૈ, દેસું ધન સુખ દાઇ ...સુ. ...૦૫
બારા વરસ તો વીત ગયા હૈ, તેરસમેં કી વારી;
પિયા ગયા પ્રદેસ હમારા, ના લીખા કોઈ સમાચારી ...સુ. ...૦૬
ધન લેને કો ગયો પીયાજી, પરદેશમેં માનો નાંહી;
ગયો ગયો પીણ આવણ કર ગયૌ, ખત ભેજો નહીં કોઈ ...સુ. ...૦૭
પડી ફિરુ વિપતાકી મારી, નૈણનેં ઝડ લાયો;
ના જાણું કિસનેં ભરમાયો ! જોવન વાદ ગમાયો ...સુ. ...૦૮
સુતી સેજ સપન છલ જાવૈ, જાણૌ પિયા ઘર આયો;
હસત ખેલત રે ન ગમાઇ, જાગેં કછુય ન પાયો ...સુ. ...૦૯
દેવ નાં દઇ પાંખ હમારેં, નહી તો ઉડન કર જાતી;
વીણ પાંખોસેં મેં પછતાઉં, મિલ મિલ રોજ [૩]વીગૌતિ ...સુ. ...૧૦
મેં નહી જાણીયૂં કર દેગા, (કિણ) પ્રદેસામેં વસીયા;
નવી નવેલી નારી નીરખી, તીણ સાથે મન રસીયા ...સુ. ...૧૧
કેમ જનમારા મ્હારા જાસી ? પ્રીતમ ન સોચી ઐસી;
નાથ વીના મેં ફીરું ઉદાસી, સાર કરૈ તે કૈસી ? ...સુ. ...૧૨
અંગુઠે તે ઝાલ ઉઠનેં, ચોટી તાંઇ ચમકૈ;
ઇણ પીયા વિના મેં દુખ પાયો, મેં દેખો જગ ભંગકૈ ...સુ. ...૧૩
પ્રદેસી કા સાથ આયા, ધન ધન લે આપ આપનોં;
અપને અપને ઘરમેં આયા, પણ નહી આયો મુઝ પતિ'' ...સુ. ...૧૪
જોસી ચતુર સુજાણ બોલે, લગન વીચારી વાંણી;
''મુઝ જોતસમેં લીખા વિધાતા, સુણ લે મન ચીત્ત આંણી ...સુ. ...૧૫
આજ લગનમેં ઐસી દીસૈ, તુઝ પતિ આજહી આવૈ;
બાહર સાથમેં આય ઉતરા, દેખો તુમ ઘર જાવૈ'' ...સુ. ...૧૬
સુનકે મીઠી વાની વિપ્રકી, વામા અંગ ફરકા;
આજ સહી નીરધાર મીલૈગા, [૪]હીરદા બહુત હરખી ...સુ. ...૧૭
''સોને મઢાઉં પોથી તેરી, જો પ્રીતમ ઘન લાવૈ;''
આનંદ હોતી ઘરમેં આવી, સોલમી ઢાલ સુહાવૈ ...સુ. ...૧૮

---

૧. ભવિષ્ય; ૨. જ્યોતિષ; ૩. પસાર કરવો; ૪. હૃદય.

દુહા : ૧૭

કેવનોં જાગો હીવૈ, દેખેં કવણ હવાલ;
'કાહાં ઘર ઘરણી ચાર સુતા, કાહાં મોતીકી માલ ? ...૦૧
નવી નવેલી કીત ગઇ, ભરી પ્રેમકી કાય ?
મછી જું દરિયાવમેં, ગઇ ઝકોલા ખાય ...૦૨
છલ કરી છેહ દિખાયો, સાસે પડા સંદેહ;'
હવે પછતાવો મનમેં ઘણૌ, દિય ૧ઉમગો નેહ ...૦૩
અબ દોઉ નારી ગઇ, દેવલમેં ઘરી હેજ;
વડા અચંભા હે સખી ! ૧ઉહી ૨સાંગનેં સેજ ...૦૪
બોલે માતા પ્રેમસેં, ''એ બેટા ! તુઝ બાપ;
પાસ બૈઠો ખોલેસું, ટલીયા દુખ સંતાપ'' ...૦૫

ઢાળ : ૧૭ (આવો ઉરી (ઓરી) કે જા પરી હૈ વયરણ ! (મત) તરસાવેં જીવ કે રતન સોનારકી હે ઘૂડી એક મુઝ રે...એ દેશી)

બોલે પદમણિ દો જણી હેક, ''સજણી ! આજ સફલ અવતારક;''
વાલમ ઘર પધારીયા હેક, સ૰ ઉપનોં હરખ અપારક;
કરતા(ર) આંણ મીલાઇ હો હેક, સ૰ મનમોહન ભરતારક વા૰ ...૦૧
બારા વરસકા બિછડા હેક, સ૰ આંણ મિલાવો પ્રેમક વા૰
લેવો વારણાં ફેરણાં હેક, સ૰ પારો અપનોં નેમક વા૰ ...૦૨
વસ્ત્ર પહેરો નવ નવા હેક, સ૰ નવી નવી સિંગારક વા૰
માલા મોતી કર ધરો હેક, સ૰ ગાવો ગીત અપારક વા૰ ...૦૩
નાહ્યા ધોયા આઇયા હેક, સ૰ તનમેં ન લાગી ખેહક વા૰
અચરજ મનમેં ઉપનોં હેક, સ૰ લાગો દિસૈ નેહક વા૰ ...૦૪
'ગામ ગચેખો(લો) લાડલો હેક, સ૰ અંગ સુરંગા તેજક વા૰
નાણો ઠાણો હુંડી હોસી હેક, સ૰ દિસૈ વાહિ સેજક વા૰ ...૦૫
મૈલ નહીં હાથા પગૈ હેક, સ૰ ઉજલ વરણાં વેસક વા૰
ઝલકત દેહી ચંદસી હેક, સ૰ એ નહી ગયા પ્રદેશક વા૰ ...૦૬
ધવલા બગલા પંખ જુ હેક, સ૰ ચોખા હીરનેં ચીરક વા૰
જાંણે રહા રંગમહલમેં હેક, સ૰ખાદા(ધા) ખંડક ખીરક વા૰ ...૦૭
તાજા પાંન આરોગીયા હેક, સ૰ રાતા દિસૈ હોઠક વા૰
રંગ ભીનો સો સાહવી હેક, સ૰ ન ગયા ગામ ન ગોઠક' વા૰ ...૦૮

૧. અત્યંત; ૨. તે જ; ૩. સ્વાંગ, વેશ.

પુછૈ પદમણી વાલહા હેક, સ॰ ''ઉડ્યા ઉંચા આકાસક વા॰
કૈ ચઢ આયા વીમાનમેં હેક, સ॰ કૈ બેઠા રહા આવાસક ?'' વા॰ ...૦૯
પાછો ઉગ્ર દે નવી હેક, સ॰ નહીં [૧]દાત ન મુખ બોલક વા॰
''હું હું'' કહૈ ગુંગા જીમ રે હેક, સ॰ મુખ ના બોલૈ બોલક વા॰ ...૧૦
હું વાંણી મિઠી લગૈ હેક, સ॰ જૈસી મિઠી [૨]દ્રાખક વા॰
ગુંગો બેટો બાપ કહૈ હેક, સ॰ બાપ કહૈ તે લાખક વા॰ ...૧૧
[૩]ઢાલ સતરમી એ થઇ હેક, સ॰ નારીનેં મિલા ભરતારક વા॰
હીવ આગે સી હોતા સુંણો હેક, સ॰ જે કરવૈ કરતારક વા॰ ...૧૨

દુહા : ૧૮

''ચાલો ઘર'' ઘરણી કહૈ, ઝાલૈ સબલી સેજ ;
ઘર ધન આંણી સુત મિલી, આયા ઘર ઘરિ હેજ ...૦૧
સાહ બેઠો ઘર આપણે, વરધન સુત સુકુમાલ ;
વરસ હુવો [૪]દસ તીણનેં, ભણેં ગુણે લેખનસાલ ...૦૨

ઢાળ : ૧૮ (નનદલ વોઇ પીપલી લલના લલાજી,
ભાગાં પાંન પચાસ પીચારી લાગૈ પીપલી લલના...એ દેશી)

જયશ્રી ખોલી કોથલી રે લલના, લલાજી લાડુ લીધા ચાર ; સુહાગન સુંદરી ;
દેખી સુત કહે માતનેં લલના, ''દે મુઝને લાડું ઇણ વાર'' સુ॰ ...લ॰ ...૦૧
એક મોદક દીયો સુત ભણી લલના, માતા ઘરી ઉલાસ સુ॰
લાડુ લેઇ ચાલીયો લલના, બાલ ભણવા પાઠકનેં પાસ સુ॰ ...લ॰ ...૦૨
લાડુ ખાતાં નીસરો લલના, દીઠો રતન અમોલ સુ॰
''એ મુઝ પાટી ઘોટણૌ'' લલના, બોલૈ એહવા બોલ સુ॰ ...લ॰ ...૦૩
છુટી પડીયો હાથસેં લલના, ઘુંટો કંદોઇ કુંડમાંહ સુ॰
જલ ફાટો તિણ [૫]કંપથી લલના, ઉલખિયાં તિણ સાહ સુ॰ ...લ॰ ...૦૪
''દે મુઝ પાટી ઘોટણો'' લલના, બોલૈ ભોલે ભાવ સુ॰
હટ(ઠ) ચઢીયો મુકૈ નહી લલના, મિઠાઇ દેવલાવ સુ॰ ...લ॰ ...૦૫
લાડુ પેડા રેવડી લલના, મીઠાઇ આણી દીધ સુ॰
મિઠે વચને ભોલવ્યૌ લલના, રતન અમોલક લીધ સુ॰ ...લ॰ ...૦૬

---

૧. હ.પ્ર. (ક)નો પા॰ નહીં દાતા મેં પોલ ; ૨. દ્રાક્ષ ; ૩. આ કડી હ.પ્ર. (ખ)માં નથી ; ૪. હ.પ્ર.(ખ)નો પા॰ એકગ્યારનો ; ૫. કાદવ, પા॰ પાત્ર.

હીવ ગાંઠી માંડી [૧]આડણી લલના, ઉપર મેલ્યો થાલ સુ૰
નાર જમાવૈ નાહલો લલના, રાંધ્યા સાલને દાલ સુ૰ ...લ૰ ...૦૭
પહલી વાર પરોસીયા લલના, હરખ ધરી મન ખંત સુ૰
નીકલીયો તે માંહથી લલના, રતન અમોલક ઝલકંત સુ૰ ...લ૰ ...૦૮
કહૈ નારી પીયા ભણી લલના, ''ધન લાયા ભલ સુત સુ૰
ચોર તો લેવી ન સકૈ લલના, અલપ ભાર [૨]અકુત'' સુ૰ ...લ૰ ...૦૯
''હું હું'' કહે કેવનો લલના, સુઝે કમાઇ આપ સુ૰
બિજો અક્ષર નાં કહૈ લલના, હો ગયો ચૂપચાપ સુ૰ ...લ૰ ...૧૦
નારી રતન દિખાઇયા લલના, [૩]આછા અધક અમોલ સુ૰
હરખેં કેવનોં હસ્યો લલના, બોલૈ મીઠા બોલ સુ૰ ...લ૰ ...૧૧
ભાગ જાગો હિવ તેહનો લલના, આપ સંપદા જોર સુ૰
[૪]પરમેંસર [૫]પણ પાધરો લલના, સબકો કરત [૬]નિહોર સુ૰ ...લ૰ ...૧૨
ખાવૈ પીવૈ વીલસૈ સહી લલના, દાંન દેવૈ ઘર ક્રોડ સુ૰
પતી ભગતી (કરે) દો જણી લલના, મીલ ગઇ સરખી જોડ સુ૰ ...લ૰ ...૧૩
* ધરમ ઘણો આરાધીયૈ લલના, જોર સું જાગો ભાગ સુ૰
ઢાલ અઢારમી એ હુઇ લલના, સખરોં વનોં સોભાગ સુ૰ ...લ૰ ...૧૪

દુહા : ૧૯

નામ સવાયો નીસરો, સુખ વીલસત પ્રસીધ;
પુરવ પુન્ય પ્રસાદસૈ, ભર ભર પામે સીધ ...૦૧
[૬]મત સંભારી આપની, માંડૈ વીણજ વ્યાપાર;
ઘર વાધી લછમી ઘણી, દીન દીન જૈજૈકાર ...૦૨

ઢાળ : ૧૯ (તપ સરીખો જગ કો નહી...એ દેશી)

તિન અવસર તિણ સહરમેં, વાજેં ઢંઢેરાનો ઢોલ રે;
ફિરતો ચોક બાજારમેં, બોલે એહવા બોલ રે;
''આજ [૭]નીવાજૈ રાજિંદ તેહનેં, કોઇ હાથી છુટાવૈ રે;
અર્ધ રાજ નૃપ કન્યકા, જાણેજો એહિ પાવૈ રે'' ...આ૰ ...૦૧

---

૧. જમતી વેળા મૂકવામાં આવતો પાટલો; ૨. નિર્ભય; ૩. સ્ફટીક સમાન; ૪. પરમેશ્વર; ૫. ન્યાય; ૬. ? ? ? ? ? ? ? ૭. બુદ્ધિ; ૮. વધાવે.

*હ.પ્ર.(ખ)ની કડી-૧૩નો પાઠ - પુન સખાઇ જીવનો લલના, સરીરો વનોં સોભાગ; ઢાલ અઢારમી એ હુઇ લલના, જેરંગ જાગો ભાગક ધરમ આરાધીયે રે..સો૰

સીચાનક [૧]સેનક તણો, પાણી પીવાનેં જાય રે;
પેઠો જલમેં ક્રીડતો, અતી આનંદ થાય રે ...આ॰ ...૦૨
પગ ઝાલો મછ તાંતુયેં, સબલો પાણીનો જીવ રે;
જોરો જલમેં તેહનો, હાથી પાડંતો રીવ રે ...આ॰ ...૦૩
ખલક મિલી કલ કલ કરે, વડા સુરાનેં વીર રે;
[૨]જોરો જલમેં ચાલૈ નહીં, સબ ઉભા છૈ તીર રે ...આ॰ ...૦૪
[૩]ચતુર વવેકી જોગીયા, વિદ્યાવંત કલાવંતો રે;
[૪]મણીમોહરાનેં ઉષધી, સિધ સાધક મહંતો રે ...આ॰ ...૦૫
લાખ ઉપાય કરે લોભીયા, કરૈ [૫]હીકમત કોડી રે;
કોઈ મનાવૈ દેવી દેવતા, ફીકા પડા મુખ મોડી રે ...આ॰ ...૦૬
રાજમંડણ ગજરાજ છૈ, સૈચન(ક) કરે મુખ સોરો રે;
કોઇ [૬]સપુંની નર હુવૈ, ગજ છુડાવૈ જોરો રે ...આ॰ ...૦૭
ઐરાવણ સો હાથીયો, ઉત્તમ જાત વિનીતો રે;
રાજ નીફલ ઇણ બાહરો, શ્રેણિક હુયા સચીંતો રે ...આ॰ ...૦૮
દાય ઉપાય બુદ્ધિ કેલવી, મંત્રીસર અને ભુપાલ રે;
ઢાલ કહી ઉનીસમી, કવી વચન રસાલ રે ...આ॰ ...૦૯

દુહા : ૨૦

કંદોઇ પડહો સુણી, મનમેં કરૈ વિચાર;
'ધુયા ફૂંકી કુંણ કરૈ, લાલચ લોભ અપાર ...૦૧
બનું જમાઇ રાજનો, મનમેં આઇ હુંસ;
રતન જતનસેં લે સહી, ઘર આયો ઘરિ [૭]સુંસ ...૦૨
'મેં કુંવરી બ્યાહું સહી', મનમેં ધરૈ [૮]કરાર;
આગલ ખોઇ બાપડૈ, હલવાઇકી [૯]કાર ...૦૩
ભાગ વિના ક્યાં પાઇ હૈ, મોતી સરવર લાખ;
હંસ [૧૦]ચુગ ચુગ ખાતા હૈ, બુગલા કરૈ અભીલાષ ...૦૪

ઢાળ : ૨૦ (દાડીમયાકારે સેવાજી કે બાગમેં...એ દેશી)

હલવાઇ ઉઠા રે, રતન લે હાથમેં;
બાહર કો આયો રે, રાજાજી કે સાથમેં ...હ॰ ...૦૧

૧. શ્રેણિક; ૨. બળ; ૩. પા॰ ચત્ર; ૪. મણિ, ઔષધિ; ૫. કરામત, યુક્તિ; ૬. વિશેષ પુણ્યશાળી; ૭. શ્વાસ; ૮. ઠરાવ; ૯. કામ; ૧૦. ચણીને.

લોકાંને જાણી રે, વડેરા ભાગ છૈ;
પરણે નૃપ કન્યા રે, ઇસી કા [1]લાગ છૈ ...હ૰ ...૦૨
ગંગામેં આયો રે, આનંદ અંગમેં;
પાની સબ ફાટો રે, રાજા રે રંગમેં ...હ૰ ...૦૩
મછ દૂરકું નાસો રે, છુટો ગજ હાથીયો;
જગ દેખૈ તમાસો રે, સુણૌ સબ સાથીયો ...હ૰ ...૦૪
હરખ્યા મન રાજા રે, લોક આનંદીયા;
એ તો રતન અમોલ રે, કંદોઇ વંદીયા ...હ૰ ...૦૫
મંત્રીસર બોલૈ રે, ''સાચ મન ભાખીયૈ;
રાજા કે આગે રે, [2]અંતર નહી રાખીયૈ ...હ૰ ...૦૬
ડરતો કુછ નાંહ રે, રતી ભર રાજકા;
ઇહાં સાચા બોલો રે, કાંમ નહી લાજકા ...હ૰ ...૦૭
જગ સાચાનીકી રે, અમોલ કહૈ સહી;
વીતક સબ ભાખો રે,'' દુહવાઇનેં ઇમ કહી ...હ૰ ...૦૮
''કેવનોં [3]બનીયો રે, વિદેસથી આવીયો;
તીણ પુત ઉછાલો રે, મેરે ઘર આવીયો ...હ૰ ...૦૯
મેં જુઠ ન બોલો રે, નૃપતિ કે બારણેં;
દેનોં હો સો દિજે રે, હાથી કે કારણેં'' ...હ૰ ...૧૦
રાણી રાજા સુંને રે, કંદોઇ ને કહી;
''અપણૈ ઘર જાવો રે,'' રતન લીયા સહી ...હ૰ ...૧૧
[4]મનમેં પછતાતો રે, નીજ ઘર આવીયો;
વીસમિં ઢાલૈ રે, ચરીત્ર સુહાવીયો ...હ૰ ...૧૨

દુહા : ૨૧

છુટો સાચ પ્રસાદથી, હીવ કંદોઇ તેહ;
કુસલ ખેમસું આવીયો, રંગ રલી નિજ ગેહ ...૦૧
શ્રી શ્રેણિક રાજા હિવૈ, મનમેં કરૈ વિચાર;
'મેં વાચા બોલી તીકા, પાલૂં ઇન સંસાર' ...૦૨
સાધ સતી અરી સુરમાં, ગજહસ્તી કે દંત;
એ તે નિકલે ના [5]મૂંડૈ, જો જગ જાત અનંત ...૦૩

---

૧. તક; ૨. ભેદ; ૩. વણિક; ૪. આ કડી હ.પ્ર. (ખ) અને (ગ)માં નથી; ૫. અંદર પેસવું.

''વાચા અવચલ પાલીચૈ, મંત્રી અભયકુમાર !'';
ઘર મુંકી તેડાવીયો, કેવનોકુમાર ...૦૪
પુન્યઇ પ્રગટ ભઇ, આયો તવ કૃતપુન;
રાજાનેં પાય પડો, બહુવો લોક કહૈ ઘન ...૦૫
પુછી ગાછી વારતા, જાંણે એ વડ સાહ;
ભલી કરીઆ એ તુમેં, ભાગો હિવ તે રાહ ...૦૬
જાગો ભાગ વલી તેહનો, તુઠો શ્રેણિક રાય;
પરણાવી નીજ પુત્રિકા, ભલો લગન જોવરાય ...૦૭

ઢાળ : ૨૧ (નવરંગ રાચો સેહરા...એ દેશી)

રંગભર પરણે કુંવરી રાયકી રે, ઘન ! ઘન ! રે કેવનો સાહ;
વરકન્યા હાથ મેલવૈ, બૈઠા રે દોય ચવરીમાંહ ...રં. ...૦૧
ઘવલમંગલ ગાવૈ ગોરડી, વાજા રે મંગલ તુરક;
મીલૈ જાનૈયા સામટા, પ્રગટ્યો આનંદ પુરક ...રં. ...૦૨
ચોથો મંગલ વરતીયો, કન્યા વર દોનૂં આનંદક;
સરખી જોડી જગ મીલી, કમોદનીનેં પૂર્ણ ચંદક ...રં. ...૦૩
દાયજો દિધો અતી ઘણોં, દિયા નૃપ ગામ હજારક;
પંચરંગ વાગા સુહામણા, કંગણને વલી મોતીહારક ...રં. ...૦૪
ભોજન ભગતિ કરી ઘણી, [૧]સીખરણનેં [૨]સાલપકી જાતક;
આરાંમ કિયા રંગસું, લાડ કોડનેં નવ નવ ભાતક ...રં. ...૦૫
મનવંછત ફલી સહુ, મીલીયા ઘર સાસુજી હેજડ;
વરખ રંગિલી આતમા, રંગ ભીનો રે નવ નવલી સેજક ...રં. ...૦૬
નિત નવલે સુખ ભોગવતો, તિન ભવન સિર સેહરા સોએક;
તીન નારી અપછરા, પતિ ભગતી અતિ પ્રેમણ હોયક ...રં. ...૦૭
દોગંધક દેવની પરેં, મનવંછત રે ભોગૈ વલી ભોગકા;
પુરષ રતન જગ પ્રગટયૌ, કૃતપુન્યાઇ જોગક ...રં. ...૦૮
મધુર વચન ઇકવીસમી, ભાખી રે કવી ઢાલ રસાલક;
પદવી પાવૈ પુન્યથી, સદા વરતેં મંગલ માલક ...રં. ...૦૯

---

૧. શીખંડ; ૨. ચોખાની ઊંચી જાત

દુહા : ૨૨

કેવનાં સુખ ભોગવૈ, સોભાગી સીરદાર;
માનેં શ્રેણિક રાજવી, માનેં અભયકુમાર ...૦૧

ઢાળ : ૨૨ (દિન દિન જોવન ઝુરા કરૈ, અછામેરી માય સમઝાય દેનાં...એ દેશી)

એક દીન સોચે મનમેં બઇઠા, 'બુઢીયાનેં દીયે કઢવાય; ભલાજી કોઇ
જાલિમ બુઢીયાનેં જુલમ કીયા, મેરી નારી દઈ વીછડાય ...ભ૰ ...મે૰...૦૧
બારા વરસ અપનેં ઘર રાખે, પછૈ દીયૈ ઘકે દીલવાય ભ૰
બુઢીયા તેરા બેદરદી કા બુરા હોવૈગા, તેનેં [૧]સાહેલે [૨]સમટાય ...ભ૰ ...મે૰...૦૨
બિછડે સાજન ફેર મિલે તો, મેરા જનમ સફલ હો જાય' ...ભ૰ ...મે૰...૦૩
એક દીન બૈઠી રાજકુમારી, કહેતી કંત સમઝાય ...ભ૰ ...મે૰...૦૪
સુંણી વાત જબ અભયકુમારનેં, આઇ મનમેં [૩]દાય ...ભ૰ ...મે૰...૦૫
તવ કેવનાં તુરંત બૂલાયો, પાસેં લીયા બૈઠાય ...ભ૰ ...મે૰...૦૬
પીછલી વાત સુણી બુધધારી, અભયકુંવર સતધાર ભાય ...ભ૰ ...મે૰...૦૭
કહે કેવનાંનેં બુધિથારી, ''તેરી નારી દેઉંગા મિલાય'' ...ભ૰ ...મે૰...૦૮
બુધિ બલ કરકેં રાજ કરત હું, સવી દેઉંગા મિલાય ...ભ૰ ...મે૰...૦૯
ચીંત્યા દુર નીવાર(ણ) કરત હૌ, મંત્રી બુધિ ઉપાય ...ભ૰ ...મે૰...૧૦
મંત્રી મંદિર એક બનાવૈ, મહીમા કહીય ન જાય ...ભ૰ ...મે૰...૧૧
રુપ ભાત પ્રતિરુપ બનાવૈ, કેવનો કહિવાય ...ભ૰ ...મે૰...૧૨
નગર ઢંઢેરો ઇસ વિધ ફેરી, સબ કોઇ સુણવાય ...ભ૰ ...મે૰...૧૩
''કામદેવ એ નામ દેવતા, પૂજો ઇનકે પાય ...ભ૰ ...મે૰...૧૪
પૂત્રવતી સો ઇનકું પૂજો, નહીંતો સુત મર જાય ...ભ૰ ...મે૰...૧૫
એસી સુંનકર [૪]ખલક [૫]લુગાઇ, પુજનકો ચીત લાય ...ભ૰ ...મે૰...૧૬
અપનેં અપનેં પુત્ર સીંગારે, દેતી સીસ નમાય ...ભ૰ ...મે૰...૧૭
કેવનાં મંત્રી દોય બેઠા, પુજૈ સબ જગ આય ...ભ૰ ...મે૰...૧૮
''હમ સેવક'' કહતી જગ નારી, ''મ્હારી [૬]ખતા માફ હો જાય'' ..ભ૰...મે૰...૧૯
ચાર વહુ સાસુસેં બોલી, ''હમબી દેખેંકે જાય'' ...ભ૰ ...મે૰...૨૦
ઢાલ બાઇસમી એ થઇ પુરી, કહૈ કવી ચીત લાય ...ભ૰ ...મે૰...૨૧

---

૧. સહેલાઈથી; ૨. પૂરું કરી દે; ૩. દયા; ૪. ઘણી; ૫. સ્ત્રીઓ; ૬. ભૂલચૂક.

દુહા : ૨૩

કહૈ સાસુ ''સુંનરી વહુ ! તુમ નહીં જાણો વાત;
અભયકુંવર બુધિવંત હૈ, કરદે દીનસેં રાત ...૦૧
નાં કોઇ દેવી દેવતા, નાં સેવકનો નાંમ;
મેં તો કદી ન દેખીયાં, એહવા પૂજા કાંમ ...૦૨
કોઇયક છલ કેલવી, મંત્રી અભયકુમાર;
ખોય દેસી ઘર માહરો, વહુયર મુઢ ગમાર'' ...૦૩
''સબ જગ પુજન જાય છૈ, પ્રગટ ભયૌ જગદેવ;
મ્હારા મ્હારા પુતને, રુઠ જાય તતખેવ ...૦૪
થારા કુછ બિગડેં નહીં, મરન કાજ થયો ઘાટ;
હમ તો પુજન જાવસ્યા, થારી ન માંની વાત'' ...૦૫
કહે સાસુ વહુયા પ્રતેં, ''મેં ચાલૂં તુમ સાથ;
નાં જાનૂં ક્યા હોયગી, મિલણ વિધાતા હાથ !'' ...૦૬
લે લાઠી કાઠી સહી, આગેં હો ગઇ તાંમ;
ચાર વહુ પાછૈ ચલી, લેઇ પુત સકાંમ ...૦૭
ચલી આઇ મંદિર વીષૈ, દેખત પુજૈ લોક;
ભવીયણ હીવ તૂંમ સાંભલો, કંત મિલેકી ચોક ...૦૮

ઢાળ : ૨૩ (પટુવેકી મેરી મોહનમાલા...એ દેશી)

મુરત સુરત અજબ બની, દેખત સોભા અધિક બની;
કહે ચાર જણી, ''એ તો મ્હારા સીસ ઘણી ...૦૧
હમ તો સંગી દેખ લિયા, તડફ રહા થા મ્હારા જીયા;
અરી મેરી [૧]સહી, એતો [૨]પરતક્ષ દેવ સહી ...એ૰ ...૦૨
એ પ્રતક્ષ કેવનાં કો રુપ, ધન ! ધન ! અભયકુમર એ ભુપ'' ...એ૰ ...૦૩
ચારે દેખત અધિક હસી, ઇયાં મુરત દિલમાંહી વસી ...એ૰ ...૦૪
હીયા ચાહૈ પ્રીત કરાં, પણ લોક લાજસેં બહુત ડરાં ...એ૰ ...૦૫
હર(ખ)ત દેખત નૈણ નીહાલ, ભલૈ મીલૈ વીછડૈ તતકાલ ...એ૰ ...૦૬
નૈણ ચલી [૩]આંસ્યૌ કી ધાર, અબ કસેં ચલે ઘરબાર ? ...એ૰ ...૦૭
મનમોહન મેરો ભરતાર, ક્યૌ બૈઠે નીજ છોડી નાર ? ...એ૰ ...૦૮
ચ્યારું બોલે બે કર જોડ, ''ઉઠો પીયાજી ! આલસ છોડ ...એ૰ ...૦૯

---

૧. સખી; ૨. પ્રત્યક્ષ; ૩. આંસું.

જો તુમરે મન આયો રોસ, હમરો નહીં રતીભર દોસ ...એ૰ ...૧૦
જાઉં[૧] બલહારી થારી પીયા, રાજી કર દો મ્હારા જીયા'' ...એ૰ ...૧૧
એ થઇ હૈ ઇહાં તેઇસમી ઢાલ, સુનતાં લાગૈ અતી રસાલ ...એ૰ ...૧૨

દુહા : ૨૪

મિલ વાંણી મિઠી કહૈ, હમ ચરનોં કી દાસ;
ઇતનેમેં તે ડોકરી, દાંત પીસનેં સાસ ...૦૧
''ઉઠ ! ચાલ્યૌ ઘર આપણે, સબ પુંજેરી જાય'';
તુ માંગૈ ક્યા માંગૈ બાપડી, [૨]ખડી હલાવે [૩]બાંય ...૦૨
રંડા પ્રચંડા ભઇ, મુખસૈ બોલી ગાલ;
ઇતનેમેં ચારાં તણાં, ચારુ બોલે બાલ ...૦૩

ઢાળ : ૨૪ (તેરી માલા ગઇ હૈ ટુટ હરકે ભજનેસેં...એ દેશી)

''ચાલોને ચાચા ! અપને ગેહ, ક્યૌ તજીઆ એ નવા સ્નેહ;
મેરે ચાચા સુજાંન, તુમ મેરા ઘર જીવન પ્રાણ'' મે૰ ...૦૧
બોલે બાલક મીઠી વાંણ, ''તેં છોડે કું પુત્ર પ્રાણ ? મે૰ ...૦૨
જો નહીં ચાલો હમરે સાથ, તો છોડી હમ નવી માત'' મે૰ ...૦૩
કરેં તે બાલક ખેંચાતાન, ''ચાલો ઘર રઘુનાથકી આંણ'' મે૰ ...૦૪
કેઇક પકડી આંગલી આય, ઘાલી બાથ રહે ગલેમાંહ મે૰ ...૦૫
એક કહૈ ''મેં જીમું સાથ,'' દુજેને પકડો [૪]કસકેં હાથ મે૰ ...૦૬
કાંધે ચઢકે બોલેં બોલ, ''ક્યાંને કરો ઘરમેં રંગરોલ ?'' મે૰ ...૦૭
દાદી કહૈ પોતાનેં આય, ''ચાલો મેરે પોતે અબ ઘર જાય'' મે૰ ...૦૮
સુંન દાદી પોતેં કહેં એમ, ''મ્હારે પીતાસેં હમારા પ્રેમ'' મે૰ ...૦૯
એક સુંની બાલકની વાંણ, અભયકુમર કેવનો આંણ મે૰ ...૧૦
પકડ લઇ ચારોંકી બાંહ, બુઢિયા દેખ રહી પછતાય મે૰ ...૧૧
ઇસ મંત્રીને ઐસી કરી, મેરી ચારો [૫]વહોડીયાં ઘરમેં ધરી મે૰ ...૧૨
મંત્રી બોલૈ ''તેરી [૬]કરતુત, અબ મારો ઠગની કે [૭]જુત મે૰ ...૧૩
અબ ઠગનીકો દઇ નીકાલ, નાહક દેતી ફીરતી ગાલ'' મે૰ ...૧૪
અબ કેવનાંકેં સાતું નાર, ભોગૈ સુખ આતમ હીતકાર મે૰ ...૧૫
ઢાલ કહી ચોવીસમી એહ, વીતક ભાખો નાર મીલી જેહ મે૰ ...૧૬

---

૧. વારી જાઉં; ૨. ઉભી; ૩. ખભા; ૪. ખેંચીનેં; ૫. વહુઓ; ૬. કૃત્ય; ૭. જોડાથી.

દુહા : ૨૫

[1]લીલામેં ભીનો રહૈ, રહતાં દીન સુખ રાત;
હીવ ભવીયન તુમ સાંભલો, ધરમ નેમ કી વાત ...૦૧

ઢાળ : ૨૫ (કરમ ન છુટૈ રે પ્રાણીયા અથવા કર્મ તણી ગતિ કિણહી ન જાણીવા...એ દેશી)

તિણ કાલૈ રે તિણ સમેં, જગમેં તિરથ જેહ;
તીર્થનાથ શ્રીભવન ધણી, ભાંજૈ સકલ સંદેહ, વીર જિનેસર વંદીયૈ ...૦૧
પાપ ટલૈ તસ નાંમ તેં, દરસનકી [2]બલહાર;
ચિંત્યા મન સુરતરુ સમ્યૌ, વંછિત ફલદાતાર ...વી॰ ...૦૨
સાત હાથ તન સોભતો, ધન ! તે લોચન દીઠ;
રજ ચરણાં કી મેં રહું, સેવેં સગલી રે સાઠ ...વી॰ ...૦૩
સહસ છતીસ રે સાધવી, ચઉદ સહસેં અનગાર;
ગોતમાદિક જાંનીયૈ, ગણધર સાથ ઇગ્યાર ...વી॰ ...૦૪
જતી યતીસર મહાવ્રતી, પ્રવરીયે પરિવાર;
બે કર જોડી રે ભાવસેં, વંદૈ વારંવાર ...વી॰ ...૦૫
કોડા કોડી રે દેવતા, પરવરીયો પરિવાર;
પગતલૈ તવ સોવન તણોં, કમલ રચૈ સુર સાર ...વી॰ ...૦૬
અતી ઉંચો રલીયામણોં, સહસ જોએણ દંડ;
ગગન ગત ધજા લહૈ લહૈ, ટાલૈ કુમત પાખંડ ...વી॰ ...૦૭
ગામ નગર પુર વીચરતે, **ગુણસીલ** તપત સાર;
સ્વાંમી આય સમોસરયા, સાધ સતી ગુણ નિર્ધાર ...વી॰ ...૦૮
સ્વાંમી આય સમોસરયા, નિરવદ્ય દેખી ઠાંમ;
સમોસરણ સુરનેં રચ્યો, ધરમ ધ્યાંન વીસરામ ...વી॰ ...૦૯
ચોમુખ દેવે રે દેસનાં, બૈઠાં શ્રી ભગવંત;
ભામંડલ પીછેં દીપૈ, દીપૈ સુરજવંત ...વી॰ ...૧૦
તીન છત્ર સિર સોહતા, ચામર ઢાલેઇ ઇંદ્ર;
વીરોધી રે ઉપસમેં, રીઝેં સુર સુંની વૃંદ ...વી॰ ...૧૧
વીસ હજાર રે [3]પાવકી, ઇંદ્ર ધજા સુખકાર;
બેઠી બારા પ્રષદા, સફલ કરેં અવતાર ...વી॰ ...૧૨
ચોતીસ અતિસરે સોભતી, વચન અતિસ પૈંતીસ;
ધર્મપ્રકાસેં જગ ભણી, જગનાં એક જગદીસ ...વી॰ ...૧૩

૧. ક્રીડા; ૨. ખૂબી; ૩. પગથિયા.

ધન ! ધન ! જગતમેં જીવડા, સુણી વાંણી કર સેવ ;
ઢાલ કહી પંચવીસમી, નમું ચોવીસમા દેવ ...વી॰ ...૧૪

દુહા : ૨૬

હિવ વનપાલક આવીયા, દઇ વધાઇ આય ;
હરખો શ્રેણિક રાજવી, ગુરવંદનકો જાય ...૦૧

ઢાળ : ૨૬ (પીલૈં રે અવધૂત હોય મતવાલા પ્યાલા પ્રેમ સુધારસ કા રે...એ દેશી)

શ્રી શ્રેણિક મહારાજ નરિંદ, હરખ મનોરથ સબ ફલીયા રે ;
આજ હુયા મ્હારે રંગરંલીયા, જીન વાંદણ સબ મન ફલીયા રે ...શ્રી॰ ...૦૧
પહરે ચીર પટંવર ભારી, હીયૈ માલ મોતી જડીયા રે ;
ચોવા ચંદન અંગ વીલેપન, કેસર કપુર અતર મીલીયા રે ...શ્રી॰ ...૦૨
પચરંગ ફુલ બાગ કેનીકે, કુંડલ કાન મણી જડીયા રે ;
મસતક તિલક અનોપમ સુંદર, સીસ મુકટ સોવન ઘડીયા રે ...શ્રી॰ ...૦૩
પટહસ્તી ચઢ ચલો નરેસર, વડા જોધા આગેં ખડીયા રે ;
ભુંગલ ભેરી વાજેં નગારા, જાનેં ચંદ કીરણ ઝલીયા રે ...શ્રી॰ ...૦૪
સાથેં અંતેવર સબ લીધા, અભયકુંવર સાથે ચલીયા રે ;
સાથે સાહ કેવનાં ચાલા, સબ મન હરખ ભયો રલીયા રે ...શ્રી॰ ...૦૫
સમોસરણ દેખે જીનજીકો, ધન ! ધન ! આજ વખત વલીયા રે ;
વાંણી સુંણી પ્રભોસેં છુટૈ, ઇન ભવ પાપ સકલ ગલીયા રે'' ...શ્રી॰ ...૦૬
ઇસ વીધસેં જીન આગલ આયે, ચરણ કમલમેં ચીત ધરીયા રે ;
આનંદ રુપ અધક રસ ભારી, ભાગ ઉદૈ દરસન કરીયા રે ...શ્રી॰ ...૦૭
ચરણાં સીસ ધરિ રાજા બૈઠા, નરતીર અસુર સકલ ભરીયા રે ;
દેવી દેવનમેં પ્રભુજી કું, રતન જડત બપૂતા વરીયા રે ...શ્રી॰ ...૦૮
ચૌમુખ વચન ચહું દિસેં દિસેં, માંને ગલે માંની નરકાં રે ;
શ્રીકૂંટી કોટંબનાં અતિ નીકાં, સોવન રતન ભરાં જરકારા રે ...શ્રી॰ ...૦૯

દુહા : ૨૭

બૈઠે સિંઘાસન પ્રભુ, દે ઉપદેસ અપાર ;
વાંણી જોજન ગાંમની, બૈઠી પ્રષદા બાર ...૦૧

ઉપદેશી ભગવાંન જી, પ્રથમ સું આરજ દેસ;
આરજ કુલ પુરી જગે, અઉતા સંદેશ ...૦૨
સંગત પાવૈ સાધકી, સુંણકૈ કો સિધાંત;
શ્રદ્ધા જિનવર વચનકી, ટાલૈ મીથ્યા મત ...૦૩

ઢાળ : ૨૭ (આઇ રે આઇ રે જમાલો સાગ વેચન આઇ...એ દેશી)

વાણી શ્રી જીનરાજ વખાણૈ, સુંનો ભવિકજન પ્રાંણી !
''ચાર ગતિ ચોરાસી લાખમેં, કાલ અનંત ભમાંણી ...૦૧
ભલે આયા જીનેસર, ભવ જલ પાર પોહોંચાયા રે...ભ૰
દેવ ગુરુ ધરમ સાચા પાલો, ટાલો આતમ દોષ;
સમકિત બિન તો કાજ ન સુધરે, કિસ વિધ પાવૈ મોક્ષ ...ભ૰ ...મે૰...૦૨
જૂઠે ગુરુકી સંગત ટાલ્યૌ, સાચા પાસૈ આવો;
કેવલિ ભાષિત ધર્મ આરાધો, જું અમરપદ પાવો રે ...ભ૰ ...મે૰...૦૩
પંચ માહાવ્રત ધરમ આરાધો, શ્રી જીનરાજ બતાયો;
બારા વ્રત શ્રાવકના પાલો, આવાગમન મિટાયો રે ...ભ૰ ...મે૰...૦૪
પાયા નર ભવ સાર જગતમેં, સમઝ બુઝ મન ભાઇ;
માતા પીતા ઓર બહન ભાઇ, જુઠી જાણ મમતા લાઈ ...ભ૰ ...મે૰...૦૫
તન ધણ જોવન અથીર જગતમેં, ભોડલકા સાભલકા;
કાલ અનંત રુલા ચોગતિમેં, અજું ન હૂયા હલકા ...ભ૰ ...મે૰...૦૬
વિષૈ વિકાર પાંચેં ઇંદ્રી, પચીસેં ભરમાયા હૈયા;
પચીસાં કી સંગત કરકેં, દુરગત ધકા ખાયા ...ભ૰ ...મે૰...૦૭
એક એક ઇંદ્રી કે વસ પડીયા, પંચાનેં દુખ પાયો;
ગજ અલી મીન પતંગ મૃગનેં, કાંનાસે મર જાયો રે ...ભ૰ ...મે૰...૦૮
ફલ કિંપાક સમાન જગતમૈ, ભૌગાવ્યાં ભરમાયા;
ત્યાગી સો તો મુક્ત વિરાજૈ, ભોગી સુખ નહી પાયા હો ...ભ૰ ...મે૰...૦૯
મમતા માયા છોડ જગતકી, સમતા રસમેં આવો;
દયા ધરમ તો સાર જગતમેં, યાહી તેં ચીત લગાવો હો ...ભ૰ ...મે૰...૧૦
દાન સીલ તપ ભાવ ભલેરા, ઘાતિ કરમ ખપાયેવો;
નીંદા ચુગલી તજો પરાઇ, સુધ અભ્યાસ ઉપાવો ...ભ૰ ...મે૰...૧૧
આ સંસાર કૈહરકા વાસ, ધરમ કરો સુખ દાઇ;
શ્રી જિનરાજ કહૈ ભવી જીવો, અટલ અખંડત થાઇ ...ભ૰ ...મે૰...૧૨

આયા જીવ એકલા ભાઇ, આપ એકલા જાવૈ;
તન ધન જોવન છાંડય કેલા, ફિર પીછૈ પછતાવૈ'' ...ભ૰ ...મે૰...૧૩

દુહા : ૨૮

જીનવાંણી શ્રવણે સુંણી, પ્રતિબોધી સબ કોય;
કોઇ શ્રાવક વ્રત આદરો, કોઇ માહાવ્રત જોગ ...૦૧
વલી પચખાંણ કરા ઘણાં, મીઠી લાગી જોર;
કેવનોં મન હરખીયો, જિમ ઘન ગાજૈ મોર ...૦૨
આજ મનોરથ સબ ફલા, આજ જનમ મુઝ ધન;
વાંણી શ્રી જીનરાજકી, સાંભલી એ કૃતપુન ...૦૩
વંદન કરનેં પુછીયો, ભાખૈ શ્રી જીનરાય;
''પૂર્વભવ મેં ક્યા કીયા ? મુઝકું ધૌ બતલાય'' ...૦૪
લોકાલોક પ્રકાસક રે, કેવલગ્યાંન અનંત;
[૧]કેવલગ્યાંની આગૈ કહે, પૂરવ ભવ વૃત્તાંત ...૦૫

ઢાળ : ૨૮ (બલીયાસેં ક્યૌ લાગતા હૈ...એ દેશી)

શ્રી જીનવાંણી અમીય સમાંણી, જીનવર તુરં(ત) સુણાઇ હૈ;
''તું સૂણલે રે કેવનાં બાલક, જેસી વીધ કરિ આઇ હૈ;
તેનેં પીછલે ભવમેં દાંન દીયા થા, ઉસકા ફલયે ભાઇ હૈ;
એક **સાલગ્રામ**મેં વસૈ પ્રભાવત, જિસનેં બેટા એક જાઇ હૈ ...૦૧
જાકે ઘરમેં તો કુછ સંપત નાંહી, વીપતા બોહોત સતાઇ હૈ;
હોય દુખીયારી ગાંમ છોડકૈ, સહર વિષૈ ચલ આઇ હૈ;
પિસણ ધોવણ કરૈ પારકા, સુત વછક ચરવાઇ હૈ;
પુરા પડણાં જગમેં મુસકિલ, નિઠ નિઠ કર પેટ ભરાઇ હૈ ...૦૨
ઇમ કરતે બહુત દીન વીતો, જાતેં વાર ન લાગઇ હૈ;
[૨]**સાંવન તીજ** ભઇ લોકાંકી, ઘર ઘર બાર વધાઇ હૈ;
પુડિ પાપડી ખીર બણાવૈ, [૩]વ ઠંડી કરકેં ખાઇ હૈ;
જીમત સાહ દેખ બાલકનેં, અસી મનમેં આઇ હૈ ...૦૩
ખીર દેખ માતા પૈ આયા, અસા વચન સુનાતા હૈ;
''સુંન લે રી મોરી મોહનગારી ! તું લાગૈ મેરી માતા હૈ;

---

૧. હ.પ્ર. (ખ)નો પા૰ - કેવના આગે કહૈ, પૂરવભવ વૃત્તાંત; ૨. શ્રાવણ માસની ત્રીજ; ૩. અને.

મેં વાછરુ ચરાણે જવ જાઉંગા, જીમું ખિર [૧]વીધાતા હૈ;
મુનેં બુરા ખાંડ સપેદ મંગાય દે, તો મેરા મન [૨]પતિયાતા હૈ'' ...૦૪
એ સુંન કરકે માતા બોલી, ''સુંન મેરા લાલન વીરા રે!
મેરે નાંજ દાંણા કો પાવે નાંહી, તુઝકો ભાવત ખીર રે;
આઠ પહરતો રહું ઉદાસી, ઘર ઘર ભરતી નીરો રે;
મેં કાલ જીમાંઉં ખીર રાંધ કૈ, તુ વાત માંન મેરા હીરા રે'' ...૦૫
સમઝાયો સમઝૈ નહીં બાલક, તવ હિરદેં ક્રોધ ભરાયા હૈ;
ઉન ખેંચ થાપ મુખ ઉપર મારી, ઉસનેં રોસ ભરાયા હૈ;
લે મટકી પાંનીનેં ચાલી, બાલક ગેલે(રે) આયા હૈ
કહૈ સેઠાંણી ''સુંણરી ઘર ગઇ, તેં બાલક ક્યોં રુવાયા હૈ?'' ...૦૬
''સમઝાયો સમઝૈ નહી મેરા, ઇસકી મત [૩]ભરમાનીરી;
મેરેં દુધ દહી ભાત કીતસેં આવૈ? થાલેં ભર લાતી પાંનીરી;''
તે ચારું જણી જબ કહનેં લાગી, ''કરલે ખીર ત્યારીરી;
દુધ ચાવલ ઘી બુરા લેજા, હમ ઇનકી બલહારીરી'' ...૦૭
જલ્દી ખીર બનાઇ માતા, થાલીમેં ઘલવાઇ હૈ;
આપ ગઇ પાંની ભરવાકું, બાલક થાલસી લાઇ હૈ;
એક માસકે પારણૈં મુનીવર, તેહનેં ઘરમેં જાઇ હૈ;
સુધ ભાવ કર ઉસ બાલકનેં, મુનીવરકો વહરાઇ હૈ ...૦૮
થાલી ચાટન લાગો લાલજી, સાથ લેઇનેં સટકા હૈ;
'મેં ઉત્તમ દાંન દીયા મુનીવરકું,' છુટ ગયા ભવ ભવ ભટકા હૈ;
દાંન દીયા નહીં કહનાં કીસકું, ભલા ભાવધરી અટકા હૈ;
ચારો પડોસન દેખ વીચારૈ, ઇન ઉલટ દિયા ઝટકા હૈ ...૦૯
ઇતનેમેં ઘર આઇ માતા, દેખત બાલક જીમ લીયા;
ફેર થાલીમેં ખીર ઘલાઇ, માતા મન અપસોસ કીયા;
મેરા ઇતની ભુખ હમેસાં કાદૈ, તડપણ લાગા તાસ જીયા;
ઉસકું નજર હુઇ માતાકી, ફિર ફાટ ગયા ઉસકા હિયા ...૧૦
ઉજલ ધ્યાંન ઘરો બાલકનેં, ઉત્તમ ઘર અવતાર લીયા;
[૪]સેઠ **ઘનાં** કે ઘરમેં આયા, મોહોછવ ભલી ભાંત કીયા;
દસ દીન પીછેં ભલી ભાતસું, નાંમ કેવનાં આનંદી દીયા;
એ ફલ પાએ દાન દીયકે, સવી [૫]ત્રેહૈં સુખ તે રાજીયા ...૧૧

---

૧. માતા; ૨. વિશ્વાસ; ૩. ભરમાણી; ૪. હ.પ્ર. (ખ) અને (ગ)નો પા૰ - સેઠ ઘનાં કે ઘરમે આયે, પાંચ ઈંદ્રીમાન આણ ભયા; એ ફલ લાગે દાન દિયે કે, તેરા નામ કેવના અનિદિયા ...૧૧; ૫. સ્ત્રીઓ.

ચાર પડોસન દાન પ્રસંસો, એ વહુયા ચારો તેરી;
પાંચમી તો મનમેં પછતાય, એ વેસ્યાં ઘરકી ચેરી;
લાલચમેં મન આય ગયા, અંતરાય કર્મા કેરી;''
ઢાલ અઠાઇસમી એ થઇ પુરી, જુઠ નહીં વાંણી મેરી ...૧૨

દુહા : ૨૯

ઉપગારી પ્રભુ પરમ ગુરુ, સંસય ભંજનહાર;
કેવનાં આગલ કહો, પૂર્વભવ સુવીચાર ...૦૧
સુંણ પૂરવભવ આપણોં, દાંન તણો ફલ દેખ;
કેવન્નાં [૧]પકો [૨]ભયૌ, ધર્મ કર્મ સુવીસેષ ...૦૨

ઢાળ : ૨૯ (ઇમ ઘનોં ઘનો ઘનનેં પ્રભાવૈ...એ દેશી)

વીર તણી સાંભલીનેં વાંણી, મીઠી અમીય સમાંણી રે;
સુધ મન કરી જિનધરમ પીછાંણી, સાત [૩]ધાત ભેદાણી રે;
સુંન ચેતન જગ જીવન થોડા...આંચલી ...૦૧
એ માયા સબ થોથિ જાણો, સાચો ધર્મ પીછાણો રે;
નિશ્ચે જીવ અકેલા જાણોં, દુરગતિ ઘકા ખીણો રે ...સું. ...૦૨
એમ વીચારી કેવનાં આયો, ધરમ વીષૈ ચીત લાયો રે;
સંજમ લેવા મન ઉમાહો, વીર સમીપૈ જાયો રે ...સું. ...૦૩
વીર કહૈ ''તું ઢીલ ન કીજૈ, જલદી સંજમ લીજૈ રે;
છ કાયનેં અભયદાંન દીજૈ, તો આતમ વસ કીજૈ રે'' ...સું. ...૦૪
માયા મમતા તૃણ જીમ તોડી, મોહ જગત કો છોડી રે;
સમઝાઇ ગેહનીં જબ ગોરી, પાટ થાપ સુત જોડી રે ...સું. ...૦૫
જૈનધરમ તો સાર નગીનોં, જીન પરીક્ષા ઉન લિનોં રે;
ખોજ ખોજ અમૃતરસ પીનોં, જીસકો કોઇ કમીના રે ...સું. ...૦૬
પંચમાહાવ્રત લે સુધ પાલૈ, દોષન તો સબ ટાલૈ રે;
આશ્રવ પાંચોંને તે ગાલૈ, સુત્ર ન્યાયેં ચાલૈ રે ...સું. ...૦૭
સુકલૈણી સાતો સમઝાઇ, દિક્ષા કરી સજાઇ રે;
આઠ જણેં સંજમ ચીત લાઇ, વાંછા સકલ મીટાઇ રે ...સું. ...૦૮

---

૧. શ્રદ્ધાવાન; ૨. થયો; ૩. ધાતુ શરીરની ઉલસીત થઈ.

જો ધન દોલતમેં નર વસીયા, તે તો પુદ્ગલ રસીયા રે;
પાંચ નાગ ઇંદ્રીનાં ડસીયા, સુખ દુખ નરવે ફસીયા રે ...સું. ...૦૯
સાત જણાં સંજમ ગુણ ભરીયા, ભવજલ પાર ઉતરીયા રે;
દયા દાંન તપ જપ ગુણ દરીયા, આતમ કારજ સરીયા રે ...સું. ...૧૦
દેવ ધરમ ગુરુ તીનોં પરખી, સમકિત નીરમલ નીરખી રે;
પાંચ આચાર અતી આખરખી, પાંચ વ્રત ધરિ હરખી રે ...સું. ...૧૧
નેંમ ધરમને સુધો પાલી, આતમ દોષ ન ટાલી રે;
ગ્યાન દરસન ચારિત ઉજાલી, કટૈ કર્મકી જાલી રે ...સું. ...૧૨
ક્ષાયક શ્રૈણિ ચઢૈ પરિણામે, ઘાતી કરમ તે ખાંડે રે;
પ્રથમ સમેં કેવલ અભીરામેં, તેરમી પૈડી પાંમે રે ...સું. ...૧૩
જીન કારણ ઘર ત્યાગ કરાયા, સો ગુણ જીસનેં પાયા રે;
ચઉદસમેં ગુણઠાણેં આયા, તવ સબ યોગ ખપાયા રે ...સું. ...૧૪
મુક્તિ ગયા કેવનાં સીધ, અનંત ગુણૈ ગુણ લીધા રે;
ઉત્તમ કાંમ ભલા તીન કીધા, ગ્યાંન અમીય રસ પીધા રે ...સું. ...૧૫
શ્રી શ્રી રાજરુપ ગુંણધારી, કરમચંદ હીતકારી રે;
ગંગારામ એ સુમત વીચારી, રચના ગ્રંથ સુધારી રે ...સું. ...૧૬
હાંસીનગરેં રાજ અંગરેજી, છત્ર ફીરૈ તસુ તેજી રે;
સંવત ૧૯ સૈ ઇકવીસેં જી, ભાદ્રવ માસ કહેજી રે ...સું. ...૧૭
શ્રી કેવનાં ચૌપાઇ ભાખી રે, ઢાળ **ઉનતીસૈ** સાખી રે;
ગુણ લીજો અવગુણનેં નાખી રે, નીરમલ મતનેં રાખી રે ...સું. ...૧૮

।। ઈતિ કયવન્ના રાસ સંપૂર્ણ।।

૧૫. શ્રી વિજયધર્મધુરંધરસૂરિ કૃત ૧કયવન્ના સજ્ઝાય (પૃ. ૫૫)

સૌભાગ્ય હોજો કૃતપુણ્યતણું,
સહુ સુખી થજો, કૃતપુણ્ય સમા સૌભાગ્ય
રાજગૃહીએ રહે સૌભાગી, વૈરાગી મુનિનો રાગી;
તાત વચન વશ નટ વિટ સંગે, ભોગવિલાસની રઢ લાગી. સૌભાગ્ય૰ ...૧

બાર વરસ એ વરવધૂ ઘર, રાગ રંગમાં રક્ત સદા;
ધનથી નિર્ધન થયા નિધાનને, પામ્યા માત ને તાત સદા. સૌભાગ્ય૰ ...૨

કનકવશે વશ રહે વેશ્યા, નિર્ધન જાણી દુર કર્યો;
કુટિર સમા નિજ ઘર આવ્યો તવ, પ્રાણ પ્રિયાએ સ્નેહ ધર્યો. સૌભાગ્ય૰ ...૩

સાર્થવાહના સાર્થની સાથે, અર્થ કમાવા સંચરતો;
એ જ નયરમાં ગુપ્તપણે, ચાર પ્રિયા ઘર રહી રમતો. સૌભાગ્ય૰ ...૪

નિજ ઘર આવ્યો દ્વાદશ વર્ષે, પુણ્યે સર્વ પ્રકટ થયું;
શ્રેણિકરાયની પુત્રી પરણ્યો, સાત પ્રિયા સહ સુખ વિલસ્યું. સૌભાગ્ય૰ ...૫

વીર વિભુની નિસુણી વાણી, પૂર્વજન્મ પણ સાંભળીયો;
ભાગ્યવંત એ પુણ્ય **ધુરંધર**, સંયમ લઈ સુરલોક ગયો. સૌભાગ્ય૰ ...૬

---

૧. સ્વાધ્યાય રત્નાવલી, પૃ.-૫૫, બીજી આવૃત્તિ, વિ.સં. ૨૦૪૮, (શ્રી નેમિસૂરિ સમુદાયના → શ્રી વિજય અમૃત સૂરિના → શ્રી વિદ્વાન વિજય ધર્મધુરંધરસૂરિ) પ્ર. શ્રી અમૃતોદયપુણ્ય પૌષધ શાળા, અમદાવાદ.

૧૬. અજ્ઞાત કૃત કયવન્ના સજ્ઝાય

ઢાળ : ૧

રાજગૃહી નયરી નવ જોયણ, જોયણ બારઽ પ્રમાણિ;
ક્ષાયક સમકિત **શ્રેણીંક** નરવઈ, રાજ કરઈ ઇંદ્ર જાણિ. ||૧||
તુમ્હિ જોઉ કરમ વિચારઽ... આંચલી,
તિણિ નયરિ અભિસાગરઽ ઘન જાઈ, કનક સંપદ બહુ કોડિ;
દાતા ભુગતા પરઽ ઉપગારી, પુત્ર નહી ઘરિ ખોડિ તુમ્હિ. ||૨||
અભય ઘરણિ ઉગ્ચૂરિહિં ઉપન્નઉ, કઈવનુ સકુમારઽ;
જોવન ભરી કન્યા પરિણાવિઉ, નવિ ઝાલઈ ઘરઽ ભારઽ. તુમ્હિ. ||૩||
[૧]લાડિહિંણુ હૃદય ન ચિંતઈ, કુલ મારગિ નવિ ચાલઈ;
કૂડ વિસણ નટ પુરષ સંઘાતિઈ, ગણિકા ઘરિ દ્રવિ આલઈ. તુમ્હિ. ||૪||
અરથ ખૂટઉ ઘરિ [૨]ત્રીઅ સકુલીણી, નિજ આભરણ અલાવઈ;
[૩]નીમાણી ગણિકા [૪]ઉચાટઈ, પૂંણી [૫]ત્રાગ ચલાવઈ. તુમ્હિ. ||૫||

દુહા : ૧

તં પેખી તિણિ ડોકરી, બોલાવી નિજ બાલ;
''રે અકુલી તૂં હૂઈ, નવિ જાણઈ કુચાલારઽ.'' ||૬||
[૬]પલિત, મુંડિત, જરજરિત પંડિત, દહદિસિ કોડિ નિહાણી;
ઈણ ભવિ પરભવિ, કંત મૂંકાયા ગયા જાણિ. ||૭||
બાપ પુત્ર નઈકાંઈ જિણઈ, લહૂઉ ઘરઉ ના હોઈ;
જોવન નારિ ન ભીડવઈ, પુત્ર નહી રિયુ સોઈ. ||૮||
વરઽ ઘરિ વંઝિ કલત્ર હૂઉ, મા ઉપજઉ કુપુત્ર;
જિણિ દીઠઈ લજાલુ આં, પુત્ર નહી સો સિત્રુ. ||૯||
બેટઈ જા ઈકણ ગુણ, જિણિ કુલખંપણ થાઈ;
ઉદરિ મ વસિયો તેહ નરા, જિહિ બાપી કીજઈ. ||૧૦||
કયવન્નઉ પૂછત ગયુ, પહુતો ઘરહ દૂઆરિ;
સપત ભૂમિ ખંડ [૭]હડિ પડી, રસોડઈ વસઈ સા નારિ. ||૧૧||

---

૧. નવી પરણેત્તર; ૨. સ્ત્રી; ૩. ખિન્ન; ૪. દિલગીર થઈ; ૫. સૂતર કાંતવાનું સાધન; ૬. પાડો; ૭. ખંડેર

ઢાળ : પૂર્વની

[1]ખેખકિ કંત વલી વલી ચાહઈ, નવિ ઉલખઈ તિ નારી;
કરિ કરવઉ લેઈ સાહમી ઉઠી, આવઉ આવઉ દાસિ તમ્હારી. તુમ્હિ૰ ।।૧૨।।
કયવન્નુ હિવ મંદિર પેખઈ, પૂછઈ ''તાત ન માય ?''
નાયણ નીર ભરિ સા પ્રીય વીનઈ, ''સ્વામી ! દેવાંગત થાય.'' તુમ્હિ૰ ।।૧૩।।
વિખવાદિઉ મનિ કાયં દિવસ રહઈ, ઘરિ સંતાન ઉપજ્જઈ;
દૂરિ દેસ વણિજારઉ આવઈ, વણિજ સંજોઈ કીજઈ. તુમ્હિ૰ ।।૧૪।।
લેઈઅ સેજ મોદક સંબલ કરિ, પ્રીઅ પહુચાવી આવઈ;
રયણિ અસંભમ એહજિ હોસિઈ, સુર ભણઈ કુતિગ ભાવઈ. તુમ્હિ૰ ।।૧૫।।

ચોપાઈ : ૧

તિણિ નયરિ છઈ એક ધનવંત, નવયૌવન લહૂઉ ગુણવંત;
જણણિ એક ત્રીઅ ચ્યારિ, અપુત્ર, કર્મ વસિ ઉપન્નઉં મૃત્ય. ।।૧૬।।
માડી ચીંતઈ હૃદયમાંહિ, 'એ લિખિમી સહૂ રાઉ લિ જાહિ;'
ચાલી ડોકરિ વહૂઅર લેઈ, [2]ત્રિગ [3]ચાચર [4]ચહૂટાઈં ફિરેઈ. ।।૧૭।।
ફિરતી નિસિ ગઈ સીહ દૂઆરિ, સોઈ વિણજારઉ પોલિહિ બારિ;
કઈવંના (ન)જાગિ નિદ્રા બહૂ, સેજ ઉપાડી ચિહું એ વહૂ. ।।૧૮।।
આપણિ ડોકરિ આગલિ થાઈ, સપત ભૂમિ ચિત્રસાલામાંહિ;
વીણા વંસ હાથિ વીજણા, બહુ ઉદ્યોત તસ રયણી તણા. ।।૧૯।।
માડી બઈઠી લે [5]સાંગમુ, પ્રહિ વિહિલી રવિ પ્રગડઉ હૂઉ હૂઉ;
કયવન્ના જગિ નિદ્ર ભંગ, ચ્યારિ કલકલત્ર જિસી દેખિઈ રંભ. ।।૨૦।।

ગાથા : *** अणमिसनयणा मणकज्ज साहणा, पुफदामअमिलाणा।**
चुरंगुलेणभूमि न छबिति सुरा जिणाबिंति।। **।।१।।**

ઢાળ : પૂર્વની

તઉ માડી ભણઈ ''પુત્ર ! સુયણો, એ મંદિર તુમ્હ કેરઉં;
ચ્યારિ કલત્ર એ હૂંતુમ્હ જણુણી, મએલ્હઉ મેઉલ્હઉ સનેહ અનેરુ.''
તુમ્હિ૰ ।।૨૨।।

---

૧. હાડકા સૂકાઈ ગયા છે તે; ૨. ત્રણ રસ્તા; ૩. ચોરો, મહાજન બેસે તે સ્થાન; ૪. ચાર રસ્તા જેવું સ્થાન; ૫. માંચી.
* (ક.૧) પલકારા માર્યા વિનાના નયન હોય, મનથી ચિંતવેલું કાર્ય કરનારાં હોય, પુષ્પની માળા કરમાતી નથી, ભૂમિને અડગ્યા વિના ચાર આંગળ ઊંચા રહે છે, તેને જિનેશ્વર દેવ તરીકે કહે છે.

કઈવનઈ રિધિ કિણિ પરિ પાની, ધિગ્ ધિગ્ વિકટ સંસાર;
પરભવિ પાત્ર દાન સંયોગિઈ, કરમ તેણઈ અનુસારિઈં. તુમ્હિ૰ ।।૨૩।।
બાર વરસ તસ મંદિરિ રહિ કરી, કયવનુ વિલસંતિ;
અંગજાત પુત્ર ચ્યારિ ઉપન્ના, દિનિ દિનિ સોઈ વાધંતિ. તુમ્હિ૰ ।।૨૪।।

દુહા : ૨

તઉ માડી મુખિ ઉચ્ચરઈ, વહૂઅર બોલાવેઉ;
''રિધિ સ્વામી અમ્હ ઘરિ હૂઉ, એ નર મેલ્હઉ લેઉ.'' ।।૨૫।।
વહૂઅર બોલઈ ''માઇ સુણિ ! તમ્હ મનિ કેહઉ ભ્રમ;
અમ્હ વિધવા પણ [૧]દિઘ વરિ, એ અમ્હ ગયૂ અકર્મ.'' ।।૨૬।।
કર્મ બલીઉં હોઇ ઉપકર્મ, કઈ પુણ બલીઉં ધર્મ;
કર્મહિં કર્મ [૨]કુકમિ ધર્મ, તમ્હ મનિ કેહઉ વિભ્રમ્મ ? ।।૨૭।।
[૩]ભોગહલી ભોગવાવીઇ, [૪]ક્રમહિલી [૫]વિહસંતિ;
જિણિ વેલા બંધ જીવિઇં, સોઇ નિશ્ચિઇં પામંતિ. ।।૨૮।।
નર વાલંતુ સંભલી, મોદકિ રચણ ઠવેઉ;
નિસિ પાંચઈ મેલ્હી વલી, નીર ભરતિ નયણઉ. ।।૨૯।।
ક્રમવસિ તે વલિ વાંણિજૂ, આવિઉ તીણઈ ઠાઇ;
[૬]પ્રહિ વિહસી કયવંનઉ જાગઈ, નવિ તે કલત્ર નવિ તે મા. ।।૩૦।।

ઢાળ : પૂર્વની

સુધિ જાણી ઘરિ સ્ત્રીઅ સુકુલીણી, [૭]સાથ પૂછતી આવઈ;
દીઠઉ કંત હરખ મનિ ઉલટ, પ્રીઅ ભણી બેહઉ નવિ બોલઈ. તુમ્હિ૰ ।।૩૧।।
અરથ ખૂટઉ ઘરિ સ્ત્રીઅ સુકુલીણી, લાભ બેહઉ નવિ બોલઈ;
જવ નેસાલ થિકુ પુત્ર આવઈ, પ્રીઅ ઊચે લેહિ મેલ્હઈ. તુમ્હિ૰ ।।૩૨।।
જવ કોથલીઅ હલાવઈ નારી, મોદક બેટા દીઘઉ;
ભીતરિ રચણ અમૂલિક પેખઈ, પુત્રિ ઘૂંટઈ કરિ લીઘઉ. તુમ્હિ૰ ।।૩૩।।
પાટી લેઈ પુત્ર ગયુ માંજિવા, ઘૂંટઉ ગોલઈ પડીઉ;
બિહું પખિ નીર કંદોઈ પેખિઈ, તિણિ ભોલવિ કરિ લીઘઉ. તુમ્હિ૰ ।।૩૪।।
શ્રેણીક રાય તણુ નિજ [૮]મઈગલ, જીવિ તાંતૂઅડઈ બાંધઉ;
રાઉ પસાઈ કન્યા પરણાવઈ, કંદોઈઈં અવસર લાધઉ. તુમ્હિ૰ ।।૩૫।।

---

૧. પતિપણું આપ્યું; ૨. ખરાબ કર્મ; ૩. ભોગાવલી; ૪. ક્રમાનુસાર; ૫. પ્રગટે; ૬. પોહ ફાટયો; ૭. સાથ; ૮. હાથી.

નરવઈ **આયસિ મંત્રિ** તેડાવઈ, ''**અભયકુમાર** ! કિમ કીજઈ ?
વાચા ગમતાં બે ભવ વિણસઈ, કંદોઈ કન્યા કિમ દીજઈ ?'' તુમ્હિ૰ ।।૩૬।।
બુધિસાર ભણઈ ''અચરિજ દીસઈ, એહ અસંભમ હોઈ;
જેહ તણૂં એ રયણ જિ હોસિઈ, [૧]ધીય પરણેસિઈ સોઈ. તુમ્હિ૰ ।।૩૭।।
પાટ પીટંતુ કંદોઈ લીધઉ, કયવન્ના સુત કંન્નઈ;
કઈવન્ના હિવ રાજા પૂછઈ, નવિ જાણઈ નવિ મન્નઈ. તુમ્હિ૰ ।।૩૮।।
કઈવન્ના કન્યા ! પરિણાવી, અભયકુમાર સિઉં પ્રીતિ;
''સુણિ ! મંત્રીસર ! એક વયણ અમ્હ, આણિ આપણઈ ચીંતિ. તુમ્હિ૰ ।।૩૯।।
બુધિસાગર' તું બિરદ બોલાવઈ, એહ બુધિ કવણ પ્રમાણ ?
ઈણ નયરિ [૨]મૂં કલત્ર ચ્યારિ પુત્ર, છઈ પુણ કિહીં ન જાણૂં'' તુમ્હિ૰ ।।૪૦।।
બુધિસાર ભણઈ ''અચરિજ દીસઈ, એહ અસંભમ હોએ;
રાજ રિધિ તૂં કાંઈ [૩]ગરવીઉ નિધાં કરિસિઈ લોએ.'' તુમ્હિ૰ ।।૪૧।।

દુહા : ૪

''અભિય વચન નવિ ઉચરૂં, કઈ હૂં ગમૂં પરાણ;
દષ્ટિહિં દીઠાં ઉલખૂં, કરૂં તમ્હારી આણ.'' ।।૪૨।।
મંત્રિ તેડાવીઅ ચિત્રકાર, કયવંનુ દાખંતિ;
એ પ્રતિમા વેગિઈ કરઉ, સાચ સરીખી ભ્રાંતિ. ।।૪૩।।
ચિહું બારે દેઉલ રચિઉ, પ્રતિમામાંહિ ઠવંતિ;
મત [૪]વારણાં સોહામણાં, તે નર બઈઠવેઉ. ।।૪૪।।

ઢાળ : પૂર્વની

નયે ઢંઢેરઉ ''[૫]જાખ જુહારંગ, બાલ વિરધ સહૂ કોએ;
તેનિ ઘર અંતરાઈ ટલસિઈ,'' રાજગ્રહી નવિ હોએ. તુમ્હિ૰ ।।૪૫।।
નારિ એક સિણગાર [૬]સેત્ર કરિ, કરિ કંકણ વિણ આવિઈ;
દીઠઉ કંત [૭]મોકર સુર મેલ્હઈ, નયણે નીર [૮]પુલાવઈ. તુમ્હિ૰ ।।૪૬।।
બુધિસાગર ભણઈ ''સુણિ કયવંન ! કાંઈ રોઅઈ વિધવા નારિ ?''
''બાર કોડિ દ્રવિ એહસિઉં વિલસી,'' માહામંત્રિ [૯]અવધારિ. તુમ્હિ૰ ।।૪૭।।
ચ્યારિ નારિ પુત્ર ચ્યારિ ડોકરડી, પેખઈ અસંભમ વાત;
બેટે બાપ તિહાં ઉલખીઉ, ઘરહિં પધારઉ તાત. તુમ્હિ૰ ।।૪૮।।

---

૧. દીકરી; ૨. મારી; ૩. ગર્વ કરવો; ૪. બારણાં; ૫. ચક્ષ; ૬. ? ? ? ?; ૭. ? ? ? ?; ૮. વહેતાં; ૯. વિચારે.

કઈવંનઈ રિધિ કિણિ પરિ પામી, ધિગ્! ધિગ્ વિકટ સંસારિ;
સચરાચરિ સોભાગ જાસ ઘણ, જેહ મહિમા નવિ પારિ. તુમ્હિ૰ ।।૪૯।।

દુહા : ૫

કઈવના કુતિગ સુણુ, જિમ ઘરિ કુટંબ મિલેઉ;
બારિ કોડિ દ્રિવિ કામ પુત્રિ, સા ઘરિ આવીઅ લેઈ ।।૫૦।।

ઢાળ : પૂર્વની

ચ્યારિ નારિ પુત્ર ચ્યારિ ડોકરડી, તેહ દ્રવિ સંખ્યા ન પારિ;
સાત કલત્ર કઈવનઉ વિલસઈ, અભય તણુ ઉપગારિ. તુમ્હિ૰ ।।૫૧।।

इति कयवन्नानू चरित्र संपूर्णम्।।

---

૧. રાજા અને ઈન્દ્ર, ૨. આનંદિત થયા.

૧૭. અજ્ઞાત કૃત દાનકુલક બાલાવબોધ (ગદ્ય)

ગાથા : जम्मंतर दाणाओ, उल्लसिआ पुव्व कुसलझाणाओ।
कयपुणो कयवनो, भोगाणं भायाणंजाओ।।

અર્થ : જન્માંતરે પૂર્વ ભવિ સુપાત્ર દાન દીધું તેહ થકી;
અનઇ ઉલ્લસિઓ અપૂર્વ મનોહર કુસલક, સુભ ધ્યાંનના મહિમા થકી;
કયઉન્નો કહતાં કૃતપુણ્ય કીધાં જેણઇ એહવો જે કયવન્નો;
ભોગનો ભાજન નિધાંન થયઉ. ...૦૧

અથ કથા :-

રાજગૃહ નગરી, **અભયકુમાર** મંત્રી, **ધનાવહ** [૧]શ્રેષ્ઠી, **સુભદ્રા** ભાર્યા, પુત્ર **કયવન્નો** બહુત્તરિ કલા પારગામી. પિતાઈ મોટા [૨]વ્યવહારિયાની પુત્રી **રુપવંતી** ચતુર સુસીલ પરણાવી, પણિ કયવન્નઓ તેહનો વિનયાદિક ગુણઇં હાવભાવઇં ચિત્ત રીઝઇં નહીં. ભણવાનું ગુણવાનું, સાધુની સેવાનું આદર ઘણઓ, વિષઇ ન વાંછઇ.

પિતા ચીંતવઇ, 'પુત્ર જોવન પામીઓ પણિ ભોગ તૃષ્ણા કંઇ ન વાંછઇ. અવસરઇં વેરાગ ભલો, અવસરઇં સંયોગ ભલો.' પછઇ કયવન્નાના મિત્રનઇં સેઠ કહઇ, ''તુમ્હેં સંસાર કલા સર્વ સીખવો [૩]ઉડાહા કરો.'' તેણિ સર્વ વિષય વીલાસ સીખવ્યા. વેશ્યાનઇ વિષઇં આસક્ત કીધો. પિતાઇં [૪]નવનવઉ ધન મોકલ્યાં. કાલાંતરિ પુત્રનિ તેડું મોકલૂં પણ પુત્ર વિષયાસક્ત [૫]હુંતઉ તેડીઉ નાવઇ. માતા પિતા વૃધ થયા. પુત્રનિ વિરહઇં જ મરણ પામ્યાં. ધન ખૂટું. એકદા દાસી મોકલી. કયવનાની ભાર્યા પાસિ દાસીઇં ધન માંગીઓ. ભાર્યા કહઇ ''બીજું ધન તો ખપિઉં પણિ માહરાં ગ્રહણાં લિયઓ, પિયુને સંતોષ હુઇ તિમ કરઉં.'' આભરણ લેઇ ઘરિ આવી વેશ્યાનઇં આપ્યાં. અકાઇં જાણિઓ ''એહ નિરધન થયો. હવે એહ કાઢિઉ જોઇઇં બીજઉં ધનવંત પુરુષ આણીસઇ.'' વેસ્યા કહઇ, ''એહસો પુરુષ એહનઇં છેહ ન દેઇઇ.'' અકા કહઇ, ''એહની ખપ છઇં નહીં.'' ઘર પુંજિવાનું મિસિ કરી બાહિર બઇસારિઉ, કમાડ દીધાં બાહિર ઘણી વાર થઇ, કયવન્નો મનમાંહિં ચિંતઉં 'એહ જાતિ નીચ, એહનું સભાવ એહવું જ હુઇ.' ઇમ ચિંતવી ઉઠિઓ. ઘણેં વરસેં સેરી સેરી હીંડતો લોકોનિં પુછતો પોતાના ઘર લાધાં. [૬]આવ(વા)સ ખડહડયા દીઠા. પડી સડી ખડકી દેખિ. ઘર બારણઇ આવિઓ. [૭]ગલહથિં નીચઇં મુખિં આભરણ પખઇં સ્ત્રી એક કાંતતી દીઠી. તિસઇં સ્ત્રીનું ડાવઓ અંગ ફુરક્યું. ચીંતવે 'એ કિસ્યું કારણ?' એહવે પ્રીયુ બારણઇ આવીઓ. દેખી તતકાલ ઉભી થઇ. [૮]આખારો લેઇ સાહમી આવી. દીધઓ આદર

---

૧. પા॰ શ્રેષ્ઠ; ૨. વ્યાપારી; ૩. આડ વાતમાં ચઢાવો; ૪. હંમેશા; ૫. થયો; ૬. સંભવિત પા॰ આવાસ; ૭. બોચી પકડીને; ૮. અક્ષત-પાણી.

સનમાન કરી, આસણ દેઇ વિનય સાચવૈ. બેહૂંના લોચન આંસૂ ભરીયાં. હીઇં સંતોષ થયો. પાડોસી સગાં સહૂ મિલ્યાં. માતા પિતાની વારતા સાંભલી ઝૂરવા લાગો. પ્રિયા કહઇ ''ઝૂરઉ માં! દૈવની વાત પ્રતિ સ્યૂં ચાલઇ?'' ભર્ત્તારનઇં સંતોષતા બોલ બોલતી, ભક્તિપૂર્વક સ્નાન કરાવી, જિમાડિઓ. પ્રેમ ઘરતાં સુખઇ રહઇ. પ્રિયા કહઇ, ''સ્વામિ! માહરા કર્મનું વાંક, પણિ તુમ્હારો કાંઇ વાંક નથી.'' કેતલાઇક માસ ઘરિ રહિઉ. પ્રિયાને કહેં, ''ધન નહીં વ્યાપાર સ્યું કરું? ઘરિ નિર્વાહ કિમ થાઇ? ઇહાં [1]પાટ(ર)કી ચાકરી વાણોત્રી થાઇ નહીં, નાન્હઉ કાંમ હાથેં [2]લાગા(ગ)ઇં નહીં.'' પ્રિયા કહઇ ''જો સ્વામી! તુમ્હેં કુસલેં છો તો ધન ડીલના મેંયલની પરિ ઘણૂંઇ મિલસ્યૈ.'' ભર્તાર કહૈ, ''હું પરદેશ જઇ, ધન ઉપાર્જી આવું.'' સ્ત્રી દુખ ઘરવા લાગી. કહઇં ''સ્વામી! મુઝ થકી કિમ કેહવરાઇ? તુમ્હેં જાઓ પણિ વહિલા પધારજ્યો.'' સ્ત્રી આધનવંત છઇ. [3]સાર્થ પરદેશિ ચાલઇં છઇં, તિહાં રુડઇ સકુનૈ સાંઝી આવ્યા. સ્ત્રીઇં ચ્યારિ મોદિક સબલ દેઇ. એક ચૂટઇં ખાટલિ સાથમાંહિ સૂઆડિ ભર્ત્તારને પ્રણામ કરી પાછી ઘરિ આવી. પ્રિયુના પગ સમરઇ. કયવન્નઉ ખાટ ઉપરિ સૂતો છઇ. આકાસિ નક્ષત્રમાલા જે નિદ્રા આવી તેહવઇ સ્યું થયું તે સાંભલો.

રાજગૃહમાંહિ કોઇક ધનવંત વ્યવહારિઓ, ડોસી માતા ચ્યાર ભાર્યા. તેણી રાત્રઇ અકસ્માત સૂલક્ષણ યોગ મરણ પામિઉં. વહુ ચ્યારિ રોઇવા લાગી. ડોસી કહેં, ''તુમ્હેં રો માં, ધન અપુત્રિયા માટિ રાજા લિસ્યઇં.'' પુત્ર મૂઆનઇં ખાડ ખણી ઘાલિઓ. ડોસી કહૈ, ''પુરુષ એક સોઘી આંણસૂં.'' ચ્યારે વહુ કહઇ ''માતા! એ વાત કિમ હુઇ?'' ડોસી કહઇ ''જો બોલસ્યો તો તુમ્હને ખાડ ખણી ઘાલૂં.'' બિહતી બાપડી અણબોલી રહી. ડોસીની હાક [4]ઝૂઝિ. પછઇ ચ્યાર વહુ સહિત ડોસી કોઇક પુરુષનઇં જોવા નીકલી. નગર બાહિર કયવન્ના ભણી ગઇ. ખાટલઇ સૂતો છઇ. નિદ્રા આવી છઇં, ચિહુ સ્ત્રીઇં ખાટ ઉપાડી. ડોસીઇ ઘરિ આંણી મુકાવિઓ. તે ખાટથી ઉપાડી ઢોલીઇં મુકાવિઓ. દીવાની ઝલામલિ કીધા પગતલાં, ચ્યારેંઇ ઉલાસવા લાગી. પૂરિ નિદ્રાઇં કયવન્નો જાગીઉ. દેખઇ તે દેવલોક સરિખા ઘર, મનોહર સ્ત્રીયાં. દેવાંગના સરિખી ચ્યાર સ્ત્રી, મનમાંહિ ચિંતવઇ. 'હું દેવલોક અવતરિઓ, કિં વા [5]સુહિણો છઇ?' આંખિ ચોલઇં, શરીર સામૂં જોવા લાગો. [6]વિમાસણ પઇઠો. તેતલૈ ચ્યારિ સ્ત્રી સર્વ વાર્તા માંડિ કહેં. સાંભલી પ્રમોદ પામિઓ. સુખ વિલસઇં, નવ નવા ભોગ ભોગવઇં. ચિહું સ્ત્રીને એકેકો પુત્ર થઓ. ઘરમાંહિ કેવન્નો છાનો રહે, પણિ સુખઇં વિષૈ રસીઉ હુંતો કાલ જાતો જાંણીયઉ નહીં. ચતુર સ્ત્રી(ઓ) સાથે ગીત કાવ્ય સારા, પ્રાસાદિક વિનોદ, ઘરની વાડી જલક્રીડા કરતાં બાર વરસ ગયા. ડોસીઇં ચ્યારે વહુનઇં તેડી કહેં, ''એહને [7]વ્યમો ઠાંમિં મૂકસૂં.'' ચહુ કહઇ, ''આઇ! [8]કિસો માટિં મૂકીઇ? જઉ કદાચિત સ્નેહ કીધો તો જન્મ લગે [9]નિર્વાહિતો.'' સાસૂ કહઇ, ''માહિરા પુત્રનૂં ઉપાર્જિઓ ધન [10]માર્ગસર એ પંથી કિમ ખાઇ? એહને કાઢો તો રહું.'' ડોસીની [11]હાકઇ ચ્યારે વહુએ તેણી રાત્રિ નિદ્રામાંહિ

---

૧. સંભવિત પા॰ પારકી; ૨. સંભવિત પા॰ લાગઇ; ૩. પા॰ સાથ; ૪. કંપવું; ૫. સ્વપ્ન; ૬. ઉંડા વિચારમાં, ચિંતનમાં; ૭. ત્યાગ કરવો; ૮. શા માટે; ૯. પાળવું, નિર્વાહ કરવો; ૧૦. વટેમાર્ગુ; ૧૧. હોકારો, બૂમ.

કયવન્નો સૂતો છેં, તેતલૈ તેહ જ ખાટલો, જૂના વસ્ત્ર પહિરાવ્યા. વલી ચ્યારિ લાડૂઆમાંહિ સવા કોડિના રત્ન ચ્યાર વહુઇ છાનાં ઘાલ્યા. તેણે ઠાંમ પાછો મૂંકિઓ. સ્ત્રી ચિહું એ મન કયવન્ના પાસિ મૂંકી રોતી તથા ડોસી હસતી ઘરિ આવ્યા. હવે તેણહી જ દિનેં તેહી જ વિણજારાનો સાથ બાર વરસઇ આવ્યો છે. પાછલી રાત્રે કયવન્નો જાગિયો. ઘર પરિવાર દેખે નહિ. ચીંતવ્યું 'ડોસીઇ છેહ દીધો.' મનનેં [૧]ધારણા દેવા લાગો. સૂર્ય ઉગિઓ [૨]મૂલગી ભાર્યાઇં તે સાથ વિણજારા આવ્યા સાંભલી તિહાં આવ્યાં. દેખૈ તો તેણહી જ [૩]મંચકી, તેણહી જ અવસ્થાઇં, તેણે ઠામિ બેઇઠો છેઇ. ભરતારનેં સ્ત્રીઇં દેખી સંતોષ પાંમી અને ભર્તારઇં પિણ સ્ત્રીનૈ દેખી સંતોષ પામીઓ. કુસલ પૂછિઉ. કયવન્નો સઘલી વાત પોતાની કહી. સ્ત્રીયૈ મંચક ઉપાડિઉ. ઘરે આવ્યા આધાંન મૂંકી ગયો હતો તે પુત્ર બાર વરસનો થયો છઇં. પુત્રઇં બાપનૈ ઉલખી, ખોલૈ આવી બ(ઇ)ઠો. બાપનો [૪]અંગ તાદું થયું. પુત્ર કહેઇ, ''બાપ મુઝનેં [૫]સુખ(ડી) દૈ.'' બાપે ગાંઠડી છોડી ચ્યાર લાડૂયામાંહિથી એક આપિઓ. પુત્ર તે લેઇ નેસાલૈ ભણવા ગયો. લાડૂ ખાતાં માંહિથી રતન નીકલ્યૂં. લેઇ પાટિ ઘૂંટવા લાગો. નેસાલ પાસઇં કંદોઇનું હાટ છે. તિહાં કાજલ લેઇ પાટી ખરડેં. ઘૂંટતાં ઘૂંટતાં હાથ થકી બાલકનૈ [૬]સુહાલું રત્ન પડિઓ. તલિ પાણીનૂં કુંડું હતું તે માંહિ પડિઓ. પાણી [૭]જૂજૂઇ ભાગિ થયું. વિચઇ કૂંડામાંહિ રતન નિરાલું રહિઉ. તે કંદોઇ દેખી બાલકને સુખડી આપી, ભોલવી મોટઉ ઘૂંટો આપોઓ. બાલક હરિખીઓ.

તેણઇ અવસરિ શ્રેણિકનો [૮]પટહસ્તી સરોવર પાણી પીવા પેઇઠો છઇ. જલનાં તાંતૂઇ જીવેં પગ ઝાલિઓ વીંટી રહિઓ. હાથી [૯]હટી ન સકૈ, [૧૦]આરતિ થઇ. રાજાઇં નગરમાંહિ પડોહો વજાવિઓ. ''જૈ કોઇ હાથીનૈ છોડાવઇ તેહનૈ શ્રેણિક રાજા પોતાની પુત્રી અને ઘણા ગામ આપઇ.'' તેણઇં કંદોઇઇં પડહો ઝાલિઓ. રતન [૧૧]મુહરિ કરી તલાવમઇં પઇઠો; તિમ તિમ પાંણી ફાટઇ, તાંતૂઉ જીવ ઢીલો થાઇ. સર્વ પાંણી હાથી થકી જૂજૂયું થયું, તિમ તાંતૂઓ પાણીમાંહિ ગયો. હાથી કુસલે ખેમેં પાછો આવિઓ. રાજાને વધામણી દીધી. રાજા ચિંતવઇ, 'કંદોઇનેં પુત્રિ કિમ આપીઇ ? બોલ પિણ રહિઉ જોઇઇ' અભયકુમારને પૂછીયો. તિ વારે અભયકુમાર કહેં, ''આરતિ મ કરો. [૧૨]રુડાં વાનાં હસઇ.'' કંદોઇ તેડિઓ. પૂછિઓ, ''તાહરૈ રતન કિહાંથી ?'' કંદોઇ કહઇ ''માહરેં પોતાનો છઇં.'' સૂંઘાત જણા પડવા લાગા. [૧૩]મારતાં માનિઉં ''જે કયવન્નાના પુત્ર પાસ પામિઉ.'' અભય કહઇ, ''એ વાત સાચી.'' કંદોઇ મૂકિઓ. કયવન્નો તેડિઓ. કહઇ ''વ્યવહારિયો તુમ્હારઇ એહવા રત્ન કેતલાં છઇ ?'' કેયવન્નો કહઇ, ''ચ્યાર હતા તે માંહિ એક તુમ્હારૈ પાસિ છઇ.'' ત્રિણ દેખાડ્યાં. રાજા શ્રેણિક હરિખીઓ. કયવન્નાનઇ પુત્રી પરણાવી. ઘણા ગામ દીધાં. તે રત્ન તથા બીજાઇ રત્ન ઘણાં આપ્યાં. કયવન્નઉ સંપદા લેઇ ઘરિ આવિઓ. અભયકુમારઇ સાથિં ઘણી પ્રીતિ થઇ. કયવન્નાના મનમાંહિ તે ચ્યાર સ્ત્રી વીસરઇ નહીં.

---

૧. આશ્વાસન; ૨. પ્રથમની, મૂળ; ૩. ખાટલો; ૪. શાંતિ થવી; ૫. પા॰ સુખ; ૬. કોમળ; ૭. જુદું; ૮. પા॰ પાટહસ્તી; ૯. પા॰ છઠી; ૧૦. દુઃખ, પીડા, શોક; ૧૧. મોર, આગળ; ૧૨. સારા પ્રયત્નો થશે, સારું થશે; ૧૩. પા॰ મરતાં.

એકવાર અભયકુમાર આગઇ કહઇ, ''માહરાં ઇ ચ્યાર ભાર્યા, ચાર પુત્ર રાજગૃહમાંહિ છઇ. તે મુઝનઇં પ્રગટ કરી દિઉ. તેહના ઘરની વાટ સેરી પાડો પોલિ તે કાંઇ જાણું નહીં, દીઠાં ઉલખું.'' અભય કહઇ ''બુધિ સર્વ કામ કરૈસિ.'' [૧]સિલાવટિ તેડિ એક દેહરો કરાવિઓ. માંહિ મૂર્ત્તિ કયવન્ના સરિખી વરણિ, આકારિ યક્ષની માંડિ. નગરમાંહિ સર્વ લોકનેં [૨]કહવિરાઉ. ''સમસ્ત સ્ત્રીએ આપણ [૩]પાહુત્ર તેડી યક્ષનેં પ્રણામ કરવા આવજો. જે નહીં આવઇં તેહના પુત્રનઇં યક્ષ રુડૂં નહિ કરઇં.'' અભયકુમાર કયવન્નો બેહુ યક્ષનિ દેહરા ઉપરિ છાનાં રહ્યા. નગરમાંહિ અનેક લોક યક્ષનઇ પૂજવા આવેં. જે જે રુપવંત માત દીકરા આવઇં, તિ વારઇં અભય પૂછઇં. ''તાહરેં એહ ભાર્યા અને પુત્ર હુઇ ?'' કયવન્નો ના કહઇ. ઇમ કરતાં કરતાં તે ચ્યાર સ્ત્રી પુત્રઇ [૪]પરિવરી આવી, તિહાંરે કયવન્નઇ કિહિઓ. ''અભય ! [૫]અમારનઇં એહ ચ્યાર ભાર્યા અનઇં પુત્ર જાણિવા.'' એતલઇં ચિહું સ્ત્રીઇં યક્ષ દેખી માંહોમાંહિ કહિવા લાગી. ''આપણઇ બાર વરસ સુખ ભોગવ્યા તે પુરુષ દીસ(ઇ) છઇં.'' અભઇ સાંભલિઉ ચાલક. ચ્યારઇ આવી ખોલૈ બઇઠા. [૬]કૂમણઇ વચનિ બોલઇ. ''બાપ તુમ્હેં એતલઇ દિન કિહાં હતા ? તુમ્હે [૭]મોહડઇં બોલઇ કાંઇ નથી ?'' ઇમ કહી મૂછ તાણૈ. અભયકુમારનું વિસ્વાસ આવિઓ. હેઠા ઉતરી બીજી નારી સર્વ [૮]વઓલાવી. તે ચ્યાર પુત્ર તેડી રાય સમીપિ ગયા. સઘલો વૃત્તાંત અભયકુમાર મંત્રીઇ કહિઓ. પછેં રાજાઇં ચ્યારે પ્રિયા, ધન, ઘર સર્વ કયવન્નાનઇં અપાવ્યાં. ડોસી એકલી જૂઇ રહઇ.

હવઇ જે દિવસથી કયવન્નો કાઢિઓ હતો અક્કાઇં તે દિનથી વેશ્યા પતિવ્રતાપણું પાલઇ છઇ. બાલકપણા થકિ કયવન્ના સાથિ સંબંધ થયો છઇ. તેણિઇં કયવન્નો પ્રસિદ્ધ થયો, સાંભલી કહાવિઓ, ''જે સ્વામિ માહરી સાર કાંઇ નથી કરતા ?'' પછઇં કયવન્નઇં અભયકુમારનઇં કહી આપણા દ્રવ્ય સહિત તેહ પણિ આણી. વલી એક વ્યવહારિઇં ઘણૂ ધન દેઇ. એક પોતાની પુત્રી **મહારુપવંતી** પરણાવી; ઇમ આઠ ભાર્યા સહિત ઇંદ્રની પરઇં કયવન્નો સુખ ભોગવઇં છઇં. રાજાઇં ઘણા [૯]વિત્ત આપ્યા. બત્રીસ બધ નાટક કરાવઇ. રાતિ દિવસ જાતા જાણઇ નહીં.

ઘણઇ કાલઇ એકદા વિહાર કરતા શ્રી મહાવીર પધારિયા. રાજા શ્રેણિક, અભય, સર્વલોક વાંદવા આવ્યા. કયવન્નો [૧૦]શ્રેષ્ઠી પણ સ્વામી નઇં વાંદવા આવ્યો. દેસના સાંભલી પૂછઇં, ''સ્વામી ! તૂમૈ વિચિ વિચિ અંતરાય અનઇં વલી રિદ્ધિ પામી તે કયઇ કર્મ્મઇ ?'' ભગવંત કહઇ, ''પૂર્વ ભવિં તું ગોવાલિયો હતો. માત પાસિં [૧૧]આડો કરી બાલક માટિ ખીર માંગવા લાગો. મા [૧૨]રોવા લાગી. [૧૩]પાડોસી સ્ત્રીઓ આવી. રોતે દુખ દેખી એકે ચોખા, એકે દુધ, ખાંડ, ઘી આપ્યાં. ખીર માઇ રાંધી. તું જિમવા બઇઠો. તેહવઇં માસખમણી સાધુ આવ્યો. તુઝનઇં ભાવ ઉપનો. થાલ ઉપાડિઉ. એટલઇ ચીંતવ્યો. અર્ઘ વોહરાવ્યું. વિચિ લીટી કાઢી, વલી ચિંતવિઉ. બિ ભાગ વિહરાવ્યું, વલી લીટી કાઢી. એતલઇં સાધ ટૂંકડો આવ્યો. [૧૪]પડઘો માંડીઓ. ભાવિં કરી સર્વ ખીર

૧. પા॰ સિલાવઠિ- શલાટુ, શિલ્પી; ૨. કહેવડાવ્યું; ૩. પુત્રો; ૪. વીંટળાયેલી; ૫. અમારા; ૬. ઉદાસ; ૭. મુખથી; ૮. વળાવી, વિદાય કરી; ૯. પા॰ પત્ર-ધન; ૧૦. પા॰ શ્રેષ્ટિ; ૧૧. હઠ, જીદ; ૧૨. પા॰ રાદા; ૧૩. પા॰ પડોસી; ૧૪. પાત્ર.

દીધી. જે વિચિ લીટી કાઢી તે માટે અંતરાય થયું. પછઇં પૂર્ણ ભાવઇં પાત્ર [1]પોષિયો. તે પૂર્ણ રિદ્ધિ થઇ. જેહે પાડોસી સ્ત્રીએ ખી(ર) દાન અનુમોદિઉ હતું તે તાહરી ભાર્યા થઇ. એણીઇ માહો માંહિ ભરતાર વિયોગના સરાપ દીધા હતા તેમા(ટિ) વિયોગ પામિઓ. આઠ ભાર્યા કયવન્નઇં.''

પૂર્વભવ સાંભલી જાતીસ્મરણ પામી વૈરાગ્ય પામીઓ. ઘરનો ભાર પુત્રનઇં દેઇ શ્રેણિકનેઇં પૂછી ઘણો દ્રવ્ય ખરચી દીક્ષા લીધિ. નિર્મલ ચરિત્ર પાલી, દેવલોકિ પહુતો. એકાવતારી મોક્ષ પહુચસઇ.

ઈતિ દાનકુલક બાલાવબોધે કયવન્નાની કથા સંપૂર્ણમ્.

---

૧. વહોરાવવું, પોષવું.

૧૮. કયવન્ના શેઠની કથા (ગદ્ય)

।।શ્રી ઈષ્ટ દેવાયે નમઃ।।

કાવ્ય : [૧]અરથ વીણ કેવન્નો, જેહ વેશ્યાઇ નાંખ્યો,
અરથ વીણ વીસીષ્ટે, રામ જાતાં ઉવેખ્યો.
સુકૃત સુજશકારી, અર્થ તેએ ઉપાર્જો,
કુવિણ(જ) ઉપજંતો, અર્થ તે દૂરે વર્જો।।

અર્થ :

અર્થ વિના **કેવન્નાને** વેશ્યાઇ [૨]નિભૃસ્યૌ. અર્થ વિના [૩]**રામચંદ્રજી**ને **વીસીષ્ટ** મુનિઇ પગે ન લગાડ્યા. તિ વારે રામચંદ્રજીઇં જાણ્યૌ, 'જો દ્રવ્ય વિના આદર ન મિલઇ.' ઇમ જાંણી દ્રવ્યની ઉપાર્જના કરવી. (સુકૃત અને સુયશને ઉત્પન્ન કરનાર અને વૃદ્ધિ પમાડનાર ધનને નીતિપૂર્વક ઉપાર્જન કરી કુવાણિજ્યથી પ્રાપ્ત ધનની ઉપેક્ષા કરો.)

અગ્રકથા

જંબૂદ્વીપે ભરત નામે ખેત્ર, તિહાં **રાજગ્રહી** નામે નગરી, શ્રી **શ્રેણિક** નામે રાજા રાજ્ય કરે છે. તેહને **ચેલણા** ન(ના)મે રાણી, **અભયકુમાર** નામે મંત્રી, મહાબુધિનો નિધાંન છઇ. રાજભાર ધુરંધર, રાજાનો કામ ચલાવે છઇ. તેહજ નગરમાંહે **ધનસાર** નામે શ્રેષ્ઠી રહે છે. તેહને **સુકમલા** નામે સ્ત્રી છઇ. તેથી સંસારનાં સુખ ભોગવતાં એક પૂત્ર થયો છઇ. તે પુત્રની માતાઇ સુપનમાં **કેવડા**નો વૃક્ષ દિઠો તેથી પુત્રનો નામ **કેવન્નો** દિધો. ઇમ કરતાં બાલક પાંચ વરસનો થયો. તિ વારે માતા પીતાઇ જાંણ્યો, જે પુત્રને ભણાવવો. ભણ્યા વિના સ્યા કામનો ?

ચત્ર : ***लाडऐतू पंचवर्षाणी, दश वर्षाणी ताडयेत्।**
प्राप्यते षोडशमेव वर्षे, पुत्रो मित्र समंगण।। ...૦૧

---

૧. સુક્ત મુક્તાવલી (વિવેચન) અર્થ દ્વિતીય વર્ગ, પૃ. ૧૨૫, સં. ૧૭૫૪, લેં. તપાગચ્છના પૂ.શ્રી. અજિતદેવસૂરિજી → શ્રી વિજયસેનસૂરિજી → શ્રી સોમપ્રભસૂરિજી તથા શ્રી વિજયપ્રભસૂરિજી → શ્રી વિજયરત્નસૂરિ → શ્રી શાંતિવિમલજી → શ્રી કનકવિમલજી → શ્રી કેશરવિમલજી;

૨. અનાદર કર્યો.

૩. રામ - લક્ષ્મણ ૧૪ વર્ષ વનવાસ માટે નીકળ્યા ત્યારે માર્ગમાં વશિષ્ઠ મુનિનો આશ્રમ આવ્યો. ત્યારે લક્ષ્મણજીએ આશ્રમમાં જઈ ગુરુને પ્રણામ કરવાની ભાવના વ્યક્ત કરી પરંતુ રામચંદ્રજીએ કહ્યું, ''અત્યારે આપણે રાજ્યઋદ્ધિ વિનાનાં છીએ તેથી અર્થ વિના ગુરુને મળવું તે આદરપાત્ર ન કહેવાય. કારણકે જો અર્થ વિના ગુરુ ચરણનો સ્પર્શ ન કરવા દે તો પોતાનું અપમાન થાય. (ઈત્તર રામાયણનો પ્રસંગ)

* (ક.૧) પુત્રને પાંચ વર્ષ સુધી લાડ કરવા, દસ વર્ષ સુધી તાડન કરવું, સોળ વર્ષનો થાય એટલે મિત્ર જેવો વ્યવહાર કરવો.

ઇમ ધનસાર શેઠ મનમાં વિચારી, પૂત્રને ભણવા મુક્યો. ઇમ કરંતી કેવંનો ભણ્યો. બહોત્તર કલા પ્રવીણ થયૌ. પિણ ગુરુનો સંગ મુકે નહી. એહવે પિતાઇ **ગંધદત્ત**ની પુત્રી **રવંકા** નામે પાંણીગ્રહણ કરાવી. પીણ કેવન્નાને સ્ત્રી માથે રાગ નથી. કેવન્નો તો ગુરુ પાસે રહે. તિ વારિ માતા પિતાઇ જાણ્યૌ. ''જે પૂત્રને લેસ્યા ઘણી છે ધર્મ ઉપરે, તે માટે સ્ત્રીને મુખે બોલાવતો નથી.'' ઇમ જાંણી ધનો સેઠ મનમાં ચિંતવે 'જે કોઈ ઉપાય કરાવું અને માહરા ઘરમાં કાંઇ દ્રવ્યની મણા નથી અને માહરે પૂત્ર પિણ એક જ છે. તે તો વયરાગમાં લહલીન છઇ. તો પછે એ દ્રવ્ય સ્યા કાંમે આવસ્યે ? તેએ પૂત્રને શાત વ્યસન સીખવું, જીમ ગુરુની સંગત મૂકેં. તિ વારે સેઠે વ્યસની પૂરશને તેડાવ્યા.

પ્રથમ જૂવારી ૧, બીજો માંસનો ૨, ત્રીજો સૂરહાપાનનો 3, ચોથો વેસ્યાનો ૪, પાંચમો આહેડીનો ૫, ૧છઠો ચોરીનો ૬, સાતમો પરનારીનો ૭. આ સાત વ્યસની પૂરશ તેડાવ્યા પછે સેઠ વ્યસની પૂરશને કહેં, ''જે માહરો પૂત્ર વયરાગી થયો છે, તે સ્ત્રીથી વીરક્ત છે માટે ૨રક્ત કરવો.'' તવ ચારે વ્યસની પૂરશ કહેં, ''એહમાં સું કરવો છે ? તુમારા પુત્રને એક માસ સુધી અમારે પાસે રાખો. જીમ સ્ત્રીનો રાગી કરી આપિઇ.'' તિ વારે ધનસાર સેઠે એક માસ સુધી કેવન્નાને વ્યસની પૂરશ પાસે મુક્યૌ. તિ વારે વ્યસની પુરશે કેવન્નાને સ્ત્રીનો રાગી કરયો પછેં સેઠ પ્રતિ સૂંપ્યૌ. તે વારે તે કેવન્નો સ્ત્રીનો સંગ ઘરી વયરાગ તે સર્વ મુક્યો. અસ્ત્રીનો ઘણો રાગી થયો. પોતાનિ સ્ત્રી સંઘાતે નિત્ય સંસારના સુખ ભોગવે. બીજો કાંઇ કાર્ય સૂઝે નહી.

હિવેં એકદા સમય કેવન્નો અને કેવન્નાની સ્ત્રી ગોખમાં બેઠાં છે. તિહવય સમ(ય)ને વીષઇ એક ગુણિકા સોલ સીણગાર સજી, મહારુપનિ નિધાંન, તે એકદા કેવન્નાના મહોલ હેઠલ થઇ નિકલતિ હવી. એહવે તે કેવન્નાનિ દષ્ટિ ગુણિકા ઉપર ગઇ. તિ વારે તે કેવન્નાને વીષય જાગ્યૌ. તિ વારે મનમાંહે ચિંતવે, 'જેએ ગુણિકા પ્રતે હું ભોગવું અને માહરે ઘેર દ્રવ્યનિં કોઈ મણા નથી. દ્રવ્ય જોઈ જસ્યે તે ઘેરથી મંગાવી લઇસ.' ઇમ મનમાં વીચારણા કરી તિહાંથી ઉઠ્યૌ. તિહાંથી નીસરીઓ. જીહાં **ગુલાબસુંદરી**નો ઘર છઇ, તિહાં આવ્યૌ કૈવન્નો. તિ વારે ગુણિકાઇ સેઠનો પૂત્ર આવતો દેખી ઘણો આદરમાંન દિધો. તિ વારે પછઇ ગુલાબસુંદરી ગુણિકાઇ સોલ સીણગાર સઝી, કેવન્નાં પ્રતે રંગમહોલમાં લેઇ ગઇ. પછે કેવન્નો ગુણિકા સાથે સંસારના સુખ વીલસે છે. ઇમ નિત્ય ગુણિકાના ઘરમાં રહે. પોતાના ઘરના સુખ તો સર્વ વીશરી ગયા. તિ વારે માતા પિતાઇ કેવન્નાને તેડવા દાશી પ્રતે મોકલી ગુણિકાને ઘેર. પિણ કેવન્નો આવ્યો નહી અને વલી કેવન્નો દાશી પ્રતે કહે, ''હે દાશી ! તું માહરા પિતાને કહીજે વરસ પ્રતે ક્રોડ સોનઇયા મોકલજ્યૌ.'' ઇમ કેવન્ને કહી દાશી પ્રતે મોકલી.

તિ વારે દાશીઇ જઇ સર્વ વાત ધનસાર સેઠ પ્રતે કહી. તિ વારે હિવે કેવન્નાનો પિતા વરસ વરસ પ્રતે ક્રોડ સોનઇયા મોકલે. કેવન્નો ગુણિકાથી લહલિન રહે છઇ. ઇમ કરતાં દશ

---

૧. પા૰ ચઠો ; ૨. પા૰ રત્ક.

વરસ વ્યતિક્રમ્યા. તિ વારે કેવન્ને વેસ્યાને દશ ક્રોડ સોનઇયા આપ્યા. એહવે માત પિતાની વૃધાવસ્થા આવી. તિ વારે કેવન્નાને તેડવા સારુ દાશી મોકલી. પિણ કેવન્નો તો વિષયનો ભીનો થકો ગયો નહી. તિ વારે કેવન્નાને માતા પિતાઇ ચિંતા કરવા લાગા, 'જે પહેલાં આપણેં પુત્રને સાત વ્યસન ન સિખવ્યા હોત તો, આપણી વૃધ અવસ્થાઇ ચાકરી કરત ! વીશનને યોગે પૂત્ર વેસ્યાને ઘેર રહ્યો.' ઇમ ચિંતવતા કેવન્નાના માત પિતા મરણ પામ્યા. તિ વારે કેવન્નાની સ્ત્રીઇ કહેવરાવ્યો, 'જે તુમારા માતા પિતા મરણ પામ્યા છઇ માટે ઘેર આવો.' તિ વારે દાશીઇ કેવન્ના પ્રતે આવી કહ્યો. ''હે મહારાજ ! તુમારા માતા પિતા મરણ પામ્યા છે. માટે ઘેર પધારો.'' તિ વારે કેવન્નો દાશી પ્રતેં કહે, ''જે તું માહરી સ્ત્રી પ્રતે કહિજે, માતા પિતા મુઆ તે પાછા આવતા છઇ નહી. અને માહરે ખાવા સારૂ એક ક્રોડ સોનઇયા મોકલજ્યૈ.'' ઇમ કહિ દાસી પ્રતે શીખ દીધી. દાશી ઘેર આવી કેવન્નાનિ સ્ત્રી પ્રતે સર્વ વાત કહી. તિ વારે પછે સ્ત્રીઇ કેવન્ના સારૂ ક્રોડ સોનઇયા મોકલ્યા. ઇમ કરતાં કેવન્ને વેસ્યા પ્રતે બાર ક્રોડ સોનઇયા ખવરાવ્યા. તિ વારે બાર વરસ સંપૂર્ણ થયા. કેવન્નાના ઘરનો દ્રવ્ય સર્વ ખૂટો. તિ વારે કેવન્નાની સ્ત્રીઇ પોતાનો ગ્રહણો સર્વ પેટીમાં ઘાલી કેવન્નાને ખાવા સારુ મોકલ્યૌ. તિ વારે ગણિકાઇ ગ્રહણો દેખી મનમાંહે ચિંતવે છઇ, 'જે કેવન્નાના ઘરનો નિશ્ચે ઘન ખૂટો. હિવે એ કેવન્નો દલદ્રી થયો. તીણ સ્યું હિવે એ આપણા કાંમનો નથી. એહવો અક્કાઇ મનમાં ચિંતવી પોતાની પૂત્રી ગુલાબસુંદરી પ્રતે કહે, ''હે પૂત્રી ! હિવે એ કેવન્નાનો સંગ મુક. એ કેવન્નો તો દલદ્રી થયો છે અને આપણ તો દ્રવ્યથી કામ. તે વાસ્તે એહનિ કાઢી મુંક.'' તિ વારે ગુલાબસુંદરી કહે, ''હે માતા ! મુજથી એ વચન કિમ કહેવાએ. એહના ઘરના બાર ક્રોડ સોનઇઆ ખાધા છઇ તે માટે એહને નાકારો કિમ દેવએ.'' તિ વારે અક્કા રીશ કરી કહે, ''હે પૂત્રી ! તુજથી ઇમ નહી કહેવાએ તો હું એહનઇ કાઢી મુકિશ.'' તિ વારે ગુલાબસુંદરી કહે, ''માતાજી ! તુંમનઇ ગમે તે કરો.'' હિવે અક્કા કેવન્ના પાસે આવી. પૂત્રીઇ તો બહુ વારી પિણ પૂત્રીનો વચન ન માંન્યૌ. હિવે કેવન્ના પ્રતે કહેં, ''હે સેઠ ! અમારા ઘરથી બાહિર નીકલો. એ ઘરથી કચરો કાઢવો છઇ ઇમ અકાઇ કહ્યૌ. તિ વારે કેવન્નો મનમાં વીચારે, 'એ મુજ પ્રતે એહવો વચ(ન) કદિ ન કહે અને આજ મુજનઇ કિમ કહ્યો.' વલી મનમાં વીચારે, 'જે મહોલનો કચરો કાઢવો હસ્ચે તેથી મુજનઇ ઇમ કહે છઇ.' ઇમ મનમાં વીચારી કેવન્નો બાહિર નિશરયૌ. અક્કા(એ) ઘરમાં જઇ ઘરના કમાડ જડ્યા. પછે કેવન્ના પ્રતે કહે, ''ભુંડા ! હજી સૂ(ધી) તું સમઝ્યો નથી.'' તિ વારે કેવન્ને જાંણ્યો, 'મુજનિ નિર્ધન થયો જાંણી ગુણિકા એ સીખ દિધી.' ઇમ મનમાં વીચારી કહે છઇ.

यत्र :- * **''राजा किशका गोठीया, जोगी किशका मीत्र।**
वेस्या किशकी कुलवहु, कुण वेश्या को कंत।। **...०१**
*** राजा मतलप का गोठीया, जोगी सतका मीत्र।**
वेस्या दाम कि कुलवहु, दाम वेस्याको कंत।।'' ...०२

ઇમ ચિંતવી કેવન્નો તિહાંથી નીકલ્યૌ. હિવે પોતાને બાર વરસ થઇ ગયાં. તે પોતાના ઘરનો મારગ પોતે ભૂલી ગયો. તિ વારે પછે લોકો પ્રતે પૂછે છઇ, ''જે ધનસાર સેઠનો ઘર કિહાં છઇ ?'' તિ વારે લોક કહે, ''ધનસાર તો મરી ગયા અને તેનો પૂત્ર વ્યસનિ થયો. તે વેસ્યાને ઘેર રહે છે. તેહનો ઘર પિણ પડિ ગયો છઇ અને કેવન્નાની સ્ત્રી તે ઘર પાસે ઉરડી છઇ તે માંહે રહે છઇ. એહવો લોકે અજાણ તે કેવન્ના પ્રતે કહ્યો. તિ વારે કેવન્નો પોતાના અવર્ણવાદ સાંભલી મનમાં નીસાસો નાંખતો ઘેર આવે છે.

એહવે કેવન્નાની સ્ત્રીની ડાવી ચક્ષુ ફૂરકિ. તિ વારે નિમિત્તીયાને કહ્યો, ''જે માહરો ભર્તાર કિ વારે મિલસ્યૈ ?'' તિ વારે નિમિત્તીયા કહે, ''તાહરો ભર્તાર આજ મિલસ્યૈ.'' તિ વારે કેવન્નાની સ્ત્રી પોતાના પતિની વાટ જોવે છે. એહવે તો કેવન્નો પોતાને ઘેર આવ્યૌ. સ્ત્રીને મીલ્યો. સ્ત્રી ઘણો હર્ષ પામી. તિ વારે કેવન્નો પોતાનિ સ્ત્રી પ્રતે કહે છઇ, ''હે સ્ત્રી ! આપણા ઘરમાં દ્રવ્ય નથી. તે વાસ્તે હું પ્રદેશે દ્રવ્ય કમાવા જાસ્યૂ. પ્રદેશથી દ્રવ્ય કમાવિને લાવીસું. દ્રવ્ય વિના આપણા ઘરની આબરુ નથી. તે માટે કાલ પ્રભાતે પ્રદેશે જઇસું.'' તિ વારે સ્ત્રી કહે, ''હે સ્વામી ! તુમે કિહાં પરદેશ જાસ્યૌ. ઇહાં બેશી રહો હું કાંતી પિસીને કામ ચલાવીસું. તુમે કિશી વાતનિ ચિંતા કરસ્યો નહીં.'' ઇમ સ્ત્રીઇ કેવન્ના પ્રતે કહ્યો. પિણ સ્ત્રીનો વચન માન્યૌ નહીં.

એહવે તે પાડોસી **चंद्रजस** નામે સેઠ આવ્યો. તિ વારે કેવન્નો કહે, ''તુમે દેશાંતરે જાઓ તિ વારે મુજને કહેજ્યો. હું પિણ આવીસ.'' તિ વારે તે સેઠે કેવન્નાને કહ્યો, ''અમે કાલ પ્રભાતે જાસ્યૂં. તુમારે આવવો હોઇ તો આપણા નગરનઇ બાહીર **બલદેવ**નો દેહરો છે તિહાં આવીને સૂઇ રહેજ્યૌ.'' ઇમ કહી ચંદ્રસેઠ પોતાના ઘેર ગયો. હિવે કેવન્નો સ્ત્રીથી સંસારના સુખ ભોગવી સ્ત્રીને ઘરની ભલામણ દીધી. રાત્ર(ત્રિ)ને સમય બલદેવનઇ દેહરે ખાટલો ઢાલી સુતો છે. તિણ દીનથી કેવન્નાની સ્ત્રીનેં ગર્ભ રહ્યો.

હિવે તેહ જ નગરમાંહિ, તેહજ રાત્રનઇ સમઇ, નવાંણુ ક્રોડ સોનઇયાનો ધણી **सोमध्वज** નામે સેઠ અપૂત્રીયો પરદેશે મરણ પાંમ્યો છઇ. તેહનો કાગલ આવ્યૌ. તે પોતાની માતાઇ રાત્રે વાંચ્યો. તિ વારે તે સેઠના સમાચાર સર્વ જાંણ્યા. પછઇ પોતાના પૂત્રની ચ્યાર વહુઓ મહારુપવંત, ભરજોવના છઇ તે પ્રતે સાસૂઇ તેડાવી. સેઠના મૃતકની વાર્તા સંભલાવી. પછે ચ્યાર વહુ પ્રતેં સાસુ કહે, ''તુમે રોવણો પિટણો કરસ્યૌ માં. જો રાજા જાણસ્યે તો અપૂત્રીયાનો ધન લેઇ

---

*(ક.૧) રાજા કોનો ગોઠિયો હોય ? જોગી કોનો મિત્ર હોય ? વેશ્યા કોની કુળવધૂ હોય ? વેશ્યાનો કંત કોણ ? કોઈ નહીં.

*(ક. ૨) રાજાનો ગોઠિયો સ્વાર્થ, જોગીનો મિત્ર સત્ય, વેશ્યાની કુલવધૂ ધન છે અને ધન વેશ્યાનો કંત (સ્વામી) છે.

જાસ્યે. તે માટે રોસ્યો નહીં અનઇ હું એક ઉપાય કરૂં તેથી આપણો ઘન અને ઘર સમસ્ત રહેસ્યૈ.'' તિ વારે ચ્યાર વહુરો કહે, ''હે સાસુજી ! એ ઉપાય ક્યારે કરસ્યૌ ?'' તિ વારે સાસૂ કહે, ''હે વહુ ! આજ રાત્રે આપણ પંચ જણી નીકલસ્યૂં. એ નગરમાં કોઈક રુડો પૂરસ રૂપસ્વી સૂતો હસ્યેં તેહને અઘર ઉપાડી આપણે ઘેર લાવીસ્યૂં. નવ ખંડા મહોલમાં રાખીસ્યૂં. તે સંઘાતે તુમે સંસારના સુખ ભોગવજ્યૌ તેથી તુમારે એકેકો પૂત્ર થાસ્યે. તિ વારે પછે તે પૂરસનઇ પાછો તેહ જ સ્થાનિકે મુંકિસૂં.'' ઇમ સાસૂઇ ચહુનઇ કહ્યો. તિ વારે ચ્યાર વહુરો રાજી થઇ.

એહવે તો અર્ધ રજની ગઇ. તિ વારે ચ્યાર વહુરોને સંઘાતે લેઇ સાસૂ નગરમાંહે નીકલી. કોઈ રુપવંત પૂરસ તે લેવા ગયા. ઇમ નગરમાં કેઇક પૂરસ સૂતા છઇ. તેહના મુખ ઉઘાડા કરીને જોવે ઇમ અનેક પૂરસ જોયા. પિણ નજરમાં નાવૈ પછે જોતિ જોતિ બલદેવને દેહરે ગઇ. તિહાં કેવન્ના પ્રતે દિઠો. માહારુપનો નિધાંન દેખી, તે ચ્યાર અસ્ત્રીઉ તત્કાલ કાંમ વ્યાપ્ત થઇ. તિ વારે સાસૂ પ્રતે કહેવા લાગી. ''હે સાસૂજી ! એ પૂરસ મહારુપવંત છે. તુમે કહો તો એ પૂરસને ઉપાડીઇ.'' તિ વારે સાસુ કહે, ''તુમને ગમે તો ઉપાડો. અઘર ઉપાડી પોતાને ઘેર લાવ્યાં.

પછે નવખંડા મહોલમાંહે સેઠને સુવાનિ સિઝ્યા છે, તિહાં જઇ સુવાડ્યૌ અને ચ્યાર પાસે ચ્યાર સ્ત્રીઓ સોલ સીણગાર સજી, હાથમાં ચ્યાર વીંઝણા લેઇ, વાયુ ઢોલેં અને તે સિઝ્યા ઉપર મોતીના ચંદ્રૂવા બાંધ્યા છઇ. કપૂર કસ્તુરીના પાણી છંટાવ્યા, પંચવરણના ફૂલ પથરાવ્યા. તેથી ઘરમાં ઘણી સુગંધ વીસ્તરી. એહવે પ્રભાત થયો. તિ વારે કેવન્નો જાગ્યો. જોવે તો દિશોં દિશને વીષે, રત્નનો ઉદ્યોત થઇ રહ્યો છઇ અને વલી ચ્યાર સ્ત્રીઓ સમકાલે બોલવા લાગી. ''મહારાજ ! તુમે પૂર્વે સ્યાં પૂન્ય કરયાં ? તે તુમે ઇહાં આવી ઉપના.'' એહવે વચન સાંભલી કેવન્નો મનમાંહે વીચારે, 'જે હું દેવતા તો નથી થયૌ ? મુજને કોઈ દેવીઇ હરીને લીધો છે. બીજું કોઈ દેવતાના [૧]ચિન તો નથી.' એહવો કેવન્નો મનમાં ચિંતવે. તિ વારે સ્ત્રીઉ કહે, ''હે પ્રાણનાથ ! એવડી સી ચીંતા કરો છો ? તુમે જાણતા હસ્યો જે હું વ્યંતરની સાલામાં પડ્યો છું પિણ તુમે કિશી વાતનિ ચિંતા રાખસ્યૌ નહીં. ઇહાં તો કોડિધ્વજ સેઠનો ઘર છઇ. અમે ચ્યાર સ્ત્રીઉ તુમારી છું. અમથી સંસારના સુખ ભોગવો. તુમારા મનનિ ચિંતા નિવારો. એ ઘરબાર તુમારો છઇ.'' ઇમ સ્ત્રીઇ વચન કહ્યા. એહવે તો ડોસી તીહાં આવી. કેવન્ના પ્રતે કહે, ''હે કેવન્ના પૂત્ર ! એ ઘર અને એ ચ્યાર સ્ત્રીઓ તુમારી છઇ. અમે દેવતાને આરાધ્યો. તેણે દેવતાઇ તુમને આંણી આપ્યા. તુમે સુખે સમાધે એ સ્ત્રીઉથી સુખ ભોગવો. તુમે મનમાંહે કિશી ચિંતા રાખસ્યૌ નહીં.'' ઇમ કહી સાસુ [૨]ઠીકાંણે ગઇ. કેવન્નાની મનમાં ચીંતા ભાગી. હિવે ચ્યાર નારી સાથે સંસારના સુખ વીલસે છઇ. પંચવીષય ભોગ ભોગવતો વીચરે છઇ. ઇમ કરતાં ચ્યાર સ્ત્રીઓનઇ એકેકો પૂત્ર થયો. ઇમ પૂત્રની પ્રતીપાલણા કરતાં, પૂત્ર પંચ વરશના થયા. માહારુપવંત થયા. કેવના સરીખો જો રુપ થયો. હિવે તે પૂત્ર કેવન્ના પ્રતેં ઓલખતા હતા. ઇમ કરતાં કેવન્ના સેઠને ઘેર લાવ્યાનેં બાર વરશ થયાં. તિ વારે

---

૧. ચિહ્ન, નિશાની ; ૨. સ્થાને ;

સાસૂ મનમાં ચિંતવે, ‘એ હવે ઘેર પૂઠલ.’

કેવન્નાની સ્ત્રીઇ પૂત્ર પ્રસવ્યો છઇ. તે પૂત્ર ગ્યાર વરશનો થયો. તિ વારે માતાઇ નિશાલઇ મુકૌ. હિવે કેવન્નાની સ્ત્રી કેવન્નાનિ વાટ જોવે છઇ. ‘જે માહરા ભર્તારને ગયાને બાર વરશ થયાં છઇ, પિણ કોઈ સમાચાર પિણ નથી આવ્યૌ. ઇમ મનમાં ચિંતવી નિમિત્તીયાનઇ પૂછવા ગઇ. તિ વારે નિમિત્તીયો જોતસ જોઈ નઇ કહે, ‘‘હે બાઈ! તાહરો ભર્તાર આજ આવસ્યે. બલદેવને દેહરે જઇનઇ જોજ્યૈ. તાહરો ભર્તાર તુજને મીલસ્યે.’’ ઇમ પૂછી સ્ત્રી ઘેર આવી. મનમાં ઘણો હર્ષ ઘરતી પ્રવર્તે છઇ. હિવ તે ડોસી ચ્યાર વહુરો પ્રતે કહ્યો. તિ વારે વહુરો ઇમ સાંભલી ચિંતા કરવા લાગી. સાસુ પ્રતે કહે, ‘‘હે સાસુજી ! એ પૂરશ તો અમારે જીવન પ્રાંણ છઇ. અને આ ભવનો તો એ ભરતાર છઇ. તે વાસ્તે એ પૂરસને તો હું ઇહાં જ રાખસ્યૂં.’’ તિ વારે સાસૂ કહે, ‘‘એ પારકો પૂરસ માહરો ઘર ખાઇ છઇ. તે વાસ્તે એ પૂરસને હું કાઢી મુકિશ.’’ તિ વારે ચ્યાર વહુરે સાસૂને ઘણી સમઝાવી પિણ ન માન્યો. તિ વારે ચ્યાર વહુ કહે, ‘‘તુમને ગમે તે કરો.’’ ઇમ કહી કેવન્ના પાસે આવી. એતલે અર્ધ રજનિ ગઇ. તિ વારે વહુરો મનમાં ચીંતવે, ‘જે સાસુને તો મોત નાવ્યૌ એ આપણી પિડા જાંણતી નથી. એ પૂરશને આજ કાઢી મુકસ્યૌ. પછે એ પૂરશ આપણી પ્રીતી સ્યૂ જાણસ્યૈ. તે વાસ્તે એ સાસૂને છાંનો એકેકો રત્ન સવા ક્રોડનો લેઇ લાડૂમાં ઘાલીઇ.’ ઇમ વિચારી ચ્યાર લાડૂઆમાં ચ્યાર રત્ન ઘાલી ચ્યાર દિશનઇ માંચી ઉપર મુક્યા સાસૂથી ગુપ્તપણે ચ્યાર વહુઇ એ કાંમ કરયૌ છઇ. હિવે તે ડોસી કેવન્ના પાસે આવીને રીશ કરી ચ્યાર વહુરોને કહ્યો, ‘‘એ પૂરસનો ખાટલો ઉપાડો. જીમ બલદેવને મંદિરે મુકિ આવીઇ.’’ તિ વારે ચ્યાર સ્ત્રીઇ રુદનપાત કરતી ખાટલો ઉપાડ્યૌ. તિ વારે પંચ જણિઇ જઇ બલદેવને દેહરે મુક્યૌ. સાસુ વહુ ઘેર આવ્યાં. પછે ચ્યાર વહુરો મુખે નિસાસા મુકતી મનમાં કહે, ‘એ અક્કા કિમ મરતી નથી ?’ ઇમ વહુરો નિત્ય સાસુ પ્રતે કહે. હિવે કેવન્નો બલદેવને દેહરે સૂતો છઇ. એહવે તો પ્રભાત થયો. તિ વારે કેવન્નો ઉઠી જોવે તો પોતાનો તે ખાટલો છઇ. અને તે બલદેવનો દેહરો છે. તિ વારે કેવન્નો મનમાં વિચારવા લાગૌ. ‘જે માહરી ચ્યાર સ્ત્રીઓ અને ચ્યાર પૂત્ર કિહાં ગયા ? અને વલી એવડી રીધ કિહાં ગઇ ? અને મુજને ઇહાં કિણે મુક્યો ? અને વલી વીચારયો જે તેહનો સ્વારથ સિઝી રહ્યો, તિ વારે મુજને ઇહાં મૂક્યૌ. એ જગત્રમાંહે સર્વ સવારથના સગા છઇ. પિણ વીના સવારથનો સગો કોઇ નથી. ઇમ કેવન્ને વીચારયૌ.

ચત્ર : ***સઘલે ધાપે હુ ભમ્યો, સઘલા સાયર દિઠ;**
વિણ સવારથ કો વલહો, જગમાં કોઈ ન દિઠ **...૦૧**

---

૧. પાછો ઠેલવો

* (ક.૧) હું સઘળી પૃથ્વી ખૂંદી વળ્યો અને સઘળા સાગર જોઈ વળ્યો પરંતુ આ જગતમાં સ્વાર્થ વિનાનો કોઈ માણસ ન દીઠો.

ઇમ કેવન્નો મનમાં જાણતો ઉદાસ થઇ. બલદેવને દેહરે બેઠો છઇ. વલી મનમાં ચીંતવે, ‘જે મુજને આજ બાર વરસ ઘર મુક્યે થયા અને અસ્ત્રી વાટ જોતી હસ્યે. જે ભરતાર તો ઘણો દ્રવ્ય કમાવીને આવસ્યે અને હું તો ૧અજેસ દલદ્રી છું. તેણે કરી ઘેર કિમ જવરાઇ?’ ઇમ કેવન્નો મનમાંહે વીચારણા કરે અને ચ્યાર મોદિકમાં રત્ન છે તેહનિં ખબર સેઠને નથી. એહવે સમય નિમિત્તીયાનો વચન સંભારતી કેવન્નાની અસ્ત્રી બલદેવને દેહરે ગઇ. તિહાં જઈને જોવે તો પોતાનો પતી દીઠો. આગલી જુની પોશાગ સહીત દીઠો. તિ વારઇ સ્ત્રી ઘણો હર્ષ પામી. પોતાના ભર્તારિને પગે લાગી અને લાજ કરી પોતાના ભર્તારિનઇ કહે, ‘‘હે પ્રાણાધાર! ઘણા દિવશ થયા મેં તુમારી વાટ મેઘની પરે જોઈ. આજ તુમે પધારયા. આજ મોતીડે મેઘ વુઠા’’ ઇમ કેવન્ના પ્રતે કહ્યો. પછે તે સીઝ્યા સંકેલતા, ચ્યાર લાડૂની ચ્યાર કોથલી દિઠી. પછે સીઝ્યા સંકેલી. ચ્યાર લાડૂને લીધી. પછે પોતાના ભરતારને લેઇ પોતાને ઘેર આવી. હિવે કેવન્નાનો પૂત્ર આવી પિતાને પગ લાગો. તિ વારે પિતાઇ આદરભાવ દિધો. તિ વારે પૂત્ર પ્રતે માતાઇ લાડૂઓ આપ્યો. બીજા લાડૂઆ ઘરમાં મુક્યા. હિવે પૂત્ર લાડૂઓ ખાઇતો ખાઇતો નિશાલે ગયો. તિ વારે તે લાડૂમાંહેથી એક રત્ન નિકલ્યૌ. તિ વારે તેણે જાણ્યો ‘એ મહારે ઉજલ પથર છે, તો એ પાટીનો ઘુટો થાસ્યૈ.’ ઇમ ચીંતવી હાથમાં ઉછાલતો ઉછાલતો કંદોઇ ચઉટે કુણીય કંદોઈની હાટ પાસે આવ્યૌ. તિ વારે કંદોઈઇ તે પૂત્ર પાશેથી રત્ન લેઇ સુખડી આપી. છોકરો નિશાલે ગયો. ભણી ગુરુની રજા લેઇ ઘેર આવ્યૌ. હિવે કેવન્નાનિ સ્ત્રીઇ ત્રણ મોદિક ભાંગ્યા. તિ વારે તે માંહેથી ત્રણ રત્ન **સવા ક્રોડ**ના નીકલ્યા. તિ વારે તે સ્ત્રી ઘણી રાજી થઇ. મનમાં જાણ્યૌ, ‘જે માહરે ભર્તારિઇ જોખિમ માટે એ રત્ન લાડૂ મધ્યે ઘાલ્યા છે.’ ઇમ મનમાં જાંણ્યૌ. પછે કેવન્ના પ્રતે દેખાડ્યા. તિ વારે કેવન્ને જાંણ્યો ‘એ ત્રણ રત્ન સ્ત્રીઇ માહરા સ્નેહથી કરીને ઘાલ્યા છે.’ પછે એક રત્ન વટાવ્યૌ. તિ વારે ઘરનો દલીદ્ર સર્વ ગયો. ઘરમાંહે ઘણી રુધ(રિધિ) થઇ. પૂર્વની પરે જ ઘરમાં રુધ થઇ. હિવે ઘરમાં લક્ષ્મી દેખી કેવન્ના પ્રતે આદરભાવ આપેં. હિવે કેવન્નાને અને સ્ત્રીને ચોથા મોદિકનિ ખબર નથી. પુત્રને પિણ કાંઈ ન પૂછ્યો. કંદોઈઇ પિણ રત્ન મીઠો કરયૌ. હિવે કેવન્નો પિણ સ્ત્રી સંઘાતે લહલિન રહે છઇ. કેવન્નાનો જસ સઘલે વીસ્તરયૌ. નિજ નગરે હિવે કેવન્નો સુખે સમાધેં દોગંદગનિ પરે ૨પરવત્ર(રે) છઇ. કંદોઈ પિણ રાજી થયો, જેહના ઘરમાં સવા ક્રોડનો દ્રવ્ય આવ્યો તેથી.

હિવે એકદા સમયને વિષે શ્રેણીક રાજાનો હસ્તી **સિચાનિક** નામે. તેહને નગરને બાહીર, નદીને કાંઠે પીવા સારુ લાવ્યા. હસ્તી પાંણી પિવા નદીમાંહે ઉતરયૌ. એહવે તે નદીમાંહે તંદુલમછ તિહાં રહે છે. તેણે હસ્તીનો પગ તાંણી નદીમાં લેઇ ગયો. ઉંડો પાણી છઇ તહાં લેઇ ગયો. તિ વારે રાજાને સુભટે હસ્તીને કાઢવા ઘણાઇ ઉપાય કરયા, પિણ હસ્તી નીકલ્યૌ નહી. તિ વારે સુભટે દરબારમે જઇને વાર્તા કહી રાજા પ્રતે. તિ વારે રાજાઇ ઘણા ઉપાય કરયા. પિણ હસ્તી નદીમાંહેથી ન નિકલ્યૌ. તિ વારે શ્રેણીક રાજા ચિંતા કરે છે, ‘જે દેવાધીષ્ટત હાથી ફરીને મુજનઇ

---

૧. આજ સુધી.; ૧. રહે.

કિહાંથી મીલસ્યૈ ?' ઇમ ચિંતા કરે છઇ. એહવે તો અભયકુમાર પ્રધાન આવ્યૌ. તિ વારે રાજાઇ અભયકુમાર પ્રતે સર્વ હગીકત કહી. તિ વારે પ્રધાન કહે, ''માહારાજ ! એ વાતની ચિંતા કરસ્યૌ નહી. હસ્તી છોડાવવાનો ઉપાય કરસ્યૂં.'' ઇમ કહી પોતાનઇ સ્તાનિકે ગયૌ. પછે રાજાઇ ઢંઢેરો ફેરાવ્યૌ. તે ઢંઢેરો ચોરાસી ચઉટે ફરતા પૂરશ કહે, ''જે કોઇ ઉપગારી પૂરસ છે, જે રાજાનો સિચાનિક હસ્તી પ્રતે તંદુલમછે ગ્રહ્યો છે તેહને કોઇ મુકાવે તેહને રાજા અર્ધ રાજ આપે વલી રાજાની પૂત્રી પરણાવે. વલી બહુમાન આપઇ. ઇમ ઢંઢેરો ફરતો ફરતો કંદોઇને ચહુટે ગયો. તિ વારે તિણે કંદોઇઇ પડહો છબ્યૌ. ઇમ કહે, ''હું હસ્તી પ્રતે કાઢું.'' ઇમ કંદોઇ કહિ. તે કંદોઇ રત્ન લેઇ રાજા પાસે આવ્યૌ. હિવે નગરના લોક, રાજા પ્રધાન, સેઠ પ્રધાન, પ્રમુખ નગર બાહીર નદીને કાંઠે આવ્યા. નદી ઉપર કૌતિક જોવે છઇ. એહવે તો તે કંદોઇ રત્ન લેઇ નદીમાં પડ્યૌ. તિ વારે રત્નને પ્રભાવે હસ્તી પાસે પાણી ઘણો હતો. તે સર્વ પાણી વેગલો ગયો. તિ વારે તે હસ્તી ઉઘાડો થયૌ. તિ વારે તે તંદુલમછ વેગલો નાઠો, હસ્તી પ્રતે મુકિનેં. તિ વારે કંદોઇ હસ્તી પ્રતે પકડીને બાહિર લાવ્યો. શ્રેણિક રાજા પ્રતે સૂંપ્યૌ. રાજા મનમાં ઘણો હર્ષ પામ્યૌ. રાજા હસ્તી આરુઢ થઇ ઘેર આવ્યૌ. પછે દરબારમાં આવી કંદોઇ પ્રતે તેડાવ્યો. રત્નની વાત પૂછેં એ રત્ન તુમારે કિહાંથી આવયૌ. તિ વારે કંદોઇ કહે, ''હે પૃથ્વીનાથ ! એ રત્ન મહારા ઘરનો છઇ.'' તિ વારે રાજા કહે, ''એહવો તો રત્ન મહારા ઘરમાં પિણ નથી અને તાહરા ઘરમાં એહવી વસ્તુ કિહાંથી ? સચ બોલ.'' તિ વારે કંદોઇ વાર વાર કહે, ''એ રત્ન માહરા ઘરનો છઇ.'' પિણ કંદોઇ સાચી વાત કહે નહી. તિ વારે રાજાનઇ રુસ ચઢી. એતલે કંદોઇને ઉચો બાંધી જે ખંધ મારયા. તિ વારે કંદોઇ બોલ્યો, ''માહારાજ ! મુજને મારસ્યૌ માં. એ રત્નનો સ્વામી વતાવું.'' તિ વારે રાજાઇ તે કંદોઇ પ્રતે [૧]છોડાવ્યૌ. પછે રત્નની વાત પૂછી. તિ વારે કંદોઇ કહે, ''માહારાજ ! એક દિન હું હાટે બેઠો હુતો તિ વારે, તિ વારે કેવન્ના સેઠનો પૂત્ર એ રત્ન લેઇ જાતો હુતો. તિ વારે માહારા હાટ પાસે આવ્યૌ. તિ વારે એ છોકરાની હાથમાંહેથી ઉછાલતાં પાણી કુંડિમાં પડ્યૌ. તિ વારે પાણી ફાટી ગયો. તિ વારે મેં એહવો દેખી એ છોકરાને સુખડિ આપી રત્ન લીધો. એ રત્નને પ્રભાવે મ્હે હાથી કાઢયૌ. એ કેવન્ના સેઠનો છઇ.'' ઇમ કંદોઇ સાચ બોલ્યૌ. તિ વારે કંદોઇને જીવતદાન દિધો. [૨]સરપાવ કરી ઘેર મોકલ્યૌ. હિવે કેવન્ના સેઠ પ્રતે તેડાવ્યા. રત્નનિ વાત પૂછી. તિ વારે કેવન્નો કહે એ રત્ન માહરો છઇ. તિ વારે રાજા કહે, ''કેવન્ના સાહ તુમે માહરી પૂત્રી પરણૌ. અર્ધરાજ્ય લ્યૌ અને એ રત્ન લ્યૌ.'' પછે રાજાઇ પોતાની પૂત્રી કેવન્ના પ્રતે પરણાવી. અર્ધરાજ્ય આપ્યૌ. રાજાઇ વચન પ્રમાણ કરયૌ. હિવે કેવન્નો શ્રેણીક રાજાનો જમાઇ થયો. અભયકુમારનો બનેવી થયો.

હિવે એક દિવશ અભયકુમાર નઇ કેવન્નો બિહું જણા ગોખનઇ વિષે બેઠા છઇ. તેહ જ સમય કેવન્ને અભયકુમારને ધુરથી માંડી ચ્યાર સ્ત્રીઓની વાર્તા કહી. તિ વારે

---

૧. પા॰ ચોડાવ્યૌ; ૨. ઇનામ;

અભયકુમારે મનમાં ધારયો, ‘જે ચ્યાર સ્ત્રીઓને [૧]છતી કરું.’ ઇમ ધારી બુધી ઉપાયૈ પછે કેવન્નાને કહે ‘‘તુમે કિશી ફકર ચિંતા કરસ્યૌ નહી. એહની તલાસ હું કરીસ.’’ ઇમ કહી કેવન્નાને ઘેર મુક્યા. પછે સલાવટ પ્રતે તેડાવ્યા. પછે અભયકુમાર સલાવટ પ્રતે કહે, ‘‘એ નગર નઇ બાહિર, એક નવો જક્ષનો દેહરો કરો. પછે તે દેહરામાંહે કેવન્ના સેઠનિ મુર્તિ કરો. વલી એ મંદિરને ચ્યાર બારણા કરો. પછે બારણે બારણે કેવન્નાની મૂર્તિ બેશાડો.’’ ઇમ આદેશ અભયકુમારે આપ્યૌ. હિવે સલાવટે ઘણે દિવશે દેવલ કરયૌ. કેવન્ના સેઠનિ મુર્તિ માંહે બેસાડી. પછે અભયકુમાર પ્રતે કહ્યૌ, ‘‘માહારાજ ! તુમારી આજ્ઞા પ્રમાણે કરી છે.’’ હિવે અભયકુમારે ચ્યારે સ્ત્રીઓ અને ચ્યાર પૂત્ર છતાં કરવા નગરમાં પડહો ફેરવ્યો. ‘‘તે નગરમાંહે નાનાં, મોટાં, સ્ત્રીઓ, છોકરા, છોકરીઓ, પ્રમુખ સર્વ, ચતુર્દિશીને દિનઇ, જક્ષને દેહરે આવજૌ. જેહી ન આવે તે સરકારનો ગુનાગાર થાસ્યૈ.’’ ઇમ નગર મધ્યે [૨]ત્રીવટે [૩]ચૌવટે પડહો ફરે છઇ. ઇમ સર્વ લોકે સાંભલી પ્રભાતે સર્વ વસ્ત્ર આભરણ પ્રમુખ પહરી સઝ થયા. પછે અભયકુમારે પોતાના ચાકરો બેસાડ્યા. પછે તે પૂરસો પ્રતે કહ્યો, ‘‘જે એ મુર્તિ દેખી કોઇ કહે, એ માહરો પિતા છે અથવા કોઇ સ્ત્રી કહે એહ માહરો ભર્તાર છઇ. ઇમ યક્ષની મુર્તિ પ્રતે કહે તેહને માહરે પાસે લાવજ્યૌ.’’ ઇમ સિખવી બેસાડ્યા. હિવે શ્રેણિક રાજા, અભયકુમાર વલી કેવન્નો સેઠ પ્રમુખ ચઉરંગી સેન્યા સઝી નગરને બાહિર જક્ષને દેહરે આવ્યા. નગરના લોક પિણ સર્વ આવ્યા. પછે તે ચ્યાર સ્ત્રીઓ પોતાના પૂત્રનઇ સીણગારીનઇ ડોસીને સંઘાતે લેઇ જક્ષને દેહરે આવ્યા.

તિહાં કેવન્નાનો રુપ દેખી એ ચ્યાર સ્ત્રીઓ માંહોમાંહે વાતો કરવા લાગી. ‘‘એ જક્ષની મુર્તિનો રુપ કહેવો છઇ ? જાંણીઇ એ પૂત્રના પિતા જેહવો છઇ.’’ ઇમ કહેતા જક્ષના દેહરામાંહે મુર્તિ પાસે આવી. તિ વારે ચ્યાર પૂત્ર કહે, ‘‘એ તો આંપણો પિતા સરીખો રુપ છે.’’ ઇમ કહી યક્ષને બાથ ઘાલી. એહવે તે અભયકુમારના ચાકર ઉઠીને છોકરા [ઉપર] ને ગ્રહી અભયકુમાર પાસે લાવ્યા. કેવન્નો પિણ તિહાં બેઠા છઇ. તિ વારે તે છોકરા તિહાં કેવન્ના પ્રતે દેખી હર્ષ પામ્યા. પછે તે ડોસી અને ચ્યાર સ્ત્રીઓ પોતાના પૂત્રો અને મૂકવા આવી. તિ વારે તે ચ્યાર છોકરે ‘પિતા’ કહી બોલાવ્યૌ. કેવન્નાના ખોલામાંહે બેઠા. એહવે તે ચ્યાર સ્ત્રીઇ કેવન્ના પ્રતે દેખી લાજ કરૈ કહે, ‘‘હે પૂત્ર ! કિહાં બેઠા છૌ. ચાલો આપણે ઘેર જઇઇ.’’ તિ વારે પૂત્ર કહે, ‘‘અમે તો અમારા પિતાના ખોલામાં બેઠા છઇઇ. પછે પિતા સંઘાતે આવીસ્યૂ.’’ ઇમ ચ્યારે પૂત્રે માતા પ્રતે કહ્યો. તિ વારે ડોસી કહે, ‘‘ઇહાં તુમારો પિતા કિહાં છઇ ?’’ તિ વારે અભયકુમારે કહ્યૌ, ‘‘એ ડોસી પ્રતે ગ્રહો.’’ તિ વારે ચાકરે ગ્રહી મારવા માંડી. તિ વારે ડોસી ઇમ સર્વ વાર્તા કહી અને વલી કહ્યૌ, ‘‘એ પૂત્ર, એ ચ્યાર સ્ત્રીઓ સર્વ કેવન્નાનો છઇ.’’ પછે સોમધ્વજ સેઠનો માલ, ઘર, સ્ત્રીઓ ચ્યાર અને ચ્યાર પૂત્ર સમસ્ત કેવન્ના પ્રતે આપ્યા. ડોસીને ઘર બાહિર કાઢી. તે નગરમાં ભમે છઇ, પોતાનો ઉદર ભરે છઇ.

---

૧. પા॰ ચાવી ; ૧. ત્રણ રસ્તા ભેગાં થયા હોય તે સ્થાને ; ૨. ચાર રસ્તા પર.

હિવે ચ્યાર સ્ત્રીઓ અને ચ્યાર પૂત્ર ઘણો હર્ષ પામ્યા. કેવન્ના સેઠને ઘેર **નવાણુ ક્રોડ** દ્રવ્ય થયૌ. છ અસ્ત્રીઓ થઇ. છ પૂત્ર થયા વલી, શ્રેણિક રાજાનો ઘણો માંન છઇ. હિવે કેવન્નો સંસારના સુખમાં લહલિન છઇ. હિવે એકદા સમયને વિષે ચૌવીશમા જીન પ્રથવી પાવન કરતા અનૈક ભવ્ય જીવને ધર્મોપદેશ દેતા રાજગ્રહી નગરીઇ, ગુણશીલ નામે ઉદ્યાન વન છઇ તિહાં આવી સમોસરયા. વનપાલકે શ્રેણિક રાજા પ્રતે વધામણી દીધી. તિ વારે શ્રેણિક રાજા, અભયકુમાર, કેવન્નો પ્રમુખ પોતાપોતાનિં ઋધ લેઇ વીર પ્રભૂને વાંદવા ગયા. તિ વારે પ્રભૂ ધર્મ દેશના દેતા હતા.

ચત્ર : *** चला लक्ष्मी चला प्रांण, चल मंदिर जोवनं ।**
चला चलपि संसारो, एकौपि नीश्चलो धर्म ।। **... ૦૧**

''હે ભવ્ય પ્રાણીઓ ! એ સંસારનો સગપણ અને સંસારની માયા નિશ્ચલ નથી. એ સર્વ [૧]કારમો છે. એક કેવલી ભાષીત ધર્મ તે ખરો છઇ. ઇમ જાંણી ધર્મ કરણી કરવી. જિમ મોક્ષ પાંમઇ.'' ઇમ પ્રભૂઇ બાર [૨]પરષદા આગલ દેશના દીધી. તિ વારે કેવન્ને ધર્મ દેશના સાંભલી. વેરાગ્ય પાંમી કેવન્નો તિહાંથી ઉઠી પ્રભૂનિ ત્રણ્ય પ્રદિક્ષણા દેઇ હાથ જોડી, પ્રભુ પ્રતે પુછે, ''હે સ્વામી ! મ્હે પૂર્વે સ્યૂં પૂન્ય કરયૌ ? તે મેં આ ભવમાં બહુ સુખ પામ્યા ?''

તિ વારે પ્રભૂ કહે, ''તેં પૂર્વ ભવે માસખમણનો પારણાતી સાધુને ખીર ખાંડ ઘૃતનો દાન આપ્યૌ. સુભ ભાવે કરી તેથી આ ભવમાં બહુ સુખ પામ્યૌ. તિ વારે કેવન્નૌ એ સાંભલી વૈરાગ પાંમી ઘેર આવ્યૌ. છ પૂત્રને ઘરનો ભાર આપિ સ્ત્રીઓ પાસે આવી, સ્ત્રીઓની રજા લેઇ પોતે ભગવંતને પાસે આવીને ચારિત્ર લીધો. હિવે ઉત્કૃષ્ટો તપ કરી, પોતાનો આઉખો પાલી, અંતે માસની સંલેખના કરી **સર્વારથસિધ** વીમાંનને વીષે, તેત્રીશ સાગરોપમને આઉખે દેવતાપણિ ઉપનો. એકાવતારી પૂરસ થાસ્યૈ ચારીત્ર પાલી, તપ તપી, અષ્ટ ઘનઘાતી કર્મ ટાલી, કેવલ લેઇ મોક્ષ જાસ્યેં. ઇમ સિધને અનંત સુખ છે. એ કેવન્નાનો અધીકાર ઇહાં તો સંક્ષેપ માત્ર કહ્યૌ. વિશેષ અધીકાર **ભરેસરની વૃત્તી**માં કહ્યૌ છૈ. બિ(બી)જા પિણ ઘણાઇ ગ્રંથમાં છઇ. જિમ કોઇ પ્રાંણી દાંન પૂન્ય કરસ્યે, તે કેવન્નાનિ પરે સુખ પામસ્યૈ. તે અનંતા અનંત સુખ પ્રતે પામસ્યૈ. એ અધીકાર **સુકતાવલી**માં અર્થ ઉપરે વર્ગમાંહે પ્રથમ એ કથા કહી છઇ. ઇમ જાંણી અર્થ ઉપાયયૌ અને દાંન પૂન્ય કરજ્યૌ. અર્થ વીના પૂરસ આદરમાંન નહી પાંમઇ. જીમ પૂર્વે કેવન્ના પ્રતિ દ્રવ્ય હતો તો વેસ્યાઇ આદર દીધો અને દ્રવ્ય ખૂટો તિ વારે [૩]નિર્ભ્રંસીને કાઢી મુક્યૌ, તે માટે અર્થ ખરો છે. તે પિણ ધર્મ નઇ પસાઇ કરી પાંમઇ.

ઈતિ શ્રી કેવન્ના શ્રેષ્ઠી કથા સંપૂર્ણ.

---

૧. કૃત્રિમ; ૨. સભા પરિષદ; ૩.અપમાન કરીને (નિર્ભત્સના).

* (ક.૧) લક્ષ્મી, પ્રાણ, ઘર, યૌવન અને આ સંસાર સર્વ ચંચલ (નાશવંત) છે. એક માત્ર ધર્મ જ શાશ્વત (નિશ્ચલ) છે.

પ્રકરણ : 3
પ્રત પરિચય અને પાઠ સંપાદન પદ્ધતિ

ભાષા અને લિપિ :

ભાષા અને લિપિનો પરસ્પર અવિનાભાવિ સંબંધ છે. પ્રાચીન કાળમાં માનવ જંગલો અને ગુફાઓમાં વસવાટ કરતો હતો ત્યારે પોતાની ગુફામાં જાદુટોના માટે વિવિધ પ્રકારની રેખાઓ દોરી આકૃતિઓ બનાવતો હતો. પ્રારંભમાં માનવ પાસે પોતાના ભાવોને વ્યક્ત કરવા માટે લખવાના સાધન તરીકે દીવાલ, ઈંટ, પત્થર, શિલાપટ્ટ, મૃદુપટ્ટ આદિ હતા. દેશ-કાલ-પરિસ્થિતિ અનુસાર સાધન બદલાતા ગયા અને લિપિ તેમજ ભાષા પરિસ્કૃત થતી ગઈ. પ્રાચીન માનવ પોતાના પશુધનને ઓળખવા જાનવરોના શરીર પર વિવિધ પ્રકારના ચિહ્નો (TATOO) બનાવતો હતો.

સમય જતાં લિપિનો વિકાસ થયો. ચિત્રો અને રેખાઓએ વિકસિત થઈ વર્ણાકાર રૂપ લીધું; જેને લિપિ નામ આપવામાં આવ્યું.

કેટલીક ભાષાઓ ઉચ્ચારણ-વૈવિધ્યના કારણે પોતપોતાની લિપિમાં વિકસિત થઈ. જેમકે ગુજરાતી, બંગાળી, મૈથિલ, ઉડિયા, તામિલ, તેલુગુ, મલયાલમ આદિ. આ ભાષા અને લિપિ બન્ને રીતે વિદ્યમાન છે, જ્યારે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, હિંદી, મરાઠી આદિ માત્ર ભાષા છે. લિપિ નથી. આજે પણ સંસ્કૃત, પ્રાકૃત, હિંદી આદિ ભાષાબદ્ધ ગ્રંથો **'નાગરી લિપિ'**માં લખાય છે. હિંદી લિપિ નથી, વાસ્તવમાં **દેવનાગરી** અથવા નાગરી લિપિ છે.

મનુષ્યના વિચારોને વ્યક્ત કરવાનું માધ્યમ વાણી છે. વાણી વિભિન્ન ભાષાઓના માધ્યમથી સંસારમાં પ્રગટ થાય છે. ભાષાઓને ચિરંજીવ રાખવાનું કામ લિપિ કરે છે.

ભાષા અને લિપિ સિક્કાના બે પહેલુ સમાન છે. ભાષા વિના લિપિ સંભવ નથી. હા ! લિપિ વિના ભાષા સંભવ છે. ભાષાથી વિચાર વ્યક્ત જરૂર થાય છે પરંતુ લિપિના અભાવમાં તેનું વિશેષ મહત્ત્વ અથવા પ્રચાર-પ્રસાર થઈ શકતું નથી. આમ લિપિને ભાષાનું એક અનિવાર્ય અને અત્યુત્તમ અંગ માનવામાં આવ્યું છે.

લિપિના અભાવમાં અનેક ભાષાઓ ઉત્પન્ન થઈને નષ્ટ થઈ ચૂકી છે. આપણા આગમગ્રંથોમાં ચોસઠ લિપિઓનો ઉલ્લેખ થયો છે. વર્તમાન કાળે તેમાંથી અધિકાંશ લિપિઓ અને તે ભાષાઓનું સાહિત્ય ઉપલબ્ધ નથી. કેટલીક લિપિઓને ઉકેલવી મુશ્કેલ પણ છે. જેમ કે - મધ્યપ્રદેશના જબલપુરના જંગલમાં પર્વત અને ગુફાઓમાં ટાંકેલી 'શંખ લિપિ' આજ દિવસ સુધી વિદ્વાન ગવેષકો દ્વારા સમજી શકાઈ નથી.

લિપિના કારણે જ પ્રાચીન ઈતિહાસના અવશેષો સુરક્ષિત છે. આજે લિપિના કારણે જ જૈન સાહિત્ય હસ્તપ્રતોના રૂપે ઉપલબ્ધ છે.

હસ્તપ્રત સ્વરૂપ વિવેચન :

ભારતીય સંસ્કૃતિ અને તેનું સાહિત્ય શ્રુત પરંપરાથી સંરક્ષિત અને સુરક્ષિત રહ્યું છે. આપણા આચાર્યો, મનીષીઓ, સાધુ-સાધ્વીજીઓ અને શ્રુતસેવી વિદ્વાનોએ ધાર્મિક પ્રભાવના અને ઉન્નતજીવન નિમાર્ણ હેતુ ગ્રંથો તાડપત્ર, ભોજપત્ર, કપડા ઉપર અને કાગળ ઉપર લખી જ્ઞાન પરંપરાને વર્ષો સુધી જીવિત અને સુરક્ષિત રાખી છે. તેને અલગ અલગ પ્રદેશોમાં વિવિધ નામોથી જાણવામાં આવે છે. જેમ કે, હસ્તપ્રત, માતૃકા, પોથી, પુસ્તક, પ્રત, પાંડુલિપિ, હસ્તલેખ, મક્તુતાજ કૃતિ, તાળિતોળ, મેન્યુસ્ક્રિપ્ટ વગેરે. તેમાં હસ્તપ્રત નામ વધુ પ્રચલિત છે.

હસ્તપ્રત એટલે હાથ બનાવેલા કાગળ પર હાથે બનાવેલી સહીમાં હાથે બનાવેલી કલમ બોળીને અક્ષરો લખવા તે. હસ્તપ્રત અથવા તાડપત્ર કે ભોજપત્રને લખવા યોગ્ય બનાવી એના પર હાથથી લખવું તે. આ હસ્તપ્રત લિખિત પુસ્તકને **પ્રતિ** નામથી પણ ઓળખવામાં આવે છે, જે ગ્રંથકારોના વિચાર દેહનું પ્રતિનિધિ છે.

એક સમયે ભારતમાં હસ્તપ્રતને પ્રમુખ સંપદાના રૂપમાં ગણવામાં આવતી હતી. તે સમયમાં શ્રેષ્ઠ લહિયાઓ દ્વારા વિદ્વાનો અને સ્વાધ્યાય પ્રેમીઓના અધ્યયન માટે અનેક પ્રતિલિપિઓ તૈયાર કરવામાં આવતી તેથી આજે એક જ ગ્રંથની એકથી વધુ પ્રતિઓ વિભિન્ન સ્થાનોમાં પ્રાપ્ત થાય છે. પાટણ, જેસલમેર, નાગૌર, જયપુર, બીકાનેર, સુરત, છાણી, લીંબડી, અમદાવાદ, વડોદરા, પૂના, અલ્હાબાદ, વારાણસી, પટણા, તંજાવુર, રજા-રામપુર આદિ અનેક સ્થાનોના સંગ્રહાલયો ભારતની સાંસ્કૃતિક નિધિઓ છે. આપણા પૂર્વજોએ આ સંગ્રહાલયોની સુરક્ષા કરી સંસ્કૃતિના સંરક્ષણમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું છે.

હસ્તપ્રત વિશેષ પદ્ધતિથી લખવામાં આવે છે. તેમાં બે શબ્દો વચ્ચે સ્થાન છોડવામાં આવતું નથી. માત્રાઓ પણ વિશેષ પ્રકારથી લગાડવામાં આવે છે. જેમાં અગ્રમાત્રા અને પૃષ્ઠમાત્રા (ખડી-પાઈ, પડી-પાઈ)નું વિશેષ પ્રચલન છે. વાક્ય સમાપ્તિ અથવા પ્રસંગ સમાપ્તિ પછી કોઈ ફકરો નથી હોતો. કોઈ અક્ષર વિશેષ પ્રકારથી લખવામાં આવે છે. પત્રની બંને બાજુ હાંસિયો છોડવામાં આવે છે. તે સમયે ઉપલબ્ધ સાધન સામગ્રી દ્વારા અધિકથી અધિક લેખન કાર્ય થાય તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવતું હતું કારણ કે સાધન સીમિત હતા. તાડપત્ર, ભોજપત્ર, કાગળ, શ્યાહી, કલમ આદિ લેખન સામગ્રી આસાનીથી મળતી ન હતી તેથી જ હસ્તપ્રતમાં લખતી વખતે શબ્દોની વચ્ચે સ્થાન છોડવામાં આવ્યું ન હોય.

૧) મૂલજિહ્વા ક્ષેત્ર : આ સ્થાન હસ્તપ્રતનો મૂળ ભાગ છે, જ્યાં અભીષ્ટ ગ્રંથ લખવામાં આવતો હતો. તેની ઉપર-નીચે, જમણી-ડાબી બાજુ યોગ્ય ખાલી જગ્યા છોડવામાં આવતી જેને હાંસિયા ક્ષેત્ર કહે છે.

ઉપર અને નીચેના ભાગમાં રખાતા હાંસિયાને 'જિબ્ભા' (સં. જિહ્વા, પ્રા. જિબ્ભા, ગુ. જીભ) તરીકે ઓળખવામાં આવે છે.

૨) હાંસિયા : હાંસિયાનો ઉપયોગ પ્રમાદ વશ છૂટી ગયેલા અક્ષરો, પતિત પાઠ અને ઉપયોગી ટિપ્પણ લખવા માટે કરવામાં આવતો હતો. કોઈ વાર બહુ મહત્ત્વનો પાઠ લખવાનો રહી ગયો હોય તો હાંસિયા ક્ષેત્રમાં વિશેષ ચિહ્ન દ્વારા તે સ્થાનને ચિહ્નિત કરી હાંસિયામાં લખવામાં આવતો. કોઈ વાર કઠિન શબ્દના અર્થ પણ હાંસિયામાં લખેલા જોવા મળે છે.

૩) હુંડી : પુસ્તકના હાંસિયા ઉપરના ભાગમાં ગ્રંથનું નામ, પત્રાંક, અધ્યયન, સર્ગ, ઉચ્છવાસ વગેરે લખવામાં આવે છે. તેને 'હુંડી' કહે છે.

૪) બીજક : ગ્રંથોના વિષયાનુક્રમને 'બીજક' નામથી ઓળખવામાં આવે છે.

૫) ગ્રંથાગ્રં : પુસ્તકની અંદર અક્ષર ગણીને ઉલ્લિખિત શ્લોક સંખ્યાને 'ગ્રંથાગ્રં' કહે છે. અને પુસ્તકની અંતમાં આપેલી ગ્રંથની સંપૂર્ણ શ્લોક સંખ્યાને 'સર્વાગ્રં' અથવા 'સર્વગ્રંથાગ્રં' કહે છે.

૬) હંસપાદ, કાક પાદ અથવા મોર પગલું : આ ચિહ્ન ગણિતના 'X' ગુણાકાર જેવી નિશાની છે. જેના માધ્યમે પ્રતના મૂલ જિલ્વા ક્ષેત્રમાં જો કોઈ શબ્દ, વર્ણાદિ જોડવાના હોત તો 'v','^' આ પ્રકારનું ચિહ્ન કરી હાંસિયામાં કાકપદનું ચિહ્ન બનાવી તે વર્ણને લખવામાં આવે છે. આ વર્ણ તે પંક્તિની સામે જ લખેલો જોવા મળતો જેમાં કાકપદનું ચિહ્ન થયેલું હોય. અર્થાત્ કાકપદનાં ચિહ્નનાં માધ્યમથી છૂટેલો પાઠ દર્શાવવામાં આવતો હતો. જો છૂટેલો પાઠ ઘણો મોટો હોય તો ઉપર, નીચેના હાંસિયામાં લખી તે પંક્તિનાં અંતમાં એ./પં. લખી જે પંક્તિમાં તેને જોડવો હોય તેની સંખ્યા લખવામાં આવતી હતી. વળી, તે સમયે સાધન સામગ્રીની અછતના કારણે આ ચિહ્નોનો સહારો લેવો પૂર્વાચાર્યોને આવશ્યક લાગ્યો હશે.

૭) મધ્યકુલ્લિકા : આ ચિહ્ન પંચભુજ, ષડ્ભુજ અતવા ચતુર્ભુજ આકારનું હતું, જે પ્રતના મધ્યમાં બનાવવામાં આવતું. સંભવતઃ પ્રતનાં મધ્યભાગમાં હોવાને કારણે તેનું નામ **'મધ્યકુલ્લિકા'** પાડવામાં આવ્યું હોય. મધ્યકુલ્લિકા સમય જતાં સુંદર ચિત્રોથી સુસજ્જિત થવા લાગી. ચિહ્નો વિવિધ શ્યાહીથી બનેલા પણ જોવા મળે છે. કોઈવાર ચિહ્ન ન બનાવતાં વચ્ચેની જગ્યા ખાલી છોડી દેવામાં આવતી. કોઈ વાર લહિયાઓએ અક્ષરો એવી રીતે લખ્યા હોય કે સ્વયં વચ્ચેની જગ્યા ખાલી જોવા મળે જેનો આકાર આપોઆપ મધ્યકુલ્લિકા જેવો બનેલો હોય, જેને લહિયાની લેખનકળાનો ઉત્કૃષ્ટ નમૂનો કહી શકાય.

૮) છિદ્રક : અધિકાંશતઃ તાડપત્રીય પ્રાચીન પ્રતોમાં છિદ્રક જોવા મળે છે. પ્રતના મધ્યભાગમાં એક નાનું

છિદ્ર હોય છે. તેમાં પાતળી દોરી પરોવી ગ્રંથના ફોલિયોને એકત્રિત કરી ગ્રંથના ઉપર અને નીચે લાકડીના પુઠ્ઠા લગાવી એક સાથે જોરથી બાંધવામાં આવે છે. શિથિલ બંધન પ્રતને નુકસાન કરે છે. છિદ્રકના માધ્યમે કોઈ પણ પત્ર ખોવાતો નથી, આંધી તોફાનમાં પત્ર ઉડી જતો નથી. છિદ્રક એ પ્રત બાઇંડિંગનું કાર્ય કરે છે.

૯) ચંદ્રક : પ્રતના મધ્યભાગમાં ચંદ્રક જોવા મળે છે. ચંદ્ર જેવો દેખાવ હોવાના કારણે ચંદ્રક નામ આપ્યું હોવું જોઈએ. છિદ્રક તાડપત્રમાં છિદ્રના રૂપમાં હોય છે, જ્યારે ચંદ્રક કાગળની પ્રતમાં લાલ અથવા કાળી શ્યાહીથી ગોળ ચંદ્ર જેવો રંગ આપવામાં આવે છે. જો કાગળના મધ્યમાં છિદ્ર કરવામાં આવે તો કાગળ ફાટી જાય માટે કાગળની પ્રતોમાં છિદ્રકના સ્થાને ચંદ્રકની પરંપરાનો વિકાસ થયો. જૈન મનીષીઓએ કાગળની પ્રતોની સુરક્ષા હેતુ અનેક ઉપાયો શોધી કાઢયા. જેમ કે - લાલ કપડામાં લપેટીને રાખવી, દાભડા, કબાટ, પેટી-પટારા ઈત્યાદિમાં પ્રાકૃતિક જડીબુટ્ટીઓની સાથે રાખવી, વર્ષાઋતુમાં ગ્રંથને બહાર ન કાઢવા, વર્ષમાં એક વાર કુમળા તડકામાં ગ્રંથને રાખવા ઈત્યાદિ.

જૈન જ્ઞાનભંડારોમાં જીવની માફક સાહિત્ય કૃતિઓનું જતન થયું છે તેથી જ જૈનકૃતિઓ સચવાઈ છે. એ જ આપણી સાચી મૂડી છે. આમ, હસ્તપ્રત લેખન કળા એની સુરક્ષના ઉપાયો અને ગ્રંથભંડારોને કારણે જૈન સાહિત્યે ગૌરવશાળી સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આપણા અભ્યાસના વિષયની એકથી વધુ હસ્તપ્રતો વિવિધ ગ્રંથભંડારોમાંથી પ્રાપ્ત થઈ છે. તેનો પરિચય નીચે પ્રમાણે છે.

અભ્યાસની કૃતિનો પરિચય :

જે કૃતિની એકથી વધુ પ્રતો મળી શકી છે, ત્યાં (ક.) પ્રતના પાઠને મુખ્ય બનાવ્યો છે તથા અન્ય પ્રતોના પાઠને પાઠાંતર તરીકે રાખ્યો છે. તેમ છતાં ક્યારેક અન્ય પ્રતોના પાઠ અગત્યના જણાયા ત્યાં તે પાઠને મુખ્ય તરીકે રાખ્યા છે તથા જે પ્રતના માપ સૂચિપત્રમાંથી મળ્યા તે જ માપ અહીં રાખ્યા છે. અન્યથા માત્ર ઝેરોક્ષ કે સ્કેન કરેલ કોપી પરથી માપ કાઢવું શક્ય ન હોવાથી અહીં તે તે પ્રતોના માપ આપ્યા નથી.

૧. પદ્મસાગરસૂરિજી કૃત કયવન્ના ચતુષ્પદી (સં.૧૫૬૩)

આ કૃતિની **ત્રણ હસ્તપ્રતો** મળી છે. **(ક) શ્રી ચંદ્રસાગરસૂરિ જ્ઞાન મંદિર, ખારાકુંઆ - ઉજ્જૈન (ખ) શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાનભંડાર - લીંબડી (ગ) શ્રી લાવણ્યવિજયજી જૈન જ્ઞાનભંડાર, અખી દોશીની પોળ - રાધનપુર**

(ક) ડાભડા ક્રમાંક ૩૨, ગ્રંથ ક્રમાંક - ૪૬૭, પત્ર સંખ્યા - ૯, પ્રતનું માપ - ૨૧.૫ X ૯.૫ સે.મી. પ્રતિ પત્ર પંક્તિઓની સંખ્યામાં એકરૂપતા નથી. કોઈ પત્ર પર ૧૮ તો કોઈ પત્ર પર ૧૬ અથવા ૧૭ પંક્તિઓ લખાયેલી છે.

અક્ષરો ખૂબ જ નાના છે. કેટલીક જગ્યાએ અક્ષરો ઘણાં ઝીણાં થઈ જવાથી દુર્વાચ્ય પણ બન્યા છે. પ્રથમ પત્રના અક્ષરો નાના છે. જ્યારે પ્રતના બાકીના પત્રોમાં (પત્ર - ૩ને છોડી) અક્ષરો અપેક્ષાએ પ્રથમ પત્રથી સહેજ મોટા છે.

અક્ષરો નાના હોવા છતાં વાંચવામાં સરળ છે. પ્રતની બન્ને બાજુ પોણા ઇંચનો હાંસિયો છે. જેમાં પત્ર ક્રમાંક લખ્યો છે તેમજ ખાલી જગ્યામાં ‘X’, ‘X’ આવી નિશાની કરી ખૂટતો પાઠ ઉમેર્યો છે. વધારાના અક્ષરો ભૂંસવા સફેદો લગાડવામાં આવ્યો છે.

આ પ્રતમાં અક્ષર શુદ્ધિ વિશેષ છે; પરંતુ દંડ વ્યવસ્થા અનિયમિત છે. કડી ક્રમાંક આખી પત્રમાં ક્રમસર છે. પંક્તિ પૂર્ણ થતી હોય ત્યાં ખાલી જગ્યા પૂરવા ‘વ’ એવી નિશાની કરી છે. કોઈક સ્થળે આકારાંત અક્ષર દર્શાવવા અક્ષરની ઉપર ‘ૐ’(૬A) આવી નિશાની કરી છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। સરસ વચન આપય સદા। સરસતિ કવીયણ માય।

પ્રતના અંતે : ।। ઇતિ શ્રી કયવન્ના ચરિત્ર દાન વિષય ચઉપઈ સમાપ્ત ।। શ્રી રસ્તુ ।। કલ્યાણમસ્તુ ।। શુભંભવતુ ।। શ્રી ।। છ ।। શ્રી ।। છ ।। શ્રી ।। છ ।। શ્રી ।।

પ્રતિલેખનનો ઉલ્લેખ ન હોવાથી સંભવ છે કે આ હસ્તપ્રત કવિના હાથે લખાઈ હોવી જોઈએ. જ્યાં પાઠ ક્લિષ્ટ લાગ્યા છે ત્યાં (ખ) પ્રતના પાઠ ઉમેર્યા છે. (ક) પ્રતના પાઠો વધુ ગ્રાહ્ય લાગ્યા હોવાથી તે પ્રતને મુખ્ય બનાવી છે.

(ખ) ડાભડા ક્રમાંક - ૧૧૬, ગ્રંથ ક્રમાંક - ૩૨૦૪, કુલ પત્ર - ૧૮, પ્રતનું માપ - ૨૮.૫ X ૧૩સે.મી. છે. પ્રતિ પત્ર પર ૧૪ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૩૭ થી ૪૦ અક્ષરો મુદ્રિત છે. પ્રત્યેક પત્રના મધ્ય ભાગમાં બદામ આકારનું ચોખંડું છે.

આ પ્રતના અક્ષરો ભરાવદાર અને મોટા હોવાથી સુવાચ્ય છે. ક્યાંક અક્ષરો ફુટયા પણ છે.

આ પ્રતમાં દંડ વ્યવસ્થા નિયમિત છે પરંતુ કડી ક્રમાંકમાં નિયમિતતા નથી. ખૂટતા પાઠો ‘‘X, V’’ આવી નિશાની કરી ખાલી જગ્યામાં ઉમેર્યા છે. પત્ર ક્રમાંક - ૪ પર શાહી ઢળી જવાથી પાઠ

વંચાતો નથી અને કેટલાક અક્ષરો ખરી પણ ગયા છે. આ પ્રતમાં મોટે ભાગે પડીમાત્રા વપરાઈ છે. આ પ્રતમાં પત્ર ક્રમાંક જમણી બાજુના હાંસિયામાં લખાયો છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। શ્રી સારદાઈ નમઃ ।।

પ્રતના અંતે : ।। ઇતિ શ્રી દાન પ્રસ્તાવે કઇવન્ના ચઉપઈ સંપૂર્ણ ।। શ્રી ।। શ્રી ।। શ્રી ।।

આ પ્રતમાં પણ પ્રતિલેખનનો પાઠ નોંધાયો નથી.

(ગ) ડાભડા ક્રમાંક - ૨૮, પ્રત ક્રમાંક - ૧૩૦૬, કુલ પત્ર - ૧૦ (આ પ્રત અપૂર્ણ છે.), પ્રતનું માપ - ૨૮.૫ X ૧૨ સે.મી. છે. પ્રતિ પત્ર પર ૧૪ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૬ થી ૫૦ અક્ષરો છે.

આ પ્રતના અક્ષરો મોટા અને સુવાચ્ય છે. પત્રના મધ્યભાગે બદામ આકારનું ચોખંડું છે.

ખૂટતા પાઠો બન્ને બાજુના ૧ ઈંચના હાંસિયા તેમજ ઉપર, નીચેની ખાલી જગાયામાં ઉમેર્યા છે. વધારાના પાઠ કાઢવા સફેદો લગાડેલો છે. તેમજ ક્યાંક શબ્દની ઉપર '।।' નિશાની કરી છે. જેમકે - 'કઇવઈન '. (અહીં 'ઈ' શબ્દ વધારાનો છે.) ખૂટતા પાઠ માટે + (પાના નં. ૧૦, ૭, ૬A, ૫, ૪), 'X' (પાના નં. ૮) આવી નિશાની થઈ છે.

દંડ વ્યવસ્થા અને કડી ક્રમાંક નિયમિત છે. પડિમાત્રાનો ઉપયોગ છૂટથી થયો છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। સરસ વચન આપઉ સદા।

પ્રતના અંતે : ।। મંડઇ પડઘઉ તવ ઋષિરાય જલો...

પત્ર નં. ૧૦ પછીના પૃષ્ઠ ન હોવાથી આ પ્રતના પ્રતિલેખન વિષે માહિતી મળતી નથી.

૨. સાધુરતનસૂરિજી કૃત કયવન્ના ચોપાઈ (આશરે સં. ૧૫૭૯)

આ પ્રતની ત્રણ નકલ નીચેના જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત થઈ છે. (ક) શ્રી નિત્ય વિનય જીવનમણી વિજયજી જૈન પુસ્તકાલય - ચાણસ્મા, પાટણ (ખ) શ્રી મહાવીર જૈન વિદ્યાલય પુસ્તકાલય - મુંબઈ (ગ) આચાર્ય શ્રી કૈલાશસાગર સૂરિ જ્ઞાનમંદિર - કોબા, અમદાવાદ

(ક) પ્રત ક્રમાંક - ૭૫૮, પ્રતનું માપ ૨૨ x ૧૨ સે.મી. છે. કુલ પત્ર પાંચ છે. પ્રતિ પત્ર ઉપર ૧૩ પંક્તિઓ છે. પ્રત્યેક પંક્તિમાં ૪૮ થી ૫૦ અક્ષરો છે.

આ અક્ષરો મધ્યમ કદના અને ભરાવદાર હોવાથી સુવાચ્ય છે. પત્રની વચ્ચે અનિયમિત આકારનું ચોખંડું છે. પત્ર નં. ૨A, ૨ અને ૫ આ ત્રણ પત્ર ઉપર ચોખંડું જ નથી. ચોખંડામાં એક પણ અક્ષર લખ્યો નથી. વચ્ચેની જગ્યા કોરી રાખી છે.

આ પ્રતની વિશેષતા એ છે કે તેના પ્રથમ પૃષ્ઠ ઉપર એક ઈંચના હાંસિયામાં જમણી અને ડાબી તરફ ફૂલ વેલનું ચિત્રામણ કરવામાં આવ્યું છે.



પ્રથમ મુખ પૃષ્ઠ ઉપર પ્રકાશ વેરતા દીપકોનું ચિત્ર દોરી વચ્ચેના ખાનામાં પત્ર ક્રમાંક લખ્યો છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। ऐं नमः ।। चउपई ।।

પ્રતના અંતે : इति श्री सौभाग्यो परि नवरस मिश्रित कयवन्ना रासः संपूर्णः ।। मु. दर्शनविजय पठनार्थम् । मुनि मुक्तिविजय लिखितं । शुभं भवतु ।। कल्याणमस्तु ।।

ઈતિ શ્રી સૌભાગ્ય ઉપર નવરસ મિશ્રિત કયવન્ના રાસ સંપૂર્ણ: ।। મુનિશ્રી દર્શનવિજયજીના સ્વાધ્યાય માટે શ્રી મુક્તિવિજયજી નામના સાધુ ભગવંતે આ પ્રતનું લિપિકરણ કર્યું છે.

(ખ) આ પ્રતનો ડાભડા ક્રમાંક - ૪૦૭, ગ્રંથ ક્રમાંક - ૩૮૬, કુલ પત્ર - ૫ છે. પ્રતનું માપ - ૨૭.૫ x ૧૨.૫ સે.મી. છે. આ પ્રતની પ્રતિ પંક્તિઓની સંખ્યા એક સમાન નથી. પૃષ્ઠ ૧A, ૧, ૨A માં ૧૩ પંક્તિઓ; પૃષ્ઠ ૪ માં ૧૬ પંક્તિઓ; પૃષ્ઠ ૫A માં ૧૦ પંક્તિઓ; બાકીના પૃષ્ઠોમાં ૧૫ પંક્તિઓ છે.

અક્ષરો છૂટા છૂટા, કદમાં મોટા અને સુગમ છે. પૃષ્ઠ - ૧ અને પૃષ્ઠ - ૨ ના અક્ષરોમાં લેખનમાં ફેર છે. પૃષ્ઠ - ૪ના અક્ષરો ખૂબ જ પાસે પાસે છે. સંભવ છે કે આ હસ્તપ્રતનું એકથી વધુ વ્યક્તિઓ દ્વારા લિપ્યાંતર થયું હોવું જોઈએ.

આ પ્રતમાં ક્યાંય દંડનો પ્રયોગ થયો નથી. ચારે બાજુના હાંસિયામાં ખૂટતા પાઠો ઉમેર્યા છે. રહી ગયેલા 'આ' કારના દંડ માટે અક્ષરની ઉપર ' ।' નિશાની કરી છે. પંક્તિ પૂર્ણ થતી હોય ત્યાં ખાલી જગ્યા પૂરવા 'વ' નિશાની કરેલી છે. વધારાના અક્ષર ભૂંસવા સફેદો લગાડેલો છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। ऐं नमः ।। चउपई ।। થી થયો છે.

પ્રતના અંતે : પુષ્પિકામાં इति श्री कयवन्ना रासः संपूर्णः ।। श्री रस्तु ।। कल्याणमस्तु ।। આટલો જ ઉલ્લેખ જોવા મળે છે.

(ગ) આ પ્રતનો ડાભડા ક્રમાંક - ૧૮૭, ગ્રંથ ક્રમાંક - ૩૭૮, કુલ પત્ર - ૫ છે. પ્રતનું માપ ૨૩ x ૧૦ સે.મી. છે. કુલ પત્ર સંખઆયા પાંચ છે. પ્રતિ પત્ર ઉપર ૧૫ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૮ થી ૫૨ અક્ષરો છે. પ્રતની સ્થિતી મધ્યમ છે.

આ પ્રત દેખાવમાં અત્યંત સ્વચ્છ અને સુઘડ છે. અક્ષરો મધ્યમ કદના મરોડદાર છે. સંપૂર્ણ પ્રતમાં દંડ, ઢાળ, ચોપાઈના લખાણ માટે લાલ રંગનો પ્રયોગ થયો છે.

કવિએ પ્રારંભમાં 'श्री जिनाय नमः' અને અંતમાં પ્રતિ લેખનની વિગત લાલ રંગથી લખી છે. પ્રતના મધ્યમાં પ્રતિ પત્ર ઉપર માપસર, સુંદર ચોખંડું દોર્યું છે. તેમાં ચારે ખાનામાં ચાર અક્ષરો લખ્યા છે, જેમાં લિપિકારની લેખનકળાની નિપુણતા સ્પષ્ટ થાય છે.

પત્રની બન્ને બાજુ એક ઇંચનો હાંસિયો છે. તેમાં ડાબી તરફ પત્ર ક્રમાંક છે. આ પ્રતમાં ક્યાંય ખૂટતા પાઠો પાછળથી ઉમેરાયા હોય તેવું નજરે ચડતું નથી. એકંદરે આ પ્રત અતિ ઉત્તમ છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। ઐં નમઃ ।। ચઉપઈ ।।

પ્રતના અંતે : इति श्री कयवन्ना चउपई समाप्तः । लिखितं पंडित महिमोदयगणिना ।। सुश्राविका देव गुरु भक्तिकारिका श्राविका वीरो पठनाय ।। ग्रंथाग्रंथ १८७ ।। श्री रस्तु ।। कल्याणमस्तु ।।

આ પ્રત પંડિત મહિમહોદયગણિએ લખી છે. દેવ અને ગુરુની ભક્તિ કરનાર સુશ્રાવિકા વીરાનાં અભ્યાસ માટે લખી છે.

૩. કવિશ્રી દેપાલ કૃત કયવન્ના વિવાહલઉ (૧૬ મી સદી)

પ્રાચીન ગુર્જર કાવ્ય સંચયમાં આ કૃતિ પૃ. ૧૦૧, ૧૦૨માં મુદ્રિત છે.

૪. કવિ ઋષભદાસજી કૃત કયવન્ના શેઠનો રાસ (સં. ૧૬૨૧)

આ કૃતિની **બે હસ્તપ્રત** પ્રાપ્ત થઈ છે. **(ક) શેઠ લાલાભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ, (ખ) શ્રી ગોડીજી જૈન જ્ઞાન ભંડાર, પાયધુની - મુંબઈ.**

(ક) પ્રત ક્ર. - ૧૮૧૬૮, પ્રતનું માપ - ૨૪.૫ x ૧૧ સે.મી. છે. કુલ પત્ર ૧૧ છે. પ્રતિ પત્ર પંક્તિ ૧૪ થી ૧૬ છે. પ્રતિ પંક્તિ અક્ષરો ૫૦ થી ૫૨ છે.

કૃતિગત અક્ષરો સુંદર છે. દેશી, છંદના નામો, કડી ક્રમાંક વગેરે લાલ અક્ષરથી લખેલા નથી. પ્રત્યેક કડીના અંતે લાલ રંગનો ઉપયોગ વિસર્ગ ચિહ્નના સ્થાને થયો છે.

પત્રમાં બન્ને બાજુ ૧ ઇંચનો હાંસિયો છે. તેમાં ડાબી બાજુ પત્ર ક્રમાંક લખ્યાં છે અને જમણી બાજુએ ‘કયવન્નાનો રાસ’ લખેલ છે.

પ્રતની આદિ : ।। ૬૦ ।। દૂહા । પઢમ જિણેસ્વર પાએ નમું । મરુદેવ્યા સુત જેહ । આ પ્રમાણે છે

અને પુષ્પિકા આ પ્રમાણે છે : इति श्री कइवन्नानो रास संपूर्णम् । संवत १७५७ वर्षे आसो सुदि १ बुधवासरे महोपाध्याय श्री भावविजयगणि शिष्य पंडित श्री मांनविजयगणि शिष्य पंडित श्री १०८ श्री पं. मुक्तिविजयगणि शिष्य मुनि मांणिक्यविजय लिपिकृतं मुनि चतुर्विजय पठनार्थं ।। आठाइ ग्रांम ।। छ ।। छ ।। श्री रस्तु ।। कल्याणमस्तु ।। शुभंभवतु ।।

આ પ્રત સંવત - ૧૭૫૭, આસો સુદ - ૧, બુધવારે, શ્રી ભાવવિજયજી → શ્રી માંનવિજયજી → શ્રી મુક્તિવિજયજી → શ્રી માણિક્યવિજયજીએ (પોતાના શિષ્ય) ચતુર્વિજયજીના અભ્યાસ માટે આ કૃતિનું લિપિકરણ **આઠાઈ ગામમાં** કર્યું છે.

આ પ્રતમાં પુષ્પિકા પૂર્ણ થયા પછી **‘અચવંતા ઋષિની સજ્ઝાય’** આલેખાયેલી છે.

(ખ) ગ્રંથ ક્ર. - ૩૩૪, કુલ પત્ર - ૧૧, પરંતુ આ પ્રત અધૂરી છે. ૧૧ પછીના પત્ર નથી. પ્રતિ પત્ર પર ૧૩ થી ૧૪ અને કોઈક જગ્યાએ ૧૫ પંક્તિઓ પણ છે. પ્રતિ પંક્તિમાં ૩૮ થી ૪૨ જેટલા અક્ષરો છે.

પ્રતમાં વચ્ચે કોરી કુદરડી (મધ્યમકુલ્લિકા) ઈત્યાદિ કોઈ ડીઝાઈન રાખવામાં આવી નથી. કોઈ કોઈ પત્રમાં સામેના પત્રની શાહી લાગી છે. ક્યાંક અક્ષર પણ ફૂટયા છે. અક્ષરો સુવાચ્ય છે. દરેક પત્રમાં બન્ને બાજુ હાંસિયો છે, જે માત્ર અડધાથી પોણા સે.મી.નો છે. પત્ર ક્રમાંક હાંસિયામાં લખેલ છે. આ હાંસિયામાં ખૂટતી કડીઓ અને ખૂટતાં અક્ષરોનોંધાયેલા છે.

આ પ્રતની સ્થિતિ ઠીક છે. આ પ્રતના અક્ષરો મોટા અને સુવાચ્ય છે. પ્રત્યેક કડીના અંતે વિસર્ગ ચિહ્નમાં, અંક લેખનમાં તેમજ છંદ નામમાં લાલ રંગ વપરાયો છે.

પ્રતની આદિ : ।।૬૦।।નમઃ સિદ્ધં ।।દૂહા ।।પઢમં જિણેસર પાએ નમું। થી થઈ છે.

પ્રતનો અંત : તેડયો કરૂવંનો તેણિ વારો દ્રવ્ય સહીત સુંપરૂ સ્ત્રી। આ પ્રમાણે છે.

૫. શ્રી ગુણવિનયજી કૃત કયવન્ના સંધિ (સં. ૧૬૫૪)

આ કૃતિની એક જ હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે, જે **થાહરુશાહ કાગજકા હસ્તલિખિત ગ્રંથભંડાર જૈસલમેર દુર્ગ**ની છે.

ગ્રંથ ક્રમાંક - ૩૫૪, ડાભડા ક્રમાંક - ૮, પત્ર સંખ્યા - ૮. પત્રનું માપ - ૨૮ x ૧૧.૫ સે.મી. છે. પ્રતિ પત્ર ૧૪ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૫૦ થી ૫૨ અક્ષરો છે.

અક્ષરો સુંદર અને સુવાચ્ય છે, પરંતુ ક્યાંક નાના મોટા થયા છે. કોઈ કોઈ સ્થાને ખૂટતા પાઠો બન્ને બાજુના હાંસિયામાં ઉમેર્યા છે. પત્રમાં વચ્ચે ચોખંડા આકારની જગ્યા છોડી દીધી છે.

પત્રની સ્થિતિ મધ્યમ છે. પ્રત જિર્ણ થયેલી જણાય છે. આ પ્રતમાં ક્યાંય દંડ વાપર્યા નથી. વધારાના અક્ષરોને ભૂંસવા '॥' નિશાની અને પીળા રંગનો ઉપયોગ થયો છે. જેમ કે - પૃ. ૬ દી॥ ઉપચાર, પૃ. ૪ કે તાહરી, પૃ. ૨ પૈ॥ સરવરિ આદિ. અહીં 'દી', 'કે' અને 'પૈ' વધારાના અક્ષરો છે. તેની ઉપર '॥' આવી નિશાની કરી છે.

ખૂટતો પાઠ ઉમેરવા V, X આવી વિશાની કરી છે. પત્ર ૨A માં પંક્તિ ૯ અને ૧૦ માં પીળો રંગ લગાવી પાઠ ભૂંસીને તેના ઉપર સુધારીને કાળી શાહીથી ફરીથી લખ્યું છે.

આ પ્રતની વિશેષતા એ છે કે પ્રાયઃ બધે જ પદચ્છેદ સૂચક શબ્દ પરના દંડો છે.

પ્રત પ્રારંભ : ।।૬૦।। પણમિય પાસ જિણેસર પાયા।

પ્રતના અંતે : ।।ઇતિ શ્રી કયવન્નાસંધિ સમાપ્ત।।ઋષિજટ્ઠા લિખિતા।।

ઋષિજટ્ઠા નામની કોઈ વ્યક્તિ દ્વારા આ કૃતિનું લિપ્યાંતર સં. ૧૭૦૬, માઘ વદિ - ૬, રવિવારે **શ્રી ઝડાઉ ગામે** થયું છે.

૬. કલ્યાણરત્નસૂરિજી કૃત કયવન્ના શેઠની ચોપાઈ (સં. ૧૬૭૦)

આ કૃતિની એક હસ્તપ્રત **શ્રી વિજયનેમિ વિજ્ઞાન ક૦ જ્ઞાન મંદિર, શ્રી આણાસૂરગચ્છ જ્ઞાનભંડાર, સુરત** થી પ્રાપ્ત થઈ છે.

ડાભડા નં - ૧૧૬, ગ્રંથ નં - ૩૧૪, પ્રતનું માપ = ૨૭.૫ x ૧૨.૫ સે.મી. છે. પ્રતિ પત્ર ૧૩ પંક્તિઓ છે. ૪૫ થી ૪૮ અક્ષરો છે.

અક્ષરો પ્રમાણમાં મધ્યમ છે. પ્રતની સ્થિતિ નાજુક છે. પત્ર નં-૨ અને ૩ના કેટલાંક પાઠો ઉખડી ગયાં છે. પ્રતના ખૂણાઓ ખંડિત થયાં છે. પત્ર નં ૧A, ૨ ઉપર સફેદો લગાડી વધારાના અક્ષરો ભૂંસી નાખ્યા છે.

પ્રતના અક્ષરો મોટા હોવાથી પઠનમાં સુવિધા રહે છે પરંતુ ખંડિત પાઠ મેળવવો મુશ્કેલ બને છે છતાં શક્ય એટલી તકેદારી રાખી પાઠ મેળવવાનો પ્રયત્ન કર્યો છે.

પત્રના મધ્યમાં ક્રમાંક ૧A, ૧,૨A, અને ૨ માં વચ્ચે ચોખડું દોરેલું નથી પરંતુ એવા આકારમાં વચ્ચે ખાલી જગ્યા છોડી દીધી છે. આ ખાલી જગ્યામાં ચારે ખૂણે એક એક અક્ષર લખ્યો છે પરંતુ 3A, અને 3 નંબરના પૃષ્ઠ ઉપર આવી કોઈ યોજના થઈ નથી. ત્યાં સળંગ લખાણ લખ્યું છે. સંભવ છે કે આ બંને પત્રો લહિયા દ્વારા લખાયા હોય, જેને મધ્યમકુલ્લિકાની આવડત ન પણ હોય.

આ પ્રતની બન્ને બાજુ ફક્ત પોણા ઈંચનો હાંસિયો છે. જેમાં પત્ર ક્રમાંક (ડાબી બાજુના હાંસિયામાં નીચેની જગ્યાએ) લખ્યો છે અને ખૂટતા પાઠોની પૂર્તિ કરવામાં આવી છે.

આ પ્રતમાં દંડનો પ્રયોગ થયો નથી. કડી ક્રમાંક નિયમિત છે. પંક્તિનો અંતે ખાલી જગ્યા પૂરવા '/' નિશાની કરી છે.

પ્રત પ્રારંભ : ।।૬૦।। શ્રી સરસ્વત્યૈ નમઃ।। થી પ્રારંભ થયો છે.

પ્રતના અંતે : इति कयवन्ना ऋषि सज्झाय संपूर्ण।। श्री कल्याणरत्नसूरि शिष्य श्री धर्मरत्नसूरि लिखितं मुनि रामरत्न पठनार्थ ।।श्री।।

આ હસ્તપ્રત શ્રી કલ્યાણરત્નસૂરિના શિષ્ય શ્રી ધર્મરત્નસૂરિએ પોતાના ગુરુભાઈ (અથવા શિષ્ય) શ્રી રામરત્ન મુનિના અભ્યાસ માટે લખી છે. અર્થાત્ આ હસ્તપ્રત શ્રી કલ્યાણરત્નસૂરિના લખેલી હસ્તપ્રતનું લિપ્યાંતર તેમના જ શિષ્ય ધર્મરત્નસૂરિએ પોતાના શિષ્યની જ્ઞાનવૃદ્ધિ માટે લેખી છે, એવું પુષ્પિકા પરથી જણાય છે.

અહીં એવું પણ કહી શકાય કે આ હસ્તપ્રત ધર્મરત્નસૂરિએ જ લખી હોવી જોઈએ. જેમણે પોતાનું નામ 'કયવન્ના ચોપાઈ'માં ન ટાંકતાં ગુરુનું નામ જોડયું હોય. આ કવિની અન્ય હસ્તપ્રતો ન મળતી હોવાથી ચોક્કસ કહી શકાતું નથી. જો ધર્મરત્નસૂરિ એ જ 'કયવન્ના શેઠની ચોપાઈ' લખી હોય તો આ પ્રત તેમની જ હસ્તલિખિત પ્રત ગણાય છે.

૭. ગુણસાગરસૂરિ કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૬૭૬)

આ કૃતિની બે હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે. (ક) આચાર્ય શ્રી કૈલાશસાગર સૂરિ જ્ઞાન મંદિર, કોબા (ખ) શ્રી ગોડીજી જૈન જ્ઞાન ભંડાર, પાયધુની - મુંબઈ

(ક) હસ્તપ્રત ક્રમાંક - ૫૮૦૩૫, કુલ પત્ર - ૧૦, પ્રતનું માપ - ૨૨ x ૧૦ સે.મી., પ્રતિ પત્ર - ૧૪ છે. પ્રતિ પંક્તિ અક્ષરો ૪૦ થી ૪૫ છે.

કોઈ કોઈ પત્રના અક્ષરો નાના મોટા થયા છે. પત્ર ૫A ના અક્ષરો અત્યંત બાજુમાં અને બીજા પૃષ્ઠની તુલનામાં નાના છે. તે પત્ર ઉપર સોળ પંક્તિઓ આલેખાયેલી છે.

ચારે બાજુનાં હાંસિયામાં ખુટતા પાઠો ઉમેર્યા છે. આ પ્રતમાં અશુદ્ધિઓ ઘણી છે. દંડનો પ્રયોગ અનિયમિત છે. કડી ક્રમાંક પણ ક્રમસર નથી. ખૂટતા પાઠો ઉમેરવા 'X', X આવી નિશાની થઈ છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। મારુ રાગે દુહા ।।

પ્રતના અંતે : इति श्री कयवन्ना चोपाई संपूर्ण ।। संवत १७२४ वर्षे लिखितं आर्या श्री करमाजी पठनार्थं ।। श्री रस्तु ।।

આ પ્રતનું લિપિકરણ સંવત ૧૭૨૪માં શ્રી કરમાજી નામનાં કોઈ સાધ્વીજીનાં અભ્યાસ માટે કર્યું છે.

(ખ) ગ્રંથ ક્રમાંક - ૩૩૩, પ્રતનું માપ - ૨૫.૫ x ૧૧ સે.મી., કુલ પત્ર - ૮, (3A પૃષ્ઠ નથી.)

પ્રતિ પત્ર પંક્તિઓ નિયમિત લખાઈ નથી. ક્યાંક ૧૭, ક્યાંક ૧૮ તો ક્યાંક ૧૬ પંક્તિઓ અંકિત થઈ છે. આ હસ્તપ્રત અપૂર્ણ છે. કડી - ૨૮ થી પ્રારંભ થાય છે. તેના અક્ષરો નાના હોવા છતાં સુવાચ્ય છે.

આ પ્રતમાં દંડ વ્યવસ્થા નથી. કડીના અંતે થોડી જગ્યા છોડી કડી ક્રમાંક લખી આગળ લખાણ ચાલુ થયું છે. પાંચ નંબરના પૃષ્ઠ પર કડી ક્રમાંક ક્રમસર નથી. વધારાના અક્ષરો ભૂંસવા પીળા રંગનો ઉપયોગ થયો છે.

આ પ્રતના પૃષ્ઠ ૮ પર ફૂલ પાનની આકર્ષક ડિઝાઈન દોરેલી છે. જેમાં લીલો, પીળો, ગુલાબી, સફેદ અને કથ્થાઈ કલર પૂર્યો છે.

પ્રત પ્રારંભ : नंद सुसेना नामथी वेस्याई वसि आणि थी थयो छे.

પ્રતના અંતે : इति श्री कयवन्नाधिकार संपूर्ण ।। छ ।।

નોંધ : (ક) અને (ખ) બન્ને પ્રતોના પાઠ મેળવી આ ચોપાઈ તૈયાર કરી છે. (ખ) પ્રત અપૂર્ણ હોવાથી કડી નં. ૨૭ સુધી (ક)નો આધાર લીધો છે. ત્યાર પછી (ખ) પ્રતને મુખ્ય ગણી છે.)

૮. લાલવિજયજી કૃત કયવન્ના ઋષિની સજ્ઝાય (સં. ૧૬૮૦)

આ કૃતિની ત્રણે હસ્તપ્રતો શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદથી પ્રાપ્ત થઈ છે.

(ક) હસ્તપ્રત નં. - ૨૯૧૧, પ્રતનું માપ - ૨૪ x ૧૧ સે.મી., પત્ર સંખ્યા - ૩.

પ્રતિ પત્ર પર ૧૧ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૦ થી ૪૫ અક્ષરો છે. આ પ્રતના અક્ષરો મોટા, ભરાવદાર, પ્રમાણસર અને સુંદર છે.

પ્રતિ કડીના અંતે વિસર્ગ ચિહ્ન તરીકે લાલ રંગના દંડ છે. પ્રતિ પત્ર પર વચ્ચે ચોખંડું છે. જેમાં ખાલી જગ્યા છે. અન્ય પ્રતોની જેમ તે જગ્યામાં કોઈ અક્ષરો મુદ્રિત થયા નથી.

આ પ્રતની વિશેષતા એ છે કે દંડ અને ક્રમાંકની વ્યવસ્થા સુનિયમિત છે. પંક્તિ પૂર્ણ થતી હોય ત્યાં ખાલી જગ્યા પૂરવા '/' નિશાની કરેલી છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। આદિ જિનવર ધ્યાઉં ।

પ્રતના અંતે : ઇતિ શ્રી કયવન્ના ઋષિ સજ્ઝાય સમાપ્તઃ ।। છ ।। શ્રી રસ્તુ ।। શુભં ભવતુ ।।

(ખ) હસ્તપ્રત નં. - ૨૪૫૫૯, પ્રતનું માપ - ૨૨ x ૧૦ સે.મી., પત્ર સંખ્યા - ૬.

પત્ર ક્રમાંક ૪ થી કયવન્ના સજ્ઝાયની શરૂઆત થાય છે. તેની પૂર્વે **'બુધરાસ'** છે. પ્રતિ પત્રમાં ૧૧ પંક્તિ છે. પ્રતિ પંક્તિ ૪૦ થી ૪૫ અક્ષરો છે.

આ અક્ષરો ભરાવદાર અને સુવાચ્ય છે. પત્ર ક્રમાંક ૪ અને ૫ ના અક્ષરો ફૂટતાં સામેના પત્રની શાહી લાગી છે. લાલ રંગની દંડ વ્યવસ્થા છે. કડી ક્રમાંક નિયમિત છે.

પ્રત પ્રારંભ : આદિ જિનવર ધ્યાઉં । થી થઈ છે. કારણકે આ સજ્ઝાયની પૂર્વે 'બુધરાસ' પૂર્ણ થાય છે. તેના પછી તરત જ કયવન્ના સજ્ઝાય પ્રારંભ થઈ હોવાથી કવિએ મંગલાચરણ રૂપે ભલે મીંડું કર્યું નથી.

પ્રતના અંતે : ઇતિ શ્રી કયવન્ના અણગાર રાસ સંપૂર્ણમિદં । સંવત ૧૮૦૮ના કાર્તિક વદ ૯ લિખિતં । મૂળ પ્રત પરથી આ સજ્ઝાયની નકલ ૧૨૮ વર્ષ પછી થઈ છે.

અહીંપ્રતિ લેખનકારનું નામ અંકિત થયું નથી.

(ગ) હસ્તપ્રત નં - ૨૭૦૮૩, પ્રતનું માપ = ૨૪ X ૧૧, કુલ પત્ર -૨. પ્રતિ પત્ર ૧૪ પંક્તિઓ છે. પ્રતિ પત્ર પર કુલ ૧૪ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૨ થી ૪૫ અક્ષરો છે. અક્ષરો મધ્યમ કદના અને સુવાચ્ય છે.

આ પ્રતમાં દંડ વ્યવસ્થા નથી. કડી ક્રમાંકમાં નિયમિતતા નથી.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। આદિ જિનવર ધ્યાઉં થી થયો છે.

પ્રતનો અંત : ઇતિ કયવન્ના ઋષિ સજ્ઝાય સંપૂર્ણ । લિખિતંગ રામસાગર સંવત ૧૭૮૮ વર્ષે શાકે

૧૬૫૩. ચૈત્ર સુદ ૫, બૂધે વીરમગામ મધ્યેં।

આ પ્રતનું રામસાગર નામના કોઈ પંડિતે સં. ૧૭૮૮, ઈ.સ. ૧૬૫૩, ચૈત્ર સુદ-૫, બુધવારે, વીરમગામમાં લિપિકરણ કર્યું છે.

૯. વિજ(ન)યશેખર સૂરિ કૃત શ્રી કયવન્ના ચોપાઈ (સં. ૧૬૮૧)

આ કૃતિની બે હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે. (ક) આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર (ખ) શ્રી ચન્દ્રસાગર સૂરિ જ્ઞાન મંદિર, ખારાકુઆ - ઉજ્જૈન.

(ક) હસ્તપ્રત ક્રમાંક - ૧૦૯૫૭, ડાભડા ક્રમાંક - ૩૫૨ છે. પત્ર પરિમાણ ૨૨ x ૧૦ સે.મી. છે. કુલ પત્ર ૧૫ છે. પ્રતિ પત્ર ઉપર નિયત પંક્તિઓ નથી. જેમકે પ્રથમ પત્ર ઉપર ૧૪ પંક્તિ છે. પત્ર ક્રમાંક ૧૧ થી ૧૫માં પ્રતિ પત્ર ઉપર ૧૫ પંક્તિઓ આલેખાયેલી છે. પ્રતિ પંક્તિમાં ૪૨ થી ૪૫ અક્ષરો છે.

અક્ષરો નાના અને સુવાચ્ય છે. પત્ર - ૩ના અક્ષરો થોડા મોટા છે. પત્રની વચ્ચે બદામ આકારનું ચોખડું રાખ્યું છે. જેમાં જુદા જુદા ચાર અક્ષરો ભરવામાં આવ્યા છે.



પ્રતમાં એક ઈંચનો જમણી અને ડાબી બાજુ હાંસિયો છે. જેમાં વધારાનો પાઠ +, x , '\\ //' , = નિશાની કરી ઉમેરાયો છે. ૩, ૪, ૯, ૧૦A, ૧૨A, ૧૩A, ૧૩, ૧૪A, ૧૪, ૧૫A, ૧૫ સિવાય દરેક પત્ર ઉપર ખૂટતો પાઠ ઉપર, નીચે તથા જમણી કે ડાબી બાજુના હાંસિયામાં ઉમેરેલો છે.

આ પ્રતની વિશેષતા એ છે કે તેમાં કડી ક્રમાંક નિયમિત છે. દંડ વ્યવસ્થા ચોક્કસ છે અને પદચ્છેદ સૂચક નિશાની છે.

પ્રત પ્રારંભ : ।।૬૦।।ऐँ नमः ।।

પ્રતના અંતે : इति श्री कयवन्ना रिषि चउपई संपूर्ण ।।

પ્રતના અંતે પુષ્પિકામાં પ્રતિલેખન વિષે ઉલ્લેખ થયો નથી.

(ખ) આ પ્રતનો ડાભડા ક્રમાંક - ૮ છે. પ્રતનું માપ ૨૩.૫ X ૮.૫ છે. કુલ પત્ર ૧૧ છે. પ્રતિ પત્ર ઉપર ૧૫ થી ૧૭ પંક્તિઓ છે. પ્રત્યેક પંક્તિમાં ૪૮ થી ૫૨ અક્ષરો છે.

આ અક્ષરો અત્યંત ઝીણાં છે. કોઈ કોઈ પત્રમાં શાહી લાગી જવાથી અને ક્યાંક અક્ષરો કૂટયા હોવાથી પઠનમાં પાઠ ક્યાંક દુર્વાચ્ય બન્યો છે. બાકી પ્રતની સ્થિતિ સારી છે. પત્ર ક્રમાંક - ૨ ઉપર એક જગ્યાએ ખૂટતો પાઠ ઉમેરાયો છે. તે સિવાય આખી પ્રતમાં ક્યાંય પાઠ ઉમેર્યો નથી.

પ્રત પ્રારંભ : ।।૬૦।।

પ્રતના અંતે : इति दांन विषये कयवन्नारिषि चउपई संपूर्ण। सर्व गाथा ३६३ ।। लिखितं मु.।।

શુભસાગરેણ ।। શ્રી ભુજપુર મધ્યે ।। પં. સાગર શ્રી ૧૦૫ શ્રી અર્જુનજી આત્માર્થે । લેખલ પાઠક્યોઃ ચિરંજીયા ।। શ્રી ।।

શ્રી શુભસાગર નામના મહાત્માએ ભુજપુર ગામમાં પોતાના શિષ્ય અર્જુનસાગર મુનિના અભ્યાસ માટે આ પ્રત લખી છે.

શ્લોક : તૈલાદ્રક્ષ્યે જલાદ્રક્ષ્યે દ્રક્ષ્યેચ્છિથલબંધનાત્।
પરહસ્તગતાદ્રક્ષ્યેદેવં વદતિ પુસ્તિકા ।। ૧ ।।

આ પુસ્તક એમ કહે છે કે - મારૂં તેલથી રક્ષણ કરજો (પુસ્તક ચીકણું ન થાય). વળી ઢીલા બંધનથી બંધશો નહીં (વ્યવસ્થિત પેકીંગ કરવું જેથી જીવાત ન જાય) અને બીજા (મિથ્યાત્વી કે અજ્ઞાની)ના હાથમાં જાય નહીં તે રીતે રક્ષણ કરજો.

૧૦. જયરંગમુનિ કૃત કયવન્ના રાસ (સં. ૧૭૨૧)

આ મુદ્રિત કૃતિની ૨૦ હસ્તપ્રતો મળી છે. જેમાંથી ઉપયોગમાં લેવાયેલી ૫ હસ્તપ્રતની માહિતી નીચે પ્રમાણે છે.

(ક) આ હસ્તપ્રત **પુણ્યવિજયજી જ્ઞાન ભંડાર - લીંચ**ની છે. જેનો ડાભડા ક્ર. - ૧૫, ગ્રંથ ક્ર. - ૧૯૪ છે.

આ પ્રતના કુલ ૨૩ પત્રો છે. પ્રતિ પત્ર પર ૧૪ પંક્તિઓ છે. પત્ર નં. - ૨૨ અને ૨૩માં અનુક્રમે ૧૨ અને ૧૧ પંક્તિઓ આલેખાયેલી છે. પ્રતિ પંક્તિમાં ૪૦ થી ૪૫ અક્ષરો છે.

અક્ષરો મોટા અને સુવાચ્ય છે. પ્રતની સ્થિતિ સારી છે. લખાણ અત્યંત સુઘડ અને સ્વચ્છ છે. કોઈ કોઈ પત્રમાં સામેના પત્રની શાહી લાગી છે. ક્યાંક અક્ષરો કૂટયા પણ છે.

દરેક પત્રમાં બન્ને બાજુ દોઢ ઈંચ જેટલો હાંસિયો છે. આ હાંસિયામાં ખૂટતો પાઠ ડાબી બાજુ ‘ ’ (કાકપદ) આવી નિશાની કરી લખાયો છે. વધારાના અક્ષરો ભૂંસવા સફેદો લગાડેલો છે.

પ્રતની આદિ : ।। ૬૦ ।। શ્રી ગુરુભ્યો નમઃ ।। થી થઈ છે.

પ્રતના અંતે : ઇતિ શ્રી કયવન્ના રાસ સંપૂર્ણ । સંવત્ ૧૭૮૨ માસ, ભાદ્રવા સુ. ૧૩ દિને, ત્રતીઅ પ્રહરે લિપિકૃતં, પંડિત શ્રી ૧૦૮ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી લાલવિજયજી શિષ્ય પં. શ્રી સુમતિવિજયજી તત્શિષ્ય મુ. ગૌતમવિજય લિપિકૃતં । શ્રી રસ્તૂ ।।

આ હસ્તપ્રતનું લિપિકરણ મુનિ ગૌતમવિજયજીએ કર્યું છે. જે પંડિત શ્રી લાલવિજયજી → પંડિત શ્રી સુમતિ વિજયજીના શિષ્ય છે.

આ હસ્તપ્રત મૂળ હસ્તપ્રત પરથી ૬૧ વર્ષ પછી નકલ થઈ છે.

(ખ) આ પ્રત શ્રી **મહાવીર જૈન વિદ્યાલય પુસ્તકાલય - મુંબઈ**થી મળી છે. જેનો ડાભડા નં. ૫૧૪, પત્ર સંખ્યા - ૧૮, પ્રતિ પત્રમાં ૧૭ પંક્તિઓ છે. અંતિમ પૃષ્ઠ પર પાંચ પંક્તિઓ છે.

આ પ્રતના અક્ષરો મધ્યમ કદના છે. પ્રત વાંચવામાં અત્યંત સુગમ છે. પ્રતની બંને બાજુ ૧ ઇંચનો હાંસિયો છે. પ્રત્યેક કડીના અંતે લાલ દંડ છે. ખૂટતા અક્ષરો એક, બે પૃષ્ઠ ઉપર ડાબી બાજુનાં હાંસિયામાં ઉમેર્યા છે. પત્રાંક પણ પત્રની ડાબી બાજુના હાંસિયામાં છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। શ્રી ગણેશાય નમઃ ।।

પ્રતના અંતે : इति श्री केयवन्नना चोपाई दानाधिकारे रास संपूर्ण। शुभं भवतु ।। संवत १८१८ वर्ष चैत्रवदि २ लिखितं श्री कछदेसे कांठी पथके श्री आसंबीया मध्ये लिखितं श्री रस्तू ।। कल्याणमस्तु ।। सकल पंडित शिरोमणि श्री पं. श्री श्री श्री श्री श्री श्री श्री प्रीतसागरजी तत् शिष्य मुनि श्री पं. श्री विवेक सागरजी तत् शिष्य मु. रंगसागर भाई चारित्रसागरेण सहिते लिखितं।

त्यार पछी लहियाओ पोताने अभण गणावतां नीचे प्रमाणे श्लोक लखेलो छे.

याद्दशं पुस्तकं द्रष्टं, ताद्दशं लिखितं मया।
यदि शुद्धमसुद्धं वा मम दोषो न दीयते ।। १।।

(અર્થ : અમે તો અભણ છીએ એટલે જેવું અમે પુસ્તક આવ્યું તેવી તેની જ નકલ કરી છે. ક્યાંય ભૂલ હોય તો પંડિતોએ કોપ ન કરતાં સુધારી લેવી.

આ ઉલ્લેખ અનુસાર પ્રતલેખન સં. ૧૮૧૮, ચૈત્ર વદ - ૨, કચ્છ દેશના, કંઠી તાલુકાના, આસંબીયા ગામમાં થયું છે. આ પ્રત લેખનનું કાર્ય **શ્રી મુનિ રંગસાગર** અને તેમના ભાઈ **શ્રી ચારિત્રસાગર મુનિ**એ સાથે મળીને કર્યું છે.

(ગ) આ હસ્તપ્રત **શ્રી લાવણ્યવિજયજી જૈન જ્ઞાન ભંડાર, અખી દોશીની પોળ - રાધનપુર**થી પ્રાપ્ત થઈ છે. પ્રતનો ડાભડા નં. ૨૮, પ્રતિ નં. - ૧૩૦૭, પત્ર સંખ્યા - ૩૩ છે.

પ્રતની સ્થિતિ મધ્યમ છે. પ્રતના ખૂણાઓ ખવાઈ ગયા છે. અક્ષરો મોટા અને ભરાવદાર છે. પ્રતિ પ્રત પર ૧૧ અથવા ૧૨ પંક્તિઓ છે. અક્ષરો છૂટાં છૂટાં હોવાથી વાંચવામાં સુગમતા પડે છે.

પ્રતની બન્ને બાજુ ૧ ઇંચનો હાંસિયો છે. હાંસિયાના પ્રારંભમાં બન્ને બાજુ ૩ લીટીઓ દોરેલી છે. હાંસિયામાં ડાબી બાજુ પ્રત ક્રમાંક છે. ખૂટતા પાઠો હાંસિયામાં ઉમેર્યા છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। શ્રી અંબિકાય નમઃ

પ્રતના અંતે : ईति श्री कयवन्ना चोपाई संपूर्ण सं. १८४२ वर्षे फागुण सुद ८।

(ઘ) આ હસ્તપ્રત **લાલબાગ આચાર્ય દેવવિજયદાન સૂરીશ્વરજી શાસ્ત્ર સંગ્રહ - મુંબઈ**થી પ્રાપ્ત થઈ છે. ગ્રંથ ક્રમાંક - ૨૫૫, પત્ર સંખ્યા - ૮૦.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। સ્વસ્તિ શ્રી સુખ સંપદા, દાયક અરિહંત દેવ।

પ્રતના અંતે : કહે જિન હરષ તુમે સાંભલો રે, હિયડે આણિ મુજ વાણ।।

(ક) આ પ્રત **શ્રી આણાસૂર ગચ્છ જ્ઞાન ભંડાર - સુરત**થી પ્રાપ્ત થઈ છે. આ હસ્તપ્રતના ડાભડા નં. અંકિત નથી. પત્ર સંખ્યા - ૨૨ છે.

પ્રતની સ્થિતિ નાજુક છે, પ્રત ચારે બાજુથી ખવાઈ ગઈ છે. આખી પ્રત પાણીથી ભીંજાઈ ગઈ હોય તેવું જણાય છે. તેથી ઘણી જગ્યાએ શાહી ઢળી ગઈ છે. પત્ર - ૧૯A માં કોરના પાઠ ખરી ગયા છે. પત્ર ૬A, ૧૯, ૨૦, ૨૧ ના પાઠ પાણીથી ભીંજાયેલા હોવાથી ભણવામાં ક્લિષ્ટ છે.

કુલ પત્ર ૨૨ છે. પ્રતિ પત્ર ઉપર ૧૪ થી ૧૫ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૨ થી ૪૫ અક્ષરો છે. પ્રતના અક્ષરો છૂટાં છૂટાં, મધ્યમ અને ભરાવદાર છે. ઉપરોક્ત પૃષ્ઠોને છોડીને બાકીના બધા જ પાઠો સુગમ હોવાથી અભ્યાસમાં ઉપયોગ કર્યો છે. દંડ વ્યવસ્થા નિયમિત રાખેલી છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। દૂહા ।। પૂજ્ય પૂજા દયા દાનં।

પ્રતના અંતે : ઇતિ શ્રી કયવન્ના ચોપાઈ દાનં વિષએ સંપૂર્ણ ભવતુ। સંવત ૧૭૭૩ વર્ષે માગસિર સુદિ ૧૪ શનૌ લખીતં। આ હસ્તપ્રતનું લિપિકરણ મૂળ હસ્તપ્રત ઉપરથી બાવન વર્ષે થયું છે.

આ ઉપરાંત વિવિધ ગ્રંથ ભંડારોમાંથી કેટલીક હસ્તપ્રતો ઉપલબ્ધ છે. તેની નોંધ નીચે પ્રમાણે છે; જેનો અભ્યાસમાં ઉપયોગ કર્યો નથી.

(૧) લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ.

ગ્રંથ ક્રમાંક - ૨૧૩૨, પત્ર સંખ્યા - ૨૦.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। શ્રી ગુરુભ્યો નમઃ ।।

પ્રતના અંતે : ઇતિ શ્રી દાનવિષયે કયવન્ના રિષિરાય રાસ સંપૂર્ણ તામગમત્ ।। શ્રી રાજ નગર ।। સંવત ૧૭૬૩ વર્ષે, જ્યેષ્ઠ વદિ ૭ બુધે ગુજરાતી ।। લિખિત પંડિત જયકલસ મુનિના પં. ક્ષીમચંદ્સહાયેન ।। શ્રી રસ્તુ ।।

મૂળ પ્રત પરથી ૪૨ વર્ષ પછી સંવત ૧૭૬૩, જેઠ વદ - ૭, બુધવારે, ગુજરાતમાં શ્રી જયકલશમુનિ વડે પોતાના શિષ્ય શ્રી ક્ષીમચંદ્રમુનિની સહાયતાથી આ કૃતિ નું લિપિકરણ થયું છે. આ હસ્તપ્રત પાછળથી મળી હોવાથી તેનો વિશેષ ઉપયોગ કર્યો નથી.

(૨) પુણ્યવિજયજી જ્ઞાનભંડાર - લીંચ.

ડાભડા ક્રમાંક - ૧૦, ગ્રંથ ક્રમાંક - ૮૧, પત્ર સંખ્યા - ૨૧

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। શ્રી સરશ્વત્યૈ નમઃ ।।

પ્રતના અંતે : સંવત ૧૭૮૮, માગસર વદ - ૪, સોમવારે, પુષ્પ નક્ષત્રમાં, બીજા પ્રહરે લિપ્યાંતર થયું છે. શ્રી લાલવિજયજી → શ્રી ઋદ્ધિ વિજયજી → શ્રી હસ્તિવિજયજીએ માતા શારદાની કૃપાથી વાસણા ગામમાં લિપિકરણ કર્યું છે.

(૩) આ હસ્તપ્રતમાં **ગ્રંથ ભંડારનો ઉલ્લેખ થયો નથી.**

ડાભડા ક્રમાંક - ૯૧, ગ્રંથ ક્રમાંક - ૪૪૯૨, પત્ર સંખ્યા - ૧૭

પત્ર નં. ૮ અને ૧૩. આ બે પત્ર કોરા છે. આખી પ્રતમાં અક્ષરો નાના મોટા થઈ ગયા છે. શ્રી જયરંગમુનિ પછી લગભગ ૪૫ વર્ષે લખાયેલી હોવા છતાં, વાચવામાં કલિષ્ટ હોવાથી અભ્યાસમાં તેનો ઉપયોગ કર્યો નથી.

(૪) આ પ્રત પર ગ્રંથ ભંડારનું નામ અંકિત થયું નથી.

ડાભડા ક્રમાંક - ૨૫, ગ્રંથ ક્રમાંક - ૫૧૫, પત્ર સંખ્યા - ૨૨.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। દૂહા ।। પૂજ્ય પૂજા દયા દાનં।

પ્રતના અંતે : ઇતિ શ્રી કયવન્ના ચોપાઈ દાનવિષયે સંપુર્ણ। સંવત ૧૮૦૭ ના વર્ષે મહા વદ ૧૩ દિને શ્રી નવાનગર મધ્યે શ્રી આદિનાથ પ્રાસાદાત્ પં. ઉત્તમવિજય લપિ એકે શુભં ભવતુ ।કલ્યાણમસ્તુ ।।

(૫) શ્રી મહાવીર જૈન વિદ્યાલય પુસ્તકાલય - મુંબઈ

ગ્રંથ ક્રમાંક - ૧૫૦, પત્ર સંખ્યા - ૧૯.

આ પ્રતના અંતે પુષ્પિકા અનુસાર આ પ્રતનું લિપ્યાંતર અંચલગચ્છના શ્રી હર્ષગણીજી મ.એ કાંડાગરા ગામમાં કર્યું છે. તેની સંવત નોંધાયેલી નથી.

(૬) શ્રી લાવણ્યવિયજી જૈન જ્ઞાન ભંડાર - રાધનપુર.

ડાભડા ક્રમાંક - ૨૮, ગ્રંથ ક્રમાંક - ૧૩૦૭૮, પત્ર સંખ્યા - ૧૦. આ હસ્તપ્રત અપૂર્ણ છે.

(૭) શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર - અમદાવાદ.

ગ્રંથ ક્રમાંક - ૩૮૬૬, પત્ર સંખ્યા - ૨૭. પ્રતિલેખન સંવત આપી નથી.

(૮) લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ.

ગ્રંથ ક્રમાંક - ૧૮૧૧૭, પત્ર સંખ્યા - ૨૯, પ્રતનું લિપિકરણ - સંવત ૧૮૧૩, જેઠ વદ - ૧૦ના લાલજી નામના કોઇ લહિયાએ કર્યું છે.

(૯) શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાન ભંડાર - લીંબડી. ડાભડા ક્રમાંક ૧૦૭, ગ્રંથ ક્રમાંક - ૨૬૭૪.

આ હસ્તપ્રત અપૂર્ણ છે. કડી નં. ૧૨ થી શરૂ થાય છે.

પ્રત પ્રારંભ : સખરો જાયો રે તેજેં કરી તનું ઝલકતો...

પ્રતના અંતે : ઇતિ શ્રી કયવન્ના ચોપાઈ સંપૂર્ણ ।। સંવત ૧૮૪૬ આસો વદિ ૭ વાર રવૌ, શ્રી લીંબડી મધ્યે પૂજ્ય ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રી શ્રી અમરસાગર સૂરીશ્વરજી તત્ શિષ્ય મુનિ સુંદરસાગરજી તત્ શિષ્ય પંડિત વિમલસાગરજી તત્ શિષ્ય મુનિ હસ્તિસાગરજી ગણિ યોગ્ય તત્ શિષ્ય મુનિ લિખિતં મુનિ ललितसાગરેણ વાંચનાર્થં ।। શ્રી ।। છ ।। શ્રી અંચલગચ્છેશઃ ।। શ્રી કલ્યાણમસ્તુ।।

આ પ્રતનું સં. ૧૮૪૬, આસો વદ ૭, રવિવારે લીંબડીમાં થયું છે. અંચલગચ્છના આચાર્ય પ્રવર શ્રી અમરસાગરજી → શ્રી સુંદરસાગરજી → શ્રી વિમલસાગરજી → શ્રી હસ્તિસાગરજીએ પોતાના શિષ્ય ललितસાગર મુનિના વાચનાર્થે લખી છે.

(૧૦) શ્રી વિજયગચ્છ જ્ઞાનભંડાર - રાધનપુર.

ડાભડા ક્રમાંક - ૩૭, ગ્રંથ ક્રમાંક - ૮૫૧, પત્ર સંખ્યા - ૨૨, લિપિકરણ - સંવત ૧૭૬૫, જેઠ વદ - ૭, શ્રી ધનવિજયજી ગણિવરે પોતાના ગુરૂની પ્રેરણાથી લખી છે. આ હસ્તપ્રત મૂળ પ્રત પરથી ૪૪

વર્ષ પછી નકલ થઈ છે.

(૧૧) શ્રી માંગરોળ શ્વેતાંબર તપગચ્છ જૈન જ્ઞાન ભંડાર - માંગરોળ

ડાભડા ક્રમાંક - ૨૩૭, ગ્રંથ ક્રમાંક - ૬૭૪, પત્ર સંખ્યા - ૧૭.

(૧૨) લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ.

ડાભડા ક્રમાંક - ૯, ગ્રંથ ક્રમાંક - ૩૨૨૧૮, પત્ર સંખ્યા - ૧૦

(૧૩) લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ.

ગ્રંથ ક્રમાંક - ૬૦૧૩, પત્ર સંખ્યા - 3 થી ૨૪ (પ્રથમના બે પત્ર નથી.)

(૧૪) લોકાગચ્છ કાગજ હસ્તલિખિત ગ્રંથભંડાર - જેસલમેર

ડાભડા ક્રમાંક - ૧૩, ગ્રંથ ક્રમાંક - ૫૦૯, પત્ર સંખ્યા - ૦૮ (૧૧ થી ૧૮). આ પ્રત અપૂર્ણ છે.

(૧૫) શ્રી આણાસૂરિ ગચ્છ જ્ઞાનભંડાર - સુરત.

ગ્રંથ ક્રમાંક - ૨૦૬, પત્ર સંખ્યા - ૨૪ (પત્ર નં. ૫ નથી.)

પુષ્પિકા અનુસાર પ્રતનું લિપિકરણ : સં. ૧૮૩૦, કારતક સુદ - ૭, શુક્રવારે થયું છે.

૧૧. દીપ્તિવિજયજી કૃત કયવન્ના રાસ (સં. ૧૭૩૫)

આ કૃતિની ચાર પ્રતો (ક) શ્રી નેમિ વિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર - સૂરત, (ખ) શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર - કોબા, (ગ) શ્રી વિજ્ઞાન કસ્તૂર જ્ઞાનભંડાર - સૂરત, (ઘ)શ્રી નેમિ વિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર - સૂરતથી પ્રાપ્ત થઈ છે.

(ક) ડા.ક્ર. ૬૬૦ છે. હસ્તપ્રતનું માપ ૨૬.૫ સે.મી. X ૧૨ સે.મી. છે. પ્રતની સ્થિતિ સારી છે.

કુલ ૧૩ પત્ર છે. પ્રત્યેક પત્ર પર ૧૪ પંક્તિઓ છે. પ્રત્યેક પંક્તિમાં ૪૨ થી ૪૫ અક્ષરો છે.

આ પ્રતના અક્ષરો મધ્યમ કદના, સુવાચ્ય છે. બન્ને બાજુ ૧ ઈંચનો હાંસિયો છે. ડાબી બાજુના હાંસિયામાં પત્ર ક્રમાંક છે.

આ પ્રતની વિશેષતા એ છે કે તેમાં કોઈ પણ જગ્યાએ ખૂટતો પાઠ હાંસિયામાં લખાયો નથી. અર્થાત્ આ પ્રત પૂરી સાવધાનીથી લખાઈ છે. આ પ્રત પાછળથી મળી છે, પરંતુ તેનો અભ્યાસમાં ઉપયોગ કર્યો છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। દુહા ।। બ્રહ્મસુતા બ્રહ્મવાદિ ।

પ્રતના અંતે : ઇતિ શ્રી સૌભાગ્યોપરિ નવરસ મિશ્રીત । શ્રી કયવન્ના સોભાગીનો રાસ ચૌપૈ સંપૂર્ણ। ગ્રંથાગ્રંથ ૫૮૦ ।। સંવત ૧૮૭૭ વર્ષે આશ્વીન માસે કૃષ્ણ ૮મી તિથૌ રવીવારસે લિપિં। કુંઅર કુશલગ શીષ્ય વિનયકુસલ વાંચનાર્થ। શ્રી જિર્ણદૂર્ગનગરે શ્રી નેમી પ્રશાદાત્ શ્રી વિરપ્રશાદાવ ।। શ્રી રસ્તુઃ ।। શ્રી ।।

સં. ૧૮૭૭, આસો વદ - ૮, રવિવારે, શ્રી કુંવરકુશલજી નામના મહાત્માજીએ પોતાના શિષ્ય

વિનયકુશલજીના અભ્યાસ માટે જૂના (જિર્ણ) દુર્ગનગરમાં લિપ્યાંતર કરી છે.

(ખ) હસ્તપ્રત ક્રમાંક ૨૭૦૩૭ છે. કુલ પત્ર ૨૦ છે. પ્રતનું માપ ૨૧ x ૧૧.૫ સે.મી. છે. પ્રતિ પત્ર પર ૧૧ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૨ થી ૪૫ અક્ષરો છે.

પ્રતના અક્ષરો મોટા અને ભરાવદાર છે. અક્ષરો છૂટાં છૂટાં અને મોટા હોવાથી સુવાચ્ય છે. ઘણા સ્થળોએ પદચ્છેદ સૂચક નિશાની (શબ્દ પૂરો થાય ત્યાં ઉપરની બાજુએ નાનો દંડ) છે.

અંકો, ઢાળની દેશીઓ, ગાથા તથા શ્લોક વગેરેમાં લાલ રંગ વપરાયો છે. દંડ વ્યવસ્થા નિયમિત છે, તેમાં લાલ રંગ છે. ખૂટતા પાઠ કે અક્ષરો ઉમેરવા 'X' આવી નિશાની કરી હાંસિયામાં ઉમેર્યા છે. જેમકે 3A માં દૂહા શબ્દ જમણી બાજુના હાંસિયામાં લખાયો છે. પત્ર ૧૨ ઉપર સેચન (ક) અને (કા) એવા જ શબ્દ ઉપરના હાંસિયામાં લખાયા છે.

આ પ્રતની વિશેષતા એ છે કે તેના બન્ને બાજુના ૧ ઇંચના હાંસિયામાં પત્ર ક્રમાંક લખાયો છે. ડાબી બાજુના હાંસિયામાં ક્રમસર પત્ર સંખ્યા જોવા મળે છે જ્યારે જમણી બાજુના હાંસિયામાં દરેક પત્ર ઉપર ફક્ત એક નંબર લખાયો છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। શ્રી ગુરુભ્યો નમઃ ।। દૂહા ।। બ્રહ્મસુતા બ્રહ્મવાદિની ।।

પ્રતના અંતે : ઇતિ શ્રી નવરસ મિશ્રિત કયવન્ના રાસ સંપૂર્ણ । લેખ પાઠક્યા શુભં ભવતુ। સકલ પંડિત શિરોરત્નાય માન પંડિત શ્રી ૧૦૮ શ્રી શ્રી દર્શનવિજયગણિ તત્ શિષ્ય શ્રી પંડિત શ્રી શ્રી ૧૦૮ શ્રી શ્રી પ્રીતિવિજયગણિ તત્ શિષ્ય પંડિત શ્રી ૧૦૦૮ શ્રી શ્રી શ્રી વિનીતવિજયગણિ તત્ ચરણરજ રેણુ સમાન પં. બુધિવિજયગણિ તત્ શિષ્ય મીઠાચંદ લિપિકૃતં। સંવત ૧૮૨૩ ના વર્ષે જેષ્ઠ માસે કૃષ્ણ પક્ષ્યે ત્રતીયાંઅમ્ બુધવાસરે લિખિતં સ્વય પઠનાર્થં પરોપકારાય ।। શ્રી રસ્તુ ।। કલ્યાણમસ્તુ ।। શ્રી ।। શ્રી ।।

આ કૃતિનું લિપિકરણ પંડિતરત્ન શ્રી દર્શનવિજય ગણિવર → શ્રી પંડિત વિજય ગણિવર → પંડિત શ્રી વિનીતવિજય ગણિવર → પંડિત શ્રી બુદ્ધિવિજય ગણિવર → શ્રી પંડિત મીઠાચંદજીએ સં. ૧૮૨૩, જેઠ વદ ત્રીજ, બુધવારે, પોતાના અને બીજાના અભ્યાસ માટે કર્યું છે.

(ગ) ડાભડા ક્રમાંક અને પ્રત ક્રમાંકનો ઉલ્લેખ નથી. પ્રતનું માપ ૨૬ x ૧૧ સે.મી. છે. કુલ ૧૫ પત્ર છે. 1A પર ૧૧ પંક્તિઓ છે. બાકીના પત્ર ઉપર ૧૩ અને ૧૫માં પત્ર ઉપર ૧૪ પંક્તિઓ છે.

પ્રથમના પત્ર ઉપર અક્ષરો થોડા મોટા અને છૂટાં છૂટાં છે. પરંતુ પત્ર નં. 3 થી અક્ષરો થોડા નાના અને બાજુ બાજુમાં છે. વળી, ચારે બાજુના હાંસિયામાં ઉપર, નીચે ખૂટતા પાઠો લખાયા છે. આ પાઠો માટે +, v , x , // \\ , = આવી નિશાનીઓ થઈ છે.

આ પ્રતની એક વિશેષતા એ છે કે પ્રથમ તેમાં **દશપચ્ચખાણની સજ્ઝાય** છે. વળી, તેમાં ઘણાં પાઠો પાછળથી ઉમેરાયા હોવા જોઈએ તેથી ખૂટતા પાઠો ખાલી જગયામાં લગભગ દરેક પૃષ્ઠ ઉપર લખાયેલા છે. આ પાઠોના શબ્દો પ્રમાણમાં ઘણાં નાના અને ગીચ હોવાથી ઉકેલવા અત્યંત કઠિન છે.

આ પ્રત પાણીથી ભીંજાયેલી હોય તેવું પણ જણાય છે. જેના કારણે કેટલાક અક્ષરો ઝાખાં થતાં વાંચવામાં ઘણી તકલીફ પડે છે. કેટલાક પાઠો ભૂંસાઈ ગયા છે. પ્રમાણમાં પ્રતની સ્થિતિ નાજુક છે.

દંડ, ઢાળ અને કડી ક્રમાંકમાં લાલ રંગ વપરાયો છે, પરંતુ આ પ્રતનું ફરીથી સમારકામ થયેલું હોય તેવું જણાય છે. નીચે લાલ અક્ષર છે તેના ઉપર કાળી શાહીથી પુનઃ નંબરો અને દેશીઓ લખાયેલી છે. તે સમયે વધારાના પાઠો ઉમેરાયા હોવા જોઈએ.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। ब्रह्मसुता ब्रह्मवादिनी

પ્રતના અંતે : પુષ્પિકા અનુસાર આ પ્રતનું લિપિકરણ ખંભાત બંદરે વાચક પ્રેમચંદ્ર નામના કોઈ મહાત્મા દ્વારા થયું છે.

(ઘ) આ પ્રત અપૂર્ણ છે.

પ્રતનું માપ ૨૫ x ૧૧.૫ સે.મી. છે. કુલ ૨૬ પત્ર છે. પત્ર ક્રમાંક ૭ થી પ્રારંભ થાય છે. અક્ષરો છૂટા અને સુવાચ્ય છે. પ્રતની સ્થિતિ સારી છે. ખૂણાઓ ખવાઈ ગયા છે.

દંડ વ્યવસ્થા નિયમિત છે. દંડ, ગાથા, ઢાળ, દેશી ઈત્યાદિમાં લાલ રંગનો નિયમિત પ્રયોગ થયો છે. ખૂટતો પાઠ ઉમેરવાની પ્રાયઃ જરૂર પડી નથી.

પ્રતમાં વચ્ચે ચતુષ્કોણ (મધ્યમકુલ્લિકા) જેવી ડીઝાઈન કરેલી છે. આ ચતુષ્કોણમાં ચારે ખૂણે એક એક અક્ષર લખી વચ્ચેની જગ્યા કોરી (ખાલી) રાખેલી છે. આ પ્રતના અંતિમ પૃષ્ઠ ઉપર ફૂલ પાનની સુંદર ડીઝાઈન કરવામાં આવી છે. જેમાં લાલ, લીલો અને પીળો જેવા પ્રાકૃતિક રંગ પૂરવામાં આવ્યો છે. પ્રતિલેખન સાલનો ઉલ્લેખ થયો નથી.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। न पविई भमर चरीयाइं ।। ८३ ।।

પ્રતના અંતે : इति श्री सौभाग्यो परि नवरस मिश्रित कयवन्ना रासः संपूर्णः ।।

૧૨. શ્રી મલયચંદ્રજી કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૮૬૯)

આ પ્રતની એક નકલ **શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કોબા - અમદાવાદ**થી પ્રાપ્ત થઈ છે.

હસ્તપ્રત ક્રમાંક - ૫૨૧૭૯, કુલ પત્ર - ૪, પ્રતનું માપ - ૨૪ x ૧૨. પ્રતિ પત્ર ઉપર ૧૮ પંક્તિઓ છે. અક્ષરો મધ્યમ કદના, સુવાચ્ય છે.

પ્રતની બન્ને બાજુ હાંસિયા છે. જમણી બાજુના હાંસિયામાં ઉપરની બાજુએ 'કયવન્ના શેઠની ચોપાઈ' અને ડાબી બાજુના હાંસિયામાં પત્ર ક્રમાંક આલેખાયો છે. પંક્તિ પૂર્ણ થાય ત્યાં ખાલી જગ્યા પૂરવા '/' આવી નિશાની કરી છે.

આ પ્રતમાં દંડનો પ્રયોગ થયો નથી. કડી પૂર્ણ થતાં થોડી જગ્યા છોડી કડી ક્રમાંક લખી પુનઃ આગળ લખવાની શરૂઆત થઈ છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। ऐं नमः ।। सिद्धः ।।

પ્રતના અંતે : इति श्री कयवन्ना चउपई संपूर्ण ।। संवत १८६९ ना वर्ष मागसीर साले कृष्ण पक्षै तिथौ दीने सडाऊ ग्रामें लिखितं ऋषी श्री ७ जसराजजी स्वांमी तत् शिष्य लिपीकृतं ऋषी ७ नथुजी पठनार्थं ।। शुभंभवतु ।। कल्याणमस्तु ।।

સં. ૧૮૬૯, માગસર વદ અમાસના દિવસે **સડાઉ ગામમાં** શ્રી જસરાજજી સ્વામીએ તેમના શિષ્ય નથુજીસ્વામીએ અભ્યાસ માટે લિપ્યાંતર કર્યું છે.

૧૩. ફતેહચંદજી કૃત કયવન્ના ચોઢાળિયું (સં. ૧૮૮૧)

આ કૃતિની (ક) અને (ખ) એમ બે હસ્તપ્રત આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા-અમદાવાદથી મળી છે.

(ક) હસ્તપ્રત નં - ૧૫૮૧૫, પ્રતનું માપ - ૨૪.૫ x ૧૧ સે.મી., કુલ પત્ર - ૫. (1A થી 3A) પ્રતિ પત્ર ક્ર. ૧૭ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૮ થી ૫૨ અક્ષરો છે.

અક્ષરો નાના હોવા છતાં સુવાચ્ય છે, પત્ર ક્રમાંક - ૨ અને 3A પર ૧૬મી પંક્તિમાં અક્ષરો ભૂંસાઈ ગયા છે. ક્યાંક શાહી ફૂટી છે. એકંદરે પ્રતની સ્થિતિ સારી છૈ. વધારાના અક્ષરો કાઢવા અક્ષર ઉપર ।।। આવી નિશાની કરવામાં આવી છે. જેમ કે પત્ર નં - ૧ સબલ अकाॅन्याय अकाज, ૨A हु इॅवो; પત્ર નં ૩A विरॅचर तव।

આ પ્રતમાં લાલ રંગથી વિસર્ગ ચિન્હની જગ્યાએ દંડ થયો છે. કડી ક્રમાંક સળંગ નથી . પ્રત્યેક દૂહા અને ઢાળમાં પોતપોતાના અલગ અલગ ક્રમાંક છે.

આ ચોઢાળિયું **'ધન્ના ચારિત્ર'**ની અંતર્ગત છે. એવો ઉલ્લેખ અંતે થયો છે. આચાર્ય ઈન્દ્ર ભાંણજીની કૃપાથી તેમના શિષ્ય ફતેહચંદે સં. ૧૮૮૧માં, પોષ વદ ૧૧ ના 'કયવન્ના ચોઢાળિયા'ની રચના કરી છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। પાર્શ્વનાથ પ્રણમી કરી। થી થયો છે.

પ્રતના અંતે : આચાર્ય ઇંદ્રભાંણજી રે। તાસ પ્રશાદ વણાય। સંવત અઢારે ઇક્યાસી રે। પોહ વદ ગ્યારસ સુહાય ।। સુ.૨૭ ।। इति श्री कयवन्नेरो चोढालो संपूर्णम् ।।

આ ચોઢાળિયું પૂર્ણ થયા પછી તરત જ શાલિભદ્રના પૂર્વભવની કથા પ્રારંભ થાય છે, તેથી પ્રતિલેખન અંગેની માહિતી પ્રાપ્ત થતી નથી.

(ખ) હસ્તપ્રત નં - ૬૮૨૧૭. હસ્તપ્રતનું માપ - ૨૧.૫ X ૧૦ સે.મી. (આ પ્રતની હુંડીમાં 'કયવન્ના શ્રેષ્ઠીની ચોપાઈ' એવો ઉલ્લેખ થયો છે.)

આ પ્રત ૧A થી ૮A એમ સાત પત્રની છે. તેમાં ૧A થી ૪A સુધી વંકચૂલ ચોપાઈ છે. ૪A થી ૭A માં કયવન્ના શ્રેષ્ઠીની ચોપાઈનો વિસ્તાર થયો છે.

પ્રતિ પત્ર ઉપર ૧૭ પંક્તિ છે. પ્રતિ પંક્તિ ૪૦ થી ૪૫ અક્ષરો છે. અક્ષરો મધ્યમ કદના અને સુવાચ્ય છે.

પ્રતની બન્ને બાજુએ ૧ ઇંચનો હાંસિયો છે. ખાલી જગ્યામાં ખૂટતો પાઠ ઉમેર્યો છે. ૪A અને ૫ નંબરના પૃષ્ઠ પર ડાબી બાજુની ખાલી જગ્યામાં ખૂટતો પાઠ નોંધેલ છે. ડાબી બાજુના હાંસિયામાં પત્ર ક્રમાંક છે.

આ પ્રતમાં દંડમાં લાલરંગનો ઉપયોગ થયો છે. દંડના સ્થાને લાલ રંગ ઝાંખો થવાથી ક્યાંક દંડ ન કર્યો હોય તેવું પણ પ્રતીત થાય છે.

પ્રત પ્રારંભ : ।। ૬૦ ।। પાર્શ્વનાથ પ્રણમી કરી।

પ્રતના અંતે : ઇતિ શ્રી કયવન્નારો ચોઢાલ્યો સમાપ્તમ્ ।।૧।।શ્રી।।શ્રી।।

પુષ્પિકામાં આ પ્રતની પ્રતિલેખન વિષયક કોઈ માહિતી નથી.

૧૪. ગંગારામજી કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૯૨૧)

આ કૃતિની ત્રણ હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે. ત્રણે હસ્તપ્રત આચાર્યશ્રી કૈલાશસાગરસૂરિ જ્ઞાનમંદિર કોબા-અમદાવાદથી મળી છે.

(ક) હસ્તપ્રત નં.-૩૨૫૦, પ્રતનું માપ = ૨૫ X ૧૨ સે.મી. છે. કુલ પત્ર - ૧૩ છે. પ્રતિ પત્ર ૧૭ અક્ષર છે.

અક્ષરો કદમાં નાના છે પરંતુ સુવાચ્ય છે. પ્રતની સ્થિતિ સારી છે. આ પ્રતમાં દંડમાં લાલરંગ વાપર્યો છે. આ ઉપરાંત ભલેમીંડુ, કડી ક્રમાંક, ઢાળ, દેશી, દૂહા અને ચોપાઈ લાલ રંગથી લખાયા છે.

પ્રતની બન્ને બાજુ દોઢ ઇંચ જેટલો હાંસિયો છે. ડાબી બાજુ પત્ર ક્રમાંક છે. આ પત્ર ક્રમાંક વિવિધ ચિત્રો દોરી વચ્ચે લખ્યો છે. જેમ કે પત્ર નં-૨માં વૃક્ષની નીચે ચોરસ દોરી તેમાં પાના નંબર લખ્યા છે. વળી જમણી બાજુના હાંસિયામાં પૃષ્ઠ બે ઉપર ઝુડાના આકારનું ચિત્ર દોરી તેમાં પૃષ્ઠ ક્રમાંક લખ્યો છે.

પૃ.-૮A ઉપર કડી ક્રમાંક ક્રમસર નથી. પત્ર - ૯ ઉપર જમણી તથા ડાબી બાજુના હાંસિયામાં ખૂટતો પાઠ ઉમેર્યો છે.

પ્રત પ્રારંભ: ।। ૬૦ ।। શ્રી વિરધમાંન સાંમીજી ।

પ્રતના અંતે : ઇતી શ્રી કેવનાંકુમરની ચોપાઇ સમાપ્તં। લીખિતં ૧૦૦૦૮ શ્રી શ્રી પ. નાંજીના માહારાજ તત શીષની હીતકારકા સંવત ૧૯ સૈ ૩૨ મીતી ફાગનમાસ કલ પષૈ તીથી તીરોદસી વાર બુધ પૂર્ણ કરિ અકવરાવાદ મધ્યે લીખા।

જૈસી આગેં પરતથી, તસી દઽ ઉતારી,
મુઝકૂં દોસ ન ઇજીયૈ, લીજો ચિત્ત સુધારી ।। શ્રી।।શ્રી।। ૫.

આ કૃતિનું લિપ્યાંતર ૧૯૩૨, ફાગણ સુદ-૧૩, બુધવારે, **અકબરાબાદ**માં પૂર્ણ થયું છે. આ કૃતિ મૂળ કૃતિ પછી ૧૧ વર્ષે તૈયાર થઈ છે.

કવિ વિદ્વાનોને નમ્ર અરજી કરતાં કહે છે કે: પૂર્વે જે પ્રત હતી તેને જોઈને તેમાંથી લિપ્યાંતર કર્યું છે. તેમાં જો કોઈ દોષ દેખાય તો મારી ભૂલને ચિત્તમાં ન ધરતાં સુધારી લેજો.

(ખ) હસ્તપ્રત નં - ૧૯૧૨૩. પત્ર પ્રમાણ - ૨૬ x ૧૧.૫ સે.મી.

કુલ પત્ર - ૧૫, પ્રતિ પત્ર ૧૭ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૫ થી ૫૦ અક્ષરો છે. અક્ષરો ભરાવદાર અને સુવાચ્ય છે. પ્રતની સ્થિતિ સારી છે.

આ પ્રતમાં લાલ રંગની દંડ વ્યવસ્થાની નિયમિતતા નથી. પત્ર એક નંબર પર દંડ છે, તો પત્ર બે ઉપર ઘણી જગ્યાએ દંડ જ નથી.

પૃ-૧ ઉપર અક્ષરોની શાહી ફૂટી છે. પ્રાય: આ પ્રતમાં શાહી એકબીજા પત્રમાં લાગી છે. પત્ર નં - ૫, ૬A, ૮A,માં અક્ષરો ક્યાંક અત્યંત ઝીણા બન્યા છે. તો ક્યાંક થોડા મોટા થયા છે. પત્ર-૬, ૭A ઉપર વધારાનો પાઠ ભૂંસવા કાળી શાહીનો ઉપયોગ થયો છે.

પૃષ્ઠ ૧૩A માં ખૂટતો પાઠ(વાક્ય) જમણી બાજુના હાંસિયામાં ઉમેર્યો છે.

પ્રત: પ્રારંભ : ।। ૬૦।। ગુરુભ્યૌનમઃ ।।દૌહા।।

પ્રત પુષ્પિકા અંતે : ઇતિ કૈવનાં ચૌપૈ સંપુર્ણતં।।

(ગ) હસ્તપ્રત નં-૪૨૫૧, પત્રનું માપ = ૨૪ x ૧૨ સે.મી. છે પત્ર સંખ્યા = ૧૫ છે પ્રતિ પત્રમાં ૧૭ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિમાં ૪૫ થી ૪૮ અક્ષરો છે.

આ પ્રતના અક્ષરો નાના, સુંદર અને સુઘડ છે. આ વાંચવામાં અતિ સુગમ છે.

આ પ્રતમાં દંડનો ઉપયોગ થયો નથી. ઢાળની સાથે કોઈ દેશીનું નામ મુદ્રિત થયું નથી. પ્રત્યેક ઢાળની જગ્યા ખાલી છોડી દેવામાં આવી છે.

વધારાનો પાઠ જેમ કે પૃ. ૧૪A, પૃ. ૧૦, પૃ-૯. પૃ - ૧૦A, આદિ વળી કાળી શાહીથી છેક્યો છે. વળી, 'X' અને 'X' નિશાની કરી ખૂટતા પાઠ ખાલી જગ્યામાં ઉમેર્યા છે. જેમ કે પૃ-૮, પૃ-૨, પૃ-૧૩, પૃ-૯માં જમણી કે ડાબા હાંસિયામાં નિશાનીઓ કરી ખૂટતો પાઠ ઉમેર્યો છે.

પ્રત પ્રારંભ : ભલે મીડું જેવાં મંગલાચરણના શબ્દો (સંભવત: ઝાંખા થવાથી) બિલકુલ દેખાતાં નથી તેથી પૂરણ વંછત સુખકરણ થી પ્રત પ્રારંભ થાય છે.

પ્રતના અંતે : શ્રી કયવન્ના ચૌપૈઇ ભાખી, ઢાલ ઊણતીસેં સાખી રે।
ગુણ લીજો અવગુણનેં નાખી, મતિ નિરમલ રાખી રે। સુ.૧૯.

આમ, આ પ્રતમાં પુષ્પિકામાં લિપ્યાંતરનો ઉલ્લેખ થયો નથી.

૧૬. અજ્ઞાત કૃત કયવન્ના સજ્ઝાય

આ કૃતિની હસ્તપ્રત **શ્રી કૈલાશસાગરસૂરિ જ્ઞાન ભંડાર, કોબા - અમદાવાદ**થી પ્રાપ્ત થઈ છે. પ્રત ક્રમાંક - ૨૮૨૯૮, કુલ પત્ર - ૨ (૪૮A, ૪૯), પ્રતનું માપ - ૨૮ X ૧૨ સે.મી. પ્રતિ પત્ર ૧૫ પંક્તિ છે. પ્રતિ પંક્તિમાં ૫૦ થી ૫૨ અક્ષરો છે.

પ્રતમાં જમણી અને ડાબી બાજુ ૧ ઈંચનો હાંસિયો છે. આ હાંસિયામાં ખૂટતો પાઠ ઉમેર્યો છે. વધારાનો શબ્દ દૂર કરવા તે શબ્દ ઉપર ||| આવી નિશાની કરી છે. છેલ્લા પત્ર ઉપર બન્ને બાજુની ખાલી જગ્યામાં 'X' નિશાની કરી ખૂટતો પાઠ ઉમેર્યો છે.

આ પ્રતના અક્ષરો મધ્યમ કદના અને સુવાચ્ય છે. પત્ર ૪૮A, પર પ્રથમ પાંચ પંક્તિઓમાં અક્ષરો થોડા નાના અને બાજુ બાજુમાં છે. આ પાંચ પંક્તિઓમાં સાધુહંસકીર્તિએ 'ધર્મ વિશેની સજ્ઝાય' લખી તેની પૂર્ણાહુતિ કરી જણાય છે. ત્યાર પછી 'કયવન્ના સજ્ઝાય'ની શરૂઆત થાય છે. તેથી અહીં મંગલાચરણનો પ્રયોગ કર્યો નથી.

પ્રત પ્રારંભ : રાજગ્રહી નયરી નવ જોયણ...।

પ્રતના અંતે : इति कयवनानू चरित्र। ऋषि संधाय पठनार्थं। शुभंभवतु ।।कल्याणमस्तु।।

આ હસ્તપ્રત સંઘના વિદ્યાભ્યાસ માટે કોઈ મહાત્માએ લખી છે તેવું પુષ્પિકા દ્વારા જણાય છે.

૧૭. અજ્ઞાત કૃત કયવન્ના બાલાવબોધ

શ્રી ચન્દ્રસાગર સૂરીશ્વર જૈન જ્ઞાનમંદિર - ઉજ્જૈનથી મળી છે.

પ્રત ક્રમાંક - ૧૬૭૮, પ્રતનું માપ - ૨૯ X ૧૫.૫ સે.મી., કુલ પત્ર - ૬, પ્રતિ પત્ર ૧૩ અથવા ૧૪ પંક્તિઓ છે. પ્રતિ પંક્તિઓમાં 30 થી 32 અક્ષરો છે. અક્ષરો મોટા અને છૂટાં છૂટાં છે.

પત્ર નં. ૧A, ૧, ૨A, ઉપર મધ્યમાં ચોરસ જગ્યા છોડેલી છે. આ જગ્યા ખાલી રાખવામાં આવી છે. ત્યાર પછી પત્ર નં. ૨ થી ૬માં સળંગ લખ્યું છે. ખૂટતા પાઠોને 'X' અથવા 'X' કે '\\ //' આવી નિશાની કરી હાંસિયાની ખાલી જગ્યામાં ઉમેર્યા છે.

પ્રત પ્રારંભ : ।।६०।।ऐंद्र ।।गाथा ।।

પ્રતના અંતે : इति श्री दानकुलक बालावबोधे कयवन्नानी कथा संपूर्णम् ।। श्री विवेक लपीकृतं ।।श्री सांता... (ત્યાર પછીના શબ્દો ઉકેલાતા નથી.)

૧૮. અજ્ઞાત કૃત કયવન્નાશેઠની કથા (મારૂગુર્જર)

આ પ્રત **શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાનભંડાર - લીંબડી**માંથી મળી છે.

ડાભડા ક્રમાંક - ૧૧૫, ગ્રંથ ક્રમાંક - ૩૧૪૩, કુલ પત્ર - ૧૦, પ્રતનું માપ - ૨૮.૫ X ૧૩ સે.મી. છે. પ્રતિ પત્ર પર ૧૪ પંક્તિઓ અંકિત છે. પ્રતિ પંક્તિમાં ૩૮ થી ૪૦ અક્ષરો છે.

ખૂટતા પાઠ હાંસિયામાં 'X', 'X', '\\ //'આવી નિશાની કરી ઉમેર્યા છે. વધારાના અક્ષરને ભૂંસવા સફેદો વાપર્યો છે. પૃ. ૮ ઉપરની પ્રથમ બે પંક્તિ સફેદો લગાડી ભૂંસવામાં આવી છે. આકારાન્ત અક્ષર રહી ગયો હોય ત્યાં અક્ષરની ઉપર '〰〰' આવી નીશાની કરી છે. જેમ કે કેયવન્નાર્ન, ર્ઘણે, ઉર્દસ

પ્રતમાં લાલ રંગના નિયમિત દંડ છે. શ્લોકમાં કડી ક્રમાંક આપ્યો છે. તે સિવાય ગદ્ય હોવાથી કડી ક્રમાંક આપ્યો નથી.

પ્રત પ્રારંભ : ।। ६० ।। श्री इष्टदेवाऐ नमः ।।

પ્રતના અંતે : ।। इति श्री कयवन्नाश्रेष्ठी कथा संपूर्ण।

ત્યાર પછી यदशां... એ શ્લોક છે. અહીં લિપિકારનો કોઇ ઉલ્લેખ થયો નથી.

સંપાદન પદ્ધતિ

૧. જ્યાં એકથી વધુ પ્રત મળી છે ત્યાં (ક.) પ્રતનો પાઠ મુખ્ય રાખ્યો છે અને તેના પાઠની જોડણી સહિત સામાન્ય રીતે સ્વીકાર્યો છે તથા અન્ય પ્રતોના પાઠને પાઠાંતર તરીકે રાખ્યો છે. જ્યાં જ્યાં અન્ય પ્રતોના પાઠ અગત્ય લાગ્યા, ત્યાં ફેરફાર કરી સુધાર્યા છે.

૨. ખૂટતી કડીઓને બીજી હસ્તપ્રતમાંથી મેળવી ઉમેરી છે.

૩. ષ નો જ્યાં જરૂર પડી ત્યાં 'ખ' કર્યો છે, વ ને માટે 'બ', બ માટે 'વ', ત ને માટે 'ન', ન માટે 'ત' અભિપ્રેત જણાયેલ ત્યાં સુધારી લીધું છે.

૪. મધ્યકાલીન લેખન પદ્ધતિની વાસ્તવિક લેખનશૈલી સમાન રાખી છે. જેથી મારુ ગુર્જર ભાષાની રૂઢી જળવાઈ રહે. જેમકે - બૈઠો, બઈઠો, બઈઠઉ, બૈઠઉ, બેઠઉ કઈવનો, કેવન્નો, કેવનાં વગેરે...

હસ્વ અને દીર્ઘ સ્વરોની જોડણીમાં કોઈ ફેરફાર કર્યો નથી. જેમકે સામિણિ, વીનવીઉ, કામની, લાડૂ, અજૂઆલૂ, જાણૂ વગેરે...

૫. અનુસ્વારોની પ્રચુરતા અને અલ્પતા બન્ને તરફનું વલણ હસ્તપ્રતોમાં જોવા મળે છે. જ્યાં અર્થભ્રમ થવાની સ્થિતિ હોય, લહિયા દ્વારા લેખન દોષ જણાય ત્યાં અનુસ્વાર દૂર કર્યો છે. જ્યાં જરૂરી જણાય ત્યાં અનુસ્વાર ઉમેર્યો છે. આ પ્રમાણે અનુસ્વારોનો સુધારો વધારો કર્યો છે.

૬. ચરણાન્તે એક દંડ અને કડીને અંતે બે દંડ એવી વિરામચિહ્નોની જોગવાઈ સામાન્ય રીતે હોય છે પરંતુ તેમાં નિયમિતતા જોવા મળતી નથી. દા.ત. શ્રી ગુણસાગરજીની, શ્રી રતનસૂરિજીની તથા મલયચંદ્રજીની હસ્તપ્રતમાં વિરામચિહ્નનો ઉપયોગ થયો જ નથી, તેવી જ રીતે શ્રી કલ્યાણરત્ન સૂરિજીની હસ્તપ્રતમાં ચરણાન્તે દંડની વ્યવસ્થા નથી. અહીં પ્રથમ અને ત્રીજા ચરણાંતે અલ્પવિરામ, પદાંતે અર્ધવિરામ અને અંતે પૂર્ણવિરામની એકધારી વ્યવસ્થા નિયત કરી છે.

૭. મૂળ હસ્તપ્રતમાં અવતરણ ચિહ્ન નથી પરંતુ અહીં વાચનની સરળતા માટે કથા પાત્રો દ્વારા બોલાયેલાં શબ્દોમાં '' '' ચિહ્ન ઉમેર્યા છે. વળી, જ્યાં પાત્રો દ્વારા મનોમન ચિંતન થયું છે. ત્યાં ' ' ચિહ્ન ઉમેર્યા છે.

૮. કડીને અંતે આવતા ધ્રુવપંક્તિના સંકેતો બધી જગ્યાએ એક સમાન ન હોવાથી ધ્રુવપંક્તિનો શબ્દ પ્રથમ મૂકી એક સરખો પાઠ કર્યો છે. જેમકે ||૧||રુ.|| ને સ્થાને રુ. ... ૧ કર્યું છે.

૯. મૂળ પ્રતોમાં ઢાળનો ક્રમાંક અને દેશીના ક્રમમાં એકરૂપતા જોવા મળતી નથી. અહીં પ્રત્યેક ઢાળ, ચોપાઈ અને દુહાને ક્રમાંક આપ્યો છે. દેશીના ક્રમમાં એકસરખુ બંધારણ રાખ્યું છે.

૧૦. ઢાળ ક્રમાંક અને કડી ક્રમાંકમાં ભૂલ હોય ત્યાં સુધારી લીધી છે. કવિ ઋષભદાસજી, પદ્મવિજયજી, વિનયવિજયજીની હસ્તપ્રતોમાં આ કારણે પાઠ સુધારો થયો છે. પ્રત્યેક ઢાળ અને દુહામાં જે અલગ અલગ કડી ક્રમાંક આપ્યો છે, તે કાઢીને સળંગ કડી ક્રમાંક રાખ્યો છે.

૧૧. પદાન્તે આવતા 'જી', 'રે', 'એ' જેવા પાદપૂરકો જ્યાં છૂટી ગયા છે, ત્યાં ઉમેર્યા છે. કવિ શ્રી ઋષભદાસજી, શ્રી ગંગારામજી અને શ્રી જિનકુશલસૂરિજીની હસ્તપ્રતમાં આ પ્રમાણે સુધારો કર્યો છે.

૧૨. પ્રચલિત દેશીઓના રાગ જૈન ગૂર્જર કવિ ભાગ - ૮માંથી લઈને ( )માં ઉમેર્યા છે.

૧૩. સામાન્ય જોડણીના કે અનુસ્વારના પાઠભેદો પાઠાંતરમાં સમાવ્યા નથી. સ્પષ્ટ લેખન દોષ અથવા ભ્રષ્ટ પાઠ જણાયા તે સુધારી લીધા છે. શબ્દભેદ 'પાઠા' કરીને એજ પત્રમાં નીચે મૂક્યો છે.

૧૪. મૂળ હસ્તપ્રતમાં પાછળથી હાંસિયામાં ઉમેરાયેલી દેશીઓ અહીં મુદ્રિત પાઠમાં જ સમાવી લીધી છે. દા.ત. શ્રી દિપ્તિવિજયજીની હસ્તપ્રતમાં બધી જ દેશીઓ પાછળથી ઉમેરાઈ છે. જેને સંપાદકે ઢાળ સાથે ( )માં લઈ લીધી છે.

૧૫. કૃતિમાં આવેલા અન્ય ગ્રંથોના સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાબદ્ધ સુભાષિતોમાં વ્યાકરણિક ક્ષતિઓ દૂર કરવા શક્ય પ્રયત્ન કર્યો છે. જ્યાં પદ્ય ક્ષતિબહુલ હતી ત્યાં સુધારવું શક્ય ન હોવાથી યથાવત્ રહેવા દીધું છે.

પ્રકરણ : ૪
કવિ પરિચય, સાહિત્યિક મૂલ્યાંકન અને કથા અંશોમાં પરિવર્તન

૧. કવિ શ્રી પદ્મસાગરસૂરિ કૃત કયવન્ના ચતુષ્પદી

● પ્રસ્તુત ચતુષ્પદીના કર્તા [1]મમ્માહડ ગચ્છના મતિસુંદરસૂરિ (સં. ૧૫૫૯)ના શિષ્ય [2]પદ્મસાગરસૂરિ છે. કૃતિના પ્રારંભમાં કવિશ્રીએ પોતાના ગુરુ અને ગચ્છનો ફક્ત નામોલ્લેખ કર્યો છે પરંતુ ગુરુ પરંપરાનો પરિચય જોવા મળતો નથી.

મંગલાચરણના પ્રથમ દુહામાં કવિશ્રી સરસ્વતી વંદનાની સાથે સાથે પોતાના ગુરુની સ્તવના કરી ચોપાઈનો પ્રારંભ કરે છે.

મમ્માહડ ગછિ ગુણ નિલઉ, શ્રી મતિસુંદર સૂરિ;
પદ્મસાગર સૂરિ સીસુ તસુ, પભણઈ આણંદ પૂરિ (૦૨)

● પ્રસ્તુત કૃતિનો **રચના સાલ** દર્શાવતાં કવિશ્રી કહે છે.

દાન ઉપરિ કઇવન્ન ચઉપઇ, સંવત પનર ત્રિસ(ઠ)ઈ એ હુઈ;
ભાદ્રવા વદિ આઠમિ રવિવારઈ, આણંદઈ મનિ આણિ (૩૦૮)

હસ્તપ્રત (ક) અને (ખ)માં કૃતિનો રચના સાલ સમાન નથી. પ્રત (ક)માં રચના સંવત ૧૫૩૦ બતાવેલ છે જ્યારે પ્રત (ખ)માં સંવત ૧૫૬૩ છે.

જૈન ગુર્જર કવિઓ ભા.-૩ અને જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ (પારા-૭૭૬, પૃ.-૩૪૬)માં કૃતિનો રચના સંવત ૧૫૬૩ છે તેથી અહીં સંવત ૧૫૬૩ને મુખ્યતા આપી છે.

સંભવ છે કે લહિયા દ્વારા (ઠ) શબ્દ ઉમેરવાનો રહી ગયો હોવો જોઈએ. પદ્મસાગર સૂરિ દ્વારા 'કયવન્નાશેઠ ચોપાઈ' સંવત ૧૫૬૩, ભાદરવા વદ ૮, રવિવારે રચાયેલી છે.

● અભ્યાસની કૃતિની પુષ્પિકામાં **'દાન ઉપરિ કઇવન્ન ચઉપઇ'** (કડી-૩૦૮) એવો ઉલ્લેખ કવિશ્રી એ કર્યો છે. દાનનું માહાત્મ્ય દર્શાવતી આ ચતુષ્પદીમાં ચોપાઈ, દુહા, વસ્તુ જેવા છંદો; છાહુલી અને વિવાહલી જેવી દેશીઓ એક બે જગ્યાએ પ્રયોજાયેલી નજરે ચડે છે.

---

૧. મમ્માહડ - મડાહડીય કે મડાહડા ગચ્છ (સં. ૧૩૩૫) નામથી પ્રસિદ્ધ થયો છે. આ ગચ્છ મંડાર ગામથી નીકળ્યો છે. વડગચ્છની સંવિજ્ઞ વિહારી શાખાના આચાર્ય વર્ધમાન સૂરિના શિષ્ય આચાર્ય ચક્રેશ્વરસૂરિ આ ગચ્છના સંસ્થાપક છે. સમય જતાં મડાહડ ગચ્છમાંથી સત્યપુરા, જાખડિયા, જાલોર વગેરે શાખાઓ નીકળી.

૨. તપગચ્છના વિજયદાનસૂરિના શિષ્ય દેવવિજયે મરૂસ્થલિના શ્રીમાલપુરમાં શ્રી હેમચંદ્રાચાર્યના **'ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર'**નો આધાર લઈ સંસ્કૃત ગદ્યમાં **'રામચરિત્ર'** (પદ્મચરિત્ર) એટલે **'જૈન રામાયણ'** રચ્યું, જે પદ્મસાગરે શોધ્યું. (જૈ.સા.સં.ઈ. પારા - ૮૬૯, પૃ. - ૩૮૬)

પદ્મસાગરસૂરિની અન્ય બે કૃતિઓ પ્રાપ્ત થાય છે. **(૧) લીલાવતી સુમતિવિલાસ રાસ** (સં.૧૫૬૩) **(૨) સ્થૂલભદ્ર અઠાવીસો** (સં. ૧૫૬૩)

- પ્રસ્તુત કૃતિમાં 'ન'ની જગ્યાએ 'ણ' શબ્દનો પ્રયોગ કેટલેક ઠેકાણે થયો છે. જેમ કે - નિધાણ = નિધાન; આણંદિયા = આનંદિયા; સમાણઉ = સમાનઉ.

- **અલંકાર**

રસાળ શૈલીથી રચાયેલા આ રાસને ઉપમા, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, શ્લેષ, રૂપક, યમક, વર્ણસગાઈ, અતિશયોક્તિ જેવા અલંકાર અને કહેવત / રૂઢિપ્રયોગ, વર્ણનાત્મક શૈલી, ઉપદેશાત્મક શૈલી, સંવાદાત્મક શૈલી, ભાવનાત્મક શૈલી વડે સુશોભિત બનાવ્યો છે.

ઉપમા : જ્યારે એક વસ્તુને (ઉપમેયને) અમુક બાબતોમાં બીજી વસ્તુ (ઉપમાન) સાથે સરખાવવમાં આવે ત્યારે **ઉપમા અલંકાર** બને છે.

૧. **મનોરથ સરિસુ વાધઇ તેઉ, માય તાય આણંદિયા બેઉ (૦૯)**

જેમ ઈચ્છાઓ અને અભિલાષાઓ પ્રતિદિન વૃદ્ધિ પામે છે, તે રીતે કૃતપુણ્ય પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો.

અન્ય કવિઓ રાસ નાયકની વયવૃદ્ધિને ચંદ્રની કળા સાથે સરખાવે છે પરંતુ અહીં કવિએ પરંપરાગત ઉપમાને છોડી નવીનતા પ્રયોજી છે.

૨. **તેહનઇ પુત્રી ગુણ ભંડાર, રુપઇં રંભા તણઉ અવતાર (૧૩)**

ધન્ય શ્રેષ્ઠીની પુત્રીના સૌંદર્યને સ્વર્ગની રૂપસામ્રાજ્ઞી રંભા સાથે સરખાવ્યું છે.

૩. **સીખ વચન જે અમીયહ જિસ્યાં, માનઇ તે કારેલી હુઈ તિસ્યાં (૩૫)**

નશામાં વસ્તુનું સ્વરૂપ ઊંધુ દેખાય છે તેથી અમૃત જેવાં વચનો કારેલા જેવાં કડવાં લાગે છે. કૃતપુણ્યની સ્વછંદતા અને વિલાસીપણાને મદોન્મત્ત હાથી સાથે ઉપમિત કરી છે.

૪. **શાકિનિ મંત્ર સુંણ્યઉ કિરિ કાંનિ, લાગઉં તસુ મન વેસ્યા ધ્યાંનિ (૪૧)**

શાકિની મંત્ર સાંભળતાં જેમ ભૂત વશ થાય, તેમ કયવન્નો વેશ્યાના ધ્યાનમાં વશ થયો.

૫. **કરવત જિમ તસુ મન વિહરીઇ (૮૫)**

ધનની લોલુપી અક્કાએ નિર્ધન કૃતપુણ્યને દૂર ખસેડવા પોતાની પુત્રીને વાત કરી. માતાના ચોટદાર વેણથી ગણિકાનું મન કરવતની જેમ કપાઈને શત શત ખંડમાં વિભાજિત થઈ ગયું.

૬. **નિરધન રજ જિમ નાખી (૮૮)**

લોભી અક્કાએ ઘર વાળવાના બહાના હેઠળ કૃતપુણ્યને સાતમા માળથી સિંહદ્વાર સુધી પહોંચાડયો. નિર્ધન કૃતપુણ્યને રજની જેમ તુચ્છ ગણી અક્કાએ ગણિકાવાસમાંથી આઘે કર્યો.

૭. **તે થંભ વિહૂણા ગેહ જિમ, ધબકડિ જેમ ઢલંતિ (૧૩૨)**

જેમ થાંભલા વિનાનું ઘર ઢળી પડે તેમ શેઠનો એકનો એક પુત્ર યુવાન વયે મૃત્યુ પામ્યો ત્યારે શેઠ ધબ દઈને ધરતી પર ઢળી પડયા.

૮. **સુર જિમ સવિ સુખ માણીઇ એ, નાણઇ એ પૂરવ નારી નિજ મનઇ એ (૧૫૪)**

કૃતપુણ્ય ચારે સ્ત્રીઓ સાથે સ્વર્ગલોકના દોગુંદક દેવની જેમ પાંચે ઈન્દ્રિયોના વિષયસુખો ભોગવી રહ્યો હતો.

૯. **ઉન્હી તાતા નિરુઆ જિસી, તીણઇ વાણિ પ્રકાસી તિસી (૧૫૮)**

ધનનો વારસદાર (પૌત્ર) મળી જતાં ધૂતારી ડોકરીએ પુત્રવધૂઓને બોલાવી ઉકળાતા પાણી જેવી તીખી અને વેધક વાણીમાં આજ્ઞા કરતાં કહ્યું, ''પરપુરુષને ત્યજવાની તૈયારી કરો.''

૧૦. **સાલરિ કેરી રુખ જિમ, ઝૂરિ ઝૂરિ પંજર હોઇ (૧૮૨)**

જેમ સાલરી વૃક્ષનાં વિયોગે હાથી ઝૂરી ઝૂરી મરે છે, તેમ કૃતપુણ્યના વિયોગમાં તેની પરણેતર કલ્પાંત કરતી દૂબળી (પાતળી - ક્ષીણ) થઈ ગઈ.

૧૧. **પુત્ર અંગ જવ લાગઉ અંગિ, અમીય ઠરચાં તવ સઘલાં અંગિ (૧૮૯)**

પુત્ર જ્યારે પરદેશથી આવેલા પિતાને ભેટયો ત્યારે પિતાને અમૃત જેવી શીતળતાની અનુભૂતિ થઈ.

૧૨. **મોરડઉ નાચવિ જેમ ઢેલઇ એ, આંસૂ જલહલઇ એ (૨૨૫)**

મોરને જોઈને જેમ ઢેલ ખુશ થાય, તેમ કૃતપુણ્યની હૂબહૂ પ્રતિમા જોઈ ચારે સ્ત્રીઓની આંખમાં હર્ષના અશ્રુઓ ફરફરવા લાગ્યા.

૧૩. **ઇક સીઆલ જિમ નિજ મુખિ લાલ, મેલ્હિ સકઇ નવિ કામ કરાલ (૨૯૬)**

જેમ શિયાળનું માંસાહારના કારણે મુખ લાલ રહે છે, તેમ કામી પુરુષો વિષયોનું વ્યસન ભયંકર હોવા છતાં છોડી શકતાં નથી.

૧૪. **જિમ આસાઢ ધુહાંઉ મેહ, સવિ ભુંઇ સીંચઈ રોલવિ મેલ્હઈ સ્નેહ (૩૦૪)**

જેમ અષાઢ માસનો ગાજતો મેઘ સર્વત્ર વરસી વસુંધરાને ભીની કરે છે, તેમ અત્યંત આનંદ-પૂર્વક દાન કરતાં લેનાર અને દેનાર બન્નેનાં ભવરોગ દૂર કરે છે.

ઉત્પ્રેક્ષા : જ્યારે ઉપમેય ઉપમાન હોવાની સંભાવના 'જાણે', 'રખે', 'શકે' તેવા શબ્દો દ્વારા કરવામાં આવી હોય ત્યારે **ઉત્પ્રેક્ષા અલંકાર** બને છે.

૧. **ઘરંતા નામઇં શ્રેણિક નિપુણ નરિંદ, જાણે પૂનિમ કેરું ચંદ (૦૭)**

રાજગૃહી નગરીનાં મહારાજા શ્રેણીક સર્વ કળાઓમાં નિપુણ હતાં, જાણે સોળે કળાએ ખીલેલો ચંદ્ર ન હોય !

મહારાજા શ્રેણિકનો ઉત્તમ વહીવટ, ન્યાયપ્રિયતા, લોકપ્રિયતા, પ્રજાપરાયણતા અને કર્તવ્ય પરાયણતામાં કોઈ એબ ન હતી. તે દર્શાવવા પ્રયોજેલી ઉત્પ્રેક્ષા સુંદર છે.

૨. **તસુ ઘરિ ઘરણી ભદ્રા જાણિ, અમીય ઝરઇ મુખિ જેહની વાંણી (૦૮)**

ધનાવાહ શેઠની પત્ની ભદ્રા શેઠાણીની વાણી એટલે જાણે મુખમાંથી અમૃત ઝરતું ન હોય ! કવિશ્રી એ ભદ્રા શેઠાણીની વાણીની મધુરતાને દર્શાવવા આવી મનોહર ઉત્પ્રેક્ષા પ્રયોજી છે.

૩. **ચમકઇ લીધઉં તસુ ચિત્ત ચોર, જાણે પન્નગિ ગિલીઉ મોર (૪૦)**

વેશ્યાના લટકા કરતાં ચંચળ નયનો, અપાર સૌંદર્ય, યુવાનીનો તરવરાટ અને વસ્ત્રાલંકારથી દીપતા દેહે કૃતપુણ્યનું ચિત્ત ચોરી લીધું. જાણે સર્પને મોરે ન ગળ્યો હોય !

કૃતપુણ્ય વેશ્યા પ્રત્યે અત્યંત ઘેલો બન્યો તે દર્શાવવા આવી ઉત્પ્રેક્ષા પ્રયોજી છે.

૪. **વલતું નાવઇ ઘર ટૂકડઉ, વસિં કરિઉ જાણે હાથિ મોરડઉ (૫૫)**

જાણે મહાવતે હાથીને વશ કર્યો હોય ! એમ કૃતપુણ્ય વેશ્યાના સંગમાં સપડાયો. તેણે પાછાં વળીને કદી ઘર તરફ દ્રષ્ટિ કરી નહીં.

૫. **તિણિ વેલા અક્કા પાપિણી, પ્રગટિ જાણિ કિરિ સાપિણી (૮૫)**

નિર્ધન કૃતપુણ્યને વેશ્યાવાસમાંથી હડસેલવા અક્કાએ પોતાની પુત્રીને કહ્યું, ''કૃતપુણ્યને ઘરમાંથી બહાર કાઢી બીજા કોઈ શ્રીમંતને લાવો.'' પુત્રીએ કહ્યું, ''માતા ! જેમણે પોતાના ઘરનું સઘળું ધન આપણને આપી આપણું ઘર ભરી દીધું છે તેને સ્વાર્થી બની આપણે ત્યજી દેવાં શું યોગ્ય છે ? માતા ! તમારું મન અત્યંત લોભી છે. દ્રવ્ય તો મળી રહેશે પરંતુ ઉત્તમ વ્યક્તિનો સંગ નહીં મળે.'' પુત્રીના સલાહભર્યા વેણ સાંભળી અક્કા અચાનક પ્રગટ થયેલી ફૂંફાડા મારતી વિષધર સર્પિણીની પેઠે ક્રોધથી ભભૂકી ઉઠી.

સ્ત્રી વિશ્વાસઘાતી બને ત્યારે વીંછણ (ક્રોધી જાનવર) પણ તેની આગળ વામણી લાગે છે.

૬. **અવતરી રંભા જાણે મહીયલઇ એ (૧૫૩)**

અનંગસુંદરીના દેહ સૌંદર્ય, અંગ મરોડ, નૃત્ય ઈત્યાદિની કુનેહતા દર્શાવવા કવિશ્રી રમણીય ઉત્પ્રેક્ષા પ્રયોજે છે.

૭. **લાડૂમાંહિ એકેકાં રતન, મેલ્હિયાં જાણે માંહિ મન્ન (૧૬૪)**

ચારે પુત્રવધૂઓનું કૃતપુણ્ય થકી વંધ્યાપણું અને વિધવાપણું દૂર થયું હતું. ચારે સ્ત્રીઓ તેની સહધર્મચારિણી બની હતી. તેઓ પતિના જીવનને સુખમય બનાવવા તેમજ આર્થિક સહાય કરવા ઈચ્છતી હતી તેથી તેમણે પ્રેમથી પ્રત્યેક લાડુમાં કિંમતી જલકાંતમણિ મૂક્યું. જાણે તેમણે મણિની જગ્યાએ પોતાનું મન જ તેમાં ન મૂક્યું હોય !

ચારે વહુઓનો કૃતપુણ્ય પ્રત્યેનો અગાધ પ્રેમ દર્શાવવા કવિશ્રી સુંદર ઉત્પ્રેક્ષા પ્રયોજે છે.

૮. **અધરાતિઇ ઉઠી ડોકરિ, ફેકારી જાણે સંચરિ (૧૬૪)**

મધ્યરાત્રિએ વૃદ્ધા સફાળી ઉઠી જાણે કોઈ શિયાળણી શિકાર માટે ન નીકળી હોય ! વૃદ્ધાની લુચ્ચાઈ અને આપખુદીપણું દર્શાવવા કવિશ્રીએ યોગ્ય ઉત્પ્રેક્ષા પ્રયોજી છે.

૯. **પ્રીય વિણ સુત વિણ ઘરહ મઝિ, જાણિ વિચાણી સીહણી (૧૯૨)**

નોંધારી સ્ત્રીની નિર્બળતા અને કમજોરતા દર્શાવી છે.

૧૦. **મોહલિ મેલી સચલ નારી, મંત્રી કચવન્ના તણી ; ઉલ્હસઈ જાણિ નિધાન પામી, (૨૩૪)**

મહામંત્રીના કહેવાથી ચારે સ્ત્રીઓ કૃતપુણ્યના મહેલમાં આવી. તેમને જોઈને કૃતપુણ્યની ખુશી બેવડાઈ ગઈ. જાણે કિંમતી ખજાનો પ્રાપ્ત ન થયો હોય !

વ્યતિરેક : જ્યારે ઉપમેયને ઉપમાન કરતાં ચડિયાતું બતાવવામાં આવે, ત્યારે **વ્યતિરેક અલંકાર** બને છે.

૧. **કોઈ ન જાણઇ નારિ ચરિત્ર, કેવલિ વિણ તિમ કર્મ્મ ચરિત્ર (૧૫૦)**

નારી ચરિત્રને કોઈ (સ્વયં બ્રહ્મા પણ) પારખી શક્યું નથી, તેમ કેવળી ભગવંત વિના સિદ્ધાંતને કોણ જાણી શકે ?

ઉપમેયને ઉપમાન કરતાં શ્રેષ્ઠ દર્શાવવા સુંદર વ્યતિરેક સાથે ઉપમા અલંકાર પ્રયોજાયેલો છે.

શ્લેષ : એક શબ્દ એકથી વધુ અર્થમાં પ્રયોજાય ત્યારે **શ્લેષ અલંકાર** બને છે.

૧. **ઘણી વાર વિધિ વિધિ ચૂકંતી, અસરીખાં આંણી મેલંતિ (૨૫)**

અહીં વિધિના ભાગ્ય અને રીત એવા બે અર્થ થાય છે.

રૂપક : જ્યારે ઉપમેયને ઉપમાનનું રૂપ આપવામાં આવે છે ત્યારે **રૂપક અલંકાર** બને છે.

૧. **ગુણ ભંડાર (૧૩)** : ગુણ રૂપી ભંડાર
૨. **વિષયા રસિ જલિ (૧૫૫)** : વિષય રસરૂપી જળ
૩. **મન મધુકર (૨૩૬)** : મનરૂપી મધુકર
૪. **પ્રેમરસ (૨૩૬)** : પ્રેમરૂપી રસ
૫. **સુખ સાયર (૨૩૭)** : સુખરૂપી સાગર
૬. **મુગતિ રમણિ (૨૯૭)** : મુક્તિરૂપી રમણી

યમક : જ્યારે વાક્યમાં એક સરખા ઉચ્ચારવાળા શબ્દો આવે છે ત્યારે **શબ્દાનુપ્રાસ** કે **યમક અલંકાર** બને છે.

૧. **નર સુર અસુર (૩)**
૨. **લહઈ ભોગ જોગ વ્યાપાર (૧૮)**
૩. **આગત સ્વાગત સહૂકો કરઈ (૨૧)**
૪. **અવસરિ નેહ મેહ મનિ રાગ (૨૯)**
૫. **તસુ મંદિર પહતું કઈવન્ન, માંનઈ નિજ મન તન ધન ! ધન ! (૪૪)**

વર્ણાનુપ્રાસ / વર્ણસગાઈ : જ્યારે કોઈ પંક્તિમાં કે વાક્યમાં એકનો એક વર્ણ પુનરાવર્તિત થાય ત્યારે **વર્ણાનુપ્રાસ** કે **વર્ણસગાઈ અલંકાર** બને છે.

૧. **કઈવન્નઉ સેવઈ સવિ સાધુ (૨૭)**

વિવાહિત કૃતપુણ્ય યૌવન વયમાં કામભોગોથી પર રહ્યો. તે સાધુભગવંતોની સેવામાં અનુરક્ત થયો.

૨. **કુણ કરીવઇ કહઉ કુસંગ (૩૪)**

દુર્જનની સંગત કોણ કરાવે છે ? અહીં કર્મ ઉપર દોષારોપણ કરવા વર્ણસગાઈ અલંકાર પ્રયોજ્યો છે.

૩. **તારઉ નડઉ નાન્હઉ નવિ નેહ (૪૫)**

૪. **કર ઉપરિ કરતલ કરવિ, કરતલિ કરમ કરીજ્જ (૧૦૬)**

૫. **રમલિ રમંતુ રંગ ભરિ (૧૯૧)**

૬. **ભામણિ ભંભર ભોલડી, ગેલિ ગહેલીય ગોરડી (૨૨૨)**

અતિશયોક્તિ : વાસ્તવિકતાની હદ વટાવીને, કાર્ય કારણનો સંબંધ ઉલટાવીને આલેખન થયું હોય ત્યારે **અતિશયોક્તિ અલંકાર** બને છે.

૧. **ખિણ એક સુખ નઈ કારણિ, મેરુ સમાણા દૂખ (૩૯)**

વિષયોની ખણજથી એક ક્ષણ સુખ અને મેરૂ પર્વત જેટલું અગણિત અને અનંત કાળનું દુ:ખ પ્રાપ્ત થાય છે.

અહીં કવિશ્રી પાંચે ઈન્દ્રિયોના વિષયોની ભયંકરતાનો ચિતાર દર્શાવે છે.

૨. **મન વિણ ઘરિ પુહતી તે થઇ, તે તઉ રાતિ છ માસી હુઇ;**
નવિ વીસરઇ વીસરંત નાહ, નયણે વૂહાં આંસૂ નીર પ્રવાહ (૧૨૨)

બાર વર્ષના લાંબા ગાળા પછી ઘરે આવેલા રાસનાયકને પરિવાર વધતાં ધનનો પ્રશ્ન ઉભો થયો. ત્યારે પરદેશ જવાનું થયું. તે સમયે પતિના વિરહમાં રાસનાયિકાની પ્રત્યેક રાત્રિઓ છ માસ જેટલી દીર્ઘ બની.

કવિશ્રીએ પ્રેમી યુગલની વિરહની મનોવ્યથા દર્શાવી પ્રસંગને વધુ કરૂણ બનાવ્યો છે.

● **કહેવત / રૂઢિપ્રયોગ** : માણસ જાતનું ડહાપણ તે **કહેવત**, જે માણસને વ્યવહાર કુશળ બનાવે છે. યોગ્ય સમયે સોગઠી મારવાથી રામબાણ અસર કરે છે. કહેવત ગાગરમાં સાગર છલકાય એમ સંક્ષિપ્તમાં ઘણું કહે છે. ભાષામાં વિશેષ જોમ અને અસર પ્રગટાવે છે.

વર્તમાન ગુર્જર ભાષાની પ્રસિદ્ધ કહેવતો કવિશ્રીએ તે સમયમાં પણ પ્રયોજી છે. એના પરથી જણાય છે કે તે સમયમાં પણ નિમ્નોલ્લેખિત કહેવતો અને રૂઢિપ્રયોગો પ્રચલિત હતા.

૧. **ઈક્ક મન (૫૮)** : અટલ નિશ્ચય

૨. **રતન મૂકિ કાંકરી રમઈ (૭૫)** : કિંમતી વસ્તુ છોડી તુચ્છને ગ્રહણ કરવું. સજ્જનનો સંગ છોડી દુર્જનનો સંગ કરવો.

૩. **એક હથી તાલી નવિ હુઈ (૭૬)** : (કામ કે સોદો પતાવવામાં, ઝઘડામાં એમ દરેકમાં) એકલાથી કામ ન થઈ શકે, સહકાર જોઈએ.

૪. **રંક હાથિ નઈ ચડઈ રતન (૮૪)** : નિર્ધનને ત્યાં કિંમતી વસ્તુ ન ટકે.

૫. **લહણઉં લાભઈ સવિ સંસારિ (૧૦૧)** : સંસારમાં જે થવાનું હોય તે થઈને જ રહે છે.

૬. **રામનું સુયણઉં ભરત નઈ ફલિઉં (૧૪૯)** : રામનું સ્વપ્ન ભરતને ફળવું. એકનો લાભ બીજાને થવો.

૭. **વાયસ ગલિ હંસી ન બંધાઈ (૨૦૩)** : કાગડાના ગળે હંસ ન બંધાય. અયોગ્ય પાસે ઉત્તમ વસ્તુ અશોભનીય બને છે. અણઘટતું જોડાણ ન થાય.

૮. **ન વહઈ હીયું (૨૦૪)** : વિશ્વાસ બેસતો નથી, હિંમત ચાલતી નથી.

૯. **કન્યા કૂઈ નાખીઈ (૨૦૬)** : કન્યાને ગમે તે જ્ઞાતિમાં પરણાવી ઠેકાણે પાડવી.

૧૦. **આંખઈ કાજલ ઘાલિ (૨૧૬)** : છેતરવું, ઠગવું

૧૦. **અમૃતમાંહ વિસ ભેલવઉ (૨૧૭)** : આનંદમાં દુ:ખ ઉમેરવું, નવું દુ:ખ (સંકટ) ઊભું કરવું.

૧૧. **બહુ ભૂખઈ બિહું કરિં ન જમાય (૨૧૮)** : ગમે તેટલું અગત્યનું કાર્ય અધિરાઈપૂર્વક ન કરાય.

૧૨. **આપણ મન નવિ આપણા હાથિ (૨૬૬)** : અસ્થિર, ચંચળ મન હોવું.

૧૩. **દાઢ ઘુલઈ (૨૬૮)** : મોંમાં પાણી આવવું, સ્વાદ કરવાનું મન થવું.

● **વર્ણનાત્મક શૈલી** :

૧. કન્યાના પિતા જમાઈની પસંદગી કરતી વખતે યુવકમાં (વરમાં) જોવાતાં સાત ગુણ : કુળ, પરિવાર, વિદ્યા, લક્ષ્મી (ધન), રૂપવાન, નિરોગી, વિનય. આ સાત ગુણો કન્યાના વરની પસંદગી કરતી વખતે જુએ છે. **(૧૬-૨૨)**

વરરાજાની પસંદગી વખતે નિરીક્ષણ કરાતાં સાત ગુણો જે નીતિશાસ્ત્ર અનુસાર વિવેકપૂર્વક કથામાં ગૂંથી લીધાં છે. અહીં કવિશ્રીની વ્યવહારિક પંડિતાઈનાં દર્શન થાય છે.

વરના ગુણ બોલ્યા છઇ જેઉ, સેઠિ વિમાસઇં ચિતઇ તેઉ;
પહિલઉ કુલ ગુણ નઇ આચાર, જોઇઇ તેહનઇ બહુ પરિવાર.
વિદ્યા ગુણ વિણ સવિ અપ્રમાણ, મૂરખ જનમ વૃથા જગિ જાણિ;
ચઉથઉ ગુણ તે લક્ષ્મીવંત, જેહ પખઇ ન સરઇ એકંતિ.
જીણઇ સવિ થાઇ વિવહાર, લહીઇ ભોગ જોગ વ્યાપાર;
દૂરિ ટલઇ સયલ અન્યાય, વયરી વૃંદ નમઇ નિત પાય.
આલ મીટઇ તે થાઈ ચિંતા, જે વિસમા વયણે બોલતાં;
લખિમી હુઇ સત્તમિ પાચાલિ, તુહિ પણિ તે તપત ન લાડિ.
કીજઇ નામ સયલ સંસારિ, કામણ મોહણ એ હુઇ મઝારિ;
સવિ અવગુણ ગુણ થાઇ જેણિ, લિખિમીનું ગુણ જોઇઇ તિણિ.
ગુણ પાંચમઉ ડીલઈ સરુપ, જસુ દીઠઈ સવિ માનઈં ભૂપ;
આગત સ્વાગત સહૂકો કરઈ, આવઉ આવ્યા બયસણ ઘરઈ.

છઠઉં ગુણ ડીલઇં નીરોગ, જસુ દરિસિંણ કો હસઇ ન લોક;
વિયનઉ સતમ ગુણ મનિ લેહ, કન્યા તાત જોઈ ગુંણ એહ.

૨. ગુણવાન, કુવચનનો ત્યાગ, કપટલીલા વિનાનો નિ:સ્વાર્થ પ્રેમ, નિર્ધન અવસ્થામાં કુનેહપૂર્વક ઘરસંસારનું સંચાલન કરવું, કુળવંતી, પતિની ચિંતા કરનારી, સ્નેહ ધરનારી; આ ઉત્તમ નારીના લક્ષણ વસ્તુ છંદ દ્વારા કવિશ્રીએ આલેખ્યાં છે. **(૧૦૨)**

નારિ ઉત્તમ, નારિ ઉત્તમ, નારિ ગુણવંતી, કુવચન મુખિ ભાખઇ નહી;
નેહ છેહ નવિ કિમઇ દોષઇ, સુઘરણિ ઘરિ જેઇ હોઇ;
જિમ તિમ ઘરિસૂઅ રાખઇ, ધન વિણાસઇ જઇ આગમણિ;
જિણિ દિણિ નાહસુ ચિંત કુલવંતી, લખણ ઇસ્યાં તવ બહુ નેહ ધરંતિ.

૩. કોઈ વૃદ્ધા સ્ત્રી પોતાની ચાર પુત્રવધૂઓ સાથે મળીને મધ્યરાત્રિએ કોઈ નવયુવકની ચોરી કરી પોતાના મહેલમાં લાવી, તે પ્રસંગે નીચેની પંક્તિઓમાં રૌદ્ર રસ પૂર્યો છે. **(૧૩૭-૧૪૧)**

ચ્યારિ વહૂઅર આગલિ કરી, પૂઠઇ ચાલી સીહણિ પાખરી;
તેહ આગલિ ન સકઇ ઉસસી, કડછઉ બંધવિ ડોકરી ઘસી.
તાસુ ચરિત મનમાંહિ હસી, જુઉ પ્રીતી વડાંની કિસી;
ચાલી ચઉ પદમણિ ચઉ સાલ, મોટી મોટી ભરતી ફાલ.
કર્મ્મઇ તાંણી લીધી તિહાં, કઇવન્નઉ પોઢિઉ છઇ જિહાં;
એ મતિ ડોકરિ નઇ કુણિ દીધ ? સાર ફેર સવિ કર્મ્મઇ કીધ.
''વેગા ધાઉ કોઈ દેખસઇ, કાચઇ ચિત્ત ન કાંઈ હુસ્યઈ;
ઉપાડીઉ રે વેગિઇ કરી, ચોરી કબ આવઇ પાધરી''
ચિહુ થઇ ઉપાડ્યાઉ ખાટ, ડોકરિ સેસઇ આગલિ વાટ;
નીદ્રઇ નવિ જાણઉં કઇવન્ન, મંદિરિ પુહતુ કીધઉ પુન્ન.

૪. ચારે સ્ત્રીઓ સાથે કૃતપુણ્ય દેવલોક જેવાં દિવ્ય સુખો ભોગવી રહ્યો હતો. આ પ્રસંગને કવિશ્રીએ ઉપમા, ઉત્પ્રેક્ષા અને અંત્યાનુપ્રાસ અલંકારથી મઠાર્યો છે. અહીં શૃંગારરસની છાંટ જોવા મળે છે. **(૧૫૧-૧૫૪)**

નારી પ્રેમઇ ભીંજઇ એ, પ્રીય તણો ગુણે રીઝઇ એ;
કીજઇ એ જી જી આય સનેહ નઇ એ, પાય તણા તિહિ ઠમકલા;
છયલ પણઇ વલિ છમકલા, ચમકલા ચતુર પણઇ તે ચાલવઇ એ.
કરિ કંકણ રણકાવઇ એ, સિરિ વેણી લટકાવઇ એ;
ગાવઇ એ કોઇલિ સરિ રણકંતી એ, દંત (પં)ક્તિ હસી ભેલવઇ;
અમીય વાંણિ મુખિ કેલવઇ, હેલવઇ ઘુંઘટડઇ મુખિ નિરખતી એ.
લોચણ લહકઇ જોવતી, ભારઇ હરિણ હરાવતી એ;
ભાવતી વાત કરઇ સવિ મન તણી એ, રમિઝમિ રમિઝમિ નેઉરી;
ઘમકાવઇ વલિ ઘૂઘરી, અવતરી રંભા જાણે મહીયલઇ એ.
મહકઇ ઉરિ કસતૂરડી, કરિ નવરંગિત ચૂડલી;

બીડલાં પાન તણી પ્રીય મુખિ ઠવઇ એ, દિનનઇ રાતિ ન જાણઇ એ;
સુર જિમ સવિ સુખ માણીઇ એ, નાણઇ એ પૂરવ નારી નિજ મનઇ એ.

૫. યક્ષના દર્શન કરવા આવતી નગરની સ્ત્રીઓનો આનંદ અને બાળકોની ચહલપહલ, જેમાં શૃંગાર રસ સાથે અદ્‌ભુત રસ પ્રયોજાયેલો છે. (૨૨૧-૨૨૪)

તિહિ કીધ જિણિ દિણિ મંત્રિ, તિણિ ખિણિ નયરિ પડહુ વજાવઇ એ;
નિજ પુત્ર સરિસી જાત્ર કારણિ, નારિ સવિ તેડાવઇ એ.
પહિરીય સયલ શ્રૃંગાર, ભામણિ ભંભરિ ભોલડી એ;
હસિમસિ રણકંતઈ સાદિ, ગેલિ ગહેલીય ગોરડી એ.
ગોરડીય ગાવઈ ધવલ મંગલ, મિલઇ ઉલટ આપણઇ;
આવંતિ ટોલઇ મલીય ઝબકત જખિ ભુવણહ બારણઇ.
તે ચ્યારિ નારિ ચંચલી, કુંયર ચતુર લાઇય અંચલી;
જવ જાખ પેખઇ નાહ રુપઇં, ગહબરઇ તવ હીયડલાં.

૬. યક્ષમૂર્તિને જોઇ બાળકોના હાવભાવમાં નિર્દોષતા અને પિતૃપ્રેમ પ્રગટ થાય છે. (૨૨૮-૨૩૦)

રમઝમ રમઝમ કરતલા બાલ, જખ નિહાંલીય ઇમ ભણઇ એ;
''કરિ ઘરિ ખંચવિ તાત ! તાત ! આવઉ ઘરિ આપણઇ.
આપણઇ મંદિરિ તાત, આવઉ ઇસ્યાં કાંઇ બઇસી રહ્યા ?
વિહસંતિ ઉજલ નયણિ નિરખવિ તાત ! તુમ્હિ બહુ દિન લહ્યા.''
ઉછંગિ બઇસિ રંગિ ખોલેઇ, લાડઇ બાલ બોલઇ તિ ડૂમણાં;
''નવિ હસઉ બોલઉ અમ્હ, સરિસાં કાંઇ આપણ દૂખણાં ?''

૭. રાજગૃહી નગરીના રાજવી શ્રેણિક પોતાની ચતુરંગી સેના સાથે વીર પ્રભુના દર્શનાર્થે નીકળ્યા. આ સમાચાર સાંભળી કૃતપુણ્ય અતિ આનંદિત બની પોતાની સ્ત્રીઓ સાથે વંદન કરવા ગયો. પ્રસ્તુત પંક્તિઓમાં વર્ણાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસ અલંકાર પ્રયોજાયેલો છે. (૨૪૮-૨૫૨)

કીધલા નવ નવ વેસિ, જગ ગુરુ વંદણા રસિ;
મિલીય વિહેલડી એ, ભંભર ભોલડી એ.
ગાવતિ રણકત નાદ, ઘઇ માહોમાંહિ સાદ;
આવઉ રે ઉતાવલી એ, પૂરઉ મન રલી એ.
રાજલોક સરસઉ રાય એ, વીર વંદણિ તવ જાઇ;
હીયડલઇ હરખીઇ એ, દાનઇ પરખીઇ એ.
સાથઇ ગજ ઘંટા ઘાટ, તે જીયડા હીંસઇ થાટ;
રયવર ઘડહડઇ એ, પાયક દડવડઇ એ.
તવ કંઇવન્ન સુણેવિ, ઉમાહીઉ તવ ખેવિ;
નારી પરિવરયઉ એ, વીર વંદણિ ચાલ્યઉ એ.

૮. ભરવાડના બાળકનું બાળપણ, જેમાં કુદરતના ખોળે રમતા નિર્દોષ બાળકની બાલિશતા અને

રમતિયાળ વૃત્તિનું દર્શન થાય છે. (૨૫૯-૨૬૦)

સુણિ ગોવાલ પૂરવ ભવિ હતઉ, લોક તણા વાછરુ ચારતઉ;
બાલ ઘવલ બાલાપણિ રંગિ, રમતું ભમતું ગિરિવરિ શ્રૃંગિ.
વાંસલડી વાતુ નાચતુ, આણંદઇ ખેલત માલ્હતુ;
રાસડલા રંગિ ગાવતુ, અવર ચિંતા મનિ નવિ આણતુ.

૯. બાળસહજ હઠને વર્ણવવામાં કવિશ્રીનું પ્રસંગ વર્ણન અત્યંત લાક્ષણિક છે. (૨૬૭-૨૬૮)

આડઉ માંડ્યાઉ લેઇ ઉરહાડિ, આઇ ઉનઇ ખીર જિમાડિ;
રોઇ રીસઇ લોટઇ ભૂમિ, બોલઇ મુખિ વલિ બાલક ઇમ.
''ખીર ખંડ ઘૃત લોક જિમંતિ, દીઠાં તિણિ મુઝ આવી ખંતિ;
મ્હારી દાઢ ઘુલઇ છઇ માઇ ! વેગિ જિમાડિ લાગું છઉં પાઇ''

૧૦. બાળકની હઠ સામે ગરીબ માતાની લાચારી દર્શાવતું શબ્દચિત્ર અત્યંત માર્મિક છે. અહીં ગરીબીની ભયાનકતા અને કરૂણ મનસ્વિતા નજરે ચડે છે. (૨૭૨-૨૭૫)

કહઇ માઇ ''બાઇ ! સાંભલઉ, એ બાલક ઇતિ ઉછાંછલઉ;
આજ ઇણઇ દીઠા લોક જિમંત, ખીર ખાંડ ઘૃત તે નર ઘનવંત.
પરિઘરિ વાત ઘણી દેખસ્યું, તિણિ વાતઇં આપણ નઇ કિસ્યું ?
સામઉ આપણા અંગિઇં શોષ, પણિ બાલકસિ સિઉ કીજઇ રોસ ?''
''અવસરિ ડોહલા કિમ પૂરવાઇ, વાત સવે યુગતિં જિં કરીઇં;
એ અન્યાન નવિ જાણઇ ભેઉ, સમઝઇ તુ સમઝાવિઉં એઉ.
ઘરમાંહિ કૂકસ નઉ સંદેહ, ખીર ખાંડ ઘૃત માગઇ એહ;''
તવ પાડોસિણિ મનિ ગહિબરી, કહઇ વાત એ સવિ પાધરી.

૧૧. કૃતપુણ્યએ પૂર્વે ભરવાડના ભવમાં સુપાત્ર દાન આપતાં ભાવોની અખંડતા ન જાળવી તે પ્રસંગને કવિશ્રીએ સુંદર રીતે ઉપસાવ્યો છે. (૨૭૯-૨૮૨)

દેખી મુનિ બાલક હરખીઉ, ખીર થાલ સામ્હઉ નિરખીઉ;
'ઋષિ આવિ મનિ આશા કરી, સિઉં વિહરાવું ?' ચિંતા કરી.
કાઢઇ લીહ કરઇ લાંભૂઆ, નવ નાડીઆ સહી જંતુઆ;
મુનિ આવ્યઉ આઘે રઉ જિસ્યઇ, બીજી લીહ કરઇ તે તસ્યઇ.
વલી ચિંતઇ 'નવિ ગલિ તાલૂઇ, ઇતલી ખીર કિસિઉં ? કુછઇ દીઇ;
દેવઇ વાત કિસિઉ ડમડોલ, ઋષિની ભૂખ ગડૂં બિહું બોલ'.
ઉંચઉ ખીર થાલ કરિ લેવિ, મુનિવર સામ્હી પાઉ ભરેવિ;
કરઉ પાત્ર આઘઉ મુનિ રાઉ, મ ઘરઉ આબાધા મુઝ ભાઉ !

જૈન ધર્મ પ્રરૂપિત કર્મવાદનું એક રહસ્ય આ કથાની અંતર્ગત રહેલું છે. પુણ્ય કર્મ ઉપાર્જિત કરવા માટે અઢળક સંપત્તિની જરૂર પડતી નથી. તે માટે આવશ્યક છે શુભ ભાવની. ભાવ વિના ચંચળ ચિત્તે કરેલું સારું કર્મ પણ વિફળ થઈ જાય છે અને ભાવથી કરેલું અલ્પ કર્મ પણ શતગણું બની જાય છે.

● **ઉપદેશાત્મક શૈલી :**

૧. ઉચિત સમયે કરેલું યોગ્ય કાર્ય શોભનીય બને છે. **(૨૮-૨૯)**

૨. જીવને પાપ કર્મ શીખવવા પડતાં નથી. એ પાપ તરફ સહજ ખેંચાય છે. **(૩૧-૩૩)**

૩. વ્યસનોની વાટ (પથ) અત્યંત ભયંકર છે. તેનું કડવું ફળ મહાપુરુષોને પણ વેઠવું પડયું છે. તે દર્શાવવા કવિશ્રીએ નંદિષેણ, રહનેમિ, ભરત ચક્રવર્તી, ઈલાયચી કુમાર, આર્દ્રકુમાર, લલિતાંગ કુમાર, સિંહ ગુફાવાસી મુનિ, મણિરથ રાજા, મૃગાવતી (ત્રિપૃષ્ઠ વાસુદેવની માતા હતી. પોતાની પુત્રીમાં આસક્ત પિતા મૃગાવતીને પરણ્યા), આદિશ્વર ભગવાન જેવાં ઐતિહાસિક દષ્ટાંતો ટાંક્યા છે. **(૪૬–૫૧)**

૪. ચતુર (જ્ઞાની) મનુષ્યોની બુદ્ધિ પણ કર્મના પ્રભાવથી ઢંકાઈ જાય છે. તેઓ જગતમાં ભોળવાઈ જાય છે. **(૫૭)**

૫. પરવશતા સમાન બીજું કોઈ મોટું દુ:ખ નથી. **(૮૫-૮૭)**

૬. ધન, યૌવન, સંપત્તિ ચંચળ (નશ્વર) છે. જેમ મનુષ્યનો પડછાયો વધે અને ઘટે તેમ સુખ અને દુ:ખ પરિવર્તિત છે. આ કથનની પૂર્તિ માટે કવિશ્રી હરિશ્ચંદ્ર-તારામતી, રામ-સીતા, નળ-દમયંતી, પાંડવ-દ્રૌપદી જેવાં પૌરાણિક યુગલોનાં દષ્ટાંતો નોંધી જીવનના ઉતાર ચઢાવ દર્શાવે છે. અહીં કવિશ્રી આ ઉપદેશ દ્વારા કૃતપુણ્યની પત્નીની શાસ્ત્રજ્ઞતા દર્શાવે છે. **(૧૧૦-૧૧૩)**

૭. ચિત્તની પ્રસન્નતા, પ્રમાણિકપણે ઉપાર્જન કરેલું ધન અને સુપાત્ર આ ત્રણેનો સુમેળ થતાં જીવને અનેક ગણો લાભ થાય છે. પુણ્યથી જ સુપાત્ર દાનનો યોગ સાંપડે છે. **(૨૭૦-૨૭૮)**

૮. જગતમાં મોહ અત્યંત ભયંકર છે. પરસ્ત્રીગમનની લત ન જાય ત્યાં સુધી શિવરમણીના સુખો પ્રાપ્ત થતાં નથી. **(૨૯૮)**

૯. દાનનો મહિમા, દાનના પ્રકાર, દાન આપવાની રીત કવિશ્રીએ સુંદર રીતે દર્શાવી છે. જેમાં અષાઢી મેઘનું દષ્ટાંત ટાંકે છે **(૩૦૩-૩૦૭)**

● **સંવાદાત્મક શૈલી :**

૧. ધન વિના મૂંઝવણ અનુભવતા ચિંતાતુર પતિ-પત્નીનો સંવાદ રોચક છે. તે સમયે સમાજમાં માંગવાની વૃત્તિ અત્યંત હીન ગણાતી હતી. લોકો સ્વાભિમાનથી જીવવું વધુ પસંદ કરતાં હતાં. **(૧૦૩-૧૦૫)**

પણિ ધન વિણ મનિ ચિંતા ઘણી, નિરવાહવી નારિ હાથણી
બોલઇ નારિ આગલિ એમ, ''ઘર નિરવાહ કરીસ્યઇ કેમ ?
નાહઉં વિતઉં ના લાગઇ હાથિ, કેડઇ કેમ ફિરઉં પર સાથિ
નર વિસ ખાઇ જીવ છાંડઇ, પર આગલિ કર કિમ માંડીઇ;

પરમાગીઇ મેલ્હી મણ કાંણિ, તે દિન દેખઇ દૈવ મ આણિ.''

૨. ગણિકાવાસમાંથી ધન લેવા આવેલી દાસી અને રાસનાયિકાનો રોચક સંવાદ, જેમાં તેનો વિવેક, વિનય સમજદારી અને સતીત્વ ઝળકે છે. પ્રિયતમે પ્રિતયમાનો ત્યાગ કર્યો હોવા છતાં પતિના દોષોને ગૌણ કરી તેના સુખને ઈચ્છે છે. કવિશ્રી આ પ્રસંગે કરૂણ રસની સાથે વીર રસનો ઉભય પ્રયોગ કરી શીલનો ઉપદેશ આપવાનું ચૂક્યા નથી. **(૬૩-૬૪)**

૩. કૃતપુણ્યને સાર્થ સાથે વળાવવા આવેલી પત્નીના સ્વરમાં વિરહવેદના છે. પતિવ્રતા સ્ત્રીની ભાવના અને વણિકનો વ્યાપારાર્થે પરદેશ જવાનો વ્યવહાર સ્પષ્ટ થાય છે. **(૧૧૯–૧૨૧)**

૪. પરિવાર મેળાપ વિષે સાળા-બનેવીનો સંવાદ, જેમાં બન્ને વચ્ચેની મિત્રતા અને અભય કુમારનો ટીખળી સ્વભાવ નજરે ચડે છે. **(૨૦૯-૨૧૭)**

કૃતપુણ્યએ ચારે સ્ત્રીઓ સાથે બાર વર્ષ વ્યતીત કર્યા છતાં તે સ્થાન વિષેની માહિતી ન હતી. ત્યારે મહામંત્રી અભયકુમારે ઠપકો આપતાં કહ્યું, ''જેટલી સ્ત્રીઓને જોશો અને તેમની સાથે મનમેળ કરશો તો શાંતિથી નિંદ્રા ક્યાંથી કરી શકશો ? નગરમાં રહેવા છતાં સ્થાનનું સરનામું ખબર ન હોય આ તે કેવી મૂઢતા ? તમારા જેવા ડાહ્યા માણસો આવી ભૂલ કરે તો કોની સાક્ષી કરવી ? તમારી આંખમાં ધૂળ ઝોંકી તે વૃદ્ધા નિરંતર પોતાનો ફાયદો ઉઠાવતી રહી.'' કૃતપુણ્યએ પોતાનો બચાવ કરતાં કહ્યું, ''હું મહેલમાંથી નીચે ઉતર્યો જ નથી. હે બુદ્ધિનિધાન ! આપ મારી આટલી વાત સમજો. તમારી બૃદ્ધિ વડે સાચા-ખોટાની પરીક્ષા કરો. મારા જીવનમાં અમૃતને બદલે વિષ કાં ઘોળો ?''

- **ભાવનાત્મક શૈલી :**

૧. કૃતપુણ્યને મન, વચન અને કાયાથી વરી ચૂકેલી ચારે સ્ત્રીઓ જ્યારે પોતાના જ હાથે પોતાના સ્વામીને દૂર કરવા તૈયાર થઈ ત્યારે તે સ્ત્રીઓમાં વિરહની તડપન દ્રષ્ટિ ગોચર થાય છે. કવિશ્રી અહીં કરૂણ રસ પૂરે છે. **(૧૬૧-૧૬૩)**

નારિ આંખિ કરઇ જલજલી, દષ્ટિ થકી જાઇ વેગલી ;
થોડઇ જલિ તડફઈ માછલી, તાલોમા માછઇ થાઇ વલી.
નિસિ ભરિ નીંદ્ર માંહિ ઉજકઈ, પ્રગટી વાત કહી નવિ સકઇ ;
છાનાં તિહિ કાલજુ કુર પાઇ, ચિંતા દિવસ રાતિ નવિ જાઇ.
''કિણિ પરિ વીસરસઇ અહિઠાંણ, રમલિ તણાં એ સીલ સમાંણ ;''
કહઇ એમ લાડૂ બાંધતી, ઉન્હા નીસાસા મેલ્હંતિ.

૨. કૃતપુણ્યનું સઘળું કુટુંબ એકત્રિત થયું તે સમયે ભાવવાહી દશ્ય કવિશ્રીએ સુંદર રીતે વર્ણવ્યું છે. પત્નીઓનાં સાહચર્ય અને પાંચ પુત્રોનો કુટુંબ મેળો મળતાં સુખનો સાગર મળ્યો હોય તેમ ઉછાળથી તન મન છલકાઈ ગયાં. તેના અસ્તિત્વમાં આનંદ જ આનંદ હતો. **(૨૩૬-૨૩૮)**

મિલ્યું એ કુટંબ તિણિ ખિણિ એ, મન મધુકર તવ રણઝણઈ એ ;
હીયડલા હેજઇ ઉમટઇ એ, વલિ નવ નવ પ્રેમરસ ઉમટઇ એ.

ઉસસઇ રોમ અંકૂરડા એ, જાણે વૂઠડા મોહન મેહડા એ;
નયણડે અમીયહ તિહિ સંચરયા એ, તવ પૂરવ દુખ સવિ વીસરયા એ.
સુખ સાયર તે દીહડઉ એ, મન માનીયું મિલઇ એ મેલાવડઉ એ.

- **કથા ઘટકોમાં પરિવર્તન :**

૧. કૃતપુણ્યના પિતાનું નામ **ધનાવાહ** અને માતાનું નામ **ભદ્રા** છે. (૮)

૨. નવ માસે ભદ્રા શેઠાણીએ પુત્રને જન્મ આપ્યો. પુત્રના જન્મ વખતે ધનાવાહ શેઠે ધામધૂમપૂર્વક જન્મમહોત્સવ ઉજવ્યો. (૧૦)

૩. બાળક ગર્ભમાં આવતાં માતાને સુકૃત્ય કરી પુણ્ય ઉપાર્જન કરવાનું મન થતાં લક્ષણોપેત તે બાળકનું નામ **કૃતપુણ્ય** રાખ્યું. (૧૧)

૪. યૌવનવયમાં પ્રવેશતાં જ પિતાને પુત્રના વિવાહની ચિંતા થઈ. (૧૨)

૫. રાજગૃહી નગરીના ધર્મપ્રિય **ધન્ય** શેઠને ગુણીયલ અને સ્વરૂપવાન પુત્રીના વિવાહની ચિંતા સતાવતી હતી. (૧૪)

અહીં કવિશ્રીએ શ્રેષ્ઠી પુત્રીનું નામ ટાંક્યું નથી પરંતુ કડી ક્રમાંક ૧૦૦ માં **'પ્રેમવતી'** એવો ઉલ્લેખ કર્યો છે.

૬. વિવાહ થયા છતાં, કૃતપુણ્ય નિઃસ્પૃહી બની નવોઢાનો સંગ છોડી સાધુ સંગતિમાં રચ્યોપચ્યો રહ્યો. (૨૭)

૭. પિતાએ વિચાર્યું, 'સમાન વયના વ્યસની મિત્રોની નાગચૂડમાં પુત્ર વીંટાશે, તો સંસારની ગતિ જાણશે.' (૩૦)

પુત્રને ગમે તે ભોગે સંસારમાં જોડી પિતા પોતાના મન પર રહેલો મોટો ભાર હટાવવા માંગતા હતા.

૮. કૃતપુણ્ય વ્યભિચારી મિત્રોના સંગથી પરસ્ત્રી સાથે પ્રીત કરતાં શીખ્યો. (૩૩)

૯. એક દિવસ કૃતપુણ્યએ માર્ગ ઉપર એક સુંદર ગણિકાને જોઈ. તેનો ઉજળો વર્ણ અને ચંચળતાથી કૃતપુણ્યનું મન તેના તરફ ખેંચાયું. હવે તેનું ચિત્ત વિહ્વળ થયું. (૪૦-૪૧)

કૃતપુણ્ય પ્રથમ મિત્રોના સંગથી સ્ત્રી સાથે સંગ કરતાં શીખ્યો અને ત્યારપછી રૂપ સામ્રાજ્ઞી ગણિકાએ રાસનાયકના મનમાં ખળભળાટ મચાવ્યો.

૧૦. કૃતપુણ્ય સ્વયં ગણિકાની હવેલીમાં પહોંચ્યો. (૪૪)

અહીં તેના પિતા કે મિત્રો ગણિકાની હવેલીમાં પહોંચાડવા ગયા નથી. નિયતિનો પ્રવાહ વેગપૂર્વક ઘસી રહ્યો હોવાથી સુંદર પત્ની હોવા છતાં કૃતપુણ્યને કોઈ રોકી શક્યું નહીં.

૧૧. કૃતપુણ્યના સુખ માટે શેઠે બાર વર્ષમાં સાડા સોળ ક્રોડ સુવર્ણમુદ્રા ગણિકાને ત્યાં મોકલી. (૫૬)

ગણિકાને અપાયેલી સુવર્ણ મુદ્રામાં સહુથી વધુ આંકડો કવિશ્રી પદ્મવિજયજીએ નોંધ્યો છે.

૧૨. ધનાવાહ શેઠે પુત્રને ઘરે પાછો બોલાવવા ઘણાં કહેણ મોકલ્યાં પરંતુ કૃતપુણ્ય એક વાર પણ ઘરે પાછો ન ફર્યો. (૫૬-૫૮)

જીવનના અંતકાળે સંબંધ જ સૌથી વધુ અગત્યતા ધરાવે છે.

૧૩. 'માતા-પિતા પરલોક પહોંચ્યા' આ સમાચાર કૃતપુણ્ય જાણતો ન હતો. (૬૦)

સંભવ છે કે માતા-પિતાની અંતિમ વેળાએ પુત્રને બોલાવવા માટે સંદેશો મોકલ્યો હોય પરંતુ ગણિકા દ્વારા કૃતપુણ્યને ન કહેવાયું હોય, તેથી માતા-પિતાના દિવંગત થયાના સમાચાર કૃતપુણ્યને ન મળ્યા હોય. કવિશ્રીએ તે અંગે ખુલાસો કર્યો નથી.

૧૪. કૃતપુણ્યની પરણેતરે કેસરી લાલ રંગનું વસ્ત્ર પહેર્યું હતું. એવું વસ્ત્ર પહેરવાનું કારણ દર્શાવતાં કવિશ્રી કહે છે કે, રાસનાયિકાને એવી ચોક્કસ આશા હતી કે, 'એક દિવસ પ્રિયતમ જરૂર ઘરે પાછા આવશે.' (૬૨)

સામાન્ય રીતે પતિ પરદેશ હોય અથવા પતિ પત્નીને છોડીને ચાલ્યો ગયો હોય ત્યારે તે કાળની સમાજ વ્યવસ્થા અનુસાર ત્યક્તા અથવા વિધવા સ્ત્રી શૃંગાર ઈત્યાદિનો ત્યાગ કરતી, ઘરમાં વડીલોની આજ્ઞામાં રહેતી, જેથી તેનું શીલ સુરક્ષિત રહી શકે. દા.ત. મહારાજા શ્રેણિકના ચાલ્યા ગયા પછી ગર્ભવતી નંદા (અભયકુમારની માતા)એ સાદગીપૂર્ણ જીવન વીતાવ્યું.[૧]

અહીં પ્રિયતમાએ પોતાના પતિના આવવાની અમર આશામાં રંગબેરંગી વસ્ત્રો પહેર્યાં હતાં.

વર્તમાન કાળે અનિષ્ટ તત્ત્વોથી બચવા અને શીલનું રક્ષણ કરવા સ્ત્રીઓ વિધવા હોવા છતાં ચૂડી, ચાંદલો અને નકવેસર (નથણી) પહેરે છે, તેમજ રંગીન વસ્ત્રો પણ પરિધાન કરે છે.

૧૫. ગણિકાવાસમાંથી ધન ઉધરાવવા આવેલી દાસી જ્યારે કૃતપુણ્યની પત્નીને મળી ત્યારે તેના ગુણોથી અત્યંત પ્રભાવિત થઈ ગઈ. તેણે કહ્યું, ''ઉત્તમની સાથે એક ઘડી વ્યતીત થાય તે પણ ભલી હોય છે.' (૭૭)

કૃતપુણ્યની પત્નીનું પતિવ્રતાપણું અને સુસંસ્કારોની શ્રીમંતાઈથી દાસી પ્રભાવિત બની.

૧૬. અક્કાની પુત્રી (જે કૃતપુણ્યની પત્ની બની)નું નામ કવિશ્રી એ આપ્યું નથી તેમજ ગણિકાવાસ છોડી કૃતપુણ્યના ઘરે પાછી આવી એવો પણ કોઈ ઉલ્લેખ કવિએ ચોપાઈમાં કર્યો નથી. (૮૨)

૧૭. ''કૃતપુણ્યને ઘરમાંથી બહાર કાઢી મૂકો.'' અક્કાના આકરા વેણ સાંભળી તેની પુત્રીને આઘાત લાગતાં તે ધરતી પર ઢળી પડી. (૮૩)

અન્ય કોઈ કવિઓએ ગણિકાપુત્રીની મૂર્છિત અવસ્થા નોંધી નથી. કવિશ્રી ગણિકાના દુઃખની પરાકાષ્ટા દર્શાવવા અને કરૂણ રસને વધુ ઘેરો બનાવવા એવો ભાવ વ્યક્ત કરે છે.

૧૮. મકાન વાળવાના બહાના હેઠળ કૃતપુણ્યને અક્કાએ છેક ઉપરની મંજીલથી નીચે ઉતારી મુખ્ય દ્વાર સુધી પહોંચાડયો. અર્થાત્ અક્કાએ નિર્ધન કૃતપુણ્યને વેશ્યાવાસમાંથી બહાર કાઢવાનું કાવત્રું રચ્યું. (૮૮-૮૯)

૧૯. કૃતપુણ્ય અનેક શેરીઓમાં ભટકતો ભટકતો સ્વયં પોતાના જીર્ણશીર્ણ થયેલા ઘરે પહોંચ્યો. (૯૨)

અહીં રાસનાયકે પોતાનું ઘર શોધવા માટે કોઈને પૂછપરછ કરી નથી.

૨૦. ઘરની ખખડધજ હાલત જોઈને કૃતપુણ્યએ વિચાર્યું, 'એવા પુત્રને શું કરવું જે પૂર્વજોના નીતિમત્તાના માર્ગને મૂકી કુસંગમાં ભટકે છે. (૯૩)

કૃતપુણ્યને પોતાનો પસંદ કરેલો માર્ગ અસત્ય અને અયોગ્ય લાગ્યો તેથી પસ્તાવો થયો.

---

૧. જુઓ કવિ ઋષભદાસ કૃત 'શ્રી શ્રેણિક રાસ' - ઢાળ ૨૨, કડી ૪૨૭.

૨૧. કૃતપુણ્યએ જે સમયે ઘરમાં જોયું કે તેની સ્ત્રી નીચું મુખ કરી બોચી પકડી બેઠી હતી, તે જ સમયે કૃતપુણ્યની પત્નીનું ડાબુ અંગ ફરક્યું. (૯૫)

સ્ત્રીનું ડાબું અંગ ફરકવું તે શકુન શાસ્ત્ર અનુસાર શુભ ગણાય છે.

૨૨. પ્રિયતમને બારણામાં ઉભેલો જોઈ પ્રિયતમાએ વિચાર્યું કે, ''મારા એટલાં પુણ્ય કર્મ ક્યાં છે, કે પ્રિયતમના ચરણો મને પ્રાપ્ત થાય ? એટલું પુણ્ય તો મારા વડીલોનું છે. તેમનું પુણ્ય આજે ફળ્યું છે. (૯૬)

કૃતપુણ્યની ગુણવાન પત્નીએ વર્ષો પછી સ્વયં પતિના પુનરાગમનનો સઘળો યશ પોતાના વડીલોને આપ્યો. કવિશ્રીએ રાસ નાયિકાને મહાન ચિત્રિત કરી છે. તેના વર્તનમાં કોમળતા છે.

૨૩. કૃતપુણ્યની પત્ની પોતાના પ્રિયતમને જોઈ રોમાંચિત થતી હાથમાં નાળચાવાળો લોટો જળથી ભરી પતિના ચરણ પખાડવા સામે ગઈ. (૯૭)

પ્રિયતમાનો સત્કારની સાથે સાથે પતિ ભક્તિનો ભાવ પ્રદર્શિત થયો છે.

પ્રાચીન કાળમાં ચરણ પખાડવાની પ્રથા જોવા મળે છે. જેમ કે - **શ્રી કૃષ્ણ વાસુદેવ** પોતાના મિત્ર **સુદામા**ના ચરણ પખાડવા સ્વયં ગયા હતા. બહારથી આવેલા **ધનાવાહ શેઠ**ના પગ પખાડવા **ચંદનબાળા** ગઈ હતી. અહીં ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરાને કવિશ્રીએ કાવ્યમાં ગૂંથી છે. પગ પખાડવાથી ચરણ સ્વચ્છ બને છે અને થાક ઉતરી જાય છે.

૨૪. સત્કાર રૂપે પાણીનું સિંચન કરવા નાળચાવાળો લોટો લઈને આવતી પત્નીને જોઈને કૃતપુણ્યએ વિચાર્યું, 'જે નારીને મેં ત્યજી દીધી, તે જ નારીનું સિંચન લેવું !' (૯૮)

રાસનાયકે પત્ની સાથે દગો કરી દુઃખ સિવાય કાંઈ આપ્યું ન હોવાથી મનોમન લજ્જા અનુભવે છે. અહીં રાસનાયકે સ્વદોષ દર્શનના ભાવ વ્યક્ત કર્યા છે.

૨૫. 'પતિને દુઃખ થશે' એવું વિચારી પ્રિયતમાએ ઘરના કોઈ હાલહવાલ ન જણાવ્યા. (૧૦૦)

રાસનાયિકાની ગંભીરતા અને સમયને પારખીને વાત કરવાની આવડત પ્રશંસનીય છે.

૨૬. કૃતપુણ્યને માતા-પિતાના મૃત્યુના સમાચાર લોકમુખે સાંભળવા મળ્યા. (૧૦૧)

૨૭. કૃતપુણ્ય પોતાના ઘરમાં બે મહિના રહ્યો. તે સમય દરમ્યાન સંસાર સુખો ભોગવતાં રાસનાયિકા બેજીવી બની. (૧૦૩)

૩૮. ''સાહસ ખેડવાથી દુર્લભ વસ્તુ સુલભ બને છે પરંતુ હું તમને મારા મુખેથી પરદેશ કમાવા જાવ એવું કઈ રીતે કહી શકું ?'' (૧૧૬)

જગતનો વ્યવહાર ધનની ઘરી પર ચાલે છે. તે સંદર્ભમાં રાસનાયિકાની પોતાની મર્યાદામાં રહી, પતિને ધીરજ બંધાવી પ્રેમથી વાત કરવાની આવડત દર્શાવવમાં કવિ સફળ રહ્યા છે.

૨૯. કૃતપુણ્યની પત્નીએ સગા સંબંધીઓ સાથે રાસનાયકને મળાવી, શુભ દિવસે શકુનવિત્ને બોલાવી મુહૂર્ત કઢાવ્યું. (૧૧૭)

પ્રાચીન કાળમાં શકુન-અપશકુનમાં લોકો જબરો વિશ્વાસ ધરાવતા હતા.

૩૦. રાસનાયિકાએ પ્રવાસમાં જતા પતિને ભાતામાં ચાર લાડુ અને સૂવા માટે એક જીર્ણ ખાટલો આપ્યો. (૧૧૮)

તૂટેલો ખાટલો એ નિર્ધનતાનું પ્રતીક છે. વળી, તે સમયે ખાટલા પર સૂવાની પ્રથા હતી. તેનું મુખ્ય કારણ એ પણ હોઈ શકે કે, તે સમયે વીંછી, સર્પ જેવા ઝેરી જનાવરોનો ઉપદ્રવ વધુ હતો. આવા જીવજંતુઓના ડંખથી બચવા ભૂમિ પર શયન ન કરતાં ખાટલા પર સૂવાની પ્રથા લોકોએ અપનાવી હશે.

૩૧. રાજગૃહી નગરીના કોઈ ધનવંત શેઠના એકના એક પુત્રનું અવસાન થયું. (૧૨૯)

૩૨. શેઠાણીનો પુત્રવધૂ ઉપર પૂરેપૂરો દાબ હતો. (૧૩૨)

પ્રાચીન કાળમાં પુત્રવધૂઓ સ્વછંદતા ત્યજી સાસુની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરી વડીલોનો વિનય સાચવતી હશે, એવું સ્પષ્ટ થાય છે.

૩૩. જમીનમાં ખાડો ખોદી મૃત્યુ પામેલા પુત્રને દફનાવવામાં આવ્યો. (૧૩૩)

તે સમયની રાજનીતિ અનુસાર અપુત્રીયાનું ધન રાજદરબારમાં ઠલવાતું હતું તેથી ધનની સુરક્ષા હેતુ દેહને દહનવિધિ ન કરતાં દફનાવવમાં આવ્યો. જેથી કોઈને ખબર જ ન પડે.

૩૪. ધનની સુરક્ષા માટે વણઝારાની ટોળીમાંથી કોઈ અજાણ્યા વ્યક્તિને ઘરે લઈ આવી પુત્ર બનાવ્યો ત્યારે પાડોશીનું મન રાખવા શેઠાણીએ પરદેશથી પાછા ફરેલા પુત્રની વધામણી આપી. (૧૪૬)

પુત્રના મૃત્યુની ગંધ ન આવે અને ધન ખાલસા ન થાય તે માટે સાસુએ પડોશીઓને વિદેશથી પાછા ફરેલા પુત્રના આગમનની ખોટી વધામણી આપી પ્રપંચ ઉપજાવ્યું.

૩૫. સાસુએ કૃતપુણ્ય સાથેનો છેડો ફાડી નાખવાનું કહ્યું ત્યારે ચારે સ્ત્રીઓએ પતિને સાર્થવાહ પાસે મૂકવા જતાં પૂર્વે કૃતપુણ્યના ચરણોમાં નમસ્કાર કર્યા. (૧૬૪)

ભારતીય સ્ત્રીઓને મન પતિ એ જ પરમેશ્વર છે. ચારે પુત્રવધૂઓએ મન, વચન અને કાયાથી કૃતપુણ્યને પોતાના સ્વામી સ્વીકાર્યા હતા તેથી અંતિમ વેળાએ ચરણસ્પર્શ કરી વિનય પ્રદર્શિત કર્યો.

૩૬. રાસનાયિકા વણઝારાની ટોળીમાંથી પતિને લઈને ઘરે આવી ત્યારે આંગણામાં બાળક રમતું હતું. (૧૮૭)

તે સમયે બાળકની ઉંમર અગિયાર વર્ષની હોવાથી રાસનાયિકા બાળકને એકલો ઘરે મૂકી પતિને તેડવા સાર્થના સ્થાને ગઈ, એવું કવિ દર્શાવે છે.

૩૭. નિશાળના છેડે સામેની બાજુ એક હલવાઈની દુકાન હતી. (૧૯૫)

૩૮. જલકાંતમણિ વડે સેચનક હાથીને જલતંતુના પાશમાંથી છોડાવી કંદોઈએ મહારાજાને કહ્યું, ''તમારા બોલેલા વચનોનું પાલન કરી મને પ્રસન્ન કરો.'' (૨૦૦)

અહીં શરત અનુસાર કંદોઈની રાજકુંવરી સાથે પરણવાની અને ગરાસ મેળવવાની અધીરતા નજરે ચડે છે.

૩૯. મહારાજાએ વિચાર્યું, 'કંદોઈ એ હલકી જ્ઞાતિ છે. નીચ જાતિમાં રાજકુંવરીનું સગપણ કેમ થાય ? કાગડાની કોટે રતન ન બંધાય. (અણઘટતું જોડાણ ન થાય)' (૨૦૦-૨૦૧)

પ્રાચીન યુગ વર્ણપ્રથા સાથે જોડાયેલો હતો. તેથી આર્યકન્યાનો સંબંધ સમાન કુળ, જાતિ અથવા તો ઉચ્ચ પ્રતિષ્ઠિત ઘરોમાં થતો હતો. મહારાજા શ્રેણિક નગરીના રાજવી અને સત્યવાદી

શાસક હતા પરંતુ તે પૂર્વે એક સમર્થ અને નીતિવાન પિતા પણ હતા. પિતાની હેસિયતથી વિચારતા તેમને રાજકુંવરીનો હાથ કંદોઈના હાથમાં મૂકતાં જ્ઞાતિહીનતા, નિર્ધનતા, પરિહાસ અને પોતાના કુળની ગરિમાને કલંક લાગવાનો ભય સતાવતો હતો.

અર્વાચીન યુગમાં સંતાનો પાશ્ચાત્ય સંસ્કૃતિના વાયરા હેઠળ વિવાહ સબંધે જ્ઞાતિ, ખાનદાન, કુળપરંપરા સર્વને વાહિયાત ગણે છે તેથી આજે લગ્નવિચ્છેદનો કુગાવો કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે.

અહીં એવું પણ નજરે ચડે છે કે, પ્રાચીન કાળમાં સંતાનના વિવાહની સંપૂર્ણ જવાબદારી માતા-પિતાના શિરે રહેતી. પિતાના નિર્ણયમાં સંતાનોની સહમતિ રહેતી અને વડિલો પણ સંતાનના હિતનો પૂરેપૂરો વિચાર કરતા હતા. તે સમયની વર્ણ વ્યવસ્થાનું અહીંયા કવિશ્રી દ્વારા આલેખન કરવામાં આવ્યું છે.

૪૦. મહારાજા શ્રેણિકને ધર્મસંકટ ઊભું થયું કે, જો દ્રાક્ષની વેલી બાવળે જઈને વીંટાય તો અસમાનનો યોગ દુઃખ આપે, તેમ પુત્રીને કંદોઈ સાથે ન પરણાવે તો આપેલાં વચનો મિથ્યા થાય અને જો પુત્રીને કંદોઈ સાથે પરણાવે તો જગતમાં હાંસી થાય. (૨૦૨-૨૦૩)

'પ્રાણ જાય પણ વચન ન જાય' એ રઘુકુળની પરંપરાને પ્રાચીન કાળના રાજા-મહારાજાઓ અને સજ્જનો ચોક્કસ અનુસરતા હતા. મહારાજા શ્રેણિકની વાતમાં પ્રમાણિકતાનો રણકાર હતો.

૪૧. અભયકુમારે રત્નનો ભેદ જાણવા દંડનીતિનો પ્રયોગ કર્યો. (૨૦૩-૨૦૪)

હાડકાં ખોખરાં થવાથી કંદોઈ સાચું બોલ્યો.

૪૨. આ કથાનકમાં રાજકુંવરીનું નામ આપ્યું નથી. (૨૦૬)

૪૩. કૃતપુણ્ય રાજકન્યા સાથે લગ્નગ્રંથિથી જોડાયો પરંતુ પોતાની પૂર્વની ચારે સ્ત્રીઓને એક ક્ષણ પણ વિસરી શક્યો નહીં. તેણે પોતાની વ્યથાને દૂર કરવા અભયકુમારને ઘેર બોલાવી શરમાયા વિના અથથી ઈતિ સુધીની મનની વાત કહી. (૨૦૮)

અહીં કૃતપુણ્ય અને અભયકુમાર વચ્ચે ગાઢ મિત્રતા અને સ્નેહનો સેતુ દ્રષ્ટિગોચર થાય છે કારણકે જે વાત કૃતપુણ્ય પોતાની પત્ની ધન્યાને ન કહી શક્યો એ વાત મહામંત્રી અભયકુમાર સમક્ષ ખુલ્લા દિલે પ્રગટ કરી.

૪૪. શિલ્પીઓએ ચાર મુખ વાળી કૃતપુણ્યની પ્રતિછાયા રૂપ મનોહર અને ભવ્ય મૂર્તિનું નિર્માણ કર્યું. (૨૧૯)

૪૫. સર્વ કુટુંબી જનોના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે, 'આપણે કયા કર્મના ઉદયથી એક સાથે મળ્યા છીએ ? સુખમાં વચ્ચે વિક્ષેપ શાથી પડયો ? કયા કર્મના ઉદયથી પુનઃ આપણે ભેગાં થયાં ? જો કોઈ વિશેષ જ્ઞાની પુરુષ મળે તો તેમને પ્રશ્નો પૂછીને નિઃસંશય બનીએ.' (૨૪૫)

અહીં સર્વ કુટુંબીજનોને પૂર્વભવ જાણવાની જિજ્ઞાસા ઉદ્‌ભવી. એકલા કૃતપુણ્યને નહીં.

૪૬. ભગવાન મહાવીર સ્વામીની દેશના સાંભળ્યા પછી મોકો મળતાં જ કૃતપુણ્યએ સર્વજ્ઞ ભગવંતને પ્રશ્ન પૂછયો કે, ''હે ભગવંત ! ગત ભવમાં મે શું કર્યું છે ? શું મેં સદોષ તપશ્ચર્યા કરી છે, જેથી મને

સુખમાં વચ્ચે વચ્ચે વિક્ષેપ પડયો ? શું મેં જે જીવોએ ઉપકાર કર્યો તેમને અંતરાય પાડી છે ? કોઈ પ્રેમીને અળગા કર્યા છે ? કે પછી ખોટી સલાહ આપી છે ? હે ભગવંત ! મારો સર્વ વૃત્તાંત છુપાવ્યા વિના કહો.'' (૨૫૪-૨૫૬)

કૃતપુણ્યએ પૂર્વભવ જાણવાની જિજ્ઞાસા દર્શાવી સ્વદોષદર્શનનો ભાવ વ્યક્ત કર્યો છે.

૪૭. ચારે પાડોશણે સુપાત્રદાનની ખૂબ ખૂબ અનુમોદના કરી. (૨૮૬)

કોઈ સદ્કાર્ય કરતું હોય અને તેની મનોમન પ્રશંસા કે અનુમોદના કરવાથી પુણ્ય કરનાર જેટલો જ લાભ મળે છે. બળદેવ મુનિના કથાનકમાં આહાર વહોરતા બળદેવ મુનિના મનમાં વિચાર આવ્યો કે, 'અણધાર્યા જ આજે પારણાનો જોગ થઈ ગયો. હવે કાલથી હું બીજું તપ ઉપાડીશ અને કર્મની નિર્જરા કરવાનો લાભ લઈશ.' ગોચરી વહોરાવતાં કઠિયારાના મનમાં વિચાર આવ્યો કે, 'હું કેવો ભાગ્યશાળી ! આવા જંગલમાં પણ મુનિને વહોરાવવાનો મને લાભ મળ્યો. લાવેલો રોટલો કામમાં આવી ગયો.' તો આ જોઈ અબોલ એવો મૃગ વિચારી રહ્યો હતો, 'આ બન્ને જીવો કેવાં ભાગ્યશાળી છે. મેં કંઈક પાપકર્મો કર્યા હશે એટલે પશુનો અવતાર મળ્યો છે તેથી ન તો હું સાધુને કંઈ વહોરાવી શકું કે ન દીક્ષા લઈ શકું. મને આવો લાભ ક્યારે મળશે ?' ત્રણે જીવો આ પ્રમાણે વિચારી રહ્યા હતા ત્યાં વૃક્ષની એક મોટી ડાળી આકસ્મિક રીતે તૂટી પડી અને ત્રણે જણા તેની નીચે ચગદાઈ ગયા. ત્રણે જીવો શુભ ભાવમાં મૃત્યુ પામી પાંચમાં દેવલોકમાં ઉત્પન્ન થયા.

૪૮. શ્રમણોપાસકની વિનંતી છતાં, સાધુ કદી આમંત્રણ આપવાથી આવતાં નથી પરંતુ 'અવસરે અથવા વર્તમાન જોગ' એમ કહે છે. (૨૭૬)

જૈન સાધુ કદી નિશ્ચયકારી ભાષાનો પ્રયોગ ન કરે, એવું દર્શાવી કવિશ્રી જૈન સાધુની આચારસંહિતા દર્શાવે છે.

૪૯. બાળક ખીરના ભારી ભોજનને પચાવી ન શક્યો તેથી તેનું મૃત્યુ થયું. તે બાળક મરી શેઠના પુત્રરૂપે અવતર્યો. (૨૮૭)

બાળકના મૃત્યુનું કારણ અપચો બતાવ્યું છે.

૫૦. ચારે અનુમોદના કરનારી સ્ત્રીઓ પુણ્ય ઉપાર્જન કરી કૃતપુણ્યની ચાર પત્નીઓ બની. (૨૮૮)

અહીં પુનર્જન્મની સાથે સુકૃતની અનુમોદનાનું ફળ દર્શાવ્યું છે.

૫૧. કૃતપુણ્યની સર્વ સ્ત્રીઓને પૂર્વ ભવનો સ્નેહ હતો, તેથી વર્તમાન ભવમાં કૃતપુણ્યની પત્નીઓ બની. (૨૮૯)

સ્નેહના કે વૈરના બંધનો પરંપરાગત ચાલુ રહે છે. આ બાબત કવિશ્રી ધ્યાન કેન્દ્રિત કરે છે.

૫૨. કૃતપુણ્યના સંપૂર્ણ પરિવારે અણગાર ધર્મ સ્વીકાર્યો. (૨૯૪)

ગુરુદેશનાનો અમૃત સ્પર્શ જ્ઞાનની બારીઓને ખોલી નાખે છે અને પરમાત્મા ભણી જતી પગદંડી પ્રકાશમય થતાં અંતર્ચક્ષુ સમક્ષ પારલૌકિક તેજધારા રમી રહે છે.

૫૩. કૃતપુણ્ય મુનિએ ભવનિસ્તારિણી દીક્ષા લઈ આકરી તપશ્ચર્યા કરી. તેઓ આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ગયા. આગામી કાળમાં તેઓ શિવપુરીના સુખોમાં મહાલશે. (૩૦૦)

અહીં કયા દેવલોકમાં ગયા તેનો ઉલ્લેખ કર્યો નથી.

૨. કવિ શ્રી રતનસૂરિ કૃત કયવન્ના રાસ (આશરે ૧૫૭૯)

- [1]**વિક્રમીય સંવત આશરે ૧૫૭૯માં ૧૧૭ કડી** પ્રમાણ **'કયવન્ના રાસ'** રચ્યો છે. આ રાસના રચયિતા પૂનમ ગચ્છના **શ્રી સાધુ રતનસૂરિજી** છે.
- સાધુ રતન સૂરિના શિષ્ય [2]શ્રી પાર્શ્વચંદ્રસૂરિ છે, જેમણે સં. ૧૫૭૨માં તપગચ્છના [3]શ્રી સાધુરતન સૂરિજી પાસે દીક્ષા લીધી. તેમણે પ્રરૂપેલી કેટલીક સમાચારીના પરિણામે શ્રી પાર્શ્વચંદ્રસૂરિને માનનારા **'પાયચંદ ગચ્છ'** ના નામે ઓળખાયા. તે અનુસાર તેમની ગુરુ પરંપરાની પટ્ટાવલી 'ઇંડિયન એંટિકવરી'ના સં.૧૮૯૪ના અંકામાં આપેલ પાયચંદ ગચ્છની પટ્ટાવલી પ્રમાણે શ્રી રત્નશેખરસૂરિ → શ્રી ગુણચંદ્રસૂરિ → શ્રી હેમ-હંસસૂરિ → શ્રી હેમસમુદ્ર → શ્રી લક્ષ્મીનિવાસસૂરિ → શ્રી સોમરત્ન → શ્રી રાજરત્ન → શ્રી પુણ્યરત્ન સૂરિ → શ્રી સાધુરતનસૂરિજી.
- પ્રસ્તુત કૃતિમાં ક્રિયાપદના એકવચનમાં 'એ' કારાંત અને 'ઓ' કારાંત શબ્દ પ્રયોગો થયા છે. જેમ કે - એ = કાઢૈ, પછૈ, જાણસૈ, ખંડૈ, સોટૈ, ઉમટૈં, ઘટૈં, મુકૈ, ઘાલૈ, થોકૈથોક, ઠામૈં, પૂછૈ, વલૈ, દીસૈ, ઝૂરૈ, આવસૈ, નૈ. ઓ = પોઢતૌ, મેહલૌ, હોજૌ, પહુતૌ, ગ્રહયૌ, રહ્યૌ, વયૌ.
- પ્રસ્તુત કૃતિ ટૂંકાણમાં રચાયેલી હોવાથી વર્ણનોની પ્રસ્તુતિ નહીંવત્ છે. કેટલાક સ્થળોએ સામાન્ય ઉપમા કે ઉત્પ્રેક્ષા અલંકાર કવિશ્રીએ પ્રયોજ્યાં છે. તે સિવાય અલંકારોની ગૌણતા છે. સંક્ષેપમાં કથા નિરૂપણ એ આ કૃતિની વિશેષતા છે.

ઉપમા અલંકાર :

૧. વતું કરિ જિમ દાસ (૫)

આહીરાણી ગંગા વિધવા થતાં નિરાધાર બની ત્યારે તે શ્રીપુર નગરના શ્રેષ્ઠીને ત્યાં ઘરકામ કરવા રહી. અહીં તે નોકરની જેમ ઘરકામ કરતી હતી.

૨. ભૂંડા ભરડાની પરિ થયો. (૯૭)

હલકા બ્રાહ્મણની જેમ લોભી કંદોઈની ભૂંડી દશા થઈ.

ઉત્પેક્ષા અલંકાર :

૧. રાજલોક રખે દેખેં કોય (૪૮)

વૃદ્ધા રાત્રિના સમયે પોતાની ચારે પુત્રવધૂઓ સાથે કોઈ નવયુવક વારસદારની શોધમાં

---

૧. જૈ.સા.સં.ઈ. પારા-૭૭૬, પૃ. ૩૪૬.

૨. જૈ.ગૂ.ક.ભા.-૧, પૃ.-૨૮૭.

૩. શ્રી સાધુ રતનસૂરિએ 'યતિજીતકલ્પ' પર વૃત્તિ સં. ૧૪૫૬માં અને લગભગ તે જ અરસામાં નવતત્ત્વ પર 'અવચૂરી' (વે.નં. ૧૬૨૨)ની રચના કરી છે.

નીકળી. તેણે એક વડની નીચે એક સૌભાગ્યશાળી શેઠને સૂતેલો જોયો. તેણે ખાટલો ઉપાડવા પૂર્વે પકડાઈ જવાના ભયથી ડાબી અને જમણી તરફ જોયું. રખે ચોરી કરતાં કોઈ રાજસેવક જોઈ જાય !

યમક અલંકાર :

૧. **ભણ્યો ગુણ્યો જાણૈ અભિરામ (૧૮)**
૨. **માય તાય તવ પુહતાં તે પારિ (૨૧)**
૩. **મોદક વીસ શ્રીસ તવ કીધ (૪૧)**

વર્ણાનુપ્રાસ / વર્ણસગાઈ અલંકાર :

૧. **દાન જમલ કહુ કહીઇ કોય (૩)**
૨. **કેલિ કતોહલ કરિ કેવન્ન (૨૦)**
૩. **વાણોત્તર વરજ્યા વ્યાપાર (૨૧)**
૪. **સુકે સર સારસ ન સંગ (૨૮)**
૫. **કેડૈ કટારી ને કરવાલ કરિ (૪૭)**
૬. **મોદક લેઇ મેહલૌ માટલી (૫૦)**
૭. **સુડૌ સોટૈ સંઘેસરૈં, (૯૪)**
૮. **જુગતૈં જુગતી જોડી જોડ (૯૯)**
૯. **થોકેં થોકેં થઇ થાનકેં ચડેં (૧૦૮)**
૧૦. **સરખૈં સરખાં સમંધી મિલ્યા, પહિરાંમણી પહિરીનેં ચાલ્યા (૧૦૦)**

કહેવત / રૂઢિપ્રયોગ :

૧. **રાંકાં હાથૈં રયણ કિમ ઘટૈં (૯૭)** : ગરીબના ભાગ્યમાં કિંમતી વસ્તુનો યોગ ક્યાંથી હોય ?
૨. **લહિણું લેતાં દેણું થયઉં (૯૭)** : સવળું કરવા જતાં અવળું થયું.

વર્ણનાત્મક :

૧. પુત્રીને ગણિકાચારની સમજણ આપતી અક્કા, જેમાં સાર વસ્તુનો સંગ્રહ અને અસાર વસ્તુનો ત્યાગનો વિસ્તારપૂર્વક ઉપદેશ અપાયો છે. **(૨૪-૩૦)**

નિરધનને આદર મત કરો, કુલાચાર આપણો આદરો;
જિહાં જિહાં ગુલ તિહાં ચાંખીઇ, રસ લેઇ કુચા નાંખીઇ''
મદનમંજરી વાધ્યો પ્રેમ, ''બાર કોડિ જેહનાં વિલસ્યાં હેમ;''
''બેટી ! નિરધન નર તે સાપ, રાખી કાંઇ ફગા(વ)ઇ આપ.
ફોકટ સીહનિ કરડી કુંછ, હાથ થકી નવિ મુંકૈ મુંછ;
એ આચાર અછિં આપણો, દ્રવ્ય હીણો પાલેં પરહોણો.

છાસી વિલોઇનેં નાંખીચઇ, માંખણ તાવીનેં રાખીચઇ;
રુપિ ન રાચેં વેશ્યા કોઇ, જિહાં દ્રવ્ય તિહાં આદર હોઇ.
સૂકિ કમલ નવિ ભમિ ભૂચંગ, સુકે સર સારસ ન સંગ;
દાધિ વનિ મૃગલા નવિ ચરંતિ, ભૂપતિ ભાવઠિ પાલો હીડંતિ.
બાખડનેં કો બાંધે બાર ? બેટિ ! કાઢિ મેલ ઇસિ વાર;
સાર સંગ્રહીને રાખીચઇ, છેરિ છુંબરીનેં નાંખીચઇ .
આપ કાજૈ સહુ આદર કરૈ, નિરધન નર આપણું મન હરૈ;
ધર્મ આપણો એ દાખીઇ, જિહાં વિત્ત દીસેં તાં રાખીઇ''

૨. ચારે સ્ત્રીઓના પતિભક્તિના વિનિયોગમાં તે સમયની જીવનશૈલી અને આહાર પદ્ધતિ છતી થાય છે. એક સ્ત્રીએ પ્રભાતે દંતમંજન માટે બાવળનું દાતણ અને પાણી આપ્યું. બીજી સ્ત્રીએ દેહ મર્દન કરવા ચંદનનો લેપ અને સ્નાન બાદ અંગલૂછણ માટે અંગલૂંછણો આપ્યો ત્યારપછી કિંમતી વસ્ત્રો પરિધાન કરવા આપ્યાં. ત્રીજી સ્ત્રીએ ભોજનની વેળા થતાં થાળમાં વિવિધ પકવાનો અને મોદક પીરસ્યાં. ચોથી સ્ત્રીએ ભોજન બાદ મુખવાસમાં પાન-સોપારીનાં બીડાં અને લવિંગ આપ્યાં. (૫૩)

એકે આપ્યું દાંતણ નીર, બીજી ચંદન લૂંહણ ચીર;
ત્રીજી મેવા મોદિક નૈ પકવાન, ચઉથી લવિંગ ને ફોફલપાંન.

૪. સોહાસણિએ સાર્થમાં પતિને ન જોયો ત્યારે તેના મનમાં અમંગળ વિચાર પ્રગટ થયાં. તે સમયે આક્રંદ કરતાં પદ્માવતી રાણીની જેમ પોતાના પૂર્વ કર્મોની આલોચના કરી. સોહાસણીની આ આલોચનામાં પાપકર્મોનું દીર્ઘ વર્ણન છે. કવિશ્રીનું શાસ્ત્રોક્ત અખૂટ જ્ઞાન અને વિષયને અનુરૂપ વર્ણન શૈલી પ્રશંસનીય છે. (૬૫-૭૬)

હાથિ ચઢ્યો ઉડાડ્યો હંસ, મેં મૂરખ મોકલીઉ કંથ.
કિ નાખી જલ માંહિ જાલિ, કિ મેં કહિનેં દીધી ગાલિ;
સીલ ન પાલું સુધિ ચિત્ત, કિ મેં વાહી લીધાં વિત્ત.
ભુખ્યા તરસ્યાં ગોરુ જેહ, સાર સંભાલ ન કીધી તેહ;
ભલા લાભ મૈં લીધો ઘણો, કે મેં કુડો કાઢ્યો કરો.
પાપી સું કીધો પરવાર, ધર્માધર્મ ન લહૂં વિચાર;
પિસુનપણું કીધું પરતણું, તો દુખ પામ્યાં આપણ ઘણું.
માંગ્યાં આપ્યા હલ હથિયાર, જેણે થાઇ જીવ સંહાર;
મંત્ર જંત્ર કામણ મેં કીધ, પુછી બુધિ તે પાડુવી દીધ.
કિ મેં ભોજન કીધાં રયણિ, પાપ ન આલોયા મન વયણ;
દેવ ન માન્યા ગુરુ મા બાપ, તો મેં આજ પામ્યા સંતાપ.
કે મેં તોડી તરવર ડાલિ, કે મેં ફોડી સરોવર પાલિ;
કે મેં દીધાં કુડાં આલ, કે મેં માત વિછોહાં બાલ.
કે મેં કરુણા ન કરયો ધર્મ, કે મેં બોલ્યા મોસા મર્મ;
કે મેં સાધુ સાધવી સંતાપ્યા સાર, અસૂઝતાં મેં આપ્યા આહાર.

કે મેં કીધી પરની તાતિ, દાંન ન દીધું જીમણેં હાથિં;
નામ ન લીધું શ્રી જગનાથ, તો પરમેસ્વર મેલ્હી હાથ.
કે મેં પોપટ પંજરિ ઘરયાં, કે મઇ થાપણિ મોસા કરયા;
કે મેં કુડો કાઢયો કરહો, ગુણ પરિહરિ અવગુણ આદરયો.
આલાકુંલા જે ફલપાંન, દવ લગાડીને ઝૂડ્યાાં રાંન;
કે મેં મેલ્હાં વ્રત આચરી, પ્રીઉ વિજોગ પામી તેણૈ કરી.
ઇંદ્રી પાંચ ન રાખ્યાં ઠાંમ, કિ કેહના ભાંજ્યા વીસરાંમ;
કરયાં કર્મ કહું કેટલ્યાં, તે જગદીસ્વર જાણૈં તેટલ્યાં.

કથા ઘટકોમાં પરિવર્તન :

૧. ગરીબાઈથી સંતપ્ત આહિરાણીએ વિચાર્યું કે, 'મેં પૂર્વ ભવમાં કોઈને દાન આપ્યું નથી તેના ફળ સ્વરૂપે વર્તમાને ગરીબી પ્રાપ્ત થઈ છે. (૧૪)

'જે વાવે તે લણે અને આપે તે પામે' આ કહેવતનો ભાવ અહીં ઉજાગર થયો છે.

૨. કૃતપુણ્યએ માતા-પિતાના મૃત્યુનો શોક પંદર દિવસ પાળ્યો. તે સમયે તેને મળવા ઘણાં સ્વજનો આવ્યાં. (૩૮)

પ્રાચીન કાળમાં મૃત્યુ બાદ સ્વજનો પંદર દિવસ સુધી દુઃખમાં સહભાગી થવા અને દિલાસો આપવા સ્વજનોને ત્યાં જતાં હશે. એવી પ્રથાની છબી અહીં પડી છે.

૩. સાર્થપતિ ધનાવાહ શેઠનો મિત્ર હતો. (૩૯)

૪. સોહાસણિએ પ્રવાસમાં જતા પતિને ભાથામાં વીસ-ત્રીસ લાડુ આપ્યા. (૪૧)

કૃતપુણ્યને લાડુ અતિશય પ્રિય હતા તેથી રાસનાયિકાએ પોતાના પ્રિયતમને પ્રવાસમાં ઘણાં લાડુ આપ્યાં. (૫૭-૫૮) અન્ય કોઈ કવિઓએ લાડુની આટલી મોટી સંખ્યાનો ઉલ્લેખ કર્યો નથી.

૫. પરદેશ જવા પૂર્વે કૃતપુણ્યએ પાડોશીને ઘરની સંભાળ લેવાની ભલામણ કરી. (૪૨)

૬. નગરના કોઈ ખમતીઘર શેઠનો જુવાનજોધ પુત્ર પરદેશ જતાં વાહણમાં મૃત્યુ પામ્યો. તે શ્રેષ્ઠીના મૃત્યુના સમાચાર પારેવાએ આપેલા પત્ર દ્વારા મળ્યા. (૪૪)

તે સમયમાં પક્ષીઓ સંદેશવાહકનું કાર્ય કરતા હતા, તેનું પ્રતિબિંબ અહીં જોવા મળે છે.

૭. ચારે સ્ત્રીઓ સૈનિકનો વેશ ધારણ કરી, કેડમાં કટારી અને હાથમાં તલવાર લઈ રાત્રિના સમયે નીકળી. (૪૭)

૮. ચારે વહુઓએ પતિના શયનખંડમાં કૃતપુણ્યને ઢોલિયા પર પોઢાડ્યો. (૪૯)

૯. વૃદ્ધાએ ખાટલીને અનામત ઓરડામાં, મોદકને માટલીમાં અને વાંસળીને ખીંટીએ ટીંગાડવાની સૂચના કરી. (૫૦)

અહીં વૃદ્ધાનો દરેક વસ્તુને યથાસ્થાને મૂકવાનો ચોક્કસાઈવાળો સ્વભાવ નજરે ચડે છે.

૧૦. વૃદ્ધાને જોઈ કૃતપુણ્યએ બે હાથ જોડી પ્રણામ કર્યા ત્યારે વૃદ્ધાએ તેને, 'આયુષ્યમાન ભવ !'ના આશીર્વાદ આપ્યા. (૫૨)

જૈન આગમ, રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોમાં વડીલો તરફથી સંતાનોને 'દીર્ઘાયુ'ના આશીર્વાદ મળ્યા છે. તે પરંપરાને કવિશ્રી અનુસર્યા છે.

૧૧. કૃતપુણ્યને લાડુ અતિપ્રિય હતા તેથી ચારે સ્ત્રીઓએ ઉપકાર કરવાની દૃષ્ટિએ એક એક મણની જગ્યાએ ત્રણ મણના મોટા લાડવા બનાવી તેમાં રત્ન મૂક્યાં. (૫૭-૫૮)

૧૨. કૃતપુણ્યને જે દિવસે સાર્થમાં મૂકવા જવાનો હતો, તે દિવસે તેને મોડી રાત સુધી ઉજાગરો કરાવવામાં આવ્યો. (૫૯)

રાત્રિ જાગરણ કરવાથી કૃતપુણ્ય થાકીને ગાઢ નિદ્રામાં પોઢી જાય અને તેને ખાટલા સહિત ઉંચકીને પુનઃ સાર્થમાં મૂકવાની વૃદ્ધાની યોજના સફળ બને તે હેતુ થી કવિશ્રીએ કથાપ્રવાહમાં કલ્પનાના અંશો ઉમેર્યા છે. અહીં અન્ય કવિઓની જેમ મદિરા કે અવસ્વાપિની નિદ્રાનો પ્રયોગ થયો નથી. કવિશ્રી તળપદી ઉપાયને પ્રાથમિકતા આપે છે.

૧૩. સાર્થપતિ દ્વારા પતિના સમાચાર ન મળતાં સોહાસણિ મૂર્છિત બની ધરતી પર ઢળી પડી ત્યારે પાંચ-સાત સખીઓએ તેનો હાથ ઝાલી ઊભી કરી. (૬૨-૬૩)

કરૂણ રસને વધુ ગાઢ બનાવવા કવિશ્રીએ કાવ્યમાં કલ્પનાના રંગોની રંગોળી પૂરી છે.

૧૪. સોહાસણિએ જિજ્ઞાસા અને અચંબો પ્રગટ કરતાં પતિને પૂછ્યું, ''શું તમે બાર વર્ષથી અહીં જ સૂતા હતા ? તમને કોઈએ જતાં આવતાં જગાડ્યા નહીં ?'' (૮૦)

કૃતપુણ્યનો હૃષ્ટપુષ્ટ દેહ અને સ્વચ્છ વસ્ત્ર જોઈ રાસનાયિકને સંદેહ જાય તે સ્વાભાવિક છે.

૧૫. અભયકુમારે કંદોઈને કહ્યું, ''પહેલાં જાન લઈને આવો પછી તમને માન પાન મળશે. (૯૦)

૧૬. પૂર્વે કંદોઈના પાંચસો સ્વજનો હતાં પરંતુ રાજકુળમાં વિવાહ રચાતાં ઘણાં લોકો જાનમાં જોડાયાં. કંદોઈએ લગ્ન નિમિત્તે ઘર વેચી દેવું કર્યું. (૯૦-૯૧)

૧૭. રાજાએ જાનૈયા અને વરરાજા માટે અલગ ઉતારાનું આયોજન કર્યું (૯૧)

૧૮. પ્રત્યેક જાનૈયાની સેવા (માર મારવા) માટે ચાર ચાર સેવકો નિયુક્ત કરવામાં આવ્યા. (૯૨)

૧૯. પ્રત્યેક જાનૈયાને મુશ્કેટાટ બાંધી અંધારા ઓરડામાં પૂરી નેતરની સોટીથી માર મરાવી અધમૂવા કર્યા. અપરાધી પાસેથી અપરાધ કબૂલ કરાવવા અભયકુમારે દંડનીતિનો આસરો લીધો. (૯૩)

૨૦. કંદોઈની સાત કન્યાઓ હતી. (૯૬)

કંદોઈના પરિવાર અંગે કોઈ કવિએ આવી સ્પષ્ટતા કરી નથી. કંદોઈનો દીકરો પુણ્યનિધિ ના હાથમાંથી રત્ન ઝૂંટવી દોડ્યો; એવું યતીન્દ્રવિજયજીએ પોતાની સંસ્કૃત કથામાં ટાંક્યું છે.

૨૧. જાનૈયાઓને માર પડતાં પટ છોડી દશે દિશાઓમાં નાસી ગયા. (૯૮)

૨૨. અભયકુમારે નગરમાં વાત વહેતી મૂકી કે, ''કૃતપુણ્ય શેઠ પરલોક પહોંચ્યા છે. તેઓ યક્ષ બની પ્રજાજનોને પીડે છે.'' (૧૦૬)

તે સમયે સમાજમાં નડતરરૂપ બનતા દેવ-દેવી કે પૂર્વજોનું ખાંભી બેસાડી પરિવારજનો દ્વારા આડંબર પૂર્વક પૂજન કરવાની પ્રથા હશે.

૨૩. યક્ષપૂજન માટે પાંચ મોદક અને પાંચ ધાનની લાપસી પ્રજાજનો લાવ્યા. (૧૦૭)

૨૪. લોકોએ યક્ષને પૂજી પ્રાર્થના કરતાં કહ્યું, ''યક્ષદેવ ! ખોટા વિઘ્નોનો નાશ કરો અને અમારી રક્ષા

કરો.'' (૧૦૭)

૨૫. ચક્ષ પૂજન માટે તડાપડી થવા લાગી. (૧૦૮)

દર્શનાર્થીઓનું કીડિયારું ઉભરાયું હોય તેમ ભક્તોનો વૃંદ આવતો હતો. અહીં જનસમુદાય દ્વારા રાજઆજ્ઞાનું ચુસ્તપણે પાલન અને સમાજમાં અંધશ્રદ્ધાની વ્યાપકતા જોવા મળે છે. વળી, રાજગૃહી નગરીની વિશાળતા અને ગીચ વસ્તીનો ખ્યાલ પણ આવે છે.

૨૬. પ્રસ્તુત કથાનકમાં કૃતપુણ્યની છ પત્નીઓ છે. એક પરણેત્તર, ચાર સ્ત્રીઓ અને છઠ્ઠી રાજકુમારી લીલાવતી. (૧૧૫)

ગણિકા કદી કોઈની પત્ની ન બની શકે તેવો ભાવ દર્શાવવા કવિશ્રીએ ગણિકા કન્યાનો અહીં ઉલ્લેખ કર્યો નથી.

૨૭. **'મુક્તિ તણું જેણે લીધું રાજ'** (૧૧૬)

એવું કહી કવિશ્રી રાસની પૂર્ણાહુતિ કરે છે. કૃતપુણ્યમુનિના સંયમ જીવનના વર્ણનના સંદર્ભમાં કવિશ્રી ઉદાસીન રહ્યા છે.

૩. કવિ શ્રી દેપાલજી કૃત કયવન્ના વિવાહલઉ (૧૬મી સદીની આદી)

કવિશ્રી દેપાલજીએ પોતાની કૃતિને '[૧]**વિવાહલુ**' નામાભિધાન આપ્યું છે.

● ૧૫ કડી પ્રમાણ 'કયવન્ના વિવાહલઉ' કૃતિના રચયિતા કવિશ્રી દેપાલજી છે. સોળમા શતકના ભોજક જ્ઞાતિના જૈન કવિ હતા. તેમનો કવનકાળ સંવત ૧૫૦૦ થી ૧૫૩૪ સુધીનો છે. તેઓ નરસિંહ મહેતાના સમકાલીન છે. તે સમયના ટોચ કક્ષાના કવિઓમાં તેમની ગણના થતી હતી. તેઓ કવિ ઋષભદાસ અને કવિ પ્રેમાનંદને આંબી જાય તેવા તેજસ્વી શ્રાવક કવિ હતા.

કવિ ઋષભદાસે **'કુમારપાળ રાસ'** (સં. ૧૬૭૦)માં તેમની પ્રશંસા કરી છે :

'હંસરાજ વાછો દેપાલ માલ હેમની બુદ્ધિ વિશાલ'

દિલ્હીના પ્રસિદ્ધ દેસલહરા વંશના શાહ સમરો અને સારંગને ત્યાં આશ્રિત હતા, એવું **'કોચર વ્યવહારી રાસ'**માં જણાવ્યું છે.

' યાચક તેહના ઘર તણઉ વેધક નર વાચાલ;
જાણીતઉ જિનશાસનીકહીઈ કવિ દેપાલ.'

[૨]કવિશ્રી દેપાલે ગુજરાતમાં રહીને નાની મોટી ઘણી કૃતિઓનું સર્જન કર્યું છે. આર્દ્રકુમાર ઘવલ (વિવાહલુ), વજસ્વામી ચોપાઈ (સં.૧૫૨૨), જંબુસ્વામી પંચ ભવ વર્ણન ચોપાઈ પ્રબંધ (સં.૧૫૨૨), અભયકુમાર શ્રેણિક રાસ (સં. ૧૫૨૬ પૂર્વ), સમ્યક્ત્વ બાર વ્રત કુલક ચોપાઈ (સં. ૧૫૩૪), જાવડ ભાવડ રાસ, રોહિણેય પ્રબંધ, ચંદનબાળા ચરિત્ર ચોપાઈ, પુણ્ય-પાપ ફલ તથા સ્ત્રી વર્ણન ચોપાઈ, પાર્શ્વનાથ જીરાઉલા રાસ, સ્થૂલિભદ્રની કક્કાવાળી (નાની કૃતિ), સ્થૂલિભદ્ર ફાગ (ટૂંક-૨૭), થાવચ્ચાકુમાર ભાસ (ગીત), [૩]મંગલ દીવો, સ્નાત્રપૂજા, હરિયાળી, નવકાર પ્રબંધ (ભાસ); જેવી

---

૧. વિવાહલો કાવ્ય સ્વરૂપ : જુઓ પરિશિષ્ટ વિભાગ; ૨. જૈ.પ.ઈ.ભા.-૨, પૃ.૨૦૦ અને જૈ.ગૂ.ક.; ૩. સંધ્યા સમયે પ્રભુની પ્રતિમા સમક્ષ આરતી પછી મંગળદીવો ઉતારવામાં આવે છે.

અમર કૃતિઓ તૈયાર કરી.

- પ્રસ્તુત કૃતિમાં રચના સંવત આપી નથી પરંતુ કવિ શ્રી દેપાલજી વિક્રમની ૧૬મી સદીના આદિ કવિ મનાય છે તેથી તેમની કૃતિને ત્રીજો ક્રમાંક આપ્યો છે.
- કવિશ્રીએ આ કૃતિમાં કૃતપુણ્યના જીવનનો એક જ પ્રસંગ કાવ્યમાં ગૂંથ્યો છે.
- **'હરખિહિ કવિ દેપાલ જિમ' (૧૨)** કવિએ અહીં પોતાના નામનો ઉલ્લેખ કર્યો છે.
- ભાષાની દૃષ્ટિએ જોઈએ તો કવિશ્રીની ભાષામાં ક્રિયાપદોના એકવચનમાં 'ઉ'કારની પ્રધાનતા છે. જેમકે - જણાવઉ, જાણઉ, ભૂલઉ, કહઉ, મેલવઉ, કરાવિઉ, મોહીઉ, જુહારઉ.

- **કથાઘટકોમાં પરિવર્તન :**

૧. કૃતપુણ્યએ એક અપૂર્વ અને અચરજભરી વાત અભયકુમારને કહી, જેમાં પોતાના પરિવારનો મેળાપ ઈચ્છ્યો છે. (૧-૪)

૨. લાખ સુવર્ણ મુદ્રા ખર્ચીને કૃતપુણ્ય જેવી જ અપ્રતિમ મૂર્તિ અભયકુમારે તૈયાર કરાવી. (૬)
કોઈ કવિએ યક્ષ મૂર્તિની બનાવટમાં ખર્ચાયેલા ધનની નોંધ લીધી નથી.

૩. મૂર્તિને સોના અને રૂપાના અલંકારથી અલંકૃત કરવામાં આવી તેમજ કિંમતી રેશમી વસ્ત્રો દ્વારા વિભૂષિત કરવામાં આવી. (૭)
પ્રસ્તુત વર્ણનમાં શૃંગાર રસ સાથે અદ્‌ભુત રસ પ્રયોજાયેલો છે. તે સમયની વેશભૂષા દર્શાવી છે. પ્રાચીન કાળમાં શ્રીમંત પુરુષો ઘરેણાં અને રેશમી વસ્ત્રો પહેરતાં હતાં, એવું સિદ્ધ થાય છે.

૪. અભયકુમારે રાજગૃહી નગરીનાં ચૌટામાં ચાર દરવાજાવાળો એક પ્રાસાદ કરાવ્યો. (૮)
કવિએ સમવસરણની જેમ ચારે દિશામાં પ્રાસાદના ચાર દ્વાર બતાવ્યા છે. શ્રી ગુણવિનયજી અને શ્રી ગુણસાગરજીની કૃતિઓમાં પ્રાસાદના બે દ્વારનો ઉલ્લેખ થયો છે. પૂજા કરવા આવેલા લોકો એક દ્વારથી અંદર પ્રવેશતા અને બીજા દ્વારથી બહાર નીકળતા હતા.

૫. નગરજનો સહપરિવાર યક્ષ પૂજન માટે આવે એવો પડહ નગરમાં વગડાવ્યો. (૯)
અહીં ફક્ત બાળકોવાળી સ્ત્રીઓને નહીં પરંતુ સહપરિવાર યક્ષ પૂજન માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

૬. પ્રત્યેક ઘરે યક્ષ પૂજન માટે મોદક થવા લાગ્યા.

૭. યક્ષને પ્રણામ કરતાં લોકો કહેતાં, ''હે યક્ષ દેવતા ! અમે તમને ઘણાં મોદકનો ભોગ ધરાવશું. અમારા કુળની રક્ષા કરજો. તમે જ અમારા સ્વામી છો.'' એમ કહી કેટલાક લોકો યક્ષપૂજન કરી નાચગાન કરતા, કેટલાક ગીતો ગાઈ હરખ વ્યક્ત કરતા હતા. (૧૧-૧૨)
યક્ષ પૂજન કે કુળદેવીનું પૂજન સમાજમાં વ્યાપક સ્તરે પ્રસરેલું હશે. ઉપરોક્ત વર્ણન વર્તમાન કાળે થતી દેવ-દેવીઓની 'પહેડી'ની યાદ અપાવે છે.

૮. યક્ષના સ્થાને કૃતપુણ્યની મૂર્તિને જોઈ નવ જણને ભારે અચંબો થયો. (૧૩)

૯. ચારે સ્ત્રીઓ મૂર્તિને જોઈ એક પણ શબ્દ બોલી નહીં પરંતુ મનમાં મલકાવા લાગી. (૧૪)

તે કાળમાં પુત્રવધૂઓ સાસુની આમાન્યા જાળવતી હશે. વળી, છડેચોક પતિ અંગેનો વાર્તાલાપ સાસુના નિયંત્રણને કારણે ટાળ્યો હશે, એવું પણ બની શકે.

૪. કવિ શ્રી ઋષભદાસ કૃત કયવન્ના શેઠનો રાસ (સં. ૧૬૨૧)

● **'પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત!'** પ્રત્યેક જૈન ધર્મીની ભાવનાનું ગાન કરતી કાવ્ય-પંક્તિના રચયિતા પ્રાગ્વંશના બાર વ્રતધારી સંઘવી સાંગણના પુત્ર શ્રાવક [૧]કવિ શ્રી ઋષભદાસ છે, જેમણે વિક્રમ સંવત ૧૬૨૧માં, ૨૮૬ કડી પ્રમાણ (દુહા : ૭ અને ઢાળ : ૧૬) આ **'કયવન્ના શેઠ રાસ'** રચ્યો છે. રાસને અંતે કડી (૨૮૫-૨૮૬)માં તેમણે પોતાનો પરિચય આપ્યો છે.

● પ્રસ્તુત કૃતિનો [૨]'રાસ' તરીકે ઉલ્લેખ કરીને રાસના અંતે ગુરુ સ્મરણ, રચના સ્થાન અને સંવત દર્શાવતાં કહે છે. **(૨૮૩-૨૮૪)**

સહિ ગુરુ ચરણ નમિનઈં ગાયો, કઈવન્નાનો રાસો જી;
ખંબાવટી નયરીમાંહિ જોડયો, પોહોતી મનની આસો જી.
હર લોચન દિગ અનોપમ, ચંદ સંવસર જાણો જી;
માસ શુચીનઈ ત્રીજ ઉજલી, વાર ગુરુ રાસ રચાણો જી.

તપગચ્છના શ્રી હીરવિજયસૂરિજીના શિષ્ય શ્રી વિજ્યાનંદસૂરીશ્વર, જેઓ કવિના ધર્મગુરુ હતા. એમને અંતિમ મંગલાચરણમાં સ્તવના કરી કવિએ 'કયવન્ના શેઠ'નો રાસ પૂર્ણ કર્યો છે.

● રસાળ શૈલીમાં રચાયેલો આ રાસ ઉપમા, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, યમક, રૂપક ઈત્યાદિ અલંકારો વડે સજાવેલો છે.

ઉપમા અલંકાર :

૧. મુખ પુન્યમનો ચાંદલો, કનકવરણ જસ દેહ (૧)

---

૧. **કવિ ઋષભદાસ** : મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શિરોમણિ કવિ શ્રી ઋષભદાસજીના પિતામહ (દાદા) ખંભાતના વીસા (પ્રાગ્વંશીય) પોરવાડ જૈન હતા. તેમના દાદાનું નામ મહીરાજ હતું.

કવિ શ્રી **'વ્રતવિચાર રાસ'**માં જણાવે છે કે વિસલદેવ ચાવડાએ ઈ.સ. ૧૦૬૦માં મહેસાણા જિલ્લામાં વિસલનગર (વિસનગર) વસાવ્યું હતું. આપણા રાસનાયકના દાદા આ વીસનગરના વતની હતા. તેઓ બારવ્રતધારી શ્રાવક હતા. પ્રાગ્વંશના મોભી (વડીલ) હતા. પ્રાગ્વંશના વેપારીઓમાં તેમને ખૂબ જ ખ્યાતી મેળવી હતી. તેમનો સાંગણ નામનો પુત્ર હતો. સંઘવી મહીરાજે શત્રુંજય, ગીરનાર, જૂનાગઢ જેવાં તીર્થસ્થાનોની યાત્રા કરી અને કરાવી હતી.

કવિ ઋષભદાસ એટલે સાંગણના પુત્ર. તેઓ પ્રથમ વીસનગરમાંજ રહેતા હતા. ત્યારબાદ વ્યાપારાર્થે ખંભાવટી નગરીમાં આવવાનું થયું. વ્યાપારમાં સફળતા પ્રાપ્ત થતાં કાયમ માટે ખંભાતમાં રહ્યા. તેઓ શ્રીમંત બન્યા. સાંગણ પણ પોતાના પિતાની જેમ ધાર્મિકવૃત્તિવાળા હોવાથી સંઘ કઢાવી 'સંઘવી'નું બિરૂદ મેળવ્યું હતું.

'કયવન્ના રાસ' એક જ રાસ એવો છે જ્યાં કવિ ઋષભદાસે માતા શારદાને મંગલાચરણમાં સ્તવ્યા નથી. કવિ ઋષભદાસજીને માતા સરસ્વતીની અસીમ કૃપા પ્રાપ્ત થઈ અને તેઓ મહાન કવિ બન્યા.

૨. રાસા કાવ્ય સ્વરૂપ - જુઓ પરિશિષ્ટ વિભાગ.

મરૂદેવા માતાના પુત્રનું મુખ પૂનમના ચંદ્રમા જેવું તેજસ્વી હતું અને શરીરનો વર્ણ સુવર્ણ જેવો પિત્ત(પીળો) હતો. પુનમનો ચંદ્ર આછો પિળો પણ તેજસ્વી હોય છે, તેમ ભગવાન ઋષભદેવના મુખ અને દેહના વર્ણને અનુક્રમે ચંદ્ર અને સુવર્ણ સાથે ઉપમિત છે.

૨. **ખીર નહી કાંઈ હેમ સમાન (૪૧)**

બાળકના રડવાનો અવાજ સાંભળી પાડોશણો બહાર આવી. ગંગદત્તના રડવાનું કારણ જાણીને પાડોશણે કહ્યું, ''ખીર સુવર્ણ જેટલી કિંમતી નથી કે તું બાળકને રડાવે છે ?''

અહીં પાડોશણની પરોપકારવૃત્તિ અને બાળક પ્રત્યેની વાત્સલ્યતા નજરે ચડે છે.

૩. **કાને ઝાલિં ઝબુકઈ દોયો રે, રવિ મંડલ સરીખાં તે હોયો રે.(૮૧)**
અધર અનોપમ જિમ પરવાલી રે.(૮૨)
નાગકુમારી રંભા તોલઈ રે.(૮૩)
જંઘા જેની કદલી સ્થંભો રે.(૮૫)

મદનમંજરીએ કાનમાં પહેરેલી ઝાલિ સૂર્યના તેજ જેવી ચમકતી હતી. તેના લાલ ચટક હોઠ પરવાળા જેવાં હતાં. તેનું સૌંદર્ય દિવ્યસ્વરૂપા નાગકુમારી અને રંભાની તોલે આવે તેવું હતું; તેના પગ કદલી સ્તંભ જેવાં પાતળાં હતાં. આમ, મદનમંજરીનું અંગવર્ણન કરતાં કવિશ્રીએ સુંદર ઉપમાઓ પ્રયોજી છે.

૪. **ચંદ્ર બ્ચિંબ સરીખો કઈવન્નો, લેઈ ઉપાડ્યો ત્યાંહિં (૧૪૫)**

ચંદ્રના બિંબ સમાન તેજસ્વી મુખાકૃતિવાળા પુરુષને ઉપાડી ચારે સ્ત્રીઓ ચાલવા માંડી.

૫. **જલ વિણ મીન પરિં તડફડતી (૧૬૮)**

કૃતપુણ્યના વિયોગમાં ચારે સ્ત્રીઓ જળ વિનાની માછલીની જેમ તરફડવા લાગી. વિત્વળ પ્રેમી પંખીડાને એકલતાનાં ડંખ વાગતાં હતાં, તેવું દર્શાવવા સુંદર ઉપમા નિરૂપી છે.

ઉત્પ્રેક્ષા અલંકાર :

૧. **સિર તિલક બનાવ્યું સાર, જાણે મહીપતિનો અવતાર ! (૧૫)**

શ્રીપતિ શેઠે મસ્તકે મોટું તિલક બનાવ્યું, જાણે સાક્ષાત્ ઈંદ્રનો અવતાર !

૨. **જાણું ઈન્દ્ર તણો અવતારો રે, જેહના સુખ તણો નહીં પારો રે. (૭૨)**

કૃતપુણ્યએ કિંમતી વેશભૂષા ધારણ કરી, ગળામાં અમૂલ્ય રત્નનો હાર પહેર્યો. તેની શોભા અનુપમ હતી જાણે ઈન્દ્રનો અવતાર જોઈ લ્યો !

૩. **ચીત્રાલંકી જાણો રંભો રે.(૮૫)**

૪. **છાનો રાખ્યો રાજા માટઈં, રખે ! કરઈ ધન હરણ (૧૪૪)**

૫. **રખે ! નગરનો પંથ નિહાલઈં એહ (૧૫૫)**

૬. **ચિત્ત ચાલઈ ભરતારનઈં, જાણું રામ સીતાય રે (૧૮૭)**

પ્રિયતમા પ્રિયતમના ચિત્તને એવી અનુસરતી હતી, જાણે રામને અનુસરતી સીતા !

રૂપક અલંકાર :

૧. **મૃગનયણી અને કમલનયન.(૮૨)**

અતિશયોક્તિ અલંકાર :

૧. **મદનમંજરીનું મુખ દેખી રે, ગયો ચંદ મૃતલોક ઉવેખી રે. (૮૦)**
મસ્તગ વેણી લાંબી કાલી રે, ગયા પાતાલિં નાગ નિહાલી રે.(૮૧)

મદનમંજરીની તેજસ્વી મુખમુદ્રા જોઈ ચંદ્ર પણ મૃત્યુલોક છોડી ચાલ્યો ગયો અને તેનાં કાળાં, ભમ્મર અને લાંબા કેશકલાપ જોઇ નાગ પણ પાતાળ લોકમાં ચાલ્યો ગયો.

૨. **રાતાં તલવા નિં નખ રાતાં રે, મોહી રહ્યાં મૃગ વાટઈ જાતાં રે.(૮૭)**

મદનમંજરીના પગની પાની અને નખ લાલ ચટક હતાં. તેની સુંદરતાને જોઈ રસ્તે ચાલતાં મૃગો મોહિત થઈ જતાં.

કહેવતો / રૂઢિપ્રયોગો :

૧. **દીધો ચાંદા ઉપરિ ઘાય રે (૪૯)** : દુ:ખમાં વધારો થવો.

ગંગા પ્રથમથીજ વિધવા થઈ હતી અને તેમાં પુત્રનું અકાળે મૃત્યુ થતાં જાણે કોઈએ ચાંદા પર પ્રહાર ન કર્યો હોય એમ અપાર દુ:ખ થયું.

૨. **હાથ ઘસંતી (૧૬૭)** : પસ્તાવો કરતી

સોહાસણિ પુત્રને લઈ સાર્થમાં ચારે બાજુ ફરી વળી પરંતુ પતિના કોઈ સમાચાર ન મળ્યા ત્યારે હાથ ઘસતી પાછી ફરી.

૩. **હાથ ચડ્યો (૧૬૮)** : મહામહેનતે ભેટો થવો

સોહાસણિએ પસ્તાવો કરતાં વિચાર્યું, 'બાર વર્ષ પછી હાથ ચડેલા પતિને મેં સ્વયં પરદેશ મોકલ્યા.'

૪. **વિણઠી વેલા (૨૫૫)** : ખરાબ સમય પસાર થઈ જવો.

વૃદ્ધાએ ચારે સ્ત્રીઓને કહ્યું, ''હવે વેળા વિણસી ગઈ છે, તમે આગંતુકની નવોઢા બની તેની સાર સંભાળ કરો.''

વર્ણનાત્મક શૈલી :

૧. ઘીના વ્યાપારી મહીપતિ શેઠના સ્વરૂપનું લાક્ષણિક વર્ણન : **(૧૪.૨-૧૬.૧)**

ઘીના વ્યાપારીનો મેલોઘેલો વેષ, ગંધાતું માથું જોઈ લોકો તેમની દુર્ગંધથી દૂર રહેતા હતા.

જિનપૂજા કરી રહેલા શ્રીપતિ શેઠે રેશમી વસ્ત્રો, ગળામાં હાર, હાથમાં કંગણ, આંગળીઓમાં મુદ્રિકાઓ પહેરી હતી તેમજ કપાળે મોટું તિલક બનાવ્યું હતું. શ્રીપતિ શેઠ ઇંદ્ર જેવા દિવ્યસ્વરૂપ હતા.

અહીં કવિશ્રીએ બિભત્સ રસ અને શૃંગાર રસનું નિરૂપણ કર્યું છે.

૨. શ્રીપતિ શેઠ અને ગંગા આહીરાણીનો સંવાદ : **(૧૭.૨-૨૨)**

મધ, માખણ કે વિગયનો વ્યાપાર કરવો એ જૈન ધર્મની દષ્ટિએ પંદર પ્રકારના કર્માદાન (મહાપાપ)માં લેખાય છે. કારણકે તેમાં અનંત કાયના જીવોનો સંહાર રહેલો છે. આવો વ્યાપાર કરનાર વ્યક્તિ જૈનોની દષ્ટિએ નીંદાપાત્ર લેખાય છે તેથી શ્રીપતિ શેઠના વ્યાપારને શ્રાવકોએ વખોડયો છે. વળી, કડી (૨૧-૨૨)માં કવિશ્રી કથાપ્રવાહમાં જિનપૂજાનું અદ્‌ભુત મહત્ત્વ દર્શાવે છે. જિનપૂજા કરનાર સંતાન સુખ અને સંપત્તિ સુખ મેળવે છે. જૈનધર્મના આરાધકો માટે આ પંક્તિઓ માર્ગસૂચક છે.

૩. ગંગદત્તની વહોરાવવાની ક્રિયામાં ભાવોમાં થતી ચઢાવટનું વર્ણન કવિશ્રીએ મૌલિક રીતે કર્યું છે. **(૪૫.૧-૪૬)**

અભિગ્રહઈધારી મૂની આવઈ રે, પ્રતિલાભવા ઊભો થાવઈ રે.
કરિ ચોથો ભાગ તે આલઈ રે, પછઈ અરધ ઉપરિ મન વાલઈ રે;
ત્રિણ ભાગ દેઉ જાણઈ બાલ રે, પછઈ આખ્યું આખું થાલ રે.

૪. ગણિકા સંગે ભોગવિલાસમાં પરોવાયેલા કૃતપુણ્યની રોજનીશી **(૭૦-૮૭)** અહીં પ્રસંગોપાત કથાપ્રવાહમાં કવિ શ્રી વિવિધ રાગ-રાગિણીનાં નામો ગૂંથી સંગીતકાર બન્યા છે.

૫. અક્કા અને મદનમંજરીનો વાદ-વિવાદ : **(૧૦૯-૧૧૬)**

અક્કાએ મદનમંજરીને સમજાવતાં કહ્યું, ''સાર તત્ત્વને ગ્રહણ કરી અસારને ત્યજી દેવું જોઈએ. જેમ શેરડીનો રસ ચૂસી તેના કૂચા નાંખી દેવામાં આવે છે. હંસ પણ સૂકા સરોવરને ત્યજી દે છે. અને બાખડ ઢોરને લોકો કસાઈવાડે મૂકી આવે છે. હે પુત્રી ! તું પણ નિર્ધન કૃતપુણ્યને છોડી દે. નિર્ધન એ તો સાપ સમાન છે. સાપનો કદી સંગ્રહ ન કરાય. સાપ જતાં જતાં પણ અનિષ્ટ કરીને જાય છે.''

તેનાં પ્રત્યુત્તરમાં મદનમંજરીએ કહ્યું, ''હે માતા ! ભલે સરોવર સુકાઈ જાય છતાં સારસ પક્ષી સરોવરની પાળને છોડતું નથી, તેમ ઉત્તમ મનુષ્યો જેની સાથે સોબત કરે છે તેને અધવચ્ચે છોડી દેતાં નથી પરંતુ છેવટ સુધી નિભાવે છે.'' અહીં મદનમંજરી ગણિકા હોવા છતાં સતી સ્ત્રીની જેમ કૃતપુણ્યને જ પોતાના પતિ તરીકે સ્વીકારે છે.

૬. કૃતપુણ્યને વેશ્યાવાસમાંથી બહાર કાઢવા ગણિકાએ રચેલી કનડગત કવિશ્રીએ વિસ્તારપૂર્વક વર્ણવી છે. કવિની વર્ણનશૈલી રસિક છે. **(૧૧૭-૧૨૮)**

૭. બાર વર્ષે પાછા ફરેલા પતિનો પુનઃ વિયોગ થયો તે સમયની સોહાસણિની મનસ્વિતામાં કરૂણ રસ પ્રયોજાયેલો છે. વળી, તેમાં પ્રસંગોપાત કવિશ્રી જૈન ધર્મનો કર્મ સિદ્ધાંત ઉપદેશે છે. **(૧૪૨-૧૪૩, ૧૬૮-૧૭૮)**

૮. ચારે સ્ત્રીઓની પતિ ભક્તિમાં તળપદું લોકજીવન અને ખાનપાનનો બોધ થયો છે. **(૧૪૮)**

૯. વૃદ્ધા અને પુત્રવધૂઓનો સંવાદ કવિશ્રીએ રોચક રીતે વર્ણવ્યો છે. **(૧૫૭-૧૬૦)**

૧૦. સોહાસણિની પતિ ભક્તિમાં મુગ્ધ પ્રેમ વ્યક્ત થયો છે. તે સમયની જીવનશૈલી અને ખાનપાન પ્રદર્શિત થાય છે. **(૧૮૨-૧૮૬)**

ભગતિ કરઈ ભરતારની, મુક્યું થાલ વિલાસ રે;
કઈવન્નો કર તિહાં ઘોઈ, મુકઈ વસ્ત્ર રસાલ રે.
પ્રીસતી પોલી પાતલી, માંહિઈ ઘૃત તણી ધાર રે;
વીજણઇ વાય વીંજાવતી, ચિંતઈ એહ કિરતાર રે.
કમોદિના ચોખા પ્રીસતી, ખાંડયા દૂબલા કેરા રે;
માતી નારીના ઝાડક્યા, રાંધ્યા સોય ભલેરા રે.
દાલ આખી ઉની પ્રીસતી, માંહિ શાક અઢાર રે;
ખાટાં ખારાં લીંબુઆં, પ્રીસઈ ગોરસ સાર રે.
કઈવન્નો જમી ઉઠીઉ, આપ્યાં ફોફલપાંન રે;
સેજ ઢાલીઅ સુઆરીઉ, દીઈ નારિ બહુમાન રે.

૧૧. રાજદરબારમાં જવા પૂર્વે કૃતપુણ્યએ રચેલો શણગાર ઉપમા અલંકારથી ગૂંથાયેલો છે, જેમાં શૃંગાર રસની ઝલક જોવા મળે છે. તેમાં તે સમયના શ્રેષ્ઠીઓનો પહેરવેશ અને શૃંગારની માહિતી મળે છે. **(૨૧૬-૨૧૮)**

એણૈં વયણિ હરખ્યાં નરનારી, શરી(૨) તણી સોભા જ વધારી;
પહિરઈ પટોલું કટી કંદોરો, સારુ પાગ ગલિં સોવન દોરો.
ભઈખની પહઈરી એકતાઈ, કસબ કણો તેણઈ જ્યોતિ લગાઈ;
ચંપવરણ ઊંઢી પીછોડી, કઈવન્નો હીંડઈ તન મન મોડી.
પિહઈરિં વાંહણી તિહાં બહુ મૂલો, વેઢ મુદ્રિકાનિં સિર ફુલો;
દેવ સરિખું રુપિં થાય, શુભ સુકને આવ્યો જીહાં રાય.

૧૨. કૃતપુણ્યના વિવાહનો શાનદાર પ્રસંગ ભારતીય સંસ્કૃતિ અનુસાર આલેખાયો છે. **(૨૨૫-૨૨૭)**

કઈવન્નાનિં નૃપ પરણાવઈ, મૃગનયણી નારી મલી ગાવઈ;
નીલઈ વાંશિ ચોરી બંધાવઈ, અગિનિદેવ તિહાં સાક્ષી થાવઈ.
વેગિં વરત્યા મંગલ ચ્યારો, વર કન્યા ખાતાં કં સારો;
શ્રેણિક દેતો કન્યાદાનો, બાર કોડય આપ્યું જ નીધાંનો.
સરખઈ સરખી મલી જોડયો, પહિરામણી કીધી નવ કોડયો;
કઈવન્નો કન્યા લેઈ આવઈ, સોહાસણિ બેહુ નઈ વધાવઈ.

૧૩. બુદ્ધિનિધાન અભયકુમારની કાર્યસિદ્ધિ જેમાં તેમની ઔત્પાતિક બુદ્ધિનું વર્ણન અદ્‌ભુત રસમાં આલેખાયું છે. **(૨૩૧-૨૩૪)**

૧૪. ચારે પુત્રોની પિતૃ પ્રેમ દર્શાવતી પંક્તિઓ તળપદી ભાષામાં મનોહર છે. જેમાં બાળકોની નિર્દોષતા

અને ભોળપણ નજરે ચડે છે. **(૨૫૨-૨૫૪)**

તાણઈ ઝાલીઈ વલગઈ હાથિં, ''ગયા ક્યાં તુમ વઢી માં સાથિ ?
રાંધી અન્ન નઈં જોતી વાટો, ગયા રીસાવી તે સ્યામાટો ?
ભુંડું કરચું અતિ તુમ ભાઈજી ! ઈમ ન જાઈઈ દારિથી ખીજી;''
ઈમ કહી વલગા સઘલા છેહડઈ, ''ચાલો તુમ અમ માતા તેડઈ.
રાતિં બપોર લગઈ ઘરિ હુંતા, પછઈ ન દીઠા કિહાં જઈ સૂતા ?
તે દાડાના દીઠા આજો, ઘરિં પધારો મ કરો લાજો.''

૧૫. જિનેશ્વર ભગવંતની મનુષ્ય જન્મની દુર્લભતા દર્શાવતી વૈરાગ્યસભર દેશના વીરરસ અને શાંતરસ પ્રધાન છે. જેનાથી ચરિત્રનાયકના જીવનની રોનક જ બદલાઈ ગઈ. **(૨૬૮-૨૭૬)**

ઉપદેશાત્મક :

૧. દરિદ્ર અવસ્થામાં સ્વજનો સગાં મટી અણસગા થાય છે. **(૩૦)**

ઉલખીતાં જેહ સગાંય રે, તે સુહટાલાં દેઈ જાય રે;
ભૂંડા દરિદ્ર તણો મહીમાય રે, સગાં ફીટી અણસગાં થાય રે.

૨. શૂરવીરનું સંગ્રામમાં, હાથીનું ગઢના જીતવામાં, દાનવીરનું સ્વ હસ્તે દાન આપતાં અને સ્વજનનું નિર્ધન અવસ્થામાં પારખું થાય છે. **(૩૧)**

સૂર પરિખ્યા જવ સંગ્રામ રે, ગજ પારિખું ગઢનું કામ રે;
દાન પારિખું દીસઈ હાથિં રે, સજન પારિખું તિમ અણાથિ રે''

૩. દાનનો મહિમા કવિએ વિસ્તારથી ગાયો છે.**(૮૮-૯૩)**

દાનથી થતાં લાભ, દાનના પ્રકાર, દાન ન આપવાથી થતાં ગેરલાભ, ઈત્યાદિ બાબતોને કવિશ્રીએ કાવ્ય પ્રવાહમાં પ્રસંગોપાત ગૂંથી લીધી છે.

૪. જીવનમાં ચડતી પડતી આવે છે, તે દર્શાવવા કવિ ઐતિહાસિક પુરુષ અને પ્રકૃતિના તત્ત્વોનાં દ્રષ્ટાંત આપે છે.**(૯૮-૯૯)**

સહુ દિન સરીખા જેહ રે, નવિ રવિ ચંદનિ, પાંડવ સિરખા વનિં ભમિં એ.
અથીર રિદ્ધિ એ જાણ્ય રે, ચતુર નવ ચૂકતા, પુણ્ય કરઈ અવસર લહી એ.

૫. કૃતપુણ્યના ઘરે ચાર પુત્રોનો જન્મ થયો. વંશવૃદ્ધિ થતાં પ્રસંગોપાત કવિશ્રી પુણ્ય તત્ત્વની મહત્તા દર્શાવે છે. **(૧૫૦-૧૫૧)**

એક પરઘન બઈઠાં વિલસઈ, એક પોતાનાં ખોય;
એક નર રલતાં ન મિલઈ કોડી, એક સહજિં રિદ્ધિ હોય.
કુબેરદત્ત વિણ ન પામઈ નિશ્ચઈં, દીધું ક્યાંહિ નવિ જાઈ
ઉદ્યમ વિણ પામ્યો કઈવન્નો, પર લક્ષ્મી ખાઈ.

સંવાદાત્મક શૈલી :

૧. કૃતપુણ્ય અને સોહાસણિ વચ્ચેનો ઘરેલુ સંવાદ, જેમાં પત્ની પરિવાર વધતાં પોતાના પતિને આજીવિકા અંગેનો ઉપાય સૂચવે છે પરંતુ સુખશીલતામાં ઉછરેલા કૃતપુણ્યમાં વ્યાપારની કોઈ આવડત ન હતી. **(૧૩૫-૧૩૬)**

૨. સાર્થપતિ અને સોહાસણિનો સંવાદ, જેમાં સાર્થપતિની આત્મીયતા અને સોહાસણિની સાલસ પતિ માટેની ચિંતા છતી થાય છે. પ્રસ્તુત સંવાદમાં સોહાસણિએ સાર્થપતિને 'કાકા'નું સંબોધન કર્યું છે. વર્તમાન કાળે પુરુષોને અંગ્રેજીમાં 'અંકલ' અને સ્ત્રીઓને 'આંટી' કહેવામાં આવે છે. એ જ રીતે પ્રાચીન કાળમાં અનુક્રમે 'કાકા' અને 'માસી'નું સંબોધન થતું હશે, તેનું પ્રતિબિંબ પ્રસ્તુત પંક્તિઓમાં જોવા મળે છે. **(૧૩૮-૧૪૦)**

બાલઈદઈ માહિં મૂકેવા જાઈં, સારથપતિ સુંપેઈ;
''તુમ ભરતીજો કાંઈ નવિ જાણઈ, સૂપરિ જાજ્યો લેઈ.
કાંઈક લાભ થાઈ તિમ કરજ્યો, મુઝ હાથિં સુપેજ્યો;
જનમ સુખી એ કાંઈ નવિ સમઝઈ, પ્રેમ નજરિં જ્યોજ્યો.''
સારથપતિ કહઈ ''સાંભલિ બાઈ! એ મુઝ પુત્ર સમાંન;
બિમણા ચોમા(ગ)ણા કરી હું આપીસ્યું, એ નિશ્ચઈ કરી માંન.''

૩. રત્નના સાચા હકદારની શોધ કરતાં મહારાજા અને કૃતપુણ્યનો સંવાદ રસપ્રદ છે, જેમાં વણિકો કાબેલ અને ચતુર હોય છે પરંતુ અપવાદે કૃતપુણ્ય બાલિશ અને ભોળો જણાતાં મહારાજા તેને મીઠો ઠપકો આપે છે. **(૨૧૯-૨૨૪)**

કરી જુહાર ઊભો રહ્યો જ્યારઈં, સીંઘાસણ બઈસણ દઈ ત્યારઈં;
પ્રેમ કરી બોલાવ્યો નાથિં, રત્ન મૂક્યું કઈવન્નાનિં હાથિં.
''રત્ન પરિક્ષા કીજઈ કુમારો!'' કચવન્નો કહઈં ''રત્ન સુસારો;''
રાય કહઈં ''એ તાહરું રત્નો, રડવડતું મૂકયું નહીં જત્નો?
કોડા કાજિ કુમારનિં દીધું, વાહી અધમ કંદોઈઈં લીધું;
ગજ છૂટયો એ રત્ન મહીમાંહિ, પ્રગટ થયો તવ રત્ન જ્યાંહિ.
કરી ચોર ઝુટીનિં લીધું, તુમનિ તમારું પાછું દીધું;
ભલી વસ્તુ કરથી મમ મૂકો, વાણિગ હુંતા કાં તમો ચૂકો?''
કઈવન્નો કહઈ ''સૂણિ ભૂપાલો! લાડકવાયો છઈ ઘરિ બાલો;
ઘુંટા કાજિ તેણિ માંગિ લીધું, સ્યું જાણું પછઈ કાંઈઈં કીધું?''
શ્રેણિક કહઈ ''મોટો વીવહારી, રયણની વાત વલતી ન સંભારી?''
સૂતની તેડઈં શ્રેણિક રાય, ''કઈવન્નાનિં ઘો કન્યાય.''

કથાઘટકોમાં પરિવર્તન :

૧. મંગલાચરણમાં અવસર્પિણી કાળના આદ્ય **તીર્થંકર શ્રી ઋષભદેવ**ની કથાને કવિશ્રીએ સ્પર્શ કર્યો છે. ત્યાર પછી '**કયવન્ના શેઠ**'નો રાસ પ્રારંભ કર્યો છે. (૧-૪)

૨. રાસના પ્રારંભમાં **કૃતપુણ્ય**ના પૂર્વભવ પર પ્રકાશ પાડ્યો છે. (૫)

૩. રાજગૃહી નગરીની પાસે એક નેસડામાં **ગોવાલ આહીર** રહેતો હતો. (૬)

૪. ગોવાલ આહીર આર્થિક દ્રષ્ટિએ શ્રીમંત હતો. તેને ત્યાં ગાય ભેંસ આદિ વિપુલ પ્રમાણમાં પશુધન હતું. વળી તેના ઘરે ઘણાં દાસ દાસીઓ અને રોકડ નાણું હતું. (૭-૮)

ગોવાલ આહીરની [૧]ગોપ સંસ્કૃતિ અને શ્રીમંતાઈનું લાક્ષણિક વર્ણન અન્ય કોઈ કવિઓએ કર્યું નથી.

૫. તે **શ્રીપતિ** નામના વણિક સાથે ઘીનો વ્યાપાર કરતો હતો. (૯)

આહીરને ત્યાં ઘણાં દુઝાણાં હોવાથી ઘીનો વ્યાપાર કરે તે ઉચિત છે.

૬. **ગંગા** ઘીના ઘડાઓ લઈ શ્રીપતિ શેઠની દુકાને ગઈ. (૧૧)

૭. પાડોશીએ ઈર્ષાવશ શ્રીપતિ શેઠ પ્રત્યે અણગમો વ્યક્ત કર્યો. (૧૨)

એક પાડોશીને બીજા પાડોશી પ્રત્યે ઈર્ષા હોય છે; એવો ભાવ કવિશ્રી વ્યંજિત કરે છે.

૮. ગંગાએ પાડોશીના વચનોને ગણકાર્યા નહીં. તેણે વિચાર્યું, 'પાડો (અનિષ્ટ), પંડિત, નોકરાણી, દુકાનદાર, પાડોશી, મીંઢો, મલ્લ અને ભિખારીને પરસ્પર ખાર, રોષ કે અણગમો હોય છે.' (૧૩)

૯. ગંગા શ્રીપતિ શેઠને મળવા જિનાલયમાં ગઈ. કાયમ લઘરવઘર રહેનાર શ્રીપતિ શેઠ સુંદર વસ્ત્રો અને અલંકારો પહેરી જિનપૂજા કરી રહ્યા હતા. (૧૫)

૧૦. ઘીનો વ્યાપાર કર્માદાનમાં ગણાય છે કારણકે માખણએ અનંતકાય અને અભક્ષ્ય છે. તેને અગ્નિ પર ચડાવતાં અનંત જીવોનો સંહાર થાય છે તેથી શ્રાવકોએ શેઠના પાપમય વ્યાપારને વખોડ્યો. (૧૮)

શ્રી આવશ્યકસૂત્રના સાતમા વ્રતમાં પંદર પ્રકારના કર્માદાન દર્શાવ્યા છે. તેમાં 'રસવાણિજ્જે' એટલે મદ્ય, માખણ આદિ વિગયનો વ્યાપાર કરવો એ મહાપાપ ગણાયો છે. કવિશ્રીએ સિદ્ધાંતની વાત ટાંકી ઉપદેશ આપ્યો છે. વળી, તે સમયના શ્રાવકો ચુસ્ત જૈન ધર્મી હશે, એવું અહીં પ્રતીત થાય છે.

૧૧. ગંગાને જિનપૂજા કરતાં સુંદર પુત્રની પ્રાપ્તિ થઈ. તેનું નામ **ગંગદત્ત (ગંગીયો)** રાખ્યું. (૨૩)

અહીં જિનપૂજાનું માહાત્મ્ય દર્શાવ્યું છે. વળી, ઘીનો વ્યાપાર ઈત્યાદિ બાબતોનો ઉલ્લેખ અન્યત્ર પ્રાપ્ત થતો નથી.

૧૨. એક દિવસ ગોવાળો ખીર ખાઈ રહ્યાં હતાં, ત્યારે ગંગદત્તને ખીર ખાવાની ઈચ્છા થઈ પરંતુ તે જ્યારે ઘરે જમવા બેઠો ત્યારે માતાએ ટાઢી રોટલી આપી. (૩૫)

૧૩. ગંગાએ પુત્રને ઘણો સમજાવ્યો પરંતુ ગંગદત્તે જીદ ન છોડી ત્યારે માતાએ બાળકના બરડા પર

---

૧. ગોપ સંસ્કૃતિનો ઈતિહાસ : જુઓ પરિશિષ્ટ વિભાગ.

લાકડી ફટકારી. (૩૯)

રોગ ચક્રવર્તીને કલવલતો કરી દે છે, તેમ નિર્ધનતા માનવીને વિનવણી કરતો કરી દે છે. અહીં વિનવણીમાંથી આક્રોશ જન્મ્યો છે. એક તો નિર્ધનતા અને બીજી બાળહઠ ! કમનસીબ માતાએ કંટાળીને જીદે ચડેલા પુત્ર પર હાથ ઉગામ્યો. કવિશ્રીની આ કલ્પના પ્રસંગોપાત સ્વાભાવિક લાગે છે .

૧૪. પોતાના ભોજનમાંથી સાધુને સહભાગી બનાવવાની ગંગદત્તે શુભ ભાવના ભાવી. (૪૪)

હકીકતમાં ગંગદત્ત જૈનધર્મી ન હોવા છતાં સુપાત્ર દાનની ભાવના ભાવે છે. બારમા અતિથિ સંવિભાગ વ્રતમાં શ્રાવક ભાણે બેસી એવી જ ભાવના ભાવે છે. આગાર ધર્મને પ્રકાશિત કરવા કવિશ્રી કથા પ્રવાહમાં પ્રસંગોપાત આ વાતને ગૂંથે છે.

૧૫. તપસ્વી અને અભિગ્રહધારી મુનિ ગંગદત્તના ઘરે પધાર્યા. (૪૫)

શુભ ભાવનાના પ્રતિબિંબ સદૈવ પડે છે, ચંદનબાળાને પ્રભુવીર મળ્યા તેમજ સંગમ ગોવાળને તપસ્વી મુનિરાજ શુભ ભાવ વડે મળ્યા.

૧૬. ગંગાએ ખીરની તોલડી ઊંધી પાડી. (૪૮)

૧૭. 'મારો દીકરો ખૂબ ભૂખ્યો છે, તેથી તેને ખીર ખાતાં સહેજ પણ વાર ન લાગી.' આ પ્રમાણે માતાએ વિચાર્યું અને ગંગદત્તને માતાની મીઠી નજર લાગી. (૪૮)

અછત અને સ્પૃહાના કારણે નજર લાગવાના કિસ્સા પ્રાચીન કાળમાં પ્રચુર પ્રમાણમાં બનતા હશે, તેવું અહીં સ્પષ્ટ થાય છે.

૧૮. ગંગદત્ત મૃત્યુ પામી **સુભદ્રા શેઠાણી**ની કુક્ષિમાં ઉત્પન્ન થયો.(૫૪)

૧૯. **કૃતપુણ્ય**ના વિવાહ **સોહાસણિ** નામની કન્યા સાથે થયા. (૬૩)

વર કન્યાના વય સંબંધી પ્રાયઃ સર્વ કવિઓ મૌન છે.

૨૦. જિનમંદિરમાં પૂજા કરવા ગયેલી સોહાસણિએ નગરની સ્ત્રીઓના મુખેથી પોતાના સૌભાગ્યની પ્રશંસા સાંભળી.(૬૪)

આવી મનોભાવના કોઈ કવિએ કથાપ્રવાહમાં પ્રયોજી નથી.

૨૧. સોહાસણિને સાસુ-સસરા પ્રત્યે કોઈ ફરિયાદ ન હતી. તેનો પતિ સુંદર હતો પણ સંસારની રીત-ભાત જાણતો ન હતો. શાલ્મલી વૃક્ષ સુંદર હોવા છતાં તેનાથી શું પ્રાપ્ત થાય ? (૬૫)

સ્ત્રીઓને થતાં અન્યાય અંગે પરંપરા પ્રેમી માનવસમાજ લગભગ બેજવાબદાર રહ્યો છે.

૨૨. **ધનદત્ત શેઠે** કૃતપુણ્યને સંસારની ગતિ શીખવાડવા મિત્રોને તેડાવ્યા. તેમના હાથમાં ત્રણ રત્નો આપ્યાં.(૬૬)

મિત્રોના હાથમાં ધનદત્ત શેઠે ત્રણ રત્નો આપ્યાં તેવો ખુલાસો ફક્ત કવિ ઋષભદાસ જ કરે છે.

૨૩. કૃતપુણ્યને ગણિકાના ઘરે એકલો મૂકી ચારે મિત્રો જુદા જુદા બહાના કરી ચાલ્યાં ગયાં. એકે ચાવીનું, બીજાએ લઘુશંકા નિવારણનું, ત્રીજાએ દુકાન સંભાળવાનું અને ચોથાએ બધા ક્યાં ગયા તેમને જોઈ આવું એવું બહાનું કાઢી ચાલ્યા ગયા.(૬૯)

આ પ્રકારના ભાવો અન્ય કોઈ કવિએ ટાંક્યા નથી. કવિશ્રીએ પોતાની કલ્પના શક્તિ વડે મિત્રોએ લીધેલા છળનો આશ્રય વર્ણવ્યો છે.

૨૪. સોહાસણિએ પોતાના અલંકારોને સૂંડલીમાં ભરી તેને રૂની પૂણી વડે ઢાંકી દીધા. (૧૦૬)

૨૫. દરવાજા પાસે બહાર ઉદાસ ઉભેલા પોતાના પતિને સોહાસણિએ ઓળખી લીધો. (૧૩૧)

સોહાસણિએ આર્થિક સંકડામણમાં પણ ફરજથી ચ્યુત થયેલા પતિને માફ કરી પોતાના દાંપત્યજીવનમાં તિરાડ પડવા ન દીધી કે ખટરાગ ઉભો ન કર્યો.

૨૬. કૃતપુણ્ય પોતાના ઘર તરફ જવા નીકળ્યો, ત્યારે તેને પોતાનું ઘર ન મળ્યું, તેથી મનમાં લજ્જિત થયો. ત્યારપછી ગાડમથલ અનુભવતો પોતાના ઘરે કઈ રીતે પહોંચ્યો તેની સ્પષ્ટતા કવિશ્રીએ કરી નથી. (૧૩૦)

૨૭. **સાર્થપતિ** ધનદત્ત શેઠનો મિત્ર હતો. (૧૩૬)

૨૮. પરદેશ જવા માટે ધનની જરૂર પડતાં બંને મકાનો ગીરવે મૂકાયાં. સોહાસણિએ ચોખા, દાળ, લોટ અને લાડુ ભાતા તરીકે કૃતપુણ્યને આપ્યાં. (૧૩૭)

જીંદગીનો અને જરૂરિયાતનો બોજ ઉંચક્યા વિના જીવન વેંઢારવું શક્ય જ ન હતું કારણકે રાસનાયક આખા ઘરનો આધાર હતો.

શ્રી વિનયવિજયજીએ એક મકાન ગીરવે મૂકવાનો ઉલ્લેખ કર્યો છે, જો બન્ને મકાનો ગીરવે મૂકે તો સોહાસણિ ક્યાં રહે ? તેથી વિનયવિજયજીનો મત વધુ યોગ્ય લાગે છે.

૨૯. કૃતપુણ્ય પરદેશ જવા નીકળ્યો તે અરસામાં જ રાજગૃહીમાં **કુબેરદત્ત**નું મૃત્યુ થયું. (૧૪૪)

આ કુબેરદત્ત કોણ હતો તેનો કવિશ્રી એ કોઈ પરિચય આપ્યો નથી.

૩૦. પ્રાચીનકાળમાં ઘર માટે 'મંદિર' શબ્દનો પ્રયોગ થતો હતો. (૧૪૬)

૩૧. કૃતપુણ્ય હવેલીમાંથી નીચે ઉતરવાનો પ્રયત્ન કરતો ત્યારે સ્ત્રીઓ તેનો હાથ ઝાલી રોકી લેતી અને વૃદ્ધા તેને બેસવા માટે આસન આપી કહેતી, ''બેટા ! તું અત્યંત સ્વરૂપવાન છે. તને કોઈ દુષ્ટની નજર લાગશે. તું શા માટે નીચે જવા માંગે છે.'' આમ, કહી કૃતપુણ્યને ઉપરની મંજિલે જ રોકી રાખતા. (૧૫૩-૧૫૪)

કવિશ્રીએ પોતાની વર્ણનાત્મક શક્તિથી આ પ્રસંગને સુંદર રીતે ખીલવ્યો છે.

૩૨. ચારે વહૂઓએ કૃતપુણ્યને બાર વર્ષ પૂર્વની વસ્તુઓ (આટો, ખીચડીની દાળ-ચોખા અને કોથળી) પાછી આપી. (૧૬૩)

આપણા પૂર્વજો ઘી, ગોળ, રોટલા-રોટલી અને ખીચડી જેવો સાત્ત્વિક ખોરાક ખાતા હતા, તેવું સિદ્ધ થાય છે.

૩૩. કૃતપુણ્યને અવસ્વાપિની નિદ્રામાં પોઢાડી તેનો પ્રથમનો દરવેશ પહેરાવ્યો. (૧૬૪)

૩૪. ચારે સ્ત્રીઓ અને સાસુ શસ્ત્ર લઈ રાત્રિના બે પ્રહર પસાર થયા ત્યારે કૃતપુણ્યને ઊંઘમાં ખાટલા સહિત ઉપાડી સાર્થમાં મૂકવા ગઈ. (૧૬૪-૧૬૫)

બે પ્રહર એટલે મધ્યરાત્રિએ ઉઠાંતર કાર્ય થયું તેથી સ્વરક્ષણ માટે સ્ત્રીઓએ શસ્ત્રો ધારણ

કર્યા.

૩૫. સાર્થમાં મુખ ઢાંકી ખાટલા પર સૂતેલા વ્યક્તિનું વસ્ત્ર સોહાસણિએ પુત્ર દ્વારા દૂર કરાવ્યું. (૧૭૫)

અહીં સોહાસણિની વિવેકદૃષ્ટિ અને તેનું સતીત્વ દર્શાવવા કવિશ્રી આવો ભાવ કથાપ્રવાહમાં પ્રવાહિત કરે છે. સતી સ્ત્રી મનથી પણ પર પુરુષને ઈચ્છતી નથી તો અજાણ્યા પુરુષના મુખ પરનું વસ્ત્ર પોતાના હાથે કઈ રીતે દૂર કરી શકે ?

૩૬. કૃતપુણ્યએ પોરસાઈને પત્નીને કહ્યું, ''હું બીજા સાર્થ સાથે પરદેશ ગયો હતો, ત્યાંથી ઘણું ધન કમાઈને આવ્યો છું.'' (૧૭૮)

૩૭. અવસર જોઈને અવઢવમાં પડેલી ચતુર સોહાસણિએ પતિને પૂછ્યું, ''કંત ! તમે પરદેશથી કંઈક ધન કમાઈને લાવ્યા છો ?'' (૧૯૩)

૩૮. કંદોઈએ લગ્ન માટે ઘણું કરજ કરી ઘણાં વ્યંજનો બનાવ્યાં. પોતાનો ઘર વેંચી બહોળા પ્રમાણમાં જાનૈયા તેડાવ્યા. પૂર્વે કંદોઈના ૫૦૦ જેટલા સગાંસાંઈ હતાં. હવે જાનમાં ૭૦૦ જાનૈયા આવ્યા. (૨૦૬-૨૦૭)

૩૯. **અભયકુમારે** જાનમાં આવેલા પ્રત્યેક કંદોઈને અલગથી બોલાવી જંગલી તણછના વૃક્ષની પાતળી સોટીથી માર મરાવ્યો. વરરાજા બનીને આવેલા કંદોઈને દોરડાથી મુશ્કેટાટ બંધાવ્યો. (૨૦૮-૨૦૯)

સદ્‌વર્તન, માણસાઈના પાઠ ભણાવવા અને વિઘાતક શક્તિઓને ડામવા અભયકુમારે દંડનીતિનો પ્રયોગ કર્યો.

૪૦. ન્યાયપ્રિય **મહારાજા શ્રેણિકે** કંદોઈનો વેરો માફ કર્યો. (૨૧૩)

૪૧. રાજસેવકો કૃતપુણ્યને રાજસભામાં લઈ જવા આવ્યા ત્યારે સોહાસણિએ વિચાર્યું, 'આ કોઈ લેણિયાત લાગે છે. તેઓ હમણાં જ મારા પતિ પાસેથી લહેણું માંગશે.' (૨૧૪)

૪૨. ધનાવાહ શેઠને ત્યાં ૧૦૮ વાણોત્તરો હતા. પડતી દશામાં તેમને રજા આપવામાં આવી પરંતુ ચડતી દશા આવતાં કૃતપુણ્યએ તેઓને પુનઃ આશરો આપ્યો. (૨૩૦)

૪૩. અભયકુમારે નગરમાં વાત વહેતી મૂકી કે, ''કૃતપુણ્ય શેઠ મૃત્યુ પામી યક્ષ બન્યા છે. આ યક્ષ માનવોને મારે છે. યક્ષના કોપમાંથી ઉગરવા નગરજનોએ પાંચ લાડુ અને પાંચ ધાનની લાપસી નૈવેદ્ય તરીકે લાવવી.'' (૨૩૬-૨૩૭)

પ્રત્યેક કવિએ પોતાના સમયમાં દેવ-દેવીઓને પ્રચલિત નૈવેદ્ય યોગ્ય વસ્તુઓનો ઉલ્લેખ કર્યો છે.

૪૪. કૃતપુણ્યએ ઉપાલંભ આપતાં કહ્યું, ''મંત્રીશ્વર ! મારો પરિવાર સાથે મેળાપ ન થયો. હવે તો એક માસની અવધિમાં ફક્ત બે દિવસ બાકી છે.'' આ સાંભળી અભયકુમારે નગરમાં બીજીવાર પડહ વગડાવી કહ્યું, ''જે નહીં આવે તેને દંડ થશે !' (૨૪૦)

કૃતપુણ્યની પરિવારને મળવાની તીવ્ર ઉત્કંઠા અને અવધિની સમય મર્યાદાની અલ્પતા

દર્શાવવા આ પ્રમાણે બીજો પડહ વગડાવવાની વાત કવિશ્રીએ કથાપ્રવાહમાં વહેતી મૂકી છે.

૪૫. યક્ષપૂજન માટે આવેલી પાંચે સ્ત્રીઓ યક્ષપૂજનની સામગ્રીરૂપે લાડુ, લાપસી અને ચંદન લાવી. (૨૪૩)

૪૬. વૃદ્ધાએ પકડાઈ જવાના ભયથી માનતા માની કે, 'જો એ દેવ ન હોય પરંતુ પેલો કૃતપુણ્ય જ હોય તો ઘરે જઈ ચોખ્ખા ઘીનો દીવો કરીશ. (૨૪૪)

કવિશ્રીના સમયમાં આપત્તિકાળમાં કુળદેવતા કે કુળદેવીને ધૂપ-દીપ કરવાની અને માનતા માનવાની પ્રથા વિશેષ પ્રમાણમાં પ્રચલિત હશે. સમાજમાં મિથ્યાત્વ અને અંધશ્રદ્ધાની પ્રબળતા હશે તેવું જણાય છે.

૪૭. વૃદ્ધાને જીવનનિર્વાહ માટે એક લાખ રૂપિયા આપ્યા. (૨૬૧)

કવિશ્રીના સમયમાં વ્યવહારમાં રૂપિયાનું ચલણ હશે તેવું જણાય છે.

૪૮. શ્રેણિક રાજાની પુત્રીનું નામ **લીલાવતી** હતું. (૨૬૨)

૪૯. સોહાસણિને પટ્ટરાણી તરીકે સ્થાપિત કરવામાં આવી. (૨૬૩)

૫૦. કૃતપુણ્યએ પૂર્વભવમાં ખીરની થાળીમાં ત્રણ લીટી કરી મુનિરાજને વહોરાવી, તેથી ત્રણ વાર અંતરાય આવી. (૧) ગણિકાએ ઘરમાંથી કાઢયો. (૨) સોહાસણિએ વ્યાપાર માટે દરિયાપર મોકલ્યો. (૩) વૃદ્ધાએ પુત્ર બનાવી ઘરમાં રાખ્યો પરંતુ સ્વાર્થ સરતાં તેને ઘરમાંથી બહાર કાઢયો. (૨૬૫-૨૬૬)

૫૧. પ્રભુના સાંનિધ્યમાં નિજ સ્વરૂપ પરનો પડદો ઊંચકાયો. યથાર્થ સ્વરૂપ પ્રગટ થયું. સંયમ અને તપના પ્રભાવથી કૃતપુણ્ય મુનિ મૃત્યુ પામી દેવગતિમાં ગયાં. દેવગતિનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ મોક્ષ પામશે. (૨૭૮-૨૭૯)

૫૨. કવિશ્રીએ ગંગદત્ત (પૂર્વભવ), કૃતપુણ્યનો ભવ, દેવ ભવ અને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય (આગામી ભવ) એમ કુલ ચાર ભવનો ઉલ્લેખ કર્યો છે. આ રાસ **'ભરહેસરની બાહુબલિની વૃત્તિ'** અને **'આવશ્યકસૂત્રની વૃત્તિ'**ના આધારે રચાયો છે. એવું કવિશ્રી રાસની અંતિમ પંક્તિઓમાં ટાંકે છે.

૫. કવિ શ્રી ગુણવિનયજી કૃત કયવન્ના સંધિ

- પ્રસ્તુત રચનાના શીર્ષકમાં તેમજ અંતિમ ઢાળની કડી-૩ માં કાવ્ય પ્રકાર તરીકે [૧]'સંધિ' શબ્દનો પ્રયોગ થયો છે. **'એહ સંધિ પભણઈ, સુખ કાજઈ.'**

- **'પ્રભણિસુ કયવન્ના પરબંધ' (ઢા.૧, ક.૧)** અને **'એક [૨]પ્રબંધ ભણઈ જે ભાવઈ, શ્રી જિનકુશલ સૂરિ અનુભાવઈ' (ઢા.૧૨, ક. ૫)** આમ કહી કવિશ્રીએ કૃતિના પ્રારંભ અને અંતમાં 'પ્રબંધ' એવો ઉલ્લેખ પણ કર્યો છે.

'પ્રબંધ' શબ્દ વીરતા, પરાક્રમનું સૂચક છે. તેથી પ્રબંધ કાવ્ય નાયકના પરાક્રમની સાથે ચરિત્રાત્મક અંશો ધરાવતી રચના છે. પ્રબંધમાં વીર પુરુષનું ચરિત્ર કેન્દ્રસ્થાને હોય છે તેથી આવી રચનાઓને ઐતિહાસિક સંબંધ સંદર્ભ છે. આવી કૃતિમાં વીર રસનું નિરૂપણ થયું હોય છે. પ્રસ્તુત કયવન્ના કૃતિમાં કયવન્નાના ચરિત્રનું નિરૂપણ થયું હોવાથી કવિશ્રીએ પ્રબંધ એવો શબ્દ પ્રયોગ કર્યો છે.

- **'વેદ બાણ રસ સરઘર વરસઈ, નેમિ જનમ કલ્યાણિક દિવસઈ'** પ્રસ્તુત કૃતિનો રચના સંવત ઢાળ ૧૨ની પ્રથમ કડીમાં, સમસ્યાની શૈલીમાં કવિશ્રી આલેખે છે. સં. ૧૬૫૪, શ્રાવણ વદ પાંચમ (નેમિનાથ જન્મ કલ્યાણક), મહિમપુરમાં, કુલ ૧૭૦ કડી (ઢાળ : ૧૨, ચોપાઈ : ૧, દુહા : ૨) પ્રમાણ કયવન્ના સંધિનું કવન થયું છે.

- પ્રસ્તુત કૃતિના રચયિતા ખરતરગચ્છના વાચક શ્રી ગુણવિનયજી છે. તેમણે પોતાની ગુર્વાવલીનો ઉલ્લેખ ઢાળ : ૧૨ (કડી ૧ થી ૩)માં કર્યો છે. તે અનુસાર ખરતરગચ્છના ક્ષેમ શાખાના યુગપ્રધાન આચાર્ય પ્રવર [૩]શ્રી જિનચંદ્રસૂરિ ના રાજ્યમાં વાચનાચાર્ય શ્રી ક્ષેમરાજ → શ્રી પ્રમોદ-માણિક્ય → ઉપાધ્યાય [૪]શ્રી જયસોમમુનિ → ઉપાધ્યાય શ્રી ગુણવિનયજી છે.

- પ્રસ્તુત સંધિ કાવ્યમાં કાવ્યત્વનો સુમેળ જળવાયો છે. ઢાળમાં વિવિધ દેશીઓનો વપરાશ થયો છે. ઉપમા, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, યમક, વર્ણસગાઈ, રૂપકાદિ અલંકારો દ્વારા કૃતિનું ગૂંથન થયું છે.

૧-૨. સંધિ અને પ્રબંધ કાવ્ય સ્વરૂપ - જુઓ પરિશિષ્ટ વિભાગ.

૩. ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિજી અને મોગલ સમ્રાટ અકબર વચ્ચે ધર્મ વિષે વાર્તાલાપ થયો. મોગલ સમ્રાટે ખુશ થઈ જૈનોના સર્વ તીર્થોની રક્ષાની બાહેંધરી આપી. સાથે સાથે પોતાના અને તાબાના રાજ્યોમાં અમુક દિવસ અમારિ પાળવાનો વટહુકમ કર્યો. જિનચંદ્રસૂરિને લાહોરમાં 'યુગપ્રધાન' પદથી વિભૂષિત કરવામાં આવ્યા. તેમના શિષ્ય શ્રી માનસિંહજીને (સં. ૧૬૪૯, ફાગણ સુદ બીજ) આચાર્ય પદ મળ્યું ત્યારથી તેમનું નામ 'જિનસિંહસૂરિ' રાખવામાં આવ્યું. આ સમયે 'શ્રી જયસોમજી' તથા 'શ્રી રત્નનિધાનજી'ને પાઠક પદ અને 'શ્રી ગુણવિનયજી'ને વાચક પદ આપવામાં આવ્યું. શ્રી જિનચંદ્રસૂરિએ 'પૌષધવિધિ પ્રકરણ' રચ્યું. (યુગપ્રધાન જિનચંદ્રસૂરિ - પૃ.૪૫, લે. અગરચંદ નાહટા)

૪. શ્રી પ્રમોદ માણિક્યના શિષ્ય શ્રી જયસોમ ઉપધ્યાયજીએ સં. ૧૬૫૦ના વિજયાદશમીના દિવસે 'કર્મચંદ્ર પ્રબંધ' સંસ્કૃતમાં રચ્યું. તેના પર સંસ્કૃત વ્યાખ્યાન તેમના શિષ્ય શ્રી ગુણવિનયજીએ સં. ૧૬૫૫માં રચી અને તે જ વર્ષે ગુજરાતી પદ્યમાં અનુવાદ કર્યો.

ઉપમા :

૧. **ધરણિ રમણિ સિરિ તિલક સમાન, મગધ દેસ તિહાં સુગુણ નિધાન (ઢા.૧, ક.૫)**

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મગધ દેશ સૌભાગ્યવતી સ્ત્રીના લલાટના તિલકની જેમ શોભતો હતો.

૨. **સેઠિ તિહાં ધનપાલ, ધનદ તેણી પરઇ ઋધિ સમૃદ્ધિ ગુણે ભરચઉ એ (ઢા.૪, ક.૧)**

ધનપાલ શેઠના ઐશ્વર્યને કુબેર સાથે સરખાવ્યું છે.

૩. **વધિવા લાગઉ બાલ, બીજ ચંદ્ર જિમ, માત પિતા તિણ રીજીયઇ એ (ઢા.૪, ક.૪)**

બાળકની વૃદ્ધિને બીજના ચંદ્રમા સાથે સરખાવી છે.(૪-૪)

૪. **તે જિમ દોગંદુક સુર ભોગવઇ ભોગ વિલાસ (ઢા.૬, ક.૨૫)**

કૃતપુણ્ય અને ગણિકાના ભોગોને દોગંદુક દેવોના સુખો સાથે ઉપમિત કર્યા છે.

૫. **એહનઉ રંગ પતંગ જસ્યું, વહિલઉઇ જાઇ (ઢા.૭, ક.૨)**

ગણિકાનો પ્રેમ રંગ પતંગિયા જેવો ક્ષણિક હોય છે.

૬. **સીહ તણી પરિ પાલિનઇ હો, પહુતઉ સરગ મઝારિ (ઢા.૧૧, ક.૨૧)**

સિંહની જેમ શૂરવીરતાથી શુદ્ધ સંયમ પાળી કૃતપુણ્ય મુનિ સ્વર્ગમાં ગયા.

૭. **શ્રી પ્રમોદમાણિક ગુરુ પાદઇ, સોહઇ શશધર જિમ મુનિ થાટઇ (ઢા.૧૨, ક.૨)**

જેમ આકાશમાં ચંદ્ર શોભે, તેમ ખરતરગચ્છમાં પ્રમોદ માણિક્યમુનિ ગુરુ ચરણમાં શોભે છે.

ઉત્પ્રેક્ષા :

૧. **જિહાં શ્રી અજિત શાંતિ ગુણ ભરિયા, જાણે ચંદ સૂર અવતરિયા (ઢા.૧૨, ક.૪)**

શ્રી અજિતમુનિ તથા શ્રી શાંતિમુનિની તેજસ્વીતાની તથા શૂરવીરતાની અપહ્નુતિ કરીને આ ઉત્પ્રેક્ષા પ્રયોજવામાં આવી છે.

વ્યતિરેક :

૧. **તુમ્હ વિણુ કુણ ભવ તારિવા હો, પ્રવહણ સમ આધાર ? (ઢા.૧૧, ક.૯)**

ભગવાન મહાવીર પ્રવહણ સમાન ભવસાગર તરવામાં આધારભૂત છે. ભગવાન સિવાય ભવસાગર કોણ તરાવી શકે ? (૧૧-૯)

અહીં વ્યતિરેક અને ઉપમા અલંકારનો ઉભય સંયોજન થયો છે.

વર્ણસગાઈ :

૧. **કબહું કામ કુતૂહલ કઈ વલિ વિલસઈ વિત્ર (ઢા.૬, ક.૧૨)**

યમક :

૧. **નિંબૂ નામઇ પામઈ પાણી દાઢ અપાર (ઢા.૬, ક.૧૫)**

જેમ લીંબુનું નામ સાંભળી મુખમાં લાળ ઝરે છે અને ખાવાનું મન થાય છે, તેમ વસંતસેનાના અમૃત જેવા મધુર વચનો સાંભળી કૃતપુણ્ય તેની સાથે ભોગવિલાસ માણવા ઉત્સુક બન્યો.

રૂપક :

૧. **પરણીય તિણિ હિવ મૂકીય રમણીય, વિદ્યા રમણિ રસિઉ મહ્યઉ એ (ઢા.૫, ક.૩)**

વિદ્યારૂપી સ્ત્રીની રસિકતાના કારણે કૃતપુણ્યએ પોતાની અર્ધાંગિનીને છોડી મૂકી.

૨. **કામ સરોવર (ઢા.૬, ક.૧૭)** : કામરૂપી સરોવર

૩. **જિનવચન ઘનઈ (ઢા.૧૧, ક.૨)** : જિનવચનરૂપી વાદળ

૪. **ભવદાહ (ઢા.૧૧, ક.૨)** : ભવરૂપી અગ્નિ

૫. **શિવનારી (ઢા.૧૧, ક.૧૨)** : શિવરમણીરૂપી નારી

સુભાષિત :

૧. **કુલ વિના સુરતરુ ફલ્યઉ (ઢા.૩, ક.૩)** : અચાનક લાભ થવો.

વર્ણનાત્મક શૈલી :

૧. ખટાશ પડવાથી ખીર બગડી જશે; એવું વિચારી બાળકે સંપૂર્ણ ખીર મહાત્માના પાત્રમાં ઠાલવી. વહોરાવતાં સમયે બાળકની ચલિત મનોવૃત્તિનું વર્ણન કવિશ્રીએ સુરેખ રીતે કર્યું છે. **(ઢા.૩, ક.૪–૬)**

થાલ ધરઇ લેઇ કરી, દેવાનઇ થઈ રાગિ;
ઉઠ્યાઉ તબ ઇમ ચીતવઇ, 'ઘું શ્રીજઉ ભાગ'.
હુઇ રેખા થાલઇ કરી, દીધઉ તે ભાગ;
'એતલઇ એહનઇ, સ્યું હુવઇ ઘું બીજઉ ભાગ'.
વલિ મનિ એહવઉ ચિંતવઇ, અમ્લાદિક પાતિ;
એહ ખીર વિણસઇ સહી, તઉ ઘાલું પાતિ'.

૨. વિલાસી પુરુષોએ કૃતપુણ્યને સંસાર રસિક બનાવવા કરેલા વિવિધ પ્રયાસોમાં ભોગોની ભાતીગળ સૃષ્ટિ છે. અહીં કવિની વર્ણાનુપ્રાસ અલંકારમાં વર્ણનાત્મક શૈલી ખીલી ઉઠી છે.. **(ઢા.૬, ક.૮-૧૫)**

કબહું વનિઆ રસિ રમાવઇ લેઇ તેઉ;
કબહું સરવરિ વાવિ તલાવઇ કૂઅઇ સેઉ.
કબહું નાટકિ ગાટક કીજઇ દીજઇ દાન;
કબહું પાન્ન ચાવત ગાવત વિધ વિધ તાંન.
કબહું વસંતઇ ખેલત મેલત ચંગ મૃદંગ;

કબહું ધમાલ જમાવત પાવત તારી તરંગ.
કબહું હીચ હીડોલત ડોલત મન કઇ રંગિ;
કબહું વીણા વજાવત લાવત ચંદન અંગિ.
કબહું જૂઅઇ જૂઅઇ ઠામિ ભમાડઇ મિત્ર;
કબહું કામ કુતૂહલ કઇ વલિ વિલસઇ વિત્ર.
કબહું ગોઠિ કરાવત ધાવત જેતસુ સંગ;
કબહું ફુઉરે ઘઉરે કુદાવત ચંચલ ચંગ.
અન્ય દિવસિ તે ખેલ કરંતાં આવ્યા તત્થ;
વસંતસેના વેસા ગૃહ વેસાવાડઇ જત્થ.

૩. વેશ્યાની સંગતથી કોણ દુઃખ નથી પામ્યા, તે દર્શાવવા કવિશ્રી વિવિધ દૃષ્ટાંતો ટાંકે છે. જેમાં વિષધર અને વેશ્યા વચ્ચેનો મોટો તફાવત દર્શાવે છે. વિષધર કરતાં પણ વેશ્યા વધુ ખતરનાક છે કારણકે સર્પનો વિષ ગારુડી વિદ્યાથી ઉતારી શકાય પરંતુ વેશ્યાના ડંખનો કોઈ ઈલાજ નથી. **(ઢા.૬, ક.૧૯-૨૪)**

૪. અક્કાના પ્રપંચથી કૃતપુણ્ય વેશ્યાવાસમાંથી બહાર ધકેલાયો. તે સમયે અક્કાની પુત્રી વસંત-સેના, જે કૃતપુણ્યને પોતાનો જીવનસાથી સમજતી હતી; તેના અચાનક ચાલ્યા જવાથી રાસનાયિકાની પલટાયેલી જીવનચર્યા, જેમાં ત્યક્તા સ્ત્રીની જીવનશૈલીની ઝાંખી થાય છે. **(ઢા.૮, ક.૧૩-૧૬)**

માતાઅઇ માયા કરી જબ એ કીયઉ કામ;
વસંતસેના દુખિ થઇ, પછતાવઇ તામ.
ઠામિ ઠામિ જુવરાવીયા, નવિ પામીયઉ કંત;
ભાગ્ય વિના કિમ કરિ ચડઇ, ગયઉ સુર મણિ કંત.
તિણ દિનથી મુઝ સામિણી, કરઇ વેણીય બંધ;
શ્વેત વસ્ત્ર પિહરઇ ન કો કરઇ કુસુમ સંબંધ.
પ્રોષિત પતિકા વ્રતધરી, રહી એતલઉ કાલ;
તુચ્છ અસણ કરતી સદા, ગુણ સમરતી બાલ.''

૫. સંયમના સોપાને પ્રયાણ કરવા પૂર્વે રાસનાયકની ગતિવિધિ જેમ કે જિનપૂજન, સ્વામીવાત્સલ્ય નગરમાં અમારિ પ્રરૂપણા, પ્રભુદર્શનાર્થે શિબિકામાં સ્થાન ગ્રહણ અને પ્રભુ સમક્ષ વ્યક્ત કરેલી મનોગત ભાવના રસપ્રદ છે. **(ઢા.૧૧, ક.૧૪-૧૮)**

જિણમંદિરિ પૂજા કરી હો, દેઇ દાન ઉદાર;
સાહમ્મીવત્છલ કીયઉ હો, ઘોસિ(ત) નગરિ અમારિ.
હિવ સિવિકાયઇં આરુહી હો, વાજતઇ વર તૂરિ;
રાજા શ્રેણિક સ્યું વલી હો, અંતેઉર ભરપૂરિ.
આગઇ નટુ એ નાચતે હો, પગિ પગિ દેતઉ દાન;
ચડતઇ ભાવઇ આવીયઉ હો, જિહાં શ્રી જિન વર્ધમાન.
હિવ સિવકાથી ઉતરી હો, દેઇ પ્રદક્ષિણા તીન;

પ્રણમિ અંજલિ જોડિનઇ હો, જંપઇ જિન ગુણ ભીન.
મઇ સંસાર અસાર એ હો, જાણ્યઉ જુગતઉ દેવ;
હિવ ભવ તરિવા તાહરી હો, વ્રતધરિ કરિસ્યું સેવ.

સંવાદાત્મક શૈલી :

૧. યૌવનવયમાં પોતાની પરણેત્તરને છોડી કૃતપુણ્યએ વિદ્યારમણી સાથે પ્રીત બાંધી ત્યારે ભદ્રા શેઠાણીથી ન ખમાયું. તેમણે આ વાત ધનપાલ શેઠને કહી. અહીં શેઠ અને શેઠાણી વચ્ચેનો સંવાદ રોચક છે. અનંતકાળથી જીવનો ધારાપ્રવાહ ચાર સંજ્ઞા તરફ વહે છે તેથી તે સંસ્કારો જીવ પર હાવી હોય છે. શેઠ તેનું જ્ઞાન શેઠાણીને આપી પુત્રને કુવ્યસનો તરફ વાળવાની અસંમતિ જાહેર કરે છે. **(ઢા.૬, ક.૧-૪)**

સેઠિ કહઇ ''એ ભામઉ તુઝનઇ લાગઉ પ્રાણિ!
એહ કુસીખ સુપુત્રનઇ કિમ દીજીયઇ આપણિ ?
વર વયરી પંડિત જન પુણિ મૂરિખ હિતવારિ;
તે જાંણઇ ઉપગાર કરું પુણિ થઇ અપગારિ.
અસન પરિગ્રહ મૈથુન ભય એ ચ્યારિ ઉપાય;
પૂરવભવ અભ્યાસઇ અણસીખવીયા થાય.
ભીતિ ભાટકા પાખઇ અંધ ન જાણઇ જીવ;
પાછઇ તું પછતાવિસિ ભોલી જાવજ્જીવ''

૨. વસંતસેનાને વેશ્યાચારની શીખ આપતી અક્કા **(ઢા.૬, ક.૩૨-૩૫)** અને તેના પ્રત્યુત્તરમાં વસંતસેનાનો ખુલાસો, જેમાં અક્કાની લોભીવૃત્તિ અને વસંતસેનાની વેશ્યા હોવા છતાં નીતિમત્તા એમ વિરોધી પાસાઓ સ્પષ્ટ થાય છે. **(ઢા.૬, ક.૩૭-૩૯)**

વસંતસેનાનઇ જણાવઇ એ સગલઉ મર્મ;
''એહનઇ ઘર થઇ કાઢી જઇ તઉ અમ્હ કુલ ધર્મ.
વત્છ! એહ તું છાંડિ મ માંડિસું બીજી વાત;
નિષ્પીડિત અલતઇની પોથીની આ ભાત.
ચૂસી સેલડી પરહી નાખી જઇ જ્યું અસાર;
તિમ જુગતઉ તુઝનઇ છઇ હિવ એનઉ પરિહાર.
આપણ આદર દીજઇ લીજઇ જે ધનવંત!
નિરધન પરિહરીયઇ ઇણમાંહિ અછઇ નહી ભ્રાંત.''
માત પ્રતઇ કહઇ વેસા ''અંબ અંબની રીતિ;
ક્યારે ફોગે થાઇ તિણઇ મુઝ એસ્યું પ્રીતિ ?
એહ સમઉ ધન દેસ્યઇ કુણ તુમ્હ માત વિચારિ;
કીધઉ જે ઉપગાર ન મેલી જઇ સંસારિ.
હું ગુણવંત તણા ગુણ દેખી રાચું માઇ!
ધનની તૃષ્ણા મનમાંહિ હિવણા મુઝને ન કાંઇ''

કથાઘટકોમાં પરિવર્તન :

૧. કવિશ્રીએ પ્રારંભમાં પાર્શ્વ પ્રભુ અને શ્રુતધરોને નમસ્કાર કરી મંગલાચરણ કર્યું છે. ત્યારપછી વીતરાગ પ્રરૂપિત ચાર પ્રકારના ધર્મનો (દાન, શીલ, તપ અને ભાવ) ઉલ્લેખ કર્યો છે. આ ધર્મનું આરાધન કરવાથી ચાર ગતિનો છેદ થાય છે. (ઢા.૧, ક.૨)

૨. પ્રસ્તુત કૃતિ દાન ધર્મનો મહિમા વર્ણવે છે. સુપાત્ર દાન, અભય દાન, અનુકંપા દાન, કીર્તિ દાન અને ઉચિત દાન; આ દાનનાં પાંચ પ્રકાર છે. અભયદાન અને સુપાત્રદાન મોક્ષનું કારણ હોવાથી ઉત્તમ છે. આ સુપાત્ર દાનનું ઉત્તમ ફળ **કૃતપુણ્ય**ને પ્રાપ્ત થયું. (ઢા.૧, ક.૩)

૩. ક્ષાયિક સમકિતના સ્વામી, **ભગવાન મહાવીર**ના અનન્ય ઉપાસક તેમજ **નંદા** આદિ ઘણી સ્ત્રીઓના સ્વામી **મહારાજા શ્રેણિક** રાજગૃહી નગરીના રાજવી છે. (ઢા.૧, ક.૬-૭)

૪. રાજગૃહી નગરીનાં કોઈ એક ગામડામાંથી એક આહીરાણી, પુત્રને લઈ રાજગૃહી નગરીમાં આવી. તેનો પુત્ર પશુપાલનના વ્યવસાયમાં જોડાયો. (ઢા.૧, ક.૯)

૫. ભરવાડ બાળકે વગડામાં તપસ્વી, કૃશકાયાવાળા, શાંત અને ક્ષમાશીલ મુનિરાજને ધ્યાન ધરતા જોયા. (દુ.૧, ક.૧)

૬. મુનિરાજને જોઈ બાળકે વિચાર્યું, 'ધન્ય ! છે આ મુનિરાજને. જેઓ પોતાનું આત્મકલ્યાણ કરી રહ્યા છે. મારા પ્રખર પુણ્યનો ઉદય થયો તેથી મને સંત દર્શન થયા. આજે મારી સઘળી આશા પૂર્ણ થઈ. મારાથી દાન, શીલ, તપ જેવા અન્ય ધર્મો નહીં થઈ શકે તેથી તેમને વંદન કરી મારો જન્મ સફળ બનાવું. (દુ.૧, ક.૨-૪)

મુનિરાજને જોઈ બાળકને ઉદ્‌ભવેલી મનોવિચારણામાં આડકતરી રીતે સાધુ દર્શનનું માહાત્મ્ય દર્શાવ્યું છે.

૭. ચિત્તની પ્રસન્નતા, નિર્દોષ આહાર અને સુપાત્ર આ ત્રણેનો સુમેળ થયો. (ઢા.૩, ક.૮)

૮. અજીર્ણ રોગના કારણે રાત્રિના સમયે બાળકનું મૃત્યુ થયું. તે મરીને દેવ બન્યો. (ઢા.૩, ક.૧૧)

૯. કૃતપુણ્યએ યૌવનના ઉંબરે પ્રવેશ કર્યો ત્યારે માતા-પિતાએ સૌભાગ્યવતી સ્ત્રીઓને બોલાવી ગીતો ગવડાવ્યાં, ધનાઢ્ય શ્રેષ્ઠીની પુત્રી સાથે વિવાહ કરાવી સ્વજનોને સંતોષ્યા, ગરીબોને ઘણું ધન આપ્યું. (ઢા.૫, ક.૧)

૧૦. **વસંતસેના અક્કા**ની વારી ન વરી ત્યારે ધૂતારી અક્કાએ ખાટલા સહિત કૃતપુણ્યને ઘરમાંથી બહાર મૂકાવ્યો. (ઢા.૪, ક.૪૦)

અહીં અક્કાએ ઝાડુ કાઢવાના બહાને કૃતપુણ્યને વેશ્યાવાસમાંથી બહાર કાઢયો નથી. આ પ્રસંગે બધા કવિઓથી શ્રી ગુણવિનયજી જુદા પડે છે.

૧૧. ગણિકાના આભૂષણોની કિંમત એક હજાર સોનૈયા હતી, જેનો વ્યાપારમાં ઉપયોગ કરાયો. (ઢા.૭, ક.૭)

૧૨. રાજગૃહી નગરીના **સુધન શ્રેષ્ઠી**ની ભાર્યાનું નામ **મહિમા** હતું, જે કૂડ-કપટનો ભંડાર હતી. તેના

પુત્રનું નામ **ધનદત્ત** હતું. (ચો.૧, ક.૧-૨)

૧૩. જ્યારે ધનદત્તના વિવાહ શ્રેષ્ઠીઓની ચાર કન્યાઓ સાથે થયાં ત્યારે તેના પિતા સુધન શેઠનું અવસાન થયું. (ચો.૧, ક.૩)

ધનદત્તના લગ્ન અને સુધન શેઠનું મૃત્યુ આ બન્ને ઘટના સાથે બની હોય તેવું કવિ દર્શાવે છે.

૧૪. મિત્રની પ્રેરણાથી ધનદત્ત શુભ દિવસે સમુદ્ર માર્ગે વ્યાપાર કરવા નીકળ્યો. (ચો.૧, ક.૪)

૧૫. સમુદ્રમાં ધનદત્તનું વહાણ પર્વત સાથે અફડાયું. વહાણ ભાંગી પડયું તેથી ધનદત્તનું મૃત્યુ થયું. ધનદત્ત જે વહાણમાં હતો તે વહાણનો એક પ્રવાસી બચી ગયો. તેણે આ દુઃખદ સમાચાર મહિમા શેઠાણીને આપ્યા. મહિમા શેઠાણીએ પ્રવાસીને કહ્યું, ''હું તને માલામાલ કરી દઈશ પરંતુ ધનદત્તના મૃત્યુની વાત સદંતર ગુપ્ત રાખજે.'' (ચો.૧, ક.૬-૭)

કવિશ્રીએ કથાનકના પ્રસંગને સુવ્યવસ્થિત કડીબદ્ધ રીતે અન્ય કવિઓ કરતાં કંઈક અલગ રીતે આલેખ્યો છે.

૧૬. મહિમા શેઠાણી સજ્જ થઈ રાત્રિના સમયે દેવાલયમાં પહોંચી ત્યાં નિરાંતે સૂતેલા કૃતપુણ્યને પોતાના સેવકો દ્વારા ઉપડાવી મહેલમાં લાવી. (ચો.૧, ક.૯)

અહીં નિદ્રાધીન કૃતપુણ્યને મહિમા શેઠાણીની પુત્રવધૂઓ ઉપાડીને મહેલમાં લાવી નથી. કવિશ્રીએ સ્ત્રીઓની નાજુકતા અને કોમળતાને લક્ષમાં રાખી કથાપ્રવાહમાં આ પ્રકારના ભાવો ઉમેર્યા છે.

૧૭. પ્રાતઃ કાળે તે જાગ્યો ત્યારે મહિમા શેઠાણીએ અભિનય કરતાં કહ્યું, ''પુત્ર ! તું ભલે ઘરે આવ્યો. અમે તારી રાહ જોતાં હતાં. તું નાનપણમાં જ ખોવાઈ ગયો હતો. તારી ઘણી શોધ કરી પરંતુ કોઈ સમાચાર ન મળ્યા. આજે ઘણાં વર્ષો પછી તારું આગમન થયું છે. (ઢા.૮, ક.૨-૪)

કવિશ્રીએ ચારે પુત્રવધૂઓનો કૃતપુણ્ય પ્રત્યેનો પ્રેમભાવ, પતિ તરીકેનો સ્વીકાર, ગરજ સરી જતાં કૃતપુણ્યને સાર્થમાં પહોંચાડવો, ત્યાર પછી કૃતપુણ્યનો પોતાના ઘરમાં પ્રવેશ ઈત્યાદિ પ્રસંગોને આલેખ્યાં નથી. અહીં કથાનક અપૂર્ણ જણાય છે. સંભવ છે કે કવિની સ્વ હસ્તલિખિત પ્રતમાં આ પ્રસંગો આલેખાયેલાં હોય. સંભવ છે કે પ્રમાદવશ લહિયા દ્વારા પાઠ રહી ગયો હોય અથવા ખંડિત પ્રત પરથી પ્રતિલેખન થયું હોય. આ કૃતિની અન્ય પ્રત પ્રાપ્ત થઈ નથી તેથી ચોક્કસપણે કંઈ ન કહી શકાય.

૧૮. પુત્રએ પરદેશથી આવેલા પિતા પાસે ભોજન માંગ્યું ત્યારે માતાએ લાડુ આપ્યો. (ઢા.૮, ક.૫)

૧૯. કૃતપુણ્યની પત્નીએ બીજા લાડવા ભાંગ્યા ત્યારે તેમાંથી રત્નો નીકળ્યાં. તેણે રત્નોનો ભેદ જાણવા પતિને પૂછયું કે, ''આ રત્નો ક્યાંથી આવ્યા ?'' કૃતપુણ્યએ ઉત્તર આપતાં કહ્યું, ''લેણદારના ભયથી મેં રત્નો લાડુમાં છુપાવ્યાં હતાં.'' (ઢા.૮, ક.૧૧)

અહીં કૃતપુણ્ય મૌન નથી રહ્યો પરંતુ પત્નીને પ્રભાવિત કરવા અસત્ય વદે છે.

૨૦. રાજભંડારમાંથી જલકાંતમણિ મંગાવતાં ઘણો સમય જાય ત્યાં સુધી જલતંતુ હાથીને પૂરેપૂરો વીંટી

લે. પછી, ઉપચાર કરવાથી શું સરે ? તેથી રાજાએ નગરમાં પડહ વગડાવ્યો. (ઢા.૯, ક.૩-૪)

૨૧. કંદોઈને ઉચિત આપી રાજાએ મુક્ત કર્યો. (ઢા.૯, ક.૧૦)

૨૨. યક્ષપૂજન કરવા આવનાર દર્શનાર્થીએ પૂર્વ દ્વારથી પ્રવેશ કરી, પશ્ચિમ દ્વારેથી બહાર નીકળવું. એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. (ઢા.૧૦, ક.૭)

૨૩. કૃતપુણ્યએ મહારાજા શ્રેણિક અને મહામંત્રી **અભયકુમાર** પાસેથી દીક્ષાની અનુમતિ માંગી (ઢા.૧૧, ક.૧૩)

૨૪. કયવન્નામુનિને ગણધર ભગવંત પાસે શિક્ષા લેવા પ્રભુ મહાવીરે મોકલ્યા. (ઢા.૧૧, ક.૯)

૬. કવિ શ્રી કલ્યાણરત્નસૂરિ કૃત કયવન્ના શેઠની ચોપાઈ (સં. ૧૬૭૦)

- પ્રસ્તુત ચોપાઈના રચયિતા તપાગચ્છની રત્ન શાખાના મુનિ શ્રી જ્ઞાનરત્નજી → [૧]શ્રી હંસરત્નસૂરિ → શ્રી કલ્યાણરત્નસૂરિજી છે. કવિના જીવન અને કવન વિષે માહિતી મળતી નથી.

- પ્રસ્તુત કૃતિનો રચનાકાળ સં.૧૬૭૦, આસો (સુદ કે વદ ?) દસમ, રવિવાર છે. રચનાસ્થળ અને તિથિનો ઉલ્લેખ થયો નથી.

- પ્રસ્તુત કૃતિનો ચોપાઈ તરીકે કવિશ્રીએ પ્રારંભ કે અંતમાં ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. આમ છતાં હુંડીમાં **'કયવન્ના શેઠની ચોપાઈ'** એવું શીર્ષક આલેખાયું છે. વળી, કાવ્યના અંતે **'ઈતિ કયવન્ના ઋષિ સજ્ઝાય સંપૂર્ણ'** એવું આલેખી પૂર્ણાહુતિ કરવામાં આવી છે.

  આઠ ઢાળ અને ૫૬ કડીમાં વિસ્તૃત થયેલી આ રચના વાસ્તવમાં ચોપાઈ છંદમાં રચાયેલી નથી. તેના ચાર ચરણને 'ચોપાઈ' એવું નામભિધાન અપાયું છે. આ કૃતિને ચોપાઈ ન કહેતાં **'સજ્ઝાય'** કહેવી વધુ યોગ્ય રહેશે.

- પ્રસ્તુત કૃતિની ઢાળમાં દેશી કે રાગોનું નિરૂપણ થયું નથી.

- પ્રસ્તુત કૃતિના કથાનકમાં આવતા પાત્રોમાંથી રાસનાયક કૃતપુણ્ય, ધન્ય શેઠ, ભદ્રા શેઠાણી અને અભયકુમાર એમ ચાર નામનો જ ઉલ્લેખ જોવા મળે છે.

  સંભવ છે કે કવિશ્રીને કથાનકના પાત્રોના નામોલ્લેખમાં વિવિધતા જોવા મળી હોય, તેથી તેમણે આ વિષયમાં મૌન રહેવું વધુ પસંદ કર્યું હશે.

- પ્રસ્તુત સજ્ઝાય સંક્ષેપમાં આલેખાયેલી હોવાથી ક્યાંક ક્યાંક ઉપમા અને ઉત્પ્રેક્ષા જેવા અલંકારોનો સ્પર્શ થયો છે. આ ઉપરાંત શબ્દાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ અલંકારથી સજ્ઝાય સુશોભિત બની છે.

---

૧. શ્રી હંસરત્નસૂરિજીએ શ્રી ધનેશ્વરસૂરિજી કૃત **'શત્રુંજ્ય મહાત્મ્ય'** પરથી **'શત્રુંજ્ય માહાત્મ્યોલ્લેખ'** નામનો ૧૫ સર્ગમાં, સંસ્કૃતમાં ગદ્ય ગ્રંથ રચ્યો. (જૈ.સા.સં.ઈ., પારા-૯૬૮, પૃ.-૪૩૨)

ઉપમા અલંકાર :

૧. **ઘન યૌવન રે મદ ભરિ માતુ હાથીઉ (૨)**

પૂરબહાર ખીલેલું યૌવન સૌંદર્ય તેમજ લક્ષ્મીની મહેરથી કૃતપુણ્ય મદોન્મત્ત હાથી જેવો શોભતો હતો.

૨. **સુંદર રુપ રતિ સોહ એ (૩)**

ગણિકાના નયન મનોહર લાવણ્યને કામદેવની પત્ની રતિ સાથે ઉપમિત કર્યું છે.

૩. **રુપ અમરી દેવ કુમરી ગંગ ગવરી દીપતી (૩)**

સૌંદર્યમાં રૂપવતી ગણિકા કામદેવની પત્ની રતિ, ગંગા અને પાર્વતી જેવી દિવ્યસ્વરૂપા હતી.

૪. **સારવણઇ સાનઇ કરી રે, અનુક્રમિ કાઢિઉ તેહ;**
ઝાબકિ તેહ દેખાડિ, ઠાર તણુ જિમ ત્રેહો રે (૧૦)

કચરો વાળવાના બહાને કૃતપુણ્યને ઠેઠ ઊંચી હવેલીમાંથી ખડકી સુધી લાવવામાં આવ્યો ત્યારે તે તૂટી પડેલી મોતીની માળાની જેમ ભાંગી પડયો.

૫. **ખાડ ખણી ખેપુ પરી ઉપાડી એહ (૨૭)**

વૃદ્ધાએ પોતાના પુત્રના મૃતક દેહને ધૂળની જેમ તુચ્છ સમજી ઉપાડીને ખોદેલા ખાડામાં નાંખ્યો.

૬. **દિનકર દીસઇ દીપતુ, તિમ તરુણી પરે તે તેજ અપાર કિં (૩૨)**

સૌંદર્યવાન યુવાન સ્ત્રીઓનું તેજ ઝગારા મારતા સૂર્ય સાથે તુલનીય છે.

૭. **રુપઇં રંભા જિસી ભામા, ભામિનિ ભદ્રક એહ; (૩૩)**

ભોળી ભામિની રૂપમાં રંભા જેવી દિવ્યસ્વરૂપા હતી.

ઉત્પ્રેક્ષા અલંકાર :

૧. **રખે ! રાઉલિ ઘન લીઇ, નહી સુતા કાંઇ (૨૫)**

૨. **ઠવીય મૂરતિ યક્ષ જાણે કયવન્નુ હુઇ જિસુ (૪૭)**

૩. **નિજ નર દેખી નયન વિકસ્યાં, જાંણે મેહ વૂઠઉ અમી (૪૮)**

અચાનક પોતાના પતિને જોઈને ચારે સ્ત્રીઓ હરખઘેલી બની. તે દર્શાવવા અમૃત વૃષ્ટિના મેઘની સુંદર ઉત્પ્રેક્ષા કવિએ વ્યંજિત કરી છે.

યમક અલંકાર :

૧. **ભણી ગણી ગુણવંત હૂયો (૧)**

૨. **દિન દિન વાઘઈ કલા સાધઈ (૧)**

૩. **નયર આખઈ ભાખઈ દાખઈ દેઉલ આવયો (૪૭)**

વર્ણાનુપ્રાસ / વર્ણસગાઈ અલંકાર :

૧. સુખ કરણી રે સરસતિ સામણિ (૧)

૨. કહઈ કવીયણ રે કયવન્ના પભણું ચરિ (૧)

સંવાદાત્મક શૈલી :

૧. વંશવૃદ્ધિના કારણે સમસ્યા ઉભી થઈ તે પ્રસંગે પતિ-પત્નીનો ઘરાઉ સંવાદ રોચક છે, જેમાં સંસારનો વ્યવહાર ધન વિના ન ચાલે તે સનાતન સત્ય ઉજાગર થયું છે. **(૧૭-૧૯)**

કયવનુ મનિ ચિંતવઇ 'ધન્ન, નહી કહુ કિમ હવઇ મદન ?
વઇભાવ મનોરથ સવિ ફલઇ એ.'
ઘરણિ પ્રતિ કહઇ વાતડી, ''ગરથ વિના જાઇ જે ઘડી ;
તે વળી વરસ પ્રમાણઇ જેવડી એ.''
ઇમ કહી પરદેસઇ ભણી, નારિ પૂછી ચાલ્યઉ ઘણી ;
તેહતણી ઘરણી સા પ્રેમઇ સહી એ.

કથાઘટકોમાં પરિવર્તન :

૧. **કૃતપુણ્ય** પોતાની વિવાહિતાના અંકુશમાં ન રહ્યો. તે મિત્રોની સાથે નગરમાં સ્વછંદપણે વિહરવા લાગ્યો. (૨)

કવિશ્રીએ કૃતપુણ્યની વૈરાગ્યદશા કે સાધુઓ સાથે સત્સંગ કરવો એવો સંયમિત પક્ષનો ઉલ્લેખ ન કરતાં કૃતપુણ્યને રંગીન સ્વભાવનો ચિત્રિત કર્યો છે. કથા પ્રવાહને ઝડપથી આગળ વધારવા કવિશ્રીએ રાસનાયકની પ્રથમથી જ વિલાસી અવસ્થા દર્શાવી છે.

૨. કૃતપુણ્ય જ્યારે દુકાનમાં બેઠો હતો ત્યારે તેની દષ્ટિ રાજમાર્ગ પર સ્વછંદપણે ફરતી ગણિકા પર પડી. (૩)

૩. ગણિકાનું નામ ઠેકાણું જાણવા કૃતપુણ્ય સ્વયં ઉભો થયો. તે ગણિકાની પાછળ પાછળ ચાલી ગણિકાવાસ સુધી પહોંચ્યો. અક્કાએ શાહુકાર શેઠ જાણી તેને પ્રેમપૂર્વક આદરભાવ આપ્યો. (૩)

કવિશ્રીએ અહીં મિત્રો દ્વારા ગણિકાવાસ સુધી પહોંચાડયાનો ઉલ્લેખ કર્યો નથી.

૪. ગણિકાવાસની હવેલી કદમાં ઘણી મોટી હતી. કૃતપુણ્ય સૌથી ઉપરની મંજિલમાં રહ્યો. આ સ્થાને ચંદન, અગર, અબીલ જેવા સુગંધી પદાર્થોની મહેક પ્રસરેલી હતી. (૪)

૫. માતા-પિતાની અંતિમ વેળાએ કૃતપુણ્યને તેડું મોકલ્યું પરંતુ નિષ્ઠુર હૃદયનો કૃતપુણ્ય ન જ આવ્યો. (૪)

૬. કૃતપુણ્યની પત્નીએ દોઢિયા કમાવવા પરદેશ જતા પતિને ભાથામાં ચાર લાડુ આપ્યા તેમજ પતિ સુખેથી સૂઈ શકે એવા ઈરાદાથી એક જીર્ણ ખાટલો પણ સાથે આપ્યો. (૨૦-૨૧)

૭. પ્રભાત થતાં કૃતપુણ્ય નિદ્રામાંથી જાગૃત થયો ત્યારે ચારે સ્ત્રીઓએ કહ્યું, ''આ ધન યૌવન તમારું જ છે. તેને તમે ભોગવો.'' (૩૧)

અહીં અક્કા (વૃદ્ધા)ને બદલે ચારે સ્ત્રીઓએ જ કૃતપુણ્યને ભોગવિલાસ માણવાનું સૂચન કર્યું છે. કથાને ઝડપથી આગળ વધારવા કવિ સાસુ-વહુના વાર્તાલાપને સ્પર્શ્યા નથી.

૮. જે વેશમાં કૃતપુણ્યને હવેલીમાં લાવવામાં આવ્યો હતો તે જ વેશમાં રાત્રિના સમયે વૃદ્ધાએ દેવાલયમાં મૂક્યો. (૩૫)

૯. અક્કાએ અબળા સ્ત્રીઓ પાસે અળખામણી વાત કરી. (૩૫)

કવિશ્રી કથાંશને સ્પર્શ કરી ઝડપથી આગળ વધે છે. અક્કાએ કરેલી અપ્રિય વાતનો કોઈ ખુલાસો કર્યો નથી.

૭. કવિ શ્રી ગુણસાગરસૂરિ કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૬૭૬)

● દાનધર્મનો મહિમા વર્ણવતી આ ચોપાઈ કુલ ૩૩૦ કડી પ્રમાણ છે. ચોપાઈની અંતિમ કડીમાં મળતા ઉલ્લેખ અનુસાર પ્રસ્તુત કૃતિના કર્તા શ્રી ગુણસાગર સૂરિજી છે.

કવિએ અંતિમ કડીમાં ફક્ત પોતાના નામનો જ ઉલ્લેખ કર્યો છે. ગચ્છ કે ગુરુ પરંપરા વિશે મૌન છે.

● જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ પારા ૮૯૬ અનુસાર ગુણસાગર સૂરિ [૧]વિજયગચ્છના છે. વિજયગચ્છના શ્રી વિજયઋષિજી → શ્રી ધર્મદાસજી → શ્રી ખેમજી → શ્રી પદ્મસાગરસૂરિ → શ્રી ગુણ-સાગરસૂરિજી છે.

ગુણસાગર સૂરિજીની કેટલીક રચનાઓ પ્રાપ્ત થાય છે. ૧. સંગ્રહણી વિચાર ચોપાઈ (સં. ૧૬૭૫), ૨. ઢાલસાગર (સં. ૧૬૭૬), ૩. કયવન્ના રાસ (સં. ૧૬૭૬), ૪. શાંતિ જિનવિનતિ રૂપ સ્તવન અથવા છંદ, ૫. સ્થૂલિભદ્ર ગીત (ક. ૩૨)

● આપણી અભ્યાસની કૃતિમાં વિહરતાં જણાય છે કે આ કૃતિની બાંધણી દુહા અને ઢાળમાં થઈ છે.

● આ કૃતિમાં રચનાકાળ વિષયક ઉલ્લેખ નથી પરંતુ ભાષા અને રચના પરથી જણાય છે કે આ કૃતિ ૧૬મા સૈકાથી અર્વાચીન તો નથી જ. જૈ.ગૂ.ક.ભા.-૩માં ગુણસાગર સૂરિ કૃત કયવન્ના રાસનો રચનાકાળ સં. ૧૬૭૬ આપ્યો છે. જૈ.સા.સં.ઈ. માં પણ તે જ સંવત છે તેથી અહીં પ્રસ્તુત કૃતિની રચના સંવત ૧૬૭૬ રાખી છે.

● આ કૃતિમાં એક વિશેષતા જોવા મળે છે. પ્રારંભથી જ પ્રત્યેક ઢાળના અંતે કવિશ્રીએ અનુક્રમે 'બાવીસ, ત્રેવીસ, ચોવીસ, પચ્ચીસમી ઢાળ પૂર્ણ થઈ એવું આલેખ્યું છે. બીજી નકલમાં પણ એ જ પ્રમાણે

---

૧. સં. ૧૫૩૩માં સીરોહીના પ્રતિમા નિષેધનો વાદ પ્રચલિત થયો. આ મતને માનનારા પોતાને 'ઢુંઢિયા' કહેતા. તે મતમાં સં. ૧૫૬૮માં રૂપજી ઋષિ થયા. સં. ૧૫૭૦માં તેમાંથી નીકળી બીજા નામના ગૃહસ્થે બીજમતની ઉત્પત્તિ કરી જેને કવચિત્ **'વિજયગચ્છ'** પણ કહેવાય છે.

બીજી માન્યતા અનુસાર આચાર્ય વિજયદાન સૂરિને મણિભદ્રવીરે સ્વપ્નમાં કહ્યું, ''તમારા ગચ્છનું કુશલપણું કરીશ. તમારી પાટ પર વિજયશાખા સ્થાપજો.'' (તપગચ્છ શ્રમણ વંશવૃક્ષ - પૃ.૪૩)

આલેખાયું છે. વળી, આ કૃતિમાં કથા પૂર્ણ રીતે લખાઈ છે તેથી એવું જણાય છે કે, આપણી અભ્યાસની કૃતિના પ્રારંભમાં કોઈ મોટો રાસ હોવો જોઈએ. તેમાં અવાંતર કથા રૂપે કયવન્ના ચરિત્ર લખાયું હોય અને તેમાંથી ઉદ્‌ધૃત કરીને આ રાસ અલગથી મુદ્રિત થયો હોય.

- પ્રસ્તુત રાસમાં કેટલાક હિન્દી શબ્દોનો પ્રયોગ થયો છે. જેમકે - બ્યાહા, જુંતીયા, ફૈલા, જબ, તબ આદિ.

- કવિશ્રીએ ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક ઈત્યાદિ અલંકારોથી રાસને ગૂંથ્યો છે. કવિની વર્ણનાત્મક શૈલી અદ્‌ભુત છે.

ઉપમા અલંકાર :

૧. **કેતકી કાંઠિ વીંધીયો, જિમ ભમરો તિમ તેમ (૨૮)**

લાકડાને વીંધનારો મધુકર કેતકીના ફૂલમાં સપડાય, તેમ કૃતપુણ્ય ગણિકાના સ્નેહમાં ભીડાયો.

૨. **વેશ્યા જિવ્હા એકસી, અંતર નહીએ લગાર;**
એકદિ હોઇ ન ચીંકણી હો, લૂખો છઇ વિવહાર (૫૧)

ગણિકાને જીવ્હા સાથે સરખાવી છે. જીભને ગમે તેટલા સ્નિગ્ધ પદાર્થો ખવડાવવામાં આવે છતાં તે કદી ચીકણી થતી નથી, લૂખી જ રહે છે તેમ ગણિકાને ગમે તેટલું ધન આપી માલામાલ કરો છતાં તે કદી ઘરાતી (સ્નેહાળ થતી) નથી.

૩. **ચંદ્રકલા જિમ વાધીયા, વદન અતિ અભિરામ (૧૨૮)**

ચારે સ્ત્રીઓ થકી જન્મેલા ચારે પુત્રો પ્રતિદિન ચંદ્રની કળાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા.

૪. **પોષઇ હોડાહોડ સ્યું, ભાનુ તણી પ્રિયા જેમ (૧૨૯)**

ચારે સ્ત્રીઓ કૃતપુણ્યનું પોષણ સૂર્યની સ્ત્રીની જેમ ચડસાચડસી પૂર્વક કરવા લાગી.

૫. **નંગ રે જડાણો કંચન જેમ, કયવન્નો નૃપ કુમરી તેમ (૨૫૪)**

કૃતપુણ્ય અને મનોરમાનાં અભેદ પ્રેમને દર્શાવવા સોનામાં જડેલા નંગની મનોહર ઉપમા ટાંકી છે.

૬. **કામ અનઇ રતિ દેવી દોએ, ઇંદ્ર અનઇ ઇંદ્રણી જોએ (૨૫૫)**
કયવન્નો નૃપ કુમરી પ્રેમ, આણિ મિલી એ જોડી જેમ (૨૫૬)

નવવિવાહિત યુગલ કામદેવ અને રતિ તેમજ ઇંદ્ર અને ઇંદ્રાણીના નખશિખ શિલ્પ જેવું હતું. અહીં માલોપમાનું નિરૂપણ થયું છે.

૭. **તેહનો નંદન સુખમઇ વધાવઇ, કલા કરી જિમ ચંદ (૨૭૬)**

ઉત્પ્રેક્ષા અલંકાર :

૧. **મંદિર તો ગણિકા તણઇ હો, આવ્યો જાણે નાથ ! (૨૬)**

કૃતપુણ્યના સૌંદર્ય, ઠાઠમાઠ અને વૈભવને દર્શાવવા કવિશ્રીએ સુંદર ઉત્પ્રેક્ષા પ્રયોજી છે.

૨. **રાખ્યો રંગ ન છુટહી હો, જાણિ બાંધ્યો તાણિ ! (૨૭)**

૩. **વરસ બાર વોલી ગયાં, જાણે ઘડી સમાન ! (૧૩૧)**

રૂપક અલંકાર :

૧. **ગુણ રત્ને રોહણ ગિરિ (૧૪)** : ગુણરૂપી રત્ન માટે રોહણ ગિરિ.

૨. **ધર્મ પરોહણ (૩૦૮)** : ધર્મરૂપી પ્રરોહણ, ધર્મરૂપી અંકુરો માટે.

કહેવત / રૂઢિપ્રયોગો :

૧. **કૂયાહી ખાલી પડઈ હો, બેઠાં બેઠાં ખાત (૪૪)** : ઉદ્યમ વિના લક્ષ્મી પણ નષ્ટ થાય

૨. **કાગ ગલેઈ કંચનની માલ (૨૧૩)** : અણઘટતું જોડાણ

મહારાજા શ્રેણિકની ગુણવાન પુત્રી મનોરમાનો હાથ કંદોઈ જેવી નીચ જ્ઞાતિમાં આપવો એટલે કાગડાની ડોકમાં સુવર્ણનો હાર પહેરાવવા સમાન અશોભનીય કાર્ય ગણાય.

૩. **નાન્હા માંડૈ મોટી આસ (૨૩૩)** : અતિ તૃષ્ણા

૪. **વાદળ ફાટાં સૂર પ્રકાશ (૨૪૧)** : આવરણ દૂર થતાં પ્રકાશ થવો, અજ્ઞાન દૂર થતાં સત્ય પ્રગટ થયો.

૫. **સિર અડસ્યઇં આભિ (૩૧૭)** : ખૂબ પુણ્ય-પ્રતિષ્ઠા પ્રાપ્ત થવી.

વર્ણનાત્મક શૈલી :

૧. ઘરની અવદશા જોઈ કૃતપુણ્યનું અંતર વલોવાયું, તે સમયે રાસનાયકે પોતાના ભાગ્યને ઉપાલંભ આપ્યો. તેની અંતર્વ્યથામાં કરૂણરસ, રૌદ્રરસ અને ભયાનક રસની છાંટ જોવા મળે છે **(૫૯.૨-૬૧)**

વદન સદન નરકા તણો હો, કયું ન લહઇ જન ત્રાસ ?'
ઇમ ચીંતવતો નીકલ્યો, આવ્યો નિજ ઘરિ ચાલી ;
પડીયાં મંદિર દેખીયાં હો, દૈવ પ્રતિ દઇ ગાલી.
'ધિગ્ ! ધિગ્ ! એ મુઝ જીવીયું, ધિગ્ ! ધિગ્ ! મુઝ અવતાર ;
માવીત્રા નઇં દુખ દીઉં હો, તે જાણિ કરતાર

૨. કૃતપુણ્યએ સ્નાન કરી સુઘડ વસ્ત્રો (ધોતિયું) પહેર્યા. ત્યારબાદ કુળદેવીનું પૂજન કર્યું. પૂજન બાદ ભોજન આરોગ્યા. ત્યારપછી મુખવાસમાં પાન-સોપારી ખાધાં. **(૬૯-૭૦.૧)**

નાહ્યો નિર્મલી નીરસું, પહેરી ધોતી સાર ;
પુજ્યા ઘરના દેવતા, જિન નામિ જયકાર.૬૯
ભોજન કીધો ભાવસું, આરોગ્યાં મુખિ પાંન.

ઉપરોક્ત વર્ણન પરથી તે સમયના લોકોની રહેણીકરણી, વેશભૂષા અને ભોજનનો સંક્ષિપ્ત પરિચય મળે છે.

૩. આ જગતમાં ધન સર્વસ્વ છે. તે ભાવની પૂર્તિ કવિશ્રીએ વૃદ્ધાના પાત્ર દ્વારા વહુઓને સમજાવતાં કથાપ્રવાહમાં સુંદર રીતે ગૂંથી છે. **(૧૦૩-૧૦૫)**

૪. અપૂર્વ અને કિંમતી વસ્તુ નિર્ધનને ત્યાં ન હોય, તે યુક્તિનું સમર્થન કરવા કવિશ્રી વિવિધ દષ્ટાંતો ટાંકે છે, જે કવિના જ્ઞાનની બહુલતા દર્શાવે છે. **(૨૧૮-૨૨૨)**

એહનઇ ઘરિ ન હોવઇ એ રયણ, જોતાં એહ વડાંનાં વયણ.
''કઇ તુમ્હ ઘરિ કિસાહાં તેહ, વસ્તુ અપુરવ લહઇ એહ ?
ચંદ વિષઇ રે સુધારસ વાસ, સૂર્ય વિષઇ રે જિમ તેજ પ્રકાસ.
અંબુધિમાંહિ રત્નાંનો ઠામ, મેરુ મરુત રાણા વિશ્રામ.
ગ્રહના થાનક આકાશ, ગજ હય ગૌનઉ સ્વર્ગ નિવાસ.

૫. સાળા અને બનેવીનો વાર્તાલાપ પ્રશ્નોત્તર શૈલીમાં રોચક રીતે વર્ણવ્યો છે. **(૨૬૧-૨૭૦)**

૬. યક્ષપૂજન અંગે સાસુ અને વહૂઓ વચ્ચે થતો સંવાદ સુંદર રીતે છે. અહીં ચારે સ્ત્રીઓ સાસુ સમક્ષ દલીલ કરતી નજરે ચડે છે. **(૨૮૧-૨૮૯)**

૭. તપસ્વી અને કૃશકાયાવાળા મુનિરાજને જોઈ કૃતપુણ્યનું ચિંતન, તેની વહોરાવવાની ખંડિત મનોધારા, સાધુને વહોરાવવાનો લાભ ઈત્યાદિ ભાવોને કવિશ્રીએ સુંદર રીતે આલેખી જૈનાચાર પ્રગટ કર્યો છે. **(૩૧૭-૩૨૧)**

રાંધી ખીર પરુસઇ ભાણઇ જી, સુત આરોગણ હેતિ;
આપ ગઇ પરકામ કરેવા જી, મિલીઉ સુભ સંકેતિ.
માસખમણનઇ પારણઇ જી, સાધુ પધારયા હોઇ;
બહુ તપ તપવિ દુર્બલ દેહો જી, દેખી ચિંતઇ સોઇ.
'જન્મ સફલ તો આજ હમારો જી, દિવસ સફલ અરુંયામ;'
એ વેલાં ધન ! દરસન દીધો જી, સાધુ તણો અભિરાંમ.
ગ્વાલા તણો મન હુઓ કૃપાલુ જી, સાધાંનિ પ્રતિલાભિ;
હોસું આજ કૃતારથ અધિકો જી, જઇ સિર અડસ્યઇં આભિ.
બેઠો હુઇ સનમુખિ આવિ જી, ઋષિનઇ કરી પ્રણામ;
''તારો તારો'' મુખિ ઉચ્ચરતો જી, ''સારો માહરાં કામ.

ઉપદેશાત્મક શૈલી :

૧. દાનનો મહિમા **(૧-૪)**

૨. કૃતપુણ્ય વિલાસી પુરુષોના સંગથી સાતે વ્યસનમાં જોડાયો. તે સંદર્ભમાં કવિશ્રી ઉપદેશે છે કે સુસંગતિથી માનવ સુધરે છે અને કુસંગતિથી બગડે છે. **(૨૦.૨-૨૨)**

આ કથનની પૂર્તિ માટે કવિશ્રીએ આગની સંગે પાણી, કપૂરની સંગે કસ્તુરી અને હિંગની સંગે લસણની સુવાસ નષ્ટ થાય છે એમ પરસ્પર વિરોધી દષ્ટાંતો આલેખ્યાં છે.

૩. દુષ્ટની સંગતિથી સુલક્ષણો કુલક્ષણોમાં પરિવર્તિત થાય છે. **(૨૦-૨૫)**

આ કથનની પૂર્તિ માટે પગરખા, ગંગાજળ અને કાજળનાં દૃષ્ટાંતો કવિશ્રીએ ટાંક્યાં છે.

૪. ધિક્કાર! છે વિષયવાસનાને, જે ચતુરને વિહ્વળ બનાવે છે, ધૈર્યવાનને ચંચળ બનાવે છે અને જ્ઞાનીને ખૂબ દુ:ખી કરે છે. **(૩૪)**

૫. ઠગ વેશ્યાએ લુચ્ચાઈ બતાવી. કૃતપુણ્ય ઠગાઈ માટેના ષડયંત્રનો ભોગ બન્યો ત્યારે તેનું હૈયુ ચોટ ખાઈ ગયું. કવિશ્રી તે પ્રસંગે માંસાહાર, મદિરાપાન, ભોગવિલાસમાં રમણ કરતાં ચિત્ત તેમજ વેશ્યાગમનને નરકનાં મૂળ કારણો ગણે છે. **(૫૮)**

૬. માતા-પિતાના આશીર્વાદથી યશ-પ્રતિષ્ઠા વધે છે તેમજ સુખી થવાય છે. **(૬૬)**

અહીં માતૃભક્તિ અને પિતૃભક્તિનો મહિમા ગવાયો છે. ભારતના લોકસાહિત્યોમાં પણ 'ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં' એવી પંક્તિઓ કવિઓ દ્વારા આલેખાઈ છે. એકબાજુ પ્રાચીન સાહિત્ય સંસ્કારી પુત્રોથી સમૃદ્ધ છે, તો બીજી બાજુ આજના કેટલાક કપૂતો પોતાના મા-બાપને વૃદ્ધાશ્રમોમાં મોકલવવા 'વેઈટીંગ લીસ્ટ'ની કતારમાં રાહ જોતાં ઉભા છે!

૭. માતા-પિતાના અવસાનથી શોકાતુર બનેલા કૃતપુણ્યને તેની પત્ની ધન્યાએ સૂર્ય, ચંદ્ર અને સાગર જેવા પ્રાકૃતિક દૃષ્ટાંતોના ઉપદેશો વડે સાંત્વના આપી. **(૭૫-૭૮)**

સૂર્યની દિવસમાં ત્રણ અવસ્થા બદલાય છે. ચંદ્ર પણ એક પખવાડિયામાં વધે અને બીજા પખવાડિયામાં ઘટે છે. સાગરમાં પણ ભરતી અને ઓટ આવે છે, તેમ મનુષ્યના જીવનમાં પણ સારાં-નરસાં દિવસો આવે છે.

૮. આ જગત સ્વાર્થમય છે, તેની સિદ્ધિ કરવા કવિશ્રી વૈદ્યનું દૃષ્ટાંત આલેખે છે. **(૧૩૧-૧૩૨)**

૯. ચારે પુત્રવધૂઓની નીડરતા અને બળવો કરવાનો પલટાયેલો સ્વભાવ જોઈ વૃદ્ધા ઢીલી પડી. તે સંદર્ભમાં કવિશ્રી **'अति सर्वत्र वर्ज्यते'** આ યુક્તિ ટાંકી પૌરાણિક અને વ્યવહારિક દૃષ્ટાંતો આલેખે છે.

અતિ તાણવાથી દોરડું પણ તૂટી જાય છે. મંદાર પર્વતને રવૈયો બનાવી અતિ મંથન કરતાં સમુદ્રમાંથી વિષ પ્રગટ થયું, જે શંકર ભગવાનને કંઠમાં ધારણ કરવું પડયું તેથી 'નીલકંઠ' કહેવાયા. ભલે ચંદનનો સ્વભાવ શીતલ હોવાથી વિશ્વમાં પ્રસિદ્ધ છે પરંતુ આ જ ચંદનના વૃક્ષો (અરણિ) જ્યારે પરસ્પર અથડાય છે, ત્યારે તેમાંથી અગ્નિ ઝરે છે. ખરેખર! અતિરેકપણું સર્વત્ર ત્યાજ્ય છે. **(૨૯૧,૨૯૨)**

સંવાદાત્મક શૈલી :

૧. ગણિકાવાસમાંથી ધન ઉઘરાવવા આવેલી દાસી અને ધન્યા સાથેનો સંવાદ, જેમાં પતિધર્મ નિભાવતી ત્યક્તા ધન્યાની આત્મકથાનું શબ્દચિત્ર કવિશ્રીએ ઉપસાવ્યું છે. **(૩૭-૪૬)**

૨. અક્કા અને અનંગસેનાનો સંવાદ, જેમાં ગણિકાની મન:સ્થિતા અને ગણિકાચારની તાલિમ અપાઈ છે. **(૫૨.૨-૫૪)**

કથાઘટકોમાં પરિવર્તન :

૧. **તેજસી શેઠ**ની પુત્રી **ધન્યા** સાથે **કૃતપુણ્ય**ના વિવાહ થયા. (૧૫)

૨. **ધનેશ્વર શેઠ** અને **સુભદ્રા શેઠાણી**નું મૃત્યુ તીવ્ર જ્વર રોગથી થયું. તેઓ કાળ કરી દેવલોકમાં ગયા. (૩૬)

કૃતપુણ્યના માતા-પિતાને થયેલ રોગ અને મૃત્યુ બાદની દેવ ગતિ અંગે અન્ય કવિઓ મૌન રહ્યા છે. કવિશ્રી આ પ્રસંગે નવીન વિચારો ટાંકે છે.

૩. ધન્યાએ પોતાના પિયરનું બચેલું એક અમૂલ્ય આભૂષણ આપી, ઘરની પરિસ્થિતિનો ચિતાર પતિને જણાવવા દાસી દ્વારા સંદેશો પાઠવ્યો. (૪૫-૪૬)

૪. દાસીનો સંદેશો સાંભળી કૃતપુણ્ય ભારે દુ:ખી થયો. (૪૭)

૫. કૃતપુણ્યને ખસેડવા ગણિકાવાસની દાસીઓએ તેની સામે ધૂળ ઉડાડી તરકટ રચ્યું. (૫૧)

૬. કૃતપુણ્ય ધન્યાને ખૂબ ચાહતો હતો તે જોઈ લોકોએ તેને ઠપકો આપતાં કહ્યું, ''હવે જાગૃત થયો છે ! પરંતુ જો પહેલાં ચેત્યો હોત તો સંતાનનો વંશવેલો વૃદ્ધિ પામત. આ પુત્ર નહીં પરંતુ શત્રુ છે, જેણે માવતરને જીવતે માર્યા છે.'' (૮૨-૮૩)

કૃતપુણ્ય બાર-બાર વર્ષ સુધી વેશ્યાવાસમાં રહ્યો, જો તે ધન્યા સાથે રહ્યો હોત તો તેનાં સંતાનો મોટાં હોત. અહીં લોકોએ તેને ઉપાલંભ આપ્યો છે. વેશ્યાવાસને ખરાબ ગણ્યો છે.

૭. લોકોનો ઉપાલંભ સાંભળી કૃતપુણ્ય વ્યાકુળ બન્યો ત્યારે ધન્યાએ લોકોના શબ્દો તરફ લક્ષ ન આપવાનું સૂચન કર્યું. (૮૫)

૮. કૃતપુણ્ય વ્યાપાર કરવા પરદેશ જવા તૈયાર થયો ત્યારે ધન્યાએ પોતાની પાસે રહેલી એક હજાર સોનામહોર આપી ધનની જોગવાઈ કરી દીધી. (૮૭)

અહીં ધન્યાનો કરકસરવાળો સ્વભાવ, બચત અને સંકટમાં ઉપયોગી થવાની વૃત્તિ નજરે ચડે છે.

૯. વૃદ્ધાએ કૃતપુણ્યને પુત્ર બનાવી કહ્યું, ''આ ચારે સ્ત્રીઓ તારા ભાઈની પત્નીઓ છે. આજથી તું એમનો સ્વામી છે.'' (૧૧૮)

૧૦. ઘુંટો જોઈ પુત્રએ વિચાર્યું, 'મારા પિતાજી મારા માટે આ ઘુંટો લાવ્યા છે.' (૧૫૯)

૧૧. રાજાએ **સેચનક હાથી**ને છોડાવવા રાજભંડારમાંથી જલકાંતમણિ મંગાવ્યું પરંતુ રાજકોષમાં ઉપલબ્ધ ન હતું. (૧૯૪-૧૯૬)

૧૨. 'કંદોઈને પુત્રી આપતાં સમાજમાં હાસ્યાસ્પદ થશું,' એવું મહારાજા શ્રેણિકે વિચાર્યું. (૨૧૧)

આજે પણ ગામડાઓમાં આ પ્રથા જીવંત છે. ઘણી કોમોમાં પર (પંજાબી, સિંધી આદિ) જ્ઞાતિમાં લગ્ન કરનારને મહાજન જ્ઞાતિ બહાર કરે છે તેમજ તેમને સારા પ્રસંગોમાં સમાજમાં સંમ્મેલિત કરતા નથી.

૧૩. નવવિવાહિત યુગલ (કૃતપુણ્ય અને **મનોરમા**) હાથી પર આરૂઢ થયા. (૨૫૦)

૧૪. યક્ષ પ્રાસાદના ગાભારામાં દેવમૂર્તિ જેવી કૃતપુણ્યની સ્વરૂપવાન મૂર્તિ સ્થાપવામાં આવી. (૨૭૨)

અહીં કવિએ યક્ષ પ્રાસાદની જિનાલય જેવી કલ્પના કરી છે. વળી, કૃતપુણ્યનાં રૂપને કામદેવ

સાથે સરખાવે છે.

૧૫. યક્ષપૂજન માટે આવેલી સ્ત્રીઓ પોતાના સંતાનોને લઈ પ્રથમ દ્વારથી પ્રવેશ કરતી અને બીજા દ્વારથી પૂજન કરી બહાર નીકળતી. (૨૭૫)

દર્શનાર્થીઓની ભીડને નિયંત્રિત કરવા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

૧૬. નગરમાં પડહ વગડાવ્યો કે, ''યક્ષ પૂજન માટે નહીં આવનાર સ્ત્રીનું સંતાન અવશ્ય મૃત્યુ પામશે, તેથી ચૌદસની તિથિના દિવસે ફરજિયાત આવવું. (૨૭૯)

અહીં યક્ષપૂજન માટે ચૌદસની તિથિ નોંધાઈ છે. અન્ય કોઈ કવિએ તિથિનો ઉલ્લેખ કર્યો નથી.

૧૭. ચારે પૂત્રવધૂઓએ સાસુને 'આઈ'નું સંબોધન કર્યું છે. (૨૮૮)

સંભવ છે કે તે સમયમાં સાસુને આત્મિયતા માટે 'આઈ' (માતા)નું સંબોધન થતું હશે.

૧૮. ચારે સ્ત્રીઓએ બાળકોને કેડમાં ઉપાડ્યાં અને સાસુએ લાડુનું પોટલું પોતાના માથે લીધું. (૨૯૫)

કવિશ્રી ગ્રામીણ જીવનશૈલીની ઝાંખી કરાવે છે. વર્તમાનકાળે ગામડાઓમાં સ્ત્રીઓ પોતાના બાળકોને કેડમાં ઉપાડે છે. વળી, પાલીતાણાની જાત્રા કરતાં ત્યાંના (કાઠી) કોળી જાતિનાં લોકો બાળકોને કેડમાં ઉપાડી જાત્રા કરાવે છે.

૧૯. યક્ષપૂજન માટે નીકળેલી ચારે સ્ત્રીઓએ માર્ગમાં ઘણાં સ્વજનોને જોયાં તેથી તેમનું મન પ્રફુલ્લિત થયું. (૨૯૪)

બાળકો નાના હોવાથી તેમજ સાસુના દાબના કારણે વિશિષ્ટ પ્રસંગો સિવાય સ્વજનો સાથે મેળાપ ન થતો હોય તેથી ઉપરોક્ત ભાવો કથાપ્રવાહમાં ઝિલાયાં હોય.

૨૦. પુત્રોને યક્ષના ચરણોમાં નમન કરાવી, મોદકનો થાળ નૈવેદ્ય ધરી, સ્ત્રીઓએ યક્ષદેવને બાળકોના કલ્યાણની પ્રાર્થના કરી. (૨૯૬)

૨૧. **અભયકુમારે** વૃદ્ધાને 'કિંચિત્' ધન અને બાકીનું ધન કૃતપુણ્યને આપ્યું. (૩૦૩)

કવિશ્રીએ વૃદ્ધાને મળેલા ધન માટે 'કિંચિત્' શબ્દ પ્રયોગ કર્યો છે પરંતુ ધનની સ્પષ્ટતા કરી નથી.

૨૨. પ્રત્યેક ઘરે ખીર ખવાતી જોઈ ભરવાડના બાળકે માતા પાસે ખીરની માંગણી કરી. (૩૧૨)

કવિશ્રીએ ખીર બનાવવાના પ્રયોજન અંગે કોઈ ખુલાસો કર્યો નથી.

૨૩. માતા થાળીમાં ખીર પીરસી 'પુત્રના ભલા માટે' પરઘરના કામ કરવા ચાલી ગઈ. (૩૧૫)

માતાની મીઠી નજર બાળકને ન લાગે તે કારણે કવિશ્રી આ પ્રમાણે આલેખે છે.

૨૪. બાળક ખીર ખાવા બેઠો ત્યારે કૃશ કાયાવાળા બે તપસ્વી મુનિરાજ પધાર્યા. (૩૧૬)

અન્ય સર્વ કવિઓએ ફક્ત એક જ મુનિરાજનો ઉલ્લેખ કર્યો છે.

૨૫. કૃતપુણ્યના સંયમ જીવન વિશે કવિશ્રી મૌન રહ્યા છે. મુનિરાજ કાળ કરી પાંચમા બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયા. (૩૨૭)

રાસનાયકની વૈમાનિક ગતિ એકાદ કવિને છોડી સર્વએ એકમતે સ્વીકારી છે. પરંતુ દેવલોકના સ્થાનમાં ઐક્ય નથી. કોઈ પ્રથમ દેવલોક, કોઈ પાંચમા દેવલોક તો કોઈ સર્વાર્થસિદ્ધ

વિમાનની ગતિ બતાવે છે. કવિશ્રી લાલવિજયજી રાસનાયકને ચરમ શરીરી ગણી મોક્ષગતિ નોંધે છે.

૮. કવિ શ્રી લાલવિજયજી કૃત કયવન્ના સજ્ઝાય (સં. ૧૬૮૦)

- પ્રસ્તુત [૧]સજ્ઝાયના કર્તા તપાગચ્છની વિજયશાખાના [૨]શ્રી વિજયસેનસૂરિજી → [૩]શ્રી વિજય-દેવ સૂરિજી → પંડિત શ્રી કલ્યાણ વિજયજી → [૪]પંડિત શ્રી શુભવિજયજી → [૫]પંડિત શ્રી લાલવિજયજી છે.

- પ્રસ્તુત ચૌદ કડી (પ્રત્યેક કડી ૮ટૂંકની) પ્રમાણ ત્રૂટક છંદમાં રચાયેલી આ સજ્ઝાયમાં હ.પ્ર. (ક)માં કવિશ્રીએ રચના સમય કે સ્થાન વિશે ઉલ્લેખ કર્યો નથી પરંતુ આ સજ્ઝાયની પ્રાપ્ત થયેલી હ.પ્ર. (ખ), જે સંવત ૧૮૦૮માં પુનઃ મુદ્રિત થયેલી છે; જેમાં નીચે પ્રમાણે ઉલ્લેખ થયો છે.

'સંવત સોલ અસીઈ મનોરથ, વિજય પક્ષિનઉં સીધ્યું;
વિજયાનંદ સૂરીસર રાજિં, ઉસમાંપુરમાંહિ કીધ્યું' (૧૪)

વળી, જૈન ગૂર્જર કવિઓમાં સજ્ઝાયની રચના સાલ સંવત ૧૬૮૦ આલેખાયેલ છે તેથી આ સજ્ઝાયનું કવન સં.૧૬૮૦માં થયું છે, એવું સિદ્ધ થાય છે.

હ.પ્ર. (ખ)ની અંતિમ કડી અનુસાર તપાગચ્છના વિજયાનંદસૂરિની પરંપરાના આ લાલવિજયજી છે, જેમણે ઉસ્માનાપૂર શહેરમાં આ સજ્ઝાયને અક્ષરદેહ આપ્યો છે.

વળી, હ.પ્ર.(ક)ની અંતિમ કડીમાં કહ્યું છે.

'શુભવિજય પંડિત પય સેવી, લાલવિજય કહિ પ્રાણી.' (૧૪)

આ શુભવિજયજી આપણી અભ્યાસની કૃતિના રચયિતા લાલ વિજયજીના ગુરુ છે. આમ, હ.પ્ર. (ક) અને (ખ)નો પાઠ મેળવતાં તારણ કાઢી શકાય કે તપાગચ્છના વિજયપક્ષના વિજયાનંદ સૂરિના શિષ્ય શુભવિજયજીના શિષ્ય પંડિત લાલવિજયજી છે.

- ભાષાકીય દ્રષ્ટિએ જોઈએ તો કવિશ્રીની ભાષામાં ક્રિયાપદોના એક વચનમાં 'ઉ'કારની

---

૧. સજ્ઝાયનું સ્વરૂપ - જુઓ પરિશિષ્ટ વિભાગ.

૨. અઢી હજાર સાધુઓના ગુરુ, મહાપ્રભાવશાળી જૈનાચાર્ય હતા. સંવત ૧૬૭૪માં જહાંગીર બાદશાહે તેમની તપશ્ચર્યાથી મુગ્ધ થઈ માંડવગઢમાં **'જહાંગીર મહાતપા'** નું બિરૂદ આપ્યું હતું. તેમને ઉદયપુરમાં રાણા કર્ણસિંહની સમક્ષ લુંપકો સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો. તેમના ઉપદેશથી ઉદયપુરના મહારાણા જગતસિંહે વરકાણા તીર્થમાં પોષ દશમીના દિવસે આવતા યાત્રાળુનો કર બંધ કરાવ્યો. (તપગચ્છ શ્રમણ વંશવૃક્ષ - પૃ. ૬૭-૬૮)

૩. વિજયદેવસૂરિજીની પ્રેરણાથી પીંછોલા અને ઉદયસાગરના તળાવોમાં માછલા પકડવાની જાળોનો નિષેધ કર્યો. ગુરુવારે રાજ્યમાં અમારિ પાળવી, ભાદરવા માસમાં જીવહિંસા ન કરવી એવું રાજાએ એલાન કર્યું. (તપગચ્છ શ્રમણ વંશવૃક્ષ - પૃ. ૬૮)

૪. શુભવિજયજીએ 'તર્કભાષા વાર્તિક', 'કાવ્ય કલ્પલતા વૃત્તિ મકરંદ', 'સ્યાદ્વાદ ભાષા સૂત્ર' પર વૃત્તિ તેમજ 'સેનપ્રશ્નનો સંગ્રહ' જેવાં ગ્રંથો સંવત ૧૬૬૧ થી ૧૬૭૧માં રચ્યાં છે.

૫. સમર્થ કાવ્યકાર લાલવિજયજીએ ઘણું સાહિત્ય સર્જન કર્યું છે. મહાવીર સ્વામીનું ૨૭ ભવ સ્તવન (સં.૧૬૬૨); જ્ઞાતાધર્મ ઓગણીસ અધ્યયન સજ્ઝાય (સં.૧૬૭૩); નંદ મણિયાર રાસ; ઘી સજ્ઝાય; સુદર્શન સજ્ઝાય (સં. ૧૬૭૬); વિચાર સજ્ઝાય (ક.૫); ભરત બાહુબલિ સજ્ઝાય (ક.૩૧); કયવન્નાઋષિ સજ્ઝાય (સં.૧૬૮૦).

પ્રધાનતા છે. જેમકે છબિઉ, છોડાવિઉ, પરણાવઉ, બાંધિઉ, ફાવિઉ, આવિઉ, કાઢિઉ, મેહલિઉ, જાવઉ, લાવઉ, થઈઉ, રહિઉ, કરસિઉ, ઉલખીઉ, જનમિઉ, વહુરાવિઉ, પામિઉ વગેરે.

- સજ્ઝાયમાં કથા સાથેનો સુમેળ જળવાયો છે. કવિશ્રીએ આ કૃતિ ખૂબ ટૂંકાણમાં રચેલી હોવાથી તેમાં કોઈપણ પ્રકારના વર્ણનોની પ્રસ્તુતિ થઈ શકી નથી. તે ઉપરાંત અલંકારોની ગૌણતા જ રહી છે. છતાં ટૂંકાણમાં કથા નિરૂપણ એ પ્રસ્તુત કૃતિની આગવી વિશેષતા છે.

- આ સજ્ઝાય સંક્ષિપ્ત હોવા છતાં, પ્રસંગોપાત **ઉપદેશાત્મક શૈલી**નો કવિશ્રીએ પ્રયોગ અવશ્ય કર્યો છે. જેમ કે -

૧. દાન આપ્યા વિના સંપત્તિ પ્રાપ્ત થતી નથી. ભોજનના સમયે અતિથિ સંવિભાગની ભાવના ભાવવી જોઈએ, એવું ગંગદત્તના પાત્ર દ્વારા કવિ ઉપદેશે છે કે - **(૨)**

જુદાંન ન દીધૂં તુ દોહિલિ આ પામી ;
જઉ આવઈ મુનિવર તઉ આપું સિરનામી.

૨. સંક્ષિપ્ત કાવ્યમાં સંવાદાત્મક શૈલીમાં કવિ ખરા ઉતરે છે. **(૭-૮)**

''બાર વરસ સ્યૂં સૂતા હૂતા ? સાર્થ ઉપરાજી વલીઉ ;''
''સૂતા નૂ હુતા દેહ ભલૂં છઇ સાર્થ અનેરુ મિલીઉ ;''
ઘરણિ કહિ ''સ્યૂં લાવ્યા ઉપરાજણ નવિ દેખૂં ?''
ઘણી કહિ ''પાછલિ છઇ આવિં કરસ્યૂં લેખૂં ;
સંદેહ હજી છઇ ન મિલિઇ જિહાં લગિ સાચું''
''હવિં ઘયરિ પધારુ તુમ્હ દીઠઇ અમ્હે રાચું.''

પતિ-પત્નીનો ઘરેલુ સંવાદ રોચક છે, જેમાં એક બાજુ પત્નીની દિલની વિશાળતા તો બીજી બાજુ ટાંકપિછોડો કરતો કૃતપુણ્ય નજરે ચડે છે.

કથા ઘટકોમાં પરિવર્તન :

૧. **શ્રીપુર ગામ**ની આહીરાણીનું નામ **ગંગા** હતું. ગંગાના પુત્રનું નામ **ગંગદત્ત** હતું. (૧)
કવિશ્રીએ સજ્ઝાયના પ્રારંભમાં જ **કૃતપુણ્ય**નો પૂર્વભવ આલેખ્યો છે.

૨. આર્થિક સ્થિતિ વણસતાં માતા અને પુત્ર શ્રીપુર નગરના કોઈ શ્રેષ્ઠીને ત્યાં આવીને રહ્યા. ભરણપોષણ માટે તેમણે પરિશ્રમને જીવનમંત્ર બનાવ્યો. (૧)
અહીં કવિશ્રીએ માતા અને પુત્રનાં કાર્યનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું નથી. સંભવ છે કે કથાને ઝડપથી કહેવા માટે 'આવ્યાં કામ કરાં' એવું કહી કથાપ્રવાહમાં કવિ ઝડપથી આગળ વધે છે.

૩. પુત્રએ ખીરના ભોજનની હઠ પકડી ત્યારે ગરીબડી માતાએ કહ્યું, ''ઉહનૂં જમ્યાં થયા છ મહીના' અર્થાત્ છ મહિનાથી બાળકે ટાઢું ભોજન ખાધું છે પરંતુ ગરમ ભોજન જમ્યો નથી. (૧)
અહીં લાચારી, ગરીબી અને પાપોદયતાના કારણે ગંગાની દુ:ખદ મન:સ્થિતા છતી થાય છે.

૪. પાડોશણોએ ખીર માટે ખાંડ, ઘી, સાકર અને દૂધ પ્રેમથી આપ્યા. (૧)

અહીં પાડોશણોની પરોપકારવૃત્તિ અને ભાવસભર વિજ્ઞપ્તિ નજરે ચડે છે.

૫. ખીર પીરસીને માતા કામ કરવા ગઈ ત્યારે ગંગદત્તે ચિંતવના કરી કે, 'જો કોઈ મુનિવર આવે તો તેમને અન્ન વોહરાવું.' (૨)

ગંગદત્ત આહીરનો પુત્ર હતો. તે જૈન ધર્મથી વંચિત હતો, છતાં સંવેદનશીલ અને ઋજુતાને કારણે પોતાનામાંથી બીજાને આપવાની ઉદાર ભાવના તેનામાં પ્રગટી, એ કર્મની લઘુતા દર્શાવે છે.

જૈન કવિશ્રીએ પ્રસંગોપાત રીતે શ્રાવકની આચાર સંહિતા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે.

૬. ગંગદત્તના ભીતરની ઉત્તમ ભાવના ફલિત થતાં માસક્ષમણના તપસ્વી મુનિરાજ વહોરવા પધાર્યા. (૨)

શુદ્ધ અંતઃકરણ પૂર્વકની ભાવના અવશ્ય ફળે છે; એવું કવિશ્રી દર્શાવે છે. શુદ્ધ ભાવનાના બળે ચંદનબાળાને ભગવાન મહાવીર સ્વામી મળ્યા, શાલિભદ્રનો પૂર્વભવ સંગમ ભરવાડને માસક્ષમણના તપસ્વી મુનિરાજ મળ્યા, નયસારને જંગલમાં મહામુનિ મળ્યા !

૭. ગંગદત્તે ખીરની થાળીમાં બે લીટી દોરી ખીરના ત્રણ ભાગ કર્યા. ત્યારપછી બધી ખીર મહાત્માને વહોરાવી દીધી. (૨)

મનગમતી વસ્તુ કઠિનતાથી પ્રાપ્ત થયા છતાં બીજાના પરોપકાર માટે હર્ષથી આપવાની ત્યાગ વૃત્તિ તેમજ બાળકની ત્રૂટક મનોવૃત્તિ અહીં દ્રષ્ટિગોચર થાય છે.

૮. લૂખુંસૂકું ખાનાર ગંગદત્તને ખીર જેવું ભારે ભોજન ખાવાથી અતિસાર (કોલેરા) રોગ થયો. (૨)

૯. **રાજગૃહી નગરી**ના **ધનાવાહ શેઠ**ની પત્ની **સુભદ્રા**ની કુક્ષિમાં ગંગદત્ત પુત્રપણે અવતર્યો.(૨)

૧૦. પુત્રજન્મની ખુશાલીમાં શેઠે સ્વજનોને જમાડયા. (૩)

૧૧. યૌવનના ઉંબરે પગ મૂકતાં ધનાવાહ શેઠે પુત્રના વિવાહ કરાવ્યા. (૩)

રાસનાયકના વિવાહ કોની સાથે થયા તે અંગે કવિશ્રી મૌન સેવે છે.

૧૨. કૃતપુણ્યને પિતાએ સ્વયં વેશ્યાને ત્યાં મોકલ્યો. (૩)

અહીં કવિશ્રીએ ગણિકાને ત્યાં મોકલાવાનું કોઈ કારણ દર્શાવ્યું નથી.

૧૩. શેઠે પુત્રના સુખ માટે બાર વરસમાં સાડા બાર કરોડ સોનામહોર વેશ્યાવાસમાં મોકલી. (૩)

શ્રી પદ્મસાગર સૂરિજીએ સાડા સોળ કરોડ સોનામહોરનો આંક બતાવ્યો છે. જ્યારે લાલવિજયજીએ સાડા બાર કરોડ સોનામહોરનો આંકડો આલેખ્યો છે.

'ભરતેશ્વર બાહુબલી વૃત્તિ' - ભાષાંતર (પૃ.૯૦) અનુસાર માતા-પિતાએ ભોગવિલાસ માટે પુષ્કળ ધન મોકલાવ્યું. ત્યાં નિશ્ચિત અંકલેખન નથી.

બૃહદ્તપગચ્છના આચાર્ય પ્રવર શ્રી વિજયરાજેન્દ્રસૂરિના શિષ્ય શ્રી વિજય યતિન્દ્રસૂરિજી કૃત 'શ્રી કયવન્ના ચરિત્રમ્' (સંસ્કૃત ગદ્ય) તેમાં પણ ચોક્કસ આંક દર્શાવેલ નથી.

૧૪. વેશ્યાના સ્નેહપાશમાં ડૂબેલા કૃતપુણ્યને માતા-પિતાના અવસાન પછી અંતિમ સ્પર્શના (અગ્નિ સંસ્કાર) કરવાનો મોકો મળ્યો જ નહીં. (૩)

માતા-પિતાના મૃત દેહને આગ ચાંપવાનું કાર્ય પુત્ર કરે છે. એવી સામાજિક પ્રથા અહીં નજરે

ચડે છે. અર્વાચીન કાળમાં પણ આ જ પરંપરા છે પરંતુ વર્તમાન કાળે તેમાં થોડો ફેરફાર જોવા મળે છે. જ્યાં પુત્ર નથી, ત્યાં સંતાન તરીકે આ હક્ક પુત્રીને પણ આપવામાં આવે છે.

૧૫. રાસનાયિકાએ આર્થિક કઠણાઈઓમાં પોતાની હૈયાઉકલતથી ચરખો કાંતવાનું શરૂ કર્યું. (૩)

અહીં તેની સ્વાભિમાનતા અને સ્વાવલંબનતા તેમજ જીવનની ખડકાળ વાસ્તવિકતા નજરે ચડે છે.

૧૬. કૃતપુણ્યએ પોતાની પત્નીને પૂછ્યું, ''માવિત્ર ક્યાં છે ?'' પત્નીએ કહ્યું, ''પરલોક ગયા.'' (૪)

અહીં કૃતપુણ્યને માતા-પિતાના અવસાનનાં સમાચાર પત્ની દ્વારા પ્રાપ્ત થાય છે.

૧૭. પરદેશ જવા કૃતપુણ્યે શાહુકાર પાસેથી વ્યાજે પૈસા લીધા. (૫)

૧૮. રાસનાયિકાએ પૂછ્યું, ''પરદેશથી શું કમાઈને લાવ્યા ?'' રાસનાયકે કહ્યું, ''ધન પાછળ આવે છે. તે આવશે ત્યારે લેખા (હિસાબ) કરશું.'' (૮)

૧૯. પુત્રને ભૂખ લાગી ત્યારે પિતાએ કહ્યું, ''કોથળીમાં છે તે લઈને ખા.'' (૮)

બાળકે સ્વયં કોથળીમાંથી લાડુ લઈ લીધો.

૨૦. હાથીને વીંટળાયેલો જલચર પ્રાણી ચોર્યાસી હાથ લાંબો હતો. (૯)

૨૧. કંદોઈના તેની જ જ્ઞાતિની કન્યા સાથે રાજાએ લગ્ન કરાવ્યા. (૧૦)

૨૨. કુટુંબ સહિત યક્ષપૂજન માટે આવનાર વ્યક્તિએ પાંચ પાંચ મોદક લાવવા, એવી રાજાજ્ઞા થઈ. (૧૧)

૨૩. રાજાનો ફરમાન થતાં વૃદ્ધાએ વિચાર્યું, 'હવે શું કરવું ?' (૧૧)

અહીં કવિશ્રીએ વૃદ્ધાને બેફિકર ન બતાવતાં અસ્વસ્થ બતાવી છે. કવિશ્રીએ કથાને વધુ ઝડપથી આગળ વધારવા સાસુ-વહુઓ વચ્ચેનો વાર્તાલાપ ટાંક્યો નથી.

૨૪. બાળકો યક્ષની મૂર્તિને 'પિતાજી ! પિતાજી !' કહી વળગી પડયા ત્યારે વૃદ્ધાએ પકડાઈ જવાના ભયથી બાળકોને ખેંચતાણ કરતાં તાકીદ આપતાં કહ્યું, ''મૂર્તિની આશાતના ન કરો.'' (૧૨)

૨૫. વૃદ્ધાને એક લાખ રૂપિયા અને જીવે ત્યાં સુધી રહેવા માટે ઘર આપ્યું. (૧૩)

નિરાધાર વૃદ્ધા સાથે રાજાએ ન્યાયપૂર્વક ઈન્સાફ કર્યો છે.

૨૬. કૃતપુણ્ય શેઠ સ્ત્રીઓ સાથે ભોગવિલાસમાં દિવસો પસાર કરે છે. (૧૩)

કવિશ્રીએ સ્ત્રીઓની સંખ્યાનો ઉલ્લેખ કર્યો નથી. વળી, મદનમંજરી કઈ રીતે કૃતપુણ્યના ઘરે આવી તેનો ખુલાસો કવિશ્રીએ ક્યાંય કર્યો નથી.

૨૭. કૃતપુણ્ય મુનિ તે જ ભવમાં મુક્તિરૂપી રમણીને વર્યા. (૧૪)

કવિશ્રી કૃતપુણ્ય મુનિને ચરમશરીરી ગણી તેમની સિદ્ધગતિ નોંધે છે.

૯. કવિ શ્રી વિજ(ન)યશેખરસૂરિ કૃત કયવન્ના ચોપાઈ (સં.૧૬૮૧)

● વિક્રમ સંવત ૧૬૮૧, જેઠ માસ, રવિવારે, વિરાટપુર નામના નગરમાં દાનનો મહિમા વર્ણવવા રચાયેલ ૧૬ ઢાળ અને ૧૪ દુહા તથા કુલ ૩૬૫ કડી પ્રમાણમાં વિસ્તૃત આ ચોપાઈના રચયિતા **શ્રી વિજયશેખરસૂરિ** (બીજું નામ **શ્રી વિનયશેખર**) છે.

● કવિશ્રી એ રાસના અંતે ઢાળ-૧૬માં પોતાની ગુરુ પરંપરા (ક.૩૫૯-૩૬૧) દર્શાવી છે. [૧]અંચલગચ્છના શ્રી ધર્મમૂર્તિસૂરિજી → [૨]મુનિ શ્રી કલ્યાણસાગરસૂરિ → મુનિશ્રી કમલશેખરજી → વાચનાચાર્ય શ્રી સત્યશેખરજી → વાચક [૩]શ્રી વિવેકશેખરજી અને [૪]પંડિત શ્રી વિજયશેખરજી.

● પ્રસ્તુત કૃતિનો 'ચોપાઈ' તરીકે કવિશ્રીએ સ્વયં ઉલ્લેખ કર્યો છે.

તાસું ચરિત કહું હું ચુંપ(ઈ)સું, ચતુર સુણૌ ચિત દેઇ (૯)

પ્રસ્તુત કૃતિને કવિશ્રીએ ચોપાઈ છંદમાં ગૂંથી નથી પરંતુ ચાર ચરણને જ અહીં 'ચોપાઈ' ગણવામાં આવી છે.

● પ્રસ્તુત રાસમાં દુહા, સોરઠી છંદ જોવા મળે છે. આ ઉપરાંત કવિશ્રીએ કોઈ કોઈ ઢાળમાં એકથી વધુ દેશીઓનો પ્રયોગ કર્યો છે. જેમ કે - ઢાળ ૧૬,૧૨, ૮, ૭માં બે દેશીઓનું નિરૂપણ થયું છે. બાકીની ઢાળમાં જુદી જુદી દેશીઓ પ્રયોજાયેલી છે. ક્યાંક નવી દેશીઓનો વપરાશ પણ થયો છે. જેમ કે - તુલસડી નારી ધૂતારડી, જેહનું કૃષ્ણ ભરતાર રે (ઢા.૧૫); વાલિ રે ભરયૌવન માતી (ઢા.૧૨); સીલ અખંડિત સેવિજ્યો (ઢા.૧૧); વિમલવદન જસ યુગ પ્રધાન કે (ઢા.૭); મોહનાંની (ઢા.૧૪).

● કવિશ્રીએ ઢાળમાં દેશી સાથે રાગનો ઉલ્લેખ પણ કર્યો છે. જેમ કે - કેદારો (ઢા.૩,૭); દેશાખ મિશ્ર (ઢા.૫); ગોડી (ઢા.૧૦); અસાઉરી (ઢા.૧૨); મલહાર (ઢા.૬,૯,૧૧); ભૂપાલ (ઢા.૧)

● પ્રસ્તુત કૃતિમાં વિહાર કરતા 'ઐ' કારાંત શબ્દો જેવા કે - વલગાડૈ (૩૨), તજૈ (૧૮), પાલૈ (૧૮), વિલસૈ (૨૭), સુખૈ (૨૮૪), મુજનૈ (૨૮૭), દેહરૈ (૨૮૯) આવૈ (૨૯૭) જોવા મળે છે.

તેમજ 'ઔ' કારાંત શબ્દો જોવા મળે છે. જેમ કે - આપણૌ (૨૭), કૌતિક (૫૫), દીધૌ (૨૮૧), લખ્યૌ (૨૮૧), તૌ (૨૮૪).

---

૧. ગુર્જરેશ્વર કુમારપાળ રાજાના સમયમાં (સં. ૧૧૯૯ થી ૧૨૨૯) આચાર્ય પ્રવર આર્યરક્ષિતસૂરિજી પાટણ આવ્યા ત્યારે કપર્દી શેઠે ખેસના છેડાથી વંદન કર્યું તેથી તે ગચ્છ અંચલગચ્છ નામે પ્રસિદ્ધ થયો. આ ગચ્છ પૂનમિયા ગચ્છની એક શાખા છે.

૨. આચાર્ય કલ્યાણસાગરસૂરિએ 'શ્રી શાંતિનાથચરિત્ર', 'સુરપ્રિય ચરિત્ર', વિવિધ છંદોમાં 'જિન સ્તોત્રો' તેમજ 'ગોડી પાર્શ્વનાથના સહસ્ર નામમય સ્તવન'ની રચના કરી છે. (જૈ.પ.ઈ. પૃ.-૫૩૪)

૩. શ્રી વિવેકશેખર અને શ્રી વિજયશેખર બન્ને ભાઈઓ હતા.

૪. **શ્રી વિજયશેખરનું સાહિત્ય વૈભવ** : (અંચલગચ્છકા ઈતિહાસ, પૃ.-૧૮૬); યશોભદ્ર ચોપાઈ (સં.૧૬૪૩); શાંતિ મૃગસુંદરી ચોપાઈ (સં.૧૬૪૪); સુદર્શન રાસ (વિ. પશ્ચાત્ ૧૬૮૧); સાગરચંદમુનિ રાસ અને અરણિકમુનિ રાસ (વિ. પશ્ચાત્ ૧૬૯૨); ચંદ્રલેખા ચોપાઈ (સં. ૧૬૮૯); ત્રણ મિત્ર કથા ચોપાઈ (સં. ૧૬૯૨); ચંદરાજા ચોપાઈ (સં.૧૬૯૪); ઋષિદત્તાનો રાસ (સં. ૧૭૦૭); નળ-દમયંતી રાસ; જ્ઞાતાધર્મ કથા સૂત્ર બાલાવબોધ.

● રસાળ શૈલીથી રચાયેલ આ રાસને કવિશ્રીએ ઉપમા, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, રૂપક, અતિશયોક્તિ વગેરે અલંકારો દ્વારા સુશોભિત બનાવ્યો છે.

ઉપમા : કવિશ્રી એ કાવ્ય મહેલના ઝરૂખાઓ ઉપર ઉપમા અલંકારના તોરણો બાંધ્યા છે.

૧. **પદમશ્રી કુરપાણી પંકજ પરિ, જિમ ગુણવંત કુદેસઇ. (૩૦)**

પદ્મશ્રી કાદવમાં પંકજ અને દુષ્ટ ગામ (સ્થાન)માં ગુણવંત જેવી હતી.

૨. **પાણી તણઇ વિયોગિ, કાદવિ જિમ ફાટઇ હીયું;**
ઇમ જઉ માણસ લોગિ, સાચો નેહ તઉ જાણીયઇં''(૪૯)

સૂર્યના તાપથી તળાવનું પાણી સુકાઈ જતાં કાદવમાં તિરાડ પડે છે, તેમ ગરીબીના કારણે પુત્રની ઈચ્છા પૂરી ન કરી શકવાથી પદ્મશ્રીનું હૈયું ફાટી પડયું.

પદ્મશ્રીને પતિના મૃત્યુનું દુ:ખ તેના રૂંવે રૂંવે ડંખતું હતું. તેમાં વળી ગરીબાઈએ ઘેરો ઘાલ્યો હતો. કરૂણતાને વધુ ઘેરી બનાવવા કવિશ્રી એ નવીન ઉપમાનું પ્રયોજન કર્યું છે.

૩. **ચતુરા ચુંબક લોહ જિમ, ચિત્ત જાઇ તત લાગિ (૯૮)**

માધવસેના અને કૃતપુણ્યની દ્રષ્ટિ મળતાં કામરાગ ઉત્પન્ન થયો. જેમ લોહચુંબકને લોટું મળે, તેમ ગણિકાને જોઈ કૃતપુણ્યનું ચિત્ત ત્યાં જ ચોંટી ગયું. કવિશ્રી ગણિકાને લોહચુંબક સાથે અને કૃતપુણ્યને લોટા સાથે ઉપમિત કરે છે.

૪. **ભાડા મૂલ તણી પરઇં, આવિઉં સોઇ ખરચી જઇ રે (૧૦૯)**

ભાડાની કમાઈની જેમ કૃતપુણ્યના પિતાએ મોકલાવેલું ધન તરત જ ખર્ચાઈ જતું.

૫. **વાદલની જિસી છાંહડી, મૂરિખ મહિલા સંગ રે (૧૨૪)**

વાદળની છાયા જેવો જ મૂર્ખ સ્ત્રીનો સંગ અસ્થિર અને બનાવટી હોય છે.

૬. **જિમ હથીઆર ચડાવઇ સરાણઇ, ઉપઇ ઝાકઝમાલ મોરા લાલ રે;**
તિમ વિલાસવતીયઇં ભખીતઉ, નવિ વીયઇ જાતઉ મોલ મોરા (૧૩૪)

હથિયારમાં ચળકાટ ઉત્પન્ન કરવા તેને સરાણ ઉપર ચઢાવવામાં આવે છે. તેમ સ્ત્રીનો ભોગ કરતા જીવ જાતનું મૂલ્ય વિચારતો નથી. સ્ત્રીને સરાણ અને નરને અગ્નિની ઉપમા આપી છે.

૭. **અગનિ ઉપરિ ઘરિઉ પાપડ પાંહિ, ફૂલિ રંગેં તેહ મોરા લાલ રે;**
તિમ નર નારિ મિલિઉ નવિ માંનઇ, પીડા થાતી દેહ (૧૩૫)

અગ્નિ ઉપર ધરાયેલ પાપડ ફૂલે છે, તેમ નર-નારી મળતાં રોમાંચિત થાય છે, પણ તે સમયે દેહની પીડા ભૂલી જાય છે. નર અને નારીને પાપડ અને અગ્નિથી ઉપમિત કર્યા છે.

૮. **જીહો સીંપોડી મોતી ઘરઇ, લાલા સ્વાતિ નક્ષત્ર ઘન જોગિ (૧૬૬)**

જેમ સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું પાણી ઝીલી છીપ મોતી બનાવે છે, તેમ પ્રિયતમના પ્રેમથી પ્રિયતમા ગર્ભવતી બની ત્યારે તેની કુક્ષિમાં ઉત્તમ મોતીરૂપી બાળક ઉત્પન્ન થયો.

૯. **ખિણ ખિણ ખટકે સાલ જિમ, એ દુખ કિમ સહેસિ ? (૧૭૫)**

પ્રિયતમના વિરહમાં પ્રિયતમાને પ્રત્યેક પળ એક વર્ષ જેટલી લાંબી લાગે છે.

૧૦. **ચ્યારે રે સુંદરી ચંપક વાનઇ, પુણ્ય લેઇ કોઈ નાવી રે (૧૮૭)**

ચારે સ્ત્રીઓ ચંપક પુષ્પ જેવા પિત્તવર્ણની હતી.

૧૧. **જિમ કરણી ભૂલિઓ રે ગયંદ, કેતકિ કમલ ભમરો રમઈ (૨૧૪)**

જેમ કેતકીમાં લુબ્ધ એવો હાથી હાથણિને ભૂલી જાય અને કમળમાં ભ્રમર પોતાની જાતને ભૂલી જાય તેમ કૃતપુણ્ય ભોગવિલાસમાં સર્વ ભૂલી ગયો.

૧૨. **અતિથિ પરિ ભગતી કરી મનોહારિ. (૨૮૧)**

કૃતપુણ્યની પરણેતરે બાર વર્ષ પછી પાછા ફરેલા પતિની અતિથિની જેમ મનોહર ભક્તિ કરી. અર્થાત્ પતિની પરમેશ્વરની જેમ પરોણાગતિ કરી.

૧૩. **વિલખૈ વદન થઇ તિસ્યઇ રે, જિમ સૂડી વિણ પાંખિ રે (૩૦૬)**

વૃદ્ધાની કરતૂત બહાર પડતાં તે ઝંખવાણી પડી ગઈ. પાંખ વિનાની પક્ષિણીની જેમ તે ઢીલી પડી ગઈ. (૩૦૬)

ઉત્પ્રેક્ષા :

૧. **અંતપુરિ જાણે અપછરા, રાણી રુપિ રતન્ન;**
ચિલ્લણાં દેવી આદિ દે, રંજેં રાયનું મન્ન (૭૦)

મહારાજા શ્રેણિકનું અંત:પુર એટલે જાણે સ્વર્ગની અપ્સરાઓ ! મહારાણી ચેલ્લણાનું રૂપ રત્ન જેવું ચળકતું હતું. અહીં ઉત્પ્રેક્ષા અને ઉપમા એમ બંને અલંકારનો ઉભય પ્રયોગ થયો છે.

૨. **સકલ સુલક્ષણ ગુણઇં ભરિયો, મોહનવેલીનું કંદ રે (૮૧)**

કૃતપુણ્ય સર્વ ગુણ સંપન્ન અને બત્રીસ લક્ષણયુક્ત હતો. જાણે મોહ પમાડે એવી મનોહર વેલનું મૂળ ન હોય !

રૂપક :

૧. **કર્મ પડછાયો (૩૨)** : પદ્મશ્રીએ ગામ, નગર, ઘર બધું છોડયું પરંતુ કર્મરૂપી પડછાયો તેની સાથે જ રહ્યો.
૨. **પુણ્યસમુદ્ર (૬૮)** : પુણ્યરૂપી સમુદ્રની લહેરો ઉછળી અને વસુદત્તને ઉપાડી સુંદર સ્થાનમાં મૂક્યો.
૩. **રાજ સિરિ (૭૧)** : રાજ્યરૂપી લક્ષ્મી અભયકુમારથી દીપતી હતી.
૪. **માયાસાપિણી (૧૩૮)** : નારી માયારૂપી સાપિણીનું બિલ છે.
૫. **મોહનીંદ (૧૪૩)** : મોહરૂપી નીંદ્રા
૬. **નયણાં બાણ (૯૯)** :મગધસેનાના નયણરૂપી બાણે કૃતપુણ્યને પ્રેમમાં વીંધી નાખ્યો.
૭. **નેહસમુદ્ર (૧૩૮)** :સ્નેહરૂપી સમુદ્ર

વ્યતિરેક :

૧. **પાહણ તણા પ્રાસાદ જે, કાલઇં ઢલિ કલિમાંહિ;**
પણિ વિક્રમ બલિ ભોજ નૃપ, હજી લગઇં જસ ઉછાંહિ (૦૫)

પથ્થરનો મહેલ પણ કાળની થપાટ પડતાં સમય આવ્યે ખરી પડે છે પણ મહાબલિ વિક્રમ રાજા અને ભોજ રાજાની કીર્તિ ચીરકાલીન હર્ષ પમાડે છે.

૨. **જિહાં ગુણ તિહાં નહીં રુપ છબિ, પુંહચિ પદમણિ ખોડિ;**
અહો ! લાવણ્ય કલા ભરી, એહની જેવી કોઈ ન જોડિ (૯૨)

જ્યાં ગુણ હોય ત્યાં શરીરનું સૌંદર્ય નથી હોતું, જેમ કે પદ્મિની સ્ત્રી. તેના શરીરમાં કમળ જેવી સુગંધનો ગુણ હોય છે. (જેથી તેના વસ્ત્ર ધોબી ધોવા માટે લઈ જાય તો પણ ભમરા તેની સુગંધ લેવા આવે છે.) છતાં તેનું શરીર રૂપાળું નથી હોતું ! વિધાતાએ આટલી ખોટ તેમાં મૂકી છે.

રૂપ અને કલામાં માધવસેના ગણિકા જેવી બીજી કોઈ જગતમાં ન જડે. અહીં લાવણ્ય અને કલા શબ્દના શ્લેષ દ્વારા માધવ સેનાના સૌંદર્ય અને તેની હોંશિયારીની અવ્વલતા વ્યંજિત થઈ છે.

૩. **જોર કિસ્યું એ આગલઇ ? વાઘણિ પાસઇં ગાઇં. (૨૧૧)**

સાસુનો આકરો સ્વભાવ અને વહુઓ પરનો દાબ વ્યંજિત કરવા સુંદર વ્યતિરેક પ્રયોજેલો છે. ગાય સમાન નરમ ચાર પુત્રવધૂઓ છે અને વાઘણ સમાન ક્રૂર અને નિર્દયી સાસુ છે.

યમક અલંકાર :

૧. **કબહીં કથા કહિ હસિ હસી (૧૦૪)**

વર્ણાનુપ્રાસ અલંકાર :

૧. **પ્રાણ પ્રિયા પ્રીતમ કાજઇં (૧૧૧)**

અતિશયોક્તિ અલંકાર:

૧. **વિણ જલઘરિ પુણ્યે કરી વાલ્હા, અમૃતની હુઈ વૃષ્ટિ (૩૨૧)**

ચારે પુત્રવધૂઓ અને કૃતપુણ્યનો મેળાપ થતાં અપાર આનંદ થયો. ત્યારે આકાશમાં વાદળો ન હોવા છતાં અમૃતની વર્ષા જેવી તૃપ્તિ થઈ. બે હૈયાં દ્વેત મટી અદ્વૈત બન્યા.

કહેવત / રૂઢિપ્રયોગો :

૧. **લેખ વિધિ ન સોઈ લેખિ (૮૯)** : વિધિના લેખ તેવા જ લખાયા છે.

કૃતપુણ્ય મગધસેનાના રૂપથી અંજાયો. તેના તરફ ખેંચાઈને ગણિકાવાસમાં આવ્યો. ત્યારે તેને થયું કે, 'હું આવ્યો તે સારું થયું. મારા ભાગ્યમાં તેનો યોગ લખાણો છે.'

૨. **લૂણ ઉતારવું (૧૬૦)** : બલા દૂર કરવા પાત્રમાં મીઠું નાખી માથા ઉપર ફેરવવું.

કોઈ સૌભાગ્યવતી બહેને કૃતપુણ્યના માથેથી લૂણ ઉતાર્યું.

૩. **મોતીડે વધાવવું (૧૬૦)** : ઉમળકાથી આવકાર આપવો, પ્રિયજનના આગમનથી અત્યાનંદ થવો

૪. **હૈયામાં શ્વાસ ન માવો (૧૭૩)** : અપાર દુ:ખ થવું.

૫. **સાપ છછુંદર દાઈ (૨૧૧)** : ન ગળાય કે ન છોડાય એવી મુશ્કેલ ભરી પરિસ્થિતિ.

ચારે પુત્રવધૂઓ મુંઝવણમાં મૂકાણી કારણકે ન તો કૃતપુણ્યને છોડી શકતી હતી, ન સાસુના વેણ ઉથાપી ઉપરવટ જઈ શકતી હતી.

૬. **દુ:ખઈ ઘસતી હાથ (૨૧૬)** : પસ્તાવો કરવો, બળાપો કરવો, હારી જવું.

ચારે સ્ત્રીઓને અડધી રાતે સાસુના કહેવાથી પોતાના જ હાથે કૃતપુણ્યને સાર્થવાહના ટોળામાં મૂક્વો પડયો ત્યારે દુ:ખથી ભારે પસ્તાવો કરવા લાગી.

૭. **અંગણિ થયું વિદેસ (૨૮૬)** : પાસે હોવા છતાં દૂર લાગવું.

કૃતપુણ્યનો પરિવાર રાજગૃહી નગરીમાં જ હોવા છતાં ઠામ-ઠેકાણાનો કોઈ પત્તો ન હોવાથી તેને તે સ્થાન વિદેશ જેવું ઘણું દૂર લાગતું હતું.

વર્ણનાત્મક શૈલી :

૧. ભાગ્ય વિના સાધુનો સંગ ન થાય. **(૫૫-૫૭)**

૨. કૃતપુણ્યની મહાત્માને વહોરાવતી વેળાની દોલાચલ ચિત્તવૃત્તિ **(૫૮-૬૦)**

મનિ શ્રદ્ધાઇં થયું રોમંચિત, દેવા ઉઠિઉ દાન;
ચિત ચિંતઇ 'દેઉ આઘૂં એહનઇ, આઘૂં મુઝનિ દાન'
વલી વિમાસઇં 'થોડું દીસઇં, તૃપતિ ન એતલિં હોસ્યઇ;
ટાદૂં લૂખઉ પડસ્યઇ ઇણમાં, રસ એહનઉ તવ ખોસ્યઇં
અથવા ભમસ્યઇ કિહાં ઘરિ ઘરિ ? આપૂં પૂરણ અન્ન;'
ઇમ આલોચી દીધૂં સઘલૂં, ગ્રિહું ભાગઇ કરી મન્ન

૩. માધવસેનાના દેહ સૌંદર્યનું ઉત્પ્રેક્ષા અને ઉપમા અલંકાર યુક્ત લાક્ષણિક વર્ણન : **(૯૪-૯૭)**

અહો ! વેણી સરલી કાલઉ નાગી, અહો ! મણિ રાખડી મણીયા લાગ;
નિલવટિ તેજ તપઇં સનૂર, મૂખ પૂનમ સસિ જાણે પૂર.
અણીયાલી આંજિ આંખડી, કમલતણી સાચી પાંખડી;
નાસિકા સુક ચંચ વેસર જાણિ, અધર વિડૂમ દંત મોતિન ખાણિ.
કાનિ ઝબૂકી ઝાલિ સુરંગિ, કૂંલી બાંહ કલાચિકા ભંગિ;
પાન પયોધર કેસરલંકી ગતિ, જિસ્યઉ ગજપતિ નિસંક.
ચરણકમલ કરકમલ ઉદાર, કોકિલ કંઠ જિસ્યું શ્રીસ્વર;
રુપ વખાણીઉ શ્રીજી ઢાલ, વિજયશેખર પૂરી થઇ તતકાલ.

તેજસ્વી લલાટ, પૂનમના ચંદ્રમાં જેવું ગોળમટોળ મુખ, અણીયાણા કાજળ આંજેલા નયન

એટલે જાણે કમળની પાંખડી ! નાકની નથણી જાણે શુકરાજની વાંકી ચાંચ ! હોઠ દાડમ જેવા રાતા અને દંતપક્તિ જાણે મોતીની હારમાળા ! કાનમાં સુંદર ઝાલી ઝબુકે છે. પયોધર જાણે બે કુંભ ! સિંહણ જેવી મલપતી ચાલ જાણે નિઃશંક બની ચાલતો ગજરાજ ! વિશાળ ચરણ અને લાંબા કરકમળ હતા. કંઠ કોકિલા જેવો મધુર હતો.

સંસ્કૃત સાહિત્યમાં 'સિંહ જેવી કમર, કળશ / કુંભ જેવા સ્તન, કુંભારનાં ચક્ર જેવાં નિતંબ અને હરણ જેવા નેત્ર' આવી ઉપમાઓ સતત પ્રયોજાયેલી છે. કવિ તેને અનુસર્યા છે.

૪. વિજયપુર પાટણનું પ્રાકૃતિક વર્ણન (૧૨-૧૩); કર્મનિષ્ઠ અને ધર્મનિષ્ઠ પ્રજાજનો (૧૪-૧૮); વિજયસેન રાજાનું પરાક્રમ (૧૯-૨૨); સ્થાનિક નગરનાં વૈભવનું વર્ણન (૨૩-૨૫) અદ્‌ભુત છે.

પ્રસ્તુત વર્ણનથી ભૂતકાલીન સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક પરિસ્થિતિનો અણસાર આવે છે.

૫. બાળકની બીમારીનું સચોટ અને રસપ્રદ કારણ વિસ્તારપૂર્વક આલેખાયું છે. (૬૨-૬૬)

વછ ચારિવા ગયું ફરીનઇં, તેહવિ થયું તિહાં મેહ;
તિણિ બીહકઇ ગયા વછ, દિસોદિસિ આપ આપણઇં ગેહ
અસ્તાચલ ગયું દિનકર તેહવિ, પસરિઉ મેઘાઘાર;
દાડુર મોર કોકિલા બોલઇં, વિચિ વીજલિ કા ઝંકાર
ઉંચ-નીચ ભુઇં કિમ હીડાયઇં ? પંથ લહિઉ નવિ જાઇ
અંધારે રયણિઇ ગોપુરના, દ્વાર ઉઘાડ્યાાં ન જાઇ
ઢૂકડઉ આવી રહિઉ ગોવાલઉ, સીત વાઇ કષ્ટાણો;
થયું પ્રભાતનઇં આવિઉં, મંદિર રોગ તણઉ થયું એ ટાણો
સરસ આહાર અજીરણ દોષઇં, થઇ વિસૂચિકા તાસ;
સૂલ ઉપનો સાસ વધિઉ અતિ, હવિ જૂયઉં કિહાં કરઇ વાસ ?

ખીર ખાઈને વસુદત્ત ઢોર ચરાવવા સીમમાં ગયો. ત્યાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ વરસ્યો. ભડકીને ઢોરો આઘાં પાછાં ચાલ્યાં ગયાં. પોતપોતાના ઘરે પહોંચાડતા સૂર્યાસ્ત થયો. વસુદત્ત વરસાદમાં ભીંજાણો. આકાશમાં વીજળી કડાકા કરતી હતી. અંધારામાં ઊંચી નીચી ભૂમિમાં ઝડપથી ચાલી ન શકવાથી ઘણો સમય પસાર થયો. વસુદત્ત માર્ગ ભૂલ્યો. રાત્રિનાં સમયે શ્રીપુર નગરનાં દ્વાર બંધ થયા. તે પ્રભાતના સમયે નગરની નજીકમાં આવ્યો ત્યારે તેને ઠંડી ચડી. તેનું શરીર રોગથી ઘેરાયું.

અહીં તળપદી વર્ણનમાં ભયંકર અને રૌદ્ર રસ પ્રયોજાયો છે. કવિશ્રીએ કલ્પનાનાં સુંદર તોરણો બાંધ્યાં છે.

૬. ધન્યશેઠને ત્યાં ખોળાના ખૂંદનારની ખોટ હતી. પ્રસંગોપાત કવિશ્રી પુણ્યની ઉપાદેયતાનો ઉપદેશ ટાંકવાનું ચૂક્યા નથી. અહીં કવિશ્રી અસલ ધર્મગુરૂ બન્યા છે. (૭૩)

૭. પુત્ર પ્રાપ્તિ માટે કલાવતી શેઠાણીએ યોજેલા મિથ્યાત્વ સૂચક ઉપાય. (૭૪-૭૬)

કરઇ તે મિથ્યાત સુત કારણઇ, ગોત્ર જ ગોરિ મનાવિ રે;

જાણ જોસી નઇં પૂછઇ જઇ, તેલ સિંદૂર ચડાવિ રે
પૂજા કરઇ ફલેં કરી, કેસર અંગિ લગાવિ રે;
ચંદ્રૂઓ માનઇં ચામુંડાનિ, ધૂપ ઉખેવી ગુણ ભાવિ રે
જાખ ને સેષ મનાવીયા, રુદ્રી માની બહુ વાર રે;
પણિ કાંઇ વાત સીધી નહીં, પુણ્ય કરઇ હિવિ સાર રે

ગોરતો (સૌભાગ્યવતી સ્ત્રીઓને જમાડવાનું વ્રત); ગૌત્રાટ (ગૌપૂજન); જ્યોતિષી પાસે જઈ ભવિષ્ય જાણવું; હનુમાનને તેલ, સિંદૂર ચડાવવાં; દેવ-દેવીઓ સમક્ષ નૈવેદ્ય મૂકી તેમની પૂજા અર્ચના કરવી, તેમના ડીલે કેસરનો લેપ કરવો, ચામુંડા દેવીને ચંદરવો ચડાવવાની માનતા માનવી, દેવી સમક્ષ ધૂપ-દીપ કરવા, યક્ષ અને શેષનાગની પૂજા કરવી, રુદ્રાણી દેવીની શ્રદ્ધાપૂર્વક ભાવથી પૂજા કરવી, ઇત્યાદિ કાર્ય પુત્ર પ્રાપ્તિ માટે કલવાતી શેઠાણીએ કર્યા. તેમાં માતૃત્વની તીવ્ર ઝંખના પ્રગટ થાય છે.

તે સમયે સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રબળ જોર હશે તેનો પડઘો પ્રસ્તુત કડીઓમાં પડયો છે.

૮. ગણિકા સંગે ભોગવિલાસમાં ડૂબેલા કૃતપુણ્યના જીવનની રોજનીશીના વર્ણનમાં સાધુ કવિની કલ્પનાશક્તિ ખીલી ઉઠી છે. **(૧૦૩-૧૦૭)**

૯. ગણિકાચાર દર્શાવવા વિવિધ માલોપમા દ્વારા ગણિકા પોતાની વાતની પુષ્ટિ કરે છે. **(૧૧૮-૧૨૧)**

''સુણિ સુતા ! સિઉં નવિ જાણઇ, વેસિ તણઉ આચાર રે ?
આદર કીજઇ દ્રવ્યનઇં, સંપત્તિ એ સણગાર રે.
પંખી ન આવઇ તરુ સૂકિં, સારસ સરઇ નવિ જાઇ રે;
ભમરઉ નીરસ ફૂલડે, મૃગ વન દાધઇં પુલાઇ રે.
ભૂપનઇં ભટ તજિ ભાવઠઇ, ખૂટઇ ધીર વછ ગાઇ રે;
પ્રીતિ તિહાં લીજઇ દીજઇ, સ્વારથ નઇ સહુ થાઇ રે.
સાર ગ્રહી નઇ ફૂચઉ છંડઇ, જિમ રાયણિ નીકોલ રે;''
માત વચન સુણી સા થઇ, વલતી બોલી બોલ રે.

૧૦. આ જગતમાં કામવાસનાએ ઘણાં કંકાસ, દુઃખ, પીડા ઉભાં કર્યા છે. તેની પૂર્તિ માટે કવિશ્રીએ શાસ્ત્રોક્ત મહાપુરુષોના દષ્ટાંતો ટાંક્યાં છે. **(૧૩૯-૧૪૨)**

૧૧. કૃતપુણ્યના આગમનથી પ્રિયતમાના હૃદયમાં હર્ષની હેલીઓ ઉભરાણી **(૧૫૧-૧૬૧)**
કવિશ્રીએ મલ્હાર રાગમાં પ્રિયતમાની અનહદ ખુશીઓ વ્યક્ત કરી છે.

૧૨. કૃતપુણ્યને સાર્થમાં વળાવીને પાછી ફરેલી કાંતિમતીની હૃદયદ્રાવક મનોવ્યથા કરૂણરસમાં આલેખાયેલી છે. **(૧૭૪-૧૮૨)**

૧૩. સાર્થમાં પહોંચ્યા પછી પતિને મળવાની ઉત્સુક્તા, પતિ ન મળવાથી વ્યાકુળતા અનુભવતી અને પોતાના ભાગ્યને કોસતી પતિવ્રતા નારીના મનોભાવોનું સુરેખ વર્ણન કરૂણરસમાં આલેખાયું છે. **(૨૧૯-૨૨૮)**

૧૪. અભયકુમારના રત્ન વિશેના પ્રશ્નના ઉત્તરમાં કૃતપુણ્યએ રત્ન પ્રાપ્તિનો વૃત્તાંત **(૨૭૭-૨૮૫)**

જણાવ્યો. અહીં કૃતપુણ્યએ પોતાના જીવનની કિતાબને અભયકુમાર સમક્ષ ખુલ્લી કરી છે. જેમાં કવિશ્રી સમગ્ર પ્રસંગને સંક્ષેપમાં આવરી લીધો છે. આ વર્ણન રસપ્રદ અને અદ્‌ભુત છટાથી ભરેલું છે જેમાં હાસ્ય, કરૂણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત વગેરે રસ પ્રયોજાયેલાં છે.

૧૫. પતિવિહોણી ચારે સ્ત્રીઓની મર્યાદિત ઢાંચામાં ઢળાયેલી જીવનશૈલી (૩૧૧-૩૧૨)

વાલ્હા સરસ જિમઇ નવિ અન્ન, વાલ્હા હાર શૃંગાર તજ્યા તિસ્યઇં.
વેણિ ગુંથાવિ ન રંગસિઉં વાલ્હા, તજીયાં ફૂલનઇં પાન;
રાતાં વસ્ત્ર ન સરિ ઘરઇં, વાલ્હા પ્રીતમ વિણ પરધાન

પ્રાચીન કાળની વિધવા કે સધવા સ્ત્રીની સાદગીભરી જીવનશૈલી પાછળ શીલને સુરક્ષિત રાખવાનો મુખ્ય લક્ષ્ય છે કારણકે વિકાર જન્ય ભોજન અને સુંદર વસ્ત્રાભૂષણ સહિતની વેશભૂષા શીલને ખંડિત કરે છે, તે માટે સ્ત્રીઓ સાદગી પસંદ કરતી હતી.

૧૬. ભગવાન મહાવીરના સમવસરણની ભવ્યતાની ચાડી ખાતી કડીઓ રસપ્રદ અને મૌલિક છે. જેમાં દેવોની પરમાત્મા પ્રત્યેની અનન્ય ભક્તિ પ્રદર્શિત થાય છે. (૩૨૭-૩૩૦) અહીં શૃંગાર, અદ્‌ભુત અને શાંતરસનું મિશ્રણ છે.

રાય સિધારથ કુલઇં તિલઉ રે વીરજી, જૂંભીગ્રામ ઉદ્યાનિ રે;
ઘાતકી કર્મ ક્ષય કરી રે વીરજી, પામ્યો કેવલન્યાન રે વીરજી.
પ્રભુ પુહુતા નગરિ આસન્ન, ગુણશિલું ચૈત્ય રતન્ન રે;
અતિશય કરી સંપન્ન રે, શ્રી વર્ધમાન સુધન્ન મોરા વીરજી !
સોવનકમલ રચઇં સુરા રે વીરજી, ચરણ ઠવઇ તિહાં સ્વામિ રે વીરજી.
વૃક્ષ અશોક શીલી છાંહડી રે વીરજી, વરસઇં કુસુમ અભિરામ રે.
વાજઇં ગયણે દુંદુભી રે વીરજી, ચામર છત્ર ઢલંતિ રે;
ભામંડલ ઝલકઇં ભલું રે વીરજી, ભેરી સુણઇં સહૂ(હર)ખાંતિ રે.

૧૭. પરમાત્માની અમૃતમય દેશના શ્રવણ કરી કૃતપુણ્યના હૃદયમાં પ્રગટેલું મનોમંથન, તેમાંથી ખીલેલું દીક્ષાનું વિચાર બીજ, દીક્ષા પૂર્વેની કૃતપુણ્યની સાંસારિક ફરજ ઈત્યાદિ પ્રસંગોને કવિશ્રીએ સુંદર રીતે ઉપસાવ્યા છે. (૩૩૯-૩૪૮) અહીં વીરરસનું નિરૂપણ છે.

અહીં દીક્ષા પૂર્વે પરિવારની અનુમતિ આવશ્યક છે, એવું સ્પષ્ટ થાય છે.

૧૮. કૃતપુણ્ય મુનિનો સંયમાચાર વીરરસનો ઉદ્યોત કરે છે. (૩૪૯-૩૫૪)

ઉપદેશાત્મક શૈલી :

૧. લક્ષ્મી, યૌવન, આયુષ્ય, સ્ત્રી ઈત્યાદિ અસ્થિર, ક્ષણિક છે. તેથી ચતુર પુરુષો તેનો ભોગવટો કરી ત્યાગ કરે છે, જ્યારે મૂઢ પુરુષો મોહ પામી તેમાં ખૂંચી મરે છે. (૧૨૮)

લછી જુવ્વણ જૂયવઉ, વર કાંમિણિ વ્યાપાર;
વિલસી છંડઇ ચતુર નર, ખૂંચી મરઇ ગમાર

૨. રાસનાયિકા નિરાશ થયેલા પતિને સનાતન નિયમ દર્શાવી દુઃખથી વિરક્ત બની પુણ્ય ઉપાર્જન કરવાની હિતશિક્ષા આપે છે. **(૧૬૩)**

જીહો કાંતિમતી કહિ કાંમિની, ''લાલા થોડૂં કીજેં દુખ;
જીહો જગવટ ચાલઇ ઇણિ પરઇં, લાલા પુન્ય થકી હુઇ સુખ''

૩. કૃતપુણ્યના દષ્ટાંત દ્વારા દાન ધર્મનો ઉપદેશ અપાયો છે. **(૩૫૮)**

દાન તણાં ફલ એહવાં જાંણજ્યો, ચતુર સુવેધક પ્રાણી રે;
દેજ્યો ફલ લહિસ્યું ભલાં, કયવન્ના પરિ જાણી રે.

સંવાદાત્મક શૈલી :

૧. દેવકુલિકામાંથી કૃતપુણ્યને સૂર શ્રેષ્ઠીના ઘરે લઈ આવ્યા બાદ બનાવટી પુત્ર અને પતિ બનાવવા મથતી વૃદ્ધ સાસુ અને વહુનો અભિનય સરળ શૈલીમાં રોચક રીતે વર્ણવેલો છે. **(૧૯૪-૧૯૫,૧૯૭-૨૦૦)**

વૃદ્ધાએ ધન માટે લાજશરમ રાખ્યા વિના પુત્રવધૂઓને અજાણ્યા પુરુષ સાથે અંગત જીવન વીતાવવાની ખુલ્લે ખુલ્લી પરવાનગી આપી.

૨. પોતાનું ચિંતવેલું કાર્ય પૂર્ણ થતાં વૃદ્ધાએ કૃતપુણ્યને ઘરમાંથી ધકેલી મૂકવા માટે રચેલો પ્રપંચ, તે પ્રસંગે સાસુ અનો વહુનો સંવાદ અત્યંત માર્મિક છે. **(૨૦૪-૨૦૯)**

જેમાં સાસુની સ્વાર્થવૃત્તિ, કપટાઈ, લુચ્ચાઈ અને યુદ્ધખોર સ્વભાવ સ્પષ્ટ થાય છે.

૩. કાંતિમતીએ જ્યારે એક પછી એક મોદક ભાંગ્યા ત્યારે તેમાંથી રત્નો નીકળ્યાં. તે પતિની ચતુરાઈ પર અતિપ્રસન્ન થઈ ગઈ. તેણે વિચાર્યું, 'માર્ગમાં ચોરોના આતંકથી બચવા અને રત્નને સુરક્ષિત રાખવા પતિદેવે લાડુમાં રત્નો છુપાવ્યાં છે તે યર્થાથ છે.' તેણે પતિની સરાહના કરતાં કહ્યું, ''સ્વામીનાથ! તમારી બુદ્ધિને ધન્ય છે. તમે રત્નનો મર્મ ન કહ્યો પરંતુ તમારી રત્નને સાચવવાની તરકીબ પ્રશંસનીય છે. **(૨૫૨-૨૫૫)**

પ્રિયતમાએ પ્રિયતમના વિવેકશીલ કાર્યને બિરદાવ્યું છે. અહીં અદ્‌ભુત રસનું પ્રયોજન થયું છે.

કથા ઘટકોમાં પરિવર્તન :

૧. **વિજયપુર**ના **ધનદત્ત શેઠ**ની પત્નીનું નામ **પદ્મશ્રી** હતું. (૨૭)
૨. પદ્મશ્રીની કુક્ષિમાં **વસુદત્ત**નો જીવ ઉત્પન્ન થયો. (૨૮)
૩. ધનદત્ત શેઠના મૃત્યુ સાથે લક્ષ્મીએ વિદાય લીધી ત્યારે કાકી, ભાભી, વહુજી કહીને બોલાવનારા પરિવારજનો નિસ્પૃહી સંતની જેમ તે સ્થાન છોડી ચાલ્યાં ગયાં. (૩૩)
૪. શ્રીપુર નગરનાં **સઘન શેઠ**ના ઘરે પદ્મશ્રી પોતાના પુત્રને લઈને આવી. શેઠાણીએ ઘરનાં કામકાજ માટે તેને ત્યાં રોકી રાખી. બીજી બાજુ વસુદત્ત પણ પાડોશીના ઢોરોને ચરાવવા લાગ્યો.

માતાની મમતા બાળકના શૈશવ પર શીતળતાના ચંદન છાંયડા ઢોળે છે. (૩૫-૩૬)

૫. નગરમાં કોઈ મહોત્સવ હોવાથી સર્વ નગરજનોએ ખીરનું ભોજન આરોગ્યું. (૩૮)

અહીં ખીરનું ભોજન માત્ર ગોપ મિત્રોએ નહીં પરંતુ સમગ્ર પ્રજાજનોએ આરોગ્યું.

૬. પાડોશણોએ કહ્યું, ''પુત્રના મનોરથ પૂર્ણ કરવા તને ખીર માટેની સામગ્રી આપશું.'' (૫૧)

૭. માતાએ પુત્રને સમજાવતાં કહ્યું, ''બેટા! સવારે ખીર રાંધીશ. તું ભોજન કરવા વહેલો ઘરે આવજે. (૫૨)

૮. અજીર્ણ, વિશૂચિકા (કોલેરા), શૂળ (પેટમાં ચૂક આવવી), શ્વાસ (દમ) જેવી ભયંકર બીમારીમાં વસુદત્ત પટકાયો. (૬૬)

અહીં કવિશ્રીએ વસુદત્તના મૃત્યુ માટે ચાર મહારોગોનો ઉલ્લેખ કર્યો છે. અન્ય કવિઓએ ફક્ત વિશૂચિકાનો ઉલ્લેખ કર્યો છે. કવિનું કાલ્પનિક વર્ણન મનોહર છે.

૯. સૌમ્ય પ્રકૃતિ, ભદ્ર પરિણામ અને મધ્યમ યોગની પરિણતિથી વસુદત્ત મૃત્યુ પામીને મનુષ્ય ભવમાં આવ્યો. (૬૭)

મનુષ્ય જન્મ પામવાના કારણો દર્શાવી સૈદ્ધાંતિક કથનનો વિનિયોગ કરે છે.

૧૦. **અભયકુમાર** સાચા શ્રાવક હતા. તેઓ વીસ વસાની દયા પાળતા હતા. (૭૧)

૧૧. **રાજગૃહી નગરી**નાં **ધન્ય શેઠ**ની **કલાવતી** નામની ચતુર અર્ધાંગિની હતી. (૭૨)

૧૨. મિથ્યાત્વ સૂચક ઉપાયોથી સંતાન પ્રાપ્તિ ન થઈ ત્યારે કલાવતી શેઠાણીએ સુકૃત્યો આદર્યાં (૭૬)

'પુણ્યથી પાપ નાશ પામે છે' તેવું સમજાતાં શેઠાણી અંધશ્રદ્ધા છોડી સુકૃત્યો તરફ વળ્યા.

૧૩. ધનદત્ત શેઠ પત્નીના શુભ દોહદો પૂર્ણ કરતા. (૭૭)

૧૪. પૂર્ણ માસે, ઉત્તમ દિવસે, શુભ તિથિએ અપુત્રિણીને ત્યાં વાંઝીયા મહેણું ટાળવા એક સુંદર પુત્ર અવતર્યો. (૭૮)

૧૫. પુત્રનો જન્મ થતાં સૌભાગ્યવતી સ્ત્રીઓએ મંગળગીતો ગાયાં, હવેલીના બારણે તોરણ બંધાયા, તેમજ વાજિંત્રોના મધુર સૂરો છેડાયાં. (૭૯)

તે સમાજમાં તળપદી રીતે જન્માભિષેક ઉજવાતો હશે તેની પ્રતિછાયા અહીં પડી છે.

૧૬. દસ દિવસ સુધી પુત્ર જન્મનો મહોત્સવ ઉજવ્યા બાદ બારમા દિવસે '**કૃતપુણ્ય**' એવું બાળકનું નામ પાડયું.

૧૭. આઠ વર્ષે કૃતપુણ્ય વિદ્યાભ્યાસ માટે અધ્યાપકને ત્યાં ગયો. તે સર્વ (બહોંતેર) કળાઓમાં પારંગત થયો. (૮૨)

૧૮. કૃતપુણ્ય સંસારની ગતાગમથી અજાણ હતો. (૮૩)

૧૯. રાજગૃહી નગરીના **વૈશ્રમણ શેઠ**ની પુત્રી **કાંતિમતી** સાથે કૃતપુણ્યના વિવાહ થયા. (૮૪)

૨૦. મિત્રો સાથે નગરમાં ફરતાં સ્વરૂપવાન ગણિકાને જોઈ. (૮૬)

૨૧. **માધવસેના ગણિકા** ખાટલા પર બેઠી હતી. તેના હાથમાં દર્પણ હતું. તે દર્પણમાં પોતાના શરીરની શોભા નિહાળી રહી હતી. (૮૯)

ગણિકાઓ પ્રાય: પોતાના સૌંદર્યને નિખારવામાં વ્યસ્ત હોય છે. તેવો ભાવ અહીં સમાયેલો છે.

૨૨. શેઠ પ્રતિદિન એક હજાર આઠ દીનાર પોતાના પુત્રના વિલાસ માટે ખર્ચતા હતા. (૧૦૮)

૨૩. દાસીએ આપેલા અહેવાલ પરથી માધવસેનાએ વિચાર્યું, 'એ સતી સ્ત્રી પતિવ્રતા ધર્મ નિભાવે છે. પોતાની આજીવિકા માટે ચરખો કાંતે છે.' (૧૧૩)

ગણિકાના કૃતપુણ્યની પત્ની વિશેના ઉચ્ચ વિચારો અન્ય કવિઓએ ટાંક્યા નથી. વળી, અહીં રાસનાયિકાનું સ્વાલંબીપણું પ્રતિબિંબિત થાય છે.

૨૪. ગણિકાએ નિર્ધન બનેલા કૃતપુણ્યને ગણિકાવાસમાંથી ખસેડવા મદિરા પીવડાવી. (૧૨૩)

૨૫. ગણિકાવાસમાંથી બાર વર્ષ પછી નીકળેલા કૃતપુણ્યના પગ ઝડપથી ઘર તરફ ઉપડ્યા. તેણે વિચાર્યું, 'મને મારી પત્ની જરૂર પ્રેમથી બોલાવશે.' (૧૪૫)

કૃતપુણ્ય પોતાની પત્નીના વિશાળ દિલને જાણતો હતો.

૨૬. આમતેમ જોતો, લોકોને ઘર પૂછતો કૃતપુણ્ય પોતાના ઘરે પહોંચ્યો. (૧૪૭)

અહીં કૃતપુણ્યને પોતાનું રહેઠાણ અડવું અડવું લાગતાં તેણે ગંતવ્ય સ્થાને પહોંચવા માટે માર્ગમાં લોકોને પૂછતાછ કરી. કવિશ્રી ઘણાં વર્ષો પછી પાછા ફરેલા કૃતપુણ્યની બાલિશતા વ્યંજિત કરે છે.

૨૭. કૃતપુણ્યએ જર્જરિત મકાનમાં કોઇ દૂબળી કાયા, શ્યામ વર્ણવાળી સ્ત્રીને જોઈ પરંતુ તે ઓળખી શક્યો નહીં. (૧૪૭-૧૪૮)

રાસનાયિકાનું આર્થિક અથડામણોને કારણે પ્રસન્નતા ચાલી જવાથી રૂપ ઓસરી ગયું હતું.

૨૮. પ્રિયતમને જોઈ પ્રિયતમાના બત્રીસ કોઠે દીવા ઝળહળ થયા. તેની ખુશીમાં ગામજમણ કરાવ્યું અને સર્વ સ્વજનોને માન-પાન આપ્યા. (૧૫૯)

૨૯. કાંતિમતીએ ધનનો પ્રશ્ન ઉકેલવા ગ્રામાંતરે જવાનું પતિને કહ્યું. (૧૬૯)

૩૦. કાંતિમતીએ ધનનો પ્રશ્ન ઉભો થતાં પોતાના બે મકાનમાંથી એક મકાન ગીરવે મૂક્યું. (૧૭૧)

સંભવ છે કે કરિયાવરમાં કાંતિમતી એક મકાન લાવી હોય, જેને અડાણે મૂકયું હોય.

૩૧. ગ્રામાંતરે જતાં પતિને કાંતિમતીએ સૂવા માટે ખાટલો અને ખાવા માટે ભાતું આપ્યું. (૧૭૨)

૩૨. પોતાના પતિની સંભાળ રાખવા માટે કાંતિમતીએ વણઝારાના ટોળામાં જનારા પ્રવાસીઓ (સાથીદારો)ને ભલામણ કરી. (૧૭૩)

૩૩. રાજગૃહી નગરીનાં **સૂર** નામના શ્રીમંત વેપારીનો તાજેતરમાં પરણેલો નવયુવાન નાની ઉંમરમાં ગુજરી ગયો. (૧૮૪)

૩૪. કૃતપુણ્યને ઊંચી હવેલીમાં નજરકેદીની જેમ રાખવામાં આવ્યો હતો. (૨૦૨)

૩૫. વહુઓનું મન રાખવા વૃદ્ધાએ સ્વયં કહ્યું, ''કૃતપુણ્યને ભાતામાં લાડુ આપો.'' (૨૦૯)

આવો ભાવ અન્ય કોઈ કવિઓએ દર્શાવ્યો નથી.

૩૬. કાંતિમતીને સાર્થવાહના પરદેશથી પાછા આવ્યાના સમાચાર મળતાં જ તે પુત્રને લઈને સાર્થમાં જવા નીકળી. તે પૂર્વે એક પાડોશીને પતિના સમાચાર પૂછ્યા. જ્યારે પાડોશીએ કોઈ જવાબ ન આપ્યો, ત્યારે તેણે પુત્રને કહ્યું, ''ક્ષેમકુશળ હોય તેવું જણાતું નથી.'' એમ કહીં પોતાના ભાગ્યને ઉપાલંભ આપવા લાગી. (૨૨૨-૨૨૬)

પાડોશીને પોતાના પ્રિયતમ વિશે ખબરઅંતર પૂછતી કાંતિમતીના ભાવ કથાપ્રવાહમાં અન્ય કોઈ કવિઓએ દર્શાવ્યા નથી.

૩૭. પતિને જોઈને કાંતિમતીના રોમરાય ખીલી ઉઠ્યાં. (૨૩૧-૨૩૩)

૩૮. પક્ષીઓનો કલરવ થતાં કૃતપુણ્ય સ્વયં જાગ્યો ત્યારે તે ગામના પાદરે હતો. (૨૩૪)

૩૯. પ્રવાસથી બાર વર્ષ પછી પાછા ફરેલા પ્રિયતમને મીઠો ઠપકો આપતી પ્રિયતમા, જેમાં પત્ની પતિને કર્તવ્યનું સ્મરણ કરાવે છે. (૨૩૭-૨૪૦)

અહીં દલીલબાજી, ઘડાઘડી કે ઝઘડાખોરવૃત્તિ નથી પરંતુ પતિ-પત્નીનો ઘરેલુ સંવાદ રોચક છે.

૪૦. કૃતપુણ્ય પોતાના વહાલસોયા, ભોળા અને માસૂમ પુત્રને હેતથી ભેટી પડ્યો. બન્નેની આંખમાં હરખનાં અશ્રુ ઉભરાયાં. (૨૪૨)

૪૧. બાળકે ભૂખ લાગતાં ઘરે જ લાડુ ખાધો અને રત્નને પથ્થર સમજી શાળામાં લઈ ગયો. ત્યારે બીજા નિશાળીયાઓએ કહ્યું, ''ભાઈ! અમને આપ. આનાથી લાડુ, પેંડા, સુખડી જેવી મીઠાઈઓ મળશે.'' આ સાંભળી મીઠાઈની લાલચે બાળક કંદોઈની પાસે પહોંચ્યો. (૨૪૮-૨૫૧)

અહીં કવિશ્રીએ બાળકના હાથમાંથી કંદોઈએ રત્ન પડાવી લીધું, એવો ઉલ્લેખ કર્યો નથી. બાળસહજ સ્વભાવથી બાળક મીઠાઈ પ્રત્યે લલચાયો અને તેણે રત્નના બદલામાં મીઠાઈ મેળવી.

૪૨. કૃતપુણ્ય પાસે ધન આવતાં જ વણિજપુત્રો, સ્વજનો અને મિત્રો પાછાં તેને મળવા આવ્યા. (૨૫૭)

૪૩. રાજસેવકો કૃતપુણ્યને લેવા ઘરે પહોંચ્યા ત્યારે કૃતપુણ્ય હતપ્રભ થયો. (૨૭૩)

૪૪. 'યક્ષપૂજન ન કરવાથી રોગ થશે!' એવી નગરમાં ઉદ્‌ઘોષણા કરાવવામાં આવી. (૨૯૦)

તે સમયે સમાજમાં દેવ-દેવીઓની માનતા, પૂજા અને નૈવેદ્ય ચડાવવાથી આપત્તિ ટળે છે, એવો લોકોમાં જબરો વિશ્વાસ હતો.

૪૫. પાંચ લાડૂનો ભોગ યક્ષને ચડાવ્યા પછી એક લાડૂ યક્ષ પાસે મૂકી ચાર લાડૂ પ્રસાદ રૂપે લઈ જવા એવો વટહુકમ બહાર પાડવામાં આવ્યો. (૨૯૨)

૪૬. ચારે પુત્રવધૂઓને રથમાં બેસાડી, ઘૂંઘટો તાણવાની સૂચના સાસુએ કરી. (૨૯૪)

૪૭. નવ જણને એક સાથે આવતાં જોઈ કૃતપુણ્યએ **અભયકુમાર**ને કહ્યું, ''આ મારા પરિવારજનો છે.'' (૨૯૫)

૪૮. વૃદ્ધાને જીવનવિર્વાહ માટે ચાર લાખ સોનામહોર અને એક મકાન આપવામાં આવ્યું. (૩૦૮)

અહીં માનવીય અધિકારો અને માનવીય ગરિમાનો આદર કર્યો છે.

૪૯. ચારે પુત્રવધૂઓ યક્ષપૂજન કરવા ઘરેથી નીકળી ત્યારે શુભ શકુન થયા, તેમની ડાબી આંખ ફરકી. (૩૨૦)

૫૦. કાંતિમતી, રાજકુંવરી, ચારે સ્ત્રીઓ અને મગધસેના એમ સાતે સ્ત્રીઓ સાથે કૃતપુણ્ય પૂર્વના પુણ્યથી સુખ ભોગવવા લાગ્યો. (૩૨૩-૩૨૪)

કવિશ્રીએ મગધસેનાનો પૂર્વે ઉલ્લેખ કર્યો નથી પરંતુ અંતમાં કૃતપુણ્યની પત્ની તરીકે નોંધ કરે છે. કૃતપુણ્યનો સાતે સ્ત્રીઓ સાથે આત્મસેતુ રચાયો, જે જીવનભર જળવાયો.

૫૧. **મહારાજા શ્રેણિક**, મહામંત્રી અભયકુમાર અને કૃતપુણ્ય શેઠ આ ત્રણે મહાનુભવોએ સમવસરણમાં મહાવીર સ્વામીને ત્રણ વખત વંદન કરી પોતાના સ્થાને બેઠા. (૩૩૧-૩૩૨)

૫૨. પરમાત્માની અમૃતમય વાણી સાંભળી પર્ષદા આપોઆપ સંદેહનું નિવારણ કરી રહી હતી. (૩૩૩)

અહીં પરમાત્માનો વચનાતિશય દર્શાવ્યો છે.

૫૩. અભયકુમાર મંત્રીશ્વરે પરમાત્માને પ્રશ્ન કર્યો કે, ''હે ભગવંત્! કૃતપુણ્યની કથા કહો. તેણે પૂર્વભવમાં એવું શું કર્યું જેથી ત્રૂટક ભોગો મળ્યા? અઢળક રિદ્ધિ હોવા છતાં ચાલી ગઈ અને પરિવારનો વિયોગ કેમ થયો?'' (૩૩૪-૩૩૫)

અહીં કૃતપુણ્યએ સ્વયં પરમાત્માને પ્રશ્ન પૂછ્યો નથી પરંતુ અભયકુમારના પ્રશ્નના ઉત્તર રૂપે કૃતપુણ્યનો પૂર્વભવ ભગવાન મહાવીર દ્વારા કહેવાયો છે.

૫૪. કૃતપુણ્ય મુનિએ અંતિમ સમય જાણી 'વિપુલગિરિ પર્વત' પર અનશન તપ કર્યો. (૩૫૫)

૫૫. કૃતપુણ્ય મુનિએ ઉપશમ શ્રેણિ માંડી. ઉપશમ શ્રેણિમાં કાળ કરી તેઓ સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. (૩૫૬)

'ઉપશમ શ્રેણિમાં કાળ કરનાર વૈમાનિક દેવગતિ પ્રાપ્ત કરે છે.' આવા સૈદ્ધાંતિક ભાવોને કવિશ્રી પ્રગટ કરે છે.

૧૦. કવિ શ્રી જયરંગમુનિ કૃત કયવન્ના શાહનો રાસ (સં. ૧૭૨૧)

● વિક્રમ સંવત ૧૭૨૧માં રચાયેલ ૩૧ ઢાળોમાં વિસ્તૃત થયેલ, ૫૯૧ કડી પ્રમાણ આ **'કયવન્ના શાહ શેઠ'**નો રાસ છે. જેના કર્તા ખરતરગચ્છના શ્રી જયરંગમુનિ છે. તેમનું ઉપનામ (જેતસી) જયતસી છે. આ રાસ વિકાનેરની ભૂમિ પર રચાયો છે. એવું, કવિશ્રી અંતિમ ઢાળમાં કહે છે. તેઓશ્રીએ રાસની અંતે પોતાની ગુરુપરંપરા આ પ્રમાણે આપી છે.

ખરતર ગચ્છના [૧]જિનચંદ્રસૂરિજીની પરંપરામાં → [૨]શ્રી જિનભદ્રસૂરિજી → [૩]ઉપાધ્યાય શ્રી

---

૧. જિનચંદ્રસૂરિએ **'સંવેગ રંગશાલા'** નામનો ગ્રંથ સં. ૧૧૨૫ માં રચ્યો, જેનું સંશોધન પ્રસન્નચંદ્રજી, ગુણચંદ્રજી અને જિનવલ્લભજીએ કર્યું. તેનો પ્રથમાદર્શ જિનદત્તે લખ્યો. (જૈ.બૃ.ઈ., પૃ.-૧૪૯); તેમણે **'પૌષધવિધિ પ્રકરણ'** રચ્યું (યુગપ્રધાન જિનચંદ્રસૂરિ - પૃ.૪૫, લે. અગરચંદ નાહટા). પટ્ટાવલીકારો અનુસાર આ. જિનચંદ્રજીએ સમ્રાટ અકબરને પ્રતિબોધ પમાડ્યો હતો.

૨. જિનભદ્રસૂરિ શાસન જ્ઞાતા અને સંઘ ઉદ્ધારક પ્રભાવક આચાર્ય હતા. તેમણે **'અપવર્ગનામમાલા॥ પંચવર્ગ પરિહાર નામમાલા'** નામનો કોશ ગ્રંથ રચ્યો. (જૈ.સા.સં.ઈ., પૃ.૧૫૯) તેમજ **'જિનસત્તરી પ્રકરણ'** (સં. ૧૪૯૫) નામનો પાકૃત ભાષામાં ગ્રંથ રચ્યો. તેમણે અણહિલપુર પાટણમાં વિશાળ પુસ્તકાલય સ્થપાવ્યો હતો. તેમણે **વિશેષાવશ્યક** જેવા ગ્રંથો અનેક મુનિઓને ભણાવ્યા હતા. પંદરમી સદીના છાહુડ ગોત્રના કવિ દેવદત્તે **'જિનભદ્રસૂરિ ધૂવઉ'**ની રચના (સં.૧૫૭૬ આશરે) માત્ર બે કડીમાં કરી છે, જેમાં જિનભદ્રસૂરિનો મિતાક્ષરી પરિચય છે.

૩. ઉપાધ્યાય નયરંગજીએ **'અર્જુન માલા કર'** અને **'પરમહંસ સંબોધ ચરિત્ર'** (સં.૧૬૪૨)ની રચના કરી હતી.

નયરંગમુનિજી → શ્રી ગણિ વિમલવિનયજી → શ્રી ગણિ ધરમમંદિરજી → [૧]ઉપાધ્યાય શ્રી પુણ્યકલશજી → [૨]શ્રી જયરંગમુનિજી

● કવિનું શબ્દ પ્રભુત્વ, અર્થ ગાંભીર્ય, પ્રૌઢ વિદ્વતા, બુદ્ધિ પ્રતિભા અને ભાષા વૈભવ સ્થાને સ્થાને ઝળકે છે. અહીં કૃતિકારની સર્વતોમુખી વર્ણન શૈલીની સૂઝને નિહાળીને ચિત્તમાં ચમત્કાર થાય છે. દુ:ખના, તપ ત્યાગના, પ્રવાસના, લગ્ન કે જન્મના, વૈરાગ્ય કે નિર્વેદના પ્રસંગોને અદ્‌ભુત શૈલીમાં અનેક પ્રકારની ઉપમાઓ, સુંદર અલંકારોથી સજાવી છે. જેમાં સર્જનકારની રચનારીતિની કુશળતા છતી થાય છે. સમગ્રપણે જોતાં મધ્યકાલીન 'કયવન્ના ચરિત્ર'ની દાનનું મહાત્મય દર્શાવતી આ કૃતિ સાહિત્ય સાગરના શિરોમણિ ભાવને ધારણ કરનારી દીર્ઘકાય કૃતિ તરીકે નિર્વિવાદ કહી શકાય.

ઉપમા અલંકાર : રાસમાં પ્રયોજાયેલી ભરપૂર ઉપમાઓ જોતાં એવું લાગે છે કે, કવિશ્રીને ઉપમા અલંકાર સવિશેષ પ્રિય હશે. તેમાંની કેટલીક ઉપમાઓ નીચે પ્રમાણે છે.

૧. **સૂર્યબિંબ જ્યું પૂરવેં, છીપ સોહે જેમ મોતી રે (૧૦)**

પૂર્વ દિશામાં જેમ સૂર્યબિંબ શોભે છે અને છીપમાં મોતી શોભે છે, તેમ વસુમતીના ગર્ભમાં પુણ્યશાળી જીવ શોભી રહ્યો.

૨. **દિન દિન વાધે ચંદ્ર જ્યું, ચઢતે ચઢતે વાન; (૨૦)**

પ્રતિદિન કૃતપુણ્ય ચંદ્રની કળાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો.

૩. **આઇ પ્રીતમ પાસ, બોલે જેમ સરસતી હો (૨૩)**

વસુમતી શેઠાણીની મધુર વાણી સરસ્વતી દેવી સાથે તુલનીય છે.

૪. **નારીને ભરતાર, જોડી સરખી જડી હો લાલ;**
હર ગૌરી રાધા કૃષ્ણ, કામ રતી પરગડી હો લાલ (૨૬)

કૃતપુણ્ય અને જયશ્રીની સરખેસરખી જોડીને શંકર અને પાર્વતી, રાધા અને કૃષ્ણ તેમજ કામદેવ અને રતિ સાથે સરખાવી છે. અહીં સુંદર માલોપમા છે.

૫. **ચડે મૃગ જ્યું પાસ, બોલે વિકસી હસી; (૬૯)**

જેમ શિકારીની જાળમાં મૃગ ફસાય, તેમ રાસનાયક વેશ્યાના સંગમાં ફસાયો.

૬. **વેશ્યા શું રાતો રહે હો લાલ, જિમ ભમરો વનરાજિ (૭૯)**

જેમ ભમરો વનરાજીમાં આશક્ત રહે, તેમ કૃતપુણ્ય ગણિકામાં લુબ્ધ રહ્યો.

---

૧. ઉપાધ્યાય પુણ્યકલશે શ્રી હેમચંદ્રાચાર્યજી કૃત પ્રાકૃત **દ્વયાશ્રય** પર વૃતિ રચી, જે તેમના ગુરુભાઈ લક્ષ્મીતિલકજીએ સંશોધી. (પ્ર. મુંબઈ, સંસ્કૃત સીરીઝ, ઈ. ૧૯૦૦) આ લક્ષ્મીતિલકજીએ સં. ૧૩૧૧માં ૧૭ સર્ગનું **'પ્રત્યેક બુદ્ધ ચરિત્ર'** નામનું સંસ્કૃતમાં **'જિનલક્ષ્મી'** અંકવાળું મહાકાવ્ય રચ્યું. તેમના ગુરુ જિનરત્નસૂરિ હતા.

૨. કવિશ્રી જયરંગજીની અન્ય કૃતિઓ - ૧. ચર્તુવિંધસંઘ નામમાલા (સં. ૧૭૦૦); ૨. દશવૈકાલિક સર્વ અધ્યયન ગીત (સજ્ઝાય) (સં.૧૭૦૭, વિકાનેર); ૩. અમરસેન વયરસેન ચોપાઈ (સં. ૧૭૭૦); ૪. દશવૈકાલિક ચૂલિકા ગીત; ૫. દશ શ્રાવક ગીતો

૭. **સાસ તણી પરેં સાંભરે હો બેટા, તું વસે હિયડા બાર બેટા (૮૩)**

કૃતપુણ્યના માતા-પિતા પોતાના પુત્રનું શ્વાસની જેમ પ્રતિપળ સ્મરણ કરતા હતા.

૮. **વહૂ રતન એ તાહરી બેટા, સુગુણ સતી સુકલીણ બેટા**
કોઇલ જ્યું કાલી હુઇ બેટા, વિરહિણી જૂરી જૂરી ક્ષીણ બેટા (૯૩)

રાસનાયિકાના પ્રિયતમ વિરહની શોકાગ્નિમાં શરીરના હાડ-માંસ સૂકાઈ જતાં, તેનો ઉજળો વર્ણ કોયલ જેવો શ્યામ બન્યો.

૯. **માલ વિના એ મુઆ જિસ્યો રે લાલ, દીઠો ન આવે દાય (૧૦૭)**

વેશ્યાએ નિર્ધનને નિધન સમાન ગણ્યો છે.

૧૦. **મન માન્યો એ માહરો રે લાલ, બીજો નાવે દાય;**
જિમ નયણાં વિચ પૂતલી રે લાલ, તિમ તન મનને સુહાય (૧૧૧)

દેવદત્તાએ માતાને કહ્યું, ''આંખની મધ્યમાં રહેલી પૂતળી (કીકી) સમાન કૃતપુણ્ય મને તન અને મનથી પ્રિય છે.

૧૧. **ચંદ્ર ગ્રહ્યો જ્યું રાહુ હો જી, મુખ વિલખે છબી શોભતી લાલ (૧૭૬)**

માવિત્રના મૃત્યુનાં સમાચાર સાંભળી, રાહુ દ્વારા ગ્રસિત થયેલા ચંદ્ર સમાન કૃતપુણ્યનું મુખ નિસ્તેજ બન્યું.

૧૨. **જિમ અતિ વૂઠે મેહ હો જી, નવ નવ રંગ ધરતી ધરે લાલ (૧૮૩)**

જેમ મેઘની વૃષ્ટિ થતાં વસુંધરા નવપલ્લવિત બને છે, તેમ પતિના આગમનથી જયશ્રીનો ચહેરો ખીલી ઉઠ્યો.

૧૩. **એ નર નિર્મળ જ્યું જલઆંસુ; (૨૬૯)**

કૃતપુણ્યની નિર્મળતા જલબિંદુ સાથે તુલનીય છે.

૧૪. **મન રંગ રાતો કુલ જ્યું જાસુ (૨૬૯)**

જેમ જાસુદનું કુલ ચિત્તાકર્ષક હોય છે, તેમ કૃતપુણ્યનું દર્શન સ્ત્રીઓને મન અત્યંત મનમોહક હતું.

૧૫. **નાહ વિહુણી નાર, રસ વિણ જાણે શેલડીજી (૩૦૮)**

પતિ વિનાની સ્ત્રી રસ વિનાની શેરડી જેવી તુચ્છ અને નકામી છે.

૧૬. **ત્રણેહી ત્રણેહી શોહે તિમ મન મોહતીજી, પાન સોપારી કાથ;**
રંગરસ રંગરસ શોહે ત્રણ્યે એહવીજી, ખીર ખાંડ ઘીની સાથ (૩૯૪)

દેવાંગના જેવી ચારે નારીઓ પાનમાં સોપારી અને કાથાની જેમ રૂપરંગમાં મનમોહક હતી તથા ખીરમાં ખાંડ અને ઘીની જેમ શોભતી હતી. (પાનનો રંગ લીલો હોય છે. તેમાં સોપારી, કાથો, ચૂનો વગેરે ભળે છે ત્યારે મુખ લાલ થાય છે અને શોભે છે તેમજ રૂપ અને રંગ જામે છે.)

ચારે સ્ત્રીઓની સ્વભાવની મધુરતા અને સુંદરતા દર્શાવવા સુંદર માલોપમા પ્રયોજાયેલી છે.

૧૭. દેખી ધ્રુજી તે ડોકરી રે, વાય ઝકોલ્યું જ્યું ઝાડ; (૪૨૩)

જેમ પવનના ઝપાટાથી વૃક્ષ ફરફરે છે, તેમ કૃતપુણ્યને પ્રત્યક્ષ જોઈ ધૂતારી વૃદ્ધા ભયથી કંપવા લાગી.

૧૮. નગરી રાજગૃહિ પરિસરેં રે હાં, ગુણશીલ વન છે સાર (૪૩૮)
નંદનવન સમ શોભતું રે હાં, વેલી વૃક્ષ માંડવા સાર (૪૩૯)

રાજગૃહી નગરીનું ગુણશીલ ઉદ્યાન નંદનવન જેવું રળિયામણું છે.

૧૯. હરણ વાનરની પરેં, ભરતા લાંબી ફાળ; (૪૪૬)

પ્રભુ પધાર્યાની વધામણી આપવા વનપાળ હરણ અને વાનરની જેમ લાંબી ફાળ ભરતો સત્વરે મહારાજા શ્રેણિક પાસે આવ્યો.

૨૦. શ્રેણિક મનમાં હરખીયો, જિમ ઘન આગળ મોર; (૪૪૭)

જેમ મેઘને જોઈ મયુર હરખાય, તેમ પ્રભુના આગમનની વધામણી સાંભળી મહારાજા શ્રેણિક હરખાયા.

૨૧. ભવ્ય જીવાંરા પાતક ગલિયાં, જ્યું પાણી મેં કાગલિયાં (૪૬૩)

પાણીમાં કાગળ ઓગળી જાય છે, તેમ પ્રભુ દર્શનથી ભવ્ય જીવોનાં પાપ કર્મો ઓગળી જાય છે.

૨૨. મગન હુઆ જગ તીન, તીમ જ્યું પાણીમેં મીન (૪૬૯)

જેમ માછલી પાણીને જોઈ રાજી થાય, તેમ પ્રભુને જોઈ ત્રણે લોકના જીવો પ્રસન્ન થાય છે.

૨૩. કયવન્નો મન હરખીયો, જીમ ઘન ગાજે મોર (૪૮૭)

જેમ વાદળની ગર્જનાથી મયુર હરખાય, તેમ જિનવાણીના શ્રવણથી કૃતપુણ્ય પુલકિત બન્યો.

૨૪. તુમ વિણ ઘર શોભે નહીં રે, જિમ ચંદ વિહુણી રાત રે (૫૪૮)

જેમ ચંદ્ર વિના રાત્રિ શોભતી નથી, તેમ પ્રિયતમ વિના આ આવાસ શોભતું નથી.

૨૫. ચારિત્ર પાલે હો સૂધું સિંહ જ્યું, ધન્ય કયવન્નો સાધ (૫૬૨)

કૃતપુણ્યમુનિ સિંહની જેમ શૂરવીર બની શ્રમણાચારનું પાલન કરી રહ્યા હતા.

ઉત્પ્રેક્ષા અલંકાર :

૧. દીધો મહેલ આવાસ, ચિત્રામેં ચિતરયો હો લાલ...ચિત્રા૰
જાણેં દેવ વિમાન, દીસે એ દૂસરો હો લાલ (૨૭)

નવ વિવાહિત યુગલને રહેવા માટે આપેલો સુંદર આવાસ, જાણે અસલ દેવ વિમાન જ જોઈ લ્યો !

૨. ''માહરો નાહ નગીનો જાણે, સુગંધો કેવડો (૩૨)

મારા પતિદેવ જડેલા નંગની જેમ મહેકે છે. જાણે સુગંધી કેવડો ન હોય !

૩. **ગાલો રાંડ બોલે ઘણી રે લાલ, જાણે ફૂટો ઢોલ (૧૧૬)**

અક્કાના મુખમાંથી વરસતા અપશબ્દો, જાણે ફૂટેલા ઢોલનો કર્કશ સ્વર ન હોય !

૪. **પાપિણી સાપિણી જ્યું ઉછલે રે લાલ, લાગું જાણે ભૂત (૧૨૦)**

ડંખીલી સાપિણીની જેમ વૃદ્ધા ઉછળી ઉછળીને તડાક-ભડાક (લવારો) બોલતી હતી, જાણે કોઈ પ્રેતાત્માનો વળગાડ થયો ન હોય !

૫. **નયણેં બે આંસુ ઝરે રે લાલ, જાણે મોતીહાર (૧૩૫)**

માતા-પિતાના અવસાનના સમાચાર સાંભળી કૃતપુણ્યના બન્ને આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી, જાણે મોતીની હારમાળા જ જોઈ લ્યો !

૬. **રંગમાં મીઠો રુષણો, જાણે દૂધમાંહે સખિ સાકર દ્રાખ કે ! (૧૯૦)**

પ્રિયતમનું આગમન જયશ્રીને અત્યંત મધુરું લાગ્યું, જાણે સાકરવાળું દૂધ અને મીઠી દ્રાક્ષ ન હોય !

૭. **ડોસી પોસી બાપડી રે, જાણે પડી ચોર ઘાડ ! (૪૨૩)**

કૃતપુણ્યને જોઈ ડોસી એવી હેબતાઈ ગઈ, જાણે અચાનક ચોરોની ઘાડ પડી ન હોય !

૮. **મુનિવર પડઘો માંડીયો રે, જાણે ધરમ રતનનો કરંડ હો (૫૧૭)**

મહાત્માએ પોતાનું પાત્ર બાળક સમક્ષ ધર્યું, જાણે ધર્મ રત્ન રૂપી નિધાન ન ધરતાં હોય !

૯. **વાજાં વાજે અતિ ઘણાં રે, જાણે ગાજે ઘનઘોર રે (૫૫૦)**

દીક્ષા મહોત્સવના અતિ આડંબર ભર્યા પ્રસંગે વાજિંત્રોના નાદ જાણે વાદળોના ગડગડાટ !

૧૦. **ચારિત્ર રમણી પરણવા રે, જાણે ચઢે વર જાન રે ! (૫૫૧)**

કૃતપુણ્ય ચારિત્ર રમણીને પરણવા ઉત્સુક બન્યો, જાણે જાન લઈને પરણવા આવેલા વરરાજા ! અહીં ઉત્પ્રેક્ષા અને રૂપકનો ઉભય સંયોગ થયો છે.

વ્યતિરેક અલંકાર :

૧. **તેજેં કરી તનુ દીપતો, સૂરજ જેમ સવાયો રે (૧૬)**

નવજાત શિશુની તેજસ્વીતા સૂર્યથી સવાઈ હતી. અહીં ઉપમેયને ઉપમાન કરતાં શ્રેષ્ઠ દર્શાવી સુંદર વ્યતિરેક પ્રયોજ્યો છે.

૨. **ત્રણ ઋતુ ત્રણ ઋતુના હો સુખ ભોગવેજી, તિહું ભુવને સૌભાગ્ય; (૩૯૩)**

કૃતપુણ્ય સ્ત્રીઓ સાથે ત્રણે ઋતુનું સુખ ભોગવી રહ્યો હતો. તેના જેટલું સૌભાગ્ય ત્રણે ભુવનમાં કોઈનું ન હતું.

રૂપક અલંકાર :

૧. ચંદ્રવદની મૃગલોચણી, રુપેં ગોરી રંગ;
કચવન્નો ભોગી ભમર, દેખી ઘરે અચંભ (૭૦)

અતિશયોક્તિ અલંકાર :

૧. ઈંદ્ર ચંદ્ર પણ દેખતાં રે, આણે મનમાં ચુપ (૪૨૬)

કૃતપુણ્યના સૌભાગ્યને જોઈ ઇંદ્ર અને ચંદ્ર પણ ક્ષણભર માટે થંભી ગયા અર્થાત્ કૃતપુણ્યનું સૌભાગ્ય અદ્વિતીય હતું.

કહેવતો / રૂઢિપ્રયોગો :

૧. **જાંઘ ઉઘાડવી (૪૪)** : હાથે કરીને પોતાની એબ ઉઘાડવી

દુભાયેલી જયશ્રીએ સાસુને ફરિયાદ કરતાં અંતે કહ્યું, ''સાસુજી! મારા જ પતિની વાતો કરતાં પોતાના હાથે જાંઘ ઉઘાડી પાડવા જેવું લજ્જિત કાર્ય હું કઈ રીતે કરી શકું ?

શ્રાવકના બાર વ્રતમાંથી બીજું અણુવ્રત 'સત્યવ્રત' છે. જેનો 'સ્વદારમંત્રભેદ' નામે અતિચાર છે. તેમાં દારા = સ્ત્રી અને ઉપલક્ષણથી પુરુષ એકબીજાનાં અવર્ણવાદ કે ગુપ્તવાત બહાર પ્રકાશિત કરે તો બીજા વ્રતમાં અતિચાર લાગે. અર્થાત્ સ્ત્રી કે પુરુષ એકબીજાના અવર્ણવાદ ન બોલે. જયશ્રી એક સતી સ્ત્રી હતી, તેથી સાસુ પાસે પોતાના પતિની ફરિયાદ કરતાં અચકાય છે.

૨. **છોરુ કછોરુ હુવે (૯૦)** : નાદાનિયત કરવી

ભલે છોરૂ કછોરૂ થાય પરંતુ માતા-પિતા કે ગુરૂદેવ તેનું અવળું લેતાં નથી.

૩. **પાણી પીને ઘર પૂછવું (૯૪)** : પાણી પીને જ્ઞાતિ પૂછવી, જે પહેલાં પૂછવી જોઈએ.

શેઠે વિચાર્યું, 'નીચ મિત્રોની સંગતિ કરાવી, તેનું આ ફળ મળ્યું છે. હવે પાણી પીને ઘર પૂછવાથી શું સરે ?'

૪. **જીવ છે એક ને જુઈ કાયા (૨૬૧)** : ગાઢ સ્નેહ

વૃદ્ધાએ કૃતપુણ્ય પર પ્રભુત્વ જમાવતાં કહ્યું, ''વત્સ! તારો અને મારો જીવ એક છે, માત્ર ખોળિયું જુદું છે.

૫. **અંગૂઠાની આગ, કદી આવે માથા લગેજી (૩૦૯)** : પારાવાર આપત્તિ વધી જવી.

પગના અંગુઠે લાગેલી આગ હોલવાય નહીં તો ક્યારેક માથા સુધી આગ આવે છે.

૬. **વાલ ન વંકો હોય (૩૫૦)** : જરા પણ ઈજા ન થવી.

નસીબ જ્યારે પાધરું હોય ત્યારે કોઈ વાળ વાંકો ન કરી શકે.

૭. **લહેણાથી દેણે પડયું (૩૭૧)** : નફાને બદલે નુકશાન થવું.

કંદોઈની સર્વ અભિલાષાઓ ધૂળમાં મળી ગઈ. આવ્યો હતો રાજકુમારી સાથે લગ્ન કરવા

પરંતુ માર પડવાથી તેને લહેણાથી દેણું પડયું.

૮. **એક પંથ દોઈ કાજ (૪૨૧)** : એક સાથે બે કામ કરવા

પિતાને જોઈ ચારે બાળકોએ ખુશ થઈ કહ્યું, ''પિતાને મળશું અને સાથે ભેગાં બેસી ભોજન આરોગશું. આમ, એક પંથ દો કાજ થશે.''

વર્ણનાત્મક શૈલી : પ્રસ્તુત રાસની પ્રત્યેક પ્રસંગોને કવિશ્રીએ પોતાના અદ્‌ભુત ભાવોથી કલ્પનાના વાસ્તવિક રંગો પૂરી કૃતિને વર્ણનાત્મક શૈલીથી અદ્‌ભુત રીતે મઠારી છે. આ વર્ણનોમાં ક્યાંય અતિશયોક્તિ નથી તેથી ભાવકના હૃદયને રસતરબોળ કરી દે છે. મિલનના દૃશ્યોને શૃંગાર રસથી છલકાવ્યા છે સાથે સાથે તેમણે કરેલા ચિત્રાત્મક વર્ણનો તેમની સર્જનાત્મકની પ્રતીતિ કરાવે છે.

૧. વસુમતી શેઠાણીને ગર્ભના પ્રભાવે સુકૃત્ય કરવાનો ઉત્પન્ન થયેલ શુભદોહદ **(૧૨-૧૩)**

શ્રીજે માસેં દોહલો, ઉપજે ગર્ભ પ્રભાવેં રે;
ચોરી ચુગલી નવિ સુણે, તપ જપ શીયલ સુહાવે રે.
દેવ ગુરુ વાંદે સાસતા, ધર્મે અમારિ પલાવે રે;
જિન પૂજા યાત્રા વલી, દાન માનેં સુખ પાવે રે.

૨. વર-વધૂના મહેલની ભવ્યતા અને દિવ્યતામાં ધનદત્ત શેઠની વૈભવતા ડોકાય છે. **(૨૭-૨૮)**

દીધો મહેલ આવાસ, ચિત્રામેં ચિતરયો હો લાલ...ચિત્રા.
જાણેં દેવ વિમાન, દીસે એ દૂસરો હો લાલ...દીસે.
ફલમલ ફલકે જોર, ધૂનો નવિ ધૂંસરો હો લાલ...ધૂનો.
વિચ હિંડોલા ખાટ, સોને રતનેં જડી હો લાલ...સોને.
ફલકે હીરા લાલ, મોતી લડ પરવડી હો લાલ...મોતી.
રંગ રલી દિન રાત, હિંચે વિંદ વિંદણી હો લાલ...હિંચે.
ચૂવા ચંદન ચંપેલ, સુવાસ મહકે ઘણી હો લાલ...સુવા.

૩. સંસારથી અળગા રહેતા પતિની સાસુ સમક્ષ ફરિયાદ કરતી દુભાયેલી પુત્રવધૂ જયશ્રી; જેમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, અંત્યાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ અલંકારોની સાથે કહેવતોને ગૂંથી વર્ણનને રસપ્રદ બનાવ્યું છે. **(૩૨-૪૪)**

૪. ભોગીજનોના સંગે કૃતપુણ્યની દિનચર્યાનું વર્ણન, જેમાં ઉત્પ્રેક્ષા અને માલોપમા અલંકાર પ્રયોજાયેલો છે. એક સાધુ કવિ દ્વારા ભોગોનું અદ્‌ભુત વર્ણન તેમના સંસારિક જ્ઞાનની બહુલતા દર્શાવે છે. **(૫૩-૬૯)**

૫. ગણિકાવાસમાંથી પુત્ર પાછો ન ફરતાં માતૃહૃદય કકળી ઉઠયું. માતાની હૃદયદ્રાવક મનોવ્યથામાં કરૂણ રસ પ્રયોજાયેલો છે. અહીં પ્રસંગોપાત કવિશ્રીએ માતા દ્વારા પુત્રના ઉછેરમાં આપેલું યોગદાન વિસ્તારપૂર્વક વર્ણવ્યું છે. **(૮૩-૯૮)**

૬. જયશ્રી શુકરાજની ખુશામત કરી, તેને પ્રલોભન આપી પ્રિયતમ પાસે સંદેશો પહોંચાડવાની વિનંતી કરે છે, જેમાં પતિ વિરહિણી સ્ત્રીની દયનીય સ્થિતિ, પતિને ઉપાલંભ આપતી નારીનું મનોચિત્રણ કવિશ્રીએ દોર્યું છે. **(૧૪૪-૧૫૮)**

જયશ્રી પતિને કલ્પવૃક્ષ સમાન માનતી હતી પરંતુ તે તો આકડા અને એરંડાના વૃક્ષ જેવો નીવડયો. અમૂલ્ય રત્નને બદલે પત્થર જેવો કઠોર નીવડયો. અહીં વિરહની વેદનમાંથી ઉપાલંભ પ્રગટયો છે.

૭. પ્રિયતમના આગમનથી પ્રિયતમાના જીવનની અમીરાઈનું વર્ણન કવિશ્રીએ રસિક રીતે વ્યક્ત કર્યું છે. અહીં ખાસ વિશેષતા એ છે કે સંભોગ શૃંગારની પળોનું આલેખન મર્યાદાપૂર્વક કર્યું છે. **(૧૮૪-૧૯૨)**

૮. જયશ્રીએ પરદેશ જતાં પતિને વિદાય આપતાં કરેલી ભલામણ **(૨૨૯-૨૩૮)**

જયશ્રી પતિના સુખની કામના માટે ધર્મનું શરણું સ્વીકારે છે. જેમ કે - દેવ ગુરુને વંદન કરવા; જિનદેવની સ્તવના કરવી; તપ-જપ કરવા, આયંબિલ, નીવી, એકાસણા જેવી તપશ્ચર્યા કરવી.

'धर्मेण पापम् क्षयति', 'ધર્મથી (પુણ્યથી) પાપ ટળે છે અને તપશ્ચર્યાથી કર્મ દૂર થાય છે' તેવો રાસનાયિકાનો ભાવ કવિશ્રી વ્યંજિત કરે છે.

૯. અનિમેષ નયને હવેલીની શોભા નિહાળતો રાસનાયક **(૨૫૩-૨૫૫)**; ચારે સ્ત્રીઓનું લાક્ષણિક વર્ણન **(૨૫૬-૨૫૭)**. આ વર્ણનમાં ઉત્પ્રેક્ષા અને યમક અલંકાર સાથે અદ્‌ભુત અને શૃંગાર રસનો ઉભય પ્રયોગ જોવા મળે છે. વળી, તે સમયના મકાનોની બાંધણી, ઘરની સજાવટ, સ્ત્રીઓનો શૃંગાર અને તે સમયના આભૂષણો છતાં થાય છે.

ચારે નારી ચઉપખેં રે, નારી બેઠી મંચો;
કયવન્નો હવે જાગીયો રે, દેખે તેહ પ્રપંચો;
દેખે તેહ પ્રપંચ વિલાસો, એ કુણ ખ્યાલ વિનોદ તમાસો;
મહોટાં મંદિર મહેલ મેવાસો, ચિહું દિશિ જોવે આસો પાસો.
રંગ રંગીલાં માલીયાં રે, ચિત્રામાંરી છોલો;
જાણે વિધાતાયેં રચ્યાં રે, મોતી જામર જોલો;
મોતી જામર વેલ તેજાલી, વિચ વિચ પ્રોઇ લાલ પ્રવાલી;
જબ જબ જાબખ જૂબ રસાલી, ભલા ભલા ગોંખ ભલી ચિત્રશાલી.
સખરા બાંધ્યા ચંદ્રવા રે, મખમલરા પંચરંગો;
નવ નવ ભાતેં જાતરા રે, પાથરણાં અતિ ચંગો;
પાથરણા અતિ ચંગા ઝલકે, જરબાફ જાજમ કસબી ઝલકે;
લાંબી ફૂલની માલા લલકે, ધૂપ ધાણાની સલીયાં ચલકે.
ચંદ્રવદની મૃગલોચની રે, ભર યૌવનમેં જેહો;
નાસાદિપ શીખા જીસી રે, સોવન વરણી દેહો;
સોવનવરણી દેહ રે સારી, ચિંહું દિશિ નિરખે ચારે નારી;

રૂપે રૂડી દેવકુમારી, માનવણી જીમ આગેં હારી.
પાયે નેઉર રણઝણે રે, કાને કુંડલ સારો;
નકવેસર શીર રાખડી રે, હિયડે નવસર હારો;
હિયડે નવસર હાર રે સોહે, મોહનગારી મનડું મોહે;
રંગ રંગીલો ચિત્તડુ ચોહે, મુખ દીઠા એ દુઃખ વિછોહે.

૧૦. શ્રેણિક રાજાની પુત્રી સાથે કૃતપુણ્યના પ્રણયનું તળપદી રીતે ઉજવાયેલું લગ્નોત્સવ. **(૩૮૬-૩૯૧)**

આ લગ્નવિધિમાં હસ્તમેળાપ, ગઠબંધન, ચોથા ફેરામાં વરની પાછળ કન્યાનું રહેવું, [1]સપ્તપદિના ચાર ફેરા, કરિયાવર, જાન જમાડવી ઈત્યાદિ રિવાજો તે સમયની લગ્નપ્રથાની જાણકારી પૂરી પાડે છે.

૧૧. યક્ષની મૂર્તિ જોઈ ચારે પુત્રોની ચેષ્ટામાં ઉત્પન્ન થયેલો પિતૃપ્રેમ. **(૪૧૫-૪૨૧)**

અહીં અદ્‌ભુત અને હાસ્યરસનું નિરૂપણ થયું છે.

૧૨. ભક્તિથી પ્રેરાઈને દેવતાઓ દ્વારા રચાયેલા સમવસરણની શોભા. **(૪૩૬-૪૩૭)**

૧૩. ભગવાન મહાવીરના દર્શન કરવા જતાં મહારાજા શ્રેણિક અને પરિવારજનો. **(૪૪૯-૪૬૧)**

૧૪. મહારાજા શ્રેણિકે પાંચ અભિગમ સાચવી, જિનેશ્વર ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા દઈ વંદન કર્યા. **(૪૬૭)**

પાંચ અભિગમ : ૧. સચિતનો ત્યાગ; ૨. અચિતનો વિવેક; ૩. ઉત્તરાસંગ; ૪. અંજલિકરણ; ૫. એકાગ્રતા.

આગમ ગ્રંથોમાં ગૌતમ સ્વામી, ઉદકપેઢાલ, સ્કન્ધક પરિવ્રાજક, દેવાનંદા બ્રાહ્મણી, જમાલી, સુદર્શન શેઠ, શિવરાજ ઋષિ, ઋષિભદ્રપુત્ર, શંખ શ્રાવક, ઉદાયન રાજા, કાર્તિક શેઠ, કૃષ્ણ મહારાજા, અર્જુનમાળી, મેઘકુમાર, થાવચ્ચાપુત્ર, નંદમણિયાર, આનંદ શ્રાવક, કૂણિક રાજા, શ્રેણિક રાજા આદિએ પાંચ અભિગમ સાચવી ભગવાનને ત્રણવાર વંદના કરી છે. કવિશ્રી આ પરંપરાને અનુસર્યા છે.

૧૫. પરમાત્માની ધર્મના નવનીત સમી દેશના; જેમાં સમકિતની મહત્તા, દેવ-ગુરુ-ધર્મની શુદ્ધ શ્રદ્ધા, શ્રાવકાચાર, શ્રમણાચાર, મનુષ્યભવની દુર્લભતા, ઈન્દ્રિયોની પરવશતાથી થતા નુકશાન, આયુષ્યની ક્ષણભંગુરતા, ચાર કષાયોનું નિવારણ અને દાનાદિ ચાર ધર્મની પાલના ઈત્યાદિ વિષયોનું સુંદર જ્ઞાન આપ્યું. **(૪૭૧-૪૮૫)**

૧૬. મહાત્માને જોઈ પુલકિત બનેલા બાળકની પરિણતિ તથા ખીર વહોરાવતી વેળાની ત્રુટિત પરિણામ ધારા **(૫૧૦-૫૨૦)** અને દાન વહોરાવ્યા પછીની વિધિમાં સમ્યક્ દાનધર્મની વિધિવિધાન ઉજાગર થઈ છે. **(૫૨૧-૫૨૪)**

૧૭. કૃતપુણ્ય મુનિનો શ્રમણાચાર, જેમાં શ્રમણ ધર્મની આચારસંહિતા પ્રગટ થઈ છે. **(૫૬૩-૫૭૦)**

---

૧. સપ્તપદિ : જુઓ પરિશિષ્ટ વિભાગ.

ઉપદેશાત્મક શૈલી :

૧. સંસારી જીવને ભોગોનું કે તેને યોગ્ય કાર્યનું શિક્ષણ આપવું પડતું નથી, તે સંદર્ભમાં ધનદત્ત શેઠે હંસ (ગતિ), ભ્રમર (રસલંપટ), મોર (પીંછાને રંગ) અને ચોર (ચોરી) જેવાં સચોટ દૃષ્ટાંતો શેઠાણીને આપ્યાં, જે સ્વાભાવિક જ હોય છે. જેને શીખવવા પડતાં નથી. **(૪૮)**

કુણ શિખવે ગતિ હંસ, ભમર ભોગી ભલો ?...સાસુ.
મોર પીંછ ચિત્રામ, ચોર ચોરી કલા ?''...સાસુ.

૨. 'જેવો સંગ તેવો રંગ.' કૃતપુણ્ય વેશ્યાના સંગથી યોગી મટી વાનર જેવો ચંચળ અને ભોગી બન્યો. મીઠું દૂધ અને કાંજી લીંબુના સંગથી વિણસે છે. કસ્તુરી અને કપૂરની સુગંધ લસણનાં સંગથી દુર્ગંધમાં ફેરવાય છે. ગંગાનું મીઠું જળ દરિયાના સંગથી ખારું બને છે. ચંદ્ર પણ કુરંગની સોબતથી કલંકિત બને છે, તેમ વ્યસની મિત્રોના સંગથી કૃતપુણ્ય વ્યસનોમાં આસક્ત બન્યો. **(૬૫-૬૬)**

વિણસે મીઠો દૂધ, બિહું કાંજી તણેં; કસ્તૂરી કર્પૂર, લસણ પરિમલ હણે.
ગંગા જલ લૂણ સંગેં, સહી ખારો હુવે; કુરંગ સંગી ચંદ્ર, કલંકી જન ચવે.

૩. વેશ્યાનો સ્નેહ, જુગારીનું ધન, વાદળુ આવવાથી આકાશની કાંતિ, પાછલી રાત્રિ, અપુત્રીયાનું ઘર નષ્ટ થતાં વાર લાગતી નથી. **(૧૩૧)**

વેશ્યા નેહ જૂઆર ધન, કાતી અંબર છાર;
પાછલ પહોર અઉત ઘર, જાતાં ન લાગે વાર

૪. હાથીના દાંત, કેશરી સિંહની કેશરા, સર્પનો મણિ, સતી સ્ત્રીના સ્તન અને કૃપણનું ધન; આટલી વસ્તુ મેળવવી હોય તો તે વસ્તુનો નાશ થાય ત્યારે જ મળે અર્થાત્ આ બધાં જ પરાક્રમી છે. કેશરા, મણિ વગેરેની જેમ સતી શિયળ સાચવે છે. **(૧૭૯)**

સરણાઇ સુંહડા હો જી, કેશર કેશ ભુયંગમણિ
ચડશે હાથ મૂઆ હો જી, સતીય પયોધર કૃપણ ધન

૫. 'કોના નસીબનું કોણ ખાય !' જુઓ કર્મનો વિચાર. કુશળ ઉંદર અથાગ મહેનત કરી દર બનાવે અને તેમાં રહે છે ભોરિંગ (સાપ) ! બળદ ચારો લાવે છે અને ઘોડો ચારો ચરે છે, તેમ એકે ઉપાર્જન કરેલું ધન બીજાના ભાગે ભોગવવાનું લલાટે લખાયું ! **(૨૬૨)**

કીણ ખાટી કો ભોગવે રે, જુવો કર્મ વિચારો !
જુવો કરમ વિચાર રે, ચંગા ઉંદર ખણી ખણી મરે સુરંગા;
ભોગવે પેસી ભોગ ભુયંગા રે, બૈલ કરે વહી ચરે તુરંગા

૬. આ જગતમાં સત્ય સૌથી શ્રેષ્ઠ છે. સત્ય બોલનાર નિ:શંક હોય છે. સત્યનિષ્ઠની વાણી સદા ફળે છે. સત્ કાર્ય કરનાર નિષ્કલંક હોય છે. સત્યથી જ મંત્ર-તંત્ર ફળે છે. **(૩૭૩)**

સાચ વડું સંસારમાં રે, સાચે બીક ન શંકો રે;
કુરે સાચ વાચ જતી સતી રે, ધન્ય ! સાચ કામ નિકલંકો રે

૭. દાનથી દેવતા રીઝે છે, દાનથી સંપત્તિ વધે છે અને વૈભવ પ્રાપ્ત થાય છે. આ જગતમાં દાન શ્રેષ્ઠ

ધર્મ છે. દાનવીરનો યશ ચોતરફ પ્રસરે છે અને લોકપ્રિય બને છે. **(૪૨૭)**

દાનેં તુઠે દેવતા રે, દાનેં દોલત હોય;
દાન વડું સંસારમાં રે, જશ ગાવે સહુ કોય

૮. ભગવાને કહ્યું, ''સમય માત્રનો પ્રમાદ ન કર. જીવનમાં જે ઘડી જાય છે તે પાછી આવતી નથી. આશ્રવનું ફળ અશુભ છે. તે નરકમાં ઘકેલે છે જ્યારે સંવરનું ફળ શ્રેષ્ઠ છે જે ભવપાર ઉતારે છે. કવિશ્રી આશ્રવ અને સંવરનું સૈદ્ધાંતિક ફળ ઉજાગર કરે છે. **(૫૩૯-૫૪૦)**

વીર કહે ''દેવાણુપ્રિયા ! રે, મા પ્રતિબંધ કરેહ રે;
જીવીતમાં જાયે ઘડી રે, પાછી નાવે તેહ રે
અશુભ ફલ આશ્રવ તણા રે, નરક તણા દાતાર રે;
સખરાં ફલ સંવર તણાં રે, પામીજે ભવપાર રે''

સંવાદાત્મક શૈલી : ટૂંકા ટૂંકા અને સચોટ સંવાદો, પાત્રોચિત્ત અને પ્રસંગોચિત્ત ભાષા, લયાત્મક વાક્ય-રચના આ કૃતિને જીવંત બનાવે છે.

૧. પતિનો ચિંતિત ચહેરો જોઈ જયશ્રી પતિ પાસે આવી. તે પ્રસંગે પતિ-પત્નીનો સંવાદ વિસ્તારપૂર્વક આલેખ્યો છે, જેમાં ગૃહસ્થ માટે ધનની આવશ્યકતા, કરજથી થતા ગેરલાભ ઈત્યાદિ મુદ્દાઓનો ઉલ્લેખ થયો છે. અહીં સંવાદ સાથે ઉપદેશાત્મક શૈલીનો ઉપયોગ થયો છે. **(૨૦૦-૨૨૧)**

૨. ગરજાળુ સાસુએ કૃતપુણ્યને ઘરની બહાર કાઢવાનું ફરમાન કર્યું ત્યારે લાચાર વહુઓએ સાસુને સમજાવવાનો કરેલો પ્રયત્ન. **(૨૬૫, ૨૭૧-૨૮૨)**

૩. પરદેશ ગયેલા પતિના લાંબા સમય સુધી સમાચાર ન મળતાં જયશ્રી વિદ્વાન જોષી પાસે જોશ જોવડાવવા પહોંચી ગઈ. **(૨૯૮-૩૧૫)**

જયશ્રી પતિની ખબર મેળવવા ઉત્સુક હતી તેથી જ્યોતિર્વિદ સમક્ષ સ્વયં પોતાના મુખેથી જ જ્યોતિષ શાસ્ત્રનાં મંડાણ કરાવે છે. અહીં કવિશ્રી જયશ્રીને વિદ્વાન બતાવે છે. આ વર્ણનમાં જયશ્રીની વિટંબણા, વિરહવ્યથા દૃષ્ટિગોચર થાય છે. તે સમયે સમાજમાં લોકો સારા-માઠાં પ્રસંગે જોષી પાસે જતાં હશે. અર્વાચીન કાળમાં પણ લોકો લગ્નપ્રસંગે, જન્મકુંડલી કઢાવવા, શુભ માંગલિક પ્રસંગે, મુહૂર્ત કઢાવવા લોકો જોષી પાસે જાય છે.

કથાઘટકોમાં પરિવર્તન :

૧. **વસુમતી**એ રાત્રિના સમયે નિદ્રામાં ચંદ્રનું સ્વપ્ન જોયું. **ધનદત્ત શેઠે** સ્વપ્નનું ઉત્તમ ફળ દર્શાવ્યું. (૧૧)

૨. ધનદત્ત શેઠે સીમંતનો પ્રસંગ ધામધૂમપૂર્વક ઉજવ્યો. (૧૪)

આજે પણ હિંદુ સમાજમાં ખોળો ભરવાની વિધિ ભારે આડંબરપૂર્વક ઉજવાય છે.

૩. જ્યારે ગ્રહ ઉચ્ચ રાશિમાં પ્રવેશ્યા, શુભ લગ્ન વેળાની ઘડી આવી, પુષ્ય નક્ષત્ર અને ચંદ્રનો યોગ

થયો તેવા શુભ મુહૂર્તમાં વસુમતીએ નવજાત શિશુને જન્મ આપ્યો. (૧૬)

કવિશ્રી જ્યોતિષ શાસ્ત્રના જાણકાર હોય એવું પ્રતીત થાય છે.

૪. **કૃતપુણ્ય**નું લાલનપાલન પાંચ પાંચ ધાવમાતાઓ દ્વારા થયું. (૨૧)

રાસનાયક ગર્ભશ્રીમંત શ્રેષ્ઠીનો પુત્ર હોવાથી ધાવમાતા હોવી ઉચિત છે. ૧. દૂધ પીવડાવનારી; ૨. વસ્ત્રાભૂષણ પહેરાવનારી; ૩. સ્નાન કરાવનારી; ૪. રમાડનારી; ૫. ખોળામાં લેનારી.

૫. કૃતપુણ્ય આઠ વર્ષનો થયો ત્યારે શાળામાં અભ્યાસ કરવા ગયો. (૨૧)

શાસ્ત્રના મતે આઠ વર્ષની વયે બુદ્ધિ પરિપક્વ થાય છે તેથી વિદ્યાભ્યાસનો આ કાળ યોગ્ય છે.

૬. **સાગરદત્ત** નામના ધનવાન શ્રેષ્ઠીની પુત્રીને ત્યાં ધનદત્ત શેઠે માંગું મૂક્યું. (૨૫)

ધનદત્ત શ્રેષ્ઠી કરોડપતિ અને સમાજમાં સારો વગ ધરાવતા હોવાથી પોતાના સમોવડિયાને ત્યાં માંગું મૂકે તે ઉચિત છે.

ઈતિહાસવિદ કહે છે કે, ભગવાન મહાવીરના સમયમાં સુંદર કન્યા મેળવવા રાજાઓ સામેથી રાજકુમાર માટે માંગાં મોકલાવતાં હતાં, જેમ કે સુદર્શનાનું ચિત્રપટ જોઈ મહારાજા શ્રેણિકે અને મૃગાવતીનું ચિત્રપટ જોઈ ઉદાયન રાજાએ ચેડા રાજા પાસે માંગું મૂક્યું હતું.

૭. સાગરદત્ત શેઠે પોતાની પુત્રી **જયશ્રી**ને ઘણો કરિયાવર કરી સાસરે વળાવી. (૨૫)

૮. જયશ્રી સ્ત્રીની [૧]ચોસઠ કળાઓમાં પારંગત હતી. (૨૬)

૯. વિવાહિત કૃતપુણ્ય બ્રાહ્મણ પંડિતો પાસે ધાર્મિક શાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યો તેથી તેને વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો. (૩૦-૩૧)

અહીં કવિશ્રી **'ज्ञानस्य फलम् विरति'** એ કથનને સાર્થક કરી કૃતપુણ્યના વૈરાગ્યનું કારણ બતાવે છે.

૧૦. શેઠાણીની હઠ આગળ લાચાર બનેલા ધનદત્ત શેઠે સંસારની ગતિવિધિ શીખવાડવા પુત્રને વ્યસની પુરુષોના હાથમાં સોંપ્યો. (૫૦-૫૧)

૧૧. લંપટ પુરુષો કૃતપુણ્યને **દેવદત્તા** નામની ગણિકા પાસે લાવ્યા. (૬૭)

અહીં કૃતપુણ્ય સ્વયં ગણિકા પાસે આવ્યો નથી કે તેણે રાજમાર્ગ પર જતાં ગણિકાને જોઈ નથી. કૃતપુણ્ય વૈરાગી હોવાથી સ્વયં ગણિકા પાસે ન આવે તે મત જ વધુ યોગ્ય લાગે છે.

૧૨. માતા-પિતાએ કૃતપુણ્યના સુખ માટે પ્રતિવર્ષ એક કરોડ સોનામહોરો મોકલી. (૭૬)

૧૩. શેઠ-શેઠાણીએ બારમાં વર્ષે પુત્રને ઘરે પાછો બોલાવવા દાસી દ્વારા નિમંત્રણ પાઠવ્યું. (૭૭)

૧૪. દાસીએ સમાચાર આપ્યાં કે, ''કૃતપુણ્યને વેશ્યાએ ભોળવ્યો છે તેથી ઘરે આવવાની કોઈ વાત કરી નથી.'' (૮૧)

૧૫. કૃતપુણ્યએ નગર શેઠને ધનદત્ત શેઠના ઘરનું સરનામું પૂછ્યું. (૧૩૨)

અહીં લજ્જાવશ કૃતપુણ્યએ નગરશેઠને પોતાની ઓળખાણ આપી નહીં હોય.

૧૬. કૃતપુણ્યને માતા-પિતાના મૃત્યુના સમાચાર નગર શેઠે આપ્યા. નગર શેઠે કહ્યું, ''ધનદત્ત શેઠનો પુત્ર કુપાતર પાક્યો તેથી વેશ્યાએ તેનું ઘણું ધન ખાધું.'' (૧૩૪-૧૩૫)

---

૧. સ્ત્રીની ચોસઠ કળા : જુઓ પરિશિષ્ટ વિભાગ.

પોતાના જ અવગુણ નગરશેઠના મુખેથી સાંભળી કૃતપુણ્ય શરમિંદો બન્યો. વળી, ગણિકા પાસે જવામાં એક જાતની સામાજિક શરમ લેખાતી હતી.

૧૭. કૃતપુણ્યએ ઘરના દ્વારે ઉભા રહીને કાન માંડયા. તેણે પોતાની પત્નીના વેણ સાંભળ્યા. જયશ્રી તે સમયે શુકરાજ દ્વારા પોતાના પ્રિયતમને સંદેશો મોકલી રહી હતી. (૧૪૨-૧૪૩)

૧૮. ઘરની ડેલીમાં ઉભેલા પતિને ઓળખી ન શકવાથી જયશ્રીએ પરપુરુષ સમજી પીઠ ફેરવી લેતાં કહ્યું, ''ભાઈ તું તારા સ્થાને ચાલ્યો જા. અહીં પરપુરુષનું કોઈ કામ નથી. આ સતી સ્ત્રીનું ઘર છે. હું ફક્ત મારા પતિને આધીન થાઉં છું. મને પોતાની બનાવવાનો પ્રયત્ન કરનાર મૃત્યુને શરણ થશે. મારા માટે પતિ સિવાય અન્ય પુરુષો બાંધવ સમાન છે. હું પરપુરુષ સાથે એકાંતમાં વાર્તાલાપ કરતી નથી. મારી નણદીનો વીરો એ જ મારો ભરથાર છે. મારે અસત્ય બોલવાની આખડી છે.'' (૧૭૭-૧૮૦)

ધન્યા પતિવ્રતા અને શીલવતી નારી હતી. શીલનું જતન કરવું એ તેનું પરમ કર્તવ્ય હતું. અહીં ખાનદાનીનું ખમીર અને સતી સ્ત્રીના શીલનો દિવ્ય રણકો પ્રગટ થયો છે.

વળી, ધન્યાએ પતિનું નામ ન લેતાં 'નણદીનો વીરો' એવું સંબોધન કર્યું છે. સીતાએ રામને આર્યપુત્રનું અને રાધાએ કૃષ્ણને જશોદાનંદન જેવા સંબોધન કર્યા છે. પ્રાચીન કાળમાં સ્ત્રીઓ પોતાના પતિનું નામ કદી ન લેતી. અહીં વ્રજનો પ્રભાવ જોવા મળે છે.

૧૯. ગણિકાની પુત્રી દેવદત્તાનો માતા સાથે ઝઘડો થતાં ઘર છોડી પૂછપરછ કરતી કૃતપુણ્યના ઘરે રહેવા આવી. (૧૯૫)

અહીં કવિએ દેવદત્તાને પણ પતિવ્રતા ચિત્રિત કરી છે. તેણે એક જ પતિનો સ્વીકાર કર્યો. અહીં ગણિકાનો માતા સાથે કયા વિષયમાં ઝઘડો થયો એનો ઉલ્લેખ જોવા મળતો નથી.

૨૦. જયશ્રી અને દેવદત્તાને સગી બહેનોની જેમ આત્મીયતાપૂર્વક રહેવાની શીખામણ આપી કૃતપુણ્યએ દેશાવર જવા પ્રયાણ કર્યું. (૨૧૮)

૨૧. નાણાંની ભીડ પડતાં જયશ્રીએ પોતાના ઘરેણાં ઉતારી આપ્યાં. સ્ત્રીના ઘરેણાં વેંચવાથી સમાજમાં આબરૂ જાય અને ઘરની પાયમાલી થાય, એવું રાસનાયક કહે છે. (૨૧૯,૨૨૧)

કવિશ્રીના સમયમાં આપત્તિના સમયે સ્ત્રીનાં ઘરેણાં વટાવી ધન મેળવનાર નીંદનીય લેખાતો હતો. સોનું એ ધન છે પરંતુ તેનો આપદ્ સ્થિતિમાં ન છૂટકે જ ઉપયોગ થતો હતો.

૨૨. **ધનપતિ** નામના સાર્થવાહે નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે, ''જેને ધન કમાવવાની ઈચ્છા હોય તે મારી સાથે પરદેશમાં આવે. (૨૨૪)

અહીં કોઈ પાડોશીની પ્રેરણાથી કૃતપુણ્ય પરદેશમાં જવા તૈયાર થયો નથી. પોતાની ધન કમાવવાની અભિલાષા હતી અને તેમાં સાર્થવાહની હાકલ પડી તેથી રાસનાયક પરદેશ જવા નીકળ્યો

૨૩. શુભ મુહૂર્ત જોઈ રાસનાયક સાર્થમાં આવ્યો ત્યારે રાસનાયિકા જયશ્રી તેને વળાવવા આવી. (૨૨૬)

તે સમયમાં પરદેશ જતાં પૂર્વે મુહૂર્ત જોઈ પ્રયાણ થતું હશે. અત્યારે પણ એ પરંપરા છે.

૨૪. સાસુએ વહુઓને કહ્યું, ''રડશો નહીં. જો રાજવીને ખબર પડશે તો આપણું ધન આંચકી લેશે. આપણી યશ, કિર્તી અને પ્રતિષ્ઠા ધૂળમાં મળી જશે માટે શોક કરશો નહીં. આપણે કોઈ રૂપાળો નવયુવક ઘરમાં લાવશું. તેના દ્વારા સંતાન પ્રાપ્ત થશે, તેનાથી આપણો વંશ અખંડ રહેશે.'' (૨૪૭-૨૪૯)

૨૫. વૃદ્ધાએ જૂઠ્ઠાણું ચલાવતાં કહ્યું, ''મેં કુળ દેવતાનું સ્મરણ કરી તેની પાસેથી ઉત્તમ પુત્ર માંગ્યો. કુળદેવતાએ પ્રસન્ન થઈ તને અહીં મોકલી આપ્યો. તું અમને જીવથી વધુ પ્રિય છે. '' (૨૬૧-૨૬૨)

તે સમયના લોકો કુળદેવતા-દેવી પ્રત્યે અખૂટ શ્રદ્ધા રાખતા હશે. એના કારણે જ સર્વએ વૃદ્ધાની વાતને એકમતે સ્વીકારી લીધી. કોઈએ શંકા ન કરી.

૨૬. કૃતપુણ્યને મહેલમાં લાવ્યા પછી વૃદ્ધાએ ખડકીના દ્વારા બંધ કરાવ્યા. કોઈ મહેમાન કે સાધુ-યતિને આવવા ન દેતી. અંદરથી જ તેને જાકારો આપતી. સૌ કોઈ ભડકીને ચાલ્યાં જતાં. વૃદ્ધા ન કોઈને પાણી પાતી કે ન અન્નનો દાણો આપતી. (૨૬૭-૨૬૮)

આવું કરવા પાછળનો વૃદ્ધાનો આશય એ હતો કે, પોતાના ઘરની વાત ક્યાંય બહાર ન જાય અને ધન સુરક્ષિત રહે. અહીં વૃદ્ધાનો તુમાખી, કંકાસિયો, રૂઆબદાર અને લોભી સ્વભાવ પ્રદર્શિત થાય છે. આ પ્રકારનું વર્ણન અન્યત્ર નથી.

૨૭. જયશ્રીએ દક્ષિણા રૂપે જોષીના ચરણે શ્રીફળ અને ફૂલ ધર્યા. (૨૯૮)

જેમ મંદિરોમાં ભગવાનને શ્રીફળ ધરાય છે, તેમ ભાગ્યવિદ્ સમજી રાસનાયિકાએ દક્ષિણા પેટે જોષીના ચરણે શ્રીફળ ધર્યું છે.

૨૮. જોષીએ શુભ સમાચાર આપતાં કહ્યું, ''આજે જ તને તારો પતિ મળશે.'' ત્યાં તો ધન્યાનું ડાબું અંગ ફરક્યું. તેને શુભ શકુન ગણી પંડિતને આશીર્વચનો આપતાં કહ્યું, ''પંડિતજી ! તમારા સુવચનો ફળે અને મારા પતિદેવ મને મળે તો તમારી અમૃત ભરેલી જીભને હું સોને મઢાવીશ. તમે આયુષ્યમાન થાઓ, એવી દુઆ આપું છું. (૩૧૨-૩૧૫)

કવિશ્રીએ કથાપ્રવાહને રોચક બનાવવા પ્રસંગે પ્રસંગે કલ્પનાના તોરણો બાંધ્યા છે. આવા સ્વાભાવિક ભાવોથી કાવ્ય મૂલ્યવાન બન્યું છે.

૨૯. જયશ્રી અને દેવદત્તા બન્ને પતિને મળવા સાર્થમાં પહોંચી. (૩૧૭)

કવિશ્રી એ બન્ને પત્નીઓ પ્રત્યે સમાન દષ્ટિકોણ કેળવી બન્નેને પતિ પ્રત્યે અનુરાગવાળી દર્શાવી છે.

૩૦. પ્રવાસથી પાછા ફરેલાં કૃતપુણ્યને હૃષ્ટપુષ્ટ અને સ્વચ્છ વસ્ત્રોમાં જોઈ ચાલાક જયશ્રીને ભારે આશ્ચર્ય થયું. તે મનોમન વિચારવા લાગી કે, 'હાથ-પગ મેલાં નથી, શરીર પર રજ નથી, દેહનું નૂર ઝળકે છે, વસ્ત્રો પણ બગલાની પાંખ જેવા કોરાં છે, જાણે કોઈ રંગમહેલમાં રહી ખીર-ખાંડનું ભોજન ન આરોગ્યું હોય ! વળી, ભોજન બાદ તાજાં નાગરવેલનાં પાન ખાધાં હોય તેવાં દાંત અને હોઠ લાલ છે; એવું લાગે છે કે જાણે મારો સાહેબો પરગોઠમાં ગયો જ નથી ! (૩૨૮-૩૩૦)

કૃતપુણ્યની પત્નીનો આવો વિચાર સ્વાભાવિક હતો કારણકે પ્રવાસીના એકપણ ચિહ્ન ત્યાં મૌજુદ ન હતા. કવિશ્રીએ આ પ્રસંગે ઉપમા અને ઉત્પ્રેક્ષા અલંકાર પ્રયોજ્યાં છે.

૩૧. કૃતપુણ્ય ઘરે આવ્યો ત્યારે તેના પુત્રની ઉંમર અગિયાર વર્ષની હતી. (૩૩૬)

કૃતપુણ્ય પરદેશ ગયો તે પૂર્વે જયશ્રીને ગર્ભ રહ્યો. તે બાર વર્ષ પરદેશમાં રહ્યો. નવ માસ ગર્ભના લેખતાં પુત્રની ઉંમર અગિયાર વર્ષની દર્શાવી છે તે એકમતે યોગ્ય છે.

૩૨. જયશ્રીએ ભોજન પીરસી પતિને જમવા બેસાડયા, ત્યારે સૌ પ્રથમ થાળીમાં લાડુ ભાંગીને મૂક્યો ત્યારે તેમાંથી લાલ રંગનું જલકાંતમણિ નીકળ્યું. (૩૪૦)

જલકાંતમણિનો રંગ લાલ હતો; એવું જયરંગમુનિ સિવાય અન્ય કોઈ કવિએ દર્શાવ્યું નથી.

૩૩. **સેચનક હસ્તિ**ને છોડાવવા ચતુર અને વિવેકી જોષીઓ આવ્યા, વિદ્યાવંત અને કલાવંત જોગીઓ આવ્યા, તેઓ અમૂલ્ય ઔષધી લાવ્યા. સિદ્ધ યોગીઓએ મંત્ર-તંત્રનો નુસખો કર્યો. શૂરવીરોએ બળપૂર્વક ખેંચીને સેચનક હસ્તિને મગરના મુખમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કર્યો. કોઈએ દેવી-દેવતાઓની આખડી પણ માની. આવા ઉપાયો કરવા છતાં કોઈ કામયાબ ન થયો. (૩૫૫-૩૫૭)

સેચનક હસ્તિને છોડાવવાના વિવિધ પ્રયાસો અંગે અન્ય સર્વ કવિઓ પ્રાયઃ મૌન છે. અહીં કવિની કલ્પનાત્મક વર્ણનશૈલી ખીલી ઉઠી છે.

૩૪. કંદોઈના જલકાંત મણિ દ્વારા સેચનક હસ્તિ મુક્ત થયો ત્યારે રાજાની મૂંઝવણ વધી ગઈ. કંદોઈને રાજકુંવરી આપવાથી નામોશી થાય અને જો કંદોઈના વિવાહ ન કરાવે તો વચનભંગ દોષ લાગે. (૩૭૯)

અહીં તે સમયના પ્રજાવત્સલ રાજવીઓની વચનબદ્ધતા અને ન્યાયપ્રિયતા છતી થાય છે.

૩૫. **મહારાજા શ્રેણિકે** પોતાની કન્યાને દાયજામાં હાથી, ઘોડા અને હજાર ગામ આપ્યા. (૩૯૦)

તે સમયે કન્યાને દહેજ આપવું પડતું હતું. પ્રાચીન કાળમાં ઠાકુરોમાં આ પ્રથા વધુ પ્રચલિત હતી. ઘરબાર, ખેતીવાડી વેંચીને પણ દહેજ આપવું પડતું હતું. વર્તમાન કાળે દહેજદાહમાં અસંખ્ય કન્યાઓ હોમાય છે. એકવીસમી સદીમાં પણ જો એકાદ કન્યા જન્મે તો મા-બાપનાં જીવ અદ્ધર થઈ જાય છે. જીવનભરની કમાણી ખતમ થઈ જાય છે. પ્રાચીનકાળમાં આ પ્રથા વકરી હતી તેથી જ જન્મતાની સાથે કન્યાને દૂધપીતી કરવામાં આવતી હતી.

૩૬. **અભયકુમારે** પડહ વગડાવ્યો કે, ''યક્ષના મંદિરમાં યક્ષ દેવ પ્રત્યક્ષ થયા છે તેથી તેમની અર્ચના કરો. યક્ષદેવને નૈવેદ્ય ચડાવો જેથી રોગ દૂર થાય.'' (૪૦૨-૪૦૩)

કવિશ્રીએ અન્ય કવિઓની જેમ લાડુ, લાપસી ઈત્યાદિ નૈવેદ્યની વિવિધ વસ્તુઓનો ઉલ્લેખ ન કરતાં **'લઈ ભોગ'** એવો શબ્દપ્રયોગ કર્યો છે. પ્રત્યેક કવિઓના સમયમાં દેવી-દેવતાઓની નૈવેદ્યની વસ્તુઓમાં ભિન્નતા જોવા મળે છે. સમય જતાં લાડુ, લાપસીને ઠેકાણે ખાજા, સાટા, સક્કરિયા, પેંડા, શ્રીફળ જેવી વસ્તુઓ નૈવેદ્યમાં વપરાતી થઈ. નૈવેદ્યમાં અપાતી વસ્તુઓની પ્રચુરતાને લક્ષમાં રાખી કવિશ્રીએ તેનો ઉલ્લેખ કર્યો ન હોય.

૩૭. યક્ષ પ્રતિમાના દેહ પર પચરંગી અંગરખો, કાનમાં કુંડળ અને વક્ષસ્થળ પર હાર શોભતો હતો. (૪૦૭)

કવિશ્રીએ યક્ષમૂર્તિની વેશભૂષાનાં લાક્ષણિક વર્ણન દ્વારા જેમાં તે સમયનાં શ્રેષ્ઠીઓના પહેરવેશની મહિતી આપી છે.

૩૮. બાળક ગરમ ખીરમાં થૂંક ન પડે તેમ ચતુરાઈપૂર્વક ફૂંક મારી ઠારવા લાગ્યો. (૫૦૪)

૩૯. મહાત્માએ ખીર વહોરતી વખતે 'ના' ન કહી તેમજ 'અંતરાય' થશે તેવું પણ ન કહ્યું. (૫૨૦)

ભરવાડ બાળકના ભાવ ઊંચકાય અને કર્મોની જંજીર તૂટે એ માટે જ જાણે તપસ્વી મહાત્મા ન આવ્યા હોય ! એવો ભાવ પ્રદર્શિત કરવા ઉપરોક્ત વિચારો કવિશ્રી કાવ્ય પ્રવાહમાં વહેતાં મૂકે છે.

૪૦. મહાત્માને ભાવપૂર્વક વહોરાવી બાળક ઘરના દ્વાર સુધી વળાવવા ગયો. તેમને વંદન કરી પાછો વળ્યો. (૫૨૪)

કવિશ્રી શ્રાવકાચારની સાથે સાધુને વહોરાવવાની વિધિનો આડકતરી રીતે ઉલ્લેખ કરે છે.

૪૧. બાળકે દાન આપી ગુપ્ત રાખ્યું. (૫૨૬)

અત્તરની શીશીને વારંવાર ખોલવાથી તેની સુગંધ નષ્ટ થાય છે, તેમ દાન આપીને વારંવાર પ્રશંસા કે ગર્વ કરવાથી તેનું ફળ નિષ્ફળ બને છે, એવો ભાવ વ્યક્ત થયો છે.

૪૨. માતા અને પાડોશણ સ્ત્રીઓને બાળક દ્વારા અપાયેલા સુપાત્ર દાનની કોઈ પ્રકાર જાણ થતાં તેમણે સુકૃત્યની ખૂબ અનુમોદના કરી. જેના પ્રભાવે ચારે પાડોશણો બીજા ભવમાં રાસનાયકની પત્નીઓ બની. (૫૩૦)

તેઓનો કઈ રીતે સુપાત્રદાનની જાણ થઈ, તે અંગે કોઈ ખુલાસો થયો નથી.

૪૩. દીક્ષા લેવા જતાં મુમુક્ષુ કૃતપુણ્ય અને તેની સ્ત્રીઓની શિબિકાને એક હજાર પુરુષોએ ઉપાડી. (૫૫૨)

૪૪. સર્વએ સ્વહસ્તે લોચ કર્યો ત્યાર પછી ભગવાન મહાવીરે દીક્ષાનો પાઠ ભણાવ્યો. (૫૫૮)

શ્રી જ્ઞાતાસૂત્રમાં પ્રભુ મહાવીર પાસે દીક્ષિત થયેલા પ્રત્યેક મુમુક્ષુએ પ્રથમ સ્વહસ્તે લોચ કર્યો ત્યાર પછી પ્રભુએ તેમને સંયમનું અનુદાન આપ્યું. કવિશ્રી શાસ્ત્રોક્ત પરંપરાને અનુસર્યા છે.

૪૫. કૃતપુણ્ય મુનિ અપ્રમત્ત ભાવે સાધના કરતાં ચૌદ પૂર્વધર અને શ્રુતકેવળી બન્યા. (૫૫૮)

૪૬. કૃતપુણ્ય મુનિએ અલ્પ આયુષ્ય જાણી, ચોર્યાસી લાખ જીવાયોનિને ખમાવી અનશન વ્રત સ્વીકાર્યો. તેઓ કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારીપણે ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય ભવ પ્રાપ્ત કરશે. ત્યાં આઠે કર્મનું દહન કરી શિવસુખ પ્રાપ્ત કરશે. (૫૭૭-૫૭૯)

૧૧. કવિ શ્રી દીપ્તિવિજયજી કૃત કયવન્ના રાસ (સં. ૧૭૩૫)

● વિક્રમીય સંવત ૧૭૩૫, આસો સુદ પાંચમના દિવસે, અનુરાધા નક્ષત્રમાં, બુધવાર, સિરોડી ગામમાં દીપ્તિવિજયજીએ પ્રસ્તુત રાસ ઢાળ:૧૩, દુહા:૧૮, ચોપાઈ:૨ એમ કુલ ૪૨૦ કડીઓમાં રચ્યો છે. પ્રાયઃ દરેક ઢાળની દેશીઓ જુદી જુદી છે. વળી, કેટલીક નવીન દેશીઓનો પ્રયોગ (ઢા. ૮,૧૨) જોવા મળે છે, જે જૈ.ગૂ.ક.ભા-૮માં અંકિત નથી.

આ કૃતિને સંસ્કૃત શ્લોકો, કાવ્ય, ઉક્ત, સોરઠી, છંદનો પ્રયોગ કરી કવિશ્રીએ સુંદર રીતે મઠારી છે.

- ધર્મસંગ્રહના રચયિતા તપગચ્છીય શ્રી વિજયમાનસૂરિજી (વિ.સં. ૧૭૦૭ થી ૧૭૭૦)ના સમુદાયના [૧]શ્રી વિજયદાનસૂરિજી → ઉપાધ્યાય શ્રી રાજવિમલજી → ઉપાધ્યાય શ્રી મુનિવિજયજી → ઉપાધ્યાય શ્રી દેવવિજયજી → [૨]પંડિત શ્રી માનવિજયજી → [૩]પંડિત શ્રી દીપ્તિવિજયજી પ્રસ્તુત રાસના રચયિતા છે

- નવરસમાં ગૂંથાયેલો આ રાસ **'દાન કુલકની વૃત્તિ'** પરથી આ રચાયો છે; એવું કવિશ્રીએ કડી ૪૦૨માં જણાવ્યું છે.

'વૃત્તિ કુલકની જાણીઉં સા ભ.તિહાંથી લીઉ અધિકાર તો'

- પ્રસ્તુત કૃતિમાં વિહાર કરતાં કોઈક જગ્યાએ 'ન' ના સ્થાને 'ણ' શબ્દનો પ્રયોગ થયો છે. જેમ કે - જણાણી (૩૩), જિણદત્ત (૧૨૯)

આ કૃતિમાં સંસ્કૃત સમાસ પ્રયોજાયેલો જોવા મળે છે. પાયસ-મધુકર-મુનિ-સાલિ-અનગાર-દાતા-દેવકુલ-ભએ. વળી, કોઈક સ્થળે પ્રાકૃત શબ્દ પ્રયોગ પણ થયો છે; ઉંબર (૧૨૨), રચણી (૧૩૦)

પ્રસ્તુત રાસમાં 'થાં', 'થારાં' જેવાં મારવાડી ભાષાના શબ્દો પણ જોવા મળે છે. સંભવ છે કે કવિશ્રી પોતાના સંયમ કાળમાં મારવાડ પ્રાંતમાં વધુ વિચર્યા હોય, જેનો પ્રભાવ તેમની શૈલીમાં જોવા મળે છે.

- પ્રસ્તુત કૃતિને ઉપમા, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ ઈત્યાદિ અલંકારો, કહેવતો તેમજ વર્ણનાત્મક, ઉપદેશાત્મક, સંવાદાત્મક શૈલીથી શણગારી છે.

ઉપમા અલંકાર:

૧. **અતિ ઉન્હી જાણી વડ વીર, ઠારઈ ફૂંક દેઈનઈ ખીર;**
તિણેં અવસરિં મધુકરની પરિં, ફિરતો આવ્યો મુનિ મંદિરઈં. (૨૮)

ભ્રમરની જેમ અનેક ઘરોમાં ફરતાં ફરતાં મુનિરાજ બાળકના ઘરે આવ્યા.

'શ્રી દશવૈકાલિક સૂત્ર'માં મુનિને 'મધુકર'ની ઉપમા આપી છે. તેવી જ ઉપમા અહીં કવિશ્રીએ આલેખી છે. આ ઉપમા દ્વારા કવિશ્રી શ્રમણાચાર પ્રગટ કરે છે.

૨. **અપછરસ્યો અવતાર, ચિત્તમઈ ચહુટી કુમરને. (૫૧)**

મદનમંજરીનું દેવાંગના જેવું સૌંદર્ય કૃતપુણ્યના ચિત્તમાં ચોંટી ગયું.

---

૧. શ્રી વિજયદાનસૂરિજીએ **'કુમતિમતકુદ્દાલ'** ગ્રંથને જલશરણ કરાવ્યો. તેમણે સાત બોલની આજ્ઞા બહાર પાડી.

૨. શ્રી માનવિજયજીએ પોતાના શિષ્ય દેવવિજયજી માટે **'ધર્મ પરીક્ષા ગ્રંથ'**ની રચના કરી હતી. (જૈ.સા.સં.ઈ., પારા-૯૬૫, પૃ.-૪૩૨)

૩. શ્રી દીપ્તિવિજયજીએ સં. ૧૭૪૯, આસો સુદ પૂનમના દિવસે ત્રણ ખંડ, ૨૭ ઢાળ અને ૭૯૮ કડી પ્રમાણ **'મંગલકલશ રાસ'** રચ્યો છે. કવિશ્રીએ **'કયવન્ના શેઠનો રાસ'** અને **'મંગલકલશ રાસ'** આ બન્ને કૃતિઓ દાન ધર્મના પ્રભાવ પર રચેલી છે. આ સિવાય તેમની અન્ય રચનાઓ અંગેનો ઉલ્લેખ પ્રાપ્ત થયો નથી.

૩. **નિરધન નર સર્પ સારિખો, રાખ્યો અભડાવઈ જી ગેહ (૮૩)**

નિર્ધન મનુષ્ય સર્પ સાથે તુલનીય છે.

૪. **કયવન્નો રહિં નિજ મંદિરેં, તે નારીનું ચિંતન કરે;**
વંધ્યાચલને જિમ ગજરાજ, દેવગિરિ નઈ જિમ દેવરાજ. (૨૪૯)

ક્રીડા કરવા માટે હાથી વિંધ્યાચલ પર્વતને અને ઈન્દ્ર દેવગિરિ પર્વતને સતત ઝંખે છે, તેમ કૃતપુણ્ય અપાર સુખની વચ્ચે આલીશાન મહેલમાં રહેવા છતાં સતત ચાર સ્ત્રીઓને ઝંખી રહ્યો હતો.

ઉત્પ્રેક્ષા અલંકાર :

૧. **જનની એક તેહનઈ અછેં, વલી વહૂઅર છે ચ્યાર;**
કિં જાણું વિદ્યાધરી, કિં રંભા તણો અવતાર. (૧૩૦)

જિનદત્ત શેઠની ભાર્યાઓના સૌંદર્ય માટે કવિશ્રીએ મનોહર ઉત્પ્રેક્ષા પ્રયોજી છે.

અતિશયોક્તિ અલંકાર :

૧. **આજ આંગણિ સુરતરુ ફલ્યો, વિણ સિંચી નાગરવેલ્યો રે;**
વિણ વાદલ ઘન વરસીઉ, આજ હૂઈ રંગ રેલ્યો રે. (૧૦૭)

કૃતપુણ્યને અચાનક દ્વાર પર ઉભેલો જોઈને ધનવતીની ખુશીની કોઈ સીમા ન રહી, ત્યારે તેના મુખમાંથી શબ્દો સરી પડયાં. ''આજે તો મારા આંગણામાં કલ્પવૃક્ષ ઉગ્યું છે, સિંચ્યા વિના જ નાગરવેલ નવપલ્લવિત થઈ છે. અરે ! વાદળ વિના જ મુશળધાર વરસાદ વરસ્યો છે. આજે તો ખુશી જ ખુશી છે.''

કહેવત / રૂઢિપ્રયોગો :

૧. **દેવ થવું (૧૩૩)** : મૃત્યુ થવું
૨. **લહિણું લેતાં દેણું હોઈ (૨૬૭)** : લાભ કરવા જતાં નુકશાન થવું.
૨. **રાંક હાથ રયણ કિમ રહેં (૨૬૮)** : નિર્ધનને ત્યાં કિંમતી વસ્તુ ન ટકે
૩. **ટાલ્યો ન ટલે વિધિનો લેખ (૨૬૯)** : વિધિના લેખમાં કોઈ મેખ ન મારી શકે.
૪. **દાંતને જીભ ભલામણ કિસી ? (૨૮૭)** : જીગરજાન મિત્રને ભલામણ કેવી ?

વર્ણનાત્મક શૈલી :

૧. મદનમંજરી ગણિકાએ કૃતપુણ્યને પ્રેમરસના મહાસાગરમાં ડૂબવા માટે મૂકેલો પ્રસ્તાવ, જેમાં ગ્રીષ્મ, વર્ષા અને શિશિરઋતુ અનુસાર ભોગોપભોગનું સુંદર વર્ણન પ્રયોજ્યું છે. આ વર્ણનથી તે સમયના લોકોની જીવનશૈલી, ભોજન સામગ્રી અને ક્રીડા કરવાના સાધનોની વિગતવાર માહિતી મળે છે. આ વર્ણન **'બારમાસા કાવ્ય'** સમકક્ષ છે. બારમાસા કાવ્યમાં પ્રિયતમા ઋતુ અનુસાર પરદેશ ગયેલા પ્રિયતમને ભોગોનું આમંત્રણ આપે છે, તેમ અહીં મદનમંજરી કૃતપુણ્યને ભોગોનું નિમંત્રણ આપે

છે. (૫૫-૬૦)

''પ્રીઉજી ! પધારો હો કિ પ્રેમ ઘરી ઘણો, મંદિરમાંહે રે નાહ સનેહી
તુમ દીઠઈ રે મન તન ઉલસેં, સુગુણ સનેહી રે સાહ સલૂણા.
પુરુષ ભમર હો ભમતા અતિ ઘણા, આવિં અમ દરબાર;
પણિ તુઝ સરિખો જગમાં કો નહીં, સોભાગી સિરદાર.
નિત નિત નવ નવ રંગ રસ ખેલીઈ, લીજેં નર ભવ લાહ;
તુમસ્યું અવિહડ પ્રીતિ કરવા ભણી, માહરે મનેં અધિકો ઉમાહ.
ઉનાલેં રે પિઉ અંબર સઘણો, નવા ગોહની પોલી;
કરિલાનાં સાહિબ સાલણાં, જિમસ્યું ઘૃતઈં ઝબોલી.
વરસાલો રે સારો વલી વાલમા, દહ દિસિં હરીયા(લી) રે અંકૂર;
ગગન તે ગાજી હો વરસઈં મેહુલીઉ, ભોજન કૂર કપૂર.
ભર રે સીયાલો આવ્યો સાહિબા, રમસ્યું રંગની રેલિ;
સોગઠે(ઠે) રમસ્યું જિમસ્યું સુખડાં, અંગિં તેલ ફૂલેલ.''

૨. મદનમંજરી અને અક્કાનો વાર્તાલાપ, જેમાં કૃતપુણ્યના સુખ માટે માવિત્રોએ ગણિકાવાસમાં મોકલાવેલી અઢળક સંપત્તિનો ચિતાર દર્શાવ્યો છે. અન્ય કવિઓએ સોનામહોરોનો આંક અંકિત કર્યો છે પરંતુ દીપ્તિવિજયજીએ વિવિધ વસ્તુઓની નામાવલી આપી છે. કવિશ્રીની કુશળ વર્ણનાત્મક શૈલીના દર્શન થાય છે. અહીં શૃંગાર રસનો પ્રયોગ થયો છે. (૭૭-૮૨)

બેટી નઈં અક્કા કહિં, ''નિરધન હુઉં કયવન્ન;
એ ઈહાંથી કાઢયો, રખે ! કરો ચતન્ન.''
બે કર જોડી રે વિનવું, બોલઈ મંજરી નારિ;
''એ નરનઈં કાઢેવા તણે, વયણે મામ મારિ.
એણિ મન મોહ્યું રે માહરું, દીધા ઘોડાજી હાથીઆ, દીધા અરથ ભંડાર;
દીધાં ધાન જી મોકલાં, મુગતા ફલના રે હાર.
દીધી વેલ સોના તણી, કુંડલ કાંને જડાવ;
ચરણે ઝાંઝર ઝિમકતા, ચૂડલો મોટોજી દાવ.
સોવન વીંટી હીરે જડી, સોના રુપાનાં થાલ;
એણિં ઘરિ ભરિઉં રે, આપણું દીધા બહુલાજી માલ.''
અક્કા કહિં, ''સુંણ છોકરડી ! નિરધન હુઓ કુમાર;
દલિદ્રી નઈં નવિ રાખીઈ, એ વેશ્યાનો વિવહાર.

૩. પરદેશ જવા પૂર્વે પતિ પત્નીનો સંવાદ, જેમાં તે કાળની સમાજવ્યવસ્થા દૃષ્ટિગોચર થાય છે. ધનવંતી પિતૃગૃહેથી અમૂલ્ય અલંકાર અને એક મકાન કરિયાવરમાં લાવી હતી. આ વસ્તુને અડાણે મૂકી ઉચાપત દ્વારા જેટલા રૂપિયા મળ્યા તે વ્યાપારાર્થે પરદેશમાં વપરાયા. (૧૧૫-૧૧૮)

અહીં સ્ત્રીનું ઘરેણું ગીરવે મૂક્યાનો ઉલ્લેખ છે. પ્રાચીન કાળમાં કટોકટીના સમયમાં સ્ત્રીઓના દાગીના, ખેતર, વાડી, મકાન શાહુકાર પાસે ગીરવે મૂકી ધન મેળવાતું હશે. આજે પણ ખેડા

ગામોમાં સરપંચ કે શાહુકાર પાસે વસ્તુઓ અડાણે મૂકવાની પ્રથા કાયમ છે.

૪. રાસનાયિકા એક તરફ પરદેશ જતા પતિના દીર્ઘ આયુષ્ય અને પ્રગતિની કામના કરે છે, તો બીજી તરફ પત્ની પ્રત્યેના કર્તવ્યનું ભાન કરાવે છે. **(૧૨૧-૧૨૪)**

૫. પુત્ર વિનાના ઘરની અવદશાનું વર્ણન કવિશ્રીએ સંસ્કૃત શ્લોકો ટાંકી કર્યું છે. **(૧૩૫-૧૩૭)**

૬. રૂપવતી સાસુએ પુત્રવધૂઓને પુરુષ વેશ ધારણ કરવાનું કહ્યું, જેથી રાત્રિના અંધકારમાં કોઈ તેમને ઓળખે નહીં. અહીં વીરરસનું પ્રયોજન થયું છે. **(૧૩૮-૧૩૯)**

૭. રૂપવતી શેઠાણીના મહેલનું લાક્ષણિક વર્ણન, જેમાં શૃંગાર અને અદ્‌ભુત રસ પ્રયોજાયો છે. **(૧૬૩-૧૬૭)**

આલસ મોડી જામ, ઉઠ્યો ઉલસી રી ;
તિહાં દેખે આવાસ, નારી રંભ જિસી રી.
ચંદરુઆ પચરંગ, સોવન ખાટ બની રી ;
મણિમઇં જડિત જડાવ, વિચિ વિચિ મોતી ચૂની રી.
કસ્તૂરી ઘનસાર, પરિમલ મહકી રહ્યો રી ;
ચંબેલી રાય વેલિ, ચંપક મહમહ્યો રી.
અજબ બન્યા ચિત્રાંમ, નવ નવ ભાંતિ લિખિ રી ;
કસ્તૂરી મહકાય મનમાં હુઉ સુખી રી.
ચિત્તમાંહિં ચિંતઈ એમ, ‘ કિં હું અમર હુઉ રી ?’
કિં એ ઇંદ્રજંજાલ ? કિં એ સુપનભયો રી ?

૮. ચારે સ્ત્રીઓની પતિ ભક્તિમાં ભારતીય નારીનાં પતિ પ્રત્યેનાં કર્તવ્યના દર્શન થાય છે. **(૧૭૬-૧૮૩)**

૯. બાર વર્ષ સુધી જેની સાથે પતિ જેવો વ્યવહાર કર્યો, તેને સાસુની તાકીદ (સૂચના)થી દૂર કરવાનો સમય આવતાં સ્ત્રીઓની મનોવિચારણા, જેમાં લાચારી, ઋણાનુંબંધ અને પરોપકારની ભાવનાની સાથે ભયાનકરસની છાંટ જોવા મળે છે. **(૧૯૯-૨૦૫)**

૧૦. વિરહ વેદનાની વ્યથા અનુભવતી ચારે સ્ત્રીઓ સ્વયંને ઉપાલંભ આપે છે, જેમાં કરૂણ, ભયંકર અને રૌદ્ર રસનો પ્રયોગ થયો છે. **(૨૧૩-૨૧૫)**

‘‘પાણી પાંપિણ હેઠ, આયાનું અચરિજ કિસ્યું ?
જાણત સાચો નેહ, જો લોહી આવત લોયણે.
જો ચીરીયે ચાંમ, લોહી તિહાં જ નીકલઈ ;
જો ખોદીયઈ દશ વામ, પાણી કઠિન જ પેમ વિન.
વજસરીખા રે હીયા, દુખહ તણા કરંડ ;
વિછડતાં સજન થકી, કિમ ન હુઉ સત ખંડ.

૧૧. સાર્થપતિ દ્વારા પતિના સમાચાર ન મળતાં નિરાશ બનેલી ધનવતીએ સંપૂર્ણ રાત્રિ વિલાપમાં

ગાળી. તે પ્રસંગે કવિશ્રી વિસ્તારપૂર્વક દુષ્કર્મોની હારમાળા વર્ણવે છે, જેમાં પાપકર્મથી આઘા રહેવાનો ઉપદેશ છૂપાયેલો છે. વળી, રાસનાયિકા પતિના ક્ષેમકુશળતાની કામના કરતી જોવા મળે છે. અહીં કરૂણ રસનું નિરૂપણ થયું છે. **(૨૨૨-૨૨૯)**

૧૨. યક્ષ પ્રાસાદની અલૌકિક સુંદરતા, યક્ષ મૂર્તિનો તળપદી પહેરવેશ અને શૃંગાર; જેમાં તે જમાનાના શ્રેષ્ઠીઓનો પહેરવેશ અને મંદિરોના બાંધકામોની જાણકારી પ્રાપ્ત થાય છે. **(૨૮૯-૨૯૪)**

અભયકુમાર કામધેનુ જેવી ઈષ્ટ સાધનારી બુદ્ધિના કારણે જૈન સમાજમાં છવાઈ ગયા.

ઉપદેશાત્મક શૈલી :

૧. બાળક, યાચક, ચોર, રાજા, યમરાજ, અગ્નિ અને પારઘી આ સાતને ઘરની પરિસ્થિતિનું ભાન ન હોય. **(૨૩)**

૨. આ જગતમાં શક્તિ અનુસાર કોઈને સહાય કરવી અથવા કોઈના પર ઉપકાર કરવો તે શ્રેષ્ઠ છે. **(૨૪)**

૩. દાનનો મહિમા ગાતાં પ્રસંગોપાત કવિશ્રી કૃતપુણ્ય, ભગવાન ઋષભદેવ, [૧]મૂલદેવ કુમાર અને વિક્રમરાજાના દૃષ્ટાંતો ટાંકે છે. **(૧૪૯-૧૫૨)**

૪. જેવું સ્થાન સેવીએ તેવું ફળ પ્રાપ્ત થાય, તેના સંદર્ભમાં સંસ્કૃત શ્લોક દ્વારા કવિશ્રી સિંહ અને શિયાળનાં દૃષ્ટાંતો આપી કથનની પ્રમાણતા દર્શાવે છે. **(૧૬૧-૧૬૨)**

૫. જે ગુણોનો ભંડાર છે, તે ઉત્તમ મનુષ્ય છે. જે ગુણીજનોના ગુણને ઓળખતો નથી, તે મૂઢ (ગમાર) કહેવાય છે. આ કથનની પૂર્તિ માટે કવિશ્રીએ ભ્રમર અને સરોવરના દૃષ્ટાંત સંસ્કૃત શ્લોકમાં ટાંક્યાં છે. અહીં ભ્રમરને ઉત્તમ અને સરોવરને મૂઢમાં ખપાવ્યા છે. **(૧૯૬-૧૯૭)**

૬. ગણિકાપુત્રી કૃતપુણ્યની પત્ની સાથે રહીને ધર્મિષ્ઠ બની ગઈ. ખરેખર! જેવો સંગ તેવો રંગ **(૩૩૭)**

૭. ગણિકાને દાન, શીલ અને ભાવ તત્ત્વનો ઉપદેશ આપતી ધનવતી પ્રસંગોપાત શીલની મહત્તા દર્શાવવા [૨]શૂરપાળ રાજાની રાણી શીલમતી અને ચંદનબાળાનાં દૃષ્ટાંત આપે છે. **(૩૪૦-૩૪૫)**

૮. ભગવાન મહાવીરની દેશના **(૩૫૩-૩૯૪)**, જેમાં શ્રાવકના ૨૧ ગુણો **(૩૫૮-૩૬૦)**; આત્માની ગતિ, આત્માનો પરિવાર, આત્મના શત્રુનો પરિચય **(૩૭૭-૩૯૩)**; જે **'ललित विस्तरा ग्रंथ'**ની સ્મૃતિ કરાવે છે. જેમાં સિદ્ધર્ષિગણિએ આત્માના શત્રુ અને મિત્રનો સુંદર પરિચય કરાવ્યો છે.

સંવાદાત્મક શૈલી :

૧. ગંગા અને પાડોશણ વચ્ચે પુત્રના રુદન અંગે થયેલો વાર્તાલાપ **(૧૭-૨૩)**

---

૧. મૂલદેવ કુમારની કથા : જુઓ પરિશિષ્ટ વિભાગ.

૨. શૂરપાળ રાજાની રાણી શીલમતીની કથા : જુઓ પરિશિષ્ટ વિભાગ.

૨. સાળા બનેવીનો વાર્તાલાપ, જેમાં કૃતપુણ્યની વીતક કથા અને અભયકુમારની બુદ્ધિની પ્રશંસાને કવિશ્રીએ આગવી શૈલીમાં ગૂંથી છે. **(૨૭૬-૨૮૭)**

કથાઘટકોમાં પરિવર્તન :

૧. જ્યારે **ગંગા**ના પતિ **ગોવાલ વણિક**નું અવસાન થયું ત્યારે તેનો પુત્ર **ગંગદત્ત** માત્ર આઠ વર્ષનો હતો. (૧૩)

૨. ગંગા **શ્રીપતિ** નામના શાહુકારને ત્યાં ખાંડવા, પીસવા તેમજ ઘરના અન્ય કામો કરતી. (૧૪)

૩. સર્વ પર્વોના શણગાર સમાન પર્યુષણ મહાપર્વનો ઉત્તમ તહેવાર આવ્યો. (૧૫)

આ પર્વમાં જૈન ધર્મના લોકો ધનનો સદ્‌વ્યય કરતા. મહાવીર જ્યંતીના દિવસે પારણાનો ચઢાવો લઈ પ્રભુને પોતાના ઘરે લાવતા. આવા સપરમાં દિવસે લોકોએ ખીરનું ભોજન બન્યું હતું. નગરજનો ખીરનું ભોજન જમતાં હતાં, તે જોઈને ગંગદત્તે માતા પાસેથી ખીર માંગી. (૧૫-૧૭)

કવિશ્રી જૈન સાધુ હોવાથી તેમણે જૈનોના શ્રેષ્ઠ તહેવાર એવા પર્યુષણ મહાપર્વનો ઉલ્લેખ કર્યો છે. વળી, પર્યુષણ પર્વના આઠ દિવસમાં 'મહાવીર જયંતિ'નો પાંચમો દિવસ હોય છે. તે દિવસે જૈન શ્રાવકો પોતાના ઈષ્ટદેવનો જન્મોત્સવ રંગેચંગે મનાવે છે. પ્રાચીન કાળમાં પર્યુષણ મહાપર્વનો ઉત્સવ અત્યંત ધામધૂમથી ઉજવાતો હશે તેનું પ્રતિબિંબ આ પંક્તિઓમાં દૃશ્યમાન થાય છે.

૪. પાડોશણોએ ઘી, દૂધ, સાકર અને ચોખા આપ્યા ત્યારે ગંગાએ તેમને ચરણ સ્પર્શ કરી કહ્યું, ''બહેનો ! તમે મારા પુત્રની ઈચ્છા પૂર્ણ કરી છે. હું તમારો ઉપકાર કયા શબ્દોમાં વર્ણવું ?'' (૨૬)

ગંગાએ પાડોશણો પ્રત્યે ઋણાત્મક ભાવ વ્યક્ત કરી તેમનો આભાર વ્યક્ત કર્યો છે. અન્ય કોઈ કવિએ આવા ભાવો ગૂંથ્યા નથી. અહીં કવિશ્રીની મૌલિક વિચારસરણી દૃષ્ટિગોચર થાય છે.

૫. થાળીમાં દૂધની બનાવેલી ખીર પીરસી ગંગા શ્રીપતિ શેઠના ઘરે કામ કરવા ગઈ. (૨૭)

૬. 'ભિક્ષા માંગનાર સાધુ દ્વારા ધર્મનો લાભ થવો' એવા આર્શીવાદ આપતાં માસક્ષમણના તપસ્વી મુનિરાજ ઘરમાં પ્રવેશ્યા. (૨૯)

૭. મુનિરાજને ખીર વહોરાવી ગંગદત્ત ઉચ્ચ ભાવના ભાવવા લાગ્યો. 'આજે મારા માટે સુંદર પ્રભાત ઉગ્યું છે, મારું સૌભાગ્ય ખીલ્યું છે, તેથી મારું મંગળ અને કલ્યાણ થશે.' (૩૧)

બાળકે દાન આપીને છાનું રાખ્યું તેમજ શુભ ભાવોમાં વૃદ્ધિ કરી.

૮. માતાએ થાળી ખાલી જોઈ હાંડલીમાં રહેલી ખીર થાળીમાં ઠાલવી. ત્યાર પછી દાળ-ભાત પણ જમવા આપ્યા. ભારે આહાર લેવાથી બાળકને અજીર્ણ રોગ થયો. (૩૩-૩૪)

૯. બાળકે માતાને ન કહ્યું કે, ''મેં મહાત્માને અન્ન વહોરાવ્યું છે.'' દાન આપીને બાળકે પ્રગટ ન કરતાં ગુપ્ત રાખ્યું. (૩૩)

શ્રાવકે દાન આપી અહંકાર ન કરવો તેમજ દાન ગુપ્ત રાખવું જોઈએ તેવો શાસ્ત્રોક્ત ઉપદેશ અહીં છુપાયો છે.

૧૦. બાળક મૃત્યુ પામી **ધનાવાહ શેઠ**ની ભાર્યા **સુમિત્રા શેઠાણી**ની કુક્ષિમાં અવતર્યો. માતાએ સુંદર સ્વપ્ન જોયું. (૩૮-૩૯)

કવિશ્રીએ ફક્ત 'સુંદર સ્વપ્ન' જોયું, એટલોજ ઉલ્લેખ કરે છે. સ્વપ્નની સ્પષ્ટતા અંગે કવિશ્રી મૌન છે.

૧૧. સુમિત્રા શેઠાણીને જાત્રા કરવાના, સાધર્મિક ભક્તિ કરવાના અને જિનપૂજા કરવાના શુભ દોહદ ઉત્પન્ન થયા. (૪૦)

પુણ્યશાળી આત્મા ગર્ભમાં આવતા શુભ ભાવો થાય છે. જેમ કે - સુનંદા રાણીને અભય કુમારનો આત્મા ગર્ભમાં આવતાં જિનાલયમાં જિન સ્તવના કરવાનો દોહદ ઉત્પન્ન થયો જ્યારે પાપી આત્મા ગર્ભમાં આવે ત્યારે નઠારાં ભાવો થાય છે. જેમ કે - ચેલ્લણા રાણીનાં ગર્ભમાં કોણિકનો આત્મા આવતાં પોતાના જ પતિનું કાળજાનું માંસ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો.

૧૨. કૃતપુણ્ય સ્વરૂપવાન અને સૌમ્ય પ્રકૃતિનો હોવાથી સર્વનો પ્રિય બન્યો. (૪૨)

૧૩. કૃતપુણ્યના વિવાહ સોળ વર્ષની ઉંમરે કોઈ વેપારીની **ધનવતી** નામની કન્યા સાથે થયા. (૪૩-૪૪)

૧૪. કૃતપુણ્યની શાસ્ત્રજ્ઞતાએ તેને યોગી જેવો નિઃસ્પૃહી બનાવ્યો ત્યારે માતા-પિતાએ વિચાર કર્યો કે, 'રખે ! પુત્ર દીક્ષા લઈ લે.' (૪૫-૪૬)

૧૫. 'રાજનર્તકી **મદનમંજરી** પાસે સંસારની સર્વ કળા શીખવા કૃતપુણ્યને મૂકવો જોઈએ,'એવું માવિત્ર વિચારતા હતા. (૪૯)

૧૬. કૃતપુણ્ય એક દિવસ જંગલના રસ્તે જઈ રહ્યો હતો, ત્યાં તેની નજર એક સ્ત્રી પર પડી. (૫૦)

૧૭. 'રખે ! કૃતપુણ્ય માતા-પિતાના અવસાનના સમાચાર સાંભળી ચાલ્યો જાય,' એવું વિચારી અક્કાએ કૃતપુણ્યને માતા-પિતાના દેહવિલયના સમાચારથી અવગત ન કર્યો. (૬૮)

૧૮. ધનવતીએ ગણિકાવાસમાંથી આવેલી દાસીને હાથ જોડી દીન વચને વિનંતી કરતાં કહ્યું, ''હું તમારી પાસેથી એટલું જ માંગુ છું કે મારા પતિને અહીં મૂકો.'' (૭૦)

૧૯. ધનવતીએ પોતાના ઘરેણાં (લગ્નનો ચૂડો) વેચી આભૂષણની સુંડલીને રૂની પૂંણીથી ઢાંકી આપી ત્યારે તે જોઈને અક્કાએ વિચાર્યું, 'હવે તેના ઘરે ધન રહ્યું નથી. જો એને અહીંથી કાઢીશું તો (બીજા કોઈ શ્રીમંતને પકડતાં) નવનિધિ થશે. (૭૪-૭૬)

૨૦. મદનમંજરી ક્રીડા કરવા બહાર ગઈ ત્યારે અક્કા કૃતપુણ્યના આવાસમાં આવી. તેણે મીઠાં વચનો બોલી કૃતપુણ્યને જગાડયો. ત્યારપછી નવા ચંદરવા બાંધવા અને નવો ખાટલો ઢાળવાના બહાને તેને નીચેની મંજિલે મોકલ્યો. (૯૪-૯૫)

અહીં મદનમંજરીની ગેરહાજરીમાં કૃતપુણ્યને ઘરની બહાર ધકેલાયો.

૨૧. અક્કાએ દાસીને કહ્યું, ''જો તું ગમે તેમ કરીને કૃતપુણ્યને હવેલીમાંથી દૂર ખસેડીશ તો હું તને બક્ષિસ આપીશ.'' (૯૬)

૨૨. દાસીએ કૃતપુણ્યને વધુ પ્રમાણમાં ચંદ્રહાસ મદિરા પીવડાવી પરાધીન બનાવ્યો. ત્યારપછી કચરો વાળવાના બહાને હવેલીમાંથી બહાર કાઢી દ્વાર બંધ કરી દીધા. (૯૭-૯૮)

૨૩. ધનવતીએ બારણે ઉભેલા પતિને રૂપ (અણસાર) પરથી ઓળખ્યા, ત્યારે તે ઘૂંઘટ તાણી ઊભી થઈ. (૧૦૫)

૨૪. માતા-પિતાના નિધનના સમાચાર પત્નીના મુખેથી સાંભળી કૃતપુણ્ય ભાંગી પડ્યો. ''હું કેવો કુજાત કે માતા-પિતાની સેવા ન કરી શક્યો.'' (૧૦૮)

૨૫. કૃતપુણ્યને મળવા સગાંવહાલાં તેમજ મહાજનનાં ઘણાં લોકો આવ્યાં. તેણે ચાર દિવસ માતા-પિતાના મૃત્યુનો શોક પાળ્યો. (૧૧૧-૧૧૨)

અહીં બેસણામાં લૌકિકે ખાસ સગાસંબંધીઓ દિલાસો દેવા એકત્ર થયા છે, જે રૂઢિચુસ્તતા બતાવે છે.

૨૬. **જિનદત્ત શ્રેષ્ઠી**ના મૃતદેહને સ્વયં તેની માતાએ જ જમીનમાં દાટ્યો. (૧૨૯)

૨૭. જિનદત્ત શ્રેષ્ઠીની માતા **રૂપવતી** બુદ્ધિશાળી, નિર્ભય, વ્યવહારકુશળ અને પોતાનો સ્વાર્થ સાધવામાં પ્રવીણ હતી. (૧૩૦)

અન્ય કવિઓ રૂપવતીને રૂઆબદાર સ્વભાવની અને પુત્રવધૂઓ ઉપર દાબ કરનારી દર્શાવી છે, જ્યારે શ્રી દીપ્તિવિજયજી તેને કઈંક જુદી જ ચિત્રિત કરે છે.

૨૮. **કનકાવતી, ગુણસુંદરી, રૂપસુંદરી** અને **ભાગ્યવતી** આ ચાર જિનદત્તની પત્નીઓ હતી. (૧૩૨)

ચાર પુત્રવધૂઓનાં નામ અન્ય કોઈ કવિએ ટાંક્યાં નથી. તે સમયે સમાજમાં બહુપત્નીત્વ પ્રથાને માન્યતા મળી હશે, તેથી જ મહારાજા શ્રેણિકની ત્રેવીસ પત્નીઓ હતી અને કૃતપુણ્યની સાત પત્નીઓ હતી.

૨૯. રૂપવતી શેઠાણીએ પોતાની પુત્રવધૂઓને સૂચના કરી કે, ''તમારો પતિ સ્વર્ગવાસી થયો છે પરંતુ તમે ચૂડો ભાંગી કે ગળાનો હાર તોડી વિધવાનો દરવેશ ન પહેરશો. (૧૩૩)

અહીં સાસુ પ્રખર સુધારક નથી બન્યા પરંતુ ધનની સુરક્ષા હેતુ પ્રપંચ રચવા સોહાગણનું નાટક કરાવે છે.

૩૦. ચારે સ્ત્રીઓ પતિ સમજીને નહીં પરંતુ ધનની સુરક્ષાના સ્વાર્થ ખાતર કૃતપુણ્યને ઉપાડીને ઘરે લાવી. (૧૪૨)

૩૧. કૃતપુણ્યને વારાંગનાના ઘર કરતાં જિનદત્ત શેઠના ઘરે અપાર સુખ હતું. (૧૬૧)

૩૨. કૃતપુણ્યએ સ્ત્રીઓને પૂછ્યું, ''હું કઈ નગરીમાં છું ? આ શું છે ? મને સત્ય કહો.'' સ્ત્રીઓએ વાતને ટાળતાં કહ્યું, ''એની કથા ઘણી લાંબી છે. હમણાં કહેવાય તેવી નથી.'' (૧૭૩-૧૭૫)

૩૩. ચારે સ્ત્રીઓએ ઉપકાર કરવાના બહાને સુવર્ણના સિક્કા (ટંક) આપવાનું ટાળ્યું, કારણકે તેમ કરતાં સાસુને જાણ થાય, તો વિખવાદ ઉભો થાય. (૨૦૮)

તે સમયે વ્યવહારમાં ટંકનું ચલણ હતું, તેવું અહીં સ્પષ્ટ થાય છે.

૩૪. સાર્થના પડાવમાં સૂતેલા કૃતપુણ્યએ પ્રભાતે પોતાની સમક્ષ ધનવતીને ઉભેલી જોઈ. ત્યારે તેણે વિચાર્યું, 'મારે પત્ની સમક્ષ કોઈ ગુપ્ત વાત કરવી નથી.' (૨૩૪)

પ્રસંગોપાત 'સ્ત્રીઓને ગુપ્ત વાત કરવી નહીં,' એવા નીતિશાસ્ત્રના કથનને કથાપ્રવાહમાં ગૂંથવા કવિશ્રી એ કૃતપુણ્યના વિચારોમાં વળાંક આપ્યો છે.

૩૫. લાડુ કદમાં ઘીના ઘડા (માટલા) જેટલા મોટા હતા. (૨૪૩)

અહીં કવિશ્રી એ ચોથા આરાના ભાવોની કલ્પના કરી હોય તેવું જણાય છે. ભગવાન મહાવીર ચોથા આરાના છેડે થયા હતા. તે સમયે સાત હાથનું શરીર અને બસો વર્ષમાં ઊણું આયુષ્ય હતું. તે સમયે દિન દિન પ્રત્યે આહારની ઈચ્છા થતી ત્યારે પુરુષ બત્રીસ કવલ અને સ્ત્રી અઠ્ઠાવીસ કવલનો આહાર કરતા. દિવસમાં એકવાર આહાર કરતાં હોવાથી આહારની માત્રા વધુ હોય તેના કારણે લાડુનું કદ સંભવ છે કે મોટું બતાવાયું હોય.

૩૬. જળચર પ્રાણી ચોર્યાસી હાથ લાંબો હતો. (૨૫૪)

૩૭. રાજકન્યાનું નામ **મનોરમા** હતું. (૨૬૯)

૩૮. કંદોઈને તેની જ જ્ઞાતિની કન્યા સાથે પરણાવી રાજાએ એક ગામ ગરાસમાં આપ્યો. (૨૭૩)

૩૯. **અભયકુમારે** યક્ષ પ્રાસાદ ઝડપથી બનાવવા પાંચસો સુથાર (શિલ્પી) તેડાવ્યા. (૨૮૮)

યક્ષપ્રાસાદનું કાર્ય એક માસમાં ઝડપથી પૂર્ણ થાય તેવો આશય વ્યક્ત કરવા કવિશ્રીએ પાંચસો સુથારનો ઉલ્લેખ કર્યો છે.

૪૦. સાતે સ્ત્રીઓ હળીમળીને રહેવા લાગી. તેમના સંગે ગણિકા પણ ધર્મિષ્ઠ બની ગઈ. (૩૩૬)

૪૧. કૃતપુણ્ય મુનિ આયુષ્ય પૂર્ણ કરી પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. (૪૦૦)

૧૨. કવિ શ્રી મલયચંદ્રજી કૃત કયવન્ના ચોપાઈ (સં. ૧૮૬૯)

- પૂર્ણિમા ગચ્છના શ્રી મુનિશેખરસૂરિજી (સં. ૧૫૩૦)ની પાટે શ્રી સાધુ રતનસૂરિજી થયા. તેમના શિષ્ય તે શ્રી મલયચંદ્રજી, જેમણે ૧૦૬ કડી પ્રમાણ 'કયવન્ના ચોપાઈ'ની રચના કરી છે.

- કવિશ્રીએ ચોપાઈની રચના સંવત ટાંકી નથી પરંતુ જૈ.ગૂ.ક.ભા.-૩, પૃ.-૧૧૮માં કયવન્ના ચોપાઈનો રચના સં.૧૮૬૯ નોંધેલો છે. વળી, આ પ્રતની પુષ્પિકામાં સં.૧૮૬૯, માગસર વદ અમાસના દિવસે સડાઉ ગામનો ઉલ્લેખ છે. જો કે પુષ્પિકામાં શ્રી જસરાજજી સ્વામીના શિષ્ય નથુજી સ્વામીએ અભ્યાસ માટે આ કૃતિ પુનઃ લખી છે, એવો ઉલ્લેખ સ્પષ્ટ છે. આથી કહી શકાય કે મૂળ રચનાની સાથે જ આ કૃતિનું પ્રતિલેખન થયું હોવું જોઈએ.

- પ્રસ્તુત કૃતિ ચોપાઈ છંદમાં રચાઈ છે. તેમાં દુહા, ઢાળ આદિનું આયોજન નથી.

- ૧૦૬ કડી પ્રમાણ રચાયેલી ચોપાઈના અંતે **'પૂનમ ગચ્છે સાધુ રતનસુરી સીસ, મેલ (મલય) ચંદ્ર'** એવું ટાંકેલ છે. આમ, શ્રી સાધુ રતનસૂરિજી અને શ્રી મલયચંદ્રજી બન્ને વચ્ચે ગુરુ અને શિષ્યનો સંબંધ છે. તેમની બંન્નેની કૃતિની કડીઓમાં ઘણી સામ્યતા છે. શ્રી સાધુ રતનસૂરિજીનો રાસ ૧૧૭ કડી પ્રમાણ છે, જ્યારે શ્રી મલયચંદ્રજીની ચોપાઈ ૧૦૬ કડી પ્રમાણ વિસ્તરી છે. શ્રી મલયચંદ્રજીએ પોતાના ગુરુની કૃતિમાંથી પ્રેરણા મેળવી ફક્ત થોડા શબ્દોના ફેરફાર સાથે આ ચોપાઈનું આલેખન કર્યું છે.

- આ ચોપાઈમાં અલંકાર આદિનું પ્રમાણ નહીંવત્ છે. એકાદ બે સ્થળે ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, વર્ણસગાઈ જેવા અલંકારો જોવા મળે છે.

ઉપમા અલંકાર :

૧. **પરલોકે ગોવાલો પહુત, નિરાધાર નારી ગંગદત્ત;**
શ્રીપૂરિ વ્યવહારિયા આવાસ, આવિ વિતું કરે તિમ દાસ. (૪)

ગોવાલ આહીરનાં મૃત્યુ બાદ નિરાધાર બનેલી ગંગા આહીરાણી પોતાના પુત્ર ગંગદત્તને લઈ શ્રીપુર નગરમાં આવી. અહીં તે પોતાની ઉદરપૂર્તિ માટે સેવકની જેમ વૈતરું કરવા લાગી.

ઉત્પ્રેક્ષા અલંકાર :

૧. **જોવન આવ્યૂં જાણે અમર, પાણીગ્રહણ કરાવ્યૂં કુમર (૧૪)**

યૌવન વયમાં કૃતપુણ્યનું રૂપ સોળે કળાએ એવું ખીલ્યું, જાણે કામદેવનો અવતાર !

વર્ણસગાઈ અલંકાર :

૧. **આવંતા જખ્ય જુહારીવા જોઈ. (૮૯)**

૨. **અરચક્રનેં આરામી એક (૨૦)**

રૂપક અલંકાર :

૧. **વિરહ ડાલિ (૨૦)** : વિરહરૂપી ડાળી

કથાઘટકોમાં પરિવર્તન :

૧. પર્યુષણ પર્વ પૂર્ણ થતાં પારણાનાં દિવસે લોકોના ઘરોમાં ખીર ભરેલી થાળી જોઈ **ગંગદત્તે** માતા પાસે ખીર ખાવાની હઠ કરી. (૫)

શ્રી દીપ્તિવિજયજી અને મલયચંદ્રજીએ ખીર બનવાનું કારણ દર્શાવતાં **'પર્યુષણ પર્વ'**નું કથન કર્યું છે. શ્રી દીપ્તિવિજયજીએ પર્યુષણ પર્વમાં **'મહાવીર જન્મવાંચન'**ના દિવસનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે મલયચંદ્રજીએ પર્યુષણ પર્વ પછી પારણાના દિવસનો ઉલ્લેખ કર્યો છે. બન્ને કવિઓએ પોતાની મનોકલ્પના અનુસાર જે દિવસ અંકિત કર્યો છે, તે યોગ્ય ગણી શકાય કારણકે જૈનો મહાવીર જન્મવાંચનને મહાપર્વ સમજી પોતાના ઈષ્ટ દેવની જન્મતિથિને મિષ્ટ ભોજન દ્વારા ઉજવે છે, તો પર્યુષણ પર્વની સમાપ્તિ થતાં ઉપવાસ ઈત્યાદિથી નિવૃત્ત થયેલા તપસ્વીઓ પારણામાં ખીરનું પૌષ્ટિક ભોજન જમે છે.

૨. થાળીમાં ખીર પીરસી **ગંગા** દૃષ્ટિદોષ ન થાય તે કારણે ત્યાંથી જતી રહી. (૮)

અન્ય કવિઓએ માતા ખીર પીરસી ઘરકામ માટે જતી રહી એવો ઉલ્લેખ કર્યો છે, જ્યારે અહીં કવિશ્રી ગંગા બાળકને જમાડવા કેમ ઉભી ન રહી તેનું સચોટ કારણ દર્શાવ્યું છે. જ્યારે મનગમતું ભોજન હરખપૂર્વક બાળક જમતો હોય ત્યારે માતાની મીઠી દૃષ્ટિ તેના પર પડે તો તે દૃષ્ટિ વિષમાં પરિણિત થાય છે, તેથી માતા ત્યાંથી ખસી ગઈ.

૩. ગંગદત્ત કોઈક કારણથી શુભ ધ્યાનમાં મૃત્યુ પામ્યો. (૧૧)

કવિશ્રીએ 'કિણહી કારણ' આલેખી ગંગદત્તના મૃત્યુનું સચોટ કારણ બતાવ્યું નથી પરંતુ ગંગદત્ત સુકૃત્યની અનુમોદના કરતો શુભભાવમાં મૃત્યુ પામ્યો.

૪. કૃતપુણ્યની માતાનું નામ **સુભદ્રા** હતું. (૧૨)

૫. રાસનાયકને ધનની જરૂર પડતાં નાયિકાએ પિયર અને સાસરાનું એમ બન્ને મકાન ગીરવે મૂક્યાં. (૩૩-૩૪)

૬. સાર્થમાં રહેલા પ્રવાસીઓ કોઈ ભૂમિ ઉપર તો કોઈ ગુણ (કોથળા) ઉપર સૂતા હતા. તે સ્થાનમાં ખાટલા ઉપર એક તેજસ્વી પુરુષ સૂતો હતો. તેને જોઈને વૃદ્ધાએ કહ્યું, ''આ કોઈ ભાગ્યશાળી પુરુષ છે.'' (૪૧)

૭. ચારે સ્ત્રીઓએ ખાટલો ઉપાડતાં પહેલાં (અવાજ ન થાય તે હેતુથી) પોતાના પગની મોજડીઓ ઉતારી નાખી. (૪૨)

અકૃત્ય હંમેશા ગુપ્તપણે જ થાય છે. તેના અનુસંધાનમાં કવિશ્રીએ યોગ્ય ભાવો નિરૂપણ કર્યા છે.

૮. વૃદ્ધાએ સ્વયં પોતાના મૃતક પુત્રને ખાડો ખોદી દાટી દીધો હતો અને હવે જો કૃતપુણ્યનું ઉપરાણું લઈ કંઈક કહેવા જાય તો વૃદ્ધા કૃતપુણ્યને ઝેર આપી મારી નાખે એવો ભય હતો. આમ, કૃતપુણ્યને સદંતર ગુમાવવાના ભયથી સ્ત્રીઓ મૌન બની ગઈ. (૫૧-૫૨)

અહીં વૃદ્ધાની તમોગુણી વૃત્તિ, આધિપત્ય, સ્વાર્થી વિચારશૈલી જોવા મળે છે.

૯. ચારે સ્ત્રીઓએ પરોપકાર કરવાના બહાના હેઠળ ચાર ચાર મણનાં મોટાં લાડવા બનાવી તેમાં રત્નો મૂક્યાં. આ લાડવા પર સાસુની નજર ન પડે તે રીતે તેનું જતન કર્યું. (૫૪)

ચારે સ્ત્રીઓએ કૃતપુણ્યમાં આત્મીયતા અને પતિભાવ ઠાલવી દીધો હતો. તેથી તેમની તીવ્ર કર્તવ્યભાવના પરિશુદ્ધ બની હતી. તેમને પોતાના સ્વધર્મ અંગેની સભાનતાનું પૂરેપૂરું ભાન હતું.

૧૦. કંદોઈએ બીડું ઝડપ્યું ત્યારે **મહારાજા શ્રેણિકે** કહ્યું, ''હાથીને મરવા દો.'' (૭૪)

મહારાજ શ્રેણિક પોતાની પુત્રીને કંદોઈ જેવી નીચ જ્ઞાતિમાં આપવા બિલકુલ ઈચ્છતા ન હતા, તેવું આ પંક્તિ દ્વારા સ્પષ્ટ થાય છે.

૧૩. કવિ શ્રી ફતેહચંદ કૃત કયવન્ના ચોઢાળિયું (સં. ૧૮૮૧)

● આચાર્ય શ્રી ઈન્દ્રભાણજીના રાજ્યમાં તેમના શિષ્ય શ્રી ફતેહચંદજીએ પુણ્યનો મહિમા વર્ણવવા ચાર ઢાળ અને ચાર દુહા એમ કુલ ૧૦૩ કડી પ્રમાણ આ 'કયવન્ના [૧]ચોઢાળિયા'ની રચના વિ.સં. ૧૮૮૧, પોષ વદ અગિયારસના દિવસે કરી છે. (ઢા.૪, ક.૨૭)

● કવિશ્રી ગચ્છ અને ગુરુપરંપરા સંબંધી મૌન છે. કવિશ્રીના જીવન અને કવન વિશે માહિતી ઉપલબ્ધ નથી.

---

૧. ચોઢાળિયું : જુઓ પરિશિષ્ટ વિભાગ.

- પ્રસ્તુત કૃતિમાં પ્રથમ ઢાળમાં દેશીનો પ્રયોગ થયો નથી. પાછળની ત્રણ ઢાળમાં જુદી જુદી દેશીઓ છે. સંભવ છે કે લહિયા દ્વારા દેશી લખવાની રહી ગઈ હોય. ઢાળ : ૨ અને ૩માં નવી દેશીનો પ્રયોગ છે, જે જૈ.ગૂ.ક.ભા.-૮માં અંકિત નથી.
- પ્રસ્તુત કૃતિમાં કાવ્ય ગૌણ બન્યું છે પરંતુ કથાનકને વધુ રસિક બનાવવા ઉમેરેલા કેટલાક વર્ણનો એ આ ચોઢાળિયાની વિશેષતા છે.

ઉપમા અલંકાર :

૧. **રાંણી ચેલણા નૃપ પટરાંણી, અપછરનેં અણુંહાર (ઢા.૧, ક.૧)**

મહારાણી ચેલ્લણાનાં અનુપમ સૌંદર્યને સ્વર્ગલોકની દેવાંગનાઓ સાથે ઉપમિત કર્યું છે.

ઉત્પ્રેક્ષા અલંકાર :

૧. **ધવલા વત્થ પગ પંખજ્યું, ચોખા ચીરનેં હીર;**
જાણેં રહ્યો રંગમહલમેં, ખાધા ખાંડનેં ખીર (ઢા.૩, ક.૪)

કૃતપુણ્યના બગલા જેવા ધોળાં વસ્ત્રો જોઈ રાસનાયિકાએ વિચાર્યું, 'મારો પ્રિયતમ જાણે કોઈ રંગમહેલમાં ન રહ્યો હોય !'

કહેવત / રૂઢિપ્રયોગો :

૧. **નેણ ફિરલ્યાંવી (ઢા.૧, ક.૪)** : આંખ ફેરવી લેવી, અવગણના કરવી
૨. **અણઘડ ભાઠો ગલે લગાયો (ઢા.૧, ક.૫)** : કેળવાયા વિનાના મૂર્ખને જવાબદારી સોંપવી.
૩. **કાખ દિખાવો (ઢા.૨, ક.૫)** : આધાર ઉડાડી દેવો.
૪. **ગરજ સરી કોડ લાખ (ઢા.૨, ક.૫)** : સ્વાર્થ પૂરો થવો.

વર્ણનાત્મક શૈલી :

૧. કૃતપુણ્યને હવેલીમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો ત્યારે ચારે વહુઓમાં સાસુ પ્રત્યે ઉદ્‌ભવેલો આક્રોશ કવિશ્રીએ સુંદર રીતે આલેખ્યો છે. **(ઢા.૨, ક.૨-૮)**

ચ્યાર વહુ મિલ સામંઠી, કરે આલોચ વિચાર હો॰ સ્વા॰
'સાસુ હુઈ સ્વાનણી, વિરચી કરેં વિગાડ'
વહુયર હિલમિલનેં કહે, ''પ્રીતમ કેમ છોડાય ? હો॰ સ્વા॰
બારે વરસની પ્રીતડી, જીવ રહ્યો રંગ લાય
પહિલી પોતે થેં કીયો, સબલ અન્યાય અકાજ હો॰ સ્વા॰
ઘર ઘરણી કરી રાખીયો, કીધી ન કુલરી લાજ
જાયે પરાયેં ઘર વસ્યો, ગરજ સરી કોડ લાખ હો॰ સ્વા॰
કાંમ સરયો દૂખ વિસરયા, હિંવે કાં દિખાવો કાખ ?

લાજ રહી લખમી રહી, બેટા હુઆ ચ્યાર હો॰ સ્વા॰
કરતાર તુમેં(ઠેં) એ દીયો, ભાગ વડે ભરતાર
હિવે તો ઈણમેં છોડતાં, નવણેં કાંઈ વાત'' હો॰ સ્વા॰
નેહૂ ન છૂટે જીવતાં, ભીની સાતે ધાત
ખાંણા પીણા પહરણા, કાજલ તિલક તંબોલ હો॰ સ્વા॰
ઈણ વિણ સહુ અલખાંમણા, ઈણ વિણ નહીં કો મોલ

૨. કૃતપુણ્યની મૂર્તિને જોઈ બાળકોની અચરજભરી ચેષ્ટા **(ઢા.૪, ક.૯-૧૨)**

તેહવેં બાલક ખેલતાં રે, ચ્યારે નાન્હા બાલ;
મુર્તિ પાસે આવીયા રે, હરખ્યા નેણ નિહાલ.
બોલેં બાલક બોલડા રે, મણ મણ મિઠા બોલ;
''કૂંબેઠા ઈહાં આયનેં રે ? જ્યૂં કોઈ બેઠો નિટોલ.''
એક કહે ''બાબો મહારો રે,'' બીજાનેં ધેં ગાલ;
એક બેસે ખોલિં આયનેં રે, એક ખાંચેં લેઈ બાલ.
એક કહૈ ''ભેલા બેસનેં રે, જીમસ્યાં બાબા રે સાથ;''
એક કહૈ ''જીમણ ન દેઉ રે,'' દેવે મુખ આડો હાથ.

કથાઘટકોમાં પરિવર્તન :

૧. **ધનાવાહ શેઠ**ની પત્નીનું નામ **ભદ્રા** હતું. (ઢા.૧, ક.૨)

૨. **કૃતપુણ્ય** વિદ્યાપાઠકો પાસે [૧]બહોંતેર કળાઓ શીખ્યો. (ઢા.૧, ક.૪)

૩. વણઝારાની ટોળીમાં હજારો માણસો હતા. (ઢા.૧, ક.૧૩)

૪. જહાજ ભાંગી પડવાથી શ્રીમંત શેઠનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો. (ઢા.૧, ક.૧૫)

૫. કૃતપુણ્ય બાર વર્ષે વેશ્યાવાસમાંથી નીકળી પોતાના ઘરે આવ્યો, ત્યારપછી એક માસ રહી પુનઃ પરદેશ જવા નીકળ્યો. (ઢા.૧, ક.૧૨)

કવિશ્રી કૃતપુણ્યના સુખમાં અંતરાય દર્શાવવા અલ્પ સમય નોંધે છે. કેટલાક કવિઓએ એક માસને બદલે છ માસની અવધિ આલેખી છે.

૬. આ કૃતિમાં વૃદ્ધા માટે 'અક્ક' શબ્દનો પ્રયોગ થયો છે. (ઢા.૧, ક.૧૫)

૭. સવારે સાર્થ પરદેશ ચાલ્યો ગયો ત્યારે **જયશ્રી** ખાટલો લેવા દેવળમાં આવી પરંતુ તેણે ખાટલો ન જોયો. (ઢા.૧, ક.૨૦)

અન્ય કોઈ કવિએ બીજે દિવસે જયશ્રીને ખાટલો લેવા દેવળમાં આવી એવું નોંધ્યું નથી. કવિનો આ વિચાર યોગ્ય છે કારણકે પ્રવાસી પ્રવાસમાં પોતાની સાથે ખાટલો લઈ જતો નથી.

૮. કૃતપુણ્ય બાર વર્ષ સુધી પરદેશથી પાછો ન ફર્યો ત્યારે જયશ્રી જોષી પાસે જોશ જોવડાવવા પહોંચી ગઈ. (ઢા.૨, ક.૧૫)

૯. કૃતપુણ્યને ધૂર્ત વૃદ્ધાએ પ્રપંચ રચી પુનઃ સાર્થમાં મૂક્યો. તે પ્રભાતે જાગૃત થયો ત્યારે પોતાની

---

૧. પુરુષની બહોંતેર કળાઓ : જુઓ પરિશિષ્ટ વિભાગ

સાથે થયેલી છેતરપીંડીનો તેને ખ્યાલ આવ્યો પરંતુ ધન વિના તેના પગ ઘર તરફ વળ્યા નહીં. (દુ.૩, ક.૩)

અહીં કૃતપુણ્ય સ્વયં પ્રભાતે જાગૃત થયો છે. જયશ્રીએ તેને જગાડયો નથી.

૧૦. 'ચોરને ખબર ન પડે, કૂતરો ચોર સમજી ભસે નહીં તે માટે મૂલ્યવાન રત્નો મોદકમાં કૃતપુણ્યએ મૂક્યાં છે,' તેવું વિચારી જયશ્રી પતિની ચતુરાઈ પર અભિભૂત થઈ ગઈ. (ઢા.૩, ક.૧૫)

૧૧. ખીરની થાળીમાં બે રેખાઓ દોરીને મહાત્માને દાન આપતાં બે વાર ઋદ્ધિ પ્રાપ્ત થઈ અને બે વાર તેમાં અંતરાય પડી. (ઢા.૪, ક.૨૩)

૧૨. ચરણસિત્તરી, કરણસિત્તરી અને પાંચ મહાવ્રતનું શુદ્ધપણે પાલન કરી કૃતપુણ્ય મુનિ સર્વાર્થ - સિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ શિવપુરીના શાશ્વતા સુખો પામશે. (ઢા.૪, ક.૨૫)

૧૪. કવિ શ્રી ગંગારામજી કૃત કયવન્ના ચોપાઈ (સં.૧૯૨૧)

● આ અપ્રકાશિત કૃતિની રચના વિક્રમ સંવત ૧૯૨૧, ભાદરવા માસમાં થઈ છે. તે સમયે ભારતમાં અંગ્રજોનું વર્ચસ્વ હતું; એવું કવિશ્રીએ ૨૯મી ઢાળમાં આલેખ્યું છે.

''હાંસીનગરેં રાજ અંગરેજી, છત્ર ફીરૈ તસુ તેજી રે;
સંવત ૧૯ સૈ ઈકવીસેંજી, ભાદ્રવ માસ કહેજી રે.'' (૧૭)

● ૨૯ દુહા અને ૨૯ ઢાળ પ્રમાણ આ કૃતિનો 'ચોપાઈ' તરીકે કવિશ્રીએ ઉલ્લેખ કર્યો છે પરંતુ ચોપાઈ છંદમાં આ કૃતિનું બંધારણ થયું નથી.

''શ્રી કેવનાં ચૌપાઈ ભાખી રે, ઢાળ ઉનતીસૈ સખી રે'' (ઢા.૨૯, ક.૧૮)

● પ્રસ્તુત કૃતિના કર્તાએ પોતાનો અતિ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. ગચ્છ કે પોતાના ગુરુ ભાઈઓ (શિષ્યો)નો પર્યાપ્ત પરિચય કાવ્યમાં જોવા મળતો નથી.

''શ્રી શ્રી રાજરુપ ગુણધારી, કરમચંદ હીતકારી રે;
ગંગારામ એ સુમત વીચારી, રચના ગ્રંથ સુધારી રે.'' (ઢા.૨૯, ક.૧૬)

ઉપરોક્ત પંક્તિઓ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત કૃતિના રચયિતા **શ્રી ગંગારામજી** છે, જેઓ **શ્રી કરમચંદજી મુનિ**ના શિષ્ય છે.

● ગંગારામજી કયા ગચ્છના છે તે ચોક્કસ કહી શકાતું નથી પરંતુ તેમની કૃતિમાં ઢાળ ૧, ૨ અને ૩ના અંતે તેમણે **'જૈતસી'** એવો ઉલ્લેખ કર્યો છે.

'જૈતસી' ઉપનામનો પ્રયોગ જયરંગ મુનિ માટે થયો છે. શ્રી જયરંગ મુનિ ખરતરગચ્છના છે. તેથી શ્રી ગંગારામજી મુનિ પણ ખરતરગચ્છના શ્રી જયરંગમુનિના શિષ્ય હોવા જોઈએ. તેમણે પોતાના ગુરુભાઈએ રચેલી **'કયવન્ના શેઠનો રાસ'** (સં.૧૭૨૧) આ કૃતિનો આધાર લઈ પોતાની રચના સુધારીને લખી છે; એવું અંતિમ ઢાળમાં જણાવે છે.

વળી, આપણા અભ્યાસની કૃતિ અને શ્રી જયરંગમુનિની કૃતિનું અવલોકન કરતાં આ બન્ને કૃતિઓની કડીઓ પ્રાયઃ સમાન અને થોડા શબ્દોના ફેરફાર સાથે આલેખાયેલી છે. નીચે નોંધેલી કડીઓ શ્રી જયરંગમુનિની કડીને મળતી આવે છે.

શ્રી ગંગારામજી : દુહા : ૧, કડી ૧ થી ૫; ઢાળ : ૧, કડી ૧ થી ૧૩ (૮,૯ વર્જીને); દુહા : ૨, કડી ૧ થી ૪ ; ઢાળ : ૨, કડી ૧ થી ૮ (૫ થી ૭ વર્જીને); દુહા : ૩, કડી ૧ થી ૨; ઢાળ : ૩, કડી ૧ થી ૧૫ (૨,૩ કડી ક્રમાંકમાં ફેર); દુહા : ૪, કડી ૧ થી ૩; દુહા : ૫, કડી ૧; ઢાળ : ૬, કડી ૧ થી ૧૫ (૧૩ વર્જીને); ઢાળ : ૭, કડી ૧ થી ૧૮ (૧, ૬-૧૦, ૧૧.૧, ૧૫.૧, ૧૮.૧ સમાન); ઢાળ : ૮, કડી ૨-૩ વર્જીને બાકીની સમાન; દુહા : ૧૧, કડી ક્રમાંકમાં ફેરફાર; ઢાળ : ૧૧, કડી ૧-૯; દુહા : ૧૨, કડી ૧ (૨-૧૩ વર્જીને); ઢાળ : ૧૨, કડી ૧-૧૯; ઢાળ : ૧૩, કડી ૧-૧૦ (૫,૯ વર્જીને); દુહા : ૧૪; ઢાળ : ૧૪; દુહા : ૧૫; ઢાળ : ૧૫, દુહા : ૧૮ સમાન છે.

- સંક્ષેપમાં શ્રી જયરંગમુનિની કૃતિમાં ઢાળ ૩૧ છે જ્યારે શ્રી ગંગારામજીની કૃતિમાં ઢાળ ૨૯ છે. આ કૃતિ શ્રી જયરંગમુનિજીની કૃતિ પરથી પાછળથી લખાયેલી છે.
- આ કૃતિમાં પ્રત્યેક ઢાળમાં જુદી જુદી દેશીઓનો વપરાશ થયો છે, જે શ્રી જયરંગમુનિજીએ ઉપયોગમાં લીધેલી દેશીઓ કરતાં જુદી અને નવી છે. દેશી ક્રમાંક ૧,૨,૪,૫,૬,૭,૧૦,૧૧,૧૨,૧૩,૧૪, ૧૬,૧૮,૨૦,૨૧,૨૨,૨૩,૨૪,૨૬,૨૭,૨૮,૨૯ આટલી ઢાળમાં નવી દેશીઓનું (જૈ.ગુ.ક.ભા.- ૮ ની દેશીમાં નોંધાયેલી નથી) નિરૂપણ થયું છે.

૩,૮,૯,૧૭,૧૯,૨૫ ઢાળમાં પ્રયોજાયેલી દેશી બન્ને કવિઓની કૃતિમાં સામ્યતા ધરાવે છે. પ્રચલિત દેશીઓના રાગ (જૈ.ગુ.ક.ભા.-૮ અનુસાર) પૂર્યા છે.

- આ પ્રતની વિશેષતા એ છે કે ગંગારામજી રાજસ્થાન પ્રાંતના હોવા જોઈએ અથવા રાજસ્થાનમાં વધુ વિચર્યા હશે તેથી તેમની કૃતિમાં વ્રજ મિશ્રિત હિન્દી શબ્દો વીખરાયેલા મોતી સમાન અહીં તહીં જોવા મળે છે. જેમાંનાં કેટલાંક શબ્દો નોંધ્યા છે - લીખા, પિયા, તેરી, જવાની, મેરે બેદરદી, બુરા, બીચ, સખી, સાંસા, સુન, તમાસા, ચાચા, ખત, બાહર, બનીયા, દો, અબ, ચારો, દોપહર આદિ.
- પ્રસ્તુત કૃતિમાં વિહાર કરતાં નોંધ લઈ શકાય કે - 'ણ'ની જગ્યાએ 'ન'; 'મ'ની જગ્યાએ 'વ' અને 'બ'ની જગ્યાએ 'વ' શબ્દ પ્રયોગ થયો છે. જેમકે - રીસાની = રીસાણી; જાનેં = જાણેં; કીન = કીણ; વખાંની = વખાંણી; સુની = સુણી; ઘનાં = ઘણાં; કૂંન = કૂંણ; ગુનવંતી = ગુણવંતી; સુગુન = સુગુણ; વૈન = વૈણ; તાંનેં = તાંણેં; રાગીની = રાગીણી; સરવન = સરવણ; પડોસન = પડોસણ; આભરન = આભરણ; વીન = વીણ; સેનિક = શ્રેણિક; અજાન = અજાણ; પન = પણ; વિજોગન = વિજોગણ; મતલવ = મતલબ; સવ = સબ; કુવાર = કુમાર; વીનમેં = વીનવે; વોલે = બોલે; વેટી = બેટી; વનું = બનું; અવ = અબ; વાહર = બાહર.

પ્રસ્તુત કૃતિમાં 'ર' નો રેફ (ર્) પણ થયો છે. જેમ કે - સુખકર્ણ = સુખકરણ; પ્રણો = પરણૌ;

પ્રણવો = પરણવો ; પ્રણાઈ = પરણાઈ આ ઉપરાંત કુમ્ર = કુમર ; ભર્મ = ભરમ ; ચર્ત્ર = ચતુર ; અંત્ર = અંતર આદિ.

'ઐ' માટે 'ય' શબ્દ પ્રયોગ થયો છે. યસી = ઐસી ; યૈરાવણ = ઐરાવણ.

● ૧૫ કડીની નવમી ઢાળ નવ રસમાં ગૂંથાયેલી છે. કડી - ૧ કરૂણરસ ; કડી - ૨ ભયાનક રસ ; કડી - 3થી૫ રૌદ્રરસ ; કડી - ૬ બિભીત્સરસ ; કડી - ૭થી૧૦ વીરરસ ; કડી - ૧૧ શાંતરસ ; કડી - ૧૨ હાસ્યરસ ; કડી - ૧૩ અદ્‌ભુતરસ ; કડી - ૧૪ શૃંગારરસ.

ઉપમા :

૧. **સુરગુરુ સમ (દુ.૧, ક.૩)**
૨. **સૂરબીંબ જિમ અપૂરવે (ઢા.૧, ક.૫)**
૩. **જ્યોં ચંદાકી પ્રીત ચકોરી, ફીર ટુટત નાંહી દર (ઢા.૪, ક.૧૨)**
૪. **નગરી રાજગરી ભલી, સુરનગરી સમ સોહે રે (ઢા.૧, ક.૧)**
૫. **તેજ કરી તન દીપતો, સુરજ જેમ સવાયો (ઢા.૧, ક.૧૧)**
૬. **દિન દિન વાધે ચંદ્ર જ્યું, ચઢતે ચઢતે વાન (દુ.૨, ક.૨)**
૭. **વહૂયર વિણ ઘરવાસ, શૂનો રણ જાણીયેં (ઢા.૨, ક.૪)**
૮. **કુલવંતી ગુણવંતી, શીલેં સીતા સતી હો ;**
હર ગૌરી રાધા કૃષ્ણ, રામ રતી પરગડી હો. (ઢા.૨, ક.૪)
૯. **જ્યોં ચંદા કી પ્રીત ચકોર, ફીર ટુટત નાંહી (ઢા.૪, ક.૧૨)**
૧૦. **જિમ નયણાં વિચ પૂતલી તે લાલ, તિમ તમ મનને સુહાય (ઢા.૭, ક.૭)**
૧૧. **સોભાગી સિર સેહરો, રુપે દેવકુમાર (દુ.૨, ક.૪)**
૧૨. **પન કુંપાથર નીવડો, કાંચ સરીખો પાણ (ઢા.૮, ક.૧૧)**
૧૩. **મુખ તો કુમલણો રે, ચંદ્ર જું રાહ ગ્રહી (ઢા.૯, ક.૫)**
૧૪. **મેં રહું ઉદાસી રે, ચકોરી ચંદ વિના (ઢા.૯, ક.૫)**

વર્ણનાત્મક શૈલી :

૧. પરદેશ જતાં પતિને વિદાય આપતી રાસનાયિકા (જયશ્રી) ; જેમાં પતિને ભલામણ અને સતી સ્ત્રીની પતિનાં વિયોગમાં જીવવાની જીવનશૈલીનાં દર્શન થાય છે. **(ઢા.૧૩, ક.૧-૮)**

જલદિ આઇયો વાલહા, મત રહજૈ હો બહુ તાં પ્રદેસક ;
આવત જાતા સું ઘણા, મુકજો હો નિજ કુસલ સંદેસક.
ચોર ચુગલ ઠગ માંણસા, મત કિજો હો પીયા વીસવાસક ;
ખરચ ખાણમેં મત સંકજો, જિમ સાહૈ રે તીમહી પંચાસક.
કુસલેં વેગા આવજો, ઘન ખાટી હો મન કરી વીચારક ;

થેં મુઝ જીવન આતમાં, મનમોહન હો સાચા ભરતારક.
દેવ ગુરુ ધરમ સાસતા, નીત કીજે હો ચીત નીસચૈ ધારક;
કદિ ન મુઝ વીસારજો, મત ભુલો હો રાખો મન સારક.
કાગલ લીખી જો મોકલો, દેખો હો કાગજનો લેખક;
કીસ વીધ પ્રેમ પ્રકાસીયો, તવ જાણૂં હો જીવન ફલ દેખક.
વલી અવધારો વિનતી, પતી ભગતી હો મેં તો છું નારક;
જીમનરી વેલાં થયાં, મેં જીમું હો દોપહરાં ધારક.
જેહ દેસી આય હાથમેં, તદ પાછૈં હો ખાસું મેં પાનક;
ચોવા ચંદન ચરચનેં, મેવાનેં હો નાનાં પકવાનક.
મેહ તણી પ્રે તાહરી, મેં દેખૂં હો પીયાજી કી વાટક;
ઘર સુંનો થારે વીનાં, કબ આવૈ હો વાલમ ઘન ખાટક.

૨. સાસુ સમક્ષ પોતાનો બળાપો ઠાલવતી ચાર પુત્રવધૂઓ; જેમાં કૃતપુણ્યએ કરેલા અવિસ્મરણીય ઉપકારો, સ્ત્રીઓનો કૃતપુણ્ય પ્રત્યેનો અનહદ પ્રેમ અને નિષ્ઠા પ્રગટ થયાં છે.

વિશાળ હવેલીમાં સુખના કામણ અદશ્ય થઈ ગયાં હતાં. ચારે વહુઓ અપાર ચિંતામાં ડૂબી ગઈ હતી. અંતે હામ એકઠી કરી સાસુના ચિત્તાકાશમાં અતીતની ઘટનાઓ ઉપસાવવાનો જોરદાર પ્રયત્ન ચારે વહુઓએ કર્યો. (ઢા.૧૫, ક.૧-૭)

વદુ(હુ)યર હીલ મીલ વીનવે, ''પ્રીતમ કેમ છંડાય ? સાસુજી.
બારા વરસની પ્રીતડી, જીવ રહો રંગ લાય. સાસુજી વહુ.
પહલી પોતેં તેં કીયો, સબલ અન્યાય અકાજ સા.
ઘર ઘરણી કરિ રાખીયા, ત(તુ)જ સબ કુલકી લાજ સા.
જાય પ્રયાસું ઘર વસ્યો, ગરભ(જ) સરી અબ લાખ ?
કામ સરો દુખ વીસરો, અવકું દોષો કાય સા.
લાજ રહી લખમી રહી, બેટા હુવા ચાર સા.
કરતાર તુઠો એ દીયો, ભાગ વડો ભરતાર સા.
ઇણ વીણ એ ઘર કારમો, સુનો જાણે મસાણ સા.
ઇણ વીણ સબ અલખામણો, ગુણ વીણ લાલ કબાણ સા.
ખાવણ પીવણ પહરણાં, કાજલ તીલક તંબોલ સા.
ઇણ વીણ તો સાજૈ નહીં, લાગે વીષ સમ તોલ સા.
ઇણ ભવ ઘણી એ માહરો, સો બોલો એક બોલ સા.
થે સાચો કર જાણજ્યો, કહૈ વાજંતે ઢોલ'' સા.

૩. સાસુ વહુનો યક્ષપૂજન કરવા જવા સંબંધીનો સંવાદ, જેમાં એકબાજુ અનુભવી સાસુને અભયકુમાર દ્વારા નવી આપત્તિની આશંકા છે તો બીજી બાજુ રાજાજ્ઞા ન માનવાથી અને યક્ષ પૂજન ન કરવાથી યક્ષ સંતાનોને ભરખી જશે એવી દુવિધા ચારે સ્ત્રીઓને કોઠે રહેલી છે. અંતે ઉપરવટ થઈ વહુઓ યક્ષપૂજન માટે ચાલી નીકળી ત્યારે ભાવિ (નિયતિ)ના ગર્ભમાં શું લખાયેલું છે તે જોવા ઢચુપચુ

મને પણ અણગમતી વાત પડતી મૂકી સાસુએ પગ ઉપાડ્યો. **(દુ.૨૩, ક.૧-૬)**

કહૈ સાસુ ''સુંનરી વહુ! તુમ નહીં જાણો વાત;
અભયકુંવર બુધિવંત હૈ, કરદે દીનસેં રાત.
નાં કોઇ દેવી દેવતા, નાં સેવકનો નામ;
મેં તો કદી ન દેખીયાં, એહવા પૂજા કામ.
કોઇયક છલ કેલવી, મંત્રી અભયકુમાર;
ખોય દેસી ઘર માહરો, વહુયર મુઢ ગમાર''
''સબ જગ પુજન જાય છૈ, પ્રગટ ભયૌ જગદેવ;
મ્હારા મ્હારા પુતને, રુઠ જાય તતખેવ.
થારા કુછ બિગડેં નહીં, મરન કાજ થયો ઘાટ;
હમ તો પુજન જાવસ્યા, થારી ન માંની વાત''
કહે સાસુ વહુયા પ્રતેં, ''મેં ચાલૂં તુમ સાથ;
નાં જાનૂં ક્યા હોયગી, મિલણ વિધાતા હાથ!''

કથાઘટકોમાં પરિવર્તન :

૧. પુત્ર પોતાના પિતાને 'ચાચા' (કાકા)નું સંબોધન કરે છે. (ઢા.૨૪, ક.૧)

૨. બાળકે ખીર ખાવાની હઠ પકડી ત્યારે માતાએ ઘણી રીતે તેને સમજાવ્યો પરંતુ બાળક ટસનો મસ ન થયો ત્યારે માતાએ ગુસ્સામાં બાળકના ગાલ પર તમાયો માર્યો (ઢા.૨૬, ક.૬)

૩. ચાર પાડોશણોએ દાનની પ્રશંસા કરી તેથી બીજા ભવમાં ચારે સ્ત્રીઓ થઈ, જે કૃતપુણ્યની પત્નીઓ બની. જ્યારે પાંચમી પાડોશણ દાન આપીને વસવસો કરવા લાગી તેથી તે વેશ્યાના ઘરે દાસી (વેશ્યાપુત્રી) બની. (ઢા.૨૫, ક.૧૨)

દાનની અનુમોદના કરનાર અને દાન આપીને ખેદ કરનાર અનુક્રમે ઉચ્ચગોત્ર અને નીચ ગોત્ર કર્મ બાંધે છે; તેવું જૈન સિદ્ધાંતોનું નિરૂપણ અહીં થયું છે. વળી, વેશ્યાપુત્રીનો આ ભવનો આત્મીય સેતુ ઠેઠ પૂર્વભવથી હતો, એવું કવિ ગંગારામજી સિવાય કોઈએ દર્શાવ્યું નથી.

૪. શ્રાવણ માસની ત્રીજના દિવસે લૌકિક તહેવાર હતો. શેઠના ઘરમાં પુરી, પાપડી, ખીરનું જમણ બન્યું હતું. શેઠ જમવા બેઠા. તે જોઈને બાળકને ખીર ખાવાની ઈચ્છા થઈ. (ઢા.૨૮, ક.૩)

અહીં શ્રાવણ માસના ત્રીજના દિવસે કોઈ આચાર્યની દીક્ષા તિથિ અથવા આચાર્ય પદવીની તિથિ હોવી જોઈએ જેથી શેઠના ઘરે ખુશાલીમાં ખીરનું ભોજન બન્યું હોવું જોઈએ.

બાકીનું શ્રી જયરંગમુનિની જેમ જાણવું.

૧૫. કવિ શ્રી વિજયધર્મધુરંધરસૂરિ કૃત કયવન્ના સજ્ઝાય

- પ્રસ્તુત પ્રકાશિત સજ્ઝાયના રચયિતા શ્રી નેમિસૂરિજીના સમુદાયના શ્રી વિજયઅમૃત-સૂરિજીના વિદ્વાન શિષ્ય **શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી** છે. આચાર્યપ્રવર ધર્મધુરંધરસૂરિજીએ "**ઈન્દુદૂત**' પર ટીકા રચી છે.
- કુલ છ કડી પ્રમાણ આ સજ્ઝાયમાં કવિ ગુરુ પરિચય કે રચના સંવત સંબંધી મૌન છે પરંતુ 'સ્વાધ્યાય રત્નાવલી ખંડ - ૧' પૃ.-૫૧ ઉપર, રચના સં. ૨૦૦૫, આસો સુદ - ૧૧ મુદ્રિત છે.
- અત્યંત સંક્ષિપ્ત શૈલીમાં કૃતપુણ્ય શેઠનું સંપૂર્ણ કથાનક સુંદર રીતે ગૂંથાયેલું છે, જે આ કૃતિની આગવી વિશેષતા છે.
- ટૂંકાણથી લખાયેલ હોવાથી પ્રસ્તુત કૃતિમાં ઉપમા આદિ અલંકારો નથી. વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસ અલંકારથી આ સજ્ઝાય કવિશ્રીએ મઠારી છે.

૧૬. અજ્ઞાત કવિ શ્રી કૃત કયવન્ના સજ્ઝાય

- એક ઢાળ, એક ચોપાઈ અને ચાર દુહામાં ગૂંથાયેલી આ સજ્ઝાય એકાવન કડીમાં આલેખાયેલી છે. ઢાળમાં દેશીનો પ્રયોગ થયો નથી.
- પ્રસ્તુત સજ્ઝાયની ભાષા ૧૫મી સદીથી જૂની હોય તેવું જણાતું નથી.
- આ સજ્ઝાય સરળ પ્રવાહી ભાષામાં અતિ સંક્ષેપમાં રચાઈ હોવાથી વર્ણનો અને અલંકારોની પ્રાયઃ ગૌણતા રહી છે.

ઉપમા અલંકાર :

૧. **ચ્યારિ કલકલત્ર જિસી દેખિઈ રંભ (૨૦)**

મધુર સ્વભાવવાળી ચારે સ્ત્રીઓને રંભા જેવી સ્વરૂપવાન કહી છે.

કથાઘટકોમાં પરિવર્તન :

૧. **અભિસાગર** નામના ધનવાન શેઠના પુત્રનું નામ **કૃતપુણ્ય** હતું. (ઢા.૧, ક.૨)
૨. કૃતપુણ્યની પરણેતર પૂણી કાંતિને ઘર ચલાવતી હતી. (ઢા.૧, ક.૫)
૩. માતા-પિતાના મૃત્યુના સમાચાર પત્ની દ્વારા સાંભળીને કૃતપુણ્યનું મન કેટલાક દિવસ સુધી ઉદાસ, ખિન્ન રહ્યું. (ઢા.૧, ક.૧૪)
૪. સાર્થના આવવાના સમાચાર મળતાં જ બન્ને સ્ત્રીઓ ત્યાં પહોંચી ગઈ. (ઢા.૧, ક.૩૧)
૫. કૃતપુણ્યની પત્નીએ થેલી હલાવી તો તેમાં લાડુ જોયા. તેમાંથી તેણે એક મોદક પુત્રને ખાવા માટે આપ્યો. (ઢા.૧, ક.૩૩)

---

૧. જૈ.સા.સં.ઈ. પા-૯૪૭, પૃ.-૪૨૬

૬. **મહારાજા શ્રેણિકે અભયકુમાર**ને તેડાવીને કહ્યું, ''અભયકુમાર ! હવે સમસ્યાનો ઉકેલ કઈ રીતે કરીએ ? જો બોલેલાં વચન ન પાળીએ તો આ ભવ અને પરભવ બન્ને એળે જાય અને વચન પાલન કરતાં નીચ જ્ઞાતિના કંદોઈના હાથમાં રાજકન્યાનો હાથ આપતાં નામોશી થાય. (ઢા.૧, ક.૩૬)

મહારાજા શ્રેણિકની વિટંબણાની સાથે સાથે તેમની સત્યનિષ્ઠા અને વચનબદ્ધતા નજરે ચડે છે.

૭. યક્ષ મંદિર ચાર બારણાવાળું હતું. (ઢા.૧, ક.૪૪)

૮. એક સ્ત્રી શ્વેત વસ્ત્ર પરિધાન કરી, હાથમાં સૌભાગ્યના કંકણ પહેર્યા વિના જ મંદિરમાં આવી. યક્ષમૂર્તિને જોઈ તેની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. (ઢા.૧, ક.૪૬)

ગણિકાની પુત્રીએ પ્રથમથી જ કૃતપુણ્યને પતિ તરીકે સ્વીકારી લીધો હતો. પતિના મૃત્યુનાં સમાચાર સાંભળી, યક્ષ બનેલા પતિનું પૂજન કરવા તે આવી. તે સમયે તેણે વિધવાનો સ્વાંગ સર્જ્યો હતો. આગંતુક સ્ત્રીનો પરિચય કવિશ્રી કડી ૪૭ માં આપે છે.

૯. અભયકુમારે પૂછ્યું, ''કૃતપુણ્ય ! આ વિધવા નારી શા માટે રડે છે ?'' કૃતપુણ્યએ કહ્યું, ''મહામંત્રી ! મેં એની સાથે બાર વર્ષમાં બાર કરોડ સોનામહોરો ભોગવી છે.'' (ઢા.૧, ક.૪૭)

અજ્ઞાત કવિએ ગણિકા પુત્રી અને કૃતપુણ્યનો મેળાપ કાવ્યના અંતે ચાર સ્ત્રીના મેળાપ પ્રસંગે જ કરાવ્યો છે. અર્થાત્ તે પૂર્વે કૃતપુણ્ય બે પત્નીઓનો (પરણેતર અને રાજકુંવરી) પતિ હતો, ત્યારપછી પાંચ પત્નીઓ મળતાં કુલ સાત પત્નીઓનો સ્વામી બન્યો.

ખાસ નોંધવા જેવી વાત એ છે કે રાજાના અંતઃપુરમાં કે શ્રેષ્ઠીઓને ત્યાં એક કરતાં વધુ સ્ત્રીઓ હોય એવી પરંપરાનો સમાજે સહજ સ્વીકાર કર્યો હતો. અનેક પત્નીત્વનો એ જમાનો હતો.

૧૭. અજ્ઞાત કૃત દાનકુલક બાલવબોધ

● પ્રસ્તુત [૧]બાલાવબોધના કર્તાનો ઉલ્લેખ થયો નથી. આ બાલાવબોધના શબ્દો જોતાં જણાય છે કે સોળમી સદીથી અર્વાચીન નથી.

● પ્રસ્તુત કૃતિમાં 'ઐ' કારાંત શબ્દોનો ભરપૂર પ્રયોગ થયો છે. જેમકે સાવચૈ, મિલસ્યૈ, સકુનૈ, વિષૈ, તેટલૈ, સ્ત્રીયૈ, ખોલૈ, દૈ, નેસાલૈ, તુમૈ આદિ.

ઉપમા :

૧. **તુમ્હેં કુસલેં છો તો ધન ડીલના મેંચલની પરિ ઘણૂંઈ મિલસ્યૈ.**

રાસનાયિકાએ પતિની ચિંતા હળવી કરવા દિલાસો આપતાં કહ્યું, ''શરીર પર જમા થતો

---

૧. બાલાવબોધ : જુઓ પરિશિષ્ટ વિભાગ

મેલ સ્વયં બની જાય છે, તેના માટે પ્રયત્ન કરવો પડતો નથી ; તેમ ભાગ્યમાં હશે તો પૈસો સ્વયં મળી જશે. અહીં 'પૈસો પુણ્યને આધીન છે' એવો ભાવ પ્રકાશિત થયો છે, તેમજ ઉપમામાં નવીનતા પ્રયોજાયેલી છે.

૨. ઈમ આઠ ભાર્યા સહિત ઇંદ્રની પરઇં કયવન્નો સુખ ભોગવઇં છઇં

વાંભ વાંભ ઉછળતા ભોગ સાગરના મોજાઓ પર નાયક મહેફિલ માણી રહ્યો હતો. તેથી ઈન્દ્રના દિવ્ય સુખો સાથે તેના સુખને સરખાવ્યું છે.

સંવાદાત્મક શૈલી :

૧. કેતલાઇક માસ ઘરિ રહિઉ. પ્રિયાને કહેં, ''ધન નહીં વ્યાપાર સ્યું કરું ? ઘરિ નિર્વાહ કિમ થાઇ ? ઇહાં પાટ(૨)કી ચાકરી વાણોત્રી થાઇ નહીં, નાન્હઉ કાંમ હાથેં લાગા(ગ)ઇં નહીં.'' પ્રિયા કહઇ ''જો સ્વામી ! તુમ્હેં કુસલેં છો તો ધન ડીલના મેંયલની પરિ ઘણૂંઇ મિલસ્યૈ.'' ભર્તાર કહૈ, ''હું પરદેશ જઇ, ધન ઉપાર્જી આવું.'' સ્ત્રી દુખ ઘરવા લાગી. કહઇં ''સ્વામી ! મુઝ થકી કિમ કેહવરાઇ ? તુમ્હેં જાઓ પણિ વહિલા પધારજ્યો.''

કથાઘટકોમાં પરિવર્તન :

૧. **ધનાવાહ** શેઠે **કૃતપુણ્ય**ને સંસારની કળા શીખવાડવા, તેને આડી વાતોમાં ચડાવવા તેના યુવાન વયના મિત્રોને બોલાવ્યા.

૨. ઘર સાફ કરવાના બહાના હેઠળ કૃતપુણ્યને ઘરની બહાર બેસાડી અક્કાએ કમાડ બંધ કરાવ્યા. ઘણી વાર સુધી બહાર બેઠા પછી કૃતપુણ્યએ મનમાં વિચાર્યું, 'ગણિકા નીચ જ્ઞાતિની ખરી તેથી તેનો સ્વભાવ પણ એવો જ (લોભી અને સ્વાર્થી) હોય.'

૩. વેશ્યાવાસમાંથી ઘણાં વર્ષે બહાર નીકળ્યા બાદ પોતાના ઘર તરફ જવાનો માર્ગ ભૂલાઈ જવાથી કૃતપુણ્ય શેરીયા-શેરી ફરતો રહ્યો. અંતે લોકોને પૂછી પૂછીને તે પોતાના ઘરે પહોંચ્યો.

૪. ધવાનાહ શેઠનું ઘર ઘસી પડ્યું હતું અને ખડકીનું લાકડું સડી જવાથી પડવાની અણી પર હતું.

૫. કૃતપુણ્યે ઘરની બારીમાંથી જોયું કે, બોચી પકડી, નીચું મુખ રાખી, શૃંગાર વિનાની કોઈ સ્ત્રી ચરખો ચલાવતી હતી. તે જ સમયે સ્ત્રીનું ડાબું અંગ ફરક્યું.

૬. કૃતપુણ્યની અર્ધાંગિનીએ કહ્યું, ''સ્વામીનાથ ! રડશો નહીં, નસીબ પાસે કોઈનું જોર ચાલે છે ખરું ?''

જે થવાનું હોય તે થઈને જ રહે છે,' એવા નિયતિવાદના ભાવોને શાસ્ત્રજ્ઞ રાસનાયિકાએ પ્રગટ કર્યા છે ; જેમાં તેનો પતિ પ્રત્યેનો અતૂટ લગાવ ધ્યાન ખેંચે છે.

૭. બાર બાર માસ સુધી પતિવ્રતા સ્ત્રીને છોડીને ગણિકા પાસે રહેવાની કરેલી ભૂલ કૃતપુણ્યને ખટકતી હતી તેથી તેનું મન ખિન્ન રહેતું હતું. તે સમયે પત્નીએ કહ્યું, ''સ્વામીનાથ ! તેમાં તમારો કોઈ વાંક નથી. મારા કર્મોનો જ દોષ છે.'

'પોતાના કર્મો જ પોતાને નડે છે,' આ કર્મ સિદ્ધાંતને વ્યક્ત કરવા તેમજ નિમિત્ત નિર્દોષ છે

તેવા ભાવો પ્રગટ કરવા કવિશ્રી ઉપરોક્ત કથન રાસનાયિકાના સંવાદ દ્વારા ઉપદેશે છે.

૮. કૃતપુણ્યએ પ્રિયાને કહ્યું, ''ધન વિના વ્યાપાર કઈ રીતે થાય ? ધન વિના ઘર સંસાર કઈ રીતે ચાલે ? સેવકની જેમ પારકાની સેવા કરવાનું કાર્ય મારાથી થશે નહીં. વળી, આ રાજ્યમાં બદનામીના કારણે કોઈ નાનું સરખું પણ કામ મને આપશે નહીં.''

સુખશીલતામાં ઉછરેલા કૃતપુણ્યમાં વ્યાપારની આવડતનો અભાવ, વેશ્યાગમનનાં વ્યસને ગુમાવેલી પ્રતિષ્ઠા અને ધનની જરૂરિયાતના કારણે કૃતપુણ્યને નગર છોડી દેશ-દેશાવર જવાની નોબત આવી.

૯. પરદેશ જવા પૂર્વે શુભ શકુન જોઈ. સંધ્યાના સમયે રાસનાયક-રાસનાયિકા સાર્થમાં આવ્યા.

૧૦. કૃતપુણ્યને તૂટેલા ખાટલા પર સૂવડાવી રાસનાયિકા પતિને પ્રણામ કરી ઘરે પાછી ફરી.

અહીં રાસનાયિકાનો વિનયભાવ પ્રદર્શિત થયો છે. તે સમયમાં પતિને 'પરમેશ્વર'નો દરજ્જો આપવામાં આવતો હતો, તેનો પડઘો અહીં પડે છે.

૧૧. પુત્રના મૃત્યુ બાદ ધનની સુરક્ષા માટે કોઈ નવયુવકને શોધી લાવવાની સાસુની યોજનાથી વહુઓ અવાક્ બની ગઈ. ''આ અશોભનીય કાર્ય કઈ રીતે થાય ?'' પુત્રવધૂઓના આ પ્રશ્નથી સાસુ ઉકળી ઉઠી. તેણે ચેતવણી આપતાં કહ્યું, ''ખબરદાર ! જો કોઈએ વધુ પૂછપરછ કરી છે, તો ખાડો ખોદી અંદર ગાળી દઈશ.''

અહીં સાસુની નિષ્ઠુરતા અને રાક્ષસીવૃત્તિ છતી થાય છે, જેમાં ભયાનક અને રૌદ્ર રસ છે.

૧૨. સાસુએ કૃતપુણ્યને પુત્રવત્ માની પોતાના જ પુત્રનાં શયનખંડના ઢોલિયા પર સુવડાવ્યો.

૧૩. પ્રાતઃકાળે કૃતપુણ્ય જાગૃત થયો ત્યારે તેને ભોળવવા ચારે સ્ત્રીઓએ સાસુ દ્વારા ઉપજાવી કાઢેલી વાતો કહી.

૧૪. સ્ત્રીઓએ સાસુ સમક્ષ દલીલ કરતાં કહ્યું, ''આઈ ! શા માટે તેને છોડી દઈએ ? જો કદાચિત સ્નેહ કર્યો હોય તો આજીવન પર્યંત તેને પાળવો જોઈએ.'' સાસુએ વળતાં કહ્યું, ''મારા પુત્રનું ઉપાર્જન કરેલું ધન શું એક વટેમાર્ગુ ખાય (ભોગવે) ? માટે તેને બહાર કાઢો તો જ હું અહીં રહીશ.''

અહીં એકબાજુ સ્ત્રીઓનો કોમળ અને પ્રેમાળ સ્વભાવ વ્યંજિત થયો છે તો બીજીબાજુ વૃદ્ધાની અક્કડતા અને આડોડાઈવાળો સ્વભાવ પ્રગટ થાય છે.

વળી, સાસુ માટે આલેખાયેલાં 'માતા', 'આઈ' જેવા સંબોધનો આત્મીયતા દર્શાવે છે.

૧૫. ચારે સ્ત્રીઓ કૃતપુણ્યને સાર્થમાં મૂકી રડતાં હૃદયે પાછી ફરી તે સમયે વૃદ્ધા હરખાતી હતી.

પોતાનું કાર્ય સાંગોપાંગ પાર પડવાથી વૃદ્ધા ખુશ હતી.

૧૬. કૃતપુણ્યના પુત્રએ પાટી સાફ કરવા કંદોઈને ત્યાંથી પાણી લીધું. પાટીમાં ઘૂંટતાં ઘૂંટતાં બાળકના કોમળ હાથમાંથી રત્ન પાણીના કુંડમાં પડ્યો. કુંડાનું પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું અને રત્ન પાત્રના મધ્ય ભાગમાં રહ્યું.

૧૭. કૃતપુણ્યને તેડાવી રાજાએ પૂછ્યું, ''શેઠજી ! તમારી પાસે આવાં કેટલાં રત્નો છે.'' કૃતપુણ્યએ કહ્યું, ''ચાર રત્નો હતાં. તેમાંથી એક રત્ન તમારી પાસે છે.'' ત્યારપછી કૃતપુણ્યએ પોતાની

પાસે રહેલા બાકીના ત્રણ રત્નો રાજાને બતાવ્યાં.

એક સરખા ત્રણ રત્નો જોઈ કંદોઈ પાસે રહેલું રત્ન કૃતપુણ્યનું જ છે, એવી ખાતરી રાજાને થઈ.

૧૮. રાજાએ પુત્રીને કરિયાવરમાં ઘણાં રત્નો આપ્યાં.

૧૯. કૃતપુણ્યને ચાર વહુઓ અને ચાર પુત્રના મેળાપનો પ્રશ્ન પજવતો હતો. તેણે **અભયકુમાર**ને કહ્યું, ''મારા પરિવારને ઓળખી કાઢીશ પરંતુ તેઓ કઈ શેરીમાં, કયા મહોલ્લામાં કે કઈ પોળમાં રહે છે તેની જાણ મને નથી.''

૨૦. યક્ષપૂજન કરવા આવનારા પ્રત્યેક સ્વરૂપવાન માતા-પુત્રને જોઈ અભયકુમાર તરત જ કૃતપુણ્યને પૂછતા કે, ''આ તમારી પત્ની અને પુત્ર છે ?''

અહીં અભયકુમારની કાર્યસિદ્ધિ માટે ચાંપતી બાજ નજર દશ્યમાન થાય છે.

૨૧. જે દિવસે અક્કાએ કૃતપુણ્યને નિર્ધન સમજી વેશ્યાવાસમાંથી બહાર ખસેડયો હતો, તે દિવસથી અક્કાની પુત્રી સતી સ્ત્રીની જેમ એક પતિવ્રતાપણું પાળતી હતી.

૨૨. કૃતપુણ્યની નગરમાં ચારે તરફ પ્રસિદ્ધિ પ્રસરી. તે સાંભળી ગણિકા પુત્રી ત્યાં આવી ચડી. તેણે કહ્યું, ''સ્વામીનાથ ! તમે મને કેમ વીસરી ગયા.'' કૃતપુણ્યએ અભયકુમારને કહી તેને ધન સહિત માનપૂર્વક પોતાના ઘરે તેડાવી.

૨૩. એક વેપારીએ શ્રીમંત કૃતપુણ્યને પોતાની એક સ્વરૂપવાન કન્યા આપી. આમ, કૃતપુણ્યની કુલ આઠ પત્નીઓ થઈ.

અહીં અજ્ઞાત કવિ સિવાય બાકીના કવિઓએ સાત પત્નીનો ઉલ્લેખ કર્યો છે.

૨૪. જે પાડોશી સ્ત્રીઓએ તેની અનુમોદના કરી હતી, તે કૃતપુણ્યની પત્નીઓ બની અને પત્નીઓના અંદરોઅંદરના પતિ વિયોગના શ્રાપથી અંતરાય પડી.

૨૫. કૃતપુણ્યએ સંયમ લઈ એકાવતારી પદ પ્રાપ્ત કર્યું.

૧૮. અજ્ઞાત કવિશ્રીની કથા

● અજ્ઞાત કથાકારે આ કથા ભરહેસરની વૃત્તિ અને સુકતાવલી નામના ગ્રંથના આધારે આલેખી છે.

● પ્રસ્તુત અપ્રકાશિત ગદ્ય કૃતિના રચનાકારે મંગલાચરણરૂપે ઈષ્ટદેવને પ્રણામ કરી બે પંક્તિનું કાવ્ય આલેખ્યું છે. જેનો અર્થ આ પ્રમાણે છે - વેશ્યાએ દ્રવ્ય વિના કયવન્નાનો તિરસ્કાર કર્યો. વળી, વશિષ્ટ મુનિએ દ્રવ્ય વિના રામચંદ્રજીને પગે ન લગાડયા, ત્યારે રામચંદ્રજીને સમજાયું કે - 'વિશ્વમાં સૌ કોઈ શ્રીમંતનો આદર કરે છે અને નિર્ધનને સર્વ તિરસ્કૃત કરે છે માટે ધન મેળવવાની યુક્તિ અજમાવવી જોઈએ.'

ધનની મહત્તા દર્શાવવા કથાકારે કૃતપુણ્યની કથા સવિસ્તાર આલેખે છે.

ઉપમા :

૧. **કેવન્નો સુખે સમાધેં દોગંદગની પરવગ્ર છઈ.**

કૃતપુણ્ય દોગંદુક દેવની જેમ પોતાના કુટુંબ સાથે વીંટળાઈને રહ્યો.

કહેવત :

૧. **મીઠો કરવો :** લાભ લેવો, પડાવી લેવો.

કંદોઈએ બાળક પાસેથી રત્ન લઈ મીઠો કર્યો.

વર્ણનાત્મક :

૧. નવખંડા મહેલની શોભાનું વર્ણન દેવભવન જેવું અદ્‌ભુત છે.

ઉપદેશાત્મક :

૧. રાજા મતલબ (સ્વાર્થ)ના ગોઠીયા હોય છે, યોગી સત્યના મિત્ર હોય છે, વેશ્યા ધનની કુલવધૂ હોય છે અને ધન વેશ્યાનો કંત (સ્વામી) હોય છે. અર્થાત્ વેશ્યા ધનને જ સર્વસ્વ ગણે છે.

૨. આ જગતમાં સહુ કોઈ સ્વાર્થના સગા છે.

૩. જીવનમાં ધન આવશ્યક છે પરંતુ ધન ધર્મથી જ મળે છે.

કથાઘટકોમાં પરિવર્તન :

૧. **રાજગૃહી** નગરીના **ધનસાર શ્રેષ્ઠી**ની જીવન સંગિની **સુકમળા શેઠાણી**એ ગર્ભાધાન અવસ્થામાં **'કેવડા'**નું વૃક્ષ જોયું તેથી નવજાત શિશુનું નામ **'કૃતપુણ્ય (કયવન્ના)'** પાડયું.

કૃતપુણ્યના નામાભિધાનના સંદર્ભમાં આ પ્રકારની નવીન અભિવ્યક્તિ અન્ય કોઈ રચનાકારે કરી નથી. હા ! માતાને ગર્ભના પ્રભાવે સુકૃત્ય (પુણ્ય) કરવાનાં કોડ જાગ્યાં તેથી કૃતપુણ્ય નામ પાડયું, એવું કવિશ્રી દીપ્તિવિજયજી જરૂર આલેખે છે. વળી, પ્રાકૃતમાં કેવડાને 'કેવઈય' કહેવાય છે. શેઠાણીએ સ્વપ્નમાં 'કેવડા'ના વૃક્ષને જોયો તેથી તેના આધારે 'કયવન્ના' નામ રાખ્યું છે.

૨. કૃતપુણ્યને પાંચ વર્ષની વયે અભ્યાસ માટે ગુરુ પાસે મોકલવામાં આવ્યો.

૩. યૌવન વયે કૃતપુણ્યના લગ્ન **ગંગદત્ત શેઠ**ની પુત્રી **રવંકા** સાથે થયા પરંતુ કૃતપુણ્ય પોતાની ઘણિયાણી સાથે ન રહેતાં ગુરુ પાસે જ રહ્યો.

૪. ધનસાર શેઠે વિચાર્યું, 'મારા ઘરમાં ધનની ઓછપ નથી. મારો એક જ પુત્ર છે. જો એ વૈરાગ્યમાં ડૂબેલો રહેશે તો મારું અઢળક ધન શું કામનું ? તેથી તેને સાત વ્યસનોમાં પરોવી ગુરુની સંગતથી છોડાવું.'

પોતાનો વંશવેલો અખંડ રહે તે હેતુ મોહવશ ધનસાર શેઠ સ્વયં પુત્રને અવળે માર્ગે ચડાવવા તૈયાર થયા. અહીં શેઠાણીનો અભિપ્રાય રચનાકારે દર્શાવ્યો નથી.

૫. ધનસાર શેઠે સાત વ્યસની (જુગાર, માંસભક્ષણ, શરાબ, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન) પુરુષોને તેડાવ્યા.

૬. વ્યસની પુરુષોએ કૃતપુણ્યને સંસાર રસિક બનાવવા શેઠ પાસેથી એક માસની અવધિ માંગી. એક માસમાં કૃતપુણ્યનો વૈરાગ્યનો રંગ છૂટી ગયો. હવે તે પોતાની પત્ની પ્રત્યે અનુરાગી બન્યો.

૭. એકવાર કૃતપુણ્ય પોતાની પત્ની સાથે મહેલના ઝરૂખામાં બેઠો હતો ત્યારે રાજમાર્ગ પરથી પસાર થતી સ્વરૂપવાન ગણિકાને તેણે જોઈ. ગણિકા પ્રત્યે તેને કામરાગ જાગ્યો. તેણે વિચાર્યું, 'હું ગણિકા સાથે વિષયસુખો ભોગવી આનંદ કરું. મારા ઘરમાં ધનની કોઈ કમી નથી. જ્યારે ધનની જરૂર પડશે ત્યારે ઘરેથી મંગાવી લઈશ.'

કૃતપુણ્ય સ્ત્રીરસિક બન્યો ત્યારે ગણિકાનો ભેટો થયો. તેને ગણિકામાં આસક્ત બનવા માટેનો વેગ શ્રીમંતાઈના કારણે મળ્યો.

૮. ગણિકાનું નામ **ગુલાબસુંદરી** હતું.

૯. કૃતપુણ્યના માતા-પિતાએ પુત્રને ઘરે પાછો બોલાવવા દાસી દ્વારા બે વાર સંદેશા મોકલાવ્યા.

૧૦. જ્યારે દાસી કૃતપુણ્યના માતા-પિતાના મૃત્યુના સમાચાર આપવા ગઈ તે સમયે કૃતપુણ્યએ દાસીને કહ્યું, ''મારી પત્નીને જઈને કહેજે કે, મૃત્યુ પામેલા માતા-પિતા પાછા નહીં આવે પરંતુ મારા ભરણપોષણ માટે એક ક્રોડ સોનૈયા મોકલાવે.''

અહીં વેશ્યાના સહવાસમાં ગળાડૂબ કૃતપુણ્યને માતા-પિતાના મૃત્યુનો અંશમાત્ર શોક થયો નથી. અહીં રાસનાયક અંતિમ સંસ્કાર કરવા જેટલો વિવેક પણ કેળવી શક્યો નથી.

૧૧. **અક્કા**એ નિર્ધન કૃતપુણ્યને ગણિકાવાસમાંથી બહાર કાઢવાની સૂચના પોતાની પુત્રી ગુલાબ સુંદરીને કરી ત્યારે તેણે થોડી આનાકાની પછી તરત જ કહ્યું, ''માતાજી ! તમને ગમે તે કરો.''

અહીં ગુલાબસુંદરીને કૃતપુણ્ય પ્રત્યે ઉપરછલ્લો સ્નેહ હતો, એવું અજ્ઞાત કવિ દર્શાવે છે, તેથી જ તેમણે કૃતપુણ્યની છ પત્નીઓનો ઉલ્લેખ કથામાં કર્યો છે. ગુલાબસુંદરીને પત્ની તરીકે લેખી નથી. 'વેશ્યા કદી કોઈની ન થાય' તેવા ભાવો પ્રદર્શિત કરવા કથાકારે કથાઘટકમાં ફેરફાર કર્યો હોવો જોઈએ.

૧૨. અક્કાએ જ કચરો વાળવાના બહાને કૃતપુણ્યને સિંહદ્વાર સુધી પહોંચાડી કમાડ બંધ કર્યા.

કૃતપુણ્ય પાછો વેશ્યાવાસમાં ન આવે તે માટે અહીં નોકરોનું કાર્ય સ્વયં ધૂતારી અક્કાએ જ કર્યું છે.

૧૩. ધનસાર શેઠનું ઘર પડી જતાં કૃતપુણ્યની પત્ની એક નાનકડી ઓરડીમાં રહેતી હતી.

૧૪. કૃતપુણ્યએ પરદેશ જઈ ધન કમાવવાની ઈચ્છા પત્ની સમક્ષ કરી ત્યારે પત્નીએ કહ્યું, ''સ્વામીનાથ ! તમે ક્યાં પરદેશ જશો ? તમે અહીં જ રહો. હું કાંતવાનું, પીસવાનું અને ખાંડવાનું કાર્ય કરી ઘર સંસાર ચલાવીશ. તમે જરા પણ ચિંતા ન કરશો.''

૧૫. કૃતપુણ્યએ પોતાના પાડોશી **ચંદ્રજશ** નામના શેઠને કહ્યું, ''તમે જ્યારે દેશાવર જાઓ, ત્યારે મને કહેજો. હું પણ તમારી સાથે આવીશ !''

સંસારની ગતિવિધિથી અજાણ કૃતપુણ્યએ પાડોશી સાથે પરદેશ જવાનું સ્વીકાર્યું કારણકે 'એકથી ભલા બે.'

૧૬. ચંદ્રજશ શેઠે કહ્યું, ''હું કાલે સવારે પરદેશ જઈશ, જો તમારે પરદેશ આવવું હોય તો નગરની બહાર બલદેવનું દેવળ છે ત્યાં આવીને સૂઈ જજો.''

૧૭. **સોમધ્વજ** નામનો ૯૯ ક્રોડ સોનૈયાનો ધણી પરદેશમાં મૃત્યુ પામ્યો. તેના મૃત્યુના વાવડ પત્ર દ્વારા મળ્યા. તે પત્ર સોમધ્વજની માતાએ વાંચ્યો.

૧૮. સોમધ્વજની માતાએ ધનની સુરક્ષા માટે પ્રપંચ રચ્યો. તેમણે પુત્રવધૂઓ સમક્ષ પ્રથમથી જ ખુલાસો કર્યો હતો કે, ''આ નગરમાંથી કોઈ રૂપાળો પુરુષ આપણા મહેલમાં લાવશું. તે પુરુષ સાથે સંસાર સુખો ભોગવી પુત્ર પ્રાપ્ત કરજો. ત્યાર પછી આપણે તેને જે સ્થાનેથી લાવશું તે સ્થાને પાછા મૂકી આવશું.'' આ સાંભળીને ચારે પુત્રવધૂઓ રાજી રાજી થઈ ગઈ.

૧૯. બલદેવના દેવળમાં રૂપરૂપના અંબાર સમા કૃતપુણ્યને જોઈને ચારે પુત્રવધૂઓએ સાસુને કહ્યું, ''સાસુજી ! તમે કહો તો આ પુરુષને લઈ જઈએ ?'' સાસુએ કહ્યું, ''તમને ગમે તો તેને લઈ ચાલો.''

અહીં પુત્રવધૂઓની હાંસલથી કાર્ય સંપન્ન થયું છે. અહીં વહુઓનો સાસુ પ્રત્યેનો અહોભાવ અને વિનય પ્રગટ થયો છે. અહીં સાસુનો વહુઓ પ્રત્યેનો દાબ જોવા મળતો નથી. તેમની વચ્ચે સમજૂતી અને સ્નેહ છે પરંતુ સંબંધોમાં કડવાશ કે નિયંત્રણ નથી.

૨૦. કૃતપુણ્યને મહેલમાં લાવ્યા. પ્રભાત થતાં તે જાગૃત થયો ત્યારે તેમની આજુબાજુ ગોઠવાયેલી સ્ત્રીઓએ પૂછ્યું, ''સ્વામીનાથ ! તમે પૂર્વ ભવમાં કયા પુણ્યો કર્યાં હતાં, જેથી તમે અહીં ઉત્પન્ન થયા ?''

અહીં કથાકાર દેવલોકની પરંપરાને અનુસારે છે. ઉપપાત શૈયામાં ઉત્પન્ન થયેલા દેવને તે સ્થાનની દેવીઓ શિષ્ટાચાર અનુસાર ઉપરોક્ત પ્રશ્ન પૂછે છે.

૨૧. વૃદ્ધાએ કહ્યું, ''અમે કુલદેવતાની આરાધના કરી હતી તેથી તેમણે તને અહીં મોકલ્યો છે.''

૨૨. ચારે પુત્રવધૂઓએ કૃતપુણ્ય જેવા જ રૂપાળા ચાર બાળકોને જન્મ આપ્યો.

૨૩. પ્રત્યેક રત્નની કિંમત સવા ક્રોડની હતી.

ચારે રત્નની કિંમત પાંચ કરોડ થઈ. પ્રાયઃ સર્વ કવિઓ રત્નની ચોક્કસ કિંમત અંગે મૌન છે.

૨૪. બળદેવના દેવળમાં કૃતપુણ્યને મૂકવા આવેલી સ્ત્રીઓએ નિસાસો નાખી કહ્યું, ''આ અક્કાનું મૃત્યુ કેમ થતું નથી ?'' આ પ્રસંગે સાસુ પ્રત્યે વહુઓનો ભારોભાર તિરસ્કાર, અપ્રિયતા અને અણગમો પ્રદર્શિત થયો છે.

૨૫. કૃતપુણ્યની પત્નીએ બલદેવના દેવળમાં પોતાના પતિને જોઈ ચરણ સ્પર્શ કર્યા. ત્યાર પછી ઘુંઘટ તાણી કહ્યું, ''પ્રાણનાથ ! હું મેઘની જેમ તમારી વાટ જોઈ રહી હતી. તમારા આગમનથી મોતીડે

મેઘ વરસ્યો છે.''

૨૬. બલદેવના દેવળમાં ખાટલા પર આડા પડેલા કૃતપુણ્યએ વિચાર્યું, 'ઘર છોડયે બાર વર્ષ થઈ ગયા. મારી પત્ની મારી વાટ જોતી હશે. ઘણું ધન કમાઈને પતિદેવ આવશે તેવી આશામાં જીવતી હશે પરંતુ હું તો અભાગી અને દરિદ્ર છું. ધન વિના હું ઘરે પાછો કઈ રીતે જાઉં ?

અહીં કથાકારે ચરિત્રનાયકને પરિવારલક્ષી બતાવ્યો છે.

૨૭. કૃતપુણ્યની પત્નીએ શૈયા સંકેલતા લાડુની ચાર કોથળીઓ જોઈ.

૨૮. લાડુમાંથી નીકળેલું રત્ન સફેદ વર્ણનું હતું.

૨૯. કૃતપુણ્યએ એક રત્ન વટાવી ગરીબાઈ દૂર કરી. હવે પૂર્વની જેમ ઘરમાં પુનઃ રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઈ. લક્ષ્મીદેવીની મહેર થતાં લોકો તેને આદર ભાવ આપવા લાગ્યા.

૩૦. **સેચનક હાથી** દેવાધિષ્ટ હતો.

૩૧. રાજાએ રત્ન વિશે કંદોઈને વારંવાર પૂછયું પરંતુ કંદોઈએ એક જ ઉત્તર આપ્યો કે, ''આ રત્ન મારું જ છે.'' છેવટે રાજાને ક્રોધ આવ્યો ત્યારે કંદોઈને ઊંચો બાંધી ખભા પર માર મરાવ્યો.

રત્નના સાચા હક્કદારની ખોજ માટે **મહારાજા શ્રેણિકે** પ્રથમ પૂછપરછ અને ત્યાર પછી જરૂર પડતાં છેવટે દંડનીતિ અપનાવી.

સામ (મીઠાં વચનો), દંડ (પીડિત કરીને), ભેદ (ફૂટ પડાવી) અને ઉપપ્રદાન (યથાયોગ્ય નીતિ એને અભિમત કાંઈક થોડું અવશ્ય આપવું) આ ચાર નીતિનો પ્રયોગ ન્યાય માટે થયો છે.

૩૨. મહામંત્રી અભયકુમારે સેવકોને સૂચના કરી કે, ''યક્ષ પૂજન માટે આવનાર વ્યક્તિમાંથી જે કોઈ યક્ષ મૂર્તિને જોઈ કહે કે, આ મારા પિતા છે અથવા આ મારા પતિ છે. તેમને મારી પાસે લાવજો.'

૩૩. સેવકોએ વૃદ્ધાને પકડી માર માર્યો. તેને ઘરમાંથી બહાર કાઢી નાંખી. તે ભીખારીની જેમ નગરમાં રખડી પોતાનું પેટ ભરવા લાગી.

અહીં વૃદ્ધાને જીવન નિર્વાહ માટે ફૂટી કોડી અપાઈ નથી. સોમધ્વજ શેઠની બધી જ મિલકત કૃતપુણ્ય શેઠને સહજ મળી ગઈ. કૃતપુણ્યના સૌભાગ્યની સરાહના કરવા આવો કથાંશ પ્રયોજાયેલો છે.

૩૪. કૃતપુણ્યના પરિવારમાં છ સ્ત્રીઓ અને છ પુત્રો હતા.

કથાકાર અહીં છ પુત્રનો ઉલ્લેખ કરે છે, તે નવીનતા છે. કૃતપુણ્યની પરણેત્તર (પ્રથમ પત્ની) એક પુત્ર અને ચાર સ્ત્રીઓના ચાર પુત્રો હતા. ત્યાર પછી રાજકુમારીના લગ્ન થતાં તેનો પણ પુત્ર થયો હોવો જોઈએ. આમ, કુલ છ પુત્રનો ઉલ્લેખ કવિશ્રીએ આ પ્રમાણે કર્યો હોવો જોઈએ.

૩૫. કયવન્ના શેઠના ઘરમાં ૯૯ ક્રોડ સોનૈયા થયા.

અન્ય કોઈ કવિએ આવો ઉલ્લેખ દર્શાવ્યો નથી.

૩૬. છ પુત્રોને ઘરનો કારભાર સોંપી, સ્ત્રીઓની રજા લઈ કૃતપુણ્યએ દીક્ષા અંગીકાર કરી.

૩૭. મહારાજા શ્રેણિક જાતિ, કુળ, નીતિ, ન્યાય, ઉદારતા, ધીરજ, ગંભીરતા વગેરે ગુણોથી સંપન્ન હતા.

પ્રકરણ : ૫
કૃતપુણ્ય કથાનક : તુલનાત્મક અધ્યયન

પૂ. રાજશેખરસૂરિજી દ્વારા આલેખાયેલા પ્રસ્તુત કૃતપુણ્ય - કયવન્ના કથાના મૂળમાં પરવર્તી મનીષીઓએ કેટલાંક પરિવર્તનો કર્યા છે. કથા કહેનાર બદલાય તેની સાથે સ્વાભાવિક રીતે જ અહીં તહીં ફેરફારો જોવા મળે છે. આ ફેરફારો મૂળસ્વરૂપને વધુ રોચક બનાવવા કે કથાઘટકને સતર્ક બનાવવાના આશયથી થયા હોય છે. આ પરિવર્તનોની પાછળ કર્તાઓની માનસ છબી જોવા મળે છે. લેખક એ જમાનાનું સંતાન છે તેથી પોતાની આસપાસના જમાનાનાં વાતાવરણને આત્મસાત કરીને કથાનકમાં ફેરફાર કરે છે. પ્રત્યેક કવિના સમયની સામાજિક, ધાર્મિક અને વૈચારિક પ્રણાલિકાઓનું પ્રતિબિંબ કથામાં ઝીલાયું છે.

અહીં કોઈ ગ્રંથકારોની ક્ષતિ શોધવાનો કે એક કરતાં બીજા ગ્રંથકારને શ્રેષ્ઠ બતાવવાનો બિલકુલ આશય નથી. અહીં માત્ર તુલનાત્મક અભ્યાસની દૃષ્ટિએ પરિવર્તનો શોધવાનો પ્રયાસ કર્યો છે.

મંગલાચરણ :

શુભ કાર્યોનાં શ્રી ગણેશ કરવા પૂર્વે મધ્યકાલીન કવિઓએ મંગલાચરણને પ્રાથમિક સ્થાન આપ્યું છે. મંગલાચરણમાં વિનય અને નમ્રતાનો ભાવ છે. **'વિદ્યા વિનયેન શોભતે'** એ ભાવને અનુસરી મહાન કાર્યના શુભારંભ પૂર્વે પ્રત્યેક કવિઓએ પોતાના વિઘ્નનાશક આરાધ્યની અચૂક સ્તવના કરી છે. પ્રત્યેક કૃતિકારની મંગલાચરણની પદ્ધતિ પોતાની આસ્થા અનુસાર અનોખી છે.

- **કવિશ્રી પદ્મવિજયજી**એ પ્રારંભમાં કવિઓની માતા શારદા અને પોતાના સદ્‌ગુરુની સ્તવના કરી છે.
  ''ગુરુવિણ વાટ ન જાણિઈ, હીયા મઝિ અજ્ઞાન ન વારઈ;
  જસુ વિણ કાજ ન કોઈ સરઈ, સુગુરુ એક જગ તરણ તારણ'' (૫)

- **કવિશ્રી સાધુરતનસૂરિજી**એ કાવ્યના પ્રારંભમાં જૈન ધર્મના સંસ્થાપક જિનેશ્વર દેવ તથા વાગ્દેવી સરસ્વતી માતાને ભાવપૂર્વક નમસ્કાર કર્યા છે.

- **કવિશ્રી ઋષભદાસ** આદ્ય તીર્થંકર, મરૂદેવા માતા અને નાભિરાયના નંદન શ્રી ઋષભદેવ ભગવાનનું નામસ્મરણ કરે છે.

- **કવિશ્રી ગુણવિનયજી**એ જૈનોના ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથજિનના ચરણોમાં નમસ્કાર કરી પોતાના ગચ્છનાયક બહુસૂત્રી શ્રી જિનચંદ્રસૂરિજીનું નામસ્મરણ કરી **'કયવન્ના સંધિ'**નો શુભારંભ કરે છે. કવિશ્રીએ આ કૃતિનું કવન મહિમપુરમાં કર્યું છે. સંભવ છે કે મહિમપુરના જિનાલયમાં પાર્શ્વપ્રભુ મૂળનાયક તરીકે હોવા જોઈએ તેથી કવિશ્રી પાર્શ્વપ્રભુને વંદન કરે છે.

- **કવિશ્રી કલ્યાણરત્નસૂરિ** 'સુખકરણી રે સરસતિ સામણિ મનિ ધરી' (૧) એવું ટાંકી બ્રહ્મપુત્રી

સરસ્વતીનું ચિંતન કરે છે.

- **કવિશ્રી ગુણસાગરસૂરિ** મારૂ રાગના દુહામાં ચાર પ્રકારના ધર્મમાંથી પ્રથમ દાનધર્મનો મહિમા ગાયો છે. કવિશ્રીએ અલગ રીતે મંગલાચરણ ન કરતાં દાન ધર્મનો માહાત્મ્ય દર્શાવતી કથાના પ્રારંભ સાથે મંગલાચરણને વણી લીધું છે.

- **કવિશ્રી લાલવિજયજી**એ ત્રૂટક છંદમાં 'આદિ જિનવર ધ્યાઉં' એમ કહી આદિનાથ ભગવાનનું ધ્યાન ધર્યું છે.

- **કવિશ્રી વિજયશેખરસૂરિ**એ પ્રારંભમાં આ અવસર્પિણી કાળના પાંચ પ્રભાવક તીર્થંકરોને સ્તવ્યા છે. શ્રી આદિનાથ, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર સ્વામીને વંદન કરી શ્રુતદેવી માતા સરસ્વતીને પ્રણામ કર્યા છે.

- **કવિશ્રી જયરંગમુનિ**એ પ્રારંભમાં શુદ્ધ મને અરિહંત દેવની ભક્તિ કરી સરસ્વતી દેવીનું નામસ્મરણ અને સદ્‌ગુરુના ચરણે નમસ્કાર કર્યા છે.

- **કવિશ્રી દીપ્તિવિજયજી**એ કવિશ્રી કલ્યાણરત્નસૂરિજીની જેમ બ્રહ્માપુત્રી, હંસવાહિની માતા સરસ્વતીની સ્તુતિ કરી છે.

- **કવિશ્રી મલયચંદ્રજી**એ ચરમ તીર્થંકર શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને અને શ્રુતદેવી સરસ્વતીને વંદન કરી કવન કરે છે.

- **કવિશ્રી ફતેહચંદજી**એ પોતાના આરાધ્યદેવ તરીકે પાર્શ્વપ્રભુને સ્તવ્યા છે.

- **અજ્ઞાત કવિશ્રી**એ અલગથી મંગલાચરણ ન કરતાં સુકૃતના કરનારા કયવન્નાના ચરિત્રને સૌભાગ્યશાળી ગણી કૃતિને પદ્ય અને ગદ્યમાં ગૂંથે છે.

- **અજ્ઞાત કવિશ્રી કૃત કયવન્નાશેઠની કથા (ગદ્ય)**માં ઈષ્ટદેવને નમસ્કાર કર્યા છે.

- **કવિશ્રી વિજયધર્મધુરંધરસૂરિ, કવિશ્રી દેપાલ**ની પ્રકાશિત કૃતિઓ અતિ સંક્ષેપમાં હોવાથી અલગથી મંગલાચરણને અવકાશ નથી આપ્યું. તેમણે **અજ્ઞાત કવિશ્રી**ની જેમ જ કૃતપુણ્યને સૌભાગ્ય-શાળી ગણી તેનું નામ સ્મરણ જ મંગળ ગણ્યું છે.

આમ, પ્રત્યેક કવિઓએ કાવ્યના પ્રારંભમાં પોતાના ઈષ્ટદેવને સ્તવી નમસ્કારભાવ પ્રદર્શિત કર્યો છે. ઈષ્ટદેવની સ્તુતિ કરનારો અહમભાવનું વિસર્જન કરી પૂજ્યતા પ્રગટ કરે છે ત્યારે કલમ અવિરતપણે ચાલવા માંડે છે.

કથા પ્રયોજન :

કૃતપુણ્ય કથાનકના રચયિતા મધ્યકાલીન કવિઓનો કથા પ્રયોજનનો હેતુ એકસમાન છે. જિનેશ્વર પ્રરૂપિત દાન, શીલ, તપ અને ભાવ આ ચાર પ્રકારના ધર્મમાંથી દાનધર્મનું મહાત્મ્ય દર્શાવવા કવિઓએ

પોતાના કાવ્યમાં કથાવસ્તુ તરીકે કૃતપુણ્યનું ચરિત્ર ગૂંથ્યું છે.

- **કવિશ્રી પદ્મસાગરસૂરિજી**એ 'દાન તણઈ અધિકારી સુણો, ભવિયણ હરખી ચિત્ત' (૫) કહી દાનની મહત્તા દર્શાવવા 'કયવન્ના ચતુષ્પદી'નું કવન કર્યું છે.

- **કવિશ્રી રતનસૂરિજી**એ દાનનો મહિમા વર્ણવી તેનુ પ્રામણ દર્શાવવા શાલિભદ્રનું ઐતિહાસિક દષ્ટાંત ટાંક્યું છે. દાન જગતમાં સર્વ શ્રેષ્ઠ છે. દુર્ગતિ નિવારક, સુખ - સંપત્તિ દાયક, મનવંછિત ફલદાયક છે. દાનથી જ સંસ્કારી પત્ની અને પુત્રો પ્રાપ્ત થાય છે. દાન આપવાથી શત્રુતાનું વિસર્જન અને મૈત્રીનું પ્રસારણ થાય છે. દાનથી જ શાલિભદ્રને અપાર સુખ મળ્યું. ખરેખર ! દાનની તોલે કોઈ ન આવે. દાન આપવાથી જ કયવન્નાને અપાર સુખ પ્રાપ્ત થયું.

- **કવિશ્રી દેપાલજી**એ 'કયવન્ના વિવાહલુ'માં કૃતપુણ્યના જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ ટાંકે છે. જેમાં રાજગૃહી નગરીના મહામંત્રી અભયકુમારની ઔતપાતિકી બુદ્ધિના ચમત્કાર જોવા મળે છે. યુક્તિ પૂર્વક અભયકુમાર મહામંત્રી કૃતપુણ્યને પોતાના પરિવાર સાથે મેળાપ કરાવે છે. અહીં દાનનો મહિમા ગૌણ છે પરંતુ પૂર્વભવમાં આપેલા સુપાત્રદાનના કારણે જ લખલૂટ સંપત્તિ અને પરિવારનો સુમેળ થયો.

- **કવિશ્રી ઋષભદાસજી**એ પુણ્ય - સુકૃત્યનો મહિમા અંતિમ મંગલાચરણમાં ગાયો છે. (૧૫૧) પ્રચુર પુણ્યથી કયવન્નાના કુળમાં ચાર પુત્રો જન્મ્યા. પુણ્યની મહત્તા દર્શાવતાં કવિ કહે છે : પ્રબળ પુણ્યના કારણે એક વ્યક્તિ બેઠાં બેઠાં બીજાનું ધન ભોગવે છે જ્યારે બીજો વ્યક્તિ (પાપોદયમાં) પોતાનું મેળવેલું ધન પણ ખોઈ નાંખે છે. વળી, એક વ્યક્તિને ખૂબ મહેનત કરવા છતાં કૂટી કોડી મળતી નથી જ્યારે કોઈ બીજો સહજપણે ધન પ્રાપ્ત કરે છે. માટે કહ્યું છે કે, 'આપ્યા વિના કદી મળતું નથી અને આપેલું કદી ફોગટ જતું નથી.' ચરિત્રનાયક કોઈપણ જાતના ઉદ્યમ કર્યા વિના બીજાની લક્ષ્મી ભોગવી રહ્યો હતો. આમ, અહીં પણ પુણ્ય (સુપાત્રદાન , સુકૃત્ય)નો મહિમા જ ગવાયો છે.

- **કવિશ્રી ગુણવિનયજી**એ દાન ધર્મને મુખ્યતા આપી છે. દાન ધર્મમાં પણ 'અભય સુપાત્ર તિહાં શિવ કારણ' (૫) એમ કહી સુપાત્ર દાનનાં સંદર્ભમાં કયવન્ના ચરિત્રનું આલેખન કરે છે.

- **કવિશ્રી કલ્યાણરત્નસૂરિજી**એ દાનનો પ્રભાવ તો વર્ણવ્યો છે પરંતુ એનાથી આગળ વધી દાન આપતાં પરિણામોની શુદ્ધતા અને અખંડતા પર ભાર મૂકે છે. સુપાત્ર દાનના ફળસ્વરૂપે કૃતપુણ્યને સાંપ્રત ભવમાં રિદ્ધિ સિદ્ધિ મળી પરંતુ સુખમાં વચ્ચે વચ્ચે ઉભી થયેલી અંતરાયનું મુખ્ય કારણ ત્રુટક ભાવધારા હતું. કવિશ્રી આ કથાનક દ્વારા દાન આપવાની વિધિ અને ભાવોની સ્થિરતા ઉપદેશે છે.

- **કવિશ્રી ગુણસાગરસૂરિજી**એ ચાર ગાથાઓમાં વિશદતાથી દાનનો મહિમા ગાયો છે. દાન આપવાથી દરિદ્રતા પલાયન થાય છે. દાન વિના ભોગ ન મળે. દાનથી અપકીર્તિ, પરાભવ અને વ્યાધિ નાશ પામે છે. દાનથી નિર્ભયતા અને શ્રીમંતાઈ પ્રાપ્ત થાય છે. લક્ષ્મીનો સદવ્યય થાય છે અને અનર્થો વિફળ થાય છે. સુપાત્ર દાન આપતાં ભૂમિતલ પર કીર્તિ - યશ વધે છે. એક જન્મમાં આપેલું સુપાત્ર દાન જન્મોજન્મ પુણ્ય બંધાવે છે.

ઉપરોક્ત કથનની પૂર્તિ માટે કૃતપુણ્યનું કથાનક કવિશ્રી આલેખે છે.

- **કવિશ્રી લાલવિજયજી**એ દાનનો મહિમા વર્ણવ્યો નથી પરંતુ 'લટકાલી મુગતિ તેણઈ પામી, તે તુ દાન પ્રભાવિં' (૧૪); એવું કહી આડકતરી રીતે કાવ્યના અંતે દાનને જ પ્રાથમિકતા આપે છે.

- **કવિશ્રી વિજયશેખરસૂરિજી**એ પરંપરાગત દાનનો મહાત્મ્ય દર્શાવી વિક્રમ રાજા, ભોજ રાજા, શાલિભદ્ર જેવાં ઐતિહાસિક પુરુષોનાં નામ પુરાવા રૂપે ટાંકે છે.

- **કવિશ્રી જયરંગમુનિજી**એ 'કયવન્ના ચોપાઈ કહું, દાન ધરમ દીપાય' (૨) અંતમાં કવિશ્રી દાનધર્મની શ્રેષ્ઠતા ટાંકે છે કે, 'નહીં કોઈ દાનને તોલે જી, દાન તણાં ફળ દીસે ચાવાં, દિન દિન અધિક દિસે વાજાંજી' (૧૬)

- **કવિશ્રી દીપ્તિવિજયજી**એ દાનનો મહિમા ગાતાં (૫-૬) કહ્યું છે - દાનથી જ સુખ-સંપત્તિ, યશ અને રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી, દાનથી જ શિવરમણીના સુખ મળે છે. આમ, 'એક પંથ દો કાજ' કહેવત ટાંકી ભૌતિક અને આધ્યાત્મિક સુખનું કારણ દાન છે, એવું દર્શાવે છે.

- **કવિશ્રી મલયચંદ્રજી**એ અન્ય કવિઓની જેમ જ દાનનો મહિમા (૨) ગાયો છે.

- **કવિશ્રી સાધુ રતનસૂરિજી**એ 'મુક્તિ રમણી તે પામેં દક્ષ, દાંન પ્રભાવેં ઈસું પ્રત્યક્ષ' (૧૦૬) કહી દાન ધર્મનો પ્રભાવ ઉજાગર કર્યો છે.

- **કવિશ્રી ફતેહચંદજી**એ 'દાંનતણા ફલ દાખીયા રે, કયવન્ને સોભાગ' (ઢા.૪, ક.૨૬) ટાંકી દાનને જ મુખ્યતા આપી છે.

- **કવિશ્રી ગંગારામજી**એ (૩-૪) ગૌતમસ્વામીની લબ્ધિ, અભયકુમારની બુદ્ધિ, શાલિભદ્રની સંપત્તિ અને કયવન્નાનાં સૌભાગ્યનું સ્મરણ કર્યું છે. તેમણે દાન અંગે અન્ય કવિઓની જેમ કોઈ વિશેષ પંક્તિઓ ટાંકી નથી. પરંતુ કયવન્નાના સૌભાગ્યને ઉજાગર કરવા આ કથાનક ચૂંટયું છે. આ સૌભાગ્ય અંતે તો સુપાત્ર દાનના પ્રભાવે જ પ્રાપ્ત થયું હોવાથી પરોક્ષ રીતે કવિશ્રી દાન ધર્મને જ પ્રધાનતા આપે છે.

- 'સૌભાગ્ય હોજો કૃતપુણ્ય તણું' એવું આલેખી **કવિશ્રી વિજયધુરંધરસૂરિજી** પણ ગંગારામજીના પગલાંને અનુસરે છે.

- 'તુમ્હિ જોઉ કરમ વિચાર' એવું આલેખી **અજ્ઞાત કવિશ્રી**એ જૈન ધર્મનો કર્મ સિદ્ધાંત ઉજાગર કર્યો છે. તેથી અન્ય કવિઓથી તેઓ જુદા પડે છે.

- દાનકુલક બાલાવબોધમાં સુપાત્રદાનનો મહિમા ગાવા આ કથાનક **અજ્ઞાત લેખકે** ગદ્યમાં આલેખ્યું છે.

- 'દ્રવ્ય વિના લોકમાં આદર ન મળે' આ કથનની પૂર્તિ કરવા **અજ્ઞાત લેખકે** કૃતપુણ્યનું કથાનક દર્શાવ્યું છે. અંતે ધન પણ સુકૃત્ય (પુણ્ય)થી જ પ્રાપ્ત થાય છે. શેરડીમાં જેમ સર્વત્ર સાકર હોય છે, તેમ પ્રસ્તુત કૃતિઓમાં સવર્ત્ર દાન-ધર્મના મહાત્મ્યનું કથન છે.

નામ : વસ્તુ કે વ્યક્તિને ઓળખવામાં નામ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ક્ર.	કવિનું નામ	માતા-પિતા (વર્તમાનભવના)	માતા-પિતા અને પુત્ર (પૂર્વભવના)	સસરા	પરણેત્તર (પ્રથમ)	વેશ્યાપુત્રી અને અક્કા	ચાર સ્ત્રી	ચાર સ્ત્રીનો પ્રથમ પતિ	ચાર સ્ત્રીન સાસુ-સસરા	પુત્ર	રાજકુમારી	સમવસરણ સ્થળ અને ગતિ
૧.	પદ્મસાગર	ધનાવાહ શેઠ ભદ્રા શેઠાણી	-	-	-	-	-	-	-	-	-	દેવલોક
૨.	રતનસૂરિ	ધનાવાહ શેઠ સુમિત્રા શેઠાણી	ગોવાલ - ગંગાદે પુત્ર ગંગદત્ત	-	સુહાસણિ	મદનમંજરી	-	-	-	-	-	મોક્ષ
૩.	દેપાલ અને ધર્મધુરંધર	-	-	-	-	-	-	-	-	-	-	દેવલોક
૪.	ઋષભદાસ	ધનદત્ત શેઠ સુભદ્રા શેઠાણી	ગોવાલ - ગંગાનો પુત્ર ગંગદત્ત	-	સોહાસણિ	-	-	કુબેરદત્ત	-	-	લીલાવતી	દેવલોક, ત્યાંથી ચ્યવી મહાવિદેહ જઈ સિદ્ધ થશે
૫.	ગુણવિનય	ધનપાલ શેઠ ભદ્ર શેઠાણી	-	-	-	વસંતસેના	-	ધનદત્ત	સુધન શેઠ મહિમા શેઠાણી	-	-	દેવલોક
૬.	કલ્યાણરત્ન	ધન્ય શેઠ ભદ્રા શેઠાણી	-	-	-	-	-	-	-	-	-	દેવલોક
૭.	ગુણસાગર	ધનેશ્વર શેઠ સુભદ્રા શેઠાણી	ગોપાલક	તેજસી શેઠ	ધન્યા	અનંગસેના	-	જિનદત્ત	ધનદત્ત શેઠ વિણા શેઠાણી	-	મનોરમા	વૈભારગિરિ પાંચમું બ્રહ્મદેવલોક
૮.	લાલવિજયજી	ધનાવાહ શેઠ સુભદ્રા શેઠાણી	ગંગાધરનો પુત્ર ગંગદત્ત	-	-	મદનમંજરી	-	-	-	-	-	મોક્ષ
૯.	વિજયશેખર	ધન્યશેઠ કલાવતી શેઠાણી	વિજયપુરના ધનદત્ત શેઠ અને પદ્મશ્રીનો પુત્ર વસુદત્ત	વૈશ્રમણ શેઠ	કાંતિમતી	માધવસેના	-	સૂર શેઠ	-	-	-	જૃંભકઉદ્યાન સુધર્મા દેવલોક
૧૦.	જયરંગ	ધનદત્ત શેઠ વસુમતી શેઠાણી	-	સાગરદત્ત	જયશ્રી	-	-	-	-	-	-	ગુણશીલ ઉદ્યાન સર્વાર્થસિદ્ધ વિમાન
૧૧.	દીપ્તિવિજય	ધનાવાહ શેઠ સુમિત્રા શેઠાણી	શ્રીપુર ગામના ગોવાલ-ગંગાદેનો પુત્ર ગંગદત્ત	-	ધનવતી	મદનમંજરી	કનકાવતી ગુણસુંદરી રૂપસુંદરી અને ભાગ્યવંતી	જિનદત્ત	-	-	મનોરમા	વૈભારગિરિ પર્વત પાંચમા બ્રહ્મદેવલોકથી ચ્યવી મહાવિદેહ થઈ મોક્ષ
૧૨.	મલયચંદ્ર	ધનાવાહ શેઠ સુભદ્રા શેઠાણી	શ્રીપુર ગામના ગોવાલ-ગંગાદેનો પુત્ર ગંગદત્ત	-	સોહાસણિ	મદનમંજરી	-	-	-	-	લીલાવતી	મોક્ષ
૧૩.	ફતેહચંદ	ધનાવાહ શેઠ ભદ્રા શેઠાણી	શાલીગ્રામની કોઈ વૃદ્ધા	સાગરદત્ત	જયશ્રી	લલિતાપુરની વેશ્યા	-	-	-	-	-	સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવી મહાવિદેહ થઈ મોક્ષ
૧૪.	ગંગારામજી	ધનદત્ત શેઠ વસુમતી શેઠાણી	-	સાગરદત્ત	જયશ્રી	-	-	-	-	-	-	ગુણશીલ ઉદ્યાન મોક્ષ
૧૫.	અજ્ઞાત (સજ્ઝાય)	અભિસાગર શેઠ	-	-	-	-	-	-	-	-	-	-
૧૬.	અજ્ઞાત (બાલાવબોધ)	ધનાવાહ શેઠ સુભદ્રા શેઠાણી	-	-	-	-	-	-	-	-	-	એકાવતારી મહાવિદેહ થઈ મોક્ષ
૧૭.	અજ્ઞાત (કથા)	ધનસાર શેઠ સુકમલા શેઠાણી		ગંધદત્ત	રવંકા	ગુલાબસુંદરી	-	-	-	-	-	ગુણશીલ ઉદ્યાન સર્વાર્થસિદ્ધ વિમાન

- કયવન્ના ચરિત્રમાં ચરિત્ર નાયકનું નામ **'કૃતપુણ્ય - કયવન્નો'** પ્રત્યેક કવિઓએ એક સમાન જ આલેખ્યું છે. આ કથાનકમાં આવતા અન્ય પાત્રોના નામમાં થોડો ફેરફાર જોવા મળે છે. જો કે મગધ દેશ, રાજગૃહી નગરી, મહારાજા શ્રેણિક, રાણી ચેલ્લણા (કવિશ્રી ગુણસાગરજીએ ઢા.૧, ક.૪માં ચેલ્લણાને બદલે સુનંદાનો ઉલ્લેખ કર્યો છે), મહામંત્રી અભયકુમાર, સાર્થવાહ (કવિશ્રી ગંગારામજીએ સાર્થવાહનું નામ ધનપતિ ટાંક્યું છે) સેચનક હસ્તી, કંદોઈનો ઉલ્લેખ પ્રત્યેક કૃતિમાં એકરૂપ છે.

ઉપરના કોઠા પરથી જણાય છે કે, કવિશ્રી સાધુરતનસૂરિ અને કવિશ્રી દીપ્તિવિજયજીએ **'(દાન) કુલકની વૃત્તિ'** પરથી પોતાની કૃતિનું આલેખન કર્યું છે. તેમની કૃતિમાં શેઠાણીનું નામ સુમિત્રા છે અને રાસનાયિકાનું નામ અનુક્રમે સોહાસણિ (સૌભાગ્યવતી) અને ધનવતી (સૌભાગ્યવતી) છે. આમ, બન્ને કૃતિઓમાં નામના સંદર્ભે શબ્દભેદ છે પરંતુ અર્થભેદ નથી. દીપ્તિવિજયજીએ ચારે સ્ત્રીઓનાં નામ ઉપરાંત પૂર્વ પતિનું નામ જિનદત્ત અને રાજકન્યા નું નામ મનોરમા ટાંક્યું છે.

- કવિશ્રી જયરંગમુનિ અને કવિશ્રી ગંગારામજીએ કૃતિના આલેખનમાં યતીન્દ્રવિજયજી કૃત **'કયવન્ના ચરિત્રમ્'**નો આધાર રાખ્યો છે. એવું કૃતિના પાત્રોના નામોલ્લેખ પરથી જણાય છે. પ્રત્યેક નામમાં સામ્યતા છે. **કવિશ્રી વિજયશેખરજી**ની કૃતિમાં ફક્ત ધન્ય શેઠ સિવાય પ્રત્યેક નામમાં જુદાપણું જોવા મળે છે.

અજ્ઞાત કવિશ્રી (કથા)ની કૃતિમાં નામોલ્લેખમાં ઘરખમ ફેરફાર છે. આ કથા **'સુકતાવલી'**ના આધારે લખાયેલી છે.

તે સિવાયના સર્વ કવિઓએ પોતાની કૃતિનું આલેખન **'આવશ્યક સૂત્રની વૃત્તિ'** અને **'ભરહેસરની વૃત્તિ'**ના આધારે કર્યું છે તેથી તેમની કૃતિઓમાં નામના સંદર્ભમાં ઘણી સામ્યતા જોવા મળે છે. શેઠના નામ અંગે શબ્દભેદ છે પણ તે નહીંવત્ છે. જેમકે - ધનાવાહ, ધન્ય, ધનેશ્વર, ધનદત્ત અને ધનપાળ. એવી જ રીતે શેઠાણીનું નામ ભદ્રા કે સુભદ્રા અંકિત થયું છે.

- **પુનર્જન્મ :**

ચરિત્ર નાયકની ગતિ અંગે ભિન્નતા જોવા મળે છે. જેમકે - કવિશ્રી રતનસૂરિજી, કવિશ્રી લાલવિજયજી, કવિશ્રી મલયચંદ્રજી અને કવિશ્રી ગંગારામજી કૃતપુણ્યને મોક્ષગામી (પંચમગતિ) દર્શાવે છે. તે સિવાયના સર્વ કવિઓ તેમની દેવગતિ નોંધે છે. હા ! દેવગતિમાં પણ ઉત્પત્તિ સ્થાન અંગે કવિઓ એકમત નથી. કોઈ કવિએ સુધર્મા દેવલોક, કોઈએ બ્રહ્મદેવલોક, તો કોઈએ સર્વાર્થસિદ્ધ વિમાનની ગતિ આલેખી છે પરંતુ ચરિત્ર નાયકને વૈમાનિક ગતિનો પરવાનો મળ્યો એમાં સર્વ કવિઓ પોતાની એકમતે સાખ પૂરાવે છે.

શાસ્ત્રકારો કહે છે, ''નિર્ધન હોવા છતાં દાનવીર હોય, સમર્થ હોવા છતાં ક્ષમાશીલ હોય, યુવાન હોવા છતાં કષ્ટસહિષ્ણુ હોય, જ્ઞાની હોવા છતાં મૌન રાખનારો હોય, સુખસામગ્રી હોવા છતાં ઈચ્છાવિનાનો અને દયાવાન હોય તેવો મનુષ્ય સ્વર્ગે - શ્રેષ્ઠ ગતિમાં જાય છે.''

પ્રસ્તુત કથાનકમાં કયવન્નાકુમારના ચાર ભવનો ઉલ્લેખ થયો છે. કયવન્નકુમાર પૂર્વે ગોવાળના ભવમાં તપસ્વી સાધુને નિર્દોષ આહાર વહોરાવી બીજા ભવમાં સૌભાગ્યના સ્વામી બન્યા. તે જ ભવમાં મુનિપણું અંગિકાર કરી સંયમનું શુદ્ધ પાલન કરી દેવલોકમાં દેવપણે અવતર્યા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં

મનુષ્યપણે જન્મી, સંયમ લઈ, દીક્ષા અંગીકાર કરી મોક્ષે જશે.

અહીં પુનર્જન્મનો ઘટકાંશ પ્રયોજાયેલો છે. જેમાં ભૂતકાળનો દોર છેક વર્તમાનકાળ સુધી લંબાયેલો છે. પૂર્વભવમાં ચાર પાડોશણોએ રડતા બાળકને ખીરની સામગ્રી આપી હતી. તે ચારે સ્ત્રીઓ સુપાત્ર દાનની અનુમોદના કરી બીજાભવમાં ચરિત્રનાયકની પત્નીઓ બની અને એક પાડોશણને મહાત્માને ખીર વહોરાવી તે ન ગમ્યું તેથી તે ગણિકા પુત્રી બની.

પુનર્જન્મનો ઘટકાંશ એ કર્મવાદ સાથે સંકળાયેલો છે. સારા-નરસાં કર્મનું ફળ બીજા જન્મમાં પણ ભોગવવું પડે છે. આત્માની અમરતા, કર્મનો નિયમ આદિ સત્યો તીર્થંકરોના કેવળજ્ઞાન અને કેવળદર્શનથી મળેલાં સત્યો છે. આવી ઢગલાબંધ કથાઓ મધ્યકાલીન સાહિત્યમાં મૌજુદ છે.

શ્રી ઋષભદેવ પ્રભુના દસ ભવો, શ્રી નેમિનાથ પ્રભુના નવ ભવો અને શ્રી મહાવીર સ્વામીના સત્યાવીસ ભવો પુનર્જન્મના સચોટ દૃષ્ટાંતો છે.

શામળ કૃત **'માધવાનલની કથા'**માં પૂર્વભવમાં માધવ અને કામકંદલાની પ્રણયચેષ્ટાને કારણે કોપિત ઇંદ્ર તેમને શાપ આપતાં કહે છે કે, ''પ્રણયનો વિયોગ તમારે સહન કરવો પડશે.' બીજા ભવમાં તેમનું મિલન થાય છે પરંતુ બન્નેને એકબીજાના વિયોગે જીવવું પડે છે. ભગવાન મહાવીરે પૂર્વે વાસુદેવના ભવમાં શિશુપાલના કાનમાં ઘગઘગતું સીસું રેડાવ્યું. તેના ફળ સ્વરૂપે સત્યાવીસમા ભવમાં ભરવાડે કાનમાં શૂળો ભોંકી.

આમ, પૂર્વજન્મના માઠાં કર્મનું ફળ બીજા જન્મોમાં પ્રાપ્ત થાય છે તેવી જ રીતે સુકૃત્યુનું ફળ બીજા ભવમાં સારું મળે છે. સત્કર્મોનો જીવને મોટો સહારો છે. જેમ કે - પૂર્વે હાથીના ભવમાં સસલાની દયા પાળનાર આત્મા મહારાજા શ્રેણિકનો પુત્ર મેઘકુમાર બન્યો. **'ધન્ના-શાલિભદ્ર રાસ'**માં પૂર્વભવમાં ભરવાડ બાળકે સાધુને હર્ષપૂર્વક ખીર વહોંરાવી પુણ્ય ઉપાર્જન કર્યું. તેના પ્રતાપે ગોભદ્ર શેઠને ત્યાં પુત્રપણે અવતર્યો, જે શાલિભદ્રના નામથી વિખ્યાત પામ્યો. ધન્યકુમાર અને શાલિભદ્રએ મુનિ પર્યાયમાં આકરું તપ કર્યું તેથી દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી ત્રીજા ભવે મોક્ષ પ્રાપ્ત કર્યો.

'શીલોપદેશ બાલાવબોધ'માં નંદિષેણ પૂર્વભવમાં કોઈ યજ્ઞમાં બ્રહ્મભોજન કરાવતા બ્રાહ્મણના દાસ હતા. તેઓ વધેલું અન્ન સાધુને દાન કરતા. તેના ફળ સ્વરૂપે બીજા ભવમાં મહારાજા શ્રેણિકના પુત્ર નંદિષેણ તરીકે અવતર્યા.

'સુગંધ દશમી'ની નાયિકા પૂર્વભવમાં રાજરાણી હતી. મુનિને કડવી તૂંબડીનું શાક ખવડાવ્યું. તેથી બીજા ભવમાં દુર્ગંધારૂપે જન્મી. તે ભવમાં તેણે સુગંધ દશમીનું વ્રત કર્યું, જેના પ્રભાવે ત્રીજા ભવમાં સુગંધા બની.

આમ, 'વારંવાર પુનર્જન્મનો ઘટકાંશ અસ્તિત્વના ઉચ્ચવિકાસ માટે અને કર્મની સજાના રૂપમાં હોય છે.' તેવી ઉપનિષદની વાણીનો પ્રતિધ્વનિ જૈન કથાઓમાં ઝીલાયો છે.

- **જાતિસ્મરણ જ્ઞાન :**

  આ જ્ઞાન પૂર્વભવની સ્મૃતિરૂપ છે. આવો ઘટકાંશ મધ્યકાલીન કથાઓમાં જોવા મળે છે.

  મેઘકુમારને ભગવાન મહાવીરના પૂર્વભવના કથનથી ઉહાપોહ થતાં જાતિસ્મરણ જ્ઞાન થયું.

'ગુણવર્મારાસ'માં ગુણવર્માને જિનદેવની મૂર્તિ જોતાં મૂર્છા આવે છે. મૂર્છા વળતાં પોતે પૂર્વભવમાં ધનવાહ શેઠનો પુત્ર ધનદત્ત હતો તેવું યાદ આવે છે.

આ જ કૃતિમાં ધનવતીને શિયાળનો અવાજ સાંભળી પૂર્વભવની સ્મૃતિ થાય છે. પૂર્વભવમાં તે શિયાળવી હતી તેવું સ્મરણ થાય છે.

'માધવાનલ'ની કથામાં કામકંદલા નર્તકીના સ્તન પર બેઠેલા ભ્રમરને માધવ ફૂલનો દડો મારી ઉડાડે છે તેથી કામકંદલાને પૂર્વભવનો પતિ માધવ હોવાની સ્મૃતિ થાય છે. કુશળલાભ કૃત **'માધવાનલ કામકંદલા'**માં નૃત્ય કરતી કામકંદલાની કંચૂકીમાં ભમરો ભરાતાં માધવને પૂર્વભવની સ્મૃતિ થાય છે કારણકે પૂર્વભવમાં જયંતી અપ્સરાએ તેને ભમરો બનાવી કંચૂકીમાં દબાવી રાખ્યો હતો.

'વેતાળપચ્ચીસી - ૨'ની ચોથી કથામાં બે સ્ત્રીઓનાં હાસ્યનું કારણ રાજા પૂછે છે. તે સ્ત્રીઓ કહે છે કે, ''તમે જે ગણિકા રાખી છે. તે તમારી આગલા જન્મની માતા છે. તમે એના નૃત્યને જોઈ રાજી થતા હતા તેથી અમને હસવું આવ્યું. આગળના બીજા ભવમાં અમે ત્રણે બહેનો હતી. નિત્ય શિવપૂજા કરતી હતી. તેમાંની એક કે પૂર્વભવમાં માતા હતી તેણે તે વેળા વ્યભિચાર કર્યો હોવાથી આ જન્મે ગણિકા બની છે. અહીં શિવકૃપાથી સ્ત્રીઓને પૂર્વભવનું જ્ઞાન પ્રાપ્ત હતું.

'હંસાવલી' જૂથની કથાઓમાં ચિત્ર દ્વારા નાયિકાને પૂર્વભવનું જ્ઞાન થયું.

કવિશ્રી ગુણવિનયજી કૃત **'કયવન્ના સંધિ'**માં જિજ્ઞાસુ કૃતપુણ્યને પરમાત્માના મુખેથી પોતાના પૂર્વભવનો વૃત્તાંત સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું. (ઢા.૧૧, ક.૮)

આમ, મધ્યકાલીન કથાઓમાં જાતિસ્મરણનો ઘટકાંશ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ, એકાગ્રતા અને ઊંડાણપૂર્વકના ચિંતનથી ઉદ્‌ભવ્યો છે.

- **કયવન્ના - કૃતપુણ્ય નામ કઈ રીતે પડયું તેના સંદર્ભમાં** કેટલાક કવિઓ પોતાના જુદાં જુદાં મંતવ્યો રજુ કરે છે.

કવિશ્રી પદ્મસાગરજી : 'જિમ જિમ વાધઇ બાલક દેહ, તિમ તિમ વાધઇ અધિક સનેહ; લક્ષણ અછઇ સહી કૃતપુન્ન, નાંમ દિવરાવિઉં તિણિ કઇવન્ન.' (૧૧) સ્નેહાળ સ્વભાવ અને સુંદર લક્ષણ જોઈ બાળકનું નામ 'કયવન્નો' પડયું.

કવિશ્રી ગુણવિનયજી : ભદ્રા શેઠાણીને ગર્ભ રહેતાં નગરજનોએ કહ્યું કે, ''તમારી કુક્ષિમાં કોઈ પુણ્યાત્માનું અવતરણ થયું છે.'' તેથી પ્રજાજનોની સાક્ષીમાં નવજાત શિશુનું નામ 'કૃતપુણ્ય' પાડવામાં આવ્યું.

કવિશ્રી દીપ્તિવિજયજી : માતાને પુણ્યશાળી ગર્ભના પ્રભાવે સુકૃત્ય કરણીની અભિલાષા જાગી તેથી બાળકનું નામ 'કૃતપુણ્ય' પાડયું. (ક.૪૦-૪૨)

અજ્ઞાત લેખક : માતાએ સ્વપ્નમાં કેવડાનું વૃક્ષ જોયું, તેથી પુત્રનું નામ 'કયવન્નો' પાડયું.

કૃતપુણ્ય એ સંસ્કૃત નામ છે. કેવડાને પ્રાકૃતમાં 'કેવઈય' કહેવાય છે. તેના પરથી અપભ્રંશમાં 'કયવન્નો' નામ થયું છે.

સુંદર, દેખાવડો, માસુમ ચહેરો, સ્નેહાળ સ્વભાવ, ગર્ભમાં આવતાં માતાને સુકૃત્ય કરવાની ઉચ્ચ

ભાવના થવી એ પ્રબળ પુણ્યની નિશાની છે તેથી ચરિત્રનાયકનું લક્ષણોપેત ગુણસંપન્ન નામ **'કયવન્નો - કૃતપુણ્ય'** પડ્યું, તે યોગ્ય જ છે. નામ પાછળની આવી ઉત્પ્રેક્ષાઓ આકર્ષક છે.

- **જન્મ મહોત્સવ :**

ભગવાન ઋષભદેવથી જન્મ મહોત્સવ ઉજવવાની પ્રથા આજ પર્યંત પરંપરાગત છે. પ્રત્યેક રચનાકારે પ્રસ્તુત ચરિત્રનાયકના આ ઘટકાંશને ઓછાવત્તા અંશે સ્પર્શ કર્યો છે.

કવિશ્રી પદ્મસાગર : 'જનમ મહોછવ કર્યા અનેક' (૧૦)

કવિશ્રી ઋષભદાસ : 'જનમ હુઓ જેણિ વાર રે, ઉછવ તવ ઘણા, તોરણ હાથા બારણઈં એ (૫૫), નાટિકા હોઈ તાંમ રે, દાન દીઈ ઘણું, સજન પોખ કીધો સહી એ (૫૬)'

કવિશ્રી ગુણવિનયજી : 'જનમ મહોત્છવ પિતા કરઈ હરખિત હૂઅઉ એ' (૩)

કવિશ્રી લાલવિજયજી : 'સુભ દિવસી જનમિઉ, ઉત્છવ મહોત્છવ કિધ' (૩)

કવિશ્રી વિજયશેખર : 'મિલીય સોહાસણિ અતિ ઘણી, ધવલ મંગલ ગાયઇ ગીત રે; તોરણ બાંધ્યાં વલી બારણઇ, વાજિંત્ર વાજિ સુરીત રે (૭૯). કરીયા મહોછવ દશ દિનઇ, બારમિં દિનિ દીધું નામ રે. (૮૦)'

કવિશ્રી જયરંગમુનિ : કવિશ્રીએ કાવ્યમાં પ્રત્યેક પ્રસંગને ક્રમબદ્ધ રીતે આલેખ્યા છે. જેમ કે - ગર્ભવતી વસુમતી શેઠાણીનો ત્રીજે માસે ઉત્પન્ન થયેલો દોહદ, ગર્ભના પ્રભાવે વસુમતી શેઠાણી દ્વારા થતાં ધાર્મિક કાર્યો, ધામધૂમપૂર્વક ઉજવાયેલો અઘરણીનો પ્રસંગ, શુભ લગ્ન વેળાએ પુત્રનો જન્મ - જેમાં કવિની જ્યોતિષ વિદ્યાની પ્રખરતા છતી થઈ છે. ત્યાર પછી જન્મોત્સવનો પ્રસંગ વિશદતાથી વર્ણવ્યો છે. (ક.૩-૧૪)

કવિશ્રી ફતેહચંદ : 'સુભ વેલાં સુત જનમ્યાં ઉછવ, નાંમ કયવન્નો દેવેં' (ઢા.૧, ક.૩)

કવિશ્રી ગંગારામજી : કવિશ્રી સંપૂર્ણતયા જયરંગમુનિને અનુસર્યા હોવાથી પરિવર્તિત ઘટકાંશોનું અહીં પુનરાવર્તન કર્યું નથી.

આ સિવાય કવિશ્રી દેપાલજી, કવિશ્રી કલ્યાણરત્નજી, કવિશ્રી ગુણસાગરજી, કવિશ્રી દીપ્તિવિજયજી, કવિશ્રી મલયંદ્રજી,કવિશ્રી વિજયધર્મધુરંધરજી તથા અજ્ઞાત કવિશ્રી અને લેખક જન્મ મહોત્સવના કથાઘટકાંશ વિશે મૌન છે. કવિશ્રી વિજયશેખર અને કવિશ્રી ઋષભદાસે ટૂંકાણમાં તળપદી રીતે જન્મોત્સવની ખુશાલીનો પ્રસંગ વર્ણવ્યો છે. કવિશ્રી જયરંગમુનિ આ પ્રસંગને ખૂબ વિસ્તારથી વર્ણવે છે તેથી સ્વાભાવિક જ તેમાં કોઈ નવો વિકાસ જોવા મળે છે.

સમાજ દર્શન : તે સમયે **ખોળો ભરવાનો મહોત્સવ (અઘરણી)** રંગેચંગે સમાજમાં ઉજવાતો હશે, એવું પ્રતીત થાય છે. આજે પણ અઘરણીનો પ્રસંગ હિંદુ સમાજમાં ખૂબ આડંબરપૂર્વક ઉજવાય છે.

અહીં નોંધ લેવા જેવી એક બાબત છે કે **બાળકનું નામકરણ મા-બાપે જ કર્યું છે**. ફઈબાએ બાળકનું નામ આપ્યું નથી તેથી સિદ્ધ થાય છે કે, પ્રાચીન કાળમાં સમાજમાં માવિત્રો જ પોતાના જ બાળકનું નામ આપતા હતા. વર્તમાન કાળે નામકરણ વિધિમાં ફઈબાનું ચલણ સંભવત: પાછળથી પ્રવેશ્યું હોવું જોઈએ.

વળી, કવિશ્રી જયરંગમુનિએ **બારમે દિવસે નામકરણની વિધિ થઈ** એવું દર્શાવે છે.

મુનિદેવસૂરિજી કૃત **'મંગલકલશ'** કથાનકમાં (૫૦-૫૧) બાળકના જન્મ પછી છઠ્ઠી જાગરણમાં બારમા દિવસે પુત્રનું નામ મંગલકલશ રાખ્યું. આ પ્રાચીન પરંપરા આજે પણ યથાવત્ છે.

'કયવન્ના કથા'ના રચનાકારો પુત્ર જન્મોત્સવને ઓછાવત્તા અંશે આલેખે છે પરંતુ **પુત્રીના જન્મોત્સવ**ના પ્રસંગને સ્પર્શતા જ નથી. સંભવ છે કે, તે સમયે સમાજમાં પુત્રીનો જન્મોત્સવ ઉજવાતો ન હોય. શાસ્ત્રકારો કહે છે કે, 'પુત્રી જન્મે ત્યારે શોક, મોટી થતાં કોને આપવી તેની મોટી ચિંતા અને પરણ્યા પછી સુખી થશે કે કેમ તેની મોટી ચિંતા કન્યાના માવતરને હોય છે.' આ કારણે જ પુત્રીના જન્મોત્સવ પ્રત્યે સમાજમાં ઉપેક્ષા સેવાતી હોવી જોઈએ.

- **વિદ્યાભ્યાસ :**

કવિશ્રી પદ્મસાગર, કવિશ્રી લાલવિજયજી, કવિશ્રી દેપાલ, કવિશ્રી દીપ્તિવિજયજી, કવિશ્રી વિજયધર્મધુરંધરજી, કવિશ્રી ગુણસાગર અને અજ્ઞાત કવિશ્રી આ ઘટકાંશને સ્પર્શતા નથી.

કવિશ્રી રતનસૂરિ : 'ભણ્યો ગુણ્યો જાણૈ અભિરામ' (૧૮)

કવિશ્રી ઋષભદાસ : 'ભણતો નેસાલઈ, પઢી ગુણી પંડિત હુવો એ' (૬૨)

કવિશ્રી ગુણવિનય : કૃતપુણ્ય તીવ્ર બુદ્ધિશાળી હોવાથી વિદ્યાગુરુ પાસેથી રાત દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરી ઝડપથી ઘણી વિદ્યા શીખ્યો. (ઢા.૪, ક.૫)

કવિશ્રી કલ્યાણરત્ન : 'કલા સાધઈ' એવું કહી વિશેષ સ્પષ્ટતા કરતા નથી.

કવિશ્રી વિજયશેખર : કૃતપુણ્ય આઠ વર્ષનો થયો ત્યારે વિદ્યાભ્યાસ માટે પંડિત પાસે મોકલવામાં આવ્યો. તેણે સર્વ વિદ્યાનું સારી રીતે પઠન કર્યું. (૮૨)

કવિશ્રી જયરંગમુનિ : આઠ વર્ષનો થયો ત્યારે માવિત્રએ તેને શાળામાં ભણવા માટે મોકલ્યો. તે સર્વ કળા શીખ્યો. તેને વિદ્યા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તે ભણી ગણી પંડિત થયો. યૌવન વયમાં પણ વિદ્યાસુંદરી પ્રત્યે આસક્ત રહ્યો. (૨૧-૨૨) **કવિશ્રી ગંગારામજી** કવિશ્રી જયરંગમુનિને અનુસરે છે.

કવિશ્રી મલયચંદ્ર : 'ભણ્યો ગણ્યો' એટલું જ ટાંકે છે.

કવિશ્રી ફતેહચંદ, અજ્ઞાત લેખક (બાલા. અને કથા) : કૃતપુણ્ય બહોંતેર કળામાં પ્રવીણ બન્યો.

આમ, સર્વ કવિઓએ કૃતપુણ્યની પંડિતાઈ જણાવી છે. કવિશ્રી ફતેહચંદજી અને અજ્ઞાત રચનાકાર કૃતપુણ્યને બહોંતેર કળામાં પારંગત દર્શાવી આગમ પરંપરાને અનુસરે છે.

આગમોમાં રાજકુમારો અને શ્રેષ્ઠીપુત્રો ૭૨ કળામાં તેમજ રાજકન્યાઓ અને શ્રેષ્ઠીપુત્રીઓ ૬૪ કળામાં પ્રવીણ હતી; એવા ઢગલાબંધ દૃષ્ટાંતો જોવા મળે છે. ભગવાન ઋષભદેવે પુત્ર અને પુત્રી વચ્ચે સમાન દૃષ્ટિકોણ કેળવ્યો હતો. તેમણે ભરત આદિ રાજકુમારોને ૭૨ કળાનું જ્ઞાન શીખવ્યું તેમજ પોતાની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીને ૬૪ કળામાં નિષ્ણાંત બનાવી. આ ઉપરાંત બ્રાહ્મીને અક્ષરજ્ઞાન અને સુંદરીને અંકજ્ઞાન (ગણિત)ની અધિષ્ઠાત્રી બનાવી હતી. કવિશ્રી જયરંગમુનિએ આગમ પરંપરાને અનુસરતાં **જયશ્રીને ૬૪ કળામાં પ્રવીણ બતાવી છે.** (ક.૨૬)

પ્રાગૈતિહાસિક કાળમાં પુત્ર કે પુત્રીને યોગ્ય કેળવણી આપવી એ ગૃહસ્થનું પરમ કર્તવ્ય લેખાતું હતું. તે કાળે સ્ત્રીઓને પણ વિદ્યાનો યોગ માન્ય હતો. કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપી હોંશિયાર બનાવાતી, જેથી તેમના જીવનના ઉતાર-ચઢાવમાં તે સ્વયં સમસ્યાનો ઉકેલ કરી શકે અને પ્રતિકૂળતામાં આપઘાત જેવા નબળા વિચારો ન લાવે. વળી, પોતાના શીલનું રક્ષણ કરે અને પ્રતિષ્ઠાને ક્યાંય આંચ ન આવે તેવું જીવન જીવી શકે.

સમય જતાં કેટલીક જ્ઞાતિઓમાં **સ્ત્રી શિક્ષણ** પર પ્રતિબંધ મૂકાયો. સંભવ છે કે વિદેશીઓના આક્રમણો, શીલ ખંડનનો ભય, પુરુષ પ્રધાન સમાજ સ્ત્રીને પોતાના દાબમાં રાખવા ઈચ્છતો હોય, 'સ્ત્રીને ઘરકામ જ કરવું છે તો ભણવાથી શો ફાયદો?' એવા વડીલ વર્ગના સંકુચિત અભિપ્રાયો; આવા અનેક કારણોથી સ્ત્રીને શિક્ષણથી વંચિત રાખવામાં આવતી હતી. જ્યોતિરાવ ફૂલે, દયાનંદ સરસ્વતી, ગાંધીજી અને વર્તમાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા સમાજ સુધારકોએ સ્ત્રી શિક્ષણની ઝુંબેશ ઉપાડી છે. તેના પરિણામે આજે પછાત વર્ગમાં પણ સ્ત્રીને શિક્ષણ આપવામાં આવે છે.

- **ચરિત્રનાયકના લગ્ન :**

ચરિત્રનાયકના લગ્ન શ્રેષ્ઠી પુત્રી સાથે થયા તેમાં સર્વ કવિઓ સંમત છે.

કવિશ્રી પદ્મસાગર : કૃતપુણ્યએ યૌવનના ઉંબરે પ્રવેશ કર્યો ત્યારે પિતાએ પોતાનું કર્તવ્ય નિભાવવા પુત્ર માટે યોગ્ય જીવનસાથીની શોધ આરંભી. જેમ પિતાને પુત્રના યોગ્ય જીવનસાથીની શોધની ચિંતા થઈ તેમ ધન્ય શેઠને પણ પોતાની ગુણવાન પુત્રી માટે યોગ્ય વરની પસંદગી અંગે ચિંતા થઈ. પ્રસંગોપાત કવિશ્રી **યોગ્ય વરનાં સાત ગુણો** વર્ણવે છે. અહીં લગ્ન માટે **પાત્ર પસંદગીમાં કસોટી વર માટે** થયેલી છે.

કવિશ્રી રતનસૂરિ : 'જોવન આવે જાણે અમર, પાંણીગ્રહણ કરાવ્યો કુમર' (૧૮)

કવિ ઋષભદાસજી : કૃતપુણ્ય ભણી ગણીને પંડિત થયો ત્યારે તેના લગ્ન થયા. લગ્ન કરીને સોહાસણિ નામની કન્યાને પોતાના ઘરે લાવ્યો. (૬૩)

કવિશ્રી ગુણવિનયજી : રાતદિવસ ચરિત્રનાયક વિદ્યાસુંદરીના સંગમાં રહેવા લાગ્યો ત્યારે માતા-પિતાને યોગ્ય વય થતાં પુત્રને પરણાવવાનાં કોડ જાગ્યાં. શુભ મુહૂર્તે, મંગળ દિવસે, સૌભાગ્યવતી સ્ત્રીઓ પાસેથી લગ્નનાં ગીતો ખુશીથી ગવડાવ્યાં. માતા-પિતાએ આનંદપૂર્વક સર્વ મનોરથો પૂર્ણ કર્યા. શુભ લગ્ન વેળાએ શ્રેષ્ઠીવર્યની કન્યા સાથે કૃતપુણ્યના લગ્ન થયા. લગ્ન નિમિત્તે યાચકોને ઘણું ધન આપવામાં આવ્યું. (ઢા.૫, ક.૧-૨)

આજે કચ્છી સમાજમાં લગ્ન બાદ વર પક્ષ અને કન્યા પક્ષના વડીલો પ્રત્યેક સંસ્થાઓને પોતાની શક્તિ અનુસાર અનુદાન કરે છે, જેને **'ખોળા ભરવાની વિધિ'** કહેવાય છે. આ વિધિ પાછળ દંપતિના પ્રણય જીવનની મંગલ કામના અને દાનનું પીઠબળ મુખ્ય છે.

કવિશ્રી કલ્યાણરત્નસૂરિ : 'પિતાઈં પરણાવ્યઉ, ઉલટ ધરી, કુલવંતી રે કન્યા કઈવન્નઈ વરી' (૨)

કવિશ્રી ગુણસાગરસૂરિ : તેજસી નામના ધનાઢય શેઠની પુત્રી ધન્યા સાથે અતિ ઉત્સાહપૂર્વક કૃતપુણ્યના લગ્ન થયા. (૧૦)

કવિશ્રી લાલવિજયજી : 'યૌવન ભરિ આવિઉ, બાપિં તે પરણાવિઉ (૩)

કવિશ્રી વિજયશેખરજી : 'યોવનભરિ જવ આવીયો, વેઘક વચન લહિ (વિ)રાગ રે; બોલઇ સોહામણૂં સહજિસિઉં, બાંધી સારંગી વલી પાગ રે. ઘનસેઠ અવસર જોઇ નઇ, વૈશ્રમણ સેઠ સુવિખ્યાત રે; કાંતિમતી તસ્ય કન્યકા, કરિઉ વીવાહ મનિ ભાત રે' (૮૩-૮૪)

કવિશ્રી જયરંગમુનિ : પ્રસંગોપાત કવિશ્રીએ પોતાની વર્ણનશૈલીમાં નીચેની બાબતો ઉમેરી છે.(ક.૨૩-૨૯)

વસુમતી શેઠાણીએ યૌવન વયમાં પ્રવેશતાં પુત્રને વિવાહ કરી ઘરસંસારના દોરડે બાંધવાની વાત પતિને કરી. પ્રસંગોપાત કવિ પુત્રવધૂના આગમનના લાભ શેઠાણીના મુખેથી કહે છે.

પુત્રવધૂ વિનાનું ઘર સૂનાં રણ સમાન ભેંકાર ભાસે છે અર્થાત્ પુત્રવધૂના આગમનથી સૂનું મહેલ ગુંજી ઉઠશે. વહુ નિત્ય સાસુના ચરણે નમન કરશે. ત્યારે સાસુ તેને શુભાશિષ આપશે. પુત્રના લગ્ન થતાં ઘરમાં પૌત્રની પધરામણી થશે. પૌત્રના આગમનથી વંશવૃદ્ધિ થશે.

નવવિવાહિત યુગલના નિવાસ સ્થાનનું વર્ણન આકર્ષક અને અદ્‌ભુત છે, જેમાં તે સમયની મકાનની બાંધણી અને સજાવટનો ખ્યાલ આવે છે.

શેઠે વિવાહ પ્રસંગે સ્વજનો અને નગરજનોને વિવિધ તાજાં અને સ્વાદિષ્ટ પકવાનો જમાડ્યાં. (૨૯)

કવિશ્રી દીપ્તિવિજયજી : કૃતપુણ્યના વિવાહ સોળ વર્ષે થયા છે. (૪૩-૪૪)

મૂળ કથામાં ચરિત્રનાયકના લગ્નની વય મર્યાદા બતાવવામાં આવી નથી તેથી અનુમાન કરી શકાય કે **૨૮૦ વર્ષ પૂર્વે** કવિશ્રીના સમયમાં સમાજમાં યુવકની **લગ્નની વય મર્યાદા સોળ વર્ષ**ની હોવી જોઈએ. આજના સંવિધાન પ્રમાણે એકવીસ વર્ષનો યુવક અને અઢાર વર્ષની યુવતી વિવાહ યોગ્ય ગણાય છે.

કવિશ્રી મલયચંદ્રજી : 'જોવન આવ્યૂં જાણે અમર, પાણીગ્રહણ કરાવ્યૂં કુમર; સુકુલણી સોહાસણિ તાસ, પરણ્યા પૂંઠે ન પોહોતી આસ' (૧૪)

કવિશ્રી ફતેહચંદજી : 'જોવન વયમેં આવેં, સાગર કન્યા જયશ્રી નામેં' (ઢા.૧, ક.૪)

કવિશ્રી ગંગારામજી : કવિશ્રી જયરંગમુનિની જેમ વસુમતીએ પોતાના પતિ ઘનદત્ત શેઠ પાસે જઈ પુત્રના લગ્નનો પ્રસ્તાવ મૂકયો ત્યારે શેઠે જોશીને તેડાવી લગ્ન પ્રસંગે જોષ જોવડાવ્યો. ત્યાર પછી સાગરદત્ત શેઠની દેવીસ્વરૂપા જયશ્રી નામની પુત્રી સાથે વિવાહ કરાવ્યા. ત્યારપછી શયનખંડનું અલૌકિક વર્ણન કર્યું છે. (ઢા.૨, ક.૩-૮)

કવિશ્રી વિજયધર્મધુરંધર સૂરિ : કૃતિ અત્યંત ટૂંકાણમાં આપી છે તેથી નાના-નાના કથાંશોનો અહીં સમાવિષ્ટ થઈ શક્યો નથી.

અજ્ઞાત કવિશ્રી (સજ્ઝાય) : 'જોવન ભરી કન્યા પરણાવિઉ' કહી કથાપ્રવાહમાં આગળ વધે છે.

અજ્ઞાત લેખક (બાલવબોધ) : 'પિતાઈ મોટા વ્યવહારિયાની પુત્રિ રૂપવંતી, ચતુર, સુસીલ પરણાવિ.' એવું આલેખે છે.

અજ્ઞાત લેખક (કથા) : 'એહવે પિતાઈ ગંધદત્તની પુત્રી રવંડા નામે પાંણી ગ્રહણ કરાવી.'

આ કથા પ્રસંગનું તારણ કાઢતાં કહી શકાય કે કવિશ્રી વિજયધર્મધુરંધરસૂરિ અને કવિશ્રી દેપાલ સિવાય દરેક કવિ કૃતપુણ્યના શ્રેષ્ઠીપુત્રી સાથેના વિવાહને એકમતે સ્વીકારે છે. કવિશ્રી દેપાલ અને કવિશ્રી વિજયધર્મધુરંધરસૂરિની સજ્ઝાય અતિ સંક્ષેપમાં હોવાથી તેમણે આ કથાંશને સ્પર્શ કર્યો નથી. બીજું કવિશ્રી જયરંગ અને કવિશ્રી ગંગારામજીએ આ પ્રસંગને ખૂબ વિસ્તારથી આલેખી કૃતિને વધુ રસપ્રદ બનાવી છે.

પ્રાગૈતિહાસિક યુગમાં **વૈવાહિક પરંપરા**નું અવલોકન કરીએ તો જણાય છે કે ભગવાન ઋષભદેવના સમયમાં મા-બાપ પોતાના પુત્ર-પુત્રીને અજાણ્યા કુળમાં આપવાનું ઉચિત ન લેખતા હોય તેથી સગા ભાઈ-બહેનનાં લગ્ન થતાં હતાં. યુવરાજ ઋષભે પોતાની બહેન સુમંગલા સાથે વિવાહ કર્યા હતા. પુષ્પકેતુએ પોતાના પુત્ર-પુત્રીના વિવાહ કરાવ્યાં હતાં. (આવશ્યક ચૂર્ણિ - ૨, પૃ. ૧૭૮). ધીમે ધીમે આ પ્રથા લુપ્ત થઈ ગઈ. ભગવાન મહાવીરના સમયમાં સગા ભાઈ-બહેન નહીં પરંતુ મામા-ફઈના દીકરા-દીકરીઓ સાથે વિવાહ થતા હતા. જેમકે - પ્રિયદર્શનાના વિવાહ રાજકુમાર જમાલી સાથે થયા હતા. ધીરે ધીરે આ પ્રથા પણ અદશ્ય થઈ ગઈ. સગામાં સગપણ ન થતાં નોખી અટક વાળા યુવક-યુવતી સાથે વિવાહ થવા લાગ્યા. સાંપ્રત કાળમાં આ પ્રથા મોજુદ છે.

પ્રાચીન કાળમાં વિવાહ અંગે કન્યાઓ સ્વયં નિર્ણય લેવા સંપૂર્ણપણે સ્વતંત્ર હતી પરંતુ માતા-પિતાની પસંદગીને પ્રાથમિકતા અપાતી હતી. ચેડા રાજાની સાત પુત્રીઓમાંથી પાંચ પુત્રીઓએ પારિવારિક પસંદગીને સહર્ષ સહમતિ આપી હતી. કૃષ્ણ મહારાજાએ ઘરસંસાર ઈચ્છતી પોતાની કન્યાઓને યોગ્ય મુરતીયાઓ સાથે વિવાહ કરાવ્યા હતા.

કન્યાના અપહરણના છૂટાછવાયા બનાવો પણ જોવા મળે છે. ઉદાયન રાજા દ્વારા વાસવદત્તા, રાજા ચંડપ્રદ્યોતન દ્વારા સુવર્ણગુટિકા દાસી, મહારાજા કૃષ્ણ દ્વારા રુકમણિ અને મહારાજા શ્રેણિક દ્વારા ચેલ્લણા અપહૃત થયા છે.

આપણા અભ્યાસની કૃતિ **'કયવન્ના રાસ'**માં રાસનાયિકા ધન્યા અને મહારાજા શ્રેણિકની પુત્રી મનોરમાના વિવાહ **વડીલોની સંમતિ**થી થયા છે. અહીં માવિત્રોએ પણ પોતાના સંતાનોને ઉચ્ચ કુળ (બરોબરિયા)માં આપવાનો પૂરેપૂરો આગ્રહ રાખ્યો છે. પોતાના સંતાનોને અન્યાય ન થાય અને પોતાના કુળને કલંક ન લાગે તે હેતુથી મહારાજા શ્રેણિકે કંદોઈ જેવી નીચ જ્ઞાતિમાં પોતાની તનયાને આપવામાં ખચકાટ અનુભવ્યો છે. બીજીબાજુ કૃતપુણ્યના વિવાહ માટે માવિત્રોએ રૂપ સાથે સુસંસ્કારી અને ખાનદાન કુળની કન્યાની જ પસંદગી કરી છે. આમ, પુત્રીને પરણાવવામાં કે પુત્રવધૂને લાવવામાં કુલીન પાત્ર ઉપર પસંદગીનો કળશ ઢોળાયો છે.

કવિશ્રી જયરંગમુનિની કૃતિમાં પુત્રવધૂઓ દ્વારા **વડીલોનો વિનય** કરવાનું વલણ દર્શાવ્યું છે, જે નમ્રતાનું સૂચક છે. દ્રૌપદી નિત્ય પોતાની સાસુ કુંતાજીને પ્રણામ કરતી હતી. શ્રીકૃષ્ણ નિત્ય માતા દેવકી અને પિતા વસુદેવને નમન કરતા હતા. મહામંત્રી અભયકુમાર પ્રતિદિન નંદા આદિ માતાઓને તથા પિતા શ્રેણિકને પ્રણામ કરવા જતા હતા. મહારાજા વિક્રમ પ્રભાતે માતાના ચરણની પૂજા કરી પછી રાજ્યના બીજાં કાર્યો કરતાં હતાં.

શ્રેષ્ઠીઓ પોતાની પુત્રીને લગ્નપ્રસંગે મોભા અનુસાર **કરિયાવર** કરતાં હતાં. સાગરદત્ત શેઠે અને

મહારાજા શ્રેણિકે પોતાની પુત્રીનાં લગ્ન કૃતપુણ્ય સાથે કર્યા ત્યારે ખુશીથી ઘણો કરિયાવર આપ્યો. વળી, અજ્ઞાત કથાકાર આલેખે છે કે, કયવન્ના શેઠને ત્યાં **'૯૯ ક્રોડ'** સોનૈયા આવ્યાં. એવી જ રીતે જંબુકુમારના આઠ કન્યાઓ સાથે વિવાહ થયા ત્યારે સ્ત્રીઓને દહેજમાં **'૯૯ ક્રોડ'** સોનૈયા મળ્યાં હતાં.

- **લગ્ન વર્ણન:**

પ્રસ્તુત ચરિત્રમાં કવિશ્રી ગંગારામજીએ (ઢા.૨૧, ક.૧-૫) લગ્ન વર્ણન શબ્દશ: કવિશ્રી જયરંગમુનિનું (ઢા.૨૧, ક.૧-૧૦) સ્વીકાર્યું છે. આ ઉપરાંત કવિશ્રી ઋષભદાસ અને કવિશ્રી રતનસૂરિજી પણ આ ઘટકાંશમાં પોતાના સમયની રસમ ઉમેરે છે. જે નીચે ટાંકી છે. અહીં પરંપરાગત કથાવસ્તુનું પુનરાવર્તન કર્યું નથી.

રાજકુંવરી (મનોરમા) અને કયવન્ના શાહના **લગ્નની વિધિ** દર્શાવી છે, જે હિંદુ ધર્મ પ્રમાણે છે. વર-કન્યા લગ્નની ચોરીમાં બેઠાં, હસ્તમેળાપ થયો, છેડા છેડી બંધાણી, સૌભાગ્યવતી સ્ત્રીઓએ લગ્નનાં મંગળ ગીતો ગાયાં, ઢોલ અને શરણાઈના મંગળ સૂરો છેડાયાં, જાનૈયાઓ એકિત્રત થયાં, નગરમાં આનંદ વર્તાયો, અગ્નિદેવની સાક્ષીએ વર-કન્યાએ ચાર ફેરા ફર્યા (કવિશ્રી ઋષભદાસ - ૨૨૫). ચોથા ફેરે વર આગળ અને કન્યા તેની પાછળ હતી. વર-વધૂએ કંસાર ખાધો (કવિશ્રી ઋષભદાસ - ૨૨૫). કુમુદિની અને ચંદ્રની જેમ સરખે સરખી જોડી મળી. રાજાએ પુત્રીને ઘણો કરિયાવર આપ્યો. એક હજાર ગામ ગરાસમાં આપ્યાં. વર પચરંગી વાઘામાં શોભી રહ્યો હતો. કન્યાના હાથમાં સૌભાગ્યનો ચૂડો અને ગળામાં મોતીનો હાર શોભતો હતો. લગ્નમાં આવેલા મહેમાનોની ભોજન દ્વારા ભક્તિ કરવામાં આવી. ભોજનમાં શીખંડ અને સાલપકી (ઊંચી જાતનાં ચોખા) પીરસાયાં. રાજાએ પોતાની દીયાને દાયજામાં ઘણાં હાથી-ઘોડા આપ્યાં તેમજ એક હજાર ગામ ભેટમાં આપ્યાં. રાજાએ પોતાની પુત્રીને ઘણો કરિયાવર કર્યો. લગ્નપ્રસંગે પહેરામણી કરવામાં આવી (કવિશ્રી રતનસૂરિ - ૧૦૦). કવિશ્રી ઋષભદાસ (૨૨૭) **પહેરામણીમાં નવ ક્રોડ સોનૈયા**નો ખર્ચ થયો તેવું નોંધે છે. જૂનવાણી લાગતી આ લગ્નપ્રથા અને પહેરામણીની પ્રથા **'કુંવરબાઈનું મામેરું'** આ કાવ્યમાં પણ જોવા મળે છે. વર્તમાનકાળે પણ હિંદુ સમાજમાં લગ્ન વિધિ પૂર્વવત્ છે.

કવિશ્રી જયરંગમુનિની કૃતિમાં **લગ્નપ્રસંગે આવેલા મહેમાનોને જમાડવાનો રિવાજ** છતો થાય છે. કવિશ્રીએ ભોજન સામગ્રીની સ્પષ્ટતા કરી નથી પરંતુ હિંદુ સમાજમાં પૂર્વે લગ્નપ્રસંગે થાળી-વાટકા અને પાણીનો લોટો ઘરેથી લઈ જવામાં આવતો હતો. (ત્યારે ઘરમાં નળ ન હતા. સ્ત્રીઓ તળાવ કે કૂવામાંથી પાણી ભરીને લાવતી હતી.) લાંબી સાફસૂફ કરેલી શેરીમાં મોદ બંધાતી. ત્યાં જમણવાર થતો. જમણવારમાં વર્ષોથી ચાલી આવતું મેનુ દાળ-ભાત, વાલ અને ભીંડાનું શાક તેમજ લાડુ (બુંદીના લાડુ) મોખરે રહેતાં. દિવસના લગ્ન હોય તો, એમાં ૨૦ થી ૨૫ લાડુ ખાવાનો વિક્રમ તોડનારા ખાધેલું પચાવવા તળાવમાં ઊંચા સ્થળેથી ભૂસકો મારી એક-બે કલાક પાણીમાં તરી લાડુ પચાવતા (અથવા જેટલું ઘી પીધેલું હોય તેટલી છાશ પીતા). સાંજના ભોજનમાં ચૂરમું પીરસાતો. તેમાં નળમાંથી પાણી ચાલ્યું જાય એમ ખાસ્સી માત્રામાં જમનારો જ્યાં સુધી 'હાંઉ' ન કહે ત્યાં સુધી ચૂરમામાં ખાડો કરી વાવડી દ્વારા શુદ્ધ ઘી રેડવામાં આવતું. એ યુગમાં બધુ સસ્તું હતું. ઘરમાં ગાય-ભેંસનાં દુઝાણાં હતાં. માણસોના મન મોટાં હતાં. લગ્ન કરનારી કન્યા અને ભાવિ વરરાજા હસ્તમેળાપ

પહેલાં મળી ન શકતાં. એ જમાનામાં બેન્ડ-વાજા ન હતાં પરંતુ ઢોલ અને ત્રાંસાવાળાનો જ દબદબો હતો. લગ્નમાં જાનડિયું અને માંડવીયું સામસામે ફટાણાં આપતી અને લગ્ન ગીતો ગાતી. આજે લગ્ન ગીતોનું સ્થાન ગાયક મંડળીઓ, ફિલ્મના ગીતોએ અને નૃત્યએ લીધું છે.

- **વૈરાગ્ય અવસ્થા :**

કવિશ્રી પદ્મસાગરજી : સાધુસંગતિથી કૃતપુણ્યમાં વૈરાગ્યબુદ્ધિ ઉત્પન્ન થઈ તેથી ભરયૌવનવયમં તે વિષયોથી વિરક્ત રહ્યો. પોતાની પરણેત્તરનો સંગ તે ઈચ્છતો ન હતો.

કવિશ્રી રતનસૂરિ : 'સુકલીણી સુહાસણિ તાસ, પરણ્યા પછી ન પુહતી આસ.' (૧૯)

કવિશ્રી ઋષભદાસ : 'વૈરાગી કુંવર સહી, નવી નીહાલી નારી, કામભોગ વિલાસઈ નહી, સૂખ...' (૬૩)

કૃતપુણ્યના વૈરાગ્યને દર્શાવી તેની પરણેત્તરની વ્યાકુળતા બતાવતા કવિશ્રીએ જિનાલયનો સુંદર પ્રસંગ કલ્પના શક્તિ અનુસાર મઠાર્યો છે. જે અન્ય કૃતિઓમાં ન હોવાથી નવીનતા પૂરે છે. જિનાલયમાં ગયેલી સોહાસણિએ નગરની સ્ત્રીઓનો વાર્તાલાપ સાંભળ્યો. આ સ્ત્રીઓ સોહાસણિના સૌભાગ્યની પ્રશંસા કરી રહી હતી. સોહાસણિને સાસુ-સસરાની પ્રશંસા સાંભળવી ગમી પરંતુ સંસારની ગતિવિધિથી અજાણ પોતાના પતિની પ્રશંસા સાંભળી તે ઉદાસીનતામાં સરી પડી. તેણે પ્રત્યુત્તરમાં સચોટ જવાબ આપતાં સ્ત્રીઓને કહ્યું, ''શાલ્મલિ વૃક્ષ ભલે સુંદર હોય પરંતુ તેનાથી શું નીપજે ?'' (ક.૬૫)

નાયિકાને લગ્ન પછી સુખનો સૂરજ ઉગશે એવી ધારણા હતી પરંતુ તે ધારણા ઠગારી નીવડી. પહાડ જેવડા દુ:ખમાંથી આક્રોશનો જન્મ થયો છે.

કવિશ્રી ગુણવિનયજી : 'પરણીય તિણિ હિવ મૂકીય રમણીય, વિદ્યા રમણિ રસિઉ મહ્યઉ એ.' (ઢા.૫, ક.૩)

કવિશ્રી કલ્યાણરત્નસૂરિજી : 'ધન યૌવન રે મદ ભરિ માતુ હાથીઉ; તે કિમ રહઇ રે ઘર ઘરણીનું નાથીઉ ? નાથીઉ તે ઘરહ ઘરણી તરુણી તાણ્યઉ નવિ રહઇ;' (૨)

કવિશ્રી ગુણસાગરજી : 'સાધુ તણો સંજોગથી, સાધુ તણા પરે સોઇ; વિષયા વિમુખ સદા રહઇ હો, ધર્મ પરાયણ હોઇ' (૧૬)

કવિશ્રી લાલવિજયજી : 'યૌવનભરિ આવિઉ, બાપિ તે પરણાવિઉ, વેશ્યા ઘરિ મેહલિઉ' (૩)

કવિશ્રી વિજયશેખરસૂરિ : કૃતપુણ્યના વૈરાગ્ય અંગે સ્પષ્ટતા કરી નથી.

કવિશ્રી જયરંગમુનિ : બ્રાહ્મણ પંડિતો પાસેથી ધાર્મિક અભ્યાસ મેળવતાં કૃતપુણ્યોને વિષયો પ્રત્યે ધિક્કાર વછૂટ્યો તેથી તે વિદ્યામાં મશગૂલ રહેવા લાગ્યો. તેના મનમાં અંશમાત્ર વિકાર ન હતો. એ જોઈને જયશ્રીએ એક દિવસ સાસુને ફરિયાદ કરી. (ક.૩૦-૩૧)

પ્રસંગોપાત ઢાળ-૩, સારંગ રાગમાં, ૧૩ કડીમાં નાયિકાની દલીલોમાં કૃતપુણ્યની યોગી જેવી નિર્મોહી દશા ઉજાગર થઈ છે. જેમાં ઉર્મિલ અને મજબૂત મનોબળ ધરાવતી જયશ્રીની કરુણ હૃદયવ્યથા વ્યક્ત થઈ છે. 'હૂઈ ચિંતા જોર, કે કાલી કોયલી અને જાંખર થઈ જૂરી જૂરી, હું રત ખેજડી.' નાયિકા વિરહની અગ્નિમાં શેકાઈને કોયલ જેવી શ્યામ રંગની બની છે. કોડ ભરી કન્યા ખેજડી અને ઝાંખરાનાં વૃક્ષ જેવી

નિસ્તેજ બની ગઈ છે.

અહીં નાયિકા પ્રતીકાત્મક વેધક વાણીથી અપરંપાર વેદના વ્યક્ત કરે છે. આ પંક્તિઓમાં કવિશ્રીએ દુ:ખિયારી સ્ત્રીની લાક્ષણિકતા દર્શાવી કરૂણ રસને વધુ ઘેરો બનાવ્યો છે. વિષાદની પળોના આલેખન પર કવિશ્રીની પકડ સજ્જડ છે.

કવિશ્રી દીપ્તિવિજયજી : 'નિરાગપણાનેં ભાવેં રે, ભોગ સોહામણા, પાપ જાણી નવિ ભોગવે એ. માવિત્ર મનમાંહિં ચિંતઈ રે, રખે દીખ્યા લીઈં, જિમતિમ કરિ ઘરિ રાખીઈં એ.' (ક.૪૫-૪૬)

'જ્ઞાનસ્ય ફલમ્ વિરતિ' એ ભાવને ઉજાગર કરી કવિશ્રી રાસનાયકના વૈરાગ્યને ઉંચાઈ સુધી પહોંચાડી દીક્ષાર્થી અવસ્થા જેવી મન:સ્વિતા ટાંકે છે.

કવિશ્રી મલયચંદ્રજી : 'પરણ્યા પૂંઠે ન પોહોતી આસ.' (૧૪)

કવિશ્રી ફતેહચંદ્રજી : 'અડઘડ ભાઠો ગલેં લગાયો.' (ઢા.૧, ક.૫)

કવિશ્રીની અલ્પ શબ્દમાં નાયકની એબ દર્શાવવાની ક્ષમતા પ્રશંસનીય છે.

કવિશ્રી ગંગારામજી : કવિશ્રી જયરંગમુનિની જેમ જ દર્શાવે છે.

કવિશ્રી ધર્મધુરંધરજી : 'વૈરાગી મુનિનો રાગી' (૧) કહી કથાપ્રવાહમાં આગળ વધે છે.

અજ્ઞાત કવિશ્રી (સજ્ઝાય) : 'નવિ ઝાલઈ ઘરભાર' (૩) કહી રાસનાયકને સંસારથી અલિપ્ત દર્શાવે છે.

અજ્ઞાત બાલાવબોધ : 'સાધુની સેવાનો આદર ઘણઓ, વિષઈ ન વાંછઈ' કહી નાયકને નિ:સ્પૃહી બતાવે છે.

અજ્ઞાત કથા : 'કેવલ્લાને સ્ત્રી માથે રાગ નથી. કેવલ્લો તો ગુરુ પાસે રહે.'

કવિશ્રી જયરંગમુનિ સિવાય દરેકે વૈરાગ્યના ઘટકાંશને સંક્ષેપમાં આલેખ્યો છે. કવિશ્રી જયરંગમુનિ ચરિત્રનાયકની નિર્વેદ અવસ્થા વિશદતાથી પ્રગટ કરે છે. કાવ્યગત ભાવની રસિકતાને પ્રગટ કરવામાં કવિ સક્ષમ રહ્યા છે.

- **ગણિકા આવાસમાં બાર વર્ષ :**

કૃતપુણ્યની વૈરાગ્ય ભાવના ઓસરી ગઈ અને ગણિકાવાસમાં મોજમસ્તીનો સિલસિલો સતત બાર વર્ષ ચાલ્યો તે કથા ઘટકના સંદર્ભમાં સર્વ કૃતિકાર સમાન છે. કૃતપુણ્યને સંસાર રસિક બનાવવા માવિત્રોએ સ્વયં દુરાચારી, વંઠેલ યુવાનોની સંગત કરાવી. આવો ઘટકાંશ **'ઈલાતીપુત્ર'** અને **'ધમ્મિલકુમાર'**ની કથામાં પણ જોવા મળે છે.

ઈલાતીપુત્રની વૈરાગ્યમય મનોદશા, વ્યાપાર તરફ દુર્લક્ષ્ય, વિષયો તરફ ઉદાસીનતા જોઈ ઈભ્ય શ્રેષ્ઠીએ પોતાના વિરાગી પુત્રને સંસાર રસિક બનાવવા વ્યભિચારી મિત્રોના હાથમાં સોંપ્યો. તેમને કહ્યું, ''મારા પુત્રને કોઈપણ ભોગે સ્ત્રીવિષયાદિમાં પ્રવીણ બનાવો.'' ઈલાતીપુત્ર મિત્રોના સંગથી લંખિકા નામની નટકન્યા પ્રત્યે આકર્ષાયો.

વીરવિજય ગણિવર્ય કૃત 'ધમ્મિલકુમાર રાસ'માં સુરેન્દ્રદત્ત શ્રેષ્ઠી અને સુભદ્રા શેઠાણીનો પુત્ર ધમ્મિલકુમાર, જેના લગ્ન યશોમતી નામની કન્યા સાથે થયા હતા પરંતુ નાયકે ધાર્મિક પુસ્તકોને હાથથી છૂટાં

મૂક્યાં નહીં. તેને વ્યવસાય આદિ પ્રવૃત્તિઓ નિરર્થક લાગતી હતી. પત્નીને મોહજાળ સમાન ગણતો હતો. તેવા સમયે સુભદ્રા શેઠાણીએ પોતાના પતિને કહ્યું, ''આપણો પુત્ર સંસારના આચાર-વિચાર, રૂઢિ-રિવાજો, નીતિ-વ્યવહાર જાણતો નથી. તેથી તેને જુગારિયાની જમાતમાં રાખો.'' પુત્રના મોહે માતાએ પોતાના હાથે કુમારને જુગારિયાની ટોળીમાં પ્રેમથી મોકલ્યો. એક દિવસ મિત્રોની સાથે ધમ્મિલકુમાર વસંતતિલકા ગણિકાના ઘરે પહોંચ્યો. તેના મીઠા આવકારથી તે વીંધાણો. (ખં.૧, ઢા.૧-૪)

'સ્થૂલિભદ્ર' પણ એકવાર કોશાના રૂપલાવણ્યમાં મુગ્ધ બની બાર વર્ષ ગણિકાવાસમાં રહ્યા હતા. ભવિતવ્યતાના જોરે પ્રપંચથી થયેલા પિતાના મૃત્યુએ તેઓ સાવધાન થયા !

- **ગણિકા :**

જૈન કથાઓમાં ગણિકાનો ઘટકાંશ ઘણા સ્થાને જોવા મળે છે. સાતમી અને આઠમી સદીમાં જૈન ધર્મના અનુયાયી બનવા બનવા માટે પ્રથમ શરત એ હતી કે, સાતે વ્યસનોનો ત્યાગ કરે. તેમાં પરસ્ત્રીગમન અને વેશ્યાગમન બંને નિષિદ્ધ હતા. **ઉપાસક-દશાંગમાં** 'અસતીજણ પોષણ' શ્રાવકને માટે નિષિદ્ધ કર્મ લેખાતુ હતું તેથી વેશ્યાગમન અને પરસ્ત્રીગમન કરનારનો સમાજમાં કોઈ માનમરતબો ન હતો.

કવિશ્રી ગુણસાગરજી **'કયવન્ના ચોપાઈ'** (ઢા.૨)માં આલેખે છે કે, વેશ્યાગમનના કારણે નગરજનોએ નાયકની નિંદા કરી. બદનામીના કારણે નાયકનું મન લઘુતાગ્રંથિએ ઘેરાયું. હવે, નગરમાં કોઈ વ્યવસાય નહીં મળે તેથી નાયકે પરદેશ જવાનો વિચાર કર્યો.

પ્રાચીન કાળમાં ગણિકાઓ સમાજનું એક આવશ્યક અંગ મનાતી હતી. તેઓ રાજા, શ્રીમંતો, વિદેશી મહેમાનો અને જનસમુદાયનું નૃત્ય દ્વારા મનોરંજન કરતી હતી. તેઓ રતિ શાસ્ત્રના આચાર્યાના રૂપમાં સ્વીકૃત ગણાતી હતી. તેઓ વિદુષી, કલાસંપન્ન અને મધુર ગાયિકાઓ હતી.

વળી, આગમોમાં એવો ઉલ્લેખ પણ જોવા મળે છે કે, કૃષ્ણ વાસુદેવની દ્વારિકા નગરીમાં અનંગસેના પ્રમુખ અનેક ગણિકાઓ હતી. સ્વયં ઋષભદેવે નીલાંજનાનું નૃત્ય જોતી વખતે તેના અચાનક મૃત્યુથી પ્રતિબોધિત થવાની કથા દિગંબર પરંપરામાં સુનિશ્ચિત છે.

ગણિકાઓને માંગલિક પણ માનવામાં આવી છે. ભગવાન ઋષભદેવની દીક્ષા સમયે દ્વાર પર પારયોશિતાઓને દ્રવ્ય માટે ઊભી રાખી હતી. ગણિકાઓ દ્વારા જિનમંદિર અને પૂજાપટ્ટક બનાવડાવ્યાના પુરાવા મથુરાના અભિલેખ દ્વારા મળે છે.

જૈન સાહિત્યમાં ચંપા ગણિકાનો ઉલ્લેખ વધુ પ્રમાણમાં મળે છે. તે ૬૪ કળાઓમાં પ્રવીણ અને અનન્ય રૂપવાન હતી. તે એક રાત્રિના એક હજાર સુવર્ણમહોર લેતી હતી. (આદિ પુરાણ પર્વ - ૧૭, શ્લોક - ૮૬) અન્ય એક ગણિકા ચિત્રકળામાં એટલી પ્રવીણ હતી કે તેને ત્યાં સામાન્ય નાગરિકને પહોંચવાનું કઠિન હતું. કલાના રસિયાઓ જ ત્યાં જઈ શકતા હતા. તેઓની રુચિ પ્રમાણે તે તેઓનું સ્વાગત કરતી હતી. (નાયધમ્મકહા) ઓખા નામની ગણિકા ચાર વેદ તથા અને લિપિઓની જાણકાર હતી. (બૃહત્કલ્પભાષ્ય) આ ગણિકાનો જૈન ધર્મ સાથે ઘણો સંબંધ રહ્યો છે કારણકે તેને ત્યાં જવા આવવાવાળા લોકો મોટે ભાગે શેઠ શાહૂકારો હતા. જેઓ મોટે ભાગે જૈન હતા. વસંતસેના અને ચારુદત્તની કથા જગપ્રસિદ્ધ છે. (જ્ઞાતા ધર્મકથા)

પૂર્વના કાળમાં ગણિકાઓની મદદથી રાજાઓએ પોતાના ઈચ્છિત કાર્ય પણ કર્યા છે. જેમ કે -

અભયકુમારને પકડવા ચંડપ્રદ્યોતન રાજાએ ગણિકાનો સહારો લીધો હતો અને કોણિક રાજાએ માગધિકા વેશ્યા દ્વારા કુળવાળુક મુનિને ભ્રષ્ટ કરી વિશાલાનગરી જીતી લીધી હતી. (જુઓ 'રાસ રસાળ' - કવિ ઋષભદાસ કૃત શ્રેણિક રાસ, ચો. ૧૮, કડી ૧૬૮૩, પૃ. ૩૦૩)

આગમિક વ્યાખ્યાઓમાં પ્રાપ્ત ઉલ્લેખથી જણાય છે કે, વેશ્યાઓ અને ગણિકાઓની પોતાની મૌલિક મર્યાદાઓ હતી, જેનું ઉલ્લંઘન તેઓ કરતી ન હતી. કાન્હડ કઠિયારા અને સ્થૂલિભદ્રનું કથાનક તેના પ્રમાણ છે.

આપણી અભ્યાસની કૃતિ **'કયવન્ના કથા'**માં જ્યારથી ગણિકાપુત્રીએ કૃતપુણ્ય સાથે ગાંધર્વ વિવાહ કર્યા, ત્યારથી તેણે કૃતપુણ્ય સિવાય અન્ય પુરુષ સાથે સંબંધ બાંધ્યો ન હતો.

કેટલીક ગણિકાઓ માત્ર એક જ પુરુષને પોતાનું સર્વસ્વ અર્પણ કરતી હતી. પાટલીપુત્રની ગણિકા 'કોશા' બાર વર્ષ સુધી મહામંત્રી શકડાલના પુત્ર સ્થૂલિભદ્ર સાથે રહી. તેણે સ્વપ્નમાં પણ અન્ય કોઈ પુરુષને પતિ રૂપે પ્રાપ્ત કરવાનો વિચાર કર્યો ન હતો. કોશાની રૂપ નીતરતી કામણગારી કાયા રથાધ્યક્ષ રાજકુમાર સુકેતુની લોભી નજરમાં વસી ગઈ. તે કોશા પર અત્યંત આશક્ત હતો. તે ગમે તેમ કરી તેને મેળવવા માંગતો હતો. જ્યારે એને ખબર પડી કે કોશાએ સ્થૂલિભદ્રને વરણ કરી લીધું છે. ત્યારે તેણે સ્થૂલિભદ્રને પ્રભાવહીન કરવા મહામંત્રી શકડાલની હત્યા કરાવી દીધી. આ પ્રસંગથી સ્થૂલિભદ્ર એટલા વિરક્ત બન્યા કે વનમાં જઈ તપ કરવા લાગ્યા. આ ઘટના કોશા માટે વજપાત સમી સાબિત થઈ. તેમ છતાં એની ચારિત્રિક દૃઢતા પર કોઈ અસર ન પડી. એણે સ્થૂલિભદ્ર સિવાય બીજા કોઈનો વિચાર ન જ કર્યો.

ઉજ્જૈની નગરીની દેવદત્તાએ પણ મૂલદેવની સાથે શ્રાવક ધર્મ સ્વીકાર કર્યો હતો. (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - ૨, પૃ. ૨૬)

- **ગણિકા પાછળ વ્યય થયેલા ધનનો આંક :**

ગણિકાએ કૃતપુણ્યના ઘરનું બધું ધન ધીમે ધીમે ઉસેડી લીધું તેવું સર્વ રચનાકારો સ્વીકારે છે.

કવિશ્રી રતનસૂરિજી, કવિશ્રી લાલવિજયજી, કવિશ્રી ઋષભદાસજી, કવિશ્રી જયરંગમુનિજી, કવિશ્રી ફતેહચંદજીએ ધનનું પ્રમાણ દર્શાવતાં **'બાર ક્રોડ'** સોનામહોરનો આંક ટાંક્યો છે. **સ્થૂલિભદ્ર**ના પિતા **શકડાલ મંત્રી**એ કોશાને ત્યાં રહેલા પુત્રના સુખ પાછળ બાર વર્ષમાં બાર ક્રોડ સોનામહોરો ઠાલવી હતી.

કવિશ્રી ગુણવિનયજી, કવિશ્રી ગુણસાગરજી, કવિશ્રી વિજયધર્મધુરંધરજી, અજ્ઞાત કવિશ્રીએ ધનનો આંક દર્શાવ્યો નથી.

કવિશ્રી વિજયશેખરજી પ્રતિદિન **'૧૦૦૮ દીનાર'**નો ઉલ્લેખ કરે છે. એવો જ ઉલ્લેખ **'ધમ્મિલ કુમાર રાસ'**માં થયો છે. નાયકની માતા (સુભદ્રા) પુત્રના સુખ માટે હંમેશાં વસંતસેના વેશ્યાને ત્યાં **આઠ હજાર દીનાર** મોકલાવતી હતી. (વીરવિજયજી કૃત ધમ્મિલકુમાર રાસ - ખં.૧, ઢા.૪, ક.૧૦)

કવિશ્રી ગંગારામજીએ **'એક વર્ષમાં ક્રોડ ધન'** ટાંકી, બાર વર્ષમાં બાર ક્રોડ સોનૈયા અંકિત કર્યા છે. અજ્ઞાત લેખકે (બાલાવબોધ) 'હંમેશાં નવું નવું ધન મોકલ્યું', એવું કહી ધનના પ્રમાણનો કોઈ નિશ્ચિત ખુલાસો કર્યો નથી.

કવિશ્રી પદ્મસાગરજી **'સાઠી સોળ ક્રોડ'** સોનામહોરનો ઉલ્લેખ કરે છે. તેમનો આંક સૌથી વધુ છે.

આમ, કૃતપુણ્યના ઘરનું ધન વેશ્યાવાસમાં આવ્યું તે સંબંધમાં સર્વ રચનાકારો એકમત છે પરંતુ ધનનો આંક ઓછો-વત્તો નોંધાયેલો છે.

ભગવાન મહાવીરના સમયમાં સોનામહોરોનું ચલણ હતું. તેવું આ ઘટકાંશ પરથી જણાય છે પરંતુ કવિશ્રી વિજયશેખરના સમયમાં વિનિમય સાધન તરીકે ચલણી નાણાંરૂપે દીનાર (સુવર્ણનો સિક્કા)નું ચલણ હશે. વર્તમાનકાળે નોટો અને સિક્કાઓએ ચલણમાં સ્થાન જમાવ્યું છે.

- **શકુન-અપશકુન :**

કવિશ્રી જયરંગમુનિ : રાસનાયિકા જયશ્રીનું ડાબું અંગ ફરક્યું અને પરદેશ ગયેલા પ્રિયતમ બાર વર્ષે પાછા ફર્યા. આ જ રાસમાં (ઢા.૧૬) રાસનાયિકા બાર વર્ષથી પરદેશ ગયેલા પતિના કોઈ ખબર અંતર ન મળતાં જોશી પાસે જોષ જોવડાવવા જાય છે ત્યારે જોશીએ જોષ જોઈ કહ્યું, ''તમારો પ્રિયતમ તમને શીઘ્ર મળશે.'' જોશીના આવા વેણ સાંભળ્યા અને તરત જ રાસનાયિકાનું ડાબું અંગ ફરક્યું. તે જ સમયે નગરના પાદરે બાર વર્ષ પછી પાછા ફરેલા સાર્થવાહના શુભ સમાચાર મળ્યા. બન્ને સ્ત્રીઓ પ્રસન્ન વદને સાર્થમાં પોતાના પતિને મળવા ચાલી ત્યારે રસ્તામાં શુભ શકુન થયા.

રાસનાયક પરદેશ ધન કમાવવા ગયો ત્યારે ઘરેથી નીકળતાં પહેલાં તેણે શુભ મુહૂર્ત જોઈ પ્રયાણ કર્યું. (ક.૨૨૬)

અજ્ઞાત લેખક (બાલાવબોધ) : કૃતપુણ્યની પત્ની નીચું મુખ કરી તકલી કાંતતી હતી. તે સમયે તેનું ડાબું અંગ ફરક્યું અને પતિનું આગમન થયું.

અજ્ઞાત લેખક (કથા) : લોકમુખેથી પોતાના જ અવર્ણવાદ સાંભળતો ચરિત્રનાયક નિસાસો નાંખતો ઘરે પહોંચ્યો ત્યારે નાયિકાની ડાબી આંખ ફરકી અને પિયુ મિલનનો અવસર સાંપડયો.

કવિ જયરંગમુનિની કૃતિમાં **શકુન, જોષ જોવડાવવું અને સ્ત્રીના ડાબા અંગ (આંખ)નું ફરકવું** આવા ત્રણ ઘટકાંશ પ્રગટ થયા છે. જેની સાથે નાયિકાનું વિરહભર્યું અને પ્રતીક્ષાભર્યું હૃદય જોડાયેલું છે.

મધ્યકાળની લોક વાર્તાઓમાં શકુન-અપશકુનની માન્યતા જોવા મળે છે. 'એન્સાઈક્લોપિડિયા રિલિજિયન એથિક્સ'માં જેને અંધશ્રદ્ધા કહેવામાં આવે છે. તે શકુનવિદ્યા વાર્તાના વળાંક માટે પ્રયોજાતી કથાયુક્તિ છે.

શકુન - અપશકુન ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિની ગણતરીના આધારે જ્યોતિષ શાસ્ત્ર અનુસાર છે. જેમાં ભવિષ્ય નિર્દેશનની વિદ્યાનો સંકેત છુપાયેલો છે. તેની પ્રાચીનતા વૈદિક સાહિત્યમાં જોવા મળે છે.

પ્રાણી આધારિત શકુન શાસ્ત્રમાં ગાય, કૂતરા, વાંદરા, મોર, ઘોડા, બળદ, પોપટ વગેરે પર શકુન જોવાય છે. પ્રવાસે જતાં ગાય સામે મળે તો શુભ ગણાય. ગાયની આસપાસ માખી બણબણતી હોય, કૂતરા ફરતા હોય તો વરસાદ આવવાનો સંકેત છે. જો ગાય રાત્રે અવાજ કરે તો સારી નિશાની નથી પરંતુ બળદ ગાંગરે તો શુભ ગણાય. કૂતરું વ્યક્તિ આગળ ભીનું ચૂસેલું હાડકું લઈ આવે તો શુભ ગણાય. જેનાથી વ્યક્તિને કામમાં સફળતા મળે. જો કૂતરું દક્ષિણ-પૂર્વની દિશામાં ઊભો રહી સૂર્યની સામે ભસે તો ચોરી કે આગનો સંકેત છે. કૂતરો બૂટ સૂંઘે તો સમજવું કે પ્રવાસ સફળ થશે. પ્રવાસે જવાની તૈયારી થતી હોય અને કાગડો પૂર્વ દિશામાંથી આવતો હોય તો પ્રવાસ લાભકારક નીવડે છે. ઘરને છાપરે કાગડો બોલે તો મહેમાન આવે. દિવસની શરૂઆતમાં ઉત્તર-પૂર્વની દિશામાં કાગડો ઉડતો દેખાય તો સમજવું કે કોઈ કાયદાની ચુંગલમાં ફસાશે. જો

કાગડો ઊંટ કે ગધેડા પર બેઠેલો જોવા મળે તો શુભ ગણાય. પ્રવાસના પ્રારંભમાં ઉત્તરમાંથી ઘોડો આવતો દેખાય તો પ્રવાસ શુભ થાય. એ જ રીતે ગધેડાનું સમજવું.

યહૂદી કથાઓની જેમ આપણી કથાઓમાં પણ પ્રથમ વ્યક્તિ મળે તેને આધારે શકુન-અપશકુન ગણાયા છે. જે મંગળ-અમંગળ આશંકાઓનું સૂચક છે. **'મદનમોહના'**માં મોહનાને રજસ્વલા સ્ત્રી, વૈરાગી, વિધવા, કપાળમાં તિલક વગરનો બ્રાહ્મણ, છૂટા કેશવાળી સ્ત્રી, બાયલો પુરુષ, મોચી, ચોર, ખોળ, તેલ, કપાસિયા વગેરેનાં અપશકુન થાય છે. જ્યારે મંત્રોચ્ચાર કરતો બ્રાહ્મણ, ફૂલ છાબ સાથેની માલણ, પનિહારી, કુંવારી કન્યાના હાથમાં પૂજાનો થાળ, અખ્યાણું, નાગરવેલનાં પાન, નૃત્યાંગનાનો નાદ, ગીત ગાતી ગોરીનાં શુભ શકુન થાય છે. **'સદયવત્સ ચરિત્ર'**માં નાયકને ઠૂંઠાના અપશકુન થાય છે. ઉદયભાનુ કૃત **'વિક્રમ ચરિત્ર'**માં લીલાવતીની શોધ માટે વિક્રમ રાજા પ્રસ્થાન કરે છે ત્યારે તેમને અક્ષત પૂરતી, થાળ સાથે આવતી સૌભાગ્યવતી સ્ત્રી, ફૂલછાબ સાથે આવતી માલણ, કેડે પુત્ર તેડેલી સ્ત્રી, હાથીનો સમૂહ, વેશ્યા, પૂજન સામગ્રી સાથેનાં બ્રાહ્મણનાં શકુન થાય છે. વળી, વિક્રમ રાજા વન પ્રવેશ કરે છે ત્યારે દક્ષિણ દિશા તરફ ઉડતી ચીબરી, ડાબી બાજુથી સંભળાતો ગધેડાનો અવાજ, ડાબી બાજુથી દોડી જતું કૂતરું વગેરેના શુભ શકુનો થાય છે.

મધ્યકાલીન કવિઓએ છીંક , લોહી, દર્પણતૂટવું, ફિક્કો ચાંદ, પક્ષીઓનું અમુક રીતે બોલવું, ચરક પડવી, બિલાડીનું આડે ઉતરવું આદિ ક્રિયાને અપશકુનનાં પ્રતીકો માન્યા છે. **'ધમ્મિલ કુમાર રાસ', 'વસંતવિલાસ ફાગુ', 'પંચાખ્યાન', વિક્રમકુમાર ચરિત્ર રાસ', 'અજાકુમાર રાસ', 'શ્રેણિક અને અભયકુમાર રાસ'** જેવી ઘણી કથાઓમાં શકુન - અપશકુનનાં ચિહ્નો જોવા મળે છે.

વર્તમાન કાળે **જોશ જોવડાવવા**ની પ્રથા પરંપરાગત છે. આપણું કોઈ પણ કામ, શુભ મુહૂર્ત કે ચોઘડીયું નક્કી કર્યા વિના થતું નથી. મકાન બાંધવું હોય કે તેમાં રહેવા જવાનું હોય, સંતાન અવતરે ત્યારે નામ પાડવાનું હોય, લગ્ન નક્કી કરવાના હોય, નોકરીમાં જોડાવવાનું હોય, પ્રવાસ કરવાનો હોય આ બધામાં બુદ્ધિ કે તર્કને કોરણે મૂકીને બસ પરંપરા કે વિધિવિધાનને જ શરણે જઈએ છીએ. પરિણામે એક સાથે, અમુક ચોક્કસ દિવસોમાં સેંકડો લગ્ન યોજાય છે. પ્રધાન મંડળની સોગંધવિધિમાં પણ આ જ તાસીરો થાય છે.

વર્તમાન કાળે લગ્નપ્રસંગે જાનની બસ ઉપડે તે પહેલાં પૈડાં નીચે નાળિયેર મૂકી બસ આગળ હંકારવામાં આવે છે. નાળિયેરના કાચલા ઉડી જાય છે અને આમ શકુનવિધિ સાથે જાન ઉપડે છે. શુભ મુહૂર્તમાં કાર્ય કરવાથી કાર્ય પૂર્ણરૂપે સંપન્ન થવાની શક્યતા વધુ હોય છે. એવી ઋષિ-મહર્ષિ, મુનિઓ અને જ્યોતિષી સલાહ આપે છે.

માનવ અંગનું સ્ફુરણ એ પણ શકુન - અપશકુનની માન્યતા સાથે સંકળાયેલું છે. પુરુષોના જમણા અંગોનું સ્ફુરણ શુભ, ડાબા અંગોનું સ્ફુરણ અશુભ અને સ્ત્રીઓના જમણા અંગનું સ્ફુરણ અશુભ અને ડાબા અંગનું સ્ફુરણ શુભ મનાયું છે. સામાન્ય રીતે આ વિષય મધ્યકાલીન કથા સાહિત્યમાં પ્રિયપાત્રથી મિલન અને વિરહની આગાહી રૂપે પ્રયોજાયેલું છે. **'મૃગાવતી ચરિત્ર'**માં રાજાનું જમણું અંગ ફરકે છે તેથી પક્ષી દ્વારા અપહૃત થયેલી મૃગાવતી સાથે રાજાનું મિલન થાય છે. **'શકુંતલ રાસ'**માં શકુંતલાનું જમણું નેત્ર ફરકે છે તેથી દુષ્યંતથી વિખૂટા પડવાનો અવસર આવ્યો. આ જ રાસમાં દુષ્યંતનો જમણો હાથ ફરક્યો ત્યારે તેનું (રાજાનું) શકુંતલા સાથે મિલન થયું. **'જિભૂતવાહનની કથા'**માં નાયિકાનું જમણું નેત્ર ફરક્યું તેથી પ્રિય પાત્રથી વિરહ થયો. **'કામાવતીની કથા'**માં શોભાવતી રાજદરબાર જોવા નીકળે છે તે સમયે તેનું જમણું નેત્ર ફરકે છે તથા રાજા વીરસેન પાસેથી રેશમપટ વેચી મેળવેલું ધન લઈ આવતા કરુણ કુંવરનું ડાબું નેત્ર ફરકે છે. આમ,

લોકજીવનના વહેમો, માન્યતાઓ, શ્રદ્ધા-અશ્રદ્ધાઓ કથા સાહિત્યમાં કથાવસ્તુ તરીકે પ્રયોજાયેલી છે.

- **નજર લાગવી :**

'કૃતપુણ્ય ચરિત્ર'માં પૂર્વભવમાં માતા પોતાના પુત્રને આનંદપૂર્વક ખીર ખાતો અને પ્રમાણથી વધુ આહાર કરતો જોઈ મનોમન બોલી ઉઠે છે કે, 'મારા પુત્રએ ઘણાં દિવસે પેટ ભરીને ખાધું છે.' માતાની આવી દૃષ્ટિ પુત્ર માટે વિષરૂપ બની અને તે જ રાત્રિએ બાળકનું મૃત્યુ થયું. આ ઘટનાને સર્વ કવિઓએ માન્ય કરી છે.

શાલિભદ્રના પૂર્વભવની કથા કૃતપુણ્યના પૂર્વભવ સાથે ઘણી સામ્યતા ધરાવે છે. સંગમ ભરવાડના ભવમાં પાડોશણોએ આપેલી ખીરની સામગ્રીથી માતાએ ખીર બનાવી. આ ખીર થાળીમાં ઠારી માતા ઘરકામ માટે ચાલી ગઈ. તે પાછી આવી ત્યારે બાળક જીભ વડે થાળી ચાટતો હતો. આ જોઈને માતાએ વિચાર્યું, 'શું પીરસેલી બધી ખીર સંગમ ખાઈ ગયો ! છતાં હજી એ ધરાયો નથી.' માની નજર લાગી, ખીર વિષમય બની ગઈ. તે જ રાત્રિએ બાળકનું અકાળે મૃત્યુ થયું.

કવિશ્રી ઋષભદાસજીએ વૃદ્ધા દ્વારા કૃતપુણ્યને હવેલીમાંથી હેઠે ન ઉતરવા દેવાના સંદર્ભમાં **'નજર લાગવાનો'** ઘટકાંશ કથાપ્રવાહમાં ઉમેર્યો છે. (૧૫૪) સંભવ છે કે કવિના સમયમાં આ ઘટકાંશ લોકસમુદાયમાં વધુ ફાલ્યો હોય, તેવો સંકેત અહીં જોવા મળે છે. આજે પણ કોઈની નજર ન લાગે તે માટે નાના બાળકના કપાળે કે ગાલ પર કાળું ટીલું કરવામાં આવે છે.

આ અંધશ્રદ્ધા નથી પણ કોઈક સમયે બનતી ઘટના છે. તેવા કેટલાક દૃષ્ટાંતો નીચે પ્રસ્તુત છે.

૧. ખરતરગચ્છના **જિનપ્રભાચાર્ય** નામના ચૈત્યવાસી આચાર્યે ચૈત્યવાસ છોડવાનો નિર્ણય કર્યો. તેમણે અમુક સાધુઓને અભ્યાસ માટે ધારાનગરી મોકલ્યાં. ત્યાંથી રૂદ્રપલ્લી બાજુ વિહાર કર્યો. રસ્તામાં એક શ્રાવક જે વ્યંતર દેવ દ્વારા પીડિત હતો. તેણે પોતાની વેદનાનું વર્ણન કર્યું. સૂરિજીએ વિચાર કર્યો કે, 'આ વ્યંતર દેવ મંત્ર-તંત્રથી અસાધ્ય છે.' ત્યારે તેમણે **'ગણધર સપ્તતિકા'** નામનો ગ્રંથ બનાવી તેને ટિપ્પણીના સ્વરૂપે લખી શ્રાવકને આપતાં કહ્યું, ''આ ટિપ્પણી ઉપર દૃષ્ટિ સ્થિર કરજો.' શ્રાવકે તે પ્રમાણે કર્યું. ગ્રંથના પ્રભાવે વ્યંતર તેના શરીરમાં પ્રવેશી ન શક્યો અને તે ચાલ્યો ગયો.

૨. **જિનદત્તસૂરિ** વિક્રમપુરમાં આવ્યા. તે સમયે ત્યાં ભૂત-પ્રેતનો ઉપદ્રવ ઘણો હતો. વ્યંતર દ્વારા મંદિરના બંધ કબાટોને પોતાના હાથે ખોલ્યાં. ઉપદ્રવ નિવારણ માટે **'સાત સ્મરણ'**નો નિયમિત પાઠ કરવાનું સર્વને કહ્યું. તેમ કરતાં ઉપદ્રવ શાંત થયો.

સૂરિજીના વ્યાખ્યાનમાં નવી શ્રાવિકાઓનું રૂપ ધારણ કરીને જોગણીઓ છેતરવા માટે આવી હતી. આચાર્યજીને જાણ થતાં તેમણે પોતાની દૃષ્ટિ વડે જોગણીઓને સ્થંભિત કરી દીધી.

૩. ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં યજ્ઞદેવ બ્રાહ્મણે, 'જે વાદમાં મને જીતે તેનો હું શિષ્ય થાઉં' એવી પ્રતિજ્ઞા કરી. નાના સાધુએ યજ્ઞદેવ બ્રાહ્મણ સાથે વાદ કરી તેને પરાજિત કર્યો. હવે યજ્ઞદેવે તેમની પાસે દીક્ષા લીધી. જાતિગુણને લીધે તે બ્રાહ્મણ સાધુએ મલિનતારૂપ પરિષહની નિંદા કરી, જુગુપ્સા કરી. એક દિવસ ઉપવાસનાં પારણે ભિક્ષા માટે ફરતાં ફરતાં પોતાની સ્ત્રીના ઘરે આવ્યા. સ્ત્રીએ સ્નેહવશ પતિ ઉપર દૃષ્ટિ વડે કામણ કર્યું. હવે, સાધુનું શરીર ક્ષીણ થતું ગયું. અંતે તેમણે અનશન કર્યો. તેઓ કાળધર્મ પામી દેવલોકમાં ગયા. હવે, સ્ત્રીને ખૂબ પસ્તાવો થયો. તેણે પણ ચારિત્ર લીધું. તપ કરી તે સ્વર્ગે ગઈ. યજ્ઞદેવનો જીવ જુગુપ્સા કરવાથી

ધનાવાહ શેઠને ઘેર **'ચિલાતી'** નામની દાસીની કુક્ષિએ પુત્ર રૂપે જન્મ્યો અને તેની સ્ત્રીનો જીવ દેવલોકથી ચ્યવી તે જ શેઠને ઘેર શેઠની સ્ત્રી ભદ્રાની કુક્ષિએ પુત્રીરૂપે થયો. તેનું નામ **'સુસમા'** પાડ્યું. (ચિલાતી પુત્રનો પૂર્વભવ)

૪. મથુરાનાં **શંખ રાજા**એ દીક્ષા લીધી. તેઓ ભિક્ષાર્થે નીકળ્યાં. સોમદેવ પુરોહિતને માર્ગ પૂછ્યો. સાધુના દ્વેષી એવા સોમદત્ત પુરોહિતે તેમને વ્યંતરથી અધિષ્ઠિત થયેલો અગ્નિ જેવો તપેલો માર્ગ બતાવ્યો. મુનિ બતાવેલા માર્ગે આગળ વધ્યા. તેમના સંયમના પ્રભાવે દૃષ્ટિ પડતાં જ વ્યંતર ત્યાંથી નાસી ગયો. અગ્નિ શીતલ થઈ ગઈ. પુરોહિતને પારાવાર પશ્ચાતાપ થયો. તેણે પણ દીક્ષા લીધી. સંયમનું પાલન કરી મૃત્યુ પામી તે દેવ થયો. દેવભવમાંથી ચ્યવી પુરોહિતનો જીવ ચાંડાલ કુળમાં ઉત્પન્ન થયો. સમય જતાં દીક્ષા લઈ હરિકેશી મુનિના નામે પ્રસિદ્ધ થયા.

૫. **'વિક્રમ ચરિત્ર'**માં ધન્યશેઠની પત્ની રત્નમંજરીની પવિત્ર દૃષ્ટિથી સૂકાયેલાં વનો નવપલ્લવિત બની જતાં. આ ઉપરાંત સર્પનું પુષ્પની માળામાં, આગનું પાણીમાં પરિવર્તન થઈ જતું. સિંહ ઉપર દૃષ્ટિ પડતાં તે શિયાળ જેવો નમાલો બની જતો. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદરો, તીડો, પોપટો, બળવો, શત્રુરાજા જેવા ઉપદ્રવો આપોઆપ શમી જતાં. (સર્ગ-૧૧, શ્લોક-૩૨૩/૩૨૪, પૃ.-૨૫૮)

ઉપરોક્ત ઘટકાંશ પાછળ આપણું કર્મ, પુણ્ય-પાપ, નસીબ, આવરદા, અંગેની માન્યતાઓનું પીઠબળ રહેલું છે.

- **દાસી મારફતે તેડું :**

'માતા-પિતા વૃદ્ધાવસ્થાને કિનારે પહોંચ્યાં. તેમનો જીવ દીકરામાં ભરાયેલો હતો. તે વેળાએ દાસી દ્વારા કૃતપુણ્યને ઘરે પાછો તેડાવ્યો.' એવું કવિશ્રી કલ્યાણરત્ન, કવિશ્રી લાલવિજયજી, કવિશ્રી ગુણસાગર, કવિશ્રી ગંગારામજી, કવિશ્રી જયરંગમુનિ, અજ્ઞાત લેખક (કથા, બાલા.) સ્વીકારે છે.

જ્યારે કવિશ્રી રતનસૂરિજી, કવિશ્રી દેપાલજી, કવિશ્રી ગુણવિનયજી, કવિશ્રી વિજયશેખરજી, કવિશ્રી ઋષભદાસ, કવિશ્રી દીપ્તિવિજયજી, કવિશ્રી મલચંદ્રજી, કવિશ્રી ફતેહચંદજી, કવિશ્રી ધર્મધુરંધરજી અને અજ્ઞાત કવિશ્રી આ પ્રસંગને સ્પર્શતા નથી. 'માતા-પિતાના મૃત્યુ બાદ ગણિકાવાસમાંથી ધન વસૂલી માટે દાસી કૃતપુણ્યની પત્ની પાસે આવી,' તેવું આલેખે છે. કથાપ્રવાહને ઝડપથી આગળ વધારવા તેમણે આ ઘટકાંશને મહત્ત્વ ન આપ્યું હોય, તેવું બની શકે.

કવિશ્રી જયરંગમુનિએ આ પ્રસંગે શેઠાણીનો વલોપાત (ઢા.૬, ક.૧-૧૬) વિસ્તારપૂર્વક વર્ણવે છે. જેમાં માતા-પિતાએ પુત્રની બાળપણમાં કરેલી સાર-સંભાળ દર્શાવી, ઉપાલંભ આપી માતા પુત્રને પોતાની ફરજનું સ્મરણ કરાવે છે. તે પ્રસંગે કવિશ્રીની કેટલીક પંક્તિઓ અસરકારક છે.

'સાસ તણી પરે સાંભરે, તિલભર જીવ રહે નહીં બેટા, કિમ જાવે જમવાર બેટા ! , કુણ કહેશે મુજ માયડી બેટા !, તું પુત્ર ભોજન સમે બેટા, હીયડે બેસે આય, તું મુજ અંધા લાકડી બેટા !, હું ડોસી તુજ તાતડો બેટા, નયણ ગમાયાં રોય.' ત્યાર પછી માતા પુત્રને સંબોધન કરતાં કહે છે, ''બેટા ! શિયાળાની રાતમાં તું માતાથી સહેજ પણ અળગો થતો ન હતો અને આજે માતાને છોડી વેશ્યાવાસમાં રહ્યો ? તારે લલાટે કલંક ચડ્યું. મેં તને પાળી પોષી મોટો કર્યો, તારાં મળ-મૂત્ર ધોયાં. તેં માવિત્ર સાથે ઠગાઈ કરી છે. તારી રતન જેવી ગુણિયલ અને સૌંદર્યવાન પત્ની તારા વિરહમાં ઝૂરી ઝૂરીને કોયલ જેવી શ્યામ વર્ણની બની ગઈ છે.''

ઉપરોક્ત પંક્તિઓ કરુણરસ દ્વારા પાઠકના હૃદયના તારને ઝણઝણાવી મૂકે, તેવી સંવેદનશીલ છે. પ્રસાદિક ભાષામાં પ્રચલિત આ વસ્તુવર્ણનમાં કરુણરસ પ્રગટ કરવામાં કવિશ્રીની કાબેલિયત પ્રકાશિત થઈ છે. અહીં જણાય છે કે રાસનાયિકા એટલે સહનશીલતાની પારાશીશી !

પુત્રની પાછા ફરવાની આશા નિષ્ફળ જતાં માતા કરુણરસમાંથી ઉપશમરસમાં પ્રવેશ કરે છે. માતા પારાવાર પસ્તાવો કરી સ્વદોષ દર્શન કરતાં કહે છે, ''નીચનો સંગ કરાવીયો બેટા, તો ફલ લાગાં એહ બેટા. જો વિહડે પેટ જ આપણું બેટા તો કલિઉ ઘણ હોય બેટા.'' (૯૫-૯૬) અર્થાત્ મેં જ પેટ ચોળીને પીડા ઉભી કરી છે. મેં જ નીચનો સંગ કરાવ્યો તેનું ફળ મને જ ભારે પડયું. હું પાપીણી છું કે આવું દુઃખ જોવાને હજી જીવતી છું. ખરેખર ! દુઃખી જીવોને માંગ્યું મોત પણ મળતું નથી. (૯૮)

અંતે માતાનો વલોપાત શમી જતાં તે રાગમાંથી વિરાગમાં પ્રવેશે છે.

- **કૃતપુણ્યના માતા-પિતાના મૃત્યુનું કારણ :**

'શ્રી સૂત્રકૃતાંગ' પ્રાકૃતમાં બાજ અને તેતરના ઉદાહરણ દ્વારા મૃત્યુની વાત સમજાવવામાં આવી છે. એક જ ઝપાટામાં બાજ જેવી રીતે તેતરને મારી નાખે છે, તેવી જ રીતે આયુષ્ય ક્ષીણ થતાં મૃત્યુ જીવનલીલા સંકેલી લે છે.

કવિશ્રી ગુણસાગર અને અજ્ઞાત રચનાકાર ચરિત્રનાયકના માવિત્રનું ઠોસ કારણ દર્શાવે છે જ્યારે અન્ય કવિઓ વૃદ્ધાવસ્થાને કારણે શેઠ-શેઠાણીએ સદાને માટે આંખ મીંચી લીધી, એવું આલેખે છે.

કવિશ્રી ગુણસાગરજી મૃત્યુનું કારણ તીવ્ર જ્વર રોગ દર્શાવે છે. સંભવ છે કે તેમના સમયમાં (૩૪૦ વર્ષ પૂર્વે) ગામમાં જ્વર રોગે તાંડવ મચાવ્યો હશે અને માણસોનું ટપોટપ મૃત્યુ થતું હશે તેથી આ પ્રકારની કલ્પના કવિશ્રી ગુણસાગરજીએ કથાપ્રવાહમાં વહેતી મૂકી છે.

અજ્ઞાત લેખકનું કારણ સ્વાભાવિક અને યોગ્ય જણાય છે કારણકે જે માતા-પિતાનો એકનો એક દીકરો, વૃદ્ધાવસ્થાની સમી સાંજે સધિયારો ન આપે તો તે માતા-પિતાને આઘાત લાગ્યા વિના ન રહે. આવા તીવ્ર આઘાતના કારણે વૃદ્ધ માતા-પિતાનું મૃત્યુ થયું હતું.

- **નિર્ધન કૃતપુણ્યને ખસેડવા અક્કાએ રચેલો પેંતરો :**

કવિશ્રી પદ્મસાગર : લોભી અક્કાએ કૃતપુણ્યને છેતરી, ઘરસાફ કરવાના બહાના હેઠળ મુખ્ય દ્વાર સુધી પહોંચાડી ઘરના બારણાં અડકાવી દીધાં. (ક.૮૩-૮૯)

કવિશ્રી રતનસૂરિ : અક્કાએ શિખામણ આપતાં પોતાની પુત્રીને કહ્યું, ''માખણમાંથી ઘી બનાવી સચવાય છે, પણ છાસ ફેંકી દેવામાં આવે છે. આપણા કુળની રીત છે કે, ધનવાન સાથે પ્રીત કરવી જોઈએ. વેશ્યા કદી રૂપમાં લુબ્ધ ન બને, જેની પાસે ધન હોય તેને આદર આપે છે. સૂકા કમળમાં નાગ ફરતો નથી, સૂકા સરોવરમાં સારસ પક્ષી રહેતું નથી, દગ્ધ વનમાં મૃગલા ચરતા નથી, મુશ્કેલીમાં રાજા પણ પગપાળા ચાલે છે. બાખડ ઢોરને કોણ ઘરમાં બાંધે છે ? બેટી ! સાર વસ્તુનો સંગ્રહ કરી અસારને તુચ્છ સમજી ફેંકી દે.'' ગણિકા પુત્રી માનવા તૈયાર ન થઈ ત્યારે પાટ, ઢોલિયા, ભૂમિ ધોવાના બહાના હેઠળ કૃતપુણ્યને નીચે તગેડી મૂક્યો. ત્યારપછી સાવરણીથી ઝાડૂ કાઢી દાસી ધૂળ ઉડાડવા લાગી. રજ જોઈને કૃતપુણ્ય પાછળ હટી ગયો ત્યારે દાસીએ કટાક્ષમાં કહ્યું,

''રજનો જો આટલો ડર લાગતો હોય તો અહીં શા માટે આવ્યો છે મૂઢ ?'' (૨૬-૩૩)

કવિશ્રી ઋષભદાસ : અક્કાએ જાણ્યું કે, 'પોતાની પુત્રી નિર્ધનનો સંગ છોડશે નહીં, ત્યારે તે સ્વયં સાતમા માળે ગઈ. 'ઢોલિયો ધોવો છે' એવું કહી, કૃતપુણ્યને છઠ્ઠા માળે લાવી. ત્યાં દાસી ઝાડુ કાઢી રજ ઉડાડવા લાગી તેથી તે પાંચમે માળે આવ્યો. અહીં દાસી પાથરણા ઝાટકતી હતી. તેની ધૂળ ઉડતાં તે ચોથે માળે આવ્યો. અહીં ભીંતો ધોવાતી હતી તેથી તે ત્રીજે માળે આવ્યો. ત્યાં ધોકાથી વસ્ત્રો ધોવાતાં હતાં તેથી બીજે માળે આવ્યો. અહીં કપડાનું પ્રક્ષાલન થતું હતું તેથી પાણીનાં છાંટાં ઉડ્યાં. ત્યારે તે ત્યાંથી ઉતરી નીચે આવ્યો. તેણે પહેરેલાં સુંદર વસ્ત્રો જોઈ અક્કાએ કહ્યું, ''આવો, તમને સ્નાન કરાવું, અહીં બેસો.'' તે સ્નાન કરતો હતો ત્યારે દાસીએ અક્કાની આજ્ઞાથી જાણીજોઈને ધૂળ ઉડાડી. કૃતપુણ્યએ ગુસ્સામાં કહ્યું, ''અરે ! ભૂંડી શું કરે છે ? હું ઉભો છું તે દેખાતું નથી ?'' દાસી કહ્યું, ''રજથી આટલા ભયભીત બનો છો, તો આ ભૂમિ ઉપર શું ઉભા છો ?'' હવે કૃતપુણ્યને સમજાયું કે, પોતાને ઘકેલવા અક્કાએ રચેલો આ પેંતરો છે. (૧૧૫-૧૨૭)

પ્રત્યેક મંજિલેથી નાયકને નીચે ઉતારવાના અવનવા તળપદી ઓજારોની મનોકલ્પના કવિશ્રીએ રોચક રીતે આલેખી છે.

કવિશ્રી ગુણવિનયજી : ઈક્ષુનું દૃષ્ટાંત આપી અક્કા સાર વસ્તુનો સંગ્રહ અને કૂચા (તુચ્છ વસ્તુ)નો ત્યાગ કરવાનું કહે છે પરંતુ વેશ્યાપુત્રી ગુણાનુરાગી છે, ધનની નહીં. પુત્રીનો દૃઢ નિશ્ચય જાણી અક્કાએ રાત્રિના સમયે ઊંઘતા કૃતપુણ્યને ખાટલા સહિત ઘરની બહાર મૂકાવ્યો. (૩૮-૪૦)

કવિશ્રી કલ્યાણરત્નસૂરિ : 'સારવણઈ સાનઈ કરી રે, અનુક્રમિ કાઢિઉ તેહ' (૧૦)

કવિશ્રી ગુણસાગરજી : 'સુણિ પુત્રી ! એહનઈ ઘરથી કાઢીઓ હો, નષ્ટાનઈ સિર લાત.' સેવકોએ ધૂળ ઉડાડી કૃતપુણ્યને ઘર બહાર કર્યો. (૪૪-૪૬)

કવિશ્રી લાલવિજયજી : 'રજ પુંજી કાઢઉ અપમાન્યું ઘરિ જાય' (૪)

કવિશ્રી વિજયશેખરજી : અક્કાએ કપટ કરી, **મદિરાપાન** કરાવી, કચરો વાળવાના બહાને ઘરની બહાર લઈ ગઈ. (૧૨૩)

કવિશ્રી જયરંગમુનિ : અક્કા અને પુત્રીનો વિવાદ સંવાદાત્મક શૈલીમાં રસપ્રદ રીતે આલેખાયો છે.

અક્કાએ પુત્રીને સમજાવતાં કહ્યું, ''જેમ હજામ નિત્ય નવી નવી હજામત કરે છે, તેમ વેશ્યા નિત્ય નવાં-નવાંને ઠગીને પૈસા કઢાવે છે.'' વેશ્યાપુત્રીએ કહ્યું, ''જેમ પટોળે પડેલી ભાત ન ભૂંસાય, તેમ તેની સાથેનો સ્નેહ વિસરાય તેમ નથી. જેમ આંખની વચ્ચે રહેલી પૂતળી રમ્ય છે, તેમ કૃતપુણ્યનું તન-મન શોભે છે. જેમ ભીંત પર ચૂનો લાગે, તેમ મને પ્રેમનો મજીઠિયો રંગ લાગ્યો છે. વેલડી સદા વૃક્ષને વળગી રહે અને કાગળમાં કરેલ ચિત્રામણની જેમ અમારો પ્રેમ સ્થિર, અડોલ છે. એ મારા કંત છે. તેના વિના મારા પ્રાણ નહીં ટકે. એક દિવસ પણ જો તે મારાથી દૂર રહે તો મને ઊંઘ આવતી નથી. હું આ જીવતરમાં મારા કંતને નહીં છોડું.'' આ સાંભળી ક્રોધિત અક્કા કૃતપુણ્યને ઓલંભા આપી એલફેલ બોલી બબડાટ કરવા લાગી. (૧૨૦-૧૨૩)

કવિશ્રી દીપ્તિવિજયજી : મદનમંજરીએ પોતાની માતા સમક્ષ કૃતપુણ્યના ઘરનું આવેલું ધન વિગતવાર વર્ણવ્યું. ''માતા ! કૃતપુણ્યએ મારું મન ચોરી લીધું છે. તેણે હાથી-ઘોડા, ધન-ધાન્ય, મુક્તાફલનો હાર,

સોનાની વેલ, કાનનાં કુંડલો, પગનાં નેપુર, હાથનાં કંગણ, સોનાની રત્નજડીત વીંટી, સોના-રૂપાનાં થાળ આપી ઘર ભરી દીધું છે. મારી બાળપણથી એની સાથે પ્રીતિ છે. એ મને જીવથી વધુ વહાલો છે. તેના વિનાની એક ઘડીની કલ્પના ન થાય. આ ભવે એ જ મારો કંત છે. તે જ્ઞાની, દાની, દયાળુ અને ગુણનો ભંડાર છે.'' મા-બેટી વચ્ચે આ બાબતે ચડભડ છ માસ સુધી ચાલ્યો. અક્કાપુત્રીએ મચક ન આપી.

એકવાર મદનમંજરી ક્રીડા કરવા બહાર ગઈ ત્યારે મોકો જોઈને અક્કા કૃતપુણ્યના આવાસે ગઈ. તે સમયે કૃતપુણ્ય આડો પડ્યો હતો. અક્કાએ તેને ઉઠાડતાં કહ્યું, ''ઉઠો શેઠ! ચંદરવા ફરીથી બાંધવા છે, નવો ઢોલિયો ઢાળવો છે તેથી બીજી મંજિલે જાઓ.'' ત્યાર પછી અક્કાએ દાસીને કહ્યું કે, ''તેને ગમે તેમ કરીને અહીંથી કાઢ. હું તમે ભારે ઈનામ આપીશ.'' દાસીએ **ચંદ્રહાસ મદિરા**નું પાન કરાવી હડધૂત કરતાં કૃતપુણ્યને કહ્યું, ''મૂર્ખ! અહીંથી પરે થા.'' એમ કહી ઘરના દરવાજા બંધ કર્યા. ભોળો કૃતપુણ્ય ઓટલા ઉપર બેઠો હતો. ત્યાં દાસીએ જાણીજોઈને તેના પર ધૂળ ખંખેરી ત્યારે કૃતપુણ્યને સમજાયું કે હવે અહીં રહેવું ઠીક નથી.

કવિશ્રી મલયચંદ્રજી : ''મૂઢ! રજ લાગવાથી ભયભીત બને છે તો, તું અહીં શા માટે બેઠો છે?'' કૃતપુણ્ય શાનમાં સમજી ગયો કે, 'વેશ્યાએ મને બરતરફ કરવા આ પ્રપંચ રચ્યો છે.' (૨૫-૨૬)

કવિશ્રી ફતેહચંદજી : અક્કાએ આકરા વેણ બોલી, કૃતપુણ્યને બહાર કાઢ્યો. (૧૧)

કવિશ્રી ગંગારામજી : ઢા.૭, ક.૧-૧૯માં કવિશ્રી જયરંગમુનિજી જેવા જ ભાવો વ્યક્ત કરે છે.

કવિશ્રી ધર્મધૂરંધરજી : 'કનકવશે વશ રહે વેશ્યા, નિર્ધન જાણી દુર કર્યો.' (૩)

અજ્ઞાત કવિશ્રી (સજ્ઝાય) : અક્કાએ પુત્રીને ઠપકો આપતાં કહ્યું, ''તું અકુલીન થઈ ગઈ છે. તું વેશ્યાચાર ભૂલી ગઈ છે.'' (૬)

અજ્ઞાત લેખક (બાલા.) : ''એને હવે કાઢો, બીજા ધનવાન પુરુષને લાવો.'' વેશ્યાપુત્રીએ કહ્યું, ''એવા પુરુષને છેહ દેવો યોગ્ય નથી.'' અક્કાએ કહ્યું, ''એનો ખપ નથી.'' ઘર વાળવાના બહાને કૃતપુણ્યને ઘરની બહાર કાઢી દાસીએ કમાડ બંધ કર્યા.

અક્કા અને ગણિકાપુત્રીનો સંવાદ પ્રત્યેક કવિઓએ ઓછાવત્તા અંશે આલેખ્યો છે. જેમાં **'ગણિકાચાર'** કુનેહપૂર્વક પ્રગટ થયો છે. બન્ને પક્ષે સંયમિત મિજાજથી વાગ્બાણો છૂટે છે છતાં ગણિકાપુત્રી નીતિધર્મના કારણે એક આંગળી ઊંચી રહે છે. તે ઠંડા કલેજે માતાને ખંતપૂર્વક ભાવપલટો કરાવવા પ્રયત્નશીલ રહે છે પરંતુ સાવજ એવી અક્કા સામ, દામ, ભેદ અજમાવી નાયકને વેશ્યાવાસમાંથી ખસેડે છે.

ઘર વાળવાના બહાના હેઠળ મોજીલા નાયકને વેશ્યાવાસમાંથી દૂર કરાયો તેવું કવિશ્રી વિજયશેખર અને કવિશ્રી દીપ્તિવિજયજી સિવાય સર્વ કવિઓ આલેખે છે. જ્યારે આ બન્ને કવિઓએ કથાપ્રવાહમાં **'ચંદ્રહાસ મદિરાનો'** ઉલ્લેખ કર્યો છે. આવો ઘટકાંશ કવિશ્રી ઋષભદાસકૃત **'રોહિણેય રાસ'** (પૃ.૧૧૮, લે. ડૉ. ભાનુબેન શાહ) અને **'અભયકુમાર રાસ'** (રાસરસાળ - ઢા.૭, ક.૧૭૧, પૃ.૩૭૨, લે. ડૉ. ભાનુબેન શાહ) માં જોવા મળે છે.

રોહણ શેઠ બનીને આવેલા **રોહિણેય કુમાર**ને પકડવા માટે મહામંત્રી અભયકુમારે તેમને આમંત્રણ આપી મહેલમાં બોલાવ્યાં. ત્યારપછી સ્વાદિષ્ટ, ખુશ્બુદાર ભોજન જમાડી ઉગ્ર પ્રકારની 'ચંદ્રહાસ મદિરા'નું

ભરપૂર પાન કરાવ્યું. રોહિણેય ચોર મદિરાનો વ્યસની તો હતો જ તેથી જરૂરતથી વધુ પ્રમાણમાં મદિરા ઢીંચી ગયો.

ચંડપ્રદ્યોતન રાજાએ **મહામંત્રી અભયકુમાર**ને પકડવા માટે ગણિકાઓને શ્રાવિકા બની મોકલાવી હતી. ઢોંગી ગણિકાએ શ્રાવિકાઓના આચાર-વિચાર કોઈ સાધ્વીજી પાસેથી શીખી લીધા. અભયકુમાર તેમના આચાર-વિચારથી ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે સાધર્મિક ભક્તિના બહાને તે ઢોંગી શ્રાવિકાઓને પોતાને ત્યાં ભોજન માટે બોલાવ્યાં. આપસમાં ધર્મની ચર્ચા થઈ. ઢોંગી શ્રાવિકાની વૈરાગ્ય સભર વાતોથી મહામંત્રી દિગ્મૂઢ બન્યા. ત્યારપછી કપટી શ્રાવિકાએ અભયકુમારને પોતાને ત્યાં જમવા તેડાવ્યા. તે સમયે તેમને પકડીને અવંતી નગરીમાં લઈ જવા 'ચંદ્રહાસ મદિરા' આગ્રહ કરીને પીવડાવવામાં આવી. કવિ આગમ પરંપરાને અનુસરે છે.

- **વેશ્યાવાસમાંથી પાછા ફરેલા પતિનો સત્કાર :**

'બાર વર્ષ વેશ્યાવાસમાંથી પાછા ફરેલા પતિને જોઈ ચરિત્રનાયિકાએ ઉષ્માભર્યો આવકાર આપ્યો', એવું સર્વ કૃતિકારો એકમતે સ્વીકારી આલેખે છે. નાયિકાનો પ્રેમ બીનશરતી અને વળતરની અપેક્ષા વિનાનો હતો તેથી નાયિકા ઉમળકાભેર સ્વાગત કરવા તત્પર બની. નાયિકાની હંસદૃષ્ટિથી પ્રેમ દીર્ઘજીવી નીવડ્યો. કલિયુગની ધન્યાએ કૃતપુણ્યની જીવનશૈલી આગળ ધરી છૂટાછેડા માટે કોર્ટનું શરણું શોધ્યું હોત !

કવિશ્રી પદ્મસાગરજી અને કવિશ્રી ગુણસાગરજી 'જલભાજન' અર્થાત્ 'નાળચાવાળો લોટો' **ચરણ પ્રક્ષાલન** માટે નાયિકા લાવી, તેવું કથાપ્રવાહમાં ગૂંથે છે.

ખાડા-ખૈયા, ચટ્ટાન, પથ્થર આવવા છતાં ઝરણું અવિરતપણે વહ્યા કરે છે, તેમ નાયિકાએ દુ:ખની ઝડીઓની બાદબાકી કરી ખુમારીપૂર્વક પતિધર્મ બજાવ્યો. શાસ્ત્રકારો કહે છે ''પતિના ચરણનું પાણી જે છોડી દે છે તે અધમ સ્ત્રી ગણાય છે.'' **(શ્રી વિક્રમચરિત્ર, સર્ગ-૧૧, શ્લોક-૩૦૫, પૃ.૨૫)**

પ્રાચીન કાળમાં પુરુષ વર્ગના પગ પખાળવાનો રિવાજ હતો. નાવમાં બેસતાં પહેલા **નાવિકે રામચંદ્રજી**ના પગ પખાળ્યાં હતાં. મૂળા શેઠાણીના ઘરે આવેલી **વસુમતી (ચંદનબાળા)** પિતા **ધનાવાહ શેઠ**ના પગ પખાળવા પાણીનો લોટો લાવી હતી. **સુદામા** જ્યારે દ્વારિકા નગરીમાં આવ્યા ત્યારે મહારાણી રૂક્મણી ઝારીમાં પાણી લાવી અને **કૃષ્ણ મહારાજા**એ સ્વયં પોતાના મિત્રનાં ચરણ ધોયાં અને પોતાના ખેસ વડે લૂછ્યાં હતાં.

કવિશ્રી જયરંગમુનિજી અને કવિશ્રી દીપ્તિવિજયજી **'ચરખો' (રેંટિયો)** કાંતતી ચરિત્ર નાયિકા દર્શાવે છે. અહીં નાયિકાની હૈયા ઉકલતથી સ્વાવલંબી જીવન જીવવાની આગવી સૂઝ દેખાય છે. નાયિકાએ કપરા કાળમાં કોઈની પાસે હાથ લાંબો કર્યો નથી તેમજ સાસરું છોડી પિતાના ઘરે ગઈ નથી. તે સમયે પિતૃક સંપત્તિમાં કન્યાનો અધિકાર હોવા છતાં પોતાની બુદ્ધિગમ્યતાથી, મહેનતથી ધનોપાર્જન કરી, સ્વમાનપૂર્વક જીવન જીવવામાં નાયિકાને વધુ રસ હતો.

એકવાર લગ્નગ્રંથિથી જોડાઈ ગયા પછી પત્ની આજીવન શ્વસૂરગૃહે જ રહે છે. પિતૃગૃહેથી ડોલીમાં બેસીને પતિગૃહે સીધાવેલી કન્યાને અર્થી જ શ્વસૂરગૃહેથી નીકળે છે, એવી ભૂતકાળની પ્રણાલિકા નજરે ચડે

છે. આજે એ દિવસો માત્ર ભૂતકાળ બની ગયા છે.

આ રેંટિયો જેણે માનવજાતના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ ચરખા સાથે આઝાદીનો ભવ્ય ઈતિહાસ અને ગાંધીજીનો સ્વરોજગારનો વિચાર જોડાયેલો છે. ગાંધીજીએ રેંટિયા દ્વારા ક્રાંતિની શરૂઆત કરી હતી. આજે તેનો અવાજ યાંત્રિકીના વેગવાન પ્રવાહમાં તણાઈ ગયો છે. પરિણામે સ્વાવલંબી જીવનની કલ્પના યંત્ર હેઠળ કચરાઈ ગઈ છે. આવનારા દાયકામાં ભારત શિક્ષિત બેરોજગારોની સમસ્યાથી પીડાતો હશે તો તેમાં નવાઈ નથી.

કવિશ્રી વિજયશેખર : કાંતિમતીએ ઉભા થઈ કહ્યું, ''પધારો પિયુ! આજથી આ ઘર સનાથ બન્યું છે.'' નાયકના આવતાં નાયિકા સનાથતાનો અનુભવ કરે છે કારણકે તેનું જીવતર સાસુ-સસરાના સ્વર્ગવાસ પછી એકલવાયું બન્યું હતું.

અધ્યાત્મના ક્ષેત્રે **અનાથી મુનિ**ને પ્રાપ્ત કરી **મહારાજા શ્રેણિક** ધર્મની સાચી સમજણ પ્રાપ્ત કરી સનાથ બન્યા હતા.

જેમ અણધાર્યો મેઘ વરસે તેમ અણધાર્યા પ્રિયતમનું આગમન થતાં સરખે સરખી વયની સખીઓએ ઉત્સવનાં ગીતો ગાયાં. દ્વાર પર કંકુના થાપા કર્યા, તોરણો બાંધ્યાં, લૂણ ઉતાર્યા, મોતીડે વધાવ્યાં, ચંદનની આંગી રચી વિવિધ પ્રકારની ભક્તિ કરી. ત્યાર પછી સ્નાન, દંતમંજન, આરામ કરવા માટે શય્યા આપી. ભોજનની વેળા થતાં સુગંધી ભાત આદિ વ્યંજનો પીરસ્યાં. (ઢા.૬, ક.૧૫૫-૧૬૧)

કવિશ્રી જયરંગમુનિ : કવિએ આ પ્રસંગને આ વિસ્તારથી વર્ણવ્યો છે.

નાયિકા શુકરાજની ખુશામત કરી પોતાના પ્રિયતમને સંદેશો પાઠવતાં કહે છે, ''હે શુકરાજ! ઢીલ કર્યા વિના તું પિયુ પાસે જા. મારો આટલો સંદેશો પહોંચાડજે. હું પતિના વિરહમાં ઝૂરીઝૂરીને રુક્ષ બની ગઈ છું. મેં તેલ, તંબોલ, મધુરાં ભોજન અને ક્રીડા કરવાનું છોડી દીધું છે. અંગમર્દન અને વિલેપનનો સર્વથા ત્યાગ કર્યો છે. પતિ વિના શરીરનો શૃંગાર અંગારા જેવો દાહક લાગે છે. વિરહ વેદનાથી મારું હૈયું કરવતની જેમ કપાય છે. રસકસવાળાં ભોજનો મને વિષતુલ્ય ભાસે છે. સુખકારી શૈયા પર પોઢું ત્યારે નિંદ્રા વેરણ બની જાય છે. પિયુના પ્રેમનું સ્મરણ કરતી કરતી દુઃખપૂર્વક (ભાગ્યે જ) ક્યારેક આંખ મિંચાય છે.

હે શુકરાજ! વળી, તું મારો આટલો સંદેશો પિયુને ચોક્કસ કહેજે. તમે કુળની લાજ-મર્યાદાનો ભંગ કર્યો છે. આ માર્ગ અપનાવતાં લહેણામાંથી દહેણું થયું. (સારું કરવા જતાં ખોટુ થયું.) તમે ગુણી હોવા છતાં ગુણને ત્યજી અવગુણ ગ્રહણ કર્યો છે. તમે માથે કલંક ચઢાવ્યું છે. લોકો ટોણાં મારે છે. સ્વામી! મેં તમને કલ્પતરુ જેવા ગણ્યા હતા પરંતુ તમે તો આંકડા અને એરંડાના વૃક્ષ જેવાં તુચ્છ નીવડ્યાં. મેં અમૂલખ રત્ન સમજી તમારી સાથે વિવાહ કર્યા પરંતુ તમે તો પત્થર જેવા નિર્દયી નીવડ્યાં. શંખ સમાન તમે કાંચ જેવા કાં સિદ્ધ થયા? હંસ જાણે કાગડો થયો! સોનું જાણે સીસું બન્યું! વેશ્યા સાથે પ્રીત બાંધી પૂર્વજોની કીર્તિને જબરો ધબ્બો લગાડ્યો છે. હે કિરતાર! કંત વિહોણી કેટલીય નારીઓ દુઃખી હશે પરંતુ એ સર્વમાં હું મોખરે છું. (સૌથી વધુ દુઃખી છું.)

ખેર! હવે કોને દોષિત ઠરાવવા, જ્યાં આપણું ભાગ્ય જ ખૂટ્યું હોય! હવે કેવો અફસોસ? ખરેખર! ભાગ્યમાં જે હોય તે જ મળે છે. હે કિરતાર! મારા વાલમના વિરહનો અંત ક્યારે આવશે? વાલમને મારા આશિષ કહેજો. તે દીર્ઘાયુ બને. તેઓ મનમાં કાંઈ રોષ ન રાખે. જેમ ભલું થાય તેમ કરે. શુકરાજ! મારા

પ્રિતમનો સંદેશો લાવજે. હું દ્વાર પર ઉભી સદા વાટ જોતી રહીશ. તેઓ કુશળતાથી જલ્દી પાછા ફરે. હું સતી શિરોમણિ સીતા જેવી નિર્મળ છું.'' (ઢા.૮, ક.૧૪૪-૧૫૮, ૧૭૦-૧૭૨) આ વર્ણન પાઠકોની આંખો ભીની કરાવ છે.

આ પ્રમાણે કહી રહી ત્યાં નાયિકાનું ડાબુ અંગ ફરક્યું. તેણે વિચાર્યું, 'આજે મને મારા પિયુનો ભેટો થશે.' તે કાંતવા બેઠી ત્યાં કોઈ પુરુષને દ્વારા પર જોયો.

પરપુરુષને ખડકી પર જોઈ નાયિકાએ સતી સ્ત્રીની જેમ પડકાર કરતાં કહ્યું, ''આ સતી સ્ત્રીનું ઘર છે. અહીં પરપુરુષનું કામ નથી. હાથીનાં દાંત, કેશરી સિંહની કેશરા, સર્પનો મણિ, સ્ત્રીના સ્તન અને કૃપણનું ધન મેળવવું અશક્ય છે. (કેશરા, મણિ વગેરેની જેમ સતી શિયળ સાચવે છે.) મારા માટે મારા પતિ સિવાય અન્ય સર્વ પુરુષ વર્ગ 'ભાઈ' સમાન છે. હું પરપુરુષ સાથે વાર્તાલાપ કરતી નથી. મારા સગી નણદીનો વીરો એ જ મારો ભરતાર છે. મારે અસત્ય બોલવાની આખડી છે.'' પ્રભાવિત થયેલા નાયકે નાયિકાની શુદ્ધ ભાવના જોઈ તારીફ કરતાં કહ્યું, ''ધન્ય છે સતી તને ! તે શીલનું જતન કર્યું છે. તેથી તારું નામ ચંદ્રની જેમ ગગનમાં ઊંચું ચડયું છે.'' જેમ મેઘ વરસતાં ધરતી નવપલ્લવિત થાય છે, તેમ પતિને જોઈ નાયિકાનું તન અને મન આનંદથી ખીલી ઉઠયું. (ક.૧૭૫-૧૮૩)

ઢા.૧૦માં નાયિકાના હૈયામાં હર્ષની હેલીઓ ચડી. પોતાની સખીઓ સમક્ષ વિસ્તારથી ખુશીની અભિવ્યક્તિ કરે છે. પતિના આગમનની ખુશાલીમાં થયેલી ઘરની સજાવટ તળપદી રીતે આલેખાયેલી છે.

નાયિકા પાસે માખણ જેવું મુલાયમ હૃદય હતું. સૌને પ્રેમના તાંતણે જોડી રાખવાની ગજબનાક સંવેદનશીલતા હતી. એનું રુદિયું પણ ચોખ્ખું ચણાક હતું. ભૂલ કરનાર પ્રત્યે પણ કેવો સદ્‌ભાવ !

મહાનાયિકા ધન્યાના જીવનની અનોખી ઊંચાઈ ઘરાવતી આ ક્ષણ હતી. પતિની બધી દુષ્ટતા અને કર્તવ્ય વિરોધી હરકતોને વિશાળ હૃદયે માફ કરી દીધાં. તે લાગણીશીલ બની સંબંધોનું આયખું ટકાવી રાખનારી ભારતીય નારી હતી.

કવિશ્રી પદ્મસાગરજી, કવિશ્રી રતનસૂરિજી, કવિશ્રી લાલવિજયજી, કવિશ્રી ઋષભદાસજી, કવિશ્રી મલયચંદ્રજી, કવિશ્રી ફતેહચંદજી અને અજ્ઞાત લેખકો આ પ્રસંગને સંક્ષેપમાં આલેખે છે. કવિશ્રી જયરંગમુનિજીએ ચરિત્રનાયિકાનું પ્રભાવશાળી સત્ત્વ, પતિને જોઈને નાયિકાની બેવડાયેલી ખુશી ઈત્યાદિ પ્રસંગોને ખૂબ વિસ્તારથી વર્ણવ્યા છે. તેમાં શીલ પાલનનો કથાંશ પ્રગટ થયો છે. આ આલેખનમાં કવિએ રસવત્તાને ઓસરવા દીધી નથી.

પુરુષ જાતિ તરફથી નાયિકાને થયેલો અન્યાય પુરુષ પ્રધાન સમાજની દુર્ગંધ કહેવાય.

- **ચરિત્રનાયકનું વ્યાપારાર્થે પરદેશગમન :**

કવિશ્રી પદ્મસાગરજી : નાયિકાએ નાયકને સાંત્વના આપતાં મીઠાશભરી વાણીમાં કહ્યું, ''કંત ! ધનની ચિંતા ન કરશો. થોડું હશે તો પણ આપણે બન્ને વહેંચી ખાશું. સુખ-દુઃખ પરભવનાં લખેલાં કર્મ છે. (૧૨૦-૧૨૧)

કવિશ્રી રતનસૂરિ : બે જીવી નાયિકાએ કંતને પૂછયું, ''ધન કેમ કરી મેળવશું ?'' સાર્થપતિ ધનાવાહ શેઠના મિત્ર હતાં. તેમણે નાયકને કહ્યું, ''તું મારી સાથે આવશે તો બે, ત્રણ, ચાર એમ બારે વર્ષે બાર ગણાં ધન કમાશે !'' નાયિકાએ પ્રવાસમાં જતા નાયકને કોથડો ભરી ચોખા, વીસ-ત્રીસ લાડુ આપ્યા. નાયકે પાડોશણોને

ઘરનું ધ્યાન રાખવાની ભલામણ કરી. વાંસણીમાં ઘન ભર્યું અને સૂવા માટે ખાટલો લઈ જ્યાં વહાણ લાંગર્યા હતાં ત્યાં આવ્યો. (૩૮-૪૪)

કવિશ્રી ઋષભદાસજી : નાયિકાએ કહ્યું, ''આપણે બે માંથી ત્રણ થઈશું તેથી પેટ ભરવાનો કોઈ ઉપાય અજમાવો.'' નાયકે કહ્યું, ''મેં કદી વ્યાપાર કર્યો નથી. મને કાંઈ સૂઝતું નથી.'' હવે નાયિકાએ કહ્યું, ''તમે સાર્થપતિ સાથે પરદેશ જાઓ. એ તમારા પિતાના મિત્ર હોવાથી તમારી દેખરેખ કરશે.'' બન્ને રેંણાકના આવાસો અડાણે મૂકી ઘનને વાંસણીમાં ભરી, ચોખા, દાળ, લોટ અને લાડુ કોથળીમાં ભરી નાયિકા પોતાના પતિને મૂકવા સાર્થમાં ગઈ. તેણે સાર્થપતિને ભલામણ આપતાં કહ્યું, ''આ તમારો ભત્રીજો વ્યાપારમાં અબુધ છે. એ જન્મથી જ સુખ-સાહ્યબીમાં ઉછર્યા છે. તમે એમના પર હેતદૃષ્ટિ રાખજો.'' સાર્થપતિએ કહ્યું, ''બહેન ! એ મારા પુત્ર સમાન છે. હું ડબલ-ચોબલ ઘન કમાવી આપીશ. તમે લગીરે ચિંતા ન કરશો.'' નાયિકા આશ્વાસનજનક વેણ સાંભળી આનંદિત થઈ ગઈ. તે પતિને સાર્થમાં મૂકી નિરાશ વદને પાછી ફરી. 'બાર વર્ષે પાછા ફરેલા પતિનો પુનઃ વિયોગ થયો. મેં જરૂર પાપકર્મો કર્યા હશે, તેનું આ ફળ છે.' આમ નાયિકા કર્મવાદને વાગોળતી ખિન્ન હૃદયે ઘરે પહોંચી. ઘરના કામકાજમાં તેનું ચિત્ત પરોવાયું નહીં. (૧૩૬-૧૪૩)

કવિશ્રી ગુણવિનયજી : 'દ્રવ્ય હોવઈ તઉ હું હિવઈ, માંડું વિવહાર.' સાર્થના સમાચાર સાંભળી નાયક વ્યાપારાર્થે પરદેશ જવા નીકળ્યો. એક સૂના દેવળની સમીપમાં ખાટલો ઢાળી સૂઈ ગયો. (ઢા.૭, ક.૬)

કવિશ્રી કલ્યાણરત્નજી : 'ઘન વિના મનોરથ ક્યાંથી પૂર્ણ થશે ?' એવું વિચારી નાયકે કહ્યું, ઘન વિના એક ઘડી વરસ જેટલી લાંબી લાગે છે. અર્થાત્ ગૃહસ્થીને ઘર વિના એક ઘડી પણ ચાલે નહીં તેથી નાયકે પરદેશ જઈ વેપાર કરવાનો મનસૂબો ઘડ્યો. (૧૮-૧૯)

કવિશ્રી ગુણસાગરજી : ગામના લોકોએ નાયકને ઉપાલંભ આપતાં કહ્યું, ''હવે ઠેકાણે આવ્યો છે. પહેલાં જો સુધર્યો હોત તો ? આ પુત્ર નથી પણ શત્રુ છે. તેની ચિંતામાં માવતર પરલોક સિધાવી ગયા.'' લોકોના કટાક્ષ યુક્ત માર્મિક શબ્દો સાંભળી નાયક અત્યંત ખેદ અનુભવવા લાગ્યો. ત્યારે નાયિકાએ કહ્યું, ''પ્રાણેશ્વર ! તમે લોકોના વેણ તરફ ધ્યાન ન આપો. લોકો તો ગમે તેમ બોલે.'' નાયકે કહ્યું, ''પ્રિયે ! હું પરદેશ જઈ ઘણું કમાઈને આવીશ.'' નાયિકાએ વ્યાપાર માટે પોતાની પાસે રહેલા એક હજાર સોનૈયા આપતાં કહ્યું, ''હાથીનાં પગ નીચે સસલાં સમાઈ જાય, તેમ મોટાના ઘરખર્ચમાંથી નાનાનું આખું ઘર ચાલે છે.'' નાયકે કહ્યું, ''આટલા ધનથી શું થાય ? હું કરોડો સોનામહોરો કમાઈશ ત્યારે આપણી અભિલાષાઓ પૂર્ણ થશે.'' નાયક હવે રોક્યો રોકાય એમ ન હતો ત્યારે નાયિકાએ રાજીખુશીથી કહ્યું, ''તમે પરદેશમાં ક્ષેમ-કુશળ રહેજો. કુળદેવતા તમારી આશા પૂર્ણ કરે.'' તેવા સમયે સાર્થવાહના સમાચાર મળ્યા. નાયક સાર્થવાહ સાથે પ્રવાસમાં જોડાયો ત્યારે નાયિકાએ ભાતામાં લાડુ આપ્યાં. (ઢા.૨, ક.૧-૬)

પરસ્ત્રીગમન કે વેશ્યાગમનના કારણે નાયકે પોતાની પ્રતિષ્ઠા ગુમાવી હતી. તેની મેલી મંથરાવટી ની ઘજા નગરમાં ફરકી રહી હતી, તેથી નગરમાં તેને કોઈ કામધંધો મળવો મુશ્કેલ હતો. આ કારણે નાયક દોકડા કમાવવા પરદેશ જવા રવાનો થયો. મહાનાયિકાને મોટાઈનો મોહ ન હતો. તે પ્રત્યેક સંજોગોને ખૂબ હળવાશથી અને સ્વસ્થતાપૂર્વક લેતી. તે ભીતરથી માયાળુ સ્વભાવની હતી.

કવિશ્રી લાલવિજયજી : નાયિકાને સારા દિવસો રહેતાં તેણે કહ્યું, ''કંત ! ધન વિના શું કરશું ?'' નાયકે વ્યાજે ધન લઈ સાર્થ સાથે પરદેશ જવાનો વિચાર કર્યો.

કવિશ્રી વિજયશેખરજી : પરિવાર વધતાં ધનની આવશ્યકતા પડતાં નાયિકાએ કહ્યું, ''નિર્ધન શબ સમાન છે. કોઈ તેનો આદર કરતો નથી. લક્ષ્મીથી સર્વ ગુણ વસે છે. લક્ષ્મી જતાં ગુણ પણ વિદાય લે છે.'' નાયિકાએ પોતાને દાયજામાં મળેલો એક આવાસ ગીરવી મૂક્યો. તેમાંથી પ્રાપ્ત થયેલું ધન પતિને વ્યાપાર માટે આપ્યું. ઘરની બહાર પાદરમાં સાર્થનો ઉતારો હતો ત્યાં નાયકને લઈને નાયિકા આવી. તેણે દેવળમાં ખાટલો ઢાળ્યો. નાયક તેના પર સૂતો. ત્યાર પછી નાયિકા અશ્રુભીની આંખે ભાગ્યને કોસતી પાછી વળી. (૧૬૫-૧૭૫)

કવિશ્રી જયરંગમુનિજી : કૃતપુણ્યને આવ્યે બે માસ થયાં હતાં. ત્યાં જયશ્રીને આધાન રહ્યો. એક દિવસ પતિને ઉદાસ જોઈ જયશ્રીએ પૂછ્યું, ''નાથ ! સદાય હસતો ચહેરો આજે મુરઝાયેલો કેમ દેખાય છે ? શું કોઈ નવી ચિંતા ઉભી થઈ છે ? શું તમે મારાથી રીસાયા છો ? તમે નહીં બોલો તો હું એક ક્ષણ પણ જીવિત નહીં રહું.'' નાયકે કહ્યું, ''હે પદમણી નારી ! તું તો મારા હૃદયમાં વસે છે. જેમ પુષ્પમાં ભ્રમરનું મન મોહિત થાય છે તેમ તારા રૂપ-ગુણમાં મારું મન મોહિત થયું છે. મને સૌથી મોટી ચિંતા ધનની છે. મારું કુળ ઊંચુ છે. પૂર્વે આવતાં-જતાં મહેમાનો અમારા ઘરે રોકાતાં હતાં. ધન વિના કોઈ કાર્ય (સરભરા) ન થાય. વળી, ધન વિના ઘરની ઈજ્જત પણ ન રહે. ધન વિના યાચકને દાન ન દેવાય. દાન વિના યાચક પ્રશંસા પણ ન કરે. ધનથી જ દેવતા પ્રસન્ન થાય છે. ધનથી કીર્તિ વધે છે. ધનથી દાન અને દાનથી દૌલત વધે છે. રૂપિયાથી રાજવી માને છે. રૂપિયાથી જ ધર્મ કર્મ થાય છે. દોકડાથી સ્નાત્રપૂજા,જિનપૂજા થાય છે. દોકડાથી જ ભાર્યા રીઝે છે. દોકડાથી જ વ્યાપાર અને જમણવાર થાય છે. હું કરજ કરવા ઈચ્છતો નથી. કારણકે કરજ કરવાથી ઊંઘ હરામ બને છે. કરજ કરનારને લોકો ગાળો આપે છે. નારી પતિથી શોભે છે, ધરતી મેઘથી શોભે છે તેમ પુરુષ ધનથી શોભે છે. આજે ધનનો દુર્વ્યય કરતાં ધન ખૂંટયું છે. ઘરમાં ધનની ખોટ પડી છે, વ્યાપાર ચાલતો નથી, પેટ ભરવું મુશ્કેલ બન્યું છે તેથી હું પરદેશ જઈ ધન ખાટી આવીશ. તમે બન્ને સ્ત્રીઓ ઘરમાં બહેનોની જેમ રૂડી રીતે હળીમળીને રહેજો.''

પતિના નિશ્ચલ વેણ સાંભળી નાયિકાએ પોતાનાં ઘરેણાં ઉતારી પતિના હાથમાં મૂક્યાં. ત્યારે પતિએ કહ્યું, ''સ્ત્રીનાં ઘરેણાં વેંચતા સમાજમાં લાજ જાય અને ખુવારી થાય. હું પરદેશ જઈ ઘણું ધન ખાટી આવીશ. તારા ભરોસે આ ઘરની શોભા છે.'' તેવા ટાણે ધનપતિ નામના સાર્થવાહે નગરમાં ઉદ્‌ઘોષણા કરી કે, ''જેને વેપાર કરવા પરદેશ જવું હોય તે મારી સાથે આવે. પરદેશમાં ઘનાઢય વેપારીઓ છે તેથી ઘણું ધન હાથ ચડશે.'' શુભ શકુન જોઈ જયશ્રી પોતાના પતિને વળાવવા સાર્થના પડાવમાં ગઈ. તેણે દેવળમાં ખાટલો ઢાળ્યો. ત્યારે કચવન્ના શાહ તેના પર બેઠો. જયશ્રીએ પરદેશ જતા કંતને ભલામણ કરતાં કહ્યું, ''તમે સુખે સિધાવો. તમારી મુરાદ પૂર્ણ થાઓ. તમે ધન ખાટી જલ્દી પાછાં ફરજો. પરદેશમાં કાયમ વસવાટ ન કરજો. પરદેશથી આવતાં જતાં પ્રવાસીઓ સાથે તમારી કુશળતાનો સંદેશો મોકલાવજો. ચોર, ચાડી-ચુગલી કરનારા અને ધૂર્ત લોકોનો પરદેશમાં વિશ્વાસ ન કરશો. ખાવા-પીવામાં સંકોચ ન કરશો. નિત્ય દેવ-ગુરુનું સ્મરણ કરજો. શાશ્વતા જિન ધર્મમાં અડોલ શ્રદ્ધા રાખજો. વચ્ચે મને પણ યાદ કરજો. તમે મારા પ્રાણ છો. તમે મારા જીવન છો. તે ઘડી, તે દિવસ અને તે માસ ધન્ય હશે, જે દિવસે હું પ્રત્યક્ષ નયનોથી તમને નિહાળીશ. મારી એક વિનંતીને અવધારો. હું પતિવ્રતા નારી તમારું એઠું જમનારી છું. હવેથી દુ:ખી મને એકલી જમીશ. તમે હેતથી

આવીને તમારા હાથે તંબોલ-પાન બનાવીને આપશો ત્યારે ખાઈશ. ચૂઆ, ચંદન આદિ સુગંધી પદાર્થોનો આજથી ત્યાગ કરું છું. મેવા, મીઠાઈ અને વિગઈનો નિયમ કરું છું. પ્રભાતે ઉઠીને દેવ-ગુરુને વંદન કરીશ. જિનાલયમાં જિનસ્તુતિ અને દીવો કરીશ. પર્વ તિથિએ તપ-જપ, આયંબિલ, નીવી, એકાસણા કરીશ. ધર્મથી જ પ્રિયનો સંગ થાય છે. પાર્વતી શંકરને, રતિ કામદેવને, રૂક્ષ્મણી કૃષ્ણને, ચકવી ચક્વાને અને સીતા રામને યાદ કરે છે; તેમ હું સદા તમારું સ્મરણ કરીશ. હું મેઘની જેમ દ્વાર પર ઉભી ઉભી સદા તમારી વાટ જોતી રહીશ.'' બન્ને સ્ત્રીઓ નિસાસો નાંખતી, વારંવાર પાછું વળી વળીને પતિને જોતી ઘર તરફ પાછી ફરી. (દુ.૧૩, ઢા.૧૩, ક.૧-૧૬)

ઉપરોક્ત ઘટકાંશમાં ધર્મની ઉપયોગિતા, પતિના સુખની કામના અને પતિ પ્રત્યેનો અથાગ પ્રેમ દર્શાવવા કવિશ્રીએ પૌરાણિક દૃષ્ટાંતોનો આશરો લીધો છે.

કવિશ્રી દીપ્તિવિજયજી : છ માસ પછી ધનવતીની ગોદ ભરાણી. ત્યારે નાયકે કહ્યું, ''સુંદરી ! હું પરદેશ જવા માંગું છું. મને કઈંક ધન આપ, જેમાંથી કરિયાણું લાવી શકાય.'' નાયિકાએ એક અમૂલ્ય આભૂષણ અને દહેજમાં મળેલું મકાન ગીરવે મૂક્યું. નાયિકાએ કોથળીમાં લાડુ ભર્યા. નાયકે પ્રવાસમાં જવા યોગ્ય વેશ પહોર્યો. કેડમાં પૈસાની થેલી બાંધી, ખાટલો લઈ નાયિકા નાયક સાથે વણઝારાની ટોળીમાં આવી. નાયિકાએ નાયકને કહ્યું, ''વાલમ ! વહેલા ઘરે પધારજો, તમારું જતન કરજો, રખે ! મને ભૂલી જતા. તમે દીર્ઘાયુ થાઓ. ઉંબરના વૃક્ષની જેમ ખૂબ ફળજો (ધન કમાજો). તમારા મનોરથ પૂર્ણ થાય. તમે જ્યારે પાછા મળશો ત્યારે મારું મન આનંદિત થશે. તમે દૂર દેશાવરમાં હશો પણ તમારી દરેક વાતોને હું હૃદયમાં રાખીશ. મારો આત્મા તમારી પાસે જ હશે. (૧૧૨-૧૨૪)

કવિશ્રી મલયચંદ્રજી : નાયિકાએ કહ્યું, ''અનાજ કઈ રીતે મેળવશું. તમે કોઈ વ્યવસાય આદરો. સાર્થ સાથે દેશાવરમાં ફરો. આપણા બન્ને મકાનો અને મારું ઘરેણું વ્યાજે મૂકી પૈસા મેળવો.'' સોહાસણીએ પ્રવાસમાં જતા નાયકને કોથળીમાં ચોખા, ૨૦-૩૦ લાડુ ભરીને આપ્યાં. વળી, ધન વાંસણીમાં ભર્યું.

કવિશ્રી ફતેહચંદ : એક માસ ઘરનું સુખ ભોગવીને નાયક પરદેશ ચાલ્યો. સાર્થના પડાવમાં હજારો માણસો હતા. અનેક ઠેકાણે તંબુ તાણેલા હતાં. દેવળમાં પલંગ ઢાળી, બિછાનું પાથરી નાયક લાંબો થયો. (૧૩-૧૪)

અજ્ઞાત લેખક (બાલા.) : નાયક કેટલોક સમય ગૃહવાસમાં રહ્યો. ત્યારપછી તેણે નાયિકાને કહ્યું, ''મારી પાસે ધન નથી. હું શું વ્યાપાર કરું ? ઘરનું સંચાલન કઈ રીતે થશે ?'' નાયિકાએ ઉદાર મને કહ્યું, ''સ્વામી ! તમે કુશળ છો તો ઘણું ધન મળશે. ધન એ તો શરીરના મેલ સમાન છે. સારું શકુન જોઈ નાયક સાર્થમાં જોડાયો.

અજ્ઞાત કથાકાર : પડોશમાં રહેતાં ચંદ્રજશ શેઠ સાથે નાયક પરદેશમાં ગયો. નાયક સાર્થના પડાવમાં બલદેવના દહેરામાં ખાટલો ઢાળી સૂતો.

આ પ્રસંગને પ્રત્યેક કવિઓએ પોતાની મતિ કલ્પના વડે વિસ્તૃત કર્યો છે. કવિશ્રી રતનસૂરિજી, કવિશ્રી કલ્યાણરત્નજી, અજ્ઞાત રચનાકારે (સજ્ઝાય, બાલા., કથા) વ્યાપાર માટે ધનની જોગવાઈ કરવા હેતુથી મકાન ઈત્યાદિ ગીરવી મૂકવાની વાત કરી નથી. કવિશ્રી ગુણસાગરજીએ નાયિકા પાસે રહેલા એક હજાર સોનૈયાનો વ્યાપારમાં ઉપયોગ કર્યો; કવિશ્રી લાલવિજયજીએ વ્યાજે ધન મેળવ્યું; કવિશ્રી

દીપ્તિવિજયજીએ એક મકાન, અને અમૂલ્ય આભૂષણ અડાણે મૂક્યાનું આલેખ્યું છે; કવિશ્રી જયરંગમુનિએ આ પ્રસંગને ઉપસાવવા નાયકના પૂર્વજોની ખાનદાની, ધનની કિંમત, કરજથી થતાં ગેરલાભ વિસ્તારથી વર્ણવ્યા છે. વળી, પરદેશ જતા ભોળા પ્રિયતમને ભલામણ આપતી નાયિકાનો સંવાદ રોચક છે, જેમાં નાયક પ્રત્યેનો નાયિકનો પ્રેમ અને હોંશિયારી છતી થાય છે.

આ વર્ણન પરથી તે સમયનું **સમાજ દર્શન** થાય છે.

૧. તે સમાજમાં સ્ત્રીનાં ઘરેણાં વેંચનારને લોકો નપાવટ સમજી ધિક્કારતા હશે.

૨. પતિવ્રતા સતી સ્ત્રી પતિના વિયોગમાં સાદગીભર્યું જીવન જીવતી હશે. સ્વજનોના વિયોગમાં તેમના શ્રેય કે કલ્યાણની કામના માટે અને સદાચારની ખેવના માટે સતી સ્ત્રીઓ બાધા કે આખડી રાખતી હતી. નાયિકાએ સ્વેચ્છાએ નાયક પાછો ન ફરે ત્યાં સુધી મુખવાસ, મેવા-મીઠાઈ અને વિગઈનો ત્યાગ કર્યો છે. (કવિશ્રી જયરંગમુનિ)

અહીં તપથી દુષ્કૃત્ય, વિપત્તિ અને અંતરાય દૂર થાય છે, તેવો ભાવ પ્રગટ થયો છે.

૩. તાર, ટેલિફોન જેવા સાધનોનું સંશોધન થયું ન હોવાથી વિદેશ ગયેલા પોતાના સ્વજનોના સમાચાર અવરજવર કરતા મુસાફરો દ્વારા જ મળતા હતા.

૪. સૂવા માટે ખાટલાનો ઉપયોગ થતો હતો. તે સમયે વીજળીની શોધ થઈ ન હતી. વળી, સાપ, વીંછી જેવા ઝેરી પ્રાણીઓનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં હશે. તેમનાથી બચવા લોકો ખાટલાનો ઉપયોગ કરતા હશે.

૫. પ્રવાસમાં જેમ અત્યારે થેપલા, સૂકા નાસ્તા, બિસ્કિટ, ચાના પેકેટ લઈ જવામાં આવે છે, તેમ પ્રાચીન કાળમાં લાડુ, દાળ-ચોખા (ખીચડી), લોટ લઈ જવાની પ્રથા હતી. લાડુ અને ખીચડી પૌષ્ટિક આહાર છે, તે લાંબા સમય સુધી ક્ષુધા વેદનીયને રોકી શકે છે.

૬. આજે જે છે, એવું બેંકનું સુઆયોજિત માળખું પ્રાચીન કાળમાં અસ્તિત્વમાં આવ્યું ન હતું. એ જમાનામાં શાહુકારી પ્રથા ચલણી હતી. કોઈપણ વ્યક્તિને પોતાનો વ્યવસાય કે અન્ય કોઈ કામ માટે નાણાની જરૂર પડે ત્યારે શાહુકાર પાસે પોતાની સંપત્તિ ગિરો મૂકીને નાણા મેળવે અને બદલામાં નાણાની મૂળ રકમ ન ચૂકવાય ત્યાં સુધી વ્યાજ ભરતો રહે.

એ જમાનામાં ખુદ રાજા-મહારાજાઓને પણ સૈન્યના રખ-રખાવ માટે શાહુકારો પાસે ઝોળી ફેલાવવી પડતી હતી. દિલ્હીના બાદશાહ શાહજહાંએ તાજમહેલ અને લાલ કિલ્લા જેવી ઈમારત પાછળ અઢળક ખર્ચ કરી નાંખ્યા પછી તિજોરી ખાલી કરી નાંખી હતી. છેવટે રાજ ચલાવવા માટે અમદાવાદના શાંતિલાલ ઝવેરી પાસેથી લોન લેવી પડી હોવાનું ઈતિહાસમાં પણ નોંધાયેલું છે.

બદલાતા સમય સાથે ખાનગી ધોરણે ચાલતી આ શાહુકારી વ્યવસ્થાનું પદ્ધતિસરનું ગઠન થયું અને તેમાં શિસ્ત અને નીતિ-નિયમનું તત્ત્વ ઉમેરાયું. પછી એ વ્યવસ્થા બેન્ક તરીકે સાંપ્રત કાળે ઓળખાય છે.

૭. પ્રાચીન કાળમાં કરજ કરવું નામોશીભર્યું લેખાતું હતું. સમાજમાં તેવો વ્યક્તિ નિમ્ન કોટિનો લેખાતો હતો. આજે જૂનો ક્રમ હચમચી ગયો છે. સામાજિક મૂલ્યો બદલાઈ ગયાં છે.

વર્તમાન કાળે મોભો - **STATUS** ખોટો વજૂદ બતાડવા લોકો દેવું કરતાં અચકાતાં નથી. દેવું કરીને પણ અમનચમનથી રહેવું ફેશન થઈ ગઈ છે. કોઈને ફસાવી પૈસા પડાવવા અને હાથ ઊંચા કરી દેવા એ

કેટલાક બેઈમાન લોકોનો જન્મસિદ્ધ હક્ક બની ગયો છે તેથી આજે ગરીબો કે મધ્યમ વર્ગ તો ઠીક શ્રીમંત વર્ગમાં પણ કોઈ કોઈને આર્થિક સહાય કરવા કોઈ તૈયાર નથી. લોકોનો એકબીજા પ્રત્યેનો ભરોસો ઉઠી ગયો છે. પ્રમાણિકતા, ન્યાય-નીતિ ઘસાતી જાય છે. ધર્મ પ્રત્યેની આસ્થા ગાયબ થતી જાય છે. ફરેબી લોકોને પુણ્ય-પાપની વાતો વાહિયાત લાગે છે. સાદગી, સંતોષનું સ્થાન ભપકો અને નવી નવી અનહદ આકાંક્ષાઓએ છીનવી લીધું છે તેથી સમાજની આર્થિક સ્થિતિ પ્રતિદિન કથળતી જાય છે. પરોપકારની ભાવના ભૂંસાતી જાય છે.

૮. પ્રત્યેક યુગમાં ધનવાનોને જ લોકચાહના મળી છે.

૯. પરગામથી વ્યાપારાર્થે આવેલા અથવા કોઈ કામ માટે નગરમાં આવેલી અજાણી વ્યક્તિને પણ અતિથિ સમજી ઘરે લઈ જઈ તેનું ભાવભીનું સત્કાર કરવામાં આવતું હતું અર્થાત્ પ્રાચીનકાળમાં લોકોમાં 'અતિથિ દેવો ભવઃ'ની ભાવના પ્રચૂર પ્રમાણમાં જોવા મળે છે. **પૂણિયા શ્રાવક**ની સાધર્મિક ભક્તિ જગવિખ્યાત છે.

રાજકુમાર શ્રેણિક બેનાતટ નગરમાં ધનાવાહ શેઠના હાટે ગયા ત્યારે અજાણ્યા હોવા છતાં શેઠ તેમને પોતાના આવાસે લઈ ગયા. ત્યાં શેઠાણી અને તેમની પુત્રી સુનંદાએ પ્રસન્નતાપૂર્વક આગંતુકની ભક્તિ કરી. સમય જતાં આ સુનંદા સાથે રાજકુમાર શ્રેણિકના વિવાહ થયા. **(કવિ ઋષભદાસ કૃત - શ્રેણિક રાસ)**

૧૦. પરદેશમાં વ્યાપાર કરવા ઈચ્છતા વ્યક્તિઓ સાર્થવાહની પોળમાં જોડાતા. એકલદોકલ જતા ન હતા.

૧૧. પરદેશગમન કરતાં જળમાર્ગે વાહન તરીકે જહાજનો ઉપયોગ થતો હતો.

૧૨. સારા કે માઠાં પ્રસંગોમાં સૌ પ્રથમ પાડોશી મદદરૂપ થતાં હોય છે. આ ભાવનો પડઘો કવિશ્રી રતન સૂરિજીની કૃતિમાં ઝીલાયો છે તેથી ચરિત્રનાયક પરદેશ જવા પૂર્વે ઘરનું ધ્યાન રાખવાની ભલામણ પાડોશીને કરે છે.

૧૩. પ્રવાસમાં જતી વેળાએ એક લાંબી, સાંકળી થેલીમાં ધન ભરવામાં આવતું, જેને વાંસણી કહેવામાં આવતી. આ વાંસણી કમ્મરે બાંધવામાં આવતી હતી.

૧૪. ભોજન બાદ મુખવાસમાં **નાગરવેલનાં પાન** ખાવાની પ્રથા હતી.

દ્વાપર યુગથી આપણાં દેશમાં ભોજન પછી તાંબૂલપત્ર ખાવાની પ્રથા હતી તે આજે પણ પ્રચલિત છે. નાગવલ્લીના પાનનું દરેક શુભ કાર્યમાં અને પ્રસંગોમાં ભાવનાત્મક મહત્ત્વ રહેલું છે. આ પર્ણ પવિત્ર ગણાય છે તેથી ધાર્મિક, સામાજિક કે આર્થિક કોઈ પણ કાર્યની પૂર્તિમાં તેનો ઉપયોગ થાય છે. વિવાહ પ્રસંગે નાગરવેલના પાનને સિંહાસન બનાવીને તેના પર ગણેશજી અથવા સોપારી સ્થાપિત કરવામાં આવે છે. કુંવારી કન્યા જાનનું સ્વાગત કરવા સામૈયું લઈ સામે જાય છે ત્યારે કળશ પર નાગરવેલનાં પાન અને નાળિયેર સ્થાપિત કરવામાં આવે છે.

નાગરવેલના પાન મુખને સુવાસિત કરી ભોજનને પચાવવામાં પાચનશક્તિ પ્રદાન કરે છે. તેનો વધુ માત્રામાં ઉપયોગ કરવાથી કેન્સર થાય છે. નાગરવેલના પાનમાં કેલ્શિયમ સારા પ્રમાણમાં રહેલું છે. તેમાં કાથો, ચૂનો, વરિયાળી, લવિંગ, ગુલકંદ, સોપારી, નારીયેળ, એલચી, ધાણાદાળ જેવાં ખાદ્ય પદાર્થો નાખવામાં આવે છે, જે પાચન શક્તિને તંદુરસ્ત રાખવા માટે રામબાણનું કામ કરે છે.

એક સમય એવો હતો કે પાનમાં કસ્તુરી, સોના-ચાંદીના વરખનો ઉપયોગ કેવળ શ્રીમંતો જ કરતાં

હતાં. સામાન્ય માણસો કસ્તૂરી અને લવિંગ-એલચીનો ઉપયોગ મુખવાસમાં કરતાં હતાં. ગણિકાઓ તાંબૂલનો છૂટથી ઉપયોગ કરતી કારણકે કાથાથી હોઠ લાલ રહેતાં હતાં. આ હોઠ આકર્ષણનું કારણ રહેતાં હતાં.

- **ચરિત્રનાયકનું અપહરણ (જીવનનો બીજો તબક્કો) :**

કવિશ્રી પદ્મસાગરજી : નવયુવકને ઘરે લાવ્યા પછી પાડોશીઓને શંકા ન પડે તે હેતુથી વૃદ્ધા (સાસુ)એ ઠાવકાં થતાં લોકોને વધામણી આપી. લોકોએ કહ્યું, ''શેની વધામણી આપો છો ? અમે મૂઢ કંઈ જાણતા નથી.'' વૃદ્ધાએ કહ્યું, ''મારો પુત્ર ! જે વર્ષોથી પરદેશમાં હતો તે ઘણા સમય પછી ઘરે પાછો આવ્યો છે.'' વૃદ્ધાની વાતને લોકોએ સહર્ષ સ્વીકારી લીધી. કોઈએ વળતો પ્રશ્ન પણ ન કર્યો. ખરેખર ! રામનું સ્વપ્ન ભરતને ફલિત થયું. ધન કોઈ બીજાનું અને તેને ભોગવનાર કોઈ બીજો. કૃતપુણ્ય ચારે સ્ત્રીઓ સાથે સ્વર્ગીય સુખો ભોગવી રહ્યો હતો.

પ્રસંગોપાત કવિશ્રીએ ઢા.૩માં ચારે સ્ત્રીઓનું લાક્ષણિક શૃંગાર વર્ણન કરે છે. હાથમાં કંગણ, મસ્તકે વેણી, ઘેરવાળો ઘૂઘરીયાળો ઘાઘરો, કસ્તૂરી આદિ સુગંધી પદાર્થોનું વિલેપન, નવરંગી ચૂંદડી, નવી નવી ભાતની ચૂડી (બંગડી)ઓ, પગમાં રૂમઝુમ રૂમઝુમ વાગતા ઝાંઝર. આ વર્ણન તે સમયની સ્ત્રીઓની વેશભૂષા અને આભૂષણોની ચાડી ખાય છે.

દેવની જેમ વિષયરસમાં ઝીલતાં ચારે સ્ત્રીઓને એક એક પુત્ર જન્મ્યો. ત્યારપછી પાષાણ જેવા કઠોર હૃદયની વૃદ્ધાએ પુત્રવધૂઓને બોલાવી. 'તેડણ તે મનિ ઘૂર્જતિં' (૧૫૭) 'એહ છંડિવા કરઉ હિવ સંચ' (૧૫૮). આવા વેણ સાંભળી સ્ત્રીઓના માથે જાણે વજપાત થયો હોય એવું દુઃખ થયું. સ્ત્રીઓનું અસહ્ય દુઃખ દર્શાવવા કવિશ્રી આગળ આલેખે છે. 'નિસિભરિ નીંદ્રમાંહિ ઉજકઈ, પ્રગટી વાત કહી નવિ સકઈ' (૧૬૨) સ્ત્રીઓ પોતાની અંગત વાત કોઈને કહી શકતી ન હતી અને મૂંગા રહેવાથી કાળજું કપાઈ જતું હતું. તેઓ ઊંઘમાંથી ઝબકીને જાગી જતી, દિવસ અને રાત મનમાંથી સેંસો જતો ન હતો. (૧૬૨/૧૬૩) આવું ટાંકી કવિશ્રી ચારે સ્ત્રીઓનો રઘવાટ, સાસુનો કડક દાબ અને સ્વાર્થી મનોવૃત્તિ પ્રગટ કરે છે.

કવિશ્રી રતનસૂરિજી : એક વ્યાપારીનો પુત્ર વહાણમાં જતાં માર્ગમાં મૃત્યુ પામ્યો. તેના સમાચાર પારેવાએ પત્ર દ્વારા આપ્યા. ત્યારે વૃદ્ધા સમયને પારખી ચારે પુત્રવધૂઓને કહ્યું, ''રોયાં તઉ ઋદ્ધિ રાઉ લેઈ જાય, કંકણ ભાંજણિ ન દીએ સહી.'' (૪૫-૪૬) પગપાળા સૈનિક જેવો ચારે પ્રમદાઓએ વેશ પહેર્યો. કેડમાં કટારી અને હાથમાં તલવાર લીધી. ''આ કુણ સૂતો નર કેસરી ? ઉપાડી લેઈ નીસરી'' (૪૮) ''પુત્ર અમ્હારુ એ તુમ ઘણી'' (૫૦). સાસુની આજ્ઞા થતાં ચારે સ્ત્રીઓ સરભરામાં ગોઠવાઈ ગઈ. એકે દાતણ અને પાણી આપ્યું. બીજીએ ચંદનનું વિલેપન કરી અંગ લૂછવા વસ્ત્ર આપ્યું. ત્રીજી સ્ત્રીએ મેવા, મીઠાઈ અને લાડુ આપ્યા. ચોથી સ્ત્રીએ લવિંગ, સોપારી અને નાગરવેલનું પાન મુખવાસ તરીકે આપ્યું. (૫૩)

સંપત્તિનાં ચાર વારસદાર મળતાં સાસુને સણકો ઉપડ્યો. તેણે કહ્યું, ''કહું તે કરો, એ નર અહીંથી કાઢો પરો.'' (૫૫) ચારે સ્ત્રીઓનો માંહોમાંહ વાર્તાલાપ રસિક છે. ''આ વૃદ્ધા ડોળા ફાળીને આપણા ઉપર નજર રાખે છે તેથી જો સામે કાંઈ બોલશું તો ગાળો દેશે. એ આપણા પ્રિયતમને અધવચ્ચે જ કાટીને રહેશે. પ્રિયતમને લાડુ અતિપ્રિય હોવાથી એક મણની જગ્યાએ ત્રણ મણનાં લાડુ બનાવીએ.'' પછી તે સ્ત્રીઓએ સાસુથી છાનાં પ્રત્યેક લાડુમાં રત્ન મૂક્યાં. ખાટલા પર જીર્ણ વસ્ત્ર પાથરીને, કૃતપુણ્યને ભરઉંઘમાં ઉપાડી સાર્થમાં મૂકી આવી. (૫૬-૫૯)

કવિશ્રી ઋષભદાસજી : કોઈ કરોડપતિ શેઠનું મૃત્યુ થતાં તેના સ્થાને ચંદ્રબિંબ જેવા સૌમ્ય અને રૂપાળા કૃતપુણ્યને હવેલીમાં લાવવામાં આવ્યો. પ્રસંગોપાત કવિ નાયકના ભાગ્યને બિરદાવતાં કહે છે, 'એક પરઘન બઈઠાં વિલસઈ, એક પોતાનાં ખોય; એક નર રલતાં ન મિલઈ કોડી, એક સહજિં રિધિ હોય; ઉદ્યમ વિણ પામ્યો કઈવન્નો, પર લક્ષ્મી ખાઈ' (૧૫૦-૧૫૧)

કૃતપુણ્ય હવેલીમાંથી નીચે ઉતરવાનો પ્રયત્ન કરતો ત્યારે ચારે સ્ત્રીઓ પ્રેમથી હાથ ઝાલી તેને બેસાડી દેતી અને વૃદ્ધા મીઠા સ્વરે કહેતી, ''પુત્ર! તું અનુપમ સ્વરૂપવાન છે. તેથી તને કોઈ દુષ્ટની નજર લાગશે. તું શા માટે હવેલીમાંથી નીચે ઉતરવા માંગે છે. શું તારી પાસેથી કોઈએ કાંઈ માંગ્યું છે ? (તું શું લેવા જાય છે ?)'' આમ કહી નાયકને નજરકેદમાં રાખવામાં આવ્યો. વૃદ્ધાને ભય હતો કે, 'રખે! કૃતપુણ્ય નગરનો રાજમાર્ગ નિહાળી ઘર છોડી ચાલ્યો જાય.'

સાસુએ કૃતપુણ્યને ખસેડવાનો પ્રસ્તાવ વહુઓ સમક્ષ મૂક્યો ત્યારે તેમણે કહ્યું, ''સાસુજી! સૌ પ્રથમ તમે જ અણછાજતું કરવાનું કહ્યું અને હવે શું દેવકુમાર જેવા તેને ત્યજી દઈએ ? આ વાત યોગ્ય નથી.'' વૃદ્ધાએ ઊંચા સ્વરે કહ્યું, ''તમે શું જાણો ? કામ પૂર્ણ થઈ ગયું છે, પછી પરપુરુષનો પગ આપણાં ઘરમાં ન જોઈએ. બાર વર્ષ સુધી આ ઘરમાં રહી તેણે ખૂબ મોજશોખ કર્યા છે. હવે તેને જલ્દીથી કાઢો. એનું જે છે તે એને પરત કરો.''

ચારે સ્ત્રીઓ શું કરવું એવી અવઢવમાં હતી. અંતે તેમણે વિચાર્યું 'આપણે તેની સાથે જઈ નહીં શકીએ પરંતુ તેને રખડતો મૂકવો પાલવે એમ નથી.' આમ વિચારી તેમણે લાડુમાં અમૂલખ રત્ન મૂકી તેને અવસ્વાપિની ગાઢ નિંદ્રામાં પોઢાડી, રાત્રિના બીજા પહોરે સાર્થમાં મૂકી આવી. (૧૫૨-૧૬૫)

અહીં કૃતપુણ્યને હવેલીમાંથી નીચે ન ઉતરવા દેવાનાં કારણમાં **'નજર લાગવાનો'** ઘટકાંશ કથા પ્રવાહમાં ગૂંથાયો છે, જે અન્ય કોઈ કવિએ આલેખ્યો નથી તેથી કવિ ઋષભદાસજી અન્ય કવિઓ કરતાં જુદા પડે છે.

કવિશ્રી ગુણવિનયજી : સુઘનશેઠ અને મહિમાશેઠાણીના યુવાન પુત્ર ઘનદત્તના વિવાહ ચાર શ્રેષ્ઠી કન્યાઓ સાથે થયા. તે જ અરસામાં શેઠનું મૃત્યુ થયું. મિત્રની પ્રેરણાથી શ્રેષ્ઠીપુત્ર વ્યાપાર કરવા જલમાર્ગે પ્રવાસમાં નીકળ્યો. તે પરદેશમાંથી ઘણું ઘન કમાઈને પાછો ફરતો હતો ત્યાં પર્વત સાથે જહાજ અફડાયું અને ભાંગી પડ્યું. ઘનદત્તનું મૃત્યુ થયું. આ જહાજના મુસાફરોમાંથી એક પુરુષ ઉગરી આવ્યો. તેણે મહિમા શેઠાણીને પુત્રના મૃત્યુનાં સમાચાર આપ્યાં. મહિમા શેઠાણીએ તે પુરુષને ચેતવણી આપતાં કહ્યું, ''આ સમાચાર ગુપ્ત રાખશો, કોઈને ન કહેશો. બદલામાં તમને હું ઘણું ઘન આપીશ.'' ઘનની સુરક્ષા માટે સૂના દેવળમાં સૂતેલાં કૃતપુણ્યને પોતાના ગુપ્તચરો દ્વારા ઉપડાવી શેઠાણી મહેલમાં લાવી. સૂર્યોદય થતાં કૃતપુણ્ય જાગ્યો ત્યારે મહિમા શેઠાણીએ તેને ગળે લગાડી કૃત્રિમ અભિનય કરતાં કહ્યું, ''તું બાળપણમાં ખોવાઈ ગયો હતો. તારી દેશ-વિદેશમાં ખોજ કરાવી પરંતુ ન તું મળ્યો, કે ન તારા સમાચાર મળ્યા. (ઢા.૧, ક.૧-૩)

મહિમા શેઠાણીએ ગુપ્તચરો દ્વારા કૃતપુણ્યની ઉઠાંતરીનું કાર્ય કરાવ્યું. અહીં સ્ત્રીઓની નાજુકતાને લક્ષમાં રાખી કવિશ્રીએ આ પ્રકારની યુક્તિ કથાપ્રવાહમાં ટાંકી હોવી જોઈએ

કવિશ્રી કલ્યાણરત્નજી : 'ઘન કારણિ ઘસમસ કરી, ઉઠી અક્કા એહ, ઘન રખવાલિવા કારણિ, આણુનર કોઈ સાર, તિહસું ભોગ ભલા કરું, તુમ્હો નવલીય નારિ.'' (૨૫-૨૮) નગરમાં અનેક પુરુષોને જોતી વૃદ્ધા કૃતપુણ્ય

પાસે આવી. તેને ઉપાડી મહેલમાં લાવી. પ્રાતઃકાળે તેણે કૃતપુણ્યને કહ્યું, ''આ ધન, યૌવન (યુવાન સ્ત્રીઓ) તારું જ છે. તું તેનો ઉપભોગ કર.'' (૩૦-૩૧)

ચારે સ્ત્રીઓ સાથે ઉપભોગ કરતાં મનમોહક, રૂપાળા ચાર પુત્રો થયાં. ત્યારે વૃદ્ધાએ પુત્રવધૂઓ સમક્ષ અળખામણી વાત કરી કે, ''જે વેશમાં તેને અહીં લાવ્યાં હતાં, તે જ વેશમાં તેને રાત્રિનાં સમયે મૂકી આવીશ.'' ચારે સ્ત્રીઓએ સ્નેહવશ ઉદાર બનીને ચાર મોટા લાડવા બનાવી તેમાં ચાર રત્નો મૂક્યાં. બાર વર્ષે પાછા ફરેલા સાર્થમાં કૃતપુણ્યને પૂર્વની અવસ્થામાં જ મૂકવામાં આવ્યો. (૩૨-૩૭)

કવિશ્રી ગુણસાગર : રાજગૃહી નગરીના ધનદત્ત શેઠ અને વીણા શેઠાણીનો પુત્ર જિનદત્ત ભરયુવાનીમાં મૃત્યુ પામ્યો. ધનની સુરક્ષા માટે જિનદત્તના મૃત્યુને ઢાંકી દેવામાં આવ્યો. (તેને ભૂમિમાં દાટી દીધો.)

પ્રસંગોપાત કવિશ્રી ધનનો મહિમા વર્ણવે છે. 'ધન માતા છઈ, ધન પિતા, ધન ભ્રાતા, ધન પુત્ર, ધન ભરતાર, કરતાર કહ્યો, ધન વિણ કોડિક સૂત. માણસ મૂઆંનો દુખ તો, માસ છ માસા જોગ, ધન રે ગયાંનો દુખ તો, કિમહિ નવિ બુઝાય.' (૨૮-૩૦)

વૃદ્ધાએ કૃતપુણ્યને ભેટી પડતાં કહ્યું, ''તું આટલા દિવસ ક્યાં હતો ? તું મારો પુત્ર છે. હું તારી માતા છું. કોઈક પાપીએ તારું અપહરણ કર્યું હતું. આ ચારે તારા ભાઈની વહુઓ અને સઘળી સંપત્તિ તારી જ છે. લક્ષ્મી સમુદ્રની હોવા છતાં સમુદ્રમાં ન ગઈ, તારે ત્યાં જ આવી છે. આજથી આ સઘળો ઘર પરિવાર તારો છે. તું રોષાયમાન થઈ અન્યત્ર ક્યાંય જઈશ નહીં.'' કૃતપુણ્યએ વિચાર્યું, 'જે ભાગ્યમાં લખ્યું હોય તે થાય.'

ચારે સુલક્ષણી સ્ત્રીઓ પતિની ચડસાચડસીપૂર્વક ભક્તિ કરતી હતી. એમ કરતાં બાર વર્ષ ઘડીની જેમ પસાર થઈ ગયાં. જેમ રોગ ચડતો હોય ત્યારે વૈદ્યની આતુરતા હોય પરંતુ રોગ નાબૂદ થઈ ગયા પછી વૈદ્ય વૈરી બને છે. સ્વાર્થ હોય ત્યાં સુધી મોટા પણ નાનાને માન આપે છે પરંતુ સ્વાર્થ સર્યો એટલે મોટા પણ નાનાની અવગણના કરે છે. નીચ વૃદ્ધાએ સ્ત્રીઓને તેડાવી કહ્યું, ''તમારું કાર્ય પૂર્ણ થયું છે. હવે તેને છેહ આપો.''

પ્રસંગોપાત કવિ ચાંડાલનું સ્વરૂપ દર્શાવે છે. પાંચ પ્રકારના ચાંડાલ છે. (૧) જૂઠી સાક્ષી ભરનાર; (૨) લાંબા સમય સુધી ક્રોધ રાખનાર; (૩) વિશ્વાસઘાતી; (૪) ઉપકારી ઉપર અપકાર કરનાર; (૫) જાતિથી ચંડાલ.

કવિશ્રી લાલવિજયજી : કવિશ્રીએ સંક્ષેપમાં સજ્ઝાય આલેખી હોવાથી કોઈ વિશેષ વર્ણન જોવા મળતું નથી.

કવિશ્રી વિજયશેખરજી : સુર નામના શ્રેષ્ઠીનું અવસાન થતાં તેની તાજેતરમાં પરણેલી પત્નીઓ વિધવા બની. અઢળક ધનને ખાલસા થતાં બચાવવા સાસુએ કુલાચાર વિરુદ્ધ પ્રસ્તાવ મૂક્યો. આજ્ઞાંકિત વહુઓએ માન્ય કર્યો. બાર વર્ષમાં ચાર પૌત્રની પ્રાપ્તિ થતાં સાસુએ કહ્યું, ''હવે તેને ઘરમાં શા માટે રાખ્યો છે ? એ નિર્લજ્જ, તુચ્છ, નિષ્ઠુરને હવે હેતથી કાઢો. જેમ ઉંદર ઘરનો ખૂણો ખોદે તેમ એણે મારા દીકરાનું ધન લૂંટી ખાડામાં ઉતાર્યો છે. હવે તેને શું ખવડાવું કે જેથી તે મરી જાય ? ડૂંબને આળ આપું કે ઝેર આપું ?''

વહુઓએ રોષ કરતાં કહ્યું, ''માતાજી ! આટલો સમય રાખીને હવે શા માટે કાઢો છો ? એની કાયા કોમળ છે. અમને દસ દિવસમાં જ તેની પ્રત્યે પ્રીતિ થઈ ગઈ હતી તેથી બાર વર્ષ પછી તેને 'જાઓ' એમ કઈ રીતે કહેવાય ? આ રીતે કરશું તો માણસોને પ્રેમ નહીં રહે. એમના થકી અમને સુખ છે.'' સાસુએ કહ્યું, ''જો તમને એના પ્રત્યે આટલો અનુરાગ છે તો તેને મૂકી આવતાં પહેલાં ભાતું આપો અને રોષ છોડો.''

ચારે ચતુર સ્ત્રીઓએ વિચારણા કરી કે, 'ડોકરી ! ચાંડાલણી છે. આપણે વિરોધ કરશું તો, તે મોટે મોટેથી ગાળો બોલશે. એની પાસે આપણું બળ નહીં ચાલે. ખરેખર ! વાઘણ પાસે ગાયનું શું ગજું ?' એવું

વિચારી હિંમત કરી સ્ત્રીઓએ મોદક બનાવી તેમાં રત્ન મૂક્યાં. સાર્થ ભેળો કરવા પૂર્વે કૃતપુણ્યને રાતજાગો કરાવવામાં આવ્યો. મધરાતે ચારે સ્ત્રીઓ નાયકને સાર્થમાં મૂકી આવી. (૧૮૪-૨૧૫)

કવિશ્રી જયરંગમુનિ : કોઈ ધનાઢ્ય શેઠ પરદેશમાં વહાણમાં અકસ્માતથી મૃત્યુ પામ્યા. તેમના દુઃખદ સમાચાર યાત્રિકે આપ્યા ત્યારે શેઠાણીએ પંથીને બોલતો બંધ કરી દીધો અને સીસકતી પુત્રવધૂઓને કલ્પાંત ન કરવાની સલાહ આપી. કોઈ તેજસ્વી પુરુષની શોધમાં પાંચે સ્ત્રીઓ સાર્થના પડાવમાં આવી. વૃદ્ધા પ્રત્યેક પુરુષને ચકાસીને નિહાળી રહી હતી. પ્રસંગોપાત કવિ સાર્થમાં સૂતેલા મુસાફરોનું વર્ણન કરે છે.

કોઈ ઢંગધડા વિનાનાં, કોઈ કદમાં મોટાં હતાં. એકપણ પુરુષ સુલક્ષણવંત ન જણાયો. આખરે પુણ્ય તેમને દેવળમાં ખેંચી ગયું. ત્યાં રૂડો-રૂપાળો કૃતપુણ્ય માંચી પર સૂતો હતો. તેને હેતથી ઉઠાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ નાયક ગાઢનિંદ્રામાં પોઢેલો હોવાથી જગ્યો નહીં. ત્યારે તે જ સ્થિતિમાં ચારે સ્ત્રીઓ ખાટલો ઉપાડી મહેલમાં લાવી. ત્યારપછી શયનખંડના ઢોલિયા પર પોઢાડ્યો. હવે ચારે સ્ત્રીઓ નાયકની ચારે પડખે ઉભી રહી. વૃદ્ધા માંચી પર બેઠી હતી. કૃતપુણ્ય પ્રાતઃકાળે જાગ્યો. તે ચારે બાજુ વિસ્મયભરી નજરે જોવા લાગ્યો.

પ્રસંગોપાત કવિ મહેલની સજાવટનું લાક્ષણિક ચિત્ર ખડું કરે છે. ઊંચો મહેલ, વિશાળ આવાસ, રંગબેરંગી ચિત્રામણ જાણે દેવભવનની શોભા! શયનખંડમાં ઝૂમ્મરો હતાં, જેમાં મોતીની સરો લટકતી હતી. આ સરોમાં વચ્ચે લાલ રંગના પરવાળા પરોવેલાં હતાં, જે સુંદરતામાં વધારો કરતાં હતાં. મહેલના ગોખલાઓ પર સુંદર ચિત્રામણ કરેલી જાળીઓ હતી. છત પર મખમલનો પંચરંગી ચંદરવો બાંધેલો હતો. નવી નવી ભાતનાં સુંદર ચાકરા અને પાથરણાં પાથરેલાં હતાં. જરબાફની જાજમ કલાકારીગરી (કસબ)થી ઝળકતી હતી. લાંબી ફૂલની માળા લટકતી હતી. વિવિધ પ્રકારના સુગંધી ધૂપની મહેકથી ઓરડો મઘમઘી રહ્યો હતો. (૨૫૧-૨૫૫)

આ વર્ણન શ્રીમંતોના **આવાસોની બાંધણી** અને **ગૃહની સજાવટ**ની પદ્ધતિ ઉજાગર કરે છે. ત્યારપછી સ્ત્રીઓનું લાક્ષણિક વર્ણન **તે સમયના આભૂષણો**ની માહિતી આપે છે. રૂપમાં દેવકુમારી જેવી ચારે સ્ત્રીઓની શોભા પાસે ભલભલી માનુનીઓ પણ હારી જતી. તેમના પગમાં નૂપુર રણઝણતાં હતાં. કાનમાં સુંદર કુંડળો પહેરેલાં હતાં. નાકમાં નકવેસર અને મસ્તકે ટીકો હતો. ગળામાં નવસરો હાર પહેરેલો હતો. તેમના રૂપને જોઈ ભલભલાનું ચિત્તડું તેમાં ચોંટી જતું. તેમનું મુખ દર્શન થતાં દુઃખ ભૂલાઈ જતું. (૨૫૬-૨૫૭)

વૃદ્ધાએ કૃત્રિમ અભિનય કરતાં મીઠાં શબ્દો દ્વારા કહ્યું, ''બેટા! ભાગ્યથી તારી ભેટ થઈ છે. આ સ્ત્રીઓ સાથે ભોગ ભોગવો. પહેરો, ઓઢો, ખાવો-પીવો. આ ઘરનો તું મોભી છે. બીજા બધાં તારા દાસ-સેવક છે. મેં કુળદેવતા પાસે પુત્રની માંગણી કરી હતી. કુળદેવતાએ પ્રસન્ન થઈ તને અહીં મોકલ્યો છે. તું મને મારા જીવ જેવો પ્યારો છે. તને જોઈને હું અપૂર્વ સુખ પામી છું.'' કૃતપુણ્ય મધુરા વેણ સાંભળી હરખાયો.

પ્રસંગોપાત કવિશ્રી **કર્મની ગતિ** દર્શાવે છે. 'કોનો ખાટલો અને કોણ ભોગવે? કુશળ ઉંદરો જમીન ખોદી ખોદીને દર બનાવે અને પેલા ભુજંગ (સાપ) તે દર પર કબજો કરે છે. બળદ ચારો વહન કરે છે અને ઘોડો તે ચારો ચરે છે, તેમ કોઈએ એકઠું કરેલું ધન ચરિત્રનાયક ભોગવી રહ્યો હતો. (૨૬૨)

બાર વર્ષ થયાં. ચાર બાળકોના કિલકિલાટથી ઘર ગૂંજી ઉઠ્યું. ત્યારે વૃદ્ધાએ તમાશો માંડતાં કહ્યું, ''ભવૈયાની જેમ તમને કોઈ લાજશરમ નથી. શું જોઈને પતિની જેમ તેને વળગો છો?'' વૃદ્ધા મનની મેલી અને અતિશય લોભી હતી. કોઈને લોટી પાણી પણ પીવડાવતી ન હતી. તે સ્વયં પણ ન ખાતી અને ન કોઈ ભૂખ્યાને રોટલો ખવડાવતી. તે એક પૈસાનો ખર્ચ ન કરતી. ઘરના દરવાજે સદા આંગળિયો દેતી, જેથી કોઈ અતિથિ આવે જ નહીં. કોઈવાર ભૂલેચૂકે કોઈ આવે તો ખડકીનો ઝાંપો ખોલ્યા વિના જ અંદરથી તાડૂકી ઉઠતી, જેથી

આગંતુક બહારથી જ કંટાળીને ચાલ્યા જતાં. જોગી, યતિ નિરાશ વદને પાછાં ફરતાં.

વૃદ્ધાની લોભી મનોવૃત્તિ **મમ્મણ શેઠ**ની યાદ અપાવે છે. વૃદ્ધાની અતિશય **લોભવૃત્તિ**નું લાક્ષણિક વર્ણન વર્ણન અન્ય કોઈ કવિએ આલેખ્યું નથી. વૃદ્ધાના ખડકીના દરવાજા બંધ રાખવા પાછળનું કારણ એ હોઈ શકે કે પોતાનો પુત્ર મૃત્યુ પામ્યો છે અને કોઈ અન્યને પુત્ર બનાવી ઘરમાં રાખ્યો છે; એ વાત રાજાના કાને પહોંચે તો મેળવેલું ધન ખોવાનો વારો આવે, જે વૃદ્ધાને લગીરે પાલવે એમ ન હતું.

ચારે સ્ત્રીઓ સાસુના નિર્ણયને બદલવા પ્રયાસ કરે છે. તે સંવાદ રોચક છે. ''સાસુજી ! એની સાથે બાર વર્ષની પ્રીતડી છે. જીવને હવે પ્રેમ રંગ લાગ્યો છે. પહેલાં તમે જ અન્યાય અને અકાર્ય કરવાની પ્રેરણા કરી હતી અને હવે જ્યારે ઘરઘણીએ ઘરની લાજ રાખી, પોતાના કુળની મર્યાદાને એક કોરે મૂકી પારકાને પોતાના બનાવ્યા ત્યારે શું તેને કાઢી મૂકીએ ? શું તમે દુ:ખનાં દિવસો વિસરી ગયાં ? હવે શા માટે એમને ઠગો છો ? ચાર બાળકોથી કુળની લાજ અને લક્ષ્મી સુરક્ષિત રહી છે. પરમેશ્વર પ્રસન્ન થયો તેથી ભરતાર વડે સૌભાગ્ય પ્રાપ્ત થયું. હવે એને છોડવો એ વાત નહીં બને. જીવતાજીવ તેની સાથેનો પ્રેમ નહીં છૂટે. એના વિના આ ઘર મસાણ જેવું સૂનું અને નિરસ લાગે છે. જેમ બાણ વિનાનું ધનુષ્ય નિરર્થક છે, તેમ નાયક વિનાનું જીવન નકામું છે. ખાવું, પીવું, પહેરવું, કાજળ, તિલક, તંબોલ બધું જ એના વિના અળખામણું લાગે છે. સો વાતની એક વાત, આ ભવમાં તો એ જ અમારો કંત છે.'' સાસુને કૃતપુણ્ય આંખના કણાની જેમ સતત ખૂંચતો હતો. સાસુ વહુ વચ્ચે શબ્દ યુદ્ધ શરૂ થયું.

અહીં સમય અનુસાર સ્ત્રીઓની મક્કમતા, નીતિમત્તા અને પ્રિયતમ પ્રત્યેનો પ્રેમ નજરે ચડે છે.

સાસુએ ક્રોધથી ધૂંઆપૂંઆ થતાં કહ્યું, ''વહુજી ! તમારી હદમાં રહો. નહીંતર બેઘર કરીશ. આ ધન, આ ઘર મારું છે. એ કોણ અને હું કોણ ? સંન્યાસીને સ્ત્રી સાથે કેવો સંબંધ ? નિર્ધન થઈને ઘરઘણી બની બેઠો છે. વિવિધ ભોગ-સુખો ભોગવી રહેલા છેલછબીલાને જલ્દી બહાર કાઢો, એવો હું હુકમ કરું છું.'' ડાકણની જેમ ડોળા કાઢી કર્કશાએ કોલાહલ માંડ્યો. એ કોઈ રીતે શાંત ન રહી. વહુઓને ધમકાવવામાં તે શરમાતી ન હતી. પ્રસંગોપાત કવિ એક ઉક્તિ ઉમેરે છે. 'સબળા જીતે નબળા ન્યાય કરાવવા જાય.'

અંતે ચારે સ્ત્રીઓએ લાડુની વચ્ચે જલકાંતમણિ મૂકી તેને કોથળીમાં મૂક્યા. લાડુની કોથળી નાયકના મથાળે મૂકી. સાસુએ તાકીદ આપતાં પુન: કહ્યું, ''નકામો રદ્દી માલ હવે હું આ ઘરમાં એક ક્ષણ પણ નહીં રાખું.'' (ઢા.૧૪-૧૫)

કવિશ્રી દીપ્તિવિજયજી : કવિશ્રી જયરંગમુનિની જેમ જ મહેલનું લાક્ષણિક વર્ણન, દેવાંગના જેવી સ્ત્રીઓનું વર્ણન, ખાન-પાનનું વર્ણન તેમની કૃતિમાં જોવા મળે છે. જે તે સમયના વસ્ત્રો, ખાન-પાન અને મકાનની ભવ્યતા દર્શાવી શ્રીમંતાઈ પ્રગટ કરે છે.

શેઠને ત્યાં અનાજના કોઠારો ભરેલાં હતાં. અખરોટ, બદામ, ચારોળી આદિ સૂકા મેવાઓના માટલાં ભરેલાં હતાં. પેંડા, લાપસી, લાડુ, ઘેવર જેવાં પકવાનો પુષ્કળ પ્રમાણમાં હતાં. દોમદોમ સાહેબી હોવાથી નાયકને વારાંગનાનાં ઘર કરતાં અપરંપાર સુખ હતું. (૧૫૬-૧૬૦)

મહેલની શોભા, ભોગોની સૃષ્ટિમાં ભામિનીઓ સાથે વિહરતો નાયક, આ વર્ણન પરંપરાગત છતાં રસિક છે. ઉપરોક્ત વર્ણનમાં શેઠના ઘરની શ્રીમંતાઈ તેમજ ખાનપાનના પદાર્થોની સૂચિ દર્શાવેલી છે.

કવિશ્રી મલયચંદ્રજી : વૃદ્ધાએ નાયકને 'ઘણું લાંબુ જીવો' એવાં આશીર્વાદ આપ્યાં. નાયકે વિચાર્યું, 'પરદેશમાં વ્યાપાર કરવા જતાં અનેક તકલીફો અને મુશ્કેલીઓ ઊભી થાત પરંતુ અહીં તો દુ:ખની સીમા જ પૂર્ણ થઈ ગઈ

છે અર્થાત્ અચાનક સુખનો સૂર્યોદય થયો છે. અહીં **સ્ત્રીઓ ઘરનું સર્વ કાર્ય આપમેળે** કરતી હતી. ઘરમાં કોઈ નોકર-ચાકર ન હતો. પતિને મોદક અતિશય પ્રિય હોવાથી પરોપકારની ભાવનાથી ચાર મણના મોટા લાડવા વચ્ચે રત્ન મૂકી નાયકને વણઝારાની પોઠમાં જતાં પૂર્વે આપ્યાં. (૫૧-૫૬)

જમાનાની ખાધેલ અનુભવી વૃદ્ધાએ ઘરમાં કોઈ નોકર-ચાકર રાખ્યો ન હતો કારણકે ઘરની વાત હંમેશાં નોકર-ચાકરો દ્વારા જ બહાર જતી હોય છે. પુત્રના મૃત્યુની અને નવા આગંતુકને લાવ્યાની ભૂલેચૂકે પણ ખબર ન પડે તે માટે ચતુર વૃદ્ધાએ કરેલી ગોઠવણ તેની વિચક્ષણતા જાહેર કરે છે.

કવિશ્રી ફતેહચંદજી : કુળનો નાશ થતો જોઈ ચબરાક વૃદ્ધા છાતી કઠણ કરી અજુગતું કાર્ય કરવા તૈયાર થઈ. તેણે ચારે સ્ત્રીઓને હથોટી આપતાં કહ્યું, ''કામ પડયાં અકાર્ય કરણો, કહ્યો વડેરાં આગે'' એમ કહીં ચારે સ્ત્રીઓ સાથે દેવળમાં પહોંચી. ચારે સ્ત્રીઓએ પોતાના ખભા પર ખાટલો ઉપાડયો. (૧૮)

વણઝારાની વસ્તી ચાલી જતાં જયશ્રી ખાટલો લેવા દેવળમાં પહોંચી પરંતુ ત્યાં ખાટલો ન હતો. આવી વાત અન્ય કોઈ કવિઓએ કથા પ્રવાહમાં નોંધી નથી. વાત્સવમાં પ્રવાસમાં ખાટલો ન લઈ જવાય. ખાટલો તો દેવળમાં જ પડયો રહે; એવું દર્શાવવા કવિશ્રીએ જયશ્રીને ખાટલો લેવા દેવળમાં મોકલી છે. કવિશ્રી પ્રત્યેક પ્રસંગની નખશીખ નોંધ લે છે.

જયશ્રીએ શુભ મુહૂર્તમાં પુત્રને જન્મ આપ્યો. યોગ્ય વયનો થતાં વિદ્યાપાઠક પાસે અભ્યાસ કરવા લાગ્યો. બાર વર્ષે ભાગોળે સાર્થ પાછો ફર્યો ત્યારે બાળકની ઉંમર અગિયાર વર્ષની હતી.

''કાઢો ઘરથી બાર.'' આવા સાસુના વેણ સાંભળી ચારે વહુઓનું કાળજું વીંધાઈ ગયું. ''હવે કાં કાંખ બતાવો છો ?'' આ વાક્યમાં વૃદ્ધાની સ્વાર્થી મનોવૃત્તિ અને સ્ત્રીઓનો નાયક પ્રત્યેનો અનુરાગ છતો થાય છે.

જયશ્રી પતિના સમાચાર મેળવવા જોષી પાસે જોશ જોવડાવવા ફળ-ફૂલનો થાળ લઈ આવી. તેણે કહ્યું, ''બાર વર્ષથી પરદેશ ગયેલા પ્રીતમ પાછાં ફર્યા નથી. નથી કોઈ ખત કે નથી કોઈ સમાચાર તેથી ઘણી ચિંતા થાય છે. સાચું ભવિષ્ય જાણતાં ઈચ્છિત કાર્ય સફળ થાય છે.'' જોશીએ કહ્યું, ''તને આજે જ તારા પતિ મળશે.'' આ સાંભળી બન્ને સ્ત્રીઓ ભાગોળે પહોંચી. ત્યાં ઘણાં તંબુ જોતાં તેમનું હૈયું પુલકિત બન્યું.

અહીં સાર્થ આવ્યાના સમાચાર કોઈએ આપ્યાં નથી પરંતુ જોશીના કહેવાથી બન્ને સ્ત્રીઓ સાર્થના પડાવમાં પહોંચી છે. પ્રિય પાત્રની ધીરજ ખૂટતાં અને જોશીના વેણને અમીટ લકીર સમજી નાયિકા ગામને પાદરે પહોંચી ગઈ.

કવિશ્રી ગંગારામજી : સાર્થના પડાવમાં સૂતેલા લોકોનું વર્ણન (ઢા.૧૪, ક.૧-૪); હવેલીનું વર્ણન (ક.૮-૧૨); ચાર સ્ત્રીઓનું લાક્ષણિક વર્ણન (ક.૧૨-૧૩); તેમનો શૃંગાર (ક.૧૪-૧૫); વૃદ્ધાની શ્રેષ્ઠ અભિનય ક્ષમતા (ક.૨૨-૨૩); વૃદ્ધાની આપબડાઈ અને આપખુદ સરમુખત્યારની ટેવ (ક.૩૧-૩૩); તળપદી ભાષામાં વહુઓનો સંવાદ (ઢા.૧૫, ક.૧-૮) (આ સંવાદ કવિશ્રી ફતેહચંદજીની ઢા.૨, ક.૧-૯ સમાન છે.) રસિક છે.

કવિશ્રી વિજયધર્મધુરંધરજી : અતિ સંક્ષેપમાં માત્ર એટલું જ કહે છે કે, ''સાર્થવાહના સાર્થની સાથે, અર્થ કમાવા સંચરતો, એ જ નગરમાં ગુપ્તપણે, ચાર પ્રિયા ઘર રહી રમતો. (૪)

અજ્ઞાત સજ્ઝાય : અહીં માતા માટે 'માડી' શબ્દનો પ્રયોગ થયો છે. જ્યાં મહાજન બેસે તે ચોરા પર પાંચે સ્ત્રીઓ આવી. ચૌટામાં ફરતી ફરતી વણઝારાની પોળ સુધી પહોંચી. ચારે વહુઓએ ખાટલામાં સૂતેલા કૃતપુણ્યને

ઉપાડ્યો. સાસુ મોર (આગળ) થઈ. તેને સાત માળની હવેલીના શયનખંડમાં પોઢાડ્યો. પ્રસંગોપાત કવિશ્રીએ સારાં કર્મથી ધર્મ અને કુકર્મથી કર્મ બંધાય છે; એવો કર્મવાદનો સિદ્ધાંત કથાપ્રવાહમાં ગૂંથાયો છે. અજ્ઞાત કવિને પ્રસંગ વિસ્તારવામાં રસ નથી.

અજ્ઞાત બાલાવબોધ : સાસુએ કહ્યું, ''પુરુષ એક શોધી આણસૂં.'' વહુઓએ (બિભત્સ વિચારનો સામનો કરતાં) કહ્યું, ''માતા! આ વાત કેમ બને?'' સાસુએ (છળી ઉઠતાં) તાડૂકીને કહ્યું, ''વધુ બોલશો તો તમને પણ ખાડો ખોડી દફનાવી દઈશ.'' ભયભીત, ગરીબડી ચારે સ્ત્રીઓ મૌન રહી. ડોશીની ધાકથી તેઓ કંપવા લાગી. નગરની બહાર છાવણીમાંથી નાયકને લાવ્યા પછી મહેલનો ઠાઠમાઠ જોઈ નાયકને દેવલોકનો આભાસ થયો. ચારે સ્ત્રીઓ બાર વર્ષ રાખી રાત્રિના સમયે ઉંઘમાં જૂના વસ્ત્રો પહેરાવી સાર્થમાં મૂકી આવી. સંવેદનશીલ ચારે સ્ત્રીઓએ લાડુમાં સવાક્રોડની કિંમતના રત્નો મૂક્યાં.

અજ્ઞાત કથા : સોમધ્વજ શેઠનો પુત્ર પરદેશમાં મૃત્યુ પામ્યો ત્યારે તેની જગ્યાએ કોઈ રૂપાળા યુવકને નવખંડા મહેલમાં લાવવામાં આવ્યો. ચારે સ્ત્રીઓની ગૃહિણી જેવી અદા, વૃદ્ધાની દેવતા દ્વારા પ્રાપ્ત પુત્રની ઉપજાવી કાઢેલી વાત યથાવત્ છે.

ચારે બાળકો કચવન્ના જેવા દેખાવડા અને રૂપવંત હતાં. તેઓ પાંચ વર્ષના સમજણા થયા હોવાથી પિતાને ઓળખતા હતા. બાર વર્ષ પછી સાસુએ કચવન્નાને ઘર બહાર કરવાનો અફર નિર્ણય લીધો ત્યારે ન છૂટકે ચારે સ્ત્રીઓએ કહ્યું, ''તમને ઠીક લાગે તેમ કરો.''

નાયકને બળદેવના દેવળમાં મૂકીને આવતાં ચારે સ્ત્રીઓ ચોધાર આસું સારતી પાછી ફરી. અહીં પ્રેમમાં પ્રિયપાત્રની જુદાઈનો ખાલીપો રૂંવેરૂવે કાળોતરો બની ચારે સ્ત્રીઓને ડંખતો હતો.

મળસકે કૃતપુણ્ય સ્વયં મીઠી નિંદ્રામાંથી જાગૃત થયો ત્યારે ચારે બાજુ જોવા લાગ્યો પરંતુ ત્યાં સ્ત્રીઓ, ચાર પુત્રો, રિદ્ધિ-સિદ્ધિ કે મહેલ કાંઈ ન હતું. તેણે ઊંડો નિસાસો નાખતાં વિચાર્યું, 'જગતમાં સૌ સ્વાર્થનાં સગાં છે. મારી સ્ત્રી, જેને મેં બાર વર્ષથી છોડી છે તે મારી રાહ જોતી હશે. મારો પતિ ઘણું ધન કમાવીને લાવશે, એવી આશામાં એ જીવતી હશે પરંતુ હું તો આજ સુધી દરિદ્રી જ રહ્યો છું માટે કઈ રીતે ઘરે પાછો ફરું?' તે જ સમયે નૈમિત્તિકનું વચન યાદ કરતી કચવન્નાની પત્ની બળદેવના દેવાલયમાં આવી. એણે પતિને જોયા. ખુશ થઈ ચરણસ્પર્શ કર્યો. પછી શૈય્યા સંકેલતાં ચાર કોથળી જોઈ, જેમાં લાડુ હતા.

ચરિત્રનાયકના અપહરણના ઘટકાંશને કવિશ્રી દેપાલજી અને કવિશ્રી ધર્મધુરંધરજી સિવાય પ્રત્યેક કવિઓએ સંવાદાત્મક શૈલીમાં આલેખ્યો છે.

ઉપરના ઘટકાંશ પરથી તારવણી કરતાં કેટલાંક મુદ્દાઓ મળે છે, જે **સમાજ દર્શન** કરાવે છે.

પ્રાચીનકાળમાં નિઃસંતાનોનું ધન રાજા લઈ જતા અને તેનાં ભરણપોષણની જવાબદારી પોતના માથે લેતાં. આ પ્રકારની રાજકીય વ્યવસ્થા પ્રચલિત હતી પરંતુ ડોશીએ અઢળક ધનની સુરક્ષા માટે પુત્રના મૃત્યુને ઢાંકપિછોડો કરી લાશની દફનવિધિ કરી.

વહુઓએ દફનક્રિયા બાદ સનાન (સગાસંબંધીઓના મરણથી કરવાનું સ્નાન) કર્યું. મૃતદેહને દફન કર્યા પછી ડાઘુઓ સ્નાન કરે છે, એ વૈદિક પરંપરાનું અહીં પ્રતિબિંબ ઝીલાયું છે. (કવિશ્રી ગુણસાગરજી)

કવિશ્રી પદ્મસાગરજીએ પ્રસંગોપાત વૃદ્ધાને બળવાખોર, વહુઓ પર દાબ રાખનારી દર્શાવી છે. પુત્રનાં મૃત્યુ બાદ કોઈ નવયુવકને તત્કાલ પુત્ર બનાવી ઘરમાં લાવી ધનની સુરક્ષાનો નવતર નુસખો વૃદ્ધાની વિચક્ષણતા દર્શાવે છે. ચારે સ્ત્રીઓ સાસુની આજ્ઞા અનુસાર અનુચિત કાર્ય પણ ચૂપચાપ કરતી હતી. વળી,

સાસુ પ્રત્યે તણતણાટ હોવા છતાં બળવો પુકારવાની હિંમ્મત ન હતી.

સંભવ છે કે તે કાળની સમાજ વ્યવસ્થા એ પ્રકારની જ હશે. ઘરની સર્વોપરી સત્તા સાસુના હાથમાં હશે. **વડીલોનો વિનય** કરવો એ ઘરના સભ્યોની અચૂક ફરજ ગણાતી હશે, તેથી પુત્રવધૂઓ સાસુને સર્વાંશે અનુસરતી હશે. વર્તમાન કાળે આ સંબંધોમાં તોતિંગ તફાવત જોવા મળે છે. સાસુ-વહુ વચ્ચે ઉપરછલ્લો સંબંધ રહ્યો છે.

અંજના સતીને 'કુલટા'નું કલંક આપી સાસુ એ જ ઘરમાંથી કાઢી મૂકી હતી. અંજનાએ સચ્ચાઈ પ્રગટ કરવા ઘણાં પ્રયત્નો કર્યા છાતાં સાસુએ તેની એક વાત ન સાંભળી. સુભદ્રા સતીએ જિનકલ્પી સાધુની આંખમાંથી પોતાની જીભ વડે કણું કાઢયું ત્યારે આ દશ્ય જોઈ સાસુએ સુભદ્રા સતીને 'વ્યભિચારિણી' કહી ધુત્કારી. સતી પોતાના બચાવમાં કાંઈ ન કહી શકી.

પુત્રવધૂઓએ સાસુની સમક્ષ વિદ્રોહ કર્યો નથી પરંતુ સાસુથી છાનું જેણે પોતાના ઉપર ઉપકાર કરી વાંઝીયા મહેણું ટાળી પુત્રની ભેટ આપી છે, તેવા નાયકને પરોપકારના હેતુથી લાડવામાં રત્ન મૂકી ભાતામાં આપ્યા.

દેવ-દેવીના નામે કરેલી કાલ્પનિક વાતો પણ લોકો સત્ય સમજી સ્વીકારી લેતાં હતાં તેથી જ વૃદ્ધાની ઉપજાવી કાઢેલી વાતોની કોઈ ચકાસણી ન કરતાં લોકોએ સહજ સ્વીકારી લીધી. આ ઘટકાંશ પરથી કહી શકાય કે, ભગવાન મહાવીરના સમયમાં ૩૬૩ પાખંડી મતોની બોલંબોલા હશે. અંધશ્રદ્ધાનો પવન પ્રચંડ વેગથી ફૂંકાતો હશે એટલે જ મહામંત્રી અભયકુમારે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે, ''કયવન્નો મૃત્યુ પામી યક્ષ બન્યો છે. લોકોએ શાંતિ માટે યક્ષદેવનું પૂજન કરવું જોઈએ.'' આ સાંભળી લોકોનાં ટેળેટોળાં ઉમટી પડયાં.

- **વિધવા વિવાહ :**

ભગવાન મહાવીરના સમયમાં જૈન સમાજમાં સતી થવાની કે પુનર્લગ્નની પ્રથા ન હતી. જૈન આગમોમાં સતી પ્રથાને સમર્થન અપાયું નથી. સંભવ છે કે જૈન નારી પ્રબુદ્ધ અને આત્મનિર્ભર હતી. પતિની ગેરહાજરીમાં શીલ પર આંચ આવી શકે પરંતુ શીલની સુરક્ષામાં તે સક્ષમ હતી. વળી, જૈન નારી સમક્ષ સાધ્વી બની ધર્મધ્યાનમાં શેષ જીવન સમર્પિત કરવાનો પ્રશસ્ત માર્ગ ખુલ્લો હતો. જે સમાજમાં વૈધવ્યના દારૂણ દર્દને સુખમાં પલટાવવાની સંસ્થા હોય ત્યાં સતી પ્રથાનું અસ્તિત્વ ટકતું નથી.

સતી પ્રથાને રોકવામાં પુનર્વિવાહ સહાયક બને છે પરંતુ તે સમયમાં જૈન નારીઓ માટે પુનર્વિવાહનો માર્ગ ખુલ્લો થયો ન હતો. તે પોતાનું જીવન અધ્યાત્મ માર્ગે જીવી શકતી. ધનશ્રી, લક્ષણાવતી, મૃગાવતી જેવી વિધવા સ્ત્રીઓએ ભગવતી દીક્ષા લઈ શુદ્ધ સંયમ પાળી જૈનસંઘની સેવા કરી છે.

હા ! સમય જતાં (વિ.૧૨મી સદી) મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળની માતા કુમારદેવીના પુનર્લગ્ન પ્રાગ્વટ કુટુંબના પરાક્રમી યુવરાજ ઠાકુર આસરાજ સાથે થયા હતા. તાત્કાલીન સામાજિક અને ધાર્મિક નીતિની ભાવનાથી કુમારદેવીના લગ્નને અવશ્ય નિંદનીય અને હીન કાર્ય સમજવામાં આવતું હતું. સમાજ તેને હલકી દષ્ટિથી જોતો હતો. આવું કાર્ય કરનારને કઠોર ભાવથી સમાજથી બહિષ્કૃત અને તિરસ્કૃત કરવામાં આવતો. સમાન અને ધર્મને આ કાર્ય અપસંદ હતું. શ્રદ્ધેય અને પૂજનીય માતા કુમારદેવીના પુણ્ય જીવનની કૃષ્ણકલાને કવિઓએ પાતક કાર્ય ગણી ઢાંકપિછોડો કર્યો છે. **(વસ્તુપાળ-તેજપાળ ચરિત્ર)**

વિધવા વિવાહ તે સમયની પ્રથા ન હોવા છતાં જો કોઈ સ્ત્રી નિ:સંતાન હોય, તેના ઘરનો કાર્યભાર સંભાળનાર કોઈ ન હોય તો પોતાના ધનની સુરક્ષા હેતુ કોઈને સંબંધી બનાવી તેની સાથે સહવાસ કરી સંતાન

પ્રાપ્તિ કરી શકતી હતી પરંતુ આ નિયમ સાર્વજનિક ન હતો તેથી આવો ઘટકાંશ અન્ય કથાઓમાં જોવા મળતો નથી.

આવશ્યક ચૂર્ણિમાં આપેલું કૃતપુણ્યનું કથાનક તેનો સચોટ પુરાવો છે, છતાં આ નિયમને સાર્વભૌમિકતાના નિયમ રૂપે મનાય નહીં.

- **વૈધવ્ય જીવન શૈલી :**

કવિશ્રી દીપ્તિવિજયજીની (ક.૧૩૨) કૃતિ અનુસાર પ્રાચીન કાળની સમાજ વ્યવસ્થામાં વિધવાની જીવનશૈલીનો આછો ચિતાર જોવા મળે છે. ચૂડી, ચાંદલો અને ચોટલો એ સ્ત્રીનાં સૌભાગ્યની નિશાનીઓ છે. પતિના સ્વર્ગવાસ પછી વિધવા સ્ત્રીઓનો ચૂંડલો ભાગવામાં આવતો હતો અને ગળાનો હાર તોડી નાંખવામાં આવતો હતો.

આજથી લગભગ દોઢસો વર્ષ પૂર્વે પણ વિધવાઓની સ્થિતિ દયનીય હતી. વિધવાઓને લૂખુંસૂકું ભોજન અપાતું. સફેદ વસ્ત્રો પહેરવા પડતાં. જમીન પર સૂવું પડતું, માથે મુંડન કરાવવું ફરજિયાત હતું. જેથી તેમનું સૌંદર્ય ખતમ થઈ જાય અને લોકોનું ધ્યાન તેમના તરફ ન ખેંચાય. માંગલિક પ્રસંગોમાં વિધવાઓની તેમની ઉપસ્થિતિ વર્જ્ય હતી. શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને ગાંધીજી જેવા મહાપુરુષોએ સમાજમાં બદલાવ લાવવા જહેમત ઉઠાવી.

આજે એકવીસમી સદીમાં પણ ઘણી જ્ઞાતિઓમાં 'કરમ ચૂડલો' કરવામાં આવે છે, જેમાં મૃતદેહને અગ્નિસંસ્કાર કરવા પૂર્વે સ્ત્રીના સૌભાગ્યની નિશાની રૂપ ચૂડીઓને હાથેથી તોડી નાખવાનો રિવાજ છે. આ કાર્ય સ્ત્રીનો દિયર કરે છે. વાસ્તવમાં જીવન અને મૃત્યુ આયુષ્ય કર્મને નિર્ભર હોવા છતાં પતિના મૃત્યુ બાદ સ્ત્રીનો શણગાર છીનવાઈ જાય છે, જ્યારે પતિ વિધુર બને ત્યારે તેની સાથે એવું કંઈ જ થતું નથી. ખરેખર! સખેદાશ્ચર્ય છે.

- **પરોપકાર વૃત્તિ :**

રામચરિત માનસમાં કહ્યું છે કે, 'પરહિત સરિસ ધરમ ન ભાઈ, પરપીડા સમ નહી અધમાઈ' અર્થાત્ બીજાનું હિત કરવું તે સમાન બીજો કોઈ ધર્મ નથી અને બીજાને પીડા આપવા જેવું કોઈ પાપ નથી. પરોપકારમાં બીજાનું હીત કરવું એવી ભલી દષ્ટિ હોય છે. જેમાં કઈંક કરી છૂટવાની ભાવના રહેલી છે.

પર પુરુષને પોતાના મનનો માણિગર માન્યા પછી ગૃહિણી તરીકેની ફરજ નિભાવનારી ચારે સ્ત્રીઓમાં સંભારણા તરીકે ગુપ્ત રીતે રત્નોનું નજરાણું આપવાની રીત પ્રશંસનીય છે. ચારે સ્ત્રીઓએ આ રત્નો સાસુથી છાનાં આપ્યાં છે. તેમાં સાસુનો ભય તો મુખ્ય હતો જ પણ તેની સાથે સાથે જો નાયકને હાથોહાથ રત્ન આપત તો કદાચ સ્વમાની નાયક રત્ન લેવાની ના પાડત તેથી ઉપકાર કરવાના ઈરાદાથી, તેમજ પોતાની સ્મૃતિ કાયમ રહે તેવા ઈરાદાથી ચારે સુજ્ઞ સ્ત્રીઓએ લાડુમાં રત્ન મૂકી આર્થિક સહાય કરી છે.

'કયવન્ના રચિત્ર'ના પૂર્વભવમાં વિહાર કરતાં જણાય છે કે ચાર પાડોશણોએ સંવેદનશીલ બની રડતાં બાળકની ખીર ખાવાની અદમ્ય ઈચ્છાને સંતોષી હતી. પરોપકારના આ ફળ સ્વરૂપે તેઓ બીજા ભવમાં નાયકની પત્નીઓ બની હતી.

આમ, પ્રાચીનકાળમાં પરોપકારની વૃત્તિ સારા પ્રમાણમાં પાંગરેલી હતી. સાંપ્રત કાળમાં સ્વાર્થી મનોવૃત્તિના કારણે તે શુષ્ક બનતી જાય છે.

- **લાડુ :**

પ્રાચીનકાળમાં મીઠાઈ તરીકે લાડુ લોકપ્રિય હતા. ભારતની સર્વ મીઠાઈઓમાં મોભી અને સર્વ મિષ્ટાનનો જશ ખાટી જનારા આ લાડુ દુંદાળા ગણેશજીને અને ભટ્ટજીને અત્યંત વહાલા છે. સંસ્કૃત लड्डु કે लड्डुक શબ્દમાંથી આવેલો આ મધમીઠો ખાદ્યપદાર્થ ગોળ આકારની મીઠાઈ છે. તેનું લાડ નામ લાડવો છે.

લાડુ શુભ કાર્યમાં નૈવેદ્ય તરીકે ધરાય છે. દિવાળીના દિવસે દેવ-દેવીઓને થતા જુહારમાં લાડુ મુખ્ય રહે છે. **'મગસના લાડુ'** ઠાકોરજીને નૈવેદ્ય તરીકે ધરાય છે. આમ, ગણેશજીને વાદે વાદે બધા જ ભગવાને લાડુને વહાલા કર્યા છે. પછી તે ડાકોરના રણછોડરાયજી હોય, શ્રીનાથજીના તિરુપતિજી હોય, પૂનાના બાલાજી હોય કે પછી કુળદેવી-દેવતાઓ હોય.

લગ્નના જમણવારમાં જ નહીં પરંતુ લગ્નના મહિના બે મહિના પૂર્વે ઊઘલવા નીકળેલા લાડકવાયા વરરાજાને સગાંવહાલાં લાડુ ખવડાવવા પડાપડી કરતાં હોય છે.

ભારતના વિવિધ પ્રાંતોમાં વિવિધ પ્રકારના લાડુ જોવા મળે છે. કચ્છ કાઠિયાવાડના **'ફીણેલા લાડવા'**, રાજસ્થાનમાં ચૂરમાનો જ નાતીલો **'સત્તુનો લાડુ'**, મહારાષ્ટ્રમાં **'રવા બેસનના લાડુ, રવા નાળિયેરના લાડુ, અસાળિયાના લાડુ'** અને કચ્છમાં **'મોતીચૂર લાડુ'** વિખ્યાત છે. મકરસંક્રાન્તિમાં **'તલગોળ ના લાડુ'** અને નાગપંચમીના **'કુલેરના લાડુ'**નો મહિમા અનેરો છે.

જેમ હરિના હજારો હાથ છે, તેમ લાડુની સહસ્ર નામાવલિ નોંધી શકાય. મગ, મગદાળ, શીંગ, તલ, રાજગરા, શિંગોડા, દાળિયા, પૌંઆ, મમરા, સૂકામેવા, ખારેક - ખજૂર, મેથી એવા તો કંઈ કેટલાય લાડુ છે. વળી, શિયાળામાં અળદિયા તો પરાણે દાઢે વળગે છે.

પ્રાચીન કાળમાં ભોજનમાં અને પ્રવાસમાં ભાતા તરીકે લાડુ મોખરે રહ્યાં હતાં. લાડુ એ ગોળ અને ઘી માંથી બનતી પૌષ્ટિક વાનગી હોવાથી પ્રાયઃ લાડુને આહારમાં મુખ્યતા મળી છે.

જૈન કથાઓમાં ભોજનમાં લાડુ મોખરે રહ્યા છે, જેમકે **મમ્મણ શેઠ**ના પૂર્વ ભવમાં કોઈ સારા પ્રસંગે ગામમાં લાડુની લ્હાણી થઈ હતી, **અરણિક મુનિ** ભૂલથી ગણિકા (નગરશેઠની પુત્રવધૂ)ને ત્યાં ગોચરી માટે જઈ પહોંચ્યા ત્યારે તેણીએ મુનિને લાડુ વહોરાવ્યા, **દેવકી**એ મહેલમાં આવેલા સમાન રૂપવાળા છ મુનિઓને લાડુ વહોરાવ્યા. **ઢંઢણ મુનિ**એ લાડવાનો ચૂરો કરતાં કરતાં સ્વદોષ દર્શનથી કેવળજ્ઞાન મેળવ્યું.

'કયવન્ના ચરિત્ર'ના નાયકને પરદેશમાં કમાવા જતી વેળાએ પ્રવાસમાં પત્નીએ ભાતામાં લાડુ બાંધી આપ્યા તેમજ અપહરણ બાદ બાર વર્ષ પછી શ્રીમંત શ્રેષ્ઠીને ત્યાંથી ખસેડવાનો વ્યૂહ રચાયો ત્યારે ચરિત્રનાયક પ્રત્યેના છલકતા પ્રેમે ચારે સ્ત્રીઓને જવાબદારી વહન કરવાનું બળ આપ્યું ત્યારે ઉપકારક દષ્ટિએ તેમણે નાયકને અતિશય પ્રિય એવા (રત્ન સંચિત) લાડુ આપ્યા. નાયિકાએ બાળકને નિશાળમાં ભૂખ લાગે ત્યારે ખાવા માટે લાડુ આપ્યો અને જમવા બેઠેલા પતિને ભાણામાં લાડુ પીરસ્યો. આમ, શિરામણમાં, બપોરના જમણમાં અને પ્રવાસમાં લાડુનો છૂટથી વપરાશ જોવા મળે છે.

- **સંદેશવાહક :**

પ્રાચીન કાળમાં તાર, ટેલીફોનની શોધ ન થઈ હતી ત્યારે પક્ષીઓ સંદેશવાહક બની સેવા બજાવતા હતા. જેનો પડઘો આપણા અભ્યાસની કૃતિમાં પડ્યો છે.

કવિશ્રી રતનસૂરિજીની કૃતિમાં શ્રેષ્ઠીપુત્રનું મૃત્યુ વહાણમાં થયું છે અને તેના દુઃખદ સમાચાર **પારેવાએ** આપ્યાં. કવિશ્રી જયરંગમુનિની કૃતિમાં રાસનાયિકા જયશ્રી **શુકરાજ**ની ખુશામત કરી તેના દ્વારા પોતાના પ્રિયતમને સંદેશો પાઠવે છે. (ઢા.૮)

આ ઉપરાંત **'અજાપુત્ર ચરિત્ર'**માં વિજયપુર નગરના રાજકુમાર વિમલવાહનની ખુશાલીના સમાચાર દર્શાવતો પત્ર **પોપટ** દ્વારા મોકલવામાં આવ્યો.

પ્રાચીન કાળમાં પક્ષીઓ સંદેશવાહકનું કાર્ય કરતાં હતાં. હિંદી ફિલ્મના નાયક -નાયિકાએ 'કબૂતર જા, જા, જા...' પ્રકારનાં ગીત પડદાં પર ગાયાં છે. તેની સદીઓ પહેલાંથી પક્ષીઓને સંદેશ વ્યવહારના કાર્યમાં જોતરી દેવાયાં હતાં. પ્રિયતમને મેઘ (વાદળ) દ્વારા સંદેશો મોકલવાનો વિચાર **'મેઘદૂત'** જેવા કાવ્યમાં જોવા મળે છે.

'ANIMALS IN THE BATTLE'માં નોંધ્યા પ્રમાણે પક્ષીઓ થકી સંદેશો મોકલવાની સત્તવાર સેવા પહેલવહેલી બગદાદના સુલતાને ઈ.સ.૧૧૫૦માં શરૂ કરી. જે એકાદ સદી સુધી ચાલુ રહી. ઈ.સ. ૧૮૪૮ની ફ્રેંચ ક્રાંતિ વખતે ફ્રાંસના છાપામાં ટૂંકમાં સમાચાર મોકલવા માટે પક્ષી (કબૂતર, પોપટ)નો ઉપયોગ થતો હતો. પક્ષીઓમાં દિશા શોધવાની શક્તિ કુદરતી રીતે જ જન્મજાત હોય છે. કહેવાય છે કે, કબૂતર કલાકના ૧૬૦ કિ.મી.ની ઝડપે ઉડે છે. **(કલ્યાણ માસિક, જાન્યુ. ૨૦૧૫, પૃ.૫૩)**

મોબાઈલ ફોન અને ઉપગ્રહોના જમાનામાં માણસ જાતને પક્ષીઓની સેવાની જરૂર રહી નથી. એ સંજોગોમાં પક્ષીઓની કથાઓ 'માનો યા ન માનો' જેવી લાગે છે પરંતુ એ માણસ સિવાયના જીવોમાં વ્યક્ત થતા કુદરતી કરિશ્માની વૃત્તિની સાબિતી પૂરી પાડે છે.

- **યક્ષપૂજન :**

કવિશ્રી રતનસૂરિજી : અભયકુમારે એક માસની અવધિ માંગી. એ દરમ્યાન ૫૦૦ સિલાવટને તેડાવી સુંદર પ્રાસાદ બનાવ્યો. તેમા કચવન્નાની આબેહૂબ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. નગરમાં વાત વહેતી મૂકી કે, ''કચવન્નો પોહોતૌં પરલોક, યક્ષ થઈ સંતાપૈ લોક, કચવન્ના યક્ષની પૂજ કરો. મોદિક પાંચ લાપસી પંચધાર, લેઈ આવ્યૌ તિહાં લોક અપાર'' (૧૦૬-૧૦૭)

'એકૈં એકૈં ઉપરિ પડૈ, બાલક બાંહૈં ઘરી ઘડવડૈં; થોકૈં થોકૈં થઈ થાનકૈં ચડે, રખે! યક્ષ કેવન્ના નડૈં.' (૧૦૮) આ પંક્તિ દ્વારા રાજગૃહી નગરીની ગીચ વસ્તીનો ખ્યાલ આવે છે.

અનુભવી વૃદ્ધાએ 'મહામંત્રીની કોઈ ચાલ છે' એવી આશંકાથી વહુઓને કહ્યું, ''અહીં જાવાનો નહીં અધિકાર.'' (૧૧૦) 'કહ્યું ન માનૈં તવ નીસરયાં, રથ બેઠાં વીતગ વીસરયાં, ઘૂંઘટ કરૈ રખે દેખે કોઈ.' (૧૧૧)

બાળકોના હિત-કલ્યાણ માટે સાસુની આજ્ઞાને અવગણી બાળકોને લઈ વહુઓ યક્ષ પૂજન કરવા નીકળી ત્યારે ન છૂટકે સાસુ પણ તેમને અનુસરી. રથમાં બેઠા ત્યારે વહુઓએ ઘૂંઘટ તાણ્યો જેથી તેમને કોઈ ઓળખી ન શકે.

કવિશ્રી દેપાલજી : લાખ સોનામહોર ખર્ચી રૂપ-રંગમાં કચવન્ના જેવી જ અદ્‌ભુત અને અનુપમ લેપ કરેલી મૂર્તિ મહામંત્રી અભયકુમારે ઘડાવી. તેને સુવર્ણ અને રત્નના આભૂષણો પહેરાવ્યાં. નવું રેશમી પટોળું પહેરાવ્યું. (૬) ત્યાર પછી પડહ વગડાવી કહ્યું, ''આવઉ વેગિહિં સહુ સકુટુંબ, **પંચ મોદક** જણ જણ પ્રતિએ, રખે! કરિસઉ કોઈ વિલંબ! જાખુકુ જુહારઉ વિઘન હશે.'' (૯)

દર્શનાર્થીઓ યક્ષની સમક્ષ પ્રાર્થના કરતાં કે, ''હે યક્ષ દેવતા! અમે તમને ઘણાં લાડુ નૈવેદ્યમાં આપશું પરંતુ અમારા કુળની વૃદ્ધિ કરજો. અમારા પર કૃપા દૃષ્ટિ રાખજો.'' કોઈ યક્ષ મૂર્તિની સામે નૃત્ય કરતા તો કોઈ ગીતો ગાતાં. કોઈ યક્ષને પ્રણામ કરતાં કહેતાં કે, ''મગધ દેશમાં મંગળ કરજો.'' (૧૧-૧૨)

મગધવાસીઓ યક્ષદેવને પોતાના કુળની અને મગધદેશમાં કલ્યાણ કરવાની પ્રાર્થના કરતા હતા.

કવિશ્રી ઋષભદાસજી : કયવન્નાને પોતાના વિખૂટા પરિવારનો ઝુરાપો સાલે છે. તેણે મુશ્કેલીનો માર્ગ શોધવા પોતાના સાળા અભયકુમારને વાત કરી. આ પ્રસંગે બુદ્ધિનિધાન અભુકુમારની પોરસાઈ કરતાં કૃતપુણ્યની સુકૃત્યની ચાદી વર્ણવતાં શુભેચ્છાઓનાં ઘોડાપૂર વહાવ્યાં. ''તમે કૂવામાંથી મુદ્રિકા કાઢી આંગળીમાં પહેરી, આર્દ્રકુમારને ધર્મ પમાડયો, ચંડપ્રદ્યોતન જેવા સાવજને પકડી મહારાજા શ્રેણિકને સોંપ્યો, આંબાના ફળ ચોરનારને પકડયો, સેચનક હસ્તીને શાંત પાડયો, અકાળે મેઘ વરસાવી ધારિણી રાણીના દોહદને પૂર્ણ કર્યો, રોહિણેય ચોરને પકડયો, રત્નનાં ચોરને ઝાલ્યો, તમે કદી કોઈનાથી પરાજિત થયા નથી. તમારી બુદ્ધિ નિર્મળ છે. જો તમે મારી સ્ત્રીઓ અને સંતાનોનો મેળાપ કરાવી આપો તો હું જાણું કે તમારી બુદ્ધિ ખરી છે.'' (૨૩૨-૨૩૪)

''કયવન્નો મૃત્યુ પામી, યક્ષ બની માનવીને મારે છે તેથી **પાંચ લાડુ અને લાપસી** તેને પ્રસન્ન કરવા ભોગ નિમિત્તે લાવી તેની પૂજા કરો. જે નહીં આવે તે રાજ્યનો ગુનેગાર ગણાશે, તેનું કયવન્નો યક્ષ ભક્ષ્ય કરશે.'' (૨૩૭)

કવિશ્રી ગુણસાગરજી : નગરમાં ઢંઢેરો પીટાયો કે, ''સર્વ નારીઓ પોતાના સંતાનોને લઈ પ્રાસાદમાં આવે. સાથે **પાંચ-પાંચ મોદક** લાવે.'' (ઢા.૪, ક.૪) સંતાનોને પગે લગાડવાથી બીજના ચંદ્રની જેમ ઘરમાં સુખ-સંપત્તિની છોળો ઉડશે. આવતી ચૌદસના દિવસે આવવું અનિવાર્ય છે.

અહીં સાસુ-વહુનો સંવાદ રસપ્રદ છે. વહુઓએ પડહ સાંભળી વિનંતી કરતાં કહ્યું, ''સાસુજી ! ચાલો આપણે દેવળમાં જઈએ. યક્ષની પૂજા કરવાથી તે પ્રસન્ન થશે, આપણાં સંતાનો નિરોગી થશે. એમનું સ્વાસ્થ્ય સારું રહેશે.'' સાસુએ ઘાસ્તી અનુભવતાં કહ્યું, ''વહુજી ! ઘર બેઠાં જ બે હાથ જોડી ભાવથી યક્ષની પૂજા કરશો તો તમારું ભલુ થશે. કોઈનું ઘર માંડવા માટે આ પ્રપંચ રચાયો છે. તમને કોઈ વાતની સમજણ પડતી નથી.'' વહુઓએ કહ્યું, ''પ્રથમ નાતરું કરવા દીધું ત્યારે પુત્ર થયા. હવે જો કાંઈ નહીં કરીએ તો ઘર પુત્ર વિહોણું થશે. (તમને ધનની બહુ ફીકર છે પણ) આ જ સુધી ધન કોઈ છાતી પર બાંધીને પરભવમાં લઈ ગયું નથી. લક્ષ્મી જવાની હશે તો જતી જ રહેશે. પંચને અનુસરીયે. આપમતિ કરશું તો દુઃખી થશું. **પંચ પરમેશ્વર** છે, જે જીવન આપે છે. આઈ ! હવે તમે અળગાં રહો. કદાગ્રહ છોડો. આજ સુધી તમારી એકપણ આજ્ઞા લોપી નથી. આગળ હવે, તમારી મરજી. અમે કઠણ હૃદય કર્યું છે. તમે અમારું કામ શા માટે બગાડો છો ?''

પ્રસંગોપાત કવિ કહે છે, 'અતિ તાણવાથી દોરડું પણ તૂટી જાય છે. અતિ મંથન કરતાં સમુદ્રમાંથી વિષ ઉત્પન્ન થયું. તે વિષ શંકરે ગળામાં ધારણ કર્યું તેથી 'નીલકંઠ' કહેવાયા. જગતમાં ચંદન શીતલપણા માટે વિખ્યાત છે પરંતુ અતિ મથવાથી તેમાં અગ્નિ ઉત્પન્ન થાય છે.' (ઢા.૪, ક.૧૧-૨૩)

અહીં વાતાવરણમાં ગરમાટો છવાઈ ગયો છે. વૃદ્ધાની વહુઓ પરની પકડ છૂટી ગઈ છે.

કવિશ્રી લાલવિજયજી : '**પાંચ પાંચ મોદક** સહૂ લાવઉ, યક્ષ ભેટી ઘરિ જાવઉ' (૧૧)

કવિશ્રી વિજયશેખરજી : ''પ્રાતઃ કાળે યક્ષના પ્રાસાદમાં બાળકોને લઈને સ્ત્રીઓ આવે. પોતાની સાથે **પાંચ મોદક** લાવે. પ્રસાદ રૂપે ચાર લાડુ ઘરે લઈ જવો અને એક લાડુ યક્ષ પાસે મૂકવો.'' (૨૯૦-૨૯૨)

કવિશ્રી જયરંગમુનિજી : મંત્રીશ્વરે બુદ્ધિ ચાતુર્યથી સફેદ રંગનું યક્ષ મંદિર બનાવ્યું. તેમાં ચિત્રકારો દ્વારા સુંદર ભાતીગળ ચિત્રો દોરાવ્યાં. તેમાં કયવન્નાની જ પ્રતિછાયારૂપ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. ત્યારપછી નગરમાં

ઢંઢેરો પીટાવ્યો કે, ''યક્ષદેવ પ્રત્યૈ જાગે છે. તેની પૂજા અર્ચના કરો, તેને ભોગ ચડાવો જેથી રોગ દૂર થાય.'' (ઢા.૨૨, ક.૭-૮)

પ્રસંગોપાત યક્ષની વેશભૂષા વર્ણવે છે. ''પ્રત્યક્ષ કચવન્નો તિશો, રૂપ રૂડું હો નખશીખ આકાર, પંચરંગ વાઘો પહેરણે, કાને કુંડલ શોહે હિયડે હાર.'' (ઢા.૨૨, ક.૧૨)

મૂર્તિને જોતાં બાળકોની ચેષ્ટામાં પિતાનો પ્રેમ દશ્યમાન થાય છે. ચારે બાળકો હસતાં ખેલતાં મૂર્તિ પાસે આવ્યાં. પોતાની મીઠડી ભાષામાં ગણગણ કરવા લાગ્યા કે, ''અહીં આવીને કેમ બેઠા છો ? શું રીસાઈ ગયા છો ? બાપા ! ઘરે ચાલો. તમને દાદાજીની સોગંદ છે. તમે ખેંચતાણ ન કરો. શું તમે ઘરમાંથી ભાગીને અહીં આવ્યા છો ? તમને અમે તેડીને જ જઈશું.'' કોઈએ આંગળી પકડી, કોઈએ હાથ ઝાલગયો, કોઈ પગ વળગ્યો, કોઈ હાથ ખેંચવા લાગ્યો. એકે કહ્યું, ''બાપા ! મારા છે.'' ત્યારે બીજાએ તેને ગાળ આપી. એક ખોળામાં જઈને બેઠો. તો વળી એકે પિતાના ગાલ પર પ્રેમથી ચુંબન કર્યું. એકે કહ્યું, ''આપણે બાપાની સાથે ભેગા બેસી જમશું.'' બીજાએ કહ્યું, ''હું ! તમને જમવા નહીં દઉં.'' એમ કહી મુખ આડે હાથ રાખ્યો. એકે કહ્યું, ''લાડવા ખાશું.'' તો બીજાએ કહ્યું, ''ખીરખાંડ જમશું.'' એકે કહ્યું, ''થાળીમાં શીરા, લાપસી પીરસશું.'' બીજાએ કહ્યું, ''આપણે સઘળા ભેગાં બેસીને શિરામણ કરશું.'' આમ બાપા સર્વના પ્રિય હતાં; એવું અહીં સ્પષ્ટ થાય છે. (ઢા.૨૩, ક.૧-૮)

આ સંવાદો બોલકા અને સ્ફુટ રહ્યા છે. તેમાં મીઠી લોકબોલી છે.

કવિશ્રી દીપ્તિવિજયજી : સાળા બનેવીનો વાર્તાલાપ સંવાદાત્મકશૈલીમાં આલેખાયો છે, જેમાં તેઓ બન્ને વચ્ચે હેતના સંબંધોની મીઠાશ અને અદ્‌ભુત જુગલબંધી ઉજાગર થાય છે. કચવન્ના શેઠે કહ્યું, ''એવો કોઈ સ્વજન નથી જેની સમક્ષ હું હૈયા વરાળ કાઢું. કંઠ સુધી દુઃખ આવ-જા કરે છે પરંતુ પાછું હૈયામાં સમાઈ જાય છે.'' અભયકુમારે કહ્યું, ''એવી કઈ વાત છે જે છાની રાખો છો ? તમે અવદાત કહો, ભગવાનનું નામ-સ્મરણ કરો. તમારું કામ અવશ્ય થઈ જશે.''

કૃતપુણ્યએ કહ્યું, ''આ રાજગૃહી નગરીમાં એક સાસુની ચાર વહુઓ છે. તેના ચાર રૂપાળા દીકરાઓ છે, તે મારા છે. હું બાર વર્ષ સુધી અત્યંત સુખ વૈભવમાં તેમના ઘરે રહ્યો છું. પણ હું એમનું ઠામ-ઠેકાણું કે પોળનું નામ જાણતો નથી. હે મગધાધીશ ! મારું આ દુઃખ તો ફક્ત ભગવાન જ જાણે છે. મારા પરિવારને મળવાની મને ઉત્કંઠા જાગી છે.'' મહામંત્રીએ કહ્યું, ''બનેવી ! તમે ચતુર અને સુજ્ઞ હોવા છતાં તેનું સરનામું જાણતાં નથી ? તમે બાર વર્ષ ત્યાં રહ્યાં તે બદ્‌લ તમને ખૂબ શાબાશી.''

કૃતપુણ્યએ કહ્યું, ''હું નિત્ય રંગરાગમાં ડૂબેલો રહ્યો. વળી, ગોખલાની બારીઓ પર તાળાં મારેલાં હતાં. મને અડધી ઘડી પણ તેઓ એકલો છોડતાં ન હતાં. જો તમે તેમને શોધી આપો તો તમને મારા ઉપકારી લેખીશ. તમે પૂર્વે પણ ઘણાં ઉપકારો કર્યા છે. તમે બુદ્ધિનિધાન છો. જેવી વાત હતી, તેવી જ વાત કરી છે. તમે મારું દુઃખ દૂર કરશો તેથી તમારી સમક્ષ મોકળા મને વાત કરું છું.'' મહામંત્રીએ કહ્યું, ''શેઠ ! એક મહિનામાં હું તેમને પ્રગટ કરું છું. વધુ શું કહું ?''

સરોવરના તટ ઉપર ગગનચુંબી પ્રાસાદ ઊભો હતો. તેમાં કચવન્ના જેવી જ ચંદનની મૂર્તિ સ્થાપિત કરી. પ્રસંગોપાત કવિશ્રી મૂર્તિનો શણગાર દર્શાવે છે. મસ્તકે પંચરંગી પાઘડી હતી. શિરબંધ સોનેરી રંગનું હતું. કાનનું આભૂષણ સુવર્ણનું હતું. બાંયે બાજુબંધ હતાં. અંગે એકતાઈ પછેડી ઓઢી હતી. આ પછેડીમાં ફૂલની કારીગરી (કસબ) હતી. ગળામાં કિંમતી રત્નજડિત હાર હતો.

આ પ્રાસાદ કૃષ્ણાગાર ધૂપ અને કસ્તુરીની સુગંધથી મહેકી ઉઠ્યો. ચારે દિશામાં દીવાઓ

ઝળહળતાં હતાં. તાજા ફૂલની સુગંધ સર્વત્ર પ્રસરતી હતી. સુવર્ણના સિંહાસન ઉપર મૂર્તિ શોભી રહી હતી. લોકોમાં વાત વહેતી મૂકવામાં આવી કે, ''કયવન્ના મરીને યક્ષ થયો છે. તે **લાપસી, લાડુ અને પુષ્પનો હાર** માંગે છે. નર-નારી સૌ યક્ષપૂજન માટે આવો. જે નહીં આવે તેને રાજદંડ થશે, યક્ષ દુઃખ દેશે.'' (૨૭૫-૨૯૭)

આમ, કવિશ્રી દીપ્તિવિજયજીએ આ ઘટકાંશને સુંદર રીતે ખીલવ્યો છે. સંસ્કૃત શ્લોકો ઉમેરી પોતાની પંડિતાઈનાં દર્શન કરાવ્યાં છે.

કવિશ્રી ફતેહચંદજી : ''છોરૂવાલી સબ નારીયાં રે, આવે પુજણ કાજ'' (૫) અહીં નૈવેદ્ય તરીકે કોઈ વસ્તુનો ઉલ્લેખ થયો નથી.

સમાજ દર્શન :

૧. પ્રાચીન કાળમાં લોકોમાં દેવ-દેવીઓ પ્રત્યે શ્રદ્ધા, સમર્પણભાવનો ભારે વ્યાપ હશે. વર્તમાન કાળે માતાજીની પહેડીની પરંપરા વ્યાપક છે.

૨. યક્ષ કે દેવ-દેવીનું પૂજન ન કરવાથી ઘરમાં અનિષ્ટ થાય તેવો આતંક લોકોના મનમાં ઘર કરી ગયો હતો તેથી લોકો કીડિયારાની જેમ દર્શન કરવા ઉમટયાં હતાં. (કવિશ્રી રતનસૂરિજી - ૧૦૮)

૩. નૈવેદ્યમાં લાડુ, લાપસીનો ઉપયોગ થતો હશે. આજે પણ બાળકોના ચીડ-જુહાર (મુંડન)માં લાડુ, લાપસી અને ખાજા બનાવવાની પ્રથા હિન્દુ સમાજમાં પરંપરાગતપણે પ્રચલિત છે.

કવિશ્રી દીપ્તિવિજયજીએ લાપસી, લાડુ સાથે ફૂલનો હાર નૈવેદ્ય તરીકે નોંધ્યો છે.

૪. યક્ષ મૂર્તિને સુવર્ણ અને રત્નોના અલંકારોથી વિભૂષિત કરવામાં આવી હતી.

જેમ મંદિરોમાં દેવ-દેવીઓની મૂર્તિને સજાવવામાં આવે છે. તેનું અનુકરણ યક્ષમૂર્તિ પ્રસંગે થયું છે.

૫. લોકો કુળદેવી સમક્ષ પ્રસાદ ચડાવી, કુળની ઉત્તરોત્તર પ્રગતિની કામના કરતા હશે. (કવિશ્રી દેપાલજી - ૧૧)

અહીં **અંધશ્રદ્ધા**ની વ્યાપકતા દષ્ટિમાન થાય છે. તત્ત્વજ્ઞાનના અભાવમાં લોકોએ દેવી-દેવતાની પાછળ દોટ મૂકી છે.

૬. યક્ષ પૂજના માટે 'ચૌદસની તિથિ' નોંધાયેલી છે. (કવિશ્રી ગુણસાગરજી - ઢા.૪, ક.૮ અને અજ્ઞાત કથાકાર) તે સમયે ચૌદસના દિવસે કુળદેવી-દેવતાનું પૂજન પ્રચલિત હશે.

૭. સમાજમાં સરપંચનું (રાજાજ્ઞાનું) વર્ચસ્વ હશે. તેમની આજ્ઞાને સર્વસ્વ ગણી લોકો અક્ષરસઃ પાલન કરતા હશે. તેનો પડઘો અહીં પડયો છે. (કવિશ્રી ગુણસાગર - ૧૭)

૮. કવિશ્રી ગુણસાગરજીના સમયમાં સાસુ માટે 'આઈ' શબ્દનો પ્રયોગ થતો હશે. આવા સંબોધનથી સગપણની ગરિમા વધે છે.

૯. યક્ષ દેવ સમક્ષ નૈવેદ્ય કરવાની વિધિ કવિશ્રી વિજયશેખરજી (૨૯૦-૨૯૨) અને કવિશ્રી મલયચંદ્રજી (૯૦) દર્શાવે છે. વર્તમાનકાળે નાળિયેર વધેરી અડધું મંદિરમાં મૂકાય છે, અડધું પૂજારી પરત કરે છે.

૧૦. બાળકો પિતાને બાપા, તાત (કવિશ્રી જયરંગમુનિ); દાદા (કવિશ્રી મલયચંદ્રજી - ૯૪); ચાચા (કવિશ્રી ગંગારામજી - ઢા.૨૪, ક.૧) કહીને બોલાવાતાં હશે. આ શબ્દો પિતૃપ્રેમ ઉજાગર કરે છે.

૧૧. તે સમયે ભોજનમાં લાડવા, ખીર, શીરો, લાપસી જેવાં વ્યંજનો પ્રચુર માત્રામાં વપરાતાં હશે. ભોજન વેળાએ કુટુંબના સભ્યો સાથે બેસી જમતાં હશે.

૧૨. દેવતા (યક્ષ)નું નામ 'કામદેવ' છે. (કવિશ્રી ગંગારામજી - ઢા.૨૨, ક.૧૪)

કયવન્ના કામદેવ જેવો સ્વરૂપવાન હોવાથી તેની મૂર્તિનું નામ કામદેવ આપ્યું હોવું જોઈએ.

૧૩. કવિશ્રી ગંગારામજીના સમયમાં લોકો 'રઘુનાથજીની આણ' (રાજા રામચંદ્રજીની શપથ) લેતાં હશે. (ઢા.૨૪, ક.૪)

૧૪. ચારે વહુઓ યક્ષપૂજન માટે નીકળી ત્યારે કોઈ ઓળખી ન જાય તે માટે તેમણે 'ઘૂંઘટ' તાણ્યો. (કવિશ્રી કલ્યાણરત્ન - ૪૯) અહીં સમાજમાં ઘૂંઘટની પ્રથા હોય તેવું જણાય છે.

સ્ત્રીઓ સુંદરતાનું અભિમાનથી પ્રદર્શન ન કરતાં ચહેરાને સંતાડીને જીવતી હશે.

૧૫. સાળા માટે 'ભગિનીબંધુ' જેવું સંબોધન કર્ણપ્રિય, મનભાવન અને હૃદયવલ્લભાવન છે.

- **બહુપત્નીત્વની પ્રથા :**

પ્રસ્તુત કથાનકમાં કૃતપુણ્યની ૭ પત્નીઓ હતી. અજ્ઞાત કથાકાર છ પત્નીનો ઉલ્લેખ કરી અન્ય રચનાકારોથી જુદા પડે છે.

સાતે પત્નીઓ હળીમળીને રહેતી હતી. મહાનાયિકાને પારકી જણીને પોતિકી બનાવવાની સ્નેહાળવૃત્તિ હતી. અહીં સંયુક્ત કુટુંબની વ્યવસ્થા પ્રચલિત હતી.

પ્રાચીન કાળમાં શ્રીમંત શ્રેષ્ઠીઓ અને રાજવીઓની એકથી વધુ પત્નીઓ હતી. તેવું પ્રમાણ આગમ શાસ્ત્રમાં મળે છે. જેમ કે મહારાજા ઋષભદેવની સુમંગલા અને સુનંદા નામની બે પત્નીઓ હતી. ભરતચક્રવર્તીની ચોસઠ હજાર રાણીઓ હતી. વાસુદેવની બત્રીસ હજાર રાણીઓ (વૈદિક મતે રૂક્ષ્મણી સહિત આઠ રાણીઓ) હતી. રાજા રામની સીતા સહિત ચાર પત્નીઓ હતી. લક્ષ્મણની ઘણી સ્ત્રીઓ હતી. મહારાજા શ્રેણિકની ત્રેવીસ રાણીઓ હતી. જંબુ કુમારના આઠ શ્રેષ્ઠી કન્યાઓ સાથે વિવાહ થયા હતાં.

જૈન દર્શન અનુસાર પુરુષ કરતાં સ્ત્રીઓ ૨૭ ગુણી + ૨૭ છે. દેવીઓ દેવ કરતાં ૩૨ ગુણી + ૩૨ છે અને તિર્યંચાણી તિર્યંચ કરતાં ૩ ગુણી + ૩ વધુ છે. આમ, દેવ, મનુષ્ય અને તિર્યંચમાં સ્ત્રીનું પ્રમાણ વધુ હોવાથી મનુષ્યમાં બહુપત્નીત્વની પ્રથા વિકસી હોવી જોઈએ.

- **મહામંત્રીનું બુદ્ધિચાતુર્ય :**

પ્રસ્તુત કથામાં બુદ્ધિનિધાન અભયકુમાર દ્વારા બે મહાન કાર્યો સંપન્ન થયાં છે. **(૧)** સેચનક હસ્તીને ઉગારી જલકાંતમણિના સાચા હક્કદારને શોધી પોતાની બહેનના વિવાહ યોગ્ય શ્રેષ્ઠીવર્ય સાથે કરાવ્યાં. **(૨)** ચરિત્રનાયકના વિખૂટા પડેલા પરિવારનો મેળાપ કરાવ્યો.

આમ, વહીવટી આંટીઘૂંટી ઉકેલવામાં મહામંત્રી અભયકુમારનો સિંહફાળો રહ્યો છે.

- **સંયમ :**

ધર્મના નવનીત સમી જિનવાણીના માધ્યમે સંયમનો પ્રાદુર્ભાવ થયો. જિનવાણી દિવ્યવાણી બની ગઈ. તેવું સર્વ રચનાકારો સ્વીકારે છે. નાયક ભોગના પનારે પડ્યો નથી પરંતુ ભોગ તેને પનારે પડ્યા છે.

કવિશ્રી ઋષભદાસજી : 'દીઈ દાંનનિં, ભૈર વજાવઈ રે, બઈસી સીબિકાઇં જિનકનિં આવઈ રે' (૨૭૭)

કવિશ્રી ગુણવિનયજી : 'જિણમંદિરિ પૂજા કરી હો, દેઇ દાન ઉદાર; સાહમ્મીવત્છલ કીયઉ હો, ઘોસિ(ત) નગરિ અમારિ. હિવ સિવિકાયઇં આરુહી હો, વાજતઇ વર તૂરિ. આગઇ નટુ એ નાચતે હો, પગિ પગિ દેતઉ'

દાન. (ઢા.૧૧, ક.૧૪-૧૬)

કવિશ્રી જયરંગમુનિજી : કૃતપુણ્યએ સંયમ પૂર્વે ઉલ્લાસપૂર્વક સાતે ક્ષેત્રમાં ધનરૂપી બીજનું વાવેતર કર્યું. ત્યારપછી દીન-દુઃખાર્તનો નિસ્તાર કર્યો તેથી તેનો ચારે કોર જયજયકાર વર્તાયો. ગરીબોને ભોજન પાણીથી તૃપ્ત કર્યા અને વસ્ત્રો પહેરાવ્યાં.

ત્યારપછી સાતે સ્ત્રીઓ સાથે ધામધૂમથી દીક્ષા લીધી. દીક્ષા પ્રસંગે વાજાનો ગગડાટ જાણે ઘનઘોર વાદળની ગર્જના ! ધવલ-મંગલ ગીતો ગવાયાં. ચારિત્ર રમણીને પરણવા જાણે વરરાજા ઘોડે ન ચડ્યા હોય, તેમ કૃતપુણ્યએ સાજ સજ્યો. તેણે સ્નાન કરી સુંદર વસ્ત્રો અને કિંમતી આભૂષણો પહેર્યાં. હજારો પુરુષો દ્વારા ઊંચકાયેલી શિબિકામાં બેસી કૃતપુણ્ય અને તેની સાતે સ્ત્રીઓ દીક્ષા લેવા નીકળ્યાં. તેમણે પાંચ અભિગમ સાચવી, પ્રભુ વીરને વંદન કરી, સ્વ હસ્તે લોચ કરી, ભગવાન મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી.

સિંહની જેમ શૂરવીર બની, કયવન્ના મુનિએ શુદ્ધપણે સંયમનું પાલન કર્યું. તેઓ સ્થવીર મુનિઓ પાસે સૂત્રો અને અર્થ ભણ્યા. હાલતાં-ચાલતાં, ઉઠતાં-બેસતાં જયણાનું પાલન કરતાં. તેમણે મૃષાવાદનો ત્યાગ કર્યો. સદા સત્ય જ બોલતાં. જયણાપૂર્વક નિર્દોષ, સૂઝતો આહાર વહોરી લૂખું-સૂકું, સ્વાદ વિનાનું ભોજન કરતાં. નવ વાડના રખેવાડ બની બ્રહ્મચર્યનું સુંદર રીતે પાલન કરતાં હતાં. જેમ માળી ઉદ્યાનનું રખોપું કરે, તેમ મુનિ સંયમનું સુચારુ રીતે પાલન કરતા હતાં. મમત્વ ભાવનું નિવારણ કરી સમતા આદરતા હતાં. પદાર્થનો પરિગ્રહ છોડ્યો, આકરાં તપ, જપ, ક્રિયા કરતાં. પાંચ મહાવ્રતનું પાલન કરતાં, દોષ કે અતિચાર લાગે તો 'મિચ્છામિ દુક્કડં' લેતાં. સર્વ સાથે ખમતખામણાં કરી પ્રતિક્રમણ કરતા, અતિચારની આલોચના કરતા, મિત્ર શત્રુને સમાન ગણતા, સુવર્ણ અને રત્નને તૃણવત્ સમજતાં, ધૂળ અને રાજ્યને સમાન ગણતા. તેઓ ચૌદપૂર્વધારી, શ્રુતકેવળી બન્યાં. ભગવાન મહાવીરના ચૌદ હજાર સાધુઓમાં તેમની ગણના થતી હતી. (ઢા.૩૦, ક.૧-૧૦)

કવિશ્રી જયરંગમુનિએ દીક્ષાર્થી કૃતપુણ્યની સંયમપૂર્વેની ગતિવિધિ, ધામધૂમપૂર્વક ઉજવાયેલો સંયમોત્સવ, કયવન્નામુનિની નિર્દોષ જીવનચર્યા આગમ અનુસાર વિસ્તારપૂર્વક આલેખી છે.

કવિશ્રી દીપ્તિવિજયજી : પ્રસંગોપાત ભગવાન મહાવીરની દેશના જેમાં દાનધર્મની મહત્તા, સંયમની સ્થિરતા માટે મોહરાજા અને ધર્મરાજાના પરિવારની વિસ્તારથી કથા કહી છે. (૩૭૬-૩૭૯)

ઉપરોક્ત જિનવચનથી પ્રતિબોધ પામી કૃતપુણ્ય સંયમમાં જોડાયો.

કવિશ્રી ગંગારામજી : પ્રભુ વીરની વાણી સાંભળી કયવન્નો શ્રદ્ધાવાન થયો. તેના શરીરની સાતે ધાતુ ઉલ્લસિત બની. તેને આ વિશ્વ મૃગજળ સમાન માયાવી લાગ્યું. સત્યધર્મની પરખ થતાં તેણે વિચાર્યું, 'નિશ્ચર્યથી આ જીવ એકલો આવ્યો છે, તે દુર્ગતિમાં (શુભાશુભ કર્મ અનુસાર) ધક્કા ખાય છે.' એવું વિચારી કયવન્નાએ ધર્મમાં મનને પરોવ્યું. તેણે ભગવાન મહાવીર સમીપે સંયમની ઈચ્છા વ્યક્ત કરી. ભગવાને કહ્યું, ''હે દેવાનુપ્રિય ! સારા કામમાં ઢીલ ન કર. જલ્દીથી સંયમ ગ્રહણ કર. તું છકાયને અભયદાન આપી, આત્મઘરમાં વસવાટ કર.'' કયવન્નાએ પરિવારની માયા તૃણવત્ સમજી તોડી નાંખી. જ્યેષ્ઠ પુત્રને ઘરનો ભાર સોંપી, સાતે સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી. કયવન્ના મુનિ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરી ક્ષપક શ્રેણિએ ચડ્યા. તેઓ ઘાતી કર્મનો ક્ષય કરી ચૌદમાં ગુણસ્થાનકે પહોંચ્યાં. ત્યાં ત્રણે યોગને ખપાવી સિદ્ધ બન્યા. (ઢા.૨૯, ક.૧-૧૪)

અજ્ઞાત કથાકાર : ભગવાનના મુખેથી જાણ્યું કે, 'પૂર્વભવમાં કોઈ માસખમણનાં તપસ્વી મુનિને શુભભાવે ખીરનું દાન આપતાં વર્તમાનકાળમાં ઘણું સુખ પામ્યો છું.' આવું જાણી કયવન્નો સંયમ લેવા તૈયાર થયો. **છ પુત્રો** (ગણિકાપુત્રી સિવાયની છ પત્નીઓના છ પુત્ર)ને ઘરનો વહીવટ સોંપી, સ્ત્રીઓની રજા લઈ ભગવાન પાસે સંયમ ગ્રહણ કર્યો. ઉત્કૃષ્ટ કોટિનું તપ કરી એકવતારી બન્યાં.

સંયમના ઘટકાંશમાં ભગવાન મુક્તિદર્શક બન્યા છે. તેમના દ્વારા **અણગાર ધર્મ** ઉજાગર થયો છે. તે સમયના સાધુતાની સુવાસનો પમરાટ અને અણગારોનું જીવન જોવા મળે છે. જેમાં શાંતરસ કે વીરરસનું પ્રયોજન થયું છે. કથાના અંતે નાયક કે નાયિકા ૮૪ના ફેરામાંથી મુક્તિ મેળવવા, સર્વ સાંસારિક સંબંધોનો વિસર્જન કરી પરમપદની પ્રાપ્તિ માટે પ્રવ્રજ્યા સ્વીકારે છે.

કવિશ્રી જયરંગમુનિનું તપોનિષ્ઠ કૃતપુણ્ય મુનિનું તપનું વર્ણન અસરકારક બન્યું છે. અહીં તે સમયના અણગારની વીરતા અને ધાર્મિકતા ઉજાગર થઈ છે.

- **સંલેખના (સંથારો)** :

અજ્ઞાત કથાકારના મતે કયવન્ના મુનિએ એકમાસની સંલેખના કરી. આગમ પૃષ્ઠો પર આવા અગણિત દાખલાઓ જોવા મળે છે. પ્રત્યેક તીર્થંકરોએ આયુષ્યના અંતે સંલેખના (સંથારો) કરી છે. શાલીભદ્ર મુનિ અને ધન્યમુનિએ વૈભારગિતિ પર્વત પર જઈ અનશન આદર્યો. અરણિક મુનિએ સંયમ પાલનની કઠિનતા જાણી ધગધગતી શિલા પર અનશન ગ્રહણ કર્યું.

સંલેખનાનો ઘટકાંશ શરીરની કૃશતા, આયુષ્યની અલ્પતા અને મૃત્યુને મહોત્સવ બનાવવા માટે ઉદ્‌ભવ્યો છે.

- **ભગવાન મહાવીરના મુખેથી કૃતપુણ્યનો પૂર્વભવ** :

ભગવાન મહાવીરના પુનિત પગલાં પડ્યાં. આત્મોદ્ધારકનો મારગ ગોતવાની ગોઠડી મંડાણી. પ્રભુ અધ્યાત્મિક ખેતરમાં ચાસ પાડી ધર્મના બીજ રોપી રહ્યાં હતાં. આત્માનુભૂતિ કરાવી શાશ્વતસુખની ઈચ્છા પૂર્ણ કરવાનો યજ્ઞ માંડ્યો. પર્ષદા ભગવાનની વાણી એકચિત્તે સાંભળી રહી હતી. દુર્લભ મનુષ્ય જીવનનું અમોઘ શસ્ત્ર ચિત્તવૈધક વાણીમાં પ્રભુએ એવું છોડ્યું કે, તેમના બોલ પર કયવન્ના કુમારના લલાટે ધર્મની ધજા ફરકાવવાના લેખ લખાણાં.

ભગવાન મહાવીર કેવળજ્ઞાની હતાં. તેમણે પોતાના જ્ઞાન દ્વારા કૃતપુણ્યના પૂર્વભવને ઉજાગર કર્યો, એવું સર્વ કવિઓ એકમતે સ્વીકારે છે.

પૂર્વભવ જાણવાની જીજ્ઞાસા સંબંધી કેટલાક કવિઓ જુદાં પડે છે. જેમકે, કવિશ્રી ફતેહચંદ અનુસાર 'પૂછે શ્રેણિક રાજવી રે, પૂર્વભવ વિરતાંત' (ઢા.૪, ક.૨૨) અને કવિશ્રી વિજયશેખર અનુસાર 'ધર્મકથા કહિતાં વચઈ રે વીરજી, પ્રશ્ન કરૈ મંત્રીસર રે; કહો ભગવાનજી ! વાતડી રે વીરજી, કયવન્નાની જગીસ રે. પૂરવ જનમ કરિ ઉ કિસઉ રે વીરજી, જિણિ લહ્યાં ખીણા ભોગ રે ? અનુપમ રિદ્ધિ હારી વલી રે વીરજી, પામિએ વિરહ વિયોગ રે ?'' (૩૩૪-૩૩૫)

કવિશ્રી ફતેહચંદજીએ શ્રી સોમપ્રભાચાર્ય કૃત 'કૃતપુણ્ય કથા' (કુમારપાળ પ્રતિબોધ ગ્રંથ)નો આધાર લીધો છે.

મહારાજા શ્રેણિકના પૂછાયેલા પ્રશ્નનાં ઉત્તરના રૂપમાં ભગવાન મહાવીરના મુખેથી કૃતપુણ્યનું ભાવિ ઉદ્‌ઘાટિત થયું છે. કવિશ્રી વિજયશેખરજીએ મહામંત્રી અભયકુમાર દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરરૂપે સર્વજ્ઞ પ્રભુના મુખેથી કયવન્નાનો પૂર્વભવ જન્મ્યો છે. આમ, આ બન્ને કવિઓ થોડા જુદા પડે છે. અહીં રાજગૃહી નગરીના રાજવીઓને કયવન્નાનો પૂર્વભવ સાંભળવાનો તલસાટ જાગ્યો છે; એવું આ બન્ને કવિઓ દર્શાવવા માંગે છે.

કયવન્નાના મનમાં બે વિરોધી પરિસ્થિતિઓ સંબંધી ઘુમરાતી (સાંપ્રત ભવની સમસ્યા સુખમાં વિક્ષેપ અને સંપત્તિની છાકમછોળ કયા કર્મથી પ્રાપ્ત થઈ) આશંકાનુ નિરાકરણ ભગવાન મહાવીરે કર્યું; એવું બાકીના કવિઓ આલેખે છે. મૂળ કથામાં કયવન્નાએ જ પોતાના પૂર્વભવ સંબંધી જિજ્ઞાસા જાગતાં પરમાત્માને પ્રશ્ન કર્યો છે.

અંધારિયા ખંડમાં એક દીવો પ્રગટે અને ચોપાસ ઉજાસ ફેલાઈ જાય છે, તેમ પરમાત્માની દેશના આત્મશુદ્ધિ અને સમાધિ માટે શુભ નિમિત્તરૂપ બની.

પ્રસ્તુત કૃતિઓમાં પ્રાચીન કાળની રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક જીવનની વિશિષ્ટ સ્મૃતિઓ લિપિબદ્ધ કરવાનો કવિઓએ સુભગ પ્રયાસ કર્યો છે, જે પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય ઈતિહાસને જાણવા માટે સેતુરૂપ છે.

શૈલીમાં ભાવને અનુરૂપ પ્રસાદિકતા સારી રીતે જળવાઈ છે. પદ્ય કૃતિઓમાં દુહા અને ઢાળ (ચોપાઈ) ક્રમબદ્ધ છે. કવિઓએ કાવ્ય દેહને પોતાની કાવ્ય શક્તિ દ્વારા સુશોભિત કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. અલંકાર, કહેવતો, સુભાષિતો ટાંકી પોતાના વક્તવ્યને વધુ અસરકારક બનાવ્યું છે. પદ્મસાગરજી અમે દીપ્તિવિજયજી જેવા રચનાકારોએ સંસ્કૃત શ્લોકો ટાંકી કૃતિની મૂલ્યવત્તા વધારી છે તેમજ પોતાનું પાંડિત્ય છતું કર્યું છે.

કવિશ્રી જયરંગમુનિની કૃતિમાં અભિપ્રેત પ્રત્યેક પ્રાસંગિક વર્ણનો સુદીર્ઘ રીતે પ્રયોજાયેલાં છે. આ વર્ણનોમાં દીર્ઘ અનુભવ, અનાયાશ પ્રબળ સર્જક્તા, જીવંતતા જેવા સર્જક ગુણો જોવા મળે છે. કવિશ્રીની અગાધ જ્ઞાનની તેમજ ભાષા ઉપરની હથોટીનો ખ્યાલ આવે છે. તેમની અભિવ્યક્તિમાં એક જાતનું પૂર્ણત્વ, આભિજાત્ય અને સુસંસ્કૃતતા જણાય છે. ઘટનાઓને પ્રસ્તુત કરવાની પદ્ધતિ અજોડ છે. દીર્ઘ વર્ણનોમાં પણ તાદશતા અને રસમયતા જળવાઈ રહી છે. આ દષ્ટિએ આ કૃતિ સર્વશ્રેષ્ઠ ગણી શકાય.

કાવ્યરસોને કલમમાં પકડી લેવાની કળા કવિશ્રી દીપ્તિવિજયજીએ આત્મસાત કરી છે તેથી તેમની કૃતિમાં અતિશયોક્તિ વિના નિર્ભેળ વાસ્તવિક્તા પ્રગટ થઈ છે.

કવિશ્રી ઋષભદાસજીની કૃતિમાં કૃતપુણ્યના પૂર્વભવનું શબ્દચિત્ર અનોખી રીતે, કલ્પનાના રંગો ભરી આલેખાયું છે. કવિશ્રીએ પ્રસંગોપાત સંગીતની રાગ-રાગિણીઓની વિશદ નામાવલિ નોંધી પોતાની સંગીત કળાની પ્રિયતા અને વિદ્ધત્તા દર્શાવી છે.

કવિશ્રી ફતેહચંદજી, કવિશ્રી કલ્યાણસાગરજી, કવિશ્રી લાલવિજયજી, કવિશ્રી રતનસૂરિજી જેવા કેટલાક કવિઓની કૃતિ ટૂંકાણમાં આલેખાયેલી હોવાથી વર્ણનોની ભરમાર નથી પરંતુ ટૂંકા સંવાદો સચોટ અને અસરકારક છે. એ દષ્ટિએ આ લઘુકૃતિઓ વિશિષ્ટ ગણાય.

પ્રકરણ : ૬
પરિશિષ્ટ વિભાગ

૧. વિવિધ કાવ્ય સ્વરૂપો

મધ્યકાલીન કવિઓએ '**કથવન્ના ચરિત્ર**'ને નજર સમક્ષ રાખી કાવ્ય રચના કરી છે. આ કવિઓએ વિવિધ કાવ્ય સ્વરૂપોનો આશ્રય લીધો છે. આ ગ્રંથમાં જુદા જુદા કવિઓએ ભિન્ન ભિન્ન કાવ્ય પ્રકારોમાં પોતાની કવિતાને ઢાળી છે. આ વિવિધ કાવ્ય સ્વરૂપોનો પરિચય પ્રસ્તુત છે.

૧. સંધિ કાવ્ય સ્વરૂપ અને સમીક્ષા

જૈન સાહિત્યના વિવિધ કાવ્ય પ્રકારોમાં 'સંધિ' કાવ્ય પ્રકાર વિખ્યાત છે. સામાન્ય રીતે જૈન કાવ્ય પ્રકારો પર સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશનો પ્રભાવ પડયો છે. 'સંધિ' સંજ્ઞાવાળા કાવ્યો અપભ્રંશ ભાષામાં પ્રાપ્ત થાય છે.

સંધિ એટલે જોડાણ. વ્યાકરણની દષ્ટિએ સ્વરસંધિ અને વ્યંજન સંધિ જોડાણને 'સંધિ' કહેવાય છે. કાવ્યની દષ્ટિએ વ્યાકરણનો અર્થ અભિપ્રેત નથી.

સંસ્કૃત મહાકાવ્યોમાં વસ્તુ વિભાજન માટે સર્ગ અને પ્રાકૃત મહાકાવ્યોમાં 'આખ્યાન' શબ્દપ્રયોગ વ્યંજિત થયો છે. તેવી જ રીતે અપભ્રંશ મહાકાવ્યોમાં આ 'સંધિ' શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. આમ, સંધિ એટલે અપભ્રંશ મહાકાવ્યની રચનામાં વસ્તુ વિભાજન માટે પ્રયોજાતો શબ્દ.

સંધિબદ્ધ કાવ્યમાં પણ વિભાજન માટે 'કડવક' શબ્દપ્રયોગ થયો છે. કાવ્યના આરંભમાં આઠ પંક્તિનું અથવા આઠ કડીનું 'કડવક' હોય છે. આ કડવકના અંતે 'ઘત્તા' નામની એક કડી હોય છે. 'કડવક' ની પંક્તિઓ અંત્યાનુપ્રાસ હોય છે.

આ કાવ્યનું સ્વરૂપ વિચારીએ તો પ્રારંભની એક કડીમાં દેવ-ગુરુની સ્તુતિનો મિતાક્ષરી ઉલ્લેખ કરી સંધિ કાવ્ય રચવામાં આવે છે. 'કડવડ'માં ઓછામાં ઓછી ૮ પંક્તિઓ અને વધુમાં વધુ ૪૦ પંક્તિઓ હોય છે. 'કડવડ'ને અંતે કર્તામાં નામનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ફળ શ્રુતિનો નિર્દેશ કરવામાં આવે છે. વ્યક્તિના ચારિત્રના વિવિધ લક્ષણો અને પ્રસંગોનું કાવ્યના સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે. રસ નિષ્પત્તિ કાવ્યનું મહત્ત્વનું લક્ષણ છે.

પ્રાકૃત અને અપભ્રંશ કાવ્યોમાં વર્ણન અને રસ નિરૂપણના મિશ્રણવાળી કૃતિઓ રચાઈ છે. જેમ કે - ધનેશ્વરસૂરિ કૃત 'સુરસુંદરી ચરિય' (ઈ.સ. ૧૦૩૮); વર્ધમાન સૂરિ કૃત 'આદિનાથ ચરિત્ર' અને 'મનોરમા કથા' (ઈ.સ. ૧૦૮૪); દેવચંદ્રસૂરિનું 'મૂલ શુદ્ધિ પ્રકરણ' (ઈ.સ. ૧૦૮૯), 'શાંતિનાથ ચરિત' (ઈ.સ. ૧૧૦૪); આમ્રદેવસૂરિ કૃત 'આખ્યાન કથા મણિકોશવૃત્તિ' (ઈ.સ. ૧૧૩૪ઞ; સોમપ્રભસૂરિ કૃત 'કુમારપાળ પ્રતિબોધ' (ઈ.સ. ૧૧૮૪) વગેરે કૃતિઓમાં કોઈ કોઈ જગ્યાએ પ્રાકૃત અને અપભ્રંશનો ઉભય જોવા મળે છે.

સૌ પ્રથમ 'સંધિ' શબ્દપ્રયોગ દેવચંદ્રસૂરિની 'મૂલ શુદ્ધિકરણ' કૃતિમાં થયો છે. ઉપરોક્ત માહિતી અનુસાર અનુમાન કરી શકાય કે ઈસુની ૧૨મી સદીમાં પ્રાચીન ગુર્જર ભાષામાં 'સંધિ' કાવ્યની રચના થઈ છે.

'સુલસા આખ્યાન - સુલસા ચરિત્ર' (૧૭ કડવક)ના પ્રારંભમાં સંધિનો પ્રયોગ થયો છે. 'આખ્યાન મણિકોશ વૃત્તિ'માં પ્રાકૃત આખ્યાન કૃતિઓનો સંચય થયો છે. તેમાં સંધિ શબ્દપ્રયોગ જોવા મળે છે. આ કૃતિઓના સંદર્ભમાં એવું અનુમાન કરવામાં આવે છે કે ૧૧મી સદીના અંત ભાગમાં સંધિ કાવ્યોનો પ્રારંભ થયો છે.

અપભ્રંશ અને સંધિ કાવ્યોની ભાષા શિષ્ટ માન્ય છે. રત્નશેખરસૂરિએ ઈ.સ.૧૧૮૨માં 'ઉપદેશમાળા વૃત્તિ'ની રચના કરી છે, તેમાં સંધિ કાવ્યનો ઉલ્લેખ જોવા મળે છે. દીર્ઘકાવ્ય અંતર્ગત સંધિ કાવ્યની સાથે સ્વતંત્ર સંધિકાવ્યો પ્રાપ્ત થાય છે. સંધિકાવ્યો ઉપદેશ પ્રધાન હોવા છતાં અકર્ષક ઘટનાઓ, સરળભાષા, છંદપ્રયોગો અને રસાનુભૂતિથી ગૂંથાયેલા હોવાથી ઉત્તમ છે. ૧૧મી સદીથી ૧૫ સદીના સમયમાં સંધિ કાવ્યો રચાયા છે. સંધિ કાવ્યની માહિતી જૈનસાહિત્યના કાવ્ય વિશ્વમાં અભિનવ પ્રકાશપુંજ પાથરે છે.

જૈનસાહિત્યના સંશોધક અને પ્રતિભાશાળી લેખક શ્રી અગરચંદજી નાહટા જણાવે છે કે - ''સંધિ શબ્દપ્રયોગ અપભ્રંશ મહાકવ્યોમાં પ્રાપ્ત થાય છે. શ્રી વિજયપ્રભસૂરિની ૧૫ રચનાઓ આ પ્રકારની પ્રાપ્ત થાય છે. સંધિ કાવ્ય પરંપરા લગભગ ૧૯મી સદી સુધી જીવંત રહી છે. રાજસ્થાની સંધિ કાવ્યો વિશેષ રચાયા છે. ખરતરગચ્છના કવિઓનું સંધિ કાવ્યોમાં નોંધપાત્ર યોગદાન છે.''

સંધિ કાવ્ય રચનાઓનો પરિચય :

અઢારમી સદીના કવિ જિનહર્ષની કૃતિ 'મૃગાપુત્ર ચોપાઈ' (સં. ૧૭૧૫, ૧૦ ઢાળ)માં સંધિ શબ્દપ્રયોગ થયો છે.

૧. ખરતરગચ્છના મુનિ સોમધ્વજના શિષ્ય ખેમરાજે 'ઈખુકારી રાજાની ચોપાઈ અથવા ચરિત્ર પ્રબંધ અથવા સંધિ' એમ ત્રણ સંજ્ઞાઓ દર્શાવી છે. આ કવિનો સમય સોળમી સદીના ઉત્તરાર્ધનો છે.

કૃતિ માટે કાવ્ય સંજ્ઞાઓનું કોઈ ચોક્કસ પ્રયોજન સમજાતું નથી. ચોપાઈ = ચોપાઈ છંદ; ચરિત્ર પ્રબંધ = જીવનના વિવિધ પ્રસંગોનું ક્રમિક નિરૂપણ; સંધિ = જોડાણ (સંબંધ)

સોળમી સદીની કવિ વિનયસમુદ્રની 'નમિરાજ ઋષિ સંધિ' (સં. ૧૫૮૩, ૬૯ ગાથા) પ્રાપ્ત થાય છે. સત્તરમી સદીના બીજા તબક્કામાં ખરતરગચ્છના જિનહંસસૂરિના શિષ્ય પુણ્યસાગર ઉપાધ્યાયે 'સુબાહુસંધિ' (સં. ૧૬૦૪, ૮૯ ગાથા)નું કવન કર્યું છે. સત્તરમી સદીના ખરતરગચ્છના મતિભદ્રના શિષ્ય કવિ ચારિત્રસિંહની 'ચતુઃશરણ સંધિ' (સં. ૧૬૯૧, ૯૧ ગાથા) જેસલમેરના જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ છે.

સત્તરમી સદીના ત્રીજા તબક્કામાં થયેલા કવિ સંયમમૂર્તિએ 'ઉદાઈ રાજર્ષિ સંધિ' (સં. ૧૬૬૨)ની રચના કરી છે. વડતપગચ્છના શિષ્ય કનકસુંદરે 'જિનપાલિત સજ્ઝાય સંધિ' (૭૩ ગાથા)ની રચના કરી છે. આ રચના શ્રી જ્ઞાતાધર્મકાથાના આધારે રચાઈ છે તેવો કાવ્યના અંતે કવિશ્રીએ ઉલ્લેખ કર્યો છે.

સત્તરમી સદીના કવિશ્રી આર. પાઠકે 'આનંદ શ્રાવક' (સં. ૧૬૮૪, ૧૫ ઢાળ)ની રચના કરી છે, જેમાં આનંદ શ્રાવકના જીવનનો વિસ્તારપૂર્વક પરિચય આપ્યો છે. કવિએ કાવ્યના પ્રારંભમાં પરંપરાગત રીતે દેવસ્તુતિ (વર્ધમાન સ્તુતિ) કરીને સંધિની રચનાનો ઉલ્લેખ કર્યો છે.

'વર્ધમાન જિનવર ચરણ નમતાં નવનિવનિધિ હોઈ;
સંધિ કરું આણંદની સાંભલિજ્યો સહુ કોઈ.'

અઢારમી સદીના બીજા તબક્કામાં થયેલા કવિ ખેમની 'અનાથી ઋષિ સંધિ' (સં. ૧૭૪૫) અને

વીસમી સદીના શ્રીદેવની 'થાવચ્ચામુનિ સંધિ' (સં. ૧૯૮૪) જોવા મળે છે.

ઓગણીસમી સદીમાં લોંકાગચ્છના ઋષિ જેલમે 'પરદેશી રાજાનો રાસ અથવા સંધિ અથવા ચોપાઈ ચારિત્ર'ની (૨૨ ઢાળ) રચના કરી છે. ઋષિ જેલમે ચાર કાવ્ય સંજ્ઞાઓનો પ્રયોગ કર્યો છે. કાવ્યનો વિસ્તાર જોતાં તેને 'રાસ' સંજ્ઞા કહેવી વધુ યથાર્થ લાગે છે.

આ સંધિ કાવ્યો મોટે ભાગે ચરિત્રાત્મક છે. જૈન કથા સાહિત્યમાં વિહાર કરી દુર્લભ માનવ જન્મ સફળ કરવા માટે પ્રેરણા મળે તેવાં આ ચરિત્રો જૈન સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં ઉપકારક છે.

જૈન કથા સાથે જૈન ધર્મના સિદ્ધાંતોને પણ આ ચરિત્ર સાથે પ્રસંગોપાત ગૂંથેલા છે. જેમ કે - ષટ્ક સંધિમાં છ કાયના જીવો; ચઉરંગ ભાવણમાં ચાર ભાવના (મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ); ઉવહાણ તપમાં ઉપધાન તપની આરાધના; શીલ સંધિમાં શીલનો મહિમા; તપ સંધિમાં કર્મ નિર્જરા માટે તપનો મહિમા વગેરે તાત્ત્વિક વિષયોની માહિતી છે. આમ, આ સંધિ કાવ્યો લોકોત્તર જ્ઞાનમાર્ગનું અનુસરણ કરે છે .ધાર્મિક સંધિમાં જીવનના ઉત્કર્ષ માટે આચાર સંહિતારૂપ વિચારો વ્યક્ત થાય છે. ઘત્તા, ફળશ્રુતિ અને અન્ય પંક્તિઓ ઉદાહરણરૂપે નોંધવામાં આવી છે.

પ્રકાશિત સંધિ કાવ્યની સૂચી :

૧.	રિસહ પારણ સંધિ	ઈ.સ. ૧૧૮૨	રત્નપ્રભસૂરિ
૨.	વીર જિણ પારણ્ય સંધિ	ઈ.સ. ૧૧૮૨	રત્નપ્રભસૂરિ
૩.	ગયસુઉમાલ સંધિ	ઈ.સ. ૧૧૮૨	રત્નપ્રભસૂરિ
૪.	સાલિભદ્ર સંધિ	ઈ.સ. ૧૧૮૨	રત્નપ્રભસૂરિ
૫.	અવંતી સુકુમાલ સંધિ	ઈ.સ. ૧૧૮૨	રત્નપ્રભસૂરિ
૬.	મયણરેહા સંધિ	ઈ.સ. ૧૨૪૧	જિનપ્રભસૂરિ
૭.	અણાહિ સંધિ	ઈ.સ. ૧૨૨૫ થી ૭૦	જિનપ્રભસૂરિ
૮.	જીવાણુ સટ્ઠિ સંધિ	ઈ.સ. ૧૨૨૫ થી ૭૦	જિનપ્રભસૂરિ
૯.	નમય સુંદરિ સંધિ	ઈ.સ. ૧૨૭૨	જિનપ્રભસૂરિ
૧૦.	ચઉરંગ ભાવણ સંધિ	ઈ.સ. ૧૩૦૦	જિનપ્રભસૂરિ
૧૧.	આણંદ શ્રાવક સંધિ	ઈ.સ. ૧૩૦૦	વિજયચંદ્રસૂરિ
૧૨.	અંતરંગ સંધિ	ઈ.સ. ૧૩૦૦	રત્નપ્રભગણિ
૧૩.	કેશી - ગોયમ સંધિ	ઈ.સ. ૧૪૧૭	અજ્ઞાત
૧૪.	ભાવણ સંધિ	ઈ.સ. ૧૪૧૩	જયદેવમુનિ
૧૫.	સીલ સંધિ	ઈ.સ. ૧૪૧૩	જયશેખરસૂરિ
૧૬.	ઉવહાણ સંધિ	ઈ.સ. ૧૪૦૦ પૂર્વે	નયશેખરસૂરિ
૧૭.	હેમતિલક સૂરિ સંધિ	ઈ.સ. ૧૪૦૦ પૂર્વે	અજ્ઞાત
૧૮.	તપસંધિ	ઈ.સ. ૧૪૩૦	વિશાલરત્નસૂરિ
૧૯.	અણાહિ મહર્ષિ સંધિ	ઈ.સ. ૧૪૩૦	અજ્ઞાત
૨૦.	ઉપએસ સંધિ	ઈ.સ. ૧૫૦૦	હેમસાર

૧. સંધિ કાવ્ય સમુચ્ચય; ૨. અપભ્રંશ ભાષા કે સંધિ કાવ્ય ઔર ઉનકી પરંપરા; લે. અગરચંદ નાહટા; પૃ. ૫૫ થી ૬૪

૨. બાલાવબોધ

જૈન સાહિત્યની મૂળભૂત કૃતિઓ પ્રાકૃત ભાષામાં રચાયેલી છે. ત્યાર પછી મૂળભૂત ગ્રંથોની ટીકા સંસ્કૃત ભાષામાં પ્રાપ્ત થાય છે. આ કૃતિઓ માત્ર વિદ્વાન વર્ગને જ આસ્વાદ યોગ્ય બને છે. આવી કૃતિઓનું વિવેચન અને અનુવાદની જૈન સાધુઓની પ્રવૃત્તિથી જૈન જૈનેત્તર વર્ગમાં ધાર્મિક જ્ઞાન પ્રાપ્તિ માટેનો એક નૂતન માર્ગ અસ્તિત્વમાં આવ્યો છે. બાલાવબોધ આ પ્રકારની રચનાઓનું ઉદાહરણ છે.

બાલ + અવબોધની સંધિ કરતાં 'બાલવબોધ' શબ્દ રચાયો છે. બાલ એટલે બાળક નહીં પરંતુ જ્ઞાનના અર્થમાં જે બાળક સમાન છે. અન્ય રીતે વિચારીએ તો બાળકને જ્ઞાન ન હોય તેવી રીતે ધર્મગ્રંથોમાં જે અગાધ વારસો છે તેનું જ્ઞાન નથી એવી વ્યક્તિ બાલ-બાળક છે.

આવા બાલ જીવોના અવબોધ માટે રચાયેલી કૃતિ બાલવબોધ કહેવાય છે. ગદ્ય સાહિત્યની પ્રાચીન રચના તરીકે જૈન સાહિત્યના બાલાવબોધનું પ્રદાન ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. જૈન સાહિત્યમાં બાલાબોધ શબ્દ પ્રચલિત છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા બાલાબોધ વિશે જણાવે છે કે -

બાલાવબોધ જૈન સાહિત્યનો શબ્દ છે તેમ છતાં અર્થ વિસ્તારથી વિચારીએ તો ભાગવત્, ભાગવદ્ ગીતા, ગીત ગોવિંદ, ચાણક્યનીતિ શાસ્ત્ર, યોગવસિષ્ઠ, સિંહાસન બત્રીસી, પંચાખ્યાન, ગણિતસાર આદિ જે બીજી અનુવાદરૂપ રચનાઓ મળે છે તે માટે પણ સાહિત્યના ઈતિહાસમાં 'બાલાવબોધ' શબ્દ પ્રયોજી શકાય. આ બધા ગદ્યાનુવાદોનો ઉદ્દેશ એક જ છે. બાલાવબોધમાં મૂળનો અનેક ગણો વિસ્તાર કરેલો હોય છે. બાલાવબોધનો ઉત્તરકાલીન પ્રકાર 'સ્તબક' અથવા 'ટબો' રૂપે ઓળખાય છે.

બાલાવબોધ એક શિષ્ટ રચનાનો પ્રકાર છે. બાલાવબોધની રચનાઓ અનુવાદકલા, ભાષા વિકાસની સાથે ગદ્ય સાહિત્યના દૃષ્ટાંતરૂપે ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે.

બાલાવબોધના પ્રાચીન ઉદાહરણ તરીકે બે દૃષ્ટાંત નોંધવામાં આવ્યા છે.

૧. ઈ.સ. ૧૩૦૨માં લખાયેલું **'સર્વતીર્થ નમસ્કાર સ્તવન'** અને **'નવકાર વ્યાખ્યાન'** ગદ્ય રચનાના નમૂનારૂપે નીચે પ્રમાણે છે.[૧]

'માહરઉ નમસ્કાર અરિહંત હઉ, કિસા જિ અરિહંત
રાગ દ્વેષ રૂપિયા અરિ વયરિ જેહિ હણિયા અથવા ચતુષ્ટિ
ઈનદ્રસંબંધિની પૂજા મહિમા કેવલજ્ઞાન, ચઉત્રીસ અતિશયિ સમન્વિત;
અષ્ટમહાપ્રાતિકાર્ય શોભાયમાન મહાવિદેહિ ખેત્રિ વિરહમાન તીહ;
અરિહંત ભવગંત માહરઉ નમસ્કાર હઉ' ।।૧।।

૨. ઈ.સ. ૧૨૭૪ આશાપલ્લીમાં લખાયેલા **'આરાધના'** ગદ્ય રચનાનું પ્રાચીન ઉદાહરણ નીચે પ્રમાણે છે.[૨]

''સમ્યક્ત્વ પ્રતિપતિ કરહુ, અરિહંત દેવતા સુસાધુ ગુરુ જિનપ્રણીત્ ધમ્મુ સમ્યક્ત્વ દંડકુ ચ્યિરહુ, સાગર પ્રત્યાખ્યાનું ઉરહ, ચઉહુ સરણિ પઈસરહુ, પરમેશ્વર અરહંતસરણિ સકલ કર્મ નિર્મક્ત સિદ્ધસરણિ સકલ પાપ પલટ કવલન કાલાકલિતુ કેવલિપ્રણીતુ ધર્મ્મુસરણિ સિદ્ધ સંઘ ગણ કેવલિ શ્રુત આચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુ વ્રતિણી શ્રાવક શ્રાવિકા ઈહ જ કાઈ આશાતના કી હુંતી તાહ મિચ્છામિ દુક્કડં''

બાલવબોધ ઘણી મોટી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. આગમ ગ્રંથો અને અન્ય શાસ્ત્રીય ગ્રંથોને કેન્દ્રમાં

---

૧. પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ, પૃ. ૮૮
૨. પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ, પૃ. ૮૬.

રાખીને બાલાવબોધની રચના થઈ છે. સૂત્રકૃતાંગ, ચઉશરણપયન્ના, ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાતા સૂત્ર, ષડાવશ્યક સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર, નંદી સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, કલ્પસૂત્ર ઉપરાંત નવતત્ત્વ, સંગ્રહણી, વિવેકવિલાસ, ચાતુર્માસિક વ્યાખ્યાન, ક્ષેત્રસમાસ, ભક્તામરસ્તોત્ર, કલ્યાણમંદિર, અજિતશાંતિ, શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર, નવકારમંડલ, સંબિધસત્તરી, કર્મગ્રંથદંડક, ઉપદેધમાલા, શીલોપદેશમાલા વગેરે બાલાવબોધ છે. આ સૂચિ અપ્રગટ અમદાવાદ, ખંભાત, પાટણ, લીંબડી, વડોદરા જેવા જ્ઞાન ભંડારોમાં સુરક્ષિત છે. ગદ્ય સાહિત્યના આભ્યાસની સાથે શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવા માટે આધારભૂત સાધન છે. સાધુ કવિઓએ સ્વાધ્યારૂપે કે બાળજીવોને જ્ઞાાર્જન કરાવવા માટે આ પ્રકારનું સર્જન કર્યું છે.

ધાર્મિક કૃતિઓ તેના પારિભાષિક શબ્દોને કારણે સમજવી કઠિન છે. વળી, દરેક વ્યક્તિનો ક્ષયોપશમ એક સરખો હોતો નથી એટલે આવી કૃતિઓને સમજવા વધુ મહેનત - પુરુષાર્થ કરવો પડે છે. મધ્યકાલીન મુનિ ભગવંતોએ જૈન શ્રુતજ્ઞાનના વારસાને સહેલાઈથી સમજવા માટે 'ટબો' અને બાલવબોધ જેવી રચનાઓ કરી છે, દષ્ટાંતરૂપે સંક્ષિપ્ત માહિતી નીચે પ્રમાણે કરવામાં આવી છે.

શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી જ્ઞાન ભંડાર - માંડલ (પાર્શ્વચંદ્રગચ્છ) 'જીવવિચાર ટબો'; પો. ૨૬/૧, પ્રત - ૨૪૪, પત્ર સંખ્યા - ૬; ગાથા - ૧ થી ૩; લે. અજ્ઞાત.

કર્તાએ પ્રથમ જીવવિચારની ગાથા લખી છે ત્યાપછી કઠીન શબ્દનો અર્થ લખ્યો છે. અર્થની સાથે જ્યાં આવશ્યક હોય ત્યાં વિશેષ ખુલાસો કરી માહિતી પણ આપી છે. દા.ત. ભુવન = સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ; થાવર જીવ = પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વન્સપતિના જીવ ઈત્યાદિ.

શ્રી કૈલાસસાગર જ્ઞાનભંડાર કોબા (અમદાવાદ)થી પ્રાપ્ત **'નવતત્ત્વનો બાલાવબોધ'** પ્રત નં. ૫૪૭૪૨, પત્ર સંખ્યા ૧૩, ગાથા ૧ થી ૫૨.

પ્રસ્તુત કૃતિમાં કવિશ્રી જ્ઞાનવિમલસૂરિજીએ નવતત્ત્વની મૂળ ગાથા પ્રાકૃતમાં લખી પ્રત્યેક શબ્દનો અર્થ સરળ ભાષામાં આલેખ્યો છે. કર્મની પ્રકૃતિઓ ઈત્યાદિનો યંત્ર (કોઠો) બનાવી સરળતાથી સમજી શકાય તે રીતે કૃતિની રચના કરી છે. વળી, જ્યાં જ્યાં વિશેષ સમજણની આવશ્યકતા હોય ત્યાં ત્યાં ગ્રંથોનાં નામ ટાંક્યાં છે, જેથી જિજ્ઞાસુ પાઠકો તે ગ્રંથોની સહાયતાથી વધુ સ્પષ્ટ રીતે સમજી જ્ઞાનવૃદ્ધિ કરી શકે.

૩. સજ્ઝાયનું સ્વરૂપ

(જૈન સાહિત્યના કાવ્ય સ્વરૂપો - લે. ડૉ. કવિન શાહ)

મધ્યકાલીન જૈન સાહિત્યમાં સજ્ઝાય સ્વરૂપની દષ્ટિએ આગવું સ્થાન ધરાવે છે. સંસ્કૃતના **'સ્વાધ્યાય'** શબ્દમાંથી પ્રાકૃતમાં **'સજ્ઝાય'** પ્રચલિત થયો છે.

જૈન સાહિત્યમાં સજ્ઝાયનું સ્વરૂપ અત્યંત સમૃદ્ધ છે. તેને જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના પદો સાથે સરખાવી શકાય. સજ્ઝાયનો પ્રધાન સૂર ત્યાગ - વૈરાગ્યની ભાવનાને પોષણ આપવાનું છે. 'સ્વ' એટલે આત્મા. આત્માને પામવાના ઉપકારક વિચારોને વ્યક્ત કરતી રચના તે સજ્ઝાય છે. તેમાં ભલે શૃંગાર, કરૂણ કે શાંત રસનું નિરૂપણ હોય છતાં વૈરાગ્યની ભાવના કેન્દ્ર સ્થાને છે. સજ્ઝાય આત્મ જાગૃતિની ક્ષણે ક્ષણે ચેતવણી આપે છે.

વિષયવસ્તુની દષ્ટિએ તેમાં વિવિધતા જોવા મળે છે. જેમ કે - સંસારની અસારતા, ક્ષણભંગુરતા,

સુખ-દુઃખના કારણો (કર્મ પ્રકૃતિ), પુનર્જન્મની માન્યતા, મૃત્યુની ભયાનકતા, સત્પ્રવૃત્તિનો આગ્રહ, આચાર શુદ્ધિ, નીતિપરાયણતા, દુર્ગુણોનો ત્યાગ અને સદ્‌ગુણોની સાધના, ધર્મનું સ્વરૂપ, મનુષ્ય જન્મની દુર્લભતા, ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ અને પરિગ્રહનો ત્યાગ, અહિંસા, સત્ય, શીલનો મહિમા જેવા વિષયો પ્રયોજાયેલાં હોય છે.

આ ઉપરાંત જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોના જીવન પ્રેરક પ્રસંગો, ચક્રવર્તી, પરાક્રમી રાજા-મહારાજાઓ, ઋષિઓ, મહર્ષિઓ, જૈન સાધુઓ અને સતીઓના સતીત્વ પ્રેરક પ્રસંગોનું કથાવસ્તુ તરીકે સજ્ઝાયમાં નિરૂપણ થયું છે.

જૈન તહેવારો અને તિથિઓનું મહત્ત્વ પણ સજ્ઝાય કાવ્યમાં ગૂંથાયેલું છે. બીજ, આઠમ, ચૌદસ જેવી પર્વ તિથિની વિશેષતા, આગમ, નારકી, નવપદ, તપનો મહિમા અને પજુષણ જેવા વિષયો પ્રયોજાયેલાં છે. પર્વ તિથિની સજ્ઝાય ધર્મ માર્ગે જોડવામાં નિમિત્તરૂપ છે. બાર અને ચાર ભાવનાની સજ્ઝાય મનશુદ્ધિ માટે ઉપયોગી છે. મહાવ્રત અને અણુવ્રતની સજ્ઝાય આત્માનું ઉર્ધ્વગમન કરે છે. ઋષિમુનિઓની સજ્ઝાયોનો સારાંશ એવો હોય છે કે જીવનની સાર્થકતા વૈરાગ્યમાં છે. ચારિત્રનો માર્ગ સર્વ શ્રેષ્ઠ છે. સંસારના સંબંધો નાશવંત છે. આમ, સજ્ઝાય સ્વ તરફ અભિમુખ કરાવનાર ગેય કાવ્ય પ્રકાર છે.

વાચના, પૃચ્છના, પરાવર્તના, ધર્મકથા અને અનુપ્રેક્ષા આ પાંચે પ્રકારનો સ્વાધ્યાય સજ્ઝાયમાં ગર્ભિત છે. સ્તવન એક વ્યક્તિ બોલે છે અને સમૂહમાં લોકો ઝિલાવે છે, જ્યારે સજ્ઝાય આત્મચિંતનનો વિષય હોવાથી સ્વકેન્દ્રી બની ચિંતનમાં એકરૂપ થવાનું છે. એટલે એક વ્યક્તિ સજ્ઝાય બોલે છે અને અન્ય વ્યક્તિઓ શ્રવણ કરી તેનું હાર્દ પામે છે.

પંડિત મફતલાલ ઝવેરચંદ કહે છે, 'સજ્ઝાયનું ગેય સાહિત્ય ખૂબ વૈરાગ્યવાદી સાહિત્ય છે. જે અસર ઉપદેશ ન કરે તે અસર એકાદ સજ્ઝાયનું શ્રવણ કરવાથી માનવીનું ચિત્ત ડોલી ઉઠે છે. સમાન્ય જનતાને તત્ત્વનું જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનું પોષણ સજ્ઝાય દ્વારા થાય છે. સજ્ઝાયમાં સેંકડો ચરિત્રો ગૂંથાયેલાં છે. વૈરાગ્યની સાથે કરણીય કાવ્યો અને ઉપદેશ તેમાં સમાયેલો છે.'

પંડિત સુખલાલજી કહે છે, 'સજ્ઝાય એ ઉપદેશ પ્રધાન ગેય કાવ્ય રચના છે. આર્ય સંસ્કૃતિની પરંપરામાં સ્વાધ્યાયનું મહત્ત્વ છે. તૈતરીય ઉપનિષદમાં તેની તપમાં ગણના થઈ છે. જૈન ધર્મમાં પણ સ્વાધ્યાય અને ધ્યાન પર વિશેષ ભાર મૂકાયો છે. પરંપરાગત ઉચ્ચ સંસ્કારો અને સાત્વિકતા પામી શકાય છે. સજ્ઝાય સાંભળવી, તેની ઢાળો યાદ કરવી, તેનું પુનરાવર્તન કરવું એવા નિત્ય કર્મના કારણે મારા વિદ્યા વ્યવસાયનું પ્રથમ પગથિયું અને દિશા ઉઘડવાનું એક દ્વાર બન્યું છે. ભર દરિયે વહાણ તૂટતાં કોઈ મુસાફરને નાનકડું પાટિયું મળે તો તેના ટેકે સલામતી માટે આગળ વધે, તેમ સજ્ઝાય આ સંસારની સફરમાં સ્વ સ્થાને લઈ જવાનું પવિત્ર અને પ્રેરક કાર્ય છે.'

આમ, સજ્ઝાય કર્મ નિર્જરાનું કારણ છે. પ્રતિક્રમણની આવશ્યક ક્રિયામાં સજ્ઝાય ગાવાનો ક્રમ છે. જે ત્યાગ અને વૈરાગ્યના વિચારોથી મનને પુષ્ટ કરવાની ઉદાત્ત ભાવનાનો અભિગમ છે. સજ્ઝાય માત્ર દ્રવ્ય ક્રિયા નથી પરંતુ આત્મભાવનું દર્શન કરવા માટેનું સાધન છે.

દેવસી પ્રતિક્રમણમાં જે સજ્ઝાય છે, તેના કરતાં વિશિષ્ટ પ્રકારની સજ્ઝાય રાઈ પ્રતિક્રમણમાં છે. રાઈ પ્રતિક્રમણમાં **'ભરહેસર બાહુબલી'**, પૌષધમાં ત્રણ વખત **'મન્હજિણાણં'**, માંગલિક પ્રતિક્રમણમાં

‘મન્હજિણાણં’, પક્ખી-ચોમાસી-સંવત્સરી પ્રતિક્રમણમાં **‘સંસાર દાવાનળ’**ની સજ્ઝાયનો સ્વાધ્યાય કરવાનો વિધિ છે.

દેવસિ પ્રતિક્રમણની સજ્ઝાય ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન છે, તો રાઈ પ્રતિક્રમણની સજ્ઝાય પ્રાતઃ કાળમાં મહાપુરુષો અને સતીઓના પુણ્ય સ્મરણ દ્વારા આત્માને માનસિક શુદ્ધિ વૃદ્ધિમાં પૂરક છે. ભરહેસરની સજ્ઝાયમાં ઉચ્ચકોટિના ત્રેપન મહાપુરુષો અને સુડતાલીસ સતીઓની સૂચી છે. એમનું પ્રતિદિન સ્મરણ કરવાથી ગુણાનુરાગ કેળવાય છે, પાપનો બંધ નાશ પામે છે અને દ્રવ્ય પ્રતિક્રમણમાંથી આત્મા ભાવપ્રતિક્રમણ તરફ ગતિ કરે છે. સંસાર દાવાનળની સજ્ઝાય આત્માને ચેતવણી આપે છે કે સંસાર ચાર કષાયની ચંડાળ ચોકડી છે. તેનો સંગ ભવભ્રમણ કરાવે છે. તેનો ક્ષય કરવો એ જ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

સજ્ઝાય કાવ્યની વિરાટ સૃષ્ટિ છે. મુનિ ઉદયરત્ન કૃત જૈન સજ્ઝાયમાળામાં વિવિધ વિષયોની સજ્ઝાયો નોંધાયેલી છે. મુનિ મેરૂવિજયજી કૃત **‘નંદિષેણની સજ્ઝાય’**; કવિ શાંતિ હર્ષ કૃત **‘અવંતીસુકુમારનાં તેર ઢાળીયા’**; કવિ જયસાગર કૃત **‘મેઘકુમારની સજ્ઝાય’**; કવિ માનવિજય કૃત **‘ઝાંઝરીયા મુનિની સજ્ઝાય’**; કવિ સૌભાગ્યવિજય કૃત **‘જંબુસ્વામીની સજ્ઝાય’**; કવિ જિનહર્ષ કૃત **‘વજસ્વામીની સજ્ઝાય’**; અજ્ઞાત કવિ કૃત **‘કલાવતીની સજ્ઝાય’**; કવિ જ્ઞાનવિમલસૂરિ કૃત **‘ચંદનબાળાની સજ્ઝાય’**; કવિ રાજવિજય કૃત **‘રૂકમણીની સજ્ઝાય’**; ઉપાધ્યાય સકલચંદ્રજી કૃત **‘દેવાનંદાની સજ્ઝાય’**; કવિ લાવણ્ય સમય કૃત **‘નેમ-રાજુલની સજ્ઝાય’**; કવિ કલ્યાણ વિમલ કૃત **‘સુલસા સતીની સજ્ઝાય’** આદિ ઐતિહાસિક કૃતિઓ છે.

આ ઉપરાંત કવિ કર્મસાગર કૃત **‘ગુણસ્થાનક સજ્ઝાય’**; કવિ હેતવિજય કૃત **‘અઢાર નાતરાંની સજ્ઝાય’**; ઉપાધ્યાય યશોવિજયજી કૃત **‘સમકિતના સડસઠ બોલની સજ્ઝાય’**; કવિ વીરવિજયજી કૃત **‘ઈરિયાવહિયાની સજ્ઝાય’**; મુનિ વૃદ્ધિવિજયજી કૃત **‘દશવૈકાલિકના દશ અધ્યયનની સજ્ઝાય’** તાત્ત્વિક કૃતિઓ છે.

રૂપક પ્રકારની સજ્ઝાયમાં કવિ સાંકળચંદ કૃત **‘ભવપ્રપંચ નાટક અને મનભમરાની સજ્ઝાય’**; કવિ રૂપવિજયજી કૃત **‘કાયા-પુર પાટણની સજ્ઝાય’**; કવિ માનવિજયજી કૃત **‘આઠ મદની સજ્ઝાય’**; કવિ સમયસુંદર કૃત **‘નિંદાની સજ્ઝાય’**; કવિ ઉદયરત્ન કૃત **‘ચાર કષાયની સજ્ઝાય’**; કવિ હર્ષ અને કવિ જીવવિજયજી કૃત **‘ઉપદેશની સજ્ઝાય’** આદિ.

પ્રસ્તુત ગ્રંથમાં લાલવિજયજી કૃત **‘કયવન્ના ઋષિ સજ્ઝાય’**; મલયચંદ્રમુનિ કૃત **‘કયવન્ના શેઠ સજ્ઝાય’**; વિજયધર્મધુરંધરસૂરિજી કૃત **‘કયવન્ના સજ્ઝાય’**; અજ્ઞાત કૃત **‘કયવન્ના સજ્ઝાય’**નો સમાવેશ થયો છે.

૪. રાસા સાહિત્ય સ્વરૂપ અને પરિભાષા

સંસ્કૃત સાહિત્યમાં ‘રાસ’ કે ‘રસિક’ શબ્દ જોવા મળે છે. ત્યાં રાસ શબ્દનો પ્રયોગ કૃષ્ણ અને ગોપીની ક્રીડા, યાદવવીરોની ક્રીડાના અર્થમાં થયો છે. જેમકે - હરિવંશ પુરાણના ૨૦મા અધ્યયનમાં કહ્યું છે - ‘ગોપ કન્યાઓ મંડળાકારમાં બે-બેની જોડીમાં કૃષ્ણનું મનોહર ચરિત્ર ગાતી રમે

છે. કેટલીક સુંદરીઓ વાદ્યને અનુરૂપ નૃત્ય કરતી, કેટલીક સ્ત્રીઓ વૃંદમાં ગીત ગાતી હતી. એ ગીતો બળરામ અને કૃષ્ણના પરાક્રમોને વણી લેતાં સંકીર્તન કરતાં ગીતો હતાં. નૃત્ય કરનાર સ્ત્રીઓ હાથથી તાલ આપતી.

બ્રહ્મપુરાણ અનુસાર :

[૧]ગોપી પરિવૃત્તો રાત્રિં શરચ્ચન્દ્ર મનોરમામ્ ।
માયામાસ ગોવિન્દો રાસારમ્ભરસોત્સુકઃ ।।

''ગોપીઓથી વીંટળાયેલ અને રાસનો આરંભ કરવાના રસને માટે ઉત્સુક કૃષ્ણે શરદની મનોરમ ચાંદની રાત માણી.''

ભાગવત્ના દશમ સ્કંધ, અધ્યયન-૩૩, શ્લોક-૨,૩માં 'રાસ' શબ્દનો પ્રયોગ થાયો છે. ''એક એક ગોપી અને એક એક કૃષ્ણ એવી રચનાથી રાસ રમાતા.''

શારદાતનય અનુસાર :

''ઉરૂ, જંઘા અને બંને હાથના ચલન વડે નર્તન થાય તે રાસક કહેવાય. **નાટ્યદર્પણ**માં હલ્લીસકની આ જ વ્યાખ્યા છે. તેથી હલ્લીસક અને રાસક બન્ને એક જ માની શકાય.

શ્રી **દશવૈકાલિકની ટીકા** અને **ધર્મબિંદુ વૃત્તિ**માં રાસાની રચનાનો ઉદ્દેશ રજૂ થયો છે.

બાલસ્ત્રી મૂઢ મૂર્ખાણાં નૃણાં ચારિત્રકાંક્ષિણાં ।
શનુગ્રહાર્થે સર્વજ્ઞૈઃ સિદ્ધાન્તઃ પ્રાકૃતઃ કૃતઃ ।।

વળી, હેમચંદ્રાચાર્યે **'છંદાનુશાસન'** (પૃ.૩૫)માં રાસની વ્યાખ્યા દુહામાં દર્શાવી છે.

સુણિધિ વસંતિ પુરપોઠ ધુરંધિહં રાસુ ।
સુમરિવિ તડહ હુઓ તન્ખાણિ યાહિક નિરાસુ ।।

પંદરમી સદીમાં 'ભરતકોષ'માં કુંભકર્ણ દંડકરાસની માહિતી નીચે પ્રમાણે આપી છે.

''૮, ૧૬, ૩૨ કે ૬૪ સુંદરીઓ જેના હાથમાં સોનાના એક હાથ લાંબા અને અંગુઠા જેટલા જાડા દાંડયા રહેતા. તેમાં જોડી સાથે અગળ, પાછળ કે પડખે થવાની ક્રિયા, લયયુક્ત અને તાલયુક્ત નૃત્યની સાથે પાર્શ્વ સંગીત રહેતું. ચારી, ભમરી વગેરે ઘાતભેદ રહેતા. ઉરુ, જંઘા અને પગના વિવિધ મંડળો રચાતા. રાજાની સમક્ષ થતા આ નૃત્યમાં દેશાનુસાર દંડ, ચામર, મલમલયુક્ત દંડ કે ચૂરિકા દંડ પણ રાખવામાં આવતા.[૨]

આમ, રાસ એક ગેય નૃત્ય પ્રકાર છે. જેને ગુજરાતમાં પ્રચલિત ગરબા અને રાસ સાથે ચોક્કસ સંબંધ છે.

[૩]સમર્થ સાહિત્યકાર ડૉલર રાય માંકડ રાસાઓને સ્વતંત્ર કાવ્યપ્રકાર ન માનતા કથા

---

૧. અધ્યયન-૮૧, શ્લોક-૨.
૨.ભરતકોષ, ભરતમુનિ, પૃ. ૮૫.
૩. ગુજરાતી સાહિત્યના સ્વરૂપો - મંજુલાલ મજુમદાર, પૃ. ૮૧૮

શૈલીનું ખંડકાવ્ય માને છે.

પ્રખર વ્યાકરણશાસ્ત્રી કે.ક.શાસ્ત્રી અને તેમને અનુસરીને ધીરજલાલ ઘ. શાહે રાસની ઉત્પતિ પ્રાચીન ગેય રસમાંથી માની છે. રાસ મૂળ તો તાળીઓથી અને દાંડિયાથી તાલ આપીને ગોળ ફરતાં ગવાતી નાની ગેય રચના હતી. આ રાસનો વિષય ધાર્મિક સ્તવનો, ઉપદેશ, જૈન તીર્થંકરો, સૂરિઓ અને શ્રેષ્ઠિઓના ચરિત્રો, તીર્થ સ્થળોના મહાત્મ્ય ઈત્યાદિ રહેતો.

કાળક્રમે રાસમાંથી ઉત્કટ ગેય તત્ત્વ અને અભિનય તત્ત્વ લુપ્ત થયું. તેમાં ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક કથાઓ અને પ્રસંગોનું નિરૂપણ ઉમેરાયું, તેથી રાસનું સ્વરૂપ વ્યાપક બન્યું. આ રીતે 'રાસ' માંથી 'રાસા'નું સ્વરૂપ ઘડાયું. એ પ્રબંધ સાહિત્યની સમીપ આવ્યું. પછી આવી કૃતિઓ 'રાસા' કે 'પ્રબંધ'ના નામે વહેતી થઈ.[૧]

સાહિત્યના સાધક અનંતરાય રાવળના મતે ''રાસ એટલે સુગેય કાવ્ય પ્રબંધ.એની રચના વિસ્તારમાં પ્રથમ ટૂંકી અને ઉર્મિકાવ્ય જેવી પણ સમય જતાં આખ્યાન પદ્ધતિની બની. પૂર્વે કાલીન લાંબા ગેય કાવ્ય અને અપભ્રંશ મહાકાવ્યના અનુસરણનું એ પરિણામ. અપભ્રંશ મહાકાવ્ય સંધિઓ (સર્ગો)માં વિભક્ત હોય છે. સંધિઓ ધીમે ધીમે અદશ્ય થતાં મહાકાવ્યનું સ્થાન કડવાબદ્ધ ગેય કવિતાએ લીધું, એ કવિતા તે રાસ.[૨]

સાહિત્યકાર પ્રો. વિજયરાય વૈદ્ય અનુસાર ''રાસ કે રાસો પ્રાસયુક્ત પદ્યમાં (દુહા, ચોપાઈ કે દેશી નામે ઓળખાતા વિવિધ રાગોમાનાં કોઈમાં) રચાયેલું ધર્મવિષયક કથાત્મક કે ચરિત્રાત્મક સામાન્યતઃ કાવ્યગુણી થોડે અંશે હોય તેવું પણ સમકાલીન દેશસ્થિતિ તથા ભાષાની માહિતી સારા પ્રમાણમાં આપતું દીર્ઘ કાવ્ય.[૩]

રાસા સાહિત્યનો પ્રારંભ :

ગ્રંથભંડારોમાં ઉપલબ્ધ કૃતિઓમાં સૌથી પ્રાચીન રાસકૃતિ મળે છે તે **શાલિભદ્રસૂરિ**ની છે. તેમણે ઈ.સ. ૧૧૮૪માં **'ભરતેશ્વર બાહુબલિ રાસ'**ની રચના કરી છે. વીરરસ પ્રધાન, ૨૦૩ કડીનું સંક્ષિપ્ત કથા પ્રસંગવાળું આ કાવ્ય વસ્તુપાળ-તેજપાળ (ભીમદેવ)ના સમયમાં રચાયું છે. ત્યારથી રાસા સાહિત્યનો પ્રારંભ ગણી શકાય.

જો કે 'પ્રબંધ' કાવ્ય પ્રકારનું સ્વરૂપ દર્શાવતાં **'ગુજરાતી સાહિત્ય સ્વરૂપો'**માં લખ્યું છે કે - ''વીરરસ પ્રધાન અને ઓજસભરી શૈલીવાળું કાવ્ય **પ્રબંધ** કહેવાય છે કારણકે પ્રબંધનું કથાવસ્તુ ઈતિહાસ અને દંતકથાના મિશ્રણથી બન્યું હોય છે. તેથી શાલિભદ્રસૂરિનો ઈ.સ. ૧૧૮૪માં રચેલો 'ભરતેશ્વરબાહુબલિ રાસ' આમ જોવા જઈએ તો પ્રબંધ જ લેખાય. એ રીતે રાસ અને પ્રબંધ શબ્દ

---

૧. ભગવદ્ ગોમંડળ, લે. ભગવત્સિંહજી, પૃ. ૭૬૩૬.

૨. ગુજરાતી સાહિત્યની રૂપરેખા, પૃ. ૨૦, લે. વિજયરાજ કલ્યાણરાય વૈદ્ય, ઈ.સ. ૧૯૪૩, અ.પ્ર.

૩. (ગુજરાતી સાહિત્યના સ્વરૂપો, મંજુલાલ મજુમદાર, પૃ. ૧૦)

પરસ્પર એકબીજાના પર્યાયવાચી બની જતા જણાય છે. તેથી જ ૧૫૬૭માં રચાયેલા લાવણ્યસમયનો **'વિમલ પ્રબંધ'** ઐતિહાસિક હોવા છતાં તેનું કાવ્ય સ્વરૂપ 'રાસો' જેવું છે.

'ભરતેશ્વર બાહુબલિ રાસ' પછી ૧૬ વર્ષે સૌથી નાનામાં નાની કૃતિ કવિ આસગિ કૃત 'જીવદયા રાસ' (ક.૫૩) મળી આવે છે .જે સં. ૧૨૫૭ જાલોર પાસેના સહિજગપુરમાં રચાઈ છે.

ભરત-બાહુબલિથી પ્રગટ થયેલા રાસરૂપી દીપકમાં અનેક કવિઓએ રાસ રચનારૂપ તેલ પૂરી પ્રજ્વલિત રાખ્યો છે. લગભગ ૧૫૦ વર્ષના ગાળામાં રાસનો કાવ્ય પ્રકાર વધુ ખેડાયો. જેથી પ્રખર વ્યાકરણશાસ્ત્રી કે. કા. શાસ્ત્રી આ યુગને 'રાસાયુગ' સંજ્ઞા અભિપ્રેત કરે છે. એ યુગમાં જૈનેતર સાહિત્ય ભાગ્યે જ જોવા મળે છે. એક માત્ર જૈનેતર રાસ મુસલમાન કવિ અબ્દુલ રહેમાનનો **'સંદેશક રાસ'** ઉપલબ્ધ છે. આ યુગના અંતે શ્રીધર વ્યાસનો 'રણમલ્લ છંદ', અસાઈતની 'હંસાઉલી' અને ભીમનો 'સધ્યવત્સ વીર પ્રબંધ' જોવા મળે છે. આ કૃતિઓ રાસ કાવ્યો નથી પરંતુ પ્રબંધ જ છે.[૧]

આ ગાળામાં રાસાનું કદ વિસ્તાર પામ્યું તેમ એની કથાવસ્તુનું ફલક પણ ઠીક ઠીક વિકાસ પામ્યું. ચારિત્ર ઉપરાંત ઈતિહાસ અને લોકકથાના ક્ષેત્ર સુધી તે વિસ્તાર પામ્યું.

૧. રાસનું બંધારણ : પ્રાયઃ બધા રાસમાં પ્રારંભમાં મંગલાચરણ હોય છે. આ મંગલાચરણ તીર્થંકર ભગવંત, સદ્‌ગુરુ કે માતા શારદાની સ્તુતિ હોય છે.

કવિ કનકસુંદર રચિત 'સગાલશાહ રાસ'માં ચોવીશ તીર્થંકર, સરસ્વતી દેવી અને સુગુરુનું સ્મરણ કર્યું છે.[૨]

હિતશિક્ષા રાસમાં કવિ ઋષભદાસે સરસ્વતી દેવીના ૧૬ નામ દર્શાવી મંગલાચરણ કર્યું છે.[૩] આમ, દરેક કવિ પોતાની શ્રદ્ધા પ્રમાણે મંગલાચરણ કરે છે.

૨. નામ : કવિ જે રાસ રચવાના છે તેના વિષયનો ઉલ્લેખ કરે છે. જેમકે -

'સકળ સિદ્ધ સમરી કરી, રચું હીરનો રાસ.'[૪]

એ જ રીતે જિનરાજસૂરિ 'ગજસુકુમાર રાસ'માં કહે છે.

'સોહમ વચન હિયઈ ધરી, ગયસુકુમાલ ચરિત્ર'[૫]

૩. નગર સ્થાનનો ઉલ્લેખ : ચરિત્ર નાયકના વતન વિષે ઉલ્લેખ કરવામાં આવતો. જેમાં ક્રમશઃ દ્વીપ (જંબુદ્વીપ), ક્ષેત્ર (ભરતક્ષેત્ર), નગરી (અયોધ્યા)નો ઉલ્લેખ થતો.

'જંબુદ્વીપ દક્ષણ ભરત ઠાંમ, તેહમાંહિ ભ(ચ)દ્ર અચલપુર ગ્રામ;
વસિતિહાં ધન વિક્રમ ભૂપ, તસ્સઘરણી ધારણીય સ્વરૂપ.'[૬]

---

૧. ગુજરાતી સાહિત્યના સ્વરૂપો, મંજૂલાલ મજુમદાર, પૃ. ૫૭૮
૨. જૈ.ગુ.ક.ભા.-૩, સં. જયંત કોઠારી, પૃ. ૧૪
૩. જૈ.ગૂ.ક.ભા.-૩, પૃ.૫૦.
૪. જૈ.ગૂ.ક.ભા.-૩, પૃ.-૬૪.
૫. જૈ.ગૂ.ક.ભા.-૩, પૃ.-૧૧૧
૬. ગુણસાગર ઉપાધ્યાય કૃત 'નેમિચરિત્રમાલા', જૈ.ગૂ.ક.ભા.-૩, પૃ.-૨૩૩.

૪. કથાસ્વરૂપ : ઢાલ, ચોપાઈ કે દુહાઓમાં કથાનું વર્ણન હોય. કથાની અભિવ્યક્તિ માટે કવિ પાત્રોનો આધાર લે છે. પાત્રાલેખન તરીકે મુખ્યત્વ રાસનાયક, રાસનાયિકા તો વળી ક્યાંક ખલનાયક કે ખલનાયકાનું આગમન થતું હોય છે. આ કથા સુખ-દુ:ખ, સાહસ, વિરહ-મિલન, સત્સંગ, સદ્‌ગુરુ દ્વારા કહેવાતી. પુનર્જન્મ વૃત્તાંત, કર્મની ફિલોસોફીનું નિરૂપણ, મોક્ષમાર્ગે પ્રયાણ, કર્મબંધનથી મુક્ત થવાતો પ્રયત્ન, સ્વર્ગારોહણ અથવા સિદ્ધ પદને હાંસલ કરવા આવા ઘટકોથી ગૂંથાયેલી હોય છે.

૫. અવાંતર કથાઓ : કર્મનો વિપાક દર્શાવવા કવિશ્રી અવાંતર કથાઓ જોડે છે.

૬. વિવિધ વર્ણનો : ઋતુ વર્ણન, પર્વત વર્ણન જેવાં પ્રાકૃતિક વર્ણનો; જિનાલયોનાં વર્ણનો, પૂજાવિધિ, વ્રત કે અનુષ્ઠાનોના વર્ણનો; નગર વર્ણનો, કવિ ઋષભદાસજીએ હીરવિજયસૂરિ રાસમાં ખંભાતનું ચિત્તાકર્ષક વર્ણન કર્યું છે; સ્ત્રી પુરુષોના અંગોનું વર્ણન; વેશભૂષા કે યુદ્ધનું વર્ણન.

૭. સુભાષિતો : હરિયાળી, સમસ્યા, કોયડાઓ, રૂઢી પ્રયોગો, કહેવતો પ્રસંગોપાત ગૂંથાયેલી હોય છે.

૮. વિવિધ દેશીઓ : છંદ, રાગ-રાગિણી વગેરે વણી લેવામાં આવ્યા હોય.

૯. લોકજીવન : તે સમયનું લોકજીવન રાસમાં છતું થાય છે.

૧૦. ગુરુ અને ગુરુપરંપરા : રાસના અંતે કવિ પોતાના ગુરુ અને ગચ્છનો પરિચય આપે છે. જેમ કે -

'હેમસોમ ગરુરાય સુસીસ તિયાં તણા રે વાચક લદવીધાર;
ગ્યાંનનંદી ગૂરુરાજ તણઈ સુપસાઉ લઈ રે જયવંતો પરિવાર'[૧]

શ્રાવક કવિ ઋષભદાસે પોતાના પિતા-પિતામહનું નામ ટાંક્યું છે -

'મહીરાજનો સુત સંઘવી સાંગણ, પ્રાગ્વશીય પ્રસિદ્ધો રે;
સંઘવી સાંગણનો સુત કવિ છે, નામ તસ ઋષભ જ દાસ;
જનની સરૂપાહે શિર નામી, જોડયો ભરતનો રાસ રે'[૨]

૧૧. નામ : અંતમાં રચનાકાર પોતાનું નામ ટાંકે છે. કોઈ કોઈ કવિઓ નામના મોહથી મુક્ત પણ રહ્યા છે.

૧૨. ઉપદેશ : પ્રત્યેક રાસમાં ઉપદેશ તત્ત્વ સમાયેલું હોય છે. કવિનો મુખ્ય હેતુ કથા દ્વારા ઉપદેશ આપી જૈન ધર્મના સિદ્ધાંતોની પ્રરૂપણા કરવાનો હોય છે. જેમ કે - કયવન્નારાસમાં દાનધર્મની મહત્તા બતાવી સુપાત્રને ભાવપૂર્વકદાન આપવાનો ઉપદેશ સમાયેલો છે.

૧૩. રસનિષ્પત્તિ : રાસ પ્રાય: શૃંગાર રસથી પ્રારંભ થઈ અંતે પ્રશમરસમાં પ્રણમી જતા હોય છે. કથાને રસીક અને જનભોગ્ય બનાવવા કવિ કથામાં વિવિધ રસોનું પ્રયોજન કરે છે.

કથાનકમાં વિષયભોગોના ત્યાગની સાથે સાથે ઉદ્દીપક શૃંગારરસનું વર્ણન હોય છે પરંતુ

---

૧. ભુવનકીર્તિગણિ કૃત અંજનાસૂરિ રાસ.
૨. જૈ.ગુ.ક.ભા.-૩, પૃ.-૪૩.

અંતે હંમેશાં પ્રશમ શાંત રસમાં પરિણમે છે. રાસનાયક અથવા રાસનાયિકા અંતે સંયમસિદ્ધિને વરે છે. અંત લગભગ દરેક રાસમાં નિશ્ચિત હોય છે. રાસના અંતે રાસશ્રવણથી, ગાવાથી કે સાંભળવાથી શું લાભ થશે તે દર્શાવવામાં આવે છે.

રાસા સાહિત્યના વિકાસમાં કવિઓનું યોગદાન :

શ્રી શાલિભદ્રસૂરિના 'ભરતેશ્વર બાહુબલિ રાસ'થી પ્રગટેલા રાસરૂપી દીપકમાં તેલ પૂરવાનું કામ અનેક જૈન સાધુ કવિઓએ કર્યું છે.

૧૩ થી ૧૫ સદીમાં ધર્મસૂરિનો 'જંબુસ્વામીરાસ'; વિજયસેનસૂરિ કૃત 'રેવંતગિરિ રાસ'; પાલ્હણનો 'આબુરાસ'; વિનયચંદ્ર રચિત 'બારવ્રત રાસ'; આદિ...

વિક્રમના ૧૬મા સૈકામાં લાવણ્ય કૃત 'વિમલ પ્રબંધ રાસ' (૧૫૬૮), 'વચ્છરાજ-દેવરાજ' રાસ, સહજસુંદર કૃત 'જંબુસ્વામી રાસ', 'ઋષિદત્તા મહાસતી રાસ', 'પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ', 'તેતલીમંત્રીનો રાસ', 'પ્રદેશી રાજાનો રાસ', 'સૂડા સાહેલી રાસ' આદિ...

સત્તરમા શતકથી દીપકની જ્યોત વધુ પ્રજ્વલિત બની. આ શતકમાં અનેક કવિઓએ એકથી વધારે કૃતિઓની રચના કરી. કદ અને ભાવ-કલા પક્ષથી પણ વિસ્તાર થયો. નયસુંદરે દશેક કથાત્મક રચનાઓ આપી, તો સમયસુંદરે ૧૯ નાની મોટી કૃતિઓ રચી. ખંભાતના શ્રાવક કવિ ઋષભદાસે ૩૨ જેટલી કૃતિઓની હારમાળા સર્જી.

અઢારમા શતકમાં જિનહર્ષે ૩૫ જેટલા રાસ સર્જીને વિક્રમ સર્જ્યો. 'આરામશોભા રાસ', 'શ્રીપાળ રાજાનો રાસ', 'જંબુસ્વામીનો રાસ' વગેરે રાસમાંથી ૮૬૦૦ કડીનો વિશાળકાય રાસ છે.

યુગપ્રધાન યશોવિજયજીએ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતીમાં શતાધિક ગ્રંથો રચી 'લઘુહરિભદ્રાય'નું બિરુદ મેળવ્યું. એમની 'દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ' એક અલૌકિક કૃતિ છે. તે ઉપરાંત વિનયવિજયજીની અપૂર્ણ રહેલ કૃતિ 'શ્રીપાળ રાજાનો રાસ' એમણે પૂર્ણ કરી.

જ્ઞાન વિમલસૂરિએ જંબૂરાસ, અશોકચંદ્ર રાસ વગેરે ૭ રાસાઓની રચના કરી. વળી, ઉદયરત્ન વાચકે ૧૯ રાસકૃતિઓ રચી. આ ઉપરાંત મેઘવિજયજી, વિનયવિજયજી, વિદ્યાવિજયજીએ નોંધપાત્ર ફાળો આપ્યો.

૧૯ મા શતકમાં પદ્મવિજયે ચાર રાસની રચના કરી. 'નેમિનાથ રાસ', 'સમરાદિત્ય કેવલી રાસ' (૯૦૦૦ કડીનો સૌથી મોટો રાસ), 'ઉત્તમ વિજય નિર્વાણ રાસ', 'જયાનંદ કેવલી રાસ'.

૧૮૨૯માં પંડિત વીરવિજયજીએ વિપુલ સાહિત્ય સર્જન કર્યું. 'સુરસુંદરી રાસ', 'ધમ્મિલકુમાર રાસ' અને 'ચંદ્રશેખર રાસ' જેવી ત્રણ રાસકૃતિઓ રચી રાસના દીપકને પ્રજ્વલિત રાખ્યો.

બારમી સદીમાં ૪; તેરમી સદીમાં ૧૧; ચૌદમી સદીમાં ૨૬; પંદરમી સંદીમાં ૯૦; સોળમી સદીમાં ૩૬૩; સત્તરમી સદીમાં ૫૭૪; અઢારમી સદીમાં ૨૧૨; ઓગણીસમી સદીમાં ૫૬ કૃતિઓ પ્રાપ્ત

થાય છે.

બારમી સદીથી પ્રગટલો રાસરૂપી દીપક ૧૭ સદીમાં વધુ પ્રજ્વલિત થઈ ઝગમગતો રહ્યો. આજે સાહિત્ય રચનાનો પ્રવાહ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર પલટાઈ ગયો હોય એ કારણે કદાચ રાસની રચના થતી હશે.

રાસનું ગેયત્વ :

રાસાઓ માત્રામેળ છંદમાં અને દેશીઓમાં રચવામાં આવ્યા છે. તેમાં દેશીઓની વિવિધતા જોવા મળે છે. ક્યારેક એક જ ઢાળમાં બે-ત્રણ દેશીઓ યોજાયેલી હોય છે. જયંત કોઠારીએ જૈ.ગૂ.ક.ભા.-૮માં ૨૩૨૮ નાની અને ૧૨૩ મોટી દેશીઓ નોંધી છે. જે રાસની ગેયતા સિદ્ધ કરે છે. 'ભરતેશ્વર બાહુબલિ રાસ'ની બધી જ ઠવણીઓ ગેય ગીતોમાં છે.

મધ્યકાલીન રાસાઓમાં દુહા, ચોપાઈ, સવૈયા, જેવા માત્રામેળ છંદો ઉપરાંત ઉપજાતિ, શાર્દુલ, માલિની જેવા સંસ્કૃત વૃત્તો પણ યોજાયા.

આમ, રાસાઓનું ગેયત્વ વિવિધ છંદો અને દેશીઓથી સમૃદ્ધ હતું.

૫. વિવાહલો કાવ્ય સ્વરૂપ

(જૈન સાહિત્યના કાવ્ય પ્રકારો)

મધ્યકાલીના જૈન સાહિત્યના વિવિધ કાવ્ય પ્રકારોમાં 'વિવાહલો' એક વિશિષ્ટ પ્રકારની કાવ્ય રચના છે. વિવાહલઉ, વિવાહલુ જેવા શબ્દ પ્રયોગો કવિઓની કૃતિઓમાં જોવા મળે છે. 'ઉ' ગુણ વૃદ્ધિથી 'ઓ' થતાં વિવાહલો શબ્દ અને 'ઉ' હસ્વ કરતાં 'વિવાહલુ' શબ્દ નિષ્પન્ન થાય છે.

'વિવાહલો'નો લોકપ્રચલિત અર્થ વિવાહ, લગ્ન સાથે સંબંધ ધરાવે છે. સંસારી જીવનમાં વિવાહ એ આનંદ અને મંગલનો પર્વ હોવાથી શાનદાર રીતે ઉજવાય છે. નર-નારીનું મિલન, ગૃહસ્થા-વાસમાં પ્રવેશનો ઉત્સવ એ વિવાહ છે.

હિંદુ ધર્મમાં લગ્ન એ પવિત્ર કરાર છે, માટે વિવાહ સંસ્કારનું મૂલ્ય ઉચ્ચ કોટિનું મનાય છે. વિવાહના આ સાંસ્કૃતિક સંદર્ભ પછી જૈન કવિઓએ 'વિવાહલો' કૃતિની રચના કરી છે. વિવાહલો એ દેશી શબ્દ છે. કાવ્ય રચનામાં વિવાહલોની દેશી એવો શબ્દ પ્રયોગ પણ જોવા મળે છે.

વિવાહલો એટલે વિવાહ પ્રસંગનું નિરૂપણ કરતું ચરિત્રાત્મક કાવ્ય. વિવાહલોના પર્યાયવાચી શબ્દોમાં ધવલ, મંગલ, વેલિનો પણ સમાવેશ થાય છે.

જૈન સાહિત્યમાં વિવાહલો આધ્યાત્મિક અર્થ એવો છે કે સંસારનોત્યાગ કરી, સંયમ સ્વીકારી, પાંચ મહાવ્રતના પાલન દ્વારા મુક્તિવધૂને વરવાના પ્રસંગનું નિરૂપણ. બીજા શબ્દોમાં કહીએ તો તે આધ્યાત્મિક વિવાહ છે. ભૌતિક વિવાહમાંથી મુક્ત થઈને આધ્યાત્મિક વિવાહમાં જોડાવવાની આત્મ વિકાસની પરમોચ્ચ સ્થિતિનું નિરૂપણ એ વિવાહલો કાવ્ય છે.

શ્રી હેમચંદ્રાચાર્યએ 'ત્રિષષ્ઠિશલાકા પુરુષ' ગ્રંથની રચના કરી છે. તેમાં પ્રથમ પર્વ સર્ગ-૨, શ્લોક ૭૬૮ થી ૮૭૯માં શ્રી ઋષભદેવ ભગવાનના સુનંદા અને સુમંગલા સાથેના લગ્નપ્રસંગનું વર્ણન

પ્રાપ્ત થાય છે. તેમાંથી સમાજજીવન, વ્યવહાર, ભોજન તથા રીતરિવાજનો ઉલ્લેખ મળે છે. આવા પ્રસંગે પરણવાના કોડ, વહુઘેલી જેવા લોક પ્રચલિત શબ્દો વિવાહના ઉત્સવને અપૂર્વ આનંદનો સંઘર્ષ પૂરો પાડે છે.

જૈન કવિઓએ વિવાહ પ્રસંગનું જીવનના ક્રમ પ્રમાણે શૃંગાર રસ યુક્ત નિરૂપણ કર્યું છે પરંતુ અંતે તો સંયમ અને મોક્ષની પ્રાપ્તિનું નિરૂપણ એ જ કેન્દ્રવર્તી વિચાર વિવાહલો કાવ્યનું હાર્દ છે એટલે જ સાધુ કવિઓએ વિવાહ અને દીક્ષામાંથી વિવાહના ત્યાગની સાથે દીક્ષાના સ્વીકાર દ્વારા મુક્તિવધૂને વરવાનું અદ્‌ભુત મિલન વર્ણવ્યું છે. સંયમરૂપી કન્યાને વરવાનું **'વર્યા સંયમ વધૂ લટકાળી'** જેવાં શબ્દ પ્રયોગ થયા છે.

વિવાહલો એ રૂપક કાવ્ય સાથે સામ્યતા ધરાવે છે. વિવાહ એટલે લગ્ન નહીં પરંતુ સંયમરૂપી નારી સાથેના લગ્ન એવો સંદર્ભ પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મની દષ્ટિએ માનવ જન્મની સફળતાનો આદર્શ ત્યાગ, વૈરાગ્ય અને બ્રહ્મચર્યનું આચરણ છે, તેથી વિવાહલો દીક્ષાના રૂપક તરીકે પણ જાણીતું છે. જૈન કવિઓની વિવાહલોની રચના એક અનોખી કલ્પના અને અધ્યાત્મ જીવાનની વાસ્તવિકતાને પ્રગટ કરે છે.

જૈન કવિઓએ **બે પ્રકારના વિવાહલો**ની રચના છે. **(૧) દીક્ષા પ્રસંગનું ભવ્યાતિભવ્ય અને આકર્ષક નિરૂપણ (૨) તીર્થંકર ભગવાનની દીક્ષા અને મુક્તિવધૂને વરવાના પરમોચ્ચ કોટિના પ્રસંગનું નિરૂપણ.** આત્માની સિદ્ધિ માટે સંયમ એ જ રાજમાર્ગ છે, એવું સ્પષ્ટ થાય છે.

મહાપુરુષોના વિવાહલોમાં કવિ સેવક કૃત **'આર્દ્રકુમાર વિવાહલઉ'** (ગા.૪૬); કવિ હીરાનંદ સૂરિ કૃત **'જંબુસ્વામી વિવાહલો'** (ગા.૩૫); કવિ લક્ષ્મણ કૃત **'શાલિભદ્ર વિવાહલુ'** (ગા.૪૪); કવિ દેપાલ કૃત **'કયવન્ના વિવાહલુ'** (ગા.૧૫)થી પ્રાપ્ત થાય છે.

તીર્થંકર વિષયક વિવાહલોમાં કવિ પેથા કૃત **'પાર્શ્વનાથ વિવાહલુ'** (ગા.૨૦૬, સં.૧૫૮૧); કવિ સેવક કૃત **'ઋષભદેવ વિવાહલુ ધવલબંધ'** (ઢા.૪૪, વિ.૧૫૯૦); કવિ આનંદપ્રમોદ કૃત **'શાંતિનાથ વિવાહલુ ધવલ પ્રબંધ'** (ઢા.૬૩, વિ.સં. ૧૫૯૧); કવિ બ્રહ્મમુનિ કૃત **'શાંતિનાથ વિવાહલો ધવલ'** (૧૭મી સદી) અને **'સુપાર્શ્વ જિન વિવાહલો'** (ગા. ૫૮, વિ.સં. ૧૬૩૨); કવિ ઋષભવિજય કૃત **'નેમિનાથ વિવાહલો'** (સં. ૧૬૬૫); કવિ ઋષભદાસ કૃત **'આદીશ્વર વિવાહલો** (આશરે ૧૭મી સદી); કવિ વીરવિજય કૃત **'નેમિનાથ વિવાહલો'** (ઢા.૨૨, સં. ૧૮૬૦); કવિ કેવળદાસ કૃત **'નેમિનાથ વિવાહલુ'** (ઢા.૪૩); કવિ નીંબો કૃત **'આદિનાથ વિવાહલો'** (ગા.૨૪૫); કવિ રંગવિજય કૃત **'પાર્શ્વનાથ વિવાહલો'** પ્રાપ્ત થાય છે.

તાત્ત્વિક કૃતિઓમાં કવિ હીરાનંદસૂરિ કૃત **'અઢારહ નાતા વિવાહલો'**; કવિ જિનપ્રભસૂરિજી કૃત **'અંતરંગ વિવાહ'** જેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે.

સાધુ ચરિત વિવાહલુમાં કવિ સોમમુનિ કૃત **'જિનેશ્વરસૂરિ વિવાહલઉ'** (ગા.૩૩, સં.૧૩૩૧); કવિ દેપાલ કૃત **'કયવન્ના વિવાહલઉ'** (ક.૧૫); કવિ કલ્યાણચંદ્ર કૃત **'કીર્તિરત્નસૂરિ વિવાહલો'**; કવિ સહજજ્ઞાન કૃત **'જિનચંદ્રસૂરિ વિવાહલો'**; કવિ લાવણ્યસમય કૃત **'સુમતિસાધુસૂરિ વિવાહલો'**; કવિ હેમવિમલસૂરિના શિષ્ય કૃત **'હેમવિમલસૂરિ વિવાહલો'** પ્રાપ્ત થાય છે.

મધ્યકાલીન કાવ્ય પ્રણાલિકાને અનુસરીને ચરિત્રાત્મક વર્ણન પ્રધાન વિવાહલો કૃતિઓની રચના ૧૩મી સદીના પ્રારંભથી ૨૦મી સદી સુધીમાં રચાયેલી જોવા મળે છે.

૬. પ્રબંધ

(સંદર્ભ : ગુ.સા.મ., પૃ. ૬૦-૬૨)

મધ્યકાલીન સાહિત્યમાં સમકાલીન પરિબળોને કારણે **'પ્રબંધ કાવ્ય'**નો ઉદ્‌ભવ થયો. પ્રબંધ શબ્દ પરાક્રમ અને શૂરવીરતાનું સૂચક છે, તેથી પ્રબંધ કાવ્યમાં વીર પુરુષના પરાક્રમની સાથે ચરિત્રાત્મક અંશો ધરાવતી આ રચના છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ વિચારીએ તો પ્રબંધ એટલે પ્રકૃષ્ટ રીતે બાંધવું, ગ્રંથન કરવું.

પ્રબંધમાં વીરલ વિભૂતિના ચરિત્રનું નિરૂપણ પ્રશસ્તિ કેન્દ્રસ્થાને હોય છે. એ દૃષ્ટિએ વિચારતાં પ્રબંધ ઐતિહાસિક ચરિત્રાત્મક રચના છે. સંસ્કૃત સાહિત્યમાં પ્રબંધનો અર્થ સુસંકલિત - સુવ્યવસ્થિત સાહિત્ય રચના છે.

મહાકવિ કાલીદાસે **'માલ્વિકાગ્નિ મિત્ર'** નામના નાટકના પ્રારંભમાં પ્રબંધ વિશે જણાવ્યું છે કે **'કાવ્યનાટકાદિક'** રચના. **'વાસવદત્તા'**ના કર્તા સુબન્ધુએ પ્રબંધનો અર્થ કથાત્મક રચના માટે જણાવ્યો છે. મણિલાલ બકોર વ્યાસે **'વિમલપ્રબંધ'**ની પ્રસ્તાવનામાં પ્રબંધનો અર્થ ગદ્ય-પદ્યમાં કરેલી સાર્થ રચના કર્યો છે.

સંવંત ૧૦૦૦ થી ૧૫૦૦ સુધીના ગાળામાં ઐતિહાસિક પ્રબંધ રચનાઓ પ્રાપ્ત થાય છે. બલ્લલાળનો **'ભોજપ્રબંધ'**; કવિ જિનમંડનનો **'કુમારપાળ પ્રબંધ'**; મેરૂતુંગાચાર્ય કૃત **'પ્રબંધ ચિંતામણિ'**; રાજશેખરસૂરિ કૃત **'ચતુર્વિંશતિ પ્રબંધ'** આદિ કૃતિઓ રચાઈ છે.

પ્રબંધ કાવ્યનો નાયક યુદ્ધવીર - મહાવીર હોય છે. રસશાસ્ત્રની દૃષ્ટિએ ઉત્તમ કોટિના મહાપુરુષોના પ્રસંગો વીરરસને અનુલક્ષીને વર્ણન કરાયેલા હોય છે. વીર રસના સંદર્ભમાં પ્રબંધ-પવાડા-સલોકો જેવી રચનાઓ પ્રાપ્ત થાય છે.

વીરરસના ચાર પ્રકાર છે. તેમાં મહાભારતનો અર્જુન યુદ્ધવીર, યુદ્ધિષ્ઠિર ધર્મવીર, કર્ણ દાનવીર અને શિબિ દયાવીર છે. જૈન પ્રબંધ રચનાઓમાં ધર્મવીરનો ઉલ્લેખ નોંધપાત્ર ગણાયો છે.

પ્રાચીન મધ્યકાલીન સમયમાં કવિઓને રાજ્યાશ્રય આપવામાં આવતો હતો. તે સમયે કવિએ રાજાના પરાક્રમ, શૌર્ય અને વીરતાની ચમકદાર શૈલીમાં પ્રશસ્તિ કરતા. ચારણ કોમ શૂરવીરતાનું વર્ણન કરવામાં જગપ્રસિદ્ધ છે.

હિન્દી ભાષાના સાહિત્યના વિકાસમાં પ્રથમ **'વીરગાથા કાળ'** નામાભિધાન કરવામાં આવ્યું છે. તેમાં રાજાઓની વીરતા, પરાક્રમ અને યુદ્ધ વર્ણનની માહિતી મહત્ત્વની ગણવામાં આવી છે. **'પૃથ્વીરાજ રાસો'**; **'હમ્મીર રાસ'**; **'બીસલદેવ રાસો'** આ પ્રકારની કૃતિઓ છે. અંબદેવ સૂરિ કૃત **'સમરા રાસુ'**માં ભૌગોલિક માહિતી સાથે સમરા શાહે શત્રુંજય તીર્થ ઉપર ઋષભદેવના જિનાલયનું નિર્માણ, તીર્થયાત્રાનું વર્ણન છે. કવિ લાવણ્ય સૂરિની નવખંડમાં વિભાજિત, સં. ૧૮૬૮ની પ્રસિદ્ધ ઐતિહાસિક કૃતિ **'વિમલ પ્રબંધ'**, જેમાં ગુજરાતના ચૌલુક્ય વંશના રાજા ભીમદેવના મંત્રી વિમલ

શાહના બાલ્યાવસ્થાથી અંતકાળ સુધીના જીવનના પ્રસંગોનું નિરૂપણ ચરિત્રાત્મક શૈલીમાં થયું છે.

મધ્યકાળની અન્ય નોંધપાત્ર પ્રબંધ રચનાઓમાં **'કાન્હડે પ્રબંધ'** - કવિ પદ્મનાભ; **'માધવાનંદ કામ કંદલા પ્રબંધ'** - કવિ ગણપતિની; **'સદયવત્સવીર પ્રબંધ'** - કવિ ભીમની અને **'હમ્મીર પ્રબંધ'** - કવિ અમૃતકલશની કૃતિઓ પ્રાપ્ત થાય છે. પ્રબંધ સંજ્ઞાવાળી એક રૂપક કાવ્ય રચના **'ત્રિભુવન દીપક પ્રબંધ'** (૪૩૨ કડી) - પ્રાપ્ત થાય છે, જે જયશેખર સૂરિ કૃત **'પ્રબંધ ચિંતામણિ'**ના આધારે રચાઈ છે.

કાયા નગરીનો આત્મરૂપી પરમહંસ રાજા માયાના રૂપમાં ફસાયો, તેથી તેની પ્રિય રાણી ચેતનાથી વિખૂટો પડયો. મન, જે કારભારી હતો. તેણે રાજાને કેદમાં પૂર્યો અને પોતે સર્વસત્તાધીશ બની બેઠો. પોતાની માનીતી રાણી પ્રવૃત્તિના પુત્ર મોહને તેણે રાજા બનાવ્યો. અણમાનીતી રાણી નિવૃત્તિ અને તેના પુત્ર વિવેકને તેણે દેશવટો આપ્યો. વિવેકને પરદેશમાં સુમતિ અને સંયમ જેવી પત્નીઓ અને પુણ્યરંગ પાટણનું નાનું રાજ્ય પ્રાપ્ત થયું. તેના સહયોગથી વિવેકે મોહને પરાજિત કરી વધ કર્યો. મોહના મૃત્યુથી પ્રવૃત્તિ અકાળે અવસાન પામી. મન વિવેકના ઉપદેશથી કષાયોને હણી શુક્લધ્યાનરૂપી અગ્નિમાં પ્રવેશ્યો. આમ થતાં ચેતના રાણીએ અજ્ઞાતવાસમાંથી બહાર આવી પરમહંસ રાજાને પોતાનું પરમ ઐશ્વર્ય હાથ ધરવાનું સૂચન કર્યું. પરમહંસ રાજાએ કાયા નગરીનો ત્યાગ કર્યો અને પોતાનું સ્વરાજ્ય પુનઃ સિદ્ધ કર્યું.

આ જ્ઞાનગર્ભિત કથાનકમાં રૂપક રચના, વસ્તુ ગૂંથણી અને કવિ કલ્પનાનો વૈભવ નોંધપાત્ર છે. તેમાં કવિ પ્રતિભાનો વિશિષ્ટ પ્રકારનું દર્શન થાય છે.

૨. કવિ ઋષભદાસ કૃત 'કયવન્ના શેઠ' રાસનું ભાષાંતર

દુહા : ૧

જે **મરૂદેવી માતા**ના પુત્ર છે, તે **પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ**ના ચરણોમાં વંદન હું કરું છું. જેમનું મુખ પૂનમના ચંદ્રમા જેવું સુંદર છે. જેના દેહનો વર્ણ સુવર્ણ જેવો છે. ...૧

જેઓ ઈક્ષ્વાકુલ વંશના નાભીરાજાને ત્યાં અવતર્યા હતા. જ્યારે તેમનો જન્મ થયો ત્યારે દેવતાઓએ અત્યંત હર્ષથી તેમને મેરૂ પર્વતના શિખર ઉપર લઈ જઈ જન્માભિષેક કર્યો. ...૨

તે બાળકનું નામ ઋષભદેવ રાખ્યું. યૌવન વયે તેમના કન્યાઓ (સુનંદા અને સુમંગલા) સાથે વિવાહ થયા. લગ્નજીવનના ફળ સ્વરૂપે આ દંપતીના રૂપાળા ૧૦૦ પુત્રો તથા બે પુત્રીઓ સંતાન રૂપે હતા. ...૩

તેમનો વંશવેલો વિપુલ પ્રમાણમાં વૃદ્ધિંગત પામ્યો. એવા દેવની સ્તુતિ કરતાં મનની આશાઓ પૂર્ણ થાય છે. તેથી જિનેશ્વર દેવનું નામસ્મરણ કરી કૃતપુણ્ય શેઠના રાસની રચના કરું છું. ...૪

ઢાળ : ૧

હવે કયવન્નાનો રાસ ગાઈશ. તે પૂર્વે તેના આગલા ભવ ઉપર પ્રકાશ પાડું છું; જે શ્રવણ કરતાં ભવ્ય જીવોને અત્યંત હર્ષોલ્લાસ થશે. ...૫

મગધદેશની જ્યાં **રાજગૃહી નગરી** છે, ત્યાં એક **નેસડા** (ભરવાડોએ બાંધેલું ગામ)માં એક આહીર (રબારી) રહેતો હતો. ...૬

આ આહીરનું નામ **ગોવાલ** હતું. તેના ઘરમાં **ગંગા** નામની એક સુંદર પત્ની (સ્ત્રી) હતી. આહીરે ઘણું દ્રવ્ય ખર્ચી પોતાનું ઘર બનાવ્યું હતું. ...૭

આ આહીરના ઘરે ગાય, ભેંસ, બકરી, ઘોડા, બળદ ઈત્યાદિ પશુઓના ઘણાં જોડલાં હતાં. વળી તેના ઘરે ઘણા દાસ-દાસીઓ અને દોકડા (તે સમયનું ધન) હતા. ...૮

આહીરને ત્યાં ઘણાં પશુઓ હોવાથી બહોળા પ્રમાણમાં ઘૃત (ઘી) એકઠું થતું. તે ઘૃત શ્રીપતિ નામના વણિકને વેચતો હતો અને બદલામાં વણિક પાસેથી ધન મેળવતો હતો. ...૯

એક દિવસ હાથમાં ઘીના ઘડા ઉપાડી ગંગા આહીરાણી પ્રભાતના સમયે પોતાની દાસીને સાથે લઈને રાજગૃહી નગરીમાં જવા નીકળી. ...૧૦

ઢાળ : ૨

ગંગા આહીરાણી રાજગૃહી નગરીમાં આવી સૌ પ્રથમ **શ્રીપતિ શેઠ**ની દુકાને ગઈ. જ્યારે તેણે શ્રીપતિ શેઠને ન જોયો ત્યારે પાડોશીની દુકાને પૂછ્યું. ...૧૧

(પાડોશીએ કહ્યું) ''જિનમંદિરમાં જિનપૂજા કરવા ગયા છે. લોકોને વાટ જોવડાવવાની શેઠની ખરાબ આદત છે. બહેન ! શ્રીપતિ શેઠ આજે આવે તેવું જણાતું નથી. નાહક વાટ ન જુઓ. તમારું કોઈ કાર્ય પૂર્ણ નહીં થાય.'' ...૧૨

'પાડો (અનિષ્ટ), પંડિત, નોકરાણી, દુકાનદાર, પાડોશી, મીંઢો, કુસ્તીબાજ (મલ્લ) અને ભિખારીને પરસ્પર ખાર (દ્વેષ) હોય છે.' ...૧૩

સ્વગત એવું વિચારી ગંગા ત્યાંથી ચાલી નીકળી. તે જિનમંદિરમાં આવી પરંતુ તેણે શેઠનું જુદું જ રૂપ જોયું. આજે શેઠ ઓળખાતા ન હતા. તેમણે રેશમી વસ્ત્ર, નવસરો હાર, સુવર્ણના કંગન અને દશે

આંગળીઓમાં વેઢ (મુદ્રિકા) પહેરેલી હતી. ...૧૪

શેઠે કપાળે મોટું તિલક કર્યું હતું. જાણે પૃથ્વીપતિ (રાજા) ન હોય તેવો શણગાર કર્યો હતો. આમ તો પ્રતિદિન તેઓ નિ:સાર વસ્ત્ર જ પહેરતા હતા. કારણકે ઘીનો વ્યાપાર ચીકણો હોવાથી મેલાઘેલા વસ્ત્રોમાં જ રહેવું પડતું હતું. ...૧૫

તેમનું શરીર ગંધાતું અને મસ્તક મેલું હોવાથી વાસ મારતું. તેથી લોકો તેમનાથી દૂર ભાગતા અને તેમની અવહેલના કરતા. આજે વણિકે ઘિયા (ઘી વેચનારો)નો વેશ ત્યજી શ્રીપતિ શેઠનો સુંદર વેશ ધારણ કર્યો હતો. ...૧૬

શેઠની સુંદર વેશભૂષા અને શણગાર જોઈ ગંગા આહીરાણીનું મન પ્રફુલ્લિત થયું. તેણે શ્રીપતિ શેઠને બોલાવીને કહ્યું, ''શેઠજી! ઘણા દિવસથી મારી પાસે જે ઘૃત છે, તે આવીને તોલી (વજન કરી) લઈ ત્યો.'' ...૧૭

આહીરાણીની વાત આસપાસમાં રહેલા બીજા શ્રાવકોએ સાંભળી, ત્યારે તેઓ શ્રીપતિ શેઠને ઠપકો (ટીકા-નિંદા) આપવા લાગ્યા. ''અરે શેઠજી! (તમે શ્રાવક થઈને) ઘીનો પાપમય વ્યાપાર કરો છો? માખણને અગ્નિએ ચડાવતાં અનંત જીવોનો સંહાર થાય છે. (તેની ખબર નથી?)'' ...૧૮

શ્રીપતિ શેઠ આ સાંભળી મનમાં લજ્જિત થયા. તેમણે આહીરાણીને ઠપકો આપતાં કહ્યું, ''રે બાઈ! તું અહીં શા માટે આવી છે? આ સર્વ શ્રાવકો મારી અવહેલના કરે છે.'' ...૧૯

ગોવાલણી (આહીરાણી)એ કહ્યું, ''સારું થયું, હું આવી તો મારું કાર્ય પણ થયું અને મેં દેવાધિદેવ જિનેશ્વર દેવને જોયા. તેમના દર્શન કરી, પૂજન-વંદન કરતાં મારું હૈયું પુલકિત થયું છે. ...૨૦

શેઠજી! આ જિનેશ્વર દેવનું પૂજન કરવાથી શું લાભ થાય?'' શ્રીપતિ શેઠે કહ્યું, ''હે બહેન! આ જિનદેવનું પૂજન કરવાથી યશ-કીર્તિ-પ્રતિષ્ઠા વધે છે. ઘરસંસાર વૃદ્ધિ પામે છે. વળી, પ્રભુભક્તિ કરવાથી પુત્ર સુખ મળે છે.'' ...૨૧

આહીરાણીએ વિસ્મિત થઈ કહ્યું, ''જો જિનદેવ પૂજવાથી પુત્ર મળે તો તો હું અવશ્ય અદ્‌ભુત જિનપૂજા કરીશ. હું ચોક્ખા ઘીના ઘણાં દીવાઓ કરીશ અને નિત્ય જિનના જાપ કરીશ.'' ...૨૨

આ પ્રમાણે કહી આહીરાણી તૂપ (ઘી) આપી ચાલી ગઈ. (સમય જતાં) પુન્યના યોગે તેણે એક સુંદર બાળકને જન્મ આપ્યો. તેનું નામ **ગંગીયો** (પોતાના નામ ઉપરથી) પાડયું. તે બીજના ચંદ્રની જેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા માંડયો. ...૨૩

ત્યાં અચાનક તેના પિતા ગોવાલ આહીર આ દુનિયા છોડી પરલોકની યાત્રાએ ચાલ્યા ગયા. પિતાના મૃત્યુ પછી તેમની પાછળ લક્ષ્મીએ પણ દેશવટો લીધો. ખરેખર! પુણ્ય ખૂટે ત્યારે ગમે તેટલું રોકવવાં છતાં કોઈ ક્ષણવાર પણ રોકાતું નથી. ...૨૪

દૂહા :૨

ખરેખર! લક્ષ્મી, યૌવન, જૂઠા બોલવાની ટેવવાળો, સમય, સંઘરણી (રોગવાળો), હાથીના કર્ણ અને મૃત્યુ કદી રોક્યાં રોકાતાં નથી. કવિ ઋષભદાસ કહે છે, હે જન સમુદાય! તમે એવું જાણજો. ...૨૫

ઘડપણ, મૃત્યુ, કુભોજન, દારિદ્ર, રોગ, જમાઈ-પુત્રી અને વિઘ્ન અનિચ્છાએ પણ આવે છે તેવું વિદ્વાનો કહે છે. ...૨૬

ઢાળ : ૩

ગંગા આહીરાણીના ઘરે અણધારી આફત આવી પડી. તે પોતાના પુત્રને લઈને નેસડો (નાનું ગામ) છોડી રાજગૃહી નગરીમાં આવી. ... ૨૭

રાજગૃહી નગરીના શ્રીપતિ શેઠને ત્યાં આવી તેણે રડતાં રડતાં કરુણ સ્વરે પોતાની આપવીતી કહી ''શેઠજી ! મારા પતિએ પરલોકમાં પ્રયાણ કર્યું છે. તેમના પગલે પગલે લક્ષ્મીએ પણ વિદાય લીધી છે.... ૨૮

શેઠજી ! દુ:ખની વેળા આવી પડી તેથી હું સહાય માટે તમારી પાસે આવી છું. હું મારા પુત્ર ગંગીયાને પણ સાથે લાવી છું. હે શેઠજી ! (મારા વિપરીત કાળમાં) જો તમે મને સાથ આપો તો હું અહીં રહું. વળી, (આ નગરમાં) અન્ય કોઈનો પરિચય ન હોવાથી મારી દુ:ખભરી કથા કોને કહું ? ... ૨૯

આવા કપરા કાળમાં સ્વજનો ઓળખીતા હોવા છતાં મોં ફેરવી ચાલ્યાં જાય છે. શેઠજી ! આ દરિદ્રતાનો મહિમા અતિ ભૂંડો છે. દુ:ખની વેળાએ સગા પરિવર્તિત થઈ અણસગા (પરાયા) બને છે. ... ૩૦

ખરેખર ! શૂરવીરની કસોટી સંગ્રામ (યુદ્ધ)માં થાય છે. જ્યારે ગઢ (પર્વત પરનો કોટ-કિલ્લો)નું ચણતર થતું હોય ત્યારે હાથીની પરખ થાય છે. હાથ વડે અપાતું હોય ત્યારે દાનની પરીક્ષા થાય છે; તેમ અનાથ સ્થિતિ (નબળી અવસ્થા)માં સ્વજનોની ઓળખ થાય છે.'' ... ૩૧

ગંગાના આવાં દયનીય વચનો સાંભળ્યા ત્યારે શ્રીપતિ શેઠે આર્દ્ર સ્વરે કહ્યું, ''બેન ! તમે અહીં રહી શકો છો પરંતુ તમે ભૂખ્યા રહેશો, જમવાનું નહીં મળે.'' ... ૩૨

ગંગાએ શેઠની વાત કબૂલ કરી. તે પુત્ર સાથે શેઠના ઘરે રહી. હવે પેટ ભરવા માટે ગંગા ઘરનું કામ કરવા લાગી અને ગંગીયો વગડામાં ઢોર ચારવા જતો. આમ, દુ:ખપૂર્વક દિવસો નિર્ગમન થતા હતા. ...૩૩

એકવાર કોઈ પર્વના દિવસે વગડામાં ગોવાળો એકઠાં થયાં. તેઓ ખીરનું ભોજન જમીને તરત જ આવ્યા હતા. સર્વ મિત્રો વગડામાં (વૃક્ષની છાયામાં) બેસી પરસ્પર ખીરની વાતો કરવા લાગ્યા. ત્યારે ગંગીયાને પણ ખીર ખાવાની પ્રબળ ઈચ્છા જન્મી. ... ૩૪

તે જમવાના ટાણે ઘરે આવ્યો, ત્યારે માતાએ તેને ભાણામાં ઠંડી રોટલી આપી. ગંગીયાએ (છણકો કરી) તે રોટલી ન લીધી. તેણે હઠ કરી ઘી અને ખાંડ મિશ્રિત ખીરની માંગણી કરી. ... ૩૫

માતા ત્યારે (ગરીબીના કારણે) ગળગળી થઈ ગઈ. અરે ભૂંડા ! તું અણછાજતું (અકલ્પ્ય) યાચે છે ?'' કર્મની વિચિત્ર કથા જુઓ ! જેના ઘરમાં ગાય-ભેંશ જેવા દૂઝણા ઢોર છે. ... ૩૬

તેઓને દૂધ અને દહીં ભાવતાં નથી, જ્યારે અહીં તો થોડાં પણ દૂધ-દહીં નજરે જોવા મળતાં નથી. સાલસ(રંક) બાળક ખીરના ભોજન માટે રડી રહ્યું હતું. પુત્રના રુદનથી લાચાર માતા આંખમાં અશ્રુ લાવી બાળકને જોઈ રહી. ... ૩૭

માતાએ વાત્સલ્યભર્યા સ્વરે કહ્યું, ''હે પુત્ર ! તું ખીરના ભોજનની ઈચ્છા છોડી દે, હઠ ન કર. હે વત્સ ! તું ગરમ ભોજન પણ કેટલાય દિવસોથી પામ્યો નથી તો ખીરને કેમ સંસ્મૃત કરે છે ?'' ... ૩૮

બાળક ગંગીયો કોઈ રીતે સમજ્યો નહીં. તે જીદે ચડ્યો. ત્યારે કંટાળીને માતાએ લાકડીનો પ્રહાર કર્યો. હવે ગંગીયો વધુ જોરથી રડવા લાગ્યો. ત્યારે ગંગીયાની માતા અત્યંત દુ:ખી થતાં ભાગ્યને ઉપાલંભ આપી બોલી, ''હે દૈવ ! આ બાળકના પિતા મૃત્યુ પામ્યા પણ માતા કેમ ન મરી ગઈ ? ... ૩૯

શું હું આવા દુ:ખભર્યા દિવસો જોવા રહી છું ? હે ભૂંડા દૈવ ! મુજ અબળાને આમ દુ:ખી શા માટે કરે

છે ?'' આ પ્રમાણે કહી ગંગા પ્રારબ્ધને કોશતી દુઃખી થતી રડવા લાગી. પાડોશણ રડવાનો અવાજ સાંભળી બહાર આવી. ...૪૦

બાળકને રડતો જોઈ પાડોશણે ગુસ્સામાં આવી કહ્યું, ''ગંગા ! તારા પુત્ર ગંગીયાને શા મારે છે ? શું ખીર એ સુવર્ણ જેટલી કિંમતી છે ? બાળકની ખીર ખાવાની ઈચ્છા છે, એવું તેં મને કેમ ન જણાવ્યું ?'' ...૪૧

આ પ્રમાણે કહી એક પાડોશણે થાળીમાં ચોખા આપ્યા. બીજી પાડોશણે ઘી આપ્યું. વળી, ત્રીજીએ દૂધની વટલોઈ (તાંબડી) આપી અને ચોથીએ બૂરું ખાંડ આપી. ...૪૨

ખીરને યોગ્ય વસ્તુઓનો સંયોગ થતાં ગંગાએ ખીર બનાવી. ખીર ખાવાની ઉત્કંઠાથી ગંગીયો જમવા બેઠો. થાળીમાં ખીર પીરસી, માતા બહાર (કામ કરવા) ગઈ ત્યારે ગંગીયાને મનમાં એક શુભ વિચાર આવ્યો. ...૪૩

'કોઈ મહાત્મા આવે તો, તેમને આપીને પછી ભોજન કરું.' એવી ઈચ્છા જો મનમાં જન્મે તો તે જીવ ઉત્તમ કાલીન હોય છે. ...૪૪

કોઈ મહાપુણ્યવંત આત્માને સાધુનો યોગ મળે છે. ગંગીયો મહાભાગ્યવાન હતો. તેવા સમયે જ અભિગ્રહધારી, તપસ્વી મુનિરાજ નગરમાં પધાર્યા. તેમને વહોરાવવા તે ઊભો થયો. ...૪૫

તેણે લીટી કરી ચોથા ભાગની ખીર વહોરાવી. ત્યાર પછી તેના ભાવ વૃદ્ધિ પામતાં અડધી ખીર આપી. વળી પાછી ત્રણ ભાગની ખીર આપતાં આપતાં સંપૂર્ણ ખીરની થાળી વહોરાવી દીધી. ...૪૬

ગંગા પોતાનું કાર્ય આટોપી ઘરે પાછી ફરી. ત્યારે તેણે જોયું કે થાળીમાં ખીર ન હતી. માતાએ મનમાં વિચાર્યું, 'પુત્રને કકળીને ભૂખ લાગી હશે તેથી તેણે થોડી વારમાં જ ખીર ખાઈ લીધી છે. ...૪૭

આ પ્રમાણે તે આખો દિવસ ભૂખ્યો રહેતો હશે.' એવું વિચારી માતાએ તોલડીની ખીર થાળીમાં પીરસી. તોલડી ધોઈ ઊંધી પાડી. બાળક થાળીમાં રહેલી ખીરને જીભ વડે ચાટી પ્રેમથી આરોગવા લાગ્યો ત્યારે માતાની મીઠી નજર તેના ઉપર પડી. ...૪૮

માતાની (સ્પૃહાભરી) મીઠી નજર બાળકને લાગી. તે આકુળવ્યાકુળ થયો. તેનું આયુષ્ય પૂર્ણ થયું. રાત્રિના સમયે તે બાળકનું મૃત્યુ થયું. ત્યારે ગંગીયાની માતા કરુણ સ્વરે રુદન કરવા લાગી. ''હે પુત્ર ! તેં ચાંદા ઉપર પ્રહાર કર્યો છે અર્થાત્ દાઝ્યા ઉપર ડામ દીધો છે. (એક તો ગરીબાઈ અને તેમાં જીવનના આધાર સમાન પુત્રનો વિયોગ !) ...૪૯

હે વત્સ ! મારો પિયુ ગયો અને સાથે લક્ષ્મીને પણ લેતો ગયો. પરંતુ હે ગંગીયા ! તું મને છેહ દઈ કેમ ચાલ્યો ગયો ? હવે(ઘડપણમાં) મારો જીવન આધાર કોણ થાશે ? દેવકુમાર જેવો રૂડો રૂપાળો મારો ગંગીયો મૃત્યુ પામ્યો. ...૫૦

(માતા વલોતપાત કરવા લાગી) મેં પૂર્વે કેવાં પાપકર્મો કર્યા હશે ? શું મેં કોઈ સાધુને સંતાપ આપ્યો હશે ? મેં મનુષ્ય, સ્ત્રી, ગાય જેવાં પ્રાણીઓ માર્યા હશે ? તેથી આ ભવમાં કર્મસત્તા વડે મારો પુત્ર ગંગીયો મારાથી છિનવાઈ ગયો.'' ...૫૧

દુહા : ૩

ગંગીયો મૃત્યુ પામી પરલોકમાં ઉત્તમ કુળ (યોની)માં ઉત્પન્ન થયો. દાન ધર્મના કારણે તે સુંદર રમણીઓ, રાજ્ય અને સંપત્તિ પામ્યો. ...૫૨

રાજગૃહી નામની અનુપમ નગરી હતી. જ્યાં **શ્રેણિક** નામના (ન્યાયસંપન્ન) રાજા રાજ્ય કરતા હતા. તે નગરીમાં એક ધનાઢય શેઠ રહેતા હતા. જેમનું નામ **ધનાવાહ શેઠ** હતું. ...૫૩

ઢાળ : ૪

ધનાવાહ શેઠની અત્યંત સ્વરૂપવાન વનિતા હતી, જેનું નામ **સુભદ્રા** હતું. આ દંપતીના પુત્રનું નામ **કયવન્ના કુમાર** હતું. ...૫૪

જ્યારે કયવન્નાનો જન્મ થયો ત્યારે શેઠે ધામધૂમપૂર્વક જન્મોત્સવ મનાવ્યો. દ્વાર ઉપર તોરણ અને કંકુવાળા થાપા કર્યા. ...૫૫

તે સમયે વિવિધ પ્રકારના નાટક-અભિનય થયા. ધનાવાહ શેઠે ગરીબોને દાન આપ્યું. સ્વજનોએ બાળકના ઓવારણાં (દુઃખ વિારણ કરવા અપાતા આશીર્વાદની રીત)લીધાં. ...૫૬

આ બાળકનું નામ **કૃતપુણ્ય** પાડયું. તે બાળક રૂપ રૂપના અંબાર સમો હતો. તેનાં દર્શનથી સહજ રીતે બધાને તેના પ્રત્યે પ્રેમ ઉભરાતો. ...૫૭

તેના શરીર પર રેશમી કિંમતી વસ્ત્રો હતાં. વળી, તેણે વિવિધ આભૂષણો-ઘરેણાં પહેર્યાં હતાં. તેનું મુખ પૂનમના ચંદ્રમા જેવું ગોળમટોળ હતું. ...૫૮

આ બાળક બત્રીસ લક્ષણથી યુક્ત હતો ; કુશળ કલાવંત હતો. ધનાવાહ શેઠને ત્યાં સૌભાગ્યવાન સંતાન જન્મ્યો હતો. ...૫૯

આ કળિયુગમાં જેટલા માનવીઓ છે તેમાંથી શ્રી મહાવીર સ્વામીના શાસનમાં ચાર ઉત્તમ પુરુષો થયા છે. ...૬૦

રિદ્ધિ-સિદ્ધિના સ્વામી શાલિભદ્ર, બૃદ્ધિનિધાન અભયકુમાર, લબ્ધિધારી ગૌતમ મહામુનિ અને સૌભાગ્યવંત કયવન્ના કુમાર (કૃતપુણ્ય). ...૬૧

આ પુત્ર બીજના ચંદ્રમાની જેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. તેને શાળામાં જ્ઞાનાર્જન માટે મોકલ્યો. તે ભણીને મોટો વિદ્વાન થયો. ...૬૨

ઢાળ : ૫

કૃતપુણ્ય ભણી ગણીને મોટો વિદ્વાન થયો. (તે તત્ત્વજ્ઞાની બન્યો. તેનામાં સાધુ-સજ્જનોની સંગતિ તરફ અભિરુચિ વર્ધમાન બનતી ચાલી.) યૌવન વયે શેઠ-શેઠાણીએ એક સંસ્કારી કન્યા સાથે લગ્ન કર્યા. આ કન્યાનું નામ **સોહાસણિ** હતું. તેને પરણીને કૃતપુણ્ય હવેલીમાં લાવ્યો.

કૃતપુણ્ય અને સોહાસણિ વર-વધૂ બન્યા પરંતુ સંસારથી ઉદાસીનવૃત્તિ સેવતા વૈરાગી કૃતપુણ્યને પોતાની પત્ની પ્રત્યે કોઈ સ્નેહ ન હતો. (કૃતપુણ્યની આંખ સોહાસણિને 'વધૂ' તરીકે સ્વીકારવા તૈયાર ન હતી.) તે કામભોગથી વિરક્ત રહેતો હતો, તેને સંસારીનાં સુખો તુચ્છ (વિષ-ફળ સમાન) લાગતાં હતાં. ...૬૩

એક દિવસ સોહાસણિ જિનમંદિરમાં ગઈ. તેની સુંદર વેશભૂષા, આભૂષણો અને અનુપમ રૂપ જોઈ નગરની સ્ત્રીઓએ પ્રશંસા કરતાં કહ્યું, ''ધન્ય છે તને ! જેને ધનેશ્વર શ્રેષ્ઠી જેવો સસરો, સુભદ્રા જેવી સદ્‌ગુણી સાસુ અને મહાભાગ્યવાન કામાસક્ત કૃતપુણ્ય જેવો ભરથાર મળ્યો છે.'' ...૬૪

આ સાંભળી સોહાસણિએ કહ્યું, ''બહેનો ! તમે શું જાણો ? ધનેશ્વર સસરા અને સુભદ્રા સાસુ ભલા છે. પરંતુ મારા ભરથાર કૃતપુણ્યમાં કોઈ ચતુરાઈ નથી. તે સંસારની ગતિને (લગ્ન વેલડીના ફળને)

સમજતા નથી. આવા નિર્મોહી પતિથી શું સરે ? શાલ્મલિ વૃક્ષ દેખાવમાં સુંદર છે પરંતુ તેની પાસેથી શું પ્રાપ્ત થાય ?'' ...૬૫

નગરજનો છડે ચોક વાતો કરતા હતા. આ વાત સુભદ્રા સાસુના કાને પહોંચી. તેમણે પતિને કહ્યું, ''આપણો પુત્ર કયવન્નો સંસારના ભોગવિલાસને જાણતો નથી.'' ધનેશ્વર શેઠે (વિલંબ કર્યા વિના) આ વાત હૈયે ધરી. તેમણે વિચાર કરીને તરત જ મિત્રોને તેડાવ્યા. તેમણે ઘરમાંથી ત્રણ રત્નો લાવી મિત્રની પછેડીના છેડે બાંધ્યા. ...૬૬

(લોક લજ્જા અને કુળની કીર્તિને પગની એડી નીચે ચગદીને મિત્રને કહ્યું) ''મિત્રો ! આપણા રાજ્યની નર્તકી (ગણિકા) **મદનમંજરી**ને ત્યાં જઈ તેને આ ત્રણ રત્ન આપજો અને કૃતપુણ્યને સંસારના પાઠ ભણાવવા ત્યાં મૂકી આવજો. મદનમંદરી તેનું જતન કરશે. મદનમંજરી પાસેથી પુરુષની બહોતેર (૭૨) કળાઓ તે શીખશે. વળી, તે સર્વ કળાઓમાં પ્રવીણતા મેળવશે. મદનમંજરી દ્વારા મારો સુકુલીન પુત્ર કામયોગ સાધશે તેથી મારી સર્વ કામનાઓ પૂર્ણ થશે. ...૬૭

મિત્રો રાજગૃહીની પ્રખ્યાત ગણિકાના ઘરે આવ્યા. તેની સાથે કૃતપુણ્ય પણ હતો. તેમણે કૃતપુણ્યને મદનમંજરી ગણિકાના હાથમાં સોંપ્યો. ગણિકાના રંગભવનમાં સર્વ બેઠા. તેઓ ફળ, મેવા-મીઠાઈ ખાઈ રહ્યાં હતાં. ત્યાં એક મિત્ર 'ચાવી'નું બહાનું કરી ઉઠીને બહાર ચાલ્યો ગયો. ...૬૮

બીજા મિત્રએ ઉઠતાં કહ્યું, ''હું લઘુશંકાનું નિવારણ કરી આવું છું.'' ત્રીજા મિત્રએ કહ્યું, ''હું દુકાનના દ્વાર સંભાળવા જાઉં છું.'' ચોથા મિત્રએ કહ્યું, ''અરે ! બધા ક્યાં ચાલ્યા ગયા ? હું તેમને જોઈ આવું.'' એમ કહી એક પછી એક બધા કૃતપુણ્યને ગણિકા પાસે એકલો મૂકી ચાલ્યા ગયા. ...૬૯

ઢાળ : ૬

કૃતપુણ્ય ગણિકાના આવાસે મદનમંજરી સાથે ભોગસુખ ભોગવતો દિવસો પસાર કરવા લાગ્યો. તે ગણિકા સાથે સુવર્ણના સોગઠાથી સોગઠાબાજી રમતો, મનગમતાં રસભર્યા માદક આહાર આરોગતો અને મખમલી સુવર્ણ શય્યા પર પોઢતો. ...૭૦

મદનમંજરી ગણિકાનો આવાસ સાત માળનો હતો. આ સુવર્ણ મહેલના સાતમે માળે કૃતપુણ્યનું રહેઠાણ હતું. દાસ-દાસીઓ આજ્ઞામાં સજ્જ રહેતા. અહીં તેના મનની દરેક ઈચ્છાઓની પૂર્તિ થતી. ...૭૧

કૃતપુણ્ય પ્રતિદિન સુંદર વસ્ત્રો પહેરતો. ગળામાં રત્નનો હાર ધારણ કરતો. જાણે ઈન્દ્રનો અવતાર ન હોય ! તેની આસપાસ સુખનો સમુદ્ર ઉછળી રહ્યો હતો. ...૭૨

(કૃતપુણ્ય રંગરાગમાં ચકનાચૂર બન્યો.) મદનમંજરી વીણા વગાડતી. તે ભૈરવી નામનો પાંચમો રાગ છેડતી. ગણિકા પ્રભાતના સમયે ઉઠીને દેશાખ રાગ વગાડતી. ...૭૩

ટોડી (ત્રોટક), ગુજરી, નટ, ભૂપાલી અને સારીગમ રાગિણી સાંભળતાં કૃતપુણ્ય પ્રસન્ન થતો. વસંત, શામેરી સુકોમળ રાગ છે. વળી, ગણિકા સંધ્યાકાળે કેદારો રાગ વગાડતી. ...૭૪

સિંધૂ, સોરઠી, કેદારો, ગોડી જેવાં રાગ સાંભળી ખુશ થઈ કૃતપુણ્ય બે હાથ જોડી ગણિકાનું અભિવાદન કરતો. આ ઉપરાંત મારુ, માલવ, ગોડી, મલ્હાર, રામગિરિ જેવા ઘણાં સુંદર રાગોમાં ગણિકા ગીત ગાતી. સબાપ, ધોરણી અને કાફીરા રાગનાં રસીયા તે રાગથી ખીચડી બાફતા. ...૭૫

આસાવરી, તેમજ શ્રીરાગ ગવાતાં જે સાંભળીને વાસિગ જાતિના નાગ પણ ડોલી ઉઠતાં. ...૭૬

આસાવરી, સિંધુડો, કલ્યાણ જેવા રાગો ઢોલ કે ભેરી જેવા વાદ્યમાં સાંભળી શૌર્ય પ્રજાળી ઉઠતું. પરદો, પરજીઓ, હુસેની રાગ જેની બુદ્ધિ તીવ્ર હોય તે જ સમજી શકે છે. ...૭૭

જેજેવંતી અને મેવડો રાગ સાંભળીને દેવલોકના દેવ પણ કામભોગમાં ગાઢ બને છે. વેરાડી અને ગાંધાર રાગને જે માનવ સમજી શકે તે નર બુદ્ધિશાળી ગણાય છે. ...૭૮

વૃંદાવની અને સારંગ રાગ જ્યારે વગાડે ત્યારે મૂર્ખ માનવ પણ માથું ધુણાવવા લાગે છે. અનલા, ગોડી, મેઘ, મલ્હારો, અધૂરસ, પરજીઓ જેવા કેટલાય વિવિધ રાગો છે. ...૭૯

ઉપરોક્ત રાગો ઉપરાંત મદનમંજરી ગણિકા બીજા કેટલાય રાગો વીણાના સૂરથી છેડતી હતી. મદનમંજરીનું સૌંદર્યવાન મુખડું જોઈ ચંદ્ર પણ મૃત્યુલોકની ઉપેક્ષા કરી ચાલ્યો ગયો હતો. ...૮૦

મદનમંજરીના મસ્તકે કાળો ભમ્મર લાંબો ચોટલો છે, જેને જોઈને નાગ પણ શરમથી પાતાળ લોકમાં ચાલ્યો ગયો. તેના બન્ને કાનમાં ઝાલિ છે, જે સૂર્યમંડળની જેમ ચમકે છે. ...૮૧

તેની અણિયાળી આંખો મૃગ જેવી ચપળ છે. તેના ગાલમાં ખંજન પડે છે. તેની નાસિકા પોપટની ચાંચ જેવી અણિયાળી છે. તેના હોઠ પરવાળા જેવા પાતળા અને ચણોઠી જેવા લાલ છે. ...૮૨

તેની નિર્મળ દંતપંક્તિ છે. તે મધુર વાણી બોલે છે. તેનું રૂપ નાગકુમારી કે રંભાની તોલે ન આવે. તેના ગળામાં સુવર્ણનો હાર છે. તેની બાંયે બાજુબંધ બેરખાં છે. ...૮૩

તેના પયોધર સુવર્ણ કુંભ જેવા શોભે છે. કામી પુરુષો તેને એકીટશે જુએ છે. તેણે બત્રીસ દોરી વાળું કંચુક પહેર્યું છે. કૃતપુણ્ય તેને રસીક બની મોહક ભાવે જોઈ રહ્યો. ...૮૪

તેની ભુજા જાણે કમળની લાંબી નાળ ન હોય ! તેણે હાથમાં સુવર્ણની ચૂડીઓ પહેરી છે. ચિત્તાની કેડ જેવી તેની કેડનો વળાંક છે. કેળના સ્તંભ જેવી તેની બે પાતળી સાથળો છે.(જાણે રંભાને જોઈ લ્યો !) ...૮૫

મદનમંજરીએ કુંજ વસ્ત્રો પહેર્યાં હતાં. જેમાં મોર, હંસ અને પોપટના ચિત્રો આલેખાયાં હતાં. તે ગજગતિએ (હાથીની જેવી ડોલતી અને મગરૂર ચાલે) ચાલતી ત્યારે શોભી ઉઠતી. તેના પગમાં પહેરેલાં કનકનાં પાયલ ગુંજી ઉઠતા. ...૮૬

તેના પગનાં તળીયા અને નખ લાલ રંગના હતા. તેના રૂપને જોઈ માર્ગ પર જતાં પશુ (મૃગ)ઓ પણ મોહિત થતાં. (કૃતપુણ્ય અને મદનમંજરી બન્ને કામદેવ અને રતિ જેવાં સુંદર હતાં) ભાગ્યવશ બન્નેની સરખે સરખી જોડી મળી હતી. મદનમંજરી કૃતપુણ્ય સાથે ભોગવિલાસ કરવા લાગી. ...૮૭

કૃતપુણ્ય અતિશય સુખ ભોગવી રહ્યો હતો. ખરેખર ! હાથ દ્વારા અપાયેલું દાન વ્યર્થ જતું નથી. જે આપ્યા વિના ઘણું મેળવવાની ઈચ્છા કરે છે, તે એક લંગોટી પણ મેળવી શકતો નથી. ...૮૮

આપ્યા વિના અધિક સુખ ક્યાંથી મળે ? દાનથી જ સ્ત્રી, સંપત્તિ અને પશુધન મળે છે. દાનથી જ કૃતપુણ્ય દેવ બન્યો અને દાનથી જ સંપૂર્ણ સુખ ભોગ પામ્યો. ...૮૯

આ જગતમાં પાંચ પ્રકારના દાન કહ્યા છે. અભયદાન, સુપાત્રદાન અપાર છે. આ બે દાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે અથવા દેવગતિ કે મનુષ્યગતિ પ્રાપ્ત થાય છે. ...૯૦

ઉચિતદાન, અનુકંપાદાન અને કીર્તિદાન આપતાં જીવને ભોગોપભોગનાં સાધનો અને સંપત્તિ મળે છે. વળી, જે વ્યક્તિ હર્ષપૂર્વક (ઉલ્લાસથી) દાન આપે છે તે પરંપરાગત મુક્તિ લક્ષ્મીને પામે છે. ...૯૧

જે દાન આપતો નથી તેને ઉપરોક્ત સર્વ દુર્લભ બને છે. દરિદ્રપણું તેની પાછળ પાછળ ચાલે છે. તેનાં શરીરમાં રેવણી નામનો રોગ થાય છે. (દુર્ગંધના કારણે)કોઈ તેની સાથે બેસતું નથી. ...૯૨

દાન આપનાર જગતમાં યશ-કીર્તિ-પ્રતિષ્ઠા મેળવે છે. અર્થાત્ અપજશ દૂર થાય છે. તે જીવની આગળ કોઈ વસ્તુ દુર્લભ ન થાય. જે દાન આપે તથા બીજાને દાન આપવાની પ્રેરણા કરે છે તે કૃતપુણ્યની જેમ સુખી થાય છે. ...૯૩

દુહા : ૪

કૃતપુણ્ય પાંચે ઈન્દ્રિયોના સંપૂર્ણ સુખો ભોગવતો હતો. મદનમંજરી ગણિકાને ત્યાં ભોગવિલાસમાં અનુક્રમે બાર વરસ પસાર થયા. ...૯૪

ઢાળ : ૭

આ બાર વર્ષની સમયાવધિમાં બાર ક્રોડ સોનામહોરો ગણિકાના મહેલમાં ઠલવાણી. ...૯૫

ધનેશ્વર શેઠ અને સુભદ્ર શેઠાણીનો સ્વર્ગવાસ થયો. હવે હવેલીમાં માત્ર એકલી સોહાસણિ જ રહેતી હતી. ...૯૬

હવેલીમાં રહેલું ધન ગણિકાના આવાસે ચાલ્યું ગયું. મા-બાપ પણ દુનિયા છોડીને ચાલ્યા ગયા, ત્યારે સુહાસણિએ (ઘરસંસાર ચલાવવા) રેંટિયા વડે કાંતવાનું પ્રારંભ કર્યું. ...૯૭

કહ્યું છે કે -સર્વ દિવસો એક સમાન નથી જતા. સૂર્ય અને ચંદ્રની કળા પણ વધઘટ થાય છે. પાંચે પાંડવો હસ્તિનાપુર છોડી વનમાં ભમવા લાગ્યા. ...૯૮

લક્ષ્મી અસ્થિર-ચંચળ છે તેવું જાણી ચતુર માનવ ભૂલ કરતા નથી. અવસર આવે ત્યારે અવશ્ય પુણ્ય ઉપાર્જન કરે છે. ...૯૯

જે સમયે પુણ્ય ખૂટ્યું ત્યારે ધનેશ્વર શેઠ અને સુભદ્રા શેઠાણી પરલોક ચાલ્યા ગયા. હવેલીમાં રહેલી સુહાસિણી 'વધૂ' ઝૂરણા કરવા લાગી. ...૧૦૦

(બીજી બાજુ પૂર્વક્રમ અનુસાર) વેશ્યાએ પોતાની દાસીને સુવર્ણ લેવાના બહાને ધનેશ્વર શેઠના ઘરે મોકલી. દાસી શેઠની હવેલી પાસે આવી. ...૧૦૧

તેણે જોયું કે ધનેશ્વર શેઠની હવેલી સૂમસામ થઈ ગઈ છે. ત્યાં કોઈ ચહલપહલ દેખાતી નથી. (એક ખૂણામાં) એક સ્ત્રી બેઠી હતી, જે રેંટિયા (ચરખા) વડે રૂ કાંતતી હતી. ...૧૦૨

સોહાસણિએ તે દાસીને જોઈ. તે તરત જ ઓળખી ગઈ. તેણે તેને અંદર બોલાવી પૂછ્યું, ''કહે તું અહીં શા માટે આવી છે ?'' ...૧૦૩

દાસીએ કહ્યું, ''હું ધન લેવા માટે આવી છું. મને ગણિકાએ મોકલી છે. પરંતુ અહીં તો માલ મિલકત હોય તેવું નજરે ચડતું નથી.'' ...૧૦૪

સોહાસણિ ઉત્તમ કુળની કન્યા હતી. તેણે વિચાર્યું, 'જો હું ધન નહીં આપું તો રખે ગણિકા તેને હડધૂત કરી દુઃખ પહોંચાડે !' ...૧૦૫

સોહાસણિએ પતિના સુખ માટે એક ટોપલીમાં પોતાના આભૂષણો ભર્યા. તેના ઉપર તેણે રૂની પૂણી (કાંતવા માટે પીંજેલા રૂનો વણીને બનાવેલો લાંબો ગોળ આકાર) મૂકી. ...૧૦૬

સોહાસણિએ ટોપલી દાસીના હાથમાં આપી. દાસી લઈને ચાલતી થઈ. તેણે આવીને અક્કા (ગણિકાની માતા)ના હાથમાં ટોપલી આપી. ...૧૦૭

ગણિકાએ જ્યારે પૂણી જોઈ ત્યારે (લમણે હાથ દઈ) વિચાર્યું, 'કૃતપુણ્ય હવે નિર્ધન બન્યો છે.' ...૧૦૮

અક્કાએ તરત જ મદનમંજરી નામની ગણિકાને બોલાવીને કહ્યું, ''કૃતપુણ્યની હવે હકાલપટ્ટી(વિદાય) કરો. (તેના ઘરેથી હવે કુટી બદામ પણ મળે એમ નથી.) ...૧૦૯

(મદનમંજરી કૃતપુણ્યને અંતરથી ચાહતી હતી) ગણિકાએ કહ્યું, ''દેવકુમાર જેવા (ભોળા, ભદ્રિક) કૃતપુણ્યને હું નહીં છોડી શકું. અક્કા ! આપણે કૃતપુણ્યના ઘરનું ઘણું ધન મેળવ્યું છે. (પૂર્વે કૃતપુણ્યના પિતાએ ઘર ખાલી કરી આપણને ઘણી સુવર્ણમુદ્રાઓ આપી છે.)'' ...૧૧૦

અક્કાએ કાનભંભેરણી(ઊંધી દોરવણી) કરતાં કહ્યું, ''બેટી ! શેરડીમાંથી ગળપણ ચૂંસી લઈ તેનો નીરસ બનેલો કૂચો ફેંકી જ દેવાય છે.(કૂચાનું સ્થાન કચરાપેટી જ હોય !) ...૧૧૧

પુત્રી ! નિર્ધન એ એક પ્રકારનો સાપ છે. સાપને ઘરમાં ન રખાય. સાપને ઘરમાં સંગ્રહવાથી કદી લાભ ન થાય. તે જતાં જતાં પણ એક-બે જણને અવશ્ય કરડીને પછી જ જાય. ...૧૧૨

વળી, હે દીકરી ! હંસ હંમેશા સુકાયેલા તળાવનો ત્યાગ કરે છે. બાખડ ઢોર (વિયાયાને ઘણો સમય થઈ જવાથી દૂધ આપવાનું બંધ થઈ ગયું હોય તેવી ગાય-ભેંસ આદિ)ને પોતાના આંગણામાં કયો ગૃહસ્થ બાંધી રાખે ? કહે જોઉં.'' ...૧૧૩

મદનમંજરીએ અક્કાને (દાણો દબાવી જોવા) ઉત્તર આપતાં કહ્યું, ''માતાજી ! તમે સાંભળો. સારસ નામનું પક્ષી ભલે સરોવર સુકાઈ જવાથી તેનો ત્યાગ કરે છે. ...૧૧૪

પરંતુ સરોવરની પાળ (કિનાર) કદી છોડતો નથી, પછી ભલે સરોવર નિર્જળ બને. ખરેખર ! ઉત્તમ પુરુષો સ્વીકારેલ (સગપણ-સંબંધ) વસ્તુ કદી છોડતાં નથી.'' ...૧૧૫

મદનમંજરીના વેણ સાંભળી અક્કા ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. ''નાદાન છોકરી ! તું ગણિકા ધર્મના મર્મને જાણતી નથી.'' એમ કહી પગ પછાડતી ત્યાંથી ઉઠીને ચાલી ગઈ....૧૧૬

(અક્કા કૃતપુણ્યને માનભંગ-હડધૂત કરી કાઢવાનો અવસર શોધવા લાગી.) ગણિકા મહેલના સાતમે માળે ગઈ, જ્યાં કૃતપુણ્ય સૂતો હતો. અક્કાએ કઠોર બની તેને ઉઠાડતાં કહ્યું, ''કૃતપુણ્ય ! પાટ, ઢોલીયા (ખાટલા) આદિની સફાઇ કરવી છે.'' ...૧૧૭

ભોળો કૃતપુણ્ય છઠ્ઠા માળે આવ્યો . તે સમયે ગણિકાએ જાણી જોઈને ચંદરવો છોડી, જોરથી ઝાટક્યો. ચંદરવો રજથી ભરેલો હતો, તેથી પુષ્કળ પ્રમાણમાં ખેહ (ધૂળ) ઉડી. ...૧૧૮

કૃતપુણ્ય ત્યાં ઊભો ન રહી શક્યો, તે તરત જ નીચે ઉતરી પાંચમી મંજિલે આવ્યો. ત્યારે ત્યાં રહેલી ગણિકાએ શેત્રંજી(જાજમ) ઝાટકવાની શરૂઆત કરી. હવે, ભાભો કૃતપુણ્ય ચોથા મજલે આવ્યો...૧૧૯

ત્યાં રહેલી ગણિકાએ દિવાલો સાફ કરવાનો દેખાવ કર્યો. સાલસ કૃતપુણ્ય ત્યાંથી પણ નીચે ઉતર્યો. તે ત્રીજા માળે આવ્યો. ...૧૨૦

ત્યારે ગણિકાએ પરસાળ ધોવાનું શરૂ કર્યું. ભલો કૃતપુણ્ય ત્યાંથી નીસરી ગણિકા મહેલની બીજી મંજિલે આવ્યો. ...૧૨૧

ત્યારે ત્યાં ગણિકા કપડાં ધોતી હતી. તે કૃતપુણ્યને જોઈ વકતાથી પાણી ઉડાવવા લાગી. ત્યારે નરમ સ્વભાવનો કૃતપુણ્ય ત્યાંથી નીચે ઉતર્યો. ...૧૨૨

તેણે ઘણાં આભૂષણો પહેર્યા હતાં. વળી, સુંદર વસ્ત્રો પરિધાન કર્યા હોવાથી દીપતો હતો. તેને જોઈને કપટી અક્કાએ કહ્યું. ...૧૨૩

''હે સ્વામી ! અહીં સરોવર પાસે બેસો. હું તમને સ્નાન કરાવું.'' ત્યારે દાસી વસ્ત્રો, આભૂષણ

લઈને આવી. ...૧૨૪

ગણિકાએ કૃતપુણ્યને નવડાવ્યો. નાહીને ચોક્ખો થયેલો કૃતપુણ્ય ઊભો થયો ત્યાં પ્રપંચી અક્કાના શિખવેલા પાઠ અનુસાર દાસીએ પુષ્કળ પ્રમાણમાં રજ (ધૂળ) ઉડાડી. ...૧૨૫

કૃતપુણ્યને અત્યંત રોષ ઉત્પન્ન થયો. ''ભૂંડી ! આ શું કરે છે ? હું ઊભો છું તે દેખાતું નથી ?''૧૨૬

દાસીએ (મશ્કરી કરતાં કટાક્ષમાં) કહ્યું, ''અરે ભૂંડા ! ધૂળ છે તો ધૂળના ભયથી ભાગ. અહીં શું જોઈને ઊભો છે ?'' ...૧૨૭

કૃતપુણ્યની આંખ ઉઘડી ગઈ. 'અરે! મને અહીંથી હડધૂત કરી દૂર કરવાની આ વિધિ (કારસ્તાન) છે. હાડકાને હવે શું વળગવું ?' (સ્વાર્થ સર્યો એટલે વૈદ્ય વેરી થયો. નિર્ધનને શું સાચવવો ?). ૧૨૮

સરળ કૃતપુણ્યે (ચિંતાગ્રસ્ત ચહેરે) મનમાં નિસાસો નાખતાં ગણિકાના મહેલનો ત્યાગ કરી પોતાના ઘર તરફ જવા પ્રયાણ કર્યું. ...૧૨૯

(બાર બાર વરસ સુધી ગણિકાના આવાસે રહી મહેફિલ માણી, તે દુનિયાને ભૂલી ગયો હતો. તે કિં કર્તવ્યમૂઢ બની વિચારી રહ્યો ; આખરે ઘરતીનો છેડો ઘર જ છે.) તેને આખી દુનિયા નવી લાગતી હતી. તેને પોતાની હવેલી મળતી ન હતી. તેનું મન અત્યંત લજ્જા અનુભવતું હતું. (માતા-પિતા કે પત્નીને મોં બતાવવાની લાયકાત ન હતી.) કવિ ઋષભદાસ કહે છે કે, ''કૃતપુણ્ય વેશ્યાવાસ છોડી પુનઃ પોતાના આવાસે આવ્યો. ...૧૩૦

દુહા : ૫

કૃતપુણ્ય જેમ તેમ કરી હવેલી પાસે આવ્યો. હવેલીની બારીમાં મોઢું નાખી અંદર નજર કરી. તેના કરમાઈ ગયેલા, ઉદાસ ચહેરાને જોઈ રેંટિયો ચલાવતી સોહાસણિએ તેને ઓળખી લીધો. તે તરત જ ઊભી થઈ. ...૧૩૧

ઢાળ : ૮

સોહાસણિએ અહોભાવ સાથે પતિને ઘરમાં બોલાવ્યા. ''હે સ્વામીનાથ ! શું જુઓ છો ?'' કૃતપુણ્યએ કહ્યું, ''હે કાંતા ! આ હવેલીમાં ધનેશ્વર શેઠ, જે લીલ વિલાસ કરતાં હતાં તે આજે કેમ દેખાતાં નથી ?'' ...૧૩૨

''હે પ્રાણનાથ ! તમારા માતા-પિતા તો સ્વર્ગવાસી થયા છે. તેઓ પરલોકમાં ચાલ્યા ગયા છે. તેમને યાદ કરી તમે દિલગીર ન થાવ.'' કૃતપુણ્યના અંતરમાં રહેલાં દુઃખો આંસુના પ્રવાહ સાથે વહેવા લાગ્યાં. (સોહાસણિએ રુદનને રોકવાનો પ્રયાસ ન કર્યો. કૃતપુણ્યનું હૈયું હળવું ફૂલ જેવું બન્યું.) ત્યાર પછી તેણે જળ વડે સ્નાન કર્યું. ...૧૩૩

સોહાસણિએ પ્રેમપૂર્વક પતિની સેવા કરી. તેણે પહેરવા માટે વસ્ત્રો આપ્યાં. એક દિવસ કૃતપુણ્ય પોતાની સહધર્મચારિણી સાથે બેઠો હતો. હાથમાં પારણું ઝાલેલું હતું. ...૧૩૪

સોહાસણિએ કહ્યું, ''હે સ્વામિનાથ ! આપણે હવે બે માંથી ત્રણ થશું. ત્યારે પેટ ભરવા માટે કંઈક જોગવાઈ કરો.'' કૃતપુણ્યએ કહ્યું, ''કાંતા ! મને તો કંઈ સૂઝતું નથી. મેં કદી કોઈ વ્યાપાર કર્યો નથી.'' ...૧૩૫

સોહાસણિએ કહ્યું, ''નાથ ! તમે વ્યાપાર કરવા પરદેશ જાવ. અહીંથી એક **સાર્થવાહ** ઘણા માણસો સાથે પરદેશ જવાનો છે. જે તમારા પિતાનો ભાઈબંધ હોવાથી તમારી સારી રીતે સરભરા(મદદ) કરશે.''.૧૩૬

(પરદેશમાં વેપાર કરવા માટે ધનની આવશ્યકતા પડતાં) કૃતપુણ્યે પોતાની હવેલીના બે ખંડ

અડાણે (ગીરવે) મૂક્યા. તેનું જે ધન મળ્યું તેને સુરક્ષા હેતુ એક વાંસળી (રૂપિયા ભરવાની લાંબી સાંકળી કોથળી)માં મૂક્યું. સોહાસણિએ પ્રવાસમાં જતાં પતિને એક કોથળીમાં દાળ, ચોખા, લોટ અને લાડુ ભરીને ભાતું આપ્યું. ...૧૩૭

સોહાસણિ પોતાના પતિને વહાણ (બાલઈદ)માં મૂકવા ગઈ. તેણે સાર્થવાહ સાથે પોતાના પતિનો મેળાપ કરાવી ભલામણ કરતાં કહ્યું, ''કાકાજી! તમારો ભત્રીજો પરદેશથી અજાણ છે. તેમને સંભાળીને લઈ જજો. ...૧૩૮

વેપાર-વણજ કરવામાં સુવિધા પૂરી પાડી લાભ થાય તેવું કરજો. તેમને તમારા હાથમાં સોપું છું. જન્મથી સુખમાં ઉછર્યા હોવાથી દુનિયાદારીની કોઈ સમજ નથી. તેમને સ્નેહભરી નજરે નિહાળજો. (તેમના ઉપર કૃપાદષ્ટિ રાખજો.)'' ...૧૩૯

સાર્થવાહે (દિલાસો આપતાં) કહ્યું, ''બહેન! સાંભળો, તમારો પતિ એ મારા પુત્ર સમાન છે. (તેની ક્ષેમકુશળતાની જવાબદારીઓ ઉપાડવામાં ઊણો ઉતરીશ નહીં.) વેપાર-વાણિજ્યમાં તેને બમણો-ચાર ગણો લાભ થાય તેવી સુવિધા કરી આપીશ. આ મારો અફર નિર્ણય છે. તેની ખાતરી આપું છું.'' ...૧૪૦

સાર્થવાહના સંતોષકારી વચનો સાંભળી સોહાસણિ (નિશ્ચિંત બની ગઈ) અતિ પ્રસન્ન થઈ. તેણે પોતાના પતિને સાર્થના પડાવમાં મૂક્યો.સોહાસણિ પતિને ઢોલિયામાં પોઢાડી અત્યંત દુઃખી હૃદયે પોતાની હવેલીમાં પાછી ફરી. ...૧૪૧

(સોહાસણિના મનમાં આશા-નિરાશાના ભાવો ઉભરાતાં હતાં. તેને આશા હતી કે પતિદેવ પાછા ફરશે ત્યારે લાખો સોનામહોરો રળીને લાવશે. બીજી તરફ તેને નિરાશા પણ સતાવતી હતી. પરદેશમાં પતિદેવની ક્ષેમકુશળતા તો જળવાશે ને ?) 'મારા પ્રીતમ બાર વરસ પશ્ચાત મને મળ્યા પરંતુ કર્મની અકળ કળા તો જુઓ! (મોજ-મજા કરવાના દિવસો હતા) તેઓ પુનઃ ઘરબાર વિનાના થયા. પુનઃ દંપતીનો વિયોગ થયો. ખરેખર! મેં આ સંસાર ચક્રમાં ઘણાં પાપકર્મો કર્યા હશે.' ...૧૪૨

આ પ્રમાણે મનમાં દુઃખ ધરતી સોહાસણિ ભગ્નહૃદયે ઘરે આવી. વિરહિણી નારીને પતિના વિયોગમાં ભોજન ભાવતું નથી. રેંટિયો લઈ કાંતવા બેસે પરંતુ તેમાં ચિત્ત ચોંટતું નથી. તેનું મન તો પતિની પાસે જ હતું. ...૧૪૩

એવા અવસરે રાજગૃહી નગરીમાં **કુબેરદત્ત** નામના પ્રતિષ્ઠિત વેપારીનું અવસાન થયું. આ (ગોઝારા) પ્રસંગને રાજાના ભયથી દાબી દેવામાં આવ્યું. (કારણકે કુબેરદત્તને કોઈ પુત્ર ન હતો.) રખે! રાજા અપુત્રિયાનું ધન અપહરણ કરે. ...૧૪૪

(કુબેરદત્તની માતા અને તેની ચાર પુત્રવધૂઓએ આંખમાં આંસુનું એક બિંદુ પણ ન આવવા દીધું.) 'જો કોઈને દીકરા તરીકે હાજર કરી શકાય તો લક્ષ્મી સુરક્ષિત રહી શકે;' એવું વિચારી માતા સાથે ચારે પુત્રવધૂ કોઈ યુવકની શોધમાં નીકળી.) ચારે સ્ત્રીઓ અને સાસુ (બાલદઈમાં) જ્યાં સાર્થપતિ પડાવ નાખી રહ્યો હતો ત્યાં આવી. ત્યાં તેમણે ઢોલીયા ઉપર સૂતેલા, ચંદ્રના બિંબ સમાન સ્વરૂપવાન (યુવાન) કૃતપુણ્યને જોયો. તેમણે કૃતપુણ્યને (ખાટલા સહિત) ત્યાંથી ઉપાડયો. ...૧૪૫

કૃતપુણ્યને ઉપાડીને કુબેરદત્ત શ્રેષ્ઠીની હવેલીમાં લાવવામાં આવ્યો. જેવો ઢોલીયો નીચે મૂક્યો ત્યાં કૃતપુણ્ય જાગી ગયો. (તે સફાળો બેઠો થયો, ચારે બાજુ જોવા લાગ્યો.) તેણે પોતાની આસપાસ દેવાંગના જેવી

ચાર સ્ત્રીઓને ઉભેલી જોઈ. એક પગ ચાંપતી હતી તો બીજી આજ્ઞા પાળવા દોટ મૂકતી હતી. તેમણે સોળે સણગાર સજ્યા હતા. ...૧૪૬

કૃતપુણ્ય આ આશ્ચર્યકારી દશ્ય જોઈ મનમાં વિચારવા લાગ્યો કે, 'આ દશ્ય તો દેવલોક જેવું દેખાય છે. આ નારીઓ અપ્સરા જેવી સ્વરૂપવાન છે. તેમનું સૌંદર્ય જોઈ હૈયું અત્યંત આનંદ પામે છે.' ...૧૪૭

ચારે સ્ત્રીઓ પતિની જેમ તેની ભક્તિ કરી રહી હતી. પ્રભાતની વેળાએ એક દાતણ-મંજન લઈ આવતી. બીજી સ્નાન કરાવી તેનું વદન લૂછતી. ત્રીજી નારી ભોજનનો થાળ લાવતી, જેમાં મેવા-મીઠાઈ પીરસેલાં હતાં. ચોથી નારી ભોજન સંપન્ન થયા પછી પાનનું બીડું લાવતી. ...૧૪૮

ચારે નારીઓ સાથે વિષય સુખોનો ભોગવટો કરતાં, રંગ રાગ માણતાં બાર વર્ષ વ્યતીત થયાં. ભાગ્યયોગે ચારે પુત્રવધૂઓ માતા બની ચૂકી. કૃતપુણ્યના કુળમાં દેવકુમાર જેવા ચાર પુત્રો જન્મ્યા. ...૧૪૯

ખરેખર ! એક વ્યક્તિ પ્રારબ્ધ બળે બીજાનું ધન મેળવી ભોગવે છે જ્યારે બીજો વ્યક્તિ કર્મયોગે પ્રાપ્ત કરેલું ધન પણ ગુમાવે છે. એક વ્યક્તિ ઘણો પ્રયત્ન કરે છતાં એક કોડી પણ મેળવી શકતો નથી જ્યારે બીજો વ્યક્તિ સહજતાથી, વિના પ્રયત્ને ધન મેળવે છે. ...૧૫૦

ખરેખર ! એટલું તો નિશ્ચિત છે કે આપ્યા વિના ધન કદી મળતું નથી અને દીધેલું કદી વ્યર્થ જતું નથી. જુઓ કૃતપુણ્યને ! કોઈ પણ પ્રકારના ઉદ્યમ વિના જ બીજાનું ધન ભોગવી રહ્યો હતો. ...૧૫૧

કૃતપુણ્ય જલવટ અને થલવટનાં સુખો ભોગવતો હતો. કુબેરદત્ત શેઠના ઘરે તેને પુત્ર માની શેઠાણીએ રાખ્યો. કુબેરદત્ત શેઠની માતાએ તેને કરોડપતિ શેઠ કહી રાખ્યો. ...૧૫૨

કૃતપુણ્ય હવેલીમાં નારીઓ સંગે સુખ ભોગવતો રહ્યો. તે જ્યારે હવેલીમાંથી નીચે ઉતરવા જાય ત્યારે તેનો હાથ પકડી નારીઓ તેને પ્રેમથી બેસાડતી. વળી, સાસુ પણ કૃતપુણ્યને ઠારવા એવા બોલ બોલતી. ...૧૫૩

''કૃતપુણ્ય તું કામદેવ જેવો સૌંદર્યવાન છે તેથી તને કોઈ દુષ્ટની નજર લાગશે. તું શા માટે હવેલીમાંથી નીચે ઉતરે છે ? શું તારી પાસેથી કોઈ કાંઈ માંગે છે ?'' ...૧૫૪

એવાં મીઠાં વેણ કહી કૃતપુણ્યને હંમેશા હવેલીના ઉપરના માળે જ રાખવામાં આવતો. તેને કદી ન તો ઉપર ચડવા દેતા કે ન તો નીચે ઉતરવા દેતા., 'રખે ! નગરનો પંથ નિહાળે અને અહીંથી ચાલ્યો જાય એવી આશંકાથી વૃદ્ધા સદા ભયભીત રહેતી. ...૧૫૫

કૃતપુણ્યના કુબેરદત્ત શેઠને ત્યાં સુખની સહેલગાહમાં દિવસો પસાર થતાં હતાં. અનુક્રમે બાર વર્ષ જેટલો સમય વ્યતીત થઈ ગયો. ચારે પુત્રો કૃતપુણ્ય પાસે આવી પ્રેમથી ખોળામાં બેસતા. તેઓ પિતાથી એક પળ પણ અલગ ન થતાં. ...૧૫૬

બાર વર્ષ પસાર થયા ત્યારે બાલિદિ આવી સાસુએ પુત્રવધૂઓને એકાંતમાં કહ્યું, ''હે પુત્રવધૂઓ ! સાંભળો. જે સ્વાર્થ માટે આપણે આ પુરુષને લાવ્યા હતા તેને હવે ભોળવીને પુનઃ સાર્થના ટોળામાં મૂકી આવો. તમને માતૃત્વપદ મળી ગયું છે અને બાળકો પણ મોટા થઈ ગયાં છે તેથી આપણું ધન હવે સુરક્ષિત રહેશે... ૧૫૭

(સ્વાર્થાંધતાનું આ નાટક ભજવાતું જોઈને પુત્રવધૂઓ નારાજ થઈ ગઈ.) ચારે પુત્રવધૂઓએ કહ્યું, ''હે સાસુજી ! તમે શું કહો છો ? પ્રથમ તમે પરદેશી યુવક સાથે પ્રેમ કરવાનું અયોગ્ય સૂચન કર્યું અને હવે જ્યારે તે અમારા સ્વામી બની ચૂક્યા છે ત્યારે દેવકુમાર જેવા ભરથારને તમે કાઢી મૂકવાનું કહો છો ? અમે તો એમની

વાતો પર મોહિત થયા છીએ.'' ...૧૫૮

પુત્રવધૂની અસંમતિનો સ્વર સાંભળી સાસુ ખીજાઈ ઉઠી. તેણે કડકાઈથી કહ્યું, ''પુત્રવધૂઓ ! તમે નાદાન છો. તમે શું જાણો ? આપણું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, તો પરપુરુષનો પગ આપણા ઘરમાં કેવો ? ...૧૫૯

તમારી સાથે તે બાર વરસ સુધી આપણા ઘરમાં રહ્યો તેની સાથે તમે ઘણા પ્રકારે વિષય સુખો ભોગવ્યા. હવે તેને અહીંથી બહાર કાઢો. એનું જે છે તે તેને સુપરત કરો.'' ...૧૬૦

(પૂત્રવધૂઓ એકાંતમાં એકઠી થઈ. તેઓ જાણતી હતી કે સાસુની સામે અસંમતિનો અવાજ ઉઠાવવો નિરર્થક છે તેથી તેઓ મૂંગી બની ગઈ. તેમના ચહેરા પર વિષાદ છવાયો. તેઓ અંદરોઅંદર ગુફ્તેગો-મસલત કરવા લાગી) ચારમાંથી એકે કહ્યું, ''જુઓ ! સાસુજી લીધી વાત મૂકે તેમ નથી. એ આપણા ભરથારને કાઢીને જ રહેશે. જેમના થકી આપણે માતૃત્વ પામ્યા અને જેમણે દેવકુમાર જેવા ચાર પુત્રો આપ્યા. આવા ઉપકારી પુરુષને ક્ષણવારમાં તરછોડી વિશ્વમાં રખડતા-રઝડતા શી રીતે કરી દેવાય ? ...૧૬૧

વળી, આપણે બધું જ છોડી તેમની સાથે પણ નહીં જઈ શકીએ માટે તેમના ઉપકારનો બદલો વાળવા આપણે પણ તેમના ઉપર કંઈક ઉપકાર કરીએ.''(ચારે પુત્રવધૂઓએ અંતે એવો નિર્ણય કર્યો કે ખૂબ કિંમતી રત્નો છૂપી રીતે કૃતપુણ્યને આપવા.) ચતુર પુત્રવધૂઓએ સાસુને ખબર ન પડે તેવી રીતે મોદક બનાવ્યા. આ મોદકમાં અમૂલ્ય રત્નો છૂપાવ્યા ...૧૬૨

કૃતપુણ્યે પૂર્વે કેડમાં જે વાંસળી (ધન ભરવાની સાંકળી કોથળી) બાંધી હતી તે લઈને પુત્રવધૂઓએ પુનઃ તેની કેડમાં બાંધી. આ કોથળીમાં રત્ન સહિતના ચાર મોટા લાડવા મૂક્યા. વળી આટો, દાળ-ચોખાની એક કોથળી હતી તે પણ પાછી આપી. ...૧૬૩

સ્ત્રીઓએ કૃતપુણ્યને અવસ્વાપિની નિદ્રામાં પોઢાડ્યો. ત્યાર પછી પાંચે સ્ત્રીઓએ હથિયાર-શસ્ત્રો ધારણ કર્યા. અબળા નારી હોવા છતાં તેમને અંશ માત્ર ભય ન હતો. ...૧૬૪

(રાત્રિનો અંધકાર જામવા માંડ્યો હતો. ઘસઘસાટ ઘોરતો કૃતપુણ્ય સ્ત્રીઓની કૂટ નીતિથી તદ્દન અજ્ઞાત હતો.)

રાત્રિનો બીજો પ્રહર થયો, ત્યારે ચારે સ્ત્રીઓએ જે ખાટલામાં કૃતપુણ્ય સૂતો હતો તેને ઉપાડ્યો. જ્યાં સાર્થનો પડાવ હતો ત્યાં વડના વૃક્ષની નીચે ખાટલો મૂક્યો. ચારે વધૂઓ અને સાસુ કાર્ય આટોપી ઝડપથી પાછી ફરી. ...૧૬૫

(બીજીબાજુ સોહાસણિને કૃતપુણ્યના કોઈ ખબર-અંતર ન મળ્યા. પરદેશમાં શું કરતા હશે ? ક્ષેમકુશળ તો હશે ને ? બાર વર્ષમાં સોહાસણિએ પણ એક પુત્રને જન્મ આપ્યો હતો. નવજાત શિશુના આવવાથી ઘરનું વાતાવરણ પલટાઈ ગયું. સોહાસણિને કુળનો વારસદાર મળ્યો; પરંતુ તે કૃતપુણ્યને એક દિવસ પણ વિસરી ન શકી. બાર વરસ પછી અચાનક એક દિવસ સાર્થવાહ પાછા ફર્યા છે એવા આશાપ્રદ સમાચાર મળતાં સોહાસણિ નાચી ઉઠી.) સોહાસણિ બાલદ નામના સ્થાનમાં આવી, જ્યાં સાર્થવાહનો પડાવ હતો. અહીં આવી તેણે ચારે બાજુ પોતાના પતિની શોધ કરી. તેણે સાર્થવાહને પોતાના પતિના સમાચાર પૂછ્યા. સાર્થવાહે કહ્યું, ''અરે ! અમે કોઈએ તેને બાર વરસમાં અમારા પડાવમાં જોયો નથી.'' ...૧૬૬

સોહાસણિ પોતાના બાળકને લઈને પતિને શોધતી ચારેબાજુ ફરી વળી. જ્યારે પતિની કોઈ ભાળ ન મળી ત્યારે નિરાશ થઈ ગઈ. તેના પગ ડગમગવા માંડ્યા. તે ભૂમી પર ફસડાઈ પડી. તે પસ્તાવો-બળાપો

કરવા લાગી. ‘મારા પ્રિયતમ મારી વાત સાંભળીને જ પરદેશ ચાલ્યા ગયા છે. ...૧૬૭

બાર બાર વર્ષના વ્હાણા વાયા પછી મારા પિયુજી મને માંડમાંડ મળ્યા અને મેં તેમને ધન માટે પુનઃ પરદેશ મોકલ્યા. હવે તેઓ મને ક્યાંથી, કેવી રીતે મળશે ? હું તેમના વિરહમાં જળ વિનાની માછલીની જેમ તરફડું છું. ખરેખર ! મારા કોઈ પૂર્વકૃત અકૃત્યનું જ આ ફળ છે. ...૧૬૮

મેં ભૂતકાળમાં વનમાં ઉડતાં પક્ષીઓને વિંધ્યા હશે. અસત્ય, ચોરી અને કુશીલનું સેવન કર્યું હશે. કોઈને કૂડાં કલંકો આપ્યાં હશે. ક્રોધાગ્નિથી કોઈ મહાત્માને બાળ્યા હશે. આવા આકરા અપરાધો કરી હું શી રીતે આનંદ-સુખ પામી શકું ? ...૧૬૯

કાં મારા પ્રિયતમનું વનમાં કોઈ જંગલી પશુ(વાઘ)એ ભક્ષણ કર્યું હશે ? અથવા તે મારાથી રીસાઈને અન્યત્ર ચાલ્યા ગયા હશે ? ‘હું નિર્ધન છું તેથી ઘરે જઈને શું કરું ?’ એવું મનમાં વિચારીને જ તેઓ ઘરે પાછા નહીં આવ્યા હોય. ...૧૭૦

મારા સ્વામીનાથ અતિ સુકુમાલ(કોમળ) અને સુંવાળા છે. તેઓ વ્યાપારની (આંટીઘૂંટી) કળાથી અજાણ છે. મેં વ્યર્થ તેમને પરદેશ મોકલ્યા. મને ધિક્કાર છે. હવે પ્રિયતમ વિના મારો આખો જન્મારો કેમ વ્યતીત થશે ?’ ...૧૭૧

સોહાસણિએ પ્રિયતમના વિચારો કરતાં રડતાં રડતાં સંપૂર્ણ રાત્રિ વીતાવી. મળસકું - પરોઢિયું થયું. તે નગરમાંથી બાલદિ (જ્યાં પતિને મૂક્યો હતો તે સ્થાને) આવી. ત્યાં યોગાનુયોગ તે જ ખાટલો, તે જ વાંસળી જોઈ. આ ખાટલા પર એક પુરુષને સૂતેલો જોયો. ...૧૭૨

સોહાસણિ હૈરતભરી નજરે જોઈ રહી. ‘આ ખાટલા ઉપર સોડ તાણીને (મુખ ઢાંકીને) કોણ સૂતું છે ? મારા પ્રિયતમ જેવા જ લાગે છે. જરૂર કોઈ સુખી પુરુષ હોય તેવું જણાય છે.’ ચિતા જેવી પાતળી કેડવાળી સોહાસણિ આ પ્રમાણે વિચારવા લાગી. ...૧૭૩

‘સર્વ નગરજનો જ્યારે રાજગૃહી નગરીમાં પહોંચી ગયા છે ત્યારે આ કોણ પુરુષ છે, જે કવેળાએ સૂઈ રહ્યા છે ? સોહાસણિએ (મનમાં ઉઠેલા પ્રશ્નના સમાધાન હેતુ) બાળકને ખાટલા પાસે મોકલી, સૂતેલા પુરુષને જોઈ આવવાનું કહ્યું. ...૧૭૪

પુત્રએ મુખ ઉપરનું વસ્ત્ર દૂર કર્યું. (ત્યારે સોહાસણિ વિસ્મિત બની જોઈ રહી. તેની આંખો પહોળી થઈ ગઈ.) સોહાસણિએ પોતાના કંથને જોયો. પોતાના સ્વામીનાથનું હૃષ્ટપુષ્ટ શરીર અને સુખશીલતા જોઈ સોહાસણિ મનમાં અત્યંત હર્ષિત થઈ. ...૧૭૫

કૃતપુણ્ય ઓચિંતો ચમકીને ઉઠ્યો. તેણે આસપાસ હવેલી કે પોતાની ચાર સ્ત્રીઓને ન જોઈ. ગામના પાદરે કૂતરાઓના ભસવાનો અવાજ આવતો હતો. તે મનોમન વિચારવા લાગ્યો, ‘મને આવા સૂનકાર સ્થાનમાં કોણે મૂક્યો છે ? ...૧૭૬

શું હું કોઈ સ્વપ્ન નિહાળું છુ કે પછી ઈન્દ્રજાળ(જાદુ, નજરબંધી) છે ? હું જોઈ રહ્યો છું તે સત્ય છે કે મિથ્યા ?’ (કૃતપુણ્ય દુવિધામાં પડ્યો. તેને કંઈ સમજાતું ન હતું. તે વિચારોના વમળોમાં ગરકાવ થયો) તે સમયે સોહાસણિ પાસે આવી. તેણે અતિ મધુર સ્વરે સ્નેહથી કહ્યું, ‘‘સ્વામીનાથ ! ઝડપથી ઉઠો. ...૧૭૭

પ્રાણનાથ ! તમે આ વૃક્ષની નીચે જ સૂતા હતા. કોઈએ તમને જગાડ્યા નહીં, કોઈએ તમારી સંભાળ ન લીધી ?’’ કૃતપુણ્યે કહ્યું, ‘‘મને બીજો સાર્થ મળ્યો તેથી હું તેમની સાથે જતો રહ્યો હતો. હું પરદેશ જઈ

ખૂબ ધન કમાઈ આવ્યો છું.'' ...૧૭૮

ત્યારે સોહાસણિ (એ આસપાસ નજર કરી પરંતુ કંઈ દેખાયું નહીં ત્યારે) મનમાં વિચારવા લાગી, 'સ્વામીનાથ! કમાયા વિના જ પાછા ફર્યા લાગે છે. જો કમાયા હોત તો પૂંજી-ધન દેખાતા કેમ નથી ? કાં સાચું અથવા જૂઠું હશે, કાં બડાઈ હાંકતા હોય તેવું લાગે છે. ...૧૭૯

પરંતુ (સત્ય અસત્યના પારખા કરવા) હું તેમને આવતાવેત જ કોઈ પ્રશ્નો નહીં પૂછું કારણ કે એવું કરતાં મારા પ્રિયતમનું દિલ દુભાશે. મારે મન તો પુણ્યથી મારા સ્વામીનાથ હેમખેમ ઘરે પાછા આવ્યા છે એનાથી (વિશેષ કઈ કમાણી હોઈ શકે!) જરૂર કંઈક રૂડું થવાનું છે.' ...૧૮૦

(સોહાસણિએ પતિનો આદર-સત્કાર કર્યો) તેણે વિવેકયુક્ત મધુરાં વચનોથી અભિવાદન કર્યું. કંઈ પણ પ્રશ્નોત્તરી કર્યા વિના તે પતિને પોતાના મહેલ ભણી તેડી લાવી. પ્રવાસનો થાક ઉતારવા તેલમર્દન કરી પતિને હુંફાળા પાણીથી સ્નાન કરાવ્યું. તેણે પતિવ્રતા સ્ત્રીની જેમ ઘણાં પ્રકારે પતિની ભક્તિ કરી. ...૧૮૧

ઢાળ : ૯

સોહાસણિ(સતી સ્ત્રી હતી.) પોતાના પતિની વિવિધ પ્રકારે સેવા કરવા લાગી. તેણે સ્નાન બાદ પતિને જમાડવા બેસાડયા. તે પૂર્વે એક મોટો થાળ માંડ્યો. જેમાં કૃતપુણ્યે જમવા પૂર્વે પોતાના હાથ ધોયા. ત્યાર પછી હાથ લૂછવા મુલાયમ વસ્ત્રો ધર્યા. ...૧૮૨

તેણે થાળીમાં ઘઉંની પાતળી રોટલી પીરસી. આ રોટલી ઉપર ઘીની ધાર કરી (ઘીથી લથપથ રોટલી આપી) કૃતપુણ્ય ભોજન આરોગતો હતો ત્યારે તે વીંઝણાથી પવન વીંઝતી હતી. તે વિચારતી હતી કે, 'આ જ મારા ભગવાન છે.' ...૧૮૩

તેણે કમોદ જાતિના (ડાંગર) ચોખા ભાણામાં પીરસ્યા દુર્બળ સ્ત્રી પાસે ખંડાવેલા ચોખા (ચોખા અખંડ રહે, તૂટી ન જાય માટે દુર્બળ સ્ત્રી પાસે ખંડાવ્યા) પુષ્ટ સ્ત્રી પાસે ઝટકાવેલ, સારી રીતે રાંધેલ એવા કમોદ જાતિના ચોખા પીરસ્યાં. ...૧૮૪

તેણે આખી દાળ રાંધી ગરમાગરમ પીરસી. દાળ સાથે અઢાર જાતના વિવિધ શાક પણ પીરસ્યાં. વળી, ખાટાં અને ખારાં લીંબુનાં અથાણાં તેમ જ દહીં, દૂધ જેવાં ગોરસ ભોજન પણ પીરસ્યાં. ...૧૮૫

કૃતપુણ્યએ ધરાઈને ખાધું. તે જમીને ઊભો થયો, ત્યારે પાન-સોપારીનો મુખવાસ આપ્યો. ત્યાર પછી ઢોલીયો ઢાળી કૃતપુણ્યને સુવડાવ્યો. આ પ્રમાણે કૃતપુણ્યની ઘણીયાણીએ તેનો ખૂબ આદર-સત્કાર કર્યો. ...૧૮૬

વિવેકી સોહાસણિએ અત્યાર સુધી આડી અવળી ઘણી બીજી વાતો કરી પણ વ્યાપારની કોઈ વાત ન કરી. તે પોતાના પતિને ગમે તેવું જ કરતી હતી. જાણે ભરથારને અનુસરનારી રામની ભાર્યા સીતા જ ન હોય! ...૧૮૭

રાજાની પરખ ત્યારે જ થાય જ્યારે તે ન્યાય કરે. હેમની કસોટી પથ્થર પર ઘસીને જ થાય છે, તેમ ઘરની ઘણીયાણીની ઓળખ ત્યારે જ થાય જ્યારે ઘરમાં કંઈ ન હોય. (છતાં કરકસરથી ઘર ચલાવે) ...૧૮૮

સોહાસણિ એવી જ સમજદાર (ગુણવાન) સ્ત્રી હતી. લક્ષ્મીની અછત હોવા છતાં તેનું મન સ્થિર હતું. (મનમાં કોઈ ઉચાટ કે આકુળવ્યાકુળતા ન હતી.) ખરેખર! વિદ્વાનો પણ પોતાના ઈષ્ટદેવને નમન કરી સદ્‌ગુણી વ્યક્તિઓ (સ્વજનો) મળે તેવી પ્રાર્થના કરે છે. ...૧૮૯

મહારાજા શ્રેણિક જેવા પિતા દેજો, મરૂદેવી જેવી માતા દેજો. ઋષભદેવ જેવા પુત્ર દેજો અને બળભદ્ર જેવો બાંધવ દેજો. ...૧૯૦

કૃતપુણ્યની પત્ની સોહાસણિ જેવી શીલવંત અને કહ્યાગરી ભાર્યા દેજો. શ્રી જિનેશ્વર દેવનું નામ સ્મરણ કરી આટલું માગતાં અવશ્ય કૃપાળુ જિનદેવ પ્રસન્ન થાય છે. ...૧૯૧

દુહા : ૬

દેવાધિદેવ જિનદેવ કૃતપુણ્યને ત્યાં પ્રસન્ન થયા તેથી સોહાસણિ જેવી સુલક્ષણી નારી મળી, જે પતિની સુંદર ભક્તિ કરતી હતી. (પતિના સુખમાં સુખી અને પતિના દુઃખમાં દુઃખી રહેતી હતી.) ...૧૯૨

ઢાળ : ૧૦

એક દિવસ સોહાસણિએ પતિની સેવા કરતાં કરતાં ઉત્સુક બની પૂછ્યું, ''સ્વામીનાથ! તમે પરદેશથી કાંઇ ધન કમાવી લાવ્યા છો?'' કૃતપુણ્યએ કહ્યું, ''હું પુષ્કળ ધન કમાઈને આવ્યો છું, જો એ ધન પ્રાપ્ત થશે તો આપણે માલામાલ થઈ જશું.'' ...૧૯૩

સોહાસણિએ વિચાર્યું, 'માલ વહન કરનાર બળદ ગાડા ઉપર ધન લઈ પાછળ આવતા હશે અથવા ધનની હુંડી હશે. મારા પ્રિયતમ કદી ખોટી વાત તો ન જ કરે.' ...૧૯૪

એટલામાં પુત્ર આવ્યો. તેણે કહ્યું, ''માતા ! ખાવા માટે થોડી સુખડી આપો.'' માતાએ તેને એક લાડુ આપ્યો. તે લાડુ લઈ નિશાળમાં ભણવા ગયો. બપોરે રજા પડતાં તેણે મિત્રોને લાડુ ખાવા બોલાવ્યા.... ૧૯૫

કુમારે પોતાની પાસે રહેલા લાડુના ટુકડા કરી મિત્રોને આપ્યા. ત્યાં લાડુમાં રહેલું અમૂલ્ય રત્ન પાણીમાં પડ્યું. પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું. આ દશ્ય જોઈ કંદોઈનું મન રત્નમાં ચોંટી ગયું. તેણે કિંમતી રત્ન કુમારને ભોળવીને પડાવી લીધું. ...૧૯૬

કુમારે કહ્યું, ''મને મારો કોડો (શંખલો) જોઈએ.'' ત્યારે કંદોઈએ કહ્યું, '' અરે વત્સ! હું તને તેના જેવો જ બીજો સુંદર ઘૂંટો જોઈને આપું છુ. ...૧૯૭

ત્યાર પછી કંદોઈએ બાળકને ફોસલાવવા માટે એક લાડુ અને એક કોડો આપ્યો. (મીઠાઈના લોભથી કુમારે પત્થર સમજી કંદોઈને રત્ન આપી દીધું. કુમારે આ વાત પોતાના પિતાને પણ ન કરી.)કંદોઈએ કુમારના ભાગ્યમાંથી રત્ન ઝૂંટવી પોતાના ઘરમાં મૂક્યું. પોતાને જે મનગમતું છે તેને ઓળખનાર આ જગતમાં પ્રાયઃ થોડા જ હોય છે. ...૧૯૮

પૌષધ, દાન-પુણ્ય, જિનેશ્વર દેવની પૂજા કરનારો પોતાનો ધર્મ સાધે છે, પરંતુ પરધન આંચકી લેવાના દુર્ગુણથી જેઓ દૂર થતાં નથી તે પ્રાયઃ કંઈ મેળવી શકતા નથી ...૧૯૯

કંદોઈએ કુમારને છેતરી તેના હાથમાંથી રત્ન આંચકી લીધું. ત્યારપછી કુમારને ફોસલાવી ભગાડી મૂક્યો. (બાળક રત્નના ભેદથી અજાણ હોવાથી રત્ન ચોરાઈ ગયાનો શોક ક્યાંથી હોય?) અંતે વિજય તો સત્યનો જ થાય છે. ખોટા - ધૂતારાઓની કદી જીત થતી નથી. તેની કથા હવે એકાગ્ર ચિત્તે સાંભળો. ...૨૦૦

તે અરસામાં (રાજગ્રહી નગરીના રાજતિલક સમાન) મહારાજા શ્રેણિકનો હાથી ગજરત્ન સેચનક ગંગાનદીનું જળ પીવા ગયો. ત્યાં એક બળવાન જળતંતુ હાથીના પગે વીંટાયો.(સેચનક સહેજ પણ આગળ પાછળ ન થઈ શક્યો.) જળતંતુ ચોર્યાંશી હાથ લાંબો હોવાથી હાથીના પગને જકડીને રહ્યો. ...૨૦૧

દુહા : ૭

(જળતંતુની પકડ લોખંડી હતી. બળવાન હાથી પણ સાવ ઢીલોઢસ બની ગયો. જળતંતુની પગ પરની ભીંસ અસહ્ય બનતાં સેચનક જોરજોરથી બરાડવા માંડ્યો. રાજગૃહીનું વાતાવરણ ભયભીત બન્યું. સમગ્ર નગરમાં તેના પડઘા ગુંજી ઉઠ્યા. અભયકુમાર સમગ્ર સ્થિતિને પારખી ગયા.) તેમણે રાજ્યમાં પટહ (પડહ) વગડાવી ઉદ્‌ઘોષણા કરી કે, 'જે કોઈ જલકાંત મણિ દ્વારા સંકટમાં આવી પડેલા સેચનક ગજરાજને છોડાવશે તેને મગધ સમ્રાટ તરફથી અડધું રાજ્ય આપવામાં આવશે તેમજ રાજકન્યાના વિવાહ તેની સાથે થશે.'' ... ૨૦૨

ઢાળ : ૧૧

(રાજપટહ આગળ વધતો કંદોઈની દુકાન પાસે આવી પહોંચ્યો. કંદોઈના આનંદનો પાર ન રહ્યો. ગઈકાલે જલકાંતમણિ મળ્યો અને આજે હવે અડધું રાજ્ય મળશે. સાથે સાથે હું મગધ સમ્રાટનો જમાઈ બનીશ.) 'રાજકન્યા સાથે વિવાહ થશે' એવા વિચારથી કંદોઈએ બીડું ઝડપી લીધું. (રાજસેવકો કંદોઈને લઈને આવ્યા. મહારાજા શ્રેણિકને આશ્ચર્ય થયું. કંદોઈની હાટડીમાં જલકાંતમણિ ક્યાંથી ?) મહારાજા શ્રેણિકનું મન માનવા તૈયાર ન હતું ત્યારે રાજકુમાર અભયકુમારને બોલાવ્યા. ... ૨૦૩

(મહારાજા શ્રેણિક અને અભયકુમાર વચ્ચે મસલત થઈ.) અભયકુમારે કહ્યું, ''અત્યારે સેચનક ગજરાજ ઉપર આપત્તિ આવી પડી છે. તેનું નિવારણ કરવું મુખ્ય હોવાથી કંદોઈને જલકાંતમણિ વડે ગજરાજને મુક્ત કરવા દો પછી યોગ્ય હશે તેમ કાર્ય કરશું.''

જલકાંતમણિના પ્રભાવથી ચમત્કાર સર્જાયો. નદીનું પાણી દૂર ધકેલાઈ ગયું. જળતંતુ પાણી વિના રહી ન શકે તેથી સેચનક હાથીનો પગ છોડી ઝડપથી પાણીમાં ચાલ્યો ગયો. સેચનક બંધન મુક્ત થયો. ... ૨૦૪

(રાજા સહિત નગરજનોએ સંતોષનો શ્વાસ લીધો.) ત્યારે કંદોઈએ આતુરતાથી કહ્યું, ''રાજન્‌ ! તમારી પ્રતિજ્ઞાનું પાલન કરો. મને રાજકન્યા સાથે પરણાવો અને અડધું રાજપાટ આપો.'' મહારાજા શ્રેણિકે કહ્યું, ''હે બુદ્ધિનિધાન પુત્ર અભયકુમાર ! કંદોઈનો વિવાહ પ્રસંગ સારી રીતે સંપન્ન કરો.'' ... ૨૦૫

અભયકુમારે કંદોઈને બોલાવીને કહ્યું, ''શુભ મુહૂર્ત, શુભ દિન જોઈ વિવાહ કરવા આવજો.'' કંદોઈએ(પોતાનો મોભો બતાવવા) વિવાહ પ્રસંગે દેવું કરી વિવિધ મીઠાઈઓ (પકવાનો) બનાવી. વળી, તેણે ઘર વેચી જે ધન મેળવ્યું તેમાંથી ઠાઠમાઠ સહિત, ઘણા કંદોઈઓને બોલાવી મોટા આડંબર સાથે જાન જોડી. ... ૨૦૬

પૂર્વે તેના ફક્ત ૫૦૦ જેટલા સગાઓ હતા. રાજકન્યા સાથે વિવાહ કરવા ગયો ત્યારે ૭૦૦ જેટલાં સગાસ્નેહીઓને જાનમાં આમંત્રણ આપ્યું. તેણે માથા ઉપર પુષ્પનો સહેરો બાંધ્યો. ઢોલ , શરણાઈ જેવાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. જાન લઈને કંદોઈ, મહાજન સર્વ મહારાજા શ્રેણિકના મહેલમાં આવ્યા. ... ૨૦૭

મહારાજા શ્રેણિકે પહેરામણી કરવા માટે એક એક કંદોઈને અલગથી બોલાવ્યા. પછી તેમને જંગલની તણછનાં વૃક્ષની પાતળી સોટીથી માર મરાવ્યો. તેઓ કાલાવાલા કરતા નાસી છૂટ્યા. ... ૨૦૮

વરરાજા કંદોઈને બોલાવી તેને દોરડા વડે મુશ્કેટાટ બાંધ્યો. જલકાંતમણિનું રહસ્ય જાણવા તેને પૂછ્યું, ''તારી પાસે કિંમતી જલકાંતમણિ ક્યાંથી આવ્યું ? શું તેં ક્યાંથી ચોરી લીધું છે ? આ રત્ન રાજા, મંત્રી અને ત્રીજા શાહુકારને ત્યાં જ હોઈ શકે, તે તારા ભાગ્યમાં ક્યાંથી આવ્યું ?'' ... ૨૦૯

કંદોઈએ થરથર કાંપતાં કહ્યું, ''રાજન્! એ મણિ(રત્ન)મારું નથી. આ રત્ન તો કૃતપુણ્યનું છે.'' (રાજકન્યાનો હાથમાંગી) અયોગ્ય અને વગર વિચાર્યું બોલવાથી કંદોઈ અતિ હેરાન-દુઃખી થયો. ...૨૧૦

નાનો માણસ જો મોટા માણસોનીવાતોમાં વિશ્વાસ મૂકી તે પ્રમાણે કરે તો ભલે મરે નહીં પણ માંદો તો પડે જ અર્થાત્ અનિષ્ટ જરૂર થાય છે. નીચી જાતિના કંદોઈએ પોતાની ઓકાત (ઓખાત-ગાજું) ન જોતાં રાજાની પુત્રીનો હાથ માંગ્યો. ...૨૧૧

''મને મારી ભૂલનો પારાવાર અફસોસ થાય છે. અભયકુમાર! તમે મને ક્યારે છોડશો?'' (કંદોઈએ પોતાની ભૂલ કબૂલ કરી તેમજ અંતે સત્ય બોલ્યો માટે) તેને છોડી દેવામાં આવ્યો. કંદોઈની પાસેથી રત્ન લઈ લેવામાં આવ્યું. મહારાજા શ્રેણિક અને મહામંત્રી અભયકુમાર તુષ્યમાન થયા. ...૨૧૨

મહારાજા શ્રેણિકે ખુશ થઈ કંદોઈનો વેરો રદ કર્યો. તેમની સમસ્ત જ્ઞાતિમાં જકાત વેરો માફ કરવામાં આવ્યો. કંદોઈ સંતુષ્ટ થઈ ઘરે ગયો. મહારાજા શ્રેણિકે રત્નના હકદાર એવા કૃતપુણ્યને રાજસભામાં તેડાવ્યો. ...૨૧૩

જયારે રાજસેવકો કૃતપુણ્યના ઘરે ગયા ત્યારે સોહાસણિ ભયની આશંકાથી કંપી ઉઠી. 'કોઈ લહેણદાર આવતો હોય તેવું દેખાય છે. હમણાં મારા પતિ પાસે આવી ધન માંગશે.' ...૨૧૪

રાજસેવકોને જોઈને સોહાસણિ મનોમન આવો વિચાર કરતી હતી ત્યાં રાજસેવકો એ કહ્યું, ''કૃતપુણ્ય શેઠને મહારાજા શ્રેણિકે રાજદરબારમાં તેડાવ્યા છે. તેમના ઉપર રાજવીની કૃપા પ્રસાદી વરસશે. ...૨૧૫

રાજસેવકોના વચન સાંભળી ધણી-ધણીયાણી બન્ને ખુશ થયા. કૃતપુણ્યે રાજા પાસે જવા માટે પોતાના શરીરની શોભા વધારી. તેણે રેશમી પટોળું પહેર્યું, કેડે સોનાનો કંદોરો બાંધ્યો. રેશમી સાળું અને ગળામાં સુવર્ણનો દોરો પહેર્યો. ...૨૧૬

તેણે ભૈરવ જાતિની એકતાઈ પહેરી હતી. તેણે પંચવર્ણી પછેડી ઓઢી. આમ કૃતપુણ્ય અત્યંત સાજસજીને ગર્વ સહિત રાજા પાસે જવા નીકળ્યો. ...૨૧૭

તેણે પગમાં મોજડી પહેરી. દશે આંગળીઓમાં બહુમૂલ્ય વેઢ તેમજ મુદ્રિકા(વીંટી)ઓ પહેરી. મસ્તકે ફૂલ બાંધ્યું, જાણે દેવલોકનો સ્વરૂપવાન દેવ ન હોય! શુભ શુકન જોઈ તેણે ઘરમાંથી પ્રણાય કર્યું. તે મહારાજા પાસે આવ્યો. ...૨૧૮

મહારાજાને પ્રણામ કરી કૃતપુણ્ય ઊભો રહ્યો. મહારાજા તેનું અભિવાદન ઝીલતાં તેને સિંહાસન પર બેસાડ્યો. રાજાએ તેને પ્રેમથી બોલાવી. તેના હાથમાં જલકાંતમણિ મૂક્યું. ...૨૧૯

મહારાજાએ કહ્યું, ''કુમાર! રત્નની પરીક્ષા કરો.'' કૃતપુણ્યએ રત્નને જોઈ કહ્યું, ''રત્ન સુંદર છે.'' મહારાજાએ તરત જ કહ્યું, ''કૃતપુણ્ય! આ રત્ન તમારું છે. તેને રખડતું કેમ મૂક્યું છે? તેનું જતન(સુરક્ષા) કેમ કરતા નથી? ...૨૨૦

કોડા(શંખલા) માટે તમારા પુત્રએ કંદોઈને આપ્યું. નીચ કંદોઈએ કિંમતી રત્ન જાણી તમારા પુત્ર પાસેથી પચાવી પાડ્યું. આ જલકાંતમણિ વડે સેચનક ગજરાજની મુક્તિનો ચમત્કાર સર્જાયો. ત્યારે જ આ રત્નનો મર્મ અહીં પ્રગટ થયો. ...૨૨૧

ભલે કંદોઈએ આ રત્ન તમારા પુત્રના હાથમાંથી ચોરીને ઝૂંટવી લીધું પરંતુ આ રત્નના સાચા

હકદાર તમે હોવાથી તમને પાછું સોપું છું. હે શ્રેષ્ઠીવર્ય ઉત્તમ વસ્તુઓ હાથેથી ગમે ત્યાં ન મૂકો. તમે વણિક થઈને આવી ભૂલ કેમ કરો છો ?'' ... ૨૨૨

કૃતપુણ્યે કહ્યું, ''હે રાજવી ! મારા ઘરમાં મારો એક પુત્ર છે. જે અત્યંત લાડકો છે. તેણે ઘુંટવા માટે પત્થર સમજી માંગી લીધું. ત્યાર પછી તેણે શું કર્યું તે હું જાણતો નથી. ... ૨૨૩

મહારાજા શ્રેણિકે કહ્યું, ''શ્રેષ્ઠીવર્ય ! મોટા વ્યાપારી થઈને પાછળથી પુત્રને રત્નની વાત પૂછી નહીં ?'' (રત્નનો ખુલાસો સાંભળી કૃતપુણ્ય પરિસ્થિતિને પામી ગયો. કેડે બાંધેલી કોથળીમાં જે મોદક હતા તે મોદક રત્નગર્ભિત હોવા જોઈએ. પોતાના ભાગ્યમાં અણધારી ઋદ્ધિની પ્રાપ્તિ જ લખાઈ છે.) મહારાજા શ્રેણિકે પોતાના પુત્ર અભયકુમારને બોલાવી કહ્યું, ''આ કૃતપુણ્ય શ્રેષ્ઠીવર્યને ન્યાય આપો.'' ... ૨૨૪

ઢાળ : ૧૨

મહારાજા શ્રેણિકે શુભ મુહૂર્તે પોતાની રાજવી કન્યા સાથે કૃતપુણ્યના શુભ વિવાહ કરાવ્યા. આ લગ્ન પ્રસંગે મૃગલોચની નારીઓએ એકત્રિત થઇ મંગળ ગીતો ગાયાં. લીલા વાંસનો માંડવો બંધાયો. ત્યાં અગ્નિદેવને સાક્ષીરૂપે સ્થાપિત કર્યા. ... ૨૨૫

ગોર મહારાજના મંત્રોચ્ચાર દ્વારા લગ્નના ચાર મંગળ ફેરા સંપન્ન થયા. મહારાણીએ વર-વધૂને કંસાર પીરસ્યો. નવવિવાહિત દંપતિએ એકબીજાને કંસાર ખવડાવ્યો. મહારાજા શ્રેણિકે પોતાની પુત્રીને બાર ક્રોડ સોનામહોરો કન્યાદાનમાં આપી. ... ૨૨૬

વરકન્યાની સરખે સરખી જોડી મળી. (જાણે કામદેવ અને રતિની જોડ જોઈ લ્યો !) મહારાજા શ્રેણિકે વેવાઈ પક્ષમાં સગાવહાલાંઓને નવક્રોડ સોનૈયાની પહેરામણી આપી. કૃતપુણ્ય પરણીને રાજવીકન્યા સાથે ઘરે આવ્યો, ત્યારે સોહાસણિએ વર-કન્યાના જોડલાને (ઘુર, મૂસળ, રવૈયો, ત્રાક અને જળ વડે પોંખીને) વધાવ્યાં. ... ૨૨૭

કચિયાવરમાં આવેલી સુવર્ણમુદ્રાઓને સોહાસણિએ ઘરમાં સાચવીને મૂકી દીધી. હવે તેણે રાજવી કન્યાને શૃંગાર કરી સુશોભિત કરી. કૃતપુણ્યે સોહાસિણીના હાથમાં રત્ન મૂકતાં કહ્યું, ''લાડુમાંથી નીકળેલું રત્ન કુમાર પાસેથી કંદોઈ પાસે ગયું, કંદોઈ પાસેથી લઈને મહારાજા શ્રેણિકે મને આપ્યું.''(કૃતપુણ્યે સોહાસણિ સમક્ષ અંતરની વાતો કરી માનસિક સ્વસ્થતા અનુભવી) ... ૨૨૮

સોહાસણિએ તરત જ કહ્યું, 'પ્રાણનાથ ! આવા બીજા ત્રણ રત્નો છે. આ ચારે રત્નો એક સરખાં જ છે.' કૃતપુણ્યના ઘરે ભાગ્યોદયે અણધારી ઋદ્ધિની વૃદ્ધિ થઈ. જાણે ગૌતમસ્વામીની લબ્ધિ ન મળી હોય ! (તે અદ્‌ભુત સૌભાગ્યનો સ્વામી બન્યો.) ... ૨૨૯

(પુણ્યાઈના પ્રતાપે) શેઠની વિશાળ હવેલીમાં હાથી, ઘોડા, રથ અને અનેક બળદોનાં જોડલાં દેખાતાં હતાં. પૂર્વે જે એકસો આઠ વાણિજ પુત્ર(ગુમાસ્તા, વાણોત્તર) હતાં. તેમને બોલાવીને કૃતપુણ્યે પુનઃ પોતાની હવેલીમાં રાખ્યા. (કૃતપુણ્યના દેદાર હવે ફરી ગયાં હતાં. નોકર ચાકર, પદ પ્રતિષ્ઠા, નામના - કામના આ બધામાં પુણ્ય-પલટો આવી ગયો.) ... ૨૩૦

(શેઠ કૃતપુણ્ય અને મહામંત્રી અભયકુમાર વચ્ચે ઘનિષ્ઠ મિત્રતા હતી.) એક દહાડો (શેઠ કૃતપુણ્ય અને અભયકુમાર) સાળો-બનેવી ભેગા થયા. અભયકુમારે કૃતપુણ્યને ઉપર બેસાડ્યા અને પોતે પગ પાસે નીચે બેઠા. (કૃતપુણ્યને ચારે સંતાનો અને પ્રેમપાત્રોના મુખદર્શનના મનોરથ જાગ્યા હતા) બનેવી

કૃતપુણ્યે કહ્યું, ''હે મહામંત્રી ! તમારી બુદ્ધિ તો જ અદ્વિતીય કહેવાય જો તમે મારા ચાર પુત્રો અને સ્ત્રીઓ સાથે મેળાપ કરાવી આપો. ...૨૩૧

હે બુદ્ધિનિધાન ! તમારી બુદ્ધિ (ચાતુર્ય)ના શું વખાણ કરું ? તમે નિર્જળ કૂવામાં પડેલી મુદ્રિકા કાઢીને આંગળીમાં પહેરી લીધી. તમે અનાર્ય કુળમાં ઉત્પન્ન થયેલા આર્દ્રકુમારને ભાઈબંધ બનાવી ધર્મ પમાડ્યો. તમે ચંદ્રપ્રદ્યોતન રાજાને પકડીને લજ્જિત કર્યો. ચેલણારાણીનો દિવ્યહાર ચોરાઈ ગયો હતો તે શોધી મહારાજા શ્રેણિકના હાથમાં આપ્યો. ...૨૩૨

માતા ધારિણીનો અકાળે પંચવર્ણી મેઘનો દોહદ તમે પૂર્ણ કર્યો. તમે ઉદ્યાનમાંથી આમ્રફળની ચોરી કરનારા મેતારજને પકડ્યો. તમે ઉત્તેજિત થયેલા સેચનક હસ્તીને મહાત કરી ઉપશાંત કર્યો. તમે રૌહિણેય ચોરને સમજાવી સિદ્ધિનો માર્ગ પમાડ્યો. ...૨૩૩

તમે જલકાંત-મણિના ચોરનારને પકડ્યો. તમે કોઈથી છેતરાવ એવા નથી. તમારી બુદ્ધિ અત્યંત નિર્મળ છે. તમારી બુદ્ધિના બળે તમે મારાં પુત્રો અને પત્નીઓ સાથે મેળાપ કરાવી આપો.'' ...૨૩૪

મહામંત્રી અભયકુમારે કહ્યું, ''હું જરૂર આપના પ્રેમ પાત્રોનું મિલન થાય તેવી વ્યૂહરચના કરીશ. મને તેના માટે એક માસની અવધિ આપો.'' (અભયકુમાર અને કૃતપુણ્ય છૂટા પડ્યા.) અભયકુમારે નગરમાં તરત જ વાત વહેતી મૂકી કે, 'શેઠ કૃતપુણ્ય પરલોકગામી થયા છે.'' ...૨૩૫

ઢાળ : ૧૩

શેઠ કૃતપુણ્ય મૃત્યુ પામી યક્ષ બન્યા છે. આ યક્ષ માનવભક્ષી છે.' (આ વાત કાનોકાન થતી નગરમાં પ્રસરી ગઈ.) અભયકુમારે કૃતપુણ્યના આબેહૂબ રૂપ જેવી જ એક મૂર્તિ બનાવડાવી. યક્ષમંદિરમાં આ મૂર્તિ રાખવામાં આવી. ત્યાર પછી નગરમાં ઢેઢેરો પીટાવ્યો ...૨૩૬

''હે નગરજનો ! (કાન ખુલ્લા કરી સાંભળો) યક્ષની સમક્ષ પાંચ મોદક અને પાંચ ધાનની લાપશી ભોગ ધરાવી યક્ષપૂજન કરવું. આ રાજ આજ્ઞાનો અમલ અવશ્ય કરવો પડશે. જે કોઈ નહીં આવે તેના ઉપર રાજા રોષે ભરાશે તેમજ કૃતપુણ્ય યક્ષ તેને મારીને ખાઈ જશે. ...૨૩૭

યક્ષમૂર્તિના દર્શન કરવા લોકોનાં ટોળાં ઉમટ્યાં. પ્રતિદિન યક્ષપૂજન અને મહિમા વધતો ગયો. (લોકોની અવરજવર દિવસભર ચાલુ જ રહેતી) અપાર સ્ત્રી વૃંદ યક્ષપૂજન માટે આવ્યું. અભયકુમાર આ દૃશ્ય છૂપી રીતે જોઈ રહ્યાં હતાં. ...૨૩૮

લોકભીડથી યક્ષમંદિર ગુંજતું હતું. નગરજનો યક્ષપૂજન કરી પોતપોતાના નિવાસસ્થાને જતાં રહ્યાં પરંતુ કૃતપુણ્ય જેની રાહ જોઈ રહ્યો હતો તે ચાર સ્ત્રીઓ તેની નજરે ન ચડી. ત્યારે તેણે મહામંત્રી અભયકુમારને કહ્યું, ''બુદ્ધિનિધાન ! તમે બધાંના કાર્યો કર્યા પરંતુ મારા પરિવારની સાથે મારો મિલાપ ન કરાવી શક્યા ! ...૨૩૯

હવે તો અવધિમાંથી માત્ર બે જ દિવસ બાકી રહ્યાં છે. તમે વિશાળ જનસંખ્યામાંથી મારા પરિવારને કઈ રીતે શોધી કાઢશો ?'' અભયકુમારે નગરમાં શીઘ્ર ઉદ્ઘોષણા કરાવી કે, ''જે પ્રજાજનો યક્ષપૂજન માટે નહીં આવે તેને રાજદ્રોહના કારણે દંડ થશે.'' ...૨૪૦

આ ઉદ્ઘોષણા સાંભળી ચારે પુત્રવધૂઓ ભયભીત બની. તેમણે સાસુને બોલાવી કહ્યું,''સાસુજી ! ચાલો રાજ આજ્ઞા અનુસાર આપણે યક્ષપૂજન કરી યક્ષને જુહાર કરી આવીએ.'' સાસુએ કહ્યું, ''યક્ષપૂજનનું

ઘતિંગ બાજુએ મૂકો. યક્ષમંદિરમાં કોઈ યક્ષ નથી પરંતુ એ તો પેલો કૃતપુણ્ય છે.'' ... ૨૪૧

ચારે પુત્રવધૂઓ માનવા તૈયાર ન હતી. ત્યારે તેમને રોકતાં સાસુએ કહ્યું,''આ કોઈ કાવતરું છે. યક્ષની વાત ખોટી છે. તમે ઘરે બેસીને મોજ કરો. (યક્ષપૂજન કરવાની કોઈ જરૂર નથી.) ત્યારે પુત્રવધૂઓએ કહ્યું, ''સાસુજી ! જો યક્ષપૂજન નહીં કરીએ તો યક્ષ કોપાયમાન થશે. તે આપણા પુત્રોને ખાઈ જશે. અને વળી, યક્ષપૂજન ન કરવાથી મહારાજા શ્રેણિક આપણને ઘણો દંડ કરશે.'' ... ૨૪૨

રાજદંડના ભયથી સાસુએ રથ જોડાવ્યો. વહેલને ફરતો ચારેબાજુ પડદો કરાવ્યો જેથી કોઈ ઓળખે નહીં. તેમણે યક્ષને ભોગ ધરાવવા લાડુ અને લાપસી લીધાં તેમજ યક્ષનું પૂજન કરવા ચંદન, કેસર જેવાં સુગંધી દ્રવ્યો ઘસીને લીધાં. ... ૨૪૩

ચારે પુત્રવધૂઓ ઘૂંઘટ તાણીને રથમાં બેઠી, જેથી કોઈની દષ્ટિ તેમના પર ન પડે. ચારે પુત્રવધૂઓ, ચાર પુત્રો(બાળકો) અને સાસુ એમ નવ જણા રથમાં બેઠા. જેવા યક્ષમંદિરમાં પહોંચ્યા તેવા જ બાળકો યક્ષની મૂર્તિ પાસે આવ્યા. તેઓ 'પિતાજી' 'પિતાજી' કહીને સંબોધવા લાગ્યા. ... ૨૪૪

એક છોકરો યક્ષની મૂર્તિના પગે વળગ્યો, તો બીજો મુખમાં કવલ મૂકી જમાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એકે પૂછ્યું, ''તમે શા માટે રીસાઈને ઘરેથી જતા રહ્યા ?'' એક મસ્તક ઉપર ચડયો તો બીજો રડીને પિતા પાસેથી સુખડી માંગવા લાગ્યો. ... ૨૪૫

સાસુના પેટમાં ધ્રાસકો પડયો. (તેના હૈયામાં ભયની ભૂતાવળ જાગી ઉઠી.) ''આજે નક્કી ફાંદામાં પડશું. આ કોઈ દેવ નથી લાગતો પણ પેલો કૃતપુણ્ય જ હોવો જોઈએ. એ જ હોય તો ઘરે જઈ ઈષ્ટદેવ સમક્ષ ચોક્ખા ઘીનો દીવો કરીશ.'' ... ૨૪૬

ચારે સ્ત્રીઓ સામસામે જોઈ ઈશારો કરવા લાગી કે, 'આપણો ભરથાર અહીં ક્યાંથી ?' આશ્ચર્યચકિત થઈ ચારે સ્ત્રીઓ મોઢું મલકાવા લાગી. તે સમયે છુપાઈને રહેલા કૃતપુણ્યે ઈશારો કરી ચારે સ્ત્રીઓને મહામંત્રીને ઓળખાવી. ... ૨૪૮

કૃતપુણ્યે ખુશ થઈને કહ્યું, ''મહામંત્રી અભયકુમાર ! ઉઠો. હું તમને મારા ચાર પુત્રો દેખાડું.'' મહામંત્રીએ કહ્યું, ''જ્યારે ચારે પુત્રો રૂપી ધન તમને પાછું મળશે ત્યારે જ હું માનીશ કે પરિશોધ પૂર્ણ થઈ છે.'' ... ૨૪૮

આવાં વેણ બોલતાં બોલતાં અભયકુમાર અને કૃતપુણ્ય જ્યારે બહાર આવ્યાં ત્યારે તેમને જોઈને સાસુ ક્ષોભ (ગભરાટ) પામી. ચારે વધૂઓએ પતિને જોઈ શરમથી ઘૂંઘટ તાણી પોતાનું મુખ ઢાંકી દીધું. ... ૨૪૯

સાસુએ સંક્ષેપમાં યક્ષપૂજા કરી લીધી. ત્યાર પછી પૌત્રોને તેડીને તેડીને ફરવા લાગી. પૌત્રો વારંવાર યક્ષની મૂર્તિ તરફ દોડતા હતા. ડોસી વારંવાર તેમને રોકવાનો પ્રયત્ન કરતી હતી. છોકરાઓ કોઈ રીતે વાર્યા ન વર્યા ત્યારે મહામંત્રી અભયકુમારે વળતાં કહ્યું. ... ૨૫૦

''અરે બાળકો ! આ યક્ષને વારંવાર વળગીને ખેંચાખેંચી કેમ કરો છો ? આ તમારા પિતાજીને બોલાવું છું તેમને જ બાથે વળગો.'' જેવા પિતાને જોયા તેવા જ ચારે પુત્રો (પિતાના દર્શન થતાં ગાંડાઘેલા બન્યા.) કૃતપુણ્યને ભેટી પડયા. ... ૨૫૧

ઘણા દિવસે પિતાને જોયા તેથી એક પુત્ર પિતાના કપડા ખેંચવા લાગ્યો, બીજો પગ ઝાલીને બેસી ગયો, ત્રીજો હાથ પકડી વળગી પડયો. ચોથાએ ખોળામાં બેસી ફરીયાદ કરતાં કહ્યું. ''તમે માતા સાથે ઝઘડો

કરી આટલા દિવસ સુધી કયાં ગયા હતા ? મારી માતા રોજ ભોજન બનાવી થાળી પીરસી તમારી વાટ જોતી હતી. પિતાજી ! તમે શા માટે રિસાઈને ચાલ્યા ગયા ? ... ૨૫૨

પિતાજી ! આવું ન કરાય. આ તો તમે ઘણું ખરાબ કર્યું . કોઈ સ્વજનોથી રીસાઈને તેમને છોડીને ન જાય.'' ભોળા બાળકો આ પ્રમાણે બોલી પુનઃ પિતાને હેતથી ગળે વળગી પડયાં. તેમણે પિતાના ખભાના ખેસનો છેડો પકડી કહ્યું, ''પિતાજી ! ચાલો તમને અમારી માતા બોલાવે છે. ...૨૫૩

પિતાજી ! તમે રાત્રિના બે પહોર સુધી ઘરમાં જ હતાં, ત્યાર પછી તમને અમે હવેલીમાં ક્યાંય ન જોયા. તમે ક્યાં સૂતા હતા ? કેટલા બધા દિવસો પૂર્વે અમે તમને જોયા હતા. ત્યાર પછી તમે અદશ્ય થઈ ગયા. આજે તમે મળ્યા છો, તો ચાલો આપણા ઘરે જઈએ. તમે ઘરે જતાં લાજ ન અનુભવશો.'' (કૃતપુણ્યની આંખમા અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો.) ... ૨૫૪

મહામંત્રી અભયકુમાર દૂર ઊભા ઊભા તમાશો (વાર્તા વિનોદ) જોઈ રહ્યા હતા. ચારે પુત્રવધૂઓ ઘૂંઘટ તાણી આમતેમ ફરી રહી હતી. સાસુએ તેમને કહ્યું, ''વધૂઓ ! હવે સમય વણસી ગયો છે. તમે સ્વામી તરીકે કૃતપુણ્ય શેઠને ચાહી તેમની સેવા કરવા જાવ.'' ... ૨૫૫

સાસુએ (કૃત્રિમ નાટક કરતાં) કહ્યું, ''અરે પુત્ર ! તું ક્યાં ચાલ્યો ગયો હતો ? તારા આવવાથી મારો ઘરસંસાર રહેશે.'' કૃતપુણ્યએ કહ્યું, ''સાસુજી ! તમારી કપટલીલા રૂપી કરણીને યાદ કરો. તમારા કૃત્યને પ્રજાજનો તેમ જ સ્વયં તમે પણ જાણો છો.'' ... ૨૫૬

મહામંત્રી અભયકુમારે ગુસ્સામાં ત્રાડ પાડી કહ્યું, ''દુષ્ટ ખોટા બોલી નારી ! હવે તારાં પાખંડ (કાવાદાવા) છોડ. ધન માટે તું પરાયા નરને ગૃહવાસે લઈ ગઈ અને ગરજ પૂર્ણ થતાં ઘરમાંથી કાઢી મૂક્યો ? ... ૨૫૭

હે ધૂતારી સ્ત્રી ! તારું પૂર્ણ ચરિત્ર (પ્રપંચ) જો લોકો સમક્ષ કહીશ તો કૃતપુણ્ય બનેવીની જ લોકો મશ્કરી કરશે. હજી તો માતા બનવાનો ઢોંગ કરે છે, જેથી શ્રેણિક મહારાજા સંશયમાં પડે. ... ૨૫૮

પરંતુ મને કોઈ સંશય નથી કૃતપુણ્ય શ્રેષ્ઠીવર્યના પિતાનું નામ ધનાવાહ શેઠ છે અને તેમની માતાનું નામ સુભદ્રા શેઠાણી છે, તો પછી તે તારો પુત્ર ક્યાંથી થઈ શકે ?'' ... ૨૫૯

ઢાળ : ૧૪

મહામંત્રી અભયકુમારે વૃદ્ધાને ઘણી રીતે ખોટી ઠરાવી લજ્જિત કરી. ત્યાર પછી કૃતપુણ્યને ત્યાં બોલાવી. તેની ચારે સ્ત્રીઓ અને કરોડોની સંપત્તિ સોંપી. હવે કૃતપુણ્ય નારીઓના સંગે સુરલોકના દેવ જેવાં સુખો ભોગવી રહ્યો હતો. ... ૨૬૦

ચારે સ્ત્રીઓની સાથે સાથે ચારે સંતાનો પણ કૃતપુણ્યના આવાસે આવ્યાં. (આનું જ નામ સૌભાગ્ય અને આનું જ નામ ભરતીમાં ભરતી !) કૃતપુણ્યે તે ચારે સ્ત્રીઓ સાથે વિધિપૂર્વક વિવાહ કર્યા. એક લાખ સોનામહોર વૃદ્ધા(સાસુ)ને આપી. વૃદ્ધા ધન લઈ પોતાના ઘરે ગઈ. ...૨૬૧

કૃતપુણ્યના ઘરે ચાર પત્નીઓ હતી. તેની પ્રથમની એક સોહાસણિ નામની પત્ની હતી. વળી ગણિકાની પુત્રી મદનમંજરી સાથે પણ તેને પ્રીત હતી. મહારાજા શ્રેણિકની પુત્રી લીલાવતી, એમ રૂપવાન અને ગુણવાન એવી સાત સ્ત્રીઓનો ભરથાર કૃતપુણ્ય હતો. (ખંડિત સૌભાગ્યના ખંડ જાણે અખંડિત સૌભાગ્યના સૂર્યરૂપે પ્રકાશી ઉઠયા.) ... ૨૬૨

દોમ દોમ સાહેબીના સ્વામી કૃતપુણ્યએ સાત સ્ત્રીઓ માટે સાત આવાસ બનાવ્યા. કૃતપુણ્ય તેઓની સાથે રતિ સુખો માણતો રહેતો હતો. સાતે નારીઓ સૌંદર્યવાન હતી. કૃતપુણ્યે સોહાસણીને પટરાણી સ્થાને સ્થાપી. ... ૨૬૩

કૃતપુણ્ય સૌભાગ્યવશ રાજવી સુખો ભોગવતો હતો. સુખનો કાળ જલ્દી નિર્ગમન થાય છે, તેની જાણ થતી નથી. સુપાત્રદાનના પ્રભાવે કૃતપુણ્ય સુખી થયો. ... ૨૬૪

(કૃતપુણ્યે પૂર્વે ભરવાડના ભવમાં મહાત્માને ખીર વહોરાવી હતી.) તે સમયે ખીર ખાવાની અદમ્ય ઈચ્છાથી ખીરની થાળીમાં ત્રણ લીટીઓ કરી હતી. આમ, દાન દેતાં વચ્ચે (પોતાનો જરાક વિચાર આવતાં) દિલ ન ચાલ્યું તેથી ત્રણ વાર દાન ધારા ખંડિત થઈ. જેના ઉદયમાં ખંડિત સૌભાગ્ય પ્રાપ્ત થયું. પ્રથમ ગણિકાએ તરછોડી તેની હવેલીમાંથી કાઢયો. ... ૨૬૫

ત્યાર પછી તેની પત્ની સોહાસણિએ પરદેશ વ્યાપાર કરવા મોકલ્યા અને ત્રીજી વખત વૃદ્ધાએ ઘરમાંથી બહાર કાઢયા. આમ, ખંડિત પુણ્યના બળે તેઓ ત્રણવાર દુઃખી થયા. બાકીના દિવસો તેમણે સુખમાં વ્યતીત કર્યા. ... ૨૬૬

કૃતપુણ્ય શેઠે ધર્મ, અર્થ અને કામને જીવનમાં સાધ્યા. રાજગૃહી નગરીમાં તેમનો ગૌરવ વધ્યો. એક દિવસ અભયકુમાર અને કૃતપુણ્ય બન્ને ઉત્સાહપૂર્વક પ્રભુ મહાવીરનાં દર્શન અને વંદન કરવા ગયા. ... ૨૬૭

ત્યારે ભગવાન મહાવીરે પ્રસિદ્ધ દેશના આપી. ''હે ભવ્ય જીવો ! તમે પ્રાણીઓનો સંહાર ન કરો. અસત્ય બોલવાથી અને ચોરી કરવાથી ઘણા પાપકર્મો બંધાય છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોનો તમે ત્યાગ કરો. ... ૨૬૮

વળી, પરિગ્રહના પાપને છોડો. માંસાદિક અભક્ષ્ય આહારને છોડો. તમે પાપનું મંડાણ પ્રારંભ કરીને ન જાવ. તમે વ્રત ગ્રહણ કરી સર્વ જીવો પર અનુકંપા કરો. ... ૨૬૯

હે નરનારીઓ ! સંસાર રૂપી સમુદ્રને તરવા તમે દાન, શીયળ, તપ અને ભાવરૂપી નાવમાં બેસો. ક્રોધ, માન, માયા, લોભ અને રાગ-દ્વેષ તેમજ મોહમાં ન થોભો. ... ૨૭૦

જે સંયમ લઈ સમભાવ ધારણ કરે છે, તે મનુષ્ય મુક્તિપુરીનાં સુખો મેળવે છે.'' વીર પ્રભુ આ પ્રમાણે ભવ્ય જીવોને ઉપદેશ આપી રહ્યા હતા. ''હે દેવાનુપ્રિય ! તમે વેર (શત્રુવટ, દ્વેષ), પાંચે ઈન્દ્રિયોના વિષયો, કલહ છોડો. ... ૨૭૧

વિષય સુખોમાં રાચતો માચતો જીવ સદા અતૃપ્ત જ રહે છે. તેની ઈચ્છાઓ કદી પૂર્ણ થતી નથી. જેમ જંતુ (બેક્ટેરિયા) ગમે તેટલું ખાય છતાં કદી તૃપ્ત થતો નથી અને સાગરમાં ગમે તેટલી નદીઓનું પાણી ઠલવાય છતાં ભરાતો નથી. ... ૨૭૨

જેમ અગ્નિમાં ગમે તેટલા ઈંધણ નાખો છતાં ઠરતો નથી (વધુ પ્રજ્વલિત થાય છે.), તેમ જીવ આ સંસારમાં ગમે તેટલાં સુખો ભોગવે છતાં ધરાતો (સંતોષ પામતો) નથી. જેઓ વિષયરૂપી કચરામાં ખૂંચેલા છે, તેઓ પ્રયત્ન કરવા છતાં ત્યાંથી નીકળી શકતા નથી. ... ૨૭૩

ઘણાં જીવો ધતુરાના ફળ જેવા હોય છે. જે પ્રારંભથી અંત સુધી સદા કડવા જ રહે છે. તે કઈ રીતે ભવસાગર પાર કરી શકશે ? તેવા જીવો ચારે ગતિમાં જન્મ-મરણ કરી પરિભ્રમણ કરતાં રહે છે. ... ૨૭૪

ધર્મદેશના સાંભળી જે જીવો પ્રતિબોધ પામે છે, તેમને સહકાર (આમ્રફળ) જેવા કહ્યા છે. આંબો કાચો હોય ત્યારે કટાણો (બેસ્વાદ) ખાટો લાગે છે પરંતુ પાકી જાય ત્યારે અત્યંત મીઠો-મધુરો લાગે છે. ... ૨૭૫

જે જીવો આમ્રફળ જેવા થાય છે તેઓ શિવપુરીમાં જાય છે.'' પ્રભુ મહાવીરની દેશના સાંભળી કૃતપુણ્ય એકચિત્ત બન્યો. કૃતપુણ્ય વીર પ્રભુની દેશનાથી પ્રતિબોધ પામ્યા. (તેમણે સંયમ લેવાનો દૃઢ સંકલ્પ કર્યો.) ... ૨૭૬

દેશના પૂર્ણ થતાં કૃતપુણ્ય શેઠ સીધા ઘરે આવ્યો. તેણે પોતાના જ્યેષ્ઠ પુત્રને સંસારનો સઘળો ભાર સોંપ્યો. ત્યારપછી તેણે સાતે ક્ષેત્રમાં અષાઢી મેઘની જેમ ભરપૂર દાન આપ્યું. ભેરિ (નોબત) વગાડાવી. પાલખી (શિબિકા)માં બેસી તેઓ પ્રભુ મહાવીર પાસે આવ્યા. ... ૨૭૭

તેઓ ભગવાન મહાવીરના હાથે દીક્ષિત થયા. તેમની સાથે તેમની સહધર્મચારિણી સાતે પત્નીઓએ પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી. કૃતપુણ્ય મુનિએ સંયમ અંગીકાર કરી ઘોર તપ આદર્યો. તેઓ શુદ્ધ સંયમ પાલન અને તપના બળે આયુષ્ય પૂર્ણ થતાં સ્વર્ગવાસી બન્યા. તેઓ દેવગતિમાં ઉત્પન્ન થયા. ... ૨૭૮

જ્યારે કૃતપુણ્ય દેવનું આયુષ્ય પૂર્ણ થશે ત્યારે તે મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં મનુષ્ય પર્યાયમાં સંયમ અંગીકાર કરી સિદ્ધગતિ પ્રાપ્ત કરશે. સૌભાગ્યના સ્વામી એવા કૃતપુણ્ય શેઠના કવિ ઋષભદાસ નિત્ય ગુણગાન કરે છે. ... ૨૭૯

ઢાળ : ૧૫

ભગવાન ઋષભદેવની મહેરથી મેં (કવિ ઋષભદાસ) કૃતપુણ્ય શેઠના ગુણગ્રામ કર્યા છે. **'ભરહેસર બાહુબલિ વૃત્તિ'** ગ્રંથમાં કૃતપુણ્ય શેઠનો અધિકાર પ્રસ્તુત છે. ... ૨૮૦

'આવશ્યક સૂત્રની વૃત્તિ'માં કૃતપુણ્ય કથા બંધ વિસ્તારથી જોવા મળે છે. ... ૨૮૧

તપગચ્છના નાયક, શુભ સુખદાયક, આચાર્ય પ્રવર **વિજયાનંદસૂરિજી**, જેઓ શુદ્ધ સંયમધારી તથા આચાર પાલનમાં ચુસ્ત છે. તેમનું મુખ પૂનમના ચંદ્ર જેવું શોભે છે. ... ૨૮૨

સદ્‌ગુરુના ચરણોમાં નમસ્કાર કરીને મેં કૃતપુણ્ય શેઠનો રાસ કવન કર્યો છે. આ રાસ મેં **ખંભાવટી નગરી**માં રચ્યો છે. આ રાસ કવનનું કાર્ય પૂર્ણ થતાં મારા મનના મનોરથ પૂર્ણ થયા છે. ... ૨૮૩

હર = ૧, લોચન = ૨, દિશાઓ = ૬, અનુપમ છે. ચંદ્ર = ૧, સંવત્સર = ૬, અર્થાત્ સંવત ૧૬૨૧, માસ પવિત્ર વૈશાખ, ત્રીજ ઉજલી = વૈશાખ સુદ ત્રીજ એટલે અક્ષય તૃતીયા; ગુરુવારે આ રાસ રચાયો છે. ...૨૮૪

પુષ્ય નક્ષત્રમાં આ રાસ પ્રગટ સર્જન-કવન થયો છે. ત્યારે કવિજન વિજયની ખુશાલીનો આનંદ વ્યક્ત કરે છે. તેઓ પ્રાગવંશના સંઘવી સાંગણ, જેમણે બાર વ્રત ધારણ કર્યા છે; તેમના પુત્ર છે. ... ૨૮૫

શ્રી સંઘવી સાંગણના પુત્ર, જેઓ બાર વ્રતધારી શ્રાવક છે. તેમનું નામ ઋષભદાસ છે. તેમણે કૃતપુણ્ય શેઠનો રાસ રચ્યો છે. તેમના મનોરથ આજે ફલિત થયા છે. ... ૨૮૬

૩. મુખ્ય અવાંતર કથાઓ

[૧]શાલિભદ્રનો પૂર્વ ભવ (જૈન કથા રત્નકોષ - ભા.૧, પૃ.૧૮૨)

ધરતીનો છોરુ **સંગમ** હતો તો ભરવાડ ! પણ એનું દિલ દિલાવર હતું. એનો પ્રેમાળ ચહેરો, એની હેતાળ વાણી, એનું રસાળ જીવન અને એની રમતિયાળ-વૃત્તિ જોતાં ભલભલાને એની પર હેત જાગી જતું. પિતા ગુજરી ગયા હતા, છતાં સંગમને એની ખોટ **ધન્યા**એ ન જણાવા દીધી. પોતાના બેટા સંગમને ઉની આંચ પણ ન આવે, એ માટે એ દળણાં દળતી હતી ને શ્રીમંતોના ઘરકામ કરતી હતી. આમ મા-દીકરાનો સંસાર ચાલી રહ્યો હતો.

સંગમ પણ કંઈ કમ ન હતો. ઘરની બધી પરિસ્થિતિ જોયા પછી, પોતાની ફરજ અદા કરવા એ પશુઓને ચરાવવા જતો. દિવસભર એ પશુઓને ચરાવતો. સમી સાંજે ઘરે આવતો. અને ત્યારે ફરજ અદા કર્યાનો સંતોષ એના મોં પર તરવરતો. એ સંતોષ જોઈને ધન્યા પણ હસી ઊઠતી. પોતાના પતિદેવના મૃત્યુ પામી જતાં, એ નોંધારી બની હતી. સંગમ એ નોંધારીનો આધાર હતો.

છેલ્લા કેટલાક દિવસોથી સંગમ પોતાની જાતને બડભાગી લેખી રહ્યો હતો. એ જે જંગલમાં પશુઓને ચરાવવા જતો હતો, ત્યાં એક વૃક્ષની ઘનઘોર ઘટા નીચે, એક મુનિ કાઉસગ્ગ મુદ્રામાં ખડા રહેતા હતા. સંગમ મુનિને જોતો ને મલકાઈ ઊઠતો. એ વિચારતોઃ ઓહ ! આ મુનિ કોણ હશે ? આજે છેલ્લાં કેટલાય દિવસોથી હું આમને આ રીતે ધ્યાન ધરતા જોઈ રહ્યો છું ! શું એ ખાવા માટે ગામમાં નહિ જતા હોય ? એમને ખવરાવતું કોણ હશે ? ઓહ ! કેવો તેજસ્વી ચહેરો. ચહેરા પર કોઈ ચિંતા નથી. આખી દુનિયાની શાંતિ જાણે આ ચહેરામાં જ સમાઈ ગઈ છે અને સંગમ એ મુનિને ટગરટગર જોયા કરતો.

જાનુ સુધી લંબાયેલા બાહુ ! પર્વત શી સ્થિર ધ્યાન મુદ્રા ! બ્રહ્મ તેજથી ઝગારા મારતું લલાટ ! સંગમ સમી સાંજે ઘરે આવતો. પણ આ મુનિ એની આંખ સામે તરવર્યા જ કરતા. એક પણ બોલ બોલ્યા વિના, મુનિએ સંગમ પર જાણે કામણ કર્યું હતું ! સંગમ પોતે પણ મુનિ તરફના પોતાનાં આવાં આ અકારણ આકર્ષણનું કારણ સમજી શકતો ન હતો.

થોડા દિવસો આ રીતે વીત્યા. મુનિનું મૌન સંગમ માટે જાણે તલસ્પર્શી પ્રવચન બની ગયું. એના હૈયે પડેલાં જુગ જૂનાં સંસ્કાર જાગી ગયા. ભોળો ભરવાડ હોવા છતાં સંગમ જાણે શ્રાવક બની ગયો ! આસપાસમાં વસતા પોતાના મિત્રોને પણ એ મુનિનાં દર્શને લઈ આવવા માંડયો. આમ, એનો નાનો સરખો વર્ગ રચાઈ ગયો. સૌ વહેલી સવારે ઊઠીને મુનિને નમતા ને પછી પોતે પોતાના કામે વળગતા. પણ આ બધામાં સંગમની ભક્તિ તો કોઈ જુદી જ તરી આવતી ! કાજાકાજમાંથી સમય મળતાં જ એ મુનિની સામે આવીને બેસી જતો. દિલની દિલાવરીથી એ એક જાતની ભાવના સૃષ્ટિ સરજતો :

'ઓહ ! હું ભરવાડ છતાં ભાગ્યવાન છું. નહિ તો મને આવા મુનિનાં દર્શન ક્યાંથી થાય ! પણ મારા ભાગ્યમાં ભરતી તો એ જ દહાડે આવે , જે દહાડે આ મુનિ મારી ઝુંપડીને પાવન બનાવે.'

સંગમ ભાવનાસૃષ્ટિમાં આગળ વધતો અને પછી નિરાશ થઈ જતો પણ મારું ભાગ્ય ક્યાંથી કે, આ મુનિ મારાં ઘરને પાવન બનાવે ! ને આ પછી પોતાના કપાળે, હતાશ-હાથે બે ટકોરાં મારીને એ પોતાના કામે ચાલ્યો જતો.

થોડાં દિવસો પછી.... કોઈ પર્વની પધરામણીની પળે...

શાલિગ્રામમાં ખુશાલી છવાઈ ગઈ, ઠેર ઠેર આનંદ મંગલની શરણાઈઓ વાગી ઊઠી. ઘરે ઘરે

---

૧. સૌભાગ્યનો સૂર્ય - કયવન્નાશેઠ, લે. વિજયપૂર્ણચંદ્રસૂરિજી.

ખીરખાજાનું ભોજન તૈયાર થવા માંડ્યું. સંગમ ગમે તેમ તોય એક બાળક હતો. એના મોંમાં પાણી છૂટ્યું. એ વિચારી રહ્યો : આખું ગામ આજે ખીરની ખુશાલી માણે અને મારા માટે આજે પણ શું એ જ છાશ ને એ જ રોટલો ! માતા ધન્યાને એણે કહ્યું : ''મા, મા ! મારેય ખીર ખાવી છે. જો, ને ઘરે ઘરે ખીર રંધાઈ રહી છે. મા ! મારો એવો તે કયો ગુનો કે, આજેય મારા માટે ખાવા ખીર નહિ !''

સંગમની લાગણીભરી માગણી જોઈને ધન્યાનું હૈયું ભરાઈ આવ્યું. એ મનોમન બોલી રહી : ''બેટા, સંગમ, તને કઈ રીતે સમજાવું કે, કેટલી વીશીએ સો થાય ! દળણાં દળીને ને પેટે પાટા બાંધીને હું મહેનત કરું છું, ત્યારે માંડ માંડ આપણે છાશ રોટલા ભેગા થઈએ છીએ, હવે ખીર ક્યાંથી લાવું ?''

સંગમના બરડા પર વહાલસોયો હાથ ફેરવતા ફેરવતા ધન્યાએ કહ્યું : ''બેટા ! તને કોઈ દિ' જરૂર ખીર ખવડાવીશ હો. આજે તો જો ને, મારે માથે હજી કેટલું બધું કામ બાકી છે. ?''

ધન્યા છટકવા ગઈ. પણ સંગમે તો એનો પાલવ પકડ્યો. બસ, એની વાત તો એક જ હતી, ''મા ! મને ખીર !''

માના હૈયામાં દીકરા તરફ વાત્સલ્ય હતું. પણ સ્થિતિ-પરિસ્થિતિ જ એવી હતી કે, કાળજાની કોર જેવા પોતાના બેટાની આ એક નાનામાં નાની ઈચ્છાને પણ પૂર્ણ કરવા એ વિવશ હતી.

થોડીવાર થઈ અને સંગમ રોવા માંડ્યો. ધન્યાનું માતૃહૃદય દીકરાના એ આંસુને ન ખમી શક્યું. મનોમન એ વિચારી રહી : હું કેવી અભાગણી માતા કે, મારા બેટાને ખોબાભર ખીર પણ ખવડાવી શકતી નથી ! એ પોતાનાં આંસુને ખાળી ન શકી દીકરો તો રડી રહ્યો હતો. મા પણ રડવા લાગી અને નાની શી એ ઝુંપડીના તરણેતરણા રડી ઊઠ્યાં !

અડોશ-પડોશની સ્ત્રીઓ ભેગી થઈ ગઈ. ધન્યાએ એમની આગળ દિલના દ્વાર ખુલ્લાં મૂકી દીધાં. હું રડી રહી છું. કારણ સંગમ રડી રહ્યો છે. સંગમ રડી રહ્યો છે. કારણ એને ખીર ખાવી છે.

બીજાના દર્દને પોતાનું દર્દ લેખાવનારી ધર્મમાતાનું ધાવણ પીને મોટી થયેલી એ આર્ય-નારીઓ હતી. દરેકે સહાનુભૂતિનો હાથ લંબાવ્યો. કોઈ સ્ત્રી ખાંડ લઈ આવી, કોઈ દૂધ લઈ આવી, તો કોઈ ચપટી ચોખા ભરી આવી અને ધન્યાએ થોડીવારમાં તો ખીર તૈયાર કરી દીધી.

સંગમ નાચી ઊઠ્યો. ધન્યા હરખઘેલા સંગમને નીરખી રહી અને સંગમ પોતાની મા સામે જોતો જ રહ્યો. ધન્યા ખીર પીરસીને ઘરકામ કાજે ચાલતી થઈ અને સંગમ ખીર ખાવા બેઠો. બરાબર આ ટાણે જ દિલથી ભરવાડ લાગતા સંગમને દિલથી ભાગ્યવાન બનાવવાના ભાવિલેખ ઘડાવતી મુનિની યાદ આવી ગઈ. દિવસોથી વન-વગડામાં ધ્યાન ધરતા એ મુનિ સંગમની આંખ સામે ઉપસી આવ્યા. એ વિચારી રહ્યો : અત્યારે જો એ મુનિ મારે આંગણે આવી જાય, તો દુર્લભના દાનનો કેવો દોહ્યલો લાભ મને મળી જાય !

ભાવના તો ભવનાશિની ગણાય. સંગમની ભાવના જ જાણે એ મુનિને શાલિગ્રામમાં પારણા માટે ખેંચી લાવી ! આજના આ પર્વ દિવસે જ મુનિરાજને મહિનાના ઉપવાસ પૂર્ણ થતા હતા. ભિક્ષાકાજે ફરતા મુનિરાજ સંગમની ઝૂંપડીએ આવી ઊભા. 'ધર્મલાભ'નો ધ્વનિ સંભળાતા જ સંગમનો મનમોર કળા કરી ઊઠ્યો, 'ઓહ ! કેવા ભાગ્ય કે, ખીર જેવી દુર્લભ ચીજ મળી, ત્યારે એથીય વધુ દુર્લભ આ મુનિરાજ મારા આંગણે ! પધાર્યા ! એણે કહ્યું, ''ધન્ય ભાગ્ય, મારા ! પધારો મુનિરાજ ! મને લાભ આપો !''

ને હૈયાના હેતભાવથી સંગમે બધી જ ખીર મુનિ ના પાડતા રહ્યા, છતાં એમનાં પાત્રમાં ઉછળતા ભાવે વહોરાવી દીધી. ભવ્ય એ ભાવ ! ભીષ્મ એ દાન ! ને પવિત્ર એ પાત્ર ! આ અવસર્પિણીકાળનું મહાદાન લેખાયું. આવા અલબેલા ત્રિભેટે, સંગમે એવું સૌભાગ્ય એકત્ર કર્યું કે, જે એને ભરવાડમાંથી ભાગ્યવાન બનાવે ! અને

દાનના પરમ અને ચરમ વરદાન રૂપે ભોગેશૂરામાંથી ત્યાગશૂરા બનવાની તાકાત બક્ષે !

મુનિરાજના માધ્યમે આવેલી એ પુણ્ય પળે પોતાનું કામ પતાવી દીધું. એ પળે સંગમના લલાટે જેમ ભોગના લેખ લખ્યા, એમ ત્યાગના ભેખ પણ લખ્યા, દાનનો આનંદ માણતો એમ સંગમ થાળીને ચાટી રહ્યો. ખોબાભર ખીર મેળવવા માટે કેટકેટલા આંસુ વહાવવા પડ્યા હતા. જીવનની આ પહેલી જ પળ હતી, જ્યારે ભાણામાં ખીર પીરસાઈ હતી, પરંતુ સંગમને આવો વિચાર પણ નહોતો આવતો. એ તો વિચારી રહ્યો હતો કે, 'હું કેવો બડભાગી કે, જ્યારે દુર્લભ ચીજ મળી ત્યારે એથીય વધુ દુર્લભ આ મુનિ મારા આંગણિયે પધારી ગયા. ઓહ ! કેવો જોગાનુજોગ, કે જે મુનિના હું જંગલમાં રોજ દર્શન કરતો, ભાવના ભાવતો, એ જ મુનિનો મને લાભ મળી ગયો !'

ઘરકામ માટે ગયેલી ધન્યા ઝડપભેર પાછી આવી પહોંચી. પોતાના બાલુડાની હસતી રમતી મુખ-મુદ્રા જોવા એ ઝંખતી હતી. થાળીને ચાટી રહેલા સંગમને જોતાં જ એ વિચારી રહી. 'શું પીરસેલી બધી ખીર સંગમ ખાઈ ગયો ! છતાં હજીય એ ધરાયો નથી ?' માની મમતા ઉછળી પડી. તપેલીમાં શેષ રહેલી ખીર પણ એણે સંગમના ભાણામાં ઠાલવી દીધી. હસતે હૈયે સંગમ એ ખીર ખાઈ ગયો. ખીર સંગમે ખાધી, પણ તૃપ્તિનો ઓડકાર જાણે ધન્યાએ લીધો !

સંગમનું હૈયું હર્ષથી નાચી રહ્યું હતું. એ હર્ષ કંઈ ખાનપાનનો નહોતો, દાનનો એ હર્ષ હતો. સંગમનાં દિલદ્વારેથી એ મુનિ હજી ખસતા ન હતા. પશુઓને ચરાવવા એ જંગલમાં ગયો. ત્યાં જોયું, તો એ જ વનપ્રદેશ અને એ જ વૃક્ષની છાંયડી નીચે મુનિરાજ ધ્યાનમાં ઊભા હતા. મુનિના દર્શને સંગમ ગાંડાઘેલો બનીને નાચી ઊઠ્યો, 'ઓહ ! સાચે જ આ મુનિના પારણાનો લાભ મને મળ્યો ! શું રંકની ઝૂંપડીએ કલ્પતરુ ફળ્યો !' તેના શુભના અનુબંધ ખેંચાયા અને દાનની અનુમોદના કરતો કરતો એ મનભર નાચ્યો.

સાંજ ઢળવાની તૈયારી થઈ. મુનિના ચરણની રજ માથે ચડાવીને સંગમ પોતાના ઘરે આવ્યો. રાત પડી ન પડી, ત્યાં તો એની તબિયત એકાએક બગડી. સૂકો રોટલો ને છાસ જીરવનારી એની હોજરી ખીરને ન પચાવી શકી. વળી, ધન્યાની મીઠી નજર પણ એને લાગી ચૂકી હતી. એથી એ ખીર વિષમય બની જવા પામી હતી. ધન્યા બેબાકળી બની ગઈ, 'એકાએક આ શું ?'

તબિયત વધારે કથળતી ચાલી. પણ સંગમની મુખમુદ્રા તો સ્વસ્થ જ દેખાતી હતી. એના મુખ પર તો સંતોષનું સ્મિત જ તરવરી રહ્યું હતું. શૂળનું દર્દ પેટમાં ભાલાની જેમ ભોંકાતું હતું. પણ સંગમની આંખ સામે તો આજનો પુણ્ય - પ્રસંગ જ તરવરી રહ્યો હતો. પોતાની સામે પોતાના દિલની દેરીના દેવ સમા મુનિરાજ ઊભા છે અને પોતે એમને ખીરનું દાન કરી રહ્યો છે !

સંગમ આ દાનની અનુમોદના અને મુનિરાજને વંદના કરતો જ રહ્યો. ધન્યા બેબાકળી બની ગઈ. પોતાની આશાના આધારને જાળવી રાખવા એ હાંફળીફાંફળી થતી દોડધામ કરી રહી. પણ એ દોડધામ નાકામિયાબ નીવડી. એ જ રાતે સંગમનો જીવનદીપ બુઝાઈ ગયો.

દાન અજોડ હતું, દાનનું સંરક્ષણ અને સંવર્ધન બેનમૂન હતું. પછી એનું વરદાન બેજોડ હોય, એમાં આશ્ચર્ય કેવું ? ધન્યાને અંધારામાં રાખીને, રે ! ખુદ સંગમને પણ અજ્ઞાત રાખીને મુનિદાનનું એ પુણ્ય, પોતાનું વરદાન આપવા સંગમને મગધની દિશા ભણી, **રાજગૃહી નગરીમાં શાલિભદ્ર** તરીકેની કાયાપલટ કરાવી ગયું. તેને દૈવી ભોગો મળ્યા. રજવાડી સુખો મળ્યા. **મહારાજા શ્રેણિક**ની શ્રીમંતાઈનો કેફ ઉતરી જાય એવી સમૃદ્ધિ મળી. આ સર્વ સુખોની વચ્ચે શાલિભદ્ર નિર્લેપ રહ્યા. તે ભોગના પનારે ન પડ્યા પરંતુ ભોગ તેમના પનારે પડ્યા હતા. તેથી જ તેઓ એક ઝાટકે ભોગોને છોડી ત્યાગના માર્ગે ચાલ્યા ગયા.

મમ્મણ શેઠની કથા (જૈન કથા રત્નકોષ - ભા.૧, પૃ.૬૯)

વૈભવશાળી રાજગૃહી નગરીના નાલંદાપાડા ક્ષેત્રમાં મમ્મણ નામના એક કંજૂસ શેઠ રહેતા હતા. તેમને ત્યાં સંપત્તિની છોળો ઉછળતી હતી. તેમની હવેલીમાં એક હજાર વાણોત્તર (ગુમાસ્તા) હતા. મહારાજા શ્રેણિકને તેઓ સંપત્તિમાં ઊણા ઉતારે તેવા ધનવાન હતા.

અપાર વૈભવ હોવા છતાં તેઓ ન કદી સારાં વસ્ત્રો પહેરતા, ન કદી મેવા-મીઠાઈ જેવા સ્વાદિષ્ટ કે મધુર ભોજન આરોગતા. તેમના કમ્મરે ફક્ત એક ટૂંકી પોતડી રહેતી, તેમજ પ્રતિદિન ચોળા અને બરટી જેવો તુચ્છ આહાર આરોગતા. તેમને મખમલી શય્યા પર ઊંઘ ન આવતી. તેમને ભૂમિશયન જ પ્રિય હતું.

અતિશય લોભના કારણે મન સદા અતૃપ્ત, સંતપ્ત અને ખિન્ન રહેતું. આખો દિવસ મનમાં બબડાટ ચાલતો.

એકવાર તેઓ લાકડાં લેવા નદી કિનારે ગયા. ત્યાં નદીમાં પૂર આવ્યું. આકાશમાં મેઘગર્જના થતી હતી, વીજળી ઝબૂકી રહી હતી, અનરાધાર વરસાદ વરસતો હતો. તે સમયે રાત્રિની વેળાએ મહારાણી ચેલ્લણાએ વીજળીના પ્રકાશમાં કોઈ વ્યક્તિને નદીના ધસમસતા પ્રવાહમાં કંઈક ભેગું કરતાં જોયા. રાણીને અચંભા સાથે દુ:ખ થયું. તેમણે મહારાજા શ્રેણિકને કહ્યું, ''સ્વામીનાથ ! આપણા રાજ્યમાં લોકો દુ:ખી હોય તેવું જણાય છે. આવી ભયંકર વેળાએ મેં એક દુ:ખી વ્યક્તિને નદીના પૂરમાં અલ્પવસ્ત્રમાં ફરતો જોયો.'' દયાળુ શ્રેણિક રાજાએ તરત જ સેવકોને સૂચન કર્યું કે, ''નદી કિનારે જે દુ:ખી વ્યક્તિ છે તેને લઈ આવો.'' સેવકો મમ્મણ શેઠને રાજાની સમક્ષ લાવ્યા.

કમ્મર પર લંગોટી, ખભા પર લાકડાનો ભારો અને કુહાડો હતો. મહારાજા શ્રેણિકે પૂછ્યું, ''કહો, આવી ભયંકર તોફાની રાત્રિમાં તમે નદીના પૂરમાં શું કરી રહ્યા હતા ?''

મમ્મણ શેઠે કહ્યું, ''મહારાજા ! મને બળદની જોડ જોઈએ છે.'' મહારાજાએ વચ્ચે જ કહ્યું, ''બળદની જોડ હું તને આપું. મારી બળદશાળામાં ઘણાં બળદો છે. જે સરસ જોડ હોય તે છોડીને ભલે લઈ જાવ.''

મમ્મણ શેઠે કહ્યું, ''મહારાજ ! મને આવા બળદ નથી જોઈતા. આવા બળદોને હું શું કરું ? મારા ઘરે સુવર્ણનાં બળદો છે. તેમાં અમૂલ્ય રત્નો જડેલાં છે. હું આ નગરીનો મમ્મણ શેઠ છું. મારી પાસે અઢળક સમૃદ્ધિ છે.''

મહારાજા શ્રેણિકને ખૂબ નવાઈ લાગી. તેમણે પૂછ્યું, ''શેઠજી ! અપાર સંપત્તિ હોવા છતાં વિષમ કાળે નદીના પ્રવાહમાં તમે શું કરી રહ્યા હતા ? તમારી કાયા કેમ કૃશ છે ? તમારો પોશાક કેમ આવો ? એવા લાકડાં ભેગાં કરવાથી તમને વૃષભ કેમ પ્રાપ્ત થશે ?''

''મહારાજ ! મારો સંગ્રહ કરવાનો સ્વભાવ છે. મારી પાસે રત્નજડિત બળદોની જોડ છે. હે પ્રજાપાલક ! મને હવે ફક્ત એક જ રત્નની જરૂર છે. તે માટે હું નદીના પૂરમાં પ્રવાહમાં તણાઈને આવતાં લાકડાં ભેગાં કરી ભારો બનાવું છું. વળી, મેં આવા લાકડાં માટે સમુદ્ર માર્ગે પ્રવહણ મોકલ્યાં છે. પરદેશમાં એ લાકડાં વેચીને તેનાં નાણાંના રત્ન લઈ આવીશ ત્યારે બીજો વૃષભ નીપજશે. આ બાવના ચંદનના કાષ્ટ છે. તેને હું જ પારખી શકું છું. હું અન્યને એ શીખવતો નથી.

હવે રહી મારા પોશાકની વાત. હે રાજન ! હું કિંમતી વસ્ત્ર પહેરું તો મારા શરીરમાં જાણે સોય ભોંકાતી હોય તેવી વેદના થાય છે, તેથી હું માત્ર પોતડી (અલ્પ વસ્ત્ર) પહેરીને જ રહું છું. ચોખા, દાળ અને ઘી જેવો પૌષ્ટીક ભોજન જમું તો આખો દિવસ પેટમાં ચૂંક આવે છે. સુંવાળી શય્યા કાંટા જેવી તીક્ષ્ણ ધારવાળી લાગે છે. તેથી ભોંયની પથારી મનને વધુ પ્રિય લાગે છે.''

મહારાજા શ્રેણિકને બેહદ આશ્ચર્ય થયું, સાથે સાથે સંપત્તિનો ભોગવટો ન કરી શકનારા મમ્મણ શેઠ પ્રત્યે હમદર્દી પણ વર્તાવી. તેમણે કહ્યું, ''મમ્મણ શેઠ ! હું તમને રત્ન આપું.'' મમ્મણ શેઠે કહ્યું, ''રાજન્ ! મારી પાસે અમૂલ્ય રત્ન છે. મને તો તેવું જ અમૂલ્ય રત્ન જોઈએ છે. તમારા રત્નને હું શું કરું ? તમે મારી હવેલીમાં પધારો હું તમને રત્ન બતાવું.''

મહારાજા શ્રેણિક મમ્મણ શેઠની સાત માળની ઊંચી હવેલીમાં આવ્યા. હવેલીની દિવાલો રંગબેરંગી આરિસાથી જડેલી હતી. જાણે શાલિભદ્રનો સુંદર આવાસ જોઈ લ્યો ! હવેલીના ભોંયતળીયાની નીચે ભોંયરું હતું. આ ભોંયરામાં શેઠે સુવર્ણના ચાર બળદો બનાવી મૂક્યા હતા. આ બળદમાં સાચા રત્નો જડેલાં હતાં. મહારાજા શ્રેણિક તેની સંપત્તિને જોઈ આવાક્ બની ગયા. તેમના મનમાં થયું, 'આટલો શ્રીમંત છતાં લોભી !'

મહારાજા શ્રેણિક ભગવાન મહાવીર પાસે આવ્યા. પ્રભુને વંદન કરી, હાથ જોડી મમ્મણ શેઠની સખેદાશ્ચર્ય સ્થિતિ અંગે પ્રશ્ન પૂછયો. ''પ્રભુ ! મમ્મણ શેઠ શ્રીમંત હોવા છતાં સારું ભોજન, સારાં વસ્ત્રો કેમ પહેરી શકતાં નથી ?

ભગવાન મહાવીરે કહ્યું, ''મગધેશ્વર ! મમ્મણ શેઠ પૂર્વ ભવમાં શ્રાવક હતા. કોઈના ઘરે શુભ પ્રસંગ હોવાથી ગામમાં કેસરીયા મોદકની લ્હાણી થઈ. મમ્મણ શ્રાવકના ઘરે પણ લ્હાણીમાં અત્યંત સ્વાદિષ્ટ લાડવા આવ્યા. તે જ સમયે મુનિરાજ પધાર્યા. મુનિ તપસ્વી હતા. શેઠે હૈયાના ભાવથી એ લાડવા મુનિને વહોરાવી દીધા, અને અનુમોદના કરી રહ્યા. મુનિ તો ભિક્ષા વહોરીને ચાલ્યા ગયા. એ લાડવાની થોડીક કરચ થાળમાં રહી ગઈ હતી, શેઠે એ કરચ ચાખી અને એમના વિચાર બગડ્યા. 'અરે ! મેં આવા સ્વાદિષ્ટ લાડવા મુનિ ના પાડતા હતા, તોય બધા જ વહોરાવી દીધા ? કેટલો સુંદર આનો સ્વાદ છે ! આવા લાડવા મને હવે ક્યારે ફરી ચાખવા મળશે ? મેં મોટી ભૂલ કરી નાખી ! પહેલા લાડવા ચાખી લીધા હોત, તો આવું ન બનત. પરંતુ હજી ય કંઈ બગડયું નથી. મુનિ કંઈ બહુ દૂર નહિ ગયા હોય, મુનિ પાસેથી થોડા લાડવા પાછા લઈ આવતા મને વાર નહિ લાગે !'

ને એ શેઠ મુનિના પગલે પગલું દબાવીને દોડયા. શેઠે સાદ પાડી પાડીને મુનિને ઊભા રાખવા પ્રયાસ કરી જોયો, પણ એ મુનિ તો આગળ ને આગળ જંગલ તરફ જઈ રહ્યા હતા. એક નજર પાછળ કરીને મુનિએ શેઠને જોઈ લીધા અને બધી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. એમને થયું કે, 'ચોક્કસ, આ શેઠ લાડવા પાછા લેવા આવતા લાગે છે' વહોરેલું તો પાછું અપાય નહીં, એથી મુનિ સમય વર્તે સાવધાન બની ગયા. અને જંગલમાં એક તરફ જઈને એમણે બધા લાડવા ધૂળમાં ચોળીને પરઠવી દીધા. એટલામાં શેઠ ત્યાં આવી ગયા. એમના દુ:ખનો પાર ન રહ્યો. 'રે ! મેં અપાત્રે દાન દીધું. આ મુનિએ ખાધું નહિ કે ખાવા ય ન દીધું ! ખરેખર મેં રાખમાં ઘી ઢોળવા જેવું અવિચારી કાર્ય કર્યું !' અત્તરની શીશીને વારંવાર ખોલબંધ કરવાથી તેની ફોરમ નષ્ટ થાય છે, તેમ મમ્મણ શેઠે દાન આપીને વારંવાર પસ્તાવો કર્યો તેથી દાનનું લોકોત્તર ફળ નષ્ટ થયું.

મુનિને તો હવે ઠપકો આપવાનો કોઈ અર્થ ન હતો, એથી મુનિ પર મનોમન ગુસ્સે ભરાતા એ શેઠ પાછા ફર્યા. આ પાપ અનાલોચિત જ રહ્યું અને તેઓ મરીને મમ્મણ શેઠ બન્યા. એકવાર અનુમોદનાની ભાવનાપૂર્વક દાન કરેલું, એથી મમ્મણ શેઠના ભવમાં લક્ષ્મી અઢળક મળી, પણ એનો સદુપયોગ કરવાનું પુણ્ય નહોતું બંધાયું, એથી કોઈ ભિખારી કરતાંય બદતર જીવન જીવવાનું મમ્મણ શેઠના ભાગ્યમાં આવ્યું અને તૃષ્ણાના યોગે એમના માટે નરકગતિ નિશ્ચિત બનવા પામી.

મણિરથરાજા (ઉત્તરાધ્યયન સૂ. અ.૯, નમિપ્રવજ્યા)

ભરતક્ષેત્રના માલવદેશમાં સુદર્શન નામની નગરી હતી. ત્યાં મણિરથ રાજા રાજ્ય કરતા હતા. તેમના નાના ભાઈનું નામ યુગબાહુ હતું. તેમને યુવરાજ પદે નિયુક્ત કરવામાં આવ્યા. યુગબાહુની પત્નીનું નામ મદનરેખા હતું. તે ઘણી જ સુંદર અને સુશીલ હતી. મદનરેખાને ચંદ્રયશ નામનો પુત્ર હતો.

એકવાર મદનરેખાએ સ્વપ્નમાં ચંદ્ર જોયો. તેણે પ્રાતઃકાળે પતિને સ્વપ્નનું ફળ પૂછયું. યુગબાહુએ કહ્યું, ''પ્રિયે ! તમને ચંદ્ર જેવો સુખપ્રદ પુત્ર થશે.'' આ પ્રમાણેનું સ્વપ્ન ફળ સાંભળી મદનરેખાને ખૂબ હર્ષ થયો. ગર્ભના પ્રભાવે રાણીને નિર્ગ્રંથ મુનિવરોના દર્શન કરવાનાં મનોરથ જાગ્યાં. આ ઉપરાંત તત્ત્વ શ્રવણ, સુપાત્રદાન અને અનુકંપા દાનના ભાવ પ્રગટયાં. યુગબાહુ યુવરાજે પોતાની પ્રિય રાણીના સર્વ મનોરથ પૂર્ણ કર્યા.

એકવાર મદનરેખા મહેલની અગાશીમાં બેસી સ્નાન કરી રહી હતી. તે વખતે મણિરથ રાજાની દષ્ટિ તેના ઉપર પડી. તેનું રૂપ જોઈ મણિરથ રાજાના અંતઃકરણમાં કામાગ્નિ પ્રગટયો. 'મદનરેખાને પોતાની બનાવવા અનેક ઉપાયો વિચારી રહ્યો.''

ભાગ્યવશાત્ એ સમયે રુદ્ર નામના કોઈ રાજાએ નગર ઉપર આક્રમણ કર્યું. મણિરથ રાજા જાતે યુદ્ધ કરવા તૈયાર થયો. યુગબાહુને ખબર પડતાં તેમણે મોટાભાઈને રોક્યા. ''હે ભ્રાતા ! મારી ઉપસ્થિતિમાં તમે યુદ્ધ કરવા જાવ તે બિલકુલ યોગ્ય ન કહેવાય. આ કાર્ય માટે હું જ જઈશ.'' મોટાભાઈની આજ્ઞા મેળવી યુગબાહુ યુદ્ધ માટે રવાના થયા.

યુગબાહુના ગયા પછી મણિરથે મદનરેખાને પ્રસન્ન કરવા દાસી સાથે પુષ્પ, તામ્બુલ, વસન અને આભૂષણો મોકલાવ્યા, મદનરેખાએ ભોળા ભાવે 'જેઠજી નો પ્રસાદ છે' તેવું કહી લઈ લીધાં. હવે મણિરથે દાસી દ્વારા કહેવડાવ્યું કે ''મારું મન તારા રૂપમાં પાગલ બન્યું છે. જો તું મારો સ્વીકાર કરે તો હું તને મારા રાજ્ય ની સ્વામિની બનાવું.'' મણિરથની અનુચિત વાતો સાંભળી મદનરેખાએ દાસી મારફતે કહેવડાવ્યું કે, ''હું આપના નાના ભાઈની ધર્મસંગિની છું. આપનું વચન શોભારૂપ નથી. શિષ્ટ પુરુષો લોકવિરૂદ્ધ નીંદનીય કાર્ય કરતાં નથી. પરસ્ત્રી ગમે તેટલી લાવણ્યમયી હોય છતાં ઉતરેલા ધાન્ય જેવી જ ગણાય. હું તમારા નાના ભાઈની પત્ની છું એટલે પુત્રી સમાન જ લેખાવું. પરસ્ત્રીની ઈચ્છા મહાદુઃખોનું કારણ છે.'' મણિરથે પોતાનો દુરાગ્રહ છોડ્યો નહીં. મદનરેખાને હવે શીલભંગનો ભય હતો. તેણે પતિને પાછા બોલાવવા એક દૂત મોકલ્યો. દૂત જ્યારે યુગબાહુ પાસે પહોંચ્યો ત્યારે યુગબાહુ શત્રુઓને પરાજિત કરી પાછા વળી રહ્યા હતા. યુગબાહુએ કદળીવનમાં પડાવ નાખ્યો. યુગબાહુના આગમનના સમાચાર દૂતે મદનરેખાને આપ્યા. મદનરેખા કદળીવનમાં પતિને મળવા ગઈ. તેણે મણિરથનો સઘળો વૃત્તાંત પતિને કહ્યો. યુગબાહુને વિશ્વાસ ન આવ્યો.

આ બાજુ મણિરથે પ્રથમ યુગબાહુને વિશ્વાસમાં લેવો અને ત્યાર પછી તેનું કાસળ કાઢી નાખવાનું વિચાર્યું. 'યુગબાહુના ગયા પછી એકલી પડેલી મદનરેખા અવશ્ય મારી બનશે. જો તે નહીં માને તો જબરદસ્તી તેને મારે આધીન બનાવીશ.'

પોતાના માર્ગમાં કાંટા સમાન યુગબાહુને દૂર કરવા મણિરથ ઝેરનો પટ આપેલી તલવાર હાથમાં લઈને કદલીવનમાં જવા રવાના થયો. દ્વારપાળને પૂછ્યું, ''યુગબાહુ અત્યારે ક્યાં છે ?'' દ્વારપાળે કહ્યું, ''તેઓ કદલીવનમાં અત્યારે સૂતા છે. પરંતુ મહારાજા આપે અહીં આવવાની તકલીફ કેમ લીધી ?'' મણિરથે

કહ્યું, ''આ જંગલમાં મારો નાનો ભાઈ એકલો છે. તેને ઉપદ્રવ ન આવે તે માટે હું રક્ષા કરવા અહીં આવ્યો છું.'' પહેરેગીરને સમજાવી યુગબાહુને મણિરથ રાજાના આવવાના સમાચાર આપ્યા. મદનરેખાએ પતિને કહ્યું, ''નાથ! મને ડર લાગે છે માટે સાવધાનીપૂર્વક રહેજો.'' યુગબાહુએ ભાઈ પ્રત્યેના સ્નેહને કારણે પત્નીનું વચન ગણકાર્યું નહીં. યુગબાહુ કદળી ઘરમાંથી મોટાભાઈને મળવા બહાર આવ્યો. નમસ્કાર કરવા યુગબાહુ નીચે નમ્યો એજ ક્ષણે મણિરથે તલવાર વડે પ્રહાર કર્યો અને તરત જ નગર તરફ નાસી ગયો. માર્ગમાં મણિરથના ઘોડાની એડી હેઠળ વિષધર સર્પ ચકદાયો. સર્પે ક્રોધથી ઉછળી મણિરથને ડંશ દીધો. સર્પદંશના ઝેરથી મણિરથ મૃત્યુ પામી ચોથી નરકમાં ગયો. મદનરેખા બારીમાંથી આ દશ્ય જોઈ રહી હતી. પોતાના ઘાયલ થયેલા પતિને જોઈને ચિત્કાર કરતી દોડીને પતિ પાસે પહુંચી ગઈ. પતિને અંતિમ ઘડીએ ધૈર્ય રાખી જૈનધર્મની પ્રાપ્તિ કરાવી. ''નાથ! મનમાં કોઈ ચિંતા ન કરશો. કોઈના ઉપર દ્વેષ ન રાખશો. પોતાના જ કર્મનો આ વિપાક છે; એવું સમજી દુઃખને સમભાવે સહન કરો. જિનોક્ત ધર્મનું શરણ અંગીકાર કરો. અઢાર પાપનો ત્યાગ કરો. પોતાના કરેલા અપરાધોની ક્ષમા માંગો. સઘળા જીવો સાથે મૈત્રીભાવ કેળવો. પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરો.'' યુગબાહુનું સમાધિભાવે મૃત્યુ થયું. મદનરેખાએ જંગલમાં જ અર્ધરાત્રિના સમયે પુત્રને જન્મ આપ્યો. આમ, મણિરથ રાજાએ પરસ્ત્રીગમનના પાપે પોતાનું જ અહિત કર્યું.

ललितांगकुमार (ઉપદેશમાલા-ભાષાંતર પૃ.૧૨૦)

ભરતક્ષેત્રના શ્રીવાલ નામના નગરમાં નરવાહન રાજા રાજ્ય કરતા હતા. તેમની 'કમલા' નામની રાણી હતી. આ રાણી એ ललितांग નામના કુંવરને જન્મ આપ્યો. તે સર્વ કળાઓમાં પ્રવીણ થયો. યૌવનવયમાં તેનું રૂપ સોળે કળાએ ખીલી ઉઠયું.

વસંતપુર નગરમાં શતપ્રભ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમની 'રૂપવતી' નામની પટ્ટરાણી હતી. તે અત્યંત સૌંદર્યવાન હતી. રાજાને તે અતિ પ્રિય હતી પરંતુ વ્યભિચારિણી હતી.

એક દિવસ રૂપવતી રાણી મહેલનાં ગવાક્ષમાં બેસી નગર કૌતુક નિહાળી રહી હતી. તે સમયે તેની દષ્ટિ ललितांग નામના સ્વરૂપવાન યુવાન પર પડી. તેનું રૂપ જોઈ રાણી કામાતુર બની. તેણે દાસીને આજ્ઞા કરી કે, રાજ માર્ગ પર જતા આ યુવાનને અહીં બોલાવી લાવ. દાસી ललितांगકુમારને બોલાવી લાવી.

ललितांग કુમારને જોઈ રાણીએ કામાગ્નિને પ્રજવલિત કરે તેવા હાવભાવ, અંગદર્શન અને વિલાસી વચનો શરૂ કર્યા. રાણીના ધીક્કાઈ ભરેલા વર્તનથી ललितांग અધીરો બન્યો. તે રાણી સાથે વ્યભિચાર સેવવા લાગ્યો. અચાનક રાજાના આગમનના સમાચાર દાસીએ આપ્યા. ભયથી વિહ્વળ બનેલી રાણીએ ललितांगને છુપાવવા અપવિત્ર પદાર્થોથી ભરેલા કૂવાની અંદર ઉતાર્યો. રાણી હવે રાજાની સાથે હાસ્યવિનોદ કરવા લાગી.

અશુચિના કુવામાં ઉતરેલો ललितांग ભૂખ અને તરસની પીડાથી અત્યંત વ્યાકુળ બન્યો. તેવી સ્થિતિમાં ઘણાં દિવસો વ્યતીત થયાં. રાણી ललितांगકુમારને વીસરી ગઈ. ललितांग મૃતપ્રાયઃ જેવો થયો. વર્ષાઋતુમાં તે કૂવો પાણીથી ભરાતાં અપવિત્ર પાણીના પ્રવાહમાં ખેંચાતો ખેંચાતો તે બહાર નીકળ્યો. પોતાના સ્વજનોને મળ્યો. પોતાની બધી હકીકત તેઓને કહી તે વિષયાભિલાષથી વિમુક્ત બન્યો. તેનું સ્વાસ્થ્ય ધીમે ધીમે સુધરી ગયું. પુનઃ રાણીએ તેને જોયો ત્યારે દાસીને તેડવા મોકલી, પરંતુ હવે વાસનાથી પીડાતો ललितांग

કુમાર પરસ્ત્રીમાં વિષયાસકત બન્યો તેથી અશુચિથી ભરેલા કૂવામાં અનહદ દુ:ખ પામ્યો.

સિંહગુફાવાસી મુનિ (ઉપદેશમાલા-ભાષાંતર, પૃ ૧૭૦.)

પાટલીપુત્રમાં નંદ રાજાના રાજ્યમાં 'શકડાલ' નામના મંત્રી હતા. તેમની લાચ્છલદે નામની પત્ની હતી તેમજ સ્થુલિભદ્ર અને શ્રીયક નામના બે પુત્રો અને યક્ષા આદિ સાત પુત્રીઓ હતી.

સ્થુલિભદ્ર મિત્રો સાથે વનવિહાર કરવા ગયા. ત્યાં કોશા નામની ગણિકાએ તેમને જોયા. સ્થુલિભદ્રના રૂપથી મોહિત થઈ. કોશાએ સ્થુલિભદ્ર સાથે વાતચીત શરૂ કરી. વાગ્ ચતુરાઈથી સ્થુલિભદ્રનું ચિત્ત ચોરી લીધુ. સ્થુલિભદ્ર કોશાના રૂપ અને ગુણથી રંગાઈ ગયા. તેઓ કોશાને ત્યાં ૧૨ વર્ષ સુધી રહ્યા. શકડાલ મંત્રીએ સાડાબાર કરોડ સોનામહોર વેશ્યાને ત્યાં મોકલી.

વરરુચિ બ્રાહ્મણની કુટનીતિથી શકડાલ મંત્રીનું મૃત્યુ થયું. શ્રીયકને મંત્રી પદ આપવા માટે રાજ દરબારમાં બોલાવી લાવ્યા. પોતાના મોટાભાઈનો હક લેવા શ્રીયકે ના પાડી. રાજસેવકો સ્થુલિભદ્રને બોલાવી લાવ્યા. રાજનીતિના ષડયંત્રથી મૃત્યુ પામેલા પિતાના આઘાતને સ્થુલિભદ્ર જીરવી ન શક્યા તેથી રાજમુદ્રાનો અસ્વીકાર કર્યો તેમજ વિષયસુખનો પણ ત્યાગ કર્યો કારણ કે જે વિષયસુખોમાં ગળાડૂબ રહેવાથી જ પિતાના મૃત્યુની પણ ખબર ન પડી.

વૈરાગી બનેલા સ્થુલિભદ્રે શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. એકવાર ગુરુની આજ્ઞા લઈ સ્થુલિભદ્રમુનિ કોશાના આવાસમાં ચાતુર્માસ માટે રહ્યા. કોશાએ સ્થુલિભદ્રમુનિને પોતાના બનાવવા ઘણાં પ્રયત્નો કર્યા પરંતુ ધર્મએ કામ પર વિજય મેળવ્યો. કોશા સમ્યક્ત્વ સહિત બાર વ્રતધારી શ્રાવિકા બની ગઈ. ચાતુર્માસ પૂર્ણ થતાં સ્થુલિભદ્રમુનિ સંભૂતિવિજય મહારાજ પાસે આવ્યા. ષટ્ રસ ખાઈ મોહ ઉત્પન્ન થાય તેવા સ્થાનમાં રહી મોહવિજેતા બનેલા પોતાના શિષ્યને ગુરુએ 'દુષ્કર, દુષ્કર' એમ ત્રણ વાર કહી નવાજ્યા ત્યારે સિંહગુફાવાસી મુનિને મનમાં ઈર્ષા ઉત્પન્ન થઈ.

બીજું ચાતુર્માસ કોશા ગણિકાની બેન 'ઉપકોશા'ને ત્યાં કરવાની સિંહગુફાવાસી મુનિએ ગુરુ પાસે આજ્ઞા માંગી. ગુરુએ રોક્યા પરંતુ અભિમાની મુનિ રોકાયા નહીં. ઉપકોશાના રંગમહેલમાં ચાતુર્માસ રહ્યાં. ઉપકોશાએ સોળે શણગાર સજ્યા. ઉપકોશાના અંગમરોડ, મારકણી આંખો અને હાવભાવમાં મુનિ તણાયા. વેશ ભૂલાણો. સિંહગુફાવાસી મુનિ કામથી પરવશ બન્યા. તેમણે ઉપકોશા પાસે ભોગની માંગણી કરી. કોશાએ કહ્યું, ''અમે નિર્ધનને આદર આપતા નથી.'' મુનિ ધન મેળવવા ઉપાયો વિચારવા લાગ્યા. સિંહગુફાવાસી મુનિને અચાનક યાદ આવ્યું કે, 'નેપાળના રાજા નવા સાધુને લાખ રૂપિયાની રત્નકંબલ આપે છે. હું રત્નકંબલ લઈ આવી વિષયસુખની મહેચ્છા પૂર્ણ કરું.'

કામની ઝંખનાએ મુનિ ચાર્તુમાસ કલ્પના સિદ્ધાંતને ભૂલ્યા. ચાલુ વર્ષાકાળમાં નેપાળ ગયા. ઘણી જીવહિંસા કરી, ઘણી મુશ્કેલીઓ વેઠી નેપાળ પહોંચ્યા. નેપાળના રાજા પાસેથી રત્નકંબલ મેળવ્યું. માર્ગમાં પાછા ફરતાં ચોરોએ રત્નકંબલ ચોરી લીધું. પુન: નેપાળ ગયા. નેપાળનરેશે રત્નકંબલ આપ્યું. આ રત્નકંબલ વાંસમાં છુપાવીને ચોરપલ્લી પાસેથી નીકળ્યા ત્યારે ચોરપલ્લીના પોપટે આ વાત ચોરોને કહી. મુનિ સાચું બોલ્યા તેથી ચોરોએ સાધુ જાણી દયા ભાવથી છોડી દીધા. જેમ તેમ સાચવીને રત્નકંબલ લઈ ઉપકોશાને આપ્યું. ઉપકોશાએ રત્નકંબલ વડે પગ લૂછ્યા અને ગટરમાં ફેંકી દીધું.

મુનિએ કહ્યું, ''અરે ! આટલી કિંમતી વસ્તુને તેં ફેંકી દીધી ?' ઉપકોશાએ કહ્યું, ''મેં તો લાખ રૂપિયાનું રત્નકંબલ ફેંકી દીધું પણ તમે તો દુર્લભ એવી રત્નત્રયી મળ, મૂત્રથી ભરેલા દેહ માટે ફેંકી દીધી. ધિક્કાર છે તમને !

ઉપકોશાના માર્મિક વચનોથી સિંહગુફાવાસી મુનિ જાગૃત થયા. પોતાની ભૂલ સમજાણી. મુનિ ગુરુ પાસે આવ્યા. પોતાના પાપની આલોચના કરી ચારિત્રવંત બની સદ્‌ગતિ પામ્યા.

નંદીષેણ કુમાર (ઉપદેશમાલા - ભાષાંતર, પૃ. ૩૩૯)

મુખપ્રિય નામના બ્રાહ્મણે લાખ બ્રહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કર્યો હતો. પોતાના આ કાર્ય માટે તેણે ભીમ નામના દાસને રાખ્યો. બ્રાહ્મણોનું ભોજન સંપન્ન થયા પછી ભીમ વધેલું અન્ન સાધુ-સાધ્વીઓને વહોરાવતો. સુકૃત્યના પ્રભાવે ભીમનો જન્મ શ્રેણિક રાજાના પુત્ર નંદીષેણ તરીકે થયો. અનુક્રમે યુવાવસ્થા પામ્યો.

મુખપ્રિય બ્રાહ્મણ ઘણાં ભવો ફરી હાથિણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તાપસોએ તેનું નામ 'સેચનક' પાડ્યું. તે મહાબળવાન હતો. પોતાને મારી કોઈ યૂથપતિ ન બને તે ઈરાદાથી તેણે ગુપ્ત સ્થાનો ભાંગી નાખ્યા. તાપસોના આવાસો નષ્ટ થયા. તેમણે મહારાજા શ્રેણિકને ફરિયાદ કરી. તોફાને ચડેલો સેચનક નંદીષેણના વચનોથી જાતિસ્મરણ જ્ઞાન થતાં શાંત થઈ ગયો. નંદીષેણ કુમારે તેને રાજદ્વારે બાંધ્યો.

ભગવાન મહાવીર સ્વામી રાજગૃહી નગરીમાં પધાર્યા. ભગવાનના મુખેથી નંદીષેણ કુમારે પોતાનો પૂર્વભવ સાંભળ્યો. સેચનકને પોતાના પ્રત્યે સ્નેહ કેમ ઉત્પન્ન થયો તે જાણ્યું. અન્નદાનથી જો આટલું પુણ્ય બંધાય તો દીક્ષાનું કેટલું મોટું ફળ હોય ! નંદીષેણ દીક્ષા લેવા તૈયાર થયા. આકાશવાણી થઈ. 'નિકાચિત ભોગાવલી કર્મ ભોગવ્યા પછી દીક્ષા લેજો.' શાસન દેવતાનું વચન અપ્રમાણ કરી ભવિતવ્યતાને વશ થઈ નંદીષેણકુમારે દીક્ષા લીધી. ઘણાં વર્ષ દીક્ષા પાળી. ઘણી લબ્ધિઓ પ્રાપ્ત થઈ. સાથે સાથે કામનો પણ ઉદય વધતો ગયો. કામદેવના ભયથી કંઠ પાશ આદિ કરવા તૈયાર થયા પરંતુ શાસનદેવીએ નિષ્ફળ કર્યા.

નંદીષેણ મુનિ છઠ્ઠના પારણે ગોચરી લેવા નીકળ્યા. અજાણતાં વેશ્યાને ઘેર જઈ ધર્મલાભ આપ્યો. વેશ્યાએ કહ્યું, ''તમે ધનરહિત છો અમને તો અર્થલાભની જરૂર છે.'' કોશાના વચનોથી નંદીષેણ મુનિ ઘવાયા. પોતાની તપ લબ્ધિ દ્વારા ઘરનું એક તૃણ ખેંચી સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી. મુનિ પાછા ફર્યા. કોશાએ આગળ આવી મુનિના વસ્ત્રનો છેડો પકડી લીધો. કોશાએ ઘણી આજીજી કરી. ભોગાવલી કર્મનો ઉદય સમજી નંદીષેણ મુનિ કોશાને ત્યાં રહ્યા. વેશ્યા સાથે ભોગ ભોગવવા લાગ્યા. રજોહરણ, શ્રમણવેશ ખીંટીએ મૂકાયો. પ્રતિદિન ૧૦ પુરુષોને પ્રતિબોધિ ભગવાન મહાવીર પાસે દીક્ષિત થવા મોકલતા.

આ નિત્યક્રમ બન્યો. બાર વર્ષ પસાર થઈ ગયા. બારમા વર્ષના છેડે એક દિવસ નવ પુરુષો પ્રતિબોધ પામ્યા. દશમો સોની મળ્યો. તે પ્રતિબોધ ન પામ્યો. તેણે કહ્યું, ''જેમ તમે મને ઉપદેશ આપો છે, તેમ તમે કેમ આદરતા નથી ?'' ભોજનવેળા થવાથી કોશા બોલાવવા આવી. દશમા વ્યક્તિને પ્રતિબોધ પમાડ્યા વિના ભોજન ન કરવાની પ્રતિજ્ઞા હતી. કોશા પણ ભૂખી જ હતી. બે, ત્રણ વાર બોલાવવા છતાં જ્યારે નંદીષેણ ન આવ્યા ત્યારે કોશાએ સ્વયં આવીને કહ્યું, ''જો દશમો વ્યક્તિ બોધ ન પામતો હોય તો તેને સ્થાને તમે થાઓ.'' ભોગાવલી કર્મનો ક્ષય જાણી ચતુર નંદીષેણ તરત જ ઉભા થયા. ઓઘો લીધો, મુનિવેશ ધારણ કર્યો. ભગવાન મહાવીરસ્વામી પાસે આવી પુનઃ પ્રવજ્યા અંગીકાર કરી સદ્‌ગતિ મેળવી.

દસ પૂર્વધર અને દેશનાની અપૂર્વ લબ્ધિવાળા નંદીષેણ મુનિપણ વિષયોમાં લપટાયા !

આર્દ્રકુમાર (શ્રી સૂતકૃતાંગ સૂત્ર - ત્રિ.શ્રુ.અ.૬)

અરબસ્તાનના દક્ષિણ વિભાગમાં આર્દ્રક પ્રદેશના મહારાજા આર્દ્રને ત્યાં આર્દ્રકુમારનો જન્મ થયો હતો. મહારાજા આર્દ્ર અને મહારાજા શ્રેણિકની મૈત્રી અતૂટ હતી. આ મૈત્રીનો વારસો તેમના પૂર્વજો તરફથી મળ્યો હતો. બંને દેશ વચ્ચે વ્યાપારિક સંબંધો સારા હતા. અવારનવાર બન્ને રાજાઓ એકબીજાને ભેટ મોકલાવતા.

એકવાર મહારાજા શ્રેણિકે ભેટ મોકલી. આર્દ્રકુમારે તે ભેટ સ્વીકારી. તેમના ખબર અંતર પૂછયા. તેમજ આર્દ્રકુમારે પોતાના પિતા પાસેથી અભયકુમાર વિષે ઘણી સારી વાતો જાણી.

હવે આર્દ્રકુમારે અભયકુમારને કેટલીક ભેટ મોકલી. અભયકુમારે તેનો સ્વીકાર કર્યો. આમ બન્ને વચ્ચે મૈત્રીભાવ પ્રગટ થયો.

અભયકુમાર અનાર્ય દેશમાં જન્મેલા આર્દ્રકુમારને ધર્મ પમાડવા ઈચ્છતા હતા. અભયકુમારે ભેટ રૂપે એક પોટી મોકલી અને તેને એકાંતમાં ખોલવાનું સૂચન કર્યું.

આર્દ્રકુમારે એકાંતમાં પેટી ખોલી. તેમાંથી મુહપત્તિ, રજોહરણ આદિ સામાયિકના ઉપકરણો નીકળ્યા. આર્દ્રકુમારે ઉપકરણોને એકચિત્તે, ધ્યાનથી ધારી ધારીને જોવા લાગ્યો. તેને ઉહાપોહ થતાં જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું. પૂર્વ જન્મમાં તે મુનિ હતા પરંતુ સંયમની વિરાધના થવાથી અનાર્ય દેશમાં ઉત્પન્ન થવું પડયું હતું. આર્દ્રકુમાર અભયકુમાર ઉપર ઓવારી ગયો. તેણે અભયકુમારને ગુરુ માન્યા. આર્દ્રકુમારનું મન અભય કુમારને મળવા ઉત્સુક બન્યું પરંતુ પિતાજી ભારતમાં જવાની ના પાડતા હતા. આર્દ્રકુમારની ચોકી કરવા માટે ૫૦૦ સુભટો નીમાયા. સુભટોને વિશ્વાસમાં લઈ પોતે ઘોડા ખેલવવા જાય છે તેવું કહી વહાણમાં બેસી આર્દ્રકુમાર ભારત આવ્યો.

જાતિસ્મરણ જ્ઞાનના બળે જ મુની થયા. તેઓ વિચરતાં વિચરતાં વસંતપુર નગરના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં સાધના કરતા ધ્યાનસ્થ દશામાં ઊભા રહ્યા. થોડી વાર પછી કેટલીક છોકરીઓ મંદિરમાં આવી. તેઓ એક એક થાંભલો પકડી 'આ મારો પતિ... આ મારો પતિ...' એમ રમવા લાગી. શ્રીમતી નામની છોકરીને થાંભલો ન મળતાં ધ્યાનસ્થ આર્દ્રકુમાર મુનિને પકડી કહ્યું, ''આ મારો પતિ.'' આ વાત નગરમાં વાયુ વેગે ફેલાઈ ગઈ. શ્રીમતીનાં માતા-પિતાએ આર્દ્રકુમાર મુનિને કહ્યું, ''અમારી પુત્રીનો સ્વીકાર કરો.'' આર્દ્રકુમાર મુનિએ કહ્યું, ''હું સાધુ છું. હું બ્રહ્મચારી છું. મને આવી વાતો સાંભળવી કલ્પતી નથી.'' આર્દ્રકુમાર મુનિ અન્યત્ર જવા નીકળ્યા ત્યાં શ્રીમતીએ તેમનો રસ્તો રોકી લીધો. તે સ્વરૂપવાન અને મધુરભાષી હતી. તેણે કહ્યું, ''હું આર્યકન્યા છું. આર્યકન્યાનો પતિ એક જ હોય છે. હું આપને મનથી વરી ચૂકી છું. જો તમે મને નહીં સ્વીકારો તો અગ્નિમાં પડીને બળી મરીશ. આ મારો અટલ સંકલ્પ છે.''

આર્દ્રકુમાર ભોગાવલી કર્મના ઉદયથી શ્રીમતીનાં મોહપાશમાં બંધાયા. તેઓ ગૃહસ્થાશ્રમી બની વસંતપુરમાં રહેવા લાગ્યા. સમય જતાં શ્રીમતીએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્ર બાર વર્ષનો થયો. ત્યારે માતા રડવા લાગી. પુત્રએ તેનું કારણ પુછયું. માતાએ કહ્યું, ''બેટા! તારા પિતાજી આપણને છોડી દીક્ષા લેવાના છે.'' બાળકે કાચા સૂતરના તાંતણા આર્દ્રકુમારના પગે વીંટતાં કહ્યું, ''પિતાજી! જેટલા આંટા આવે એટલાં વર્ષ તમારે મારા માટે ઘરમાં રહેવું પડશે.'' આર્દ્રકુમાર પુત્રના સ્નેહવશ બાર વર્ષ સંસારમાં રહ્યા. ત્યાર પછી ભગવાન મહાવીર પાસે દીક્ષિત થઈ કેવળજ્ઞાની બન્યા.

રથનેમિ (દશવૈકાલિક સૂત્ર ભા. ૧, અ. ૨, પૃ. ૧૪૧ થી ૧૪૭)

બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિએ દીક્ષા ગ્રહણ કરી ત્યારે તેમના નાનાભાઈ રથનેમિએ રાજીમતીની ઈચ્છા કરી. પરંતુ સતી શિરોમણિ રાજીમતી કામની વાસનાથી વિરક્ત થઈ ચૂકી હતી. તેણે એક દિવસ સુગંધિત અને સ્વાદિષ્ટ ખીર ખાધી અને વાટકામાં તેનું વમન કરીને તે વાટકો રથનેમિને આપતાં કહ્યું, ''લ્યો, આ ખીર ખાઓ!'' રથનેમિ એ સાંભળીને ક્રોધાવિષ્ટ થઈ બોલ્યા, ''હું ક્ષત્રિયોના વંશનું ભૂષણ છું. આવી વમેલી ખીર કેમ ખાઈશ?'' રાજીમતીએ કહ્યું, ''અહો શ્રેષ્ઠ ક્ષત્રિય! તમે વમેલી ખીર નથી ખાતા, તો તમારા સગા ભાઈ અરિષ્ટનેમિએ જે સ્ત્રીનો ત્યાગ કરી પ્રવ્રજ્યા અંગીકાર કરી છે તે સ્ત્રીને શા માટે ઝંખો છે? મારા માટેની સ્પૃહા કરવી એ તમને શરમજનક નથી લાગતી?'' હૃદયને વીંધી નાખે તેવા વેણ સાંભળી રથનેમિ સંસારથી વિરક્ત બન્યા. તેમણે દીક્ષા લીધી.

કેટલાક દિવસો પછી રાજેમતીએ પણ પતિના પંથે પ્રયાણ કર્યું. રાજીમતી અનેક સાધ્વીઓના પરિવાર સાથે રૈવત્તક ગિરિ પર પધારેલા અરિષ્ટનેમિ ભગવાનને વંદન કરવા જતા હતા. ત્યારે માર્ગમાં મુશળધાર વર્ષા થઈ. રાજીમતી સાધ્વીજીના વસ્ત્રો ભીંજાઈ ગયાં. સંયોગવશ રાજીમતી સાધ્વીજીએ જે ગુફામાં પ્રવેશ કર્યો તે ગુફામાં પહેલેથી જ અંધારું હોવાથી રાજીમતી સાધ્વીજીએ રથનેમિ મુનિને જોયા નહીં. રાજીમતી સાધ્વીજીએ એકાંત સ્થળ જાણી ભીંજાયેલા વસ્ત્રો ફેલાવી દીધાં. વીજળીના ચમકારામાં રથનેમિ મુનિએ સાધ્વીજીને નિર્વસ્ત્ર અવસ્થામાં જોયાં. તેમનું ચિત્ત ચલાયમાન થયું. તેમના મન પર કામવિકારે જબરો ભરડો લીધો. તેમનું મન ચક્રની જેમ ભમવા લાગ્યું. રતિ જેવી રમણીય રાજીમતી સાથે ભોગ ભોગવવા તૈયાર થયા. તે સમયે સંયમથી પતિત થતા મુનિને રાજેમતી સાધ્વીજીએ ઠપકો આપી સ્થિર કર્યા. ''હે અપયશના અભિલાષી! હે અસંયમના કામી! તમને ધિક્કાર છે. તમે અત્યંત નિંદા પાત્ર છો. ત્યજેલા વિષયોને ચાહવું તેના કરતાં તો મરી જવું વધુ સારું છે. હે રથનેમિ! હું ભોગરાજની પૌત્રી, ઉગ્રસેન રાજાની પુત્રી છું. તમે અંધકવૃષ્ણિના પૌત્ર અને સમુદ્ર-વિજયજીના પુત્ર છો. આપણે બન્ને ઉત્તમ અને નિર્મળ કુળમાં ઉત્પન્ન થયાં છીએ. આપણે અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો જેવું થવું જોઈએ. જો તમે સ્ત્રીઓને જોશો, તેના પર વિકાર દૃષ્ટિ કરશો તો હડ (શેવાળ) નામની વનસ્પતિની જેવા અસ્થિર થઈ જશો. અર્થાત્ સંસાર પરિભ્રમણ કરતા ફરશો.''

રાજીમતી સાધ્વીજીના વૈરાગ્યપૂર્ણ વચનોથી પ્રતિબોધ પામી રથનેમિ મુનિ મહાવતથી હાથી અંકુશમાં આવે તેમ સંયમમાં સ્થિર થયો.

સત્યકી (સ્થાનાંગસૂત્ર, ભા-૫, સ્થા.-૯, સૂ-૩૪, પૃ.-૨૯૪,૨૯૫, ઘાસીમલજી મ.)

ચેટક રાજાની સુજ્યેષ્ઠા નામની પુત્રી હતી. તે જૈન ધર્મમાં અડગ શ્રદ્ધા રાખનારી શુદ્ધ શ્રાવિકા હતી. એકવાર રાજમહેલમાં કોઈ તાપસી આવી. સુજ્યેષ્ઠાએ અન્ય ધર્મી જાણી તેને આદરમાન ન આપ્યું; તેમજ બોલાવી પણ નહીં. સુજ્યેષ્ઠા દ્વારા અપમાનિત થયેલી તાપસીએ તેની સાથે ધર્મ અંગે ચર્ચા કરી. સુજ્યેષ્ઠાએ તેના જડબાતોડ ઉત્તરો આપ્યા. તાપસી લજ્જિત થઈ. તેણે બદલો લેવાનો વિચાર કર્યો. 'આ કન્યાને એવા ઠેકાણે આપું જ્યાં ઘણી સ્ત્રીઓ હોય, જેથી તેનું સન્માન ન રહે.' તેણે રાજકુમારીનું ચિત્ર બનાવ્યું. ચિત્ર લઈ મહારાજા શ્રેણિક પાસે આવી. ચિત્ર જોતાં મહારાજા શ્રેણિકને આ સુંદરી પ્રત્યે રાગ ઉત્પન્ન થયો. રાજકુમારીના અદ્‌ભુત સૌંદર્યથી મહારાજા શ્રેણિકનું ચિત્ત ચોરાઈ ગયું. દિવસ અને રાત તે સુંદરના વિચારોએ કેડો ન મૂક્યો. મહારાજા શ્રેણિકના ચિત્તમાં તેને પ્રાપ્ત કરવાની પ્રબળ તાલાવેલી જાગી. દૂત દ્વારા સંદેશો પાઠવ્યો પરંતુ ચેડા રાજાએ દૂતને નકારી કાઢયો. મહારાજા શ્રેણિકનું વદન ગ્લાન બન્યું. પિતાના દુઃખનું કારણ બુદ્ધિનિધાન

અભયકુમારે જાણ્યું. તેમણે વિશાલાનગરીમાં રાજમહેલની નજીકમાં હાટ માંડી. હાટમાં મહારાજા શ્રેણિકનું સુંદર ચિત્ર ખીંટીએ લટકાવ્યું. દાસી ઘી લેવા આવી. તેણે આ ચિત્ર જોયું અને જઈને સુજ્યેષ્ઠાને વાત કરી. દાસીના મુખેથી પુરુષના રુપની પ્રશંસા સાંભળી સુજ્યેષ્ઠાએ દાસી મારફતે ચિત્ર મંગાવ્યું. પોતાની યુક્તિ સફળ થતી જોઈ અભયકુમારે ચિત્ર દાસીને આપ્યું. સુજ્યેષ્ઠાએ ચિત્ર જોઈ નિર્ણય કર્યો કે, ''બીજા બધા પુરુષો મારા માટે ભાઈ-બાપ સમાન છે. હું પરણીશ તો આ પુરુષને જ પરણીશ!'' દાસીએ અભયકુમાર પાસે આવી સુજ્યેષ્ઠાની ઈચ્છા જણાવી. અભયકુમારે ગુપ્ત સુરંગ ખોદાવી. આ સુરંગ સુજ્યેષ્ઠાના શયનખંડ સુધી ખોદાવી. મહારાજા શ્રેણિક સુરંગ વાટે સુજ્યેષ્ઠાના મહેલમાં પહોંચ્યા. મહારાજા શ્રેણિક સાથે સુલસા સતીના ૩૨ પુત્રો અંગરક્ષક તરીકે હતા. પૂર્વ નિયોજિત ઘટના અનુસાર ચોકીદારે મહારાજા શ્રેણિકના આગમનના સમાચાર આપ્યા. સુજ્યેષ્ઠાએ પોતાની નાની બહેન ચેલણાને પણ ત્યાંજ બોલાવી લીધી. અચાનક સુજ્યેષ્ઠાને પોતાના અલંકારોનો દાબડો (પેટી) યાદ આવી. તે દાબડો લેવા ગઈ એટલામાં મહારાજા શ્રેણિક ચેલ્લણાને રથમાં બેસાડી નાસી છૂટ્યા. સુજ્યેષ્ઠાને ખબર પડતાં કલ્પાંત કરવા લાગી. સુજ્યેષ્ઠાના રૂદનથી ચેડા રાજાને ખબર પડી. પોતાની દીકરીનું અપહરણ કરનારા શત્રુ તરફ સૈનિકોને મોકલ્યા. સુરંગના દ્વારા પાસે અંગરક્ષક તરીકે આવેલા સુલસાના બત્રીસ પુત્રો હણાયા. 'પોતાના થકી આટલા બધા જીવોની હત્યા!' એ વિચારે સુજ્યેષ્ઠાને વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો. તેમણે દીક્ષા લીધી.

એક દિવસ તે ઉપાશ્રયમાં આતાપના લઈ રહ્યા હતા, ત્યારે પેઢાલ નામનો કોઈ પરિવ્રાજક આવ્યો. તેણે અનેક વિદ્યાઓ સિદ્ધ કરી હતી. તે કોઈ બ્રહ્મચારિણીના પુત્રને પોતાની વિદ્યા શીખવવા માંગતો હતો. તેણે સુજ્યેષ્ઠા સાધ્વીને ઉપાશ્રયમાં આતાપના કરતા જોયા. તેણે વિદ્યાના બળે ધૂમિકાવ્યામોહ (ચારે બાજુ અંધકાર) કરીને અલક્ષિતરૂપે (અદશ્ય બની) પોતાના વીર્યને તે સાધ્વીજીની યોનિમાં દાખલ કર્યું. સાધ્વીજી ગર્ભવતી બન્યા. તેમણે એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ 'સત્યકી' રાખવામાં આવ્યું. ધીરે ધીરે સત્યકી બાલ્યાવસ્થા પૂર્ણ કરી તે યુવાન બન્યો.

એક દિવસ ભગવાન મહાવીર સ્વામીના સમવસરણમાં જઈ પહોંચ્યો. ત્યાં કાલસંદીપ નામનો એક વિદ્યાધર આવ્યો હતો. તે વિદ્યાધરે વંદના કરી પૂછ્યું, ''હે ભગવન્! મારે કોનાથી ભય પામવો પડશે?'' ભગવાને કહ્યું, ''સત્યકીથી ભય પામવો પડશે (સત્યકી તારી હત્યા કરશે)'' ભગવાનનો આ પ્રકારનો જવાબ સાંભળીને કાલસંદીપ સત્યકીનો તિરસ્કાર કરવા લાગ્યો.

એક દિવસ પેંઢાલે સુજ્યેષ્ઠા સાધ્વીજી પાસેથી સત્યકીનું અપહરણ કર્યું. તેને પોતાના ઘરે લઈ જઈ અનેક વિદ્યાઓ શીખવી. પૂર્વના પાંચ પાંચ ભવોમાં રોહિણી વિદ્યા દ્વારા સત્યકીને મારી નાખવામાં આવ્યો. છઠ્ઠા ભવમાં છ માસનું આયુષ્ય બાકી રહ્યું છે. તેવું જાણી તે વિદ્યા પ્રાપ્ત કરવાની અભિલાષા છોડી દીધી. સાતમા ભવમાં તેને તે રોહિણી વિદ્યા સિદ્ધ થઈ ગઈ. તે વિદ્યા તેના લલાટમાં છિદ્ર પાડીને તેના શરીરમાં દાખલ થઈ ગઈ. લલાટમાં છિદ્ર પડી ગયું જે દેવ દ્વારા ત્રીજા નેત્રના રૂપમાં પરિણમન કરવામાં આવ્યું. હવે સત્યકીએ માતાની સાથે કપટ રમનાર પેઢાલની તેમજ કાલસંદીપ વિદ્યાધરની હત્યા કરી. તે વિદ્યાધરનો ચક્રવર્તી બન્યો.

સત્યકી વિદ્યાધરે ભગવાન પાસે સમકિત અંગીકાર કર્યું. તે દેવ-ગુરુનો ભક્ત બન્યો પરંતુ વિષયસુખમાં અત્યંત લોલુપ હોવાથી તે વ્યભિચારી બન્યો. સ્ત્રીને જોઈ કામાતુર બની તેમને ગાઢ આલિંગન આપી ભોગવતો. તે રાજાના અંતઃપુરમાં વિદ્યાના બળે પહોંચી ચંડપ્રદ્યોતન રાજાની પદ્માવતી સિવાય બધી રાણીને ભોગવી ચૂક્યો હતો. સત્યકીના ત્રાસથી છૂટવા ચંડપ્રદ્યોતન રાજાએ અનેક ઉપાય કર્યા પરંતુ સત્યકી કોઈ રીતે ન મર્યો. રાજાએ સત્યકીને મારનારને અખૂટ ધન આપવાનો નગરમાં પડહ વગડાવ્યો. ઉમિયા

નામની નર્તકી આ કાર્ય કરવા તૈયાર થઈ.

એક દિવસ ઉમિયા સોળે શણગાર સજી મહેલના ઝરૂખામાં બેઠી હતી. સત્યકીની દષ્ટિ ઉમિયા પર પડી. તે તરત જ મૈત્રી સંબંધ કરવા ત્યાં ગયો. ઉમિયાએ પોતાના હાવભાવ, લટકા-મટકાથી સત્યકીને પ્રભાવિત કર્યો. સત્યકી ઉમિયાના કામબાણોથી વીંધાયો. તેણે કહ્યું, ''સુંદરી ! હું તને મનથી ચાહું છું. હું તારા ઘરમાં જ રહીશ.'' હવે ઉમાપતિ બની બન્ને વિવિધ પ્રકારના ભોગ-વિલાસ ભોગવવા લાગ્યા.

એક વાર ઉમિયાએ રડતાં રડતાં કહ્યું, ''સ્વામીનાથ ! તમે બીજાના ઘરે ન જશો કારણકે પરઘરે જતાં કોઈ પુરુષ તમને મારી નાખશે. મારાથી તમારો વિયોગ સહન નહીં થાય.'' ઉમિયાને કોઈ પણ રીતે સત્યકી પાસેથી તેને વિશ્વાસમાં લઈ તેના મૃત્યુનું રહસ્ય જાણવું હતું.

સત્યકીએ અભિમાનપૂર્વક કહ્યું, ''પ્રિયે ! હું સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળમાં સ્વયં પ્રવેશી શકું છું. મારો પ્રતિકાર કરનાર કોઈ જન્મ્યો નથી. ઉમિયા ! હું જ્યારે તારી સાથે ભોગ ભોગવું ત્યારે કોઈ મને પાછળથી પ્રહાર કરે તો તે સમયે હું કાંઈ ન કરી શકું (વિષય ભોગવતાં સત્યકી વિદ્યાને તલવારની મૂઠમાં મૂકી દેતો હતો. તે સમયે તે વિદ્યા વિનાનો બનતો હતો.) ઉમિયાને સત્યકીના મૃત્યુના રહસ્યની જાણ થતાં તે ખુશ થઈ ગઈ. તેણે ચંડપ્રદ્યોતન રાજાને આ વાત કરી. ચંડપ્રદ્યોતન રાજાએ ઉમિયાના ઘરે નિશાનબાજ સુભટો મોકલ્યા. ઉમિયા અને સત્યકી વિષય સુખો ભોગવતાં હતાં ત્યારે સુભટે પાછળથી બાણ છોડ્યું. સુભટના બાણથી બન્ને વીંધાયા. કુવ્યસનથી અને વિશ્વાસઘાતથી સત્યકી અને ઉમિયાનું જીવન સમાપ્ત થયું.

અષાઢાભૂતિ : (ભરહેસરની કથા - પૃ.૧૩૪ થી ૧૩૯)

રાજગૃહી નગરીમાં વિશ્વકર્મા નામના નટની સ્વરૂપવાન બે પુત્રીઓ હતી.મહાત્મા અષાઢાભૂતિ એકવાર ભૂલથી નટને ત્યાં ગોચરીએ ગયા. નટની કન્યાઓએ સિંહકેસરિયા મોદક વહોરાવ્યા. મોદકની ખુશ્બુથી મુનિ લલચાયા. તેઓ રૂપ પરિવર્તન કરી પુનઃ પુનઃ નટને ત્યાં પહોંચ્યા. ફરી મનમાં કંગાલ સ્વાર્થ દોડ્યો. પુનઃ કૂબડા સાધુનું રૂપ લઈ મોદક વહોર્યા. આ રીતે કુષ્ટ રોગીનો સ્વાંગ સજી નટના ઘરમાં પેઠા. ઝરૂખામાં બેઠેલા વિશ્વકર્મા નટે આ જોયું. તે સ્તબ્ધ બન્યો. તેણે પુત્રીઓને કહ્યું, ''રસલંપટ મુનિને વશ કરજો.'' નટ કન્યાઓ મોદક વહોરાવતાં નટખટભરી વાતો કરી, મુનિનો હાથ પકડી ઓરડામાં લઈ ગઈ. ચારિત્ર મોહનીય કર્મનો ઉદય થયો પરંતુ સમ્યગ્દર્શનની જ્યોત અખંડ રહી. તેમણે નટ કન્યાઓને કહ્યું કે, ''દારૂની ગંધ આવશે ત્યારે હું અહીંથી ચાલ્યો જઈશ.'' એકવાર મેડા ઉપર બંને પુત્રીઓ દારૂના નશામાં ચકચૂર બની સૂતી હતી. અષાઢાભૂતિને ખબર પડતાં તેઓ રવાના થયા. ત્યારે પિતાના કહેવાથી નટ કન્યાઓએ નિર્વાહના બહાને તેમને રોક્યા. અષાઢાભૂતિએ 'રાષ્ટ્રપાળ' (ભરત ચક્રવર્તી) નામે નાટક ભજવ્યું. તેઓ અરિસા મહેલમાં ગયા. શરીરના અલંકારો ઉતાર્યા. તેમને એકત્વ ભાવના ભાવતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેમની સાથે ૫૦૦ રાજકુમારો નાટક ભજવતાં હતાં તેમને પણ કેવળજ્ઞાન થયું. કર્મ સત્તાએ સંસારના નાટકો કરાવ્યાં, આત્મ સત્તાએ સિદ્ધગતિનું શાશ્વત રંગમંચ અપાવ્યું !

અરણિક મુનિ (મોટી સાધુવંદના : ભા.૫, પૃ.-૬૫ થી ૭૦)

તગરા નામની નગરીમાં **દત્ત**નામના શ્રેષ્ઠી રહેતા હતા. તેમની પત્ની પણ શેઠની જેમ ધર્મિષ્ઠ હતી. તેમનો એક **અરણિક** નામનો પુત્ર હતો. પડોસીના બાળકનું અચાનક મૃત્યુ થતાં શેઠ અને શેઠાણીને આયુષ્યની ક્ષણભંગુરતા સમજાણી. તેમણે પુત્રને પણ ધર્મના માર્ગે વાળ્યો. ત્રણે જણાએ દીક્ષા લીધી. અરણિક

મુનિ પિતા દ્વારા લાવેલી ગોચરીનો આહાર કરતા. એક દિવસ પિતા દત્તમુનિ બીમાર પડયા. તેમનું અવસાન થયું. અરણિક મુનિ ત્રીજા પ્રહરમાં ભિક્ષાર્થે નગરમાં નીકળ્યા. વૈશાખ-જેઠ મહિનાનો તાપ સુકુમાર અરણિક મુનિ સહન ન કરી શક્યા. એક ઘરની છાયામાં ઉભા રહ્યા. ઘરની માલકિન એક સુંદર તરુણ મહિલા હતી. તેણે બારીમાંથી મુનિને જોયા. દાસી દ્વારા મુનિને ઘરમાં બોલાવ્યા. પુરુષના ભાગ્ય અને સ્ત્રીના ચરિત્રનું અનુમાન દેવો પણ ન લગાવી શકે. મહિલાએ મુનિને લાડુ વહોરાવતાં કહ્યું, ''આપની અવસ્થા ભિક્ષુ બનવાની નથી. આ વય ભોગ ભોગવવાની છે. તમે આ વિશાળ ભવનમાં આનંદથી રહો. આવી સુંદર કાયાને દુઃખોની અગ્નિમાં ન બાળો.'' અરણિક મુનિ વિચલિત બન્યા. ઈન્દ્રિયો પરનું નિયંત્રણ દૂર થયું. તરુણીના સ્નેહ પાશમાં ફસાયા. સાધ્વી બનેલા માતાને તેની ખબર પડી. પોતાના યુવાન અને સુંદર પુત્રને માતા શોધવા નીકળી. માતા રાજમાર્ગ પર અરણિકના નામની બૂમો મારતી ફરવા લાગી. ઝરુખામાં બેઠેલા અરણિકે આ જોયું. અરણિકે માતાનો અવાજ સાંભળ્યો. તેણે નીચે આવી માતાના ચરણોમાં પડી માફી માંગી. 'સવારનો ભૂલેલો સાંજે ઘરે પાછો આવે તો ભૂલ્યો ન કહેવાય!' માતાએ અર્હન્મિત્ર આચાર્ય પાસે પુત્રને લાવી ફરી સંયમમાં સુસ્થિત કર્યો. અરણિકે નિશ્ચય કર્યો કે, 'જે પ્રખર તાપ મારા સંયમ ભ્રષ્ટમાં નિમિત્ત બન્યો તે જ તાપથી હું આત્મોત્થાન કરીશ.' તેઓ વિશાળ શિલા પર અનશન કરી મૃત્યુ પામી દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી સિદ્ધ બનશે. દેહના મમત્વનો ત્યાગ કરનાર તે વિરલ વિભૂતિને કોટિ કોટિ વંદન!

મૂલદેવ (જૈનકથા રત્નકોષ - ભા.-૫, પૃ.-૧૪૨)

રત્નપુર નગરમાં મૂલદેવ રાજા રાજ્ય કરતા હતા. તેમના સાળાનું નામ **મંડિક** હતું. તે પોતાના બનેવીના ઘરમાંથી સર્વ પદાર્થો લઈને સુખ ભોગવતો હતો. એમ કરતાં પૂર્વકૃત કર્મના ઉદયથી તેને જુગારની લત લાગી. તે જુગાર રમતાં રમતાં અનુક્રમે ઘર વગેરે સર્વ પદાર્થો હારી ગયો. પછી દ્રવ્ય હીનતાને કારણે અત્યંત દુઃખી થઈ નગરમાં ચોરી કરવા લાગ્યો. નગરનાં લોકોએ મૂલદેવ રાજા પાસે આવી ફરિયાદ કરી કે, ''આ તમારો સાળો નગરમાં ઘણી ચોરી કરે છે.'' તે સાંભળી રાજાએ તેને વાર્યો કે, ''હવેથી તારે ચોરીનું કામ કરવું નહીં. એક વખત આ તારો અન્યાય હું સહન કરું છું. વળી, તું મારો સંબંધી હોવાથી હું તને છોડી દઉ છું.'' વળી, કેટલાક દિવસ થયા, ત્યારે સાળાએ પુનઃ બનેવીના જ ઘરમાંથી ચોરી કરીને નાસી ગયો ત્યારે દ્વારપાળે તેને પકડયો. તેને રાજાની પાસે લાવવામાં આવ્યો. ન્યાયવંત રાજાએ તેને ચોરીના ગુના બદલ શૂળીએ ચડાવ્યો. તે મરણ પામી દુર્ગતિમાં ગયો. રે! ચોરીના વ્યસનના પાપે મંડિકે પોતાનું આયુષ્ય ગુમાવ્યું.

મહાત્મા ઈલાતીપુત્ર (સંપાદક - પૂ. કીર્તિયશવિજયજી મ.સા.)

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ઈલાવર્ધન નામની નગરી હતી. ત્યાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. આ નગરીમાં ઈભ્ય નામે એક શ્રેષ્ઠી વસતા હતા. ઈભ્ય શ્રેષ્ઠી વ્યાપારીઓમાં શિરોમણિ હતા. તેમને ધારિણી નામની પત્ની હતી. ઈભ્ય શ્રેષ્ઠી અને ધારિણીનું જીવન બધી રીતે સુખી હતું પણ તેમને જીવનમાં સંતાનનો અભાવ સાલતો હતો. પુત્ર પ્રાપ્તિના હેતુથી દંપતીએ નગરની અધિષ્ઠાયિકા ઈલાદેવીની આરાધના કરી. તેમણે ઈલાદેવીને કહ્યું, ''જો અમને પુત્ર થશે તો આપના નામથી અંકિત એવું તે પુત્રનું નામ સ્થાપન કરશું.'' સમય જતાં ધારિણીએ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રનું 'ઈલાતીપુત્ર' એવું નામ રાખ્યું.

તે આઠ વર્ષનો થયો ત્યારે માતા-પિતાએ કલાચાર્ય પાસે વિદ્યાભ્યાસ માટે મોકલ્યો. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઈલાતીપુત્ર વિના પ્રયાસે સકળ કળાઓનો અભ્યાસ કરી શક્યો તેમજ વિષમ શાસ્ત્રોનો

અભ્યાસ પણ કરી લીધો.

ઈલાતીપુત્ર યૌવનવયને પામ્યો. તેનામાં વિષયરાગ વધવાને બદલે વિષય વિરાગ વધવા લાગ્યો. સઘળાં વિષય સુખો પ્રત્યે ઔદાસીન્ય સેવવા લાગ્યો. તરુણ સ્ત્રીઓ તરફ તે આંખ ઊંચી કરીને જોતો પણ નહીં. સાધુજનોના સંગમાં રહીને તે પોતાના મનમંદિરને વૈરાગ્યના ભાવોથી ભરપૂર રાખવા લાગ્યો.

'નિજ સ્ત્રી, ભોજન અને ધન આ ત્રણમાં સદા સંતોષી બનવું જોઈએ, જ્યારે દાન, અધ્યયન અને શુભ ધ્યાનમાં અસંતોષ હોવો જોઈએ.' ઈલાતીપુત્રની આવી ઉત્તમ વિચારણા હતી. ધૈર્યને પિતાના સ્થાને, ક્ષમાને માતાના સ્થાને, શાંતિને પોતાની પત્નીના સ્થાને, સત્યને પુત્રના સ્થાને, દયાને બહેનના સ્થાને સ્થાપિત કર્યા. તે સ્ત્રી સંગને નરક દેનાર તરીકે માનતો હતો. યૌવનવયમાં ઈલાતીપુત્ર નિર્વિકાર રહેતા હતા. ઈલાતીપુત્રનો આ મોહગર્ભિત વૈરાગ્ય હતો, કોઈ ક્ષણિક ઉભરો ન હતો.

વિષય પરાડ્મુખ બનેલા ઈલાતીપુત્ર, સાધુજનોના સંગમાં પોતાના યૌવનકાળને પસાર કરી રહ્યા હતા. આ મોહાધીન માતાપિતાથી કેમ સહેવાય ?

ઈલાતીપુત્રના વૈરાગ્યને માતા-પિતા સમજી શક્યાં નહીં. મોહથી તેમની બુદ્ધિ જડ બની ગઈ હતી. ઈલાતીપુત્રને જોઈ માબાપે વિચાર્યું, 'છોકરો ધર્મ, અર્થ અને કામ ત્રણેય વર્ગથી શૂન્ય છે ! જડ પાક્યો છે !'

ઈલાતીપુત્ર ન વ્યાપાર તરફ લક્ષ આપતા હતા, ન તેમને વિષયો પ્રત્યે રુચિ હતી, ન ઈલાતીપુત્રએ ગૃહત્યાગની વાત માતા-પિતાને કરી. માતા-પિતાને પુત્રની આવી સ્થિતિ જોઈ દુઃખ થયું. પુત્રને સુધારવા, ઠેકાણે લાવવાનો તેમણે નિશ્ચય કર્યો. પુત્રને વિષયકુશળ બનાવવાનો મોહાધીન માતા-પિતા ઉપાય વિચારવા લાગ્યા.

ઈલાતીપુત્રના પિતાએ દુરાચારી યુવાનોને વીણી વીણીને એકઠાં કર્યા. તેમણે યુવાનોને કહ્યું કે, ''મારા દીકરાને તમારી સાથે ફેરવી તેને સ્ત્રી-વિષયાદિમાં પ્રવીણ બનાવો. આ કામ માટે જેટલા પૈસા ખર્ચવા પડે તે ખુશીથી ખર્ચવા. તે પૈસા મારી પાસેથી લઈ જવા.'' આવા દુરાચારી ઉપાયથી કેવું અનર્થ સર્જાશે તે મોહઘેલા પિતાને ખબર ન હતી.

ઈલાતીપુત્રના પિતાએ દુરાચારી યુવાનોને ગમતું કાર્ય સોંપ્યું. અને તેમાં દ્રવ્યનો વ્યય કરવાની છૂટ મળી એટલે બિલાડીને દૂધ મળવા જેવું થયું. દુરાચાર રસિક યુવાનોનું અંતર આનંદથી ઉભરાયું. તેમણે ખુશ થઈ કહ્યું, ''શેઠ ! તમે લેશ પણ ચિંતા ન કરશો. તમારું કામ પૂર્ણ થયું જ સમજો. તમે થોડા વખતમાં જ જોઈ શકશો કે તમારો ઈલાતીપુત્ર સર્વ વિષયોમાં કુશળ બની ગયો છે !'' દુરાચાર રસિક યુવાનોની કબૂલાતથી ઈલાતીપુત્રના પિતાએ સંતોષનો અનુભવ કર્યો. તેમને થયું કે, 'આ જુવાનિયાઓ મારા કાર્યની સિદ્ધિ અવશ્ય કરશે.' શેઠે ઈલાતીપુત્રને બોલાવી જુવાનિયાઓ સાથે પરિચય કરાવ્યો. ઈલાતીપુત્રને કહ્યું, ''હે પુત્ર ! આજથી આ તારા મિત્રો છે, જે તારી મૈત્રી ઈચ્છે છે. તું એમની સાથે રહી વ્યવહાર કુશળ બન ! આ યુવાનો તને આનંદ પમાડશે !''

ભોળા ઈલાતીપુત્રએ પિતાનો આદેશ સ્વીકાર કર્યો. નવા મિત્રોની સાથે હવે તે ફરવા લાગ્યો.

પૂર્વકાળમાં વસંતઋતુમાં વસંતોત્સવ મંડાતો. વિલાસપ્રિયો માટે તે ઉત્સવ ગણાતો. ઈલાતીપુત્ર પોતાના નવા મિત્રો સાથે ઉત્સવ મનાવવા આવ્યો. વસંતોત્સવના વિવિધ દશ્યો જોવા લાગ્યો. ઈલાતીપુત્રના અંતઃકરણમાં કામોત્તેજનક દશ્યો કશી અસર ઉપજાવી શક્યા નહીં પણ ભવિતવ્યતા એનું કાર્ય કરી રહી હતી.

તે ઉદ્યાનમાં લંખિક નામની નટ કન્યાનો ખેલ ચાલી રહ્યો હતો. નટકન્યા યુવાનીના ઉંબરે આવી પહોંચી હતી. નાટકન્યા હોવા છતાં તેનું રૂપ અને લાવણ્ય કોઈ દેવાંગનાને યાદ કરાવે તેવું હતું.

ઈલાતીપુત્રના નવા મિત્રો ઉદ્યાનમાં ફરતા ફરતા એ સ્થળે પહોંચ્યા જ્યાં નટકન્યાનો નાચ ચાલતો હતો. તેઓ નાચ જોવા ઊભા રહ્યા.

નટકન્યાને જોતાં જ ઈલાતીપુત્ર અચાનક અતિશય રાગાતુર બની ગયો. રાગના આવેશમાં તે લજ્જા અને મર્યાદાને પણ વીસરી ગયો. તેની આંખો નટ-કન્યાને જોવા લાગી. જમીનમાં ખોડેલા ખીલાની જેમ તે નિશ્ચેષ્ટ બની ગયો. ઈલાતીપુત્ર અનિમેષ નેત્રે નટકન્યાને નીરખી રહ્યો. નટકન્યાને મળવાની અને પરણવાની અભિલાષા પ્રગટી. કોઈ પણ ઉપાયે નટકન્યાને પ્રાપ્ત કરવા જલબિન મછલીની જેમ તડપવા લાગ્યો. ઈલાતીપુત્રના નવા મિત્રો ઈલાતીપુત્રની કામવિહવળ દશાને જાણી ગયા. તેઓ ખુશ થયા. તેમને લાગ્યું કે, 'આપણો પ્રયાસ સફળ થયો છે તેથી ઈલાતીપુત્રના પિતા પાસેથી ઘણું ધન ઈનામ તરીકે મેળવી શકશું.'

નવા મિત્રોએ નટકન્યાને નીરખવામાં સ્તંભિત થઈ ગયેલા ઈલાતીપુત્રને ઢંઢોળ્યો. તેને ઘેર ચાલવાનું કહ્યું પરંતુ ઈલાતીપુત્રએ તે વાતને સાંભળી ન સાંભળી કરી નાંખી. ઈલાતીપુત્રએ ત્યાંથી ખસવું સ્વર્ગને ત્યજી નરકમાં પડવા જેવું આકરું લાગ્યું.

નવા મિત્રોના અતિશય આગ્રહથી ઈલાતીપુત્રે, નાછૂટકે પોતાના ઘર તરફ પગ ઉપાડ્યા. પગની ગતિ ઘર તરફ હતી પણ મનની ગતિ નટકન્યા તરફ હતી. ઈલાતીપુત્ર ઘરે પહોંચ્યો. તે મૂઢની જેમ સૂઈ ગયો. તેની નિદ્રા હરામ થઈ ગઈ. નટકન્યા સિવાય બીજો કોઈ વિચાર જ મનમાં ન હતો. ઈલાતીપુત્રની આ દશા પિતાથી છૂપી ન રહી શકી. પુત્રને ભારે મનોવ્યથાથી રિબાતો જોઈ ઈલાતીપુત્રના પિતાનું હૈયું કકળી ઉઠ્યું. પિતાએ વાત્સલ્ય ભર્યા સ્વરે પુત્રની દુઃખી અવસ્થા જાણવા પુત્રને અનેક પ્રશ્નો પૂછ્યા પણ ઈલાતીપુત્રએ મૌન ધારણ કરી રાખ્યું. પોતાની કામવિહ્વળ દશા પિતા સમક્ષ પ્રગટ કરવા ઈલાતીપુત્રની જીભ ઉપડતી ન હતી. પિતા અ વાત બીજા કોઈ પાસેથી જાણી જાય તે વાત જુદી છે પણ પોતાના મુખેથી 'નટકન્યા પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થયો છે' એવું કઈ રીતે કહેવાય ? તે સમયમાં માબાપની આમાન્યા રાખવામાં આવતી હતી.

મહા વિરાગી ઈલાતીપુત્રને નટકન્યા પ્રત્યે ગાઢ કામરાગ થઈ ગયો હતો. એ નટકન્યા સિવાય સઘળી સ્ત્રીઓ ઈલાતીપુત્રને મન જનની અને ભગીની સમાન હતી. ઈલાતીપુત્ર નટકન્યા સાથે પરણવા ઈચ્છતો હતો. નટકન્યાને પરણવું એ કુલપરંપરાથી બિલકુલ વિપરીત હતું એવું પણ ઈલાતીપુત્ર જાણતો હતો. પોતાના કુળને શોભાવે તેવી અનેક સુંદર કન્યાઓ મેળવી શકે એવી ઈભ્યશેઠની ખ્યાતિ હતી, છતાં ઈલાતીપુત્ર કેવળ એક નટકન્યાને પરણવા પાગલ બન્યો. એ સૂચવે છે કે ઈલાતીપુત્રનું જે ગજબનું માનસિક પરિવર્તન થવા પામ્યું તેમાં કોઈ વિશિષ્ટ કારણ હોવું જોઈએ.

ઈલાતીપુત્રએ પિતાના પ્રશ્નોનો કોઈ ઉત્તર ન આપ્યો કેવળ ઉષ્ણ નિઃશ્વાસો જ મૂક્યા કર્યા એટલે પિતાની વિમાસણ વધી ગઈ. પિતાએ પેલા દુરાચાર રસિકોને બોલાવી પુત્રની બેચેનીનું કારણ પૂછ્યું. મિત્રોએ કહ્યું, ''આપે જે કાર્ય અમને સુપરત કર્યું હતું તે કાર્ય પૂર્ણ થયું છે. આપનો પુત્ર વિષયકુશળ જ નહિ પરંતુ વિષયાઆધીન બન્યો છે. તેથી તે આપને દુઃખી જણાય છે. તે લંખિકા નામની નટકન્યા સાથે પરણવા ઈચ્છે છે.'' ઈલાતીપુત્રના પિતાના હૈયાને ભારે આંચકો લાગ્યો. પુત્રનું અનુચિત આચરણ કુળને લજ્જિત કરે તેવું હતું; તેથી પિતા પુત્રને વિષયકુશળ કે દૃઢ અનુરાગી બનેલો જાણીને આનંદિત થવાને બદલે ખિન્ન થયા.

''બેટા ! તું કુલીન વણિકપુત્ર છે. તું કુલીન થઈને અકુલીન નટકન્યા સાથે પરણવા કેમ ઈચ્છે છે ? હું નટકન્યાના રૂપ અને લાવણ્યને ટક્કર મારે એવી ચડિયાતી કન્યાઓ, જેઓ શીલાદિ ગુણોથી સંપન્ન છે એવી કન્યાઓને તારી સાથે પરણાવીશ પરંતુ તું આ નટકન્યાને છોડી છે. આ વાત તને છાજતી નથી.'' ઈલાતીપુત્રએ લાચારીથી કહ્યું, ''પિતાજી ! આપની વાત તદ્ન સાચી છે, પરંતુ મારું મન નટકન્યા પ્રત્યે

આકર્ષાયું છે. જેનું મન જેમાં હોય તેમાં જ તેને આનંદ આવે છે.'' ઈલાતીપુત્રનો મક્કમ નિર્ણય સાંભળી પિતાને પોતાના ઉપર ગુસ્સો આવ્યો. 'પોતે જ આ માટે જવાબદાર છે. મેં જો દુરાચાર રસિક યુવાનો સાથે સોબતમાં ઈલાતીપુત્રને ન મૂકયો હોત તો આજ આ દિવસો જોવાનો વારો ન આવ્યો હોત. ખરેખર! કુસંગતિનું જ આ કડવું ફળ છે.'

પિતાને ઘણો પસ્તાવો થયો. પિતાએ વિચાર કર્યો, 'ઈલાતીપુત્ર માની જાય તો ઘણું સારું પરંતુ જો એ એના દુરાગ્રહને છોડે નહીં અને હું તેના અનુચિત આચરણમાં સાથ આપું નહિ તો કદાચ મારી ઉપરવટ થઈને તે નટકન્યા સાથે ઈલાતી પુત્ર પરણે તો નહિ પરંતુ ચિત્ત નટકન્યામાં આવશ્ય ઘેરાયેલું રહેશે. નટકન્યા નહીં મળે તો તે દુઃખનો માર્યો આત્મઘાત કરશે તો હું તો વાંઝીયો બની જઈશ. આ તો 'હા' કહેતાં જીભ વઢાય અને 'ના' કહેતાં નાક વઢાય એવું થયું. અંતે મમતાળુ પિતાએ પુત્રનું દુઃખ ટાળવા કુલાચારને નેવે મૂક્યો. ઈલાતીપુત્રને નટકન્યા સાથે પરણાવવા તેઓ તૈયાર થયા. પુત્રનું સર્વથા અનુચિત અપ્રિય આચરણ હોવા છતાં પિતાને સંયોગવશ અનુમતિ આપવી પડી.

ઈલાતીપુત્રના પિતાએ લંખિક નટને બોલાવ્યો. લંખિક નટ ઘણાં નટોનો સ્વામી હોવાથી 'નટસ્વામી' તરીકે ઓળખાતો હતો. ઈલાતીપુત્રના પિતાએ નટસ્વામી લંખિકને બોલાવી કહ્યું, ''મારો પુત્ર તારી કન્યાને પરણવા ઈચ્છે છે, તો તું તારી કન્યા મારા પુત્રને આપ!''

લંખિક નટને પોતાના ધંધાનું ભારે અભિમાન હતું. પરંતુ તે પોતાની કન્યા નટ સિવાય કોઈને આપવા ઈચ્છતો ન હતો.

લંખિક નટે કહ્યું, ''તમારા પુત્રને મારી કન્યા તો જ આપું, જો તમારો પુત્ર નટમંડળીમાં આવીને રહે, અમારી સાથે ભોજનાદિ કરે, અમારી સાથે નટકળાનો અભ્યાસ કરે. જ્યારે એ નટકળામાં નિષ્ણાંત બની ખૂબ ધન ઉપાર્જન કરશે ત્યારે હું અતિ પ્રસન્ન થઈ મારી કન્યાને તેની સાથે પરણાવીશ.''

લંખિક નટની વાત સાંભળી ઈલાતીપુત્રના પિતા ડઘાઈ ગયા. પુત્રના સુખ ખાતર સ્નેહાળ પિતાએ ખિન્ન હૃદયે શરત સ્વીકારી લીધી. એમણે વિચાર્યું કે, 'દીકરો ઝૂરી ઝૂરીને મરે તેના કરતાં આ રીતે તે જીવે તો તેમાં ખોટું શું છે?'

લંખિક નટને વિદાય આપી શેઠ ઈલાતીપુત્રની પાસે આવ્યા. લંખિક નટ સાથે થયેલો વાર્તાલાપ જણાવ્યો. નટકન્યાના આગ્રહને ત્યજી દેવા શેઠે બહુ બહુ સમજાવ્યું પણ ઈલાતીપુત્ર એકનો બે ન થયો.

ઈલાતીપુત્ર નટમંડળીમાં જોડાયો. ઈલાતીપુત્રનું આ પ્રકારનું આગમન એ લંખિક નટને મન અપૂર્વ સિદ્ધિ હતી. કુલીન, વિદ્વાન, તેજસ્વી અને ધનસંપન્ન યુવાનની નટ અને જમાઈ તરીકે પ્રાપ્તિ થાય, એ લંખિક નટ માટે અહોભાગ્ય હતું.

ઈલાતીપુત્રે લંખિક નટ પાસે જઈ પ્રણામ કરી કહ્યું, ''તમે તમારી નટકળા શીખવો.'' લંખિક નટ નટકળા શીખવવા લાગ્યો. ઈલાતીપુત્ર બીજી બધી વાતોને ભૂલી નૃત્યકળાનો અભ્યાસ કરવા લાગ્યો. તેનો ઉલ્લાસ પ્રતિદિન વધતો જતો હતો. જેમ જેમ નૃત્યકળા શીખતો જતો હતો, તેમ તેમ તેનો આનંદ પણ વધતો જતો હતો. તે નૃત્યકળાના અભ્યાસમાં અપૂર્વ આનંદ અનુભવી રહ્યો હતો.

ઈલાતીપુત્ર બુદ્ધિશાળી તો હતો જ અને કામરાગે તેના ઉત્સાહને વધાર્યો. 'નૃત્ય કળામાં કુશળ બનશે તે દિવસે નટકન્યા સાથે પરણવાનો અવસર આવશે.' આ વિચારોએ તેને પોતાની ઈચ્છાની સફળતા નજદીકમાં દેખાઈ.

લંખિક નટે અનેક યુવાનોને નૃત્યકળાનું શિક્ષણ આપ્યું હતું પરંતુ આટલી ઝડપથી નૃત્યકળામાં

નિપુણતા મેળવનારો આ ઈલાતીપુત્ર પ્રથમ જ હતો. તેની શક્તિ અને કુશળતાને જોઈ લંખિક નટ ઘણો પ્રસન્ન થયો. તેણે કહ્યું, ''હવે તું તારી નૃત્યકળા દર્શાવી જલ્દીથી ધન પેદા કર એટલે તને મારી આ કન્યા પરણાવું.''

ઈલાતીપુત્ર નટકન્યાને પરણવા તીવ્ર ઉત્સુક હતો. લંખિક નટની કન્યા સાથે નિરંતર રહેવા છતાં ઈલાતીપુત્રે કદી તે કન્યાની સાથે અણછાજતી છૂટ લીધી ન હતી. કામના તીવ્ર આવેગમાં સંયમ રાખવો એ પણ અસાધારણ વસ્તુ જ ગણાય.

લંખિક નટના આદેશથી નટમંડળીને લઈને ઈલાતીપુત્ર બેનાતટ નગરે પહોંચ્યો. ત્યાં જઈને તે નગરના રાજાને વિનંતી કરી કે, ''અમે આપને અમારી નૃત્યકળા દેખાડવા ઈચ્છીએ છીએ.'' રાજાએ સંમતિ આપી કહ્યું, ''જો તમારી નૃત્યકળાથી મને ખુશ કરશો તો હું તમને ઘણું ધન આપીશ.''

ઈલાતીપુત્રને જોઇતું હતું તે મળી ગયું! તેણે રાજા અને પ્રજા સમક્ષ પોતાની સઘળી કુશળતાથી વિવિધ અભિનયોથી નૃત્ય કરી બતાવ્યાં. એ નૃત્યો જોઈ પ્રેક્ષકોના હૃદયમાં ચમત્કાર થયો. આવાં નૃત્યો પૂર્વે કદી જોયાં ન હતાં અને આવો કુશળ નટ જોયો ન હતો તેવું પ્રેક્ષકોને લાગતું હતું.

ઈલાતીપુત્ર નટકન્યાને પ્રાપ્ત કરવા આ બધું કરી રહ્યો હતો. નટકન્યાનો પણ જબરો સહકાર હતો. તાલ મુજબ પટહ વગાડવાનું કામ નટકન્યા જાતે જ કરતી હતી. નટકન્યા પટહને એવી તાલબદ્ધ રીતે વગાડતી હતી કે એથી ઈલાતીપુત્રને નૃત્ય કરવામાં ક્ષણે ક્ષણે નવું જોમ મળતું રહે; એથી જ પ્રેક્ષકોની નજર નટકન્યા તરફ ખેંચાયા વિના રહી નહિ.

બીજી બાજુ નટકન્યા પણ ઈલાતીપુત્રને મેળવવા ભારે ઉત્સુક હતી. બન્નેની ઉત્સુકતાની સફળતા આ નૃત્યની સફળતાને અવલંબેલી હતી. આથી, ઈલાતીપુત્રનું નૃત્ય જનસમુદાયને મનોરંજન કરવામાં અપૂર્વ હતું અને નટકન્યાનું પટહવાદન અદ્‌ભુત હતું. નટકન્યાના પટહવાદને રાજાનું મન આકર્ષી લીધું. રાજા પણ નટકન્યાને જોઈ મોહિત થયો. રાજા નટકન્યાના રૂપ લાવણ્યને જોઈ કામવિવશ બની ગયો.

રાજાને ખબર પડી કે, 'ઈલાતીપુત્ર અને નટકન્યા અપરિણીત છે. ઈલાતીપુત્ર નટકન્યાને પોતાની પત્ની માને છે. આમ છતાં જો કોઈ પણ ઉપાયે ઈલાતીપુત્ર મરણ પામે તો હું આ નટડીને ઉઠાવડાવી લઉં!' આ હેતુથી રાજા ઈલાતીપુત્રના મરણના ઉપાય શોધવા લાગ્યો. રાજાએ ઈલાતીપુત્રને એવાં એવાં નૃત્યો કરવાનું સૂચન કર્યું, જે નૃત્ય કરતાં જરાક નજરફેર થાય તો નૃત્ય કરનાર મરણ પામ્યા વિના રહે નહીં.

ઈલાતીપુત્રનું નટકન્યા પ્રત્યેનું આકર્ષણ એમાં પૂર્વભવનો રાગ જ પ્રેરક હતો. જ્યારે રાજાને નટકન્યા પ્રત્યેનું આકર્ષણ હતું તેનું કારણ માત્ર દેહસૌંદર્ય હતું.

નટકન્યાના રૂપ લાવણ્યથી જ કામવિવશ બની ગયેલા રાજાએ ઈલાતીપુત્ર મરણ પામે તે હેતુથી જ વાંસ ઉપર ચડીને કટીનૃત્યાદિ નૃત્યો કરવાનું ઈલાતીપુત્રને સૂચવ્યું.

ઈલાતીપુત્રએ વાંસ ઉપર ચડીને નૃત્યકળા બતાવી. પ્રેક્ષકો આશ્ચર્યમુગ્ધ બન્યા. ઈલાતીપુત્રને થયું કે મારા આ નૃત્યથી રાજા અવશ્ય પ્રસન્ન થશે અને મોં માંગ્યું ઈનામ આપશે.

રાજા કામની વિવશતાના યોગે ક્રૂર બન્યો હતો. કોઈ પણ પ્રકારે ઈલાતીપુત્ર મરે એમ જ ઈચ્છતો હતો. તેણે ઈલાતીપુત્રને કહ્યું, ''તું વાંસ ઉપર ચડીને વાંસનો આધાર લીધા વિના નૃત્ય કરી બતાવ.'' કામવિવશ ઈલાતીપુત્રે આકાશમાં નિરાધાર નૃત્ય કરી બતાવ્યું. તેમ છતાં રાજાએ ઈનામ આપ્યું જ નહિ. રાજાના મનમાં ખોટ હતી. 'આવું નૃત્ય કરવા છતાં ઈલાતીપુત્ર મર્યો કેમ નહીં?' રાજાએ પોતાના આશયને સફળ બનાવવાના હેતુથી બીજે દિવસે ઈલાતીપુત્રને બોલાવ્યો. બીજે, ત્રીજે દિવસે ઈલાતીપુત્રે જોખમી નૃત્યો કર્યા પરંતુ મર્યો નહીં કે થાક્યો નહીં. રાજાએ ચોથે દિવસે બોલાવ્યો. રાજાના કુટિલ આશયની ગંધ ઈલાતીપુત્રને ન આવી. રાજા

નટકન્યા સહિત તેનું બધું હરી લેવાની ધૂનમાં હતો, તેથી ઈલાતીપુત્રનો કાંટો કાઢી નાખવા તત્પર હતો.

ચોથે દિવસે ઈલાતીપુત્ર રાજાને ખુશ રવા વાંસ ઉપર ચડવા તૈયાર થયો. તે જ વખતે તેને અચાનક વિચાર આવ્યો કે, 'ત્રણ ત્રણ દિવસો થયા છતાં રાજા ખુશ કેમ થતો નથી?' વાંસ ઉપર ચડી રાજાના મનોભાવને કળવાનો પ્રયત્ન કર્યો. કામીજનોની ઈન્દ્રિયોની કામચેષ્ટા છૂપી રહી શકતી નથી. ઈલાતીપુત્રએ રાજા ઉપર નજર નાખી. તેના મનોભાવોને પામી ગયો. 'રાજાનું મન મારી પ્રિયામાં આસક્ત બન્યું છે એથી રાજા મારા મરણને ઈચ્છે છે.' આ પ્રત્યાઘાતે ઈલાતીપુત્રનો વિવેક જાગૃત થયો. 'અહો! વિષયની વિષમતા કેવી છે? ધિક્કાર છે આ વિષયને, જેની આધીનતાથી હું પણ મુંઝાયો. આ રાજા પણ કામવિવશતાના યોગે, નીચકુળમાં ઉત્પન્ન થયેલી આ નટડીમાં આસક્ત થઈ ગયો છે તેથી મને મારી નાંખવા મારી પાસેથી વારંવાર જોખમી નૃત્ય કરાવે છે. રાજાના અંતઃપુરમાં દેવાંગના સમાન ઘણી રાણીઓ હોવા છતાં રાજા પણ આ નટકન્યામાં આસક્ત બન્યો છે. ખરેખર! કાગડો જેમ ભર્યા તળાવના પાણીને છોડીને બેડાના પાણી પીવા જાય છે, તેમ નીચ લોકો પોતાની પત્નીને છોડી પરસ્ત્રીમાં લંપટ બને છે! ખેર, મેં કામાધીન બની માત–પિતાને તરછોડયાં. તેમની શિખામણ અવગણી હું નટમંડળીમાં ભળ્યો, નટકળા શીખ્યો, છેવટે ઈનામ મેળવવા પણ નીકળ્યો! વિષયસુખની વાંછામાં મેં કુળને કલંક લગાવ્યું. ધિક્કાર છે મને! મેં કારમી મૂર્ખાઈ કરી છે. મેં વિરાગને છોડી વિષયને અપનાવ્યો છે. મેં હાથીને વેચી ગધેડાની ખરીદી કરી છે! ધિક્કાર છે મને મારા કર્મને!'

ઈલાતીપુત્ર વૈરાગ્ય વાસિત હૃદયવાળો બન્યો. તે જ વખતે તેની નજર એક મહાશ્રેષ્ઠીના ઘર ઉપર પડી. ઈલાતીપુત્રએ જોયું કે શેઠના ઘરમાં કેટલાક મુનિરાજો ભિક્ષાર્થે પ્રવેશ્યા. મુનિરાજો ઘરમાં પ્રવેશ્યા, કે તરત જ શેઠની પુત્રવધૂ મોદકનો થાળ લઈને મુનિરાજોની સામે આવી. શેઠની પુત્રવધૂ રૂપમાં રંભાને હરાવે તેવી હતી. એકાંત સ્થળ છે, છતાં મુનિરાજો એ યુવતીને જોવા આંખ ઊંચી કરતા નથી. મુનિરાજ ભિક્ષાગ્રહણ કરી ઈરિયાસમિતિનું પાલન કરતા ચાલ્યા ગયા.

ઈલાતીપુત્રે અનુપમ દશ્ય જોયું. ઈન્દ્રિયોનો અપૂર્વ નિગ્રહ સાધ્યો છે એવા મુનિરાજો ઈલાતીપુત્રના હૈયામાં વસી ગયા. મનોમન મુનિવરોને ધન્યવાદ આપ્યા. અકાર્યો કરવામાં આળસુ, પ્રાણીવધ કરવામાં પાંગળા, પરનિંદા સાંભળવામાં બહેરા અને પરસ્ત્રી જોવામાં પ્રજ્ઞાચક્ષુ જેવા આ મુનિવરો ધન્ય છે. તે વંદનીય છે. ક્યાં એ મહાત્મા અને ક્યાં હું? હું નીચકુળમાં ઉત્પન્ન થયેલી નટકન્યામાં વિષયસેવનની ઈચ્છાથી લુબ્ધ થઈ ગયો. ધિક્કાર છે મને!'

આત્મનિંદા કરતાં કરતાં ઈલાતીપુત્ર શુભધ્યાનમાં આરૂઢ થયા. ચારે ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થયું. તરત જ નિકટવર્તી શાસન દેવતાઓએ પરમ પુરુષને મુનિવેશ આપ્યો. ઈલાતીપુત્ર અણગારે ધર્મોપદેશ આપ્યો. કેવળજ્ઞાની મુનિવર ઈલાતીપુત્રનો ધર્મોપદેશ વિરામ પામ્યો ત્યારે રાજાએ પૂછયું, ''આપને આ નટકન્યા વિષે રાગ થયો તેનું કારણ શું?''

ઈલાતીપુત્ર મહાત્માએ કહ્યું, ''પૂર્વે વસંતપુર નામના નગરમાં મદન નામે રાજપુરોહિત બ્રાહ્મણ હતો. તેની મોહિની નામે ધર્મપત્ની હતી. બન્નેને એકબીજા પ્રત્યે ગાઢ અનુરાગ હતો.

એ દંપતીને એકવાર સુગુરુનો યોગ થયો. એ સુગુરુએ તેમને ધર્મોપદેશ આપ્યો. બન્નેએ વૈરાગ્ય ઉત્પન્ન થતાં સંસારનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી.

મદન અને મોહિની દીક્ષિત બનીને ધર્મનું પાલન કરવા લાગ્યા. તેઓ પોતપોતાની વચ્ચેની ગાઢ પ્રીતિને તોડવામાં નિષ્ફળ નીવડયાં. સંયમાચારોને સેવવા છતાં તેઓ બન્ને મરણ પર્યંત પરસ્પર પ્રીતિવાળા જ રહ્યા.

વધુમાં, મોહિની સાધ્વીને કોઈએ તેની જાતિ પૂછી. ત્યારે મોહિની સાધ્વીએ મૂઢતાથી પોતાના કુળની ઉત્તમ બ્રાહ્મણકુળ તરીકે પ્રશંસા કરી. તેણે જાતિમદથી ઉત્પન્ન થતું દુષ્કર્મ ઉપાર્જ્યું.

મરતાં સુધી પોતાના ગુરુ પાસે મોહિની સાધ્વીએ પાપની આલોચના ન કરી. મદન અને મોહિની સાધ્વાચારનું પાલન કરી, ત્યાંથી મૃત્યુ પામી દેવલોકમાં ગયા. દેવલોકમાંથી ચ્યવી મદનનો જીવ ઈલાવર્ધન નગરમાં શ્રેષ્ઠીપુત્ર તરીકે ઉત્પન્ન થયો. પૂર્વ ભવમાં અમારા વચ્ચે ગાઢ પ્રેમ હતો તેથી આ ભવમાં પણ મને આ નટકન્યા તરફ અતિશય સ્નેહ થયો હતો.''

ઈલાતીપુત્ર મહાત્માના મુખેથી તેમનો આ સ્નેહવૃત્તાંત સાંભળી રાજા પણ વૈરાગ્ય વાસિત અંતઃકરણવાળો બન્યો. નટકન્યા પણ વૈરાગ્યવાસિત મન વાળી થઈ.

સ્નેહ કેવો મુંઝવે છે? ગાઢ સ્નેહ સંયમમાં અને ભવાંતરમાં પણ મુંઝવે છે! પૂર્વભવના સ્નેહે ઈલાતીપુત્રને નટ બનાવીને નચાવ્યા! સૌએ રાગને ધિક્કાર્યા. તેઓએ દીક્ષા ગ્રહણ કરી. તીવ્ર તપ આદર્યો. તપરૂપ અગ્નિમાં પાપકર્મોને ભસ્મીભૂત કરી નાખ્યાં. કેવળજ્ઞાન પ્રગટયું અને અંતે તેઓ મુક્તિને પામ્યા.

ધમ્મિલકુમાર (પંડિત વીરવિજયજી ગણિવર્ય વિરચિત 'ધમ્મિલકુમાર રાસ')

જંબુદ્વીપની દક્ષિણ દિશામાં ભરતક્ષેત્ર છે. ભરતક્ષેત્રની પૂર્વ દિશામાં કુશાર્ત નામનું નગર છે. તે નગરમાં સુરેન્દ્ર દત્ત નામનો શ્રેષ્ઠી રહેતો હતો. આ શ્રેષ્ઠીની સુભદ્રા નામની સ્ત્રી હતી. તેણીએ સુંદર પુત્રને જન્મ આપ્યો. તે પુત્રનું નામ 'ધમ્મિલ' નામ સ્થાપન કર્યું. પાંચ ધાવમાતાઓથી સેવાતો તે બાળક મોટો થયો. આઠ વર્ષની ઉંમરે નિશાળે ભણવા મૂક્યો . તે બોંતેર કળામાં નિપુણ થયો. તે બાળક યૌવનવયને પામ્યો. જૈનમુનિ પાસે નવતત્ત્વ વગેરેના સકલ ભાવાર્થને ભણ્યો.

તે નગરમાં ધનવસુ નામનો મોટો વેપારી હતો. તેની ધનદત્તા નામની પત્ની હતી. તેમની યશોમતી નામની સદ્ગુણી પુત્રી હતી. ધમ્મિલકુમાર અને યશોમતી સાથે ભણ્યા. યશોમતી ધમ્મિલકુમારના સંપર્કમાં આવતાં વ્યાકુળ થવા લાગી. સખીઓએ ધનવસુશેઠને જઈને કહ્યું કે, 'યશોમતી ધમ્મિલકુમાર ઉપર અનુરાગ વાળી થઈ છે તેથી તેણે બીજો વર ન કરવાની પ્રતિજ્ઞા કરી છે.'

ધનવસુ શેઠ હવે સુરેન્દ્રદત્ત શેઠના ઘરે આવ્યા. પોતાની દીકરીની ભાવના દર્શાવી. સુરેન્દ્રદત્ત શેઠે આ વાતને વધાવી લીધી. ખૂબ ધામધૂમપૂર્વક લગ્ન સંપન્ન થયા. ધમ્મિલની માતાએ વરવધૂને પોંખીને શુભ ચોઘડીયે ગૃહપ્રવેશ કરાવ્યો. યશોમતી સાસરે આવી. પતિ-પત્ની સ્વર્ગનાં સુખો ભોગવે છે. પુણ્યનો અર્થી ધમ્મિલ ધર્મના રંગે રંગાયેલો છે.

તે ધાર્મિક પુસ્તકો ભણે છે, વાંચે છે. તે સત્સંગ કરે છે, સાધર્મિક જનની સાથે રહે છે. પૌષધ-પ્રતિક્રમણ કરે છે. વ્યાપાર આદિ વ્યવહારને જૂઠો માને છે. પ્યારી પત્ની યશોમતી પણ હવે મોહજાળ સમાન લાગે છે. તે બધાથી અળગો રહી વ્રત-પચ્ચખાણ કરે છે.

પત્ની જલક્રીડા ઈચ્છે ત્યારે ધમ્મિલ કહે છે, ''તેમાં એકેન્દ્રિય જીવોને પીડા થાય.'' સ્ત્રી કહે છે, ''ચાલો ઉજાણી કરીએ.'' ધમ્મિલ કરીએ કહે છે, ''જિનેશ્વર ભગવાને ઉજાણી કરવાની ના પાડી છે.'' પત્ની કહે છે. ''ચાલો સ્વામી! આજે ષડ્રસયુક્ત ભોજન બનાવ્યું છે.''ત્યારે કુંવર કહે છે કે, ''મેં ઘી અને શાક ધાર્યા નથી અર્થાત્ નિયમમાં તે વસ્તુનો ત્યાગ કર્યો છે. સ્ત્રી કનકાવલી હારની ઈચ્છા કરે છે ત્યારે પતિ કહે છે, ''લ્યો આ માળ, ને ગણો નવકાર.''

એકવાર યશોમતી પોતાની સખીઓ સાથે પરસ્પર વાર્તાલાપ કરતી હોય છે ત્યારે ધમ્મિલકુમારની

માતા આ વાત સાંભળી જાય છે. સુભદ્રાએ જાણ્યું કે પુત્રને સંસારમાં રુચિ નથી. તેણે સુરેન્દ્રદત્તને કહ્યું, ''સ્વામી ! આપણો પુત્ર ભોળો છે. લોકો તેની મશ્કરી કરે છે. આ સંસારના આચાર-વિચાર, રૂઢિ રિવાજો, નીતિ વ્યવહાર વગેરે કંઈ જાણતો નથી. તેથી પંડિત હોવા છતાં શું કામનો ? તે ભણ્યો પણ ગણ્યો નથી. તે મૂર્ખ તરીકે લોકમાં ગવાય છે. દીકરાની આવી વર્તણૂંકે આપણા ઘરનો ભાર કોણ ઉઠાવશે ? તેને જુગારિયાની જમાતમાં રાખીએ જેથી સંસારના સર્વ વ્યવહાર જુએ અને જાણે.''

શેઠે કહ્યું, ''પણ... વ્યસનીનો સંગ ગુણોનો ઘાત કરે છે, તેથી વિચારીને કામ લેવું પડે. નીચની સંગતથી દૂર રહેવું જોઈએ. નીચના સંગે માઠાં પરિણામ આવે છે.

પુત્રના મોહે શેઠાણીએ આગળપાછળનો વિચાર કર્યા વિના જ પુત્રને જુગારિયાની ટોળીમાં પ્રેમથી મોકલ્યો, ધમ્મિલ તેમની સાથે ખાય, પીવે, રમે છે. અધ્યાત્મની વાતો ભૂલાઈ ગઈ. જીવનમાં હસવું, રમવું, ક્રીડા કરવી, ચેનચાળા, કૌતુક જોવું ઈત્યાદિ વાતો અણશીખ્યે સ્વાભાવિક જ આવડી જતી હોય છે. ધમ્મિલ પણ કોઈ દિવસ વનક્રીડા કરે, વૃક્ષ પર હીંચકા ખાય, જલક્રીડા કરે, જુગાર રમે, વેશ્યાના ઘરે જાય, ગીત નાટક જુએ છે.

તે નગરમાં ધનિક એવી વસંતસેના વેશ્યા રહે છે. વસંતસેનાની એક ગુણવાન પુત્રી છે, જેનું નામ વસંતતિલકા છે. તે રૂપ અને સૌંદર્યમાં કામદેવની સ્ત્રી કરતાં ચઢિયાતી છે. એકવાર ધમ્મિલ તેના જુગારી મિત્ર સાથે ત્યાં ગયો. વેશ્યા ધમ્મિલને હાથ પકડી ચિત્રશાળામાં લઈ ગઈ. ચિત્રશાળાનું ચિત્રામણ જોઈ ભલભલાનું મન ચકિત થઈ જતું. વેશ્યાના મીઠા આવકારથી ફૂલોમાં જેમ ભમરો લપટાય, તેમ વિનયવાળા વેણથી ધમ્મિલ વીંધાણો. તેણીના હાવભાવ, વેશભૂષા અને સૌંદર્યમાં કુંવર મોહિત થયો. હવે તે પોતાનો ઘરબાર વગેરે ભૂલી ગયો. નવાનવા શણગાર સજીને પાંચે ઈન્દ્રિયનાં સુખો ભોગવવા લાગ્યો. ધમ્મિલની માતાએ આ વાત જાણી ત્યારે મનમાં ખૂબ હરખાણી, અને દીકરાને હંમેશાં આઠ હજાર દિનાર મોકલવા લાગી.

નખ અને માંસ, જળ અને માછલી જેમ એકબીજા વિના ન રહી શકે, તેમ વેશ્યાપુત્રી વસંતતિલકાને ધમ્મિલકુમાર પર અતિશય પ્રીતિ જાગી. વેશ્યાસંગે વિલાસમાં ઘણો કાળ પસાર થયો.

ધમ્મિલની માતાએ ધમ્મિલને બોલવવા મોકલ્યો. વેશ્યામાં લુબ્ધ બનેલો કુમાર ઘરે ન ગયો ત્યારે માતા-પિતાએ દ્રવ્ય આપવાનું બંધ કર્યું. તે છતાં ધમ્મિલ તો દ્રવ્ય મંગાવે રાખે છે. સુભદ્રાએ પતિને કહ્યું, ''હે સ્વામી ! દીકરા પાછળ આપણું ઘર ખાલી થયું, છતાં દીકરો ઘરે પાછો ન આવ્યો. દીકરાથી આપણને જરાય સુખ શાંતિ પ્રાપ્ત ન થઈ. રે ! કેવો કર્મ રાજાનો ખેલ !'' શેઠે કહ્યું, ''હે સુંદરી ! આપણે જ પાસા અવળા નાંખ્યા છે, તો હવે ચિંતા કરવાથી સર્યું. જેવું નસીબ ! મૃગતૃષ્ણા સરખી પુત્રની ઈચ્છા છોડી સાસુ વહુ બંને જૈનધર્મની આરાધના કરો.'' ત્રણે ધર્મની આરાધનામાં રંજિત થયા. શેઠ-શેઠાણીએ શેષ ધન સાત ક્ષેત્રમાં વાવર્યું. યશોમતીની ભાવિ જીંદગીની ચિંતા કરતાં શેઠ-શેઠાણીએ ઘણું દ્રવ્ય તેને સોંપ્યું. દીકરો મંગાવે છતાં તેઓ હવે ધન મોકલતા નથી. વયોવૃદ્ધ સાસુ-સસરાની સેવા કરતી યશોમતીએ છેલ્લે તેમને સુંદર નિર્યામણા કરાવી આયુષ્ય પૂર્ણ થતાં બંને સ્વર્ગવાસી થયાં. જીવતાં માતા-પિતાને મળવા ન આવનારો દીકરો, મૃતકાર્ય વખતે પણ ન આવ્યો.

વેશ્યા ઘરે વસતા ધમ્મિલે, દ્રવ્ય લેવા માણસોને ઘરે મોકલ્યા. જ્યારે જ્યારે માણસો આવતા ત્યારે યશોમતી દ્રવ્ય આપતી. વ્યસનીના પાપે ઘર ખાલી થઈ ગયું. જ્યારે કંઈ જ આપવાનું ન રહ્યું ત્યારે યશોમતીએ અંગના આભૂષણો ઉતારી મોકલી આપ્યાં. ત્યારે વસંતસેના અક્કાએ તે આભૂષણો પાછાં મોકલ્યાં કારણકે તે અલંકારો પર નામ અંકિત હતાં. અક્કાએ દાગીના પાછાં મોકલાવ્યાં અને કહેવરાવ્યું કે, 'અમને તો ધન જોઈએ, દાગીનાની જરૂર નથી.' યશોમતીએ દાગીના પાછાં લીધાં. ઘર-હાર જે કંઈ બાકી હતું તે સઘળું વેચી

અક્કાને ધન મોકલ્યું.

ઘરબાર વિનાની યશોમતી પિયર પહોંચી. માતા-પિતાએ વ્હાલથી તેને ઘેર બોલાવી લીધી. એકવાર ધર્મરુચિ મ. વિહાર કરતાં ગામમાં પધાર્યા. પોતાની સખીઓ સહિત યશોમતી જ્ઞાની ભગવંત પાસેથી જ્ઞાન મેળવવા લાગી.

આ બાજુ ધમ્મિલના ઘરેથી જ્યારે અભૂષણો આવ્યાં ત્યારે અક્કાએ વિચાર્યું, 'નક્કી હવે ધમ્મિલનું ઘર ખાલી થઈ ગયું છે. તે નિર્ધન થયો છે. માટે કોઈ પણ ઉપાયે હવે તેને મારા ઘરેથી રવાનો કરી દેવો જોઈએ.' તેણે તરત જ વસંતતિલકાને બોલાવીને કહ્યું, ''હે પુત્રી ! તેની પાસે હવે કંઈ જ નથી, તું તેને પ્રેમથી છોડી દે. જે ઈક્ષુનો ટુકડો રસથી ભરેલા હોય, તેને જ માણસો ચૂસે છે. રસ વિનાના કૂચા પશુને આરોગવવા યોગ્ય છે. આપણા કુળની રીત તો ધનવાન સાથે પ્રીત કરવાની છે. બેટી ! ધમ્મિલને છોડી બીજા સાથે પ્રીત કર !'' વસંતતલિકાએ કહ્યું, ''માતા ! ખીરનીરની જેમ મારી પ્રીત બંધાણી છે. તે તૂટે તેમ નથી. આ ભવમાં બીજા પુરુષ સાથેની પ્રીત ન કરવી એવો મેં નિયમ કર્યો છે. હું કોઈ પણ પરિસ્થિતિમાં તેને છોડીશ નહિ.''

અક્કાએ ધમ્મિલનો સાથ છોડાવવા બીજી યુક્તિ વિચારી. અક્કાએ દેવતાની માનતા (બાધા)ના ઉદ્દેશથી ઓચ્છવ માંડ્યો. સહુને મિષ્ટ ભોજન કરાવ્યું. પોતાની પુત્રી અને ધમ્મિલને ચંદ્રહાસ મદિરાનું પાન કરાવ્યું. બંને જણાં અચેતન જેવા બની ઊંઘી ગયા. પાછલી રાત્રિએ વિશ્વાસુ દાસીને સાથે લઈ અક્કાએ કુમારને ઉપાડ્યો અને રથમાં નાંખ્યો. દાસી ધમ્મિલને વનાંતર મૂકી આવી.

પ્રભાત થતાં વસંતલિકા જાગી. ધમ્મિલકુમારને ન જોયો. અક્કાએ પૂછ્યું. અક્કાએ કહ્યું, ''નિર્ધન નાસી ગયો લાગે છે. બેટી ! સૂકા વૃક્ષની છાયા કેવી હોય !'' વસંતલિકા જમીન પર ઢળી પડી. શીતળ પવન નાખતાં અને ચંદનજળનો છંટકાર કરતાં ચેતના વળી. તેને માતાના કાવતરાની ગંધ આવી ગઈ.

મદિરાનો નશો ઉતરતાં ધમ્મિલ જાગ્યો. ચારે બાજુ જોવા લાગ્યો. નિર્જન સ્થાન હતું. વિચારવા લાગ્યો કે, 'વેશ્યા, વાઘ, અગ્નિ, રાજા અને સર્પ કોઈની ઉપર પ્રેમ કરતાં નથી. મારા પિતાએ દ્રવ્ય આપવામાં કમી રાખી નથી. જ્યાં દ્રવ્ય આપવાનું બંધ થયું ત્યાં વેશ્યાએ મને છોડી દીધો.' તે પોતાના ઘરે આવ્યો. માતાપિતાને ન જોયાં. પાડોશી પાસેથી જાણવા મળ્યું કે, 'માતાપિતા પરલોક પહોંચ્યા છે અને યશોમતી પિયર ચાલી ગઈ છે.' ધમ્મિલ મૂર્છિત થયો. સરોવરમાં સ્નાન કરી વડના વૃક્ષ નીચે સૂતો. ક્ષણભર નિંદ્રા આવી ગઈ.

નીચની સંગતનાં ફળ કેવાં કટુ હોય છે !

આદિનાથ ભગવાન

ફાગણ વદ આઠમના દિવસે અર્ધ રાત્રિના સમયે ઉત્તરાષાઢા નક્ષત્રનો યોગ થતાં ધનરાશિમાં ચંદ્ર આવ્યો ત્યારે નાભી કુલકરના પત્ની મરુદેવા માતાએ એક અત્યંત તેજસ્વી બાળકને જન્મ આપ્યો. બાળક ગર્ભમાં આવ્યું ત્યારે માતાએ ચૌદ સ્વપ્ન જોયાં હતાં. તેમાં પ્રથમ વૃષભને જોયો તેમજ પ્રભુની સાથળમાં વૃષભનું ચિહ્ન હોવાથી બાળકનું નામ 'ઋષભ' રાખવામાં આવ્યું.

પ્રભુનો જન્મ થતાં ચોસઠ ઈન્દ્રો, દેવો વગેરે જન્મમહોત્સવ કરવા ભરતક્ષેત્રમાં આવ્યા. તેમણે માતાને તથા જિનેશ્વર ભગવંતને પ્રદક્ષિણા આપી નમસ્કાર કર્યા. ત્યાર પછી સૌધર્મેન્દ્રે મરૂદેવા માતાની સ્તુતિ કરી અને પાંચ રૂપ કરી ભગવાનને મેરૂપર્વત પર લઈ ગયા. ત્યાં શાશ્વત સિંહાસન ઉપર સ્નાત્રાભિષેક કરવા પ્રભુને ખોળામાં લઈને બેઠા. સ્નાત્રાભિષેક કરી ભાવપૂજા તરીકે પ્રભુની સ્તુતિ કરી. પછી પ્રભુને લઈ પાછા પિતૃગૃહે લાવી માતાના પડખામાં સ્થાપિત કર્યા.

પ્રભુ સાથે જન્મેલ કન્યાનું નામ 'સુમંગળા' રાખવામાં આવ્યું. પ્રભુના જન્મ પછી એક વર્ષ બાદ પ્રભુના વંશની સ્થાપના કરવા ઈન્દ્ર હાથમાં શેરડીનો સાંઠો લઈને આવ્યા. પિતાના ખોળામાં બેઠેલા પ્રભુએ ઈન્દ્રની ઈચ્છાને અનુલક્ષીને તે શેરડીના સાંઠા તરફ પોતાનો હાથ લંબાવ્યો. ઇંદ્રે તે સાંઠો પ્રભુના હાથમાં આપ્યો. 'પ્રભુના વંશની સ્થાપના પ્રસંગે શેરડીની અભિલાષા થવામાં હું નિમિત્ત બન્યો છું,' એમ વિચારી પ્રભુનો ઈક્ષ્વાકુ વંશ સ્થાપીને ઈન્દ્ર પોતાના સ્થાને ગયા.

ભગવાન ઋષભદેવજીનો જન્મ થયા પૂર્વેના યુગમાં અનેક વિશિષ્ટતાઓ હતી. એ વખતે બાળક અને બાળકી એક સાથે જન્મતાં હતાં. તેઓ 'યુગલિયા' નામે ઓળખાતાં હતાં. જન્મ સાથે, દાંપત્ય જીવનમાં પણ સાથેને સાથે જ અને મૃત્યુમાં પણ બંને સાથે જ ! એકબીજાને એકબીજાનો વિયોગ સહેવો ન પડે, ન કોઈ વિધવા કે ન કોઈ વિધુર ! યુગલિકોનું જીવન સાદું અને સરળ, તેમ છતાં સુખ અપાર હતું. એ વખતે દશ પ્રકારના કલ્પવૃક્ષો જે જોઈએ તે આપતાં. પરંતુ ધીરે ધીરે સ્થિતિ બદલાણી.

હાકાર નીતિ અર્થાત્ સહજ ઠપકો આપવા માત્રથી લોકો ઠેકાણે આવી જતાં અને ખોટો માર્ગ છોડી દેતાં હતાં. સાદી કે સખત જેલનું તે સમયે સ્થાન ન હતું.

શ્રી નાભિરાજાના સમયમાં પ્રથમ વાર એક વિચિત્ર દુર્ઘટના બની. બાલ્યાવસ્થા વિતાવનાર એક યુગલ તાલવનમાં આનંદ કલ્લોલ કરતું હતું. ત્યારે નરના માથા પર તાલફળ પડયું અને ત્યાં જ તેનું મૃત્યુ થયું. એ સમયે યુગલિયામાંથી એક મૃત્યુ પામે અને બીજું જીવંત રહે એમ કદી બનતું નહીં, છતાં અહીં આશ્ચર્યકારી ઘટના ઘટી. તે જીવંત બાળકીનું નામ 'સુનંદા' હતું.

યુગલિકો સંતાનને જન્મ આપ્યા પછી દીર્ઘ આયુષ્ય ન ભોગવતાં હોવાથી, થોડા સમય બાદ સુનંદાના માતા-પિતાનું મૃત્યુ થયું. સુનંદા એકાકી-નિરાધાર બની ગઈ. પછી લોકોએ તેને નાભિરાજાને સમર્પણ કરી. નાભિરાજાએ સુનંદાને 'ઋષભની પત્ની થશે' એવું કહી તેનું પાલનપોષણ કર્યું.

આદિનાથના લગ્નનો સમય થયો એમ જાણી ઈન્દ્રે પ્રભુ પાસે આવી અંજલિ જોડી કહ્યું, ''હે પ્રભુ ! ભરતક્ષેત્રમાં મોક્ષપુરીના માર્ગની જેમ સંસારના સર્વ વ્યવહારો પણ આપે પ્રવર્તાવવાના છે. પાંચ ભરત અને પાંચ ઐરાવતક્ષેત્રના વિશે નષ્ટ થયેલા સંસારના વ્યવહાર માર્ગને વ્યવસ્થિત કરવાનો અધિકાર પ્રથમ તીર્થંકરને હોય છે જેથી હે પ્રભુ ! આપ સુમંગળા અને સુનંદા સાથે વિવાહ કરો.''

અવધિજ્ઞાન વડે પોતાના ત્રીશ લાખ પૂર્વ વર્ષ સુધી ભોગાવલી કર્મ ભોગવવાનું જાણી, ભગવાને મસ્તક ઘુણાવ્યું અને તે રીતને અનુમતિ માની, વિવાહ મહોત્સવ અતિ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

રે ! શાતાવેદનીય કર્મો પણ ભોગવ્યા વિના નાશ થતાં નથી. ઋષભદેવ અનાસક્તપણે ભોગો ભોગવે છે. તેમાં લેપાતા નથી.

લગ્ન પછી ન્યૂન છ લાખ પૂર્વ જેટલો સમય વીત્યા બાદ સુમંગલાએ પુત્ર ભરત અને પુત્રી બ્રાહ્મીને જન્મ આપ્યો. સુનંદાએ પુત્ર બાહુબલિ અને પુત્રી સુંદરીને જન્મ આપ્યો. ત્યાર પછી ૪૯ યુગલોને જન્મ આપ્યો.

ચંડપ્રદ્યોતન રાજા

શતાનીક રાજાએ કોઈ દેવ વરદાન પ્રાપ્ત થયેલા ચિત્રકારનો જમણા હાથનો અંગૂઠો કાપી નાખ્યો. નિરપરાધ ચિત્રકાર અત્યંત ક્રોધે ભરાયો. તેણે પુનઃ યક્ષની આરાધના કરી કૃપા પ્રાપ્ત કરી. ત્યાર પછી બદલો લેવાના ઈરાદાથી શતાનીક રાજાની રાણી મૃગાવતીનું આબેહૂબ ચિત્ર દોર્યું. તે ચિત્ર લઈ ચિત્રકાર ચંડપ્રદ્યોતન રાજા પાસે આવ્યો. રાજાને ચિત્ર આપ્યું. રાજા મૃગાવતીનું ચિત્ર જોઈ તેને મેળવવા અધીરો બન્યો. તેણે દૂત દ્વારા

સંદેશો મોકલાવ્યો કે, ''શતાનીક ! મૃગાવતી રાણી આપી દો. આ સ્ત્રીરત્ન મારા ભાગ્યનું છે. અન્યથા યુદ્ધમાં સર્વ સ્વ ગુમાવશો.''

લોહજંઘ દૂત અવંતી (ઉજ્જયિની) આવ્યો. તેણે શતાનીક રાજાને સંદેશો આપ્યો. શતાનીક રાજાએ દૂતનો તિરસ્કાર કર્યો. તેને ધકેલી મૂક્યો અને 'દાસીપતિ'નું બુરુદ આપ્યું. ચંડપ્રદ્યોતન રાજા ઉકળી ઉઠયો. તેણે કૌશંબી નગરીની ચારે બાજુ પડાવ નાંખ્યો. બન્ને રાજાઓ વચ્ચે યુદ્ધ થયું. શતાનીક રાજાનું મૃત્યુ થયું. મૃગાવતી રાણી હવે શીલરક્ષાના ઉપાય વિચારવા લાગી.

તેણે વિશ્વાસુ દાસીને ચંડપ્રદ્યોતન રાજા પાસે મોકલી. દાસીએ રાણીની આજ્ઞા મુજબ કહ્યું, ''રાજન્ ! મૃગાવતીરાણી આપને ખૂબ પ્રેમ કરે છે. તે આપની રાણી જ છે. ઉદાયન કુમાર હજુ બાળકુંવર છે. બળવાન શત્રુઓ આક્રમણ કરી નગરીને કબજો કરી લેશે. તેથી તમારું જ શરણું છે. તમે મહારાણીના લઘુવયના પુત્રની શત્રુઓથી રક્ષા કરો.'' રાણીનો સંદેશો સાંભળી ચંડપ્રદ્યોતન રાજા ખુશ થઈ ગયો. કામાંધ ચંડકૌશિક રાજાએ પૂછાવ્યું કે, 'પુત્રની રક્ષા કઈ રીતે કરું ?' મૃગાવતી રાણીએ દાસી મારફતે કહેડાવ્યું કે, ''અવંતી નગરીમાં પાકી ઈંટો છે તે મંગાવો તે ઈંટો વડે કૌશંબી નગરીની ચારે બાજુ મજબૂત કિલ્લો બનાવો. આ કાર્ય પૂર્ણ થતાં જ હું મારું સર્વસ્વ તમને સોંપીશ.''

મૃગાવતી રાણીના સહવાસને ઈચ્છતા ચંડપ્રદ્યોતન રાજાએ સત્ત્વરે લશ્કર દ્વારા ઈંટો મંગાવી. મૂર્ખ ચંડપ્રદ્યોતન રાજાએ પાકી ઈંટો મેળવવા અવંતી નગરીનો કિલ્લો જ તોડી નાંખ્યો. ચૌદ ગામના રાજાઓના લશ્કરને એક શ્રેણિમાં પંક્તિબદ્ધ ઊભા રાખી આ ઈંટો પહોંચાડવાનું કાર્ય પૂર્ણ કર્યું. આ લશ્કરે એક હાથમાંથી બીજા હાથમાં ઈંટ આપી, કૌશંબી નગરીમાં મંગાવી. અલ્પ સમયમાં કૌશંબી નગરીને ફરતો કિલ્લો તૈયાર થઈ ગયો. આ કિલ્લામાં તોપ, શત્રુઓ પર ફેંકવાના પથ્થર, યંત્રો રાખવાની વ્યવસ્થા કરવામાં આવી. આ કિલ્લાને ફરતી સુરક્ષા માટે ખાઈ ખોદવામાં આવી. મૃગાવતી રાણીના કહેવાથી ઘણા સમય સુધી ચાલે તેટલું ધન-ધાન્ય, ઈંધનાદિ કૌશંબી નગરીમાં ચંડપ્રદ્યોતન રાજાએ ભરાવ્યું. રે ! વિષયાંધ વ્યક્તિઓ સ્ત્રીઓનાં કહેલાં સર્વ કાર્યો કરે છે.

ચંડપ્રદ્યોતન રાજા મૃગાવતી રાણી પાસે આવ્યો. તેણે કહ્યું, ''દેવી ! મેં તમે કહેલા સર્વ કાર્યો પૂર્ણ કર્યા છે. હવે તમે મારી માંગણી પૂર્ણ કરો.'' ચંડપ્રદ્યોતન રાજાના વચનો સાંભળી મૃગાવતી રાણીએ કહ્યું, ''રાજન્ ! પ્રજાપાલક રાજા અન્યાયને રોકે છે, સ્વયં આનાચાર નથી કરતા. પરસ્ત્રીનો સંગ કરનાર આ લોકમાં પ્રતિષ્ઠા ગુમાવી નિંદાપાત્ર બને છે અને પરલોકમાં દુર્ગતિ મેળવે છે. હે નરપતિ ! સતી સ્ત્રીઓના શીલભંગ જેવા દુષ્કૃત્યો કરતાં તત્ત્વજ્ઞાનનો વિચાર કરો.''

ચંડપ્રદ્યોતન રાજાને પારાવાર પસ્તાવો થયો. મૃગાવતી રાણી દ્વારા તે છેતરાયો. દેશ-પરદેશમાં તે ઘણો અપમાનિત થયો તેમજ વગોવાયો.

અભયકુમાર ગણિકાથી છેતરાયા

ઉજ્જયિની નરેશ ચંડપ્રદ્યોતન રાજાએ પોતાના સાદુભાઈ શ્રેણિકરાજાને દૂત મારફત કહેડાવ્યું કે, 'તમારું કલ્યાણ ઈચ્છતા હો તો અનુપમ વંકચૂડ હાર, સેચનક હાથી, અભયકુમાર અને ચેલ્લણાને વિના વિલંબે મોકલી આપો.' આ સાંભળી શ્રેણિક રાજાનો પારો સાતમા આસમાને પહોંચ્યો. તેમણે તરત જ દૂત દ્વારા કહેડાવ્યું કે 'જો તમે તમારી કુશળતા ઈચ્છતા હો તો અગ્નિરથ, અનિલગિરિ હાથી, વજ્રજંઘ દૂત અને શિવાદેવી રાણી શીઘ્રાતિશીઘ્ર મોકલી આપો. આ સમાચાર સાંભળી બદલો લેવા ચંડપ્રદ્યોતન રાજાએ મોટી

સેના લઈ રાજગૃહી નગરી પર ચડાઈ કરી. રાજગૃહી નગરીને ચારે બાજુથી ઘેરી લીધી.

સંકટમાંથી ઉગરવા અભયકુમારે ચંડપ્રદ્યોતન રાજાના સૈનિકોની છાવણીની પાછળ ચારે ખૂણામાં ચાર સોનામહોરના ભરેલા કળશો દટાવ્યા. ત્યારપછી ચંડપ્રદ્યોતન રાજાને ઠાવકાઈ ભર્યો પત્ર લખ્યો કે, ''માસા ! હું તમારો હિતેચ્છુ છું, માટે વારું છું. મારા પિતાજીએ આપના મુખ્ય સેનાપતિઓને પૈસા આપી ફોડી નાંખ્યા છે. તેમને ધનની લાલચ આપી ખરીદી લીધાં છે. અવસર આવશે ત્યારે તમને પણ પકડીને બંદીવાન બનાવશે. તમને વિશ્વાસ ન હોય તો જ્યાં સેનાપતિના તંબુ છે, ત્યાં જજો. તે તંબુના ચારે ખૂણામાં સુવર્ણ કળશો દાટેલાં છે. તમે ચેતી જાવ.''

ચંડપ્રદ્યોતન રાજાએ છાવણીના ચારે ખૂણા ખોદાવ્યા. સુવર્ણ કળશો જોઈ ચંડપ્રદ્યોતન રાજાએ સેનાપતિઓને ધિક્કાર્યા. ચંડપ્રદ્યોતન રાજા પકડાઈ જવાની બીકે ઉજ્જયિની નગરીમાં નાશી ગયા. અચાનક રાજાના ચાલ્યા જવાથી સેનાપતિ બધું સમેટી પાછા ફર્યા. રાજાને પાછા આવવાનું કારણ પૂછ્યું, ત્યારે ચંડપ્રદ્યોતન રાજાએ કહ્યું, ''હે દુષ્ટો ! નમકહરામો. તમે મારી સાથે દગો કર્યો છે.'' સેનાપતિ, અઢાર દેશના રાજા અને ચંડપ્રદ્યોતન વચ્ચે જ્યારે ખુલાસો થયો ત્યારે ચંડપ્રદ્યોતન રાજાને સત્ય સમજાયું કે, 'અભયકુમારે મને છેતર્યો છે. તેણે ષડ્યંત્ર રચી યુદ્ધ બંધ કરાવ્યું છે. 'અભયકુમારને પકડીને લાવીશ ત્યારે જ હું જંપીશ.' રાજાએ નગરમાં પડહ વગાડવ્યો કે 'અભયકુમારને પકડી લાવનારને ઈચ્છિત ઈનામ આપવામાં આવશે.' ઉજ્જયિની નગરીની મદમનંજરી નામની ગણિકાએ આ કાર્ય ઉપાડી લીધું.

મદનમંજરીએ પોતાની સાથે બે સ્વરૂપવાન સુંદરીઓને લીધી. સુવ્રતા નામના સાધ્વીજી પાસે જૈન ધર્મનો અભ્યાસ કર્યો, નવતત્ત્વ, સ્વર્ગ અને નરકની વાતો જાણી. શ્રાવિકાનો ગણવેશ પહેરી રાજગૃહી નગરીમાં આવી. તે ધર્મના નામે અભયકુમારને ફસાવી પકડી જવા આવી હતી.

ગણિકાએ સંઘ કઢાવી સંઘવણ નામ ધારણ કર્યું. તે પગપાળા રાજગૃહી નગરીમાં આવી. નગરની બહાર તંબૂ બાંધ્યો. ચૈત્યપરિપાટી કરવાના નિમિત્તથી જિનમંદિરમાં આવી. તેણે જિનાલયમાં પ્રવેશતાં 'નિસિહી' શબ્દનો ઉચ્ચાર કર્યો. જિનપૂજા કરી. માલકોશ રાગમાં જિનભક્તિ કરી. પરમાત્માને વંદન કરી બહાર આવી. શ્રાવિકાનો પ્રશમ ગુણ જોઈ અભયકુમાર પ્રસન્ન થયા. સંયમ ભાવના અને ઉચ્ચ વિચારોથી પ્રભાવિત થયેલા અભયકુમારે છેવટે ખુશ થતાં વિચાર્યું 'મને શ્રાવિકાનો મિલાપ થયો છે તો હું તેમની સાધર્મિક ભક્તિ કરું.'

અભયકુમારે તેમને આગ્રહ કરી જમવા બોલાવ્યા. જમી લીધા પછી ગણિકાએ અભયકુમાર સાથે ધર્મચર્ચા કરી. ગણિકાએ આગ્રહ કરી અભયકુમારને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. બીજા દિવસે અભયકુમાર એકલા ગણિકાના આવાસે ભોજન કરવા ગયા. ઢોંગી ગાયિકાએ આગ્રહ કરી કરીને અભયકુમારને જમાડ્યા અને ચંદ્રહાસ મદીરા જેવું નશીલું પીણું પીવડાવ્યું.

અભયકુમારને નશાના પ્રભાવે ગાઢ નિદ્રા આવી ગઈ ત્યારે ગણિકાએ પૂર્વયોજિત ગોઠવણ અનુસાર અભયકુમારને રથમાં સૂવડાવી પવનવેગે રથ ઉજ્જયિની નગરી તરફ દોડાવ્યો.

રે ! અભયકુમાર જેવા બુદ્ધિશાળી પણ છળકપટથી ઢોંગી ગણિકાના પાશમાં સપડાયા.

શૂરપાળ રાજાની રાણી શીલમતીની કથા (શ્રી શાંતિનાથચરિત્ર, પૃ. ૧૯૪ થી ૨૦૩)

ચક્રાયુધ રાજાએ **શાંતિનાથ** પ્રભુને શૂરપાળ રાજાના સંબંધમાં પ્રશ્ન પૂછ્યો તેના સંદર્ભમાં શાંતિનાથ ભગવાને શૂરપાળ રાજાની કથા કહી.

ભરતક્ષેત્રના **કાંચનપુર** નગરમાં **જિતારી** નામના રાજા રાજ્ય કરતા હતા. તેમની **સુલોચના** નામની રાણી હતી. આ નગરમાં **મહીપાલ** નામનો કૃષીવલ (ખેડૂત) રહેતો હતો. તેની **ધારિણી** નામની ભાર્યા હતી. મહીપાળના **ધરણીધર, કીર્તિધર, પૃથ્વીપાળ** અને **શૂરપાળ** નામના ચાર પુત્રો હતા. તેમની અનુક્રમે **ચંદ્રમતી, કીર્તિમતી, શાંતિમતી** અને **શીલમતી** નામની ચાર પુત્રવધૂઓ હતી.

એકવાર વર્ષાકાળમાં ચારે પુત્રો ખેતરે ગયા. થોડા સમય પછી તેમની પત્નીઓ પણ ખેતરમાં જવા નીકળી. ત્યાં અચાનક વરસાદ થયો. વરસાદથી બચવા ચારે સ્ત્રીઓએ એક ઘટાદાર વૃક્ષનો સહારો લીધો. બીજીબાજુ મહીપાળ પણ ખેતરે જવા નીકળ્યો. તે પણ વૃક્ષની નીચે આવીને ઉભો રહ્યો. તે સમયે ચારે વહુઓ નિ:શંકપણે પોતાના મનોરથો કહેવા લાગી. મહીપાળ ગુપ્ત રીતે પુત્રવધૂઓની વાતો સાંભળવા લાગ્યો.

ચંદ્રમતીએ કહ્યું, ''મને ઘી સહિત ખીચડી અથવા દહીં કે ઘી વડે યુક્ત ભીની કેરીની કચુર અને ટાઢી રાબડી ખાવાની ઈચ્છા છે.'' કીર્તિમતીએ ખીર અને દાળ-ભાત સાથે ખાટાં શાકની ઈચ્છા દર્શાવી. શાંતિમતીએ મોદક વગેરે પકવાન ખાવાની રુચિ પ્રગટ કરી. શીલમતીએ કહ્યું, ''હું સ્નાન કરી, સુંદર વસ્ત્રાભૂષણો પહેરી, ઘરના બધા સભ્યોને જમાડી બાકી વધેલું કઈંક એઠું ભોજન કરું.''

મહીપાળે આ વાત સાંભળી. તેણે ઘરે આવી પોતાની પત્નીને વહુઓને ઈચ્છિત આહાર આપવો, એવી સૂચના કરી. ભોજનની વેળાએ પરિવાર સાથે જમવા બેઠો. પોતાના સસરા મહીપાળ અને પોતાના પતિને ભોજન કરાવી ચારે વહુઓ જમવા બેઠી. આજે ચારે વહુઓને પોતાની ઈચ્છા પ્રમાણેનો આહાર મળ્યો. શીલમતીના ભાણામાં તુચ્છ આહાર આવ્યો. આ પ્રમાણે હવે નિત્ય થવા લાગ્યું. ત્રણે વહુઓએ સાસુને તેનું કારણ પૂછ્યું. સાસુએ તેણે દર્શાવેલો વિચાર કહ્યો. આ વાતની શીલમતીને ખબર પડી ગઈ. હવે તે ઉદાસ બની ગઈ.

એક વાર તેના પતિ શૂરપાળે તેની ઉદાસીનતાનું કારણ પૂછ્યું. શીલમતીએ સર્વ હકીકત જણાવી. પત્નીના મનોરથ પૂર્ણ કરવા શૂરપાળ પરદેશ જવા નીકળ્યો. તે પૂર્વે તેણે પત્નીને વેણી બંધ કરી આપતાં કહ્યું, ''હે પ્રિયા ! મારા આવ્યા પછી જ તારે વેણીનો બંધ છોડવો અને કંચૂક ઉતારવો.''

શૂરપાળ **મહાશાલ વન**માં પ્રવેશ્યો. ત્યાં જંબૂવૃક્ષની છાયા નીચે સૂતો. તેના પ્રબળ પુણ્યથી વૃક્ષની છાયા તેના પર છાંયડો બનીને મંડરાઈ રહી. આ સમયે બાજુના નગરનો એક રાજા મૃત્યુ પામ્યો. તે નિ:સંતાન હતો. સચિવાદિકે પાંચ દિવ્યની અધિવાસના કરી. તે દિવ્યો ફરતાં ફરતાં શૂરપાળ પાસે આવ્યા. શૂરપાળને જોઈ હાથીએ ગુલ ગુલ શબ્દ કરી, અશ્વએ હેષારવ કરી આનંદ વ્યક્ત કર્યો. તેના માથે છત્ર ધરાયું. કળશ વડે અર્ઘ્ય અપાયો. તેની બન્ને બાજુ ચામરો વીંઝાવા લાગ્યા. લોકોએ મંગળગીતો ગાઈ જયજયનાદ કર્યો. મંત્રીએ શૂરપાળને શુભ લક્ષણવાળો જાણી રાજા બનાવ્યો.

રાજા બન્યા પછી શૂરપાળે પત્નીની યાદ આવતાં પોતાના હાથે લખેલો એક પત્ર કાંચનપુરમાં મોકલાવ્યો પરંતુ તે સમયે દુષ્કાળ પડવાથી મહીપાળ ગામ છોડી પોતાના પરિવારને લઈ ક્યાંક ચાલ્યો ગયો હતો. સેવકોને કોઈ ખબર ન મળતાં તેઓ પાછા આવ્યાં. શૂરપાળને ખેદ થયો. મહીપાળ પોતાના કુટુંબને લઈ જ્યાં શૂરપાળ હતો એ જ નગરમાં આવ્યાં.

શૂરપાળ રાજાએ નગરજનોની સુવિધા માટે સરોવર ખોદાવવાનો પ્રારંભ કર્યો. મહીપાળ અને તેનું

કુટુંબ ત્યાં કામ કરવા જોડાયું. શૂરપાળ રાજા તળાવનું કાર્ય જોવા આવ્યા. રાજાએ પોતાના સમગ્ર કુટુંબને ત્યાં જોયું. દુર્બળ અંગવાળી શીલમતીને જોઈ રાજાએ આ નવે જણને બમણી વૃત્તિ અને ઉત્તમ ધાન્ય આપવાનો સેવકોને આદેશ કર્યો. રાજાએ ચકાસણી કરવા મહીપાળને પૂછયું, ''શું તારો એક પુત્ર બે ભાર્યાઓ પરણ્યો છે. કેમકે પુત્રો ત્રણ અને સ્ત્રીઓ ચાર દેખાય છે.'' મહીપાળે નાના પુત્રના પ્રવાસની વાત કરી અને પોતે કાંચન-પુરથી આવ્યો છે તેવું જણાવ્યું.

રાજાએ શીલમતીને છાસ લેવાના બહાને મહેલમાં બોલાવી. શીલમતી છાસ લેવા ગઈ. રાજાએ તેના શીલની પરીક્ષા કરવા તેને નવો કંચુક આપ્યો. શીલમતીએ તે લેવાની ના પાડી. રાજાએ અનિષ્ટ થવાની ધમકી પણ આપી પરંતુ શીલમતીએ ચોખ્ખી ના પાડી. રાજાએ ઘણો આગ્રહ કર્યો. શીલમતી પોતાના નિશ્ચયમાં અટલ રહી. તેણે કહ્યું, ''આ વેણી મારા પતિએ આપી છે અને તેણે જ પોતાના હાથે કંચુક પહેરાવ્યો છે. હવે પતિના હાથે જ કંચુક મૂકાશે.'' રાજા તેનો પતિ થવા તૈયાર થયો. ત્યારે શીલમતીએ કહ્યું, ''રાજા નીતિનું રક્ષણ કરનારા હોય છે. શીલ ખંડન કરનારા નહીં. જો તમે મને અડવાનો પ્રયત્ન કરશો તો હું અગ્નિ સ્નાન કરીશ.'' રાજાએ કહ્યું, ''હે મુગ્ધા! હું શૂરપાળ તારો પતિ છું. હું આ નગરીનો રાજા બન્યો છું.'' હવે શીલમતી સુંદર વસ્ત્રાભુષણોથી સજ્જ થઈ રાણી બની રહેવા લાગી. બીજી બાજુ શાંતીમતી, જે શીલમતીની સાથે આવી હતી તેને રાજાએ કેદખાનામાં પૂરી દીધી હતી. થોડા સમય પછી તેને છૂટી કરી. તેણે કુટુંબમાં જઈ કહ્યું, ''કંચુક ગ્રહણ ન કરવાથી રાજાએ કોપિત થઈને શીલમતીને કેદખાનામાં પૂરી દીધી છે. શીલમતીના હઠના કારણે થયેલી દુર્દશાને કુટુંબીજનોએ સ્વીકારી લીધી.

એકવાર રાજાએ મહીપાળને ભોજન માટે આમંત્રણ આપ્યું. સમગ્ર કુટુંબ સહિત મહીપાળ જમવા આવ્યો. તે સમયે રાજા ઉચિત આસન પર બેસી જમવા બેઠો શીલમતી રાણીએ વ્યંજનો પીરસ્યાં. રાજાએ કહ્યું, ''હે પ્રિયા! ઘણાં કાળથી ચિંતવેલા તારાં મનોરથો આજે સફળ કર.'' ભોજન બાદ સર્વને માનપાન આપી શૂરપાળ રાજાએ પોતાની ઓળખાણ આપી. તેણે પોતાના પિતાનો આભાર માન્યો. જેના કારણે પરદેશ જવાનું થયું અને પોતે રાજા બન્યો.

એકવાર **શ્રુત સાગર** નામના મહાન મહાત્મા પધાર્યા. ત્યારે શૂરપાળે પોતાના પૂર્વભવ સંબંધી પ્રશ્ન પૂછ્યો. મહાત્માએ કહ્યું, ''હે રાજન્! તેં પૂર્વ ભવમાં અતિથિ સંવિભાગ વ્રત કર્યો હતો. ભરતક્ષેત્રના ભૂમિ **પ્રતિષ્ઠ નગર**માં તું **વીરદેવ** નામનો શ્રાવક હતો. તારી પત્નીનું નામ સુવ્રતા હતું. આઠમની તિથિના દિવસે તેં પૌષધ કર્યો. પારણાના દિવસે તેં શુભ ભાવના ભાવી કે, 'ધન્ય છે તે પુરુષો! જેઓ પૌષધ કરી પારણાના દિવસે સાધુને નિર્દોષ દાન આપે છે.' તે જ સમયે શુદ્ધ ભાવનાના બળે બે તપસ્વી મુનિરાજ પધાર્યા. તેં એમને ભોજન પાણી આદિ વડે પ્રતિલાભ્યા. આ સુકૃતના પરિણામે તું આ ભવમાં રાજા બન્યો છે.

સીતા અને ભામંડળની કથા (જૈન રામાયણ)

જનક રાજાની **વિદેહા** નામની ભાર્યાએ યુગલ બાળકને જન્મ આપ્યો. તેવા અરસામાં સાધુપણાને પામ્યા છતા અતિસુંદરી ઉપરના અથાગ પ્રેમને વિસરી ન શકનારા **પિંગલ** નામના ઋષિ મૃત્યુ પામીને **સૌધર્મ** નામના દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. તે દેવે અવધિ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો. પૂર્વજન્મમાં પોતાના દુશ્મન એવા **કુંડલમંડિત**ને જનક રાજાના પુત્ર તરીકે ઉત્પન્ન થયેલા જોયા. પોતાના શત્રુને રાજપુત્ર તરીકે જન્મેલો જોઈને પૂર્વના વેરભાવથી દેવે તે બાળકનું અપહરણ કર્યું. ત્યારપછી આ બાળકને શીલા પર અફાળી મારી નાખવાનો વિચાર કર્યો પરંતુ બાળકના પુણ્યોદયે દેવ વેરવૃત્તિ ભૂલી ગયો. બાળકને દિવ્ય અલંકારોથી

વિભૂષિત કરી વૈતાઢય પર્વતના રથનૂપૂર નગરના ઉદ્યાનમાં મૂકી આવ્યો. આ બાળક ચંદ્રગતિ નામના વિદ્યાધરને મળ્યો. તેણે પોતાના પુત્રની જેમ તેનો જન્મોત્સવ મનાવ્યો. તે બાળકનું નામ ભામંડળ રાખવામાં આવ્યું.

બીજી બાજુ જનક રાજાએ ચારે દિશાઓમાં માણસો મોકલાવી બાળકની શોધ કરાવી પરંતુ બાળકના કોઈ સમાચાર ન મળ્યા. બાળકીનું નામ **સીતા** પાડવામાં આવ્યું. ઉત્તમ માતા-પિતાના સહવાસથી ઉછળતી સીતા રૂપ અને લાવણ્યની સંપદા સાથે વૃદ્ધિ પામવા લાગી. યૌવન વયમાં તેનું રૂપ સોળે કળાએ ખીલી ઉઠ્યું.

તેવા સમયે જનક રાજાની નગરી પર **અર્ધબર્બર** દેશના **આતરંગતમે** (નામના ક્રૂર મલેચ્છના હજારો પુત્રોએ) ઉપદ્રવ આદર્યો. આફતના પ્રસંગે જનક રાજાએ મદદ માટે **દશરથ રાજા**ને દૂત દ્વારા સંદેશો પહોંચાડયો. રાજા દશરથની અનુજ્ઞા લઈ **રામચંદ્રજી** પોતાના બાંધવો સાથે મિથિલાનગરીમાં આવ્યા. તેમણે મલેચ્છોને હરાવ્યા અને શરત અનુસાર સીતા સાથે વિવાહ થયા.

શ્રી નારદજીએ લોકમુખેથી સીતાના સૌંદર્યની પ્રશંસા સાંભળી હતી. સીતાને જોવા નારદજી તેના મહેલમાં આવ્યા. સંન્યાસી જેવા વેશવાળા નારદજીને જોઈને સીતાએ 'હે મા! ' એવી ચીસ પાડી. તે ભયથી ઓરડામાં દોડી ગઈ. તેની ચીસ સાંભળી દ્વારપાળો દોડી આવ્યા. મહેલમાં 'એને મારો' એવી બૂમરણ મચી ગઈ. નારદજી જીવ બચાવવા ગમે તેમ કરીને ત્યાંથી છટકી વૈતાઢય પર્વત પર જતા રહ્યા.

નારદજીએ પોતાના અપમાનનો બદલો લેવા વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણિમાં **ચંદ્રગતિ વિદ્યાધર**ની મદદ લીધી. આ વિદ્યાધરનો બળવાન અને પરાક્રમી **ભામંડળ** નામનો પુત્ર (સીતાનો ભાઈ) હતો. નારદજીએ સીતાનું ચિત્ર દોરી ભામંડળને બતાવ્યું અને સીતાના રૂપ-ગુણની તેની સમક્ષ ખૂબ પ્રશંસા કરી. ભામંડળ સીતા પ્રત્યે આકર્ષાયો. તેના ચિત્તમાં સીતાને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જાગી. તેની ઉદાસીન સ્થિતિ જોઈ વિદ્યાધર રાજાએ નારદજીને કન્યા વિશે પૂછ્યું. 'વિદેહાની પુત્રી સીતા છે' એવું જાણી ચંદ્રગતિ રાજાએ **ચપલગતિ** નામના વિદ્યાધર દ્વારા જનક રાજાને પોતાની નગરીમાં તેડાવ્યા. ત્યાર પછી પોતાના પુત્ર ભામંડળ માટે સીતાની માંગણી કરી. જનક રાજાએ કહ્યું, ''સીતા મેં રામને સોંપી છે.'' ચંદ્રગતિ રાજાએ પોતાના બે ધનુષ્યો **વજાવર્ત અને અર્ણવાવર્ત** જનક રાજાને સોંપતા કહ્યું, ''આ બે ધનુષ્યમાંથી એક પણ ધનુષ્યની પણછ રામચંદ્રજી ચઢાવશે તો અમે પરાજિત થશું. પછી આપ ખુશીથી સીતાના વિવાહ રામચંદ્રજી સાથે કરજો, અન્યથા સીતા ભામંડળને વરશે.''

જનક રાજા ધનુષ્ય લઈ મિથિલાનગરીમાં આવ્યા. ત્યાં સ્વયંવર રચાયો. રામચંદ્રજીએ ધનુષ્ય ઉચકી પલકવારમાં પણછ ચડાવી ટંકારવ કર્યો. ત્યારે ધરતી અને અંબર ગુંજી ઉઠ્યા. સીતાએ રામચંદ્રજીના ગળામાં વરમાળઅ પહેરાવી. બીજું ધનુષ્ય **લક્ષ્મણે** ઉપડયું. ત્યારે તેના નાદથી દિશાઓ બધિર બની ગઈ. વિદ્યાધરોએ અઢાર કન્યાઓ લક્ષ્મણને આપી. તે સમયે સત્યભૂતિ નામના સૂરિવરે ભામંડળ અને સીતાનો પૂર્વભવ કહ્યો. ભાઈ અને બહેનનું રહસ્ય ઉજાગર થયું. સીતા પોતાની ભગિની છે; એવું ભામંડળે જાણ્યું. જનકરાજા અને વિદેહા રાણીને ખબર પડી કે ભામંડળ પોતાનો જ પુત્ર છે.

ભોજ રાજા

વિદ્યાપ્રેમી અને દાનપ્રેમી **મહારાજા ભોજ** કદરદાનીમાં એવા માહેર હતા કે કોઈપણ વિદ્વાન-કવિની નવ્ય રચના સાંભળતાવેંત એ દાનના અષાઢી મેઘ બની સંપત્તિની વર્ષા કરતા. એમના મંત્રીને રાજાની ઉદારતા ખૂંચતી હતી પરંતુ રાજાને કઈરીતે કહેવું તે સમજાતું ન હતું. આખરે મંત્રીએ પરોક્ષ ઉપદેશનો આસરો લઈને

રાજાના શયનખંડના દ્વારે મરોડદાર અક્ષરે એક સંસ્કૃત પંક્તિ લખી. 'આપદર્થે ધનં રક્ષેત' અર્થાત્ જીવનમાં સુલતાની (આપદા) આવે ત્યારે ઉપયોગી બને એટલા માટે ધનનો સંચય કરવો જોઈએ. આંખમીંચીને દાનની ગંગા ન વહાવી દેવાય. મહારાજા ભોજે રાત્રે શયનકક્ષમાં પ્રવેશતાં પંક્તિ વાંચી. તેઓ સમજી ગયા કે, 'મારે હિતેચ્છુઓએ મારી દાન પ્રવૃત્તિ પર લગામ તાણવા આ ઉપદેશ લખ્યો છે.' તેઓ સાચા દાનવીર હતા. આ ઉપદેશ પંક્તિ તેમની દાનગતિને અવરોધી શકી નહીં. રાજાએ એ પંક્તિની નીચે બીજી પંક્તિ જોડી. 'ભાગ્ય ભાજં ક્વ ચાપદઃ' અર્થાત્ પુણ્યશાળીને આપત્તિ આવવાની સંભાવના જ ક્યાંથી હોય. તેમને તો આફત પણ અવસરમાં અને પ્રતિકૂળતા અનુકૂળતામાં બદલાઈ જતી હોય છે.

મંત્રીએ રાજાનો તર્કબદ્ધ પ્રત્યુત્તર વાંચ્યો. મંત્રીએ દલીલ કરતાં ત્રીજી પંક્તિ આલેખી કે, 'કદાચિત્ કૃપિતે દૈવે' અર્થાત્ ક્યારેક ભાગ્ય રૂઠે ત્યારે ભલભલા પુણ્યશાળીઓને પણ ભયંકર તકલીફો વેઠવી પડે છે. રામ, પાંડવો, કૃષ્ણ, હરિશ્ચંદ્ર વગેરેને ભાગ્ય રૂઠવાથી જ આપત્તિ આવી હતી. સંકટની સાંકળ બની રહે એટલા ખાતર પણ ધન સંચય કરી રાખવા જેવો છે.

વળતી રાત્રિએ શયનકક્ષમાં જતાં રાજા આ નવી પંક્તિ વાચતાંવેંત ખડખડાટ હસી પડયાં. દેખીતી નક્કરતા ધરાવતી એ પંક્તિની દલીલ કેવી પોકળ હતી એ વિચક્ષણ રાજાએ તરત પારખી લીધું. એમણે તત્ક્ષણ શ્લોકની ચોથી પંક્તિ ઉમેરી કે, 'સંચિતમપિ નશ્યતિ' અર્થાત્ જો ભાગ્ય રૂઠે અને પુણ્યવાન પણ આફતમાં આવી જાય ત્યારે સાચવેલું ધન પણ નષ્ટ થઈ જશે. બદનસીબે જ્યારે બધું જ બગડવાનું હોય ત્યારે આ પણ ક્યાંથી બચવાનું ? માટે એવી કોઈ ભીતિ રાખ્યા વિના દાન ગંગા વહેવા દો. એ શુભ કરણી આફતને અટકાવી દેશે !' મંત્રીએ આ દૃઢ ઉત્તર પછી ચૂપકીદી સ્વીકારી લીધી.

આમ, ભોજરાજા ઈતિહાસમાં દાનવીર તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

વિક્રમ રાજાની કથા (વિક્રમ ચરિત્ર, લે. શુભશીલગણિ)

ઉજ્જૈની નગરીના ગર્દભિલ્લ રાજા અને શ્રીમતી રાણીના પનોતા પુત્ર અને જગપ્રસિદ્ધ ભતૃહરિના નાના ભાઈ હતા. ભયંકર વ્યંતર અગ્નિવૈતાલને વશ કરનાર, ભયાનક ક્ષેત્રપાલ દેવને પ્રસન્ન કરનાર, રાજ્યરક્ષિકા ચક્રેશ્વરી દેવી તથા અન્નપૂર્ણા - લક્ષ્મીદેવીનું વરદાન પ્રાપ્ત કરનાર, દેવોથી પણ દુર્જય ખર્પરક તસ્કરનો નાશ કરનાર, પ્રાયઃ અપ્રાપ્ય દિવ્ય સુવર્ણ પુરુષને મેળવનાર અને આ ધન દ્વારા માળવાના સમગ્ર દેવાદારોનું દેવું રાજ્ય તરફથી ચૂકતે કરી પોતાનો સંવત્ ચલાવનારા વિક્રમ રાજા જગતમાં લોકપ્રસિદ્ધ બની ગયા.

૪. સપ્તપદી લગ્નવિધિ

લગ્ન પ્રસંગે સામાજિક રીતે પરસ્પર સાથે સંબંધ બાંધતા બે પરિવાર માટે એક ઉત્સવ છે. વર પક્ષ અને કન્યા પક્ષ એમ બે પરિવારો વચ્ચે નવા સંબંધ દ્વારા એક નવું સામાજિક ધ્રુવીકરણ રચાય છે. સ્ત્રી અને પુરુષ માટે લગ્ન સંબંધનું જોડાણ એ નવો જન્મ છે. એકમેક પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ પાર પાડવાની હોય છે.

લગ્ન પ્રસંગે હસ્તમેળાપ બાદ વર અને વધૂ પવિત્ર અગ્નિ સમક્ષ સાત ડગલા ચાલીને પ્રેમપૂર્વક એકબીજા પ્રત્યેની જવાબદારીઓ નિભાવવાના શપથ ગ્રહણ કરે છે. જેને **'સપ્તપદી'** કહેવાય છે. સુમેળ ભર્યા લગ્ન જીવન માટે આ જીવન નિર્વાહ વિધિ અત્યંત આવશ્યક છે. વળી, હિંદુ ગ્રંથો અનુસાર સપ્તપદીની વિધિ ન યોજાય ત્યાં સુધી લગ્ન સંબંધને માન્યતા અને મજબૂતાઈ સાંપડતી નથી. ભલે, માતા-પિતા દ્વારા કન્યાદાનનો વિધિ પાર પાડવામાં આવે, ભાઈ જવ-તલ પવિત્ર વેદીમાં હોમે, છતાં સપ્તપદીના સાત ડગલા પાણિગ્રહણ દ્વારા વર-વધૂ ન ભરે ત્યાં સુધી લગ્ન વિધિ અધૂરો લેખાય છે. કન્યા કુંવારી જ માનવામાં આવે છે. આમ, સપ્તપદી દ્વારા જ પતિ-પત્નીના સંબંધ બંધાય છે. લગ્નથી જોડાયેલી નારીને **'અર્ધાંગિની'** કહેવાય છે. સપ્તપદીની વિધિ બાદ પત્ની તરીકે સ્ત્રી પતિની ડાબી બાજુનું સ્થાન ગ્રહણ કરે છે. એ રીતે તેને **'વામાંગિની'** કહેવામાં આવે છે.

સપ્તપદી ઉપરાંત કન્યાદાન, જવતલનું વેદીમાં હોમવું, હસ્તમેળાપ બાદ ચોરીના ચાર ફેરા એ વિધિઓ અત્યંત મહત્ત્વની છે. કન્યાદાન દ્વારા માતા-પિતા પુત્રીનો હાથ વરરાજાના હાથમાં સોંપી દીકરીના લગ્નને માન્યતા બક્ષે છે. જવ-તલ અગ્નિમાં હોમી ભાઈ તેની પરણેત્તર બહેનને ખાતરી આપે છે કે જે વરરાજાના હાથમાં તને સોંપવામાં આવી છે, તે દુલ્હારાજા હંમેશા તેની રક્ષા અને સહાયતા કરશે. ચોરીના ચાર ફેરાની વિધિ દ્વારા વરરાજા ઘરગથ્થુ જવાબદારીઓ પાર પાડવામાં પત્નીને સહાયભૂત થવાની ખાતરી આપે છે.

ચોરીના ચાર ફેરામાં ત્રણ ફેરા દુલ્હનના નેતૃત્વ હેઠળ ફરવાના હોય છે. ચોથો ફેરો દુલ્હાના નેતૃત્વ હેઠળ ફરવાનો હોય છે. જ્યારે સપ્તપદીમાં દુલ્હા-દુલ્હન સાત ડગલા સાથે મળીને ભરે છે. જે અગ્નિની સાક્ષીમાં અગ્નિ સમક્ષ ભરવાના હોય છે.

અધ્યાત્મિકતા, તત્ત્વજ્ઞાન અને પવિત્રતાની દૃષ્ટિએ હિન્દુ ધર્મગ્રંથોમાં સાતમા અંકનું મહત્ત્વ અદકેરું છે. સાત માત્રિકાઓ અથવા માતૃ ઉર્જાના સાત પાસાઓનું મહત્ત્વ પણ સમજાવાયું છે. પવિત્ર અગ્નિની સાત જ્વાળાઓનું વર્ણન હિન્દુ શાસ્ત્રોમાં જોવા મળે છે. આ સાથે સાત પવિત્ર નદીઓ, સ્ત્રીના જીવનમાં આવતાં સાત તબક્કા, સંગીતના સાત સૂરો, સૂર્યના સાત કિરણો, સાત મુખ્ય ગ્રહો, સાત ઋષિઓના નામાભિધાન સાથેનું સપ્તર્ષિ તારામંડળ એ બધાનો ઉલ્લેખ ગ્રંથોમાં સમજાવાયો છે. આ સાતનો અંક મનુષ્યના દીર્ઘાયુનો દ્યોતક પણ ગણાય છે.

સાવિત્રીની પૌરાણિક કથામાં સત્યવાનનું મૃત્યુ થયું ત્યારે યમરાજ સત્યવાનને લેવા આવ્યા. સત્યવાનને પુનઃ જીવન આપવા માટે સાવિત્રી યમરાજને વિનવણી કરતા સાત પગલા ચાલી હતી. તેણે યમરાજને કહ્યું, ''હે મૃત્યુના દેવતા ! હું તમારી સાથૈ મારા પતિના જીવનની યાચના કરતાં સાત પગલાં ચાલી

છું. તેથી એ દષ્ટિએ આપણે બન્ને મિત્ર બન્યા છીએ. શું મિત્ર બનીને મારા પતિના આત્માને સાથે લઈ જઈ મને વિધવા બનાવશો ?

આમ, સપ્તપદીનું મહત્ત્વ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાથે અત્યંત ઘનિષ્ઠ રીતે સંકળાયેલું છે.

૫. પુરુષની ૭૨ કલા : (શ્રી સમવાયાંગ સૂત્ર બોલ - ૭૨)

૧. લેખન; ૨. ગણિત; ૩. રૂપ બદલવાં; ૪. નૃત્ય (નાચ); ૫. સંગીત; ૬. તાલ; ૭. વાજિંત્ર; ૮. બંસરી; ૯. નરલક્ષણ; ૧૦. નારીલક્ષણ; ૧૧. ગજલક્ષણ; ૧૨. અશ્વલક્ષણ; ૧૩. દંડ લક્ષણ; ૧૪. રત્નપરીક્ષા; ૧૫. ધાતુર્વાદ; ૧૬. મંત્રવાદ; ૧૭. કવિત્વ; ૧૮. તર્કશાસ્ત્ર; ૧૯. નીતિશાસ્ત્ર; ૨૦. ધર્મશાસ્ત્ર; ૨૧. જ્યોતિષશાસ્ત્ર; ૨૨. વૈદકશાસ્ત્ર; ૨૩. ષટભાષા; ૨૪. યોગાભ્યાસ; ૨૫. રસાયન; ૨૬. અંજન; ૨૭. સ્વપ્નશાસ્ત્ર; ૨૮. ઈન્દ્રજાલ; ૨૯. ખેતીવાડી કાર્ય; ૩૦. વસ્ત્ર વિધિ; ૩૧. જુગાર; ૩૨. વ્યાપાર; ૩૩. રાજસેવા; ૩૪. શકુનવિચાર; ૩૫. વાયુ સ્થંભન; ૩૬. અગ્નિ સ્થંભન; ૩૭. મેઘ વૃષ્ટિ; ૩૮. વિલેપન; ૩૯. મર્દન; ૪૦. ઉધર્વ ગમન; ૪૧. સુવર્ણ સિદ્ધિ; ૪૨. રૂપસિદ્ધિ; ૪૩. ઘટબંધન; ૪૪. પત્રછેદન; ૪૫. મર્મછેદન; ૪૬. લોકાચાર; ૪૭. લોકરંજન; ૪૮. ફળ આકર્ષણ; ૪૯. અફલાફલન (ફળ ન લાગે ત્યાં બતાવી દેવા); ૫૦. ધારબંધન; ૫૧. ચિત્રકલા; ૫૨. ગ્રામ વસાવવું; ૫૩. મલ્લયુદ્ધ; ૫૪. રથયુદ્ધ; ૫૫. ગરૂડયુદ્ધ; ૫૬. દષ્ટિયુદ્ધ; ૫૭. વાગ્યુદ્ધ; ૫૮. મુષ્ઠિયુદ્ધ; ૫૯. બાહુયુદ્ધ; ૬૦. દંડયુદ્ધ; ૬૧. શસ્ત્રયુદ્ધ; ૬૨. સર્પ મોહન; ૬૩. વ્યંતર મર્દન; ૬૪. મંત્રવિધિ; ૬૫. તંત્રવિધિ; ૬૬. યંત્રવિધિ; ૬૭. રૌપ્ય પાકવિધિ; ૬૮. સુવર્ણ પાકવિધિ; ૬૯. બંધન; ૭૦. મારન (મારી નાંખવા બેભાન કરવાની વિધિ); ૭૧. સ્થંભન (સ્થંભન કરી દેવા); ૭૨. સંજીવન ચેતના પેદા કરવી.

સ્ત્રીની ૬૪ કળા :

૧. નૃત્ય; ૨. ચિત્ર; ૩. ઔચિત્ય; ૪. વાદિત્ર; ૫. મંત્ર; ૬. જંત્ર; ૭. જ્ઞાન; ૮. વિજ્ઞાન; ૯. દંભ; ૧૦. જલ-સ્થંભન; ૧૧. ગીતગાન; ૧૨. તાલમાન; ૧૩. મેઘવૃષ્ટિ; ૧૪. ફલાકૃષ્ટિ; ૧૫. આકાર-ગોપન (રૂપ સંતાડવું); ૧૬. ધર્મ વિચાર; ૧૭. ધર્મ નીતિ; ૧૮. શકુનવિચાર; ૧૯. ક્રિયાકલ્પ; ૨૦. આરામ રોપણ; ૨૧. સંસ્કૃત જલ્પ; ૨૨. પ્રસાદનીતિ; ૨૩. સુવર્ણ વૃદ્ધિ; ૨૪. સુગંધી તેલ કરવું; ૨૫. લીલા (માયા) રચવી; ૨૬. હાથી ઘોડાની પરીક્ષા; ૨૭. સ્ત્રી-પુરુષનાં લક્ષણનું જ્ઞાન; ૨૮. કામ ક્રિયા; ૨૯. લિપિછેદન; ૩૦. તાત્કાલિક બુદ્ધિ; ૩૧. વસ્તુ સિદ્ધિ; ૩૨. વૈદક ક્રિયા; ૩૩. સુવર્ણ રત્ન શુદ્ધિ; ૩૪. કુંભભ્રમ; ૩૫. સારી શ્રમ; ૩૬. અંજન યોગ; ૩૭. ચુર્ણ યોગ; ૩૮. હસ્તપટુતા; ૩૯. વચનપટુતા; ૪૦. ભોજનવિધિ; ૪૧. વાણિજ્યવિધિ; ૪૨. કાવ્યશક્તિ; ૪૩. વ્યાકરણ; ૪૪. શાલીખંડન; ૪૫. મુખમંડન; ૪૬. કથાકથન; ૪૭. ફૂલમાલાગુંથન; ૪૮. શૃંગાર સજવા; ૪૯. સર્વ ભાષા જ્ઞાન; ૫૦. અભિધાન જ્ઞાન; ૫૧. આભરણ વિધિ; ૫૨. ભૃત્ય ઉપચાર; ૫૩. ગૃહાચાર; ૫૪. સંચય કરવું; ૫૫. નિરાકરણ; ૫૬. ધાન્ય રાંધવું; ૫૭. કેશગુંથન; ૫. વીણાનાદન; ૫૯. વિતડાવાદ; ૬૦. અંક વિચાર; ૬૧. સત્યસાધન; ૬૨. લોકવ્યવહાર; ૬૩. અંત્યક્ષરી; ૬૪. પ્રશ્ન પહેલી.

ઉપરની ચાર ૭૨ તથા ૬૪ કલા અનાદિ કાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી એવીજ

રહેશે પરંતુ કાળપ્રભાવથી ભરત ઐરવત ક્ષેત્રમાં લોપ થતી જાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં તો સદા બની રહે છે.

૬. શ્રાવકના ૨૧ ગુણો

વર્તમાન પંચમ આરામાં અહીંથી સીધા મોક્ષે જઈ શકાતું નથી પરંતુ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ ચારે ઘટકો માટે એકાવતારી બનવું સુલભ છે. ધર્મની આ અદ્‌ભુત ઢાલ તો જુઓ !

ભિન્ન ભિન્ન આચાર્ય ભગવંતોએ સંકલન કરી શ્રાવકના ૨૧ ગુણો બતાવ્યા છે. કેટલાક ગુણો દરેકના સંકલનમાં સમાનરૂપે જોવા મળે છે જ્યારે કેટલાક ગુણોમાં તફાવત જણાય છે. **'ઉજ્જવળ વાણી ભા-૨'** ના આધારે ૨૧ ગુણો દર્શાવ્યા છે. આ ઉપરાંત **'શ્રી બૃહદ્ જૈન થોક સંગ્રહ'**માં ચોથો થોકડો **'પાંત્રીસ બોલ'**નો છે. આ પાંત્રીસ બોલમાંથી અંતિમ બોલ **'શ્રાવકના ૨૧'** ગુણોનો છે.

૧. **અક્ષુદ્રતા** : નજીવી વાતોમાં ન ઝઘડવું, વાતનું વતેસર ન કરવું, રજનું ગજ ન કરવું.

૨. **રૂપવાન** : ઘાટીલું, નમણું, રૂપાળું સુંદર આકૃતિવાળું, આત્મગુણોથી સુશોભિત.

૩. **સૌમ્યતા** : સુશીલતા

૪. **લોકપ્રિયતા** : નિ:સ્વાર્થતા, સેવા, ઉદારતા, દાનપ્રિયતા, મિત્રતા આદિ ગુણોથી લોકપ્રિય હોય.

૫. **અક્રૂરતા** : દયા અને અનુકંપાયુક્ત કોમળ હૃદય હોય.

૬. **પાપભીરૂતા** : ૧૫ પ્રકારના પાપનો ભય હોય.

૭. **અશઠતા** : સજ્જનતા, દુર્જનતાનો અભાવ હોય.

૮. **સુદાક્ષિણ્યપણું** : દક્ષતા, નિપુણતા, ચતુરાઈ, દા.ત. અભયકુમારે સાધુના નિંદકોને ચતુરાઈપૂર્વક પાઠ ભણાવ્યો.

૯. **લજ્જાવંત** : ગુણોનો ઉપાસક, વડીલોની, કુટુંબની, સમાજની લજ્જા રાખતો કુકર્મ ન આચરે. આબરૂ કે શાખ ગુમાવવા કરતાં પ્રાણ ગુમાવવાનું પસંદ કરે. દા.ત. ધારિણી રાણીએ શીલની સુરક્ષા કરવા જીભ કચડી પ્રાણ ત્યાગ કર્યો.

૧૦. **દયાળુતા** : પ્રતિદિન ભલાઈનું કાર્ય કરે. દીન-દુ:ખીઓ પ્રતિ દયા દર્શાવે. પોતાનું બુરું કરનાર પ્રતિ પણ દયા દાખવી ધર્મ કરે. દાત. મેઘરથ રાજાએ પારેવાની દયા પાળી.

૧૧. **માધ્યસ્થતા** : કોઈ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ પ્રત્યે વિરુદ્ધ મત, અભિપ્રાય, ઝૂકાવ કે તરફેણ ન હોય, ગમા-અણગમાનો ભાવ ન હોય. દા.ત. મહારાજા શ્રેણિકને કોણિક પ્રત્યે અંશમાત્ર અભાવ કે દ્વેષ ન હતો.

૧૨. **ગુણાનુરાગીતા** : ગુણવાનના ગુણોની ભરપેટ પ્રશંસા કરવી, ગુણ ગ્રાહક દષ્ટિ કેળવવી. દા.ત. કૃષ્ણ મહારાજાને કુરૂપ કૂતરીમાં શુભ્ર અને સુંદર દંતાવલી દેખાણી.

૧૩. **પ્રિયભાષિતા** : કઠોર, નિરર્થક, અકાર્ય, નિંદાકારી, હિંસાકારી, ક્રોધાયુક્ત, અહંકારયુક્ત, માયાકારી, અસત્ય, ક્લેશયુક્ત ભાષાનો ત્યાગ. વાણીના ગુણોથી યુક્ત ભાષા બોલવી.

૧૪. **ન્યાયપ્રિયતા** : સાચાનો પક્ષ લઈ ન્યાય આપવાની કાર્યક્ષમતાથી સમાજમાં પ્રતિષ્ઠા અને સન્માન મળે છે.

૧૫. **સુદીર્ઘદષ્ટિ** : વર્તમાન કાળે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ દ્વારા મારા આત્માનું દીર્ઘકાળે શું થશે ? આમ, પરિણામને નજર સમક્ષ રાખી કામભોગો તેમજ કષાયોને મંદ બનાવી જીવન જીવવું.

૧૬. **વિશેષજ્ઞ** : સત્ય-અસત્ય, ન્યાય-અન્યાય, નીતિ-અનીતિ, હિત-અહિત, પુણ્ય-પાપ, જીવ-અજીવનો

વિવેક હોવો તે વિશેષજ્ઞ છે. વિશેષજ્ઞ પારકાની પીડાને જાણી શકે છે.

૧૭. **વૃદ્ધાનુગામિતા** : જે કેળવાયેલા, ઘડાયેલા છે તે દ્રવ્યથી વૃદ્ધ છે. જે ક્ષેત્રના જાણકાર છે તે ક્ષેત્રથી વૃદ્ધ છે. જે વયથી વૃદ્ધ છે તે કાળથી વૃદ્ધ છે. વૃદ્ધોને અનુસરવું, તેમની આજ્ઞા માનવી, બહુમાન કરવું તે વૃદ્ધાનુગામિતા છે, એ જ ડહાપણનું કાર્ય છે. પંચતંત્રમાં તે સંબંધી કબૂતર અને ઉંદરની કથા સુંદર દૃષ્ટાંત પૂરું પાડે છે.

૧૮. **વિનીતતા** : તીર્થંકર ભગવાનની આજ્ઞા પાલનને વિનય કહેવાય છે. વિનયથી લાઘવ ગુણ પ્રગટે છે.

૧૯. **કૃતજ્ઞતા** : કોઈના યત્-કિંચિત ઉપકારને મહાન ગણી ઋણમુક્ત થવા પ્રયત્ન કરવો.

૨૦. **પરોપકારિતા** : બીજાના હિતના માટે મદદરૂપ થવું તે પરોપકારિતા છે. વૃક્ષ, નદી, સરોવર, સૂર્ય, ચંદ્ર એમ સમસ્ત સૃષ્ટિ પરોપકારનો સંદેશો પાઠવે છે. બીજાને ધર્મ પમાડવો, નવતત્ત્વ અને દેવ-ગુરુ-ધર્મની સમજણ આપી શ્રદ્ધા કરાવવી તે અધ્યાત્મિક ઉત્કૃષ્ટ પરોપકાર છે.

૨૧. **લબ્ધલક્ષિતા** : લક્ષ્યને પ્રાપ્ત કરવાની તમન્ના. ફક્ત મોક્ષનું જ લક્ષ્ય હોય તો લબ્ધલક્ષિત ગુણ પ્રગટ્યો કહેવાય. શ્રાવકની સર્વ પ્રવૃત્તિ, સર્વ સાધના, આરાધના, સર્વ અનુષ્ઠાનો માત્ર મોક્ષના લક્ષે હોય.

૭. ગોપ સંસ્કૃતિનો ઈતિહાસ

પ્રાચીન કાળમાં ઘેટાં-બકરાં રાખે તે ભરવાડ અને ગાય, ભેંસ, ઊંટ ઈત્યાદિ પાળે તે રબારી કહેવાતો. આજે એવું રહ્યું નથી. ભરવાડ, ઘેટાં-બકરાં સાથે ગાયો, ભેંસો રાખતા થયા છે. ગોપ પ્રજાનો પેટ ગુજારો માલ ઢોર હોવાથી તેના રહેઠાણો, ખડ પાણીવાળા વિસ્તારોની આસપાસ જ રહ્યા છે. તેઓએ વાડા, નેસડા, ભૂંગા અને કૂબાઓમાં રહી પ્રાકૃતિક સંસ્કાર ઝીલી ગોપ સંસ્કૃતિને વિકસાવી છે.

વર્તમાન સમયમાં રખડતી રઝળતી મોટા ભાગની જાતિઓ સ્થિર થતી જાય છે પરંતુ મારવાડ, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતી રબારી કોમ આજે પણ પોતાનો પરંપરાગત પશુપાલનનો વ્યવસાય જાળવી રાખી ક્યાંય સ્થાયી થાય છે.

રબારી શબ્દ મૂળ 'રેવડ' શબ્દમાંથી ઉતરી આવ્યો છે. રેવડ એટલે ગાયો, ભેંસો, ઊંટ, ઘેટા-બકરાનું ટોળું. આ ટોળાને સાચવનાર 'રેવાડી' તરીકે ઓળખાતો. તેનું અપભ્રંશ થતાં **'રબારી'** શબ્દ આવ્યો. આજે પણ હરિયાણામાં 'રેવારી' (રેવાડી) જિલ્લો છે. ત્યાંથી સ્થળાંતર કરીને આવ્યા એ રેવારી કાળાંતરે રબારી તરીકે ઓળખાયા. લોકવાયકા અનુસાર રબારીઓ શ્રી કૃષ્ણ સાથે દ્વારિકા આવ્યા. શ્રી કૃષ્ણે કુશસ્થળીનો નાશ થતાં દ્વારિકા વસાવ્યું. આ સમયે રૈવતક નામનો પર્વત હતો. ત્યાંના વસવાટ ઉપરથી તેઓ 'રૈવત' અને કાળાંતરે 'રબારી' કહેવાયા.

એક પ્રચલિત કિવદંતિ અનુસાર મહાદેવજીના કહેવાથી પાર્વતીએ પોતાના શરીરના મેલમાંથી એક પૂતળું બનાવ્યું. જે પૂતળાને મહાદેવજીએ સમડાના વૃક્ષ નીચે ઊભા રહી સજીવન કર્યું. એમાંથી જે માણસ ઉત્પન્ન થયો તે સાંબડ કહેવાયો. પાર્વતીએ સાંબડને ઊંટ ચરાવવાનું કાર્ય સોંપ્યું. સાંબડનું આદિ નિવાસસ્થાન કૈલાસ ગણાય છે. આજે પણ રબારીઓ સમડાના વૃક્ષને પવિત્ર ગણે છે.

એકલવાયા જીવનથી કંટાળીને સાંબડે પાર્વતીજી સમક્ષ લગ્ન કરાવી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પાર્વતીજીની સૂચના અનુસાર બીજે દિવસે સાંબડ નદીના કિનારે સંતાઈ ગયો. અપ્સરાઓનું ટોળું નદીમાં

સ્નાન કરવા આવ્યું. કિનારે મૂકેલા વસ્ત્રોમાંથી એક અપ્સરાના વસ્ત્રો સાંબડે ચોરી લીધાં. સ્નાન બાદ 'રાઈ' નામની અપ્સરાએ વસ્ત્રોની શોધ કરી. તે વખતે અપ્સરા સખીઓએ એક એક કટકો કાપી વસ્ત્ર બનાવી આપ્યું. અપ્સરાઓએ પાર્વતીજીને રાવ કરી ત્યારે પાર્વતીજીએ કહ્યું, ''સાંબડ જે માંગે તે આપો તે વસ્ત્રો પાછા આપી દેશે.'' સાંબડે 'રાઈ' નામની અપ્સરા સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. વચને બંધાયેલી અપ્સરાઓએ વાતને સ્વીકારી લીધી. સાંબડ અને રાઈના લગ્ન થયા. તેમના પુત્રો માતાના નામથી 'રાયડા' કહેવાયા.

બીજી દંતકથા અનુસાર શિવજીએ સાંબડના લગ્ન રાયડા, કુણન અને રેણુકા નામની અપ્સરાઓ સાથે કરાવ્યા. સાંબડને ચાર પુત્રીઓ અને એક પુત્રની પ્રાપ્તિ થઈ. શિવજીના કહેવાથી સાંબડ સ્વર્ગલોક છોડી બહાર જઈ વસ્યો ત્યારથી 'રાહબારી' તરીકે ઓળખાયો. નામલ, કામલ, પ્રેમલ અને ઉમા આ ચારે કન્યાઓને અનુક્રમે રાઠોડ, પરમાર, પઢિયાર અને જાદવ કુળના રાજપૂતો સાથે પરણાવી. આ રાજપૂત યુવાનોએ ઊંટ ચરાવવાનો વ્યવસાય સ્વીકાર્યો. આજે પણ રબારીઓમાં પરમાર, રાઠોડ, પઢિયારી, સોલંકી, ચૌહાણ, ગોહિલ, મકવાણા, ચાવડા, કાછેલા જેવી વિવિધ રાજપૂત અટકો જોવા મળે છે. રબારીઓમાં લગભગ ૧૩૩ અટકો છે.

ઈતિહાસવિદો રબારીઓને મધ્ય એશિયાના બર્બર જાતિના માને છે. એક મંતવ્ય અનુસાર રબારીઓ મૂળે બલુચિસ્તાનમાંથી આવ્યા છે. તેમની મૂળ માતા હિંગળાજ છે. બલુચિસ્તાનમાંથી પંજાબ, સિંધ, મારવાડમાં અને કચ્છમાં પ્રવેશ્યા. ત્યાં વસવાટ કર્યો.

આપણા સમાજમાં મોટા ભાગની જ્ઞાતિઓમાં પોતાના કુળના વહીવંચા 'બારોટો' હોય છે. રબારીઓમાં પણ વહીવંચા હોય છે. તેઓ બારોટને 'પીર' માને છે. લગ્ન આદિ શુભ પ્રસંગે તેમને આમંત્રણ આપવામાં આવે છે. 'દાપુ' આપીને કુટુંબના વહુ-છોકરાના નામ ચોપડે લખાવાય છે. બારોટના ચોપડા કાના-માતર વિનાના 'બોડી લિપિ'માં લખાય છે. નવમી સદીથી આ ચોપડા શરૂ થયા છે. તે પૂર્વેની વિગત મળતી નથી.

૮. નવરસ (અનુયોગદ્વાર સૂત્ર, ભા.-૧, પૃ.-૮૨૮, ઘાસીમલજી મ.)

૧. **વીરરસ** : જે રસ વીરત્વ પૂરે, ત્યાગ, તપ અને કર્મશત્રુનો નિગ્રહ કરે તે વીરરસ છે.
૨. **શૃંગારરસ** : વિષયો તરફ વાળે તે શૃંગારરસ છે.
૩. **અદ્‌ભુતરસ** : શ્રુત, શિલ્પ, તપ, ત્યાગ, શૌર્ય, કર્મ, અદ્‌ભુત પદાર્થ વગેરે જે સૌ કરતાં વધુ છે તે અદ્‌ભુતરસ છે.
૪. **રૌદ્રરસ** : જે અતિ દારૂણ હોવા બદલ રડાવે, અશ્રુ વહેવડાવે તે રૌદ્રરસ છે.
૫. **વ્રીડનકરસ** : જે લજ્જાજનક છે તે વ્રીડનક છે.
૬. **બીભત્સરસ** : શુક્ર, શોણિત, લાળ, ઘૃણિત શરીર, ઉચ્ચાર - મલવિષ્ટા, પ્રસવણ - મૂત્ર વગેરે ઉદ્વેગજન્ય છે.
૭. **હાસ્યરસ** : હાસ્યજનક, વિકૃતિ અને અસંબદ્ધ એવા માણસોના વચનો સાંભળવાથી
૮. **કરુણરસ** : પ્રિય પદાર્થના વિયોગથી ઉત્પન્ન થયેલ શોક પ્રકર્ષ સ્વરૂપ તે કરૂણ રસ છે.
૯. **પ્રશાંતરસ** : ગુરુજનોના વચન શ્રવણથી ઉદ્‌ભુત ઉપશમની પ્રકર્વતા તે પ્રશાંતરસ છે.

કવિકર્મ કાવ્ય કહેવાય છે. અંતરઆત્માથી જે અનુભવાય છે તે રસ કહેવાય છે. એ રસો

તત્તત્સહકારી કારણોથી સમીપતાથી ચિત્તમાં જે ઉત્કર્ષ વિશેષ ઉત્પન્ન કરે છે તે અનુરૂપ હોય છે. તે ભાવ છે.

૧. વીરરસનું નિમિત કારણ સંતોના ચરિત્ર શ્રવણ ઈત્યાદિ છે. દાન આદિમાં ઉત્સાહ પ્રગટાવે છે. કર્મનિગ્રહ અને તપ કરવામાં પ્રેરણાત્મક ગુણ વીરરસનો છે. પશ્ચાતાપ લક્ષણવાળો, દાન આપીને પશ્ચાતાપ ન કરે તે વીરરસ કહેવાય છે. ધૈર્ય, પરાક્રમ વીરરસ છે.

૩. પૂર્વ વસ્તુના દર્શન કે શ્રવણથી જે રસ ઉદ્‌ભવે તે રસ અદ્‌ભુત રસ છે. તે વિસ્મયરૂપ છે. જે હર્ષ અને વિષાદની ઉત્પત્તિ રૂપ લક્ષણથી ઓળખાય છે.

૪. શત્રુઓ, મહાઅરણ્ય, ગાઢતિમિર આદિ રૌદ્ર છે. એમના દર્શન વગેરેથી ઊદ્‌ભવેલ વિકૃત અધ્યવસાય પણ રૌદ્ર છે. ભ્રાકુટી ભંગ નિનદહથી જાણવામાં આવે છે.

૫. આ રસ લજ્જાજનક વસ્તુ જોવા વગેરેથી ઉત્પન્ન થયેલ મનોગ્લાનિ છે. એના સ્થાને બીજી જગ્યાએ ભયાનક રસ કહેવામાં આવ્યો છે. સંગ્રામ ઈત્યાદિ જોવાથી આ રાસ ઉત્પન્ન થાય છે. તેનો અંતર્ભાવ રૌદ્ર રસમાં જ કરવામાં આવે છે. માતા-પિતા, ગુરુનો અવિનયપૂર્વક વ્યવહાર કરવાથી, મિત્રની ગુપ્તવાત કરવાથી, માન્યજનોની ધર્મપત્નીઓ સાથે ઔચિત્યપૂર્ણ વ્યવહારનો અતિક્રમ કરવાથી.

૬. ઉદ્વેગજન્ય વસ્તુઓ જોવાથી, સાંભળવાથી જુગુપ્સાત્મક ભાવ ઉત્પન્ન થાય છે. આ રસન બીભત્સ રસ કહેવાય છે.

૭. વેષ, અલંકાર વગેરે જોવાથી જે રસ ઉત્પન્ન થાય તે હાસ્યરાસ છે.

૮. જેનાથી પ્રાભી ભયંકર રીતે રડે છે અથવા જેનાથી પ્રાણી કરૂણપૂર્ણ થઈ જાય છે.

૯. જેના વડે પ્રાણી ક્રોધથી ઉદ્‌ભવેલ ચિત્ત વિક્ષેપાદિથી વિહીન થઈ જાય છે.

૯. તેર કાઠીયા

૧. **આળસ** : દેવ ગુરુ પાસે જતાં આળસ થાય.

૨. **મોહ** : સ્ત્રી પુરુષ વિગેરેથી વિંટળાઈ રહે.

૩. **અવિનય** : ગુરુ કંઈ ખાવા નહીં આપે, ધંધો કરીશું તો મળશે એવો વિચાર કરી દેવ-ગુરુ-ધર્મનો અવિનય કરે.

૪. **અભિમાન** : મનમાં મોટાઈ રાખી પછી ગુરુ પાસે જાય.

૫. **ક્રોધ** : ગુરુ પાસે આક્રોશપૂર્વક બોલે.

૬. **પ્રમાદ** : પ્રમાદમાં પડયો રહે.

૭. **કૃપણ** : આ ગુરુ તો પૈસા ખર્ચાવે છે, માટે નથી જવું.

૮. **ભય** : ગુરુ પાસે વ્રત પચ્ચખાણ કરે.

૯. **શોક** : શોકના યોગે ગુરુ પાસે ન જાય.

૧૦. **અજ્ઞાન** : અજ્ઞાનતાથી ગુરુ પાસે ન જાય.

૧૧. **વિકથા** : અનુચિત વાતો કરવામાં તત્પર.

૧૨. **કૌતુક** : માર્ગમાં કૌતુક જોવા ઊભો રહે.

૧૩. **વિષય** : કામભોગમાં આસક્ત હોવાથી ગુરુ પાસે ન જાય.

૧૦. 'શ્રી કયવન્ના રાસ'માં આવતી વિવિધ દેશીઓની યાદી

દેશી એ વિવિધ રાગમાં ગાઈ શકાય તેવી પદ્ય શૈલી છે. દેશીમાં રાગ વૈવિધ્ય નોંધપાત્ર છે.

શ્રી.રા.રા. (પત્ર ૮૬-અ)માં લખે છે કે, દેશીઓનો ઉલ્લેખ ચક્રવર્તી જ્યારે મૂળ છ રાગ પ્રરૂપે ત્યારે તેની ચોસઠ હજાર (૬૪,૦૦૦) રાણીઓ નવી નવી દેશીઓ વડે તેની સ્તવના કરે છે. આમ ચોસઠ હજાર દેશીઓ છે.

જૈન સાહિત્યના સંશોધક મો. દ. દેસાઈએ 'જૈન ગુર્જર કવિઓ' ભાગ-૮માં ૨૩૨૮ દેશીઓની સૂચિ આપી છે. પ્રસ્તુત રાસકૃતિઓની દેશીઓનો ઉલ્લેખ તેના આધારે કર્યો છે.

મધ્યકાલીન કવિઓની કાવ્ય રચનાઓમાં દેશીઓનો વિશેષ પ્રયોગ થયો છે. 'શ્રી કયવન્ના રાસમાળા'માં પ્રયોજાયેલી દેશીઓની માહિતી નીચે પ્રમાણે છે. આ નોંધ દેશીના વર્ણાનુક્રમે અપાયેલી છે.

ક્ર.	કયવન્ના રાસમા આવતી દેશી અને રાગનું નામ	ઢાળનો ક્ર.	જૈ.ગૂ.ક. ભા.-૮માં દેશી ક્રમાંક	જૈ.ગૂ.ક. ભા.-૮માં પત્ર ક્રમાંક	કવિનું નામ
૧.	અલબેલાની	૭	૫૪	૧૦	જયરંગ
				૧૦	ગંગારામ
૨.	અવકૈ વેસર પાવતો વીપ્રનો તજી માનું	૫	-	-	ગંગારામ
૩.	આઇ રે આઇ રે જમાલો સાગ વેચન આઇ	૨૭	-	-	ગંગારામ
૪.	આવો ઉરી (ઓરી) કે જા પરી હૈ વયરણ! (મત) તરસાવેં જીવ કે રતન સોનારકી હે ધૂડી એક મુઝ રે	૧૭	૧૩૪	૨૧	ગંગારામ
૫.	ઈડર આંબા આંબલી રે ઈડર દાડમ દ્રાખ	૪	૧૬૨	૨૫	ફતેહચંદ
૬.	ઈંદોલા	૭	-	-	પદ્મસાગર
૭.	ઇમ ઘનોં ઘનો ઘનનેં પ્રભાવૈ	૨૯	-	-	ગંગારામ
૮.	એક આલોઅણનો દાણી રે	૧૫	૨૪૫	૩૫	ઋષભદાસ
૯.	એક લહરિ લ્યે ગોરિલા રે (સિંધુડો)	૨૭	૨૫૧	૩૬	જયરંગ
૧૦.	એણી પરિ રાજ્ય કરંતાં રે (ગોડી)	૪,૭	૨૬૨	૩૮	ઋષભદાસ
૧૧.	એ વર આવો રે	૧૪	-	-	ગંગારામ
૧૨.	કપૂર હૂઇ અતી ઉજલું	૭	૩૦૫	૪૪	દીપ્તિવિજય
૧૩.	કબહી મિલઇ મુઝ જઉ કિરતાર હમારા એપણિ	૭	૩૦૬	૪૪	વિજયશેખર
૧૪.	કર જોડી આગલિ રહી, દેઈ પરિજન પાસે રે	૧	૩૧૫	૪૫	જયરંગ
૧૫.	કરડો જિહાં કોટવાલ	૨૬	૩૧૭	૪૫	જયરંગ
૧૬.	કરમ ન છુટૈ રે પ્રાણીયા અથવા કર્મ તણી ગતિ કિણહી ન જાણીવા	૨૫	૩૨૪.૧	૪૭	ગંગારામ
૧૭.	કહિણી કરણી તુઝ વિણ દૂજો કોઈ ન દીઠો યોગી રે (ધન્યાશ્રી)	૧૬	૩૩૫	૪૯	ઋષભદાસ

ક્ર.	કથવન્ના રાસમા આવતી દેશી અને રાગનું નામ	ઢાળનો ક્ર.	જૈ.ગૂ.ક. ભા.-૮માં દેશી ક્રમાંક	જૈ.ગૂ.ક. ભા.-૮માં પત્ર ક્રમાંક	કવિનું નામ
૧૮.	કાચી કલી અનારકી રે હાં, ભમર રહ્યો લલચાય, મેરે ઢોલણા (કેદારો ગોડી)	૨૪	૩૪૫	૫૧	જયરંગ
૧૯.	કાજલ નીકો રોજ(જા) લાલ (મલ્હાર)	૧૭	૩૪૭	૫૧	જયરંગ
૨૦.	કાન વજાવે વાંસલી (આશાવરી સિંધુઓ)	૫	૩૫૭, ૩૮૨	૫૨,૫૪	ઋષભદાસ
૨૧.	કાંમણની દેશી (દેસાખ મિશ્ર)	૫	૩૬૯	૫૩	વિજયશેખર
૨૨.	કિસનસિંઘના પવાડાની	૨	-	-	ગુણસાગર
૨૩.	કી ન દેખિ મેરી બંસી ચોરનહારી	૧૬	-	-	ગંગારામ
૨૪.	ગુરુ ગીતારથ મારિગ જોતાં (આશાવરી)	૮	૪૭૫	૬૮	ઋષભદાસ
૨૫.	ગોરી માહરી આવેં હો રસીઆ રંગ ભરે	૨	૪૯૫	૭૦	દીપ્તિવિજય
૨૬.	ઘર આવો રે મનમોહન ઘોટા ! (દેશાખ, ગોડી)	૬	૫૧૭	૭૨	જયરંગ
૨૭.	ઘરિ આવો જી આંબો મોહોરીયો	૪	૫૧૮	૭૩	દીપ્તિવિજય
૨૮.	ઘરે આવઓ રે મનમોહન ઢોલા	૧૩	૫૧૯	૭૩	વિજયશેખર
૨૯.	ઘોડી તો આઈ થારા દેસમેં મારૂજી !	૩	૫૨૫	૭૩	ગંગારામ
૩૦.	ચઉપઇની (ભૂપાલ)	૧	૫૨૬.૧	૭૪	વિજયશેખર
૩૧.	ચતુર ચમકિ ચીતડઇ ચાલતી ભૂઈ સોહે રે	૧૬	૫૩૬	૭૫	વિજયશેખર
૩૨.	ચતુર ચિતારો રૂપ ચીતરઈ (પરજીયો)	૧૯	૫૩૭, ૫૮૪	૭૫, ૮૨	જયરંગ
૩૩.	ચતુર સનેહી મોહનાં !	૪	૫૪૨	૭૬	વિજયશેખર
૩૪.	ચંદ્રાઉલાની અથવા નેમજીરી ખંડોલ નારી	૧૪	૫૪૭.૩	૭૭	જયરંગ
૩૫.	ચંદ્રાયણાની (કેદારો)	૧૨,૧૪	૫૪૮.૧	૭૭	ઋષભદાસ
૩૬.	ચાલણરી વીંટીયા નહીં હો લાલ, ઘનવારીલાલ ચાલણ ન દેસ્યૂં (મલાર મિશ્ર)	૫	૫૭૫	૮૧	જયરંગ
૩૭.	ચાલ્ય ચતુર ચંદ્રાનની (મલ્હાર)	૧૦	૫૭૩	૮૧	ઋષભદાસ
૩૮.	ચોપાઈની	૨	૫૨૬.૧	૭૪	ગુણવિજય
૩૯.	છાહુલી	૩	૬૦૦ (૨)	૮૬	પદ્મસાગર
૪૦.	જંબુદ્વીપના ભરતમાં (ગોડી, કેદરો મિશ્ર)	૧૨	૬૨૫	૮૯	જયરંગ
૪૧.	જંબૂય જણણી ઈમ કહઇ એ	૬	૬૨૪	૮૯	પદ્મસાગર
૪૨.	જી હો આંગણિ વાવૂં એલચી (મલ્હાર)	૬	-	-	વિજયશેખર
૪૩.	જોબનીયાં રંગી લીયા સહેલી માહારા પીઉનેં	૧૦	-	-	ગંગારામ
૪૪.	જોસીડો જાણેં જોતિષ સાર (કેદારો ગોડી)	૭	૭૨૨	૧૦૩	દીપ્તિવિજય
૪૫.	ટૂંક ઘર અપનેં કો આવ વીષ કી છાંડ ગલી	૯	-	-	ગંગારામ
૪૬.	ઢોલઇ ઢીલી ઘરિ કરયાં મોહનઇ મેહલી મ જાય રે	૧૩	-	-	વિજયશેખર
૪૭.	તઈં મન મોહ્યું રે નેમિજી	૩	૭૫૩	૧૦૮	દીપ્તિવિજય
૪૮.	તપ સરીખો જગ કો નહી	૧૯	૭૬૯	૧૦૯	ગંગારામ
૪૯.	ત્રિપદીનો (ગોડી)	૧	૭૪૯	૧૦૭	ઋષભદાસ
૫૦.	ત્રિભુવન તિલક સોહામણો રે	૧૮	૭૫૦.૧	૧૦૮	જયરંગ
૫૧.	તુલસડી નારિ ધૂતારડી, જેહનું કૃષ્ણ ભરતાર રે	૧૫	-	-	વિજયશેખર

ક્ર.	કથવન્ના રાસમા આવતી દેશી અને રાગનું નામ	ઢાળનો ક્ર.	જૈ.ગૂ.ક. ભા.-૮માં દેશી ક્રમાંક	જૈ.ગૂ.ક. ભા.-૮માં પત્ર ક્રમાંક	કવિનું નામ
૫૨.	તેરી માલા ગઇ હૈ ટુટ હરકે ભજનેસેં	૨૪	-	-	ગંગારામ
૫૩.	થારી અંગીરી કસ ચંગી, સુગુણા સાવટુ મારુ જી (સારંગ)	૩	૮૩૧	૧૧૯	જયરંગ
૫૪.	થાહરા મહેલા ઉપર મેહ, ઝરુખે વીજલી હો લાલ	૨	-	-	જયરંગ
૫૫.	દાડીમચાકારે સેવાજી કે બાગમેં	૨૦	-	-	ગંગારામ
૫૬.	દાન કહૈ જગિ હું વડો	૧૨	૮૭૨.૨	૧૨૪	ગંગારામ
૫૭.	દિન દિન જોવન ઝુરા કરૈ, અછામેરી માય સમઝાય દેનાં	૨૨	-	-	ગંગારામ
૫૮.	ઘન ઘન ઘનુ અણગારજી (કેદારો)	૩	૯૪૧	૧૩૨	વિજયશેખર
૫૯.	ધર્મ દલાલી ચીત કરો	૧	-	-	ગંગારામ
૬૦.	નત્થ ગઈ મેરી નત્થ ગઈ જાંણે રે બલાય	૩	૯૭૨	૧૩૭	ગુણસાગર
૬૧.	નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયાં (કેદારો)	૪	૯૭૫	૧૩૬	જયરંગ
૬૨.	નનદલ વોઇ પીપલી લલના લલાજી, ભાગાં પાંન પચાસ પીચારી લાગૈ પીપલી લલના	૧૮	-	-	ગંગારામ
૬૩.	નલ રાજાને દેશિ હોજી પુંગલ હુંતિ પલાણીયા (મારુ, સોરઠ મિશ્ર)	૯	૧૦૦૮	૧૪૧	જયરંગ
૬૪.	નવરંગ રાચો સેહરા	૨૧	-	-	ગંગારામ
૬૫.	નિંદરડી વેરણ હોઈ રહી (સોરઠ)	૨૨	૧૦૫૪.૧	૧૪૭	જયરંગ
૬૬.	પટુવેકી મેરી મોહનમાલા	૨૩	-	-	ગંગારામ
૬૭.	પાવડાની	૧૨	-	-	દીપ્તિવિજય
૬૮.	પાસ જિણંદ જુહારી એ (ધન્યાસી)	૧૬	૧૧૮૯	૧૬૩	વિજયશેખર
૬૯.	પીલૈં રે અવધૂત હોય મતવાલા પ્યાલા પ્રેમ સુધારસ કા રે	૨૬	-	-	ગંગારામ
૭૦.	પૂજ્ય પધારો નગરીમાંહીરી	૨	-	-	ગંગારામ
૭૧.	બલીયાસેં ક્યૌ લાગતા હૈ	૨૮	-	-	ગંગારામ
૭૨.	બાલું દક્ષિણની ચાકરિ રે, બાલું દખણીરો ઘાટ	૨૩	૧૨૬૨	૧૭૪	જયરંગ
૭૩.	બાહુબલીની	૨૩	૧૨૭૩	૧૭૫	જયરંગ
૭૪.	બાંગડીયાની	૮	૧૨૪૮	૧૭૨	વિજયશેખર
૭૫.	બે કર જોડી તાંમ (ગોડી)	૯	૧૨૮૨	૧૭૬	દીપ્તિવિજય
૭૬.	બે કર જોડી તાંમ ભદ્રા વિનવૈ, ભોજન આજ ઈહાં કરો	૧	૧૨૮૨	૧૭૬	દીપ્તિવિજય
૭૭.	ભમરલિં ઝાલોરાં લેજો રાજ	૨૩	૧૩૦૦	૧૭૯	જયરંગ
૭૮.	ભમરુલીની (ધન્યાશ્રી)	૧૩	૧૩૦૩	૧૭૯	દીપ્તિવિજય
૭૯.	ભરથરીની	૩	-	-	ફતેહચંદ
૮૦.	ભર રે સીઆલો રે વહી ગયો	૫	-	-	દીપ્તિવિજય

ક્ર.	કચવન્ના રાસમા આવતી દેશી અને રાગનું નામ	ઢાળનો ક્ર.	જૈ.ગૂ.ક. ભા.-૮માં દેશી ક્રમાંક	જૈ.ગૂ.ક. ભા.-૮માં પત્ર ક્રમાંક	કવિનું નામ
૮૧..	ભુંડી રે ભુખ અભાગણી	૧૧	-	-	ગંગારામ
૮૨.	ભૂલી હૈ નણદલ કોડાલો	૮	-	-	ગંગારામ
૮૩.	ભોજરાજાના ગીતની, હાથીયાં રે હલકે આવે મ્હારે પ્રાહુણો રે (મારૂ.)	૧૩	૧૩૩૩, ૨૨૫૨	૧૮૩, ૩૦૧	જયરંગ
૮૪.	ભોલીડા હંસા રે! વિષયે ન રાચીયેં (ધન્યાશ્રી)	૩૦	૧૩૩૫	૧૮૩	જયરંગ
૮૫.	મન ભમરા રે (ગોડી)	૧૧	૧૩૮૧	૧૮૮	દીપ્તિવિજય
૮૬.	મરહટી સુખમાલ દેવકી નંદન	૪	-	-	ગંગારામ
૮૭.	મહારાજ ચઢે ગજરાજ રથ તુરીયાં (ખમાયચી)	૨૫ ૧૪૮૯,	૧૪૧૦, ૨૦૦	૧૯૨,	જયરંગ
૮૮.	મહિતાનઇ જુવરાજ દેઈનઇ (ગોડી)	૧૦	૧૪૧૭.૧	૧૯૩	વિજયશેખર
૮૯.	માલીના ગીતરી	૧૫	૧૬૩૩	???	જયરંગ
૯૦.	માંગલીયાની	૮	૧૪૨૫	૧૯૪	વિજયશેખર
૯૧.	મેરા સાહિબ હો શ્રી સીતલનાથ	૧૩	-	-	ગંગારામ
૯૨.	મેહુલીઉં નઈ વરસેં હો સહીયાં મોરી (સારંગ મલ્હાર)	૧૦	-	-	દીપ્તિવિજય
૯૩.	મો મનડો હેડાઉ હોં મિશ્રી ઠાકુર! મહિઘરઉ	૩૦	૧૫૮૦.૩	૨૧૧	જયરંગ
૯૪.	મોહનાંની	૧૪	-	-	વિજયશેખર
૯૫.	રહો રહો રહો વાલહા! (સોરઠ)	૧૧	૧૬૩૬	૨૧૯	જયરંગ
૯૬.	રાજ જો મિલે	૩	૧૬૫૨	૨૨૦	ગુણસાગર
૯૭.	રાણપુરો રલીયામણો રે લાલ	૭	૧૬૬૭	૨૨૨	ગંગારામ
૯૮.	રાણા રાજસી હો, મેવાડા મહિપતિ હો! ચિત્રોડા ગઢપતિ હો, રાજા! દેજો ગઢપતિયાને સાખ (સોરઠ મિશ્ર)	૨૮	૧૬૬૮	૨૨૨	જયરંગ
૯૯.	રામચંદ કે બાગિ ચંપો (આંબો) મોહરી રહ્યો રી (ગોડી)	૬	૧૬૭૭	૨૨૩	દીપ્તિવિજય
૧૦૦.	રામ લંકાગઢ લીધો, લઈને વિભીષણ દીનો (મારૂણી)	૨૯	૧૬૮૦	૨૨૪	જયરંગ
૧૦૧.	લહરવાની	૬	-	-	ગંગારામ
૧૦૨.	લહરાની	૨	-	-	ફતેહચંદ
૧૦૩	લંકામાં આવ્યા શ્રીરામ રે	૩	૧૭૧૨.૨	૨૨૮	ઋષભદાસ
૧૦૪.	લૂબધો રે લલનાં વીષયતણાં	૮	-	-	ગંગારામ
૧૦૫.	વધાવો હે સુહવ ગાવશું અથવા અયોધ્યા હે રામ પધારીયા	૧૦	૧૭૬૮	૨૩૬	જયરંગ
૧૦૬.	વસાંસો કીધો સાંમલીઆ(એ)	૧૧	૨૦૭૩	૨૭૬	ઋષભદાસ
૧૦૭.	વાલિ રે ભરયૌવન માતી	૧૨	-	-	વિજયશેખર

ક્ર.	કથવજ્ઞા રાસમા આવતી દેશી અને રાગનું નામ	ઢાળનો ક્ર.	જૈ.ગૂ.ક. ભા.-૮માં દેશી ક્રમાંક	જૈ.ગૂ.ક. ભા.-૮માં પત્ર ક્રમાંક	કવિનું નામ
૧૦૮.	વાસુપૂજ્યજી જિન પૂજ્ય પ્રકાશો	૯	૧૮૩૦	૨૪૪	ઋષભદાસ
૧૦૯.	વિણજારાની (કેદારો, ગોડી)	૨	૧૮૪૨.૧	૨૪૫	ઋષભદાસ
૧૧૦.	વિમલ વદન જસ ચુગ પ્રધાંન કે (કેદારો)	૭	-	-	વિજયશેખર
૧૧૧.	વિવાહલાની	૫	૧૮૫૨	૨૪૭	પદ્મસાગર
૧૧૨.	વિવાહલી	૪	૧૮૯૨ (ક)	૨૫૨	પદ્મસાગર
૧૧૩.	શ્રાવણ આવિઉ હે સખી, મધુરા વરસઇં મેહ. (મલ્હાર)	૯	-	-	વિજયશેખર
૧૧૪.	શ્રી શેત્રુંજો તીર્થ સાર (દેશાખ)	૧૩	૧૯૩૫	૨૫૭	ઋષભદાસ
૧૧૫.	સહિજૈ બેઠૌ રે દરજણ..સ. (આસાઉરી)	૧૨	૨૦૨૩	૨૭૦	વિજયશેખર
૧૧૬.	સાત સોપારી હાથ, જોસી પૂછણ ઘણ ગઈજી	૧૬	૨૦૪૫	૨૭૨	જયરંગ
૧૧૭.	સાવનની, પાલવ ઝાલીનેં અસ્યું કહિં	૮	-	-	દીપ્તિવિજય
૧૧૮.	સાંસઉ કીધઉ સાંમલીઇં	૨	૨૦૭૩	૨૭૬	વિજયશેખર
૧૧૯.	સીયાલાના (મલ્હાર)	૧૦	૨૧૨૪ (ક)	૨૮૩	જયરંગ
૧૨૦.	સીલ અખંડિત સેવિજ્યો (મલ્હાર)	૧૧	-	-	વિજયશેખર
૧૨૧.	સુણિ બહિની ! પ્રીઉડો પરદેશી (ધન્યાશ્રી)	૩૧	૨૧૪૩	૨૮૬	જયરંગ
૧૨૨.	સુણો મોરી સજની ! રજની ન જાવઈ રે (કેદારો)	૬	૨૧૪૫	૨૮૬	ઋષભદાસ
૧૨૩.	સુધારસ મુરલી વાજઇ	૪	૨૧૫૫.૨	૨૮૮	ગુણસાગર
૧૨૪.	સુવટીયાની (ગોડી, સોરઠી)	૮	૨૧૭૪	૨૯૦	જયરંગ
૧૨૫.	સોહલાની, દુલ્હો કૃષ્ણ દુલેહી રાધિકા (ખંભાયતી)	૨૦,૨૧	૨૨૧૭	૨૯૬	જયરંગ
૧૨૬.	હઠીલા વેરીની	૧૮	૨૨૧૯ (ક)	૨૯૬	જયરંગ
૧૨૭.	હમીરીયાની અથવા માલીની ગીતરી	૧૫ ૧૫	૨૨૨૨	૨૯૭	જયરંગ ગંગારામ
૧૨૮.	હિરણી જવ ચરઈ લલનાં	૧	૨૨૨૬, ૨૨૮૦	૨૯૭, ૩૦૩	ગુણસાગર

૧૧. સંદર્ભ સૂચિ

૧. અંચલગચ્છના ઈતિહાસની ઝલક (સચિત્ર), લે. કલાપ્રભસૂરિજી, પ્ર. કલ્યાણસાગરસૂરિ, ગ્રંથ પ્રકાશન સમિતિ, મુંબઈ, વિ.સં. ૨૦૫૧.

૨. અંચલગચ્છકા ઈતિહાસ (હિન્દી), લે. ડૉ. શિવપ્રસાદ, પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ, પ્રાકૃત ભારતી અકાદમી, જયપુર, ૨૦૦૧.

૩. જૈન શાસનમાં અંચલગચ્છનો દિવ્યપ્રકાશ, સં. મુનિશ્રી કલાપ્રભ સાગરજી, પ્ર. શ્રી આર્ય જયકલ્યાણ કેન્દ્ર, ચીંચબંદર, મુંબઈ, પ્રથમાવૃત્તિ, વી.સં. ૨૫૦૬.

૪. આગમસૂત્ર સટીક અનુવાદ, ભાગ - ૧થી૫, અનુ. મુનિશ્રી દીપરત્નસાગર, ઈ. ૨૦૦૯.

૫. ખાતરગચ્છકા બૃહદ્ ઈતિહાસ, લે. સાહિત્ય વાચસ્પતિ મહોપાધ્યાય વિનયસાગર, સં. સાહિત્ય વાચસ્પતિ ભંવરલાલ નાહટા, પ્ર. પ્રાકૃત ભારતી અકાદમી, જયપુર, પ્રથમાવૃત્તિ, ૨૦૦૪.

૬. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, લે. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ, સં. વિજયમુનિચંદ્રસૂરિ, પ્ર. ઓંકાર સૂરિ જ્ઞાનમંદિર, સુરત, ઈ.સ. ૨૦૦૬.

૭. ખરતગચ્છકા ઈતિહાસ (હિન્દી), લે. અગરચંદ નાહટા, સં. મહોપા. વિજયસાગર, પ્ર. દાદા જિનદત્ત સૂરિ અષ્ટમ શતાબ્દી મહોત્સવ, સ્વાગત કારિણિ સમિતિ, અજમેર, ઈ. ૧૯૫૬.

૮. શ્રી જૈન કથા સૂચિ, સં. શ્રુત સમુદ્ધારક શ્રી વિજય જિનેન્દ્ર સૂરિજી, પ્ર. હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા, ઈ.સ.૨૦૧૧.

૯. ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભા-૨, ભાષાંતર, પ્ર. જૈન વિદ્યાશાળા, અમદાવાદ, તૃત્તીયાવૃત્તિ, ઈ.સ.૧૯૯૪.

૧૦. કુમારપાળ પ્રતિબોધ, લે. સોમપ્રભાચાર્ય, પ્ર. શ્રી શ્રુતસાગર પ્રસારક સભા, અમદાવાદ, દ્વિતીયાવૃત્તિ, વિ.સં.૨૦૫૧.

૧૧. શ્રાવકનાં બાર વ્રતો યાને નવપદ પ્રકરણ, અનુ. વિજયરાજશેખરસૂરિ, પ્ર. વિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર, કાળુપુર, અમદાવાદ, વિ.સં.૨૦૪૭.

૧૨. ધર્મરત્નકરંડક, સં. મુનિચંદ્રવિજયજી, પ્ર. શારદાબેન ચીમનભાઈ એજ્યુ. રીસર્ચ સેન્ટર.

૧૩. કયવન્ના શેઠનું ચરિત્ર યાને માયાનો અદ્‌ભૂત ચમત્કાર, પ્ર. જૈન સરસ્વતી વાંચનમાળા, ભાવનગર, વિ.સં.૧૯૮૨

૧૪. ચરિત્ર સપ્તકમ્, સં. જયાનંદ વિજયજી આદિ મુનિવૃંદ, લે. યતીન્દ્રસૂરિજી, પ્ર. રામચંદ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ (રાજસ્થાન)

૧૫. કયવન્ના : માયાકા અપૂર્વ ચમત્કાર (હિન્દી), લે. સોહનવિજયજી, પ્ર. શ્રી હિન્દી સાહિત્ય કાર્યાલય, આબૂરોડ, ઈ.સ.૧૯૨૦.

૧૬. જૈનકથાસંગ્રહ : ૫, પ્ર. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મરીનડ્રાઈવ, વિ.સં.૨૦૫૪.

૧૭. સ્વાધ્યાય રત્નાવલી ખંડ-૧, લે. ધર્મધુરંધરસૂરિ, પ્ર. સ્યાદ્‌વાદામૃત પ્રકાશન ટ્રસ્ટ, પાલીતાણા, વિ.સં.૨૦૩૯.

૧૮. સુક્ત મુક્તાવલી : લે. શ્રી સોમપ્રભાચાર્ય અને શ્રી કેસરવિમલજી, સં. વિજયજિનેન્દ્રસૂરિશ્વરજી, પ્ર. શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

न ज्ञान तुलयः किल कल्पवृक्षो।
न ज्ञान तुलया किल कामधेनुः।
न ज्ञान तुलयः किल कामकुंभो।
ज्ञानेन चिंतामणि रत्न तुलयः।।